
# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૮)



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



પરમાગમ શ્રી સમયસાર
(ગાથા ૧૮૧-૨૧૪ શ્લોક ૧૨૬-૧૪૬) ઉપર
પૂજ્ય ગુરુદેવશ્રીના
૧૮મી વારના પ્રવચનો
(પ્રવચન નંબર ૨૪૯-૨૮૭)

ॐ

परमात्मने नमः।

# ભાગવત શાસ્ત્ર

## (ભાગ-૮)

શ્રી કુંદકુંદાચાર્યદેવ-રચિત શ્રી સમયસાર પરમાગમ ઉપર
અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
૧૮મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન
(ગાથા-૧૮૧ થી ૨૧૪, શ્લોક-૧૨૬ થી ૧૪૬,
પ્રવચન-૨૪૯ થી ૨૮૭)


પ્રસ્તુતકર્તા :
શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,
સોનગઢ
સંપર્ક : ૯૭૨૨૮૩૩૧૪૩

વિક્રમ સંવંત ૨૦૭૭

વીર સંવંત ૨૫૪૭

ઈ. સન ૨૦૨૧


**પ્રકાશન તિથિ**

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૩૨મા
મંગળ જન્મ જયંતિ મહોત્સવ દિન નિમિત્તે

**પ્રસ્તુત આવૃત્તિના પ્રકાશનાર્થે આવેલ દાનરાશિ**

| | |
|---|---|
| શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા, રાજકોટ | |
| સ્વ.શ્રી ચેતનભાઈ ચંદુલાલ મહેતા, રાજકોટ | ૧૧,૦૦૦/- |
| શ્રીમતી મણીબેન રતનશી શાહ, વિદિશા | ૫૦,૦૦૦/- |

ટાઈપ સેટિંગ :
પૂજા ઈમ્પ્રેશન્સ
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧


ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે
જૈનજગતમાં પ્રસિદ્ધ છે;
જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક
તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના
સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા
આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ
વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે;
અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ
ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને
તેમના જ શ્રી સમયસાર ૧૮મી વખતના આધ્યાત્મિક પ્રવચનોના
અમૂલ્ય ખજાનામાંથી ૩૯ પ્રવચનનાં
સંકલનરૂપ આ **‘ભાગવત શાસ્ત્ર’** ભાગ–૮ અર્પણ કરતાં
અમે જીવનની
ધન્યતા અનુભવીએ છીએ.

– પ્રસ્તુતકર્તા

# પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम्।।

મહાવિદેહક્ષેત્રમાં સદેહે વિહરમાન ત્રિલોકનાથ વીતરાગ સર્વજ્ઞ પરમદેવાધિદેવ શ્રી સીમંધર ભગવાનની દિવ્ય દેશનાનો અપૂર્વ સંચય કરી ભરતક્ષેત્રમાં લાવનાર સીમંધર લઘુનંદન, જ્ઞાન સામ્રાજ્યના સમ્રાટ, ભરતક્ષેત્રના કળિકાળ સર્વજ્ઞ એટલે કે શુદ્ધાત્મામાં નિરંતર કેલિ કરનાર હાલતાં ચાલતાં સિદ્ધ આચાર્ય શ્રી કુંદકુંદદેવ થયા. જેઓ સંવત ૪૯માં સદેહે મહાવિદેહક્ષેત્રમાં ૮ દિવસ ગયા હતા. મહાવિદેહક્ષેત્રમાં ત્રિલોકનાથ સર્વજ્ઞદેવના શ્રીમુખેથી વહેતી શ્રુતામૃતરૂપી જ્ઞાનસરિતાનો તથા શ્રુતકેવળીઓ સાથે થયેલી આધ્યાત્મિક સૂક્ષ્મ ચર્ચાનો અમૂલ્ય ભંડાર સંઘરીને ભરતક્ષેત્રમાં આવી પંચપરમાગમ આદિ આધ્યાત્મિક શાસ્ત્રોની રચના કરી. તેમાંનું એક શ્રી સમયસારજી દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ અધ્યાત્મ-શાસ્ત્ર છે, જેમાં શ્રી કુંદકુંદાચાર્યે ૪૧૫ માર્મિક ગાથાઓની રચના કરી છે. આ શાસ્ત્ર સૂક્ષ્મ દૃષ્ટિપ્રધાન ગ્રંથાધિરાજ છે.

શ્રી કુંદકુંદાચાર્ય બાદ એક હજાર વર્ષ પછી અધ્યાત્મના અનાહત પ્રવાહની પરિપાટીમાં આ અધ્યાત્મના અમૂલ્ય ખજાનાના ઊંડા હાર્દને સ્વાનુભવગમ્ય કરી શ્રી કુંદકુંદદેવના જ્ઞાનહૃદયને ખોલનાર સિદ્ધપદ સાધક મુનિવર સંપદાને આત્મસાત કરી નિજસ્વરૂપ સાધનાના અલૌકિક અનુભવથી પંચપરમાગમાદિનું સિદ્ધાંત શિરોમણિ શાસ્ત્ર શ્રી સમયસારજીની ૪૧૫ ગાથાની ટીકા કરવાનું સૌભાગ્ય તથા તેમાં રહેલા સૂક્ષ્મ ને ગૂઢ રહસ્ય ને તેનો મર્મ અપૂર્વ શૈલીથી આચાર્ય શ્રી અમૃતચંદ્રદેવે 'આત્મખ્યાતિ' નામક ટીકા કરી ખોલ્યો ને તેના ઉપર ૨૭૮ માર્મિક મંગળ કળશો તથા પરિશિષ્ટની રચના કરી.

આ શાસ્ત્રનો ભાવાર્થ જયપુર સ્થિત સૂક્ષ્મજ્ઞાન-ઉપયોગી પંડિત શ્રી જયચંદજીએ કરેલો છે.

વર્તમાન આ કાળમાં મોક્ષમાર્ગ પ્રાયેઃ લોપ થયો હતો, મિથ્યાત્વનો ઘોર અંધકાર છવાયેલો હતો, જૈન દર્શનના મૂળભૂત સિદ્ધાંતો મૃતપ્રાયઃ થયા હતા, પરમાગમો મોજૂદ હોવા છતાં તેના ગૂઢ રહસ્યોને સમજાવનાર કોઈ ન હતું, તેવામાં જૈનશાસનના નભોમંડળમાં એક મહાપ્રતાપી વીરપુરુષ અધ્યાત્મમૂર્તિ, અધ્યાત્મસૃષ્ટા, આત્મજ્ઞસંત અધ્યાત્મ યુગપુરુષ, નિષ્કારણ કરુણાશીલ, ભવોદધિ-તારણહાર, ભાવિ તીર્થાધિરાજ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉદય

થયો કે જેમણે આ ઊભય આચાર્યોના જ્ઞાનહૃદયમાં સંચિત ગૂઢ રહસ્યોને પોતાના જ્ઞાનવૈભવ દ્વારા શ્રુતામૃત રસપાન કરી આચાર્યોની મહામહિમ ગાથાઓમાં ભરેલા અર્થગાંભીર્યને સ્વયંની જ્ઞાનપ્રભા દ્વારા સરળ અને સુગમ ભાષામાં ચરમસીમાએ મૂર્તિમંત કર્યા.

મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાનના ઘોર તિમિરને નષ્ટ કરવા એક તેજોમય અધ્યાત્મ દીપકનો સુવર્ણમય ઉદય થયો. તેમણે પોતાની દિવ્યામૃત ચૈતન્યરસીલી વાણી દ્વારા શુદ્ધાત્મસિંધુના અસ્ખલિત સાતિશય શુદ્ધ પ્રવાહને વહેતો કર્યો. તેઓશ્રી જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતોને અતિ સ્પષ્ટપણે, અવિરુદ્ધતાપૂર્વક ભવ્યજીવોને ભવતાપવિનાશક પરમશાંતિ-પ્રદાયક પ્રવચનગંગા દ્વારા પોતાની સાતિશય વાણીથી રેલાવતા રહ્યા. જંગલમાં ફરતા કેસરી સિંહની જેમ અધ્યાત્મના કેસરી સિંહ બની વિરોધીઓના વિરોધનો પણ નિડરપણે છતાં નિષ્કારણ કરુણાવંત ભાવે સામનો કરી 'વિરોધીઓ પણ ભગવાનઆત્મા' છે તેવી દૃષ્ટિથી જગતના જીવો સમક્ષ અધ્યાત્મના સૂક્ષ્મ ન્યાયોને પ્રકાશિત કર્યા.

શ્રી સમયસારજી શાસ્ત્ર પૂજ્ય ગુરુદેવશ્રીના હાથમાં સંવત ૧૯૭૮ ના ફાગણ માસમાં આવ્યું. આ સમયસારજી હાથમાં આવતાં જ ઝવેરીની પારખુ નજર સમયસારના સૂક્ષ્મ ભાવો ઉપર પડી અને તેમાં દૃષ્ટિ પડતાં સહજ જ અંતરના ઊંડાણમાંથી કરુણાશીલ કોમળ હૃદય બોલી ઊઠ્યું, 'અરે ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે. અનાદિનો અપ્રતિબુદ્ધ જીવ પ્રતિબુદ્ધ કેમ થાય તેનું સંપૂર્ણ રહસ્ય ને શુદ્ધાત્માનો સંપૂર્ણ ખજાનો આ શાસ્ત્રમાં ભરેલો છે.'

આ શાસ્ત્રનું રહસ્ય ખરેખર તો અધ્યાત્મ યુગપુરુષ પૂજ્ય કાનજીસ્વામીના હાથમાં આ શાસ્ત્ર આવ્યા બાદ જ ચરમસીમાએ પ્રકાશિત ને પ્રદર્શિત થયું. ૪૫-૪૫ વર્ષ સુધી સુવર્ણપૂરીમાં 'સોનગઢ' મુકામે અધ્યાત્મની હેલી નીતરતી ચાલી.

પૂજ્ય ગુરુદેવશ્રીએ ૧૯૭૮ થી ૧૯૯૧ (૧૩) વર્ષ સુધી ગુપ્તમંથન કરી જ્ઞાનવૈભવનો સંપૂર્ણ નિચોડ આ શાસ્ત્રમાંથી શોધી કાઢ્યો અને ફરમાવ્યું કે :

- સમયસાર તો દ્વિતીય શ્રુતસ્કંધનું સર્વોત્કૃષ્ટ સર્વોચ્ચ આગમોનું પણ આગમ છે.
- સમયસાર તો સિદ્ધાંત-શિરોમણિ અદ્વિતીય અજોડચક્ષુ ને આંધળાની આંખ છે.
- સમયસાર તો સંસાર વિષવૃક્ષને છેદવાનું અમોઘશસ્ત્ર છે.
- સમયસાર તો કુંદકુંદાચાર્યથી કોઈ એવું ગજબનું શાસ્ત્ર બની ગયું! જગતના ભાગ્ય કે આવી ચીજ ભરતક્ષેત્રમાં રહી ગઈ! ધન્ય કાળ !
- સમયસારની એક-એક ગાથા ને આત્મખ્યાતિ ટીકાએ આત્માને અંદરથી ડોલાવી નાખ્યો છે. સમયસારની આત્મખ્યાતિ જેવી ટીકા દિગંબરમાં પણ બીજા કોઈ શાસ્ત્રોમાં નથી. એના એક-એક પદમાં કેટલી ગંભીરતા, ખોલતાં-ખોલતાં પાર ન આવે એવી વાત અંદર છે.
- સમયસાર તો સત્યનું ઉદ્ઘાટન છે. ભારતનું મહારત્ન છે!

- સમયસારના થોડા શબ્દોમાં ભાવોની અદ્‌ભુત ને અગાધ ગંભીરતા ભરેલી છે.
- સમયસાર તો ભરતક્ષેત્રમાં પ્રવચનનો સર્વોત્કૃષ્ટ બાદશાહ છે. આ સાર-શાસ્ત્ર કહેવાય.
- સમયસાર તો વૈરાગ્યપ્રેરક પરમાર્થ સ્વરૂપને બનાવનાર વીતરાગી વીણા છે.
- સમયસારમાં તો અમૃતચંદ્રાચાર્યે એકલા અમૃત રેડ્યા છે-અમૃત વહેવરાવ્યા છે.
- સમયસાર ભરતક્ષેત્રની છેલ્લામાં છેલ્લી અને ઊંચામાં ઊંચી સત્તને પ્રસિદ્ધ કરનારી ચીજ છે. ભરતક્ષેત્રમાં સાક્ષાત કેવળજ્ઞાનનો સૂર્ય છે. સમયસારે કેવળીના વિરહ ભૂલાવ્યા છે.
- સમયસારની મૂળભૂત એક-એક ગાથામાં ગજબ ગંભીરતા! પાર ન પડે એવી ચીજ છે. એક-એક ગાથામાં હીરામોતી ટાંકેલા છે.
- સમયસારમાં તો સિદ્ધના ભણકારા સંભળાય છે. શાશ્વત અસ્તિત્વની દૃષ્ટિ કરાવનારું પરમહિતાર્થ શાસ્ત્ર છે. સમયસાર એ તો સાક્ષાત પરમાત્માની દિવ્યધ્વનિ-ત્રણલોકના નાથની આ દિવ્યધ્વનિ છે.

આવા અપૂર્વ સમયસારમાંથી પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાના નિજ સમયસારરૂપી શુદ્ધાત્માને અનુભવીને ફરમાવ્યું કે આત્મા આનંદનો પહાડ છે, જ્ઞાયક તો મીઠો મહેરામણ આનંદનો ગંજ ને સુખનો સમુદ્ર છે. ન્યાયોનો ન્યાયાધીશ છે, ધર્મનો ધોધ એવો ધર્મી છે, ધ્રુવ પ્રવાહ છે, જ્ઞાનની ધારા છે, ત્રણલોકનો નાથ ચૈતન્યવૃક્ષ અમૃતફળ છે, વાસ્તવિક વસ્તુ છે, સદાય વિકલ્પથી વિરામ જ એવો નિર્વિકલ્પ જેનો મહિમા છે એવો ધ્રુવધામ ધ્રુવની ધખતી ધગશ છે. ભગવાન આત્મા ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ ને કામધેનુ છે, ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. અનંત ગુણોનું ગોદામ શક્તિઓનું સંગ્રહાલય ને સ્વભાવનો સાગર છે.

સનાતન દિગંબર મુનિઓએ પરમાત્માની વાણીનો ધોધ ચલાવ્યો છે. જૈનધર્મ સંપ્રદાય-વાડો-ગચ્છ નથી. વસ્તુના સ્વરૂપને જૈન કહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ શાસ્ત્રના અર્થ કરવાની જે પાંચ પ્રકારની પદ્ધતિ—શબ્દાર્થ, મતાર્થ, આગમાર્થ, નયાર્થ ને ભાવાર્થ છે તે અપનાવીને ક્યાં કઈ અપેક્ષાએ કથન કરવામાં આવ્યું છે તેનું યથાર્થ જ્ઞાન આપણને મુમુક્ષુ સમુદાયને કરાવ્યું. આ પ્રવચનગંગામાં ઘણા આત્માર્થીઓ પોતાના નિજ સ્વરૂપને પામ્યા, ઘણા સ્વરૂપની નિકટ આવ્યા ને આ વાણીના ભાવો ગ્રહણ કરીને ઘણા આત્માર્થીઓ જરૂર આત્મદર્શન પામશે જ. તેમની નિરંતર અમૃત ઝરતી વાણીમાં જ તેમની અસાધારણ પ્રતિભાનો ખ્યાલ આવે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી સમયસારમાં ફરમાવે છે કે સમયસાર બે જગ્યાએ છે—એક પોતાનો શુદ્ધાત્મા છે તે સમયસાર છેને ઉત્કૃષ્ટ નિમિત્તપણે સમયસારજી શાસ્ત્ર છે. આ શાસ્ત્રમાં પોતાનો નિજ સમયસારરૂપી શુદ્ધાત્મા બતાવવામાં આવ્યો છે. એક-એક ગાથાના અર્થ કરતાં પૂજ્ય ગુરુદેવશ્રી એવા ભાવવિભોર થઈ જાય છે કે તેમાંથી તેમને નીકળવું મુશ્કેલ પડે છે.

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન વચનામૃતમાં પૂજ્ય ગુરુદેવશ્રી વિશે ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવશ્રીનું

દ્રવ્ય તો અલૌકિક ને મંગળ છે. તેમનું શ્રુતજ્ઞાન ને વાણી આશ્ચર્યકારી છે. તેઓશ્રી મંગળમૂર્તિ, ભવોદધિ તારણહાર ને મહિમાવંત ગુણોથી ભરેલા છે. તેમણે ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો, તેમનો અપાર ઉપકાર છે તે કેમ ભૂલાય! પૂજ્ય ગુરુદેવશ્રીને તીર્થંકર જેવો ઉદય વર્તે છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ અંતરથી માર્ગ પ્રાપ્ત કર્યો ને બીજાને માર્ગ બતાવ્યો તેથી તેમનો મહિમા આજે તો ગવાય છે, પરંતુ હજારો વર્ષો સુધી પણ ગવાશે.

પૂજ્ય બેન શાંતાબેન ફરમાવે છે કે જેમ મહાવિદેહક્ષેત્રમાં તીર્થંકર પરમાત્માનો સાક્ષાત્ ઉપકાર છે તેવી જ રીતે ભરતક્ષેત્રમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો એટલો જ ઉપકાર છે કારણ કે જે ભવનો અંત તીર્થંકરદેવની સમીપમાં ન આવ્યો તે ભવનો અંત જેમના પ્રતાપે થાય તે પરમકૃપાળુ સદ્ગુરુદેવને અત્યંત ભક્તિથી વારંવાર નમસ્કાર હો. નમસ્કાર હો.

પૂજ્ય નિહાલચંદ્રજી સોગાની કે જેઓને પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળતા ભવના અભાવરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સોનગઢ સુવર્ણપૂરી મુકામે થઈ, તેઓ ફરમાવે છે કે પૂજ્ય ગુરુદેવના એક કલાકના પ્રવચનમાં પૂરેપૂરી વાત આવી જાય છે. બધી વાતનો ખુલાસો પૂજ્ય ગુરુદેવશ્રીએ તૈયાર કરી આપ્યો છે તેથી કોઈ વાત વિચારવી પડતી નથી. નહિ તો સાધક હોય તોપણ બધી તૈયારી કરવી પડે.

આવા અપૂર્વ અનુપમ શ્રી સમયસારજી શાસ્ત્રની ૧૮૧ થી ૨૧૪ ગાથા તથા તેના ૧૨૯ થી ૧૪૬ શ્લોકો પીઠિકારૂપે છે. તેના ઉપર થયેલાં પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૮મી વખતના સળંગ પ્રવચનો નં.૨૪૯ થી ૨૮૭ આ **''ભાગવત શાસ્ત્ર'' ભાગ-૮માં** અક્ષરશઃ પ્રકાશિત કરવામાં આવ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ જાહેરસભામાં સમયસાર ૧૯ વખત વાંચ્યું અને ખાનગીમાં તો સેંકડો વખત વાંચ્યું છે અને અંદરમાં તો... તેમને આમાં કેટલો માલ દેખાણો હશે. કોઈવાર દોઢ વર્ષ, કોઈવાર બે વર્ષ, કોઈવાર અઢી વર્ષ તેમ ૪૫ વર્ષમાં ૧૯ વખત જાહેરમાં વાંચ્યું છે. આ પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫ વર્ષની સોનગઢ સુવર્ણપૂરીમાં થયેલી સાધનાના નિચોડરૂપ માખણ છે. જેમ-જેમ જ્ઞાનીની જ્ઞાન-સ્થિરતા વૃદ્ધિગત્ત થતી જાય છે તેમ-તેમ એકને એક ગાથાના પ્રવચન પણ ફરી લેવામાં આવે તો નવા-નવા ભાવો આવે છે. તેથી જ ૧૮મી વખતના પ્રવચનો સંકલિત થઈને પ્રકાશિત થયા હોવા છતાં આ પ્રવચનો અક્ષરશઃ પ્રકાશિત કરવાનો ભાવ આવેલ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી ફરમાવે છે કે પાંચમાં આરાના છેડા સુધી જે કોઈ જીવ સમ્યગ્દર્શન પામશે તેને આ વીતરાગની વાણી નિમિત્ત થશે. આ વાણી સીધી સીમંધર ભગવાનની વાણી છે. આમાં એક અક્ષર ફરે તો બધું ફરી જાય.

આ સમગ્ર પ્રવચનો પૂજ્ય ગુરુદેવશ્રીની સી. ડી. ઉપરથી અક્ષરશઃ ઊતારવામાં આવેલા છે. ત્યારબાદ જ્યાં-જ્યાં જરૂર પડે ત્યાં કૌંસ કરી વાક્યો પૂરા કરેલાં છે. ટેઈપ ઉપરથી ઉતારવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા તથા સમગ્ર પ્રવચનોને ફરીથી સી.ડી. ઉપરથી

સાંભળી ચેક કરી પ્રુફ રિડીંગનું કાર્ય શ્રી પ્રશમભાઈ મોદી, સોનગઢ દ્વારા પૂર્ણ થયેલ છે તે બદલ સંસ્થા સર્વેનો આભાર માને છે. આ પ્રવચનોનાં પ્રકાશનમાં કાંઈ ક્ષતિ ન રહે તે માટે અમોએ વારંવાર પ્રવચનો સાંભળી લખાણ શુદ્ધિ કરી છે, છતાં કોઈપણ ક્ષતિ રહી હોય તો તે અમારો દોષ છે, તે બદલ અમો ક્ષમા ચાહીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીએ આ પંચમકાળમાં અમૃત વરસાવ્યા છે. અધ્યાત્મની હેલી વરસાવી મોક્ષના માંડવા રોપ્યા છે. આવા અતિઅપૂર્વ માર્મિક શાસ્ત્રની ગાથાઓના આચાર્યોના ગૂઢભાવોને ખૂબ જ સરળ ભાષામાં રજૂ કરી મુમુક્ષુ સમાજ ઉપર અપૂર્વ ઉપકાર કર્યો છે. 'ભગવાન આત્મા' કહીને પ્રત્યેક જીવને વીતરાગી કરુણાથી સંબોધન કરનાર પૂજ્ય ગુરુદેવશ્રી અમ બાળકોના અનંત-અનંત ઉપકારી ધર્મપિતા છે. બસ, તેમનો ઉપકાર તો આપણે સૌ તેમણે બતાવેલા શુદ્ધાત્માનું રસપાન કરીને જ વાળી શકીએ.

આ પુસ્તક : www.vitragvani.com પર તથા atmadhrm.com પર મૂકેલ છે.

લી.

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર,**

**સોનગઢ**



પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગદૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કહાન! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે!

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન-ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો!

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘરે, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે-ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આઝીવન બ્રહ્મચર્યવ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કાંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી—કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં-કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઊભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા, 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક'

ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ, અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં-કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઓફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઓફ ઈન્ડિય'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી, ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ.જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧માં ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫માં વઢવાણમાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬માં વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગળ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી

સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવે ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭માં દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શેત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ ઐસા હમે લગતા હૈ' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો, મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ.૧૯૪૩)થી શરૂ થયું. આ સત્સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્ગુરુ પ્રવચન-પ્રસાદ' સપ્ટેમબર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે...! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ.

૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં-કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩માં બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩માં પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે ''....ભગવાન શ્રી કુંદકુંદની વાણી સમજીને મહારજાશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે...''

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે 'જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા' અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દષ્ટિકોણ રજૂ કરતાં તેમણે લખેલ કે 'કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં.' એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના નિવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮માં નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ-વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ ‘શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર’નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦માં સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)માં—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)માં—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે “સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુજે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.” ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં.બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે ‘..... આપકી વાણીમેં તીર્થંકરોકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.’ ભારતવર્ષીય દિ.જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં.ફુલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને, શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે, શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંદલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં-વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા

ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપ-રીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં સી.ડી. યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમેજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્ય જીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ-રાજધાની દિલ્હીમાં-વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવશ્રની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડો. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા-નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ડોટરમલ સ્મારક ભવનનું ઈ.સ.૧૯૬૭માં નિર્માણ થયું જેનું ઉદ્‌ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. આ પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવરીસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩માં ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્‌ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે-પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ,

ઓહોહો..! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમે આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગર નિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા, તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છેને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છેને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય-ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો, તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯માં વર્ષથી થઈ. ૭૫માં હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં સ્થપાયેલ સંસ્થાઓ

દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતાં ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં-એમ કુલ ૬૬ દિગંબર જિનમંદોરીની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસૃષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર-કુંદકુંદ-પરમાગમ મંદિર, શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ-દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમસંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧માં વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની

તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ... શરમ... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ... ભૂલી જાઓ... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખાતા નથી. અમે તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-સત્સમાગમમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતા કે કોઈ જીવને અમારાથી પર્યાયદૃષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો!!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યુઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી-નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારે બે-ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા

કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાને માટે બનેલો આહાર-ઉદ્દિષ્ટ ભોજન પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ! વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫માં રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય-ચાહે તો પોતાનો શિષ્ય ભલે હોય તોપણ તેમની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટીની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત સિદ્ધાંત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા હતા. ‘‘સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે’’ એ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ ‘‘ક્રમબદ્ધપર્યાય’’ શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાદીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

‘‘તું પરમાત્મા છો-એમ નક્કી કર! તું પરમાત્મા છો-એમ નક્કી કર!’’-આવો મહામંત્ર

મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદાય જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનારા સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો!

**હે જ્ઞાનપોષક સુમેઘ તને નમુ હું,**
**આ દાસના જીવનશિલ્પી તને નમુ હું.**

**L L L**

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૨૪૯ | ૦૨–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૦૧ |
| ૨૫૦ | ૦૩–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૧૪ |
| ૨૫૧ | ૦૪–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૨૬ |
| ૨૫૨ | ૦૫–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૩૮ |
| ૨૫૩ | ૦૬–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૪૯ |
| ૨૫૪ | ૦૭–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૩ | ૦૬૧ |
| ૨૫૫ | ૦૮–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૧ થી ૧૮૫ | ૦૭૧ |
| ૨૫૬ | ૦૯–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૪–૧૮૫ | ૦૮૩ |
| ૨૫૭ | ૧૦–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૪ થી ૧૮૬ | ૦૯૩ |
| ૨૫૮ | ૧૧–૧૨–૧૯૭૬ | ગાથા–૧૮૭ થી ૧૮૯ | ૧૦૫ |
| ૨૫૯ | ૧૨–૧૨–૧૯૭૬ | શ્લોક–૧૨૮, ગાથા–૧૯૦ થી ૧૯૨ | ૧૧૬ |
| ૨૬૦ | ૧૩–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૦ થી ૧૯૨ | ૧૨૭ |
| ૨૬૧ | ૧૪–૧૨–૧૯૭૬ | કળશ–૧૨૯ થી ૧૩૧ | ૧૩૮ |
| ૨૬૨ | ૧૫–૧૨–૧૯૭૬ | કળશ–૧૩૧–૧૩૨ | ૧૫૦ |
| ૨૬૩ | ૧૬–૧૨–૧૯૭૬ | કળશ–૧૩૨–૧૩૩ | ૧૬૨ |
| ૨૬૪ | ૧૭–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૩–૧૯૪ | ૧૭૨ |
| ૨૬૫ | ૧૮–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૪–૧૯૫, કળશ–૧૩૪ | ૧૮૪ |
| ૨૬૬ | ૧૯–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૫–૧૯૬, કળશ–૧૩૫ | ૧૯૬ |
| ૨૬૭ | ૨૦–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૭, કળશ–૧૩૫ | ૨૦૩ |
| ૨૬૮ | ૨૧–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૭ થી ૧૯૯, કળશ–૧૩૬ | ૨૧૫ |
| ૨૬૯ | ૨૨–૧૨–૧૯૭૬ | ગાથા–૧૯૯ | ૨૨૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૭૦ | ૨૩–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૦, કળશ–૧૩૭ | ૨૩૮ |
| ૨૭૧ | ૨૪–૧૨–૧૯૭૬ | કળશ–૧૩૭ | ૨૪૯ |
| ૨૭૨ | ૨૫–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૧ થી ૨૦૨,કળશ–૧૩૭ | ૨૬૧ |
| ૨૭૩ | ૨૬–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૧–૨૦૨ | ૨૭૩ |
| ૨૭૫ | ૨૮–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૧ થી ૨૦૩, કળશ–૧૩૮ | ૨૮૬ |
| ૨૭૬ | ૨૯–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૩, કળશ–૧૩૯ | ૨૯૮ |
| ૨૭૭ | ૩૦–૧૨–૧૯૭૬ | કળશ–૧૪૦ | ૩૦૯ |
| ૨૭૮ | ૩૧–૧૨–૧૯૭૬ | ગાથા–૨૦૪ | ૩૨૦ |
| ૨૭૯ | ૦૧–૦૧–૧૯૭૭ | ગાથા–૨૦૪, કળશ–૧૪૧ | ૩૩૧ |
| ૨૮૦ | ૦૨–૦૧–૧૯૭૭ | કળશ–૧૪૧–૧૪૨ | ૩૪૨ |
| ૨૮૧ | ૦૩–૦૧–૧૯૭૭ | કળશ–૧૪૨–૧૪૩,ગાથા–૨૦૫–૨૦૬ | ૩૫૩ |
| ૨૮૨ | ૦૪–૦૧–૧૯૭૭ | કળશ–૧૪૪, ગાથા–૨૦૬–૨૦૭ | ૩૬૧ |
| ૨૮૩ | ૦૫–૦૧–૧૯૭૭ | ગાથા–૨૦૭ થી ૨૦૯ | ૩૭૨ |
| ૨૮૪ | ૦૬–૦૧–૧૯૭૭ | ગાથા–૨૦૯–૨૧૦, કળશ–૧૪૫ | ૩૮૩ |
| ૨૮૫ | ૦૭–૦૧–૧૯૭૭ | ગાથા–૨૧૧ | ૩૯૪ |
| ૨૮૬ | ૦૮–૦૧–૧૯૭૭ | ગાથા–૨૧૧ થી ૨૧૩ | ૪૦૫ |
| ૨૮૭ | ૦૯–૦૧–૧૯૭૭ | ગાથા–૨૧૪, કળશ–૧૪૬ | ૪૧૭ |

ૐ

શ્રી પરમાત્મને નમઃ

# ભાગવત શાસ્ત્ર

(ભાગ–૮)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
સમયસાર ગ્રંથ ઉપરના ૧૮મી વખતના
શબ્દશઃ સળંગ પ્રવચનો)

**માગસર સુદ-૧૧, ગુરુવાર, તા. ૨-૧૨-૧૯૭૬,
ગાથા-૧૮૧-૧૮૩, પ્રવચન નં. ૨૪૯**

સંવર અધિકાર (આત્માનો). સમયસાર. બહુ અલૌકિક અધિકાર છે. જેને ટીકાકાર, કળશકારને ૐ નમઃ કરીને ટીકા શરૂ કરી છે. ભેદજ્ઞાન છેને. ત્રણ ગાથા.

उवओगे उवओगो कोहादिसु णत्थि को वि उवओगो।
कोहो कोहे चेव हि उवओगे णत्थि खलु कोहो।।१८१।।
अट्ठवियप्पे कम्मे णोकम्मे चावि णत्थि उवओगो।
उवओगम्हि य कम्मं णोकम्मं चावि णो अत्थि।।१८२।।
एदं तु अविवरीदं णाणं जइया दु होदि जीवस्स।
तइया ण किंचि कुव्वदि भावं उवओगसुद्धप्पा।।१८३।।

નીચે હરિગીત.

ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,
છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.

**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨.**
**આવું અવિપરીત જ્ઞાન જ્યારે ઉદ્‌ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુદ્ધાત્મા કરે. ૧૮૩.**

શબ્દ એમ છે પાઠનો, ઉપયોગમાં ઉપયોગ (છે). ઉપયોગમાં ઉપયોગ છે, ઉપયોગમાં ક્રોધ નથી. છે? **'उवओगे उवओगो'** ઉપયોગમાં ઉપયોગ છે. એટલે? રાગથી ભિન્ન પડીને જાણક પરિણતિ એ કરે એ ઉપયોગમાં ઉપયોગ-આત્મા છે. સમજાય છે કાંઈ? ઝીણી વાત છે. ઉપયોગમાં ઉપયોગ છે એટલે કે જાણનક્રિયા જે જ્ઞાનનું સ્વરૂપ છે, આત્માનું સ્વરૂપ જ જાણનક્રિયા છે, ત્રિકાળી નહિ પણ વર્તમાન પરિણમન. આહા..હા..! જાણનક્રિયા રાગ વિનાની એ જાણવાની ક્રિયા એને આધારે આત્મા છે એમ કહે છે અહીં તો. આત્માને આધારે જાણનક્રિયા છે એમ નહિ. કેમકે એ રાગથી ભિન્ન પડી અને જાણનક્રિયાની પરિણતિ થાય એને આધારે આત્મા જણાય. આહા..હા..! જ્ઞાનની પર્યાયમાં, પરિણમનમાં આત્મા જણાય. એથી એમ કહ્યું કે જાણનક્રિયા તે આધાર છે અને આત્મા તેનો આધેય છે. આહા..હા..! ઝીણો અધિકાર છે આજે. માખણ છે એકલું. આહા..હા..!

એ કહે છે. પાઠમાં એમ હતું (કે) ઉપયોગમાં ઉપયોગ છે. એટલે? રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન કરે છે એ જાણનક્રિયામાં આત્મા છે. સમજાણું કાંઈ? આ તો પ્રથમ સમ્યગ્દર્શન પામવાની કળામાં આ રીત છે. આહા..હા..! વસ્તુ તો ઉપયોગ તે ઉપયોગ, વસ્તુ તો ઉપયોગ એટલે સ્વરૂપ આત્માનું એને ઉપયોગ કહે છે, એ ઉપયોગમાં ઉપયોગ છે. એટલે કે જાણનક્રિયા, જાણનક્રિયા, સમ્યગ્દર્શનની ક્રિયા, સ્વરૂપની સ્થિરતાની ક્રિયા એ ઉપયોગ એમાં આત્મા છે આ એટલે કે એમાં આત્મા જણાય છે, એટલે કે એ જાણનક્રિયાને આધારે આત્મા જણાય છે, માટે જાણનક્રિયા તે આધાર છે અને આત્મા વસ્તુ તે આધેય છે. આહા..હા..! કહો, હીરાલાલજી! આવી વાતું છે. આહા..હા..!

**'ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્‌... '** આત્મા જાણનક્રિયાના સ્વભાવથી જણાય એ વસ્તુ એમાં બીજી વસ્તુ નથી. આસ્રવ છે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ આસ્રવ તત્ત્વ છે એ જાણનક્રિયાને આધારે જણાતો આત્મા એમાં એ આસ્રવ નથી. સમજાય છે કાંઈ? આહા..હા..! અરેરે! **'ખરેખર એક વસ્તુ...'** એટલે જાણનક્રિયામાં જણાતો ભગવાન પોતે અને આસ્રવ રાગાદિની ચીજ દયા, દાન, વ્રત, વ્યવહારશ્રદ્ધા, વ્યવહારજ્ઞાન, વ્યવહાર-આચરણનો રાગ એ એક વસ્તુમાં બીજી વસ્તુ નથી. જાણનક્રિયામાં આત્મા છે, એમાં રાગ નથી અને રાગમાં આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો જન્મ-મરણની ગાંઠ ટાળવાની વાત છે. આહા..હા..! બાકી તો બધુંય સંસારના પાપ પણ અનંતવાર કર્યા અને પુણ્ય પણ અનંતવાર કર્યા. નરકગતિના પાપથી પણ સ્વર્ગગતિના પુણ્ય તો અસંખ્યગુણા અનંત કર્યા. આહા..હા..! નરકના ભવ કરતા સ્વર્ગના અસંખ્યગુણા અનંતા કર્યા છે. એક નરકનો ભવ અને અસંખ્ય સ્વર્ગના ભવ એવી રીતે અનંતા નરકના અને એથી અસંખ્યગુણા અનંતા સ્વર્ગના.

**શ્રોતા :–** શુભભાવ વધારે કર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્યો છે. તિર્યંચગતિમાં એણે કર્યો અને ત્યાંથી મરીને સ્વર્ગે ગયો. ઓહોહો..! પણ અહીં કહે છે કે એ પુણ્ય પરિણામમાં આત્મા નથી અને આત્મામાં એ પુણ્ય પરિણામ નથી. બીજી રીતે કહીએ કે જે વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે રાગ એ આત્મામાં નથી અથવા એનાથી આત્મા જણાતો નથી. આહા..હા..! એ આત્મા રાગથી ભિન્ન પડી અને જ્ઞાનની પરિણતિના ધ્યેયને આત્મામાં લક્ષમાં લઈને પરિણમે છે તેમાં આત્મા છે, તેમાં આત્મા જણાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' એટલે આત્મા જાણનક્રિયાને આધારે જણાય એ વસ્તુમાં રાગાદિ નથી, વ્યવહારરત્નત્રયનો રાગ એમાં નથી અને વ્યવહારરત્નત્રયના રાગમાં આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદજ્ઞાનની ગાથા છે. બહુ ઝીણી શરૂઆત જ એવી કરી છે. આહા..હા..! આત્માને આધારે પરિણતિ છે એ વળી જુદી એ તો સિદ્ધ કરવું હોય ત્યારે, પણ અહીં તો આત્મા જાણવામાં આવે એ જાણવામાં આવે એ શુદ્ધ પરિણતિથી જાણવામાં આવે, એટલે શુદ્ધ પરિણતિને આધાર ગણીને આત્મા એમાં રહ્યો આધેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ખરેખર બે વસ્તુ ગણી. એક જાણનક્રિયાને આધારે જણાય એ આત્મા અને રાગને જાણે આત્મા કે આ રાગ પર છે એ રાગને આધારે રાગ છે. એટલે રાગની વસ્તુ અને જાણનક્રિયાની વસ્તુ બે તદ્દન જુદી છે. આહા..હા..!

**શ્રોતા :–** છ દ્રવ્ય અને સાતમો આત્મા...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ છ દ્રવ્ય, એ દ્રવ્યમાં ગયું જડમાં. ચિદ્રૂપમ જડ કહેશેને હમણાં. એ રાગ એ જડમાં જાય છે, અજીવમાં જાય છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ કે શાસ્ત્રને ભણવાનો વિકલ્પનો ભાવ કે પંચમહાવ્રતના પરિણામનો ભાવ એ બધા જડ છે. આહા..હા..! એ જડને આધારે આત્મા જણાય નહિ અને આત્માના આધારમાં જડ છે નહિ. આત્માને આધારે જડ થાય છે એમ નથી. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ રાગ એ આત્માને આધારે થાય છે એમ નથી તેમ રાગને આધારે આત્મા જણાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ખરેખર એક વસ્તુની...**' એટલે ચિદાનંદ ભગવાન જાણનક્રિયાને આધારે જણાય એવી તે ચીજ એ બીજી એટલે આસ્રવ વસ્તુની નથી. એ વ્યવહારરત્નત્રયની એ ચીજ નથી અને વ્યવહારરત્નત્રયમાં આત્મા નથી. સમજાણું કાંઈ? આવું સ્પષ્ટ છે, પણ છતાં ગડબડ કરે, વ્યવહારથી નિશ્ચય થાય.. વ્યવહારથી નિશ્ચય થાય. અરે..! વ્યવહાર તો અનંતવાર કર્યો. નવમી ગ્રૈવેયકે કર્યો એવો વ્યવહાર તો અત્યારે છે પણ નહિ. આહા..હા..! ભાઈ! જન્મ-મરણના અંતની વાતું કોઈ અલૌકિક બીજી છે. એ ચોર્યાસીના અવતાર કરી-કરીને મરી ગયો, થાકી ગયો નથી. આહા..હા..!

અહીંયાં કહે છે કે ભેદજ્ઞાન કરવું હોય તો એણે રાગનો આશ્રય છોડીને, આહા..હા..! ચૈતન્યનો આશ્રય લેવાની જે પરિણતિ છે... આહા..હા..! એ પરિણતિને આધારે ભગવાન આત્મા છે અને

રાગને આધારે રાગ છે. બેય વસ્તુ જુદી છે. જેમ જડ અને આત્મા બે જુદાં એમ આસ્રવ અને આત્મા બે જુદાં. કારણ કે નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ ભિન્ન છે, જીવતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! ઝીણી વાતું બાપુ! બહુ લોકોને, શું થાય? એક જ બોલ હજી તો પહેલો થયો.

**'ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આત્મા જાણનક્રિયાને આધારે જણાય તે રાગને આધારે ન જણાય અને રાગ રાગને આધારે થાય એ આત્માના આધારે ન થાય. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ આત્માને આધારે ન થાય. એ તો નિમિત્તનો આશ્રય છે એ પર આધાર છે. આહા..હા..! પરદિશા તરફનું વલણ છે એ. વ્યવહારરત્નત્રય હોં, જેને કારણ અત્યારે કહે. વ્યવહારરત્નત્રય કરતાં-કરતાં નિશ્ચય થાશે. ધૂળેય નહિ થાય સાંભળને, મરી જઈશ એમ ને એમ. આહા..હા..! અહીંયાં તો કહે છે કે વ્યવહારરત્નત્રયની વસ્તુ જુદી છે અને આત્મા જાણનક્રિયાથી જણાય એ ચીજ જુદી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)...'** આસ્રવને અને ચૈતન્યસ્વભાવને કાંઈ સંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** સંયોગસંબંધ નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંયોગસંબંધનો અર્થ સંબંધ નથી. સંયોગ એટલે બીજી ચીજ, આ બીજી ચીજ. આહા..હા..! નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એટલે કે કાંઈ સંબંધ છે જ નહિ. આહા..હા..! ચૈતન્ય અંદર અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો ભગવાન એને ચૈતન્યની પરિણતિથી જાણવામાં આવે એમ કહે છે. આહા..હા..! એને શુદ્ધ પરિણતિથી જાણવામાં આવે. એ રાગથી શુદ્ધ પરિણતિ થાય અને શુદ્ધ પરિણતિથી આત્મા જણાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ખરેખર એક પદાર્થનો બીજો પદાર્થ છે નહિ. વસ્તુ (કીધી), એને આસ્રવને પણ વસ્તુ કીધી છે. સ્વપણે છે, પરપણે નથી એવી એક આસ્રવમાં અનંતી સપ્તભંગી ઊઠે, અનંતી સપ્તભંગી. આહા..હા..! સમજાણું કાંઈ? **'એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી...'** ઠીક! સર્વે સંબંધ. ૨૦૦ કળશમાં આવે છે ૨૦૦ કળશ. **'सर्वोऽपि सम्बन्धः'** નિષેધ. કોઈ સંબંધ છે જ નહિ આત્માને અને પરને, એમ આસ્રવને કોઈ સંબંધ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કારણ...'** હવે કારણ આપે છે કે બે વસ્તુ જુદી કેમ? એક વસ્તુની બીજી વસ્તુ નથી એમ કેમ? એનું કારણ શું? આહા..હા..! **'કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** આહા..હા..! એ પુણ્યના પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના વ્યવહારરત્નત્રયના, એ પરિણામનો પ્રદેશ જ ભિન્ન છે—ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! જેટલા અંશ ક્ષેત્ર અસંખ્ય પ્રદેશી, એમાં જેટલો છેલ્લો અંશ છે એ પ્રદેશના અંશમાંથી આસ્રવ ઉઠે છે એ પ્રદેશ ભિન્ન છે. આહા..હા..! શુદ્ધ આત્માના પ્રદેશ અને આસ્રવના પ્રદેશ બે તદ્દન ભિન્ન છે એમ કહે છે. છે તો એ અસંખ્યમાયલો, પણ અંશ એનો જે છે... આહા..હા..! ઝીણું બહુ બાપુ! લોકોને અત્યારે તો સ્થૂળ કરી નાખ્યું છેને. આ વ્રત કરો ને અપવાસ કરો, ભક્તિ કરો ને જાત્રા કરો, થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ સાંભળને. આહા..હા..! એવા ક્લેશ તો અનંતવાર કર્યા. એ રાગનો

ક્લેશ છે, એ તો રાગની ક્રિયા ક્લેશ છે... આહા..હા..! દુઃખ છે.

**'એક વસ્તુની બીજી વસ્તુ નથી...'** આ આત્મા બીજા આત્માનો નથી એ વાત અહીં અત્યારે નથી. એ બીજો આત્મા તદ્દન જુદો, આ આત્મા જુદો. આ આત્મા શરીરનો નથી, શરીર આત્માનું નથી એ વાત તદ્દન જુદી, એ જુદી. આહા..! પણ અહીંયાં તો અંદરમાં વિકલ્પ ઊઠે પુણ્યનો, દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહારરત્નત્રય એ વિકલ્પ છે તે રાગ છે તેનું ક્ષેત્ર પ્રદેશ ભિન્ન છે અને આત્મા જાણનક્રિયાથી જણાય એવો આત્મા એના પ્રદેશ ભિન્ન છે. આહા..હા..! વસ્તુ ભિન્ન છે કેમકે એના પ્રદેશ ભિન્ન છે એમ કહ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આવું કે દિ'...? માણસપણું મળે કે દિ'? અને એ કે દિ' સાંભળે એને? આહા..હા..! વેડફી નાખે માણસ આમ ને આમ અનાદિથી. બહુ તો પાપમાંથી હજી તો નવરો થાતો ન હોય. ૨૦-૨૦ કલાક બધા પાપમાં જાય એના બધા. આહા..હા..! બાયડી, છોકરા, ધંધા અને એના માટે પાપના કલાકો દરરોજના ૨૦-૨૦, ૨૨ કલાક. એક-બે કલાક કદાચ સાંભળવાનો વખત લીધો હોય તો એ પુણ્ય થાય તો એટલો શુભભાવ (થાય). આહા..હા..! ધર્મ તો એનાથી ભિન્ન તદ્દન ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એક વસ્તુ જુદી-જુદી છે એનું કારણ કે એના અંશો—પ્રદેશો—ક્ષેત્ર જુદું છે. આહા..હા..! અસંખ્ય પ્રદેશમાં થાય છે વિકાર, પણ જેટલા અંશમાંથી વિકાર ઊઠે તે પ્રદેશને ભિન્ન ગણવામાં આવ્યો છે. આહા..હા..! આવું ઝીણું બાપુ બહુ. આહા..હા..! **'કારણ કે બન્નેના...'** એટલે આસ્રવના અને આત્માના **'બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી...'** એક વાત. **'તેમને એક સત્તાની અનુપપત્તિ છે...'** વ્યવહારરત્નત્રયનો રાગ અને નિશ્ચયરત્નત્રયની પરિણતિનો ભાવ બેના પ્રદેશ જુદાં (છે), કેમકે તેની સત્તા જુદી છે. આહા..હા..! એક વસ્તુની બીજી વસ્તુ નથી, આત્માનો આસ્રવ નથી, આસ્રવનો આત્મા નથી. કેમકે બન્નેના પ્રદેશ જુદાં છે, તેથી બેની સત્તા ભિન્ન છે. આહા..હા..! રતિભાઈ! આજ તો રજા છે? બકરી ઈદ છે. આહા..હા..! બકરી મારીને ખાવી એ બકરી ઈદ. આહા..!

અહીં તો કહે છે કે આસ્રવ તે ચીજ ભિન્ન છે, બાપુ! એને પોતાનો માનવો... આહા..હા..! હિંસા છે. રાગ ઊઠે એને પોતાનો માનવો એ હિંસા છે, પોતાના સ્વરૂપની હિંસા છે. આહા..હા..! આ તો રાગથી ભિન્ન પડી જાણનક્રિયાની વીતરાગી પર્યાયને આધારે જણાય એ વીતરાગી પર્યાય તે અહિંસા છે, એ અહીંસાથી આત્મા જણાય એમ કહે છે. ઝીણી છે, આ ત્રણ ગાથા બહુ સૂક્ષ્મ છે. અત્યારે તો આખા સંપ્રદાયથી ફેરવાળી વાત છે. સમજાણું કાંઈ? એ તો (કહે), વ્રત કરો, અપવાસ કરો, તપસ્યા કરો, વ્રત પાળે એ સંયમ છે. ધૂળેય નથી સાંભળને.

**શ્રોતા :-** વિકાર આખા પ્રદેશમાંથી નથી ઊઠતો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિકાર એક પ્રદેશમાં આખામાં નહિ, એના છેલ્લા અંશમાં ઊઠે છે. અસંખ્યમાં ઊઠે છે. અસંખ્યમાં, પણ એના અંશમાં. (આખા) અસંખ્ય પ્રદેશમાં એમ નહિ. અસંખ્ય પ્રદેશમાં ખરું પણ એના અંશમાં. આખા અસંખ્ય પ્રદેશમાં નહિ. આહા..હા..! ઝીણો અધિકાર છે, ભઈ! એકદમ બે તદ્દન આમ ભિન્ન.

બે પર્વત હોયને જેમ. એક પર્વત અને પર્વત બીજો જુદો. અરે..! ભગવાન! આ શરીર તો માટી જડ, ધૂળ છે, આ તો અજીવ ભિન્ન જ છે. કારણ કે નવતત્ત્વમાં તો અજીવતત્ત્વમાં જાય છે એ અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ છે કે વ્યવહારરત્નત્રયની શ્રદ્ધાના પરિણામ છે એ જડમાં જાય છે, આસ્રવમાં જાય છે. આહા..હા..! એ આસ્રવ અને આત્મા બે વસ્તુ એકની બીજી નથી, કારણ કે બેયના પ્રદેશ જુદાં છે, તેથી બેયની સત્તા હોવાપણું જુદું છે. આહા..હા..! કહો.

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અંશ કીધોને છેલ્લો. જેટલા પ્રદેશમાંથી ઉઠે છે એ અંશ જુદો છે. વસ્તુ અસંખ્ય પ્રદેશ નિર્મળ છે એ જુદાં છે.

**શ્રોતા :–** વસ્તુ તો અખંડ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અખંડ છે, પણ કઈ રીતે? એ તો અસંખ્ય પ્રદેશ તરીકે અખંડ છે, પણ અખંડ પ્રદેશમાં બે ભાગ પડે છે. એમાં બે ભાગ પડે છે.

**શ્રોતા :–** દ્રવ્યમાં ખંડ કેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ખંડ નહિ, પર્યાય દ્રવ્યની નથી દ્રવ્યની પર્યાય નથી. એ તો વળી નિર્મળ પર્યાયના અંશનું ક્ષેત્ર જુદું છે. આ તો મલિનની વાત કરે છે. આહા..હા..! એય..!

**શ્રોતા :–** આ સિદ્ધાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બેય પ્રદેશ અંશ જુદો એનો. અસંખ્ય પ્રદેશ તો એ છે અને અસંખ્ય પ્રદેશના અંશમાં આસ્રવ છે. પણ એ અંશનો આસ્રવ ભિન્ન છે અને નિર્મળાનંદ પ્રભુ એનો ભિન્ન છે પ્રદેશ. આહા..હા..! આ તો ભાઈ વાળ ચીરવા છેને એથી આ તો અંદર ચીરવું છે બેને. વાળ હોય છેને વાળ? એમાં જોયું છે કોઈ દિ'? એને ખૂણે આમ બે છેડા હોય છે. કેટલાક વાળ ના છેડે બે છેડા હોય છે. વાળમાં હોં! આ જોયું હતું મેં. એક ફેરી જંગલમાં બેઠા હતા અને રાણપુરનું ચોમાસુ હતું. બહાર બેઠા હતા. એક વાળ તોડ્યો હતો, એક વાળના બે છેડા. વાળ એક અને છેડા બે. આમ કાપો તો ભિન્ન ન પડે. છેડા બે. આહા..હા..! આ વાળ-વાળ. આ તો બધું અમે જોયેલું. રાણપુરમાં અહીંથી ખેતર દિશાએ ગયા હતા, બેઠા હતા. બેઠા હતા તે દિ' અપવાસ હશે. એમાંથી અહીં વાળ તોડ્યો, જોયો તો આમ બે ભાગ. વાળને છેડે બે ફણગા હોય. આહા..હા..! છતાં એ ચીરી ન શકાય. કારણ કે વાળ એનો એક છે, એના બે ફણગા છે. અહીં તો ચીરી શકાય એવી વાત છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો અલૌકિક વાતું છે. ભાગ્યવાન હોય એને તો કાને પડે એવી વાત છે! અત્યારે તો હિન્દુસ્તાનમાં બધી ગડબડ થઈ ગઈ છે. શું થાય?

ત્રણ વાત સિદ્ધ કરી કે આત્મવસ્તુની આસ્રવવસ્તુ નથી અને આસ્રવવસ્તુની આત્મવસ્તુ નથી. કેમકે બેયના પ્રદેશ જુદાં હોવાથી, બેના ક્ષેત્રના અંશો જુદાં હોવાથી બેની સત્તા ભિન્ન-ભિન્ન છે. આ રીતે સિદ્ધ કર્યું. આહા..હા..! એ આ દિગંબર સંતો સિવાય આવી વાત ક્યાંય છે નહિ. આ તો સર્વજ્ઞના કેડાયતો સંતો એની વાત છે આ. સમજાણું કાંઈ? આહા..! બીજે આખી જિંદગી સાંભળવા મળે

નહિ, એના શાસ્ત્રમાં નથી. આહા..હા..! આસ્રવો અને આત્મા બે વસ્તુ જુદી. જેમ જડ અને આત્મા જુદા એમ આસ્રવ (જુદાં)? હા, આસ્રવ પુદ્‌ગલ પરિણામ જડ છે. આ ચૈતન્યબિંબ ભગવાન એક જ્ઞાયકનો રસકંદ એ તો ત્રિકાળી વસ્તુ જ્ઞાયકપ્રકાશ, અનંત ચૈતન્યનો પ્રકાશ પિંડ છે. રાગ તો અંધકાર છે. આહા..હા..! રાગ નથી જાણતો પોતાને, નથી જાણતો જોડે રહેલા ચૈતન્યને, એ બીજા દ્વારા જણાય છે માટે તે જડ છે. આહા..હા..! આવો ઉપદેશ. હવે માંડ નવરા પણ ન થાય એના ધંધા આડે એક તો, એમાં વળી આવે ત્યારે આવી વાત સાંભળે. શું આમાં શું કહે છે આ? અરેરે..! અરે..! જીવનનું જીવન, ધર્મીનું જીવન તો અનુભવ-જીવન છે. એ જીવનું જીવન છે. આહા..હા..! રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનની પરિણતિએ જીવવું એ જીવનું જીવન છે. આહા..હા..! રાગના કર્તવ્ય કરીને જીવવું એ તો મિથ્યાત્વનું જીવન છે, એ ચૈતન્યનું નહિ. આહા..હા..!

'**તેમને એક સત્તાની અનુપપત્તિ છે (અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...**' કહો, બે બોલ થયા. '**એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' બન્નેના પ્રદેશો ભિન્ન છે. બે થઈને વાત? ત્રીજી. '**અને એ રીતે...**' અને આ રીતે '**એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...**' હવે ત્રીજું ભેળવે છે. '**એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...**' આત્માની આસ્રવ વસ્તુ નહિ હોવાથી અને આસ્રવની આત્મા વસ્તુ નહિ હોવાથી '**એક સાથે બીજીને આધારાધેયસંબંધ નથી જ.**' આહા..હા..! રાગને આધારે આત્મા જણાય અને આત્માનું પરિણમન રાગને આધારે જણાય કે રાગ આત્માને આધારે થાય એમ આધારાધેયસંબંધ છે નહિ. આહા..હા..! એ ત્રીજો બોલ લીધો.

'**એક સાથે બીજીને...**' એટલે કે વ્યવહારરત્નત્રયનો જે રાગ, શુભરાગ અને આત્મા જે જાણન પરિણતિથી જણાય બેમાં આધારાધેયસંબંધ નથી. રાગને આધારે આત્મા જણાય એમ નથી, તેમ આત્માને આધારે રાગ થાય એવું નથી. આહા..હા..! આ વાત છે. ઝીણું છે ભાઈ આ. હિન્દી માંગ્યું હતું, ભાઈ આવ્યા હતા. ભાઈ આજે હિન્દુસ્તાની નહિ ચાલે, કીધું. આજ તો જરી ઝીણી વાત છે. આહા..હા..! બાઈ હશે બહેન હિન્દુસ્તાનની. એની માગણી કરી હતી. એક છે અહીંયા. અત્યારે આજ નહિ ચાલે, ભાઈ! બીજા પાસે સમજી લેવું. એવી વાત તો અત્યારે ચાલતી નથી. સંપ્રદાયમાં છે નહિ. સમજાણું કાંઈ? ભાઈએ લખ્યું નથી હમણા, ભાઈ કૈલાસચંદજીએ કે એવી ક્યાંય વાત ચાલે છે અત્યારે સંપ્રદાયમાં કે 'નિશ્ચયસમકિત વિના વ્રત, તપ બધા નિરર્થક ને થોથા છે' એવી વાત ચાલે છે ક્યાંય? આ તો વ્રત કરો ને અપવાસ કરો ને ત્યાગ કરો, બાયડી-છોકરા છોડો, નાગા થઈ જાવ, વસ્ત્ર છોડો.

**શ્રોતા :-** એની આથે આધારઆધેયસંબંધ જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંબંધ નથી. આહા..હા..! એ વ્રતનો વિકલ્પ છે એ આસ્રવ છે. એને આ આત્માને આધારે એ આસ્રવ થાય એમ નથી, તેમ આસ્રવને આધારે આત્મા જણાય... આહા..હા..! વ્યવહારને કારણે આત્મા જણાય એમ ના પાડે છે અહીં. એય..! બાબુભાઈ! આ બધું ચાલે છે શું તમારું બધું બહારમાં? એ બધું સાંભળે છે ઘણું બહાર. આહા..હા..! ચાલો, ચાલે એમ ચાલવા દ્યો. વસ્તુ તો છે ઈ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો કહે છે કે વ્યવહારશ્રદ્ધા, દેવ-ગુરુની શ્રદ્ધા, વ્યવહારે શાસ્ત્રનું જ્ઞાન અને વ્યવહારના પંચમહાવ્રત આદિ અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ એ બધો આસ્રવભાવ છે એને આત્માનો આધાર નથી, તેમ આસ્રવભાવથી આત્મા જણાય એમ આધાર નથી આત્માને. આહાહા..! આત્માને તો જાણનક્રિયાનો આધાર છે એનાથી જણાય. આહા..હા..! સમજાણું કાંઈ? આ કેળવણીની આ કોલેજ જુદી જાતની છે. આહા..હા..! આ તો જન્મ-મરણરહિત થવાની કોલેજ છે. રાજેન્દ્રભાઈ! આવી વાતું છે. આહા..હા..! 'એ પુણ્યના પરિણામ એ મારા' એ મોટો મિથ્યાત્વનો રોગ છે. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ્ય સુજાણ.' સુજાણ. આહા..! સમજાણું કાંઈ? 'ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન' એ તો પછી વાત, એનું કાંઈ નહિ. આહા..હા..! શું વાત? વસ્તુ છેને! આત્મા વસ્તુ છે એ તો કેવી? શુદ્ધાત્મા તે વસ્તુ છે, શુદ્ધાત્મા તે આત્મા છે. એ શુદ્ધાત્મા રાગને આધારે જણાય એવો આધારાધેયસંબંધ છે જ નહિ. આહા..હા..! અહીં એકાંત કહે છેને અહીંનું? કે એકાંત છે, નિશ્ચયથી થાય, પણ વ્યવહારથી પણ નિશ્ચય થાય એ વાત કહેતા નથી. એય..!

એ આર્જિકા છેને એક અર્જિકા જ્ઞાનમતિ. દિલ્હીમાં કરાવે છેને ઓલું મકાન મોટું? જંબુ જંબુ. જંબુદ્વીપ. કાંઈ ખબર ન મળે સમ્યગ્દર્શન કોને કહેવું. આહા..હા..! એ દિલ્હીમાં મળ્યા હતા એ, મેં વાત કરી હતી એને. ત્રિલોક પરિણતિની એવી બધી વાતું કરે. બાપુ! માતા! સમ્યગ્દર્શન કોઈ જુદી ચીજ છે. એને ક્યાં બેસે? હો..હા.. હો..હા.. બહારનું બસ. એમાં પાંચ-પચ્ચીસ લાખ ખર્ચે ને જાણે ધર્મ થઈ ગયા. ધૂળેય નથી ધર્મ. એ તો વિકલ્પ છે, આહા..હા..! આસ્રવ છે. સમજાણું કાંઈ? આ ૨૬ લાખનું મકાન થયું લ્યો! તે? મકાન કરનારના ભાવમાં ધર્મ છે? કરી શકે છે એ?

**શ્રોતા :-** કથંચિત્ કરી શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું કરી શકે? આહા..હા..! સર્વથા પરદ્રવ્યનો જીવ કર્તા નથી અને સર્વથા શુદ્ધ પરિણામનો જીવ કર્તા છે. આ સર્વથા છે. નિશ્ચયથી તો રાગનો પણ કર્તા ભગવાન આત્મા નથી. કેમકે એના સ્વરૂપમાં નથી એનો કર્તા ક્યાંથી થાય? એ છેલ્લે શબ્દ કહેશે, છેલ્લી (૧૮૩ મી) ગાથા (સંસ્કૃતની). '**तदा न किञ्चित्करोति भावमुपयोगशुद्धात्मा**' પછી શુદ્ધાત્માનું ભાન થયું, રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું એ રાગનો કર્તા થતો નથી. આહા..હા..! પરના કર્તાની તો વાત પણ ક્યાં છે? મકાન કર્યા ને આ કર્યા ને ધૂળ કર્યા. કોણ કરે? અહીંયાં તો એમાં જે થયો શુભરાગ એનો કર્તા થાય એ પણ મિથ્યાદષ્ટિ છે. કેમકે રાગ અને આત્મા બે ચીજ ભિન્ન છે. એને ઠેકાણે રાગથી આત્માને લાભ માને અથવા રાગનું કર્તાપણું (માને), સ્વરૂપ તો જ્ઞાતા-દૃષ્ટા સર્વજ્ઞસ્વરૂપ છે, એ સર્વજ્ઞસ્વરૂપ તો બધાને જાણે, કરે કોને? બાકી રાખ્યા વિના બધાને જાણે એને બાકી રાખ્યા વિના કોઈને કરે નહિ. આહા..હા..! આવી વાત છે, બાપુ! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન અલૌકિક વાત છે. આહા..!

**'એ રીતે એક વસ્તુની...'** જોયું! બેય વસ્તુ જુદી. આસ્રવ અને ભગવાન આત્મા બે ચીજ જુદી. **'બીજી વસ્તુ નહિ હોવાથી...'** આ કારણે **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** ભાઈ! કથંચિત્ રાગને આધારે આત્મા પ્રાપ્ત થાય એવું લ્યોને. વ્યવહારરત્નત્રય પાળે તો એનાથી

નિશ્ચય ધર્મ થાય. શાસ્ત્રમાં આવે એવું હોં! વ્યવહારરત્નત્રયથી નિશ્ચય થાય. જયસેનાચાર્યની ટીકામાં બહુ એવું આવે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહા..હા..!

**શ્રોતા :–** બીજા આચાર્યોનું ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બધા આચાર્યોનું એક જ કથન છે. દિગંબર સંતો એટલે તો કેવળીના કેડાયતો. કોઈ કથનમાં ક્યાંય ફેર નહિ. ભલે કથન વ્યવહારથી ક્યાંક કર્યા હોય, પણ સરવાળો એનો વીતરાગતા બતાવે. આહા..હા..! ભાઈ! ઝીણી વાત, બાપુ! અરેરે..! અનંતકાળમાં.. આહા..હા..!

ઓલો એક રાજા નહોતો કીધું? એક દિવસની ૩૬ લાખની પેદાશ છે. ઈરાનનો ક્યાંકનો રાજા અત્યારે છે. એક કલાકની દોઢ લાખની પેદાશ. એ પહેલો રાજા હતો એને મારી નાખ્યો. એ રાજા જ્યારે પરણ્યો, લગ્ન થયા એના તો એક રાત્રીના એક કરોડ રૂપિયા ખર્ચ્યા, એક કરોડ. આવ્યું હતું પત્રમાં. દિવા.. દિવા ઝાકઝમાળ. દારૂ ફૂટે ને ફલાણું થાય ને આહા..હા..! જાવું છે નરકે. અરેરે..! મારી નાખ્યા. કારણ કે એ તો બધા માંસ ને દારૂના ખાનારા. વાણિયા તો દારૂ ને માંસ ન ખાય એટલે એને તો બહુલપણે તિર્યંચમાં જવાના એ ઢોરમાં. આહા..હા..! સમ્યગ્દર્શન નથી અને પુણ્યના પરિણામનો પ્રસંગ નથી કે ચાર-ચાર કલાક, પાંચ કલાક વાંચવું, સત્સમાગમ કરવો તો એ પુણ્ય છે, એ પણ વખત નથી. ૨૦-૨૦, ૨૨ કલાકના પાપ. અરર..! અરેરે..! ક્યાં એને જાવું બાપુ? આ ગલુડિયું થયું છેને. બે કૂતરી વિયાણી. એ કૂતરી દેખીને એમ થયું કે આ ક્યાંથી આવ્યો હશે? વાણિયો-બાણિયો આવ્યો હશે શેઠિયો મરીને? આહા..હા..! એવી વાતું છે, ભાઈ! ભગવાનના માર્ગની રીત બહુ ઝીણી છે, બાપા!

**'એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને...'** એટલે વ્યવહારરત્નત્રયના રાગને અને નિશ્ચયરત્નત્રયની પરિણતિને, બેને કાંઈ આધારાધેયસંબંધ નથી. આહા..હા..! નિશ્ચયરત્નત્રયની પરિણતિથી રાગ ઉત્પન્ન થાય એમ નથી અને રાગને આધારે નિશ્ચયરત્નત્રયની પરિણતિ થાય એમ નથી. આહા..હા..! આવી વાત ચોખ્ખી છે પણ શું થાય! આ મારી નાખ્યા જગતને બહારના ઓહોહો..! જ્યાં તરવાના ટાણા આવ્યા ત્યાં મારો ઘૂંચી જાય છે. હેં! આહા..હા..! અને પાછો ધર્મને નામે આવે તો પુણ્યથી ધર્મ થાય, આસ્રવથી ધર્મ થાય એમ કહો, નહિતર એકાંત થઈ જાય છે. અરે..! પ્રભુ! સાંભળને, ભાઈ! તેં આ સાંભળ્યું નથી, બાપા! આહા..હા..! આ તો હિતના પંથની વાતું છે જેમાંથી હિત પ્રગટે.

કહે છે, વ્યવહારત્નત્રયને આધારે નિશ્ચયરત્નત્રય થાય કે આત્મા એનાથી જણાય એમ નથી. આહા..હા..! તેમ વ્યવહારરત્નત્રય આત્માના નિશ્ચય પરિણતિને આધારે થાય એમ નથી, બેય ભિન્ન-ભિન્ન છે. પરસ્પર બેય ભિન્ન છે, પરસ્પર બેય ભિન્ન છે. આસ્રવથી ભગવાન ભિન્ન, ભગવાનથી આસ્રવ ભિન્ન. ભગવાન પણ જાણ્યો ક્યારે? કે ઓલી પરિણતિ થઈ ત્યારે. એટલે પરિણતિથી આસ્રવ ભિન્ન અને આસ્રવથી પરિણતિ ભિન્ન. આહા..હા..! ભારે માર્ગ, બાપુ! આહા..હા..! લોકોને ચડાવી દીધા વ્રત કરો ને અપવાસ કરો ને ઈન્દ્રિયદમન કરો, બસ. એ તો અભવી પણ કરે છે. અભવી પણ

અનંતવાર કરે છે. ભવિએ અનંતવાર કર્યું સાંભળને. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિના વ્રત લીધા, નગ્નપણું, પંચમહાવ્રત. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! એ પંચમહાવ્રત અને અઠ્યાવીશ મૂળગુણ એ દુઃખ છે, આસ્રવ છે. દુઃખ અને સુખ બે ચીજ ભિન્ન છે. આહા..હા..!

આનંદની પરિણતિથી આનંદ ભગવાન જણાય. એ આનંદનું સ્વરૂપ અને દુઃખનું સ્વરૂપ તદ્દન ભિન્ન છે. આહા..હા..! દુઃખને આધારે આનંદની પરિણતિ થાય અને આનંદની પરિણતિને આધારે આત્મા જણાય, એને ઠેકાણે આનંદ પરિણતિને આધારે રાગ થાય એમ બે છે નહિ. ઘણો અધિકાર માખણનો છે. શશીભાઈ! તાકડે વળી આવી ગયા આજ. આહા..હા..! પ્રભુ! તને શું થયું? કહે છે. આહા..હા..! તારો નાથ તો અંતર નિર્મળાનંદ અને સચ્ચિદાનંદ પ્રભુ બિરાજે છે. આહા..હા..! એને જાણવાની તો એનું જાણનક્રિયા એ એનું સ્વરૂપ છે. કારણ કે જાણનક્રિયા એ તો જ્ઞાનનું એટલે આત્માનું સ્વરૂપ છે એનાથી તે જણાય. આહા..હા..! આસ્રવ રાગ એ આત્માનું સ્વરૂપ નથી, એ તો પુદ્ગલનું પરિણામનું જડ સ્વરૂપ છે. આહા..હા..! પંચમહાવ્રત એ આસ્રવ છે, જડ છે, દુઃખ છે, અજીવ છે. ભગવાન આત્મા જીવ સ્વરૂપથી એનું લક્ષણ તદ્દન ભિન્ન છે. આહા..હા..! કહો, ત્રણ બોલ થયા. પાંચ બોલ કહેશે.

એક તો એક વસ્તુની બીજી વસ્તુ નથી એ એક બોલ. કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન છે એ બે બોલ. એને સિદ્ધ કર્યું. અને તેથી '**એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.**' ઓહોહો..! ગજબ વાત કરે છે! ત્રણ લીટીમાં તો કેટલું ભર્યું લ્યો. ચાર લીટી થઈ. આવું સ્વરૂપ છે, ભાઈ! ચૈતન્યનો પુંજ પ્રભુ, એની નિર્મળ શુદ્ધ પરિણતિથી તે જણાય એવો છે. એની અશુદ્ધ પરિણતિના પ્રદેશ જુદાં અને વસ્તુ જુદી. એ જુદીથી જુદી ચીજ કેમ જણાય? આહા..હા..! જાણનક્રિયા, શ્રદ્ધાક્રિયા છે એ તો એનું સ્વરૂપ છે પરિણતિનું-જીવનું એનાથી જણાય અને રાગાદિ એનું સ્વરૂપ જ નથી. વસ્તુ જુદી, પ્રદેશ જુદાં તેથી હોવાપણું જુદું તેથી આધારાધેયસંબંધ પણ જુદો. આહા..હા..! કહો, હીરાભાઈ! ઠીક બરાબર આવ્યા છો આજે. આહા..હા..! માખણ છે, બાપા! અરેરે..!

અહીં તો કહે છે કે પરની દયાનો ભાવ એ હિંસા છે, પંચમહાવ્રતના પરિણામ એ હિંસા છે. હવે આ વાત કેમ બેસે જગતને? આસ્રવ છે ઈ, એ હિંસા છે. એનાથી આત્મા જણાય નહિ એમ કહે છે. પરવસ્તુ છે હિંસા એનાથી અહિંસક આત્મા જણાય? આહા..હા..! આત્મા તો અહિંસક વીતરાગી પરિણતિથી જણાય એવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છે. આખું સમજાય જાય તો તો કલ્યાણ થઈ જાય, પણ શું કહેવાય છે એની ગંધ આવે છે? આહા..હા..! ભાઈ છે એ સોગાની છે? કોણ છે બીજા? ક્યાંના છે? ભાવનગર ઠીક.

**શ્રોતા :–** બાબુભાઈના ભત્રીજીના વર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઠીક ત્યાં રહેતા હશે. એમ! ઠીક. આહા..હા..! તો ગુજરાતી સમજે એ.

ગુજરાતી છેને. આમાં યુવાન ને વૃદ્ધ ને એ છે ક્યાં! એ તો જડની બધી દશાઓ છે. આહા..હા..! એ તો તદ્દન ભિન્ન પણ પુણ્ય અને પાપના ભાવ એ વસ્તુના સ્વરૂપથી તદ્દન ભિન્ન. કેમકે જડ છે, એ અચેતન છે. આહા..હા..! અચેતનથી ચૈતન્યને શુદ્ધ પરિણતિ પ્રગટે? શુદ્ધ પરિણતિનું ધ્યેય છે દ્રવ્ય, પણ એ ધ્યેયને દ્રવ્ય પરિણતિ પ્રગટી એનાથી ધ્યેય જણાણું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે. નિશ્ચય... નિશ્ચય.... નિશ્ચય... કરે છે. એ સત્ય છે બાપુ! ભાઈ! એને હા તો પાડ. વિરોધ ન કર ભાઈ! તને નુકસાનનું કારણ છે. આહા..હા..! ગજબ છેને ટીકા!

કુંદકુંદાચાર્યનો શબ્દ એ છેને, 'ઉપયોગમાં ઉપયોગ છે...' ઉપયોગમાં એટલે શુદ્ધ પરિણતિમાં આત્મા છે. ઉપયોગ એટલે આત્મા. પહેલો 'ઉપયોગમાં' એટલે શુદ્ધ પરિણતિ, એમાં ઉપયોગ છે એટલે આત્મા એમાં છે. આહા..હા..! કેમકે એ શુદ્ધ પરિણતિને આધારે આત્મા જણાય છે. આહા..હા..! એ આત્માને આધારે જણાતો નથી, રાગને આધારે જણાતો નથી. આહા..હા..! આવું છે, બાપુ!

અરે..! આવું મનુષ્યપણું ચાલ્યું જાય છે. અરે..! આંખ્યું વીંચાઈને ક્યાંય ચાલ્યો જશે ભાઈ! આહા..હા..! બહારના માટે માથાફોડ કરી-કરીને. એમાં કાંઈક પાંચ-પચાસ લાખ મળે એટલે હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય એને. આહા..હા..! ભાઈ! એ તો પરચીજ છેને નાથ! રાગને પરચીજ કીધી તો હવે શરીર ને પૈસાની વાત તો ક્યાં રહી! રાગને વ્યવહાર ચારિત્ર-દર્શન... વ્યવહારરત્નત્રયના રાગને રાગ કહીને જડ કહ્યો. આહા..હા..! સાંભળવું કઠણ પડે. હવે એનાથી આત્માને લાભ થાય અને નિશ્ચય થાય. એય..! દેવીલાલજી! શું ભાઈ? માન ન માન વસ્તુ તો આ છે. એને સત્યને સંખ્યાની જરૂર નથી કે ઝાઝા માનનારા હોય તો એની વાત સાચી. એવું કાંઈ છે નહિ. આહા..હા..! સત્યને ભાવે સત્ જણાણું, એ પછી એક જીવ હોય ભલે, પણ સત્ય તો એ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. લ્યો!

આ ગાથાઓ બહુ અલૌકિક છે! આ ટીકા જ અલૌકિક છે!! આહા..હા..! એકદમ ભેદજ્ઞાન. દયા, દાનનો, વ્રતનો વિકલ્પ અને વ્યવહારરત્નત્રયનો રાગ, વ્યવહારરત્નત્રય એટલે દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ રાગ છે અને નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ રાગ છે. પંચમહાવ્રતના પરિણામ, બરાબર પરની દયાના ભાવ એ રાગ છે. આ ગજબ વાતું, ભાઈ! પંચમહાવ્રતના પરિણામ એ દયાના ભાવ એ હિંસા છે. આ વાત. અને એ વસ્તુ ભિન્ન છે. હેં? આહા..હા..!

આનંદનો સાગર મીઠો મહેરામણ અંદર પડ્યો પ્રભુ, એને એની શુદ્ધ પરિણતિથી જણાય એવો છે. આહા..હા..! તેથી અહીં તો શુદ્ધ પરિણતિને આધાર કહ્યો અને ભગવાન સ્વરૂપને-દ્રવ્ય સ્વરૂપને આધેય કહ્યો. આહા..હા..! કેમકે એ વસ્તુ છે એ તો પરમાત્મસ્વરૂપ જ છે, પણ એ પરમાત્મસ્વરૂપ એના જ્ઞાનમાં આવે ત્યારે પરમાત્મસ્વરૂપ કહેવાયને એને. હેં! આહા..હા..! આવી વાતું છે, બાપુ! દુનિયા સાથે મેળ ખાય એવું નથી. પછી એય..! સોનગઢ એકાંત છે.. એકાંત છે. બાપુ! પણ આ શાસ્ત્ર શું કહે છે, ભાઈ? આ શાસ્ત્ર સોનગઢના છે? આહા..હા..!

હવે કહે છે કે '**એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી...**' એમ. સંબંધ પણ નથી

એટલે શું? ઓલા બે કીધાને? **'એક વસ્તુની બીજી વસ્તુ નથી,...'** એક વસ્તુના પ્રદેશ ભિન્ન છે, તેની સત્તા ભિન્ન છે તેથી આધારાધેયસંબંધ પણ નથી, એમ. આધારાધેય પણ નથી એમ. ઓલું નથી તેથી આ પણ નથી, એમ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં શું સમજે માણસ સાધારણ. આમાં કહે, દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, જાત્રા કરો સમ્મેદશિખરની. લ્યો! 'એકવાર વંદે જો કોઈ...' સમ્મેદશિખર ક્યો પણ? આ સમ્મેદશિખર. એ તો પર છે. આહા..હા..! અહીં તો સાક્ષાત્ ત્રણલોકના નાથ સમવસરણમાં બિરાજે, એના દર્શન અને એની ભક્તિ પણ શુભરાગ છે. એ રાગ અને આત્મા બે વસ્તુ તદ્દન ભિન્ન છે. આહા..હા..!

**શ્રોતા :–** ટોડરમલજી લખે છે, તત્ત્વવિચારવાળો સમ્યક્ત્વનો અધિકારી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ કહ્યું છેને. વ્રત પાળનારો નથી. તત્ત્વની વાસ્તવિક વસ્તુ, જ્ઞાન હોં એનું જ્ઞાન કરે એ અધિકારી. વ્રત, તપ કરે, લાખ કરોડ કરે તો અધિકારી નથી એનો. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. આહા..હા..!

**'તેથી (દરેક વસ્તુને) પોતાના સ્વરૂપમાં...'** જુઓ, આ બધું કહીને હવે કહે છે. **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ) જ આધારાધેયસંબંધ છે. '** આહા..હા..! પોતાનું સ્વરૂપ જે જાણનક્રિયા છે એને આધારે આત્મા જણાય છે, માટે એનો આત્મા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠમાન રહેલો છે. એ શુદ્ધ પરિણતિમાં આત્મા રહેલો છે, રાગમાં નહિ. આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ રાગ પણ હિંસા છે. અમૃતચંદ્રાચાર્ય છેને પુરુષાર્થસિદ્ધિ ઉપાય. તત્ત્વાર્થસાર છે એક એમનું કરેલું આખું પુસ્તક. તત્ત્વાર્થસાર છેને. એમાં પણ બહુ (લ્યે છે), એ આસ્રવ છે. એ પુણ્યનો અધિકાર એ બધો આસ્રવનો અધિકાર છે એમ લખ્યું છે ત્યાં ચોખ્ખુ. અને આ તત્ત્વાર્થસૂત્રમાં પણ લખ્યું છે અને પુરુષાર્થસિદ્ધિમાં પણ આમ છે. આ તત્ત્વાર્થસાર નામનું એક પુસ્તક છે. વ્યાખ્યાનમાં વંચાઈ ગયું છે. અમૃતચંદ્રાચાર્યનું. એ તત્ત્વાર્થસૂત્ર ઉપરથી આખું તત્ત્વાર્થસાર કર્યું છે. અને આ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે કે અપરાધ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ અપરાધ છે, ધર્મ નહિ, દોષ છે. આહા..હા..! તીર્થંકરગોત્ર બાંધે એ તો મોક્ષ જાય. બાંધે એને લઈને જાય છે? આહા..હા..! અરેરે..! એ તો બે ભવ વધી ગયા. તીર્થંકરગોત્ર બાંધ્યું એને તો સ્વર્ગમાં જાવું અને પૂર્વથી બંધાઈ ગયું હોય એને નરકમાં જાવું શ્રેણિકરાજાને અને પછી બીજે ભવે મોક્ષ જાય કદાચ. આહા..હા..! બે ભવ. આહા..હા..!

ભવ એ તો કલંક છે. અમૃતનો સાગર ભગવાન એને આ શરીરના ભવ કલંક છે, કલંક છે. આહા..હા..! માખણ પાસે કોલસાના ધુમાં ઊડે એ માખણને મેલ છે. આહા..હા..! એમ ભગવાન અમૃતનો સાગર પરમાત્મા.. આહા..હા..! એની પાસે આ રાગ ઊડે.. આહા..હા..! મેલ છે. અધિકાર શેઠ સારો આવ્યો છે બરાબર. આહા..હા..! બરાબર હાજરી છે શેઠની. અમારે હીરાભાઈ વળી તાકડે આવી ગયા. આહા..હા..! બાપુ! ભગવાન! આ માર્ગ છે, ભાઈ! એને તું અવ્યક્તપણે હા તો પાડ. એને ના ન પાડ. એકાંત છે એમ ન કહે. આહા..હા..! સમ્યક્ એકાંત છે. વ્યવહારથી નિશ્ચય થાય

ત્રણકાળ ત્રણલોકમાં નહિ. ચરણાનુયોગમાં આવે એવું (એ) નિમિત્તનું કથન છે. પ્રવચનસારમાં આવે છે છેલ્લું, છેલ્લું. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય એવો પાઠ છે. પ્રવચનસાર છેલ્લો. તેથી એ શબ્દ ધર્મદાસ ક્ષુલ્લકે સમ્યગ્જ્ઞાન દિપીકામાં લીધો નથી. કર્મકાંડથી જ્ઞાનકાંડ. પણ કહેવામાં કથનમાં વસ્તુ શું છે જ્ઞાન છે એમાં. નિમિત્ત હોય છે એટલું, પણ નિમિત્ત કર્તા છે (એમ નથી). એ ભાઈએ કહ્યું છેને હમણાં કૈલાસચંદજીએ કે સોનગઢવાળા નિમિત્તનો નિષેધ નથી કરતાં. નિમિત્ત છે, પણ કર્તા માનતા નથી. એ વસ્તુ સિદ્ધાંત છે. આહા..હા..! વ્યવહાર નિમિત્ત છે, પણ નિમિત્ત-વ્યવહાર કર્તા છે નિશ્ચયનો એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બે-ત્રણ આ ફેરી ઠીક લીધા છે. એક ક્રમબદ્ધનું સારું લીધું, એક આ લીધું કે નિમિત્તનો નિષેધ નથી કરતાં, નિમિત્તને કર્તા માનતા નથી. આહા..હા..! અને આ બીજામાં નાખ્યું છે પોતે. અત્યારના સાધુ બધા એને માટે આહાર કરેલો ભોજન લે છે. ઉદ્દેશિક આહાર છે બધાને. એને માટે બનાવ્યો ઉદ્દેશિક આહાર છે. તારું રહ્યું ક્યાં સાધુપણું વ્યવહારે પણ?

**શ્રોતા :-** ચા પીવી હોય તો એક કલાક પહેલાં કહી આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલાં કહી આવે એમ? એ તો ઓલા બિચારા... દિગંબર ન કહે. શ્વેતાંબરના સાધુઓ કહે કે આ કરજો... આ કરજો... આ કરજો. દિગંબરની શૈલીમાં એ નથી. પણ એનું કરેલું લીધું એ જ વસ્તુ જૂઠી છે તદ્દન. એના માટે બનાવેલા પાણી, આહાર, મોસંબી, કેરી તૈયાર કરે એના માટે, સાધુ માટે અને બોલે મન શુદ્ધ, વચન શુદ્ધ, કાયા શુદ્ધ, આહાર શુદ્ધ, તે જૂઠું છે. હવે જૂઠું બોલે અને ઓલો લે એનો અર્થ શું? જૂઠાનું અનુમોદન છે.

**શ્રોતા :-** કરવું શું હવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવું છે, બાપુ! એ તો બિચારો હમણા આવ્યું છેને. ભવ્યસાગર છે એક સાધુ દિગંબર. કર્ણાટકમાં ભવ્યસાગર. ૧૭-૧૮ વર્ષની દીક્ષા છે અને કવિ છે શીઘ્ર કવિ. એને આ અમારું વાંચીને... દસ કાગળ આવ્યા, દસ કાગળ. અરે..! મહારાજ! આ શું તમે કાઢ્યું આ? આ તો જગતના ઉદ્ધાર, લાખો માણસનો ઉદ્ધાર થાય. અમે સાધુ નથી, અમે મુનિ નથી, યતિ નથી એમ લખ્યું છે. દસ કાગળ આવ્યા છે. નગ્ન મુનિ ૧૮ વર્ષની દીક્ષા અને આસુ કવિ, શીઘ્ર કવિ. કવિતા બહુ આવી છે અહીં. બાપુ! એ મારગડા જુદાં, ભાઈ! એ વીતરાગ સર્વજ્ઞ કહે છે એ માર્ગ બાપા જુદો છે. આહા..હા..!

એ અહીં કહે છે, જુઓ! પ્રતિષ્ઠારૂપ રહેવાના આધારાધેયસંબંધ છે. એ શી રીતે પ્રતિષ્ઠા એની વ્યાખ્યા વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગસર સુદ-૧૨, શુક્રવાર, તા. ૩-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૧-૧૮૩, પ્રવચન નં. ૨૫૦

આ સમયસાર, સંવર અધિકાર. ભેદજ્ઞાન કઈ રીતે થાય છે? ભેદજ્ઞાન અર્થાત્ પરથી ભિન્ન અને સ્વભાવથી એકત્વ એવું સમ્યગ્દર્શન કઈ રીતે થાય છે એ વાત ચાલે છે.

**શ્રોતા :-** ભેદજ્ઞાનની શું જરૂર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરૂર ન હોય તો કાંઈ નહિ, એકત્વ માનીને રખડે. રાગાદિ પરિણામ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ રાગ છે, એનાથી આત્માની ભિન્ન ચીજ છે. જેણે આત્મકલ્યાણ કરવું હોય તો ભેદજ્ઞાન કરવું પડશે. આહા..હા..!

ફરીને લઈએ. કાલે તો ગુજરાતી ચાલ્યું હતુંને. આજે હિન્દી. ટીકા ૧૮૧, ૧૮૨, ૧૮૩ ગાથા એની ટીકા. સૂક્ષ્મ અધિકાર છે, ભાઈ! ધ્યાન રાખે તો સમજાય એવું છે. અત્યારે એ વાત ચાલતી નથી. શેઠ! 'ખરેખર...' છે ટીકા? '**ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' ૧૮૧, ૧૮૨, ૧૮૩. હિન્દી છે, હિન્દી કે ગુજરાતી? ઓહો..! એટલી બધી વાર કાઢતા! ટીકા-ટીકા. '**ખરેખર...**' યથાર્થ દૃષ્ટિથી જુઓ તો '**એક વસ્તુની બીજી વસ્તુ નથી (અર્થાત્...**' આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ વસ્તુ છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ આસ્રવ તત્ત્વ છે. એ આસ્રવ તત્ત્વ આત્માનું નથી અને આત્મા આસ્રવ તત્ત્વમાં નથી. આહા..હા..! છે? એ લેવું છે અહીંયા. '**ખરેખર એક વસ્તુની...**' પાઠ જ એટલો છે. એકલા સિદ્ધાંત છે. '**न खल्वेकस्य द्वितीयमस्ति**' આ સંસ્કૃત છે, સંસ્કૃત છે ઉપર. એમાં નહિ હોય. '**न खल्वेकस्य द्वितीयमस्ति**' આહા..હા..! '**खलु**' નામ વાસ્તવમાં એક વસ્તુની બીજી વસ્તુ નથી અર્થાત્ આત્મા ચૈતન્ય ચિદ્ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા અને રાગાદિ વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ રાગ આસ્રવ છે. એ આસ્રવ વસ્તુ આત્માની નહિ અને આત્મા આસ્રવમાં નથી. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! એણે કોઈ દિ' તત્ત્વ રુચિથી સાંભળ્યું નથી. આહા..હા..!

'**ખરેખર એક વસ્તુ...**' એટલે આત્મા એની '**બીજી વસ્તુ...**' એટલે આસ્રવ. આહા..હા..! પુણ્ય-પાપના ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસનાનો ભાવ એ પાપ અને દયા, દાન, ભક્તિ, વ્રત, તપના પરિણામ ભાવ એ પુણ્ય—બેય આસ્રવ છે. આહા..હા..! એક વસ્તુની બીજી વસ્તુ નથી. એક નામ ભગવાન આત્મા આનંદસ્વરૂપ આત્મા એની પુણ્ય-પાપની વસ્તુ એની નથી અને પુણ્ય-પાપની વસ્તુ આત્મામાં નથી. આહા..હા..! બહુ ઝીણું, ભાઈ! ભેદજ્ઞાનની ભાષા છે. જેણે સંવર કરવો હોય, સમ્યગ્દર્શન પ્રથમ ધર્મની સીઢી.. આહા..હા..! ધર્મનું પહેલું સોપાન, તો કહે છે કે '**એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ 'સિદ્ધ સમાન સદા

પદ મેરો' એવું સિદ્ધપદ એવું સ્વરૂપ પોતાનું એ પુણ્ય-પાપનો આત્મા થતો નથી અને પુણ્ય-પાપ આત્માના થતા નથી, આત્મા પુણ્ય-પાપનો થતો નથી. આહા..હા..! ઝીણી વાત બાપુ! વીતરાગમાર્ગ સર્વજ્ઞ પરમેશ્વર આવી ટીકા. આહા..હા..! ગજબ ટીકાના શબ્દો છે! આ તો ટીકાના શબ્દો વાંચીને લીટી કરી હતી. સંસ્કૃતમાં હોં!

'**(અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી)** ' આહા..હા..! આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ, સહજાત્મસ્વરૂપ એ પુણ્યના પરિણામ સાથે સંબંધ નથી રાખતી. કહો, દેવીલાલજી! આ તો જૈન સર્વજ્ઞ વીતરાગ,... દિગંબર સંત વીતરાગભાવની વાત કરે છે. આહા..હા..! ભગવાન આત્મા એ તો શુદ્ધાત્મસ્વરૂપ છે, સહજાત્મસ્વરૂપે પરમ આનંદ અને જ્ઞાનસ્વરૂપ એ પોતાની ચીજ આસ્રવ નામ દયા, દાન, વ્રત, તપના, જાત્રાના ભાવ જે શુભ એની એ ચીજ થતી નથી અને એ શુભભાવ આત્માનો થતો નથી અને આત્મા એની ચીજમાં નથી. આહા..હા..! એવું ભેદજ્ઞાન અંદર કરવું એનું નામ ધર્મની પહેલી સીઢી—સમ્યગ્દર્શન-ભેદજ્ઞાન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ? એમ કેમ કહ્યું? કે ભગવાન આત્મા આનંદસ્વરૂપ પ્રભુ 'ચેતનરૂપ અનુપ અમૂરત, સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે? બનારસીદાસ. 'ચેતનરૂપ અનુપ અમૂરત...' અનુપ—ઉપમા નહિ એવી ચીજ એ છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' હું તો સિદ્ધસ્વરૂપી આત્મા, એ આત્મા પુણ્ય અને દયા, દાનના ભાવમાં જાતો નથી. એ દયા, દાનના ભાવ એના થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ બહુ ઊંચી ટીકા છે. આ ગાથા બહુ ઊંચી છે! આહા..હા..!

**શ્રોતા :-** ભાગ્યવાનને સાંભળવા મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાગ્યવાન... વાત સાચી. આહા..હા..!

'**એક વસ્તુની...**' બે વસ્તુ. અહીંયાં શરીર, વાણી, મન પછી લેશે. અહીંયાં તો પહેલા ભગવાન આત્મા સચ્ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ, ચિત્સ્વરૂપ, ચૈતન્યપ્રકાશસ્વરૂપ એવા આત્માની, જે પુણ્ય-પાપના પરિણામ છે એ આત્માની ચીજ નથી, એ આસ્રવ છે. આસ્રવમાં આત્મા નથી અને આત્મામાં આસ્રવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** જાણનક્રિયા જેમાં આત્મા રહે છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પછી આવે છે, હજી હવે આવશે. અહીં તો હજી બે ચીજ ભિન્ન છે એટલી પહેલી વાત. સિદ્ધાંત પહેલા સિદ્ધ કર્યા પછી આવશે. હજી એ વાત આવી નથી. ગુજરાતીમાં પણ આવી નથી હજી. સમજાણું કાંઈ?

'**એક વસ્તુની બીજી વસ્તુ નથી...**' કારણ કે બીજી વસ્તુ સાથે પોતાની વસ્તુને કાંઈ સંબંધ નથી. આહા..હા..! પ્રભુ જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ ચૈતન્યસ્વરૂપપ્રકાશની મૂર્તિ પ્રભુ આત્મા, તેને વ્યવહારરત્નત્રયનો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો રાગ એ આસ્રવ છે, એ આત્માને એની સાથે કોઈ સંબંધ નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! એણે કોઈ દિ' સમ્યક્ ભેદજ્ઞાન કર્યું નથી અને ભેદજ્ઞાન કેમ થાય એ વાત યથાર્થ સાંભળી નથી. આહા..હા..!

સમજાણું કાંઈ? '**કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન...**' છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! ભગવંત સ્વરૂપ એનું એ ચૈતન્યસ્વરૂપ અને પુણ્યના પરિણામનું આસ્રવ સ્વરૂપ—બેના પ્રદેશ ભિન્ન છે. આહા..હા..! ભાવ ભિન્ન છે, વસ્તુ ભિન્ન છે, પ્રદેશ ભિન્ન છે. ઝીણી વાત, ભાઈ! જિનેન્દ્રદેવનો માર્ગ એમાં દિગંબર સંતોનો માર્ગ (બીજે) ક્યાંય છે નહિ. એમાં એને વાડામાં પણ આ વાત સાંભળવા મળે નહિ. એ તો આ કરો, વ્રત કરો, અપવાસ કરો ને આ કરો. પણ એવો ઉપદેશ છે કદી કે નિશ્ચય આત્માના સમ્યગ્દર્શનના અનુભવ વિના જેટલા વ્રત, તપ, ભક્તિ આદિ એ બધું નિરર્થક છે. જન્મ-મરણ ટાળવાની તાકાત એમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એ વાત અહીંયાં પહેલા કહે છે.

'**કારણ કે...**' એક વસ્તુની બીજી વસ્તુ નથી, કારણ કે એક વસ્તુને બીજી વસ્તુની સાથે કાંઈ સંબંધ નથી. કેમકે એકબીજામાં એક ચીજનો અભાવ છે. ભગવાન ચિદાનંદ આત્મામાં પુણ્ય પરિણામ, દયા, દાન, ભક્તિ, વ્રતના પરિણામનો અભાવ છે અને વ્રતના પરિણામમાં આત્માનો અભાવ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ગુણસ્મરણ એ બધો ભાવ રાગ છે. રાગ અને ભગવાન આત્મા બેને કાંઈ સંબંધ નથી. કેમકે બેય ભિન્ન-ભિન્ન ચીજ છે. આહા..હા..! નવ તત્ત્વ છે કે નહિ? તો આસ્રવતત્ત્વ અને જીવતત્ત્વ ભિન્ન-ભિન્ન છે. આહા..હા..! '**કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન...**' છે. એ બેયના ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! ઝીણી વાત બહુ.

ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી ચીજ, એમાં જેટલી નિર્મળતાનો ધ્રુવભાવ ( છે) એનું ક્ષેત્ર ભિન્ન અને મલિનતાના આસ્રવના પરિણામ એના પ્રદેશ—ક્ષેત્ર ભિન્ન. આહા..હા..! આ ક્યાં વાત! હજી આ શરીર ને વાણી ને આત્માનું ક્ષેત્ર તો ભિન્ન. આ શરીર, વાણી, મન અહીં જડ છે, કર્મ (જડ છે) એનું ક્ષેત્ર તો ભિન્ન છે, એ તો પરદ્રવ્ય છે... આહા..હા..! પણ પોતામાં ઉત્પન્ન થયેલો વિકાર, શુભ-અશુભ પરિણામ આસ્રવ એનું ક્ષેત્ર પણ ભિન્ન છે. સમજાણું કાંઈ?

'**કારણ કે બન્નેના...**' બન્ને નામ આસ્રવ અને આત્મામાં પ્રદેશ ભિન્નતા છે. આહા..હા..! '**તેમને એક સત્તાની અનુપપત્તિ છે...**' આ કારણે આત્મા અને પુણ્ય-પાપના આસ્રવભાવ બેની સત્તા એક નથી, બેનું હોવાપણું એક નથી. આહા..હા..! ભારે ઝીણું, બાપુ! હવે આમાં હિન્દીમાં સમજવું કઠણ તો ગુજરાતી... પછી આવ્યા માણસ સવારે. .. કહે કે હિન્દી કરો ભાઈ! પાછળ પાછળ આવ્યા. આ તો જાત્રામાં નીકળ્યા છેને. સમજવાની ચીજ ક્યાં મુખ્ય છે એમાં?

**શ્રોતા :-** સમજવાની ફુરસદ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ફુરસદ નથી. આહા..હા..! અહીં તો સત્ય શું છે (એ) સર્વજ્ઞ પરમેશ્વર, દિગંબર સંતો અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય (ફરમાવે છે). કુંદકુંદાચાર્ય તો ભગવાન પાસે ગયા હતા. સીમંધર ભગવાન બિરાજે છે, અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. ત્યાં સંવત્ ૪૯ બે હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ, સંત, મોરપીછી, કમંડળ અને આત્માના આનંદનો પ્રચુર અનુભવ (હતો), એ ગયા હતા ભગવાન પાસે. ભગવાન બિરાજે છે અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન વીસ તીર્થંકરમાં પહેલા તીર્થંકર, જેમનું કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષ બે હજાર હાથ ઊંચું છે.

મહાવિદેહમાં બિરાજે છે ત્યાં ગયા હતા, આઠ દિન રહ્યા હતા. ત્યાંથી આવીને આ બનાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! સંપ્રદાયમાં જન્મ્યા પણ શું ચીજ છે એની ખબર નથી. અને ધર્મ કરીએ છીએ ધર્મ. ધૂળેય ધર્મ નથી. અરેરે..!

કહે છે, '**બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે...**' બેનું હોવાપણું એકરૂપે છે એમ નથી. આહા..હા..! બેની સત્તા જ ભિન્ન-ભિન્ન છે. ભગવાન આત્માની સત્તા ભિન્ન છે અને દયા, દાન, વ્રત, તપ, જાત્રાનો વિકલ્પ શુભ છે એની સત્તા ભિન્ન છે. આહા..હા..! પ્રદેશ ભિન્ન છે, એકની બીજી (ચીજ) નથી, એકબીજાને સંબંધ નથી, પ્રદેશ ભિન્ન છે તેથી બેની સત્તા એક નથી. આહા..હા..! આવા તો સિદ્ધાંત. આહા..હા..! ભરતક્ષેત્રમાં આવી ટીકા છે નહિ. દિગંબર, એમાં પણ આ સમયસારની આ ટીકા દિગંબર શાસ્ત્રોમાં પણ આવી ટીકા બીજા શાસ્ત્રમાં નથી. ઓહોહો..! સમજાણું કાંઈ? જેટલો ભાવ જાત્રાનો, દયાનો, વ્રતનો, તપનો ભાવ એ બધો શુભરાગ આસ્રવ છે, એ બંધનું કારણ છે, એ આત્માની ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**(અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે);...**' આપણે તો કાલે ગુજરાતીમાં આવી ગયું છે. આ તો હિન્દીમાં ચાલે છે. આહા..હા..! '**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી..**' જ્યારે ભગવાન આત્મા ચિદ્દઘન ચૈતન્ય અનંત પ્રકાશનો પુંજ પ્રભુ અને દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, જાત્રાના પરિણામ શુભરાગ બેની ચીજ એક નથી. આહા..હા..! ત્યારે એમાં પરસ્પર આધારાધેયસંબંધ પણ નથી. આહા..હા..! એ દયા, દાન, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રનો જાણપણાનો વિકલ્પ એની સત્તા ભિન્ન છે અને ભગવાન ચિદાનંદ આત્માની સત્તા ભિન્ન છે. અરે..! આવી વાત ક્યાં? હજી શરીર ભિન્ન કહો, કર્મ ભિન્ન કહો, સ્ત્રી, કુટુંબનો આત્મા અને એનો દેહ ભિન્ન કહો. અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો નાથ! તારી ચીજ શું છે તને ખબર નથી. આહા..હા..! તારી ચીજમાં તો આનંદ ભર્યો છે, અતીન્દ્રિય આનંદ છે. એ આનંદની વસ્તુ, આસ્રવ પરિણામ એ દુઃખરૂપ છે. આહા..હા..!

ભગવાન આત્મા તો ચિદ્રૂપોહમ, આનંદરૂપોહમ. એ આનંદરૂપની ચીજમાં આસ્રવના જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામના શુભભાવ એ દુઃખરૂપ છે. આનંદની એ દુઃખરૂપ વસ્તુ નથી અને દુઃખરૂપ વસ્તુ આનંદની નથી. આહા..હા..! આવી વાત કોઈ દિ' સાંભળવા ન મળે. એને લાગે કે આ નિશ્ચય છે. નિશ્ચય નામ સત્ય જ આ છે, સત્ય આ છે. આહા..હા..! કદી કલ્યાણનો પંથ શું છે એણે સાંભળ્યો નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** નિશ્ચયનો અર્થ સત્ય થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્ય. નિશ્ચય નામ સત્ય, નિશ્ચય નામ યથાર્થ, નિશ્ચય નામ વાસ્તવિક, નિશ્ચય નામ ઉપચાર વિનાની યથાર્થ વસ્તુ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને...**' ભાષા છે. એ રાગના પરિણામના આધારે આત્મા જણાય અને આત્માના આધારે રાગ ઉત્પન્ન થાય એવો

આધારાધેયસંબંધ નથી. ઝીણી વાત છે, પ્રભુ! આ તો ભેદજ્ઞાનની વાત છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, એ સંદેશો આ લાવ્યા છે. ભગવાન એમ કહે છે કે આત્માનો રાગ નહિ અને રાગનો આત્મા નહિ. આહા..હા..! એ સંદેશો લાવ્યા, એ સંદેશો લાવ્યા. આહા..હા..! લ્યો અત્યારે આવ્યા? બપોરે? ઠીક. ભાઈ આવ્યા છે હીરાલાલજી. આ કાલનું હતું સાંભળવાનું. આહા..હા..!

પ્રભુ! તારી વાત તો સાંભળ એકવાર. તારી ચીજ તો આનંદ અતીન્દ્રિય આનંદનો ભંડાર, સુખનો ભંડાર છે અને રાગ છે એ દુઃખનો ભંડાર છે. આહા..હા..! અરેરે..! વ્રત, તપ, ભક્તિ, પૂજાનો ભાવ એ દુઃખરૂપ છે. કેમકે એ રાગ છે, એ આસ્રવ છે, એ વિભાવ છે, એ વિકાર છે. આહા..હા..! વસ્તુ આ છે. પણ અંદર શું છે? આ અમારું છે આ પુસ્તક? કુંદકુંદાચાર્ય ગાથામાં કહે છે એ અમૃતચંદ્રાચાર્ય ટીકામાં છે એનું આ સ્પષ્ટીકરણ છે. એ હજી આવશે હળવે હળવે. અહીં તો પહેલેથી કહે છે. અહીંયાં તો છેલ્લે ત્યાં સુધી લેશે કે ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ અજ્ઞાન છે. અજ્ઞાન અર્થાત્ એમાં જ્ઞાન નથી. એ રાગ છે એ પોતાને જાણતો નથી અને રાગ પરને જાણતો નથી, રાગ પરથી જણાય છે. તેથી એ રાગ છે તે અચેતન અને જડ છે... આહા..હા..! અજ્ઞાન છે. છેલ્લે લેશે. જ્ઞાન અને અજ્ઞાન બે ભિન્ન ચીજ. છે? છેલ્લા શબ્દો છે. '**આ રીતે જ્ઞાન અને અજ્ઞાનને (ક્રોધાદિકને) આધારાધેયપણું નથી.**' આહા..હા..!

માર્ગ બાપા! માર્ગ એવો છે. એણે અનંતકાળમાં કર્યો નથી. વાસ્તવિક રુચિએ સાંભળ્યો નથી. સાંભળી નથી આ વાત. આમ કરો.. આમ કરો.. આમ કરો. ભગવાનની ભક્તિ કરો, પૂજા કરો, મંદિર બનાવો અને જાત્રા કાઢો તો એનાથી ધર્મ થશે. અહીં કહે છે કે ત્રણકાળમાં એનાથી ધર્મ નથી. એ તો શુભરાગ છે. આહા..હા..! અને શુભરાગ એ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે મિથ્યાત્વ નહિ. અજ્ઞાન નામ જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ રાગમાં છે નહિ. આહા..હા..! અને રાગ એ જ્ઞાનસ્વરૂપમાં નથી. અજ્ઞાન એ જ્ઞાનમાં નથી અને જ્ઞાન એ અજ્ઞાનમાં નથી. આહા..હા..! સામે પુસ્તક પડ્યું છે કે નહિ? એમાં અક્ષરનો શું અર્થ થાય છે. આ તો હજાર વર્ષ પહેલાંની ટીકા છે અને બે હજાર વર્ષ પહેલાંનો શ્લોક છે કુંદકુંદાચાર્યનો. શેઠ! સોનગઢનું છે? શેઠ કહે ઠીક છે. એનો અનુવાદ સમજાવાય છે. આહા..હા..! અરેરે..! એ કદી ભેદજ્ઞાન સમજ્યો નથી અને એ વિના ચાર ગતિમાં રખડવું કદી મટતું નથી. રખડ-રખડ પરિભ્રમણ કરતાં-કરતાં... આહા..હા..!

અહીંયાં કહે છે... આહા..હા..! '**અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ...**' વસ્તુ આ બે હોં! આસ્રવ અને આત્મા બે વસ્તુ. નવ તત્ત્વમાં તત્ત્વ ભિન્ન છેને? આસ્રવ ભિન્ન છે, જીવ ભિન્ન છે. આહા..હા..! તો આસ્રવની જે દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો ભાવ એમાં આત્મા નહિ અને એને આધારે આત્મા જણાતો નથી. આહા..હા..! આવી વાત, બાપુ! ઝીણી વાતું, ભાઈ! સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવે કથન દિવ્યધ્વનિમાં કહ્યું એ કુંદકુંદાચાર્ય ત્યાં જઈને લાવ્યા એ આ સંદેશ આપે છે, ભગવાન આમ કહે છે. આહા..હા..! ત્રિલોકનાથ જિનવરદેવ એમ કહે છે કે આસ્રવની ચીજથી આત્માને લાભ થતો નથી ત્રણકાળમાં. કેમકે એ બીજી ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહ્યું? જુઓ.

'**એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને...**' રાગ આસ્રવ છે અને આત્મા નિરાસ્રવી આનંદકંદ છે તો '**એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.**' કે વ્યવહારરત્નત્રયથી આત્મા જણાય અને વ્યવહારરત્નત્રયનો આત્મા હોય એવું કદી બનતું નથી. આહા..હા..! આવી વાતું. કહો, પંડિતજી! છે એમાં? જુઓ, '**तदसत्त्वे च तेन सहाधाराधेय-सम्बन्धोऽपि नास्त्येव**' સંસ્કૃત છે. આહા..! ગજબ ટીકા છે! દિગંબર સંતોએ તો જગતને (ન્યાલ કરી દીધા છે). કેવળજ્ઞાનીના કેડાયતો... આહા..હા..! કેવળજ્ઞાનના ધુરંધર, માર્ગ સિદ્ધ કર્યો છે. એવી ચીજ ક્યાંય છે નહિ. એના સંપ્રદાયને ખબર નથી તો બીજામાં ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઊંચી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંચી વાત. શેઠ કહે છે કે ઊંચી ચીજ છે એટલે સત્ય છે. ઊંચીનો અર્થ સત્ય છે. વળી કોઈ નીચી ચીજ છે અને આ ઊંચી છે એમ નથી. ધર્મની મૂળ ચીજ જ આ છે. આહા..હા..! દુનિયા માનો, ન માનો અજ્ઞાની. સમજાણું કાંઈ? આજે છોકરા નથી આવ્યા, નહિ? બોર્ડિંગના. આજે રજા છે, રજા છે. .. ચાલતી નથી. ચાર દિવસ. ક્યાં ગયા?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઠીક! આહા..હા..!

શું કહે છે? કે '**ત્યારે (દરેક વસ્તુને) પોતામાં...**' પોતામાં નામ રાગના પરિણામમાં અને ભગવાન આત્મામાં '**એક સાથે બીજીને આધારાધેયસંબંધ નથી જ.**' કે રાગને આધારે આત્મા જણાય અને આત્મા રાગમાં આવી જાય એવો આધારાધેય નથી. અથવા રાગને આધારે આત્મા જણાય અને જ્ઞાનની પર્યાયથી રાગની ઉત્પત્તિ થાય (એમ આધારાધેયસંબંધ નથી). આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! ધર્મ કોઈ સાધારણ વાત નથી. ધર્મ તો કોઈ અલૌકિક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ખ્યાલ નથી શું કરે? છોકરા બીજા છે? ગામના લાગે છે આવ્યા છે.

'**બીજી વસ્તુ નહિ હોવાથી એક સાથે બીજીને...** ' જુઓ, પરસ્પર. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ, જાત્રાનો ભાવ અને આત્માનો ભાવ (બેયને) પરસ્પર આધારાધેયસંબંધ નથી કે રાગને આધારે આત્મા જણાય અને જાણવાની પર્યાયના આધારે રાગ ઉત્પન્ન થાય એમ નથી. આહા..હા..! કેમકે રાગ જે ઉત્પન્ન થાય છે એ પરના લક્ષે ઉત્પન્ન થાય છે અને જ્ઞાનની પરિણતિ જે ઉત્પન્ન થાય છે ધર્મની એ સ્વલક્ષે ઉત્પન્ન થાય છે. બેની દીશાફેરે દશા ફેર છે. આહા..હા..! શુભરાગની દશા પર તરફની દિશાથી રાગ ઉત્પન્ન થાય છે અને ધર્મની નિર્મળ પરિણતિ પોતાના સ્વના આશ્રયે દશા, દશાની દિશા સ્વ છે. આહા..હા..! અરે..! આવી વાતું અને આવા ધર્મની વાતું, બાપુ! માર્ગ એવા છે, ભાઈ! એણે સાંભળ્યું નથી. કદી કર્યું તો નથી, પણ સાંભળ્યું પણ નથી યથાર્થપણે. આહા..હા..! એમ ને એમ જિંદગી ચાલી જાય, અવતાર એળે ચાલ્યા જાય અને મરીને જાય ઢોર ને તિર્યંચ ને પશુ ને... સમજાણું કાંઈ? કદાચિત્ પુણ્યભાવ હોય તો સ્વર્ગમાં જાય, પણ મિથ્યાત્વસહિત જાય. આહા..હા..!

અહીંયાં કહે છે કે પોતામાં '**એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહિ હોવાથી...**' તેમનામાં. તેમનામાં અર્થાત્ જે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ જે શુભરાગ છે એમાં અને ભગવાન જ્ઞાયકસ્વરૂપ એમાં '**પરસ્પર આધારાધેયસંબંધ પણ નથી જ.** ' કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય પરિણતિ ઉત્પન્ન થાય અને નિશ્ચય પરિણતિને આધારે વ્યવહારરત્નત્રય ઉત્પન્ન થાય એમ છે નહિ. આહા..હા..! આકરી વાતું, બાપુ! આ તો પરમસત્ય છે. પરમસત્ય સિદ્ધાંત સર્વજ્ઞનો. આહા..હા..! અરે..! દિગંબર સંતો સિવાય આ વાત ક્યાંય છે નહિ. સમજાણું કાંઈ? એના સંપ્રદાયમાં જન્મ્યા એને ખબરું ન મળે તો બીજે તો છે ક્યાં? આ વાડામાં પડ્યા. આ કરો.. આ કરો.. દેવદર્શન કરો, પૂજા કરો, વ્રત પાળો, અપવાસ કરો, જાત્રા કરો. થઈ રહ્યું લ્યો ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સાંભળ તો ખરો.

અજ્ઞાનીએ શુભોપયોગને (ધર્મ) માન્યો છે. શુભોપયોગ એ ધર્મ છે જ નહિ. શુભોપયોગને તો આસ્રવ કહ્યો અહીંયાં અને આત્માની ચીજથી ભિન્ન ચીજ કહી અને ભિન્ન ચીજને કારણે બેની સત્તા ભિન્ન કહી અને ભિન્ન સત્તાને કારણે એકબીજાનો આધાર છે નહિ, એમ તો કહ્યું. આહા..હા..! આવું સ્પષ્ટીકરણ. મૂળ શ્લોક કુંદકુંદાચાર્યનો છે. વચ્ચે કુંદકુંદાચાર્ય બિરાજે છેને, એમનો મૂળ શ્લોક છે અને આ ટીકા અમૃતચંદ્રાચાર્ય એ બાજુ. એ બાજુ અમૃતચંદ્રાચાર્ય બિરાજે છે એમની આ ટીકા છે. દિગંબર સંતોની વાણી છે આ તો. આહા..હા..! અરેરે..!

કહે છે '**પરસ્પર આધારાધેયસંબંધ પણ નથી જ.**' સત્તા ભિન્ન છે તેથી એકબીજાને આધારાધેય સંબંધ પણ નથી જ. આહા..હા..! સમજાણું કાંઈ? ભેદજ્ઞાન કરાવે છે, ભાઈ! રાગની ક્રિયા જે છે શુભની એ તો આસ્રવ છે, વિભાવ છે, ભગવાન જ્ઞાનસ્વભાવી ચૈતન્યબિંબ છે. બેનો એકબીજામાં પરસ્પર આધારાધેયસંબંધ નથી કે રાગ આધાર અને આત્મા આધેય એમ નથી. આત્મા આધાર અને રાગ આધેય એમ નથી. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત છે, ભગવાન! હજી તો આ સમ્યગ્દર્શનની વાત છે. ચારિત્ર તો કોને કહેવું એ તો વાત અલૌકિક છે. આહા..હા..! સમ્યગ્દર્શન અનુભવ વિના ચારિત્ર કદી ત્રણકાળમાં થતું નથી. સમ્યક્ આત્મા ચીજ શું છે રાગથી ભિન્ન એવું ભેદજ્ઞાન થયા વિના ચારિત્ર કદી ત્રણકાળમાં થતું નથી. એ અજ્ઞાની વ્રત અને તપ કરે એ બધા બાળતપ અને બાળવ્રત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ખરેખર તો આ સમજવું એ ખરેખર તો જાત્રા છે. આહા..હા..! અહીં તો એ કહે છે ભગવાન જુઓ!

'**તેથી...**' અહીં સુધી આવ્યું હતું કાલે. '**(દરેક વસ્તુની)...**' અર્થાત્ એ આસ્રવ તત્ત્વ જે દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ આત્માનો એ વસ્તુ અને ભગવાન જ્ઞાયક વસ્તુ. '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ જ આધારાધેયસંબંધ છે.**' શું કહે છે? ભગવાન આત્મા પોતાની જાણનક્રિયાના આધારે આત્મા છે અને રાગ રાગને આધારે રાગ છે. આહા..હા..! પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ. જાણનસ્વરૂપ જે ભગવાન આત્મા છે, ત્રિકાળી તો જ્ઞાનસ્વરૂપ છે, પણ એની વર્તમાન પર્યાયમાં એ તરફના લક્ષે જાણનપર્યાય, સમ્યગ્દર્શન-જ્ઞાન થયું એ પર્યાયમાં આત્મા જણાય છે. તેથી પર્યાય આધાર છે અને

આત્મા આધેય છે. આવી વાત છે. અરે..રે..! શું થાય? અનંતકાળથી રખડે છે.

સમ્યગ્દર્શન વિના 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો' એ છ ઢાળામાં નથી આવતું? છ ઢાળા પાઠશાળામાં આવે છે. 'મુનિવ્રત ધાર...' પંચમહાવ્રત લીધા, નગ્ન થયો, હજારો રાણી છોડી દીધી, અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. તો અઠ્યાવીશ મૂળગુણ તો આસ્રવ છે, રાગ છે. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! તો પંચમહાવ્રતના પરિણામ, દયા, દાન, વ્રતના પરિણામ એ બધો આસ્રવ છે, એ દુઃખ છે. મુનિવ્રત પાળ્યા પણ સુખ ન મળ્યું. કેમકે સુખ તો આત્મજ્ઞાનમાં છે. આહા..હા..! આત્મજ્ઞાન કર્યું નહિ, રાગની ક્રિયા એકલી કરી. આહા..હા..! મુનિવ્રત પાળીને અંતિમ ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' અનંતવાર એવી દિગંબર નગ્નદશા અને અઠ્યાવીશ મૂળગુણ પાળ્યા. પંચમહાવ્રત પાળ્યા અનંતવાર, એ તો આસ્રવ છે. આહા..હા..! એ તો આત્મતત્ત્વથી ભિન્ન ચીજ છે. આત્માનો આધાર અને આસ્રવનો આધાર ભિન્ન છે. આસ્રવનો પરલક્ષ આધાર છે અને આત્માનો આધાર નિર્મળ પરિણતિ છે. આહા..હા..! ભારે વાતું. આવો ઉપદેશ જૈનદર્શનનો હશે? જૈનદર્શનમાં તો ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત પાળવા, અપવાસ કરવા. લ્યો! અરે..! ભગવાન સાંભળ તો ખરો, પ્રભુ! તને ખબર નથી. એવી ક્રિયાકાંડો રાગની પરિણતિની તો અંનતવાર કરી, પણ રાગથી ભગવાન ભિન્ન છે એનું જ્ઞાન કદી કર્યું નથી. આહા..હા..! અને એ જ્ઞાન કર્યા વિના સમ્યગ્દર્શન થતું નથી અને સમ્યગ્દર્શન વિના એને જ્ઞાન અને ચારિત્ર કદી થતું નથી.

**શ્રોતા :–** આ ક્યાંથી કાઢ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ક્યાંથી કાઢ્યું? વસ્તુ છે કે નહિ? કાલે તો ચાલતું હતું. આજ તો હિન્દીમાં પાછું ચાલ્યું આજે. રેકર્ડ ઉતરે છેને રેકોર્ડિંગ, તો હિન્દીમાં ઉતરે છે આજે. કાલે ગુજરાતીમાં હતું. આહા..હા..! એવા રેકોર્ડિંગ ઘણા થઈ ગયા છે. દસ હજાર, અગિયાર હજાર. નહિ? પંદર હજાર કેટલા? પંદર હજાર? પંદર હજાર રેકોર્ડિંગ થઈ ગયા. સાત હજાર તો અહીં છે. આફ્રિકામાં ગયું છે રેકોર્ડિંગ, પણ તત્ત્વ એની મેળાએ સમજવું મુશ્કેલ છે. પ્રત્યક્ષ સમાગમ વિના આ વાત સમજાતી નથી. આહા..હા..!

શું કહે છે? **'એક સાથે બીજીને આધારાધેયસંબંધ પણ નથી જ.'** રાગ આસ્રવ તત્ત્વ છે, ભગવાન જ્ઞાયકતત્ત્વ—બેમાં એકબીજાને આધારાધેય, રાગને આધારે આત્મા જણાય અને આત્માની શુદ્ધ પરિણતિને આધારે રાગ થાય એવો આધારાધેયસંબંધ નથી. આહા..હા..! સમ્યગ્દર્શન અને ભેદજ્ઞાનની પરિણતિનું લક્ષ દ્રવ્ય ઉપર છે અને રાગનું લક્ષ પરદ્રવ્ય ઉપર છે, ચાહે તો તીર્થંકર હો અને સમવસરણ હો. સમવસરણમાં અનંતવાર ગયો. સાક્ષાત્ ભગવાન તીર્થંકરની પૂજા અનંતવાર કરી. સમજાણું કાંઈ? આમાં પરમાત્મપ્રકાશમાં છે, ભવે ભવે પૂજીયો. સમવસરણમાં જઈને ભગવાનની પૂજા અનંતવાર કરી, મણિરત્નના દિવા, હીરાના થાળ અને કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ, જય ભગવાન, પણ એ તો શુભભાવ છે. સમજાણું કાંઈ? એ તો આસ્રવ છે. ઝીણી વાત ભગવાન! છે

અંદર જુઓને. આસ્રવ અને આત્માની વચ્ચેની વાત, ભેદજ્ઞાન કરાવે છે. આહા..હા..!

**'પોતાના સ્વરૂપમાં...'** આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં પરિણમનમાં પ્રતિષ્ઠા પામે છે. રાગ રાગને આધારે પ્રતિષ્ઠા પામે છે. આહા..હા..! આવી વાત સાંભળવામાં મુશ્કેલ પડે અને એકદમ (ચારિત્ર). સમ્યગ્દર્શન શું છે એની ખબર નહિ અને લઈ લ્યો પડીમા, લઈ લ્યો વ્રત. ધૂળમાંય વ્રત અને પડિમા છે નહિ. હજી સમ્યગ્દર્શન શું ચીજ છે (એની ખબર નથી). આહા..હા..! રાગના આસ્રવથી ભિન્ન પડીને પોતાના આનંદનો અનુભવ થવો, અતીન્દ્રિય આનંદનો અનુભવ, સ્વાદ આવવો એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! એમ કહે છેને જુઓ! **'પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠારૂપ (દઢપણે રહેવારૂપ)...'** આત્મા પોતાની જાણન પરિણતિમાં રહે છે. રાગ પરલક્ષમાં રાગ રહે છે. આહા..હા..! ચાહે તો વ્રતના પરિણામ હો, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના પરિણામ હો, પણ એ પરલક્ષીભાવ બધો આસ્રવ છે. આહા..હા..!

આધારાધેયસંબંધ છે. **'પ્રતિષ્ઠારૂપ આધારાધેયસંબંધ છે.'** એકબીજામાં પ્રતિષ્ઠારૂપ આધારાધેય નહિ, પોતાના સ્વરૂપમાં છે. રાગ રાગના સ્વરૂપમાં પ્રતિષ્ઠા છે એની અને આત્મા પોતાની જાણનક્રિયા-સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિની ક્રિયામાં પ્રતિષ્ઠા છે એની. આહા..હા..! રાગમાં આત્માની શોભા નથી અને પોતાની પરિણતિમાં રાગની શોભા નથી. સમ્યગ્દર્શનની પરિણતિ આનંદનો સ્વાદ જેમાં છે... આહા..હા..! એમાં રાગની શોભા નથી. રાગ દુઃખ છે. અને રાગની શોભામાં આત્માના આનંદની શોભા નથી. આહા..હા..! હવે આવો ઉપદેશ કઈ જાતનો? માર્ગ પ્રભુનો આ છે. ભાઈ! તેં સાંભળ્યો નથી. આહા..હા..!

વીતરાગ ત્રિલોકનાથ જિનવરદેવ સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં. સમજાણું કાંઈ? એ દિવ્યધ્વનિનો સાર છે આ. દિવ્યધ્વનિમાં આવી હતી એ વાત કુંદકુંદાચાર્ય સંદેશ લઈને આવ્યા. આહા..હા..! આચાર્ય તો અનુભવી હતા, આનંદના સ્વાદ લેનારા હતા. મુનિ હોય છે એને પ્રચુર આનંદનો સ્વાદ હોય છે. સમજાણું કાંઈ? મુનિ જે સાચા હોય છે એને તો આસ્રવ તો દુઃખરૂપ છે. એનાથી ભિન્ન કરીને આત્માના અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન આવે છે. એ પાંચમી ગાથામાં છે. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય કહે છે કે હું મારા નિજવૈભવથી શાસ્ત્ર કહીશ. મારો નિજવૈભવ શું છે? આ ધૂળના વૈભવ નહિ માટીના, પૈસા બૈસા લાખ, બે લાખ, પાંચ કરોડ, દસ કરોડ, ધૂળ. એય..! શેઠ! એ વૈભવ મારો નથી, એ તો જડનો, ધૂળનો છે. શરીર મારું નથી અને રાગ, દયા, દાન, આ લખવાનો વિકલ્પ ઉઠે એ પણ મારો વૈભવ નથી. મારો વૈભવ તો અતીન્દ્રિય આનંદનું વેદન છે. આહા..હા..! મુનિપણામાં સાચા સંતને તો અતીન્દ્રિય આનંદનો ઉગ્ર સ્વાદ આવે છે. એ કહે છે કે મારા અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આનંદની મહોરછાપ છે અમારા અનુભવમાં. પાંચમી ગાથામાં પાઠ છે. મહોરછાપ મારે છેને? પોસ્ટ-પોસ્ટ. પોસ્ટ નહિ? શું કહેવાય પોસ્ટમાં નાખે છેને? આમ મારે, સીલ મારેને.

એમ અહીંયાં કહે છે કે અનુભવ પોતાના આનંદના અનુભવની મહોરછાપ શું? મુનિના આનંદના

અનુભવની મહોરછાપ શું? આનંદની છાપ છે ત્યાં. આહા..હા..! આનંદનું ઝરણું વહે છે અંદરમાં. આહા..હા..! એનું નામ મુનિપણું છે અને એનું નામ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન કહેવામાં આવે છે. આહા..હા..! કહ્યુંને પાંચમી ગાથામાં? કુંદકુંદાચાર્ય કહે છે કે અમને ઉપદેશ ક્યાંથી મળ્યો? કે સર્વજ્ઞ પરમાત્મા નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, પછી ગણધરે સાંભળ્યું એ પણ નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા, પછી અમારા ગુરુપર્યંત નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન પુણ્ય-પાપના આસ્રવથી રહિત એવા નિર્મળ વિજ્ઞાનઘનમાં નિમગ્ન હતા એવા આચાર્યોએ અમને ઉપદેશ દીધો એમ કહ્યું. આહા..હા..! એ પંચમહાવ્રત પાળતા હતા અને નગ્ન થયા એમ નથી કહ્યું એમાં. એ ક્યાં મુનિપણું છે? આહા..હા..! સમજાણું કાંઈ? પાંચમી ગાથામાં છે.

એ અહીં કહે છે કે મારા આનંદની પરિણતિમાં મારો આધાર છે અને રાગનો આધાર પરલક્ષ છે. સમજાણું કાંઈ? આહા..હા..! દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છેને એ વિકલ્પની દશા પર ઉપર છે, પરનું લક્ષ છે અને દશા વિકારી છે અને ધર્મની દશા નિર્વિકારી છે અને એનું લક્ષ દ્રવ્ય ઉપર છે. દ્રવ્યની દિશાથી દશામાં આનંદની દશા ઉત્પન્ન થાય છે. પરના લક્ષે તો આસ્રવનું દુઃખ ઉત્પન્ન થાય છે. આહા..હા..! ભારે વાતું ભાઈ આવી. આ વીતરાગ આમ કહેતા હશે? આ શું કહે છે? '**પોતાના સ્વરૂપમાં...**' એટલે આત્મા જ્ઞાનસ્વરૂપનું પરિણમન, રાગથી ભિન્ન સ્વરૂપમાં પ્રતિષ્ઠા અને રાગનો આધાર પરનું લક્ષ છે, પોતાના આધારમાં રાગ નહિ અને રાગના આધારમાં પોતાની પરિણતિ નહિ. આહા..હા..! ભાષાએ-ભાષાએ ફેર, ભાવે-ભાવે ફેર. આહા..હા..!

'**તેથી...**' હવે આ નવું આવ્યું. કાલે નથી આવ્યું. આ તો થોડું હિન્દી. કાલે ગુજરાતી થયું હતુંને. આ હિન્દી થયું. આખું ઉતરી જાય એમાં પાછું. કોઈ વખતે હિન્દી આવે ને વાંચો તો. '**તેથી...**' આ કારણે '**જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' શું કહે છે? આહા..હા..! જ્ઞાન નામ આત્મા, જ્ઞાન શબ્દે ભગવાન આત્મા '**કે જે જાણનક્રિયા...**' વર્તમાન જાણવાની ક્રિયા, સમ્યગ્દર્શનની ક્રિયા, વીતરાગી પરિણતિની ક્રિયા એ '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે...**' આહા..હા..! રાગથી ભિન્ન થઈને સ્વને લક્ષે વીતરાગીદશા આનંદની થઈ, અતીન્દ્રિય આનંદની વીતરાગી દશા થઈ એ પ્રતિષ્ઠા એમાં આત્મા છે. એમાં આત્મા જણાયો તો જાણનક્રિયાના આધારે આત્મા છે. જાણનક્રિયા આધાર છે અને આત્મા આધેય છે. આહા..હા..!

એમાં શું કહેવું છે? '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' શું કહે છે? જે વ્રતાદિના પરિણામ છે એ તો ભિન્ન છે, આસ્રવ છે, પણ જે રાગથી ભિન્ન થઈને પોતાના સ્વરૂપમાં આનંદની પરિણતિ જે થઈ એ જ્ઞાનની પરિણતિ થઈ એ જ્ઞાન નામ આત્માથી અભિન્ન છે. એ આત્માથી જ્ઞાનની પરિણતિ અભિન્ન છે, રાગની પરિણતિ ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..! ધન્નાલાલજી! કોનો આધાર કહ્યો? આત્માનો આધાર નહિ. આ આત્મા છે એમ જે જણાયું, સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદની પરિણતિમાં જાણવામાં આવ્યું. તો જેમાં જાણવામાં આવ્યો એ આધાર અને આત્મા આધેય, કેમકે એમાં જણાયો. આત્મા તો હતો, પણ જ્યારે

એ તરફનું લક્ષ કરીને રાગથી છૂટીને સ્વભાવનો આશ્રય લઈને નિર્મળ પરિણતિ વીતરાગી સમ્યગ્દર્શન-જ્ઞાન થયા એના આધારે આત્મા છે. કેમકે એનાથી જણાયો છે. અરેરે..! આવી વાત! એવું લાગે માણસને. એકલા બહારમાં વ્રત ને પડિમા લઈને બેઠા હોય અને સમ્યગ્દર્શન નથી. સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર પણ નથી, કેમ ઊપજે એની પણ ખબરું નથી. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! દિગંબર ધર્મ એ જૈનધર્મ છે. વાસ્તવિક જૈનધર્મ એ દિગંબર ધર્મ છે. એવી ચીજ બીજે છે જ નહિ અને એમાં રહ્યા છે એને પણ ખબર નથી તો બીજામાં તો ક્યાંથી આવે બિચારા. આહા..હા..!

શું કહ્યું? માટે જ્ઞાન નામ આત્મા જો કે જાણનક્રિયા નામ સમ્યગ્દર્શન-જ્ઞાનની સ્વલક્ષી જે શુદ્ધ પરિણતિ (થઈ) એવી જે જાણનક્રિયા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. જાણનક્રિયારૂપ આત્મા પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. અરે.. આ ભાષા તો જુઓ! ફરીને. જ્ઞાન એટલે આત્મા કે જે જાણનક્રિયા એની પરિણતિ વીતરાગી પરિણતિ—દશા આસ્રવથી ભિન્ન થઈને ચૈતન્યના લક્ષે જે વીતરાગી પરિણતિ થઈ, અતીન્દ્રિય આનંદની પરિણતિ પર્યાય થઈ એ જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ. એ જાણનક્રિયા આત્માનું સ્વરૂપ છે, રાગ એનું સ્વરૂપ નથી. આહા..હા..! બહુ શ્લોક ઊંચા! ભેદજ્ઞાનની વાત. આહા..હા..! કદી એક સેકન્ડ કર્યું નથી અને કર્યા વિના એનું કલ્યાણ કદી થાય નહિ. આહા..હા..!

શું કહ્યું? આ કારણે. આ કારણે અર્થાત્ ઈસલિયે એટલે? કે રાગ અને ભગવાન બેમાં આધારાધેયસંબંધ નથી. પહેલાં તો બેનો સંબંધ નથી એમ કહ્યું હતું, પહેલાં. (એક) વસ્તુની બીજી વસ્તુ નથી, બીજી વસ્તુની સાથે કાંઈ સંબંધ નથી. પણ અહીં તો આધારાધેયસંબંધ નથી. વ્યવહારરત્નત્રયથી નિશ્ચયસમ્યગ્દર્શન થાય છે એવું ત્રણકાળમાં નથી. આહા..હા..! આ લોકો આટલું માંડે છે બધા. વ્યવહાર આચરણ કરો, વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે. અહીં તો ભગવાન કહે છે કે વ્યવહાર તો રાગની ક્રિયા છે, એને ભિન્ન કરીને સ્વભાવસન્મુખ થઈને સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદની પરિણતિ જે પર્યાય થઈ એમાં આત્મા જણાયો તો એ જાણનક્રિયા આધાર છે અને આત્મા આધેય છે. રાગ આધાર છે અને જાણનક્રિયા આધેય છે એમ નથી. આહા..હા..!

આવી વાત માણસને શી રીતે બેસે? કદી એણે કરી નથી અનંતકાળ થયો. મુનિવ્રત અનંતવાર ધારણ કર્યા. દિગંબર સંત હોં! હજારો રાણીને ત્યાગી અને પંચમહાવ્રત એવા નિર્દોષ (પાળ્યા કે) એને માટે ચોકા કરીને આહાર (બનાવ્યો હોય તો) પ્રાણ જાય તોપણ ન લે. સમજાય છે? એને માટે ચોકા કરીને આહાર (બનાવ્યો હોય) એ તો સદોષ છે. એષણાસમિતિ નથી, ત્યાં તો મહાવ્રત પણ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? મુનિને આહાર દેવો હોય તો સવારમાં બધો આહાર તૈયાર કરવો પડે. પાણી ઊના કરવા, રોટલી બનાવવી, મોસંબી, કેરીનો રસ તૈયાર કરે એ તો બધું ઉદ્દેશિક છે, બધું પાપ છે. આહા..હા..! અને એને માટે લેતા નથી જ્ઞાની તો એને માટે કર્યા હોય એ અને લે તે સાધુ નહિ. આહા..હા..! વ્યવહાર સાધુ નહિ હોં! નિશ્ચય તો છે ક્યાં? ઝીણી વાત, બાપુ! ભગવાનનો માર્ગ એવો છે. આહા..!

'**તેથી...**' એટલે? આસ્રવ અને આત્માને કોઈ આધારાધેયસંબંધ નથી એ કારણે '**જ્ઞાન કે જે**

**જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં...'** આહા..હા..! ચૈતન્યબિંબ પ્રભુ, ચૈતન્ય અનંત પ્રકાશનું પૂર પ્રભુ, અનંત ચૈતન્યના તેજના નૂરનું પૂર આત્મા. આહા..હા..! એ પોતાની જાણનક્રિયાને આધારે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત ક્યાં હશે જાણે? જાણનક્રિયાના તેજનો પુંજ. આહા..હા..!

ભાઈ! તું ભગવાન છો. ૭૨ ગાથામાં નથી કહ્યું? ૭૨-૭૨. ૭૦ અને ૨. પુણ્ય અને પાપ બેય ભાવ આસ્રવ છે, અશુચિ છે, જડ છે, દુઃખરૂપ છે. ભગવાન આત્મા અશુચિથી ભિન્ન છે. ભગવાન આત્મા, એમ કહ્યું છે ટીકામાં. અમૃતચંદ્રાચાર્ય 'ભગવાન' કહીને બોલાવે છે. આહા..હા..! તું ભગવાન આત્મા છો, પ્રભુ! આહા..હા..! તારી મહિમાનો પાર નથી અંદર દ્રવ્યસ્વભાવમાં. આહા..હા..! એવો ભગવાન આત્મા એ પુણ્યના પરિણામ આસ્રવ મલિનથી ભિન્ન છે અને પુણ્ય પરિણામ જે દયા, દાન, વ્રતનો ભાવ છે એ જડ છે, અજીવ છે, અચેતન છે. ભગવાન વિજ્ઞાનઘનની મૂર્તિ છે. એ શુભપરિણામ એ દુઃખ છે, આસ્રવ છે, રાગ છે, દુઃખ છે. ભગવાન અતીન્દ્રિય આનંદનો પિંડ છે. ૭૨ ગાથામાં છે. ભવગાન તરીકે બોલાવ્યા છે. સમજાણું કાંઈ?

એની મા ઝુલામાં ઝુલાવે ત્યારે તેના વખાણ કરે છે. પ્રશંસા કરે છેને. મારો દીકરો ડાહ્યો છેને આવો ને આવો, તો સૂઈ જાય છે. ગાળ દે તો નહિ સુવે. ગાળ દે તો નહિ સુવે. પ્રશંસા કરે કે આવો છેને આવો છે. એની મા ગાણા ગાઈને સુવાડે છે. ભગવાન ભગવાનનું નામ દઈને ગાણા ગાઈને જગાડે છે. જાગ રે જાગ નથા! તારી પૂંજીમાં અનંત આનંદ પડ્યો છેને, નાથ! તને ખબર નથી. સમ્યગ્દર્શનમાં તો અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે તારી પૂંજીમાંથી. આહા..હા..! એ પૂંજી તારી છે, આ ધૂળની પૂંજી નહિ. આ શરીર-બરીર તો હાડકાનો માળો છે. આહા..હા..! સવારે નહોતું કહ્યું? સવારે. ૧૪૭ ગાથા. શરીરને ધૂળમાં દાટે તો સડી જાય, ગંધ મારે. બાળે તો રાખ થાય. આ ધૂળ ધૂળ છે. આ ક્યાં આત્મા છે. એની ક્રિયા પણ જડની છે. આહા..હા..! આ હલનચલન, બોલવું એ તો જડની ક્રિયા છે, એ આત્મા નથી. આવી વાતું.

બહુ ટૂંકા શબ્દોમાં ઘણું જ (ભર્યું છે). આચાર્ય દિગંબર મુનિ અમૃતચંદ્રાચાર્ય. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે, શ્લોક છે એ કુંદકુંદાચાર્યના. બે હજાર વર્ષ પહેલાં થયા. આહા..હા..! આ કારણે અર્થાત્ રાગ આસ્રવ અને ભગવાન જ્ઞાયક, બેનો આધારાધેયસંબંધ નથી કે રાગથી આત્મા જણાય અને જાણનક્રિયાથી રાગ ઉત્પન્ન થાય એમ છે નહિ. આહા..હા..! આખો કલાક ઝીણી વાત (આવે). વાત એવી છે, ભગવાન! આહા..હા..! ભાઈ! તેં તારી ચીજની દૃષ્ટિ કદી કરી નથી. આહા..હા..! એ જ્ઞાન એટલે આત્મા '**જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં...**' જાણનક્રિયા—રાગથી ભિન્ન પાડીને એ વિકલ્પ જે વ્રતાદિ તપનો, દાન, દયાનો છે એનાથી ભિન્ન પાડીને, પોતાની જ્ઞાન પરિણતિ જે દ્રવ્યનો આશ્રય કરે છે... આહા..હા..! એ પરિણતિને જાણનક્રિયા કહેવામાં આવે છે અને એ પરિણતિ જાણનક્રિયાને પ્રતિષ્ઠાને આધારે આત્મા જણાય છે. આહા..હા..! એ વ્યવહારરત્નત્રયથી આત્મા જણાતો નથી એમ કહે છે. આહા..હા..!

'**તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે...**' રાગથી ભિન્ન થઈને, વિકલ્પથી,

પુણ્ય, દયા, દાનના રાગથી. પોતાની જાણનક્રિયામાં આવ્યો તો જાણનક્રિયા જ્ઞાનથી અભિન્ન છે, આત્માથી જાણવાની ક્રિયા એક છે, રાગની ક્રિયા ભિન્ન છે. સમજાણું કાંઈ?

ત્રણ પ્રકારની ક્રિયા. એક જડની ક્રિયા. જુઓ! હાલે, ચાલે, બોલે એ જડની ક્રિયા છે, એ આત્માની નહિ અને રાગની ક્રિયા એ વિભાવિકક્રિયા છે અને રાગથી ભિન્ન પડીને જ્ઞાનમાં એકાગ્ર થવું એ જ્ઞાનની ક્રિયા છે, જેમાં અતીન્દ્રિય આનંદ આવે છે. એ ત્રણ પ્રકારની ક્રિયા. બે પ્રકારની ક્રિયા બીજી અને પોતાના આનંદની ક્રિયા એ પોતાની. આહા..હા..! 'જ્ઞાન સમાન ન આન...' નથી આવતું? 'સુખ કા કારણ' એ આ સુખનું કારણ. આહા..હા..! 'જ્ઞાન સમાન ન આન સુખ કા કારણ...' પોતાની ચીજ આનંદના નાથ ઉપર દૃષ્ટિ પડતાં રાગથી ભિન્ન થઈને જે જ્ઞાન થયું એ સુખનો આનંદ આવે છે સાથે. 'જ્ઞાન સમાન ન આન સુખ કા દૂસરા સાધન.' આહા..હા..! સુખ એટલે આનંદ. આનંદ બહારમાં ક્યાંય છે નહિ. સ્ત્રીમાં નહિ, પૈસામાં નહિ, પાપના પરિણામમાં નહિ, દયા, દાનમાં સુખ નથી, એ તો દુઃખ છે. આહા..હા..! ભગવાનનો દયા ધર્મ છેને? એ દયા કોણ? ભાઈ! તને ખબર નથી.

રાગની ઉત્પત્તિ ન થવી અને જાણનપર્યાય ઉત્પન્ન થવી એનું નામ અહિંસા અને દયા કહેવામાં આવે છે. એ પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં છે. પુરુષાર્થસિદ્ધિ. પ્રાદુર્ભાવ રાગ નહિ? રાગની ઉત્પત્તિ થવી એ હિંસા છે. ચાહે તો શુભરાગ હો મહાવ્રતનો એ પણ હિંસા છે. ગજબ વાત છે, નાથ! તારી મહિમાનો પાર ન મળે પણ એની ખબર નથી. આહા..હા..! હજી સમ્યગ્દર્શન પહેલી સીઢી એની ખબર નથી. આહા..હા..! છે?

**'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...'** હવે ક્રોધાદિ ક્રોધાદિમાં છે એ બીજી વાત કહેશે લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર સુદ-૧૩, શનિવાર, તા. ૪-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૧-૧૮૩, પ્રવચન નં. ૨૫૧

સમયસાર. સંવર ભેદજ્ઞાન અધિકાર. અહીં સુધી આવ્યું છે. છોકરાઓ બહાર લઈ જાવ. ત્યાં સુધી આવ્યું છે. ફરીને અહીંથી લઈએ જુઓ. **'માટે જ્ઞાન કે જે જાણનક્રિયારૂપ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે,...'** એટલે શું કહ્યું? કે જે આ આત્મા છે એ જ્ઞાનસ્વરૂપ છે એમ કરીને આત્માને વર્ણવ્યો છે. જ્ઞાનસ્વરૂપ એવો ભગવાન આત્મા એના સન્મુખની જ્ઞાનની પરિણતિ-આત્માની પરિણતિ-વીતરાગી દશા એને આધારે તે આત્મા જણાય માટે જાણનક્રિયાને આધાર કીધો અને આત્માને આધેય કીધો. આહા..હા..! આવી વાતું ક્યાં? છે? આહા..હા..! **'જ્ઞાન કે જે**

**જાણનક્રિયારૂપ...'** એટલે પોતાનું જાણવું, શ્રદ્ધવું, આનંદની પરિણતિ એ જાણનક્રિયા પર્યાય છે. એ '**પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત (-રહેલું) છે તે, જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...**' એટલે શું? કે રાગ અને વિકલ્પ છે એ તો ભિન્ન છે, પણ રાગથી ભિન્ન પડેલી આત્માની જાણનક્રિયા, પરિણમન જાણનક્રિયા એ જ્ઞાનથી અભિન્ન છે—સ્વભાવથી અભિન્ન છે. સમજાણું કાંઈ? આવી ભાષા અને આવી વાતું. આહા..હા..! ગજબ કામ કર્યું છે! આ ટીકા ત્રણ ગાથાની... આહા..હા..! ચૌદ પૂર્વનો સાર ભરી દીધો છે. આહા..હા..!

ભગવાન આત્મા શરીર, વાણીથી તો ભિન્ન છે, કર્મથી ભિન્ન છે જુદો, સ્ત્રી, કુટુંબ, પરિવારની તો વાત જ શું કરવી? એ તો તદ્દન ભિન્ન ક્ષેત્રથી. આ તો ક્ષેત્રમાં રહેલા. શરીર, કર્મ એ તદ્દન ભિન્ન ચીજ છે. આહા..હા..! અને તેમાં થતાં પુણ્ય, પાપના ભાવ એ પણ આત્માના સ્વભાવથી ભિન્ન છે. એને અહીંયાં ક્રોધની ક્રિયા કહે છે. એટલે? આત્મા પોતાના નિર્મળ જાણનસ્વભાવની પરિણતિથી જણાય માટે તે જાણનક્રિયા આધાર છે અને જણાય એ ચીજ આધેય છે. છે? '**જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...**' અહીં સુધી આવ્યું છે કાલે. કાલે આવ્યું હતુંને? આહા..હા..!

'**ક્રોધાદિક કે જે ક્રોધાદિકક્રિયારૂપ...**' એટલે શું કહે છે? સ્વરૂપ જે ચૈતન્યમૂર્તિ છે તેની અરુચિ. તેની રુચિના પરિણમનને આધારે જણાય, પણ જે આત્મસ્વભાવ છે તેની અરુચિ એવો જે ક્રોધ, માન, માયા, લોભ એ ક્રોધ કીધો છે, સ્વરૂપની અરુચિ છે એને. એ સ્વરૂપની અરુચિ ક્રોધ. એ ક્રોધ છે એ ક્રોધાદિક્રિયારૂપ. એ ક્રોધનું પરિણમન જે છે... આહા..હા..! એ જ્ઞાનથી અભિન્નપણું... સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. '**ક્રોધાદિક્રિયારૂપ પોતાના સ્વરૂપ...**' એટલે ક્રોધાદિક્રિયા પોતાનું સ્વરૂપ છે. કોનું? ક્રોધ, માન, માયા, લોભનું. આહા..હા..! સ્વરૂપની અરુચિ એવો જે દ્વેષભાવ એના બે પ્રકાર—ક્રોધ અને માન; અને એના પ્રત્યેનો અનાદર થઈને પરમા પ્રેમ થવો તે રાગ. એ રાગના બે પ્રકાર—કપટ અને લોભ. આહા..હા..! દ્વેષના બે પ્રકાર—ક્રોધ અને માન. પહેલા ક્રોધ લીધો છે. આહા..હા..! સ્વરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપે બિરાજમાન આત્મા એની અરુચિ અને રાગના પુણ્યભાવના પ્રેમ અને રુચિ એ આત્મા પ્રત્યે એને દ્વેષ છે એટલે ક્રોધ છે. આહા..હા..! આવી વાતું ઝીણી છે. વીતરાગમાર્ગ અત્યારે તો લોપ કરી નાખ્યો માણસે. આહા..હા..!

'**ક્રોધાદિક કે જે...**' ક્રોધ, માન, માયા, લોભ એ સ્વરૂપની અરુચિના પરિણામ, એની પરિણતિ જે ક્રોધની છે એ પરિણતિને આધારે ક્રોધાદિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ? પહેલી જાણનક્રિયાને આધારે જણાય કે જાણનક્રિયામાં પણ કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અધિકરણ છ બોલનું પરિણમન છે. આહા..હા..! ઝીણી વાત છે, પ્રભુ! એણે સત્યના સંદેશા સાંભળ્યા નથી. સત્યમાં ક્યાં જાવું અને કેમ પ્રાપ્તિ થાય? એ (જાણ્યા) વિના એણે સાધુપણા પાળ્યા, વ્રત, નિયમ, તપસ્યાઓ અનંતવાર કરી, પણ જન્મ-મરણના અંત આવ્યા નહિ. અંતનો જે રસ્તો છે તે જાણ્યો નહિ. આહા..હા..!

જાણનક્રિયા એટલે જાણવાની જ્ઞાનની પરિણતિ જે પર્યાય એમાં શ્રદ્ધાની પર્યાય, આનંદની

પર્યાય, શાંતિની પર્યાય. શાંતિ એટલે ચારિત્રગુણની. એ બધી પરિણતિ ષટ્કારકથી પરિણમી રહી છે. સમજાણું કાંઈ? આ શું વળી? એટલે? જે જાણનક્રિયા, શ્રદ્ધાની ક્રિયા આત્માના ધ્યેયે થતી ક્રિયા એ ધ્યેયની ક્રિયા પણ જે પરિણતિ વર્તમાન ધર્મની પરણતિ, વીતરાગી પરિણતિ, જ્ઞાનની પરિણતિ, શ્રદ્ધાની પરિણતિ, ચારિત્રગુણની નિર્મળ પરિણતિ એ બધી પરિણતિ .. છે. આહા..હા..! એ પરિણતિના ષટ્કારક હોય છે પર્યાયમાં. આહા..હા..! એ પરિણતિ પર્યાય છે તે પરિણતિની કર્તા પરિણતિ, પરણતિનું કાર્ય પરિણતિ, નિર્મળ પરિણતિનું કારણ કરણ પરિણતિ સાધન. પરિણતિનું થઈને રહેવું એ પરિણતિ પોતે થઈ અને પોતામાં રહે અને પરિણતિને આધારે પરિણતિમાંથી પરિણતિ થઈ અને પરિણતિને આધારે પરિણતિ થઈ. આહા..હા..!

એણે કોઈ દિ' શું ચીજ છે એને જાણવાનો પ્રયત્ન કર્યો નથી અને દુઃખના પંથે દોરાઈ ગયા છે અનાદિથી. આહા..હા..! સુખનો પંથ તો આ છે. આહા..હા..! કહો, કાંતિભાઈ! પૈસા મળ્યા, બાયડી, છોકરા થયા, કમાણા ધૂળમાંય નથી, બધા દુઃખ છે. આહા..હા..! દુઃખમાં દોરાઈ ગયો છે એ. એ દુઃખનું પરિણમન પણ સ્વતંત્ર ષટ્કારકથી (થાય છે). કીધુંને અહીંયા? વિકારના પરિણમનને આધારે વિકાર છે. વિકારનું પરિણમન વિકારને આધારે છે, વિકારનું પરિણમન આત્માને આધારે નથી. આહા..હા..! પુનાતર! આવી (વાત) ત્યાં છે નહિ ક્યાંય જામનગરમાં. આહા..હા..!

ભગવાન! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવની દિવ્યધ્વનિ, એનું આ કથન છે. આહા..હા..! કહે છે કે જ્ઞાન એટલે આત્મા. માટે.. ત્યાંથી ફરીને લઈએ છીએ. '**માટે જ્ઞાન કે જે...**' આત્મા '**જે જાણનક્રિયારૂપ...**' એની વર્તમાન જાણવાની, શ્રદ્ધવાની, આનંદની, સ્થિરતાની, સ્વરૂપાચરણની એવી જે ક્રિયારૂપ પરિણતિ એ પોતાના સ્વરૂપમાં (પ્રતિષ્ઠિત છે). એ જ્ઞાન જાણનક્રિયારૂપ પોતાનું સ્વરૂપ છે એ. જાણનક્રિયારૂપ, શ્રદ્ધાક્રિયારૂપ, શાંતિક્રિયારૂપ, આનંદક્રિયારૂપ એ પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત છે. પોતાનું સ્વરૂપ છે એમાં આત્મા રહેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાન કે જે...**' આત્મા કે જે '**જાણનક્રિયા...**'ની વર્તમાન જાણવાની, શ્રદ્ધાની, શાંતિની, વીતરાગી જ્ઞાનની પરિણતિ એ પોતાના સ્વરૂપમાં આત્મા ત્યાં છે. આહા..હા..! જાણનક્રિયારૂપ જે પોતાનું સ્વરૂપ એમાં જ્ઞાન એટલે આત્મા રહેલો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો વીતરાગનું તત્ત્વ છે, ભાઈ! જેને ઇન્દ્રો ઝીલે છે, જેને ગણધરો સાંભળે છે. આહા..હા..! જેને ચાર જ્ઞાન અને ચૌદ પૂર્વની રચના અંતર્મુહૂર્તમાં થાય એ ગણધર પણ દિવ્યધ્વનિ સાંભળે છે. એ કેવી વાત હોય, ભાઈ? એ કાંઈ વાર્તા, કથા નથી. આહા..હા..!

કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. આહા..હા..! તારું રહેવું, તારી જાણનક્રિયામાં તારું રહેવું છે. શરીરમાં રહ્યો છો ને વાણીમાં રહ્યો છો ને કુટુંબમાં રહ્યો છો ને ઘરમાં રહ્યો છો કે રાગમાં રહ્યો છો એ તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો સાદી છે, બાપુ! માર્ગ તો છે ઈ છે. આહા..હા..! અરેરે..! આવો માર્ગ! જુઓને આવ્યુંને આમાં લખ્યું છે. સાડા ત્રણ વર્ષનો છોકરો, કડિયાનો છોકરો છે સીતારામનો છોકરો. ચાર ભવની વાત કરે છે. આ ભવ તો છે એ પહેલાંના ત્રણ. લોકોને આશ્ચર્ય

થઈને એક જુવાન માણસ જોવા ગયો હતો. નક્કી કર્યું એણે કે ઓહો..! વાત તો સાચી છે. હવે એવા અજ્ઞાનીને પણ ત્રણ-ત્રણ ભવના પૂર્વના જાણપણા જ્ઞાન થાય એ તો અજ્ઞાન છે હજી. સમજાણું કાંઈ? એ કાંઈ જ્ઞાન નથી સમ્યક્. આહા..હા..!

એ અનાદિથી અનંત પરિણમનમાં રહેલો છેને? રાગાદિમાં. એ રહેલો છે એ આત્માનું સ્વરૂપ નથી કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કે કામ, ક્રોધના ભાવ એની પરિણતિમાં રહ્યો છે એ આત્મા નહિ, એ અણાત્મા. આહા..હા..! કહ્યુંને છઠ્ઠી ગાથા કે શુભાશુભભાવપણે જ્ઞાયકભાવ થયો નથી. આહા..હા..! જ્ઞાયકભાવ એટલે? સમજણનો સાગર, એકલો જ્ઞાનનો સાગર. એ એની જ્ઞાનની પરિણતિમાં રહેલો છે એને આત્મા કહીએ. રાગમાં રહ્યો છે એને આત્મા ન કહીએ, એ તો અણાત્મા છે. આહા..હા..! રાગમાં રહ્યો એ રાગ તો જડ છે. જડમાં રહ્યો તે જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એય..! છોકરાઓ! સાંભળ્યું કે નહિ? સાડા ત્રણ વર્ષનો છોકરો છે. હમણાં છાપામાં આવ્યું જુઓ આમાં. આમાં નહિ આમાં. આમાં આવ્યું છે. ઈરાનનો. એક કલાકમાં ૨૫ લાખ ડોલરની પેદાશ છે. તે એ તેલના કૂવા ક્યાં સુધી પહોંચશે? ૩૦ વર્ષ સુધી પોગશે. એ તો અનંતવાર એવું થયું. એ કાંઈ નવી ચીજ નથી. સમજાય છે કાંઈ? અહીં તો ગરીબ હોય એને પાંચ-પચાસ લાખ થાય ત્યાં જાણે કે આહા..હા..! આભને પાટુ મારે. જાણે અમે શું કર્યું અને શું થયું! આહા..હા..! શું અમે પોગ્યા, બાહુબલે શું કર્યું! આમ ઉદ્યોગપતિ, નથી આવતું? બહુ આવે છે. ઉદ્યોગપતિ એણે ઉદ્યોગ શરૂઆતમાં આમ હતા અને પછી આમ કર્યા ને આમ કર્યા. ઉદ્યોગ હાથમાં લીધો ને પછી બે, પાંચ, દસ કરોડ રૂપિયા થયા. ધૂળેય નથી સાંભળને, મરી ગયો છે એમાં. કમાવામાં આત્મા નથી, ઘરમાં આત્મા નથી, એના દયા, દાનના વ્રતના વિકલ્પમાં પણ આત્મા નથી. આહા..હા..! બાપુ! એના મારગડા જુદી જાતના છે. આહા..હા..! ધર્મના માર્ગ જુદાં છે. અત્યારે તો કાંઈકને કાંઈ નામે હલવ્યું છે. રાગની, દ્વેષની ક્રિયા એને ધર્મ માની બેઠા છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા એ બધી રાગની ક્રિયા છે. આહા..હા..!

**શ્રોતા :-** પંચમકાળ છે એટલે એમાં છૂટ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી. પંચમકાળમાં બધોય આત્મા આખો છે. પંચમકાળમાં આત્મા આખો પૂર્ણ છે એ વિપરીત થઈ ગયો છે? આહા..હા..!

ભગવાન આત્મા અંદર દેહથી (ભિન્ન છે). આ જડ આ તો માટી છે. માટી નથી કહેતા? પાકણી છે એમ નથી કહેતા? મારી માટી પાકણી છે. ખીલ્લી વાગી હોય લોઢાની (તો કહે) પાણી અડાડશો નહિ, મારી માટી પાકણી છે. માટી એકકોર કહે અને એકકોર પાછું પોતાનું કહે. આ તો માટી, જડ, પુદ્ગલ છે, માટી અજીવતત્ત્વ છે. એને અને આત્માને કાંઈ સંબંધ નથી. આહા..હા..! અરે..! એને ખબર ક્યાં છે કાંઈ.

અહીં તો કહે છે કે દયા, દાન અને વ્રતના પરિણામ થાય શુભરાગ એમાં પણ આત્મા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મા શેમાં છે એમ જણાય ત્યારે આત્મા જાણ્યો કહેવાય. આહા..હા..!

એ તો જ્ઞાનનું પરિણમન અને આનંદનું પરિણમન થાય તેમાં આત્મા પ્રતિષ્ઠિત રહેલો છે, ત્યારે તેને આત્મા જાણવામાં આવ્યો. આહા..હા..! કહો, કાંતિભાઈ! આવી વાતું છે. આહા..હા..! ગજબ વાત છે. આહા..હા..! આવી ટીકા!

**શ્રોતા :–** આવી ટીકા અને આવો ખુલાસો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ખુલાસો તો એમાં છેને. આહા..હા..!

**'જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે,...'** એટલે કે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળ, એનું જ્ઞાનનું પરિણમવું થાય. જાણવાનું, આનંદનું, શ્રદ્ધાનું, શાંતિનું, સ્વચ્છતાનું, ઈશ્વરતાનું એવું એ બધું જ્ઞાનનું પરિણમન છે. હવે જ્ઞાનનું પરિણમન ને હજી કાંઈ સાંભળ્યું ન મળે બિચારા મોટા, પાંચ-પાંચ હજારના પગારવાળા, દસ-દસ હજારના પગાર.. ભાન ન મળે કાંઈ શું છે એ? દુનિયામાં મોટા કહેવાય આમ અંદરથી. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન તારો આત્મા, એ વિકલ્પ જે ઊઠે છે દયા, દાન, વ્રત, ભક્તિનો એ રાગ એનાથી ભિન્ન છે. એનાથી ભિન્ન જે જ્ઞાનનું પરિણમન થાય તેમાં આત્મા જણાય માટે જાણનક્રિયાને આધારે આત્મા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! એ પણ જણાય એ અપેક્ષાએ આધાર કહ્યો છે. બાકી જાણનક્રિયાની પરિણતિને આધારે આત્મા નથી. એય..! ફક્ત જાણનક્રિયામાં જણાય છે તેથી તેને આધાર અને આધેય કહ્યો છે. આહા..હા..! શું કહે છે આ? આત્માની વર્તમાન જ્ઞાનની દશા રાગથી ભિન્ન પડીને જ્ઞાન પરિણમન દ્વારા ષટ્કારકનું પરિણમન થાય જ્ઞાનમાં ષટ્ કર્તા, કર્મ, કરણનું, એના પરિણમન દ્વારા આત્મા જણાય માટે એને આધારે જણાણો એમ કહેવામાં આવે છે. આહા..હા..! એને આધારે જણાણો, એને આધારે છે આત્મા એમ નહિ. આહા..હા..! શું વાત આ કાંઈ! આવો તે ધર્મ અને આ શું વાત હશે? બાપુ! તને ખબર નથી ભાઈ! ધર્મ કોને થાય અને કેમ થાય. આહા..હા..!

જન્મ-મરણના અંત આવે એ તો અંતરની રાગથી ભિન્ન પડીને વર્તમાન જ્ઞાનની પરિણતિમાં ધ્યેય આત્માને બનાવીને જે પરિણતિ પોતાથી સ્વતંત્રપણે પરિણમે છે એ જાણવાની ક્રિયાને આધારે આત્મા એટલે કે તેમાં જણાણો છે તેથી તેને આધારે જણાયો એમ કહેવામાં આવે છે. એને આધારે જણાયો, એના આધારમાં આત્મા નથી. આહા..હા..! શાંતિભાઈ! આવી વાતું છે, બાપુ! આહા..હા..! આ તો ત્રણલોકના નાથ તીર્થંકરદેવ જેને ઈન્દ્રો અને અહમીન્દ્રો સ્વીકારે છે અને ઈન્દ્રો તો સભામાં આવે છે, અહમીન્દ્રો ન આવે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં કહે છે... બહુ ગજબ ટીકાઓ છે! ઓ..હો..હો..! ભગવાન આત્મા આનંદમૂર્તિ પ્રભુ એ જ્ઞાનનો પૂંજ પ્રભુ છે આત્મા. એને ધ્યેયે જ્ઞાનનું પરિણમન થાય, ધ્યેય નામ લક્ષ ત્યાં એટલું. એ પરિણમન જે જાણવા-દેખવાનું થાય એ એનું સ્વરૂપ છે. એમાં જણાય છે માટે તે જાણનક્રિયા જ્ઞાનથી—આત્માથી જુદી નથી. આહા..હા..! કઈ જાતની આ વાત હશે? આ વીતરાગનો આવો માર્ગ હશે? વીતરાગમાર્ગ તો દયા પાળો, વ્રત પાળો ને અપવાસ કરો. અરે..! ભગવાન તને ખબર નથી,

બાપુ! ત્રણલોકના નાથ જિનવરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા એમ કહેવું એ વ્યવહાર છે. એની પર્યાયનું સામર્થ્ય એટલું છે કે પર્યાયને જાણતા એ જણાઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જાણનક્રિયાનું જ્ઞાનથી અભિન્નપણું હોવાને લીધે, જ્ઞાનમાં જ છે;...** ' પ્રતિષ્ઠિત છે. એટલે? કે જ્ઞાન જાણનક્રિયા એ જ્ઞાન છે તેમાં આત્મા છે, તેમાં આત્મા જણાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ ટીકા છે. આવી વાત! '**ક્રોધાદિક...**' હવે જે ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ચિદ્‌ઘન છે તેની જેને રુચિ નથી અને તેની જેને અરુચિ છે અને રાગની જેને રુચિ છે... આહા..હા..! રાગના પ્રેમમાં, વ્યભિચારમાં ફસાઈ ગયો છે એવી જે રાગની ક્રિયા એ આત્માથી વિરુદ્ધની ક્રોધની ક્રિયા છે. સમજાણું કાંઈ?

સ્વરૂપ આનંદનો નાથ ભગવાન તેના પ્રત્યેનો આશ્રય છોડી દઈ, એની રુચિ છોડી દઈ... આહા..હા..! અનાદિથી ક્રોધાદિક તે ક્રોધની ક્રિયામાં છે. આહા..હા..! એ વિકારભાવ તે તેની પરિણતિમાં છે. એ આત્માની પરિણતિને લઈને વિકારભાવ નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે વિકાર પણ છ કારકપણે પરિણમ્યો છે. સ્વભાવની અરુચિ એવો જે ક્રોધ એના પેટા ભેદના ક્રોધ અને માન દ્વેષના બે ભાગ. એટલે ક્રોધ, માન બે થઈને દ્વેષ છે, માયા અને લોભ થઈને રાગ છે. જેનું ક્રોધાદિ એટલે વિકારનું પરિણમન છે એ ષટ્‌કારકનું પરિણમન વિકારનું એ પરિણમનમાં વિકાર છે. આહા..હા..! ક્રોધાદિક ક્રિયા એટલે વિકારીરૂપ ષટ્‌કારકનું પરિણમન એમાં વિકાર છે-ક્રોધાદિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી ધર્મ કથા કેવી? આ તો બાપુ જન્મ-મરણના અંતની વાતું છે, બાપુ! બાકી તો મરી ગયો. આહા..હા..!

જુઓને ઓલામાં આવ્યું છેને. ઘાંચી હતો. ૪૦-૫૦ વર્ષ પહેલાં. છોકરા બે છે. ઓળખી લીધા એને. અને એ યાદ આવે તો રોવે અંદરથી. આહા..હા..! રામો ને એવું નામ આપ્યું છે. ૪૦-૫૦ વર્ષ પહેલાં. વચમાં સર્પ થયો, વચમાં તૈલી પંદર વર્ષનો ઘાંચીનો છોકરો થયો અને પછી અહીં આવ્યો છે. આહા..હા..! એવા-એવા અનંતા ભવ મિથ્યાત્વના સાથમાં આવા અનંતા ભવ છે. અહીં એ કહે છે. ક્રોધાદિક ક્રિયા એટલે મિથ્યાત્વની ક્રિયા એ. આહા..હા..! સ્વરૂપના વિપરીત ભાવની ક્રિયા મિથ્યાત્વ રાગ, એના પરિણમનમાં એ વિકાર છે, આત્માના પરિણમનમાં એ વિકાર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ક્રોધાદિક કે જે ક્રોધાદિક્રિયારૂપ...** ' આદિ છેને. ક્રોધ, માન, માયા, લોભ એ. ક્રોધાદિક ક્રિયા એટલે એનું પરિણમન. એ '**પોતાના સ્વરૂપમાં...**' એ પરિણનના સ્વરૂપમાં ક્રોધાદિ વિકાર છે, આત્માની પર્યાયમાં નહિ. આહા..હા..! આત્માની પર્યાય તો જાણવું, દેખવું, આનંદ એ એની પર્યાય છે, એ પરિણમનમાં એ ભગવાન જણાય છે. રાગના પરિણમનમાં આત્મા નથી કે જેથી રાગથી આત્મા જણાય. આહા..હા..! અત્યારના પંડિતોને ઘણાને એ છેને. કેટલાકને. કેટલાક તો પંડિત .. હુકમીચંદજી જેવાને બિચારા. નાની ઉંમર પણ જબ્બર માણસ છે. જબ્બર નીકળ્યો છે. એણે ત્યાં કીધું કે ભાઈ!

આ તમે આનો વિરોધ કરો છો બધા પંડિતો, પણ એમના માનનારા પંડિતો મોટા પી.એચ.ડી. કરવાવાળા પચાસ જણા છે, એમ કહ્યું. એ મળ્યા હોયને એને. માર્ગ તો ભઈ આ છે. આહા..હા..!

અહીંયાં તો કહે છે.. આહા..હા..! '**ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું...**' જોયું! જેમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ એનું પરિણમન જ્ઞાન અને આનંદનું એ એનું સ્વરૂપ છે, એમાં એ આત્મા છે, એમાં એ આત્મા જણાય છે, એમ ક્રોધાદિ પરિણમનમાં ક્રોધ, માન છે એમ જણાય છે. આહા..હા..! પુણ્ય-પાપના ભાવમાં પુણ્ય-પાપનો ભાવ વિકાર છે, એ વિકાર છે એમાં વિકાર છે એ જણાય છે. એ આત્મામાં છે એ વિકાર અને આત્માથી થયા છે એ વિકાર એમ નથી. આહા..હા..! ગજબ કામ કર્યું છેને. ચીરી નાખ્યો છે બેને વચ્ચે. આહા..હા..! રાગનો ચાહે તો દયા, દાન, વ્રત ને તપનો વિકલ્પ હોય, પણ એ વિકલ્પ છે એ વિકાર છે અને વિકારના પરિણમનને આધારે વિકાર છે, આત્માને આધારે વિકાર નહિ. આહા..હા..! બીજી રીતે કહીએ તો પર્યાયબુદ્ધિ છે તેથી ત્યાં રાગની બુદ્ધિ છે અને રાગની બુદ્ધિને આધારે પરિણમનને આધારે રાગ છે, આત્માને આધારે રાગ છે એમ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ગંભીર છે શાસ્ત્ર સમયસાર! એમાં ભેદજ્ઞાનની ગાથાઓ ત્રણ.

'**ક્રોધાદિક્રિયાનું ક્રોધાદિથી અભિન્નપણું હોવાને લીધે,...**' એટલે વિકારનું પરિણમન વિકારથી અભિન્ન છે. ચૈતન્યનું જ્ઞાન પરિણમન એ જ્ઞાનથી અભિન્ન છે, એમ વિકારનું પરિણમન વિકારથી એકમેક છે. લક્ષ એનું પર છે, પણ એના પરિણમનમાં વિકાર છે. આહા..હા..! આત્મામાં નહિ, નિમિત્તમાં નહિ. આહા..હા..! લ્યો વળી એ આવ્યું પાછું. નિમિત્તમાં વિકાર છે એમ નહિ. આહા..હા..! વિકાર, સ્વભાવનો આશ્રય છોડી, સ્વભાવની મહત્તા અને મહિમા મૂકી અને જે રાગ અને વિકારના પરિણમનમાં આવ્યો એ વિકારના પરિણમનમાં વિકાર છે, આત્માના પરિણમનમાં નહિ અને આત્મામાં નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે જ્યાં પર્યાયબુદ્ધિ થઈ ત્યારે વિકાર થયો અને વિકારના પરિણમનના આધારે એ વિકાર રહ્યો છે. આહા..હા..! મિથ્યાદષ્ટિપણાના પરિણમનમાં મિથ્યાદષ્ટિપણું રહ્યું છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે એવું સમજવું, બાકી તો અંદરથી... આહા..હા..!

આ તો વીતરાગ શાસ્ત્ર છે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર જેને સાંભળવા એકવતારી ઈન્દ્રો બેસે છે. બાપુ! એ વાર્તા કેવી હોય! આહા..હા..! જાણન પરિણમનમાં જણાય માટે તેને માહાત્મ્ય પરમાંથી ઊડી જાય. રાગનું અને રાગના ફળરૂપે આ ધૂળ મળે પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ આ તો મોટું થઈ ગયું. પચ્ચીસ લાખ. ઓહોહો..! કલાકના પચ્ચીસ લાખ. ગજબ છેને. પચ્ચીસ લાખ ડોલર. બે કરોડ. બે કરોડ થયા? આઠ-આઠ થયો ને. આઠગુણા. થઈ રહ્યું. તો બે કરોડ થયા. ગણતરીમાં કાંઈક ભૂલ થઈ છે ભાઈની ચંદુભાઈની. એ કહે, પોણા બે અબજ. પચ્ચીસ કરોડ ગણ્યા હશે. આહા..હા..! એક કલાકના બે કરોડની પેદાશ.

**શ્રોતા :-** ચોવીસ કલાકના અડતાલીસ કરોડની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચોવીસ કલાકની અડતાલીસ કરોડની પેદાશ. આમાં છે હોં જુઓ. આવ્યું છે. કોણ લાવ્યું? આમાં નામ નથી. ઈરાનના એક બંદરેથી જહાજમાં તેલ ભરાઈ રહ્યું છે. જુઓ તેલ. મોટું જહાજ (એમાં) તેલ ભરાય. કેટલું તેલ એ નહિ. ઈરાનની ધરતી હેઠળ અંદાજ બસ્સો કરોડ ટન કાળુ સોનું, બસ્સો કરોડ ટન તેલ. કાળુ સોનું એટલે તેલ. આહા..હા..! ઈરાનના શાહને ખનીજ તેલમાંથી કલાકના પચ્ચીસ લાખ ડોલરની આવક થાય છે. ઈરાનનો તેલ ભંડાર ૩૦ વર્ષ સુધી ચાલશે. ગર્વ ઉતરી જાય એવું છે. બે, પાંચ કરોડ અને બે અબજ થયા. ... બે કરોડ. અડતાલીસ કરોડ થયાને? અડધો અબજ. એક દિવસના અડધો અબજ. આહા..હા..! એવા ૩૨૪ના અડધા. કેટલા થાય? ૩૬૦. હેં? ૧૮૦ અબજ. એક વર્ષના ૧૮૦ અબજ. શેઠ! કૂવા-બૂવાનું છાપું આવ્યું છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રહ્યા છે ક્યાં? એનામાં જ રહ્યા છે એ. આહા..હા..! બે કો'ક લાવ્યું હતું. અહીંયાં સાડા ત્રણ વર્ષના છોકરાનું. ફોટો છેને.

**શ્રોતા :-** મનુષ્યભવ આટલા જલ્દી કેમ મળી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો મળી જાય. સાત-સાત ભવ મળે છે. સાત-આઠ. સાત-આઠ એક. ઉપરા ઉપર સાત-આઠ ભવ થઈ જાય. હા. એમાં શું છે? શાસ્ત્ર કહે છેને. જુઓ, આ છોકરાનો ફોટો છે. સાડા ત્રણ વર્ષનો. સાત-આઠ ભવ ઉપરા-ઉપર થઈ જાય. પાછા મરીને પછી સાત-આઠ ભવ પછી નરકે ને ઢોરમાં ચાલ્યા જાય. આહા..હા..! વચ્ચે સર્પ થઈ ગયો હતોને. પહેલો ચમાર થયો, સર્પ થયો, ઢોર થયો, પછી તૈલી થયો અને પછી આ માણસ થયો. બે મનુષ્યના સારા ભવ અને એક મનુષ્યનો વળી... આહા..હા..! નહિતર તો માંસ ખાતો હતો, પણ પરિણામ ઓલા હશે તો સર્પમાં ગયો. સર્પ થયો. સર્પ મરીને ઘાંચીનો છોકરો થયો. હવે એ છોકરો મરીને અહીં કડિયાના ઘરે આવ્યો. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણ જાણે એવું કાંઈક... એવું લખ્યું છે છાપામાં. ઘાંચી હશે.. ઘાંચી છે. ગુજરાતનો હિન્દુ છે. અમારા ગુજરાત પાલેજમાં હિન્દુ ઘાંચી. અમારી દુકાનની સામે દુકાન હતી. એ હિન્દુ ઘાંચી. માંસ, દારૂ બિલકુલ નહિ. હિન્દુ પાલેજમાં, ભરૂચમાં ઘણા હિન્દુ ઘાંચી. હિન્દુ ઈશ્વરને માનનારા પરમેશ્વર, બીજાને નહિ. ઘાંચી મુસલમાન નહિ. ઘાંચીની બે દુકાન હતી. સામે હતી અને જોડે હતી. આહા..હા..! આવા ભવ કરી-કરીને પાછા આમાં શું, મમતા છે. મરીને પાછા ક્યાંક જાશે. આહા..હા..!

અહીં કહે છે કે એ વિકારના પરિણામનો આધાર વિકાર છે. કેમકે વિકારના ષટ્કારકનું પરિણમન છે. સમજાય છે કાંઈ? આહા..હા..! આ તો .. ૬૨ ગાથા, પંચાસ્તિકાયની. એ વર્ણીજી સાથે વાત થઈ હતી. વિકાર ષટ્કારકરૂપે સ્વતંત્ર પરિણમે છે. પરકારકની અપેક્ષા (નથી). એ.. એને ખળભળાટ (થઈ ગયો). .. હતું નહિને. એ તો બિચારા ક્ષુલ્લક થઈ ગયેલા. આમ ઘણા વખતથી વિષ્ણુપણું છોડીને અહીં આવ્યા. ખળભળાટ... એમ ન હોય. વિકાર થાય તે કર્મ વિના વિકાર થાય નહિ. ઈન્દોર. ઈન્દોરવાળા

એ બેય જણા. એ વાત એણે સાંભળી નથી. ગુરુગમ મળ્યા નથી, તેમ એવા સંસ્કાર પૂર્વના હોય એ જાગ્યા નથી. આહા..હા..! ગુરુગમ વિના એ વસ્તુ સમજાય એવી નથી. આહા..હા..!

અહીં કહે છે, '**ક્રોધાદિક ક્રિયા...**' ક્રોધાદિક એટલે ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષ એનું પરિણમન અને પોતાના સ્વરૂપ, એ પરિણમન એનું સ્વરૂપ છે. વિકારનું પરિણમન વિકારનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ એવી શૈલી છે કે એમાંથી નીકળવું ગોઠતું નથી. એક-એક કડીએ એટલું ભર્યું છે આમાં. આહા..હા..! ગજબ છે, ભાઈ! તું કેવડો ક્યાં છો તને ખબર નથી. આહા..હા..! એક શુભરાગ થયો ત્યાં રાજી-રાજી થઈ ગયો. શુભરાગનું પરિણમન રાગને આધારે છે, તારે આધારે નહિ. આહા..હા..! અને રાગને આધારે તું જણાય એવો તું નહિ. વ્યવહારરત્નત્રયને કારણે તું જણાય નિશ્ચય એ તું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ભગવાનની અમૃત કથા છે, બાપુ! આ અમૃતના નાથને જગાડીને કેમ જગાય અને કેમ રોકાણો એની વાત છે આ. આહા..હા..! અમૃતનો સાગર દરિયો ભગવાન અતીન્દ્રિય આનંદના રસથી ભરેલો પરમાત્મા પોતે. એ ઈન્દ્રના ઈન્દ્રાણીઓના કરોડો ઈન્દ્રાણીના વિષયના ભોગમાં જે વિકલ્પ છે એ તો ઝેર ને દુઃખ છે. આહા..હા..! એનાથી રહિત પ્રભુ આત્મામાં અતીન્દ્રિય આનંદનો રસ છે, એ અતીન્દ્રિય આનંદના રસસ્વરૂપ એ અતીન્દ્રિય આનંદની પરિણતિ દ્વારા જણાય એવો છે કહે છે. આહા..હા..! આખી ચીજ છે એ પરિણતિ દ્વારા, પર્યાય દ્વારા જણાય એવું છે. સમજાણું કાંઈ? એમ ભાષા લીધી. પર્યાય દ્વારા એના આધારે જણાય છે એમ. એ પર્યાયનું- એનું સ્વરૂપ છે એમ કહે છે. અને વિકારનું સ્વરૂપ તે વિકારના પરિણમનને આધારે છે. આહા..હા..! છે?

'**અભિન્નપણું હોવાને લીધે, ક્રોધાદિકમાં જ છે.**' હવે કૌંસમાં ખુલાસો કર્યો છે. '(**જ્ઞાનનું સ્વરૂપ જાણનક્રિયા છે,...**' આત્માનું સ્વરૂપ તો જાણવું, પરિણમવું, શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનમાં રમણતા એ એનું સ્વરૂપ છે. '**માટે જ્ઞાન આધેય...**' છે. એટલે કે આત્મા રહેનાર છે એટલે કે આત્મા જણાય એવો છે. જાણનક્રિયાને આધારે એ જાણનક્રિયામાં જણાય એવો છે. આહા..હા..! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરની કથા છે, બાપુ! આહા..હા..! જેના એક-એક શબ્દમાં અનંત-અનંત આગમ ભર્યા છે. નથી કહ્યું ભાઈએ? શ્રીમદ્ કહ્યું છે. જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે. જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. આહા..હા..! આ એક એક આગમના એક-એક વાક્યમાં અનંત આગમ ભર્યા છે. આહા..હા..!

જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ જાણનક્રિયા છે, માટે જ્ઞાન તેમાં જણાય છે અને જાણનક્રિયા તેને જાણે છે. માટે જ્ઞાન જણાય છે તેને આધેય કહેવું, જાણે છે તેને આધાર કહેવો. આહા..હા..! આવું સ્વરૂપ છે. '**જાણનક્રિયા આધાર હોવાથી...**' આહા..હા..! વ્યવહાર-રાગ આધાર નહિ. રાગના આધારનું પરિણમન તો એના પરિણમનને આધારે રાગ છે. આહા..હા..! કેમકે વિકારની એક સમયની પર્યાય પણ ષટ્કારકથી પોતાના આધારે પરિણમી રહી છે. આહા..હા..! નિમિત્તને કારણે નહિ અને પોતાનો દ્રવ્ય-ગુણ છે એને કારણે નહિ. આહા..હા..! આવી વાત. દેવીલાલજી! દેવીલાલજી કાલે કહેતા હતા કે આવી વાત હજી સાંભળવી પહેલી ન મળે. વાત તો એવી છે, બાપુ! ભગવાન! તારી

મહિમાનો પાર નથી પણ એ મહિમા ભૂલી ગયો અને એને રાગ ને પુણ્યની ક્રિયામાં મહિમા ઘૂસી જાય. આહા..હા..! મિથ્યાભ્રાંતિ, મિથ્યાભ્રાંતિનું પરિણમન મિથ્યાભ્રાંતિને લઈને છે. આહા..હા..! આત્માને લઈને નહિ.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો શું એ તો આત્માનો સ્વભાવ થઈ જાય. આહા..હા..! ગજબ છે, ભાઈ! આ થોડા શબ્દોમાં એટલું ભર્યું છે... એટલું ભર્યું છે... આહા..! દુનિયાને આ વાત કાને પડી નથી. બિચારા.. આહા..હા..! એક આમાં કથા આવી છે. મોટો ગૃહસ્થ છે. બહુ કરોડો પૈસા હતા. એ પોતે ગૃહસ્થ હતો. .... ગાળતા હતા બહારમાં. ... ગાળતા એમાં ઓલું આવીને લાખો બધી એવી સોનાની ઓલી આખી કોથળી ભરીને. કહે, સાહેબ સ્વીકારો. ભાઈ! અમે તો સ્વીકારતા નથી. સાહેબ! અમે ગરીબ નથી, અમે પૈસાવાળા છીએ. અમારી પાસે પૈસા ઘણા છે. ભાઈ! આ પૈસાની ઇચ્છા રાખે છે કે નહિ તું? પૈસાની ઇચ્છા તો રાખે ને કે વિશેષ પૈસા થાય. તો તું ગરીબ છો. હજી તું ગરીબ છો, બાપા! આહા..હા..! એ ગરીબ પાસેથી અમે ન લઈએ. આહા..હા..! આમાં આવ્યું છે જૈનપ્રકાશમાં. એવી વાતું નાખે એ લોકો. તત્ત્વની વાતની તો ખબર છે નહિ. આવી વાતું હોય એટલે લોકોને ગમે. જૈનપ્રકાશ સ્થાનકવાસી. આહા..હા..!

આ તો ચૈતન્યચમત્કારની વાત છે. ભગવાન! તારો ચમત્કાર રાગથી ભિન્ન પડીને જ્ઞાનની ચમત્કારની પરિણતિમાં તે જણાય એ તારો ચમત્કાર છે. તારું એ જાણન, દેખન, શ્રદ્ધાન, આનંદ એ તારું પરિણમન તારું સ્વરૂપ છે. પરિણતિ ભલે હો, પણ એ એનું સ્વરૂપ છે, એ વિકારનું સ્વરૂપ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા. આહા..હા..! શું કહે છે? અજાણ્યા માણસ બેઠા હોય, કાંઈક આવે છે, કાંઈક કહે છે. આ નવું ક્યાંથી કાઢ્યું આવું? અરે..! ભગવાન! બાપુ! તને તારો ... વીતરાગ એ જૈનધર્મ આ છે, ભાઈ! આહા..હા..!

'**જાણનક્રિયા આધાર હોવાથી એમ ઠર્યું કે જ્ઞાન જ આધાર છે,...**' જોયું! શું કીધું ઈ? આત્મા પવિત્ર શુદ્ધ છે, તેનું પરિણમન પવિત્ર છે. એ પવિત્ર જ્ઞાનનું જ સ્વરૂપ છે, માટે તે પવિત્રસ્વરૂપ તે જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ જ્ઞાન જ આધાર છે. આહા..હા..! કારણ કે જાણનક્રિયા અને જ્ઞાન જુદાં નથી. જાણવાની, શ્રદ્ધવાની જે નિર્મળ વીતરાગી પરિણતિ એ આત્માથી કાંઈ જુદી નથી. એટલે આત્માની છે એમ અત્યારે. '**આ રીતે એમ સિદ્ધ થયું કે જ્ઞાન જ્ઞાનમાં જ છે.**' આત્મા આત્મામાં જ છે, એવી જ રીતે ક્રોધ ક્રોધમાં જ છે. આહા..હા..! વ્યવહાર દયા, દાનની શ્રદ્ધા અને દેવ-ગુરુની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધો વિકાર છે, એ વિકાર વિકારમાં છે કહે છે. આહા..હા..! એમાં આત્મા નથી. અને એ દ્વારા વિકાર જણાય, એ દ્વારા આત્મા ન જણાય, એ દ્વારા વિકાર જણાય. આહા..હા..!

'**વળી...**' તેમ ક્રોધાદિ ક્રિયા. પુણ્ય અને પાપનો પ્રેમ તે ક્રોધ કહેવામાં આવે છે, શુભરાગનો પ્રેમ તેને ક્રોધ કહેવામાં આવે છે. સ્વભાવની અરુચિ અને રાગની રુચિ એને ક્રોધ કહેવામાં આવે છે.

ઉત્તમક્ષમા છેને એ સમકિતીને હોય. મિથ્યાદષ્ટિને ક્રોધ હોય એમ કહે છે. આહા..હા..! સમજાણું? ક્રોધ કેમ નાખ્યો? દસલક્ષણી ધર્મ છેને દસ? ઉત્તમક્ષમા આદિ એનાથી વિરુદ્ધ ભાવ લીધો આ. આહા..હા..! એમ ક્રોધ, માન, માયા, રાગ, દ્વેષમાં આત્મા નથી, તેમ કર્મમાં આત્મા નથી. આહા..હા..! કર્મ માર્ગ આપે તો જ્ઞાનનું પરિણમન થાય, શ્રદ્ધાનું પરિણમન તો થાય, એમ નથી. આહા..હા..! એ કર્મમાં નથી--આત્મા કર્મમાં નથી અને આત્માનું પરિણમન એ કર્મમાં નથી અને કર્મને લઈને નથી. આહા..હા..! તેમ નોકર્મમાં જ્ઞાન નથી. શરીર, વાણી, કુટુંબ, કબીલા એ બધામાં નોકર્મમાં આત્મા નથી, આ આત્મા એમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દુકાન, દુકાનના ધંધા, પૈસા લેવડ-દેવડ ને એ શું કહેવાય તમારે? નોટું આપે ને દે એ બધા નોકર્મ એમાં આત્મા નથી.

**શ્રોતા :-** સગા-સંબંધી બધા નોકર્મ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સગા-સંબંધી કોને કહેવા? ધૂળમાંય સગા નથી, વેરી છે બધા. આજીવિકા માટે પેટ ભરાય ને ભેગા થાય. આહા..હા..!

નહોતું કીધું એકવાર ? એક દિકરાનો દિકરો માંદો પડ્યો, જુવાન હતો. તણાણું થોડું. પછી જાગતું રહેવું પડે. ક્યારે મરી ગયો એમ જો ન કહે કે અમે જાગતા નહોતા. એટલીય તમને ખબર નથી? એટલે બિચારાને જાગવું પડે તો થાકી ગયેલા. રાત જાગવું પડેને. મરવાની તૈયારી. એ આવીને કહેતા કે મહારાજ! હવે બિચારા ખાટલો ખાલી કરતાં નથી બિચારા એમ કરીને વાત કરે. શેઠ! અરેરે..! એના દુઃખ સહ્યા જાતા નથી. આહા..હા..! વાત એ કે ... મરી ગયો હોય અને જો એમ કહે કે ભાઈ ખબર નથી. હેં! આવા? મરણના જુવાન અવસ્થામાં મરે એમાં પણ તમે જાગતા ન રહ્યા? એય..! કાંતિભાઈ! આહા..હા..! એવી વાત છે. એ બધા સગા-વ્હાલા, બાયડી, છોકરા, કુટુંબી એ ધુતારાની ટોળી આજીવિકા માટે મળી છે, એમ નથી આવ્યું નિયમસારમાં? પણ એ બીજાના, મારા નહિ. આહા..હા..! એમ કહે. આહા..હા..! આજીવિકા માટે ધુતારાની ટોળી છે. છ મહિના અને બાર મહિના જો રોગ રહ્યો ક્ષયનો કે કેન્સરનો લાંબો, સેવા કરવી પડે તો થાકી જાય. હવે કહે ખાટલો ખાલી કરે તો (સારું). કારણ કે જીવવાના તો નથી. આહા..હા..! એય..! કાંતિભાઈ! હવે આ ખર્ચ થાય. .. માટે ખર્ચ કરવો પડે, ડોક્ટરને બોલાવવા પડે, દવાના પૈસા દેવા પડે અને અંતે એનો સરવાળો તો નથી, હવે મરી જવાનો છે, કેન્સર થયું છે. આહા..હા..!

આ હમણાં અઢાર વર્ષની છોડીનું કીધું નહિ. ધનજીભાઈની દીકરી. અઢાર વર્ષની છોકરીને કેન્સર થયું તો મરી ગઈ એમાં. આહા..હા..! વીંછીયા, વીંછીયા. કુંવારી હજી, કેન્સર થયું. આહા..હા..! આ દશા. આમાં શું ન થાય? આ તો જડ છે, બાપુ! આહા..! અને સડો અંદર થઈ ગયો હોય પછી કેટલે વખતે બહાર ખ્યાલ આવે એટલે પછી એ સડો જાય નહિ. હવે થઈ રહ્યું. અહીં થયું... અહીં થયું... અહીં થયું... આહા..હા..! હાડકા અને ચામડા સડેલા તત્ત્વો છે એમાં સડો ઊભો થાય એમાં નવાઈ શું છે? આહા..હા..!

અહીં કહે છે, એ નોકર્મમાં આત્મા નથી. જેમ પુણ્ય-પાપના ભાવમાં આત્મા નથી, એમ કર્મ જડ

છે એમાં આત્મા નથી. આ ક્રોધાદિ તે પુદ્‌ગલના પરિણામ છે. આહા..હા..! અને કર્મ અને નોકર્મમાં પણ આત્મા નથી. આહા..હા..! અને જ્ઞાનમાં ક્રોધાદિ, આત્મામાં ક્રોધ, કર્મ કે નોકર્મ નથી. પહેલું જ્ઞાન ક્રોધાદિ કમ-નોકર્મમાં નથી. આત્મા ક્રોધાદિ વિકાર, કર્મ અને નોકર્મમાં નથી. તેમ જ્ઞાનમાં ક્રોધાદિ કર્મ અને નોકર્મ આત્મામાં એ નથી. આત્મા એમાં નથી અને આત્મામાં એ નથી. આહા..હા..! વિકારી પરિણામ આત્મામાં નથી એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ?

આત્મામાં ક્રોધાદિ, કર્મ કે નોકર્મ નથી. '**કારણ કે તેમને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી...**' લ્યો! આ પાંચમો બોલ આવ્યો. કેમકે પુણ્ય-પાપના ભાવને, કર્મને અને શરીરને, સગાવ્હાલા કુટુંબી જડને, પરને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીત છે. આત્માનું સ્વરૂપ અને રાગનું સ્વરૂપ અત્યંત વિપરીત છે. આહા..હા..! છે પરસ્પર હોં! રાગને આત્માનું સ્વરૂપ અને આત્માને રાગનું સ્વરૂપ પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા. એકલું વિપરીત નહિ, અત્યંત સ્વરૂપવિપરીતતા. આહા..હા..! જેમ જાણનસ્વરૂપ છે તે આત્મા છે એને એનું સ્વરૂપ કીધું. એમ આ જાણન શરીરથી વિરુદ્ધ, રાગાદિ ભાવ અને આત્મામાં અત્યંત સ્વરૂપ વિપરીત હોવાથી. આહા..હા..! હવે વ્યવહારરત્નત્રયનો સ્વભાવ અત્યંત સ્વરૂપથી વિપરીત છે. હવે એનાથી આત્માને નિશ્ચય પ્રગટ થાય. અરે..! ભારે લોકો. છે? શું છે?

દયા, દાન, વ્રત, ભક્તિના, તપના ભાવ વિકલ્પ, એનું સ્વરૂપ અને આત્માનું સ્વરૂપ અત્યંત વિપરીત છે. અત્યંત સ્વરૂપ વિપરીત છે, બેયના સ્વરૂપ અત્યંત વિપરીત છે. આહા..હા..! આ બધા વાંધા છે અત્યારે લ્યો! નહિ, એ બધી દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરતાં-કરતાં આગળ જવાય. નીસરણી હોય કે નહિ? અશુભમાંથી છૂટીને શુભમાં જાય અને શુભમાંથી છૂટીને પછી (શુદ્ધમાં જાય), પણ શુભ પહેલું આવેને એમાં? કોણ છૂટે સાંભળને! એમાં છે જ ક્યાં તે છૂટે. સમજાણું કાંઈ? આત્મામાં એ રાગ છે જ નહિ પછી એ છૂટવું ક્યાં રહ્યું? આહા..હા..! આકરું કામ, બાપુ! સમ્યગ્દર્શન એ જન્મ-મરણના અંતને લાવવાની ક્રિયા છે. એ ક્રિયા અલૌકિક છે, ભાઈ! આહા..હા..!

'**તેમને પરસ્પર...**' એટલે? એ પુણ્યના ભાવને અને આત્માને પરસ્પર અંતર સ્વરૂપવિપરીત, કર્મને અને આત્માને અત્યંત સ્વરૂપવિપરીત, શરીરને અને આત્માને અત્યંત સ્વરૂપવિપરીત, કુટુંબ, કબીલાને અને આત્માને અત્યંત સ્વરૂપવિપરીત. આહા..હા..! '**(અર્થાત્ જ્ઞાનનું સ્વરૂપ અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી)...**' લ્યો! વિપરીતનો અર્થ કર્યો. અત્યંત વિરુદ્ધ હોવાથી, અત્યંત વિરુદ્ધ હોવાથી. આહા..હા..! શુભરાગ અને ભગવાન આત્મા પરસ્પર અત્યંત વિરુદ્ધ-અત્યંત વિપરીતતા. આહા..હા..! એ આને એકાંત કહે છે કે નહિ, રાગની મંદતા, કષાયની મંદતા કરતાં-કરતાં થાય. જગમોહનલાલજીએ નાખ્યું છેને. પડિમા લઈને બેઠા છે ખરા ને એટલે, કે આવી વ્યવહાર ક્રિયા કરતાં-કરતાં કોઈ નિશ્ચયને પામે. કોઈ શું ત્રણકાળમાં ન પામે. બેયનું સ્વરૂપ વિપરીત છે અને વિપરીત સ્વરૂપથી અવિપરીત સ્વરૂપ પામે? આવી વાત છે, બાપુ! છે?

આત્માનું સ્વરૂપ. જ્ઞાનનું એટલે આત્માનું. કૌંસમાં. અને પુણ્ય-પાપના ભાવનું સ્વરૂપ. તેમ કર્મ ને

શરીર, વાણી, મન ને બહારનું સ્વરૂપ અત્યંત વિરુદ્ધ હોવાથી તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી. હવે તેમને પરમાર્થભૂત—ખરેખર રાગનો આધાર અને આત્મા આધેય, આત્માની પરિણતિ એ આધાર અને રાગ આધેય... આહા..હા..! એમ છે નહિ. આહા..હા..! થોડી કડીમાં તો કેટલું નાખ્યું છે. લ્યો આ ત્રણ કલાક તો થયા. પરમ દિ' ગુજરાતી ચાલ્યું હતું, કાલે હિન્દી ચાલ્યું હતું. આહા..હા..! પાર નથી બાપા! તારી મહિમાનો પાર નથી. આહા..હા..! તારી મહિમા તેં બીજામાં નાખી દીધી. રાગમાં ને પુણ્યમાં ને શરીર સારું મળ્યું ને ત્યાં મહિમા અતિ આસક્તિ, આશ્ચર્ય લાગે છે એને. પોતાના સ્વભાવ સિવાય પર વસ્તુમાં આશ્ચર્ય લાગે એને પરની મહિમા થઈ ગઈ. આહા..હા..! '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' હવે એની થોડી વ્યાખ્યા છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગસર સુદ-૧૪, રવિવાર, તા. ૫-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૧-૧૮૩, પ્રવચન નં. ૨૫૨

સમયસાર, સંવર અધિકાર. અહીં સુધી આવ્યું છે. વિકારભાવ અને આત્મસ્વભાવભાવ બેની પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા છે. છે? સ્વરૂપવિપરીતતા. આત્માનું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ અને આસ્રવનું વિકારી સ્વરૂપ—વિભાવસ્વરૂપ એ બેને પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા છે. એને લઈને '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' ત્યાં સુધી આવ્યું છે. ઝીણી વાત છે, ભાઈ! માર્ગનો એવો સ્વભાવ છે. કહે છે કે રાગનો ભાવ અને સ્વભાવ ચૈતન્યનો સ્વભાવભાવ, બેયને પરસ્પર અત્યંત પરસ્પર—રાગથી સ્વભાવ વિપરીત અને સ્વભાવથી રાગ વિપરીત—પરસ્પર અત્યંત સ્વરૂપવિપરીતતા હોવાથી ખરેખર '**પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.** ' ત્યારે કોઈ એમાંથી નિકાળે કે પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી, પણ વ્યવહારથી આધારાધેય છે કે નહિ? જોકે વ્યવહારથી અસદ્ભૂત વ્યવહારનયથી એમ કહેવામાં આવે જ્ઞાન કરાવવા કે રાગથી આત્માને નિશ્ચય થાય એવું શાસ્ત્રમાં આવે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય એવું શાસ્ત્રમાં આવે.

**શ્રોતા** :- આવે તો માનવું જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ કઈ અપેક્ષાએ છે એ જાણવું જોઈએને. એકકોર અહીં ના પાડે અને એકકોર ત્યાં હા પાડે તો એનો અર્થ શું? કઈ નયનું એ વાક્ય છે? ઝીણી વાત છે, ભાઈ! આત્મા વસ્તુ સ્વભાવ ચિદાનંદ આનંદ વીતરાગસ્વરૂપી આત્મા અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ બધા રાગસ્વભાવ છે. આહા..હા..! એ રાગસ્વભાવ અને આત્મસ્વભાવને બંને વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીતતા હોવાને લીધે પરમાર્થે એકબીજાને આધારાધેય નથી. એટલે કે રાગને લઈને આત્માને જ્ઞાન

થાય સમ્યક્ કે સમ્યગ્જ્ઞાનને આધારે રાગ થાય એમ ચીજ નથી. પરમાર્થભૂત આ શબ્દ વાપર્યો છેને. પણ વ્યવહારથી કહેવામાં આવે. જયસેનાચાર્યની ટીકામાં તો બહુ એવું આવે (કે) વ્યવહારથી નિશ્ચય થાય, એમ આવે છે. એથી એ લોકો એમાં વળગેને અર્થમાં? પણ એ અસદ્ભૂત વ્યવહારનયનું કથન છે. વ્યવહારથી નિશ્ચય થાય.

અહીં કહે છે કે વ્યવહારને અને એને સ્વરૂપવિપરીતતા છે માટે એકબીજાને આધારાધેય નથી. વળી ત્યાં આધારાધેય કહે તો તે બીજી નયનું કથન છે. આ સત્યનયનું, આ નિશ્ચયનયનું કથન છે અને ઓલું અસદ્ભૂત વ્યવહારનયનું. કેમકે રાગ છે એ સ્વરૂપમાં નથી તેથી અસદ્ભૂત વ્યવહાર છે. એનાથી થાય એમ કહેવું (એ) એનું જ્ઞાન કરાવવા વાત છે.

**શ્રોતા :–** શું જ્ઞાન કરાવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ છે એમ જાણવું. બારમી ગાથામાં ન કહ્યું? તદાત્વ કાળે જાણેલો પ્રયોજનવાન છે એ વાત ત્યાં સિદ્ધ કરી. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! તત્ત્વને સમજવું. આહા..હા..!

રાગ અને ભગવાન આત્મા બે વચ્ચે અત્યંત સ્વરૂપ વિપરીત (છે), માટે એકબીજાને આધારાધેય નથી. એટલે? કે વ્યવહારરત્નત્રયનો રાગ આત્માની નિર્મળ પર્યાયને આધારે થાય એમ નથી અને એ રાગ છે તે આત્માને આધાર થઈને નિર્મળ પર્યાય પ્રગટ થાય એમ નથી. આહા..હા..! ત્યારે કહે શાસ્ત્રમાં એમ આવેને. આહા..હા..! કહ્યું નહિ? સવારમાં તો એમ જ કહ્યું કે સ્વબોધ નિજબોધ. આત્માના જ્ઞાન સિવાય પરનું જે જ્ઞાન છે... આહા..હા..! પરપદાર્થનું જ્ઞાન છે, શાસ્ત્રનું જ્ઞાન છે એ પણ દુઃખરૂપ છે એમ કીધું. કેમકે સ્વને આશ્રયે થતો આનંદ, ચૈતન્ય સ્વભાવનો આશ્રય થતાં થતો આનંદ એ સુખનું કારણ છે. અને પરાશ્રયે થતો રાગ... આહા..હા..! સ્ત્રી, કુટુંબ, પરિવાર માટે, ધંધા માટે રાગ થાય એ તો એકલો પાપ છે, એનો તો અહીં પ્રશ્ન છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? વીસ કલાક એને માટે આખો દિ' પાપ. આને આમ કરવું ને આને રળવું ને આને. આહા..હા..! ઓલું લખ્યું છેને ભાઈએ નહિ? ભગવાન પરણ્યા નહોતા. હુકમીચંદજી. કેમકે સ્ત્રી પરણતા દુર્ઘટના ઊભી થાય છે. એક સ્ત્રી જ્યાં આવી એટલે અનેક દુર્ઘટના (ઊભી થાય છે).

**શ્રોતા :–** યહ ઘટના ઘટને કે બાદ ઘટનાકા પ્રારંભ હો જાતા હૈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એની દુર્ઘટના થઈ ગઈને, એનો અર્થ આવી ગયો. એકની એક દુર્ઘટના જ ઊભી થાય છે. આહા..હા..! કેમકે એને સાચવવું, એને પોતાનું માનવું એને ભોગ, એને દીકરા થાય, એ બધી દુર્ઘટના જ ઊભી થઈ આખી. આહા..હા..! માટે ભગવાનને એ નહોતું એમ કહે. આહા..હા..! એ તો દુર્ઘટના તો પાપ છે, ધંધો આખો દિ' બાયડી-છોકરા સાચવવા, એને આ કરવા એ તો એકલું પાપ, એનો તો અહીં પ્રશ્ન છે નહિ, પણ જેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા.. પરદ્રવ્ય છેને એ? એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એમાં એકાગ્રતા રાગમાં એ બધી પરાધીન દશા છે. એ પરાધીન (દશા) અને સ્વભાવની આધીન દશાને પરસ્પર વિરોધ છે, સ્વરૂપ વિપરીત છે. આહા..હા..! છતાં અસદ્ભૂત વ્યવહારનયે એમ

આવે. પ્રવચનસારમાં છેલ્લું આવ્યું છે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. એય..! ક્ષુલ્લક ધર્મદાસ બ્રહ્મચારીએ એ શબ્દ કાઢી નાખ્યો લખાણમાંથી. પણ છે. શાસ્ત્રમાં એ છે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય. હવે અહીં ના પાડે કે કર્મકાંડ ને જ્ઞાનકાંડ વિપરીત છે. સમજાણું કાંઈ? આહા..હા..! ત્યાં કહે કે થાય તો એનો અર્થ એ નિમિત્ત છે એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત અહીં કર્તા છે એમ નહિ. સમજાય છે કાંઈ?

નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનમાં રાગની મંદતા, શ્રદ્ધા આદિની એ નિમિત્ત છે, પણ નિમિત્ત છે એને નિમિત્ત ક્યારે કહેવાય? કે એનાથી અહીં કાર્ય ન થાય, કાર્ય પોતાથી થાય ત્યારે તેને નિમિત્ત કહેવાય. સમજાણું કાંઈ? જેમ આ લાકડી છે જુઓ. હવે આંગળી એને નિમિત્ત છે, પણ નિમિત્ત છે એ એને એ ક્રિયાની કર્તા નથી. અહીંયાં અત્યારે જે ઊભી છે આમ સ્થિર છે, એને જુઓ આંગળીનો આધાર છે આમ. એ તો નિમિત્તની વ્યાખ્યા છે. એને એના આધારે રહેલી છે એ. કેમકે એનામાં આધાર નામની શક્તિ અને ગુણ છે કે જે ગુણની પર્યાય પોતાથી પોતાને આધારે અહીં રહેલી છે, આંગળીને આધારે નહિ, પણ આંગળીને આધારે કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે. એટલે શું? કે અદ્ધર રહી છે તેમાં નિમિત્ત શું છે? એ આંગળી. નિમિત્ત છે એ એને રાખે છે કાર્ય તરીકે એમ નહિ. આવી વાતું હવે. કહો, પ્રવિણભાઈ! ક્યાં ગયા હિંમતભાઈ?

આ લાકડી છે જુઓ પ્લાસ્ટિકની. એ ત્યાં રહી છે એ પોતાના કર્તા, કર્મને આધારે રહી છે. ચોપડીને આધારે નહિ. આવી વાત છે. કેમકે એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું નથી અને તેની તે ક્ષણે ત્યાં રહેવાનો જન્મકાળ-ઉત્પત્તિકાળ છે. એને આમાંથી રહ્યું એમ જે કહેવું એ નિમિત્તનું જ્ઞાન કરાવવા. એટલે કે એનાથી થયું નથી. નિમિત્ત કર્તા નથી એનું ત્યાં રાખવામાં, પણ ચીજ છે એનું જ્ઞાન કરાવવા એ અસદ્‌ભૂત વ્યવહારનયે એને આધાર કહેવામાં આવે છે. આહા..હા..! એમ વ્યવહાર શ્રદ્ધા આદિ વ્યવહારરત્નત્રયનો રાગ એ સ્વરૂપથી વિપરીત છે, એથી વિપરીત તે અવિપરીતને મદદ કરે એમ ત્રણકાળમાં નથી. છતાં એને વ્યવહારથી થાય એવા શાસ્ત્રમાં શબ્દો છે એનો અર્થ એટલો કે તે પોતાની શુદ્ધ પરિણતિનું સમ્યગ્દર્શન-જ્ઞાનનું કે ચારિત્રનું ષટ્‌કારકથી પરિણમન પર્યાયનું પોતાથી થાય છે ત્યારે ચીજ બીજી છે એનું જ્ઞાન કરાવવા, પણ બીજી ચીજ છે એ અહીં કરે છે એમ નહિ. ધન્નાલાલજી! આવી વાતું છે બહુ, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? આવું સમજવું. હવે આમાં ધર્મ કરવો શી રીતે?

બાપુ! ધર્મ ક્યારે થાય? કે આત્મા સ્વયંસિદ્ધ વસ્તુ છે એની નિર્મળ પર્યાય કરવામાં કોઈ બીજા કારણોથી થાય નહિ. આહા..હા..! અને એ ધર્મની વીતરાગી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ પર્યાયનું ષટ્‌કારક પરિણમન પર્યાયનું પર્યાયમાં પર્યાયથી છે. આહા..હા..! દ્રવ્ય-ગુણથી નહિ, તો પરથી તો નહિ જ, પણ જ્યારે કહેવું હોય કે પર્યાય દ્રવ્યથી થઈ એ બીજું વ્યવહારનયનું કથન થયું. આહા..હા..! એ પર્યાય નિમિત્તથી થઈ (એ વ્યવહારનું કથન છે). આવું છે. દેવીલાલજી! આહા..હા..! એ વખતે આત્માના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ થાય તે પરિણામ ષટ્‌કારકના સ્વતંત્રપરિણમનથી થાય છે, પણ તેને દ્રવ્યથી થયું (એ પણ વ્યવહારનયનું કથન છે). સિદ્ધાંત તો એમ કહે કે પર્યાયનો દાતા આત્મા નથી. સમ્યગ્દર્શનની પર્યાયનો દાતા આત્મા નથી, દ્રવ્ય નથી. આહા..હા..!

ગજબ વાત છે, બાપુ! અરેરે..! વાતું ક્યાં રહી ગઈ! માર્ગ ક્યાંય રહી ગયો અને માર્ગમાં ક્યાંય ચડી ગયા. આહા..હા..! એ પર્યાયને દ્રવ્યથી થઈ એમ કહેવું એ પણ એક સદ્ભૂત વ્યવહારનયનું એ વચન છે, પર્યાય અને પરથી થયું એ અસદ્ભૂત વ્યવહારનયનું વચન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** દ્રવ્યની પર્યાય કહેવું એ ઉપચાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ઉપચાર છે, એ વ્યવહાર છે, છતાં પરથી ભિન્ન પાડે ત્યારે એમ કહે કે એ પર્યાય દ્રવ્યની છે, પણ બેમાંથી ભિન્ન પાડે ત્યારે પર્યાયનો દાતા દ્રવ્ય નથી. આહા..હા..! યોગસારમાં આવી ગયું છે આત્મધર્મમાં. અમિતગતિ આચાર્ય. આત્માની સમ્યગ્દર્શનની પર્યાયનો પણ દાતા આત્મા નથી. આહા..હા..! કેવળજ્ઞાનની પર્યાયનો આત્મા દાતા નથી. પૂર્વના મોક્ષમાર્ગથી કેવળજ્ઞાન થયું એ તો વ્યવહારવચન છે. આહા..હા..! પણ કેવળજ્ઞાન આત્માથી થયું એ પણ વ્યવહાર વચન છે. આહા..હા..! કેવળજ્ઞાનનો પર્યાય તે સમયે શક્તિમાંથી વ્યક્તિ થઈ એમ કહેવું એ વ્યવહાર છે, પણ વ્યક્તિ થઈ પર્યાય પ્રગટ એ પોતાના ષટ્કારકના પરિણમનથી થઈ છે તે તેનું વાસ્તવિક સ્વરૂપ છે. વાદવિવાદ કરે તો આ પાર પડે એવું નથી, બાપુ! આહા..હા..!

સવારમાં કહ્યુંને કે આત્મા સિવાય આત્માનું જ્ઞાન, સ્વનું જ્ઞાન, સ્વની શ્રદ્ધા, સ્વમાં રમણતા તે વાસ્તવિક મોક્ષનો માર્ગ છે, તે વાસ્તવિક જ્ઞાન શ્રદ્ધા છે અને સ્વ છોડીને પરદ્રવ્યનું જ્ઞાન, શાસ્ત્રનું જ્ઞાન એ પણ દુઃખરૂપ છે. આહા..હા..! વીતરાગ સ્વરૂપે ભગવાન એનો લક્ષ અને આશ્રય થઈને જે નિર્મળ વીતરાગી પર્યાય ધર્મ થયો એ પણ પોતાના ષટ્કારકના પરિણમનથી થયો છે. આહા..હા..! એને રાગના ભાવથી થયો એમ કહેવું (એ વ્યવહારવચન છે). રાગ છે એક સમયમાં બે ભાગ છે. ઝીણી વાત બાપુ! તત્ત્વજ્ઞાન વીતરાગનું બહુ સૂક્ષ્મ છે.

એક સમયમાં બે ભાગ. જેટલો આત્માને આશ્રયે પર્યાય થઈ એ નિર્મળ અને જેટલી નિમિત્તને લક્ષે થયેલી એક પર્યાયનો ભાગ એ રાગ. આહા..હા..! અરેરે..! આ ક્યાં પડી છે જગતને. શશીભાઈ! આવી વસ્તુ છે આ. ભાઈ નથી આવ્યા? હીરાભાઈ નથી આવ્યા આજે નહિ? તાવ આવ્યો છે? માણેકચંદભાઈ આવ્યા હતા સવારે. હશે ત્યાં. ઠીક આવ્યા છે. આ આવ્યા છે. કાલે આવ્યા હતા, પરમ દિ' આવ્યા હતા બપોરે. નરમ માણસ. બહુ નરમ. આહા..હા..! શું કીધું સમજાણું કાંઈ? ભાઈ! આ તો વીતરાગમાર્ગની કથા છે, ભાઈ! વીતરાગ પરિણતિ ધર્મની એ પણ પોતાનો એક સમયનો પર્યાય ષટ્કારક કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, સાધન પર્યાય. આહા..હા..! એને હવે અહીં કહે છે, વ્યવહાર સાધન કહેવું, બાર પ્રકારના તપ છેને અનશન, ઉણોદરી તો એ સાધન દ્વારા ઉપયોગને સાધવો એમ આવે. ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. બાહ્ય સાધન છે, પણ એ સાધન છે એટલે? સમજાણું કાંઈ? મોક્ષમાર્ગમાં. સાતમા અધ્યાયમાં આવે છે ઘણું. ઘણા પ્રકારો લક્ષમાં આવે પણ વસ્તુને, એ ત્યાં એમ કહ્યું છે જુઓ કે સમજાણું?

બાહ્ય સાધન, એમ કે ધર્મી પણ અપવાસાદિ તો કરે છે, તેને શુદ્ધની ઇચ્છા નથી? કહે ના, ના; શુભની ઇચ્છા નથી, એને શુદ્ધોપયોગની ભાવના છે. શુદ્ધોપયોગ વધારવાની ભાવના. આહા..હા..!

એમાં આ અનશન, ઉણોદરીનું નિમિત્ત બાહ્ય સાધન નિમિત્ત કહેવાય. એનો અર્થ એ કે એ સાધનથી નિર્મળ પર્યાય થઈ નથી, પણ બાહ્ય સાધનને નિમિત્ત કહેવું અને એનાથી થયું કહેવું એ અસદ્‌ભૂત વ્યવહારનું કથન છે. નયનું જ્ઞાન બહું ઝીણું, બાપુ! દરેક ગાથાનો શબ્દાર્થ, પછી એનો આગમાર્થ, પછી એનો નયાર્થ, પછી અન્યમતનો તે રીતે છે એમાં એ અને પછી એનું તાત્પર્ય એટલે રહસ્ય. એક-એક ગાથાએ પાંચ બોલ સમજવા જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ?

બાહ્યસાધન કહ્યું છે, એમ વ્યવહારરત્નત્રયને પણ બાહ્યસાધન કહ્યું છે. જયસેનાચાર્યની ટીકામાં બહુ લે છે. બાહ્ય સાધનથી આ સાધ્ય થાય. એમ આવે છે. એય..! ત્યાં આગળ બાહ્યસાધન કહીને નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે, નિમિત્તથી થાય છે એમ નથી, પણ અસદ્‌ભૂત વ્યવહારનયે કથન એમ કરવામાં આવે કે એનાથી એ થયું. એટલે કે નિમિત્તથી થયું એનો અર્થ કે એનાથી થયું નથી, પણ નિમિત્તની ઉપસ્થિતિએ તેનું જ્ઞાન કરાવ્યું છે. અરેરે..! આવી વાતું હવે આમાં ક્યાં? એય..! મનસુખભાઈ! આવું ઝીણું છે. આહા..હા..!

એ વસ્તુ છે. એ કીધુંને. અહીં આપણે આના ઉપર ચાલે છે આ. શેના ઉપર ચાલે છે આ? '**તેમને પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' પણ વ્યવહારનયે નિમિત્ત સાધન છે. નિમિત્તને સાધન કહ્યું. આહા..હા..! એ નિમિત્તને કારણ કહ્યુ એ અસદ્‌ભૂત વ્યવહારનયનું કથન. ફક્ત કઈ ચીજ છે એનું જ્ઞાન કરાવવા. સ્વનું જ્ઞાન થયું છે એમાં નિમિત્ત કોણ હતું એનું વ્યવહારે જ્ઞાન જાણવાલાયક, માટે તે કાળે તે જાણવાનું જ્ઞાન કરાવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શશીભાઈ! આવું ઝીણું બહુ. આહા..હા..! મુંબઈ જેવામાં માંડી આવી જરી તો કહે. એકને બધો વિસ્તાર કરવો પડે ત્યાં ઘણા પડખેથી. આહા..હા..!

અહીં કહે છે કે ભગવાન આત્મા આનંદનો નાથ પ્રભુ, એને લક્ષે થયેલી સ્વાશ્રયે મોક્ષનો માર્ગ, ધર્મનો માર્ગ, સુખનો પંથ એને અને વ્યવહારના દુઃખપંથને આધારાધેય નથી. એટલે કે દુઃખપંથ છે તો સુખ થયું એમ નથી. સમજાય છે કાંઈ? બાપુ! આ તો ઝીણી વાત છે, બાપા! અરે..! આ તો વીતરાગના પેટ છે, ભાઈ! આહા..હા..! અરે..! એને આગ્રહરહિત સત્યને સત્ય તરીકે સમજવું. આહા..હા..! જેના ફળ અમૃત છે. એમ કહ્યુંને સવારમાં, 'નિજબોધ તે સુખરૂપ છે, પરનો બોધ તે દુઃખરૂપ છે.' આહા..હા..! ગજબ વાત છે. તો પરનો બોધ તો કેવળીને પણ હોય છે. કઈ અપેક્ષાએ કહ્યું એ? કે સ્વના-પોતાનો આશ્રય છોડી અને પરનું લક્ષ જશે તો એ રાગી પ્રાણી છે એ એટલે રાગમાં વિકલ્પની અગ્નિ જાગશે. આહા..હા..! આવ્યું હતું સવારમાં. વિકલ્પ અગ્નિ? વિકલ્પની જાળની અગ્નિ. એમ આવ્યું હતું. આહા..હા..! અને ભગવાન આત્મા પોતાના સ્વભાવને આશ્રયે જાય છે, ત્યારે એને નિર્વિકલ્પ શાંતિ આનંદ પ્રગટે. ત્યાં અગ્નિ કેમ કહ્યું?

જુઓ કહ્યુંને છ ઢાળામાં? 'રાગ આગ દાહ દહે સદા, તાતૈ સમામૃત સેઈએ.' આહા..હા..! એ શુભરાગ પરતરફના જ્ઞાન કરવામાં જે રાગ થાય, શાસ્ત્રનું જ્ઞાન કરવામાં રાગ થાય. આહા..હા..! પંચમહાવ્રતમાં પણ રાગ થાય એ 'રાગ દાહ દહે સદા.' એ અગ્નિ કીધી ત્યાં. પાઠમાં આવ્યું હતુંને?

વિકલ્પજાળની અગ્નિ. એનાથી રહિત સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે, એમ આવ્યું. આહા..હા..! હવે એને પાછું એમ કહેવું કે વિકલ્પની પરજ્ઞાનથી, પરના ઓલાથી જીવને નિશ્ચય થાય, લાભ થાય. તો તો પૂર્વાપરવિરોધ થઈ ગયો. વીતરાગની વાણી પૂર્વાપરવિરોધ હોઈ શકે નહિ. આહા..હા..! ત્યારે કહે કેમ કહ્યું? ફક્ત નિમિત્તની ઉપસ્થિતિને દેખીને, અથવા એ નિમિત્ત તે અનુકૂળ છે, અનુકૂળ છે. કાંઠે ઊભેલી ચીજ છે એ બીજી. જેમ નદીના બે કાંઠા છે કુળ છે કુળ. પાણી ચાલ્યું જાય છે આમ. એ કાંઠાને લઈને નહિ, છતાં એને કાંઠા કહેવાય. અરેરે..! આહા..હા..! બે ભર્યા હોયને મોટા-મોટા. તો નદીના એ અનુકૂળ છે ફક્ત નિમિત્ત છે, પણ એ પાણીનો પ્રવાહ જાય છે એ નિમિત્તને લઈને જાય છે (એમ નથી). આહા..હા..! એમ નિમિત્ત અનુકૂળ છે એટલે એને નિમિત્તનું જ્ઞાન કરાવે, પણ નિમિત્તને લઈને અહીં થાય, પ્રવાહ ચૈતન્યનો નિર્મળ વહે એ નિમિત્ત નામ મલિન રાગને કારણે, એમ નથી. આહા..હા..! ચૈતન્યનો પ્રવાહ તો અંદર આનંદના નાથને આશ્રયે. આહા..હા..! એ ચૈતન્યપ્રવાહ નિર્મળ વહે છે એમાં એ રાગ ને એનાથી થયું એમ કહ્યું એમ કહેવું એ તો કાંઠે ઊભેલો નિમિત્ત અનુકૂળ છે. અનુકૂળ એટલે અનુસરીને કાંઠે રહેલી બાહ્ય ચીજ છે એ. સમજાણું કાંઈ? આવી વાતું હવે. આહા..હા..! પ્રભુ! તારી સ્વતંત્રતાની બલિહારી છે નાથ! તું કોણ છો તને એની ખબર નથી. આહા..હા..!

'**પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' એના ઉપર આ બધી વાત છે. સમજાણું કાંઈ? વ્યવહારે આધારાધેય કહેવાય કે નિમિત્તથી આ થયું એટલે કે એમ નથી. વ્યવહારનય એમ કહે છે કે એમ નથી, પણ નિમિત્તનું જ્ઞાન કરાવવા એ વચન છે. એ આવે છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશે તો ઘણી વાત કરી છે. સાતમા અધ્યાયમાં ત્યાં સુધી લઈ ગયા છેને આસ્રવ અને બંધ અધિકારમાં કે રાગ પ્રવર્તો, પણ રાગમાં બંધનું કારણ જાણો. શુભરાગમાં આવો અને શુભરાગ આવશે, પણ એને બંધનું કારણ જાણો, જો મોક્ષનું કારણ જાણો તો શ્રદ્ધા મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? આહા..હા..! અરેરે..! ક્યાં આમાં રખડતો અનાદિથી. એને આવી વાત સમજવાને અવસર, વખત ક્યાં? અને મધ્યસ્થ રીતે આગ્રહ છોડી દઈને મારું કલ્યાણ કેમ થાય? મારું હિત કેમ થાય? એક જ વાત. આહા..હા..! એમાં તો આ રીતે વસ્તુ ભગવાન પૂર્ણનો સ્વનો બોધ અને સ્વનો આશ્રય તેનું જ્ઞાન, શ્રદ્ધા અને રમણતા, સ્વના આશ્રયથી થતું જ્ઞાન, સ્વને આશ્રયે થતી પ્રતીત અને અને સ્વને આશ્રયે થતી રમણતા, આહા..હા..! એક જ હિતનું કારણ અને મોક્ષરૂપી કાર્યનું આ એક જ કારણ છે, પણ બીજું કારણ એને કહ્યું, જેમ વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો, એ મોક્ષમાર્ગ નથી. સમજાણું કાંઈ?

નિશ્ચયમોક્ષમાર્ગ તો સ્વદ્રવ્યને આશ્રયે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર થાય તે મોક્ષમાર્ગ. પણ જોડે એ પ્રકારની અપૂર્ણતાને લઈને અને રાગની ઉપસ્થિતિથી એને શ્રદ્ધા, રાગને વ્યવહારસમકિત કહેવું એ સહચર અને નિમિત્ત જાણીને કહેવાનું છે. આહા..હા..! ખરેખર એ મોક્ષમાર્ગ નથી. એમ આનાથી થાય એવું સાધન એ ખરેખર નથી. સમજાણું કાંઈ? આહા..હા..! સાધનના કથન નિરૂપણ બે પ્રકારે આવે, પણ સાધન તો એક જ સ્વરૂપનું સાધન જે નિર્મળ તે જ સાધન છે; એમ મોક્ષમાર્ગનું નિરૂપણ-કથન બે પ્રકારે આવે—એક સત્ય અને એક ઉપચારિક, પણ વાસ્તવિક કારણ તો એક જ છે. આહા..હા..!

અહીં તો દેવ, ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા, ભક્તિ અને એનો આદર એ પણ રાગ છે. આહા..હા..! અને એ પણ દુઃખનું (કારણ અને) દુઃખરૂપ છે. ભગવાનનો આશ્રય લઈને થાય તે આનંદરૂપ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સ્વચૈતન્યને અવલંબે થાય તે સુખરૂપ-આનંદરૂપ છે અને પરને અવલંબે થયેલું જ્ઞાન અને શ્રદ્ધા એ દુઃખરૂપ છે. આહા..હા..! આવી વાત છે. બેસાડવી પડશે બાપુ એને. આહા..હા..!

'**પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' આહા..હા..! આમાં એટલું બધું વ્યવહારનું ભરેલું. આમાં કહે કે પરમાર્થભૂત નથી, પણ વ્યવહારભૂત છે કે નહિ? આહા..હા..! વ્યવહારભૂત છે એ જ્ઞાન કરાવવા છે. આહા..હા..! આટલી-આટલી વાત કરતાં આવે છે ભેદજ્ઞાનની. એક વસ્તુની બીજી વસ્તુ નથી એટલે આત્માનો આસ્રવ નથી, આસ્રવનો આત્મા નથી, આત્માનો આસ્રવ નથી, દયા, દાન, વ્રત, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ આત્માનો નથી. આહા..હા..! એ વસ્તુ ભિન્ન છે એમ તો કહેતા આવે છે. એક વસ્તુ. પાઠ જુઓને, '**न खल्वेकस्य द्वितीयमस्ति,**' સંસ્કૃત. આહા..હા..! ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી. ભગવાન આનંદસ્વરૂપની આ રાગ વસ્તુ એ એની નથી. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તે અગ્નિરૂપ કષાય છે. એ આત્મા આનંદ અને અકષાયસ્વરૂપ છે તેનો એ કષાયભાવ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એમ કહ્યુંને, કેમકે બેના ક્ષેત્રભેદ છે. વસ્તુ ભિન્ન છે માટે ક્ષેત્ર ભેદ છે.

પ્રવચનસારમાં એમ લીધું કે પૃથક્ પ્રદેશથી ભિન્ન છે. બીજા દ્રવ્યના પ્રદેશ ભિન્ન છે એને ભિન્ન કહ્યું, પણ આત્માને, ગુણને, ગુણ અને ગુણ વચ્ચે અને આત્માની પર્યાય વચ્ચે અતદ્ભાવ છે. અતદ્ભાવ છે, પૃથક્ભાવ એ નથી. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં છે કે જેના પ્રદેશ ભિન્ન છે તે ચીજ ભિન્ન. આમાં પ્રદેશ ભિન્ન એ મલિનની અપેક્ષાએ એ પ્રદેશભિન્ન છે. ઓલામાં એનું વસ્તુનું સ્વરૂપ જ ભિન્ન છે, તેથી પ્રદેશભિન્ન છે. સમજાણું કાંઈ? અહીં અંતરમાં પણ શુભના રાગનું ક્ષેત્ર મલિનતાની ઉત્પત્તિનું ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! માટે તેની, બેની સત્તા ભિન્ન છે. આસ્રવનું હોવાપણું અને ભગવાન આનંદનો નાથ પ્રભુ જ્ઞાયકનું હોવાપણું, બેની સત્તાનું વસ્તુ એકની બીજી નથી માટે અને એકની બીજાના પ્રદેશમાં પ્રદેશ ભિન્ન છે માટે બેની સત્તા એક નથી, બેની સત્તા બે છે.

**શ્રોતા :-** પ્રવચનસારમાં પ્રદેશભેદની ના પાડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બીજા. આહા..હા..! પાછું એને. આહા..હા..! અતદ્ભાવરૂપ અભાવ છે, અન્યોન્ય અભાવ જે ગણ્યો છે એ ત્યાં ન લેવો. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાણુ છે એક પ્રદેશ છે, લ્યો! એ પ્રદેશમાં પણ જે વિભાવિક અવસ્થા થાય છે, વિભાવ છેને એમાં, એટલું એક જ પ્રદેશમાં બે ભાગ છે. ઝીણી વાતું, ભાઈ! માર્ગ મોક્ષનો. જિનવર જે કહે છે એ માર્ગ ક્યાંય છે નહિ અને જ્યાં છે ત્યાં તેને સમજવામાં આવ્યો નથી. આહા..હા..! પરમાણુ એક પ્રદેશી વસ્તુ તેના બે ભાગ. વિભાવપણે પરિણમે છે જ્યારે વિકારપણે ત્યારે તે વિભાવ પણ એકપરમાણુમાં વિભાવ ન હોય એકલો, પણ બીજા પરમાણુના સંબંધમાં જાય તો એ પરમાણુમાં વિભાવ પોતાને કારણે હોય. સમજાણું કાંઈ? છતાં એ વિભાવનો અંશ જે છે, આહા..હા..! તેનું એક પ્રદેશમાં પણ એનું ક્ષેત્ર અંશ

ભિન્ન છે અને નિર્મળ છે એનો પ્રદેશ ભિન્ન છે. આહા..હા..! સત્તાનું હોવાપણું પોતાનું... આહા..હા..! બેયની સત્તા ભિન્ન છે, બેયનો ભાવ ભિન્ન છે, બેયના ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે રાગ અને ભગવાન આત્મા બે વસ્તુ ભિન્ન છે, એના પ્રદેશ ભિન્ન છે, માટે સત્તા ભિન્ન છે, તેથી એક બીજાને આધારાધેય નથી, તેથી એકબીજાના ફળ ભિન્ન છે. સમજાણું કાંઈ? રાગનું ફળ દુઃખ છે અને અહીંયાં આત્માના આશ્રયનું ફળ આનંદ છે. આહા..હા..! આવું છે, બાપુ! '**પરમાર્થભૂત આધારાધેયસંબંધ નથી.**' એ વ્યવહારની જરી વ્યાખ્યા નાખી આમાં. કહેવામાં આવે એનું નિમિત્ત જ્ઞાન કરાવવા. આહા..હા..! એને એમ જ માની લે કે એ સાધન છે, સાધ્યનું સાધન છે એમ પણ આવે છે નહિ? વ્યવહાર સાધ્યસાધન પંચાસ્તિકાયમાં. રાગ સાધન અને નિશ્ચય નિર્મળ સાધ્ય. લ્યો! એય..! એ કઈ અપેક્ષાએ, ભાઈ! ત્યાં આગળ એ સાધન એવો રાગનો છે એને આરોપથી સાધન કહ્યું છે. ... એ સાધન તો નિર્મળ પરિણતિ તે સાધન છે, પણ તે સાધનનો રાગમાં આરોપ કરી સહચર દેખીને, નિમિત્ત દેખીને એને સાધન કહેવામાં આવ્યું છે, એને વાસ્તવિક સાધન માને તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહા..હા..! કહો, શશીભાઈ!

હવે એટલું ત્યાં પરમાર્થભૂત આધારાધેયસંબંધ. આહા..હા..! પરમાત્માની વાણી છે બાપુ આ તો. સંતો વીતરાગના સર્વજ્ઞની વાણી છે, ભાઈ! એમાં કઈ અપેક્ષા છે એ. તેથી કહ્યું છેને કે કોઈપણ શાસ્ત્રની ગાથા, એનું તાત્પર્ય તો તે ઠેકાણે કહ્યું છે, પણ સારા શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે અથવા દરેક શાસ્ત્રનો પહેલો શબ્દાર્થ થવો જોઈએ, પછી આગમાર્થ થવો જોઈએ, એનો નયાર્થ થવો જોઈએ. કઈ નયનું આ વાક્ય છે? આવે છે? પાંચ બોલ આવે છે. દ્રવ્યસંગ્રહ, સમયસાર ઘણે ઠેકાણે આવે છે. આહા..હા..! કઈ નયનું વાક્ય? એમ કઈ નયનું શું કામ છે? છે કે નહિ એ વાત. કથન છે કે નહિ? વ્યવહારથી થાય એવું છે કે નહિ? પછી વળી કઈ નયનું શું કામ છે? આહા..હા..! બાપુ! એ વ્યવહારનું કથન છે એ ઉપચારનું કથન છે, જોડે નિમિત્ત દેખીને તેને સાધનનો ઉપચાર કરવામાં આવ્યો છે, વાસ્તવિક એ સાધન છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી...**' હવે નવું ચાલે છે. વીતરાગની વાણી ગંભીર છે, બાપુ! સંતો, દિગંબર સંતો એટલે ઓહોહો..! જેને પ્રચુર આનંદનું સંવેદન વર્તે છે, એમાં જરી આ વિકલ્પ આવ્યો છે. બીજા એમ કહે કે જ્યારે તમે વિકલ્પને દુઃખરૂપ માનો છો તો એ વિકલ્પ શું કામ આવે છે? અરે..! ભગવાન! અમને સમજાવવા માટે તમને વિકલ્પ આવ્યો, તમે કહો કે કોઈથી કોઈ સમજે નહિ અને વિકલ્પ સમજાવવાનો આવ્યો એ દુઃખરૂપ છે, છતાં તમે બોલો છો કાંઈક અને માનો છો કાંઈક. ભાઈ! એમ નથી, એમ ન કહેવાય. પ્રભુ! એમ ન બોલાય. આહા..હા..! એ વિકલ્પ છે, પણ એમાં સિદ્ધ શું કરે છે? વ્યવહાર છે એ સિદ્ધ શું કરે છે? નિશ્ચયને. આહા..હા..! સમજાણું કાંઈ? આઠમી ગાથામાં આવ્યું કે નહિ, ભાઈ! વ્યવહાર છે ખરો. અનાર્ય ભાષા વિના અનાર્યને સમજાવી શકાય નહિ, વ્યવહાર વિના નિશ્ચય સમજાવી શકાય નહિ. એટલે? વ્યવહારથી સમજે છે? એમ તમે કહો તો વ્યવહારથી નિશ્ચય સમજાવે છે, તો તો વ્યવહારથી નિશ્ચય થાય છે એમ થયું. એમ નથી. ત્યાં ને ત્યાં કહ્યું છે કે કહેનાર અને

સાંભળનારને વ્યવહારથી નિશ્ચય સમજાવે છે, પણ એને વ્યવહાર અનુસરવું નહિ. અરે..! પણ તમે ભેદ પાડીને કહો છોને વળી અનુસરવું નહિ? બાપુ! એ જુદી વાત છે. આહા..હા..! વ્યવહાર ન અનુસરતવ્યમ. આહા..હા..! દિગંબર સંતોએ તો કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. આહા..હા..! અરે..! એના એક-એક વાક્યમાં અનંત-અનંત આગમ પડ્યા છે. શ્રીમદ્ કહે છેને. આહા..હા..! જ્ઞાનીના એક વાક્યમાં અનંત આગમ છે. એક-એક વાક્યનો વિસ્તાર એટલો છે કે એ સંતો કેવળજ્ઞાનીઓ જાણી શકે, કરી શકે. એટલો વિસ્તાર પડ્યો છે. આહા..હા..!

એક પરમાણુમાં અનંતા સામાન્યગુણ છે અને અનંતા વિશેષગુણ છે. કહી શકાય કેટલા? કે છ કહેવાય. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ. જેટલા આત્મામાં ગુણ છે અનંત સંખ્યાએ એટલા જ અનંત સંખ્યા એક પરમાણુમાં ગુણ છે અને એટલા જ અનંત સંખ્યાએ એક આકાશના ગુણ છે અને આકાશ સર્વવ્યાપક તોપણ ગુણ સરખા, ક્ષેત્ર એવડું તોપણ ગુણ સરખા. આનું ક્ષેત્ર એકપ્રદેશ જેટલું છતાં ગુણ સરખા. આહા..હા..! સમજાણું કાંઈ? જડના જડ ગુણ. ચૈતન્યના ચૈતન્ય ગુણ. આહા..હા..!

**'વળી જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...'** શું કહ્યું? જેમ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી કહીને આખો આત્મા કહ્યો છે. એ જ્ઞાનસ્વરૂપ ભગવાન છે એની જાણનક્રિયા એનું સ્વરૂપ છે. એ જાણવું, શ્રદ્ધવું, માનવું, ઠરવું એ તો એની ક્રિયા છે. જાણનક્રિયા જ્ઞાનનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ એ જાણનક્રિયા છે. ઓલી જાણનક્રિયા લેવી છેને એટલે જ્ઞાન લીધું ત્યાં. જ્ઞાન ત્રિકાળી વસ્તુ. આહા..હા..! એ જ્ઞાન ત્રિકાળી વસ્તુ જે છે એનું જાણવું-જાણનક્રિયા.. જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે. આહા..હા..! ભગવાન આત્માની જેમ જાણવું, દેખવું, શ્રદ્ધવું, ઠરવું એવી જે જ્ઞાનની ક્રિયા છે એ આત્માનું સ્વરૂપ છે એ, જ્ઞાનનું એ સ્વરૂપ છે. આહા..હા..! પર્યાયની પરિણતિની વાત છે હોં. જ્ઞાનસ્વરૂપ ભગવાન પૂર્ણ છે એનું પરિણમન જે છે એ જાણનક્રિયા છે એ જ્ઞાનનું જ સ્વરૂપ છે, એ કોઈ વિકારનું સ્વરૂપ છે નહિ. આહા..હા..! આવી ભાષા અને આ બધું.

**'વળી જ્ઞાનનું સ્વરૂપ...'** ભગવાન આત્મા, એનું **'સ્વરૂપ જેમ જાણનક્રિયા છે...'** એમ એ સ્વરૂપ આમ લેવું. જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે. આહા..હા..! આત્મા જ્ઞાયકસ્વરૂપ છે, એનું સ્વરૂપ જાણનક્રિયા છે, જાણવું-દેખવું એ એની ક્રિયા છે. જાણનક્રિયા એ એનું સ્વરૂપ જ છે કહે છે. આહા..હા..! નિર્મળ પરિણતિ જ્ઞાનની એ ગુણ એ વસ્તુનું સ્વરૂપ જ છે એ. કેમકે વસ્તુમાં એ હતું એ રીતે એનું પરિણમન થયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે, તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ,...'** નથી. આહા..હા..! આવો ધર્મ. ઓલું તો એવું સહેલુંસટ હતું. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌઈન્દ્રિયા, મિચ્છામિ.. લ્યો મિચ્છામી દુક્કડમ. ઈચ્છામી પડિક્કમણા. તસ્સઉતરી કરણે, તાવકાય ઠાણેણં માણેણ જાણેણં. લોગસ્સ કરીને સિદ્ધાસિદ્ધિ મમદિસંતુ, નમોત્થુણ કરીને .. સિવમયમ .. એ સામાયિકને આવે છેને.

**શ્રોતા :-** બધાના અર્થ પણ ન જાણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અર્થની ખબર પણ ન મળે કાંઈ. બે ઘડી કાઢે. ચાલી નીકળ્યા. અરે એમાં આવી વાત, બાપુ! પ્રભુ! તને સમજવો અને એનું જ્ઞાન થવું એ અલૌકિક વસ્તુ છે. આત્મજ્ઞાન થયું એટલે મોક્ષમાં હવે તૈયારી થઈ ગઈ. આહા..હા..! બીજ ઊગી એ તો પૂનમ થવાની જ, એમ જેને સમ્યગ્દર્શન અને આત્મજ્ઞાનરૂપી બીજ પ્રગટ્યું, એને કેવળજ્ઞાન પૂર્ણ થવાનું છે. આહા..હા..!

અહીં તો ત્યાં સુધી લીધું કે જે કાંઈ સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ્યું એ હવે પડવાનું નથી. આહા..હા..! જુઓ તો સંતોની અપ્રતિહત ગતિ! આમ કરીને પડી જશે તો? ફલાણું થશે? હવે પહેલેથી ક્યાં માંડી આ? અહીંયાં તો મુનિઓ એમ જ કહે છે કે જે સ્વરૂપનું ભાન થયું, રાગની એકતા તૂટીને, આહા..હા..! જે રાગનું જ જ્ઞાન હતું કે રાગ તે હું, એ રાગનો (આશ્રય) તૂટીને, પૃથક્ થઈને જ્ઞાનનું જ્ઞાન થયું એ હવે પાછું પડવાનું નહિ. એ સમ્યગ્જ્ઞાન ઊગ્યું, બીજ ઊગી એ કેવળજ્ઞાન લીધે છૂટકો છે. આહા..હા..! દેવીલાલજી! આવી વાતું છે.

'**જ્ઞાનનું સ્વરૂપ...**' એટલે આત્માનું સ્વરૂપ. જાણવું-દેખવું એ આત્માની પરિણતિ એ આત્માનું જ સ્વરૂપ છે, તેમ સ્વરૂપથી વિરુદ્ધ રુચિ, રાગની રુચિ એવો ક્રોધ, સ્વરૂપની જેમ સ્વરૂપ જાણનસ્વરૂપ એનું છે એમ રાગની રુચિ એવો જે ક્રોધ એ આત્માનું સ્વરૂપ છે એમ ત્રણકાળમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને ક્રોધાદિનું સ્વરૂપ...**' જેમ ક્રોધાદિ પરિણમે છે એનું સ્વરૂપ ક્રોધાદિ ક્રિયા-પરિણતિ છે એની. આહા..હા..! ક્રોધ, માન, માયા, વ્યવહારરત્નત્રયનું સ્વરૂપ રાગરૂપે પરિણમવું એ એની ક્રિયા છે. આહા..હા..!

'**તેમ ક્રોધાદિકનું સ્વરૂપ જાણનક્રિયા પણ છે...**' આહા..હા..! એ રાગના રુચિરૂપ ક્રોધનું પરિણમન એ પણ પાછું જાણનરૂપ છે એ એમ નથી, બે ભિન્ન ચીજ છે. રાગની રુચિરૂપ ક્રોધભાવ, સ્વભાવ પ્રત્યેનો અનાદર થઈને થયો ક્રોધ, એ ક્રોધનું જે પરિણમન છે તે પણ જ્ઞાનનું જ પરિણમન છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહોહો..! ગજબ કામ કર્યા છે ત્રણ ગાથામાં. ભાગ્યશાળીને તો આ વસ્તુ કાને પડી એવી છે. બાપુ! શું કહીએ? આહા..! આ દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો. ક્લેશ છે ક્લેશ એ તો બધો. આહા..હા..! એ ક્લેશની ક્રિયા અને જાણનક્રિયા બે એક છે એમ નથી, એમ કહે છે. પર્યાય હોં બેય. એક જાણનક્રિયાની પર્યાય એ જીવનું સ્વરૂપ, રાગની રુચિરૂપ ક્રોધનું સ્વરૂપ એ જાણનક્રિયાનું સ્વરૂપ નહિ. આહા..હા..! પડખું ફરી ગયું. ચૈતન્યને પડખેથી જે જાણનક્રિયા થાય એ આત્માનું સ્વરૂપ અને એના સ્વભાવનો અનાદર થઈને રાગની રુચિરૂપી ક્રોધનું પરિણમન થાય એ ક્રોધની ક્રિયા, એ જાણનક્રિયાની સાથે સંબંધ નથી એને. આહા..હા..! છે?

'**જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે, તેમ (જ્ઞાનનું સ્વરૂપ) ક્રોધાદિક્રિયા પણ છે એમ,...**' આહા..હા..! જાણનક્રિયાને કાળે પણ રાગની રુચિરૂપ ક્રોધભાવનું પણ પરિણમન ત્યારે છે એમ નથી, કહે છે. આહા..હા..! શું કીધું સમજાણું? ભગવાન આત્મા જ્ઞાનને હિલોળે ચડીને, જ્ઞાનનું પરિણમન સ્વભાવનું કરે છે તે કાળે રાગની રુચિરૂપ ક્રોધનું પણ પરિણમન છે એમ નથી. સમજાણું કાંઈ? એટલે? કે શુદ્ધ ચૈતન્યઘનના આશ્રયે જે પરિણમન છે તે જ પરિણમન વખતે સ્વભાવનો

અનાદર એવા રાગની રુચિરૂપ પરિણમન પણ તે કાળે છે એમ નથી. આહા..હા..! એક મ્યાનમાં બે તલવાર રહી ન શકે. આહા..હા..! જેને ભગવાન આત્માના જાણનની પરિણતિની ક્રિયા સ્વરૂપ છે, એને તે જ કાળે રાગની રુચિરૂપ, સ્વભાવના અભાવરૂપ, ક્રોધરૂપ પણ પરિણમન છે એમ નથી. આહા..હા..! કહો, મનસુખભાઈ! આવું છે આ. એટલે? જેને આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એની રુચિરૂપ જ્ઞાનનું પરિણમન છે તે વખતે એની અરુચિ અને રાગની રુચિરૂપ પણ પરિણમન છે એમ નથી. આહા..હા..! શું કીધું?

**શ્રોતા :–** સાજો હોય ત્યારે માંદો ન હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હોય? આ તો રોગ છે. એ તો પણ બીજી ચીજ છે. ઓલી તો એની ને એની એક અવસ્થા. આ તો અવસ્થા જ ભિન્ન છે. જાણનક્રિયાની અવસ્થા અને રાગની રુચિરૂપ સ્વભાવથી વિરુદ્ધરૂપ ક્રિયા એ બે દશા જ ભિન્ન છે. આહા..હા..! એક સમયમાં જાણનક્રિયા પણ હોય અને એ સમયમાં રાગની ક્રિયા પણ હોય એ બીજી વાત છે, પણ એ સમયે જે જ્ઞાનનું પરિણમન છે, તે જ કાળે રાગની રુચિરૂપનું પરિણમન છે એમ ન હોય. એ વાત સિદ્ધ કરી. નહિતર તો એક સમયમાં બે ભાગ હોય છે, જ્ઞાનધારા અને કર્મધારા એ વિરુદ્ધ નથી. પણ અહીંયાં તો સ્વરૂપની દૃષ્ટિથી થયેલું જાણક સમ્યગ્દર્શનની પરિણમનની પર્યાય, તે જ કાળે તેનો વિરોધભાવ અને રાગના રુચિરૂપ ભાવ હોય એમ બની શકે નહિ. સમજાણું કાંઈ? આવું બધું ગોખવું ક્યાં એને? ગોખવાની નથી વાત બાપા આ તો. આહા..હા..!

જેમ ભગવાન આત્માનો જાણવું-દેખવું, જ્ઞાતા-દૃષ્ટાની પરિણમનની ક્રિયા છે, એ ક્રિયા છેને પરિણમનની? તે કાળે પણ સ્વભાવની અરુચિરૂપ અને રાગની રુચિરૂપ પણ પરિણમન છે એમ નથી. અને ક્રોધાદિનું સ્વરૂપ જેમ ક્રોધાદિ ક્રિયા છે, રાગની રુચિરૂપ ક્રોધનું પરિણમન એટલે વિકારનું પરિણમન, તે કાળે જાણનક્રિયા પણ છે–તે કાળે આત્માની જાણનક્રિયા પણ છે એમ નથી. આહા..હા..! **'એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી;...'** આહા..હા..! કહો, ધન્નાલાલજી! આહા..હા..! જાણનક્રિયા છે આત્માની, આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ છે એની જાણનક્રિયા છે એ અમૃતનું પરિણમન છે અને એ વખતે પણ રાગની રુચિરૂપ અને સ્વભાવની અરુચિરૂપ ઝેરનું પરિણમન બે ન હોય. રાગ હોય, પણ રાગની રુચિરૂપ, સ્વભાવના અનાદરરૂપ, સ્વભાવ પ્રત્યેના ક્રોધરૂપ પરિણમન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

કહ્યું? **'જ્ઞાનનું સ્વરૂપ જેમ જાણનક્રિયા છે,...'** તેમ સ્વભાવની વિરુદ્ધરૂપી રાગની રુચિની ક્રિયા પણ છે અને ક્રોધની, રાગની રુચિ અને સ્વભાવની અરુચિરૂપ સ્વરૂપ છે ક્રોધાદિ તે વખતે જાણનક્રિયા પણ છે એમ કોઈ રીતે સ્થાપી શકાતું નથી. વ્યવહારથી સ્થાપું એમ પણ નથી, એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જેમ સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શનને વિરોધ છે એમ જાણનક્રિયા અને સ્વભાવની રુચિનો અભાવ–રાગરુચિનો ભાવ બેનો વિરોધ છે. જ્ઞાન અને રાગ સાથે રહેવામાં વિરોધ નથી. સમજાણું કાંઈ? એ તો જ્ઞાન આવી ગયું બે ધારા—જ્ઞાનધારા અને કર્મધારા બે સાથે હોય, પણ

જ્ઞાનના પરિણમનની રુચિનું પરિણમન અને તેની જ અરુચિનું પરિણમન અને રાગની રુચિનું પરિણમન એમ બે ન હોઈ શકે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગસર સુદ-૧૫, સોમવાર, તા. ૬-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૧-૧૮૩, પ્રવચન નં. ૨૫૩

સમયસાર. ૧૮૧, ૧૮૨, ૧૮૩ એનો છેલ્લો ભાગ છે. ઘણું આવી ગયું, થોડું છે હવે. અહીં છે જુઓ. 'કારણ કે...' ત્યાં છે. શું કહે છે? કે આ આત્મા જે છે એ ચૈતન્ય શુદ્ધ પવિત્ર આનંદકંદ છે. સર્વજ્ઞ પરમેશ્વર જિનેશ્વરદેવે એ આત્માને એવો જોયો છે. એ આત્મા છે એ પુણ્ય અને પાપના રાગથી રહિત ભિન્ન છે એવો જે સ્વભાવ એનું જે રાગથી ભિન્ન થઈને પરિણમન કરવું, પરિણમવું એટલે? શુદ્ધપણે થવું એ જાણનક્રિયા કહેવામાં આવે છે. અને રાગનો પુણ્ય, દયા, દાન, વ્રતનો ભાવ એ રાગ, એની રુચિનું પરિણમન એને ક્રોધાદિની ક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એ બેના સ્વભાવ તદ્દન ભિન્ન છે. છેને? એટલે શું? ઝીણી વાત છે, ભાઈ!

ધર્મ કોઈ એવી ચીજ છે. સંસારના પાપ તો અનંતવાર કરે છે અને દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ પણ અનંતવાર કર્યા છે. એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! એ પુણ્ય અને પાપના ભાવ એનો જેને રુચિ અને પ્રેમ છે એ વખતે તો સ્વભાવથી વિરુદ્ધની જ ક્રિયા ક્રોધ, માન, માયાની જ હોય છે અને જ્યારે ક્રોધ, માન વિકલ્પ જે વિકાર છે એનાથી જુદો પડીને અંતર ધ્યેયે, અંતરના સ્વભાવને લક્ષે જે જાણવું, દેખવું આનંદની દશા થાય એ આત્માની જાણનક્રિયા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ઓલી ક્રિયાશક્તિ આવે છેને ક્રિયાશક્તિ નહિ? ૪૭માં ક્રિયાશક્તિ એક આવે છે. એ શું છે? કે આત્મા જે શુદ્ધ ચૈતન્ય પવિત્ર છે. શું કહ્યું? આત્મામાં આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન આત્મા છે. એમાં ષટ્ ગુણ છે—એક શક્તિ છે—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ. ઝીણી વાત છે. એ ષટ્ ગુણ છે આત્મામાં-જેમ જ્ઞાન અને આનંદ ગુણ છે. ભગવાન આત્મા તો જ્ઞાન પ્રજ્ઞાનો બ્રહ્મ આનંદનો સાગર છે. આહા..હા..! એની ક્યાં ખબર છે એને. અને તે આનંદની શક્તિમાં જ્ઞાન શક્તિ અતીન્દ્રિય સાથે છે એમાં એક ક્રિયાવર્તીશક્તિ એનામાં છે. એટલે? કે એ આનંદસ્વરૂપ જે આત્મા તેનો કર્તા, કર્મ એટલે કાર્ય, કરણ એટલે સાધન, સંપ્રદાન એટલે પોતે પોતામાં રાખે, અપાદાન પોતાથી થાય અને પોતાને આધારે એવા છ કારક અંદર આત્મામાં છે એ શુદ્ધ શક્તિ છે. એ કારકને

અનુસારે અંદર ક્રિયા થાય, નિર્વિકારી, નિર્મળ પવિત્ર ક્રિયા થાય તેને ક્રિયાશક્તિ નામનો ગુણ ગણ્યો છે. આહા..હા..! બહુ ઝીણી વાતું, બાપુ! ધર્મ, એ સાધારણ અત્યારે લઈને બેઠા છે નામે (એવો નથી). આહા..હા..! એ અંદર વસ્તુ છે. આત્મામાં એક કરણ નામનો, સાધન નામનો શક્તિ—ગુણ છે. એનું જે પરિણમન ષટ્કારકના કારણોથી થતી પર્યાય એ ક્રિયા છે. એ ક્રિયા નામનો ગુણ છે એનું એ પરિણમન છે.

**શ્રોતા :–** ક્રિયાવર્તી જુદી અને ક્રિયાશક્તિ જુદી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ક્રિયાશક્તિ આ. આ ક્રિયાશક્તિ છે–ગુણ છે. ષટ્કારક પ્રમાણે પરિણમવું એવો એક ક્રિયા નામનો ગુણ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ જિનેન્દ્રદેવ એણે જે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા... આહા..હા..! એમાં એ આત્મામાં ક્રિયા નામનો એક ગુણ છે કે જે ગુણ ષટ્કારકના અનુસારે પરિણમન થઈને વીતરાગી પર્યાય થાય એ ક્રિયાગુણનું પરિણમન છે. આહા..હા..! શું આમાં સમજવું? કોઈને બિચારાને નવરાશ ન મળે. આહા..હા..! આ તો ક્રિયા–ક્રિયા કરે છેને એટલે. કઈ ક્રિયા? અહીં ક્રિયા નામનો તો એક ગુણ છે અંદર. એ ગુણ ષટ્કારકના પરિણમનને અનુસારે પરિણમે છે એ નિર્મળ નિર્વિકારી પર્યાયને ક્રિયાશક્તિનું પરિણમન કહે છે. આહા..હા..! ભાષા આકરી છે બાપુ!

**શ્રોતા :–** તો પછી ઠીક છે, એ પોતાનું કામ કરશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કરે તો એને માટે કરે, દ્રવ્યની દૃષ્ટિ કરશે તો એની મેળાએ કરશે. આહા..હા..! એ ક્રિયાશક્તિ અને કારકોનો ભંડાર ભગવાન છે. એના ઉપર દૃષ્ટિ પડતાં એ બધા ગુણો કાર્ય કરશે. એવી વાત છે.

એમાં તો જરી એ વિચાર તો આજે ઘણા બીજા આવ્યા હતા. આહા..હા..! કે એ જે ક્રિયાશક્તિનું પરિણમન છે એ ક્રિયાશક્તિ–ગુણમાં એક પ્રત્યક્ષ થવાનો શક્તિ—ગુણ છે એમાં. ઝીણું છે થોડું. પ્રકાશ નામનો ગુણ છેને ભાઈ! એ ક્રિયાશક્તિમાં પ્રકાશ નામના ગુણનું રૂપ છે અને પ્રકાશશક્તિમાં એ ક્રિયાગુણનું રૂપ છે. આવી વાતું હવે. સમજાણું કાંઈ? વધારે વિચાર તો અકાર્યકારણ ઉપરથી આવ્યો હતો. આ ભાઈ આવ્યું છેને પરસ્પર ઉપગ્રહ. બધે નાખે છેને લોકનો દેખાવ કરીને પરસ્પર ઉપગ્રહ જીવાનાં. એ લોકો એમ કહે છે કે પરસ્પર એકબીજાના ઉપકાર કરવા, પણ એવો ત્યાં અર્થ છે જ નહિ. છેને ફોટા આવે છેને. આમાં છે? ક્યાંક હશે ખરું. છે આમાં? છે? અહીં? આ રહ્યું જુઓ. એમાં નીચે નાખે, આમાં નથી નાખ્યું. પણ પરસ્પર ઉપગ્રહ. આ છે. આ છે અંદર છે. એટલે ગામોગામ ૨૫૦૦ વર્ષ ભગવાનના થયાને એમાં આ નાખ્યું. પણ એનો અર્થ એવો કર્યો છે ટીકાકારે. એ પહેલી વાત થઈ ગઈ છે ભાઈ અર્થપ્રકાશિકામાં. પરસ્પર ઉપગ્રહ એટલે એકબીજા ભલું કરે એમ ન લેવો અર્થ. સમજાણું? જુઓ આ. આ પહેલી વાત થઈ ગઈ છે ઘણી, અત્યારે તો... ૨૮૮. લ્યો એ નીકળ્યું.

અહીં તો એ છે, ભાઈ! શું છે જરી જુઓ. ઝીણી વાત છે. એક વાત તો એ આવી છે—શરીર, વચન, મન અને પ્રાણ, અપાન. આ શરીર, વાણી, મન અને શ્વાસોશ્વાસ એ પુદ્ગલનો ઉપકાર છે.

તત્ત્વાર્થસૂત્રમાં છે. સમજાણું કાંઈ? એટલે શું કહે છે? જડના પરિણામ. જોકે અહીં તો વાણી અને મન, ભાવમન અને દ્રવ્યમન બેય લીધું છે, ભાઈ! શરીર, ભાવમન એમાં પુદ્ગલ નિમિત્ત છેને? આમાં આખો વાંધો હતોને ફુલચંદજીને અને આચાર્યને શાંતિસાગરને. શાંતિસાગર કહે ભાવમન એ જીવની પર્યાય છે. આમાં એ છે ભાવમન એટલે પુદ્ગલની પર્યાય છે. આહા..હા..! દ્રવ્યમન તો પુદ્ગલ છે. આહા..હા..! સમજાણું? એવું ક્યાંક છે ખરું. આ જુઓ, દ્રવ્યમન અને ભાવમન. ત્યાં 'જ્ઞાનાવરણીય વીર્યાંતરાયકે ક્ષયોમશમસે પાયા ગુણ-દોષકે વિચાર સ્મરણકી શક્તિરૂપ લબ્ધિ, ઉપયોગ સો તો ભાવમન. સો પુદ્ગલકર્મકે ક્ષયોપશમસે ભયા તાતૈ પુદ્ગલિક હૈ.' દેવીલાલજી! માર્ગ પ્રભુનો બાપા ઝીણી વાત છે, ભાઈ! એકકોર એમ કહે કે બીજાને સુખી-દુઃખી કરી શકું એ માન્યતા મિથ્યાત્વ કહે અને એકકોર બીજાને સુખી-દુઃખી ઉપકાર કરે એ આજ્ઞા વીતરાગની છે એમ કહે. આહા..હા..!

અહીં ભાવમનને પૌદ્ગલિક લીધો છે અને ભાવમનસહિત આત્માને અંગોપાંગ નામકર્મકે ઉદયસે ગુણદોષ કે વિચાર સ્મરણકા ઉપકારી દ્રવ્ય હૃદય સ્થાનમેં સૂક્ષ્મ પુદ્ગલ દ્રવ્યમન એ પણ પુદ્ગલ છે. બેય પુદ્ગલ. વાણીમાં પણ જે ક્ષયોપશમની શક્તિ થઈ વાણી બોલવાની અંદર શક્તિ જીવમાં હોં! એને પુદ્ગલની ગણી છે અને દ્રવ્યવાણી તો પુદ્ગલ છે જ. આહા..હા..! હવે અહીં એમ કહેવું છે કે આ આત્માને, આ અધ્યનનમાં, કે પુદ્ગલનો શરીર, વાણી, મન અને શ્વાસોશ્વાસનો આત્માને પુદ્ગલનો ઉપકાર છે-જડનો ઉપકાર છે.

**શ્રોતા :-** એ તો જડનું નિમિત્તપણું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તપણું છે. એ કહે છે જુઓ! 'ઉપકાર શબ્દ કા અર્થ ભલા કરના નહીં લેના.' ખુલાસો કર્યો. આ તો ઘણાં વર્ષ પહેલાં વાત કરી હતી કે આ નથી, બાપુ! આ અર્થ કરવામાં મોટી ભૂલ કરે છે. 'લેના કછુ કાર્ય કો નિમિત્ત હો ઉસકો ઉપકારી કહીએ.' નિમિત્ત હોય તો નિમિત્ત કર્તા નહિ. એ વાત. આહા..હા..!

**શ્રોતા :-** અમે તો સંતોષ લઈએ છીએ, આપ અમારા ઉપકારી છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નિમિત્તથી કથન છે, એનાથી કાર્ય (થતું નથી). આહા..હા..!

**શ્રોતા :-** ઉપાદાન વિના નિમિત્ત ક્યાંથી આવ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવી વાત છે. એ આજે ચર્ચામાં ચાલી છે. ભાઈએ નાખ્યું છે મનોહરલાલ વર્ણી. નિમિત્ત વિના થાય નહિ ઉપાદાનમાં. ઓલી આર્જિકાએ વળી એમ નાખ્યું જ્ઞાનમતિએ કે સાધન છે આ. શાસ્ત્રમાં સાધન એ ઓલું નથી આવતું ધવલમાં? ગૌતમે બીજાને વ્યવહારથી ઉપદેશ આપ્યો છે. એ વાત થઈ ગઈ છે પહેલી. ધવલમાં આવે છે. વ્યવહારથી કહ્યું છે એ લોકોના શિષ્યના લાભ માટે. પણ એ તો કથન છે કહેવાનું સમજાવવા માટે. આહા..હા..! એ કથન સમજાવવા માટે જેમ આઠમી ગાથામાં કહ્યું કે વ્યવહારથી સમજાવાય છે, પણ વ્યવહારનું અનુસરણ કરવાલાયક નથી. આહા..હા..! હમણાં બધું આવ્યું છે એમાં. આ છેને સમ્યગ્જ્ઞાન એમાં આવ્યું છે. ભૂતાર્થ છે. ધવલમાં આમ કહ્યું છે. બાપુ! બધી ખબર છે, બાપુ! તને ખબર નથી. એ બધા ઘણાં વર્ષ પહેલાં આ વાતો બહાર કરી દીધી

છે. આહા..હા..!

વળી અહીં કહે છે કે ભગવાન આત્મામાં જે સુખ-દુઃખ અને જીવીત-મરણ થાય છે એમાં એ પુદ્ગલનો ઉપકાર છે. એટલે શું? હવે લ્યો. પાઠ છે જુઓ, **'सुख दुःख जीवानां मरण उपग्रहा च'** આ જડ છે પુદ્ગલ શરીર, વાણી, મન અને આત્માને સુખ શાતાવેદનીયનો ઉદય થાય ત્યારે એ શાતા માને એમાં એ પુદ્ગલનું નિમિત્ત છે, એનો અર્થ અહીં ઉપકાર કહેવામાં આવ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત, બાપુ! માર્ગ આ વિરોધ કરતાં જાય છેને એમાં આ બધા ખુલાસા કરવા પડે છે. અર્થપ્રકાશિકા. ભાવદીપિકા નહિ, અર્થપ્રકાશિકા. કોણ ટીકા કરે છે?

**શ્રોતા :-** સદાસુખદાસજી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંડિત કરે છે. સદાસુખલાલ, સદાસુખજી. સ્વર્ગીય વિદ્વત્ સદાસુખજી કાસલીવાલ દ્વારા વિરચીત. એ આ અર્થ કરે છે. આ તો ઘણાં વર્ષ પહેલાં આ તો બધું વાંચેલું. ઘણાં વર્ષ પહેલા બહાર પણ પડ્યું હતું. આ કહ્યું હતું કે ઉપગ્રહનો અર્થ અહીં ભલું કરે કોઈ કોઈને એમ નથી. આહા..હા..! ભૂંડુ બીજો કોઈ કરે અને ભલું કોઈ કરે એ છે જ નહિ. એને ઉપકાર કહેવામાં ભલા ભૂંડાના ભાવ થાય છે એમાં એ પુદ્ગલનું નિમિત્ત છે એટલે એને ઉપગ્રહ કહેવામાં આવે છે. આહા..હા..!

સુખ-દુઃખમાં નિમિત્ત પુદ્ગલ છે એનો અર્થ શું થયો? પુદ્ગલ ઉપકાર કરે છે સુખ-દુઃખમાં? સુખ-દુઃખ, જીવીત, મરણ, આહાર, વાણી, મન અને શ્વાસોશ્વાસ-આઠ બોલ લીધા. એ આઠમાં પછી પાછળથી નાખ્યું. પછી ઓલો જીવ નાખ્યો છે. પરસ્પર ઉપગ્રહો જીવાનાં. એ ૨૧મું સૂત્ર છે. એ આ બધા અત્યારે નાખે ચારેકોર. પરસ્પર ઉપગ્રહો જીવાનાં. લખે એમાં વ્યવહારથી એમ લખાય. જીવને પરસ્પર ઉપકાર હૈ, સ્વામી સેવક ઉપકાર હિતાદિક દેનેકો કરે. શેઠ પૈસા દઈને ઉપકાર કરે. એટલે કે પૈસામાં નિમિત્ત છે એમ. સ્વામી કા હિત કરનેકી, અહિત કા નિષેધ કરનેકી સેવક સ્વામી પર ઉપકાર કરે. નિમિત્ત. દો લોક કા ફલ દેનેવાલા ઉપદેશ કરકે ઉપદેશકે અનુકૂલ આચરણ કરાનેવાલા આચાર્ય શિષ્યકા ઉપકાર કરે ઔર શિષ્ય આચાર્યકે અનુકૂલ પ્રવૃતિ કરી અનુકૂળ-નિમિત્ત, આચારનીકા ઉપકાર કરે. લ્યો! આ પહેલો અર્થ કરી ગયા છે એ. એ પ્રમાણે આનો અર્થ કરવો. આહા..હા..! નિમિત્તના મોટા વાંધા આ છેને. ઉપાદાન-નિમિત્ત ને નિશ્ચય ને વ્યવહાર એકાંત છે... એકાંત છે. અરે..! ભગવાન સાંભળ, બાપુ! નિમિત્ત હો, પણ નિમિત્ત કાર્યકર છે પરમાં એમ છે નહિ.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે શું? એ તો ભાઈએ હમણાં નાખ્યું છે કૈલાસચંદજીએ. ભાઈ! સોનગઢવાળા નિમિત્તનો નિષેધ કરતાં નથી, નિમિત્તકર્તા માનતા નથી. એ સિદ્ધાંત છે આખો. આહા..હા..! એમ આત્માને સુખ દેવામાં પુદ્ગલ કર્તા નથી. સુખની કલ્પનાનું ઉપાદાન તો જીવ પોતે કરે છે, એમાં પુદ્ગલને નિમિત્ત કહેતા ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવા અર્થો ને આ બધું. શું થાય ભાઈ! ઈ આઠ બોલ છે હોં એ. આજ તો બીજા ઘણા વિચાર આવ્યા હતા.

એમ કે આત્મામાં જેમ જ્ઞાન અને આનંદ નામનો ગુણ છે, તેમ આ ક્રિયા નામનો એક ગુણ છે.

હવે એ ગુણમાં પ્રભુવત્વ નામનું એક રૂપ છે. દરેક ગુણમાં પ્રભુત્વ શક્તિ નથી, પણ પ્રભુત્વ શક્તિનું રૂપ છે અને તે શક્તિમાં પ્રત્યક્ષ થવાનું રૂપ છે, ભાઈ! ઝીણી વાત છે થોડી. નવી નીકળી છે. ષટ્કારકપણે પરિણમે એમાં ક્રિયા નામનો ગુણ છે એમાં પ્રભુત્વ નામનો ગુણનું રૂપ છે છએમાં. પ્રભુત્વ નામનું રૂપ છે અને તે પ્રભુત્વ નામના રૂપ અને તેમાં પ્રકાશ નામના ગુણનું પણ એમાં રૂપ છે. આહા..હા..! એ આવી ગયું છે આપણે ચિદ્‌વિલાસમાં. એક ગુણમાં અનંતગુણનું રૂપ છે, ગુણ એમાં નથી. આહા..હા..! આવી વાત હવે અને આ ધર્મ! બાપુ! ધર્મ સહેલી વસ્તુ નથી. અનંતકાળથી એણે એ...

**શ્રોતા :-** ધર્મ માટે આવી જ વાતું હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાતું (છે), બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! બીજાને એકાંત લાગે, શું થાય? એકાંત જ, સમ્યક્ એકાંત જ છે. આહા..હા..!

શું કહ્યું? આહા..હા..! આ એક તો એ વિચાર આવ્યો હતો કે ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિ છેને આત્મામાં. ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામનો ગુણ છે કે જે ઉત્પાદપણે થાય, વ્યયપણે થાય અને ધ્રુવપણે રહે. હવે એ ઉત્પાદ-વ્યય-ધ્રુવ નામની શક્તિમાં પણ પ્રકાશ નામની શક્તિનું રૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણું પડે વિચારવું બહુ. અને પ્રકાશ નામના ગુણમાં પણ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ગુણનું રૂપ છે. આહા..હા..! અરે..! માર્ગ શું છે! આ દયા પાળી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી ને થઈ ગયો ધર્મ. ધૂળેય નથી ધર્મ, ભાઈ! એવું તો અનંતવાર કર્યું, પણ વાસ્તવિક તત્ત્વનું ગંભીરપણું અને સ્વતઃ શક્તિઓનો સાગર શું છે? એની એને ખબર નથી. એક ગુણમાં અનંતગુણનું રૂપ, એવું એવું અનંતુ રૂપ એવો સંગ્રહાલય ભગવાન છે. આહા..હા..!

અહીંયાં તો આત્મા નિર્વિકાર પરિણતિપણે પરિણમે. અહીં જાણનક્રિયા છેને એ ઉપરથી વાત છે આ તો. નિર્વિકારી રાગથી ભિન્ન શુદ્ધ ચૈતન્યની પરિણતિએ પરિણમે એવી જે ક્રિયા તેમાં એ ક્રિયા નામનો ગુણ છે એનું એ પરિણમન છે અથવા અનંતા ગુણનું જે રૂપ છે તેનું એ પરિણમન છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એમાં પ્રભુત્વ છે, વિભુત્વ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રભુત્વ છે, વિભુત્વ (છે). એ તો એક-એક આખા.. ખૂબ ચાલ્યું હતું આજ તો. ચારથી પાંચ એક કલાક સવારમાં એકદમ ધૂન ચાલી બધી. એકમાં બીજાનું રૂપ, એકમાં બીજાનું રૂપ, બીજામાં આનું રૂપ. આહા..હા..! આ તે શું છે પણ આ?

ભગવાન આત્મા અહીં જાણનક્રિયાની વાત છેને. જાણનક્રિયા એ આત્માના શુદ્ધ પરિણમનની દશા છે, શુભાશુભ પુણ્ય-પાપ એ નહિ. શુભાશુભ પુણ્ય-પાપનો પ્રેમ એ ક્રોધની ક્રિયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૮૧-૧૮૨ ચાલી ગઈ, ભૈયા! એ કહે, અમે સાંભળવા આવ્યા છે ભાઈ. રાજકોટથી આવ્યા છેને દામોદરભાઈનો. કીધું ચાલી ગઈ પાંચ. આ તો હવે જાણનક્રિયામાં થોડું ચાલે છે અહીં. છેલ્લું છે બાકી એમાં. આહા..હા..! શું શૈલી! શું શૈલી!

સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ જેને સો ઈન્દ્રો જેને પૂજે અને એકભવતારી ઈન્દ્રો જેને સાંભળે.

આહા..હા..! એ વાતું કેવી હોય, ભાઈ! આ ચકલો લાવ્યો ચોખાનો દાણો અને ચકલી લાવી મગનો દાણો અને એની કરી ખીચડી, એણે કુંભારને આપ્યો, કુંભારે આપ્યો ઘડો અને ઘડાને ઓલાને આપ્યો વેપારીને અને એણે આપ્યા ખજુર ને... એવી છોકરા વાતું કરતાં નાની ઉંમરમાં. આહા..હા..! આ તો ત્રણલોકના નાથ જિનેન્દ્રદેવ વીતરાગ તીર્થંકર, અનંત તીર્થંકરોનું આ કથન છે. આહા..હા..!

કહે છે, ભગવાન આત્મા એ રાગની ક્રિયા જે દયા, દાન, વ્રત, ભક્તિની છે એનાથી, રાગથી ભિન્ન પડી અને જાણનક્રિયારૂપે પરિણમે. આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર. જાણનક્રિયારૂપે પરિણમવું એનું નામ મોક્ષનો માર્ગ. આહા..હા..! સમજાણું કાંઈ? એ જાણનક્રિયા એની વ્યાખ્યા થઈ આ.

'**અને ક્રોધાદિક્રિયા...**' એટલે કે ચૈતન્ય શુદ્ધ આનંદકંદની દૃષ્ટિનું પરિણમન અને એનાથી દૃષ્ટિના વિરુદ્ધનું, સ્વભાવની અરુચિ એને રાગની રુચિ, એની જે ક્રિયા તેને અહીં ક્રોધની ક્રિયા કહેવામાં આવે છે. કેમકે એણે ભગવાન આત્માનો એણે અનાદર કર્યો અને એના ઉપર દ્વેષ કર્યો એણે. આહા..હા..! આવો જે પરમપવિત્ર પિંડ પ્રભુ એની રુચિ છોડીને રાગની જે દયા, દાનનો રાગ હો પણ એ રાગ છે, એનો જેણે પ્રેમ કર્યો, એ '**ક્રોધાદિ ક્રિયા ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' આહા..હા..! જુઓ તો ખરા એટલા શબ્દમાં કેટલું! ભિન્ન-ભિન્ન પ્રકાશે છે. આહા..હા..! એના જ્ઞાનમાં એનો નિર્ણય તો કરે. બાપુ! આ તો અંતરની વાતું છે. એ કાંઈ બહારથી કાંઈ મળે એવું છે નહિ. આહા..હા..!

બે શબ્દ થયા. એક તો ભગવાન ચૈતન્યવસ્તુ છે એ તો શુદ્ધ પવિત્રનો પિંડ છે—એમ જ્યાં એની અંતરમાં દૃષ્ટિ થઈ એથી રાગથી ભિન્ન પડ્યો અને સ્વભાવમાં એકત્વ થયો. એકત્વ-વિભક્ત. ત્રીજી ગાથા છેને. રાગના વિકલ્પથી ભિન્ન પડ્યો અને સ્વભાવ સાથે એકત્વ થયો. એ રાગ સાથે એકત્વ હતો એ સ્વભાવ સાથે એકત્વ થયો. આહા..હા..! એવી જે જાણનક્રિયા એ ધાર્મિકક્રિયા. આહા..હા..! કહો, તંબોળી! કોઈ દિ' આવું સાંભળ્યું ન હોય ત્યાં અંદર. બાપ-દાદા બધા હાલીને વયા ગયા બધા. આ ભાગ્યશાળી વળી આ રહી ગયું. આહા..હા..! એ ક્રિયા પણ છે. છે?

'**ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' આહા..હા..! આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ ચૈતન્ય પ્રજ્ઞાબ્રહ્મ એની જે ક્રિયા તેને અવલંબે તે જાણનક્રિયા, સમ્યગ્દર્શનની ક્રિયા, આનંદની ક્રિયા, શુદ્ધતાના શાંતિની વીર્યની ક્રિયા, એ વીર્યથી એણે રચના કરી એ ક્રિયા અને તેના સ્વભાવનો અનાદર થઈ અને રાગનો આદર કરીને જે ક્રિયા થાય એ સ્વભાવથી વિરુદ્ધ ક્રોધાદિ ક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..! આ ક્ષમા આદિનું પરિણમન છે, આ ક્રોધનું પરિણમન છે. છે? આ તો એની મેળાએ વાંચે તો સમજાય એવું નથી, શેઠ! આ તો બહુ બધી છંછેડાઈ છેને. બાપુ! મારગ જુદાં, ભાઈ! તું ગમે તે છંછેડ. આહા..હા..! અરેરે..! આહા..હા..! વસ્તુ જ્ઞાનમૂર્તિ પ્રભુ પ્રજ્ઞા જ્ઞાનસ્વરૂપ એનું જે જ્ઞાન પરિણમન એટલે એ તો ગુણ અને દ્રવ્ય છે. એમાં એકાગ્ર થયો અને રાગથી ભિન્ન પડ્યો એથી તેની જાણનક્રિયા, શ્રદ્ધાની ક્રિયા, શાંતિની ક્રિયા, આનંદની ક્રિયા (થઈ) એ બધી ક્રિયાને જાણનક્રિયા કહેવામાં આવે છે. આહા..હા..!

એ અને ક્રોધાદિક્રિયા. આવી જાણનક્રિયાની સાથે રાગ હોય એ વિરુદ્ધ નથી, પણ રાગની રુચિનું

પરિણમન હોય એ વિરુદ્ધ છે; અને રાગ હોય છતાં રાગના સાધનથી જાણનક્રિયા પરિણમે એમ નથી. આહા..હા..! આ લોકો અત્યારે ઘણાં લેખ આજે આવ્યા છે. જૈનદર્શન પછી આપણે વાંચ્યું કાંઈ નહિ. ઉપરથી મથાળું જોઈ લીધું હતું. એવી કુથલી માંડી એકલી. આહા..! શું થાય ભાઈ જગતને? આ કાંતિભાઈએ તો વળી એ નાખ્યું છે. કાંતિલાલ ઈશ્વરે કે મલાડનું મંદિર છે એ ઢુંઢિયાનું મંદિર છે. લખ્યું છે. બે-ત્રણ વાર લખ્યું છે. કેમકે મેં પુસ્તક આપવા માંડ્યા તો ન લીધા, બહાર મૂકી દીધા, કારણ કે ઢુંઢિયા એના ધણી છે બધા. તો ઢુંઢિયાનું એ મંદિર છે એમ લખ્યું. આહા..હા..!

**શ્રોતા :-** ઢુંઢિયા અને મંદિર બે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં નથી. આમાં છે. જૈનમિત્રમાં છે. જૈનમિત્રમાં છેને? ક્યાંક છે ખરું. જૈનમિત્રવાળાએ તો બહુ અનુકૂળ નાખ્યું છે, પણ આનો લેખ લેવો પડ્યો હશે. 'મુંબઈમેં સોનગઢ સંપ્રદાયકે દિગંબરી ઢુંઢક સમાજ દ્વારા' દિગંબરી ઢુંઢક. 'નિર્માનિત નવીન જિનાલયમેં આજ સે કરીબ છ-સાત વર્ષ પહલે મલાડ મંદિરસે સુપ્રસિદ્ધ પ્રકાંડ વિદ્વાન કાંતિલાલ શાહજીકે દ્વારા જ્ઞાનપીઠ મૂક્યા. જિનાગમોકા જ્ઞાનદાન પવિત્ર ભાવના સે સ્વાધ્યાય હેતુ સાધન લોગોંને મંદિર સે હટાકર બહાર નિકાલ દિયા.' આહા..હા..! મોટું લાંબુ-લાંબુ છે. 'ધર્મપત્ની જિનપૂજા .. કર રહી થી. ફિર ઢુંઢક લોગોંને દ્વેષ મસ્તકસે ઉસકી પૂજનસામગ્રીકી થાલી આદિકો સ્વાધ્યાયકે બહાનેસે હટા દિયા.' એવું બધું ઘણું લખ્યું છે. એને બિચારાને દ્વેષ થઈ ગયો છે.

**શ્રોતા :-** બરાબર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સારી જ છે. એને હખ થઈ જાત ત્યાં એને. એને અગ્રેસર થવું છે ત્યાં. આ ઢુંઢક બધા. અરે..! ભગવાન! ઢુંઢક એટલે શું? આ તો દિગંબર ધર્મ ઢુંઢીને શોધ્યો છે. ભગવાનનો કહેલો છે એ. આહા..હા..!

અહીં કહે છે કે બેય ભિન્ન. પુણ્ય-પાપના પરિણામના પ્રેમનું પરિણમન અને આત્માના આનંદના પ્રેમનું પરિણમન બે ભિન્ન જાત છે. કહો, સાદી ભાષા આ છે. અરે..! આવું ક્યાં? સમજાણું કાંઈ? કહો, કિશોરભાઈ! ક્યાં આમાં તમારે ત્યાં નાઈરોબીમાં આવું ચાલે છે ત્યાં? વાંચે બધું અહીંનું સાહિત્ય વાંચે, પણ આવું ઝીણું ત્યાં ચાલે નહિ. ત્યાં લખ્યું હોય એ વાંચે એટલું. અને '**આ રીતે...**' બહુ ગજબ કર્યું છે. ત્રણ ગાથામાં અર્થો સર્વજ્ઞ વીતરાગના શાસનનું દોહન કરીને મૂક્યું છે એકદમ. સત્યને પોકાર કરીને સત્યને જાહેર કર્યું છે. આહા..હા..!

હવે જે રાગની ક્રિયા છે એ સાધન થાય જીવને... અંદર સાધન નામનો ગુણ છે આત્મામાં. એ સાધન થઈને પરિણતિ થાય ત્યારે નિમિત્તને આરોપથી સાધન કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો અર્થ કરવામાં પણ મુશ્કેલી લ્યો! એક તો એ કે '**જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' પહેલાં એમ કહ્યું હતું કે જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા એ બે વસ્તુ ભિન્ન છે, બે વસ્તુ ભિન્ન છે. આહા..હા..! અને તેના પ્રદેશ ભિન્ન છે, માટે તેની સત્તા ભિન્ન છે. આહા..! સત્તા ભિન્નને કારણે એકબીજાના આધારાધેયનો અભાવ છે. આધારાધેયના અભાવને કારણે

પરસ્પરમાં અત્યંત વિપરીતતા છે. લ્યો આવી ગયું ત્યારે બધું. આવી વ્યાખ્યા. આહા..હા..! અને એને કારણે બે ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શું થાય?

**શ્રોતા :-** દુનિયામાં કોઈ દિ' એક મત થતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક મત હોય શેનો. વિચારભેદો અને તે આવા વિચારભેદ મૂળમાં ભેદ આખો. આહા..હા..!

જાણનક્રિયા ભગવાન આત્મા, પોતાનો જ્ઞાનસ્વભાવ છે ત્રિકાળ એ રૂપે જ્યારે પરિણમે છે, આનંદસ્વભાવ ત્રિકાળ એ આનંદરૂપે પરિણમે છે, વીર્ય ત્રિકાળ એને વીર્યની રચના શુદ્ધની પરિણતિપણે પરિણમે છે, શાંતિસ્વભાવ એની શાંતિની પરિણતિપણે ચારિત્ર અને અરાગી ચારિત્રપણે પરિણમે છે.. આહા..હા..! એ બધાને અહીં જાણનક્રિયા કહેવામાં આવે છે.આહા..હા..!

'**અને ક્રોધાદિક્રિયા...**' એટલે કે પુણ્યના, પાપના ભાવના રુચિની ક્રિયા. બે '**ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે.**' આહા..હા..! અરેરે..! મનુષ્યપણું મળે અને આ જો ન સમજે (તો) અવતાર બધા ઢોર જેવા છે એ. આહા..હા..! ભલે કરોડ, બે કરોડ ને પાંચ કરોડ અને આ ઓલું ન કહ્યું? એક કલાકમાં બે કરોડની પેદાશ. મરીને નરકમાં જવાના. ઈરાનનો બાદશાહ. કાલે ન વાંચ્યું કાલે? પરમ દિ' ઈરાન. એને એક કલાકમાં બે કરોડની પેદાશ છે. પેદાશ. મૂડી તો કેટલી હશે એ કોણે ગણી છે? એવી ૩૦ વર્ષ સુધી ચાલે તેટલું પેટ્રોલ છે. આહા..હા..! એ શું ચીજ છે ઈ. એ તો કોઈ પૂર્વના શુભભાવ એવા પાપાનુબંધી થયા હોય એથી એ વખતે એને એમ થઈ જતું હોય. આહા..હા..! એક દિવસમાં અડધો અબજની પેદાશ. આ શેઠને બે-ત્રણ-ચાર કરોડ કદાચ હશે. ઓલાને તો એક કલાકના બે કરોડની પેદાશ. સમજાણું કાંઈ? આણંદભાઈ! સાંભળ્યું હતું? કાલે પરમ દિ' કીધું હતું અહીં. છાપામાં આવ્યું છે. ઈરાન છેને ઈરાન એનો બાદશાહ છે. પહેલાં સાંભળ્યું હતું. એક કલાકમાં દોઢ લાખની પેદાશ, પણ હમણાં વધી ગઈ લાગે છે. કૂવા નીકળ્યા છે બહુ પેટ્રોલના. એટલા કૂવા એટલા કૂવા. એક કલાકની બે કરોડની પેદાશ છે. એક ૬૦ મિનિટમાં બે કરોડની પેદાશ. આહા..હા..! મરીને નરકે જવાના.

**શ્રોતા :-** અમારું મન એમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય નથી ત્યાં. એના બંગલા ને મકાન ને હીરા ને માણેક ને બધા ખડકતા હશે તે વિના આટલા બધા પૈસા નાખે ક્યાં? આહા..હા..! પણ એ તો ધૂળ છે, માટી છે. એ પૂર્વના કોઈ શુભભાવમાં એવું બંધાણું હોય, એકેન્દ્રિયમાં પણ એવો શુભભાવ આવી જાય અને માણસ થયો હોય અને એનું આ થાય એમાં શું? એ કાંઈ નવી ચીજ નથી. અનંતવાર એવી સ્થિતિમાં આવી ચૂક્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ અનંતી લક્ષ્મીનો ભંડાર ભગવાન છે. આહા..હા..! એના પ્રેમમાં કોઈ દિ' આવ્યો નથી. આહા..હા..! રાગના પ્રેમમાં, પૈસાના પ્રેમમાં ને બાયડીના પ્રેમમાં ને ધૂળના પ્રેમમાં સલવાઈ ગયો અનાદિથી. આહા..હા..!

કહે છે '**જાણનક્રિયા અને ક્રોધાદિક્રિયા ભિન્ન-ભિન્ન સ્વભાવે પ્રકાશે છે...**' હજી તો હવે એક સિદ્ધાંત આખો લેશે. '**અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી...**' પહેલેથી કીધું હતુંને એક

વસ્તુની બીજી વસ્તુ નથી, એ અહીં સરવાળો લે છે એનો. **'અને એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે.'** આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વભાવને અવલંબે જે કાંઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પરિણતિની ક્રિયા થાય એનો સ્વભાવ અને એના પ્રેમને છોડીને રાગના પ્રેમનો ભાવ વિકાર એ બેય સ્વભાવ ભિન્ન છે તદ્દન.

**'એ રીતે સ્વભાવો ભિન્ન હોવાથી વસ્તુઓ ભિન્ન જ છે. '** એ આસ્રવના પરિણામ જે રુચિવાળા હોં! એની . .અત્યારે છે. અને આત્માના પરિણામ. બેય તદ્દન ભિન્ન વસ્તુઓ છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'આ રીતે...'** હવે જુઓ છેલ્લો સરવાળો. આહા..હા..! **'જ્ઞાનને અને અજ્ઞાનને આધારાધેયપણું નથી.'** આહા..હા..! અજ્ઞાન લઈ લીધું. જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનું પરિણમન અને રાગના રુચિનું પરિણમન એ અજ્ઞાન છે. રાગમાં જ્ઞાન નથી, રાગ છે તે અચેતન જડ છે. આહા..હા..! ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ પણ એ અચેતન જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો હજી પુણ્યના પણ ઠેકાણા ન મળે. ૨૦-૨૦ કલાક બાયડી, છોકરા, ધંધામાં ગરી ગયો પાપમાં એકલો. કલાક વખત મળે સાંભળવામાં તો એનો જરી શુભભાવ થાય. આહા..હા..!

**શ્રોતા :-** કમાવું તો પડેને, નહિ તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કમાવું કોણ કમાતું હતું ધૂળ? રાગ કરે. આહા..હા..! આ કમાતા હતા નહિ, પંદરસો પગાર માસિક પ્લેનમાં. છોડી દીધું. ધૂળમાં શું હતું ત્યાં પંદરસો ને બે હજાર. આહા..હા..!

**શ્રોતા :-** એ તો બીજા બધા હતા એટલે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત તો સાચી, વાત સાચી આજીવિકા હતી. એકલા માણસ છે તો હવે એ બે-ચાર વર્ષ જીવે.. લાખો રૂપિયા છે તો માથે લઈને શું કરવું પાપ અને પરણ્યા નથી. આહા..હા..! દુર્ઘટના નથી. પરણે એટલે દુર્ઘટના લાગુ પડે. આહા..હા..! તારો બોલ્યો હતો એ, હમણા ખબર છે? પ્રદીપ. આહાર વહોરવા ગયા ત્યારે. કારાગૃહમાંથી એમ બોલ્યો હતો ખબર છે? આ બાયડી સાથે સગપણ કર્યું તો કારાગૃહમાં નાખ્યો એને. આહા..હા..! આ મનસુખભાઈનો મોટો સગપણ કર્યુંને. ક્યુ ગામ? જલગાંવ જલગાંવ. એની ૨૪ વર્ષની ઉંમર છે અને છોડીની ૨૩ વર્ષની ઉંમર છે. વહોરવા જતા બોલ્યો એટલું બિચારો હોં. કારાગૃહમાંથી ઉગારનાર પ્રભુ તમે છો. નાખ્યા કારાગૃહમાં હવે. આહા..હા..! દુર્ઘટના કીધી છેને ભાઈએ હુકમચંદજીએ. ભગવાનને દુર્ઘટના નહોતી પરણ્યા નહોતા માટે. પરણે એને દુર્ઘટના પાધરી ક્ષણે-ક્ષણે ઊભી થાય. ઊંધા ઘટના ભાવ જ એને આવે બધા. આહા..હા..! ભોગના ભાવ, એને રાજી કરવાના ભાવ, આ મારી બાયડી છે એમ માન્યતાના ભાવ. મારી નાખ્યા દુર્ઘટનાએ. આહા..હા..!

અહીં તો કહે છે કે એ દુર્ઘટના પણ છોડી કદાચિત્ અને દયા, દાન, વ્રત, પૂજા, ભક્તિના ભાવ થયા. આહા..હા..! એ પણ રાગની રુચિવાળા ભગવાનના સ્વરૂપથી ભિન્ન સ્વરૂપ છે એનું. આહા..હા..! અને તેથી ભગવાન તો અહીંયાં આચાર્ય મહારાજ એટલું સ્પષ્ટ કરે છે કે રાગના ભાવની રુચિ એ રાગ પોતે જ અજ્ઞાન છે, કેમકે રાગમાં જ્ઞાનનું કિરણ નથી. ચૈતન્યનું કિરણ સૂર્યસ્વભાવ એના કિરણ તો

ધોળા હોય, એમ ભગવાન આત્માનું કિરણ તો જ્ઞાન અને આનંદનું કિરણ હોય. રાગકિરણ એ અંધારું છે. આહા..હા..! દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો ભાવ આ લોકો એમ કહે છે કે એ સાધન છે, એને ના પાડે એ એકાંત છે. આહા..હા..! નિયમસારમાં તો લખ્યું છે, પ્રભુ! જ્ઞાનની નિધિ પામીને વાદવિવાદમાં પડીશ નહિ અને કોઈ નિંદા કરે તો એનાથી અભક્તિ કરીશ નહિ પ્રભુની. માર્ગ તો આ છે એમ કે અરેરે..! આ સત્ય વાત છેને કેમ લોકો આમ? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ રીતે આત્માને અને આત્માના સ્વભાવની પરિણમનદશાને અને રાગની રુચિના પરિણમનદશાને એ અજ્ઞાન રાગ છે, ભગવાન જ્ઞાન છે. જ્ઞાન અને અજ્ઞાનને આધારાધેયપણું નથી. આહા..હા..! એ વિકારના પ્રેમને આધારે પરિણતિ પ્રગટે અને પરિણતિને આધારે વિકાર પરિણતિનો ભાવ પ્રગટે એમ છે નહિ. આહા..હા..! ભારે આવી વાત છે, બાપા! એક પાંચ લીટી ચાલે છે આજે છઠ્ઠો દિ'. એકવાર સાંભળે તો મધ્યસ્થી, બાપુ! આહા..હા..! શરત તો મધ્યસ્થની છેને. પક્ષ રાખીને સાંભળે તો આ તો લ્યો એકાંત આવ્યું. બીજે ઠેકાણે કહ્યું છેને સાધન. આ વિરોધ કંઈ ભગવાનની વાણી વિરોધ હોય? પૂર્વાપર વિરોધ એ વીતરાગની વાણી નહિ. આહા..હા..! કહ્યું છે એ તો નિમિત્તનો આરોપ દઈને, આરોપ દઈને સાધન કહે. સાધનનો આરોપ દીધો નિમિત્તને, છે નહિ. આહા..હા..! આવું સ્વરૂપ છે.

અહીંયાં તો કહે છે, જે શ્રદ્ધા નામનો ગુણ છે આત્મામાં એ શ્રદ્ધા નામના ગુણમાં પણ પ્રભુત્વશક્તિનું રૂપ છે અને એ શ્રદ્ધા ગુણમાં પ્રકાશ નામનો પ્રત્યક્ષ થવાનું પણ એમાં રૂપ છે. આહા..હા..! અલિંગગ્રહણમાં કહ્યું છેને. ઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય એવો નથી, ઇન્દ્રિયથી જણાય એવો નથી, ઇન્દ્રિય પ્રત્યક્ષનો વિષય નથી, એકલો અનુમાનનો વિષય નથી, બીજા દ્વારા અનુમાનથી જણાય એવો નથી, પોતે એકલો અનુમાન કરે એવો એ આત્મા નથી, પોતાના સ્વભાવથી પ્રકાશે એવો જ્ઞાતા-દૃષ્ટા જ્ઞાતા પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને અલિંગગ્રહણમાં તો ત્યાં સુધી કહ્યું, યતિની બાહ્ય ક્રિયાનો જેના સ્વરૂપમાં તો અભાવ છે. આહા..હા..! હવે એ બાહ્ય ક્રિયા એટલે રાગાદિ એ સ્વરૂપમાં તો અભાવ છે. એનાથી આત્માને સ્વરૂપનો લાભ થાય? અરે..! પ્રભુ! શું કરે છે, ભાઈ? ભગવાનના વિરહ પડ્યા, કેવળીઓ રહ્યા નહિ, પૂર્વધરો રહ્યા નહિ, ચાર જ્ઞાન અને અવધિજ્ઞાન રહ્યા નહિ, મતિ અને શ્રુતજ્ઞાન રહ્યા. આહા..હા..!

જાણનક્રિયા એટલે જ્ઞાન એટલે આત્માને પરિણતિને અને અજ્ઞાન એટલે રાગની દશાને આધારાધેયપણું નથી. આહા..હા..! બહુ સરસ પણ ઓહો..હો..! ભેદજ્ઞાનની શરૂઆત કરતા તો ... ગજબ વાત છે, બાપુ! એને જ્ઞાનમાં તો લે. એ જ્ઞાનમાં ધારણા તો કર કે વસ્તુ આવી છે. સમજાય છે કાંઈ? ધાર તો ખરો કે રાગને અને આત્માની ક્રિયાને બેને ભિન્નતા છે. આહા..હા..! ભલે અહીં રુચિની લીધી છે, પણ એ રુચિ જ છે અહીં. રાગમાં પ્રેમ છે તેને રાગની રુચિ જ છે. આહા..હા..! એ રાગથી લાભ થશે, તેણે રાગ પોતાનો જાણ્યો અને એના ઉપર પ્રેમ થયો એને. આહા..હા..! જે પોતાની ચીજ નથી તેનાથી મારી ચીજમાં લાભ થાય તો એનો અર્થ કે એ પોતાની ચીજ માની એણે. ન્યાયથી તો આ છે. આહા..હા..! કેટલા બોલ મૂક્યા, ઓહો..હો..!

એક તો એક વસ્તુની બીજી વસ્તુ નથી એટલે કે આસ્રવને અને આત્માને એકની બીજી ચીજ નથી. એક તો બંનેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમની સત્તા જુદી છે. તેની સત્તાની ઉત્પત્તિ એક નથી. આહા..હા..! અને તેથી તેને આધારાધેય નથી. તેથી તેને પરિણમનના રૂપમાં જેનો આધાર છે. આત્માને પરિણનને આધારે આત્મા જણાય છે. આહા..હા..! માટે જ્ઞાનની જાણનક્રિયાને પોતાને (આધારે) પ્રત્યક્ષ રહેલી છે. એ પોતાની જાણનક્રિયામાં રહેલો છે આત્મા, એ રાગમાં રહેલો નથી. આહા..હા..! ક્રોધાદિ ક્રોધાદિના આધારે રહેલી છે. આહા..હા..! જાણનક્રિયા.. માટે જ્ઞાન આધેય છે અને જાણનક્રિયા આધાર છે. આહા..હા..! રાગથી ભિન્ન જાણન પરિણમન એ આધાર છે. કેમકે એને આધારે એનામાં આત્મા જણાય છે. આહા..હા..! કેમ? વિકારમાં જેમ જીવ નથી, આત્મા નથી એમ કર્મ ને નોકર્મ શરીરાદિ બધાય સાધન છે એમ કહે છેને. '**शरीराद्यं खलु धर्म साधनं**' એવું આવે છે પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં. એ બધા નિમિત્તનું જ્ઞાન (કરાવવાના કથનો છે). આવા અર્થ કરે છે બધા. ધર્મસાગર ને એ કહે છે. એ બધા એકાંત અર્થ કરેલા છે બધા માટે એને બોળ્યા છે. એમ આવ્યું લખાણ. વીતરાગની વાણી નથી, એમાં ઘરની વાણી નાખી છે માટે એને બોળ્યા એમ બીજા કહે છે. લખાણ છે. ધર્મસાગરને એવું જ છે. શાહુજીએ બહુ કહ્યું એને કે આ સાધુ થાય છે, હવે સુધારો તમે, જ્ઞાન આપો, એને તમે. ન બોલ્યા, માન્યું નહિ. છાપામાં પહેલાં આવી ગયું છે. આહા..હા..!

'**વળી વિશેષ સમજાવવામાં આવે છે :—**' દૃષ્ટાંત દઈને. આ તો વસ્તુનો સ્વભાવ સિદ્ધ કર્યો. હવે દૃષ્ટાંત દઈને એને સમજાવવામાં આવે છે. '**જ્યારે એક જ આકાશને પોતાની બુદ્ધિમાં સ્થાપીને...**' જ્ઞાનમાં આકાશને લક્ષમાં લઈને. '**(આકાશનો) આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી...** ' આકાશ કોઈને આધારે નથી. પોતે જ આધાર અને પોતે જ આધેય છે. આહા..હા..! એવો દૃષ્ટાંત છે. સર્વવ્યાપક આકાશ કોને આધારે હોય? આહા..હા..! '**આકાશને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં સ્થાપવાનું અશક્ય હોવાથી) બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી...**' આહા..હા..! બુદ્ધિમાં આકાશનો વિચાર કરતાં આકાશનો આધાર બીજી કોઈ ચીજ દેખાતી નથી. આહા..હા..!

'**બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી...**' એટલે કે બીજા આધારની અપેક્ષા '**(-ફાવી શકતી નથી,...**' બીજા આધારની અપેક્ષા '**ઠરી જાય છે, ઉદ્‌ભવતી નથી);...**' આહા..હા..! કેવો દાખલો આપ્યો છે! આકાશ સર્વવ્યાપક, હવે એનો આધાર કોણ? જે એમાં રહ્યા છે એને નિમિત્ત આધાર કહેવાય પાંચ દ્રવ્યોને, પણ એને આધાર કોણ? આ .. એનો આધાર કોણ? એનો આધાર કોણ? ઈશ્વરકર્તા છે આ જગતનો તો પછી ઈશ્વરને કોણે કર્યો? કે કો'ક બીજાએ. પછી બીજાને કોણે કર્યો? એનો ક્યાંય મેળ નહિ રહે પછી. અનાવસ્થા થશે. સ્વયંસિદ્ધ વસ્તુ છે કરે કોણ એને? આહા..હા..! સત્ અનાદિથી એમ ને એમ છે છએ દ્રવ્યો.

'**અને તે નહિ પ્રભવતાં, એક આકાશ જ એક આકાશમાં જ પ્રતિષ્ઠિત છે એમ બરાબર**

**સમજી જવાય છે...'** આકાશનો આધાર આકાશ જ છે, બીજો કોઈ છે નહિ. ઓહોહો..! કેવો દૃષ્ટાંત આપ્યો જુઓને આચાર્યએ! અમૃતચંદ્રાચાર્ય. **'અને તેથી એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** આકાશનો પર આધાર અને આકાશ એમાં રહેલું એવું એને ભાસતું નથી. એ દૃષ્ટાંત થયો. હવે સિદ્ધાંત. **'એવી રીતે જ્યારે એક જ જ્ઞાનને...'** આત્માને એક જ જ્ઞાનને. વર્તમાન બુદ્ધિ એટલે જ્ઞાનની પર્યાયમાં વિચાર કરતાં. આહા..હા..! **'પોતાની બુદ્ધિમાં...'** જ્ઞાનમાં વિચાર કરતાં. બુદ્ધિમાં સ્થાપીને. કોને? જ્ઞાન એટલે આખા આત્માને. એનો **'આધારાધેયભાવ વિચારવામાં આવે ત્યારે જ્ઞાનને બાકીનાં અન્ય દ્રવ્યોમાં આરોપવાનો નિરોધ જ હોવાથી... '** એ આત્મા કોઈ દ્રવ્યમાં નથી માટે બીજા દ્રવ્યનો એને આધાર (નથી). રાગમાં નથી, શરીરમાં નથી, વાણીમાં નથી એટલે એનો આધાર બીજો કોઈ છે જ નહિ. આહા..હા..!

**'બુદ્ધિમાં ભિન્ન આધારની અપેક્ષા પ્રભવતી નથી;... '** જેમ બુદ્ધિમાં આકાશને લક્ષમાં લઈને આકાશનો આધાર બીજો કોઈ દેખાતો નથી, આરોપવામાં આવતો નથી, એમ બુદ્ધિમાં જ્ઞાનને વિચારતા એ જ્ઞાનનો આધાર બીજી કોઈ ચીજ છે એમ આધાર આવતો નથી. આહા..હા..! આવા દાખલા. **'અને તે નહિ પ્રભવતાં, એક જ્ઞાન જ એક જ્ઞાનમાં જ પ્રતિષ્ઠિત છે...'** જોયું! એક જ્ઞાન જ એક જ્ઞાનમાં. એટલે આત્મા એકલા જ્ઞાનના પરિણમનમાં પ્રતિષ્ઠિત છે એમ. પહેલાં આવ્યું હતું ને ઈ. જ્ઞાન જ જ્ઞાનમાં. આહા..હા..! એટલે આત્મા જ્ઞાનની પરિણતિમાં, એ એનું સ્વરૂપ છે તેમાં પ્રતિષ્ઠિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવું ઝીણું પડે એટલે પછી બિચારા.. ઓહો..હો..! અરે..! એની શ્રદ્ધા કરે તો એ અંદર આગળ ચાલ્યો જશે. એ વસ્તુ એવી છે આ તો, બાપુ! આહા..હા..!

**'એવું સમજી જનારને પર-આધારાધેયપણું ભાસતું નથી.'** આહા..હા..! રાગનો આધાર અને આત્મા આધેય એમ ભાસતું નથી. શુદ્ધ પરિણમન તે આધાર અને આત્મા તેનો આધેય એમ નક્કી થાય છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓલામાં દયા પાળો, વ્રત કરો, દાન કરો, મંદિર બનાવો લ્યો! આ પાંચ-પચાસ લાખ વધ્યા હોય તો મંદિર બનાવે એમાં શું ધૂળમાં. એમાં થયું શું પણ ત્યાં? શુભરાગ ભાવ હોય તો પુણ્ય બાંધે. એ મંદિર ક્યાં કરી શકે છે. એને તો એમ થઈ જાય કે આહા..હા..! આઠ લાખ નાખ્યા. બેંગ્લોર-બેંગ્લોર. આ કો'ક કહેતું હતું, બાપુ! આ કો'ક આવ્યું હતું. બેંગ્લોરનો હું આવ્યો છું. રાજકોટનો છું. રાજકોટના હતા. આ ભાઈ લઈને આવ્યા હતા. બેંકના મેમ્બર. બેંકના છેને આપણે અહીં રમણીકભાઈનો દીકરો એ લઈને આવ્યો હતો. રાજકોટનો એનો કો'ક ઉપરી હશે ભાવનગરનો. બેંગ્લોર આપને મળ્યો હતો. બેંગ્લોર પ્રતિષ્ઠા હતીને. આવ્યા હશે ઘણા. તે દિ' તો માણસ બહુ. બાર લાખનું તો મંદિર છે. એમાં બે પંડિત એવા હતા બિચારા નરમ. ભાષા ઓલા ન સમજે તો પાછા પા-પા કલાક એની કન્નડી ભાષામાં સમજાવતા. એક તો આપણે આવ્યા હતા હમણાં. બેય નરમ હતા. આહા..હા..!

**'માટે જ્ઞાન જ જ્ઞાનમાં જ છે,...'** આહા..હા..! શું છે આ? આહા..હા..! વાસણને આધારે

ઘી કે ઘીને આધારે ઘી? વાસણને આધારે ઘી છે નહિતર તો ઢોળાઈ જાય. વાત જ ખોટી છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ આવે છેને. ઘીના એક-એક રજકણમાં આધાર નામનો ગુણ છે. એક એક રજકણમાં આધાર નામનો ગુણ છે એને લઈને એ આધારે રહ્યો છે, વાસણને લઈને નહિ, બીજા પરમાણુને લઈને નહિ. એમ ભગવાન જ્ઞાન જ જ્ઞાનમાં છે. આત્મા જ પોતાની શુદ્ધ પરિણતિમાં છે. આહા..હા..! એ '**ક્રોધાદિક જ ક્રોધાદિકમાં જ છે.**' આ બે એક છે નહિ. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગસર વદ-૧, મંગળવાર, તા. ૭-૧૨-૧૯૭૬,**
**ગાથા-૧૮૧-૧૮૩, કળશ-૧૨૬, પ્રવચન નં. ૨૫૪**

સમયસાર. પહેલી ત્રણ ગાથા સંવર. છેલ્લું કહ્યું. '**આ પ્રમાણે...**' પાછળ. '**(જ્ઞાનનું અને ક્રોધાદિક તેમ જ કર્મ-નોકર્મનું) ભેદવિજ્ઞાન ભલી રીતે સિદ્ધ થયું.** ' પહેલામાં અન્ય વસ્તુ કીધી હતીને એમાં અન્યવસ્તુમાં આ ક્રોધાદિ. આ મુખ્ય ત્યાં થયું. પછી કર્મ અને નોકર્મ તો ભેળવ્યા. એટલે એમ કે એક વસ્તુની બીજી વસ્તુ નથી ત્યાં આસ્રવ ક્યાંથી આવ્યો? એમાં ક્યાં લખ્યું છે એમ કોઈ કહે. પણ એ ક્રોધાદિની ક્રિયા છે એ બધી રાગની આસ્રવ છે, એ અન્ય વસ્તુ છે એમ સિદ્ધ કરવી છે. એટલે એમ કહ્યુંને છેલ્લું જુઓને! '**આ પ્રમાણે...**' આત્માનું એટલે જ્ઞાન અને આત્માના સ્વભાવનું અને ક્રોધાદિક વિકારી પરિણામનું, તેમ જ કર્મ-નોકર્મનું. '**ભેદવિજ્ઞાન...**' પરથી ભિન્ન ભલી રીતે સિદ્ધ થયું.

હવે ભાવાર્થ. પહેલા એમ કહ્યું છેને ઉપયોગમાં ઉપયોગ છે. ઉપયોગમાં એટલે શું? ઉપયોગ તો ચૈતન્યનું પરિણમન હોવાથી. એ પહેલો શબ્દ છે એ. ઉપયોગ તો ચૈતન્યનું, જ્ઞાનનું, આનંદનું, પરિણમન પર્યાયરૂપે હોવાથી તે જ્ઞાનસ્વરૂપ છે. ચૈતન્યનું પરિણમન તે આત્મસ્વરૂપ છે એમ કહેવું છે. સમજાણું કાંઈ? ઉપયોગ પહેલો બોલ છે એ. ઉપયોગમાં ઉપયોગ છે. એટલે પહેલી વ્યાખ્યા ઉપયોગમાંની વ્યાખ્યા કરી. ઉપયોગ તો ચૈતન્ય જ્ઞાયકભાવ, એનું રાગથી અને પરથી ભિન્ન થઈને જે પરિણમન થયું એ તો આત્મસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે એ પરિણમન. સમજાણું કાંઈ? અને પુણ્ય-પાપનો ભાવ એની જે રુચિ એવો જે ક્રોધાદિ ભાવકર્મ. આહા..હા..!

'**જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ,...**' જડ. ઓલો ભાવકર્મ વિભાવ. '**શરીરાદિ નોકર્મ—એ બધાંય પુદ્ગલદ્રવ્યના પરિણામ હોવાથી જડ છે;...** ' આહા..હા..! જડથી ભિન્ન ભેદજ્ઞાન કરાવ્યું.

રાગાદિ અહીં તો રાગની રુચિ છે એ જડ છે... આહા..હા..! અચેતન છે અને કર્મ, શરીર તો પ્રત્યક્ષ અચેતન છે જ. પુદ્ગલના (પરિણામ), આ ત્રણેયને પુદ્ગલના પરિણામ કહ્યા. સમજાણું? '**જડ છે; તેમને અને જ્ઞાનને...**' આત્માનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય અને આ '**પ્રદેશભેદ હોવાથી...**' બેયનો પ્રદેશ અંશ, ક્ષેત્ર ભિન્ન છે. '**અત્યંત ભેદ છે.**' આહા..હા..! '**માટે ઉપયોગમાં ક્રોધાદિક, કર્મ તથા નોકર્મ નથી...**' કહો, સમજાણું? ઉપયોગમાં એટલે આત્મામાં પુણ્ય-પાપના ભાવનો પ્રેમ, રુચિ, ક્રિયા અને કર્મ, નોકર્મ નથી અને ક્રોધાદિમાં, કર્મમાં અને નોકર્મમાં ઉપયોગ નથી. વિકારી પરિણામમાં, કર્મમાં અને નોકર્મમાં આત્મા નથી. આહા..હા..!

'**આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી;...**' વિકારી પરિણામને, કર્મને અને શરીરને અને આત્માને બેને આધારાધેયસંબંધ નથી. વિકારને આધારે આત્મા પ્રગટે કે આત્માને આધારે વિકાર પ્રગટે એમ છે નહિ. આવી વાતું હવે ઝીણી. આહા..હા..! '**આ રીતે તેમને પારમાર્થિક આધારાધેયસંબંધ નથી;...**' મૂળ આવ્યો હતો પરમાર્થ શબ્દ ટીકામાં? '**દરેક વસ્તુને પોતપોતાનું આધારાધેયપણું પોતપોતામાં જ છે.** ' આહા..હા..! આત્માને આધારે, ચૈતન્ય પરિણમનને આધારે આત્મા જણાય એ ચૈતન્યનું પરિણમન તે આત્મા જ છે, આહા! અને રાગના રુચિનું પરિણમન એ જડ છે. આહા..હા..! મિથ્યાત્વભાવ એ જડ છે. ભગવાન આત્મા ચૈતન્યના સ્વરૂપપણે પરિણમે છે તે ચૈતન્ય છે. આહા..હા..! બહુ ટૂંકામાં વર્ણવ્યું. આ તો પાંચ દિ'થી આ ચાલે છે.

'**માટે ઉપયોગ ઉપયોગમાં જ છે,...**' ઉપયોગ એટલે આત્મા, ઉપયોગમાં છે એટલે ચૈતન્ય પરિણમનમાં જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મોક્ષમાર્ગ પ્રકાશકમાં તો ત્યાં સુધી લીધું છેને કે મુનિપણું એટલે શુદ્ધોપયોગને ગ્રહણ કરવું તે મુનિપણું. પહેલા અધિકાર શરૂઆતમાં પાંચ પદને નમસ્કાર કર્યાને ત્યાં. શુદ્ધોપયોગને અંગીકાર કર્યો. આહા..હા..! એટલે કે વસ્તુ તો શુદ્ધ દ્રવ્ય છે, હવે પરિણનમાં શુદ્ધોપયોગને ગ્રહણ કર્યો એનું નામ મુનિપણું છે. ઈ આ શુદ્ધ ચૈતન્યનું પરિણમન. આહા..હા..! એ ઉગ્રપણે ચૈતન્યનું પરિણમન તે શુદ્ધોપયોગ, એ શુદ્ધોપયોગને અંગીકાર મુનિએ કર્યો છે. આહા..હા..! આવું તો મોક્ષમાર્ગપ્રકાશક લે છે. અને એ શુદ્ધોપયોગના સાધન વડે ઘાતિ કર્મનો નાશ કરીને કેવળજ્ઞાન પામ્યા એમ કહ્યું છે. આહા..હા..! એ સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય એના શુદ્ધ સ્વભાવના સાધન વડે. લ્યો, ત્યાં તો એમ કહ્યું છે. વિભાવના સાધન વડે કેવળજ્ઞાન પામે છે એમ નથી. આહા..હા..! શું થાય ભાઈ! જેનો સ્વભાવ છે તે સ્વભાવથી જ સ્વભાવની પ્રાપ્તિ થાયને. યથાખ્યાત ચારિત્ર છે એ પોતાના સ્વભાવની નિર્મળતાની વીતરાગ પરિણતિથી પ્રાપ્ત થાય અને કેવળજ્ઞાન છે એ જ્ઞાનની શુદ્ધ પરિણતિથી પ્રાપ્ત થાય. આહા..હા..! આ વાત બેસવી અપૂર્વ વાત છે, બાપુ! એ કાંઈ વાતમાં કાંઈ વળે એવું નથી. સમજાણું કાંઈ? લ્યો!

'**ઉપયોગ ઉપયોગમાં જ છે,...**' ઉપયોગ એટલે આત્મા જ્ઞાયકસ્વભાવ એ ઉપયોગમાં જ છે એટલે ચૈતન્યનું પરિણમન. આહા..હા..! '**ક્રોધ ક્રોધમાં જ છે.**' સ્વભાવની વિરુદ્ધનો ભાવ તે વિકાર તે વિકાર વિકારમાં છે, એ પુદ્ગલના પરિણામ છે. આહા..હા..! પહેલા આવી ગયું છેને એ તો.

મિથ્યાત્વાદિ છે એ તો અનુભૂતિથી ભિન્ન છે. ૫૦ થી ૫૫ (ગાથા), અજીવ અધિકાર. મિથ્યાત્વાદિ જે ચાર પ્રત્યય છે અવ્રત, કષાયાદિ કે ચૌદ ગુણસ્થાન... આહા..હા..! એ પ્રત્યયો ચાર છે અને ચારના ભેદ તેર છે આસ્રવ તરીકે, એ બધા અચેતન છે, જડ છે. એનાથી ભગવાન આત્મા શુદ્ધોપયોગરૂપ એમાં એ આત્મા જણાય છે. માટે ઉપયોગ એટલે આત્મા તે ઉપયોગમાં જ છે. શુદ્ધોપયોગ વીતરાગી પરિણામમાં એ આત્મા છે. આહા..હા..! આ તો ચોથા ગુણસ્થાનથી છે. વીતરાગસ્વરૂપ ત્રિકાળ વીતરાગસ્વરૂપ આત્મા એ વીતરાગી પરિણતિરૂપ શુદ્ધોપયોગમાં એ વીતરાગસ્વરૂપ છે. આહા..હા..!

'**ઉપયોગ ઉપયોગમાં જ છે, ક્રોધ ક્રોધમાં જ છે. આ રીતે ભેદવિજ્ઞાન બરાબર સિદ્ધ થયું. (ભાવકર્મ વગેરેનો અને ઉપયોગનો ભેદ જાણવો તે ભેદવિજ્ઞાન છે.)** ' આહા..હા..! અહીંયાં મોક્ષમાર્ગમાં તો એ કહ્યું. મુનિપણું એટલે શુદ્ધોપયોગનું અંગીકાર કરવું તે મુનિપણું. પંચમહાવ્રત વ્યવહાર, અઠ્યાવીશ મૂળગુણ એમ નથી. પછી લીધું પાછળ. આહા..હા..! એ આવે વચમાં હોય છે. સમજાણું?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' પ્રવચનસારમાં પણ લીધુંને ભાઈ પહેલું. પહેલી પાંચ ગાથા. પરમ શુદ્ધોપયોગ નિરપેક્ષ—પરની અપેક્ષા વિનાનો એ આચાર્યપણું, ઉપાધ્યાયપણું, સાધુપણું છે. એનો જ્ઞાન, દર્શન, ચારિત્રનો જે વેપાર શુદ્ધ વીતરાગી પરિણામ. આહા..હા..! ત્યાં એમ લીધું પાંચ ગાથામાં શરૂઆતમાં. પરમ નિરપેક્ષ શુદ્ધોપયોગ જેને રાગ ને નિમિત્તની અપેક્ષા નથી, એવો જે આત્માના લક્ષે થયેલો શુદ્ધોપયોગ તેમાં આચાર્ય, ઉપાધ્યાય, સાધુપણું છે. આહા..હા..! હવે અહીં તો શુદ્ધોપયોગની તો વાત અત્યારે છે જ નહિ કહે છે. આહા..હા..! અરેરે..! એનો અર્થ પણ સમકિત પણ નથી, સાધુપણું પણ નથી. શું થાય? કળશ-૧૨૬.

**चैद्रूप्यं जडरूपतां च दधतोः कृत्वा विभागं द्वयो-**
**रन्तर्दारुणदारणेन परितो ज्ञानस्य रागस्य च।**
**भेदज्ञानमुदेति निर्मलमिदं मोदध्वमध्यासिताः**
**शुद्धज्ञानघनौघमेकमधुना सन्तो द्वितीयच्युताः।।१२६।।**

એ ટીકાનો પાછો ટૂંકો કળશ છે. ટીકા પણ પોતાની છે અને એમાંથી આ કળશ બનાવ્યો છે ટૂંકો. આહા..હા..! '**चैद्रूप्यं जडरूपतां च दधतोः ज्ञानस्य रागस्य च**' આત્મા એ ચિદ્રૂપ છે. '**(ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન...**' શુદ્ધોપયોગને ધરતો આત્મા. સમજાણું કાંઈ? કહ્યુંને માથે. ઉપયોગ ચૈતન્યનું પરિણમન હોવાથી જ્ઞાનસ્વરૂપ છે. ભાવાર્થમાં પહેલી લીટી. આહા..હા..! '**ચિદ્રૂપતા (ચૈતન્યરૂપતા) ધરતું જ્ઞાન...**' એટલે આત્મા. આહા..હા..! આનંદના પરિણમનને ધરતો આત્મા. આહા..! આનંદના પરિણમનથી આત્મા જણાય કે આ તો આનંદસ્વરૂપ છે. જ્ઞાનના પરિણમનથી જણાય કે આ આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે. આહા..! સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનના પરિણમનથી જણાય કે આ તો શ્રદ્ધા શુદ્ધ શ્રદ્ધાસ્વરૂપ જ છે. આહા..હા..! વીતરાગી સ્વરૂપ આચરણથી જણાય કે આ તો ચારિત્ર સ્વરૂપ જ-અકષાયસ્વરૂપ જ આત્મા છે. આહા..હા..! હવે આવો માર્ગને. આહા..હા..!

**'ચિદ્રૂપતા ધરતું જ્ઞાન...'** આત્મા. જ્ઞાનસ્વરૂપે પરિણમતું જ્ઞાન. વીતરાગ પરિણામે પરિણતો આત્મા, આનંદપણે પરિણમતો ભગવાન, સ્થિરતાપણે પરિણમતો આત્મા. આહા..હા..! **'અને જડરૂપતા ધરતો રાગ...'** જુઓ, અહીં તો રાગ જ લીધો જોયું! ઓલું ક્રોધાદિ લીધું હતું. અહીં સ્પષ્ટ કરી નાખ્યું. અને રાગ... આહા..હા..! દયા, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો રાગ એ રાગ. **'બન્નેનો અંતરંગમાં...'** **'दारुण-दारणेन'** દારૂણ એટલે **'દારૂણ વિદારણ વડે (અર્થાત્ ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે),...'** રાગ જે પરલક્ષે ઉત્પન્ન થતો, એને રાગથી ભિન્ન પાડીને સ્વલક્ષે ઉત્પન્ન થતો ઉપયોગ, એમ બેની વચ્ચેનું ભેદજ્ઞાન કરીને. આહા..હા..! આવી વાતું હવે.

**'બન્નેનો અંતરંગમાં...'** **'दारुण-दारणेन'** આકરું વિદારેણ એમ. **'दारुण-दारणेन'** એમ છેને? એક દારૂણનો અર્થ આકરો. વિદારેણ. ભેદ પાડવાના ઉગ્ર. ઓલું કીધુંને **'दारुण'**નો અર્થ ઉગ્ર કર્યો અને **'दारणेन'**નો અભ્યાસ કર્યો. આહા..હા..! ચૈતન્યરૂપ ધરતો આત્મા અને રાગરૂપ ધરતું જડ, બન્નેને ભેદજ્ઞાન વડે **'दारुण-दारणेन'** આહા..હા..! દારૂણ-વિદારણ વડે અથવા ભેદ પાડવાના ઉગ્ર અભ્યાસ વડે. દારૂણ એટલે ઉગ્ર, દારેણ એટલે અભ્યાસ. આહા..હા..! આ એની ક્રિયા. સમજાણું કાંઈ? **'परितः विभागं कृत्वा'** આહા..હા..! **'परितः'** નામ ચોતરફથી. ચારે બાજુથી રાગથી ભિન્ન પાડવો ભગવાનને. આહા..હા..! ક્ષેત્રથી, કાળથી, એના ભાવથી. આહા..હા..! એ વસ્તુ જ પર છે, એને પરિત નામ ચારેય બાજુથી. પરિ ઉપસર્ગ છેને. ચોતરફથી. કોઈપણ પક્ષમાં એ રાગ ન રહે. આહા..હા..! આવી વાત હવે. હજી એને ખબરેય નથી શું કરે? આહા..હા..! ભાઈ!

**'ચિદ્રૂપતા ધરતું જ્ઞાન...'** એટલે? જ્ઞાનનું પરિણમન ધરતો આત્મા અને રાગને ધરતો જડ. આહા..હા..! વ્યવહારરત્નત્રનયો રાગ એ જડ છે, છતાં જે આવે મેળ કરવા ત્યાં તો પ્રમાણનું જ્ઞાન કરવા ભેદાભેદરત્નત્રયને આરાધવું એમ આવે. અભેદની સાથે એ હોય છે એથી એનું ભેગું (જ્ઞાન કરાવે છે). આરાધે છે સ્વને, પણ એમાં આરાધનાનો આરોપ વ્યવહારમાં આવે છે. આહા..હા..! અહીં તો કહે છે કે રાગમાત્ર જડ છે. ભેદરત્નત્રયનો રાગ એ જડ છે. એ જડ અને ભગવાન આત્માની વચ્ચે ઉગ્ર અભ્યાસ વડે. આહા..હા..! રાગનો વિકલ્પ અને ચૈતન્યનું પરિણમન બેને ભેદ પાડવાના અભ્યાસ વડે. આહા..હા..! ભાષા કેવી છે જુઓ! એમ.

**'परितः विभागं कृत्वा'** **'ચોતરફથી વિભાગ કરીને...'** વહેંચીને, ચારે બાજુથી વહેંચીને. પ્રદેશ પણ એના ભિન્ન, આના પ્રદેશ ભિન્ન. એનો એક સમયનો કાળ, આનો ત્રિકાળ કાળ, એક સમયનો વિભાવ, આ ત્રિકાળી સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ? ચૈતન્યની પૂંજી પકડવા માટે ચૈતન્યનું પરિણમન કાર્ય કરે એમ કહે છે, એમાં રાગ કાર્ય કરે નહિ. આહા..હા..! આવી વાત લ્યો! **'दारुण-दारणेन परितः विभागं कृत्वा'** આકરા અભ્યાસ વડે ચારેય બાજુથી વિભાગ નામ વહેંચણી કરીને. આહા..હા..! **'(—સમસ્ત પ્રકારે બન્નેને જુદાં કરીને—)'** જોયું! અર્થ કર્યો છે. બધા પ્રકારે રાગ અને રાગનો પ્રદેશ અને રાગનો કાળ અને રાગનો ભાવ દુઃખ, એને ચારેય બાજુથી ભિન્ન કરીને. આહા..હા..! અંતર્મુખના વલણમાં પરથી ભિન્ન પડે છે ત્યારે ચારેય બાજુથી ભિન્ન પડે છે કહે છે. કોઈ અંશ એમાં

રહેતો નથી. વિભાવનો કોઈ અંશ રહેતો નથી. આહા..હા..!

'**इदं निर्मलम् भेदज्ञानम् उदेति** ' '**इदं**' આ પ્રત્યક્ષ. '**આ નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...**' આહા..હા..! જે વસ્તુ છે આનંદસ્વરૂપ અને જ્ઞાનસ્વરૂપ એ પરથી ભેદ પાડતા એ પ્રત્યક્ષ નિર્મળ '**इदं निर्मलम् भेदज्ञानम् उदेति**' '**इदं**' નામ આ. એટલે આ પ્રત્યક્ષ. '**નિર્મળ ભેદજ્ઞાન ઉદય પામ્યું છે;...**' આહા..હા..! આ ધાર્મિક ક્રિયા. '**इदं निर्मलम् भेदज्ञानम्**' પ્રગટ થયું છે. આહા..હા..! ઉદય પ્રગટ થયું છે. ઉદય-ઉદય શબ્દ છેને એ. પ્રગટ થયું છે. આહા..! ઉદય થાય ચારિત્રનો, નથી આવતું? શ્રીમદ્‌માં એમ આવે છે. ઉદય એટલે પ્રગટ થાય છે ચારિત્ર. આહા..હા..!

'**अधुना**' '**માટે હવે...**' '**अधु**' હવે. '**एकम् शुद्ध-ज्ञानघन-ओधम् अध्यासिताः**' આહા..હા..! '**એક શુદ્ધ વિજ્ઞાનઘનમાં પુંજમાં સ્થિત...**' વિભાવથી ભિન્ન પડેલું એકલું વિજ્ઞાનઘન. '**एकम्**' છેને? શુદ્ધ વિજ્ઞાનઘન એના પુંજમાં સ્થિત, એ પર્યાય થઈ. એક શુદ્ધ વિજ્ઞાનઘન એનો પુંજ એ ત્રિકાળી થયું. એમાં સ્થિત એ વર્તમાન પર્યાય થઈ વીતરાગી. સમજાણું કાંઈ? આહા..હા..! આવું (આકરું) પડે (એટલે) નિશ્ચય... નિશ્ચય માણસ કહે. પણ આ નિશ્ચય એટલે સત્ય. આહા..હા..! નિશ્ચયને એમ કે એકાંત નિશ્ચય છે. વ્યવહારથી પણ થાય એમ માનતા નથી. ભાઈ! વ્યવહાર હોય છે, વ્યવહાર નથી એમ નહિ. એનાથી ભેદજ્ઞાન કરે ત્યારે થાય છે, એને રાખીને લક્ષમાં લઈને ભેદજ્ઞાન કરે એમ ન થાય. આહા..હા..! શું કીધું ઈ? કે રાગનું લક્ષ રાખીને અંદર ભેદજ્ઞાન થાવું એમ થાય? એ તો સ્વનું લક્ષ કરીને રાગથી ભેદજ્ઞાનનું પરિણમન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

માટે, હવે '**एकम् शुद्ध-ज्ञानघन-ओधम्**' એ વસ્તુ કીધી. એકરૂપ ભેદજ્ઞાની શુદ્ધજ્ઞાનઘન પુંજ ઓઘ. આહા..હા..! વિજ્ઞાનઘનનો ઓઘ. ઓઘો મોટો ઓઘો. ઓઘો આવે છેને આ, ઓલું નથી મોટા ખડના ઓઘા, ખેતરમાં ખડના ઓઘા કરે છે કાઠિયાવાડમાં એમ છે. ૫૦-૫૦ મણના. સો-સો મણના. ઘાસના ઓઘા. તમારી ભાષા કાંઈક બીજી હશે. ઢેર મોટા ઢેર કરે. ઓઘા કર્યા કહેવાય ઓઘા. આહા..હા..! એમ આ જ્ઞાનનો ઓઘ છે મોટો, પુંજ છે. આહા..હા..! થોડું પણ પરમસત્ય છે. ત્રણ ગાથામાં તો ગજબ કામ કર્યું છે! આહા..હા..! ભેદજ્ઞાન એને કહીએ કે જેનાથી જુદું પડવું. હવે જેનાથી જુદું પડવું એનાથી જુદું પડાય (એ કઈ રીતે બને?) આહા..હા..!

'**अधुना एकम् शुद्ध-ज्ञानघन**' વિજ્ઞાનઘન એમ. ઓઘ નામ પુંજ મોટો-પુંજ મોટો ઓઘો ભર્યો છે. આહા..હા..! એક શુદ્ધ સ્થિત એવા ભગવાન આત્મામાં. એ રાગમાં અનાદિથી સ્થિત હતો એ પર્યાયબુદ્ધિએ હતો, અજ્ઞાનભાવમાં હતો. આહા..હા..! એ રાગથી ભિન્ન પાડીને ભગવાન જ્ઞાન પુંજમાં સ્થિત થાય એ વીતરાગી વિજ્ઞાન છે, એ મોક્ષનો માર્ગ છે. આહા..હા..! '**एकम्**' એકરૂપે પાછું, આમ ભેદ નહિ. શુદ્ધ નામ પવિત્ર, જ્ઞાનઘનનો પુંજ. આહા..હા..! વિજ્ઞાનઘનનો પુંજ. ઓહો..હો..! એ આત્મા. એમાં સ્થિત. રાગથી ભિન્ન પાડીને એમાં સ્થિત અને '**द्वितीय-च्युताः**' બીજાથી, રાગથી રહિત. જુઓ, ઓલું પહેલું પદ હતુંને, એ આવ્યું. '**न खलु**' એ આવ્યું. '**न खल्वेकस्य द्वितीयमस्ति**'. ટીકાનું હતુંને પહેલું (પદ). આહા..હા..!

**'द्वितीय–च्युताः' 'બીજાથી એટલે રાગથી રહિત...'** બીજો એટલે કોણ બીજો? જ્ઞાનસ્વભાવથી રાગ બીજો. એનાથી રાગથી રહિત એવા હે સંત! **'હે સત્પુરુષો!'** આહા..હા..! એવા સત્‌માં ઠરે તે સંત કહેવાય, એ સત્પુરુષ કહેવાય એમ કહે છે. આહા..હા..! વિજ્ઞાનઘનનો પૂંજ પ્રભુ એ રાગથી ભિન્ન પડીને તેમાં સ્થિર થાય. આહા..હા..! એને અહીં સત્પુરુષ કહે છે. સત્‌માં ઠરે તેને સત્પુરુષ કહે છે. રાગમાં ઠરે તેને અસત્પુરુષ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સજ્જન કહે છે આને. સજ્જનમાં 'જ' ડબલ છેને. સત્‌જન થાય છે. સત્ વસ્તુ જ્ઞાનનો ઓઘ એમાં જન ઠરે છે. આહા..હા..! એ સજ્જન છે, એ સત્‌જન છે, એ સત્પુરુષ છે, એ સુખી છે. આહા..હા..! જેના જ્ઞાનમાં રાગ સમીપ હતો એ દુઃખી હતો. જેના જ્ઞાનમાં આત્મા સમીપ કર્યો એ સુખી છે. સમજાણું કાંઈ? ... આવે છે એ આમાં નિયમસારમાં આપણે આવે છે. આ લોકોમાં આવે છે શ્વેતાંબરમાં અનુયોગ દ્વારમાં આવે છે.

જે જ્ઞાનના પરિણામમાં આત્મા સમીપ છે... આહા..હા..! એ જ્ઞાનને ધર્મ કહીએ અને તેને મોક્ષનો માર્ગ કહીએ. જે જ્ઞાનની પર્યાયમાં રાગ સમીપ છે એને અધર્મ કહીએ, એને અચેતન કહીએ અને એને જડ કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. સોનગઢ છે એ નિશ્ચય છે અને એકાંતવાદ છે. વ્યવહારની વાતું જ કરતાં નથી. વ્યવહારની વાતું નથી કરતાં? વ્યવહારથી જુદું પાડવું. હોય એનાથી જુદું પાડવું કે ન હોય એનાથી? આહા..હા..! વ્યવહાર છે.

**શ્રોતા :–** વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઈ વાત, વાંધા આ છેને. વ્યવહાર છે એમ કહો એકલું નહિ. વ્યવહારથી પણ લાભ થાય. ચરણાનુયોગના વ્યવહારઆજ્ઞા પ્રમાણે આચરણ કરવાથી, વ્યવહારઆજ્ઞા હોં. વ્યવહારઆજ્ઞા છેને એ. જિનાજ્ઞા વ્યવહારની જે છે એ સંસારનું કારણ છે. એ તો કહ્યુંને. આહા..હા..! જૈનની આજ્ઞામાં વ્યવહારનું નિમિત્ત દેખીને ઉપદેશ ઘણો કર્યો છે, પણ એનું ફળ તો સંસાર છે. ૧૧મી ગાથા. ૧૧. આહા..હા..!

સ્વમાં સ્થિર થઈને **'द्वितीय–च्युताः'** પરથી નાસ્તિ કરી. આહા..હા..! સ્વના અસ્તિત્વમાં ઠર્યો, પરથી નાસ્તિ થઈ. આહા..હા..! **'द्वितीय–च्युताः'** રાગથી ભ્રષ્ટ થઈ. **'च्युताः'** જુઓ, આહા..હા..! કહો, ધીરૂભાઈ! આવી વાતું છે. એની રીતની ખબર ન મળે, એની પદ્ધતિની ખબર ન મળે, એને કઈ રીતે ધર્મ થાય? આહા..હા..!

**શ્રોતા :–** બાપ-દાદા કરતાં હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બાપ-દાદા કરતાં એ તો... બાપ-દાદા ટોપી નહોતા પહેરતા અને આ ટોપી પહેરવા મંડ્યા છે. કેમ? અમારી દીક્ષામાં જુઓ તો એટલા કણબી બધા માથાના બાંધેલા. દીક્ષામાં પાઘડી બાંધેલા. કણબી ખરાને. .. એકલા કણબી માથા બાંધેલા. વાણિયા એટલા બાંધતા હતા પહેલા. હવે ટોપી થઈ ગઈ બધી. એ ટોપી કેટલાક નથી રાખતા. હવે તો ઉઘાડુ માથું જ રાખે છે. એના બાપ ઉઘાડા માથે નહોતા આવ્યા, બાંધતા હતા, મોટી પાઘડી બાંધતા મોટી આવડી. સમજાણું કાંઈ? એ તો લખ્યું છેને એમાં મોક્ષમાર્ગપ્રકાશમાં, કુળની વૃત્તિ જે કરે છે એ અજ્ઞાની છે. અમારા કુળનો આ ધર્મ

છે માટે એમ કરીએ એ કાંઈ જ્ઞાની નથી. આહા..હા..! કુળધર્મમાં આવે છેને, મોક્ષમાર્ગપ્રકાશકમાં. આહા..હા..! જૈનધર્મ પણ કુળને અનુસારે કરે એ પણ જૈનધર્મ નથી. એને પોતાને રાગથી ભિન્ન પડીને સ્વરૂપ પ્રત્યે અનુભવ કરે ત્યારે એને ધર્મ થાય અને સમકિત થાય. આહા..હા..! કુળમાં માને છે માટે આપણે કરીએ છીએ ત્યાં સુધી તો એ લોકલાજ બહારની. આહા..હા..!

ઓહો..હો..! કળશ તે કળશ છેને! **'એવા હે સત્પુરુષો!'** **'मोदध्वम्'** એ આનંદિત થાઓ, આનંદ-મુદિત થાઓ. આનંદમાં આવી જાવ એકવાર કહે છે. કારણ કે રાગથી ભિન્ન તારું તત્ત્વ એમ ને એમ છે. તેં માન્યું નહોતું માટે તારે નહોતું. માન્યું ત્યારે છે. આહા..હા..! અંદર આનંદનો નાથ પડ્યો છે મોટો, પરમાત્મસ્વરૂપ છે. આહા..હા..! **'હે સત્પુરુષો'** **'मोदध्वम्'** આનંદિત થાઓ, આનંદિત થાઓ. આહા..હા..! જે રાગની એકતામાં દુઃખી હતા એ રાગની ભિન્નતામાં સુખી થાઓ હવે, એમ કહે છે. આહા..હા..! શ્લોક તે શ્લોક છેને! **'मोदध्वम्'** છેને? **'निर्मलमिदं मोदध्वमध्यासिताः'** રાગને જુદું પાડવાનો ઉગ્ર અભ્યાસ વડે આનંદિત થાઓ. આહા..હા..!

બીજાને સમજાવતા આવડે, ન પણ આવડે એની સાથે કાંઈ સંબંધ નથી. લોકમાં આ વક્તા મોટો છે એમ થાય ને પ્રસિદ્ધિ થાય એ કોઈ ચીજ નથી. ભાઈએ નથી લખ્યું મોક્ષમાર્ગમાં, વક્તા કોને કહેવો? છેવટે અંદર લીધું છે કે જેને આત્મજ્ઞાન થયું હોય તે વક્તા સાચો છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં. આહા..હા..! જેને અધ્યાત્મરસની ખબર નથી... આહા..હા..! એ શી રીતે નિશ્ચયની વાત કરશે? આહા..હા..! છેને આમાં વક્તાનું? જૈનધર્મમાં દૃઢ હોય અને તે શ્રોતાથી એનું ઊંચું પદ છે. શ્રોતાને જેમ ખુશી થાય તેમ કહેવું એમાં તો નીચપદ થઈ ગયું તારું. એ રાજી થાય, ઠીક થાય એવું કહેવું આ તો તારું હલકું પદ થઈ ગયું. શ્રોતાથી વક્તાનું ઊંચું પદ છે. આહા..હા..! દુનિયાને રાજી રાખવા. ભાઈ! વ્યવહાર કરતાં-કરતાં થાય, વ્યવહાર સાધન છે. લોકો રાજી થાય.

**શ્રોતા :-** સૌને રાજી કરવા માટે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ ત્યાં શ્રીમદ્‌માં પણ એમ પૂછ્યું હતું. કલાક વ્યાખ્યાન સાંભળ્યું. ત્યાં ગયા હતા નહિ શ્રીમદ્‌માં, (સંવત) ૨૦૧૩ની સાલ. ૨૦ વર્ષ થયા. બધા સાંભળવા ભેગા થયા, માણસ ઘણું. આપણી સાથે હતું, એનું. સાંભળ્યું. રાત્રે પછી એક માણસ આવ્યા. એ બધી વાત બરાબર, પણ એનું સાધન? સાધન તો આ શાસ્ત્ર વાંચવા, ભક્તિ કરવી, પૂજા કરવી, દેવ-ગુરુને બહુમાન આપવું એ સાધન. અરે..! આહા..હા..!

અહીં તો કહ્યું. આહા..! શુદ્ધજ્ઞાનઘન એની દૃષ્ટિ થઈ, રાગની દૃષ્ટિ ઊડી ગઈ, પર્યાયબુદ્ધિ નાશ થઈ, સ્વભાવબુદ્ધિનું પરિણમન થયું. આહા..હા..! એથી આનંદ થાઓ. એ આનંદમાં આવી જાવ હવે એમ કહે છે. મુદિત થાઓ, પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. આહા..હા..! આત્માના રાગથી અભ્યાસદશામાં આનંદિત થાઓ. આહા..હા..! કેમકે તેમાં તને આનંદ આવશે. આહા..હા..! અનંતકાળમાં કોઈ દિ' ચાખ્યો નથી એવો સ્વાદ આવશે તને. સમજાણું કાંઈ? આ બધા દૂધપાકના અને ફલાણાના સ્વાદ કરીને મરી જાય છેને. એ જડનો ક્યાં સ્વાદ છે? એ તો જડ, માટી, ધૂળ છે. એમાં તો લક્ષ કરીને રાગ કરે

એનો સ્વાદ છે, રાગનો દુઃખનો સ્વાદ છે. આહા..હા..!

આ પરણે ત્યારે મૂકે છેને શું કહેવાય એને? પંચોળું. લગન (કરતો હોય) અને એની સાથે અણવર હોય, એક થાળમાં જમાડે એને. જાનૈયાને અને બીજા માણસને જમાડે એનાથી એની રસોઈ બીજી હોય. બે, ચાર, પાંચ મૈસુબ ને કોઈ ફલાણું ને ઢીંકણું. એનો થાળ મોટો થાળ હોય. ખુશ-ખુશ થઈ જાય. આહા..હા..! આપણને પીરસ્યું છેને બધા કરતાં. બીજાને લાડવા ને ગાંઠિયા આપ્યા. આપણને મૈસુબ, રસગુલ્લા દૂધના બને છેને. રસગુલ્લા, બરફી ને. આહા..હા..! શક્કરપારાના ઓલો સાટા. ગળ્યા સાટા, ઘીમાં તળેલા. ધૂળમાંય નથી, ત્યાં રાગનો સ્વાદ છે. આહા..હા..! આ તો આનંદનો સ્વાદ તને આવશે કહે છે. આહા..હા..!

ઓહો..હો..! આચાર્યે પણ ગજબ કામ કર્યા છેને! **'मोदध्वम्' 'મુદિત થાઓ.'** આમાં (—સમયસાર-કલશમાં) શું કર્યું છે **'मोदध्वम्'નું? 'સંતો અર્થાત્ સમ્યગ્દષ્ટિ જીવો... ' 'अधुना'** સંતપુરુષો **'इदं मोदध्वम्' 'શુદ્ધ જ્ઞાનાનુભવને આસ્વાદો. શુદ્ધસ્વરૂપનો અનુભવ છે જીવન જેમનું,...'** આહા..હા..! જોયું! આસ્વાદો કર્યું એ. **'શુદ્ધ જ્ઞાનાનુભવને આસ્વાદો.'** એવો અર્થ કર્યો. **'इदं मोदध्वम्'** આ શુદ્ધજ્ઞાનના અનુભવને આસ્વાદો. વાત તો એમ જ છે. **'मोदध्वम्'** આનંદનો સ્વાદ લ્યો તમે એમ કહે છે. આ કળશટીકા. હવે એમાંથી તો સમયસાર (નાટક) બનાવ્યું છે. તો એ બધું ખોટું. આ કળશમાંથી ટીકા કરી છે. સ્પષ્ટ કરી છે ચોખ્ખી. ઓલા રતનચંદજીને એમાંથી ફેરવવું હતું. રતનલાલજી છેને ઓલો? સરદાર શહેરના. ક્યાંના? સરહાનપુરના. આમાંથી કાઢી નાખવું હતું. પછી ઠરી ગયા. કેટલો ફેરફાર કરવો? બધે ઠેકાણે એવું નીકળે. આહા..હા..! તમને રાગથી ભિન્ન પડીને ઘરમાં આવતા તમને સ્વાદ આવશે. એ રાગનો સ્વાદ છે એ પરઘરનો વિકારી સ્વાદ છે, એ ઝેરીલો સ્વાદ છે. આહા..હા..! દાળ, ભાત, શાક, મૈસુબનો સ્વાદ તો આવતો નથી. એ તો જડ છે, જડને અડે? આ તો અરૂપી છે. ફક્ત એનું લક્ષ કરીને એને રાગ થાય છે. ઓહો..! ભારે! એ રાગનો સ્વાદ આવે છે એને. હવે અહીંયાં રાગથી ભિન્ન પડ તો તને અરાગી સ્વાદ આવશે. આહા..હા..! સ્વાદ તો હતો એનો પણ. આહા..હા..! આત્માને આસ્વાદો. એટલે કે આત્માનો અનુભવ કરો. આહા..હા..! એટલે કે આનંદના સ્વાદને વેદો. આહા..હા..! લ્યો આનું નામ ભેદજ્ઞાન. આહા..હા..!

ભાવાર્થ. જડરૂપ ધરતું (રાગ). ભાષા છેને. રાગ. જડરૂપતા ધરતો રાગ. આહા..હા..! રાગને અજીવ કહ્યો, જડ કહ્યો, અચેતન કહ્યો, અજ્ઞાન કહ્યું. આવ્યુંને પહેલું આવી ગયું. જ્ઞાન અને અજ્ઞાન બે ભિન્ન. છેલ્લા શબ્દો. આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપ ત્યારે રાગ અજ્ઞાન. આહા..હા..! ભગવાન ચૈતન્યસ્વરૂપ ત્યારે રાગ અચેતન, આ સ્વભાવસ્વરૂપ ત્યારે એ વિકાર વિભાવ જડસ્વરૂપ, આ ચૈતન્યસ્વરૂપ તો એ જડસ્વરૂપ. આહા..હા..! આ આનંદસ્વરૂપ ભગવાન ત્યારે એ દુઃખસ્વરૂપ. આહા..હા..! એથી કહ્યુંને એમાં, છ ઢાળામાં ન આવ્યું? 'રાગ આગ દાહ દહે સદા...' ત્યાં કાંઈ એમ નથી કહ્યું કે અશુભરાગ તે આગ છે. શુભ-અશુભરાગ બેય આગ છે, કષાય-અગ્નિ છે. વિકલ્પ જાળની અગ્નિ આવ્યું હતુંને, નહિ? પરમાત્મપ્રકાશમાં. વિકલ્પની જાળની અગ્નિથી રહિત આત્માની દશા છે.

આહા..હા..! અગ્નિથી જુદી સમતાસ્વરૂપ. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાન...**' એટલે આત્મા '**તો ચેતનાસ્વરૂપ છે અને રાગાદિક પુદ્ગલ વિકાર હોવાથી જડ છે;....**' આહા..હા..! એ પ્રશ્ન કર્યો હતો ભાઈએ, મનોહરલાલ વર્ણી. ત્યાં આવ્યા હતાને જયપુર. આ પ્રશ્ન કર્યો હતો પહેલો કે આ પુદ્ગલના પરિણામ? જીવના પરિણામ રાગને કેમ (પુદ્ગલ કહ્યો)? એની જાતના એ પરિણામ જ નથી. ચૈતન્યના પરિણામ તો જ્ઞાન અને આનંદના પરિણામ છે એ ચૈતન્યના પરિણામ. આ તો રાગના પરિણામ, જડ, અચેતન જડ છે, અજીવ છે. આહા..હા..! એનું સ્વરૂપ જ ક્યાં છે એ? આહા..હા..! બે પ્રશ્ન કર્યા હતા તે દિ'. બીજો આ હતો ઉદ્દેશિક આહારનો. ભાઈ! ઉદ્દેશિકનું શું કહીએ, બાપુ? લોકો ઉદ્દેશિક કરે છે અને એ લે છે. ચોખ્ખી વાત છાપામાં આવે છે. આવા શેઠિયાને બોલાવો, અહીં કરો ચોકા કરો ચોકા-ચોકા. ચોકા કરો, લાભ લ્યો આહારદાનનો, લ્યો. પ્રભુ! આ માર્ગ ન હોય, ભાઈ! આહા..હા..! ઘરમાં રાંધતા હોય ઘરનું, એમાં થોડુંક નાખે કે આજે મહારાજ આવશે, એ ન ખપે.

અમારે તો ઘણીવાર થાતું ને. ગામડામાં જઈએ, છ-સાત ઘર હોય. પછી ટાઈમે ન જઈએ પહેલાં. બે-ત્રણ ગાવથી આવીએ તો અમે તો તરત (ન જઈએ), બહાર બેસીએ. નહેર હોયને નહેર આઘે. કોઈ ન દેખે ત્યાં. પછી ટાઈમ થાય સાડા નવ ત્યારે જઈએ ગામમાં. હીરાજી મહારાજ પણ એમ કરતા. અમારા જે મૂળ સંપ્રદાયના. જાય બરાબર ત્યાં. લોટ બાંધીને રોટલી તૈયાર કરતાં હોય. દાળ, ભાત, શાક થઈ ગયા હોય. પછી રોટલી કરતા હોય એ ટાણે જાય. એટલે એને માટે કાંઈ નાખે નહિ. નહિતર તો એમ કહે કે મહારાજ આવ્યા છે આપણે થોડું (વધારે બનાવો). આહા..હા..! આવું ખપે નહિ, એને માટે કરેલા ખપે અને એમાં એને નિર્દોષ ઠરાવવા. લોકો કરે છેને, એ ક્યાં કહે છે કરવાનું? ભાઈ! એષણા સમિતિનો ખંડ થાય છે, મહાવ્રતનો નવ કોટિનો અહિંસાનો ભંગ થાય છે. આહા..હા..! એને શુદ્ધ છે એમ કહેનારને, જૂઠું બોલે એને અનુમોદના આપે ત્યાં મહાવ્રત તૂટી જાય છે, બીજું મહાવ્રત તૂટી જાય છે. આહા..હા..! બહુ આકરું કામ ભારે, ભાઈ! આ તો વસ્તુનું સ્વરૂપ એમ છે. વ્યક્તિની જવાબદારી વ્યક્તિને આધારે છે, બાપુ! એને કોઈને... આહા..હા..!

અહીં કહ્યુંને. આહા..હા..! '**અજ્ઞાનથી, જાણે કે જ્ઞાન પણ રાગાદિરૂપ થઈ ગયું હોય...**' આહા..હા..! આત્મા જાણે રાગરૂપ થઈ ગયો હોય. જ્ઞાયકભાવ રાગરૂપે કદી ન થાય. તે દિ' કહ્યુંને રાગરૂપ થાય તો જડ થઈ જાય જ્ઞાયક. એ છઠ્ઠી ગાથામાં કહ્યું. ચારેકોરનો મેળ જોઈએ તો. ઓહો..હો..! અહીં કહે કે આત્મા જાણે રાગ થઈ ગયો એમ ભાસે છે અજ્ઞાનીને. આહા..હા..! કેમકે રાગ (છે એ) ઉપર લપટાઈ ગયેલી ચીજ છે એને પોતાની માની, પણ આખો ભરેલો ભગવાન ભિન્ન છે રાગથી એને તો પોતાને ચૂકી ગયો. આહા..હા..!

'**જ્ઞાન અને રાગાદિક બન્ને એકરૂપ-જડરૂપ ભાસે છે.**' અજ્ઞાનીને. આત્માને રાગ અને પુણ્ય-પાપ નામના ભાવ એકરૂપ-જડરૂપ ભાસે છે... આહા..હા..! અજ્ઞાનીને અનાદિકાળથી. એ વિકલ્પ જે રાગ છે એ જાણે જીવનો છે અને જીવની જાતનો છે. કેમકે ચિદાભાસ છેને? છે તો એની પર્યાયમાં,

પણ એ ચિદાભાસ છે ઈ, ચિદ્રૂપ નથી. આહા..હા..! '**જ્યારે અંતરંગમાં જ્ઞાન અને રાગાદિનો ભેદ પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી...** ' જોયું! '**दारुण-दारणेन**'નો અર્થ કર્યો. અંતરંગમાં આત્મા અને રાગનો જુદું પાડવાનો તીવ્ર અભ્યાસ કરવાથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! '**दारुण-दारणेन**'

'**ત્યારે એમ જણાય છે કે જ્ઞાનનો સ્વભાવ તો માત્ર જાણવાનો જ છે.** ' આહા..હા..! '**જ્ઞાનમાં જે રાગાદિની કલુષતા...** ' દેખો! એ શુભરાગ પણ આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ ભાસે છે. આહા..હા..! આત્મામાં જે રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિની કલુષિતતા '**આકુળતારૂપ સંકલ્પ-વિકલ્પ ભાસે છે તે સર્વ પુદ્ગલવિકાર છે,...** ' આહા..હા..! પછી એને અહીં કહે જુઓ, પુદ્ગલ વિકાર છેને. પુદ્ગલને લઈને થયાને વિકાર? એ વળી ત્યાં સિદ્ધ કરે. એમ નથી. થયા છે તો એની પરિણતિમાં. પુદ્ગલ જડને લઈને નહિ, પણ પરિણતિ તે જડ અચેતન છે. રાગ અચેતન છે એમ સિદ્ધ કરવું છે. આહા..હા..! વળી ત્યાં એમ નાખે છે લ્યો! કે જુઓ! કર્મને લઈને થયાને? કર્મ જડ છે તો એને લઈને થયા. એ પુદ્ગલનો વિકાર, કર્મનો વિકાર છેને? ના; ના, એ વિકાર પોતે પુદ્ગલનો વિકાર છે, રાગ પોતે પુદ્ગલનો વિકાર છે. આહા..હા..! સમજાણું કાંઈ? થાય છે તો ચૈતન્યની પર્યાયમાં, પણ એ પુદ્ગલનો વિકાર છે, જડ છે. એમાં ચૈતન્યના કિરણનો સ્વભાવનો એક અંશ પણ નથી. આહા..હા..!

'**તે સર્વ પુદ્ગલવિકાર છે, જડ છે.**' આહા..હા..! '**આમ જ્ઞાન અને રાગાદિકના ભેદનો સ્વાદ આવે છે...**' જુઓ આવ્યું '**मोदध्वम्**'નું. આમ જ્યારે આત્મા અને પુણ્યના ભેદનો, જુદાઈનો સ્વાદ આવે છે. આહા..હા..! '**અર્થાત્ અનુભવ થાય છે.** ' રાગથી ભિન્ન ભગવાન આત્માનો અનુભવ થાય છે. ભેદનો કહ્યોને ભેદનો? '**જ્યારે આવું ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે.**' જોયું! '**मोदध्वम्**'નો અર્થ કર્યો. '**જ્યારે આવું...**' રાગથી ભિન્ન. આહા..હા..! કેટલી ધીરજ જોઈએ ત્યાં. એ કાંઈ ક્રિયાકાંડ છે તે કરી નાખ્યા અને ખાઈ લેવું છે? આહા..હા..!

એ રાગના વિકલ્પથી જ્યારે '**ભેદજ્ઞાન થાય ત્યારે આત્મા આનંદિત થાય છે.**' ત્યારે એને આનંદનો સ્વાદ આવે છે. રાગનો સ્વાદ હતો એ કાળે આનંદનો સ્વાદ નહોતો. રાગથી ભિન્ન પડીને જ્યારે આત્માનો સ્વાદ આવે એટલે આનંદ આવે છે. આહા..હા..! આવી વાત છે. માર્ગ આવો. હો..હા.. જ્ઞાન.. શું કીધું નહિ? ધમાધમ. ચેતન કહે છેને જુઓ, ધર્મને નામે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. એ યશોવિજયજી કહે છે.

'**કારણ કે તેને જણાય છે કે પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...** ' એ રાગરૂપ થયો નહોતો, માન્યો હતો. આહા..હા..! જ્ઞાનસ્વરૂપી પુંજ પ્રભુ રાગરૂપે થાય શી રીતે? આહા..હા..! એ રાગથી ભિન્ન પડીને જોયું ત્યારે જાણ્યું કે ઓહોહો..! આ તો જ્ઞાનસ્વરૂપ જ અનાદિથી છે, એનામાં રાગસ્વરૂપ છે નહિ. આહા..હા..! આવી વાત છે. '**પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' પોતે, સદા પાછું છેને? ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ રહ્યો છે. જ્ઞાનસ્વરૂપ રહ્યો ન હોય તો રાગથી ભિન્ન પડીને

જ્ઞાનસ્વરૂપનો સ્વાદ ક્યાંથી આવે? આહા..હા..!

'પોતે...' એટલે સ્વયં આત્મા. 'સદા...' એટલે ત્રિકાળ '**જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' એ તો. આહા..હા..! સ્વરૂપ જ રહ્યો છે. જોયું! આહા..હા..! રાગરૂપે માન્યું હતું તે વખતે પણ જ્ઞાનસ્વરૂપ જ છે. એની માન્યતામાં ફેર થઈ ગયો. બહારનો ભેખ દેખીને જાણે આ રાગ મારી ચીજ છે, પણ રાગરૂપે જ્ઞાયકસ્વભાવ રાગરૂપે થાય શી રીતે? આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! '**પોતે સદા જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે,...**' વસ્તુ તો જ્ઞસ્વરૂપ ત્રિકાળ છે. કથંચિત્ જ્ઞાનસ્વરૂપ છે અને કથંચિત્ વિકારસ્વરૂપ છે અનાદિનો એમ નથી. આહા..હા..! '**રાગાદિરૂપ કદી થયો નથી.**' ભગવાન આત્મા વિકલ્પ છે જે પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ એના પરિણામે કદી થયો નથી ભગવાન.

૨૦૦ ગાથામાં કહ્યું છેને પ્રવચનસાર, એ તો જ્ઞાયકભાવે જ અનાદિનો રહ્યો છે. પ્રવચનસાર. આહા..હા..! એણે અધ્યવસાય બીજી રીતે કર્યો છે, માન્યું છે બીજી રીતે. આહા..હા..! રાગ તે હું, પુણ્ય તે હું. જુઓને અહીં તો એકલું લાકડું ગરી ગયું. પુણ્યની ક્રિયાથી કલ્યાણ થાય, ધર્મ થાય. અરરર..! તો એ અનેકાંતવાદ કહેવાય. અનેકાંત તો એને કહીએ કે રાગથી લાભ થાય નહિ અને સ્વભાવથી લાભ થાય એને અનેકાંત કહીએ. આહા..હા..! નહિ, વ્યવહારથી પણ લાભ થાય અને નિશ્ચયથી પણ લાભ થાય. ભગવાનનું વચન બે નયનું છે. પણ બે નયનું છે તો શું બતાવે છે બે નય? પણ બીજા નયના વિષયથી આ નયનો વિષય જણાય એમ કહ્યું છે ત્યાં? આહા..હા..!

'**રાગાદિરૂપ કદી થયો નથી. માટે, આચાર્ય મહારાજે કહ્યું...** ' અમૃતચંદ્રાચાર્ય મહારાજ, સંત, મુનિ, વીતરાગી સંત ભગવંતસ્વરૂપ. આહા..હા..! હજી તો હજાર વર્ષ પહેલાં થયા છે ભરતક્ષેત્રમાં. આહા..હા..! ચૈતન્યસૂર્ય વીતરાગીપણે પરિણમેલો. આહા..હા..! એ '**આચાર્ય મહારાજે કહ્યું છે કે હે સત્પુરુષો!** ' આહા..હા..! '**હવે તમે...** ' હવે એટલે ગયો કાળ ભલે ગયો હવે, પણ '**અધુના**' હવે તો આનંદ પામો. ગયો કાળ ભલે ગયો. '**હવે તમે મુદિત થાઓ.** ' લ્યો, વિશેષ ટીકા કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૨, બુધવાર, તા. ૮-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૧-૧૮૫, પ્રવચન નં. ૨૫૫

સમયસાર, સંવર અધિકાર. પહેલી ત્રણ ગાથાની ટીકા છે. પહેલી ટીકા કરી છે, પણ એક કળશ કહીને પાછી ટીકા કરી છે. '**આ રીતે આ ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર પણ વિપરીતતા નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે,...**' આહા..હા..! આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ વસ્તુ

છે, એને શુભ-અશુભરાગ જે છે એનાથી ભિન્ન પાડી એટલે કે પર તરફના લક્ષવાળો જે રાગાદિ એનાથી ભિન્ન પાડી, **'ભેદવિજ્ઞાન જ્યારે જ્ઞાનને અણુમાત્ર...'** પોતાનું રાગ વિનાનું જ્ઞાન અણુમાત્ર જરી પણ રાગને પોતાનું માનતું નથી. આહા..હા..! આવી વાત છે.

જ્ઞાન એટલે આત્માને રાગથી ભિન્ન પાડીને અંદરમાં અણુમાત્ર પણ રાગાદિને વિપરીતને નહિ પમાડતું થકું. આહા..હા..! ભેદવિજ્ઞાન. શુભ-અશુભરાગ છે, પણ એ તો દુઃખરૂપ દશા છે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ છે. .. જ્ઞાન એ શબ્દ અહીંથી ઉપાડ્યો છે. રાગથી ભિન્ન પાડેલું જ્ઞાન. આરે..! શરીર, વાણી, મન આ તો જડ છે. એનાથી તો જુદું છે, પણ દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના ભાવ એનાથી પણ જુદું ભેદજ્ઞાન કરતું. આહા..! રાગના અને દ્વેષના ને વિકારરૂપ પરિણામ, જરી પણ અણુમાત્ર પણ વિપરીતતાને નહિ પામતું. આહા..હા..! બહુ ટૂંકામાં છે.

ભગવાન જ્ઞાનસ્વરૂપ જ્ઞાતાદૃષ્ટા એ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન, રાગમાત્રને પોતામાં ન પમાડતું. આહા..હા..! આવી વાત હવે. આ વિના એને ધર્મ થાય નહિ. અને એ વિના એના જન્મ-મરણના ચોર્યાસીના અવતાર જાય નહિ. ગમે તેવી ક્રિયા વ્રત ને તપની, ભક્તિ આદિની કરે એ તો રાગ છે. આહા..હા..! એ રાગ પરતરફના લક્ષવાળી દશા છે. એ અંદરમાં પરતરફવાળી જુકતી વૃત્તિઓ, એને સ્વતરફમાં ભેદજ્ઞાન કરીને જુદી પાડવી. આહા..હા..! આવો માર્ગ છે.

**શ્રોતા :-** કેવી રીતે કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહે છેને, એ કહે છે. એ સાથે કહ્યું કે પરતરફની વલણની વૃત્તિઓ જે છે એ રાગ છે એને અંતરમાં રાગથી ભિન્ન પડી અને સ્વતરફ વલણવાળી દશા વડે ભેદજ્ઞાન કરવું. આહા..હા..! આવી વાત છે ત્યારે તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય, ત્યારે તેને ભવના અંત આવીને જન્મ-મરણ મટી પરમાનંદને પ્રાપ્ત થાય. આહા..હા..! અનાદિકાળથી શુભ-અશુભરાગ એ મારા છે એમ માનીને તેમાં રમતો એ મિથ્યાત્વભાવ છે. જન્મ-મરણના બીજડા એમાં પડ્યા છે બધા મિથ્યાત્વભાવના. આહા..હા..! શુભ કે અશુભરાગ એ વિભાવ છે, બંધના કારણ છે એનાથી ભેદજ્ઞાન કરીને.. આહા..હા..! અંતર્મુખ વળીને, રાગથી ભિન્ન પડ્યો તે અંતર્મુખ વળ્યો. આહા..હા..! એવા ભેદવિજ્ઞાન વડે. આહા..હા..!

જ્યારે જ્ઞાનને એટલે આત્માને એક રાગનો કણ પણ ભગવાનનું સ્મરણ કરવું, ભક્તિ આદિ એ રાગનો કણ છે એ તો. આહા..હા..! એવા રાગના અણુમાત્રને પણ વિપરીતપણું જ્ઞાનને નહિ પમાડતું એવું જ્ઞાન. આહા..હા..! આવી ક્રિયા એટલે લોકોને એ કરતા વ્રત ને તપ ને અપવાસ કરે. થઈ ગયો ધર્મ. મરી જાઈશ એમ ને એમ અવતાર કરીને. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે ભેદવિજ્ઞાન આ રીતે જ્યારે આત્માને અણુમાત્ર પણ વિકારપણે વિપરીતતાને નહિ પમાડતું થકું, એ રાગભાવ છે તે જ્ઞાનસ્વભાવથી વિપરીતભાવ છે. ચાહે તો વ્રતનો ભાવ વિકલ્પ હો, તપનો અપવાસ કરું આદિ, ભક્તિ આદિ ભગવાનનું નામસ્મરણ એ બધો રાગ વિપરીત સ્વભાવ છે. આત્માના અરાગી સ્વભાવથી રાગ વિપરીત સ્વભાવ છે. આહા..હા..! આવી વાતું હવે.

**'અણુમાત્ર પણ વિપરીતતા...'** વિપરીત કીધુંને? જ્ઞાનને ભેદવિજ્ઞાન, રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન, આત્માને અણુમાત્ર પણ એ રાગાદિ વિપરીતતાને નહિ પમાડતું થકું અવિચળપણે રહે છે. જ્ઞાનમાં જ્ઞાનપણે ચળે નહિ એ રીતે રહે છે. આહા..હા..! આનું નામ ભેદજ્ઞાન, એનું નામ સમ્યગ્દર્શન. આહા..હા..! ધર્મની પહેલી સીઢી, ધર્મની પહેલી શરૂઆત. આહા..! આવી વાત છે. **'અવિચળપણે રહે છે,...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનમાં રહે છે ભેદજ્ઞાન દ્વારા. સમજાણું કાંઈ?

**'ત્યારે શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન...'** આહા..હા..! કેમકે શુભ-અશુભરાગ એ તો અશુદ્ધોપયોગ છે. એની બુદ્ધિ છોડીને અશુદ્ધોપયોગથી અંતરમાં ભેદજ્ઞાન કરીને, ભેદજ્ઞાન વડે ભગવાન આત્મા જરીએ વિપરીતતાને, જ્ઞાનને ભેદજ્ઞાન આત્માને ભેદજ્ઞાન વિપરીતતાને પમાડતું નથી અને અવિપરીતપણે અવિચળપણે રહે છે. આહા..હા..! આવી વાત છે. બહુ સાર મૂક્યો છે ટૂંકો. આહા..હા..! એ બધા વ્રત ને તપ ને નિયમ ને એ ક્રિયાકાંડનો જે રાગ છે એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! એ તો રાગ છે. એ રાગને પોતાનો માનતા જ્ઞાન પોતે આત્મા વિપરીતપણે, દૃષ્ટિપણે થાય છે. આહા..હા..! અને એ ભેદજ્ઞાન દ્વારા આત્માને જરા પણ રાગપણે, વિપરીતપણે ભેદવિજ્ઞાન આત્માને નહિ પમાડતું થકું, પોતામાં જ્ઞાનમાં જ્ઞાન રહે છે. આહા..હા..! શું કહે છે આ? સમજાણું કાંઈ? એને સુખને પંથે એ પડ્યો, બાકી તો દુઃખને પંથે દોરાઈ ગયો છે અનાદિથી. આહા..હા..! શુભરાગ કે અશુભરાગ દયાનો, દાનનો, ભક્તિનો, પૂજાનો, વ્રતનો એ બધો રાગ દુઃખદાયક છે. અરે..! આવી વાત કહે. સમજાણું કાંઈ?

નિશ્ચય રાગથી ભિન્ન પડેલું જ્ઞાન પોતાના સ્વરૂપની પ્રતીતિના રમણતામાં ઉત્પન્ન થયેલું, એ જ્ઞાનને ભેદજ્ઞાન કહે છે અને એ જ્ઞાનને સમ્યગ્દૃષ્ટિ કહે છે અને એવા સમ્યગ્દર્શન વિના જે કાંઈ વ્રત ને તપ ને ભક્તિ, પૂજા બધું કરવામાં આવે એ બધું બંધનું કારણ છે, રખડવાનું કારણ છે. આહા..હા..! આવી વાત છે. જ્યારે-ત્યારે એમ કીધુંને? જ્યારે રાગથી ભિન્ન પડેલું ભેદવિજ્ઞાન આત્માને વિપરીતતાને નહિ પમાડતું અવિપરીતપણે એટલે અવિચળપણે રહે છે. જ્ઞાનસ્વરૂપ ભગવાન જે રાગમાં ચળમળ કરીને એકાગ્ર થતો અનાદિથી, એ મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એને ભેદજ્ઞાન પરથી ભિન્ન પમાડતું, વિપરીતપણાને નહિ પમાડતું. આહા..હા..! અવિચળપણે એટલે જ્ઞાન આત્મા આત્મામાં રહેતું થકું. શેઠ! આવું ઝીણું છે આ. ઘરે બેસે તો આ સાંભળે, વાંચે. માર્ગ એવો, બાપા! અત્યારે તો આખો માર્ગનો બધો લોપ થઈ ગયો. આહા..હા..! બસ! એ તો વ્રત ને તપ ને ઈન્દ્રિયદમન ને આ કરો ને તે કરો ને અપવાસ કરો, આહાર-પાણી છોડો ને રસનો ત્યાગ કરો—બધી ક્રિયાના પરિણામ રાગના છે એ તો. આહા..હા..! દુઃખના પરિણામ છે. એ દુઃખના પરિણામ ચૈતન્યના સ્વભાવથી વિપરીત પરિણામ છે. એ વિપરીત પરિણામથી આત્માને ભિન્ન પાડતા. આહા..હા..! અને ભિન્ન પાડતા તેને આત્માને વિપરીતપણે નહિ પમાડતું ભેદજ્ઞાન, જ્ઞાનમાં અવિચળપણે-ચળે નહિ તેમ રહે છે એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે...'** આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ

તો અશુદ્ધોપયોગ હતો, મલિન ઉપયોગ, મલિન દુઃખરૂપ ઉપયોગ હતો. આહા..હા..! એમાંથી અંતર્મુખ થઈને પરથી ખસીને '**જ્ઞાન કેવળજ્ઞાનરૂપ રહેતું થકું...**' આહા..હા..! શુદ્ધાત્માપણે. છેને? શુદ્ધોપયોગપણે. આહા..હા..! સમ્યગ્દર્શનના કાળમાં શુદ્ધોપયોગથી સમકિત થાય છે. સમજાણું કાંઈ? એ દયા, દાન, વ્રત, તપ એ સંયમ નથી તેમ એ ધર્મ નથી. આહા..હા..! એટલે કે '**શુદ્ધ-ઉપયોગમયાત્મકપણા વડે જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...**' આહા..હા..! અંતરમાં જ્ઞાનને વર્તમાન પર્યાયને રાગથી ભિન્ન પાડી અને દ્રવ્ય ઉપર સ્થાપતા એ શુદ્ધાત્મપણે પરિણમે છે, શુદ્ધ ઉપયોગપણે પરિણમે છે. આવી વાત છે. અરે..! અનાદિકાળથી મરીને દુઃખી... દુઃખી... દુઃખી... એ બધા પૈસાવાળા દેખાય છેને, એ બધા દુઃખી છે. કેમકે એના ઉપર લક્ષ જાય છે તો રાગ થાય છે અને રાગ છે તે દુઃખ છે.

**શ્રોતા :-** રાગ એ દુઃખ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ એ દુઃખ છે અને વ્રત પાળવામાં, પરની દયા પાળવાનો ભાવ થાય એ પણ રાગ છે. પરની દયા પાળવાનો ભાવ રાગ છે તે હિંસા છે. આહા..હા..! એ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન અહિંસકપણે એટલે અરાગપણે પરિણમતું, રાગપણે વિપરીતપણે નહિ થતું. આહા..હા..! શુદ્ધ ઉપયોગાત્મક. શુદ્ધોપયોગ, શુદ્ધોપયોગમય સ્વરૂપ એમ. શુદ્ધોપયોગમય આત્મિક એટલે સ્વરૂપ. શુદ્ધોપયોગમય સ્વરૂપ વડે '**જ્ઞાન કેવળ જ્ઞાનરૂપ જ રહેતું થકું...** ' આહા..હા..! '**જરા પણ રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' ઓલામાં વિપરીતપણે પમાડતું, નહિ પમાડતું થકું (હતું), હવે એને કરતું નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

ભેદજ્ઞાન થતાં એટલે કે રાગથી ભિન્ન પડીને સ્વભાવની એકતા થતાં, શુદ્ધોપયોગપણે થતાં તે રાગને જરા પણ કરતું નથી. આહા..હા..! લ્યો, આ રાગને કાંઈ કરતું નથી, શુભરાગને કરતું નથી એમ કહે છે. એવી વાતું છે, ભાઈ! ચોર્યાસીના અવતાર ભ્રમણા કરી-કરીને મૂર્ખાઈમાં એ રખડી પડ્યો છે. એને ટાળવાનો આ એક ઉપાય છે. એ રાગ પુણ્યનો ભાવ પણ પરિભ્રમણનું કારણ છે. આહા..હા..! હવે ઓલા એમ કહે છે, પુણ્યફળા અર્હંતા. બીજા પંડિતો ઘણા કહે છે. નામ નથી કહેતા. બીજા કહે છે, ઘણા કહે છે. આ તો ઓઘે, નામ નહિ. સમજાણું કાંઈ? અને એમાં પહેલેથી મથાળેથી લખ્યું છે કે પુણ્યનું ફળ તીર્થંકરને અકિંચિત્કર છે. અને શરૂઆત એ કરીને શરૂઆત એમાં શું કહેવાય? અનુક્રમણિકા. એમાં એ લખ્યું છે. અનુક્રમણિકા સમજાણું? આ ગાથામાં આ કહ્યું છે, આ ગાથામાં આ કહ્યું છે એમ છેને અનુક્રમણિકા. અનુક્રમણિકામાં પહેલા આ ગાથા શું છે.

'પુણ્ય અને પાપનું અવિશેષપણું નિશ્ચિત કરતાં થકા...' જુઓ છેને? 'બેય સરખા છે.' ૭૭ને? અને ઓલું તો ૪૫, નહિ? ૪૫ જુઓ. 'તીર્થંકરોને...' ૭૭માં તો પુણ્ય-પાપને અવિશેષ. બંનેમાં વિશેષ માને ઘોર સંસારમાં રખડશે. શુભભાવ દયા, દાન, વ્રતનો અને કામ ક્રોધનો અશુભભાવ બેમાં ફેર માનશે એ ઘોર સંસારમાં રખડશે. બેય ભાવ સંસારના કારણ છે. આ ૪૫માં આ કહ્યું જુઓ, 'તીર્થંકરોને...' માથે તો કહ્યું છે ગાથા શરૂ કરતા, 'પુણ્યનો વિપાક અકિંચિત્કર છે.' એને પુણ્યનો જે ઉદય છે એ

આત્માને અકિંચિત્કર છે. આત્માને કાંઈ લાભ-નુકસાન થતું નથી. એ તો ઉદયનો ભાવ છે. આહા..હા..! એ આમાં પણ છે અને મથાળામાં પણ છે. છતાં એ લોકો એમ કહે છે પુણ્યફળા અર્હંતા. રતનચંદજી ને બધા કહે છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એને પૂર્વે જે પુણ્ય બાંધ્યું હતું એનું ફળ જે અતિશય આદિ આવ્યું, વાણી, દિવ્યધ્વનિ નિકળે એ પુણ્ય એ આત્માને કાંઈ નુકસાન લાભ કરતું નથી. એ તો અતિશય ઉદય છે અને ઉદય છે એ ખરી જાય છે. હવે આ લોકો એવું કહે છે, પુણ્યફળા અર્હંતા, પુણ્યના ફળમાં અરિહંત થાય. અરે..! હજી શાસ્ત્રના અર્થમાં પણ ઠેકાણા ન મળે, લખ્યા છે એના ઠેકાણા ન મળે. દેવીલાલજી! અનુક્રમણિકામાં હોં પહેલું.

અહીં કહે છે.. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અને રાગસ્વરૂપ દુઃખરૂપ. ચાહે તો વ્રતનો રાગ હોય, અપવાસનો રાગ હોય, ભક્તિનો હોય એ બધો રાગ દુઃખરૂપ છે. આહા..હા..! આ વાત. આહા..હા..! એ દુઃખરૂપ અને આનંદરૂપને ભેદજ્ઞાન કરતાં, ભેદજ્ઞાનપણે પરિણમતું થકું, ભેદજ્ઞાન પોતામાં રહેતું થકું અને શુદ્ધોપયોગપણે રહેતું થકું રાગને જરીએ કરતું નથી. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? ત્યારે એને ધર્મ થાય. આહા..હા..! અહીં તો અમારે સંપ્રદાયના ગુરુ કહેતા, અહિંસા સમયં તે એકાગતં. પરને ન મારવો, પરને દુઃખ ન દેવું, અહિંસા પરની પાળવી એ સિદ્ધાંતનો સાર છે. એવો જ્ઞાનીનો એ સાર એમ કહેતા. બિચારા ભદ્રિક માણસ હતા. જોયા હતા કે નહિ હિંમતભાઈ? ૭૪માં ગુજરી ગયાને. ૭૪—૨૬ ને ૨૩, ૫૯ વર્ષ થયા. ૬૦માં એક (ઓછો). બહુ ભદ્રિક હતા. હજારો માણસો આમ વ્યાખ્યાન સાંભળે. એવી એની કષાયની મંદતા, અંતતા અને ગંભીરતા, વહોરવાની ક્રિયા, એને માટે પાણીનો બિંદુ કર્યો હોય તો ન લે. રોટલી ને દવા તો એને માટે કરે તો શેની લે, પણ પાણીનો બિંદુ કર્યો ન લે. એવી ક્રિયા. આહા..હા..! પણ દૃષ્ટિની ખબર ન મળે વસ્તુની. એ પરની દયા પાળવી તે અહિંસા જ્ઞાનીનો સાર છે અને એ જાણ્યું એણે બધું જાણ્યું.

હવે અહીં કહે છે કે એ પરને દયા પાળવાનો ભાવ છે એ રાગ ને હિંસા છે. અને એ હિંસાથી ભિન્ન પડેલી અહિંસક વીતરાગી શક્તિ... આહા..હા..! વીતરાગી સ્વભાવ એને રાગથી ભિન્ન પાડીને વીતરાગપણે રહેવું એ વીતરાગપણે રહેનાર શુદ્ધોપયોગમય આત્મા રાગને જરીએ કરતો નથી. આહા..હા..! એને વ્યવહાર આવે પણ એ કર્તાબુદ્ધિએ કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી જાતનો ધર્મ. આ છે કે નહિ? એમાં છે કે નહિ? કોઈ કહે, એ સોનગઢે ધર્મ આવો કાઢ્યો. આ શું છે પણ આમાં જુઓને. આ પંડિત રહ્યા સંસ્કૃતના ભણેલા, લ્યો પ્રોફેસર છે. શું આ છે કે નહિ આમાં એ? કે સોનગઢનું છે ઈ? એ તો મધ્યસ્થ માણસ છેને. એ પ્રોફેસર છેને, એ આવ્યા છેને. સંસ્કૃતના પ્રોફેસર એ મૂકીને આવ્યા.

**શ્રોતા :-** એ પાપના ધંધા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધંધના પાપના છે વાત સાચી. આહા..હા..! સંસારમાં આખો દિ' બાયડી, છોકરા, કુટુંબને પાળવા ને આ રળવા, એકલું પાપ. આહા..હા..! અરેરે..! તારું કરીશ

કે દિ' તું?

**શ્રોતા :-** ફરજ બજાવવાની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળમાંય ફરજ નથી. શેનો ફરજ? આહા..હા..! કલાક વખત મળે તો કાંઈક સાંભળવા જાય એકાદ દિ'. ૨૩ કલાક હોળી સળગે એકલી. આહા..હા..! અરેરે..! એના આત્માનો ઉદ્ધાર ક્યારે થાય, પ્રભુ?

અહીં તો કહે છે કે પ્રભુ! તારે ઉદ્ધાર કરવો હોય આત્માનો તો ધર્મ કર અને ધર્મ કેમ થાય? એ પુણ્ય અને પાપના રાગના ભાવથી ભગવાનને ભિન્ન જાણ. ભગવાન એટલે તું હોં એ. આહા..હા..! ક્યાં વખત મળે? પણ વખત ન મળે એક જણો કહેતો હતો લ્યો. મહારાજ! મરવાનો વખત મળતો નથી. ઠીક બાપુ! મરવાનો વખત મળશે સારી રીતે. આહા..! એ મરી ગયા બિચારા એ નહિ આ? જેસંગભાઈના દિકરા મંગળભાઈ. તે દિ' તો દસેક લાખ હતા પંદર વર્ષ પહેલાં. અત્યારે તો સાત-આઠ કરોડ છે. પછી મેં કીધું, ભાઈ કાંઈ વાંચન? મહારાજ! વખત મળતો નથી. તમે અમારે સ્થાને હોય તો તમને ખબર પડે. ઓય માળા. આ તો તે દિ'ની વાત, ૯૦-૯૧ વાત છે. મકાન થયુંને ત્યારે. આવતા ખરા દર્શન કરવા આવે. મીલમાં દેખાય. અહીં ભાવનગર. મીલ માલિક. આવે તો ખરા શેઠિયા બધા. જેસંગભાઈ શેઠિયા બધા અહીં આવેલા.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એના પુણ્ય હોય તો થાય, બાપા! એને ને એને કાંઈ નથી. આહા..હા..! બેંગ્લોર થયું ને બેંગ્લોરમાં. ભભુતમલ આવ્યા હતા ને હમણાં. આઠ લાખ ખર્ચ્યા એકમાં. દેરાવાસી શ્વેતાંબર. આ બનાવ્યું આપણું દિગંબર મંદિર અને શ્રદ્ધા આ. આઠ લાખ આપ્યા. અને ચાર લાખ ભાઈએ આપ્યા જુગરાજજીએ, સ્થાનકવાસી. એ કરોડપતિ. આ બે કરોડપતિએ આઠ લાખ આપ્યા. બન્યું એવું કે સોળ દિ' મારી પાસે રહી ગયા સવાર ને સાંજ. બે કરોડનું સ્ટીલ હતું ભાવ વધી ગયો. ૪૦ લાખ આવ્યા. સોળ દિ'માં ચાલીસ લાખ. લોકો કહે, જુઓ મહારાજના ઓલામાં એણે જુઓ, એણે આ ખર્ચ્યા. આઠ લાખ ખર્ચ્યા ને ચાલીસ લાખ આવ્યા. એ તો પૂર્વના પુણ્યના ઉદયે ઓલું સ્ટીલ પડ્યું રહ્યું બે કરોડનું. સ્ટીલ છેને આ લોઢાનું. એમાં ભાવ વધી ગયો એટલે ચાલીસ લાખ પેદા થઈ ગયા. એમાં પણ આત્માને શું? આહા..હા..!

**શ્રોતા :-** આપ નિમિત્ત તો ખરાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત કોને કહેવું નિમિત્ત? પૂર્વના પુણ્યનું નિમિત્ત છે, એ નિમિત્ત એને કારણે લક્ષ્મી આવે છે. પૂર્વના પુણ્ય છે બાંધેલા એ નિમિત્ત છે. આહા..હા..! અરે..! આવી વાત. શું થાય ભાઈ! જન્મ-મરણના ઝોલા ખાતો અનાદિથી, દુઃખી... દુઃખી... દુઃખી... મરતા હાય.. હાય.. રાડ બળતરા રાડ પાડે. મારાથી સહન થાતું નથી. હું આમાં છું. નહોતું કહ્યું? બાઈનું કહ્યું નહોતું? છોડીનું. લાઠી. અઢાર વર્ષની રૂપાળી હતી છોડી. બે વર્ષનું પરણેતર, એના ધણીને બીજી પોતે. પહેલી બાઈ મરી ગયેલી. બધા અમારા જાણીતા ખરાને. સંપ્રદાયના ખરાને. આહા..હા..! એને શીતળા નીકળી શીતળા.

દાણે-દાણે ઈયળ. શીતળા સમજો છો? ચેચક. દાણે-દાણે ઈયળ. તળાઈમાં સૂવે. રૂપાળું શરીર, નાની ઉંમર અઢાર વર્ષની. અને આમ ફરે ત્યાં હજારો ઈયળું આમ નીકળે. આમ ફરે ત્યાં હજાર નીકળે. એ બા! એમ કહેતી મરતા. મારાથી સહન થાતું નથી. આ પાપ મેં આ ભવમાં નથી કર્યા. એમ બિચારી કહે. શેઠ! એમ બિચારી બોલી. અરર..! આ શું? આમાં કાંઈ.. તળાઈમાં સૂવું પાલવે નહિ, આ બળતરાનો પાર નહિ, ઈયળું બટકા ભરે અહીં. આમ કરે તો હજારો ઈયળું આમ (પડે). બા! મારા આ પાપ આ ભવમાં મેં કર્યા નથી. આ ક્યાંના આવ્યા? એમ બિચારી રોતી-રોતી કકળાટ કરતી દેહ છૂટી ગયો. આહા..હા..! આવા ભવ અનંતવાર કર્યા છે. એની વાત નથી. એ જાણે કે એનું છે. એવા તો અનંતવાર-અનંતવાર તને થયા છે સાંભળને. આહા..હા..! મિથ્યાત્વના ફળ તરીકે ચાર ગતિ અને નિગોદના ભવ તો અનંતવાર કર્યા. એ રાગ ને પુણ્યને ધર્મ માનીને, રાગથી મને ધર્મ થાશે, ક્રિયાકાંડથી મને ધર્મ થાશે. આહા..હા..! એમ છે.

આ તો શુદ્ધોપયોગ થયે. આહા..હા..! એવી ક્રિયાકાંડના રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન વડે અવિચળપણે જ્ઞાન જ્ઞાનમાં રાખીને શુદ્ધોપયોગપણે પરિણમતો, આહા..હા..! એ રાગને જરી પણ કરતો નથી. આ એનું નામ ધર્મ અને એનું નામ જ્ઞાન અને સમકિત છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**કરતું નથી;...**' જોયું! '**રાગદ્વેષમોહરૂપ ભાવને કરતું નથી;...**' આહા..હા..! જ્ઞાન શું કરે? જ્ઞાન તો જાણે. સમ્યગ્દષ્ટિનું જ્ઞાન રાગ થાય એને જાણે. રાગને કરું એવું જ્ઞાનમાં છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? પ્રવચનસારમાં આવે છેને પહેલા અધિકારમાં. જ્ઞાનાચાર, દર્શનાચાર આદિ વ્યવહાર એ રાગ છે. એ સમકિતી જાણે છે કે, હું જાણું છું કે એ તો મારું સ્વરૂપ નથી. આહા..હા..! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, વીર્યાચાર, તપાચાર—એવો જે વિકલ્પ રાગ, વ્યવહાર, વ્યવહાર પંચાચારનો વિકલ્પ એ રાગ છે. આહા..હા..! પણ જ્યાં સુધી હું પૂર્ણ ન પામું ત્યાં સુધી તું નિમિત્ત તરીકે છો. સમજ્યાને? તારાથી છૂટીને હું છૂટો ન થાઉં ત્યાં સુધી તું છો. એમ તારાથી થાય એમ વ્યવહાર. ચરણાનુયોગનું કથન છેને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, હા; એ ખબર છે, એમ જ આવે. વ્યવહારના કથન એવા હોય. વળી કહે છે કે સ્વરૂપમાં તું મારું નથી, વળી 'સ્વરૂપ એનાથી થાય' એ તો વ્યવહારના કથન છે. આહા..હા..!

અહીં કહે છે કે શુદ્ધોપયોગ એ પુણ્ય અને પાપના વિકલ્પના રાગના દુઃખથી ભિન્ન પડેલું જ્ઞાન એ શુદ્ધોપયોગપણે કરીને રાગને જરીએ કરતું નથી. જેનાથી ભેદ થયો તેને એ કેમ કરે? સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ. એ કરતા ભાઈ પાંચ-પચ્ચીસ લાખ ખરચવા, દાનમાં આ કરવા તે કરવા લ્યો! પાંચ-પચ્ચીસ મંદિર બનાવી દ્યો. એય..! તંબોળી! એણે મંદિર બનાવ્યું છે ત્યાં. પહેલા ઓલા શ્વેતાંબરમાં હતાને. ધૂળમાં શું હતું? આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! લોકને અત્યારે સમન્વય કરવા માગે છે બધો. ચારે કોર લખાણ એવા આવે છે. સમન્વય કરો, સંગઠન કરો, સંગઠન કરો. કોની સાથે સંગઠન કરે? રાગ સાથે સંગઠન કરે તો મિથ્યાત્વ છે, તો રાગમાં ધર્મ માનનારા સાથે સંગઠન કરવું?

આહા..હા..! છે?

**'તેથી (એમ સિદ્ધ થયું કે) ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે...'** આહા..હા..!એ વિકલ્પ જે દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ એનાથી ભિન્ન પાડતા આત્માનો અનુભવ થાય છે, એ વિના આત્માનો અનુભવ થતો નથી. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ સુજાનલમજી? ઝીણી વાતું, ભગવાન! અરે..! તારા ઘરમાં જાને, બાપા! પ્રભુ તું ક્યાં છો? તારા ઘરમાં તો આનંદ છે. આહા..હા..! એ કહે છે કે રાગ પરઘર છે, વ્યભિચાર છે. આહા..હા..! એમાંથી જુદું પડેલું જ્ઞાન એ શુદ્ધ આત્માનો અનુભવ થાય છે, એનાથી શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. પવિત્ર ભગવાન આત્માને અનુસરીને આનંદનો અનુભવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભેદવિજ્ઞાનથી જુદું પડેલું જ્ઞાન શુદ્ધાત્મપણે પરિણમતું રાગને નહિ કરતું થતું, ભેદવિજ્ઞાનથી જુદું પડ્યું એમાં આત્માને લાભ થાય છે, એટલે આત્માની ઉપલબ્ધિ થાય છે, એમાં આત્મા પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માની ઉપલબ્ધિ એટલે અનુભવ. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ. ઓલા અન્યમતિ સચ્ચિદાનંદ કહે એ નહિ હોં! આ તો સર્વજ્ઞ પરમેશ્વર, જિનેશ્વરદેવ, સત્ પ્રભુ છે જ્ઞાન અને આનંદનો સાગર. આહા..હા..! એને રાગથી ભેદ પાડતું ભેદજ્ઞાન એને આત્માનો અનુભવ થાય છે. આહા..હા..! થોડી વિધિ પણ ગજબ વિધિ છે! સમજાણું કાંઈ? આ વિધિએ આત્મા પ્રાપ્ત થાય. આહા..હા..!

શેરો કરતા શેરો—હલવો આ હલવો. ઘીમાં લોટને શેકે પછી ગોળના પાણી ને સાકરના નાખે. આવો મોંઘો પડે શીરો પણ કહે છે. સમજાણું? શું કરવું? ઘીમાં લોટ શેકો તો ઘી પી જાય. એ કરતા ગોળના પાણીમાં શેકો ને પહેલો. સાકર ને ગોળ પાણી નાખવા જ છે પછી (તો) પહેલા નાખે. પોટીસ પણ નહિ થાય. હલવા શેના થતા હતા તારા? સાંભળ તો ખરા. પોટીસ પોટીસ. શું કહેવાય એ? કેવી? પોટીસ કહે છેને પોટીસ, લુપરી. અમારે લુપરી કહે છે. લુપરી પણ નહિ થાય. કેમ? કે લુપરીમાં તો જાતું-વળતું ઘી નાખવું પડે. જાતું-વળતું એટલે? બહુ પડે નહિ, પડ્યા વિના રહે નહિ. એમ બાયું બોલે એ સાંભળેલું. આપણે તો ક્યાં કાંઈ. જાતું-વળતું ઘી નાખવું એમ કહે. એ બનાવે એમાં. જાતું-વળતું એટલે? અંદર જાતું અને પાછું વળતું. એક ટીપું પડે અને વિશેષ પડે નહિ. જો વિશેષ પડ્યું તો પોટીસ નહિ થાય. આહા..હા..! એમ આ ઘીમાં શેકીને લોટ સાકર નાખો તો શેરો થાશે, પણ ગોળના પાણી શેકીને ઘી નાખશો તો એ શેરા નહિ થાય; એમ આ ક્રિયા કરો આપણે પહેલી સહેલી- સહેલી છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા. સમજાણું કાંઈ? પછી કરવું છેને તો પહેલું કરો. પછી એ નહિ, પછી તો સ્વરૂપમાં ઠરવું એ કરવાનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય પ્રભુ કહે છે, એમ સિદ્ધ થયું, એમ નક્કી થયું પથાર્થ સિદ્ધાંતે કે ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માનો અનુભવ થાય છે. આહા..હા..! રાગથી આત્માનો અનુભવ થાય, વ્યવહારરત્નત્રયથી આત્માનો અનુભવ ત્રણકાળમાં ન થાય એમ કહે છે. ત્યારે આ કહે છે કે ભેદરત્નત્રય પાળતા કરતાં-કરતાં નિશ્ચય થાશે. મોટું મિથ્યાત્વ શલ્ય છે. સમજાણું કાંઈ? ભેદવિજ્ઞાનથી શુદ્ધ આત્માનો અનુભવ

થાય છે અને શુદ્ધ આત્માના અનુભવથી રાગદ્વેષમોહનો અભાવ થાય છે. આહા..હા..!

**'અભાવ જેનું લક્ષણ એવો સંવર થાય છે.'** આ એને સંવર થાય એમ કહે છે. આ તો પાંચ .. પચ્ચખાણ કરાવો કહે, લ્યો. એ સંવર થઈ ગયો. આ જામનગરમાં બહુ કરે આઠમ ને અમાસના પોષા કરે, સંવર કરે. દુકાનના ધંધા-બંધા કરી લે સવારમાં. મોડા આવે આઠ વાગે. હવે સંવર કરાવો. સંવર પોષો. પહેલાં અમે ૮૨ની સાલમાં ગયા ત્યારે લોકાના અપાસરે ઉતર્યા હતા. સંવર ને પોષા કરે અને.. તે દિ' કહ્યું હતું, બાપુ! મનની સરળતા, વચનની સરળતા, કાયાની સરળતા એ પુણ્યબંધનું કારણ છે. જુઓ કીધું આ જ્ઞાનસાગર. કોઈ નથી જામનગર? જામનગરવાળાને તે દિ' કહ્યું હતું. એ ૮૨ની સાલમાં પુનાતરે છપાવેલું જ્ઞાનસાગર. એ તો ૬૮માં વાંચ્યું હતું પહેલું. પછી ૮૨માં ત્યાં એને ઓલા બધા ક્રિયાકાંડને ધર્મ માનેને તો એને કીધું ભાઈ! જુઓ, મનની સરળતાના ભાવ શુભ એ પુણ્યબંધનું કારણ છે, ધર્મનું નહિ. એટલે ભાઈ તારાચંદભાઈ હતાને વારિયા? વીરજીભાઈના બાપ. બત્રીસ સૂત્રના જાણનારા કહેવાતા. ચાલતું સૂત્ર સાધુ-આર્જિકાને ભણાવે. એકલા આવ્યા બપોરે સાંજના કોઈ નહોતું. મહારાજ! આમાં ધર્મ જરી લોકોને ઓલું છે. મેં કીધું, શું છે? આ તમારા જ્ઞાનસાગરમાં તો જુઓ. પુનાતર તરફથી છપાયેલું છે એમાં. મન ઉજળું સરળ, વચન સરળ, કાય સરળ, .. ચાર કારણે પુણ્ય બંધાય નામકર્મ. નામકર્મ છેને. એનું નામકર્મ શુભ આવા ચાર કારણે (બંધાય). કાયાની અસરળતા, વચનની અસરળતા એનાથી અશુભ નામકર્મ બંધાય. એ બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :-** પાંચ પાપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ બસ. ધૂળેય નથી. આ સંવર છે, જોયું! આહા..હા..!

ભેદજ્ઞાનથી આત્મા રાગને જરીએ નહિ બનાવતું, પરિણમતું અરાગપણે પરિણમતું જ્ઞાન, એનાથી આત્માનો અનુભવ થાય, અનુભવથી રાગદ્વેષમોહનો અભાવ થાય એ રીતે એને સંવર થાય. આહા..હા..! છે? **'અભાવ જેનું લક્ષણ છે...'** રાગદ્વેષભાવ આસ્રવ છે. જોયું! **'રાગદ્વેષમોહનો (અર્થાત્ આસ્રવભાવનો) અભાવ જેનું લક્ષણ છે એવો સંવર છે.'** આહા..હા..! એક જ ચાર લીટીમાં કેટલું ભર્યું છે જુઓ! છ લીટી છે છ. અરે..! એણે કોઈ દિ' પોતાની દયા પાળી નથી. દયા એટલે? પોતાનો જે વીતરાગી સ્વભાવ છે એને એ રીતે જીવતી જ્યોત છે તેને આદર્યો નથી અને રાગનો આદર કરીને જીવની હિંસા કરી છે. આહા..હા..! આસ્રવ કર્યો છે મિથ્યાત્વનો. હવે એ ૧૮૨, ૧૮૩ની વાત હતી હોં એ.

**'હવે પૂછે છે કે ભેદવિજ્ઞાનથી જ...'** 'જ' છેને? **'भेदविज्ञानादेव'** એકાંત છે આ. ભેદવિજ્ઞાનથી જ શુદ્ધાત્માનો લાભ થાય (એમ નથી). એકાંત છે, જ છે. આહા..હા..! રાગથી પણ લાભ થાય અને ભેદવિજ્ઞાનથી લાભ થાય. આહા..હા..! વ્યવહાર આચરણ બરાબર કરો, વ્રત ને નિયમ ને સંયમ ને આ, એ આચરણ કરતાં-કરતાં નિશ્ચય થાશે, નહિતર નિશ્ચયથી નિશ્ચય થાશે તો એકાંત છે. વ્યવહારથી પણ થશે એ અનેકાંત છે.—એમ અજ્ઞાનીઓ મિથ્યાત્વને સ્થાપન કરે છે. સમજાણું કાંઈ? આ ના પાડે છે. **'ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) કઈ રીતે થાય? તેના ઉત્તરરૂપ**

ગાથા કહે છે :—'

जह कणयमग्गितवियं पि कणयभावं ण तं परिच्चयदि।
तह कम्मोदयतविदो ण जहदि णाणी दु णाणित्तं।।१८४।।
एवं जाणदि णाणी अण्णाणी मुणदि रागमेवादं।
अण्णाणतमोच्छण्णो आदसहावं अयाणंतो।।१८५।।

**જ્યમ અગ્નિતપ્ત સુવર્ણ પણ નિજ સ્વર્ણભાવ નહીં તજે,**
**ત્યમ કર્મઉદયે તપ્ત પણ જ્ઞાની ન જ્ઞાનીપણું તજે. ૧૮૪.**
**જીવ જ્ઞાની જાણે આમ, પણ અજ્ઞાની રાગ જ જીવ ગણે,**
**આત્મસ્વભાવ-અજાણ જે અજ્ઞાનતમ-આચ્છાદને. ૧૮૫.**

આહા..હા..!

'**ટીકા :- જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે...**' આહા..હા..! આત્માનો અનુભવ છે, રાગથી ભિન્ન પડેલો આત્માનો અનુભવ જેને છે. આહા..હા..! '**તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્‌ભાવથી...**' ભેદવિજ્ઞાનની હયાતીથી '**જ્ઞાની થયો થકો...**' આહા..હા..! રાગને લઈને જ્ઞાની થયો થકો એમ નથી કહ્યું. વ્યવહારરત્નત્રયને લઈને જ્ઞાની થયો થકો એમ નથી કહ્યું. રાગથી ભિન્ન પાડેલા ભેદજ્ઞાનના સદ્‌ભાવથી જ્ઞાની થયો થકો. આહા..હા..! ગૃહસ્થોને નવરાશ ન મળે અને સાધુ થયા એને ઓલી પ્રવૃત્તિમાં ધર્મ છે એમ મનાવવું છે. હવે આ વાત અથડામણી ઊભી થઈ છે. આહા..હા..! સવારમાં નહોતું કહ્યું ઓલું ૩૬ ગાથાનું, ૨૩૬ પ્રવચનસાર. કાયા ને કષાયને પોતાના માનનારો એ છ કાયના જીવનો હિંસક છે અને વિષયનો અભિલાષી છે, પાંચ ઈન્દ્રિયના વિષયનો અભિલાષી છે. પાંચ ઈન્દ્રિયના બહારના વિષય છોડ્યા, નગ્ન મુનિ થયો, પણ જેને 'કાયાની ક્રિયા એ મારી છે, શરીરને હું ક્રિયા જે હલાવું-ચલાવું એ મારી ક્રિયા છે અને કષાયનો રાગભાવ છે તે મારો છે' એમ જેણે માન્યતા કરી છે એ જીવ છકાયનો હિંસક છે અને પાંચ ઈન્દ્રિયના વિષયનો પૂરો અભિલાષી છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાયા એટલે અજીવ અને કષાય એટલે આસ્રવ. આહા..હા..! અજીવને અને કષાયને જીવના છે એમ માનવું એ પ્રાણી મિથ્યાદૃષ્ટિ બાહ્ય નગ્ન મુનિ હોય છતાં તે છકાયનો ઘાતક છે. એકેન્દ્રિયને ન હણે છતાં છ કાયનો ઘાતક છે. ... ત્યારે કેટલાક એમ કહે છે કે પાપમાં બધા પડ્યા છે બિચારા એને કાંઈક પુણ્ય તો કરવા દ્યો. ધર્મ તો પછી.

**શ્રોતા :-** પુણ્ય-પાપ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! પણ મિથ્યાત્વ એ મહાપાપ નથી? મિથ્યાત્વ એ જ મહાપાપ છે. આહા..હા..! દર્શનભ્રષ્ટથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે. ચારિત્રથી ભ્રષ્ટ છે તે ભ્રષ્ટ છે, પણ એ સિઝશે. ચારિત્ર નથી, પણ જેને દર્શનશુદ્ધિ છે એ તો ચારિત્ર લેશે અને સિઝશે; પણ જે દર્શનભ્રષ્ટ છે એ જ્ઞાને ભ્રષ્ટ, ચારિત્રે ભ્રષ્ટ, ભ્રષ્ટમાં ભ્રષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ દર્શન ભટ્ઠા ભટ્ઠા. એ ગાથા છેને

પહેલી? અષ્ટપાહુડની, દર્શનપાહુડની ગાથા છે. આહા..હા..! દર્શન ભ્રષ્ટની કિંમત એને નથી આવતી કે આ શું નિશ્ચય કહે છે અને સમ્યગ્દર્શનનું માહાત્મ્ય એને આવતું નથી. આહા..હા..! બહારના વ્રત, તપ ને સંયમ કરતાં છતાં 'એ ક્રિયા મારી છે અને મને લાભ થશે' એ મહા દર્શનભ્રષ્ટ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહ્યું કે '**(ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી...**' જોયું! કેમ જ્ઞાની થયો? કર્મનો અભાવ થતાં અને કર્મ ઘટ્યા માટે જ્ઞાની થયો એમ નથી કહ્યું. ભેદવિજ્ઞાન છે તે ભેદવિજ્ઞાનના સદ્ભાવથી જ્ઞાની થયો થકો. આહા..હા..! એ આ પ્રમાણે જાણે છે. '**જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત...**' ઘણી સખત અગ્નિ વડે તપ્ત થયું સુવર્ણ. '**પણ સુવર્ણત્વ છોડતું નથી...**' ગમે તેવી અગ્નિમાં સોનું પડે પણ સોનું, અગ્નિ ઉષ્ણ થાય પણ સુવર્ણપણું છોડતું નથી. આહા..હા..!

'**તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું પણ...** ' આહા..હા..! પાંડવોની વાત. ટીકામાં છે જયસેનાચાર્યની. પાંડવો જુઓને. આહા..હા..! ધર્મરાજા, અર્જુન, ભીમ, સહદેવ, નકુલ. મોટા યોદ્ધાઓ. એક માના સહોદરો. આમ ચાલે. મુનિ હતા ધર્માત્મા. આનંદના વેદનમાં પ્રચુર વેદન હતું. સમજાય છે કાંઈ? આહા..હા..! શ્વેતાંબરમાં એવું આવે છે. એ નીકળ્યા મહિના-મહિનાના અપવાસ હતા. આનંદમાં .. કરે છે. નેમિનાથ ભગવાન પાસે જાવું હતું. ભગવાન બિરાજતા હતા. ત્યાં પાલિતાણા આવ્યા ત્યાં ખબર પડી કે ભગવાન મોક્ષ પધાર્યા. આહા..હા..! પાંચેય પાંડવો ધીમે.. ધીમે... ધીમે... ધીમે પર્વત ઉપર ચડી મહિના-મહિનાના અપવાસ, આનંદમાં રમતા. આહા..હા..! મોટા યોદ્ધાઓ. ભીમ, અર્જુન. અર્જુનને તો બાણાવળી કહે. જેનું બાણ ફરે નહિ. આહા..હા..! ભીમ યોદ્ધો. આહા..હા..! ધર્મરાજા વડીલ મોટા. દુર્યોધનના ભાણેજે (કહ્યું), લ્યો તમારે રાજ જોતું હતુંને કહે. લ્યો આ રાજ. એ તો ધ્યાનમાં મસ્ત આનંદમાં. આહા..હા..! લોઢાના ધગધગતા મુગટ, શું કહેવાય? આ દાગીના કરીને પહેરાવ્યા. હાથમાં કડા પહેરાવ્યા લોઢાના ઊના-ઊના. આહા..હા..! અહીં ગળામાં પહેરાવ્યા, પગમાં તોડા તોડા પહેરાવેને જેમ? રૂપાના, સોનાના એને ઠેકાણે લોઢાના ધગધગતા. કહે છે.. એ ટીકામાં પાંડવોનો દાખલો આપ્યો છે.

'**પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું...**' કેટલો કર્મોદય જુઓ! આહા..હા..! મહા સંત, મુનિ આનંદમાં રમતા અને એને કર્મનો ઉદય એવો આવ્યો. આહા..હા..! '**પણ (અર્થાત્ વિઘ્ન કરવામાં આવતા છતાં પણ)**' દુર્યોધનના ભાણેજે વિઘ્ન કર્યા. છેને આપણે પ્રવચનમંડપમાં છે. '**જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી,...**' સોનું સુર્વણ અગ્નિમાં તપેલું છતાં સુવર્ણપણું છોડતું નથી, એમ રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન કર્મના ઉદયથી ઘેરાયેલું થકું તે જ્ઞાન અજ્ઞાન થતું નથી. આહા..હા..! જ્ઞાનપણું છોડતું નથી. આહા..હા..! જ્ઞાન જ્ઞાનત્વ સત્પણું, વીતરાગીપણું. આહા..હા..! પાંડવો. કહો, આહા..હા..!

અહીંથી જાય છે ચૌદ માઈલ. ત્યાંથી ત્રણ તો મોક્ષ પધાર્યા છે. ત્યાં ક્ષેત્રથી ઉપર છે સિદ્ધ. જ્યાંથી મોક્ષ પધાર્યા છે ત્યાં ઉપર બિરાજે છે સિદ્ધ. આમ સીધા જાયને. આહા..હા..! ત્રણ મોક્ષ પધાર્યા. બેને પણ પરિષહ પોતે સહન કરતાં હતા, પણ જરી વિકલ્પ આવ્યો થોડો કે અરે..! આ મુનિઓને કેમ થતું

હશે? આ મોટા મારાથી છે, સહોદર છે, સાધર્મી છે, વૃદ્ધ છે. આહા..હા..! આવો એક વિકલ્પ શુભ આવ્યો, સર્વાર્થસિદ્ધનું આયુષ્ય બંધાઈ ગયું. આહા..હા..! કેવળ અટકી ગયું. ત્રણ જણા કેવળ પામ્યા, મોક્ષ પધાર્યા. જાત્રાનો અર્થ એવો છે કે તે કાળે ત્યાં આગળ તે ક્ષેત્રથી મોક્ષ પધાર્યા તો મોક્ષ ત્યાં ઉપર છે, તે જીવો ઉપર બિરાજે છે, એનું સ્મરણ થાય છે, શુભભાવ છે. હળવે-હળવે ચડેને. શું કહે છે?

**શ્રોતા :-** પગથીયા ચડવાથી શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુભભાવ છે. પરદ્રવ્ય તરફનો આશ્રય છેને તે શુભભાવ છે, ધર્મ નહિ, સંવર નહિ. આહા..હા..! ઓલાને જરી આટલો વિકલ્પ આવ્યો તો એ તો પુણ્ય શુભભાવ છે. એ મુનિ છે, છઠ્ઠે ગુણસ્થાને આનંદમાં લીન છે, સાતમું આવે છે, છઠ્ઠું આવે છે, સાતમું આવે છે. છઠ્ઠામાં આવ્યા ને વિકલ્પ ઉઠ્યો જરી. આહા..હા..! પ્રભુને કેમ હશે ત્રણ મુનિઓને? એ મારાથી વડીલ છે, મોટા છે. એમાં એકદમ આયુષ્ય બંધાઈ ગયું સર્વાર્થસિદ્ધનું. કેવળજ્ઞાન ૩૩ સાગર દૂર થઈ ગયું. આહા..હા..! આવી વાત છે.

**શ્રોતા :-** ...પાછા મનુષ્યભવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અને તે પાછો મનુષ્યભવ થાય ત્યારે પાછા કેવળ પામશે. મોક્ષ જવાના. સર્વાર્થસિદ્ધમાંથી નીકળીને મોક્ષ-કેવળજ્ઞાન પામવાના. સહદેવ અને નકુલ. પણ થોડો વખત રહેશેને હજી મનુષ્યપણું. આહા..હા..! આઠ વર્ષ પહેલાં તો કેવળ થાય નહિ. આહા..હા..! માતાના ઉદરમાં સવા નવ મહિના રહેશે. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ હોં! સવા નવ મહિના ઊંધે માથે. છે અંદર સમ્યગ્દૃષ્ટિ આનંદ. આહા..હા..! નીકળીને મુનિ થશે પછી, મુનિ થશે અને કેવળજ્ઞાન પામીને મોક્ષ જવાના. પણ આ ત્રણ જણા મોક્ષ ગયા અને આ બેને વાર લાગી આ શુભભાવને લઈને. આહા..હા..!

**શ્રોતા :-** શુભભાવનો ભવ બઉ ઊંચો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેનો ઊંચો? પણ આ ભવ થયોને. આહા..હા..! એ અહીં કહે છે.

**'કર્મોદય વડે ઘેરાયું થકું પણ જ્ઞાન...'** જેને રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું છે એ સુવર્ણને અગ્નિમાં તપાવતા સુવર્ણપણું છોડતું નથી, એમ ભગવાન ભેદજ્ઞાન પામેલા આત્માનો અનુભવ, એ અનુભવ તેને કર્મના ઘેરાવામાં છૂટતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** .. પર્યાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાય નિર્મળ. જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી કીધુંને? નિર્મળ પરિણતિ છે એ છોડતું નથી. આહા..હા..! ત્રિકાળીની વાત નથી, આ તો વર્તમાન પરિણતિની. આહા..હા..!

**'કેમકે હજાર કારણો ભેગાં થવા છતાં...'** હજાર તો એ શબ્દ મૂક્યો છે, પણ લાખ, કરોડ અને અંનત કારણો ભેગા થવા છતાં **'સ્વભાવને છોડવો અશક્ય છે;....'** આહા..હા..! સ્વભાવ જ્યાં જ્ઞાનરૂપે પરિણમન થઈ ગયું રાગથી ભિન્ન એ સ્વભાવને શું કરી શકે બીજી ચીજ? આહા..હા..! લાખ, કરોડ પ્રતિકૂળતા ઊભી થાય. આહા..હા..! હવે એ કાળે સારે કાળે, કોણ જાણે કેમ થયું હતું? કોઈ નહિ હોય ઊભો ત્યાં? ઓલો ઊના કરીને લાવ્યો, મૂક્યા. થવા કાળ છે.

આહા..હા..! અને ઓલા રાજકુમારો શરીરના સુંદર. આહા..હા..! સમચતુરસ્ર સંસ્થાન, ઋષભનારાચ સંહનન. આહા..હા..! કોઈ એટલામાં જોવા પણ ન મળ્યું લ્યો, એ તો થવા કાળ છેને. મુનિઓને ઘાણીમાં પીલે છેને. અરે..! કોઈ હશે નહિ ગામમાં? બાપુ! થવા કાળે થાય ત્યાં કોણ નજર કરે ત્યાં? આનંદસ્વરૂપ ભગવાન ભેદજ્ઞાનમાં પડ્યા છે. આત્માનો અનુભવ છે ત્યાં આગળ પ્રતિકૂળતા શું કરી શકે તેને? કહે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગસર વદ-૩, ગુરુવાર, તા. ૯-૧૨-૧૯૭૬,**
**ગાથા-૧૮૪-૧૮૫, પ્રવચન નં. ૨૫૬**

સંવર અધિકાર, સમયસાર. ફરીને લઈએ ટીકા. '**જેને ઉપર કહ્યું તેવું ભેદવિજ્ઞાન છે...**' એટલે કે રાગથી ભિન્ન પડી, ચાહે તો રાગ વિકલ્પ શુભ હો કે અશુભ એનાથી ભિન્ન પડીને દ્રવ્યના લક્ષે જેને જ્ઞાનની પરિણતિ રાગથી ભિન્ન પ્રગટ થઈ છે, એ જેને ભેદવિજ્ઞાન (થયું છે) '**તે જ તેના (ભેદવિજ્ઞાનના) સદ્ભાવથી જ્ઞાની થયો થકો...**' લ્યો આ રીતે જ્ઞાની થયો. શાસ્ત્રનો ભણનાર થયો કે એ કાંઈ નહિ. પુણ્ય, દયા, દાન, વ્રતના વિકલ્પ છે એ રાગ છે. અહીં તો એના રાગથી પણ ભિન્ન પડ્યો છે એવું જે ભેદજ્ઞાન, એ ભેદજ્ઞાનના સદ્ભાવથી જ્ઞાની થયો થકો. કર્મે માર્ગ આપ્યો માટે જ્ઞાની થયો થકો એમ પણ નથી, તેમ વ્યવહારરત્નત્રયના રાગને લઈને ભેદજ્ઞાન થયું એમ પણ નથી. આ વાંધા આ છેને આખા. નિશ્ચયથી તમે સ્વને આશ્રયે ધર્મ થાય, પણ વ્યવહારથી પણ થાય એમ કહો તો અનેકાંત કહેવાય. આહા..હા..!

અહીં તો કહે છે કે અનેકાંત જ આ છે કે રાગથી ભિન્ન પડીને જ્ઞાન થાય અને રાગથી થાય નહિ એનું નામ અનેકાંત છે. અરે..! આ વસ્તુ નહોતી નહોતીને. ઓલા કર્મમાં એ આવ્યું છેને ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં કે કર્મ નિમિત્ત વિના થાય તો સ્વભાવ થઈ જાય. આવે છે. પણ એ તો ત્યાં કહે છે કે છે તો એને વિભાવસ્વભાવ, પણ નિમિત્તને લક્ષે થયેલો છે, નિમિત્તથી થયો નથી. નિમિત્ત છે પણ એનાથી વિકાર થયો નથી. આહા..હા..! શું થાય? અને ક્રમબદ્ધમાં જ્યારે લ્યો ત્યારે વિકારનો સ્વકાળ છે તે પોતાથી વિકાર થયો છે. એમાં નિમિત્તથી થયો એનો અર્થ કે નિમિત્ત છે એના લક્ષે થયો છે. લક્ષે એને ક્યાં ખબર છે કે આ લક્ષે કરું છું. એ વ્યવહાર છે. આહા..હા..! વિકારનું પરિણમન સમય-સમયનું ષટ્કારકે સ્વતંત્ર પરિણમે છે. હવે આ વસ્તુ. અને નિર્મળ પર્યાયનું ષટ્કારક પરિણમન સમય-સમયે (થાય છે). એ સોળમી ગાથા, ભાઈ! પ્રવચનસાર. આ ૬૨મી ગાથા પંચાસ્તિકાય. કે સમય સમયમાં

જેટલો વિકાર મિથ્યાત્વનો કે રાગ-દ્વેષનો થાય એ પર્યાયનું ષટ્કારકનું સ્વતંત્ર પોતાનું પરિણમન છે, કર્મને લઈને નહિ, દ્રવ્ય-ગુણને લઈને નહિ. એ વાત ત્યાં અને પ્રવચનસારની ૧૬મી ગાથામાં નિર્મળ પરિણતિ પોતાના ષટ્કારકને કારણે પરિણમે છે. એ ત્યાં લીધી.

**શ્રોતા :-** એ સ્વયંભૂ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્વયંભૂમાં લીધી. ૧૬મી ગાથા છેને સ્વયંભૂ. આહા..હા..! એ કેવળજ્ઞાન પણ પોતાના કર્તા, કર્મ, કરણથી પોતે ઉત્પન્ન કર્યું છે. આહા..હા..! જ્ઞાનાવરણીયનો ક્ષય થયો માટે કેવળજ્ઞાન થયું છે એમ નથી. જ્ઞાનાવરણીય તો ભાઈએ લખ્યું નથી ફૂલચંદજીએ? અને ચર્ચા કરો એમ લખ્યું છે બહુ ચર્ચા. પણ ચર્ચા તો ખાણિયા ચર્ચામાં થઈ ગઈ છે બધી. અને એ છપાવતા નહોતા, બે ભેગા થઈને છપાવવાનું હતું. એને ઠેકાણે આ લોકોએ છપાવ્યું સોનગઢવાળાએ પૈસા દઈને. ચર્ચા તો થઈ ગઈ છે બધી. આહા..હા..! શું થાય, ભાઈ! આ વાત જ આખી ફેરફાર હતીને એટલે જરી આકરી પડે એને. અહીં કહે છે કે એ ૧૬મી (ગાથા) સ્વયંભૂ. કેવળજ્ઞાન થયું એ પણ ષટ્કારકના પરિણમનથી સ્વયં પોતે એટલે પોતાથી થયું છે. આહા..હા..! જેને પરકારકના અભાવની જરૂર નથી અને વિકારમાં પરકારકના સદ્ભાવની જરૂર નથી. આવી વસ્તુ સ્થિતિ. શું થાય, ભાઈ? આહા..હા..!

અહીં કહે છે કે જેને એ રાગના વિકલ્પથી.. જુઓને અહીં તો વ્યવહાર હતો, રાગ તો હતો, પણ એનાથી ભિન્ન પાડ્યું ત્યારે રાગની મદદ હતી ત્યાં? ઝીણી વાત બહુ, બાપુ! આહા..હા..! એને ભેદવિજ્ઞાનના સદ્ભાવથી જ્ઞાની થયો થકો. આહા..હા..! '**આ પ્રમાણે જાણે છે :-**' સત્યને સત્ય તરીકે જાણ તો ખરો, બાપુ! અને મોક્ષમાર્ગપ્રકાશમાં લખ્યુંને કે કર્મ અને આત્મા એક સાથે છે છતાં કર્મ આત્માની પર્યાયનો કર્તા નથી, આત્માની પર્યાય કર્મની કર્તા નથી. કોઈ કોઈનો કર્તા નથી. છેને? પરસ્પર કાર્યકારણ છે એટલે નિમિત્ત છે એમ. પરસ્પર કાર્યકારણ છે એ ખબર છે. નિમિત્તને કારણનો ઉપચાર આપીને, ઉપાદાનથી થયું છે એને નિમિત્તના કારણનો ઉપચાર આપીને નિમિત્તથી થયું એમ કારણકાર્ય બેય છે એમ કહેવામાં આવે છે વ્યવહારથી. આહા..હા..!

**શ્રોતા :-** પરસ્પર કાર્યકારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરસ્પર કારણકાર્ય છે. રાગ કરે છે જીવ ત્યારે જડકર્મના પોતાથી પરિણમનારને આ રાગ નિમિત્ત થાય છે અને જીવ રાગ કરે છે ત્યારે કર્મનો ઉદય એને નિમિત્ત કહેવાય છે. આહા..હા..! નિમિત્ત છે ખરું, પણ પરનું કર્તા નથી; એમ વ્યવહાર છે ખરો, પણ વ્યવહાર નિશ્ચયનો કર્તા નથી. આ વાતમાં ફેર છે. બીજું શું થાય?

એનાથી '**જ્ઞાની થયો થકો આ પ્રમાણે જાણે છે :- જેમ પ્રચંડ અગ્નિ વડે તપ્ત થયુ થકું પણ સુવર્ણ...**' સોનું. સુવર્ણપણું એટલે એની સુવર્ણપણાની વર્તમાન દશા એ '**છોડતું નથી...**' આહા..! લાખ અગ્નિની તપાય અને હોય. '**સુવર્ણ સુવર્ણત્વ...**' ત્વ એટલે એનું પરિણમન. એ છોડતું નથી. '**તેમ પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું થકું...**' બહારની વાત છે હોં આ. પ્રતિકૂળતાનો ઘેરાવો બહારમાં, અશાતાનો ઉદય, અહોહો..! મુનિઓને ઘાણીમાં પીલે. આહા..હા..! જેમ તલ પીલે, એમ ઘાણીમાં

નાખે માથું. પાંચસો સાધુનું નથી આવતું? હવે એ કાળ કેવો હશે? રાજા કેવા? આહા..હા..! આ પ્રચંડ કર્મના ઉદયના ઘેરાવાના કાળમાં પણ. આહા..હા..! છે? **'ઘેરાયું થકું પણ...'** આહા..હા..!

અહીં પાંડવોનો દાખલો છે, આમાં જયસેનાચાર્યની ટીકામાં પાંડવોનો. પાંડવ પ્રસિદ્ધ છે ખરા ને. આહા..હા..! રાજકુમાર, સુંદર શરીર. આહા..હા..! અને તે પણ મુનિ થયા, આત્મા આનંદની રમતમાં રમનારા. આહા..હા..! અને એ પણ નીકળ્યા, તે પણ શેત્રુંજ્ય ઉપર. આહા..હા..! એને લોઢાના.. આહા..હા..! કેટલા ઉના ક્યારે કર્યા હશે? એને દેખીને કર્યાને પછી? ધગધગતા મુગટ ને હાર ને કડા ને પગમાં લોઢાના. આહા..હા..! અરેરે..! કોઈ નહોતું? પણ કોણ હોય? કર્મના ઉદયે સામગ્રી થાય એને કોણ રોકે? આહા..હા..! એવા દેવ નહોતા? દેવને ખબર નથી પડતી દેવને? પણ ખબર પડે પણ એને. આના પુણ્ય હોય ત્યારે એ આવી શકેને. દેવતાને પણ જ્યારે તીવ્ર કષાયમાં હોય ત્યારે તો ખ્યાલ નહિ, મંદ કષાયમાં હોય ત્યારે ખ્યાલ આવે તો શક્તિ ન હોય. આવે છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં. આહા..હા..! પણ એ ઇચ્છા કરવી એ જ ખોટું છે કહે છે. દેવ આવીને મદદ કરે. આહા..! કોણ કરે મદદ? આહા..હા..!

**'પ્રચંડ કર્મોદય વડે ઘેરાયું...'** ચારે કોરનો ઉદય આવ્યો એકદમ. આહા..હા..! એ પાંચસો કેવા કંધક મુનિ આવે છેને? કંધક મુનિ પાંચસો. રાણીની સાથે વાત કરતા હશે અને એમાંથી શંકા પડી રાજાને અને કોઈએ ભેળવ્યું કે જુઓ સાહેબ! એ બધા આવા છે એ બધા સાધુઓ. અરરર..! રાજાને વહેમ પડ્યો, પકડો સાધુ, જાવ ઘાણીમાં પીલો. ઓહો..હો..! હવે અહીં બે કરોડનો આસામી એક કલાકના પેદાશવાળા લહેર કરે, ગાદી-તકીયા, મોટરુંમાં બેસે ને પ્લેનમાં બેસે. આહા..હા..! અને આ મુનિ. આહા..હા..! જેને પ્રચુર સ્વસંવેદન આનંદનું ચારિત્રદશામાં. આહા..હા..! સમકિતદશામાં તો આનંદનો અંશ છે, સિદ્ધની જાતનો છે એ, પણ જેને મુનિપણું છે એને તો ઓહો..હો..! આનંદના અનુભવમાં પ્રચંડ ફુવારા ફૂટે છે. ભગવાન આનંદ શક્તિ છે. આવ્યું હતુંને સવારે? આનંદમય છે. પોતે ભગવાન આનંદમય છે, પ્રભુ અતીન્દ્રિય આનંદમય છે. આહા..હા..! એમાં જ્યાં એકાગ્ર થયો દૃષ્ટિથી (તો) ફુવારામાં જેમ પાણી છૂટે એમ શાંતિ અને આનંદ ફૂટે એમાંથી. આહા..હા..! એને કર્મના ઘેરાવા શું કરી શકે? બહારના. આહા..હા..!

**'જ્ઞાન જ્ઞાનત્વ છોડતું નથી,...'** રાતે કાલે કહ્યું હતું. જ્ઞાન એટલે આત્મા, આત્માપણું એટલે વીતરાગીપણાની પરિણતિ એ છોડતું નથી. આહા..હા..! એવું છે. સ્વભાવ કેમ છોડે? જ્યાં સ્વભાવનું ભાન થઈને સ્વભાવરૂપે પરિણમી ગયો છે. આહા..હા..! વીતરાગભાવે જ્યાં પરિણમ્યો છે, એને બીજા અશાતાના ઉદયના ઘેરાવામાં ઘેરાયેલો છતાં એ આનંદપણું વીતરાગપણું એ છોડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'કેમ કે હજાર કારણો ભેગાં થવા છતાં...'** હજાર તો શબ્દ મૂક્યો છે, પણ અનંત કારણો ભેદા થવા છતાં **'સ્વભાવને છોડવો અશક્ય છે;...'** આહા..હા..! વીતરાગી પરિણતિ થઈ એને છોડવું અશક્ય છે હવે. આહા..હા..! **'કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...'**

વીતરાગી પરિણતિ છૂટે તો વસ્તુનો નાશ થઈ જાય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! રંગ ચડ્યા છે એને વીતરાગભાવના. રાગના રંગે ચડ્યા એને વીતરાગતા દુર્લભ છે. વીતરાગના રંગે ચડ્યો તેને રાગ દુર્લભ છે. આહા..હા..! સમજાણું? એ આવે છે કોઈક ઠેકાણે, નહિ? જ્ઞાનીઓને વિષય દુર્લભ છે. નિયમસારમાં આવે છે. ઓહો..હો..! આચાર્યે તો ચારે બાજુ નાખ્યું છેને. ધર્માત્માને રાગ દુર્લભ છે, રાગ થવો દુર્લભ છે. અજ્ઞાનીને વીતરાગપણું થવું દુર્લભ છે. આહા..હા..! કેમકે ભગવાન આત્મા આનંદ અતીન્દ્રિયનું, અતીન્દ્રિય આનંદમય પ્રભુ એને જ્યાં જાણ્યો અને ઓળખ્યો રાગથી ભિન્ન પડીને જ્યાં અનુભવ થયો. આહા..હા..! એ અનુભવનું વીતરાગપણું કર્મના ઉદયના ઘેરાવાએ પણ તે વીતરાગપણું છૂટે નહિ. એ છૂટે તો સ્વભાવ છૂટી જાય, સ્વભાવ કોઈ દિ' છૂટે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કારણ કે તેને છોડતાં સ્વભાવમાત્ર વસ્તુનો જ ઉચ્છેદ થાય,...** ' આહા..હા..! '**અને વસ્તુનો ઉચ્છેદ તો થતો નથી કારણ કે સત્‌ના નાશનો અસંભવ છે.** ' સત્ પ્રભુ વીતરાગ સ્વરૂપે—દ્રવ્યે, ગુણે અને પર્યાયે. આહા..હા..! એ વીતરાગીપણાની સત્તાનું પરિણમન એ સત્ છે. આહા..હા..! એને ખરેખર તો દ્રવ્ય, ગુણનું પણ કારણ નથી, અહેતુ છે, તો પછી પર એને નાશ કરે એ છે નહિ. આહા..હા..! જેની ઉત્પત્તિના સ્વભાવમાં દ્રવ્ય અને ગુણનું કારણ નથી, એના નાશના કારણમાં જગતના કારણો પ્રતિકૂળ પડે અને નાશ થાય (એમ છે નહિ). આહા..હા..! માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..!

'**આવું જાણતો થકો જ્ઞાની કર્મથી આક્રાંત (ઘેરાયેલો, આક્રમણ પામેલો)...**' આહા..હા..! અઘાતિનું અહીં કારણ લીધું છે હોં! બહારના પ્રતિકૂળ સ્થાનો. આહા..હા..! એ જીવતા મુનિને અગ્નિમાં નાખતા હશે. હળ.. હળ.. હળ.. સીતાજીને જુઓને, અગ્નિ ભઠ્ઠા મોટી બળતી હતી ને પડો એમાં જાઓ. પરીક્ષા આપો. આ તો પુણ્યનો ઉદય હતો તે વળી... (નહીંતર તો) બળી જાય એમાં. પણ પુણ્યનો ઉદય હતો તો વળી એકદમ સિંહાસન થઈને બેઠા. આહા..હા..! નહિતર તો પરીક્ષા કરો, રામચંદ્રજી કહે પરીક્ષા કરો. લોકોમાં અપવાદ થયો છે તમારો. રાવણને ઘરે રહ્યા અને રામચંદ્રજીએ રાખી એનો અપવાદ ચાલે છે. રામચંદ્રજી જેવા પુરુષ ધર્માત્મા એ ભવે ચરમશરીરી મોક્ષ જનારા. આહા..હા..! આવી સાધર્મી ધર્માત્મા એમાં લોકને ખાતર એને, અંદરમાં પોતાને નથી પણ લોક ખાતર એને (પરીક્ષા કરે છે). આહા..હા..!

**શ્રોતા :-** એ લોક કાતર થયું એ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ લોક ખાતર એને થયું એને અંદરથી કે હું રાજ કરું છું ત્યાં સુધી મારે આ પ્રમાણે રખાય નહિ રાજમાં. રાજના માણસો વહેમમાં ઉઠે અને મારે જ્યાં સુધી રાજનો રાગ છે, તો એ રીતે ન રહેવાય. એ તો પોતાને એ જાતનો રાગ હતો. આહા..હા..!

દ્રૌપદીને લ્યોને આહા..હા..! મહાસતી બ્રહ્મચારી મહા. દુર્યોધનના માણસોએ સાડી ખેંચી. કુદરત છે, પુણ્યનો ઉદય એટલે એક સાડી ખેંચી તો બીજી થઈ, બીજી ખેંચે તો ત્રીજી થઈ. આહા..હા..! પણ

ન થાય તોપણ જ્ઞાનીને જ્ઞાનપણું છૂટતું નથી. આહા..હા..! ધર્મરાજા, ભીમરાજા ભીમ, જેને સહન કરવું પડ્યું. બેઠા ને ઓલા ખેંચે. શું થાય? આહા..હા..!

**શ્રોતા :-** ખેંચે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેઠાને દુશ્મન. દુશ્મનની દૃષ્ટિ. ખેંચે એને જોયા કર્યું. વચનથી બંધાઈ ગયેલા હતાને. ઉદયનો ઘેરાવો. શું કરે બીજા? બ્રહ્મચારિણી ઊભા. આહા..હા..! માતા જગદંબા. રામચંદ્રજી સિવાય જેને મનમાં કોઈનો વિકલ્પ આવ્યો નથી. એણે કહ્યું કે હે અગ્નિ! મને જો રામ વિનાનો કોઈ વિકલ્પ આવ્યો હોય તો બાળી દેજે અને જો બીજો મેં ન લાવ્યો હોય તો ધ્યાન રાખજે જગતમાં ઓલી થશે. કુદરતનો પુણ્યનો ઉદય. એ બીજો આવ્યો ઉદય-ઘેરાવો. આહા..હા..! પણ સિંહાસન ઉપર ખડા, દેવે વૃષ્ટિ કરી, ખમ્મા અંબાલા. આહા..હા..! એને અંદર રાગ-દ્વેષ ન થયો. એ કહે છે જુઓ!

'**જ્ઞાની કર્મથી આક્રાંત હોવા છતાં પણ રાગી થતો નથી,...**' છે? એને રાગ થતો નથી. આહા..હા..! '**દ્વેષી થતો નથી,...**' એવી પ્રતિકૂળતાના દેનાર ઉપર એને દ્વેષ થતો નથી. ભગવાન છે બાપા! મારું સ્વરૂપ તો જાણનાર જ્ઞાતા-દૃષ્ટા છું. આહા..હા..! એ પ્રતિકૂળ સંયોગને પણ હું તો જાણનાર-દેખનાર છું, એમાં દ્વેષ કરતો નથી. આહા..હા..! '**મોહી થતો નથી,...**' મિથ્યાત્વી થતો નથી. આહા..હા..! '**પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.**' આહા..હા..! સમાધિશતકમાં આવે છેને, અનુકૂળતામાં તને દુઃખ નથી માટે સહન કરવાની ટેવ પાડ. આવે છે? આહા..હા..! સમાધિશતકમાં એ આવે છે. સુખની સગવડતામાં તું પોષાઈ જઈશ અને જ્યારે દુઃખની અગવડતા આવશે ત્યારે ત્યાં સીજાઈ જઈશ માટે સહન કરવાનો અભ્યાસ કર. આહા..હા..! સમાધિશતક. આહા..હા..! આચાર્યોએ તો ગજબ કામ કર્યા છેને! ઓહો..હો..! બાપુ! શાતાશીળિયામાં તું રહીશ અને એમાં જો કાંઈક પ્રતિકૂળતા આવી (તો) સહન નહિ થાય, બાપુ! પુરુષાર્થની નબળાઈ હશે તો. માટે, સહન કરવાની ટેવ પાડ. આહા..હા..! કે જેથી પ્રતિકૂળતા વખતે પણ સહનશીલતા ઊભી રહે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરંતુ શુદ્ધ આત્માને જ અનુભવે છે.**' આહા..હા..! એ વખતે એ પ્રતિકૂળ પરીષહ આપનાર તે પ્રત્યે દ્વેષ થતો નથી અને એની અનુકૂળ સામગ્રી આપનાર ઉપર રાગ થતો નથી. આહા..હા..! હું તો જ્ઞાતા-દૃષ્ટા ચૈતન્યસ્વભાવી આત્મા, ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એ શું કરે? એ તો પ્રતિકૂળતાને પણ જાણવાની પર્યાયના કાળે પોતાને જાણતા પરને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો છે જ નહિ. અસ્થિરતાનો રાગ એ જ્ઞાનીને છે જ નહિ. આ તો દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયના સ્વભાવના જોરની વાત ચાલે છેને. અસ્થિરતાનો થાય છે એ પરને લઈને નથી થતો, એ તો પોતાની કમજોરીને લઈને થાય છે. આહા..હા..! આ..હા..હા..! સમજાણું કાંઈ?

'**અને જેને ઉપર કહ્યું તેવું ભેદજ્ઞાન નથી...**' આહા..હા..! રાગથી ભિન્ન પાડેલું જ્ઞાન નથી

એમ કહે છે. '**તેના અભાવથી...**' ઓલામાં સદ્‌ભાવથી જ્ઞાની થયો થકો હતુંને? પહેલું. અને ભેદજ્ઞાનના અભાવથી અજ્ઞાની થયો થકો. આહા..હા..! શુભ-અશુભરાગથી ભિન્ન નથી, ભેદજ્ઞાન થયું નથી એ શુભરાગમાં અજ્ઞાની છે, શુભરાગ મારો માને છે. આહા..હા..! છે? '**અજ્ઞાન-અંધકાર વડે આચ્છાદિત હોવાથી...**' આહા..હા..! રાગમાં એકત્વબુદ્ધિમાં ઢંકાઈ ગયેલો હોવાથી. આહા..હા..! ચૈતન્યના પ્રકાશના નૂર ને ભેદજ્ઞાનનો અભાવ જેને છે એ રાગના અંધકારમાં વ્યાપી ગયો છે. '**ચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને નહિ જાણતો થકો,...**' એ તો જાણન-દેખન સ્વભાવના ચમત્કારસ્વરૂપ છે. આહા..હા..! જેના એક ક્ષણમાં શ્રુતજ્ઞાનમાં પણ લોકાલોક જાણે એવી એની તાકાત છે. આહા..હા..! એવો ચૈતન્યચમત્કાર છે, એ આ ચમત્કાર છે.

'**રાગને જ આત્મા માનતો થકો,...**' જોયું! આહા..હા..! રાગી થતો નથી, પહેલામાં એમ હતું. આ રાગી થાય છે. આહા..હા..! એ રાગમાં એકત્વબુદ્ધિ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગ થાય એમ કીધું. અસ્થિરતાની વાત નથી, આ મિથ્યાત્વના રાગની વાત છે. રાગ થયો છે, એનાથી જેને ભેદજ્ઞાન થયું છે એ રાગી થતો નથી, પણ જેણે રાગથી ભિન્ન ભેદજ્ઞાન કર્યું નથી તે રાગી થયો તે રાગ થયો થકો રાગી થાય છે. કારણ કે જ્ઞાન થયું થકું જ્ઞાતા થાય છે એ છે નહિ ત્યાં. આહા..હા..! આવી વાતું! '**રાગી થાય છે,...**' એટલે રાગ પોતાનો છે તેમ માને છે. આહા..હા..! '**દ્વેષી થાય છે,...**' જેટલે દરજ્જે રાગ છે તેટલે દરજ્જે પ્રતિકૂળતા ઉપર દ્વેષ છે. સમજાણું કાંઈ?

પંચાધ્યાયીમાં આવે છે કે જેટલા પ્રમાણમાં રાગ છે તેટલા પ્રમાણમાં એને પર ઉપર દ્વેષ છે. શરીરમાં જેટલો રાગ છે તેટલો જ શરીરમાં રોગ આવતા તેને દ્વેષ થશે. સમજાણું કાંઈ? જેને પ્રશંસામાં રાગ ને પ્રેમ છે તેને નિંદા કરનારા,... પ્રશંસામાં જેને રાગ છે એને નિંદા કરનારમાં દ્વેષ એટલા પ્રમાણમાં થાશે. આહા..હા..! આ પ્રશ્ન એક ફેરી ૮૫માં લાઠીમાં ઉઠ્યો હતો. ૮૫માં ચોમાસું હતુંને. નારણભાઈએ દીક્ષા લીધી હતી. પછી એનો લોચ કરતાં હતા. ધર્મશાળા છેને ત્યાં વ્યાખ્યાન હતા. ૮૫ ની વાત છે. કીધું, ભાઈ! કેટલું દુઃખ થાય છે? કે જેટલો શરીર ઉપર રાગ છે એટલો દ્વેષ થાય છે. આહા..હા..! જેટલા પ્રમાણમાં પ્રીતિ છે દેહની એટલા પ્રમાણમાં દ્વેષ-દુઃખ થાય છે. આહા..હા..! અમારા નારણભાઈ હતાને દીક્ષા લીધી હતી. આહા..હા..! કીધું, વાળ ખેંચાય છે (તો) કેટલું દુઃખ લાગે છે? જેટલો રાગ શરીર ઉપર છે તેટલો અંદર અણગમો ઉત્પન્ન થાય છે. બરાબર છે? આહા..હા..! પ્રશંસામાં જેને પ્રેમ થાય છે એના પ્રમાણમાં નિંદામાં એને દ્વેષ થશે. આહા..હા..!

**શ્રોતા :-** નિંદા કરનાર પ્રત્યે..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના ઉપર નહિ, એના ઉપર નહિ; દુઃખ થશે અંદર, અણગમો ઊભો થશે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો, ભાઈ! લ્યો!

કહે છે '**રાગને જ આત્મા માનતો થકો,...**' ભાષા શું છે? રાગથી ભિન્ન પડ્યો નથી, તેથી તે ભેદજ્ઞાનનો સદ્‌ભાવ નથી, તેથી તેને અજ્ઞાનના સદ્‌ભાવને કારણે. આહા..હા..! અજ્ઞાન અંધકાર વડે ઢંકાઈ ગયો. એ રાગને પોતાનો માનીને ઢંકાઈ ગયો છે. આહા..હા..! તેથી એ રાગને પોતાનો માનીને

**'રાગી થાય છે,…' 'રાગને જ આત્મા માનતો થકો, રાગી થાય છે.'** એમ ભાષા છે. એકલો રાગી થાય છે એમ ભાષા નથી. શું કીધું એ? રાગને જ આત્મા માનતો થકો રાગી થાય છે. આહા..હા..! આત્મા રાગથી ભિન્ન છે ભગવાન, એને એ જાણતો નથી, માનતો નથી, બાપુ! વીતરાગમાર્ગ અલૌકિક! દુનિયાથી જુદી જાત છે, બાપુ! આહા..હા..! લોક સાથે ક્યાંય મેળ ખાય એવો નથી. સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવ પરમેશ્વર. આહા..હા..! એ ધારાવાહી સંતો વાત કરે છે એની. આહા..હા..! દિગંબર સંત. જેટલા પ્રમાણમાં એને ભેદજ્ઞાન નથી અને રાગી થાય છે એ આત્મા રાગને આત્મા માનતો થકો રાગી થાય છે એમ કહે છે. આહા..હા..!

અને **'દ્વેષી થાય છે,…'** એ દ્વેષને આત્મા માનતો થકો દ્વેષી થાય છે એમ લેવું. સમજાણું કાંઈ? આહા..હા..! અકષાય શાંતિનો પિંડ પ્રભુ. આહા..હા..! ઓલામાં આવે છેને, ભક્તામરમાં, પ્રભુ! આપ તો શાંતરસે પરિણમેલા છો, પ્રભુ! પણ આ તમારા શરીરના પરમાણુ પણ શાંતપણે પરિણમ્યા છે. જેટલા પરમાણુ જગતમાં શાંતપણે પરિણમનારા હતા એ અહીં તમારા શરીરમાં આવીને પરિણમ્યા છે. આહા..હા..!

**શ્રોતા :–** શાંત રાગ રુચિ…

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દેહ પરમાણુમાં છે. એના ન્યાયથી. પણ એનો ન્યાય આ છે કે ભગવાન! તમારો આત્મા શાંત.. શાંત… શાંત… 'ઉપશમ રસ વરસે રે પ્રભુ તારા નયનમાં.' આહા..હા..! પ્રભુ! તારી આંખમાં–નજરુંમાં ઉપશમરસ વરસે છે. આહા..હા..! શાંતિ… શાંતિ… શાંતિ… અકષાય શાંતિ. એવો અકષાય શાંતિમય ભગવાન. આહા..હા..! એની પરિણતિમાં એકલી અકષાય શાંતિ પ્રગટ થઈ ગઈ છે. આહા..હા..! એથી તો પ્રભુ! તમારું શરીર જ એવી જાતનું પરિણમ્યું છે. આહા..હા..! કેસરને ડબ્બા હોય, એને કોથળા ન હોય. કેસર રહેવાને કોથળો. આ કોથળા સમજો છો? બોરી. સુતરની બોરી ન હોય? એને ડબ્બો અને બરણી હોય. પ્રભુ! તમારું શરીર જ શાંતરસે પરિણમ્યું છે, કારણ કે અંદર શાંતરસે પરિણમ્યો છે ભગવાન, એ બધા પરમાણુ શાંતપણે પરિણમનારા અહીં આવીને પરમૌદારિકપણે પરિણમ્યા છે. આહા..હા..! કે જેના શરીર દેખતા આમ ઠરી ગયેલું જાણે લાગે બિંબ. આહા..હા..! બરફના જેમ ઠંડા-ઠંડા મોટા પથરા હોયને બરફના? એમ શરીર બરફ-બરફ. આ છેને મુંબઈમાં નહિ? ૨૫-૨૫, ૩૦-૩૦ માણસની બરફની પાટુ હોય મોટી. અમે જઈએ ત્યારે રસ્તામાં દેખાય ઘણી.

… આ વ્યવહારથી નિશ્ચય થાય એ પણ રાગમાં બંધાઈ ગયો ને મિથ્યાત્વી છે એમ કહે છે. આહા..હા..! મોહી થઈ ગયો છે એ. આહા..હા..! રાગથી લાભ થાય એમ માનનારો રાગ મારો છે. છેને? રાગને આત્મા માનતો થકો, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાતમાં મજા માણસને (ન આવે). ઓલું તો આમ થાય, આમ થાયને સેવા કરો, ભક્તિ કરો, ગજરથ ચલાવો. લ્યો! આ વળી નવો પંથ કાઢ્યો એમ કહે. અરે..! ભગવાન!

**શ્રોતા :–** નવો પંથ કરવામાં આપને લાખ્ખો રૂપિયા ખર્ચવા પડ્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોણ ખર્ચે? કોણે ખર્ચ્યા? આહા..હા..! એ તો મુંબઈવાળાને આ કરવું હતું

તો મુંબઈવાળાથી થયું. પણ પછી પૈસા આપ્યા નહિ મુંબઈવાળાએ. આ હિંમતભાઈ ને બધાએ ત્યાં નક્કી કર્યું હતું કે ભાઈ આ કેટલામું હતું? ૮૫મું? ૮૦મું-૮૦મું ઠીક. અહીં કરવું. પછી ચારે કોરથી સમાચાર મગાવ્યા હતા. કેટલાકના મત આવ્યા. ભાઈ! એક પરમાગમ મંદિર બનાવો યાદગીરી માટે. એમ કરીને કર્યું. અહીં તો ખબર પણ નથી અમને કાંઈ. એ પછી કીધી વાત ત્યારે ખબર પડી. અને તે પણ પછી આવ્યા તમારા આ રમણીકભાઈ ને ચંદ્રકાંત. બેય આવ્યા ત્યારે કીધું કે મહારાજ! આ મકાનમાં દસ લાખ થાશે પણ અમારે પચ્ચીસ લાખનું કરવું છે. ઓય મારું! મેં કીધું ભાઈ, તમે બોલશો નહિ બહાર આવી વાત. એમ અમારે કહેવું પડ્યું હતું. આ ખીમચંદભાઈના ભાઈ નાના છેને રમણીક? જાડા. દરબાર-દરબાર કોઠી. અને ચંદ્રકાંત આપણા રાજકોટવાળા. અહીં મકાન કર્યું છેને. બેય ભાઈબંધ અને બેય અંદર આવ્યા હતા. મહારાજ! અમારે તો પચ્ચીસ લાખનું કરવું છે. મેં કીધું, ભાઈ, બોલશો નહિ તમે. આમ બોલશો નહિ બાપુ! જેવું થવું હશે એ થાશે, પણ પચ્ચીસ લાખની અત્યારથી માંડો છો તમે, મેળ નહિ ખાય. એમ કહેવું પડ્યું હતું લ્યો. પછી તો ખબર પડી કે આને પૈસા આટલા થયા છેને ઢીંકણું થયું છે. આહા..હા..! નહિતર ખબર પણ નહોતી અહીં તો. કીધું પણ નથી કોઈને કે તમે કરો આગમ મંદિર. આહા..હા..! બાપા! થવા કાળે થાય છે, ત્યારે ઓલાનો શુભભાવ હોય એને નિમિત્ત કહેવાય છે. નિમિત્તનો અર્થ એ કે એનાથી થયું નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

અહીં કહે છે કે જેને પ્રતિકૂળતાનો પ્રસંગ આવે અને ભેદજ્ઞાન થયું નથી એ રાગમાં રોકાઈ જશે અને રાગને પોતાનું સ્વરૂપ માની અને મિથ્યાદૃષ્ટિ મોહને પ્રાપ્ત કરશે. આહા..હા..! '**પરંતુ શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી.**' જોયું! રાગ ને દયા, દાનના, વ્રતના પરિણામ રાગના અને પ્રતિકૂળ વખતે દ્વેષના, એમાં એ મિથ્યાદૃષ્ટિ રાગને પોતાનો માની રોકાઈ જશે, આત્માનો અનુભવ નહિ કરી શકે એ. આહા..હા..! પાછો શબ્દ કેવો છે? '**શુદ્ધ આત્માને બિલકુલ અનુભવતો નથી.**' સમજાણું કાંઈ? આહા..હા..! ઓલામાં એમ હતું, શુદ્ધ આત્માને જ અનુભવે છે. છેને? શુદ્ધ આત્માને જ અનુભવે છે જ્ઞાની. આ બિલકુલ અનુભવતો નથી, રાગને જ અનુભવે છે, કષાયને જ અનુભવે છે. આહા..હા..! ભારે વાત આકરી. બાપુ! માર્ગ તો એ છે.

વ્યવહાર હોય છે, પણ વ્યવહારથી ભેદ પાડીને ભેદજ્ઞાન થાય છે, વ્યવહારથી થતું નથી. આહા..હા..! આવી તો વાત ચોખ્ખી છે. નિમિત્ત હોય છે, એ તો વ્યવહાર પણ નિમિત્ત છે ખરેખર, પણ નિમિત્તથી પરમાં કાંઈ થાય છે તો તો એ નિમિત્ત ઉપાદાન થઈ જાય. નિમિત્ત કરે નહિ ત્યારે નિમિત્ત કહેવાય છે, કરે તો તો ઉપાદાન થઈ જાય છે. આહા..હા..! આ બે વાંધા મોટા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ. ક્રમબદ્ધનો તો આ ફેરી ભાઈએ ખુલાસો કર્યો કૈલાસચંદજીએ. એટલું એણે સારું કહ્યું. ક્રમબદ્ધનો તો ચોખ્ખો ખુલાસો કર્યો. ક્રમબદ્ધ એટલે કે સર્વજ્ઞની સત્તાની કબુલાત. નિયતવાદમાં સર્વજ્ઞતાની સિદ્ધિ છે. જે સમયે જે પર્યાય જેવી પોતાથી થવાની તેને થશે એમ નક્કી કરનાર તે સર્વજ્ઞથી સર્વજ્ઞને નક્કી કરનારો છે. એમ સર્વજ્ઞે જોયું તે પ્રમાણે સમય-સમયમાં ક્રમબદ્ધ એક પછી એક થવાનું તે પ્રમાણે ભગવાને જોયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? કૈલાસચંદજીએ એ

બહુ સારું કામ કર્યું.

અહીં રાગને ક્રમમાં અનુભવે એવી જ એની દૃષ્ટિનો ક્રમ છે કહે છે. આહા..હા..! અને જ્ઞાનીને રાગથી ભિન્ન પડેલું જ્ઞાન ક્રમસરમાં ક્રમે આવેલો એ આત્માનો અનુભવ જ કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ જાણે માંદા માણસ હોય નહિ એવું ભાષણ હળવે-હળવે. એને રોગ હશે. ઓલા તો ધડાકા બોલે આમ. બાપુ! આ વસ્તુ, ભાઈ! વાણી વાણીથી થાય, નાથ! એ રાગ પરને લક્ષે થાય એનો આત્મા સ્વામી નથી. આહા..હા..! 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું...' આવે છેને. 'ધર્મ જિનેશ્વર ગાઉ રંગ શું, ભંગ ન પડશો પ્રીત, બીજો મન મંદિરમાં આણું નહિ' પ્રભુ વીતરાગ સિવાય હું મનમંદિરમાં બીજાને ન આવવા દઉં. આહા..હા..! 'એ અમ કુળ વટ રીત.' અમારા અનંત તીર્થંકરો અને કેવળીઓની કૂળના વટની રીત આ છે. સમજાણું કાંઈ? આહા..હા..! પછી આવે છેને કાંઈક દેવ? દેવનું નથી આવતું? દેવ પણ રહી શકતા નથી. શબ્દ.

**શ્રોતા :-** સેવના ધાર પર... ચૌદમા જિન તણી ચરણસેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. ચરણ સેવા પછી ભાષા. 'ધાર પર નાચતા દેખ બાજીગરા,...' ધાર પર, તલવારની ધાર એના ઉપર બાજીગરો નાચે. એવી વિદ્યા હોય છેને. 'ધાર પર નાચતા દેખ બાજીગરા, સેવના ધાર પર રહે ન દેવા.' પણ પ્રભુ! તારી સેવા વીતરાગભાવની... આહા..હા..! 'રહે ન દેવા.' અજ્ઞાની રહે શકે નહિ અથવા દેવ ત્યાં રહી શકે નહિ. આહા..હા..! આનંદઘનજીએ કેટલીક વાતું બહુ ઊંડી કરી છે. છે શ્વેતાંબર.

**શ્રોતા :-** કેટલીક વાતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેટલીક વાત. બધી વાતનો ફેર છે એમાં. એને સૂત્ર માન્યા છેને. પછી કો'ક કહે છે કે ઘરનું નાખ્યું એમ કો'ક કહે છે. એમ આવે છે. સૂત્ર, સૂત્રની ટીકા, એને ન માને તો એ અભવ્ય છે એમ આવ્યું છે એ ચોવીસ સ્તવનમાં. બધું વાંચ્યું છેને એમાં એ આવ્યું છે. એમ કે સૂત્ર ટીકા પછી ચુલણી પાંચ બોલ છે. એ પાંચને ન માને તો એ અભવિ છે એમ લખ્યું છે. સૂત્ર અને સૂત્રની ટીકા જ ખોટી છે બધી. પણ એ કો'ક એમ કહેતું હતું કે પોતાનું રાખવા આનંદઘનજીના નામે ચડાવી દીધું, એમ કોઈ કહેતું હતું. છે આનંદઘનની ચોવીસી. ચોવીસ તીર્થંકરની સ્તુતિ છે એમાં આ છે. શું કહે છે? શું કહે છે?

**શ્રોતા :-** એમ જ્યારે ખબર પડી કે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ તો પછી. શ્વેતાંબરપણાની (માન્યતા) હતી એમને (શ્રીમદ્જીને) પછી પાછળથી નીકળી ગઈ. પણ એ તો કામ કરી ગયા એમાં કાંઈ નહિ. એ એક ભવે મોક્ષ જશે એમાં કાંઈ ફેર નથી. 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ, અશેષ કર્મનો ભોગ છે..' અરે..! રાગ અંદરથી ખસતો નથી હજી. 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે, તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ રે.' એકાદ દેહ ધારણ કરીને સ્વરૂપમાં સમાઈ જશું. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં હજારો, લાખોના મોટા ઝવેરાતના ધંધા. એ શું? એ તો બહારની ક્રિયા છે. અંદરથી ભિન્ન પડી ગયેલા.

આહા..હા..! એ પ્રશ્ન ઉઠ્યો હતો ૭૭માં કે શ્રીમદ્ આમ કેમ કહે? એ છદ્મસ્થ છે, કેવળજ્ઞાન નથી અને અમે એક ભવે મોક્ષ જાશું. એવો પ્રશ્ન ઉઠ્યો હતો, બોટાદ. ઓલા ભગવાનજી હતાને કચ્છી. એના ભાઈ આ પોરબંદરવાળા કેવા? કેવા કીધા? દેવીદાસ. દેવીદાસભાઈ હતા ત્યાં ૭૨માં આવેલા, ૭૭ની સાલમાં બોટાદ. દેવીલાલજી! ભગવાન! માર્ગ આમ નથી હોં! તને ન બેસે એથી કરીને શું થાય, ભાઈ! આહા..હા..!

**શ્રોતા :–** એક હાથે તાળી કેવી રીતે વાગે? બે હાથે તાળી વાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બે હાથ પણ વાગતી નથી. એ ત્યાંના પરમાણુ ઉઠે ત્યારે મળે, બે હાથને લઈને નહિ. આહા..હા..! આ અવાજ થાય છે એ બે હાથને લઈને નહિ. ત્યાંના પરમાણુ છે એનો અવાજ ઊઠે છે માટે થાય છે. આહા..હા..! શબ્દ વર્ગણાના પરમાણુ છે ત્યાં એટલે (અવાજ ઉઠે છે). આ તો નિમિત્ત છે. નિમિત્ત છે એટલે કાંઈ કરતું નથી ભાષાને, અવાજને. આહા..હા..! એવી વાતું છે, બાપુ! એય..! શેઠ! આમથી અવાજ થાય છે એ અવાજ આ બે અડે છે માટે નહિ. બેને અડતા નથી અને એક દ્રવ્ય, બીજા દ્રવ્યને સ્પર્શતું નથી એ વાત તો બહુ કરી હતી. ત્રીજી ગાથા, ત્રીજી ગાથા. આહા..હા..! આ હાથ આને અડતો નથી. અરે અરે..! અને અવાજ થાય છે એ તો અંદરના પરમાણુ શબ્દવર્ગણાના છે એમાંથી ભાષા ઉઠે છે, આને લઈને નહિ. વર્ગણા જ જુદી છે. આહા..હા..! અરેરે..! આવું.

ઓલો કહેતો હતો એક પંડિત આવ્યો હતો. દૃષ્ટ-ઈષ્ટવિરોધ. દેખાય છે પ્રથમ અગ્નિથી ઊનું થાય, દેખાય છે પ્રથમ... અરે..! ભગવાન! શું દેખાય છે, બાપુ! તું એને અગ્નિ છે એમ જાણીને અહીં ઊનું દેખે છો, પણ એ પાણી છે એ ઠંડુ-ઊનું થવાની લાયકાતથી પાણી તે ક્ષણે, તે ક્ષણે ઊનું થવાની એની લાયકાતથી થયું છે, અગ્નિથી નહિ. કોણ આવ્યા હતાને જુગલકિશોર? દિલ્હીવાળા મુખત્યાર. ભાઈને તે દિ' .. કર્યું હતું. બહાર ગયા હતા ત્યાં દવાખાને, રાત્રે ચર્ચા ચાલતી હતી. દૃષ્ટ-ઈષ્ટ વિરોધ. દેખાય છે કે અગ્નિ આવી માટે પાણી (ઊનું) થયું. બાપુ! તમે શું દેખો છો? ભાઈ! અગ્નિ અગ્નિમાં પરિણમી છે, પાણી પાણીથી પરિણમ્યું છે. આહા..હા..! ચર્ચા ચાલી હતી અહીં. ૨૦૦૯ની સાલ. આ માનસ્તંભ થવાનો હતોને તે પહેલાં આવ્યું હતું. આવ્યા હતા એ.

ત્રીજી ગાથામાં તો એમ કહ્યું, દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયરૂપી ધર્મને ચુંબે છે, સ્પર્શે છે, પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નામ અડતું નથી. આહા..હા..! અરેરે..! કર્મનો ઉદય જડ છે એ રાગ થાય તેને અડતો નથી અને રાગ કર્મના ઉદયને અડતો નથી. આવી વાત. ભિન્ન સત્તાનો સ્વીકાર. આહા..હા..! શરીરની જુવાની હોય, શરીરમાં કાંઈક તાકાત હોય, કાંઈક ભણ્યા હોય અને બહારમાં આબરૂ મળે. આહા..હા..! અરે..! પ્રભુ! શું કરે છે ભાઈ? એ જુવાની તારી વીંખાઈ જશે, બાપા! આહા..હા..! એ પંડિતાઈ આત્મામાં કામ નહિ કરે. આહા..હા..! રાગથી ભિન્ન પડેલો આત્મા કાર્ય કરશે. રાગના સાથથી કાર્ય કરશે એમ નહિ, એમ કહે છે અહીં તો. આ શું કહ્યું? આહા..હા..! થોડું હો પણ સત્ય હોવું જોઈએ ને. આહા..હા..!

કહે છે, માટે એમ નક્કી થયું '**ભેદવિજ્ઞાનથી જ...**' એમ કીધું. ત્યાં રાગ વ્યવહારથી થાશે ને નિમિત્તથી થાશે એમ નથી કહ્યું. સમજાણું કાંઈ? કહો, મીઠાલાલભાઈ! તમારે ત્યાં સભા ભરાણી છે હમણા. છાપામાં આવ્યું છે આજે. કપીલ કોટડિયા ને .. બધા વિરોધ કર્યો છે અહીંનો. પાણીમાં બોળી દો. એ વીતરાગની વાણી નહોતી. એ તો પોતાનું ઘરનું ખોસેલું એને પાણીમાં નાખ્યું છે. મોટો પ્રસ્તાવ કર્યો છે એમાં. આ કરો. અરે..! પ્રભુ! ગમે તે કર ભાઈ! પણ વ્યવહાર રાગ ને નિમિત્ત-વ્યવહાર, વ્યવહાર રાગ અને નિમિત્ત-વ્યવહાર એનાથી પરમાં કાંઈ ન થાય અને વ્યવહાર-નિમિત્ત એમાંથી નિશ્ચયમાં કાંઈ ન થાય. એનાથી ભેદ પાડતા આત્માનું જ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? શું થાય? ભગવાન! આહા..હા..! વીતરાગનો ધારાવાહી માર્ગ તો આ છે. એમાં ગડબડ કરી નાખે એકાંત માનીને. પ્રભુ! એમ નહિ થાય. સત્યનો સ્વભાવ કોઈ રીતે બદલશે નહિ. આહા..હા..! એવું છે.

છેલ્લો અર્થ શું લીધો સરવાળો? '**ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (અનુભવ) થાય છે.**' આહા..હા..! સમજાણું? આહા..હા..! ગજબ કામ છે! ટીકા તે ટીકા છેને! અમૃતચંદ્રાચાર્યે અમૃત વેર્યા છે. એ વિના તો આ સમજાય નહિ. ઓલું તો બધા બેસે એવી વાતું કરે. અમે ચરણાનુયોગ પ્રમાણે આચરણ કરીએ છીએ એનાથી નિશ્ચય થશે, સાધના છે. બાપુ! એ તો કહ્યું છેને બધા કહે છે. અહીં તો કહે છે, ભેદવિજ્ઞાનથી આત્માનો અનુભવ થશે. રાગથી અને વ્યવહાર કરતા થશે એમ ત્રણકાળમાં છે નહિ. આહા..હા..! વિશેષ કહેશે લ્યો... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૪, શુક્રવાર, તા. ૧૦-૧૨-૧૯૭૬, ગાથા-૧૮૪થી૧૮૬, કળશ-૧૨૭ પ્રવચન નં. ૨૫૭

સમયસાર, ૧૮૬ ગાથા. '**હવે પૂછે છે કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી સંવર કઈ રીતે થાય?**' શું કહે છે સમજાય છે? ભાવાર્થ થઈ ગયો છેને? નથી થયો? બાકી છે. ત્યારે કીધું કોણે? એ તો એનું છે. આવી ગયું છે એ આવી ગયું છે. આવી ગયું એ જ છે, એમાં કાંઈ નવું નથી. ફરીને લ્યો.

'**ભાવાર્થ :- જેને ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી.**' એ આવી ગયું છે. રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું તે એમ જાણે છે કે જો આત્મા રાગરૂપ થયો હોય તો ભિન્નપણે જણાય નહિ. આહા..હા..! શુભ કે અશુભરાગરૂપે આત્મા થયો જ નથી. થયો હોય તો ભેદજ્ઞાન (થઈને) રાગ વિનાનું આત્મજ્ઞાન ક્યાંથી થાય? આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શુભરૂપ થયો છે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શુદ્ધ જ થયો છે. અશુદ્ધ તો પર્યાયમાં થયો, વસ્તુ થઈ નથી.

અહીં તો એ સિદ્ધ કરવું છેને કે રાગથી ભિન્ન પડેલું જ્ઞાન અનુભવમાં આવ્યું ત્યારે એમ થયું કે આ જ્ઞાનસ્વરૂપ કદી રાગરૂપ થયો જ નથી, માન્યું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! 'રાગરૂપ છું' એમ માન્યું હતું, પણ જે માન્યતા છૂટીને જ્ઞાનસ્વરૂપનો અનુભવ થયો (કે) ઓહો..! આ વસ્તુ તો રાગરહિત જ અનાદિથી છે. એ આત્મા કોઈ દિ' રાગરૂપ થયો નથી. થયો હોય તો છૂટીને એકલું જ્ઞાનસ્વરૂપ અનુભવમાં આવી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શેરડીનો રસ છે ગન્નાનો એ જો કૂચારૂપે થયો હોય તો કૂચાથી જુદો જણાય જ નહિ. ગન્નાનો રસ છે એ કૂચા-છાલરૂપે થયો જ નથી, જેથી કૂચા જુદાં અને રસ જુદો પડી જાય છે. જો એ રૂપે થયો હોય તો જુદાં પડે નહિ. આહા..હા..! એમ ભગવાન આત્મરસ જ્ઞાનરસ, આનંદરસ એ કદી રાગરૂપ થયો જ નથી. આહા..હા..! એ ત્રિકાળ ભિન્ન, રાગથી ભિન્ન પડ્યો ત્યારે જ જણાયું કે આ રાગરૂપ થયો જ નથી. આહા..હા..! રાગરૂપ થયો હોય તો રાગથી ભિન્ન જણાય કેમ? આહા..હા..! સમજાણું કાંઈ? એ કાંઈ ભાષા સમજાતી નથી.

**શ્રોતા :-** આ ગતિ વગેરે થાય છે એ પર્યાય...?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ગતિ એ કાંઈ નથી. એ રૂપે થયો જ નથી આત્મા. પર્યાયમાં છે એ વસ્તુ ક્યાં થઈ છે એ રૂપે? પર્યાયદૃષ્ટિ ગઈ, વસ્તુદૃષ્ટિ થઈ ત્યાં કાંઈ છે જ નહિ એમાં. આહા..હા..! દ્રવ્યસ્વભાવ... એ તો છઠ્ઠી ગાથામાં ન આવી ગયું? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' બાપુ! માર્ગ તો એવો છે. આહા..હા..! એ પહેલા એક વાત થઈ ગઈ, ભાઈ! મીઠાલાલજી! કે અશુભભાવ હોય ને અશુભ? એ વખતે પુણ્યમાં થોડો રસ પડે છે. એ જરી આકરું લાગે છે લોકોને. સમજાણું? કેમકે કર્મચક્રનો સ્વભાવ જ એવો છે. શુભ વખતે બંધાય વિશેષ રસ, વિશેષ સ્થિતિ અને શુભથી સ્થિતિ ઘટે, પણ અશુભ વખતે પુણ્યના પરિણામમાં પુણ્ય વિશેષ બંધાય, પણ પાપમાં થોડો રસ પડે. કેમકે કર્મચક્ર છે. ખરેખર તો એ અશુભ થયો છે, પણ એટલો અશુભ ન થાય કે જેમાં પુણ્યનો અંશ ન પડે એટલો તો અશુભ થાય જ નહિ એમ કહે છે. આહા..હા..!

મોક્ષમાર્ગ પ્રકાશકમાં ૩૨ પાને છે ગુજરાતી અને ગોમ્મટસારમાં છે, પણ એ બહાર વાત આવી ત્યાં ભડક્યા બધા. કાંઈ ખબર ન મળે. આ જેમ જ્ઞાન, સમ્યગ્જ્ઞાનદિપીકા. કોની છે એની ખબર ન મળે. આ બધા પંડિતો. એ સોનગઢની છે અને સોનગઢ એમ કહે છે. આહા..હા..! પરસ્ત્રીને સેવે. અરે..! પ્રભુ! પરસ્ત્રી શું સ્વસ્ત્રીને સમ્યગ્દૃષ્ટિ સેવે તો એ રાગ ને દોષ છે. આહા..હા..! એ જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ તો અપેક્ષાથી છે—દૃષ્ટિના જોરની અપેક્ષાએ, બાકી તો એનો રાગનો કણ છે ભોગમાં એ દુઃખરૂપ છે અને એ બંધનું કારણ છે. આહા..હા..! ભાઈ! એ તો કઈ અપેક્ષાએ ત્યાં કીધું એ જુદી વાત છે ત્યાં. લખાણ બહુ આવ્યું છે આમાં. આ સમ્યગ્જ્ઞાનદિપીકાનું શું કહેવાય ઓલું? ઈન્ટર્વ્યૂ-ઈન્ટર્વ્યૂ. આમાં આવ્યું છે બહુ. વાંચનાર ખુશી કેટલા થયા. આહા..હા..! કેટલાની ભ્રાંતિ ટળશે. કાંઈ વસ્તુની (ખબર નથી). આહા..હા..! સમ્યગ્જ્ઞાનદિપીકા તો બ્રહ્મચારી ક્ષુલ્લકનું કરેલું છે અને તે પણ એ

અપેક્ષાથી કહ્યું છે. એમાં ખુશી થયા છે બિચારા કેટલા લખાણ આવ્યા છે. કે જેમ એ પતિ માથે છે અને કોઈ એવી ભૂલ પરાધીન થઈ ગઈ અને કો'ક એ થયું તો એ દોષ કાંઈ બહાર ન આવે એટલું. દોષ નથી એમ કોણે કહ્યું? એ દોષ બહાર ન આવે; એમ જ્ઞાનીને સ્વરૂપની દૃષ્ટિનું જોર છે, માથે આનંદનો નાથ જ્ઞાતા-દૃષ્ટા બિરાજે છે, એને કોઈ રાગાદિનો દોષ થાય તો બહાર ન આવે. દોષ તો દોષ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

દસમે ગુણસ્થાને પણ અબુદ્ધિપૂર્વક રાગ છે એ દોષ છે. નહિ તો છ કર્મ કેમ બંધાય? દોષથી બંધાય કે ગુણથી બંધાય? દસમે ગુણસ્થાને છ કર્મ બાંધે છે. એ દોષ છે એટલો, શુભરાગ છે. આહા..હા..! એ વખતે આયુષ્ય અને મોહ સિવાય વેદનીય આદિ બંધાય છે, નામ આદિ બંધાય છે એમાં. એમાં કોઈ પુણ્ય પ્રકૃતિ હોય છે અને કોઈ પાપ પ્રકૃતિ હોય છે. આહા..હા..! એવી વાત છે. માણસને વસ્તુસ્થિતિ એ છે. ચિદાનંદસ્વરૂપ ભગવાન અહીં તો કીધુંને, રાગરૂપે થયો નથી એથી એ રાગથી જુદો અનુભવમાં આવ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! અહીં તો વીતરાગમાર્ગની સરાણ છે. એ સરાણે ચડાવીને વાત છે. કોઈની કલ્પના અને કોઈ માને છે એ સ્થિતિ અહીં નથી. આહા..હા..!

એ અમારે ગુરુભાઈ વળી એમ કહેતા સંપ્રદાયમાં કે આ ચારિત્ર જે આપણે પાળીએ છીએ, આ વ્રત ને નિયમ માનેલા એ, એનાથી પછી એકલું જ્ઞાન રહી જશે. પછી ચારિત્ર નહિ રહે સિદ્ધમાં. એવું કહેતા, એમ કહેતા. એ ૨૮મી ગાથામાં આવે છે. જ્ઞાન દર્શનં લક્ષણં. જ્ઞાનદર્શન લક્ષણ છે, પણ આ વ્રત પાળતા પછી એકલું જ્ઞાનસ્વરૂપ રેશે. પછી ચારિત્ર ન હોય એમાં. અરે..! ચારિત્ર આ વ્રત એ ચારિત્ર ક્યાં છે? આ ખીમચંદભાઈના ગુરુ હતા એ. એના ગામના પણ હતા અને વળી ગુરુ હતા. બે હતા. આહા..હા..! ભાઈ! એ વ્રત તારા માનેલા એ ચારિત્ર નથી અને એનાથી ચારિત્રની પ્રાપ્તિ સિદ્ધપદની થતી નથી. સિદ્ધપદમાં ચારિત્ર છે. સ્વરૂપની રમણતા પૂરી થઈ તે ચારિત્રની રમણતા સિદ્ધમાં પણ છે. એ વળી એ આવ્યું હતુંને એક ફેરી કૈલાસચંદજીનું, ચારિત્ર નથી ત્યાં. સંયમ એટલે આમ ઇન્દ્રિય દમન ને એવું નથી. ચારિત્ર સિદ્ધમાં પરિપૂર્ણ નિર્મળ છે. આહા..! શું થાય પણ? વસ્તુસ્થિતિ છે એ રીતે ખ્યાલમાં ન આવે.

તો અહીં એ કહે છે '**ભેદવિજ્ઞાન થયું છે તે આત્મા જાણે છે કે આત્મા કદી જ્ઞાનસ્વભાવથી છૂટતો નથી.**' આહા..હા..! ઓલા પચ્ચખાણમાં એમ નથી આવ્યું? રાગરૂપે થયો નથી, એ તો જ્ઞાનસ્વભાવમાં થયો એ પચ્ચખાણ છે. ૩૪ ગાથા. જ્ઞાનસ્વભાવરૂપેથી છૂટ્યો નથી, જ્ઞાનસ્વભાવરૂપ થયો એ પચ્ચખાણ છે. આહા..હા..! ૩૪ ગાથામાં. '**આવું જાણતો હોવાથી તે, કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ,...**' ચારે કોર અશાતાના ઉદયથી ઘેરાયેલો હોવા છતાં.. આહા..હા..! '**રાગી, દ્વેષી, મોહી થતો નથી પરંતુ...**' આહા..હા..! એ તો હજી સમ્યગ્દર્શન પણ નહોતું. ઓલી બાઈ નહિ? કેવી? પાણી છાંટ્યુંને. વિશલ્યા. વિશલ્યા બાઈ અહીં થઈ એ પૂર્વે ચક્રવર્તીની દીકરી હતી. એમાં એને વિદ્યાધરે પકડી અને વિદ્યાધર જંગલમાં છોડી ગયો. પછી જંગલમાં એકલી બાઈ. એમાં મોટો અજગર. ચક્રવર્તીની દીકરીને અજગર ગળી ગયો. કોઈ સાધન ન મળે, કોઈ માણસ ન મળે. આહા..હા..!

મોટો અજગર ગળી ગયો અને આટલું બહાર રાખ્યું ગળતા-ગળતા. બાકી અંદર ગરી ગયેલું. એમાં ચક્રવર્તીને ખબર પડી એના બાપને અને આવ્યો ત્યાં. તીર મારીને મારી નાખું સર્પને. પિતાજી! એમ કરશો નહિ. મારે ત્યાગ છે. બહાર નિકળીશ તો પણ હું આહાર-પાણી નહિ લેવાની. આહા..હા..! કહો, સમજાણું? તો એમાં એટલું પુણ્ય બંધાઈ ગયું કે જે અહીં બાઈ થઈ એને આ વાસુદેવ લક્ષ્મણ અસાધ્ય થઈ ગયા રાવણની વિદ્યાથી. રામચંદ્રજીને પણ એમ થઈ ગયું કે આહા..હા..! આ શું થયું? સીતાજીને રાવણ લઈ ગયો, ભાઈ ચાલ્યો હવે આ. આહા..હા..! 'આવ્યા હતા ત્યારે ત્રણ જણા, જાશું એકાએક, માતાજી ખબરું પૂછશે હું શું શું ઉત્તર દઈશ, બંધવ જાગને હો વીર એકવાર.' આ બધું ગાતા અમે ત્યાં પાલેજમાં દુકાન ઉપર. સમજાણું? એને મૂર્છા આવે છેને જ્યારે રાવણ નાખે છે ત્યારે મોટો શું કહેવા માથે બાંધેલું? પંડાળ. મોટો પંડાળ હોયને. મોટા વાસુદેવ અને બળદેવ એટલે! એમાં મૂર્છાઈ ગયો છે. એમાં રામચંદ્રજી બોલે છે કે ભાઈ! એકવાર જવાબ દે એકવાર. હું શું માતાને કહીશ, બાપુ! તું ચાલ્યો જઈશ. અંદરમાં શ્રદ્ધા છે કે વાસુદેવ મરે નહિ આવે ત્યારે. વાસુદેવ મૃત્યુ ન થાય. એને રાજ લીધા પછી પાછળથી મૃત્યુ થાય. રાજ તો આવ્યો નથી. પણ છતાં રાગે એવું કામ કર્યું અંદર. આહા..હા..!

કોઈએ કહ્યું કે વિશલ્યાને બોલાવો. તો રામચંદ્રજી વનમાં ગયેલા ત્યારે ભરતને રાજ સોપ્યું. ભરતને સોપ્યું હતુંને. નહોતા લેતા. અરે..! ભાઈ! તમે મોટા પુરુષ પૂજ્ય મારા. એવો પ્રેમ હતોને બધાને. તમે જંગલમાં ને હું આ રાજ લઉં. મને નહિ. ભાઈ! તું લે. માનું વચન છે એ પાળ. માનું વચન છે કે વનમાં જાય રામ. વચન લીધેલું ઓલું બાઈએ. કાંઈક લડાઈ કરવા ગયા હશે અને એ બાઈ મોઢા આગળ ઊભી થઈ અને જીત થઈ. બાઈ હોય હુશિયાર એવી. એટલે કહ્યું, માગ.. માગ.. દશરથ કહે. અત્યારે નહિ, કોઈ વખતે માગીશ. એમાં જ્યારે પ્રસંગ આવ્યો રામચંદ્રજીનો વનમાં જવાનો, ત્યારે એણે હુકમ કર્યો ભરતને રાજ આપો. આ વચન તે દિ' આપ્યું હતુંને. આહા..હા..! રામચંદ્રજી તો મહાપુરુષ છે, મોટા પુરુષ છે, ચરમશરીરી છે, જેને કાંઈ વન અને જંગલ કાંઈ છે નહિ. આહા..હા..!

વાસુદેવ એટલે શું? આ તમારા એક કરોડ, બે કરોડ પેદાશની કલાકની એને તો અબજની પેદાશ. ભાઈ! માતાનું વચન છે, પિતાજીએ આપ્યું છે. હું વનમાં જાઈશ, ભાઈ! તમે રહો અહીંયા. એ રાજ કરે છે. ખબર પડી કે ભરતના તાબે થઈ એ વિશલ્યા. એનો બાપ રાજા. એને કહેવરાવ્યું ભરતને કે વિશલ્યાના બાપને કહે વિશલ્યાને મોકલો અહીંયા. આહા..હા..! જુઓ તો ખરા એક પુણ્ય, હજી સમ્યગ્દર્શન વિના હોં! એ જ્યાં આમ આવે છે બાઈ અંદર, હજી તો કુંવારી છે. એ પંડાળમાં પેસે છે. પંડાળ શું કહેવાય મોટું? છાવણી મોટી. પેસે છે ત્યાં તો કંઈકને ઘાયલ હતા એને રુઝ આવી ગઈ. લડાઈમાં ઘાયલ થયેલા રાવણ પાસે ઘાયલ થયેલા. રુઝ (આવી ગઈ) અંદર ગરી ત્યાં. એની હવા લાગી ત્યાં રુઝ આવી ગઈ. નાહીને પાણી છાંટ્યું જ્યાં અંદર... ક્યાં ગયો રાવણ?

**શ્રોતા :-** વ્રતનો કેટલો પ્રભાવ...!

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ત્યાં એની પર્યાયનો કાળ એ હતો. સ્વકાળે એ થયું છે. આહા..હા..! ક્રમબદ્ધ જાણે તો તો કંઈક ખુલાસા થઈ જાય. એટલું આ ફેરી ભાઈએ સારું કર્યું. ભાઈ ફૂલચંદજી તો

એ પક્ષમાં છે જ. એણે તત્ત્વજ્ઞાન મીમાંસામાં ઘણું નાખ્યું છે કે ક્રમબદ્ધની વાત જ્યાં સોનગઢથી બહાર આવી ત્યારે કેવળજ્ઞાનને માનનારાઓ પણ હલી ગયા અંદર. કેવળજ્ઞાનને માનવા જઈએ તો તો આવું થાય. લખ્યું છે એણે જૈનતત્ત્વ મીમાંસામાં. લક્ષ્મણ જાગૃત થઈ ગયો. પછી (વિશલ્યા સાથે) લગન કર્યા છે. અહીં કહે છે કે આહા..હા..! જો આત્મા રાગથી એકમેક થયો હોય તો રાગથી જુદો કેમ પડે? એ શેરડી-ગન્નાનો રસ જો કુચામાં એકમેક હોય તો કુચો અને રસ જુદા કેમ પડે? રાગ છે એ કુચો છે. આહા..હા..! ભગવાન આત્માનો આનંદરસ છે. અરે..! ક્યાં ખબર બિચારાને. અતીન્દ્રિય આનંદરસ છે આત્મા એ આનંદ રસ અને રાગ એ કુચો છે. એ બે એક થયા નથી.

'**તેથી કર્મના ઉદય વડે તપ્ત થયો થકો પણ, રાગી, દ્વેષી, મોહી થતો નથી...**' આહા..હા..! '**પરંતુ નિરંતર શુદ્ધ આત્માને અનુભવે છે.**' જોયું! આહા..! ભલે વિકલ્પ છે, પણ એનો અનુભવ લબ્ધ છે અંદરમાં. આત્માની શાંતિ અને અનુભવપણું તો પ્રગટ છે જ. એકાકાર થાય ત્યારે તો ઉપયોગ અંદર જામી જાય પણ આ તો નિરંતર આત્માનું સ્વરૂપ છે તેનું ભાન વર્તે છે. આહા..હા..! '**જેને ભેદવિજ્ઞાન નથી તે આત્મા, આત્માના જ્ઞાનસ્વભાવને નહિ જાણતો થકો, રાગને જ આત્મા માને છે...**' એ માથે આવી ગયું છે. આહા..હા..! '**રાગને જ આત્મા માને છે તેથી તે રાગી, દ્વેષી, મોહી થાય છે, પરંતુ કદી શુદ્ધ આત્માને અનુભવતો નથી. માટે, એ નક્કી થયું કે ભેદવિજ્ઞાનથી જ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થાય છે.**' આ તો સિદ્ધાંત એ સિદ્ધ કર્યો. શુભક્રિયાથી આત્માની પ્રાપ્તિ થાય છે એમ ન કહ્યું. આહા..હા..! બીજે કહ્યું હશે અહીં નહિ તો. બીજે કાંઈ વિરુદ્ધ હોય? પૂર્વાપર વિરોધ વીતરાગની વાણી (હોય)? ત્યાં તો બીજે ઠેકાણે કહ્યું હોય એ નિમિત્તનું જ્ઞાન કરાવવા કે આવો ભાવ હોય છે ત્યાં, એવું જ્ઞાન કરાવ્યું છે નિમિત્તનું. આહા..હા..! લ્યો, હવે ૧૮૬.

सुद्धं तु वियाणंतो सुद्धं चेवप्पयं लहदि जीवो।
जाणंतो दु असुद्धं असुद्धमेवप्पयं लहदि।।१८६।।

**જે શુદ્ધ જાણે આત્મને તે શુદ્ધ આત્મા જ મેળવે;**
**અણશુદ્ધ જાણે આત્મને અણશુદ્ધ આત્મ જ તે લહે. ૧૮૬.**

આહા..હા..! અનુભવમાં વિશેષ જાણતો લીધું અને અશુદ્ધમાં એકલું 'जाणंतो' લીધું. શું કીધું સમજાણું? અનુભવતોમાં 'वियाणंतो' કહ્યું અને અજ્ઞાની જાણતો નથી તેને જાણતો નથી એટલું કહ્યું. આહા..હા..! 'जाणंतो दु असुद्धं' બસ એટલું. અશુદ્ધને જાણે છે, રાગ તે હું એમ અજ્ઞાની માને છે. આહા..હા..! .. છે. આહા..હા..! સમજાણું કાંઈ? જાત્રાનો ભાવ ને ભક્તિનો ભાવ ને પૂજાનો ભાવ, સમ્મેદશિખરની જાત્રા અને ભગવાનના પૂજાનો સમવસરણમાં ભાવ એ બધો રાગ છે. એ રાગથી મને લાભ થશે એમ માનનારા અશુદ્ધ આત્માને માને છે, એને અશુદ્ધનો લાભ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? શુદ્ધ આત્માને જ પામે છે. '**શુદ્ધ આત્માને જાણતો-**' એટલે 'विजानन्' અનુભવતો 'जीवः

**शुद्धं चैवात्मानं**' શુદ્ધ આત્માને પામે છે. અને અશુદ્ધ આત્માને જાણતો. પછી ત્યાં અનુભવતો કહ્યું, રાગનું વેદન છે ઈ. રાગને અનુભવતો. આહા..! આહા..હા..! એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ રાગને અનુભવતો એ અશુદ્ધને અનુભવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જીવ અશુદ્ધ આત્માને જ પામે છે.**' 'રાગ છે તે હું છું અને રાગથી મને લાભ થાય' એ અશુદ્ધતાને પામે છે, રાગને પામે છે, એને આત્મા મળતો નથી. '**वियाणंतो**' કહ્યું છેને. એટલે અચ્છિન્નધારાથી જ્ઞાન શુદ્ધાત્માને અનુભવે એમ ભાષા લીધી. અચ્છિન્નધારા. '**विजानन्**' શબ્દ પડ્યો છેને ગાથામાં. એટલે '**विजानन्**'નો અર્થ એ કર્યો.

'**ટીકા :- જે સદાય અચ્છિન્નધારાવાહી જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે,...** ' આહા..હા..! 'હું તો આનંદ અને જ્ઞાનમય છું' એવું જે અચ્છિન્નધારા, પ્રવાહીમાં ન તૂટતા અત્રુટક ધારાએ. આહા..હા..! સમજાણું કાંઈ? આ સંવર થવાનો ઉપાય. આહા..હા..! અચ્છિન્ન સદાય, અચ્છિન્નધારાવાહી, ત્રુટ ન પડે તે પ્રવાહમાં આનંદનો ધામ પ્રભુ, રાગથી ભિન્ન આત્માને જાણે છે, અનુભવે છે, વેદે છે. આહા..! એવા જ્ઞાનથી શુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે. '**તે જ્ઞાનમય ભાવમાંથી જ્ઞાનમય ભાવ જ થાય છે...**' આહા..હા..! એને તો જ્ઞાનમયમાંથી જ્ઞાન, શાંતિ, આનંદમય ભાવ જ થાય છે, એને અશુદ્ધભાવ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પણ ચરણાનુયોગમાં આવે ને ઓલું વ્યવહાર વ્રત ને આદિ, પણ એ તો સમ્યગ્દર્શનસહિત છે એને આવો વિકલ્પ આવે છે એની વાત કરી છે. અજ્ઞાનીને વ્રતનો વિકલ્પ કેવો? સમજાણું કાંઈ? એ વ્રતના વિકલ્પની દશા હોય છે, છતાં તે નિષેધ છે. સ્વભાવના આશ્રયે પડતાં તેનો નિષેધ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જે કોઈ સદાય અચ્છિન્નધારાવાહી. આત્માની દૃષ્ટિ શુદ્ધરૂપે પરિણમી છે તો અચ્છિન્નધારાએ પરિણમન ચાલે છે. આહા..હા..! એ ધારાવાહીમાં ચ્છિન્ન ને ત્રુટ પડતી નથી. આહા..હા..! રાગની એકતામાં અચ્છિન્નધારાએ રાગની એકતા ધારા વહે છે. રાગની ભિન્નતામાં અચ્છિન્નધારાએ જ્ઞાનમય ધારા વહે છે. આહા..હા..! આવી વાતું માણસને (આકરી લાગે). જ્ઞાનમયભાવમાંથી જ્ઞાનમયભાવ જ થાય છે. આહા..હા..! રાગથી ભિન્ન જ્ઞાનમયની ધારાવાહી પરિણતિથી જ્ઞાનમયમાંથી જ્ઞાનમય જ ભાવ થાય છે, ત્યાં રાગમયભાવ થતો નથી. આહા..!

'**એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત...**' નવા કર્મના આવવાનું નિમિત્ત '**જે રાગદ્વેષમોહની સંતતિ...**' રાગ-દ્વેષ-મોહનો પરંપરા '**તેનો નિરોધ નહિ થવાથી,...**' રાગદ્વેષમોહનો નિરોધ થયો એ સંવર થયો. જ્ઞાનની એકાગ્રતાની ધારા ચલી અને રાગનો નિરોધ થયો એ સંવર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં પણ સંતતિ લીધી જોયું! આ બાજુ અચ્છિન્નધારાએ જ્ઞાનસ્વરૂપ અનુભવે છે, ત્યારે રાગ-મોહની સંતતિ તેનું અટકી જાવું છે. આહા..હા..! એનો નિરોધ થવાથી. સંવર છેને? '**શુદ્ધ આત્માને જ પામે છે.**' એ તો પવિત્ર ભગવાન આત્માનો ભેટો થાય છે એને. નિર્મળ આત્માના આનંદને એ અનુભવે છે. આહા..હા..!

'**અને જે સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે તે,...**' આહા..હા..! જોયું!

એ સદાય છેને. રાગની એકતાબુદ્ધિનું સદાય પરિણમન છે એ સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે. 'એ રાગ તે હું, રાગથી લાભ થાય' એવી દૃષ્ટિ પડી જ સદાય અશુદ્ધને અનુભવે છે. આહા..હા..! આ તો સામાયિક કરે ને પોષા કરે (એટલે) થઈ ગયા એને સંવર ને નિર્જરા. લ્યો! દાન કરવું એમાં પુણ્ય છે અને સામાયિક, પોષા, પડિક્કમણા કરવા એમાં ધર્મ છે. એય..! એમ હતું કે નહિ તમારે? આહા..હા..! કહે છે કે સામાયિક છે ક્યાં? હજી રાગથી ભિન્ન પડીને આત્મલાભ થયો નથી ત્યાં સામાયિક આવી ક્યાંથી? સમતાનો લાભ થવો જોઈએ, રાગથી ભિન્ન પડે ત્યારે વીતરાગી પરિણામનો લાભ થવો જોઈએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! મા-બાપે મોટા કર્યા તો આપણે મા-બાપને પોષવા જોઈએ એ અમારી ફરજ છે. એ ન્યાં ગરી ગયો. અશુદ્ધ આત્માને અનુભવે છે એ. આહા..હા..!

**'સદાય અજ્ઞાનથી...'** સ્વરૂપની શુદ્ધતાના જ્ઞાનમય ભાવના અજાણથી **'અશુદ્ધ આત્મા...'** નામ રાગને આત્મા માનીને અનુભવ્યા કરે છે. આહા..હા..! એ અશુદ્ધ આત્મા એટલે પર્યાયમાં રાગ એ અશુદ્ધ આત્મા. આત્મા તો વસ્તુ શુદ્ધ છે, પણ રાગમાં એકત્વ થયો એટલે અશુદ્ધ આત્મા થયો એને. સમજાણું કાંઈ? **'તે, અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે...'** આહા..હા..! દાખલો આપશેને એ. કર્તા કર્મમાં આવ્યું. ..

અહીં એ કીધું, **'અજ્ઞાનમય ભાવમાંથી અજ્ઞાનમય ભાવ જ થાય છે... '** આહા..હા..! સોનામાંથી સોનાના જ ભાવ થાય. આવ્યું છેને આવી ગયું છેને. લોઢામાંથી લોઢાના હથિયાર થાય. લોઢામાંથી સોનાના હથિયાર થાય? અને સોનામાંથી લોઢાના હથિયાર થાય? એમ અજ્ઞાની રાગ-દ્વેષને પોતાના માનીને અનુભવે એમાં અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય. આહા..હા..! ઓહોહો..! વ્યવહારરત્નત્રયનો રાગ પણ એને એકત્વપણે એમ અનુભવે તો અજ્ઞાન છે કહે છે. એને તો જ્ઞાન વિના તો વ્યવહારરત્નત્રય હોય નહિ, પણ રાગ છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો આદિ, એ રાગને પોતાનો માનીને અનુભવે એ મિથ્યાદૃષ્ટિને આત્માનું જ્ઞાન નથી. એને અશુદ્ધપણાનો લાભ મલિનપણાનો લાભ થાય છે. આહા..હા..! આવી વ્યાખ્યા. ઓલું તો સહેલું હતું. તસ્સઉતરી કરણેન, તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. જાવ. એ થઈ ગયો કાયોત્સર્ગ. અને તસ્સમિચ્છામી દુક્કડમ અને એ એકેન્દ્રિયા, બે ઇન્દ્રિયા, તેઈન્દ્રિયા, ચૌ ઇન્દ્રિયા... એ થઈ ગઈ સામાયિક. અરે..! ભગવાન! બાપુ! ક્યાં છો ભાઈ? તને ખબર નથી. આહા..હા..! જ્યાં વિકલ્પ છે તેને પોતાનો માનીને અનુભવે ત્યાં તો અસામાયિક મિથ્યાત્વભાવ છે. આહા..હા..! ધીરાના કામ છે બાપુ આ! આહા..હા..!

જે કોઈ રાગથી ભિન્ન પડીને આત્માને જ્ઞાનમય અનુભવે તેને આત્મા પ્રાપ્ત થાય છે અને જે કોઈ અજ્ઞાનમયભાવમાં રાગને પોતાનો અનુભવી અને જાણે એને અશુદ્ધ આત્માનો લાભ, મલિનતાનો લાભ થાય છે. આહા..હા..! ઓલાને નિર્મળનો ભાવ થાય છે લાભ, આને મલિનતાનો લાભ થાય છે. આહા..હા..! જોયું! એમાં એમ ન કહ્યું કે કર્મના ઉદયથી એમાં અશુદ્ધ આત્મા થયો માટે એને અશુદ્ધ અનુભવ્યા કરે છે, એમ નથી કહ્યું. સદાય અજ્ઞાનથી અશુદ્ધ આત્માને અનુભવ્યા કરે છે એમ કહ્યું છે.

છે? અને કર્મ નથી લીધું કે કર્મને લઈને એ અશુદ્ધતાને અનુભવે છે. આહા..હા..! એ રાગનો ભાવ પોતે કર્યો તેને પોતાનો માનીને અનુભવે છે. આહા..હા..! એનો કર્તા થઈને કર્યો એને પોતાનો માન્યો એણે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવો ધર્મ! આવી વાતું! એમાં જુવાન માણસને ૨૫ વર્ષ, ૩૦ વર્ષની ઉંમર હોય, ફાટેલ જુવાની હોય. આહા..! એને આવી વાતું સાંભળવા મળે નહિ. મળે તો આ કરો.. આ કરો.. ચોવિહાર કરો, કંદમૂળ ન ખાવા, છપરબી પાળો બ્રહ્મચર્ય, લ્યો! એ તો બધી ક્રિયા રાગની છે. આહા..હા..! અહીંયાં તો રાગરહિત જ્ઞાનમય પ્રભુને જ્ઞાનમયને જાણતો જ્ઞાનમયમાં તે જ્ઞાનમય પવિત્રભાવ ઉત્પન્ન થાય એનું નામ સંવર છે. અને રાગને પોતાનો માનીને (અનુભવે અને પરિણમે) એનું નામ આસ્રવ અને બંધ છે. આહા..હા..!

**'એ ન્યાયે નવાં કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ હોવાથી,...'** રાગને પોતાનો માનીને રાગથી લાભ થાય એમ માનનારાએ (રાગને) પોતાનો માન્યો છે, એને રાગદ્વેષમોહનું અટકવું નથી. રાગદ્વેષમોહની ધારા ચાલતી આવે છે. આહા..હા..! જોયું! મોહ નાખ્યો છે મિથ્યાત્વ ભેગો. આહા..હા..! **'નવા કર્મના આસ્રવણનું નિમિત્ત જે રાગદ્વેષમોહની સંતતિ...'** આહા..હા..! રાગને પોતાનો માનીને અનુભવે છે એને **'રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ નહિ હોવાથી, અશુદ્ધ આત્માને પામે છે.'** આહા..હા..! મલિન પરિણામને પામેલો આત્મા મલિનને પામે છે. સમજાણું કાંઈ? અશુદ્ધને પામે એમ ન લીધું તો એ કર્મ બંધાય છે. અહીં તો શુદ્ધના અનુભવવાળાને શુદ્ધ અનુભવાય છે, રાગના અશુદ્ધવાળાને અશુદ્ધ અનુભવાય છે, બસ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બહુ,... વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, જિનવરનું આ કથન છે. આહા..હા..! જે રાગથી ભિન્ન પડી જ્ઞાનમય આત્માને અનુભવે એને આત્માની પવિત્રતાનો લાભ થાય છે અને જે રાગને પોતાનો માનીને આત્માને અનુભવે અશુદ્ધ તરીકે એને અશુદ્ધ મલિનતાનો લાભ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ બંધાય છે એ વાત અહીં ન લીધી. એ તો પરદ્રવ્યની વાત છે. આહા..હા..!

**'આત્માને જ પામે છે.'** તે અશુદ્ધ આત્માને પામે છે. **'માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** શુદ્ધ ભગવાન પવિત્ર છે એવી દૃષ્ટિ અને રમણતા એનાથી સંવર થાય છે. લ્યો! સંવરપૂર્વક નિર્જરા એને હોય છે. આહા..હા..! શુદ્ધ સ્વરૂપનો અનુભવ એની પ્રાપ્તિથી સંવર થાય છે અને તેથી પૂર્વના કર્મ તેને ઉદયમાં આવીને ખરી જાય છે. આહા..હા..! કારણ કે સ્વભાવ સન્મુખની જ્યાં દૃષ્ટિ અને લીનતા છે એને ધારાવાહી નિર્મળતા પ્રગટ થાય છે, એને કર્મનો સંવર થાય છે વર્તમાન અને પૂર્વના કર્મની નિર્જરા થાય છે. આહા..હા..!

ઓલી એક બાઈ સાથે ચર્ચા થઈ હતી. અમે તો ભાઈ તપને નિર્જરા માનીએ છીએ. ભગવાને તપને નિર્જરા કીધી છે અને તપમાં અનશન કીધું છે. અપવાસ-અનશન કીધું છેને. અનશન, ઉણોદરી. અનશન કરવાથી, અપવાસ કરવાથી તપ થાય અને તપથી નિર્જરા થાય એમ ભગવાને કીધું એમ માનીએ છીએ અમે. આહા..હા..! વડોદરામાં વાત થઈ હતી. આ વેજલકાવાળી આવે છેને, ચંદુભાઈ.

એ લોકો ગયા હશે, ભાઈ વાત કરતા હતા. તપ છે એ નિર્જરા છે કે નહિ? એ તપનો અનશન એક ભેદ છે કે નહિ? અનશન એટલે શું? આહાર ન કરવો, અપવાસ કરવો એ અનશન. એ અનશન એ તપ અને તપ એ નિર્જરા. તપ એ નિર્જરા નહિ? આહા..હા..! ભાઈ! એ તપ ક્યાં હતો? તને ખબર ક્યાં છે?

અહીં તો શુદ્ધાત્માના અનુભવથી રાગનું અટકવું થાય છે, તેથી તેને રાગનો નિરોધ થઈને સંવર થાય છે. આહા..હા..! આવી વાતું. એ લોકો એમ જ કહે છે કે આ નિશ્ચયની જ વાત (કરે છે), પણ વ્યવહારથી લાભ થાય એ વ્યવહાર કહેતા નથી. વ્યવહાર હોય છે, પણ એ આસ્રવ છે. અહીં તો વ્યવહારરહિત જ્યારે સ્વભાવનો આશ્રય થઈને અનુભવ કરે છે એમાં તો રાગ અટકી ગયો છે. આહા..હા..! વીતરાગી પરિણતિ દ્રવ્યને આશ્રયે જ્યાં કરે છે ત્યાં રાગ તો અટકી ગયો છે, એને સંવર કહીએ. આહા..હા..! વીતરાગ પરિણતિ શું? રાગનું અટકી જવું શું? ને આવું બધું. આહા..હા..!

**શ્રોતા :–** વ્યવહારને ધર્મ તો આખી દુનિયા કહે છે, તો જૈનધર્મમાં શું ફેર થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વ્યવહાર, જૈન ધર્મનો વ્યવહાર, અજ્ઞાનીએ કહેલો નહિ. નથી આવ્યું બંધ અધિકારમાં? જિને કહેલો વ્યવહાર પરિપૂર્ણ પાળે છે. બંધ અધિકારમાં છે. જિને કહેલો-જિનવરે કહેલો વ્યવહાર પણ એ વ્યવહાર રાગ છે. આહા..હા..! સાંભળને. એ તો નિશ્ચયવાળાને એવો રાગ આવે છે એથી વ્યવહાર કહ્યો. વ્યવહાર હોય છે પૂર્ણ વીતરાગતા ન હોય તો, પણ એ વ્યવહાર પોતે આસ્રવ છે, એ તો રાગ છે, બંધનું કારણ છે, અશુદ્ધતા છે એટલી. આહા..હા..! સમજાણું કાંઈ? વાતે વાતે વાંધા ઊઠે, તકરાર કરે. કરો ભાઈ! આહા..હા..!

સત્ય બહાર આવ્યું તો વિરોધ ઉઠ્યા. ભગવાનની વાણી આવી ઋષભદેવ ભગવાનની દિવ્યધ્વનિ છૂટી. અસંખ્ય વર્ષથી સ્વર્ગની ગતિ હતી જુગલિયાને. આ જ્યાં દિવ્યધ્વનિ છૂટી (તો) પાંચેય ગતિ શરૂ થઈ ગઈ. નરકમાં જનારા તૈયાર થઈ ગયા. આહા..હા..! નિગોદમાં જનારા તૈયાર થયા, અરે..! પ્રભુ! આહા..હા..! એક જ ગતિ અસંખ્ય વર્ષથી ચાલી આવતી હતી જુગલિયામાં. અસંખ્ય અબજ વર્ષથી ચાલી આવતી હતી. એ જુગલિયા મરીને સ્વર્ગમાં જ જાય. બધા સ્વર્ગમાં જાય. આ જ્યાં ભગવાનની દિવ્યધ્વનિ છૂટી ત્યાં પાત્રતા હતી એને સમ્યગ્દર્શન-જ્ઞાન થયું, એને મોક્ષની ગતિ શરૂ થઈ, ગઈ, સાધારણ હતા એને પુણ્યભાવ થયા એને સ્વર્ગની ગતિ અને મનુષ્યની પણ થઈ અને વિરોધ કરનારા અંદર હતા તો તિર્યંચની ગતિ, નિગોદની ગતિ શરૂ થઈ, નરકની શરૂ થઈ. આ શું? વાણીથી જો લાભ થતો હોય તો વાણીથી તો આમ થયું. એ તો એવા જીવની યોગ્યતાવાળા જે વસ્તુને સમજ્યા ને પામ્યા એને મોક્ષની ગતિ શરૂ થઈ. અધુરૂ રહ્યું અને શુભભાવ રહ્યો તો એને સ્વર્ગ મળશે અને જેણે વિરોધ કર્યો તત્ત્વનો.. આહા..હા..!

**શ્રોતા :–** કુલકર પણ સ્વર્ગમાં જતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કુલકર સ્વર્ગમાં જાય. જ્યાં સુધી મોક્ષમાર્ગ નથી ત્યાં સુધી બધા (સ્વર્ગમાં જતાં.) પછી એ કુલકર બાકી રહ્યા અને પાછા ધર્મમાં આવી ગયા એને તો મોક્ષ. આહા..હા..!

'**માટે...**' આ કારણે. આ કારણે એટલે? શુભરાગના વિકલ્પથી ભિન્ન પડેલું જ્ઞાન એ શુદ્ધ

આત્માને પામતા તેનો મોક્ષ થાય છે, એને સંવર થાય છે અને રાગને પોતાનો માનતા જે અશુદ્ધ આત્માનો લાભ થાય તેને ભેદજ્ઞાન થતું નથી. આહા..હા..! રાગથી ભિન્ન પડેલા ભેદજ્ઞાનીને શુદ્ધતાનો લાભ થાય છે અને રાગથી એકતા પામેલા અભેદ અજ્ઞાનીને... આહા..હા..! અશુદ્ધતાનો લાભ થાય છે. **'માટે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** અનુભવથી 'જ' શબ્દ છે. છે? **'शुद्धमेवात्मानं प्राप्नोति' 'अतः शुद्धात्मोलम्भादेव संवरः।'** એમ છેને? **'शुद्धात्मोलम्भादेव संवरः।'** ભાઈ! કથંચિત્ શુભભાવથી સંવર, કથંચિત્ શુદ્ધાત્માથી સંવર, સ્યાદ્વાદ કરો સ્યાદ્વાદ. એ આમ કહેવા માગે છે. કોઈ વખતે નિમિત્તથી પણ થાય, કોઈ વખતે નિમિત્તથી ન થાય, એમ અનેકાંત માર્ગ રાખો. કોઈ વખતે વ્યવહારથી નિશ્ચય થાય, કોઈ વખતે વ્યવહારથી ન થાય એમ અનેકાંત (રાખો). એ અનેકાંત નથી એ તો ફુદરડીવાદ છે. આહા..હા..! આ 'જ' શબ્દ વાપર્યો છેને. **'શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** કોઈ શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી સંવર નહિ, એ તો આસ્રવ છે. આહા..હા..!

**'ભાવાર્થ :- જે જીવ અખંડધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે...'** ભાષા કેટલી છે જુઓ! અખંડ દષ્ટિનો જે આશ્રય વિષય તેને દૃષ્ટિમાં લીધો, અનુભવ્યો એ અખંડધારાવાહી જ્ઞાનથી, **'આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે...'** 'શુદ્ધ ચૈતન્ય છું' એનો સદા અનુભવ છે. **'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...'** જોયું! ઓલો નિરોધ કહ્યો હતોને એની વ્યાખ્યા કરી. રાગદ્વેષનો નિરોધ થાય છે એમ આવ્યું હતુંને? આહા..હા..! નિરોધ થવાથી એમ આવ્યું હતું ને. રાગદ્વેષમોહની સંતતિ તેનો નિરોધ થવાથી. અહીં કહ્યું **'રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે...'** એમ. એ ... રોકાય છે એમ સ્પષ્ટ કર્યું જરી. આહા..હા..!

અને **'આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે, તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાય છે, તેથી તે શુદ્ધ આત્માને પામે છે;...'** પવિત્રતાની વીતરાગદશાને જ એ પામે છે. આહા..હા..! એનું નામ સંવર છે. **'અને જે જીવ અજ્ઞાનથી આત્માને અશુદ્ધ અનુભવે છે.'** ભાન નથી કે ભગવાન શુદ્ધ ચિદાનંદ છે. એ રાગરૂપે થયો જ નથી, વિકારરૂપે થયો જ નથી, સંસારના ઉદયભાવરૂપે (થયો જ નથી). વસ્તુ જે પરમસ્વભાવભાવ છે, તે ઉદયરૂપે થયો જ નથી. આહા..હા..! એવું જેને ભાન નથી... આહા..હા..! એ અશુદ્ધ અનુભવે છે.

**'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી...'** અરે..! આવું ક્યાં સમજે? **'તેથી તે અશુદ્ધ આત્માને જ પામે છે.'** આહા..હા..! વ્યવહારના રાગને પોતાનો માનીને જે અનુભવે છે તે અશુદ્ધતાને જ પામે છે. આહા..હા..! **'તેને રાગદ્વેષમોહરૂપી ભાવાસ્રવો રોકાતા નથી....' 'આ રીતે સિદ્ધ થયું કે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી (અનુભવથી) જ સંવર થાય છે.'** લ્યો! માથે કહ્યું હતું એને ચાલતી ભાષામાં કહ્યું.

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

(मालिनी)

यदि कथमपि धारावाहिना बोधनेन
ध्रुवमुपलभमानः शुद्धमात्मानमास्ते।
तदयमुदयदात्माराममात्मानमात्मा
परपरिणतिरोधाच्छुद्धमेवाभ्युपैति।।१२७।।

આ ગાથા બોલ્યા હતા, ખબર છે? ઓલા જુનાગઢના. જુનાગઢના રેલના ઉપરી હતા. એ એની દીકરીને ક્ષય થયેલો તો અહીં રહ્યા હતા. પછી અહીં વ્યાખ્યાનમાં આવતા. રેલના ઉપરી બ્રાહ્મણ. એમાં આ ગાથા (આવી હતી). આહા..હા..! વેદાંતી હતા બ્રાહ્મણ. પણ આ પછી બાઈએ મોઢે કરેલો આ શ્લોક. ક્ષયવાળી બાઈ હતી છોડી એની દીકરી. રેલવેનો ઉપરી હતો એની દીકરી. આ '**कथमपि धारावाहिना बोधनेन**' એમ બોલતી હોં! આહા..હા..! કારણ કે વેદાંતમાં ભેદજ્ઞાન તો છે નહિ. ભેદ તો બે હોય તો ભેદ હોય. ત્યાં તો એક આત્મા સર્વવ્યાપક છે. અરે..! એમ નથી. આહા..!

'**यदि**' '**કોઈ પણ રીતે (તીવ્ર પુરુષાર્થ કરીને)...**' જોયું! તીવ્ર પુરુષાર્થ કરીને રાગથી ભિન્ન પડીને, પુરુષાર્થ કરીને. આહા..હા..! '**धारावाहिना बोधनेन**' '**ધારવાહી જ્ઞાનથી...**' ધારાવાહી, ધારા પડેને જેમ પાણીની એકધાર. આહા..હા..! આ બગસરા છેને બગસરા, ત્યાં નદી બહુ છે. આમ પણ નદી છે અને આમ પણ નદી છે અને હેઠે નદી છે. બગસરામાં ત્રણ નદી છે. હેઠે એક નદી ચાલી આવે છે પાણી બહાર. એટલું પાણી કે દુષ્કાળમાં પણ ખૂટે નહિ. અને એક ઉપર નદી છે અને હેઠે નદી છે. એમાં એક ફેરી અમે ગયેલા ત્યાં ગાંધી હતા ભાઈ આ. રાજકોટના ગાંધી. આપણા ગુલાબચંદજીના કુટુંબી. એ ગાંધી હતાને અને એક બીજા (હતા). ઝવેરચંદભાઈ. હા, ઝવેરચંદ ગાંધી હતા. એમની દીકરી ત્યાં ગાંધીમાં આપી છેને વજુભાઈએ. તે એને ઓલું પાણી એટલું ચાલ્યું આવે કે સંચો રાખેલો તો એ પાણીના ધોધે સંચો ચાલે. હું ત્યાં જંગલે નીકળતો એટલે બિચારો પગે લાગેને, કહે ગાંધી છીએ. ૮૪ની વાત છે. ૮૪ની સાલ. પાણી એટલો પ્રવાહ નદીનો ખૂટે નહિ કોઈ દિ'. એટલે ઓલો સંચો રાખ્યો હોય એને હલાવવું ન પડે. આમ ચક્કર ઉપર પાણી પડે તો ચક્કર ફર્યા જ કરે એમાંથી. એવો સંચો રાખ્યો છે. પાણીનો ધોધ એના ઉપર પડે. એક બીજી નદી હતી ત્યાં ઊંચો બહુ હતો. બહુ પાણી બગસરા. આમ ઊંચેથી પડતો આટલો. ૨૫-૫૦ હાથ ઊંચેથી ધોધ પડતો હોય નીચે. અને આ તો નદીમાં પાધરો સંચો ગોઠવેલો. તો એ સંચો હોયને એના ઉપર પાણી પડે ઓલા ફર્યા કરે સંચાના. એમ અહીં કહે છે કે ધોધ પડે છે અંદર દૃષ્ટિનો. આહા..હા..!

'**ધારાવાહી જ્ઞાન...**' આહા..હા..! જ્યાં રાગથી ભિન્ન પડેલું ભેદજ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. આહા..હા..! '**શુદ્ધ આત્માને...**' '**ध्रुवम् उपलभमानः आस्ते**' ધ્રુવ એટલે નિશ્ચળપણે. '**उपलभमानः**' '**आस्ते**' એટલે કરે છે. આહા..હા..! 'હું જ્ઞાનસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય છું, પવિત્ર છું, વીતરાગમૂર્તિ છે' એમ જે વારંવાર નિરંતર ધારાવાહી અનુભવે છે. આહા..હા..! '**તો આ આત્મા,...**' '**उदयत्-आत्मआरामम् आत्मानम्**' '**જેનો આત્માનંદ પ્રગટ થતો જાય છે...**' આહા..હા..!

'उदयत्–आत्मआरामम्' આત્મારૂપી આનંદનું વન. આહા..! 'आत्मआरामम्' એ આત્માનું આરામ એ એનું વન છે એમાં રમે છે એ. આહા..હા..! આવી વાતું! ઉદય પ્રગટ થતો જાય છે. આત્માનંદ 'आत्मआरामम्' છેને? '(**અર્થાત્ જેની આત્મસ્થિરતા વધતી જાય છે) એવા આત્માને...** ' 'पर–परिणति–रोधात्' પરપરિણતિ રાગની દશાને રોકીને. આહા..હા..! ચાહે તો એ શુભવિકલ્પ હો, પણ છે એ આસ્રવ. એને રોકીને 'शुद्धम् एव अभ्युपैति' '**શુદ્ધ જ પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! બહુ ટૂંકું કહ્યું.

'**ભાવાર્થ :- ધારાવાહી જ્ઞાન વડે શુદ્ધ આત્માને અનુભવવાથી...**' નિરંતર શુદ્ધ ચૈતન્યને અનુભવવાથી '**રાગદ્વેષમોહરૂપ પરપરિણતિનો (ભાવાસ્રવનો) નિરોધ થાય છે...**' ત્યાં ભાવાસ્રવ પુણ્યના પરિણામો અટકી જાય છે '**અને તેથી શુદ્ધ આત્માની પ્રાપ્તિ થાય છે.**' આહા..હા..! આવી વાતું! જેમ ધારાવાહી રાગની એકતાનો અનુભવ હતો, રાગની એકતાબુદ્ધિમાં ધારાવાહી અશુદ્ધતાનો અનુભવ હતો, એમ રાગથી ભિન્ન પડેલું જ્ઞાન, ધારાવાહી જ્ઞાનમાં શુદ્ધતાને પામે છે. આહા..હા..! હવે આવું જ્ઞાન સમજે નહિ, જાણે નહિ અને વસ્તુને ઓળખે નહિ પછી આ અમે ધર્મ કરીએ છીએ, આ કરીએ છીએ. લ્યો! તપ ને ત્યાગ બસ બે ધર્મ. જૈનધર્મ એ છે એમ કહે. નિવૃત્તિમય ધર્મ છે વીતરાગનો. માટે જેટલી પ્રવૃત્તિ ઘટે એટલી નિવૃત્તિ છે. એમ કહે છે એ. ઓલા તુલસી એમ કહે છે. અમારો આ ધર્મ નિવૃત્તિનો છે. વૃત્તિ રોકાય છેને. શું કહેવાય? અણુવ્રત આંદોલન છેને મોટું. આહા..હા..! અણુવ્રત કેવા પણ હજી સમકિત નથી ત્યાં એના અણુવ્રત કેવા? મિથ્યાદષ્ટિને અણુવ્રતમાં નાખે છેને એના ઓલામાં. આહા..હા..! એને અણુવ્રતમાં ભેગા નાખી દીધા. અણુવ્રત આંદોલન, અણુવ્રત સંઘ, અણુવ્રતી સંઘ. અરે..! ભગવાન! બહુ આકરું કામ, ભાઈ! આહા..હા..!

તેથી એના માનનારા કેટલાક હતા બહુ બુદ્ધિવાળા. મહેન્દ્રભાઈ ને મહેન્દ્ર સાધુ. એક નથમલ હતા આમાં. બેય નીકળી ગયા. મહેન્દ્ર પોતે નીકળી ગયા અને નથમલે આને કાઢ્યા. કારણ કે આની શ્રદ્ધા બધી ગાંધીની લાઈનની, લૌકિક લાઈન થઈ ગઈ છે. જે ભિખનજીની શ્રદ્ધા હતી એથી આની ફેર છે આખી. લોકને અનુકૂળ, ભિખનજી તો એમ કહેતા કે પરની હિંસા ન કરવી. દયા પાળવી એમ નહિ, હિંસા ન કરવી. આ કહે કે નહિ, અસ્તિથી પણ લેવું હવે એમ કહે છે. નાસ્તિથી હિંસા ન કરવી નહિ પણ દયા પાળવી, અહિંસા પરની એનું નામ અસ્તિથી છે. કોણ પાળે પરને? આહા..હા..! લોકોને સારું લાગે. એમાં ઘણા ભળ્યા છે, અન્યમતિ પણ ભળ્યા છે અણુવ્રતી સંઘમાં. આ તો માર્ગ બીજી જાતનો બાપુ! આહા..હા..! તુલસી છેને ભાઈ શેઠ! આચાર્ય તુલસી તેરાપંથી. લાડનુમાં તેરાપંથી સ્થાનકવાસી. આહા..હા..! બહુ કામ આકરું. એ કહે અણુવ્રત. પણ કેવા અણુવ્રત હજી? હજી રાગથી લાભ થાય એવી માન્યતા છે એ તો મિથ્યાત્વ છે.

**શ્રોતા :-** પાપ-પુણ્યની વ્યાખ્યા ખોટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધી ખોટી આખી. આહા..હા..!

'**ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન...**' પ્રવાહ-પ્રવાહ. પાણીનો પ્રવાહ વહેને એકદમ.

'**અતૂટક જ્ઞાન. તે બે રીતે કહેવાય છે :- એક તો, જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે.**' જોયું! ભલે ઉપયોગ રાગમાં આવે, પણ મિથ્યાજ્ઞાન ન હોય એ પણ ધારાવાહી જ્ઞાન છે સમ્યગ્જ્ઞાન. ઉપયોગ રાગનો આવે છતાં સમ્યગ્જ્ઞાન છે ધારાવાહી. આહા..હા..! પ્રવાહરૂપ. '**બીજું, એક જ જ્ઞેયમાં ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે,...**' આત્મા આત્માના ઉપયોગમાં રહે એ પણ ધારાવાહીપણું. ઓલો ઉપયોગ રાગમાં હોય પણ સમ્યગ્જ્ઞાનની ધારાવાહી ચાલતી હોય અને આ ઉપયોગ અંદરમાં રમે.

'**જ્યાં સુધી ઉપયોગ એક જ્ઞેયમાં ઉપયુક્ત રહે છે ત્યાં સુધી ધારાવાહી જ્ઞાન કહેવાય છે;...**' લ્યો! '**આની સ્થિતિ (છદ્મસ્થને) અંતર્મુહૂર્ત જ છે,...**' છદ્મસ્થને અંતર્મુહૂર્ત ઉપયોગમાં રહી શકે અંદર. '**પછી તે ખંડિત થાય છે. આ બે અર્થમાંથી જ્યાં જેવી વિવક્ષા હોય તેવો અર્થ સમજવો. અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરે નીચેના ગુણસ્થાનવાળા જીવોને મુખ્યત્વે પહેલી અપેક્ષા લાગુ પડે.**' સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનની ધારા એ. ઉપયોગ ભલે અંદરમાં ન હો. અને '**શ્રેણી ચડનાર જીવને મુખ્યત્વે બીજી અપેક્ષા...**' શ્રેણીમાં ચડે આઠમેથી ત્યાં એકલી જ્ઞાનધારા જ વહે છે. ઉપયોગ ચૈતન્યનો લાગુ પડ્યો છે. '**કારણ કે તેનો ઉપયોગ શુદ્ધ આત્મામાં જ ઉપયુક્ત છે.**' આહા..હા..! હવે સંવર ક્યા પ્રકારે થાય? એની ગાથા કહેશે, લ્યો. (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગસર વદ-૫, શનિવાર, તા. ૧૧-૧૨-૧૯૭૬,**
**ગાથા-૧૮૭ થી ૧૮૯, પ્રવચન નં. ૨૫૮**

સમયસાર, સંવર અધિકાર. ધર્મની ઉત્પત્તિ કેમ થાય અને આસ્રવ કેમ રોકાય એનો અધિકાર છે.

શ્રોતા :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, સંવર કહો, ધર્મ કહો એક જ વાત છે. સંવર એટલે? વિકારી પર્યાયની અનુત્પત્તિ અને નિર્દોષ વીતરાગી પર્યાયની ઉત્પત્તિ. એવી વાત છે, ભાઈ! અનંતકાળમાં એક સેકન્ડ પણ ધર્મ કર્યો નથી. એ અહીંયાં કહે છે. જુઓ ગાથા છેને ૧૮૭, ૧૮૮, ૧૮૯.

अप्पाणमप्पणा रुंधिऊण दोपुण्णपावजोगेसु।
दंसणणाणम्हि ठिदो इच्छाविरदो य अण्णम्हि।।१८७।।
जो सव्वसंगमुक्को झायदि अप्पाणमप्पणो अप्पा।
ण वि कम्मं णोकम्मं चेदा चिंतेदि एयत्तं।।१८८।।
अप्पाणं झायंतो दंसणणाणमओ अणण्णमओ।
लहदि अचिरेण अप्पाणमेव सो कम्मपविमुक्कं।।१८९।।

**પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,**
**દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી; ૧૮૭.**
**જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,-**
**-નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને; ૧૮૮.**
**તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,**
**બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.**

મળી? ૧૮૭ છે. આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવ .. એને સંસારનું .. રોકાય. ...

'**ટીકા :- જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભયોગમાં...**' આહા..હા..! શું કહે છે? ...શુભ અને અશુભ જે ભાવ છે... એનો જે ભાવ છે એ શુભયોગ છે. વકીલાતનો કરો તો પાપ જ એકલું. એ તો ક્યાં અહીંયાં? ... પાપના. પુણ્ય.. હોં! ..ભાઈ! .. નાખ્યું. ...પાપના .. છે એકલા. આહા..હા..! .. શુદ્ધભાવ અને અશુદ્ધભાવ .. રાગ, દ્વેષ અને મોહ. આહા..હા..! એ આવે છે ભાઈ. ... છે? ... બીજો બોલ લીધો. .. મૂળિયા ધર્મના છે. છે? આહા..હા..! ... શુભભાવ, શુભ અને અશુભભાવ તે ... છે એ ... મિથ્યાત્વ અને રાગદ્વેષ એનું મૂળ છે. ... આસ્રવ છે, નવા આવરણનું કારણ છે, ધર્મના આવરણનું કારણ છે. વીતરાગ શું કહે છે એની ખબર ન મળે. આમ ને આમ.. એટલે શુભ-અશુભ રાગ. શુભ રાગ, દ્વેષ અને મોહ .. પરિણમન છે એનું મૂળ મિથ્યાત્વ અને રાગદ્વેષમોહ છે. આહા..હા..! શેઠ! રાગદ્વેષમોહ અનુકૂળ... પ્રતિકૂળતામાં દ્વેષ અને પરમાં એકપણાની માન્યતાની ... મિથ્યાત્વ .. પરમાં સાવધાન થાય. એવો બોલ છે. શુભભાવ .. પુણ્ય-પાપનું મૂળ છે. આહા..હા..! કેમકે પુણ્ય-પાપ એ આસ્રવ છે, .. છે, અધર્મ છે. આહા..હા..! અરે..! મૂળ ચીજની ખબર ન મળે અને .. માર્ગ કાંઈ એવો છે વીતરાગનો. અહીં તો .. ઓળખવો અને શુદ્ધિની વીતરાગ પરિણતીની ઉત્પત્તિ એવો જે સંવર, એ સંવરમાં વિરોધ પુણ્ય-પાપના ભાવ આસ્રવ, એનું મૂળ રાગ, દ્વેષ અને મોહ મિથ્યાત્વ. આહા..હા..! બાપુ! એ સાધારણ વાત છે. એમ. એ. અને એલ. એલ.બી. .. વર્ષ જાય છેને. હવે પાપના ધંધા એકલા. અમેરિકાથી ભણીને આવે તો જાણે મોટો ઓહોહો..! દેવનો દીકરો ઉતર્યો જાણે દસ હજારનો પગાર. મહિનાના દસ. હવે ત્યાં તો ભંગિયાને દસ હજારનો પગાર મળે ત્યાં અમેરિકામાં તો.

**શ્રોતા :-** ત્યાં ભંગિયા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભંગિયા હોય છે. ઓલું પાયખાનું કાઢનારા. મોટરમાં આવે. હોય છેને ગામોગામ. પાયખાના.. આહા..હા..! આ ધીરૂભાઈ વધારે જાણે. આહા..હા..! વાણિયાનો છોકરો ત્યાં ગયો હોય ને દસ હજારનો પગાર છે. ઓહોહો..! મારો દીકરો દસ હજારનો પગાર. અમેરિકામાં દસ હજારનો પગાર એટલે ભંગિયાને મળે એમાં તારો દીકરો શું થઈ ગયો એમાં. આહા..હા..! અને એમાંથી બચે કેટલા પાછા? ધીરૂભાઈ! ખર્ચ પણ હોયને એના પ્રમાણમાં ખર્ચ પણ હોય. બાપુ! એ

તો બધા પાપના ધંધા છે ભગવાન! ભાઈ! તારા આત્માને નીચે ઉતારવાના રસ્તા છે અધોગતિ.

**શ્રોતા :–** પાપ કરે અને સુખી થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પાપ.. સુખી ક્યાં થાય છે? સુખી કોને કહે છે? એ તો પૂર્વના પુણ્યને લઈને પૈસા મળે છે તો એ માને છે કે હું સુખી છું. સુખ ક્યાં હતું ધૂળમાં? આહા..હા..! પૈસામાં સુખ છે? આહા..હા..!

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળ. શેઠ અહીં ના પાડે. ત્યાં ઘરે જઈને અમારે.. સાંભળ્યુંને ભાઈ ઓલું છાપામાં આવ્યું છે. ઈરાનમાં. ઈરાનનો બાદશાહ છે તો એક કલાકમાં બે કરોડની પેદાશ કરે છે. એક કલાકના બે કરોડ. છાપામાં આવ્યું છે. પહેલા સાંભળ્યું હતું. એક કલાકમાં દોઢ લાખ. એ તો સાંભળ્યું હતું. પેટ્રોલ નીકળ્યું હતુંને. પેટ્રોલના કૂવા નીકળ્યા છે. કૂવા એવા નીકળ્યા કે એક કલાકના બે કરોડ. ગજબ છેને. પેદાશ. એવા ૩૦ વર્ષ સુધી પહોંચે એટલું તેલ છે. પણ એ બધા મરીને નરકે જવાના.

**શ્રોતા :–** તેલ નીકળ્યું માટે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, એના પાપના પરિણામ માટે. માંસ ખાય, દારૂ પીવે. દારૂ મુસલમાન છે તો ન પીવે. આહા..હા..! અહીંયાં વાણિયાને લ્યો અબજોપતિ, પૈસા.. આહા..હા..! એ મમતામાં મરીને ઢોરમાં જાય. વૈભવ પૂર્વના પુણ્યથી આવ્યું હતુંને આપણે. પરમાત્મપ્રકાશ. .. પાપના પરિણામ કર્યા માટે પૈસા મળે છે એમ નહિ, એ તો પૂર્વના પુણ્યને લઈને પૈસા-વૈભવ મળે અન વૈભવમાં મદ થાય એને પૈસાવાળા, કરોડપતિ અને અબજપતિને અને મતિ ભ્રષ્ટ થઈ જાય, પછી જાય ચાર ગતિમાં રખડવા. આકરું કામ બાપા! આ તો આત્માની ઋદ્ધિની વાત ચાલે છે.

આત્મા '**જે જીવ રાગદ્વેષમોહ જેનું મૂળ છે એવા શુભાશુભયોગમાં...**' આહા..હા..! એમાં '**વર્તતા આત્માને...**' શેમાં વર્તતા? શુભાશુભયોગમાં વર્તતા. જે શુભાશુભયોગનું મૂળ રાગદ્વેષ અને મિથ્યાત્વ, એવા '**શુભાશુભયોગમાં વર્તતા આત્માને...**' આહા..હા..! કર્મને લઈને વર્તે છે એમ નથી કહ્યું અહીંયાં. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો નિમિત્તથી કથન હોય. વસ્તુસ્થિતિ તો આ છે. આહા..હા..! રાગ, દ્વેષ અને મિથ્યાભ્રમ અજ્ઞાન એ શુભાશુભભાવનું મૂળિયું છે, એવા આત્માને. જોયું! '**વર્તતા આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' આહા..હા..! દઢતર છેને? અતિ દઢ. દઢતર. અતિ દઢ. એ સમકિતની વાત છેને શરૂઆતમાં પહેલી એટલે અતીદઢ કહ્યું. પછી મુનિનું કહેશે સર્વસંગનો ત્યાગ. '**(અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ શુભ છે, એ શુભનું મૂળિયું તો મિથ્યાત્વ અને રાગ-દ્વેષ છે. એને રાગને પોતાના અતિદઢ પરથી ભેદજ્ઞાનના અભ્યાસી, ભેદજ્ઞાનના બળથી. હવે આમાં તો એમ આવ્યું કે એ વ્યવહારથી નિશ્ચય .. દઢજ્ઞાન થાય એમ ન કહ્યું. .. છે ભાઈનો, કૈલાસચંદજીનો, કે તમે ભડકો છો નિશ્ચય એકાંતથી

અને એકાંત વ્યવહારથી તો તમને .. વ્યવહાર... એમ લખ્યું છે. તો એકાંત નિશ્ચય છે એ વસ્તુસ્થિતિ છે અને નિશ્ચયમાં પૂર્ણ નિશ્ચય ન હોય ત્યારે વ્યવહાર આવે ખરો, હોય ખરો, પણ એ વ્યવહાર બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીંયાં તો વ્યવહારના વિકલ્પથી આત્માને દઢતર ભેદવિજ્ઞાનના બળ વડે. આહા..હા..! આવી વાત છે. હવે એમાં લોકો કહે કે અરે..! એ તો એકલી નિશ્ચયની વાત છે. વ્યવહાર કરીએ ને વ્યવહાર થાય. શું પણ કર તું વ્યવહાર? શુભાશુભભાવ કર તો એ તો એનું મૂળિયું તો રાગ, દ્વેષ અને મોહ છે, મિથ્યાત્વ છે. આહા..હા..! એવા જે રાગ, દ્વેષ અને મોહ જેના મૂળ એવા શુભાશુભયોગ એમાં વર્તતા આત્માને. સમજાણું કાંઈ? '**દઢતર ભેદવિજ્ઞાનના અવલંબનથી...**' આહા..હા..! કોઈ દિ' એ રાગથી દઢતર ભેદ પાડીને અંદરમાં. આહા..હા..! રાગ અને આત્મા વચ્ચે સંધિ છે, સાંધ છે, બે એક નથી થયા. સમજાણું કાંઈ? આ વળી વાતું કહે. શુભ-અશુભરાગ અને ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ ચૈતન્યનો પ્રકાશ, અનંત ચૈતન્યપ્રકાશનું નૂરનું પૂર પ્રભુ, બે વચ્ચે સાંધ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ સાંધ વચ્ચે દઢતર ભેદજ્ઞાનનો અભ્યાસ કર કહે છે. આહા..હા..!

'**(અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી...** ' આહા..હા..! ભાષા તો જુઓ! એ શુભ-અશુભ જે ઉત્પન્ન થાય યોગ, એને એનાથી ભિન્ન આમ સ્વભાવ સન્મુખ થઈને રાગથી ભિન્ન પાડીને ભેદવિજ્ઞાનના બળથી, અવલંબનથી. ભેદવિજ્ઞાનનું અવલંબન છે ત્યાં રાગનું અવલંબન છે એમ નથી. રાગથી તો જુદું પડવું છે. આહા..હા..! બહુ માર્ગ જુદો બાપુ આ. વીતરાગ પરમેશ્વર જિનવરદેવ આ કહે છે એ ભગવાનની વાણીનું છે આ. સમજાણું કાંઈ? અત્યારે તો સંપ્રદાયમાં એ વાત મળે એવી નથી. બધે આ કરો... આ કરો... આ કરો.. આહા..હા..! પણ રાગથી ભિન્ન પાડવાનો જે અભ્યાસ ભેદજ્ઞાનનું અવલંબન છે, રાગનું અવલંબન નથી. શુભરાગનું અવલંબન લે... શુભરાગને ભિન્ન કરવામાં ભેદજ્ઞાનનું અવલંબન છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. શું છે એ બહાર ગયા છે. ખોવાણું હશે. પ્રભુ! એકવાર સાંભળને. આહા..હા..! એ તો બધી ચીજો છે. જવાની હોય તે જાય અને રહેવાની હોય એ રહે. એ કાંઈ આત્માને આધીન નથી.

અહીંયાં તો રાગ થાય શુભાશુભયોગ. આહા..હા..! અરે..! એ શું કરવું કહે છે એને? ધર્મ કરવો હોય એને શું કરવું? કે એ શુભ-અશુભયોગને એનાથી ભેદજ્ઞાન કરવાના અવલંબનથી, '**ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,...**' આત્મા વડે એટલે અંતર સ્વભાવનો આશ્રય લઈને રાગથી ભિન્ન પડ્યું એવા આત્મા વડે જ. આહા..હા..! એ રાગના અવલંબને નહિ. રાગથી ભિન્ન પાડવો છે અહીં તો. સમજાણું કાંઈ? '**આત્મા વડે જ...**' આહા..હા..! આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે એને રાગથી ભિન્ન પાડીને આલંબન વડે, આત્મા વડે રોકીને, '**અત્યંત રોકીને...**' આહા..હા..! સ્વભાવ તરફના જુકાવથી, રાગથી ભિન્ન પડવાના અવલંબનથી. આહા..હા..! આ એની રીત છે. સંવર થવાની આ રીત છે. આવી વાત! ઓલા તો પાંચ, સાત, દસ .. પચ્ચખાણ કરાવો સંવર થઈ ગયો. ધૂળેય નથી સાંભળને. આહા..હા..! શુભ અને અશુભયોગ એનાથી જ ભેદજ્ઞાનના

અવલંબનથી, અતિ દઢતર ભેદજ્ઞાનના અવલંબનથી એમ પાછું. આહા..હા..! એ કણ પણ રાગનો રહે નહિ અવલંબનમાં. આહા..હા..! ધીરૂભાઈ આવો માર્ગ છે ઝીણો, બાપા! આવી વાતું છે. આહા..હા..! શું થાય? જન્મ-મરણને કરી-કરીને સોથા નીકળી ગયા છે, પણ એને ખબર ક્યાં છે? આહા..હા..! જીવતા ઘાણીમાં પીલ્યા છે. આહા..હા..! એવા અનંતા અવતાર. હરિચંદભાઈ ગયા ત્યાં લીંબડે બેઠા. આહા..હા..!

એ આ ધર્મ થવાની પદ્ધતિ આ છે, કહે છે. આહા..હા..! આવો ધર્મ! આવો જૈનધર્મ આવો હશે? જૈનધર્મમાં તો ભાઈ આ કંદમૂળ ન ખાવા, છપરબી પાળવી, પરની દયા પાળવી, ચોવિહાર કરવો, અપવાસ કરવા આવી તો ક્રિયા સાંભળી છે બાપુ, અમે તો. ભાઈ! એ બધી ક્રિયા એ વાતું છે. એ તો રાગની ક્રિયા છે, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! જિનવરનો માર્ગ તો વીતરાગભાવથી ઉત્પન્ન થાય છે. એ ક્યારે થાય? કે રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાનના અવલંબનથી અત્યંત આત્માથી રાગને રોકીને... આહા..હા..! સમજાણું કાંઈ? શું કીધું એ? કોની સાથે મેળ છે એ?

કે '**શુભાશુભયોગમાં...**' શુભાશુભયોગ કેવો? કે '**રાગદ્વેષમોહ જેનું મૂળ છે...**' એમાં '**વર્તતા આત્માને...**' આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ગજબ ટીકા છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા એટલે. આહા..હા..! એમાં '**વર્તતા આત્માને દઢતર (અતિ દઢ) ભેદવિજ્ઞાનના અવલંબનથી આત્મા વડે જ અત્યંત રોકીને,...**' આહા..હા..! ત્યાં રોક્યો હવે પણ આવ્યો ક્યાં હવે ? કહે છે. આહા..હા..! '**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં...** ' હવે ભગવાન આત્મામાં એ આવ્યો. રાગથી ભિન્ન પડી ભેદજ્ઞાનના બળથી શુભ-અશુભયોગમાં વર્તતા આત્માને રોકીને—એ નાસ્તિથી વાત કરી. હવે આવ્યો શેમાં? '**શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં...**' શુદ્ધદર્શનજ્ઞાનરૂપ ભગવાન. એ દર્શનજ્ઞાનરૂપ આત્મા ત્રિકાળ છે. આહા..હા..! દષ્ટા અને જ્ઞાતા, દર્શન અને જ્ઞાન એવો જેનો ત્રિકાળી સ્વભાવ છે, એવું જેનું રૂપ છે. આહા..હા..!

ભગવાન આત્મા શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્ય, એમાં '**સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને,...**' લ્યો! આહા..હા..! ત્રણ લીટીમાં તો. આહા..હા..! શુભાશુભનું મૂળ કોણ? શુભાશુભમાં વર્તતાને રોકવો શી રીતે? પરથી ભિન્ન પાડીને રોકવો અને અત્યંત રોકીને. હવે રહ્યો ક્યાં? એને તો રોક્યો પરમાં જતા. રહ્યો ક્યાં હવે અંદર? આહા..હા..! શુદ્ધ દર્શનજ્ઞાનરૂપ ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ. આહા..હા..! ચેતનરૂપ પ્રકાશ પ્રભુ. અને એ દર્શનજ્ઞાન બેય પ્રકાશ છે. એક દષ્ટાનો પ્રકાશ, એક જ્ઞાનનો પ્રકાશ, એવું જે દર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્ય. આહા..હા..! એ વ્યવહારના, દયા, દાનના પરિણામ એ આત્મદ્રવ્ય નહિ કહે છે, એ આત્મસ્વભાવ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું છે.

'**આત્મદ્રવ્યમાં સારી રીતે પ્રતિષ્ઠિત (સ્થિર) કરીને,...** ' આહા..હા..! શુદ્ધ દર્શન, જ્ઞાન વસ્તુ સ્વરૂપ ભગવાન, એમાં સારી રીતે સ્થાપીને-સ્થિરતા. આહા..હા..! '**સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે...**' સમસ્ત પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે. ઈચ્છાના ત્યાગ વડે. એટલે શું કહ્યું

એ? કે દર્શનજ્ઞાનરૂપ આત્મામાં ઠરતાં સમસ્ત પરદ્રવ્યની ઈચ્છા તૂટી જાય છે. આહા..હા..! ત્યાં તો અરિહંત દેવ-ગુરુની ઈચ્છા પણ છૂટી જાય છે એમ કહે છે. એય..! સમસ્ત પરદ્રવ્ય કીધાને? એમાં વીતરાગ અરિહંત તીર્થંકર સર્વજ્ઞ આવ્યા. આહા..હા..! એ બધા દ્રવ્યથી પરદ્રવ્યની ઈચ્છાના ત્યાગ વડે. આહા..હા..! '**સર્વ સંગથી રહિત થઈને,...**' બધી વાત લે છેને પૂર્ણ. હવે મુનિપણું લીધું. '**સર્વ સંગથી રહિત થઈને,...**' આહા..હા..! બહારનો. બધો સંગ. સ્ત્રી, કુટુંબ, પરિવાર આદિ સર્વ સંગનો ત્યાગ થઈને, વસ્ત્રનો સંગનો ત્યાગ થઈને. આહા..હા..! આગળ લીધું પહેલી સમકિતદષ્ટિ. અહીં .. રોક્યો, હવે વિશેષ આગળ જતાં. આહા..હા..!

સંવર થતાં સંવરનો ક્રમ વધે કેમ? એ વાત લીધી છે. આહા..હા..! પહેલો તો રાગ પુણ્ય-પાપના યોગથી ભિન્ન પાડીને સ્વદ્રવ્યમાં રહ્યો ત્યાં સુધી તો સમકિત થયું. હવે સર્વ સંગ પરિત્યાગ કરીને. આહા..હા..! '**સર્વ સંગથી રહિત થઈને,...**' આહા..હા..! '**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,...**' આહા..હા..! નિરંતર અંતર સ્થિરતામાં, વીતરાગી ચારિત્રમાં. આહા..હા..! અતિ નિષ્કંપ સ્થિર અને કંપ વિના. જેમાં શુભ-અશુભયોગનો જરીએ કંપ અસ્થિર નથી. આહા..હા..! '**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,...**' ઘણી ગૂઢ વાત છે, ભાઈ! આવો માર્ગ છે. હવે એ માર્ગ સાંભળ્યો પણ ન હોય હવે એ બિચારાને ક્યાં જાવું? સાંભળવા મળ્યો ન હોય, આ કરો.. આ કરો.. સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, આહા..હા..! એ કોણ પણ ધર્મ સમકિત વિના સામાયિક આવી ક્યાંથી? સામાયિકમાં તો સમતાનો લાભ છે એ. એ તો રાગથી ભિન્ન પડી સ્વરૂપમાં ઠરે ત્યારે વીતરાગી લાભ થાય. ધીરૂભાઈ! આ સામાયિકની વાત ચાલે છે. આહા..હા..!

'**નિરંતર અતિ નિષ્કંપ વર્તતો થકો,...**' ઓહો..હો..! સ્વરૂપની દૃષ્ટિ ભેદજ્ઞાનના બળ વડે થઈ. હવે કહે છે આગળ વધવા માટે સર્વસંગનો ત્યાગ કરી. એકલો નગ્ન-દિગંબર મુનિ. જેને વસ્ત્રનો પણ સંગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**સર્વ સંગથી રહિત થઈને, નિરંતર અતિ નિષ્કંપ વર્તતો...**' આહા..હા..! આનંદ ભગવાન આનંદના ધામમાં નિરંતર અતિ નિષ્કંપપણે વર્તતો થકો. આ ચારિત્ર. ભાષા પણ બીજી. આહા..હા..! અહીં તો લૂગડા છોડ્યા, બાયડી, છોકરા, દુકાન છોડી થઈ ગયું ચારિત્ર. ધૂળેય ચારિત્ર નથી. આહા..હા..! થોડું અજ્ઞાન છે મિથ્યાત્વ. આહા..હા..! અંતરમાંથી રાગના ત્યાગ વડે સ્વરૂપની સ્થિરતા વડે વીતરાગી ચારિત્રની રમતું અંદર માંડી. આહા..હા..!

'**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...**' આહા..હા..! કર્મ એટલે? ભાવકર્મ. કર્મની વ્યાખ્યા કરી ભાઈ! કર્મ કેમ કહેવું એને? બપોરે કહ્યું હતું આમાં મોક્ષમાર્ગમાં. પરમાં પુદ્ગલોનું પરિણમન છે માટે કાર્ય છે પુદ્ગલનું માટે એને કર્મ કહેવું. ભાઈ! મોક્ષમાર્ગમાં આવ્યું હતું. શું કીધું? કર્મ કોને કહેવું? કર્મ કેમ કહેવું? કે પુદ્ગલોનું, પુદ્ગલ જે પરમાણુઓ છે તેનું પરિણમન થાય છે માટે કર્મ કહેવામાં આવે છે. કર્મ એટલે કાર્ય. સમજાણું કાંઈ? એ છે આમાં. ૩૪માં પાને છે. દ્રવ્યકર્મ અને ભાવકર્મ. એ મથાળું છે. 'આ પ્રમાણે કર્મ છે તે પરમાણુરૂપ અનંત પરદ્રવ્યો વડે નિપજાવેલ કાર્ય છે.' કર્મ જડ પરમાણુ જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ છેને આઠ? એને કર્મ કેમ કહેવું? આહા..હા..! આઘે

નીકળ્યું હોં! 'એ પરમાણુરૂપ અનંત પુદ્ગલ દ્રવ્યો રજકણ અનંતા એ વડે નિપજાવેલું કાર્ય છે, માટે તેન કર્મ કહેવામાં આવે છે. એથી તેનું નામ દ્રવ્યકર્મ છે અને મોહના નિમિત્તથી મિથ્યાત્વ ક્રોધાદિરૂપ જીવના પરિણામ થાય છે તે અશુદ્ધ ભાવ વડે નિપજાવેલું કાર્ય છે તે ભાવકર્મ કાર્ય છે.' અશુદ્ધભાવ વડે નિપજાવેલું કાર્ય છે માટે ભાવકર્મ.

મોક્ષમાર્ગમાં ખુલાસો બહુ સરસ કર્યો છે. કર્મ શબ્દ કેમ કહ્યો? પુદ્ગલ પરમાણુઓનું એ પરિણમનનું કાર્ય છે માટે એને કર્મ કહીએ. ભાવકર્મ કેમ કહીએ? અશુદ્ધ પરિણામથી મોહના નિમિત્તથી ઉત્પન્ન થયેલા અશુદ્ધ પરિણામરૂપી કાર્ય છે. માટે તેને ભાવકર્મ. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ તેને ભાવકર્મ કહીએ. કારણ કે અશુદ્ધ પરિણામથી ઊપજેલું એ કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ નોકર્મમાં કહ્યું. એ .. છે. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશ. એક-એક શબ્દને કર્મ કેમ કહેવું કહે છે. એમ ને એમ નહિ. કહો હુકમીચંદજી! કર્મ કોને કહેવું? આહા..હા..! અનેક પરમાણુથી નિપજાવેલું કાર્ય છે માટે તેને કર્મ કહીએ. આહા..હા..! એમાં આત્મા નથી કાંઈ. અને ભાવકર્મ કેમ કહેવું? પુણ્ય અને પાપ, દયા અને દાન, વ્રત અને ભક્તિ, કામ ને ક્રોધના પરિણામને ભાવકર્મ કેમ કહેવું? અશુદ્ધ પરિણામથી નિપજાવેલું કાર્ય માટે ભાવકર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો અર્થ પહેલો થયો અત્યારે. તે દિ' વાંચ્યું ત્યારે થયો હશે પણ અત્યારે. આહા..હા..!

'**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના...**' એટલે જડકર્મ, શરીર અને ભાવકર્મ એ ત્રણેનો '**જરા પણ સ્પર્શ કર્યા વિના...**' જોયું! આહા..હા..! ભગવાન આનંદનો નાથ પ્રભુ ચૈતન્યમૂર્તિ એનો સ્પર્શ કરીને એમાં વર્તતો. આહા..હા..! અને પછી સર્વસંગ ત્યાગ કરીને '**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ આત્મા વડે ધ્યાતો થકો,...** ' આહા..હા..! આત્માને આત્મા વડે વીતરાગી પર્યાય દ્વારા ધ્યાતો થકો, અંદર ધ્યાનમાં લેતો થકો. આહા..હા..! આ ચારિત્ર. સમજાણું કાંઈ? કોઈ કહે કે આ નવો માર્ગ કાઢ્યો. બાપુ! અનાદિનો વીતરાગમાર્ગ આ છે, ભાઈ! સાંભળ્યો નથી એટલે તને લાગે. આહા..હા..!

શુભ-અશુભયોગને મૂળિયું મિથ્યાત્વ રાગ-દ્વેષનું તેમાં આત્મા વર્તતો થકો ભેદજ્ઞાનના બળ વડે, અત્યંત રોકીને, દર્શન-જ્ઞાનરૂપ આત્મામાં સ્થિર થયો થકો અને સર્વસંગ પરિત્યાગ કરીને. આહા..હા..! નિરંતર અતિ નિષ્કંપપણે અંદર સ્થિરતા, આનંદની સ્થિરતા. આહા..હા..! અતીન્દ્રિય આનંદ. અતીન્દ્રિય આનંદની રમતું અંદર માંડી જેણે. આહા..હા..! જેમાંથી ખસે નહિ જરીએ એમ કહે છે. એવા વર્તતો થકો. '**કર્મ-નોકર્મનો જરા પણ સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને જ...** ' આત્માને જ. '**આત્મા વડે ધ્યાતો થકો,...** ' આહા..હા..! ભગવાન પૂર્ણ દર્શન-જ્ઞાનરૂપ એવો આત્મા એ આત્માને આત્મા વડે ધ્યાતો, એ વીતરાગી પરિણતિ દ્વારા ધ્યાન કરતો. આહા..હા..! આવી વાત! આવું તે કેવું! ઓલું તો એક કલાક સાંભળવા જાય તો એવું મળે કે આ કરો.. આ કરો.. હવે બિચારો ઊંચું માથું ક્યાં કરે ત્યાં! આહા..હા..! ધીરૂભાઈ! આવો માર્ગ છે. આહા..હા..! એના જ્ઞાનમાં તો વાત લે કે વસ્તુ તો આ રીતે છે. એના જ્ઞાનમાં નિર્ધાર તો કરે. આહા..હા..!

**'પોતાના આત્માને...'** ભાષા જોઈ! ભગવાનનો આત્મા ભગવાન પાસે રહ્યો. **'સ્પર્શ કર્યા વિના પોતાના આત્માને આત્મા વડે... '** નિર્મળ પરિણતિ વીતરાગી દ્વારા **'ધ્યાતો થકો,...'** જીવને આત્માને ધ્યાતો થકો. **'પોતાને સહજ ચેતયિતાપણું હોવાથી... '** આહા..હા..! પોતે ભગવાન આત્મા સ્વભાવિક ચેતયિતાપણું. જાણવું અને દેખવાનો સ્વભાવ એનો સહજ છે. આહા..હા..! ચેતયિતામાં બેય આવી ગયું. સમજાણું કાંઈ? દર્શન અને જ્ઞાનપણું સ્વભાવિક એનું હોવાથી, પોતાની સ્વભાવિક ચેતયિતાપણું હોવાથી **'એકત્વને જ ચેતે છે (-જ્ઞાનચેતનારૂપ રહે છે),...'** જ્ઞાનચેતના રૂપ રહે છે. રાગમાં થવું એ તો કર્મચેતના છે. આહા..હા..! કર્મચેતના એ તો આસ્રવ છે, બંધ છે, સંસાર છે. આહા..હા..! આ તો એકલો જ્ઞાયકચેતના વડે. **'સહજ ચેતયિતાપણું હોવાથી...'** એમ પાછું. એનો સ્વભાવ જ સ્વભાવિક ચેતવું, જાણવું, દેખવું હોવાથી **'એકત્વને જ ચેતે છે...'** એવા સ્વભાવને એકપણે ચેતે છે. આહા..હા..! અરે..! આવું. દેવીલાલજી! આકરી વાતું, બાપા! સમ્યગ્દર્શન ધર્મની પહેલી સીઢી, ધર્મનું પહેલું પગથિયું એ આ છે અને પછી સર્વસંગનો પરિત્યાગ એ બીજું પગથિયું. આ મુનિપણું. આહા..હા..! સમજાણું કાંઈ? મુનિપણું પણ સર્વસંગના પરિત્યાગથી સ્વરૂપમાં અત્યંત નિષ્કંપપણે વર્તવું તે. આહા..હા..! નગ્નપણું અને પંચમહાવ્રતના પરિણામ એ કાંઈ ચારિત્ર નથી. છૂટી ગયું છે એ તો. આમ જ ઠર્યો છે. આહા..હા..!

**'ચેતયિતાપણું હોવાથી એકત્વને જ ચેતે છે...' 'ચેતવું = અનુભવવું; દેખવું-જાણવું.'** છેને નીચે? દેખવું-જાણવું એ ચેતયિતા આટલું લીધું. એને ચેતે છે. **'(જ્ઞાનચેતનારૂપ રહે છે),...'** જ્ઞાનનો પૂંજ છે, અસંખ્ય પ્રદેશનો પૂંજ છે. શું કીધું એ? ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશનો પૂંજ છે. એ પ્રદેશ શું? આહા..હા..! જેમ સોનાની સાંકળી હોય છેને હજાર મકોડાની. એ સાંકળી આખી. અંદર ઓલા મકોડા, એમ આ આત્મા અસંખ્ય પ્રદેશી મકોડા પેઠે છે. એવા અસંખ્ય પ્રદેશનો પૂંજ એ આત્મા છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશનો પૂંજ છે. ભાવથી જ્ઞાનદર્શનનો પૂંજ છે. આહા..હા..! ભાઈ! આવો આત્મા પણ ક્યાં હશે?

ભગવાન. સવારમાં નહોતું આવ્યું? દેહમાં ભગવાન બિરાજે છે અહીં. આવ્યું હતું. બિરાજે છે અંદર, ભાઈ! એ પૂર્ણાનંદ ચૈતન્ય સ્વરૂપ દેહદેવળમાં રાગથી, શરીરથી ભિન્ન બિરાજે છે. આહા..હા..! એવા ચેતનમાં ચેતતો થકો. **'તે જીવ ખરેખર, એકત્વ-ચેતન વડે...'** આહા..હા..! એકપણાના અનુભવન વડે. આહા..હા..! સ્વભાવ શુદ્ધ ચૈતન્યઘન એમાં એકપણે અનુભવતો થકો, એકને જ અનુભવતો થકો એમ. બીજો નહિ વચ્ચે. આહા..હા..! **'એકત્વના અનુભવન વડે (પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન...'** રાગથી, શરીરથી આદિ પરદ્રવ્યથી અત્યંત ભિન્ન. આહા..હા..! એ દયા, દાનના વ્રતનો વિકલ્પ પણ પરદ્રવ્ય છે એ. આહા..હા..!

**'(પરદ્રવ્યથી) અત્યંત ભિન્ન...'** બધાને અત્યંત-અત્યંત લાગુ પડે છે, વિશેષ છેને મુનિપણું એટલે. **'અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,... '** આહા..હા..! કઈ કઈ રૂપે. પહેલું શુદ્ધદર્શનરૂપ આત્મદ્રવ્ય કીધું હતું. સમજાણું કાંઈ? આહા..હા..! ભેદવિજ્ઞાનના બળે આત્મા

પરમાં વર્તતો થકો, એને પાછો વાળ્યો. આહા..હા..! નિષ્કંપ વર્તતો થકો અને પોતાના આત્માને આત્મા વડે ધ્યાતો થકો તે સહજ ચેતયિતાપણું હોવાથી. એ તો ત્યાં સિદ્ધ કર્યું. પહેલું આ સિદ્ધ કર્યું. શુદ્ધ દર્શન જ્ઞાનરૂપ આત્મદ્રવ્ય. અહીં એ સિદ્ધ કર્યું સહજ ચેતયિતાપણું હોવાથી એકત્વ છે. પછી અહીંયાં એ સિદ્ધ કર્યું. આહા..હા..! '**ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ધ્યાતો,...**' આહા..હા..! ચૈતન્યચમત્કાર, સૂર્ય, ચૈતન્ય સૂર્ય. આ જડ સૂર્ય છે આ તો પરમાણુની પર્યાય. આ પ્રકાશને પણ જાણનારો ચૈતન્યપ્રકાશ ભિન્ન છે. આ પ્રકાશને પ્રકાશની ખબર નથી, એ તો જડ છે. એ પ્રકાશ છે એને પ્રકાશનારો ચૈતન્યપ્રકાશ. આહા..હા..! પોતાને પ્રકાશે છે અને પરને પ્રકાશે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્યાં બેઠા શું કારણ હશે? દીકરા આવ્યા છે. ત્યાં કેમ બેઠા? દીકરો અહીં આવ્યો નહિ હોય સાંભળવા? ત્યાં બેઠા છે ખરા બે જણા.

અહીંયાં એમ કીધું ભગવાન આત્મા શુદ્ધ દર્શન-જ્ઞાનરૂપ છે. પછી કહ્યું કે સહજ ચેતયિતાપણું હોવાથી એનું સ્વરૂપ. ત્રીજું કહ્યું કે '**અત્યંત ભિન્ન ચૈતન્યચમત્કારમાત્ર આત્મા...**' આહા..હા..! એ તો જ્ઞાનનો પૂંજ, અસંખ્ય પ્રદેશનો પૂંજ! આહા..હા..! એવા આત્માને ધ્યાતો થકો. આહા..હા..! છેને? '**ચૈતન્યચમત્કારમાત્ર...**' અત્યંત રાગથી ભિન્ન આત્માને ધ્યાતો, અંદરમાં ધ્યાનમાં લેતો થકો. ધ્યાન વિષય કુરુ એવું આવે છે. .. ધ્યાનેતરંગણી છેને. એ ત્યાં પણ અર્થ. અંદરના ધ્યાનનો વિષય બનાવ ભગવાનને. આહા..હા..! એ ધ્યાતો.

'**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...**' ત્યાં લીધું હતુંને? શુદ્ધદર્શનજ્ઞાનરૂપ આત્મદ્રવ્યમાં સારી રીતે સ્થિર થઈને, બીજી લીટીમાં. એ પાછું અહીં લીધું. એ રીતે શુદ્ધદર્શનજ્ઞાનમય. ત્યાં શુદ્ધદર્શનજ્ઞાનરૂપ હતું. આહા..હા..! '**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્ય...**' આત્મ વસ્તુ કોને કહીએ? એટલે શુદ્ધદર્શનજ્ઞાનમય છે તે. એકલું દૃષ્ટા-જ્ઞાતામય આત્મા દ્રવ્યને કહીએ, આત્મદ્રવ્યને. આહા..હા..! અહીં તો પર્યાયને ન લીધી. શુદ્ધદર્શનજ્ઞાનમય ત્રિકાળ. આહા..હા..! પહેલી ગાથામાં આવું હતું અમારે. ધીરૂભાઈ! આહા..હા..!

'**શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો,...**' આવું જે આત્મદ્રવ્ય તેને પામ્યો એ. આહા..હા..! પર્યાયમાં શુદ્ધદર્શનજ્ઞાનમય આત્માને પામ્યો. આહા..હા..! વીતરાગભાવરૂપી પરિણતિ દ્વારા આત્માને પામ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ગાથા અલૌકિક છે, બાપુ! ભાગ્ય હોય એને કાને પડે એવી વાત છે. આહા..હા..! ત્રણલોકના નાથ ઈન્દ્રો જેને પૂજે છે એની સભામાં ઈન્દ્રો અર્ધલોકના સ્વામી. બત્રીસ લાખ વિમાનનો શક્રેન્દ્ર, અઠ્યાવીશ લાખ વિનાનનો સ્વામી ..ન્દ્ર. એ ઉત્તરનો સ્વામી, ઓલો દક્ષિણનો. આખા લોકના બે. એ ભગવાનની વાણી સાંભળવા ગલુડિયાની જેમ બેસે. ગલુડિયા સમજ્યા? પિલ્લા. હિન્દીમાં પિલ્લા કહે છે. આહા..હા..! ભગવાનની વાણી નીકળે. ભગવાન બિરાજે છે. સીમંધર ભગવાન. ત્યાંથી આવી છે વાણી. આહા..હા..! ભગવાન કુંદકુંદાચાર્ય સંવત્ ૪૯માં થયા એ ત્યાં ગયા હતા ભગવાન પાસે. ભગવાન બિરાજે છે અત્યારે. ભગવાન અબજો વર્ષથી છે ભગવાન કેવળી. અબજો વર્ષ રહેશે હજી. આવતી ચોવીસીમાં તેરમાં

તીર્થંકર થશે ત્યારે મોક્ષ પધારશે. અરિહંત પદે છે અત્યારે. **નમો અરિહંતાણં.** મહાવીર ભગવાન આદિ **નમો સિદ્ધાણં**માં ગયા એ તો. એ તો અશરીરી થઈ ગયા. **નમો સિદ્ધાણં.** આહા..હા..!

એ અરિહંતની સભામાં ઈન્દ્રો નરમ... નરમ... નરમ... નરમ... નરમ... વિનયવંત. જેના અંગો બધા નરમ, .. ગયા છે. આહા..હા..! એ ભગવાનની વાણી સાંભળી ત્યાં આઠ દિન. કુંદકુંદાચાર્ય ગયા હતા. ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! એને એક કલાક સાંભળવો એ ક્યાં છે, બાપા? આહા..હા..! વીતરાગના ઘરની વીતરાગી વાતું. આહા..હા..!

'**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...**' આહા..હા..! કહે છે. '**આત્મદ્રવ્યને પ્રાપ્ત થયો થકો, શુદ્ધ આત્માની ઉપલબ્ધિ (પ્રાપ્તિ) થતાં...** ' શુદ્ધ ભગવાન આનંદદશાવાળો થતાં. આહા..હા..! શુદ્ધ આત્મદ્રવ્યની પ્રાપ્તિ એટલે અનુભવ થતાં '**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...**' આહા..હા..! અસ્તિ-નાસ્તિ... અસ્તિ-નાસ્તિ. આહા..હા..! એક એક ગાથા જુઓ તો કેટલું ભર્યું છે! ગંભીર-ગંભીર. ભરતનો સૂર્ય છે સમયસાર તો! આહા..હા..! '**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત...**' ભાષા જોઈ! આહા..હા..! '**પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત...**' એ રાગાદિ પરદ્રવ્યમય છે. આહા..હા..!

'**સમસ્ત પરદ્રવ્યમયપણાથી અતિક્રાંત થયો થકો,...** ' પરદ્રવ્યની વૃત્તિઓ જેટલી છે એ બધી પરદ્રવ્ય છે, તેનાથી રહિત થયો થકો. '**અલ્પ કાળમાં જ...**' એ જીવ આ રીતે સંવર પ્રગટ કરીને. આહા..હા..! '**અલ્પકાળમાં જ...**' ક્રમબદ્ધ છેને એ. એ પછી અલ્પકાળ ક્યાંથી આવ્યો પાછો? એ ક્રમબદ્ધમાં એ અલ્પકાળમાં ક્રમ થાય એવો જ એનો સ્વભાવ છે, એ ક્રમબદ્ધ તૂટતું નથી કાંઈ. આહા..હા..! આવી વાતું હવે. ઘરે કોક સાંભળવા ન આવ્યા હોય એ કહે કે શું સાંભળ્યું તમે? કહે ભાઈ કાંઈક કહેતા હતા. આનું આમ ને આનું આમ. માંદા બાંદા હોય તો ન આવી શક્યા તો કહે શું તમે સાંભળી આવ્યા? કોણ જાણે કાંઈક કહેતા હતા આત્મા ને આત્મા ને આત્મા..

**શ્રોતા :-** બહુ સરસ કહ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ શું સારું? પ્રભુ! આ તો વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર, એના ઘરની વાત છે, પ્રભુ! આહા..હા..! એના ઘરમાં જવાની વાત છે. આહા..હા..!

એ '**અલ્પકાળમાં જ સર્વકર્મથી રહિત...**' આહા..હા..! આવું જેણે ભેદજ્ઞાન કરીને સ્વરૂપમાં ઠર્યો છે એન પરદ્રવ્યની ઈચ્છાનો નિરોધ કર્યો છે. આહા..હા..! અલ્પકાળમાં અનંતકાળથી પરિભ્રમણ કરતા જીવને આ ભાવના અને આ ભાવથી સર્વ '**અલ્પકાળમાં જ સર્વકર્મથી રહિત આત્માને પામે છે.**' સર્વ કર્મથી રહિત ભગવાન આત્માને એ પામે છે. આહા..હા..! ભારે અધિકાર. '**આ સંવરનો પ્રકાર** (રીત) **છે.**' છે? એ સંવરની આ રીત છે. આહા..હા..! સમજાણું કાંઈ? છેક કેવળજ્ઞાન સુધી. છેક મોક્ષ સુધી. ભેદ પાડીને આગળ વધતા સર્વસંગ ત્યાગ કરી, ઈચ્છાનો નિરોધ, સંગ શબ્દનો અર્થ અંદર ઠર્યો, ઠરતાં અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે. આહા..હા..!

**શ્રોતા :-** સંવરથી મોક્ષ થઈ ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મોક્ષ થઈ ગયો સંવરથી. આહા..હા..! ઓહો..હો..! ગાથા તે ગાથા છેને.

'**અલ્પકાળમાં જ સર્વકર્મથી રહિત આત્માને પામે છે.** ' આત્મા જે શુદ્ધ દર્શન-જ્ઞાનમય, આનંદમય તેને પર્યાયમાં પૂર્ણને પામે છે. આહા..હા..! એનું નામ મુક્તિ, એનું નામ સિદ્ધ. આહા..હા..! સિદ્ધા સિદ્ધં મમ દિસંતુ. લોગસ્સમાં આવે છે. પણ ખબર કોને સિદ્ધ કેવા થાય? સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. હે સિદ્ધ ભગવાન! સિદ્ધપદ દેખાડો. એનો અર્થ કે હું કેવળજ્ઞાન પામું ત્યારે સિદ્ધને જોઉં. આહા..હા..! સમજાણું કાંઈ? ટીકા એની થઈ ગઈ.

એનો ભાવાર્થ છે. હવે ઓલું કીધું હતુંને શુભાશુભયોગમાં એનું મૂળ રાગ-દ્વેષ-મોહ છે. એ કહ્યું. '**પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભયોગો...**' સાદી ભાષામાં કહ્યું. '**પ્રથમ તો રાગદ્વેષમોહ સાથે મળેલા મનવચનકાયાના શુભાશુભયોગો...** ' અરે..! શુભયોગમાં પણ રાગદ્વેષથી મળેલો શુભયોગ છે કહે છે. આહા..હા..! શુભરાગ છેને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભગવાનનું સ્મરણ એ બધો શુભરાગ છે. આહા..હા..! એ શુભરાગ '**રાગદ્વેષમોહ સાથે મળેલા...**' શુભરાગ એ શુભયોગ. આહા..હા..! એ શુભયોગ જ રાગ છે.

એનાથી '**પોતાના આત્માને ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે,...**' એ રાગથી ભિન્ન. રાગ આમ જાણવામાં ન આવે, પણ એનો અર્થ કે જે વૃત્તિ પર ઉપર લક્ષ જાય છે તે વૃત્તિ રાગ છે. જે વૃત્તિનો રાગનું લક્ષ પર ઉપર જાય છે, એવો જે ભાવ તે રાગ, એવા રાગથી ભિન્ન પડીને. આહા..હા..! '**ભેદજ્ઞાનના બળ વડે ચળવા ન દે,...** ' લ્યો! '**પછી તેને શુદ્ધદર્શનજ્ઞાનમય આત્મસ્વરૂપમાં નિશ્ચળ કરે...**' આહા..હા..! '**સમસ્ત બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી...**' હવે મુનિપણું લીધું. હવે. સર્વસંગ પરિત્યાગ હતોને. પછી '**બાહ્ય-અભ્યંતર પરિગ્રહથી રહિત થઈને...**' સમકિત થયું, જ્ઞાન થયું, પણ હવે મુનિપણા માટે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી રહિત. આહા..હા..!

શ્રીમદ્દે કહ્યુંને 'દેહમાત્ર...' આવે છેને અપૂર્વ અવસરમાં. શરીરને શું કહ્યું? 'સર્વ વાતે .. દેહમાત્ર સંયમ હેતુ હોય જો.' લ્યો આવ્યું. 'સર્વભાવથી ઉદાસીન .. કરી માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો; અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' આહા..હા..! 'અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ.' પછી? 'દેહ પણ કિંચિત્' ઓલું લીધુંને દેહ? .. રહ્યો છેને .. છોડી. 'દેહ પણ કિંચિત્ મૂર્છા ન હોય જો. અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?' એ અહીં વાત કરી ત્યાં સુધી. વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**માગસર વદ-૬, રવિવાર, તા. ૧૨-૧૨-૧૯૭૬,**
**કળશ-૧૨૮, ગાથા-૧૯૦ થી ૧૯૨, પ્રવચન નં. ૨૫૯**

(मालिनी)
निजमहिमरतानां भेदविज्ञानशक्त्या
भवति नियतमेषां शुद्धतत्त्वोपलम्भः।
अचलितमखिलान्यद्रव्यदूरेस्थितानां
भवति सति च तस्मिन्नक्षयः कर्ममोक्षः।।१२८।।

...પોતાના મહિમામાં લીન રહે છે. આહા..હા..! ભાષા તે બહુ ટૂંકી. પોતાના નિજસ્વભાવ સિવાય-અલાવા બીજી કોઈપણ ચીજો ભગવાન હો કે ભગવાનની વાણી હોય કે ત્રિલોકનાથ સમવસરણમાં બિરાજતા હોય એની ભક્તિ પણ રાગ છે. આહા..હા..! તો રાગથી ભિન્ન પાડવાની શક્તિ દ્વારા. સમજાણું કાંઈ? કેમ આત્મજ્ઞાન થાય? કેમ સમ્યગ્દર્શન થાય? તો કહે છે, આમ થાય. આહા..હા..! શુભ-અશુભ વિકલ્પ જે રાગ છે એનાથી ભિન્ન પાડવાની શક્તિ દ્વારા અર્થાત્ પોતાના સ્વભાવના લક્ષે રાગથી ભિન્ન કરીને. આહા..હા..! પરના લક્ષથી ભિન્ન કરીને અને નિજસ્વરૂપમાં લીન થઈને. આહા..હા..! બહુ ટૂંકુ અને ઘણું માર્મિક. છેને?

'**નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે...**' એટલે ખુલાસો કરવો પડ્યો કૌંસમાં. પોતાની મહિમામાં એમ કર્યોને નિજનો અર્થ? પોતાની મહિમામાં. પોતાની ચીજ જે અંતર સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધસ્વરૂપી સર્વજ્ઞ જિનેશ્વર ભગવાને દીઠા છે. આહા..હા..! એને ભગવાન કહે છે કે નિજસ્વરૂપમાં લીન. આહા..હા..! '**નિજ (સ્વરૂપના) મહિમામાં લીન...**' આહા..હા..!

**શ્રોતા :-** વિધિ બતાવો કઈ રીતે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ વિધિ કહે છેને. શીરો કરવો હોય તો શું કરે? હલવો. પહેલા લોટને ઘીમાં શેકવો, પછી ગોળ કે સાકરનું પાણી નાખે તો શીરો થાય, પણ એમ કહે કે આ શીરો તો બહુ મોંઘો થઈ જાય છે, તો શું કરવું? કે લોટ ઘીમાં શેકે છે અને પછી ગોળના પાણી કે સાકરનું પાણી શીરામાં નાખવું પડેને શીરામાં? તો પહેલા ગોળના પાણીમાં લોટને શેકવો અને પછી ઘી નાખવું. ચાલશે કે નહિ? લૂપરી પણ નહિ થાય. આ ગુમડા ઉપર કરે છેને. લૂપરી સમજો છો? શું કહેવાય? પોટીસ. પોટીસ પણ નહિ થાય. બાયું કહેતી હોય એની વહુને કે જાતુવળતું ઘી નાખજે, બેટા! પોટીસ બનાવ. એમ સાંભળેલું હોય. આપણે કાંઈ કર્યું નથી. લોકો કહે ત્યારે સાંભળ્યું હોય. સમજાણું કાંઈ? છોકરાની વહુને કહે. ગુમડું થયું હોય કોઈને તો શું કહેવાય આ? ફોડા-ફોડા. ફોડા થયો હોય તો એને પોટીસ કરવાનું કહે. બેટા! તું જાતુવળતું (ઘી નાખજે). આપણી ભાષા એવી છે. તમારી કાંઈક હશે ખરી હિન્દીમાં. અમારી ભાષામાં

એમ છે. જાતુવળતું એટલે? ઘી થોડું પડે નહિ એમ નહિ અને ઘી વધારે પડે એમ નહિ. આહા..હા..! ઘી સમજો છો ઘી? લોટમાં થોડું ન પડે એમ પણ નહિ અને વધારે પડે એમ પણ નહિ એ જાતુવળતું. જાતુવળતું એટલે આમ નાખીને લઈ લે. તો એ પોટીસ ગુમડા ઉપર કામ કરે છે. પણ અહીંયાં તો લોટ સાકરના પાણીમાં શેક અને પછી ઘી નાખે તો પોટીસ પણ નહિ થાય. આહા..હા..!

એમ આ ભગવાન આત્મામાં પહેલા ક્રિયા કરો દયા, દાન ને વ્રતની પછી આ કરશું, તો એ શીરો નહિ થાય તારો સાંભળને, આત્મજ્ઞાન નહિ થાય એમાં. આહા..હા..! પહેલેથી રાગથી ભિન્ન કરવું. આહા..હા..! કેમ કરવું? કેમ કરવું કે અંદરમાં રાગ થાય છે એનાથી અંદર સ્વરૂપનું ભાન થઈને નિજસ્વરૂપની મહિમામાં લીન થવું. રાગથી ભિન્ન થઈને સ્વરૂપની મહિમામાં લીન થવું. મહિમા શું? આહા..હા..! ... પાઠ એવો છેને. '**निजमहिमरतानां**' ભગવાન પોતાનો આનંદ જ્ઞાનસ્વરૂપની મહિમા કરે છે. અરે..! આ વાત ક્યાંની હશે? આ તે કોઈ વીતરાગની હશે? અમે તો એવું સાંભળ્યું હતું, ઈચ્છામી પડિક્કમણું, ઈરિયા વિરિયાઈ તસ્સ મિચ્છામિ દુક્કડમ. એય..! ચીમનભાઈ! જોડિયા. સાંભળ્યું હતું કે નહિ જોડિયા તમે? ચંદુભાઈને કહું છું. ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વિરિયા.. તસ્સ મિચ્છામિ દુક્કડમ છેલ્લે. તસ્સ ઉતરી કરણેણં. તાવકાયં ઠાણેણં માણેણં જાણેણં અપ્પાણં વોસરે. શું કર્યું તેં? બોલ્યો શું? કાંઈ ખબર ન મળે. આહા..હા..!

અહીંયાં તો કહે છે કે જે કોઈ વિકલ્પ ઉઠે છે, નમો અરિહંતાણં, નમો સિદ્ધાણંની વૃત્તિ ઊઠે છે એ રાગ છે. એનાથી ભેદજ્ઞાન શક્તિ દ્વારા, એનાથી ભિન્ન પાડવાની શક્તિ દ્વારા '**નિજ (સ્વરૂપના) મહિમામાં લીન રહે છે...**' આહા..હા..! પોતાનો આનંદસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનું દળ પડ્યું છે એમાં લીન રહે છે. '**તેમને નિયમથી (ચોક્કસ) શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિ થાય છે;...**' તેને શુદ્ધ આનંદકંદ આત્માનો અનુભવ થાય છે. આહા..હા..! ભાષા એકે-એક ફેર. સમજાણું કાંઈ?

બે વાત. એક ભગવાન આત્મા એક બાજુ, એક બાજુ વિકલ્પ રાગથી માનીને પરદ્રવ્ય અનંત. એ વિકલ્પથી રાગથી માંડી બધા પરદ્રવ્ય જેટલા છે એનું લક્ષ છોડીને, રાગનું તો લક્ષ છોડીને પોતાનું નિજ સ્વરૂપ જે વીતરાગમૂર્તિ ચૈતન્ય ભગવાન અંદર છે. આહા..હા..! કોને ખબર વળી ભગવાન અત્યારે હોય? અરે..! પ્રભુ! તું ભગવાનસ્વરૂપ, ભગવત્‌સ્વરૂપ છે. તારી તને ખબર નથી. આહા..હા..! નિજ સ્વરૂપનો મહિમા, પોતાનો આનંદકંદ પ્રભુ અનાકુળ શાંત અને અતીન્દ્રિય જ્ઞાનમય આત્મા, એની મહિમામાં લીન. મહિમામાં લીન. ઓહો..હો..! આ ચીજ! એનું નામ ભેદજ્ઞાન અને એનું નામ ધર્મની શરૂઆત કહે છે. બાકી બધા થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો હિન્દી સાદી છે. તમારી હિન્દી એવી બહુ નથી.

'**નિયમથી (ચોક્કસ) શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિ થાય છે;...**' આહા..હા..! પ્રાપ્તિ થાય છે. શું? એ રાગનો વિકલ્પ જે છે, ચાહે તો શાસ્ત્રના ભણતરનો હોય, ચાહે તો દયા, દાનનો હોય, ચાહે વ્રત, તપ, અપવાસ કરવાનો હોય એ બધો વિકલ્પ રાગ છે. એ રાગથી ભિન્ન કરવાની શક્તિ દ્વારા ભિન્ન

કરવાની, જુદાં પાડવાના બળ સામર્થ્ય દ્વારા નિજ મહિમામાં લીન રહેવું. આહા..હા..! ભગવાન આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ એમાં લીન રહેવું, એમાં વિશ્રામ લેવો. આહા..હા..! એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. સમજાણું કાંઈ?

ચોથી ગાથામાં એમ કહે છે, તેં કદી આ વાત સાંભળી નથી. વાત સાંભળી છે તો રાગ કરવો અને રાગને ભોગવવો એ વાત સાંભળી છે. આહા..હા..! દયા પાળો, વ્રત કરો એ તો બધો રાગ છે. આહા..હા..! રાગ કોને કહેવો એની ખબર નહિ. એ રાગથી અર્થાત્ પરદ્રવ્યથી લક્ષ છોડીને ભેદજ્ઞાનની શક્તિ દ્વારા નિજસ્વરૂપની મહિમામાં અંતરમાં રહેવું તેને આત્માની પ્રાપ્તિ થાય છે. શુદ્ધ આનંદઘનની પર્યાયમાં પ્રાપ્તિ થાય છે. આહા..હા..! આ ભાષા બધી. શું કહે છે આ? ગ્રીક-લેટીન. અરે..! ભગવાન! શું કરે ભાઈ? વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા આ માર્ગ કહે છે. .. શું કરે? આહા..હા..! સમજાણું કાંઈ?

'**નિયમથી...**' જોયું! જે કોઈ રાગથી પૃથક્ કરીને ભિન્ન શક્તિ દ્વારા પોતાના નિજમહિમામાં થાપ મારીને પડ્યો છે અંદર દૃષ્ટિ કરીને. આહા..હા..! નિયમથી આત્માની પ્રાપ્તિ થાય છે. એ અનાદિથી રાગની પ્રાપ્તિ હતી એ સંસાર મિથ્યાત્વભાવ હતો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એક તો આવી વાત સાંભળવા મળે નહિ અને સાંભળવા મળે ત્યારે આકરી લાગે. આ શું કહે છે પણ પકડવું શું? અરેરે..! બધી ખબર છે, બાપુ! ખબર નથી? ભાઈ! તારી ચીજ અંદર જુદી છે, તારી ચીજ અંદર જુદી છે. આહા..હા..! અતીન્દ્રિય અનાકુળ આનંદનો કંદ એવો આત્મા છે. એ આત્મામાં નિજ મહિમામાં લીન રહે છે તો નિશ્ચયથી આત્મા શુદ્ધ છે એના અનુભવમાં આત્મા પ્રાપ્ત થાય છે, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે, એનું નામ ધર્મ કહે છે. આહા..હા..! આ દાન દઈ દે બે, પાંચ, દસ લાખના, તો ધર્મ નહિ એમ કહે છે. કહો, શેઠ! શેઠ દાન બહુ કરે છે. ત્રણ લાખનું દાન કરીને ધર્મશાળા બનાવી છે. આહા..હા..! સાગર-સાગર નહિ? ધર્મશાળા નહોતી આપણે હતાને? ઉદ્ઘાટન કર્યું. ત્રણ લાખની બનાવી છે. કરોડપતિ છે, પૈસા બહુ ખર્ચે છે તો ધર્મ થાય છે?

**શ્રોતા :–** જેટલા પૈસા શુભ કામમાં વાપરે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળમાંય નથી. લાખ વાપરે, કરોડ વાપરે નહિ. એ અજીવ તત્ત્વ આત્માની ચીજ ક્યાં છે? એ અજીવ મારી ચીજ છે એ માન્યતા જ મિથ્યાત્વ ને ભ્રાંતિ છે. આહા..હા..! અહીં તો એ કહે છે. અજીવથી અને અજીવ તરફના લક્ષે અને જીવ છે પરમાત્મા, એના તરફના લક્ષે જે રાગ છે એનાથી ભિન્ન પાડવાની શક્તિ દ્વારા આત્માની મહિમામાં જાવું એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! લોકોને એવું લાગે બિચારાને નવાને તો કે આવું ક્યાંથી કાઢ્યું? અમે અત્યાર સુધી કરીએ છીએ. ભાઈ! સાંભળ તો ખરો, બાપુ! તારી રીતું જુદી છે નાથ! આહા..હા..!

'**નિયમથી (ચોક્કસ) શુદ્ધતત્ત્વની ઉપલબ્ધિ...**' પ્રાપ્તિ. ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય અનાકુળ શાંતરસનો કંદ, એ રાગથી ભિન્ન કરીને તારી અંદર મહિમામાં રહે છે તો આત્માની પ્રાપ્તિ થાય છે. ઓલી રાગની પ્રાપ્તિ હતી, આમાં આત્મા શુદ્ધ ચૈતન્ય એની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! '**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થતાં,...**' હવે શુદ્ધતત્ત્વ ચૈતન્યમૂર્તિ ભગવાન આનંદનો નાથ (તેની ઉપલબ્ધિ

થતાં). આહા..હા..! આઠ વર્ષની બાળિકા હોય એ પણ સમ્યગ્દર્શન પામે છે ત્યારે આ ચીજ હોય છે. સમજાણું કાંઈ? રીત પણ સાંભળી ન હોય કે શું રીત છે? શું પદ્ધતિ?

રાત્રે કહ્યું હતુંને? સંવર થવાની રીત આ છે. છે? ભાવાર્થમાં કહ્યું, એમાં પણ કહ્યું હતું. આ સંવરની પ્રકાશની વિધિ છે. ટીકામાં કહ્યું હતું. આહા..હા..! આ વિધિ છે, ભગવાન! આહા..હા..! જગતના બાહ્ય મોહ એમાં રાગની ક્રિયા એના પ્રેમમાં ફસ્યો વ્યભિચારી છે એ, એમ ભગવાન પોકાર કરે છે, તીર્થંકરદેવ. પોતામાં રાગરહિત થઈને રહેવું એમાં આત્માની પ્રાપ્તિ થાય છે અને આત્માની પ્રાપ્તિ થતાં '**तस्मिन् सति च**' એમ. '**અચલિતપણે સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર...**' ન ચળે એવી રીતે સમસ્ત અન્યદ્રવ્ય રાગાદિ પરદ્રવ્યથી દૂર. '**દૂર વર્તતા એવા...**' આહા..હા..! માખણ છેને. અરેરે..! કોઈ દિ' આત્માની દયા પણ કરી નહિ. પરની દયા કરવા ... જીવદયા મંડળીનો માલિક છે, મોઢા આગળ પડે અને પૈસા ઉઘરાવે બે-પાંચ, પચાસ હજાર. ધૂળમાંય નથી ત્યાં ધર્મ, સાંભળને. આહા..હા..!

અહીંયાં તો પરદ્રવ્યથી દૂર (કહે છે). છે? '**અચલિતપણે...**' ચળે નહિ એ રીતે '**સમસ્ત અન્યદ્રવ્યો...**' સમસ્ત અન્યદ્રવ્યમાં બધું આવી ગયું. તીર્થંકર કેવળી અને એની વાણી પણ પરદ્રવ્ય છે. '**સમસ્ત અન્યદ્રવ્યોથી દૂર વર્તતા એવા...**' રાગથી અને અન્ય દ્રવ્યથી દૂર વર્તતા એવા. આહા..હા..! અરે.. આ! '**તેમને,...**' '**अक्षयः कर्ममोक्षः भवति**' '**અક્ષય કર્મમોક્ષ થાય છે...**' કર્મનો નાશ થાય છે. '**(અર્થાત્ ફરીને કદી કર્મબંધ ન થાય એવો કર્મથી છૂટકારો થાય છે).**' અક્ષય કર્મબંધ, ફરીને કર્મબંધ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ એક કડી એમાં આટલું છે. આહા..હા..! આ તો વીતરાગની વાણી. ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર... આહા..હા..! સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહમાં. એની પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આ સમયસાર ત્યાં ગયા પછી બનાવ્યું છે. ભગવાનનો આ સંદેશ છે. આહા..હા..! ભગવાન પાસે ગયા હતા. તો શિષ્ય ભવિ પૂછે કે પ્રભુ! તમે શું લાવ્યા? અહીં પણ એનો ઘરનો માણસ હોય કે મોટો છોકરો હોય તો બહાર ગયો હોય પરદેશમાં તો ભાઈ! શું લાવ્યા? મારે માટે શું લાવ્યા? છોકરો કહે મારા માટે શું લાવ્યા? બાયડી કહે કે મારા માટે શું લાવ્યા? અત્યારે લાવે છેને કોક ઘડિયાળ ને ફડિયાળ ને, ફલાણું ને ઢીંકણું ને. બધા માટે. એમ અહીં પરમાત્મા પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. સંવત ૨૦૦૦, સંવત્ ૪૯ સાક્ષાત્ સદેહે ગયા હતા ભગવાન પાસે. પ્રભુ બિરાજે છે કેવળી તીર્થંકરદેવ જિનવર. આહા..હા..! કરોડ વર્ષનું આયુષ્ય છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે. કરોડ શું અબજો વર્ષનું આયુષ્ય છે. આહા..હા..! વિહરમાન ભગવાન નથી કહેતા? આ આજ્ઞા નથી લેતા સામાયિકમાં? કે ભગવાન બિરાજે છે. જીવનમુક્ત ભાવમોક્ષ છે. દેહ છે, વાણી નીકળે છે ઈચ્છા વિના. એ તો વીતરાગ છે. આહા..હા..! ત્યાંથી આ લાવ્યા છે. ભવિ પૂછે છે, પ્રભુ! શું લાવ્યા? તો કહે કે અમે આ લાવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

એ લાવ્યા કે રાગથી ભિન્ન થઈને. આહા..હા..! રાગ શું પણ? એ તો સ્ત્રી, કુટુંબ, પરિવારનો રાગ એ રાગ. પણ અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ અને સ્મરણ પંચ નવકાર ગણવા એ પણ રાગ. આહા..હા..! સમજાણું કાંઈ? એ રાગથી પોતાની ચીજને ભિન્ન દેખીને, પોતાના સ્વરૂપની પ્રાપ્તિ

અનુભવાય છે એ અચલિતરૂપથી ન ખસવાથી, નહિ હટવાથી **'સમસ્ત અન્યદ્રવ્યોથી વર્તતા એવા તેમને, અક્ષય કર્મમોક્ષ થાય છે...'** એને કર્મનો નાશ થાય છે, બીજાને કર્મનો નાશ થતો નથી. આહા..હા..! એક કળશ પણ એટલામાં કેટલું ભરી દીધું છે! ઓ..હો..હો..!

હવે ત્રણ ગાથા આવી. **'હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે?'** પ્રભુ! સંવર નામ આત્મધર્મ, રાગથી ભિન્ન થઈને સ્વરૂપમાં લીનતાની વૃદ્ધિ થાય એને સંવર કહે છે. સંવર નામ ધર્મ, સંવર નામ શુદ્ધિની ઉત્પત્તિ. તો એ શુદ્ધિની ઉત્પત્તિનો ક્રમ શું છે? એમ પૂછે છે. છે? **'હવે પૂછે છે કે સંવર ક્યા ક્રમે થાય છે?'** આહા..હા..! **'તેનો ઉત્તર કહે છે :—'** ૧૯૦ ગાથા.

**तेसिं हेदू भणिदा अज्झवसाणाणि सव्वदरिसीहिं।**
**मिच्छत्तं अण्णाणं अविरयभावो य जोगो य।।१९०।।**
**हेदुअभावे णियमा जायदि णाणिस्स आसवणिरोहो।**
**आसवभावेण विणा जायदि कम्मस्स वि णिरोहो।।१९१।।**
**कम्मस्साभावेण य णोकम्माणं पि जायदि णिरोहो।**
**णोकम्मणिरोहेण य संसारणिरोहणं होदि।।१९२।।**

આહા..હા..! નીચે હરિગીત. એ શ્લોક છે કુંદકુંદાચાર્યનો. ભગવાન પાસે ગયા હતા. હરિગીત બનાવ્યું આપણા પંડિત હિંમતભાઈએ.

**રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,**
**મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને; ૧૯૦.**
**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.**
**કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.**

જરી ઝીણી વાત છે, ભાઈ! આહા..હા..! ટીકા. છેને ટીકા ત્રણ ગાથાની? **'પ્રથમ તો જીવને,...'** પ્રથમ તો એ કરવું કે, **'આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...'** આહા..હા..! આ ભગવાન આત્મા શુદ્ધ ચિદ્‌ઘન આનંદકંદ પ્રભુ અને કર્મ જડ (તેમનો) એકત્વ અભિપ્રાય. એ રાગાદિ **'કર્મના એકપણાનો અધ્યાસ જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...'** આહા..હા..! **'પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના એકપણાનો...'** ત્યાં આત્મા લીધો પાછો. ઓલા વળી અજ્ઞાની એમ કહે છેને કે આત્મા જુદી ચીજ છે અને જીવ જુદી ચીજ, એમ નહિ. એટલે બે બોલ પાડ્યા.

આ ભગવાન આત્માને એટલે જીવને. **'આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ...'** આત્મા

અને વિકારી પરિણામ આદિ કર્મનો અધ્યવસાય **'જેનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...'** જેને બેની એકત્વબુદ્ધિ હયાતી ધરાવે છે. આહા..હા..! કેમકે દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ પુણ્યાસ્રવ, નવ તત્ત્વમાં આસ્રવતત્ત્વ છે. ભગવાન આત્મા જ્ઞાયક આનંદતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! એને ભિન્ન ન માનતા બેનું એકત્વ માનવું આહા..હા..! એ **'જેનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,...'** એમાં એકત્વબુદ્ધિ જેને હયાતી ધરાવી છે. આહા..હા..! આ તો સંવર. તમારે ઓલા બેસે, પાંચ .. પચ્ચખાણ બેઠા ને સામાયિક કરી સંવર થઈ ગયો. ધૂળેય નથી સંવર, સાંભળને. સામાયિક ક્યાંથી આવી તને? હજી આત્મા રાગથી ભિન્ન છે એની તો તને ખબર નથી, સામાયિક આવી ક્યાંથી? આહા..હા..!

સામાયિક કેમ નથી થતી? એમ કહે છે. આત્મા અને પરપદાર્થ કર્મ બેની એકત્વબુદ્ધિ જેનું મૂળ છે. **'એવા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે,... '** આહા..હા..! આ આત્મા અંદર ચિદ્ઘન આત્મા (છે). નવ તત્ત્વ છે કે નહિ? તો આ શરીરાદિ અજીવતત્ત્વ છે, વાણી આદિ, આ શ્વાસ. એ તો અજીવતત્ત્વ માટી, જડ એ બધા શરીરના અંગો છે, શરીરના અવયવો છે. મન એક અહીં જડ છે, વાણી, શરીર, શ્વાસ એ બધા શરીરના અંગો જડ છે. આહા..હા..! અહીંયાં કહે છે કે એની સાથે એકત્વબુદ્ધિ છે જેની. રાગ અને વિકલ્પ જે ઉઠે છે એ કર્મ પરવસ્તુ છે. આત્મા અને રાગની એકત્વબુદ્ધિ જેની છે એવું જે મૂળ. એકત્વબુદ્ધિ મૂળ. કોનું? કે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અધ્યવસાનનું મૂળ. આવી વાતું ક્યાં? ઓલું તો કહે, તાવકાયં ... એ કહ્યું છે, નિઃશલ્યો આવ્યું છેને? તસ્સઉતરી કરેણણં .. નિઃશલ્યીકરણેન, નિઃશલ્યીકરણેન. મિથ્યાત્વના અજ્ઞાનના શલ્યથી રહિત થવું. હવે મિથ્યાત્વ કોને કહેવું એની ખબર ન મળે. નિઃશલ્યીકરણેન એમ ગોખી જાય, બોલી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્મા અને રાગ બેની એકત્વબુદ્ધિ છે એ મિથ્યાત્વરૂપી શલ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ બેનો **'એકપણાનો અધ્યાસ (અભિપ્રાય) જેમનું મૂળ છે...'** જેમનું એટલે? મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતી, યોગ, શુભ અધ્યવસાન વિદ્યમાન છે. જેનો અધ્યવસાન છે **'તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;... '** બેની એકત્વબુદ્ધિ એવું મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતી, યોગ એમ **'રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;... '** આહા..હા..! એ તો આસ્રવભાવનું કારણ છે, સંવરનું અને ધર્મનું કારણ નહિ. આહા..હા..! આમાં ઘરે વાંચે તો કાંઈ બહુ સમજાય એવું નથી. માટે નિવૃત્તિ લઈને આવવું એમ કહેવું છે અહીં. ત્યાં તો એમ કે સંભળાય અને વળી દુકાનના ધંધા થાય બેય કામ ચાલે, મુંબઈ આવે તો. એક માટે નથી આ બધા ઘણાં (ને લાગુ પડે છે). આહા..હા..! અહીં આવો તો ધંધો ચાલે નહિ, વેપાર ચાલે નહિ. આ ધંધો તો ઓલો ધંધો સાથે. બાયડી, છોકરાને નભાવવા, કાંઈક આબરૂમાં રહેવું, દીકરી પરણાવવી, બે-પાંચ હજાર ખર્ચવા, છોકરાને.. આહા..હા..! અરે..! ભગવાન! બાપુ! એ બધા ભાવો વિકારીભાવ અને આત્મા બેની

એકત્વબુદ્ધિ **'જેમનું મૂળ છે એવાં મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાનો વિદ્યમાન છે, તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...** ' આહા..હા..!

અટપટી ત્રણ વાત લીધી આમાં. એક તો આત્મા જ્ઞાન ચિદાનંદ પ્રભુ અને આ રાગાદિ વિકલ્પ છે એ બેને એક માનવાથી, બેને એકત્વ માનવું જેનું મૂળ છે અને એ મૂળનું સ્વરૂપ શું? મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતી મૂળ, એનું મૂળ. એ મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ રાગદ્વેષમોહનું કારણ છે. છે? **'તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...'** આહા..હા..! એની રીત સાંભળવી પણ કઠણ છે. આહા..હા..! આવો માર્ગ છે, પ્રભુ! શું થાય? વીતરાગ જિનેશ્વરદેવ અનંત તીર્થંકરોનો એ પોકાર છે. આહા..હા..! ઈન્દ્રો અને ગણધરોની સભામાં કરોડો મનુષ્યો અને કરોડો દેવોની સભામાં ભગવાનનો ધ્વનિ આ છે ઉપદેશ. એ ઉપદેશ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન! તું કોણ છો? તું તો આનંદ અને જ્ઞાનસ્વરૂપ પ્રભુ છો. અને એ વિકલ્પ છે એ શું છે? એ તો પરચીજ છે. પરચીજ અને સ્વચીજની એકત્વબુદ્ધિનો અભિપ્રાય જેનું મૂળ. કોનું? મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ યોગનો. એ મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ મૂળ જેને વિદ્યમાન છે અધ્યવસાય, એ રૂાગદ્વેષમોહ આસ્રવનું કારણ છે. આહા..હા..! હવે આ તે શું સમજવું આમાં? બાપુ! માર્ગ એવા છે, ભાઈ! અનંતકાળથી રઝળતો દુઃખી (છે). આહા..હા..! ઝાંવા મારે છે પરમાં જાણે ક્યાંક અહીંથી સુખ હોય, અહીંથી સુખ હોય. આહા..હા..! વિષયને માટે અંગોને પુષ્ટી કરું તો વિષય બહુ લઈ શકાય.

**શ્રોતા :-** મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ એ મૂળ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકત્વબુદ્ધિ જેનું મૂળ છે. કોનું મૂળ છે? કે મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિનું. ધીમેથી તો કહેવાય છે, પ્રભુ! આહા..હા..! અહીં તો ભગવાન તરીકે જ બોલાવે છે. આહા..હા..! હે ભગવાન! એમ કરીને આચાર્ય બોલાવે છે. એની માં જ્યારે સુવાડે છેને ઘોડિયામાં. શું કહે છે? ઝુલા. ઝુલા કહે છે. તો ગાણા ગાઈને એને સુવાડે છે. મારો દીકરો ડાહ્યો ને.. શું બોલે એ ગાણા? ગાળ દેશો તો નહિ સૂવે. જોઈ લેવું કોઈવાર. મારો રોયા સૂઈ જા. નહિ સૂવે. મારો દીકરો ડાહ્યો ને પાટલે બેસીને નાહ્યો. આવે છેને કાંઈક બાયું ગાય છે.

**શ્રોતા :-** આજે તો  હિન્દી પ્રવચન હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ એમાં આવી જાયને થોડું. તમારે કાંઈક આવતું હશે હિન્દીમાં. દીકરાને ગાણા ગાયને ત્યારે તે સૂવે છે.

અહીં ત્રણલોકના નાથ ભગવાન આત્માના ગાણા ગાઈને જગાડે છે. જાગ રે જાગ નાથ! હવે સૂવાનું ન પાલવે. મનુષ્યપણું મળ્યું. આહા..હા..! વાણીનો યોગ મળ્યો હવે કેટલું તારે સૂવું છે? આહા..હા..! ભગવાન તરીકે સંબોધે છે. આહા..હા..! પહેલાં કહ્યું નહોતું એકવાર ભાઈ, નહિ? વડોદરા. વડોદરા અમે ગયા હતા દુકાનનો માલ લેવા માટે. નાની ઉંમરમાં અમે તો ધંધો કરતા હતાને. તો એકવાર માલ વડોદરા લેવા ગયા હતા. સાલ ૬૪ની હશે. ૬૪ સંવત્ ૧૯૬૪. માલ લેવા જતા વડોદરા, ભરૂછ, મુંબઈ જતા હતા નાની ઉંમરમાં, ૧૭-૧૮ વર્ષે. તો રાત્રે જોવા ગયા હતા. અનસુયાનું

નાટક હતું. એક અનસુયા. ભરૂચમાં નર્મદા છેને નર્મદા નદી. (નર્મદા) અને અનસુયા બે બહેનો હતી, બે બેન હતા. અમારે ત્યાં ગુજરાતમાં તો બધું પ્રસિદ્ધ છેને. નર્મદા ભરૂછને કાંઠે છે અને અનસુયા ત્યાં એક પાંચ ગાવ છેટે છે. .. કાંઈક નામ છે. આ અહીં વૈષ્ણવ લોકો મરી જાય તો ત્યાં પાંચ ગાવ લઈ જાય મડદાને. મડદાને પાંચ ગાવ લઈ જઈને સળગાવે, સળગાવી દે.

તો એ અનસુયાનું મોટું નાટક હતું. એ બાઈ જાતી હતી સ્વર્ગમાં. એ લોકો તો કહે છેને કે અપુત્રસ્ય ગતિ નાસ્તિ. જેને દીકરો નથી એને ગતિ ન મળે. તો બાઈ અનસુયા ઉપર સ્વર્ગમાં જાતી હતી. બતાવતા હતા નાટકમાં. મોટું નાટક. અમે તો એની ટિકિટ પણ લેતા હતા અને તમે શું બોલો છો એ પુસ્તક લાવો. અમે આમ સમજ્યા વિના નાટક નથી જોતા. તો બાર આનાની ટિકિટ અને બાર આનાનું પુસ્તક. એ બોલતા હોય એનું પુસ્તક બનાવ્યું હોયને. લાવો. એ વિના તમે શું કરો છો એ સમજ્યા વિના અમે શું દેખીએ? તો એમાં એમ લખ્યું હતું કે અનસુયા બહાર આવી. ઉપર જ્યાં સ્વર્ગમાં ગઈ તો સ્વર્ગના દેવે ના પાડી. અહીંયાં નહિ. લગન કર્યા પછી અહીંયાં આવવું. લગ્ન કર્યા પછી અહીં આવવું. પુત્ર હોય તો. કોની સાથે મારે લગ્ન કરવા? નીચે પડ, જે મળે એની સાથે લગ્ન કરજે. તો આંધળો બ્રાહ્મણ મળ્યો નીચે એની સાથે લગ્ન કર્યા. લગ્ન કરીને પુત્ર થયો. લગ્ન તો સમજો છોને? શાદી. એને પુત્ર થયો. આ તો નજરે જોયું છે બધું નાટકમાં. સંવત્ ૧૯૬૪. કેટલા વર્ષ થયા? ૭૦માં એક ઓછો. ૬૯ વર્ષ થયા.

એ બાઈ ગાતી હતી. ધીરૂભાઈ! એવું ગાતી હતી. છોકરું કાંઈક લઈ આવ્યા હશે વર્ષ, દોઢ વર્ષનું ક્યાંકથી. એવા હોયને નરમ. ઘોડિયામાં (સુવાડે). બેટા! તું નિર્વિકલ્પોહં, શુદ્ધોહં, ઉદાસીનોહં એમ બોલતી હતી, લ્યો! આહા..હા..! અત્યારે સંપ્રદાયમાં શબ્દ સાંભળવા મળે નહિ. એ નાટકમાં મળતા હતા તે દિ'. બેટા! તું આત્મા કોણ છે? ઓહોહો..! નિર્વિકલ્પો—તું રાગ વિનાની પૂર્ણ આનંદ ચીજ છો. ઉદાસીનો—રાગથી માંડીને બીધી ચીજથી તું ઉદાસીન છો, ભિન્ન છો. શુદ્ધોહં—તું પવિત્રનો પિંડ છો. આહા..હા..! આવું નાટકમાં ગાતા હતા. અત્યારે તો કાળાકેર થઈ ગયા. આ બધા ફિલ્મમાં ને ફિલ્મમાં નૈતિક જીવન બગાડી નાખ્યા. ફિલ્મ-ફિલ્મ. એક બાઈ આમ ઊભી હોય ને એને હાથ નાખે. અરર..! આ શું નૈતિકના આચરણ કહેવાય? બાઈના ફોટા મૂકવા અને એક બાઈ બીજાને હાથ નાખે અરરર..! આ તે કાંઈ...! એવા ફિલ્મ બગાડીને મારી નાખ્યા. જુવાનિયા છોકરાઓને બગાડી નાખ્યા. એ વખતે તો વૈરાગ્ય આમ. ભલે એની જાતની વાત. વૈરાગ્ય. આ ગાતી હતી ત્યાં એમાં હોં!

આપણે છે ભાઈ, આ સર્વવિશુદ્ધ અધિકારમાં ટીકામાં છે. એ જ શબ્દ છે. ઉદાસીનોહં. આમાં છે? આમાં નહિ. જયસેનાચાર્યની ટીકામાં, જયસેનાચાર્યની ટીકામાં. એ વખતે આહા..! ઝુલામાં ઝુલાવતા ઝુલાવતા કહે છે, બેટા! તું શુદ્ધોહં—શુદ્ધ પવિત્ર આનંદકંદ છે. રાગથી ભિન્ન તારી ચીજ છે. આહા..હા..! નિર્વિકલ્પોહં—પ્રભુ! તું રાગરહિત નિર્વિકલ્પ અભેદ ચીજ છે અંદર. ઉદાસીનો—પ્રભુ! તું ઉદાસીન છે. રાગથી અને પરથી ભિન્ન તારી ચીજ ઉદાસીન છે. આહા..હા..! આ શબ્દ અત્યારે સંપ્રદાયમાં સાંભળવા મળે નહિ. આહા..હા..! એ નાટકમાં મળતા હતા પહેલાં શરૂઆતમાં. આહા..! ૧૮ વર્ષની

ઉંમર. આહા..હા..! એ વખતે બહુ સરસ લાગતું હતું. ઓહો..હો..! આવી વાત! નાટક પણ. આહા..હા..!

અહીં કહે છે કે પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો. તારી પરથી ભિન્ન ચીજનું તને ભાન નથી અને રાગની એકતાબુદ્ધિ જેનું મૂળ છે, એકતા અભિપ્રાય જેનું મૂળ છે એવા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાન જે એકત્વબુદ્ધિ છે એ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનું કારણ છે. આહા..હા..! એ અધ્યવસાન એ રાગદ્વેષમોહ આસ્રવનું કારણ છે. આહા..હા..! પુસ્તક છે કે નહિ? પ્રભુ! સામે પુસ્તક છેને ભગવાન! આ ચોપડાના નામા નથી મેળવતા આ વાણિયા? દિવાળીને દિવસે, દશેરાને દિવસે મળવે. કાઢો ભાઈ નામુ તમારું. ઓલો કહે, મારે નીકળે છે પાંચ હજાર તમારી પાસે, ઓલો કહે મારા નીકળે છે દસ હજાર. ફેર કેમ પડે છે? મેળવો. આ ભગવાન કહે છે કે તારી શ્રદ્ધા અને અમારા ભાવને મેળવ તો ખરો, ચોપડા તો જો એકવાર. આહા..હા..! શાંતિભાઈ! આવો માર્ગ છે, ભગવાન! આહા..હા..!

૭૨ ગાથામાં કહ્યુંને, પુણ્ય અને પાપના ભાવ અશુચિ છે, મેલ છે. આહા..હા..! એ વીતરાગ સિવાય આ વાત ક્યાંય છે નહિ. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બેય અશુચિ છે, મેલ છે. મેલપણે અનુભવમાં આવે છે અને ભગવાન આત્મા એનાથી ભિન્ન શુચિ પવિત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ બોલ લીધા છે ત્યાં. શુભ-અશુભભાવ. હજી શુભ-અશુભ કોને કહેવા એની ખબરું ન મળે. એ અશુચિ છે, એ જડ છે. આહા..હા..! સવારે નહોતું કહ્યું? વિકલ્પની સાથે એકત્વબુદ્ધિ છે એ જડ છે. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન કરવામાં વિકલ્પ ઉઠે છે એ વિકલ્પમાં એકત્વ છે એ જડ છે. કેમકે વિકલ્પ પોતે સ્વયં અજીવ છે, રાગ છે એ અજીવ છે, જીવસ્વરૂપ નહિ. આહા..હા..! એ રાગ એ જડ છે. એ પંચમહાવ્રતના પરિણામ જે રાગ છે એ જડ છે. આહા..હા..! આ વાત સાંભળી જાય નહિ. ઓલો તો માનતો હતો કે પંચમહાવ્રત એ ધર્મ છે. એ તો વ્રત છે, આસ્રવ છે, પર તરફના લક્ષે વૃત્તિ ઉઠે એ રાગ છે, એ જડ છે અને એ જડની એકત્વબુદ્ધિ કરનારા પણ જડ છે.

**શ્રોતા :-** પૈસા તો જડ છે, એની સાથે એકત્વબુદ્ધિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તમારા વતી પ્રશ્ન કરે છે વકીલ. પૈસા તો જડ છે. એ પ્રશ્ન કર્યો હતો પહેલાં ૨૦૧૦ની સાલમાં. ૨૩ વર્ષ થયા. બોટાદ-બોટાદ. .. વ્યાખ્યાન ચાલતું હતું. ત્યાં છેને સમઢિયાળા? નાગરભાઈના ભાઈ હતા હરજીવનભાઈ. નાગરભાઈ આ બાજુમાં હતા જૈનમાં અને એના ભાઈ સ્વામિનારાયણમાં હતા. ઘરે તે દિ' હોં ૬૦ વર્ષ પહેલાં. ૧૦-૧૦ હજારની ઊપજ ગરાસના ઘરે. અને આમ ગામમાં બહુ... કોઈપણ મહેમાન નીકળે દસ વાગે, નવ વાગે, સાડા નવે બહાર ઊભા હોય. જવા ન દે. ભોજન કરીને જવાનું. અમારે ત્યાં અહીંથી વાણિયા... કોઈપણ વાણિયા નીકળે સાડા નવ, નવે ગામમાં (તો) ભોજન કરીને જવાય. અહીંથી નીકળાય નહિ તમારે. અમારી પાસે તો ભોજન છેને. તમારું ભોજન ન ખવાય. તમારું ભોજન નહિ ખાવાનું, અમારે ત્યાં આવવાનું. એવા હતા. એ હરજીવનભાઈએ પ્રશ્ન કર્યો હતો આવો. મ્યુનિસિપાલિટીમાં ૨૦૧૦ની સાલ, બોટાદ. મહારાજ! તમે

પૈસા-પૈસા... પણ પૈસા વિના ચાલે છે? અરે..! ભગવાન! પૈસા તો શું પણ રાગ વિના આત્માએ ચલાવ્યું છે. કેમકે એક ચીજમાં બીજી ચીજનો અભાવ છે. આ આંગળીમાં આ આંગળીનો અભાવ છે. એનો અભાવ છે તો એ ટકી રહી છે. એમ આત્મામાં પરદ્રવ્યનો અભાવ છે તો આત્મા ટક્યો છે. ખબર ન મળે કાંઈ. ધૂળધાણીના ધંધા બધા. આહા..હા..!

સ્વદ્રવ્યમાં પરદ્રવ્યનો અભાવ છે. પોતાથી આત્મા છે અને પરથી નથી તો પોતે ટકી શકે છે. આહા..હા..! પર વિના જ ચલાવ્યું છે. માન્યતા એવી છે કે પર વિના અમે નથી ચલાવી શકતા. તારી માન્યા ખોટી છે. સમજાણું કાંઈ? બોટાદમાં ૨૦૧૦ની સાલ. ૨૩ વર્ષ થયા. વેદી પ્રતિષ્ઠા મંદિરની હતી. આહા..હા..! ખરેખર તો ભગવાન આત્મા પરદ્રવ્યના અભાવથી પોતાનો નિભાવ થાય છે. એ તો ઠીક પણ રાગના અભાવે આત્મા ટકી રહ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? વાત તો લોજિકથી થાય છે. તમે બધા સુધરેલાઓને આ લોજિકથી બેસે એવું છે. એમ ને એમ માનવું એમ નથી અહીં. વીતરાગ સર્વજ્ઞની વાત ન્યાય, લોજિક, જ્ઞાનથી કેમ સત્ય છે એમ સમજવું. આમ ને આમ માને એ માન્યતા સત્યની નથી. સમજાણું કાંઈ?

અહીં કહે છે, ત્રણ વાત લીધી. પહેલાં તો આત્મા અને કર્મના એકપણાનો અધ્યાસ એ જેમનું મૂળ, કોનું? મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગસ્વરૂપ અધ્યવસાય. એની સાથે અધ્યવસાય એકતાબુદ્ધિ છે. આહા..હા..! બેને એક માનનારાને મિથ્યાત્વ-અવિરતિ-અજ્ઞાન સાથે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે. આહા..હા..! અને એ જ અધ્યવસાય રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવના કારણ છે. આહા..હા..! મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપી આસ્રવ એનું એ કારણ છે. આહા..હા..!

‘**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**’ અને એ આસ્રવભાવ નવા કર્મનું કારણ છે, નવા કર્મ બંધાય છે. આહા..હા..! ‘**કર્મ નોકર્મનું કારણ છે;...**’ અને નોકર્મ એટલે શરીર. એ કર્મ પાછું શરીરનું કારણ (થાય) એટલે શરીર મળે, એનાથી તો કાંઈ આત્મા નથી મળતો. આહા..હા..! સમજાણું કાંઈ? આ ક્રમ કહે છે ક્રમ. આહા..હા..! આ તો ગંભીર તત્ત્વ છે, પ્રભુ! આ કાંઈ વાર્તા નથી. ચકલી લાવી ચોખાનો દાણો અને ચકો લાવ્યો મગનો દાણો પછી કરી ખીચડી. એમ છોકરાઓ કરતા નાની ઉંમરમાં. કુંભારને આપ્યું, કુંભારે ઘડુલો આપ્યો ને ઘડુલામાંથી ખજૂર લીધો વાણિયા પાસે અને ખજૂરનું આ કર્યું... એવા એવા ગપ્પા મારતા હતા. એવી બધી આત્મતત્ત્વની વાત સિવાય બધા ગપ્પા છે. ચકલો ચોખાનો દાણો એવી વાતું છે બધી. આહા..હા..!

આ તો ત્રણલોકના નાથ જિનવરદેવ પરમેશ્વર, ઇન્દ્ર અને ગણધરોની સભામાં કહેતા હતા એ વાત અહીંયાં છે. આહા..હા..! ભગવાન! તું શું ચીજ છો અને રાગ અને કર્મ શું ચીજ છે? એ તો પરચીજ છે. તો સ્વ અને પરની એકત્વબુદ્ધિ જેનું મૂળ, બેનું એકત્વ અભિપ્રાય જેનું મૂળ. કોનું? મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગનું. અને એ અધ્યવસાય બેમાં એકત્વ ચારેયનું એ અધ્યવસાય રાગદ્વેષમોહનું કારણ છે અને રાગદ્વેષમોહ કર્મનું કારણ છે. આહા..! અને કર્મ શરીરનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? આમાં કાંઈ પકડાય નહિ. ઓલું તો કહે, દયા પાળો, દયા

મંડળીના અધ્યક્ષ થાઓ અને પાંચ-પચાસ હજાર ભેગા કરીને પછી.. એમાં સમજાય તો ખરું. શું સમજવું ધૂળ? એ તો અજ્ઞાન છે બધું. આહા..હા..! કહો, શેઠ! તમારું આવ્યું હતું ઓલામાં. કાંઈક દીવા કરવામાં શોભાલાલ શેઠ હતા. સાગરમાં. છાપામાં આવ્યું હતું. કો'ક વિવાહનું હતું કાંઈક. વિવાહ શું કહે છે? શેઠ મોઢા આગળ છેને. કરોડપતિ છે ઈ. એ નામ આવ્યું હતું ક્યાંક, શોભાલાલ શેઠ. ક્યાંક હતું શું હતું? નામ લખ્યા. હમણાં આવ્યું હતું. આહા..હા..! ગૃહસ્થાશ્રમમાં હોય. પણ આ તો... આહા..હા..!

તારી શોભા તો એમાં છે કે રાગથી ભિન્ન પડવામાં તારી શોભા છે. રાગ અને આત્માની એકત્વબુદ્ધિમાં તારી અશોભા છે. એમાં તો મિથ્યાત્વ-અજ્ઞાન-અવ્રત આદિની એકત્વબુદ્ધિ ઉત્પન્ન થાય છે. આહા..હા..! બહુ ઝીણું તત્ત્વ બાપુ! દુનિયા શું કહે છે એ ખબર નથી? અમે તો આખી દુનિયાને ઓળખીએ છીએને. આહા..હા..! હિન્દુસ્તાનમાં નવ-નવ હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ. નવ-નવ હજાર માઈલ. બધા જોયા છે. અરે..! બાપુ! મારગડા જુદાં નાથ તારા સંવરનો. સંવર.. સંવર. આહા..હા..! અહીં તો ઓલો સામાયિક કરીને બેસે આઠ વર્ષની છોકરી. પાંચ સામાયિક કરી. કાંઈક દ્યો. શેઠિયો આપે એને અડધો રૂપિયો કે રૂપિયો. એને પણ ધર્મ થાય અને ઓલાના પણ ધર્મ થાય. ધૂળમાંય ધર્મ નથી. આહા..હા..! પુણ્યના પણ ઠેકાણા નથી ત્યાં ધર્મ ક્યાંથી આવ્યો?

ત્રણ વાત કરી કે એક તો સ્વ અને પરની એકત્વબુદ્ધિ એવો અધ્યવસાય એ મિથ્યાત્વ, અવ્રત, અજ્ઞાનની એકતાબુદ્ધિનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એકતાબુદ્ધિનો અધ્યવસાય રાગદ્વેષમોહ આસ્રવનું કારણ છે અને એ રાગ, દ્વેષ અને મોહ આસ્રવનું કારણ છે અને એ આસ્રવ કર્મનું કારણ છે. કર્મ છેને? જુઓ, '**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' આહા..હા..! '**કર્મ નોકર્મનું કારણ છે;...**' નોકર્મ નામ શરીર આ જડ. એનાથી જડ મળે ધૂળ. આહા..હા..! '**અને નોકર્મ સંસારનું કારણ છે.**' અને આ શરીર એ સંસારનું કારણ છે પછી. આહા..હા..! આ માટી જડ ધૂળ. આહા..હા..! પરમાણુ આ. પરમાણુ છેને એક એક. અનંત પરમાણુનો પિંડ છે આ આખું શરીર. રજકણ. આ એક દ્રવ્ય નથી. અનંત રજકણનો પિંડ એટલી આંગળીમાં છે. એવા અનંત રજકણનો પિંડ ધૂળ, માટી છે. એ શરીર સંસારનું કારણ છે. આહા..હા..! શરીર ધર્મ સાધનં, ધર્મ થાય શરીરથી.. અહીં તો શરીર સંસારનું કારણ છે એમ કહ્યું. ઝીણી વાત, બાપુ! આહા..હા..! ભગવાન! તારી ચીજ એવી. કદી સાંભળી નહિ, કદી રુચિ કરી નહિ અને એમ ને એમ આંધળી દોડે (દોડ્યો).

અહીં એ કહ્યું. '**માટે—સદાય આ આત્મા,..**' આ કારણે સદાય આ આત્મા. '**આત્મા ને...**' અહીંયાં આત્મા નાખ્યું પાછું, જોયું! પહેલાં તો '**જીવને, આત્મા અને કર્મના એકપણાનો અધ્યવસાય...**' એમ નાખ્યું હતું. '**સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...** ' આહા..હા..! વિપરીત માન્યતા રાગાદિને પોતાના માને છે. આહા..હા..! અવિરતિભાવ, યોગભાવ એને પોતાનો માને છે. આહા..હા..! '**(અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે);...** ' એટલે આત્માને માનતા નથી. મિથ્યાત્વ અધ્યવસાન એકત્વબુદ્ધિ કરે છે. '**તેથી, રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...** ' જેને

પોતાનો માને એની ભાવના કરે, એમ કહે છે. શુભરાગ થાય દયા, દાન, વ્રતાદિ, પણ પોતાનો માને તો એની ભાવના કરે. આ હોય તો ઠીક, વૃદ્ધિ થાય તો ઠીક. આહા..હા..! સમજાણું કાંઈ?

'**રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે, તેથી કર્મ આસ્રવે છે;...**' શું કહે છે? કે આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે. એ રાગને પોતાનો માનવાથી એકતાબુદ્ધિ થવાથી એ રાગની ભાવના કરે છે. એને પોતાનો માને એની ભાવના કરે છે. આહા..હા..! છે? એ કારણે આસ્રવભાવને ભાવે છે. રાગની ભાવના કરે છે, દ્વેષની ભાવના કરે છે, મિથ્યાત્વની ભાવના કરે છે. '**તેથી કર્મ આસ્રવે છે;...**' લ્યો! '**તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.** ' એ અનાદિની અજ્ઞાનદશામાં આમ કર્યું એ વાત કહી. હવે સમ્યગ્દર્શનમાં કેમ થાય છે એ વાત ચાલશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**માગસર વદ-૭, સોમવાર, તા. ૧૩-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૦ થી ૧૯૨, પ્રવચન નં. ૨૬૦**

સમયસાર. ... ધર્મની ત્યારે શરૂઆત થાય. રાગના વિકલ્પ છે... કર્મથી લીધું છે અહીંયાં, પણ એ કર્મ રાગ. રાગ જે પરદિશા તરફ વળેલો ભાવ એને સ્વદિશા તરફ વાળેલા ભાવથી ભિન્ન કરે, ત્યારે તેને પરથી ભિન્ન ભેદજ્ઞાન થાય, ભેદજ્ઞાનમાં આત્માની પ્રાપ્તિ થાય. આત્માની પ્રાપ્તિથી અનુક્રમે સર્વસંગ પરિત્યાગ કરીને રાગનો પણ અસ્થિરતાનો ત્યાગ કરીને અંદર ઠરે ત્યારે તેને કર્મ ન બંધાય અને ત્યારે તેને મોક્ષ થાય. હવે એનાથી અવળું. જ્યારે પરથી ભેદ પાડે છે ત્યારે તેને ભેદજ્ઞાન થાય છે, ત્યારે હવે અહીં કહે છે, '**પ્રથમ તો જીવને, આત્મા અને કર્મના...**' આત્મા કહો કે જીવ કહો. બે શબ્દ ભિન્ન પાડ્યા છે. ઓલા અન્યમતિ એમ કહે છેને આત્મા અને જીવ જુદી ચીજ છે. આત્મા નિર્લેપ તે આત્મા અને રાગસહિત જીવ તે જીવ. એ માટે બે શબ્દ જુદાં પાડ્યા છે. સમજાય છે કાંઈ?

'**જીવને,...**' એટલે કે આત્માને. '**આત્મા અને કર્મના એકપણાનો...**' ભાષા જુઓ! હવે ઓલા ભેદજ્ઞાનમાં ભિન્ન હતું. એકપણાનો જે અધ્યવસાય. આહા..હા..! '**તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવના કારણ છે;...**' આહા..હા..! લ્યો! પહેલું તો એમ કહ્યું કે રાગ અને આત્માની એકતાબુદ્ધિનો જેને અભિપ્રાય છે એના અધ્યવસાયો મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગ સાથે એકત્વબુદ્ધિનો અધ્યવસાય છે. આહા..હા..! શુભ-અશુભયોગ છે એને રાગની એકતાબુદ્ધિ છે તેથી શુભ-અશુભયોગમાં પણ એનો એકત્વનો અધ્યવસાય છે, એકપણાનો એનો નિર્ણય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જ્યારે આમ પરથી ભિન્ન પાડવું છે એ ભેદજ્ઞાન છે અને પરથી એકતાબુદ્ધિ કરવી છે તે અભેદજ્ઞાન છે, મિથ્યાત્વ છે. આહા..હા..!

**શ્રોતા :-** એનાથી નુકસાન થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નુકસાન કાંઈ નથી, સંસારમાં રખડવાનું થાય છે, લાભ થાય છે, સંસારમાં રખડવાનો લાભ થાય છે.

**શ્રોતા :-** પૈસાદાર થવાનો લાભ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! દુઃખી થવાનો લાભ છે. પૈસા ધૂળમાં ક્યાં ત્યાં? આહા..હા..!

બહુ સૂક્ષ્મ વાત છે. સંવર અધિકાર છેને. ધર્મની શરૂઆત. ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, ખરેખર તો એ કર્મ છે. કર્મજન્ય છે એથી ખરેખર વિકાર તે કર્મસ્વરૂપ જ છે. એની જેને એકતાબુદ્ધિ છે, એ બેનો જેને એકપણાનો અભિપ્રાય છે, એ અભિપ્રાય જેનું મૂળ છે. કોનું? મિથ્યાત્વ-અજ્ઞાન-અવ્રત-યોગનું એ મૂળ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! ધર્મ ઝીણી વાત, બાપુ! આ વીતરાગનો ધર્મ સર્વજ્ઞ પરમેશ્વર એને ધર્મ કહે છે કે ચાહે તો શુભરાગ હો એનાથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકાગ્રતા કરવી એનું નામ ધર્મ છે અને આત્માની એકાગ્રતા છોડી, રાગની એકતા કરવી એ મિથ્યાત્વરૂપી અધર્મ છે. આહા..હા..! આ વાત લોકોને લાગે કે આ નિશ્ચયની વાત છે, થોડું ફેરવો, થોડું ફેરવો એમ કહે છે.

**શ્રોતા :-** આપે બહુ કઠીન કરી દીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠીન કર્યો? માર્ગ એવો છે. કઠીન ને સરળ બે ભાષા ક્યાંથી આવી? માર્ગ તો આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! સમજાણું કાંઈ? આમ એકતા, આમ એકતા. બસ! આ સંવર અધિકારની વિરુદ્ધ વાત. આમ એકતા એ સંવર છે, રાગની એકતા એ મિથ્યાત્વનો આસ્રવ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! આવી વાત! એ સર્વજ્ઞ સિવાય ક્યાંય આ વાત હોઈ શકે નહિ, પણ એ વાત સર્વજ્ઞના વાડામાં જન્મ્યા જૈનમાં એને પણ ખબર ન મળે. આહા..હા..! અહીં તો કહે છે, પૂજા ને ભક્તિ ને જાત્રાનો જે ભાવ, વ્રત અને તપનો ભાવ એ બધો શુભરાગ છે. આહા..હા..! આ શું? એ રાગને..

**શ્રોતા :-** શુભરાગ છે. એ તો ભલું...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભલે શુભરાગ એટલે? એ તો અશુભરાગની અપેક્ષાએ શુભ છે, સ્વભાવની અપેક્ષાએ તો અશુદ્ધ છે. એ અશુદ્ધના બે પ્રકાર છે—શુભ અને અશુભ. એની સાથે જેને એકપણાની બુદ્ધિ છે એ પર્યાયબુદ્ધિ છે એમ કહેવું છે મૂળ તો. આહા..હા..! એના એકપણાનો જે અભિપ્રાય એ જેનું મૂળ છે. કોનું? કે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગની એકતાબુદ્ધિ જે અધ્યવસાય એનું મૂળ એ છે. આહા..હા..! હવે આમાં લોકો ઈ રાડ પાડે છે. વ્યવહારથી લાભ થાય... વ્યવહારથી લાભ થાય.. નહિતર એકાંત છે. અહીં તો કહે છે કે વ્યવહારનો રાગ છે એનાથી પૃથક્ થાય તો લાભ થાય. આહા..હા..! જેનાથી ભેદ કરવો છે એને સાથમાં લઈને સંવર થાય? આહા..હા..! એનાથી તો ભેદ કરવો છે. આહા..હા..! મૂળમાં ભૂલ છે. ઝીણી વાત પડે લોકોને એટલે બીજે રસ્તે હતા અને આ વાત આવી એટલે લોકોને ખળભળાટ... ખળભળાટ થઈ ગયો. ભગવાન! માર્ગ તો આ છે. કોઈ વ્યક્તિનો

માર્ગ નથી આ કાંઈ. એ તો વસ્તુના સ્વરૂપનો પંથ જ આ છે. આહા..હા..! અધ્યવસાય છે.

'તેઓ...' એટલે કે '**મિથ્યાત્વ-અજ્ઞાન...**' જોયું! અલ્પજ્ઞદશાને પૂર્ણ માને, પોતાનું સ્વરૂપ માને આખું એ એકતાબુદ્ધિ. એ અવિરતિ એની સાથે એકતા અધ્યવસાય, યોગ એની સાથે એકતાનો અધ્યવસાય. '**તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' આહા..હા..! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગનો એકપણાનો અધ્યવસાય એ રાગદ્વેષમોહનું કારણ છે. આહા..હા..! છે? '**તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' આહા..હા..! ગજબ વાત છેને! આ વાત ક્યાં છે? 'તેઓ...' એટલે? મિથ્યાત્વ-વિપરીત માન્યતા, અજ્ઞાન-અવિરતિ-શુભ-અશુભયોગ, એની એકતાનો અધ્યવસાય એનું મૂળ બેની એકતા એનું મૂળ છે. રાગ અને આત્માની એકતાનું મૂળ આ છે. એ મૂળની આ ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આ તો વીતરાગી તત્ત્વ છે. વસ્તુ પોતે આત્મા વીતરાગી સ્વરૂપ છે એને આત્મા કહીએ અને રાગ છે તે આસ્રવ છે, વિકાર છે. પુણ્ય રાગ હો પણ એ આસ્રવ છે. એ બેની એકતાબુદ્ધિનો અભિપ્રાય જેનું મૂળ છે એવા મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ અને યોગ એના અધ્યવસાન એને વિદ્યમાન છે. આહા..હા..! અને એ અધ્યવસાયો જેને છે તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવનાં કારણ છે. આહા..હા..! ક્યાંથી ક્યાં ઉપાડીને... સમજાણું કાંઈ?

એ રાગદ્વેષમોહ. મોહ શબ્દે મિથ્યાત્વ ભેગું આવી ગયું. '**રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવભાવનાં કારણ છે;...**' આહા..હા..! '**આસ્રવભાવ કર્મનું કારણ છે;...**' હવે આવ્યું પાછું. આહા..હા..! એ આસ્રવભાવ છે એ કર્મનું કારણ છે. આહા..હા..! કેટલી વાત કરી છે! થોડા શબ્દોમાં પણ ગહન વાત ભરી છે. આહા..હા..! ભગવાન આત્મા, ચાહે તો શુભ વિકલ્પ હો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, જાત્રા, પણ એ રાગની સાથે ચૈતન્ય વીતરાગસ્વરૂપ છે એની એકતાબુદ્ધિનું જે અધ્યવસાય-એકતાબુદ્ધિનો અભિપ્રાય... આહા..હા..! એ અભિપ્રાય મિથ્યાત્વ, અજ્ઞાન, અવ્રત, યોગના એકત્વ અધ્યવસાયનું એ મૂળ છે. આહા..! બેને એક માન્યા તેથી આ ચારમાં એકપણાનો અધ્યવસાય છે એને એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**તેને તેઓ રાગદ્વેષમોહસ્વરૂપ આસ્રવ ભાવનાં કારણ છે;...**' આહા..હા..! વળી એકકોર કહે કે બેની એકતા એ જેનું મૂળ એવા જે મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ એના અધ્યવસાય, એનું મૂળ એ બેની એકતા છે એ એનું મૂળ છે. એથી એમાં એકતા આવી ગઈ છે. આહા..હા..! શુભરાગમાં એકતાનો અધ્યવસાય, એ પર અને આત્માને એકપણાનો અભિપ્રાય (છે), એથી આ અધ્યવસાય ચાર ઊભા થયા એમાંથી. આહા..હા..! શશીભાઈ! આવી વાત છે. આવી ઝીણી વાતું માણસને (સમજવી કઠણ લાગે).

'**આસ્રવભાવ કર્મના કારણ છે; કર્મ નોકર્મનું કારણ છે;...**' નોકર્મ એટલે શરીર, શરીર. આહા..હા..! એને શરીર મળશે. ઓલા ભેદજ્ઞાનીને મોક્ષ મળશે. રાગથી ભિન્ન પડનાર આત્માને આત્માની લબ્ધિ થતાં, આત્મ અનુભવ થતાં એને અનુભવ દ્વારા એને મોક્ષ થશે-અશરીરીદશા થશે.

આહા..હા..! અને રાગ ને આત્માને એક માનનારને ચારના એકતાના અધ્યવસાયનું એ મૂળ છે એકપણું રાગ અને આત્માને એક માનવા એ, એનાથી અધ્યવસાય ઊભા થશે અને અધ્યવસાય તે રાગદ્વેષમોહના આસ્રવનું એ કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ જીવને જગતને બહારનો રાગ કરો, આ કરો, આ કરો એનાથી લાભ થશે, એ તો મિથ્યાત્વનો અભિપ્રાય છે કહે છે, એ તો મિથ્યા અભિપ્રાય છે. શુભરાગ કરો, રાગ કરતાં-કરતાં સમકિત થશે. આહા..હા..! વીતરાગમાર્ગ બાપુ! હવે આ વાત લોકોને આકરી લાગે. એટલે એમ કહે કે સોનગઢવાળા એકાંત નિશ્ચયની વાત કરે છે. પણ આ શું છે? આ પુસ્તક શું કહે છે? આહા..હા..! કહો, દેવીલાલજી! આહા..હા..! ભાઈ! તને ખબર નથી માર્ગની, બાપુ! વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ પરમેશ્વર એનો આ હુકમ છે, એનું આ ફરમાન છે એ સંતો આડતિયા થઈને જગત પાસે જાહેર કરે છે. આહા..હા..! એ કોઈ પક્ષની કે પક્ષના વિરોધની વાત નથી. આત્માના પક્ષના વિરોધની વાત એ આસ્રવ છે. એની એકતાબુદ્ધિ એ વિરોધની વાત છે. આહા..હા..! રાગ, દ્વેષ અને મોહ એ ચારની એકતાનો અધ્યવસાય તે જ અધ્યવસાય તે રાગદ્વેષમોહનું કારણ છે અને તે રાગદ્વેષમોહ આસ્રવના કારણ છે. આહા..હા..!

'**આસ્રવભાવ કર્મનું કારણ છે; કર્મ...**' શરીરનું કારણ છે. એ શરીર મળશે એને સંસાર. આહા..હા..! જડ છે. ઓલાને ચૈતન્ય મળશે પૂર્ણ. ભેદજ્ઞાનીને પૂર્ણ ચૈતન્ય મળશે. રાગની એકતાબુદ્ધિવાળાને શરીર મળશે જડ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! હવે અહીં કહે છે કે વ્યવહાર કરતાં-કરતાં સમકિત થાય. હવે અહીં તો ના પાડે છે. વ્યવહાર છે તે શુભરાગ છે, એને ભેદ પાડતા ભેદજ્ઞાન થાય, જુદું પાડતા આત્માનું જ્ઞાન થાય. આહા..હા..! એને સાથમાં રાખીને ભેદજ્ઞાન થાય? જેનાથી જુદું પાડવું એને સાથમાં રાખવો? આહા..હા..! ઝીણી વાત તો ખરી, ભાઈ! માર્ગ તો એવો છે. આહા..હા..! શું કહેવાય વાણી? વાણીનું ન આવ્યું? દિપચંદજીનું. વાણી કીધુંને. પુસ્તક ન આપણે વાંચ્યું છેલ્લું. વાણીવિલાસ? ભાવદિપીકા. ભાવદિપીકામાં એવું લખ્યું છે દિપચંદજીએ, કે અત્યારે કોઈ આગમની શ્રદ્ધા જોઈએ તે દેખાતી નથી અને કોઈ વક્તા પણ સત્ય કહેનારો અમને નજરે પડતો નથી, દેખાતો નથી અને જો મોઢેથી વાત કરીએ તો સાંભળવા નવરા નથી. તેથી આ લખી જાવ છું હું તો. દેવીલાલજી!

**શ્રોતા** :- તે દિ' પણ એવું હતું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તે દિ' પણ હશે જુઓને આ. આ લખાણ છે. બતાવ્યું હતું. તે દિ' પુસ્તક અહીં હતુંને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

સર્વજ્ઞ વીતરાગ જિનેશ્વરદેવ, પરમેશ્વર જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા, એ ભગવાનનો આ હુકમ છે, કે જેને એ વ્રતના, તપના, દયાના, દાનના, સ્મરણના, જાત્રાના ભાવ રાગ એની સાથે જેની એકતાબુદ્ધિ છે... આહા..હા..! એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! અને મિથ્યાદૃષ્ટિને લઈને એનો મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, અવ્રતભાવ, યોગભાવ એને એકપણે એ માને છે. એને એકપણે માને, ઓલા મૂળ એકતાને કારણે આને એકપણે માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી

વાતું! માણસને બિચારાને ખળભળાટ... ખળભળાટ. એને ઘરે રહ્યો ખળભળાટ, જ્યાં છે ત્યાં છે. આહા..હા..! માર્ગ તો આવો છે પ્રભુનો. વીતરાગ સર્વજ્ઞદેવ ભાઈ! આહા..હા..!

કહે છે '**નોકર્મ સંસારનું કારણ છે.**' જોયું! શરીર એ સંસાર છે. એ સંસારનું કારણ છે. કેમકે શરીર મળ્યું એટલે પાંચ ઇન્દ્રિયના વિષયો તરફ લક્ષ જશે એને અને એમાંથી પાછો અભિપ્રાય જૂઠો થાશે કે આ મને લાભદાયક છે અને આ મને લાભદાયક છે. આહા..હા..! પ્રતિકૂળતા એ નુકસાનકારક છે, અનુકૂળતા મને લાભદાયક છે. એ શરીરમાંથી આ ઊભું થાશે. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે સદાય આ આત્મા, આત્મા ને કર્મના એકપણાના અધ્યાસથી...**' આહા..હા..! શું કહે છે? સદાય આ આત્મા, આત્મા ને રાગના એકપણાના અભિપ્રાયથી '**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતી-યોગમય આત્માને માને છે...**' જોયું! આહા..હા..! 'રાગમય છું, હું આત્મા રાગમય છું' એમ માને છે. એથી ઠમિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતી-યોગમય છું' એમ એ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**(અર્થાત્ મિથ્યાત્વાદિ અધ્યવસાન કરે છે);...**' એમ. આહા..હા..! એ રાગનો ભાવ શુભ હો દયા, દાન, વ્રત, ભક્તિ એ પણ રાગ છે. એ રાગની એકતાબુદ્ધિને લઈને મિથ્યાત્વ, અવિરતિ, અજ્ઞાન અને રાગ .. એમાં એકતાનો અધ્યવસાય ઊભો થાય છે. આહા..હા..! બગડે બે. એક ને બીજો પોતાનો માને તેનું બગડ્યું. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો માર્ગ! ઓલું તો કેવું સહેલું ઇચ્છામી પડિક્કમણા ઇરિયા વિરિયા વિરાણા તસ્સમિચ્છામી દુક્કડમ જાવ. થઈ ગઈ સામાયિક. ક્યાં એ સામાયિક હતી, બાપા! તાવકાય ઠાણેણં માણેણં, જાણેણં અપ્પાણં એ તસ્સઉતરી. નહિ ખબર અર્થની. એ તો વિશલ્યી કરણેણં એવો અશબ્દ છે એમાં. વિશલ્યી કરણેણં. શલ્ય રહિત થવા માટે હું કાયોત્સર્ગ કરું છું. આહા..હા..! તો હજી મિથ્યાત્વના શલ્ય છે ત્યાં કાયોત્સર્ગ કેવા? આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન પાસે ઊભા રહેને જરી દર્શન કરીને કરે. પણ હજી 'રાગ મારો છે' એવો મિથ્યાત્વભાવ પડ્યો છે ત્યાં કાયોત્સર્ગ કેવો? રાગને, કાયાને છોડી દેવું એ ક્યારે? કે આત્માના આનંદમાં ઠરે ત્યારે રાગને કાયાને છોડી કહેવાય, કાયોત્સર્ગ કર્યું. કહો, જાધવજીભાઈ! આ કર્યું હતુંને બધું આ તાવકાયં ઠાણેણં, ઇચ્છામી પડિક્કમણા. સામાયિકમાં આવે એ પાઠ. અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે, થઈ ગઈ સામાયિક અને થઈ ગયા પોષા. આહા..હા..! આઠમના પોષા કરતાં, વીરચંદભાઈ! તમારા બાપ. ૭૧ ચોમાસામાં કાનજીભાઈ પોષા કરે બધા ૧૫-૨૦ ભેગા થાય. આ દેસાઈ તમારા બાપના બાપ. મોહનજી દેસાઈ. મોહનજી દેસાઈ, આ કાનજીભાઈ, ઓલો ભાવસાર. જયરામ ભાવસાર એવા ૧૫-૨૦ જણા. હા, જયરામ ભાવસાર, એનો દીકરો અહીં હતો ને. એ બધા કરે પછી માને કે અમે પોષા કર્યા. શેના પોષા પણ? હજી રાગ ને આત્મા એક છે કે ભિન્ન છે એની ખબર ન મળે, ક્યાંથી તારો પોષો આવ્યો? આહા..હા..!

અહીં કહે છે કે... ત્યાંથી ઉપાડ્યું હતું ને? '**એકપણાના અધ્યાસથી...**' આહા..હા..! '**મિથ્યાત્વ-અજ્ઞાન-અવિરતિ-યોગમય આત્માને માને છે...**' પહેલાં એમ કીધું હતું કે એ ચારનો એકપણાનો

અધ્યવસાય કરે છે, એ અહીં કીધું કે એ ચારને એકપણે માને છે. આહા..હા..! મિથ્યાત્વને, અજ્ઞાનને અવ્રતભાવ રાગ અને યોગ-શુભાશુભભાવ, એને એકપણે માને છે અજ્ઞાની. આહા..હા..! સુજાનમલજી! ત્યાં સાદડીમાં સાંભળ્યું હતું ક્યાંય? આહા..હા..! પ્રભુ! લાગે આકરું, ભાઈ! શું થાય? માર્ગ જ આ છે ત્યાં. વીતરાગમાર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય કે રાગથી ઉત્પન્ન થાય? આહા..હા..! રાગની એકતાબુદ્ધિથી તો મિથ્યાત્વ ઊભું થાય અને એને લઈને ચારેયમાં એકત્વનો અધ્યવસાય ઉત્પન્ન થાય, એકત્વ અધ્યવસાયને લઈને રાગ-દ્વેષ-મોહ ઊભા થાય. રાગ-દ્વેષ-મોહને કારણે આસ્રવ થાય, આસ્રવથી કર્મ થાય અને કર્મથી શરીર મળે. આહા..હા..! પંડિતજી! કેવી વાત કરી છે! આહા..હા..! થોડા શબ્દોમાં એકદમ મિથ્યાત્વ અને ભેદજ્ઞાન શું. લ્યો!

**'વળી તેથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે,...'** ઓલામાં એમ હતુંને એ આસ્રવભાવના કારણ છે એમ કીધું. હવે એ જેને પોતાના માને એની ભાવના કરે છે એમ કહે છે. શુભભાવ હજો, શુભભાવ થાજો. આહા..હા..!

**શ્રોતા :-** એમાં શિષ્યનો વાંક છે કે ગુરુનો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો પંડિતજી! એનો ઊંધાઈનો વાંધો. ગુરુએ કીધું પણ માન્યું એણેને. ગુરુ કહેવા કોને પણ હજી? આહા..હા..! સર્વજ્ઞ વીતરાગ પરમ આપ્તપુરુષ છે, મુનિ પણ આપ્ત છે અને સમકિતી પણ આપ્ત છે એવું લીધું છે. સમજાણું કાંઈ? હિતને માટે માનવાલાયક.. આહા..હા..! એમાં નાખ્યું છે. સમજાણું? શું કીધું એ પુસ્તક ભૂલી ગયો. ભાવદિપીકા. ભાવની દિપીકા-સૂર્ય. ભાવને બતાવનારી દિપીકા. પાંચ ભાવનો અધિકાર છેને. પાંચ ભાવનો છે દિપચંદજીએ કરેલો. એ વખતે એને એમ લાગ્યું દિપચંદજીના કાળમાં આહા..! કે અત્યારે કોઈ આગમની સાચી શ્રદ્ધા માનનારો દેખાતો નથી અને વક્તા સત્ય કહેનારો દેખાતો નથી. બે. અને ત્રીજું, જો મોઢેથી વાત કરીએ તો સાંભળતા નથી. આહા..હા..! નહિ. નહિ.

**શ્રોતા :-** બીજા માને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેટલા વર્ષ થયા? અઢીસો વર્ષ. તો અત્યારે તો કાળ ઠીક છે, સાંભળે છે. અમારે ધીરૂભાઈ પણ સાંભળે છે. એ તો શેઠિયા કહેવાય, સુધરેલા કહેવાય આ લૌકિક. આહા..હા..! એ સાંભળે છે. માર્ગ તો ભાઈ, આ છે. આહા..હા..! ઓલા તો સાંભળવા નવરા નહિ, સામું જોવે નહિ. આ શું એકલી નિશ્ચય-નિશ્ચયની વાતું! એથી હું લખી જાવ છું. ભાઈ! એમ લખે છે. ચોથે બોલે એમ લખ્યું. હું આ શાસ્ત્રમાં લખી જાવ છું. આહા..હા..! માર્ગ આ છે.

અહીં એ કહે છે, જે **'રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવને ભાવે છે...'** ભાષા દેખો! જેને પોતાના માન્યા તેની ભાવના કરે છે એ. રાગને, શુભને પોતાનો માન્યો એથી રાગની ભાવના કરે છે. આ રાગ હજો... રાગ હજો... રાગ હજો. આસ્રવને ભાવે છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? જેને પોતાના માને એની વૃદ્ધિ જ માનેને એ તો. પોતાના દીકરા માને એની પુષ્ટિ કેમ થાય, વધારે કેમ થાય એમ જ માનેને, એમ રાગને પોતાનો માન્યો તો એની વૃદ્ધિ કેમ થાય એવી એને આસ્રવભાવના છે અજ્ઞાનીને.

આહા..હા..! ભારે કામ બાપુ આકરું.

'**તેથી કર્મ આસ્રવે છે; તેથી નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.**' શરીર થયું એટલે આખો સંસાર ઊભો થયો. આહા..હા..! '**પરંતુ...**' અહીં સુધી તો કાલે આવ્યું હતું. આહા..હા..! આ તો ફરીને લીધું. આમ એકતા અને આમ એકતા એટલું. આ કેમ આવું નાખ્યું આમાં? આત્મા અને કર્મની એકતા કેમ નાખી? કે આમ જે એકતા છે એ ધર્મ છે, આમ એકતા, આમાં એકતા છે તે અધર્મ છે. આહા..હા..! ભેદજ્ઞાન છેને આ. સ્વભાવની એકતા અને રાગની ભિન્નતા તે ભેદજ્ઞાન, રાગની એકતા અને સ્વભાવની ભિન્નતા એ મિથ્યાત્વભાવ. આહા..હા..! અરે..! આ તો હિતની વાત છે, બાપુ! આવો વખત મળ્યો, મનુષ્યપણું (મળ્યું), વીતરાગમાર્ગમાં આવ્યો. હવે એ વખતે આવી ચીજ છે એને પ્રતીતમાં ન લે, ભાઈ! કે દિ' આરા આવશે, બાપુ! દુનિયા સાથે નહિ આવે કાંઈ કે અમને વખાણતા હતા, અમે ધર્મી છીએ એમ માનતા હતા લોકો, ઘણાં રિપોર્ટ આવતા હતા. બાપુ! કોઈ સાથે નહિ આવે, ભાઈ! આહા..હા..! એ શરીર મળશે અને દુઃખનું વેદન તારે એકલાને કરવું પડશે. આહા..હા..!

હવે સવળું. '**પરંતુ જ્યારે (તે આત્મા), આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...** ' જોયું! ઓલામાં આત્મા અને કર્મનો એકપણાનો અધ્યાસ હતો. હવે આત્મા અને કર્મના ભેદવિજ્ઞાન વડે. રાગ અને ભગવાન વીતરાગ, આત્મા વીતરાગમૂર્તિ છે અંદર ચૈતન્ય ભગવાન. આહા..હા..! વીતરાગપણે ન હોય તો કેવળજ્ઞાનમાં વીતરાગી થયા એ ક્યાંથી આવશે? ક્યાંય બહારથી આવે છે વીતરાગતા? આહા..હા..! સમજાણું કાંઈ? એ વીતરાગતાની અને રાગની એકતા જેને નથી. આહા..હા..! છે?

'**જ્યારે આત્મા ને કર્મના ભેદવિજ્ઞાન વડે...**' રાગ અને વીતરાગપણાના ભેદવિજ્ઞાન વડે. આહા..હા..! '**શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર આત્માને ઉપલબ્ધ કરે છે—**' આહા..હા..! રાગ અને આત્મા બે ભિન્ન છે એમ જેને ભેદજ્ઞાન થયું, એ વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર. આહા..હા..! જેના એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણે એવી ચૈતન્યચમત્કાર ૠદ્ધિવાળો આત્મા છે. આહા..હા..! ચમત્કાર છે આ. ઓલા બાહ્યના ચમત્કાર પૈસા આપ્યા ને છોકરો થયો ને ઢીંકણું થયું. ધૂળેય નથી ચમત્કાર બધા. આહા..હા..! પંડિતજીએ પૂછયું હતુંને કે આ લાકડી ફરે છેને ચમત્કાર થાય છે, પૈસા થાય. ધૂળેય નથી આમાં ચમત્કાર. આ તો લાકડી છે. આહા..હા..! પૈસાવાળા સાંભળવા આવે એટલે એને લોકની કાંઈ દરકાર ન હોય કે ભાઈ દિકરા ને દિકરી કેમ પરણાવશે. એથી બિચારા સ્વતંત્રપણે આવે. એથી પૈસાવાળા આવે માટે પૈસા આને લઈને થયા? ગરીબ માણસ આવે તો પાછા દીકરા-દીકરીના વાંધા ઉઠે. રાણપુરમાં એક બિચારો આવ્યો હતો પહેલો આ બાજુ વિશાશ્રીમાળી હતા. અને પછી દીકરા મોટા થયા, વરે નહિ. આમાં દેનારા કોઈ મળે નહિ, સ્થાનકવાસી આપે નહિ. પાછા ભળી ગયા એમાં સ્થાનકવાસીમાં છોડી દીધું.

**શ્રોતા :-** ભળી ગયા અને સ્થાનકવાસીમાં સગપણ પણ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયું. છતાં એને પ્રેમ અંદર હતો બિચારાને પણ હવે આવી શકે નહિ.

શેઠિયાઓને કાંઈ દરકાર છે કે અમારા દિકરા-દિકરી નહિ પરણે એ? એય..! શેઠ! એટલે એ શેઠિયાઓ બહુ આવે એમ કહે. આવવાનું આ કારણ છે કે એને દરકાર નથી પરની. આહા..હા..! ભાઈ! પ્રભુના માર્ગ આ છે. આહા..હા..!

રાગની એકતાબુદ્ધિ ઊંડે કૂવે ઉતારશે. આહા..હા..! ઊંડો ભવસિંધુ. કીધુંને સંસાર ભવસિંધુ. આહા..હા..! મોટો દરિયો. ચોર્યાસી લાખના એક-એક યોનિમાં અનંત અવતાર. એવી રાગની એકતાબુદ્ધિ, ભાઈ! તને અનંત ભવસિંધુમાં ડુબાડશે. એને તું ધર્મનું કારણ માન, પ્રભુ! તારા આરા નહિ આવે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન છે, એ આત્મા તો ભગવાન છે દ્રવ્યે. દ્રવ્યે તો આત્મા સાધર્મી છે અને પર્યાયમાં પણ ભલે ભૂલ હોય તો સત્વેષુ મૈત્રી હોય, કોઈ પ્રત્યે વેર ન હોય. આત્મા છે. તત્વેષુ મૈત્રી, ગુણેષુ પ્રમોદ. ભગવાન આત્મા આહા..હા..! વસ્તુ તરીકે એનો આત્મા આ આત્માનો સાધર્મી છે. આહા..હા..! શાસ્ત્રમાં તો એમ પણ આવે છે કે દરેક આત્મા શુદ્ધ છે તે ઉપાદેય છે, દરેકના શુદ્ધ છે તે ઉપાદેય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવે છેને? પછી એમાંથી પાંચ પદ પરમેષ્ઠી ઉપાડે, એમાંથી સિદ્ધ અને એમાંથી પણ આ આત્મા પાછો એકલો. આહા..હા..!

‘**કર્મના ભેદવિજ્ઞાન વડે શુદ્ધ ચૈતન્યચમત્કારમાત્ર...**’ આહા..હા..! ઓલું આસ્રવનું કારણ કીધું. આ ચૈતન્યચમત્કાર આત્માને પ્રાપ્ત અનુભવે છે. આહા..હા..! અનંત ચૈતન્યપ્રકાશનું પૂર પ્રભુ આત્મા. સવારમાં આવ્યું હતું નહિ? પૂર-પ્રવાહ. પરમાત્મપ્રકાશ. અનંત ચૈતન્યપ્રકાશનો પૂરનો પ્રવાહ છે એ. આહા..હા..! એ તો પર્યાયમાં આવ્યું હતું. પર્યાય એવી છે ધર્મની. આહા..હા..! પણ એ પોતે સ્વરૂપ એવું છે એમાંથી પર્યાય એવી પ્રગટ થઈ. અત્યંત નિર્મળ ચૈતન્યપૂરનો પ્રવાહ પર્યાયમાં પ્રગટ થયો એને અહીં ચૈતન્યચમત્કાર ત્રિકાળ કહે છે. એવા ચૈતન્યભાવને આત્માને ઉપલબ્ધ કરે છે એ પર્યાય છે. આત્મા ચૈતન્યચમત્કાર છે એ આત્મા, એને ઉપલબ્ધ કરે છે એ પર્યાય. આહા..હા..! સમજાણું? પરિણતિએ છે ઉપલબ્ધ.

‘**અનુભવે છે ત્યારે મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...** ’ આહા..હા..! મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગ એની એકતાબુદ્ધિનો આસ્રવ એને રોકાઈ જાય છે. આહા..! ત્યારે એને આસ્રવ રોકાય છે એમ કહે છે. આમ પાછો ... જાય ને પાંચ આસ્રવ બંધ કરો. એ તો ધૂળ. આ તો જડ છે અને અંદર વિકલ્પ ઉઠે છે એ તો રાગ છે. આહા..હા..! ‘**મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો...**’ જોયું! અહીં એમ કીધું. ઓલામાં એમ કહ્યું, યોગસ્વરૂપ અધ્યવસાનો હતા એ વિદ્યમાન છે એને ચારની એકતા, આને ચારની એકતાનો અધ્યવસાય છે નહિ. આહા..હા..!

‘**મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતી અને યોગસ્વરૂપ અધ્યવસાનો કે જે આસ્રવભાવનાં કારણો છે તેમનો અભાવ થાય છે;...**’ આહા..હા..! ‘**અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે;...**’ આહા..હા..! એક ત્રણ ગાથામાં તો ગજબ કર્યું છેને! આહા..હા..! આ શાસ્ત્ર તો ગંભીર શાસ્ત્ર છે. એની એક-એક ગાથામાં ઊંડપ ઘણી છે.

આહા..હા..! સમજાણું? નિયમસારમાં આવે છેને, ઊંડે-ઊંડે જાય છે, ધર્મી ઊંડે અંદર જાય છે. આહા..હા..! નિયમસારમાં છે. રાગ અને પર્યાય જે બાહ્ય છે એ પર્યાયને ઊંડાણમાં લઈ જાય છે. આહા..હા..! નિયમસારમાં છે, કળશ છે કળશ. આહા..હા..! દરિયાને ઊંડે જાય એને મોતી મળે, એમ આત્માની પર્યાય દ્રવ્ય ઉપર જાય એને આનંદ મળે. આહા..હા..! આવી વાત છે, ભાઈ!

'**અધ્યવસાનોનો અભાવ થતાં રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવનો અભાવ થાય છે; આસ્રવભાવનો અભાવ થતાં કર્મનો અભાવ થાય છે;...**' આહા..હા..! અને '**કર્મનો અભાવ થતાં નોકર્મનો અભાવ થાય છે;...**' ઓલામાં નોકર્મ મળે છે ત્યાં સુધી લીધું હતું અને નોકર્મથી સંસાર છે ત્યાં સુધી લીધું હતું. છેને? '**નોકર્મ થાય છે; અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે.**' એ ત્યાં સુધી લીધું હતું. હવે એની સામે ગુલાંટ ખાય છે આ વાત કે '**નોકર્મનો અભાવ થતાં...**' સંસારનો અભાવ થાય છે. આહા..હા..! એ સંસારનો અભાવ ત્યારે કહેવાય. આ બાયડી, છોકરા છોડ્યા ને કુટુંબ છોડ્યું માટે સંસાર છોડ્યો, ધૂળેય નથી. સંસાર તો મિથ્યાત્વભાવ તે સંસાર છે. આવે છેને સમયસાર નાટકમાં? અહીં પણ આવે છે. મિથ્યાત્વ તે આસ્રવ છે એમ પ્રસિદ્ધ થાઓ. નાટકમાં આમાં આવ્યું પહેલું, આમાં આવી ગયુંને. સમજાણું કાંઈ? છે ક્યાંક. એમાં હશે ક્યાંક આગળ. ભાવ યાદ હોય, કાંઈ ગાથા-બાથા યાદ રહેતી નથી. આહા..હા..! મિથ્યાત્વ તે આસ્રવ છે, મિથ્યાત્વ તે સંસાર છે, એવા શબ્દ છે. આહા..હા..! અને એ મિથ્યાત્વમાંથી આ શરીર અને સંસાર મળે છે, માટે મિથ્યાત્વ સંસાર છે. આહા..હા..!

'**આ પ્રમાણે આ સંવરનો ક્રમ છે.**' લ્યો! આહા..હા..! આ પ્રમાણે સંવર થવો, આસ્રવ નિરોધ થવો, રાગદ્વેષનો અભાવ થવો, બેની એકતાના અધ્યવસાયનો અભાવ થવો, એમાંથી આસ્રવનો અભાવ, એમાંથી કર્મનો અભાવ, એમાંથી નોકર્મનો અભાવ, એમાંથી સંસારનો અભાવ—આ ક્રમ છે. સમજાણું કાંઈ? આવી વાત યાદ રહેવી મુશ્કેલ. શું કહે છે આ? ભાઈ! તારી ચીજ છેને અંદર મુક્ત સ્વરૂપ છે, અબદ્ધસ્વરૂપ છે. અબદ્ધ કીધુંને ૧૪-૧૫ ગાથા. આહા..હા..! ૧૪-૧૫માં (એમ કહ્યું), આત્મા અબદ્ધસ્વરૂપ છે. જેણે આત્માને અબદ્ધસ્વરૂપ જાણ્યો, શુદ્ધ ઉપયોગથી, ભગવાન આત્મા અંદર અખંડ આનંદનો કંદ પ્રભુ છે એને જેણે શુદ્ધ ઉપયોગથી જાણ્યો એણે જૈન શાસન જાણ્યું. ત્યાં એમ કીધું છે. જૈનશાસન તો આ શુદ્ધ ઉપયોગ ઈ છે. પુણ્ય-પાપના ભાવ તો અશુદ્ધ ઉપયોગ છે. એ જૈનશાસન છે? આહા..હા..!

'**जो पस्सदि अप्पाणं**' જે કોઈ આ આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે, અનન્ય દેખે, અનેરી-અનેરી અવસ્થા ન દેખતા તેનું સામાન્યપણું દેખે. આહા..હા..! નિશ્ચય દેખે તેનું એકરૂપ, પુણ્ય-પાપના ક્લેશભાવથી રહિત દેખે એને. આહા..હા..! એણે જૈનશાસન દેખ્યું. જૈનશાસન આ છે. વીતરાગભાવ એ જૈનશાસન છે. જૈનશાસન ક્યાંય બહાર અદ્ધર ક્યાંય રહેતું નથી. આહા..હા..! જેનો આત્મા અબદ્ધસ્પૃષ્ટ જોયો. આહા..હા..! સામાન્ય જોયો-વિશેષનો નિષેધ થઈને નિશ્ચય એકરૂપ જોયો અને પુણ્ય-પાપના દુઃખરૂપના કારણ વિકાર એનાથી ભિન્ન જોયો. આહા..હા..! આનંદરૂપ છે એમ જેણે

જોયું ને માન્યું. આહા..હા..! '**पस्सदि जिणसासणं सव्वं**' એ સર્વ જૈનશાસનને દેખે છે. આમાં રાગ આવ્યો? જૈનશાસનમાં રાગ આવ્યો? આહા..હા..! જૈનશાસન એને કહીએ રાગને? વીતરાગભાવરૂપી શુદ્ધ ઉપયોગ એ વડે જેણે આત્માને જોયો-અનુભવ્યો એને જૈનશાસન કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! લ્યો એ સંવરનો ક્રમ. પૂછયું હતુંને, સંવર ક્યા ક્રમે થાય છે? એમ પ્રશ્ન હતો. સંવર એટલે ધર્મની દશા-વીતરાગી પરિણતિ. ક્યા ક્રમે વીતરાગી પરિણતિ થાય એના ક્રમને પૂછયું હતું એ ક્રમ બતાવ્યો. આહા..હા..! પહેલા એકતાબુદ્ધિ તોડવી એ સંવરનો ક્રમ છે એમ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** અહીંથી પ્રારંભ થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીંથી પ્રારંભ થાય છે. આહા..હા..!

ચૈતન્યચમત્કાર ભગવાન આત્મા, એવો ચમત્કાર બીજે ક્યાં છે કે જેની એક સમયની પર્યાયમાં અનંતા કેવળીઓ જાણે, એવો ચૈતન્યચમત્કાર જેની પર્યાયનો સ્વભાવ છે. આહા..હા..! એવા ચૈતન્યચમત્કારને જે પરથી ભિન્ન પાડીને, રાગથી ભિન્ન પાડીને. કેમકે એ વીતરાગસ્વરૂપ છે અને વીતરાગશાસન એને કહીએ કે વીતરાગસ્વરૂપને જોવે, જાણે, અનુભવે. આહા..હા..! આમાં બહારના કૂડા ને આ ગજરથ ને મોટા મંદિરો. આહા..હા..! ધામધુમે ધમાધમ ચલી, જ્ઞાનમાર્ગ રહ્યો દૂર. બહારની આમ ખમ્મા-ખમ્મા બસ! પૈસા કરોડો ખર્ચવા, કરોડો આ કરવા ને આ કરવા. એમાં ક્યાં જૈનધર્મ આવ્યો? આહા..હા..!

'**ભાવાર્થ :- જીવને જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે—**' અભિપ્રાય કહ્યો હતો ત્યાં, અધ્યાસ કહ્યો હતો. અધ્યાસનો કૌંસમાં અભિપ્રાય કહ્યો હતો, અહીં એનો આશય કહ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! બીજી ચીજના સંયોગવાળો આત્મા છે એમ જ્યાં સુધી માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પછી એ સંવર, પોષા કરીને નામ આપે પણ એને સંવર-પોષા છે નહિ. આહા..હા..! મિથ્યાત્વનું પોષણ છે. આ તો એનું સ્પષ્ટીકરણ છે એનું સ્પષ્ટીકરણ છે. ઘરનો અનુવાદ નથી આ. ઓલા કહે કે ઘરનો અનુવાદ કર્યો છે માટે નહિ. આહા..હા..!

'**જ્યાં સુધી આત્મા ને કર્મના એકપણાનો આશય છે—ભેદવિજ્ઞાન નથી, ત્યાં સુધી...**' જુદાપણાનું જ્ઞાન (નથી), એકપણાનું જ્ઞાન છે ત્યાં જુદાપણાનું નથી. આહા..હા..! આ ભાષા તો સાદી છે. ભાવ છે ગંભીર. બાપુ! અનંત કાળમાં એણે... સવારમાં આવ્યું હતું નહિ? પાપના પરિણામ કરે એ તો અધોગતિનું કારણ, પુણ્યના પરિણામ કરે એ બંધનું કારણ અને શાસ્ત્રનું જ્ઞાન કરે એ પણ આત્મજ્ઞાન વિના બંધનું કારણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્મજ્ઞાન કરે તે અબંધનું કારણ છે. આહા..હા..! અરેરે..! પ્રભુ! તારા હિતની વાત છે, પ્રભુ! એમાં તને વિરોધ કેમ લાગે?

**શ્રોતા :-** આત્મજ્ઞાન તો આપે બતાવી દીધુંને, ચૈતન્યચમત્કાર છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પણ ચમત્કાર છે એ પ્રગટ કરે ત્યારે કે એ વિના? દૃષ્ટિમાં પ્રગટ કરે ત્યારે કે નહિતર છે એ છે?

**શ્રોતા :-** આપે કહ્યું એ કાંઈ ખોટું થોડું હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પણ માનવું તો એને છેને. આહા..હા..! નહોતું પૂછ્યું વારિયાએ? વીરજીભાઈના દિકરાએ પૂછ્યું હતું. મહારાજ! કારણપરમાત્મા છે એમ તમે કહો છો તો કાર્ય આવવું જોઈએ કારણ હોય ત્યાંથી. તમે આત્માને કારણપરમાત્મા, કારણજીવ, પરમાત્મસ્વરૂપ (કહો છો) તો કારણપરમાત્મા કહીએ તો કાર્ય આવવું જોઈએ. કારણપરમાત્મા અનાદિનો અને કાર્ય તો છે નહિ. ભાઈ! કારણપરમાત્મા છે એ કોને? જેણે માન્યું એને. છે તો છે, પણ માનવામાં આવ્યું, જ્ઞાનમાં આવ્યું કે આ પૂર્ણ સ્વરૂપ છે કારણપરમાત્મા, એને કારણપરમાત્મા (છે) અને એવી માન્યતા આવી એને કાર્ય સમકિતનું થયા વિના રહે જ નહિ. આહા..હા..! એ કારણનું કાર્ય સાથે જ હોય, પણ એ કારણને કબુલ્યો ત્યારેને! આહા..હા..! જગતમાં છે, છે એવું જ્ઞાન કરીને ખ્યાલમાં આવી આ ચીજ, ત્યારે એને કારણપરમાત્મા નક્કી થયો, ત્યારે તેને સમકિત ને જ્ઞાન ને ચારિત્ર થયા વિના રહે નહિ. આહા..હા..! આત્મા તો છે જ, પણ છે એ છે કોને? એનું જ્ઞાન અને શ્રદ્ધા કરી હોય એને. આહા..હા..!

**શ્રોતા :–** અમે તો તાણં તાણં ગુરુવચન પ્રમાણં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ગુરુવચન પ્રમાણ પણ વચન તો પરના થયા. પરના વચનથી શ્રદ્ધા એ શક્તિએ શ્રદ્ધા ન થઈ. મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે. વચનથી શ્રદ્ધા કીધી એ તો બીજાના વચન આવશે તો ફરી જશે.

**શ્રોતા :–** વિરુદ્ધ વચન આવશે તો ફરી જશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ફરી જશે. એને પોતાના અંદર શક્તિના ભાનથી આવ્યું હોય (તો ન ફરે). આહા..હા..! સમજાણું કાંઈ?

**'યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે,…'** જ્યાં સુધી આત્મા અને રાગનો એકપણાનો અભિપ્રાય છે ત્યાં સુધી ભેદવિજ્ઞાન નથી, જુદું જ્ઞાન નથી, આત્મા જુદો છે એવું જ્ઞાન નથી. **'ત્યાં સુધી મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ અને યોગસ્વરૂપ અધ્યવસાનો વર્તે છે,…'** આ બધામાં એકતાબુદ્ધિ વર્તે છે કહે છે. આહા..હા..! અને ઓલામાં તો આવ્યું છેને, જયચંદ્ર પંડિતે ન કહ્યું કે સમ્યગ્દર્શન થતાં એ જાતનો મિથ્યાત્વનો તો નાશ થયો, પણ એટલા પ્રકારનો અવ્રતનો અંશે એટલો નાશ થયો, એટલા પ્રમાણમાં યોગનું કંપન્ન પણ એટલું નાશ થયું છે, એમ આવે છે. કેમકે અનંતગુણની પરિણતિ પ્રગટ થાય છેને? તો અકંપભાવ પણ એટલો અંશે પ્રગટ થાય છે. ચોથે ગુણસ્થાને યોગનો અંશે નાશ થાય છે. આહા..હા..! ભારે! સર્વથા યોગનો અભાવ ચૌદમે થાય. અંશે ત્યાંથી શરૂ થાય છે. આહા..હા..! કેમકે સર્વ ગુણાંશ તે સમકિત. સર્વ ગુણાંશ તે સમકિત એમ શ્રીમદ્‌નું એ વાક્ય છે. આપણે આમાં રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત તે સમકિત છે, સર્વદેશ વ્યક્ત તે કેવળજ્ઞાન છે. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. જ્ઞાનાદિ એકદેશ. આહા..હા..! એટલે જ્ઞાનાદિ એટલે અનંતા ગુણો. આહા..હા..! કેમકે અનંતગુણનું એકરૂપ એવું દ્રવ્ય એવો જેને અનુભવ થયો, પ્રતીતમાં અનુભવ જ્ઞાન થઈને થયો, એને જેટલા ગુણો છે એના એક અંશ તો પ્રગટ વ્યક્ત થાય છે. આહા..હા..! યોગનો અંશ પણ અભાવરૂપે ત્યાં છે. આહા..હા..! યોગના અભાવરૂપ. ઓહો..હો..! ભારે ભાઈ! હવે ઓલો કહે કે

યોગનો અભાવ ચૌદમે થાય. એ તો પૂર્ણ થાય. સમજાણું કાંઈ?

**'અધ્યવસાનથી રાગદ્વેષમોહરૂપ આસ્રવભાવ થાય છે,... '** એકતાબુદ્ધિથી તો રાગદ્વેષમોહ થાય. આહા..હા..! આસ્રવભાવથી કર્મ બંધાય, કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય. શરીરાદિ એટલે ભાષા બધું નોકર્મ. નોકર્મથી સંસાર છે. આહા..હા..! **'પરંતુ જ્યારે તેને આત્મા ને કર્મનું ભેદવિજ્ઞાન થાય છે, ત્યારે શુદ્ધ આત્માની ઉપલબ્ધિ થવાથી... '** શુદ્ધ આત્મા છે એવું પર્યાયમાં પ્રાપ્ત થવાથી. આહા..હા..! **'મિથ્યાત્વાદિ અધ્યવસાનોનો અભાવ થાય છે, અધ્યવસાનના અભાવથી રાગદ્વેષમોહ આસ્રવનો અભાવ થાય છે, આસ્રવના અભાવથી કર્મ બંધાતા નથી, કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી...'** શરીર, વાણી, મન આદિ. આહા..હા..! એ વાણી, શ્વાસ, મન એ બધા શરીરના અંગ છે. શ્વાસ, મન, વાણી એ શરીરના અંગ છે. આહા..હા..! એટલે જેને આ શરીર નથી મળતું એને આ ચારેય અંગ નથી પછી એને. આહા..હા..!

**'કર્મના અભાવથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થતાં નથી અને નોકર્મના અભાવથી સંસારનો અભાવ થાય છે.—આ પ્રમાણે સંવરનો અનુક્રમ જાણવો. '** વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૮, મંગળવાર, તા. ૧૪-૧૨-૧૯૭૬, કળશ-૧૨૯ થી ૧૩૧, પ્રવચન નં. ૨૬૧

સમયસાર, સંવર અધિકાર, ૧૨૯ કળશ છે.

(उपजाति)

सम्पद्यते संवर एष साक्षा-<br>
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।<br>
स भेदविज्ञानत एव तस्मात्<br>
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।१२९।।

આહા..હા..! બહુ ભાવ અને માખણની વાત છે. સંવર અધિકાર છેને. આસ્રવનું રૂંધન થઈ અને કર્મની નિર્જરા થાય એ ભેદજ્ઞાનથી થાય એમ કહે છે. ધર્મ એટલે રાગ અને આત્મસ્વભાવ એનું ભેદજ્ઞાન. સાક્ષાત્ સંવર જુઓ! 'एषः' નામ આ. 'एषः' નામ પ્રત્યક્ષ. આહા..હા..! 'साक्षात्' નામ સર્વથા. 'साक्षात्' નામ સર્વ પ્રકારે. છેને? ત્રણ પ્રકાર કહ્યા. **'આ સાક્ષાત્...'** પ્રત્યક્ષ સાક્ષાત્. પ્રત્યક્ષ **'(સર્વ પ્રકારે) સંવર...'** આહા..હા..! આત્મા ને રાગથી ભિન્ન એ પ્રત્યક્ષ સંવર છે એમ કહે છે અને એ જ સર્વથા પ્રકારે સાક્ષાત્ સંવર છે. આહા..હા..! હવે આમાં તો એકાંત કીધું. આનાથી થાય

એમ નહિ. આહા..હા..! ભગવાન તું શું ચીજ છો? સ્વના આશ્રય વિના અને પરથી ભિન્ન પડ્યા વિના ધર્મ નામ સંવર કદી થતો નથી. આહા..હા..! આ, લોકોને એકાંત લાગે છે. શું કહ્યું? ગુજરાતી સમજો છોને ભાઈ? થોડું થોડું ગુજરાતી સમજો છો? લ્યો, ભાઈ તો સમજે છે. ૧૨૯ કળશ. આહા..હા..! એકદમ તત્ત્વનું રહસ્ય છે.

**'આ સાક્ષાત્ (સર્વ પ્રકારે) સંવર...'** સંવર નામ ધર્મ. પુણ્ય-પાપના પરિણામને રોકવા અને પોતાના સ્વભાવ તરફ ઢળવું. આહા..હા..! આવી વાત છે. ઝીણી વાત બહુ, બાપુ! કલ્યાણનો પંથ વીતરાગનો જુદો છે. 'આ...' '**एषः**' શબ્દ છેને? એ પ્રત્યક્ષ બતાવે છે. '**एषः**' '**આ સાક્ષાત્** (**સર્વ પ્રકારે**) **સંવર...**' નામ ધર્મદશા, વીતરાગી પરિણતિ એ ધર્મ, એ સંવર '**ખરેખર...**' '**शुद्ध–आत्म–तत्त्वस्य उपलम्भात्**' શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે. આહા..હા..! કેટલા શબ્દો વાપર્યા છે. 'આ...' રાગના વિકલ્પ વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ છે એ રાગ છે. આહા..હા..! એનાથી ભિન્ન પડેલું પ્રત્યક્ષ. આહા..હા..! સાક્ષાત્ સર્વ પ્રકારે રાગથી ભિન્ન. છેને?

'**ખરેખર...**' પાછો શબ્દ વાપર્યો. '**किल**'-ખરેખર. આહા..હા..! નિશ્ચયથી, યથાર્થપણે, વાસ્તવિક રીતે. આહા..હા..! '**शुद्ध–आत्म–तत्त्वस्य उपलम्भात्**' શુદ્ધ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ એ શુદ્ધ આત્માની ઉપલબ્ધિ પ્રાપ્તિથી સંવર થાય છે. આહા..હા..! આ શબ્દ પણ સમજે નહિ આમાં. ઓલું તો કેવું વ્રત પાળવા, અપવાસ કરવા એ સમજે તો ખરો. શું સમજવું હતું? ધૂળ. એ તો બધું અનાદિથી કરે છે. આહા..હા..! જેમાં પ્રત્યક્ષ સંવર (થાય). પ્રત્યક્ષ કેમ વાપર્યું છે? કે રાગરહિત આત્માની દશા જે પ્રગટ થાય તે પ્રત્યક્ષ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**एषः**' આ દેહથી તો ભિન્ન પણ દયા, દાન, વ્રતના વ્યવહારરત્નત્રયના પરિણામ જે રાગ એનાથી પણ ભિન્ન અને '**સાક્ષાત્** (**સર્વ પ્રકારે**)...' પ્રત્યક્ષ સર્વ પ્રકારે '**સંવર..**' થાય છે. કોને લઈને? કે '**शुद्ध–आत्म–तत्त्वस्य उपलम्भात्**' આહા..હા..! શુદ્ધ ભગવાન ચિદાનંદ પ્રભુ એવો જે શુદ્ધ તત્ત્વ આત્મા, એની પર્યાયમાં-દશામાં પ્રાપ્તિથી સંવર-ધર્મ થાય છે. આહા..હા..! હવે આ લોકો રાડું પાડે કે આ વ્રત પાળે છેને ભક્તિ કરે ને પૂજા, દયા, દાન, વ્રત આચરણ કરે છે એનાથી કલ્યાણ થાય. તદ્દન જૂઠ વાત છે. જેનાથી ભેદ કરવો છે... એ તો કહ્યું. આહા..હા..! એ રાગ છે એનાથી ભિન્ન થઈને પોતાના શુદ્ધ આત્માનો અનુભવ થવો એ સંવર છે. લ્યો શાંતિભાઈ! આવું છે સ્વરૂપ.

ઓહો..હો..! એક શબ્દમાં. '**एषः**' '**સાક્ષાત્** (**સર્વ પ્રકારે**) **સંવર ખરેખર...**' પાછું એમ કહે. નિશ્ચયથી, યથાર્થથી, વાસ્તવિક રીતે. આહા..હા..! પ્રત્યક્ષ સંવર, સાક્ષાત્ સંવર એ '**શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે;...**' સમજાય છે કાંઈ? આહા..હા..! અત્યારે વાંધા આ ઉઠ્યા છેને. આ પડિમા લે ને વ્રત લે ને તપ કરે ને મુનિપણાની ક્રિયા કરે એનાથી ધર્મ થાય.

**શ્રોતા :-** ચરણાનુયોગની અપેક્ષાએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચરણાનુયોગની અપેક્ષાએ એમ નથી. ચરણાનુયોગની અપેક્ષાએ અને ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. ચારેય અનુયોગનું રહસ્ય-તાત્પર્ય, રહસ્ય કહો કે તાત્પર્ય

કહો, વીતરાગતા છે. વીતરાગતા ક્યારે હોય? રાગથી ભિન્ન પડી અને વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા એની પર્યાયમાં વીતરાગપણાની પ્રાપ્તિમાં વીતરાગપણું પ્રાપ્ત થાય, વીતરાગપણાની પર્યાયમાં વીતરાગપણું આત્માનું પ્રાપ્ત થાય. આહા..હા..! આવી ભાષા હવે. એક તો સંસારના પાપ આડે નવરો થાતો નથી. આખો દિ' એમાં રોકાય. હવે એમાંથી કો'ક દિ' સાંભળવાનું મળે આવું. એવું સાંભળવાનું મળે એટલે એને સહેલું પડે કે વ્રત કરવા, અપવાસ કરવા, તપસ્યા કરવી, જાત્રા કરવી, ભક્તિ કરવી, દાન કરવું એ તમારો ધર્મ છે. અહીં કહે છે કે એ ધર્મ નથી. આહા..હા..! એ ક્રિયાનો જે રાગ છે એનાથી ભિન્ન અક્રિય સ્વરૂપ ભગવાન આત્મા. આહા..હા..! અક્રિય એટલે રાગ વિનાની ચીજ.

**'एषः' 'साक्षात् (સર્વ પ્રકારે) સંવર... ' 'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात् '** આહા..હા..! કહો, દેવીલાલજી! કહો, શાંતિભાઈ! આવું ટૂંકું છે ટૂંકું. આહા..હા..! તમે ઓળખો છો કાંતિભાઈને? પ્લેન પ્લેનમાં નોકરી (હતી). પંદરસોનો પગાર હતો, માસિક પંદરસો. દુકાન ધંધો બંધ કરી દીધો. નિવૃત્તિ લઈ લીધી. આહા..હા..! પણ અહીં તો કહે છે કે એ પરથી નિવૃત્તિ નહિ, રાગથી નિવૃત્તિ કરવી. આહા..હા..! કેમકે રાગ એ પ્રવૃત્તિ છે. એ પ્રવૃત્તિથી નિવૃત્તિ કરવી. આહા..હા..!

**શ્રોતા :–** આત્મામાં પ્રવૃત્તિ કરવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રાગથી નિવૃત્તિ, સ્વમાં પ્રવૃત્તિ. રાગની પ્રવૃત્તિ એ સ્વમાં પ્રવૃત્તિનો અભાવ. આહા..હા..! આવું છે તત્ત્વ. લોકોને એવું આકરું પડે છે.

અહીં તો શબ્દ **'किल'** વાપર્યો. **'एषः'** પ્રત્યક્ષ વાપર્યો, **'साक्षात्'** વાપર્યો. ત્રણ શબ્દ છે આમાં. કહો, સમજાય છે કાંઈ? **'एषः साक्षात्' 'ખરેખર...' 'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्'** સંવર. એમ લે છે. આહા..હા..! પરતરફના જે દયા, દાન, પંચમહાવ્રતના વિકલ્પ છે રાગ, એ આચરણ બાહ્યાચરણ છે. આહા..હા..! એ તો પરોક્ષ છે, પરવસ્તુમાં લક્ષ જાય છે એ. એને છોડીને સ્વવસ્તુના પ્રત્યક્ષના જ્ઞાનમાં પ્રત્યક્ષમાં જાય છે ત્યારે એને સર્વથા પ્રકારે પૂર્ણ રીતે સાક્ષાત્ સંવર થાય છે. આહા..હા..! એ સંવરથી શું થાય છે?

**'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्' 'શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી થાય છે;... ' 'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात् सम्पद्यते'** આહા..હા..! એક જ શબ્દ થોડો પણ આમાં કેટલું ભર્યું છે! લાંબા શાસ્ત્રો ભણી ભણીને ભણે પણ એનો સાર ન સમજે. ચારેય અનુયોગનો સાર તો એ છે. તાત્પર્ય કહો કે રહસ્ય કહો. પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય નામ રહસ્ય શું છે? કે રહસ્ય વીતરાગતા છે. વીતરાગતા કેમ થાય? રાગથી ભિન્ન થઈને વીતરાગસ્વરૂપની પ્રતીતિ થાય તો પર્યાયમાં વીતરાગતા પ્રાપ્ત થાય. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાત લ્યો!

**શ્રોતા :–** રાગથી કેવી રીતે ભિન્ન કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરતરફનું લક્ષ છે એને છોડીને સ્વતરફનું લક્ષ કરવાથી.

**શ્રોતા :–** સ્વતરફનું લક્ષ કઈ રીતે કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વનો આશ્રય કરવાથી.

**શ્રોતા :–** આશ્રય કઈ રીતે થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પરમાત્સ્વરૂપ પડ્યું છેને અંદર. સાક્ષાત્ ચિદાનંદ, સહજાનંદ મૂર્તિ પ્રભુ છે એ તરફ ઢળવાથી. લ્યો ત્રીજો શબ્દ આવ્યો. રાગ તરફ ઢળવું છોડીને સ્વતરફ ઢળવું. કેવી રીતે ઢળવું? અર્થાત્ જે વર્તમાન પર્યાય રાગ તરફ ઢળી છે અનાદિથી એ પર્યાય તો ત્યાં રહી, એ પર્યાય તો અંતર વળી ન શકે. સમજાણું કાંઈ? જે વર્તમાન પર્યાય છે એ અનાદિથી રાગ તરફના વિકારમાં જુકેલી છે. બીજી દૃષ્ટિએ કહીએ તો વર્તમાન પર્યાય પર્યાયબુદ્ધિમાં રહી છે. અને એ પર્યાયબુદ્ધિમાં આગળ વધે તો રાગમાં જાય. આહા..હા..! એ પર્યાય તો ત્યાં રહી. પછી જે પર્યાય અંતરમાંથી પ્રગટ થાય છે એ પર્યાય અંતરમાં જુકે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ હવે. આહા..હા..!

ઓલા શાસ્ત્રમાં કહ્યું છે નહિ? પરમાર્થ વચનિકામાં કે આગમપદ્ધતિ સુગમ છે. વ્યવહારની ક્રિયા દયા, દાન, વ્રત, તપ, અપવાસ એ લોકો કરે છે અને એને માને છે કે આ (ધર્મ છે). અધ્યાત્મનો વ્યવહાર પણ નથી એની પાસે. અધ્યાત્મનો વ્યવહાર અર્થાત્ ત્રિકાળી વસ્તુને આશ્રયે જે ઉત્પન્ન થાય નિર્મળ પર્યાય એને વ્યવહાર કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાર્થ વચનિકામાં છે. આગમપદ્ધતિ સુગમ (લાગે છે), લોકોને વ્રત કરવા, તપસ્યા કરવી, અપવાસ કરવા, આ બહારની સાધુપણાની ક્રિયા (કરવી). સિદ્ધાંત તો એમ કહે છે, અલિંગગ્રહણમાં ૧૭મો બોલ છે. ૨૦ બોલ છેને ૨૦. અલિંગગ્રહણના ૨૦ બોલ છે. એમાં ૧૭મો બોલ છે. યતિના બાહ્ય આચરણનો જેમાં અભાવ છે. બાહ્ય આચરણ શબ્દે આ વિકલ્પ ક્રિયા. આહા..હા..! પંચમહાવ્રતની, વ્યવહારે સમિતિ ને ગુપ્તિ, યતિના બાહ્ય વ્યવહારના આચરણનો જેમાં અભાવ છે એવો આત્મા અલિંગગ્રહણ છે. આહા..હા..! રાગના લિંગથી આત્મા ગ્રહણ થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહાર જે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એ લિંગ છે. તો એ લિંગથી આત્મા ગ્રહણ થતો નથી તેને અલિંગગ્રહણ કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! યતિના વ્યવહાર આચરણનો જેમાં અભાવ છે એવો આત્મા અલિંગગ્રહણ છે, અર્થાત્ વ્યવહાર ક્રિયાકાંડના લિંગથી આત્મા ગ્રહણ થતો નથી. આહા..હા..! આવી તો વાત સ્પષ્ટ છે, ચોખ્ખી વાત છે. આહા..હા..! એ વાત અહીં કહી છે. ત્યાં અલિંગગ્રહણની અપેક્ષાએ ત્યાં કહ્યું.

અહીંયાં સંવરની અપેક્ષાએ પરથી ભિન્ન સ્વનું પ્રત્યક્ષ થવું અને સંપૂર્ણ રીતે સ્વમાં એકાગ્રતા થવી. આહા..હા..! એવું જે આત્મતત્ત્વ ખરેખર, આત્મતત્ત્વ જે સચ્ચિદાનંદ પ્રભુ છે શુદ્ધ એની પ્રાપ્તિ થવી એ સંવર છે. કહો, દેવીલાલજી! ભાષા તો સાદી છે. ભાવ તો જે છે એ છે. આહા..હા..! કદી કર્યું જ નથી. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, મુનિવ્રત ધાર અનંતબૈર...' પંચમહાવ્રત ધારણ કર્યા, નગ્ન થયો, હજારો રાણી છોડીને. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, તોપણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એનો અર્થ શું થયો? પંચમહાવ્રતાદિના પરિણામ દુઃખરૂપ છે. આહા..હા..! એ આગમની વ્યવહારપદ્ધતિ એ રાગ બધો દુઃખરૂપ છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ!

**શ્રોતા :–** આપ એને દુઃખરૂપ જાણો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જાણે છે. બીજા સુખરૂપ જાણે છે. એમ કહે છે કે બીજાઓ તો સુખરૂપ જાણે છે. જાણે એટલે કાંઈ સુખરૂપ થઈ જાય? આહા..હા..! પરતરફનો જુકાવ પંચમહાવ્રતનો વ્યવહાર સમિતિ, વ્યવહાર ગુપ્તિ એટલે અશુભથી નિવર્તવું અને શુભમાં રહેવું એ બધી ક્રિયાકાંડ રાગ છે. આહા..હા..! એ રાગ એ દુઃખ છે, ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે, એ આનંદથી રાગ એ દુઃખરૂપ એ વિપરીત છે. એથી કહ્યું કે 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિના...' આત્મા અવલંબે છેને? **'शुद्ध-आत्म-तत्त्वस्य' 'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्'** ઉપલબ્ધિથી થાય છે. શું? સંવર. આહા..હા..! કહો, સમજાય છે કાંઈ? આવો માર્ગ છે. કહો, શેઠ! છેને એમાં?

**શ્રોતા :–** સાક્ષાત્ ધર્મક્રિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ ધર્મ ક્રિયા. આહા..હા..! ઓલી અધર્મની ક્રિયા. આહા..હા..! આકરું લાગે. શાસ્ત્રમાં એને ધર્મ કહ્યો છે. વ્યવહાર પુણ્યપરિણામને ધર્મ-વ્યવહારધર્મ (કહ્યો છે). નિશ્ચયધર્મ અહીંયાં છે, સ્વને આશ્રયે થયેલો ધર્મ, તો રાગને વ્યવહારધર્મનો આરોપ આપે છે. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. આહા..હા..! ઓહો..હો..! નિમિત્તને સહચર દેખીને ઉપચારથી પુણ્ય પરિણામને ધર્મ કહ્યો. કોને? જેને સાક્ષાત્ આત્મતત્ત્વની ઉપલબ્ધિ થઈ છે તેને જે રાગ છે એને વ્યવહારધર્મ કહેવામાં આવે છે. અજ્ઞાનીને વ્યવહાર નથી, એ તો વ્યવહારાભાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અને તે **'શુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિથી...'** જુઓ હવે. આહા..હા..! એ શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ, આનંદની દશાની પ્રાપ્તિ **'ભેદવિજ્ઞાનથી જ થાય છે.' 'भेदविज्ञानत एव' 'एव'** છેને? **'एव'** એ તો 'જ' કહ્યું, એકાંત થઈ ગયું. **'ભેદવિજ્ઞાનથી જ...'** આહા..હા..! એ વ્યવહારરત્નત્રયથી નહિ. અરે..! એણે દયા નથી કરી આત્માની કદી, પોતાની દયા પાળી નથી એણે. પોતાની દયા એટલે? જેવું એનું શુદ્ધ સ્વરૂપનું જીવન સ્વરૂપ છે, તેને તે રીતે હયાતીનો સ્વીકાર કરવો એનું નામ એની દયા છે અને જે રીતે શુદ્ધ છે એનો નકાર કરીને રાગની હયાતીને સ્વીકારવો એનું નામ હિંસા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? બહુ થોડા શબ્દમાં તો.. ઓહો..હો..! એ **'ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી જ થાય છે.'** રાગથી ભિન્ન શુદ્ધાત્માની પ્રાપ્તિ ભેદજ્ઞાનથી થાય છે. વ્યવહારરત્નત્રયથી એ આત્માની ઉપલબ્ધિ થાય છે એમ નહિ. આહા..હા..! આ મોટા ઝઘડા અત્યારે ઊભા થાય છે.

**'શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિ...' 'भेदविज्ञानत एव'** પરથી ભેદજ્ઞાન કરતાં તેની પ્રાપ્તિ થાય છે નિશ્ચયથી. આહા..હા..! **'માટે...' 'तत् भेदविज्ञानम्' 'તે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.'** આહા..હા..! વિકલ્પથી, રાગથી ભિન્ન પાડીને સ્વરૂપની પ્રાપ્તિ અત્યંત ભાવવાયોગ્ય, કરવાયોગ્ય છે. આહા..હા..! એ જ કરવાયોગ્ય છે. રાગથી ભિન્ન પાડી અને સ્વભાવમાં એકતાની પ્રાપ્તિ ભેદવિજ્ઞાનથી થાય છે માટે ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે. આહા..હા..! ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાના સ્વાદ કરવાલાયક છે. આહા..હા..! ભેદવિજ્ઞાનથી આત્માનો આસ્વાદ કરવાલાયક છે એમ કહે છે. જે રાગનો આસ્વાદ છે અનાદિનો... આહા..હા..! રાગનો આસ્વાદ છેને? પંચમહાવ્રત પાળે તો એ રાગનો

આસ્વાદ છે. સંસારનો સ્વાદ આ ભોગનો આદિ એ રાગનો સ્વાદ છે. પરનો સ્વાદ છે જ નહિ એમાં. એકવાર પરથી ભિન્ન પાડીને આત્માની ઉપલબ્ધિ ભેદવિજ્ઞાનથી આત્માના આનંદના આસ્વાદનથી થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભેદવિજ્ઞાન અત્યંત ભાવવાયોગ્ય છે.**' ભાવવા નામ? અનુભવવાયોગ્ય. અનુભવવાયોગ્ય નામ? આનંદનો સ્વાદ કરવાલાયક છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતું છે ભાઈ! શું થાય? આહા..હા..!

'**ભાવાર્થ :- જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે...**' કર્મનો અર્થ એ કે કર્મને એકપણે જાણે છે એના તરફના રાગને એકપણે જાણે છે એમ. આહા..હા..! '**ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે,...**' ત્યારે તે શુદ્ધ આત્માનો આસ્વાદ લે છે એમ કહે છે. આહા..હા..! શું કહે છે? આસ્વાદ કેવો? આસ્વાદ તો આ દાળ-ભાતનો, મેસુબનો, રસગુલ્લા એનો આસ્વાદ કહેવાય. ધૂળનોય આસ્વાદ નથી સાંભળને. એ તરફનો રાગ કરે અને રાગનો આસ્વાદ લે છે અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..! આવી વાતું! આ મેસુબ-મેસુબ કહે છેને શું? મેસુબપાક. તો મેસુબનો સ્વાદ આવે છે આત્માને? એ તો જડ છે, અજીવ છે.

**શ્રોતા :-** લાડવાનો આવે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લાડવાનો સ્વાદ આવે છે? લાડવા તો જડ છે, અજીવ છે. આત્મા અરૂપી છે જીવ ચૈતન્ય અને ઓલું અજીવ જડ ધૂળ, પણ એ તરફ લક્ષ જતાં 'ઠીક છે' એવો રાગ કરે છે, એ રાગનો સ્વાદ આવે છે. આહા..હા..! આકરી વાતું, બાપુ! રાગનો આસ્વાદ લે છે. એ એકવાર ભેદજ્ઞાન પાડીને આત્માની પ્રાપ્તિ થતાં એ વારંવાર આસ્વાદવાલાયક છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આત્માને યથાર્થપણે ભિન્ન જાણે છે. યથાર્થપણે ભિન્ન જાણે છે, એમ ધારણામાં કર્યું એમ નહિ એમ કહે છે. આહા..હા..! 'રાગથી હું ભિન્ન છું' એમ જાણવામાં ધારવામાં લીધું એ નહિ. આહા..હા..!

'**યથાર્થપણે...**' ખરેખર હતુંને? '**किल**' શબ્દ હતોને? '**किल**' એ '**किल**'નો અર્થ યથાર્થ શબ્દ વાપર્યો છે. આહા..હા..! ખરેખર કહો, યથાર્થપણે કહો, વાસ્તવિકરૂપે કહો. આહા..હા..! આવો ઉપદેશ હવે. આ જૈનધર્મનો ઉપદેશ હશે આ? ભઈ અમે તો જૈનધર્મમાં એવું સાંભળ્યું હતું કે વ્રત પાળવા, અપવાસ કરવા, ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરવી એવું સાંભળ્યું હતું. છ કાયના જીવને ન મારવા, રાત્રે આહાર-પાણી ન કરવા.

**શ્રોતા :-** સોનગઢ જાવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્મેદશિખર જાવું, ગીરનાર જાવું. હવે સોનગઢને તીર્થયાત્રામાં નાખ્યું છે શેઠિયાએ. ભાગ પડે છેને તીર્થ ચાર. આમાં લખાણ આવ્યું છે શેઠિયાનું-શાહુજીનું. આ ચોથા ભાગમાં નાખ્યું છે. સોનગઢ પણ એક યાત્રીઓનું કેન્દ્રસ્થાન થયું છે માટે એ પણ એક તીર્થસ્થાન છે. અતિશય ક્ષેત્ર નથી, નિર્વાણ ક્ષેત્ર નથી, પણ જાત્રાઓનું કેન્દ્રસ્થાન હજારોનું-લાખોનું થયું માટે તેને તીર્થ કહીએ. શું કહે છે?

**શ્રોતા :-** આખો દેશ આને તીર્થધામ માને છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો માનતાનો અર્થ નિમિત્ત છે. આહા..હા..! અહીં તો ભગવાનની વાણી સિદ્ધ થાય છે. આ વીતરાગની વાણી, બાપુ! ચાર ગતિમાં દુઃખી થઈને મરી ગયો, ભાઈ! એ કરોડોપતિ, અબજોપતિ કીધાને. આહા..હા..! શેઠ! સાંભળ્યું છે? અત્યારે એક ઈરાનનો બાદશાહ છે. ઈરાન-ઈરાનને? ઈરાક. ઈરાક નહિ ઈરાન કહ્યું હતું. એને એક કલાકમાં બે કરોડની પેદાશ છે. ઝમકલાલજી! સાંભળ્યું છે કદી? પેટ્રોલ નીકળ્યું છે પેટ્રોલ. દેશ નાનો છે, પણ પેટ્રોલના કૂવા નીકળ્યા છે. તો એક કલાકમાં બે કરોડની પેદાશ. પચ્ચીસ લાખ ડોલર એક કલાકના. આઠ રૂપિયાનો ડોલર ગણીએ તો બે કરોડ થાય. પણ કોક વળી એમ કહેતું હતું કે પોણા નવ રૂપિયાનો ડોલર થાય છે. તો એક દિવસનું અડધો અબજ થયું. ઓલું ૨૪ x ૨= ૪૮ કરોડ થયું. એક દિવસના ૪૮ કરોડ. પોણા નવનો ડોલર ગણે તો એક દિવસનો અડધો અબજ-પચાસ કરોડ. અત્યારે છે. મરીને નરકે જવાના બધા એ. પાપાનુબંધીપુણ્ય લઈને આવ્યા છે. દેશ નાનો છે, પણ ઓલા કૂવા નીકળ્યાને બહુ. તો કેટલો વખત રહેશે? એમ લખ્યું છે. એક કલાકમાં બે કરોડની પેદાશ ૩૦ વર્ષ સુધી રહેશે. ૩૦ વર્ષ સુધી ચાલે એટલું પેટ્રોલ છે એમાં. સાફ કરવું પડે, સાફ કરે. આહા..હા..! ધૂળમાંય નથી. એવું તો અનંતવાર મળ્યું હવે સાંભળને. પાપના નિમિત્ત છે એ તો દુઃખનું. આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા અનંત જ્ઞાન-દર્શનની લક્ષ્મીથી ભરેલો ભંડાર... આહા..હા..! એની રાગથી ભિન્ન પડીને સાક્ષાત્ સર્વથા પ્રકારે આત્માનો લાભ થાય તો ખરેખર એ લાભ ભેદજ્ઞાનથી થાય છે. આહા..હા..! કોઈ ક્રિયાકાંડ કરવાથી નથી થતો એમ કહે છે. પંડિતજી! ભેદવિજ્ઞાનથી થાય છે. રાગથી, વ્યવહારથી ચાલે છે એમ કહ્યું? આહા..હા..! ગજબ વાત! દિગંબર સંતોની વાતું અલૌકિક વાત! અલૌકિક વાત!! એવી વાત ક્યાંય છે નહિ. કોઈ સંપ્રદાયમાં આવી વાત નથી. આહા..હા..! એક કળશમાં કેટલું નાખ્યું! આહા..હા..! '**एषः**' '**किल**' સાક્ષાત્ આહા..હા..! સંવર, આત્મતત્ત્વના અનુભવથી અને એ આત્મતત્ત્વનો અનુભવ ભેદજ્ઞાનથી થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** આત્માનો સાક્ષાત્કાર એ જ સંવર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ઓહો..! ગજબ કર્યું! આ વાદવિવાદને તોડી નાખે એવી વાત છે. પંડિતજી! પ્રભુ! તું શું કરે છે બાપુ? આહા..હા..! આ તો ચોર કોટવાલને દંડે એવું થયું. ઝાઝા ચોર ભેગા થાય. આહા..હા..! પ્રભુ! પ્રભુ! શું કરે, બાપુ? આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય. આ કળશ અમૃતચંદ્રાચાર્યનો છે. મૂળ ગાથા કુંદકુંદાચાર્ય, કળશ અમૃતચંદ્રાચાર્યનો. અને આ છે એ તો પદ્મપ્રભમલધારીદેવ નિયમસારની ટીકા કરનાર. આહા..હા..! પાંચ શાસ્ત્ર છે અને ત્રણ આઠ, ભગવાન નવ. અફર ધામ છે. પાંચ શાસ્ત્ર છેને? ત્રણ આચાર્યો છે. બે આચાર્ય અને એક મુનિ છે. પાંચ શાસ્ત્ર છેને, પંડિતજી! પાંચ શાસ્ત્ર નીચે છેને. સમયસાર આદિ પાંચ. એ આઠ અને ભગવાન નવ. નવનો આંક અફર. નવ એકુ નવ અને નવ દુ અઢાર, તો આઠ ને એક નવ. નવ તેરી સત્તાવીશ, સાત ને બે નવ. નવ ચોકુ છત્રીશ, છ ને ત્રણ નવ.

નવ પંચા પિસ્તાલીસ, પાંચ ને ચાર નવ. નવ છકે ચોપ્પન, પાંચ ને ચાર નવ. નવ સત્તા ત્રેસઠ, છ ને ત્રણ નવ. નવ અઠ્ઠા બોતેર, સાતને બે નવ. આહા..હા..! એકધારા ચાલી આવે છે.

**શ્રોતા :–** દસમા આપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નવમાં અમે એના દાસ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જોયું! શું કહે છે?

**'भेदविज्ञानत एव'** ભગવાન શુદ્ધ આત્માનો અનુભવ એ સાક્ષાત્, ખરેખર, સર્વ પ્રકારે **'ભેદવિજ્ઞાનથી થાય છે.'** આહા..હા..! **'માટે તે ભેદવિજ્ઞાન અત્યંત...'** **'अतीव भाव्यम्'** એ જ કરવાલાયક છે એમ કહે છે. આહા..હા..! રાગથી ભિન્ન પોતાના સ્વભાવની ભાવના અત્યંત ભિન્ન કરવાની ભાવના જ કરવાલાયક છે. આહા..હા..! રાગમાં એકત્વબુદ્ધિ કરવાલાયક નથી. આહા..હા..! હવે આ તે કરવાનું શું? ખ્યાલમાં ન આવે કરવું શી રીતે? આ તો સહેલું પડે વ્રત લેવું, અપવાસ કર્યા, આ કર્યા, સાધુપણું થયું. ભાઈ! માર્ગ બીજો, ભાઈ! આહા..હા..! લ્યો!

**'ભાવાર્થ :– જીવને જ્યારે ભેદવિજ્ઞાન થાય છે અર્થાત્ જીવ જ્યારે આત્માને અને કર્મને યથાર્થપણે ભિન્ન જાણે છે...'** યથાર્થપણે ભિન્ન જાણે છે **'ત્યારે તે શુદ્ધ આત્માને અનુભવે છે,...'** શુદ્ધ પવિત્ર ભગવાન આત્માનો આનંદનો સ્વાદ એને આવે છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગની એકતામાં દુઃખનો સ્વાદ છે. આહા..હા..! અને રાગની ભિન્નતાના ભેદજ્ઞાનમાં આનંદનો સ્વાદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આ ઓલા નથી કહેતા તમારે સંસારમાં, થોડું લખ્યું ઘણું કરીને જાણજો. આવે છે? લગ્ન પ્રસંગ હોય કે જમાઈ-બમાઈ કડક હોય. જમાઈ કડક હોય કોઈ. ભાઈના અમારે અહીં લગન છે તો અમારી દીકરી લઈને તમે આવજો. મંડપની શોભા વધશે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. હિન્દીમાં આવે છે?

**શ્રોતા :–** થોડા લિખા બહુત જાનના.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** બહુત જાનના. આહા..હા..! એમ આચાર્ય કહે છે કે એટલું કહ્યું એમાં ઘણું જાણી લેવું. આહા..હા..! એય..! આહા..હા..!

એ સાક્ષાત્ **'किल'** **'शुद्ध-आत्म-तत्त्वस्य उपलम्भात्'** **'ભેદવિજ્ઞાનથી જ થાય છે...'** એ કારણે ભેદવિજ્ઞાન **'अतीव'** **'भाव्यम्'**. આહા..હા..! કરવાલાયક આ છે. **'શુદ્ધ આત્માના અનુભવથી આસ્રવભાવ રોકાય છે...'** છે? શુદ્ધ આત્માનો અનુભવ રાગથી ભિન્ન પડતાં, **'उपलम्भ'** પ્રાપ્તિ થતાં **'આસ્રવભાવ રોકાય છે...'** શુભ-અશુભભાવ ત્યાં અટકી જાય છે, રોકાય છે. રોકાય છે એનો અર્થ કાંઈ આવતા હતા અને રોકાય છે એમ નહિ, પણ એને આવતા જ નથી એમ. આહા..હા..! આવે છે એટલે આ આસ્રવ આવતા હતા અને હવે અટકાવી દઉં એમ નહિ. ભાષા તો (શું આવે?) આહા..હા..! એને આસ્રવ થતો નથી.

**'અને અનુક્રમે સર્વપ્રકારે સંવર થાય છે.'** જોયું! ઓલું લીધું હતુંને ત્યાં સાક્ષાત્, ત્યાં અહીં નાખ્યું પાછું. સાક્ષાત્ સર્વપ્રકારે. આહા..હા..! **'સર્વ પ્રકારે સંવર થાય છે. માટે, ભેદવિજ્ઞાનને**

**અત્યંત ભાવવાનો ઉપદેશ કર્યો છે.'** આ જયચંદ્ર પંડિત લખે છે અર્થમાં. અમૃતચંદ્રાચાર્ય આમ કેમ કહે છે? કે આ કારણે ભેદજ્ઞાનનો ઉપદેશ વારંવાર કર્યો છે. આહા..હા..! ૧૩૦ કળશ-કળશ.

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

આહા..હા..! અમૃત રેડ્યા છે એકલા!!

'**इदम् भेदविज्ञानम्**' છેને? '**भेदविज्ञानम् इदम् विज्ञानम**' એમ છેને? '**इदम् भेदविज्ञानम**' '**આ ભેદવિજ્ઞાન...**' આહા..હા..! રાગથી ભિન્ન પાડીને પોતાના સ્વરૂપનું અનુભવન એ આ ભેદજ્ઞાન '**અચ્છિન્નધારાથી (અર્થાત્ જેમાં વિચ્છેદ ન પડે એવા અખંડ પ્રવાહરૂપે)...**' આહા..હા..! '**तावत्**' '**ત્યાં સુધી...**' ભાવવું કે '**જ્યાં સુધી...**' '**परात् च्युत्वा**' '**પરભાવોથી છૂટી...**' આહા..હા..! રાગથી છૂટી જ્ઞાન-આત્મા '**જ્ઞાનમાં જ ઠરી જાય.**' આહા..હા..! '**ज्ञानं**' છેને? '**ज्ञानं**' '**ज्ञाने**' જ્ઞાનની પર્યાય '**ज्ञाने**' આત્મામાં. જ્ઞાન શબ્દે આત્મા. આહા..હા..! જ્ઞાનની વર્તમાન પર્યાય '**ज्ञाने**' જ્ઞાનમાં ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન કરવું. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારરત્નત્રય ત્યાં સુધી કરવું કે નિશ્ચય ન પામે ત્યાં સુધી, એમ નથી. આહા..હા..! અહીંયાં તો કહે છે કે આત્માનું ભેદવિજ્ઞાન ત્યાં સુધી ભાવવું, ભગવાન આત્માનું જ્ઞાન એટલે નિર્મળ પરિણતિ '**ज्ञाने**' એટલે આત્મામાં ઠરી જાય ત્યાં સુધી ભાવના કરવી. આહા..હા..! આવી વાતું લૂખી. '**ज्ञानं**' '**ज्ञाने**' આત્માને આત્મામાં.

**શ્રોતા :–** કયુ દ્રવ્ય અને કઈ પર્યાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ દ્રવ્ય. એ '**ज्ञानं**' '**ज्ञाने**' જ્ઞાનની પર્યાયને જ્ઞાનસ્વરૂપમાં, દ્રવ્યમાં સ્થિત કરવી. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય.**' છેને જુઓને. જ્ઞાનમાં એટલે વસ્તુ. જ્ઞાન એટલે એ જ્ઞાનની પરિણતિ. આહા..હા..! આવો માર્ગ હજી તો સાંભળવા મળે નહિ, એમાં સાંભળવા મળે તો સમજાય નહિ કે આ શું કહે છે આ? ઓલું તો દયા પાળવી, વ્રત કરવા, સામાયિક, પોષા, પડિક્કમણા (કરવા) સટ સૂઝ પડે અજ્ઞાનમાં.

**શ્રોતા :–** અજ્ઞાનમાં સૂઝ પડે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ અજ્ઞાનમાં સૂઝ પડે એને. કીધુંને આગમપદ્ધતિ સહેલી લાગે એને. પરમાર્થ વચનિકા એમાં આવ્યું છે ઈ. આહા..હા..! સમજાણું? શેમાં છે એ? મોક્ષમાર્ગપ્રકાશકમાં.

જુઓ, 'જ્ઞાતા તો મોક્ષમાર્ગ સાધી જાણે, પણ મૂઢ મોક્ષમાર્ગ સાધી જાણે નહિ. શા માટે? તે સાંભળો!' એમ લખ્યું છે. 'તે સાંભળો! મૂઢ જીવ આગમપદ્ધતિને વ્યવહાર કહે.' વ્રત ને અપવાસ ને ક્રિયાકાંડ કરવા એને વ્યવહાર કહે. 'અને અધ્યાત્મ પદ્ધતિને નિશ્ચય કહે.' અધ્યાત્મપદ્ધતિ તો નિશ્ચય છે નિશ્ચય. આહા..હા..! 'તેથી તે આગમ અંગને એકાંતપણે સાધી એ વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાને એકાંતપણે સાધી મોક્ષમાર્ગ દર્શાવે.' અમે મોક્ષમાર્ગમાં છીએ એમ બતાવે અજ્ઞાની. આહા..હા..! 'અધ્યાત્મ અંગને વ્યવહારથી પણ જાણે નહિ.' અધ્યાત્મ અંગને એટલે શુદ્ધ પરિણતિને વ્યવહારથી

એ વ્યવહારને પણ જાણે નહિ. અધ્યાત્મનો વ્યવહાર જે શુદ્ધ પરિણતિ છે. અધ્યાત્મનો નિશ્ચય તો દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અધ્યાત્મ અંગને—એ અધ્યાત્મની પરિણતિને—વીતરાગીદશાને વ્યવહારથી પણ જાણે નહિ. એની પર્યાય વ્યવહાર છે એની ખબર ન મળે. 'એ મૂઢદૃષ્ટિનો સ્વભાવ છે. તેને એ પ્રમાણે સૂઝે જ ક્યાંથી?' આહા..હા..!

'કેમ? કે આગમ અંગ બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે.' બહાર દેખાય, આ વ્રત પાળે છે, બ્રહ્મચર્ય પાળે છે, આ દયા પાળે છે, આ ઉઘાડા પગે ચાલે છે. 'આગમ અંગ...' છે? 'બાહ્યક્રિયારૂપ પ્રત્યક્ષ પ્રમાણ છે તેનું સ્વરૂપ સાધવું તેને સુગમ છે.' આહા..હા..! 'તે બાહ્ય ક્રિયા કરતો મૂઢ જીવ પોતાને મોક્ષના માર્ગનો અધિકારી માને, પણ અંતર ગર્ભિત અધ્યાત્મરૂપ ક્રિયા...' આહા..હા..! રાગથી ભિન્ન પડીને આત્માના સ્વભાવની નિર્મળ વીતરાગી ક્રિયા એ ક્રિયાને મૂઢજીવ જાણે નહિ. 'કારણ અંતરદૃષ્ટિના અભાવથી અંતર ક્રિયા દૃષ્ટિગોચર આવે નહિ.' આહા..હા..! કહો, આ બનારસીદાસ. હવે એ બનારસીદાસ અને ટોડરમલે અધ્યાત્મની ભાંગ પીધી. આ રમેશભાઈને કહ્યું હતું ત્યાં. ટોડરમલજી અને બનારસીદાસજી અધ્યાત્મની ભાંગ પીને નાચ્યા છે. અરે..! ભગવાન! શું કરે છે, પ્રભુ? અરેરે..! સાધારણ માણસો અજ્ઞાનીમાં તને ઠીક પડશે એને લાગશે. બાપુ! આહા..હા..! ઓલી સ્તુતિમાં આવે છે 'જિનાદેશ જાતા..' નહિ? ત્યાં સંસ્કૃત, પ્રાકૃત કે ચાલતી ભાષા ત્રણેય વીતરાગની વાણી છે. સમજાણું? ઓલા કહે, પંડિતોની નહિ, આચાર્યોની જોવે. એમ લખ્યું.

અહીં તો કહે છે, ત્રણે. છેને? માહાત્મ્ય છેને. બનારસીદાસમાંથી કરેલું. આપણે ૯૫ની સાલમાં છપાવ્યું. આ ચોપડી ૯૫માં. ૐકાર જ્યારે છાપ્યો હતો ને અંદર. ૯૫. પાંચ ને તેત્રીસ આડત્રીસ વર્ષ થયા. આ તે દિ' છપાવી છે. એમાં છે જુઓ. આહા..હા..! શું કહે છે જુઓ, 'કથા સંસ્કૃતા પ્રાકૃતા દેશભાષા ચિદાનંદ ભુપાલકી રાજધાની.' ભલે વાણી દેશભાષામાં હોય. એ કાંઈ સંસ્કૃત, પ્રાકૃતમાં હોય એવું કાંઈ નથી. આહા..હા..! છે? 'અખેવ વૃક્ષ શાખા વ્યતિત અભિલાષા તથા સંસ્કૃતા, પ્રાકૃતા દેશભાષા, ચિદાનંદ ભુપાલકી રાજધાની, નમો દેવી વાકેશ્વરી જૈનવાણી.' નમો દેવી વાકેશ્વરી. વાક ઈશ્વરી હોં! ઓલી વાઘેશ્વરી નહિ. ઓલા સરવસ્વતીને બેસાડે છેને વાઘ ઉપર. 'નમો દેવી વાકેશ્વરી.' વાકમાં ઈશ્વરી ભગવાનની વાણી. આહા..હા..! 'અનંતા અનાદિશ્વરી કર્મનાશા.' એ વીતરાગની વાણી. આહા..હા..! કર્મનો નાશ કરે એ વીતરાગની વાણી, કહે છે. રાગ બાંધે ને એ વીતરાગની વાણીનો સાર છે જ નહિ. આહા..હા..! આ ભાઈએ કર્યું છે, હોં! બનારસીદાસ. બનારસી વિલાસમાં છે. બનારસી વિલાસ ગ્રંથ છેને એમાં છે આ. એ તે દિ' આપણે ૯૫માં છપાણું હતું.

અહીં કહે છે આહા..હા..! '**અહીં જ્ઞાનનું જ્ઞાનમાં ઠરવું બે પ્રકારે...**' એક તો મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય. શું કહે છે? આત્મા જ્ઞાનાનંદ સહજાત્મસ્વરૂપ એનું રાગથી ભિન્ન પડીને જે જ્ઞાન થાય એ જ્ઞાન પણ અખંડધારા રહે. ભલે વિકલ્પ આવે, પણ એ જ્ઞાન તો અખંડધારા રહે. મિથ્યાત્વનો નાશ થઈ સમ્યગ્જ્ઞાન થાય. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, એનું જે અંતરજ્ઞાન થાય, મિથ્યાત્વ વચ્ચે ન આવે. છેને? '**મિથ્યાત્વનો અભાવ થઈ સમ્યગ્જ્ઞાન થાય અને ફરી મિથ્યાત્વ ન આવે**

**ત્યારે જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું કહેવાય;...**' છેને? આહા..હા..!

'**બીજું, જ્યારે જ્ઞાન શુદ્ધોપયોગરૂપે સ્થિર થઈ જાય...**' બીજી વાત લીધી. અંદરમાં ધ્યાન, ધ્યાતા, ધ્યેયને છોડી એકલો ઉપયોગ અંદર લાગી જાય આત્મામાં. '**અને ફરી અન્યવિકારરૂપે ન પરિણમે...**' વિકલ્પરૂપે પણ ન આવે એમ કહે છે. '**ત્યારે તે જ્ઞાનમાં ઠરી ગયું કહેવાય.** ' આહા..હા..! આત્મા જ્ઞાનસ્વરૂપ ચેતનબ્રહ્મ જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા છે. આહા..હા..! અરે..! ક્યાં? પોતે કોણ છે એની ખબર ન મળે અને બહારની બધી માંડી. ઘરના છોકરા ઘંટી ચાટે, પાડોશીને આટો. એ કાંઈક હશે તમારે. ઘરના છોકરા ઘંટી ચાટે.

**શ્રોતા :–** ઘરકા પુત કુંવારા રહ જાયે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, એ કાંઈક હશે. કહેવતો બધી સરખી હોય, ચૂલામાં રાખ હોય બધે. ભાષા ફેર હોય. અહીં અમારે ગુજરાતીમાં એમ કહે છે, ઘરના છોકરા ઘંટી ચાટે, લોટ ન મળે, પાડોશીને આટો આપે; એમ પોતાના આત્માનું કલ્યાણ કેમ થાય એની ખબરું ન મળે અને બીજાને કરું. આહા..હા..!

'**જ્યાં સુધી બન્ને પ્રકારે જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.**' શું કહે છે? કે આત્મા અંદર પવિત્ર આનંદનું ધામ. છેને શ્રીમદ્‌માં આવે છે, 'શુદ્ધબુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' શ્રીમદ્ રાજચંદ્ર કહે છે. આહા..! ગૃહસ્થાશ્રમમાં હતા. લાખો રૂપિયાના ઝવેરાતના ધંધા હતા. ધંધા ધંધાને ઘરે, પણ અંદર ભિન્નમાં ભાનમાં વર્તતા હતા. નાળિયેરમાં જેમ ગોટો છૂટો પડે, બહાર પડ્યું નથી પણ અંદર છૂટો પડી ગયો, એમ જ્યાં રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થાય ત્યારે એ ગોળો છૂટો પડી ગયો અંદર. આહા..! એ એમ કહે છે. સમજાણું કાંઈ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન' ભગવાન પવિત્ર છે, બુદ્ધ નામ જ્ઞાનનો પિંડ છે, ચૈતન્યઘન નામ અસંખ્ય પ્રદેશી છે. એ અસંખ્ય પ્રદેશનો પિંડ છે. પહેલા ગુણનો પિંડ કીધો, પવિત્ર કીધો, શુદ્ધ બુદ્ધ જ્ઞાનનો પિંડ છે, ચૈતન્યઘન-અસંખ્ય પ્રદેશનો પિંડ છે. આહા..હા..! અને સ્વયં જ્યોતિ. એ ચૈતન્ય સ્વયં જ્યોત છે. ચૈતન્યબિંબ ભગવાન સ્વયં સુખધામ. આનંદનું સ્થાન એ છે. સુખનું ધામ ભગવાન આત્મા અંદર છે. આહા..હા..! એ સુખ બહારમાં શોધવા જાય બિચારા. સમજાણું કાંઈ? આહા..હા..!

દાખલો આપે છે નહિ? એક વૃદ્ધ બાઈ હતી એની સોય ખોવાણી સોય. સોય કહે છેને? એ અંધારમાં ખોવાણી અંધારામાં. પછી અંધારામાં જડી નહિ તો અંજવાળે ગોતવા ગઈ. એમાં એક છોકરો નીકળ્યો નાની ઉંમરનો. બા! શું કરો છો તમે માતાજી? કે સોય શોધું છું. ક્યાં ખોવાણી છે? કહે અંધારે. ત્યાં હાથ આવતી નથી એટલે અહીં ગોતું. પણ ત્યાં ક્યાં પડી છે તે હાથ આવે! જ્યાં ખોવાણી છે ત્યાં ગોતને. એમ રાગના વિકલ્પમાં ખોવાઈ ગયો છો તું આખો. આહા..હા..! પુણ્યના વિકલ્પો મારા, પાપના મારા એમાં ખોવાઈ ગયો. ત્યાં ગોતને હવે ખોવાઈ ગયો ત્યાં. આહા..હા..! હવે ક્યાં છે પણ આ? આહા..હા..!

'**જ્ઞાન જ્ઞાનમાં ન ઠરી જાય ત્યાં સુધી ભેદવિજ્ઞાન ભાવ્યા કરવું.**' બે પ્રકારે ભેદજ્ઞાન કહ્યું. બે પ્રકારે સમજાણું? કે રાગથી વિકલ્પથી ભિન્ન પડીને નિર્વિકલ્પ જ્ઞાન થયું સમ્યગ્જ્ઞાન, એમાં મિથ્યાત્વ ફરીને ભ્રાંતિ ન થાય તે જ્ઞાન પણ અચ્છિન્નધારા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું? અને સ્વરૂપમાં ઉપયોગમાં ઠરી જાય એને પણ અચ્છિન્નધારા અને ભેદજ્ઞાન ભાવવું એમ કહ્યું. ઉપયોગમાં ઠરી જાય અંદર. આહા..હા..! બહુ સરસ! બેય કળશો બહુ સરસ!! હવે, ત્રીજો આવ્યો મહાસિદ્ધાંત.

(अन्ष्टुभ)

भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।
अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।

'**જે કોઈ...**' '**किल**' નામ '**સિદ્ધ થયા છે.**' '**केचन**' કોઈપણ '**किल**' નામ '**સિદ્ધ થયા છે, તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' કોઈ વ્રત ને તપ કરવાથી થયા નથી એમ કહે છે. એમાં ટીકામાં છે. અધ્યાત્મ તરંગિણી છેને? કળશટીકા અધ્યાત્મ તરંગિણી એમાં એ છે. આ વ્રત કર્યા ને અપવાસ કર્યા એનાથી સિદ્ધ થયા નથી. આહા..હા..! '**भेदविज्ञानतः सिद्धाः**' જેટલા અત્યાર સુધી પરમાત્મા નમો સિદ્ધાણં, સિદ્ધપદને પામ્યા એ બધા રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાનથી સિદ્ધ થયા છે. આહા..હા..! વ્યવહારથી નિશ્ચય થઈને સિદ્ધ થયા છે એમ નથી, એમ કહે છે. આહા..હા..! ગાથાદીઠ આ વાત છે. પણ માણસે ગાંઠ બાંધી હોય ને કે વ્યવહારથી થાય, વ્યવહાર કરતાં-કરતાં થાય. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ડકાર આવે, એમ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થાય એવું છે એ. જૂઠ છે બધી વાત. સમજાય છે કાંઈ?

'**જે...**' '**केचन**' કોઈપણ '**किल**' નિશ્ચયથી સિદ્ધ થયા છે. આહા..હા..! '**તે ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' સમજાણું કાંઈ? શું છે આ અધ્યાત્મ તરંગિણી છેને? જુઓ, '**किलेत्यागमोक्ते निश्चये ये-केचन पुरुषसिंहाः**' પુરુષસિંહ જે સિદ્ધ થયા. આહા..હા..! '**सिद्धाः--सिद्धिं स्वात्मोपलब्धिलक्षणां प्राप्ताः**' આત્માની પ્રાપ્તિ એ સિદ્ધ. '**उपलक्षणात् सिद्ध्यंति-सेत्स्यंते, ते सर्वे भेदविज्ञानतः-आत्मकर्मणोर्भेदज्ञानात् नान्यस्तपश्चरणादेः सिद्धपदं प्राप्ताः**' તપસ્યા કરે માટે સિદ્ધપદ થાય, અપવાસ કરે ને વ્રત પાળે માટે (થાય નહિ) એમ પાઠ નાખ્યો છે. '**नान्यस्तपश्चरणादेः सिद्धपदं प्राप्ताः**' આહા..હા..! અધ્યાત્મ તરંગિણી છે. આહા..હા..!

હવે જે કોઈ બંધાણા છે એ કર્મને લઈને બંધાણા નથી એમ કહે છે. ભેદજ્ઞાનના અભાવથી બંધાણા છે. ભાષા તો જુઓ! આહા..હા..! કર્મને લઈને એ બંધાણા છે જગતમાં પ્રાણી એમ નહિ. ભેદવિજ્ઞાનના અભાવથી બંધાણા છે. આહા..હા..! વિશેષ વાત આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગસર વદ-૯, બુધવાર, તા. ૧૫-૧૨-૧૯૭૬, કળશ-૧૩૧-૧૩૨, પ્રવચન નં. ૨૬૨

સમયસાર, ૧૩૧ કળશ છેને. ભેદવિજ્ઞાનનો મહિમા કહે છે. **'ये केचन किल सिद्धाः'** છે ૧૩૧? 'જે કોઈ સિદ્ધ...' નામ નિશ્ચયથી. એ શબ્દ પડ્યો રહ્યો છે એમાં. **'ये केचन किल सिद्धाः'** અત્યાર સુધી જે કોઈ સિદ્ધ થયા એ **'भेदविज्ञानतः सिद्धाः'** રાગનો વ્યવહારનો ભાવ એનાથી ભિન્ન પાડીને પ્રથમ મોક્ષનું કારણ ભેદવિજ્ઞાન છે. આ બધા વાંધા. કહે છે, પ્રથમ એ નહિ, પ્રથમ વ્યવહાર છે, પછી નિશ્ચય થાય છે. અહીં કહેશે અર્થમાં પણ હોં! મોક્ષનું પ્રથમ કારણ ભેદવિજ્ઞાન છે. ભાવાર્થમાં. ... ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા એને પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન પાડીને સ્વભાવમાં એકતા કરવી એ પ્રથમમાં પ્રથમ મુક્તિનું કારણ છે. આહા..હા..! બહુ ટૂંકું અને ઘણું સરસ. આમાં ઝઘડા બધા. આહા..હા..!

**'ये केचन'** 'જે કોઈ...' **'किल'** નામ નિશ્ચયથી સિદ્ધ થયા. **'भेदविज्ञानतः सिद्धाः'** 'તે **ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે;...**' આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એનાથી નિશ્ચય થયા છે અને એનાથી મુક્તિ થઈ છે એમ નહિ. આહા.હા..! આવી વાત મોટી ઝઘડે ચડી ગઈ છે. આહા..હા..! અને 'જે કોઈ બંધાયા છે...' હવે અહીં વજન છે વધારે. કર્મના ઉદયથી બંધાણા છે એમ નથી. આહા..હા..! નિમિત્તથી વાત કરે ત્યારે એમ આવે. બંધ અધિકાર આવે છેને, મોક્ષમાર્ગપ્રકાશકમાં. બંધ-બંધની વ્યાખ્યા. આસ્રવના કારણે બંધ છે. હવે જેને આસ્રવના સ્વરૂપની ખબર નથી એને બંધ તત્ત્વની પણ ખબર નથી. જેને એ પુણ્ય અને પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ, કામ, ક્રોધ, રાગાદિ એ આસ્રવ છે, એ બંધનું કારણ છે. સંવર છે એ ભેદજ્ઞાનથી મુક્તિનું કારણ છે. ભેદજ્ઞાન સંવર કહેવું છેને અહીંયાં? આહા..હા..! સમજાય છે કાંઈ? આસ્રવ છે એ બંધનું કારણ છે. અહીં એમ કહ્યું કે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાય છે. એનો અર્થ એ થયો, આસ્રવના પરિણામની એકત્વબુદ્ધિથી બંધાય છે.

**શ્રોતા :-** ભેદજ્ઞાનનો અભાવ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ. એ વાત છે. અને બંધાય છે એની વ્યાખ્યા કરી ભાઈએ મોક્ષમાર્ગપ્રકાશકમાં બંધ તત્ત્વમાં. બહુ ટૂંકી વ્યાખ્યા એકદમ. કે બંધ જે છે એને લઈને, નિમિત્તથી કથન છે, આત્મામાં જ્ઞાન-દર્શનની પર્યાય હીણી થાય છે એના ઉદયને લઈને. એ નિમિત્ત છે. હીણી પોતાની. પણ વાત કરવી છેને આમાં આખી. આસ્રવથી બંધ થાય અને બંધથી જ્ઞાનદર્શનમાં હીણી દશા થાય. એક વાત. અને મિથ્યાત્વ અને કષાયનું પરિણમન થાય. બે (વાત). જ્ઞાન, દર્શન, મોહનીય. ત્રણ આવ્યુંને? ત્રણ. અને ચોથું, ઈચ્છા અનુસાર ન થાય. એ અંતરાય આવ્યું. ચાર. અને બાહ્ય કારણો મળે

બંધને કારણે એ વેદનીય. અને શરીરનું ટકવું મળે એ આયુષ્ય અને જાતિ નામ શરીરાદિ મળે એ નામકર્મ અને ઉચ્ચગોત્ર, નીચગોત્ર મળે એ ગોત્રકર્મ. આ આઠેયનો સરવાળો. આહા..હા..! સમજાણું કાંઈ? કથન તો નિમિત્તથી કર્યું છેને, પણ પોતાની હીણી દશાનો કાળ છે તો પોતાથી થાય છે, ત્યારે જ્ઞાના-દર્શનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં કહે છે કે જે કોઈ બંધાયા છે (એ) આસ્રવથી બંધાય છે. ત્યારે અહીં કહે છે કે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાય. એ તો એની એ વાત થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત આનંદ અને જ્ઞાન પિંડ પ્રભુ. અસંખ્ય પ્રદેશી પિંડ એ ક્ષેત્ર છે અને અનંતગુણનો પિંડ એ ભાવ છે. એવો જે આત્મા, એને પુણ્ય-પાપના રાગના વિકલ્પો જે છે એનાથી એને આસ્રવ થાય છે. આસ્રવ થતાં તેને બંધ થાય એ આવી ગયોને ક્રમ? ક્રમ આવી ગયો પહેલા. માથે જ આવી ગયું. અધ્યવસાનથી રાગદ્વેષમોહનો આસ્રવ થાય, આસ્રવભાવથી કર્મ બંધાય અને કર્મથી શરીરાદિ નોકર્મ ઉત્પન્ન થાય. ભાવાર્થમાં આવ્યું હતુંને. આહા..હા..!

વાત એ છે કે સંસારમાં રખડે છે કેમ? અને મુક્તિ કેમ થાય? ઈ ટૂંકી વાત છે અહીં તો. આહા..હા..! ભગવાન આત્મા સચ્ચિદાનંદ અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ, એને રાગની એકતાબુદ્ધિથી બંધ થાય છે એટલે કે ભેદજ્ઞાનના અભાવથી બંધ થાય છે. આહા..હા..! આમ ભેદ કીધો, આમ આનો અભાવ એટલે રાગની એકતા અભેદ કીધી. આહા..હા..! ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયેલા છે એનો અર્થ? કે રાગના અભેદબુદ્ધિથી બંધાયેલા છે. આમ વાત છે. અને આસ્રવથી બંધાયેલા છે કહો કે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાયેલા કહો. આહા..હા..! આવી વાત સીધી બહુ. આમાં ઝઘડા બધા. અરે..! પ્રભુ શું કરે છે, ભાઈ? આહા..હા..!

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એમાં છે. આ પંડિત છે કે નહિ? આ પંડિત બેઠા.

**શ્રોતા** :- આપના બનાવેલા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અમે તો અત્યાર સુધી ઘણું કીધું, કેમ બીજા થતા નથી? આહા..હા..! ગજબ વાત છે આ ભેદવિજ્ઞાનનો એક શ્લોક! આહા..હા..!

ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ, અનાકુળ અતીન્દ્રિય જ્ઞાન અને અનાકુળ અતીન્દ્રિય આનંદ આહા..હા..! એનો એ પિંડ પ્રભુ છે આત્મા. ભાઈ! એને આત્મા કહીએ. બાકી દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ બધો રાગ છે, આસ્રવ છે, વિકાર છે, વિભાવ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના (પાપભાવ છે). સમજાય છે? આજે એમાં આવ્યું છે ભાઈ, ઓલા પહેલાં કહ્યું હતુંને. એક તો સંસારની પ્રવૃત્તિ આડે નિવૃત્તિ મળતી નથી. એ આજે આવ્યું પાછું મોક્ષમાર્ગ પ્રકાશકમાં. પુણ્યનો વખત નથી મળતો એને. સંસારની પ્રવૃત્તિમાં વધારે ત્યાં રોકાય છે. એવું આજ આવ્યું હતું ખરું. મોક્ષમાર્ગપ્રકાશક છે? આ શું છે? બહારમાં રોકાય છે એટલે વખત મળતો નથી. ઉપર ઉપરથી જોયું.

ઘણો કાળ તો એને સંસારના કામમાં રોકાય છે. હમણા ઘણાં વખતથી કહેવાય છે એ આમાંથી

નીકળ્યું. આહા..હા..! એમાંથી કોઈ મળે વખત થોડો તો પુણ્ય થાય. એ પણ થોડા વખત અને થોડે કાળ હોય. હવે એમાં પણ પુણ્ય ને પાપથી ભિન્ન કરવું, એ તો એને વખત મળતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં ક્યાંક છે ખરું. ચિહ્ન કર્યું છે હોં. ચિહ્ન કર્યું હશે. અને આમાં એ આવ્યું, ભાઈ! ઓલા ૭૪ ગાથામાં આવ્યું છેને, કે વર્તમાન આસ્રવ દુઃખરૂપ છે અને ભવિષ્યમાં દુઃખરૂપ છે. એ આમાં આવ્યું છે. વર્તમાન અને ભાવિમાં દુઃખ જ થાય. આસ્રવ રહે તેથી વર્તમાન અને ભાવિમાં દુઃખ જ થાય. આસ્રવ આપણે છેને. એના પહેલાં પણ ક્યાંક બીજે આવ્યું છે. ચિહ્ન તો કર્યું હશે.

**શ્રોતા :–** ચોથા અધ્યાયમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, ચોથા અધ્યાયમાં. આ એની વાત છેને. આમાં આવ્યું છે ચોથું. આ બીજા, ત્રીજા અધિકારમાં છે. આ ત્રીજા અધિકારમાં. 'હવે ધર્માનુરાગમાં જીવ થોડો જોડાય છે પણ ઘણો ભાગ તો પાપ ક્રિયામાં જ પ્રવર્તે છે.' એ ત્રીજામાં છે. ઓલું ચોથામાં છે. આહા..હા..! અહીં ઘણા દિ'થી કહેવાય છેને. પણ એ આમાંથી નીકળ્યું. 'ધર્માનુરાગમાં...' પુણ્યભાવ. ધર્માનુરાગ એટલે પુણ્ય. એમાં 'જીવ થોડો જોડાય છે, પણ ઘણો ભાગ તો પાપ ક્રિયામાં જ પ્રવર્તે છે.' પછી ઈચ્છાની વ્યાખ્યા છે. ચાર ઈચ્છા છેને, એની વ્યાખ્યા છે. આ કહ્યુંને. એ બંધની વ્યાખ્યા છેને. બંધ-બંધની.

**શ્રોતા :–** ચાર પ્રકારની ઈચ્છાઓના...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ પછી. આ તો એના પહેલાં છે કે 'આસ્રવભાવ વડે જ્ઞાનાવરણાદિ કર્મોનો બંધ થાય છે.' હમણાં કહ્યું એ. 'એ ઉદય થતાં જ્ઞાનદર્શનનું હિનપણું થવું, મિથ્યાત્વકષાયરૂપ પરિણમન થવું,...' એ મોહનીય. 'ઈચ્છાનુસાર ન બનવું...' એ અંતરાય. 'સુખ-દુઃખના કારણો મળવા...' એ વેદનીય. 'શરીરનો સંયોગ રહેવો...' એ આયુષ્ય. 'જાતિ, ગતિ, શરીરના નીપજવા...' એ નામ. 'ઊંચુ-નીચું કૂળ' એ ગોત્ર. આહા..હા..! આસ્રવ જે પુણ્ય અને પાપના ભાવ એનાથી બંધ થાય. બંધના ઉદયકાળે આવી સ્થિતિ ઊભી થાય આઠેય કર્મની, એમ કહે છે. સમજાણું કાંઈ? બહુ ટૂંકું. આઠ કર્મની ભાષા ટૂંકી લીધી. આહા..હા..!

એ અહીં કહે છે કે ભેદવિજ્ઞાનના અભાવથી બંધ થાય છે. એટલે કે આસ્રવભાવની એકતાબુદ્ધિથી બંધ થાય છે. આહા..હા..! અને બંધને લઈને પછી ચાર ગતિમાં રખડવું થાય છે. કીધાને આઠ બોલ કીધાને? આહા..હા..! 'જે કોઈ...' એમાં એ શબ્દ પડ્યો રહ્યો છે '**किल**'નો. '**किल**'નો અર્થ પડ્યો રહ્યો છે બેયમાં. '**જે કોઈ નિશ્ચયથી બંધાયા છે...**' એમ જોઈએ. છેને એમાં? છે? 'નિશ્ચયથી' શબ્દ નથી એમાં. '**किल**' '**किल**' જોઈએ. નિશ્ચયથી 'જે કોઈ...' ખરેખર સિદ્ધ થયા છે એ ભેદવિજ્ઞાનથી સિદ્ધ થયા છે. આહા..હા..! કેટલી વાત છે! રાગના વ્યવહારથી નિશ્ચય પામ્યા છે અને વ્યવહારથી મોક્ષ થાય છે (એમ નથી કહ્યું). મોક્ષમાર્ગ તો બે પ્રકારે છે—નિશ્ચય અને વ્યવહાર. વ્યવહારમોક્ષમાર્ગ છે એ તો બંધમાર્ગ છે, એને વ્યવહારનો આરોપ કર્યો છે. નિરૂપણ બે પ્રકારે છે. તો વ્યવહારમોક્ષમાર્ગ છે એનો વ્યવહારમોક્ષ થાય? નિશ્ચયમોક્ષમાર્ગનો નિશ્ચયમોક્ષ થાય? સમજાણું કાંઈ? વ્યવહારમોક્ષમાર્ગ તો કથનમાત્ર નિશ્ચયમોક્ષમાર્ગની સાથે સહચારી નિમિત્ત દેખીને ઉપચારથી વ્યવહારમોક્ષમાર્ગ કહેવામાં

આવે છે. વ્યવહારથી. એટલે કે એમ નથી, પણ તેનું નિમિત્તપણું સાથે છે તેનું જ્ઞાન કરાવવા કહ્યું છે. આહા..હા..! આવી વાત છે, બાપુ! આમાં વાદવિવાદને સ્થાન પણ ક્યાં છે? પણ શું થાય?

અહીંયાં તો કહે છે, **'ये केचन किल बद्धाः'** **'જો કોઈ...'** **'किल'** નિશ્ચયથી **'બંધાયા છે...'** અત્યાર સુધી બંધાયા. એકેન્દ્રિય નિગોદના જીવ પણ કર્મને લઈને રોકાણા છે અને બંધાણા છે એમ નહિ. આ જ વસ્તુ છે. ભેદવિજ્ઞાનના અભાવથી બંધાય છે નિગોદના જીવ પણ. આહા..હા..! સમજાય છે કાંઈ? કોઈ એમ કહે છેને કે ભાઈ, આનાથી આમ થાય, આનાથી આમ થાય. એકેન્દ્રિય જીવને તો કર્મનું જોર છે માટે તે અંદર રોકાઈ ગયેલા છે. અહીં ના પાડે છે. અને ગોમ્મટસારમાં છેને પંડિતજી! ભાવકલંક પહુરા—ભાવકલંક પ્રચુર. આહા..હા..! આચાર્યોએ તો બહુ સ્પષ્ટ કરી નાખ્યું છે.

**શ્રોતા :-** મહારાજ! પ્રચુરની સાથે **'सु'** લગાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પહુરા વિશેષ. આહા..હા..! ભાવકર્મ શુપહુરા. શુ—પ્રચુર. ભાવકલંકની પ્રચુરતા છે માટે નિગોદમાં રહ્યા છે. કર્મનું જોર છે માટે નિગોદમાં રહ્યા છે એમ નથી. આહા..હા..! આવી તો વાત સ્પષ્ટ છે. આહા..! કેટલા વર્ષથી અમે કહીએ છીએ આ તો. પણ માણસને નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય.. કર્મથી કાંઈ થાય નહિ. પણ જડ છે એનાથી શું થાય તારામાં? પણ ઓલા કથન આવેને આવા (કે) બંધના ઉદયથી જ્ઞાન, દર્શનની હીણીદશા થાય. પણ એ ભાવબંધમાં હીણીદશા થાય, ત્યારે દ્રવ્યબંધ નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાત છે, ભગવાન! શું થાય ભાઈ! આહા..હા..!

**'તે તેના જ અભાવથી બંધાયા છે.'** ઓહો..હો..! ગજબ છેને! એકેન્દ્રિયના નિગોદ જીવ નિત્યનિગોદ છે એ પણ ત્યાં કેમ રહ્યા છે? કે ભેદવિજ્ઞાનના અભાવથી બંધાઈને રહ્યા છે. આહા..હા..! પરદ્રવ્યની તો વાત પણ નથી અહીં. નિમિત્ત હો. નિમિત્તની કોણ ના પાડે છે? પણ નિમિત્ત કોઈ કરે છે ત્યાં? કર્તા થયું તો નિમિત્ત ક્યાં રહ્યું? એ તો ઉપાદાન થઈ ગયું. આહા..હા..! સમજાય છે કાંઈ? આ નિમિત્તના-ઉપાદાનના વાંધા, નિશ્ચય-વ્યવહારના વાંધા અને ક્રમબદ્ધ—પાંચ બોલનો વાંધો સોનગઢ સામે છે. એની સામે છે એની દૃષ્ટિએ. આહા..હા..! પણ નિશ્ચયથી જે કાળે, જે ક્ષણે, જે પર્યાય ઉત્પન્ન થવાની એથી એના ક્રમબદ્ધમાં થાય છે, એ એને નિમિત્ત આવ્યું માટે થાય છે એમ છે? આહા..હા..! એ નિર્ણયમાં ભેદજ્ઞાનનો અભાવ એટલે કે રાગથી ભિન્ન પડ્યો નથી અને રાગની એકતામાં છે, એનાથી મને લાભ થશે એવી બુદ્ધિ છે, ત્યાં તે બંધાણો છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? હવે આમાં સમજે શું? કરવું શું? દયા પાળવી, દાન કરવા, ભક્તિ કરવી, પૂજા કરવી, વ્રત કરવા, અપવાસ કરવા એ સમજાય તો ખરું. શું આમાં ધૂળમાં સમજવું? એ તો બધા વિકલ્પ છે, આસ્રવ છે. એની તો અહીં વાત ચાલે છે. સ્થિતિ જ આ છે ત્યાં. આહા..હા..!

નિગોદના જીવ પણ ભાવકલંક શુપહુરા એમાં ત્રણ શબ્દ છે. ભાવના કલંકની શુ—અતિશય પ્રચુરતાને લઈને નિગોદમાં જીવ રહ્યા છે, કર્મના જોરને લઈને રહ્યા છે એમ છે નહિ. પરદ્રવ્યને કારણે રહ્યા (નથી). એ પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર વસ્તુ છે. આહા..હા..! અહીંયાં કહ્યું કે નિગોદના જીવ નિત્ય પડ્યા છે અનંતગુણા એ પણ ભેદજ્ઞાનના અભાવથી બંધાઈને પડ્યા છે, એમ કહે છે. એમ આવ્યુંને

પંડિતજી! આહા..હા..! દર્શનમોહના ઉદયથી બંધાણા ભાવબંધમાં આવ્યા છે એમ નથી કહ્યું અહીં. આહા..હા..! કર્મ ને નિમિત્તનો નિષેધ કરી દીધો કે એનાથી નહિ, તેમ આડીઅવળી દશા થાય એમ નહિ, એ તો પોતાના ભાવબંધ આસ્રવનો અભાવ નથી કર્યો એટલે એકતાથી બંધાણા છે. એની પરિણતિ બંધની છે. વિકારની પરિણતિ બંધની એના ક્રમમાં છે. આહા..હા..! સમજાણું કાંઈ?

જે કોઈ નિશ્ચયથી બંધાણા છે. એમ. **'अस्य एव अभावतः बद्धाः'** **'अस्य'** નામ **'તે...'** **'एव'** **'તેના જ અભાવથી...'** જોયું! **'एव'** શબ્દ છેને? **'अस्य एव'** **'તે તેના જ (ભેદવિજ્ઞાનના જ) અભાવથી બંધાયા છે.'** આહા..હા..! શુદ્ધ ચૈતન્યઘન વસ્તુ, એમાં એ આસ્રવભાવને કારણે એકતાબુદ્ધિથી બંધાણા છે, કહે છે. ભેદવિજ્ઞાનનો અભાવ કહો કે આસ્રવનો ભાવ એકતાબુદ્ધિ કહો એક જ વાત છે. આમ ભેદજ્ઞાનનો અભાવ છે તો આમ અભેદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આમ છે એ વસ્તુ. ભેદના અભાવથી જ બંધાયા છે. કર્મના ઉદયને કારણે બંધાણા છે, દર્શનમોહનું જોર છે એને કર્મનું, માટે બંધાય છે... પંડિતજી! એમ તો કંઈ કહ્યું નહિ. આ બધા તકરાર કરે એમાં તો ઉડી જાય બધી વાત. કર્મથી થાય એ વાત ઉડી જાય છે, તેમ વ્યવહારથી નિશ્ચય થાય એ વાત ઉડી જાય છે, નિમિત્તથી ઉપાદાનમાં થાય એ વાત ઉડી જાય છે. આહા..હા..! તેમ આસ્રવ-વ્યવહારરત્નત્રય છે એનાથી ભેદજ્ઞાન કર્યું એ મુક્તિનું કારણ છે, એનાથી એકત્વબુદ્ધિ થઈ એ બંધનું કારણ છે. આહા..હા..! આ તો પોતાના હાથની વાત છે. આસ્રવને એકત્વપણે માનવું કે આસ્રવને ભેદપણે જાણવું એ તો એના અધિકારની વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ત્યારે વળી કોઈ એમ કહે કે એ તો કાળલબ્ધિ પાકે ત્યારે (થાય). વાત સાચી છે કાળલબ્ધિની, પણ કાળલબ્ધિનું જ્ઞાન કોને થાય? ધારણામાં એમ રાખે કે કાળલબ્ધિ થાય ત્યારે થાય. એ તો ધારણા થઈ જ્ઞાનની, પણ કાળલબ્ધિથી થાય એનું જ્ઞાન કોને થાય? જેણે સ્વભાવ તરફ જઈને આસ્રવનો ભેદ પાડ્યો છે... આહા..હા..! એને કાળલબ્ધિ એટલે સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત થયા, એ કાળે થયા એવું એને કાળલબ્ધિનું જ્ઞાન થયું. સમજાણું કાંઈ? એ કાળલબ્ધિ મૂકાય બહુ ઠેકાણે. આમાં તો બહુ મૂકે છે ભાઈ રાજમલજી તો. દરેક ઠેકાણે. ત્રીજા કળશમાં તો ત્યાં સુધી મૂક્યું છે કે 'કાળલબ્ધિએ થાય, સહજ પુરુષાર્થથી ન થાય' એમ લખ્યું. ત્રીજા કળશમાં, રાજમલની ટીકા. એનો અર્થ કે કાળલબ્ધિ એને સમયે થાય એ તો પોતાનો સમય છે એનો. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો ત્યાં સુધી લીધું. એ મોટી ચર્ચા થઈ હતી અમારે સંપ્રદાયમાં કે દેખો ભાઈ! આ કાળલબ્ધિ અને ભવિતવ્યતા કાંઈ વસ્તુ નથી. એમ લખ્યું છેને પંડિતજી! કાળલબ્ધિ કાંઈ વસ્તુ નથી. જે કાળમાં પુરુષાર્થથી થાય તે કાળલબ્ધિ. આહા..હા..!

**શ્રોતા :–** જે કાળમાં કાર્ય થાય એ કાળલબ્ધિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નવમાં છેને? નવમાં છે. એ મોટી ચર્ચા થઈ હતી. કીધુંને જુઓ, 'જેના નિમિત્તથી આત્મા અશુદ્ધ દશા ધારણ દુઃખી થયો, એવા જે મોહાદિ કર્મ તેનો સર્વથા નાશ થતા કેવળ આત્માની સર્વ પ્રકારથી શુદ્ધ અવસ્થા થવી તે મોક્ષ, તેનો ઉપાય કારણ તે મોક્ષમાર્ગ જાણવો.' હવે 'જે કારણ અનેક પ્રકારના હોય, કોઈ કારણ એવા હોય, જેના હોવા વિના કાર્ય ન થાય, જેના હોવાથી

કાર્ય થાય કે ન થાય. મુનિલિંગ ધાર્યા વિના તો મોક્ષ ન થાય, પરંતુ મુનિલિંગ ધારતા મોક્ષ થાય વા ન થાય.' કારણ કે એ તો નિમિત્ત છે, બહારની ચીજ. આહા..હા..! સમજ્યાને?

'મુક્તપણે .. થાય પરંતુ વ્રતાદિ અને બાહ્યતપ કર્યા વિના મોક્ષનું કારણ થાય, એમ જેના હોવાથી કાર્ય સિદ્ધ અવશ્ય થાય, જેના ન હોવાથી કાર્યસિદ્ધ અવશ્ય ન થાય, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણેની એકતા થતાં તો અવશ્ય મોક્ષ થાય.' બીજા કારણ ન નાખ્યા. સમજાણું? કાળલબ્ધિનું આવે છેને. માથે કહ્યું છેને. એ કહ્યું જુઓ, 'મોક્ષ સાધના પુરુષાર્થની મુખ્યતા.' 'એક કાર્ય થવામાં અનેક કારણો મળે, મોક્ષનો ઉપાય બને ત્યાં પૂર્વોક્ત ત્રણે કારણો મળે. નથી બનતો ત્યાં નથી મળતો. ત્રણ કારણ કહ્યા તેમાં કાળલબ્ધિ, ભવિતવ્યતા કોઈ વસ્તુ જ નથી.' શું કહ્યું? 'કાળલબ્ધિ વા ભવિતવ્યતા કોઈ વસ્તુ જ નથી.' જે કાળમાં કાર્ય બને તે કાળલબ્ધિ. આહા..હા..! સંપ્રદાયમાં આ મોટી ચર્ચા ચાલી હતી. (સંવત) ૧૯૮૩, ૭૬. ૮૩માં મોટી ચર્ચા. ૧૭. ૧૭ ને ૩૩ કેટલા થયા? ૫૦ વર્ષ થયા. મોટી ચર્ચા. એક દામોદર શેઠ હતાને ગૃહસ્થ માણસ. એટલામાં પૈસા કોઈની પાસે નહોતા. એને દસ લાખ તે દિ' ૬૦ વર્ષ પહેલાં દસ લાખ રૂપિયા, ૪૦ હજારની ઊપજ ને શ્રદ્ધા આ—જે કાળે થાશે, તે થાશે એમાં આત્માનો પુરુષાર્થ કાંઈ કામ નહિ કરે. મેં કીધું, પણ જે કાળે થાશે એનો પુરુષાર્થ કર્યો કોણે? પુરુષાર્થ કર્યો એને કાળલબ્ધિનું જ્ઞાન થયું કે પુરુષાર્થ કર્યા વિના કાળલબ્ધિ-કાળલબ્ધિ ધારણાથી જ્ઞાન થયું? પંડિતજી!

અહીં કહ્યુંને જુઓ, 'કાળલબ્ધિ અને ભવિતવ્યતા કોઈ વસ્તુ નથી. જે કાળમાં કાર્ય બને તે કાળલબ્ધિ, જે કાર્ય થયું તે ભવિતવ્ય. પછી કર્મના ઉપશમાદિક છે તે તો પુદ્ગલની શક્તિ છે, તેના કર્તા હર્તા આત્મા નથી. પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવામાં આવે છે તે આત્માનું કાર્ય છે. માટે આત્માને પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ આપીએ છીએ. હવે આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ થાય તે કારણે ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે જ.' એક કારણ (હોય) ત્યાં પાંચેય કારણ હોય જ તે, એમ કહે છે. સમજાણું? વર્ણવ્યું બહુ સારું છે. મોક્ષમાર્ગપ્રકાશ. હવે આને આ લોકો એ ઠરાવે છે. અધ્યાત્મની ભાંગ પીને આ બધું કર્યું. લલિતપુરમાં બોલ્યા હતા. અરે..! ભગવાન! બાપુ! ટોડરમલ. ટોડરમલ અને આ કેવા? બનારસીદાસ. એ કહ્યું હતુંને? આ હતાને. અધ્યાત્મની ભાંગ. બાપુ! ભગવાન! એમ ન કહેવાય. એ કહ્યું નહોતું કાલે ત્યાં? સ્તવનમાં નહોતું આવ્યું બનારસીદાસમાં? સંસ્કૃત, પ્રાકૃત કે દેશભાષા..

**શ્રોતા :–** સંસ્કૃતા, પાકૃતા, દેશભાષા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધી જિનવાણી છે. પંડિતોની ભલે કરેલી હોય. આહા..હા..! એ ચર્ચામાં આવ્યું હતુંને, ત્યાં ખાણિયા ચર્ચામાં. ખાણિયા. ખાણિયા ચર્ચામાં. પંડિતોનું વચન નહિ, આચાર્યનું જોઈએ એમ કહેતા હતા. ત્યારે આ કહે, નહિ પંડિતોનું પણ વચન વચ્ચે નાખવું જોઈએ. ફૂલચંદજી. ત્યાં બનારસીદાસમાં ઈ કહ્યું. આહા..હા..! સંસ્કૃતા, પ્રાકૃતા દેશભાષા. શું કીધું? 'ચિદાનંદ ભુપાલકી રાજધાની નમો દેવી વાકેશ્વરી જિનવાણી.' આહા..હા..! જિનવાણી છે ચારે કોર જુઓ,

એની ગોદમાં બેઠા છીએ, ભાવમાં હોં! આહા..હા..! આ એક શ્લોકે તો ગજબ કામ. અત્યારની જે ચર્ચા છે એનો બધો ફેંસલો કરી નાખ્યો. પણ મધ્યસ્થથી જોવે ને બાપુ! આગ્રહ પકડીને શાસ્ત્ર વાંચવા (એમ ન હોય) પણ શાસ્ત્ર શું કહે છે એ (તરફ) દૃષ્ટિ પોતાની લઈ જવી. પોતાની દૃષ્ટિ તરફ શાસ્ત્રને લઈ જવા એમ ન હોય. આહા..હા..! બાપુ! આ તો વીતરાગ માર્ગ છે ભાઈ! આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર એમનો કહેલો માર્ગ છે આ. પરમસત્ય. એમ કહ્યું જુઓ! આહા..હા..!

આ શ્લોકની વ્યાખ્યા કરતા ઘણીવાર એમ આવે છે નહિ? અકાર્યકારણ નામની શક્તિ છે એક. શું? અકાર્યકારણ. આત્મામાં એક સુખ ને જ્ઞાન આદિ શક્તિ છે એમ એક અકાર્યકારણ નામની શક્તિ આત્મામાં છે. એ ગુણ શું કરે છે? કે તે ગુણ રાગનું કાર્ય નથી, તેમ રાગનું એ કારણ નથી. અકાર્યકારણ શક્તિ છે ૧૪મી. ૪૭માં ૧૪મી શક્તિ છે. સમજાણું કાંઈ? જીવતરશક્તિ છેને. જીવતર, ચિતિ, દૃશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ, પ્રકાશ, અસંકોચવિકાસ, અકાર્યકારણ, પરિણમ્યપરિણામકત્વ પંદરમી. ૧૪મી અકાર્યકારણ. એક જ શક્તિએ ખુલાસો. વ્યવહાર કારણ અને આત્મા કાર્ય એ એનામાં છે જ નહિ, એવો ગુણ જ નથી એમ કહે છે. સમજાય છે? આહા..હા..! વ્યવહાર છે એ રાગ છે. રાગ કારણ અને આત્મામાં કાર્ય થાય એ વસ્તુ જ નથી એમાં, તેમ રાગનું કારણ થાય આત્મા એ નથી. રાગનું કાર્ય થાય, રાગથી કાર્ય થાય એવું નથી, તેમ રાગનું કારણ થાય એમ નથી. એ તો અકાર્યકારણ શક્તિ છે. આહા..હા..! આમાં એ નિમિત્ત અને વ્યવહાર ઊડી જાય છે. છે ખરું, નિમિત્ત અને વ્યવહાર નથી એમ નહિ, પણ એના સ્થાનમાં છે.

**શ્રોતા :–** કર્તાપણું ઊડી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કર્તાપણું ઊડી જાય છે. વ્યવહારનું કર્તાપણું ઊડી જાય છે. વ્યવહાર છે. પણ વ્યવહાર નિશ્ચયને કરે છે એ ઊડી જાય છે. એટલી વાત. વ્યવહાર નથી? બે નયનો વિષય ત્રિકાળ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

આ એક શ્લોકમાં તો બહુ ઘણું ભર્યું છે. આહા..હા..! '**अस्य एव अभावतः बद्धाः**' ત્યાં પણ નિશ્ચય છે જુઓ. '**તેના...**' છેને. '**अस्य**' '**તેના જ...**' '**एव अभावतः**' '**તેના અભાવથી બંધાયા છે.**' એક જ વાત છે. આહા..હા..! આસ્રવભાવની એકતાબુદ્ધિથી બંધાયા છે અને આસ્રવભાવની ભેદજ્ઞાનની શક્તિથી તે મૂકાય છે. આહા..હા..! આવી વાત છે.

'**ભાવાર્થ :– અનાદિ કાળથી માંડીને જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...** ' અનાદિ કાળથી માંડીને અનંતકાળ થયો રખડવામાં. આહા..હા..! '**ભેદવિજ્ઞાન નથી...**' આસ્રવથી ભિન્ન જ્ઞાન નથી. આહા..હા..! આસ્રવનું જ્ઞાન પણ યથાર્થ એને કહીએ કે આસ્રવથી ભિન્ન પડ્યું જ્ઞાન એ આસ્રવનું જ્ઞાન કરે છે. જ્ઞાન કરે છે, એકત્વબુદ્ધિ નહિ. આહા..હા..! શું કહ્યું એ? પુણ્ય-પાપના ભાવ, ભાવબંધ કહો, આસ્રવ કહો, એનાથી ભિન્ન પડેલું જ્ઞાન એ આત્માને જાણે છે અને એમાં આસ્રવભાવ નથી એવું એનું જ્ઞાન એને થાય છે. અસ્તિ જ્ઞાયકભાવ હું આસ્રવથી ભિન્ન એમ ભાન થતાં આસ્રવ મારામાં નથી એવું નાસ્તિ જ્ઞાન સાથે થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વ શુદ્ધચૈતન્યઘન આસ્રવથી ભિન્ન પડતાં જે આત્મજ્ઞાન થાય, તે જ્ઞાનમાં આસ્રવ ભિન્ન છે તેનું જ્ઞાન થઈ જાય છે. કેમકે સ્વપરપ્રકાશક એનો સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૨મી ગાથામાં કહ્યુંને? સમયસાર-૧૧મી ગાથામાં એમ કહ્યું કે '**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो**' ભૂતાર્થ ત્રિકાળભાવ એ પણ રાગથી ભિન્ન પડેલું ત્રિકાળી જ્ઞાન... આહા..હા..! એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય. એક વાત. વ્યવહારનો આશ્રય કરતાં ન થાય એ એના ગર્ભમાં આવી ગઈ. બીજી વાત, કે હવે જ્યારે ભૂતાર્થ ત્રિકાળનો આશ્રય લઈને સમ્યક્ થયું પછી એને કાંઈક વ્યવહારનયનો વિષય છે કે નહિ? કે એકલો નિશ્ચયનો વિષય છે? ત્યારે ૧૨મી ગાથામાં ખુલાસો કર્યો કે એની જે અપૂર્ણ પર્યાય અને અશુદ્ધતા એ વ્યવહારનયનો વિષય છે, પણ તે તે કાળે જાણેલો પ્રયોજનવાન છે. એ પાઠ છે સંસ્કૃત. સંસ્કૃતમાં ૧૨મી ગાથા. તે કાળે જાણેલો પ્રયોજનવાન છે બસ એ. એટલે આ જ્યાં જ્ઞાન થયું એટલે એનું વ્યવહારનું જ્ઞાન એને થાય છે.

'**तदात्वे**'. વજન ત્યાં છે, વજન ત્યાં છે. '**तदात्वे**'. એનું કારણ શું? કે જે જે સમયે ભૂતાર્થનો આશ્રય લઈને સમ્યગ્દર્શ થયું તે તે સમયે જેટલી અશુદ્ધતા છે અને શુદ્ધતાની ઉત્પત્તિ છે તેનું જ્ઞાન તે કાળે તે સમયે થાય છે. બીજે સમયે શુદ્ધતા વધીને અશુદ્ધતા ઘટી તે કાળે તેનું તે જ્ઞાન થાય છે. આહા..હા..! તેથી '**तदात्वे**' લીધું છે. શું કીધું સમજાણું? કે આત્મા ભૂતાર્થ છે, ત્રિકાળ છે, જ્ઞાયક છે એવું ભાન થતાં એને પર્યાયમાં અપૂર્ણતા અને અશુદ્ધતા તો છે. હવે એને જાણે શી રીતે? કે તદાત્વે તે કાળે જાણેલો પ્રયોજનવાન (છે). એનો અર્થ? કે તે કાળે તે જ પ્રકારના સ્વપરપ્રકાશક જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! સ્વને જાણે છે તે વખતે પરને જાણવાનું જ્ઞાન.. એ જાણે છે પરને એમ કહેવું એ હજી વ્યવહાર છે. એ પરને જાણવાનું જ્ઞાન સ્વપરપ્રકાશક પોતાથી થાય છે, એ રાગ છે માટે જાણવાનું જ્ઞાન થાય છે એમ પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? તેથી ત્યાં '**तदात्वे**' શબ્દ વાપર્યો છે. આહા..હા..! તે કાળે જ્યાં રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન થયું તે જ્ઞાન પર્યાયમાં સ્વપરપ્રકાશકપણે સ્વતઃ સ્વના સ્વભાવથી ઉત્પન્ન થાય છે, તે કાળે આ રાગને અને વ્યવહારને જાણ્યો એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવું છે. વસ્તુની સ્થિતિ આવી છે ત્યાં આગળ.

'**સંસારમાં રઝળ્યા જ કરે છે;...**' જોયું! '**અનાદિ કાળથી માંડીને...**' આહા..હા..! '**જ્યાં સુધી જીવને ભેદવિજ્ઞાન નથી...**' એમ નથી કહ્યું કે જ્યાં સુધી એનું વ્યવહાર આચરણ નથી માટે એ રખડે છે. વ્યવહાર આચરણ (કરીને) તો અનંતવાર નવમી ગ્રૈવેયક ગયો ત્યાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' એ ક્રિયાથી વળી કોક દિ' થાશે એમ છે? કોકને થાય એ વ્યવહાર કરતાં કરતાં. ત્રણકાળમાં નહિ. આહા..હા..! વ્યવહારના પડખાનું જ્ઞાન છૂટી અને સ્વનું જ્ઞાન થતાં વ્યવહારનું જ્ઞાન સાચું થાય. આહા..હા..! એમ છે. તેથી ત્યાં વ્યવહારે જાણેલો '**तदात्वे**' પ્રયોજનવાન એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..!

'**જે જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે...**' આહા..હા..! એ વ્રતના, તપના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ એનાથી ભેદજ્ઞાન થાય છે તે છૂટે જ છે. એમાં રહ્યો એને મુક્તિ

થાય છે. એનાથી સમ્યગ્દર્શન થાય એ પણ મુક્ત સ્વરૂપ છે એટલું. કેમકે ભગવાન આત્મા અબદ્ધસ્વરૂપ છે. અબદ્ધસ્વરૂપ તો નાસ્તિથી વાત કરી, અસ્તિથી કહીએ તો મુક્તસ્વરૂપ જ છે એ. આહા..હા..! એ મુક્તસ્વરૂપની પ્રતીતિ, અનુભવ થયો ત્યારે પર્યાયમાં મુક્તતા આવી થોડી. અબદ્ધને આશ્રયે અબંધ પરિણામ થયા. આહા..હા..! મુક્તને આશ્રયે મુક્તના પરિણામ થયા. આહા..હા..! દેવીલાલજી! આવી વાત છે, બાપુ! માર્ગ તો આ છે, ભાઈ! એણે અંતરમાં બેસાડવો જોઈએ. આહા..હા..! કોઈ ગમે તે માને એથી કરીને ફેરફાર થાય એવું છે નહિ. આહા..હા..!

'**જીવને ભેદવિજ્ઞાન થાય છે તે કર્મથી છૂટે જ છે...**' આહા..હા..! '**મોક્ષ પામે જ છે. માટે કર્મબંધનું સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...**' જયચંદ્ર પંડિતે આવો ખુલાસો કર્યો છે. એ કાંઈ શાસ્ત્રથી વિરુદ્ધ છે? બીજે ઠેકાણે એમ કહ્યું છેને કે કર્મ મોળા પડે તો આમ થાય. તીવ્ર કર્મનો ઉદય હોય ત્યાં સુધી અશુભભાવ હોય, શુભભાવ ન થાય. એમ આવે છે બનારસીદાસમાં પત્રમાં. એ તો નિમિત્તથી કથન છે. સમજાણું કાંઈ? તીવ્ર કર્મનો ઉદય હોય ત્યાં સુધી અશુભ અને પછી મંદ પડે તો શુભ થાય તો તેને સાંભળવાનો યોગ થાય. એમ. નદીનો દાખલો આપ્યો છેને નદીનો. નદીમાં પૂર ચાલે. દાખલો આપ્યો છે. એ નિમિત્તથી કથન છે, ભાઈ! વસ્તુસ્થિતિ તો આ છે.

જ્યાં આગળ રાગથી ભિન્ન પડવાનો પુરુષાર્થ કર્યો, ત્યારે સ્વના આશ્રયે ગયો, પરનો આશ્રય છૂટ્યો, તેને સ્વાશ્રયથી મુક્તિ થાય છે. કારણ કે પોતે મુક્તસ્વરૂપ છે. અબદ્ધસ્વરૂપ કીધુંને? '**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं। पस्सदि जिण सासणं सव्वं**' જે કોઈ આત્માને અબદ્ધસ્પૃષ્ટ, સામાન્ય, ભેદરહિત.. આહા..હા..! એને જાણે એ જૈનશાસન થયું. એ શુદ્ધોપયોગ તે જૈનશાસન છે, શુભોપયોગ તે જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**जो पस्सदि अप्पाणं**' આત્માને અબદ્ધસ્પૃષ્ટ દેખે એણે જૈનશાસન જોયું. શુદ્ધોપયોગ. શુદ્ધોપયોગમાં અબદ્ધસ્પૃષ્ટ જણાય છે. શુભોપયોગમાં પર તરફનું લક્ષ છે, એમાં આત્મા જણાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે કર્મબંધનું સંસારનું મૂળ ભેદવિજ્ઞાનનો અભાવ જ છે...**' આહા..હા..! '**અને મોક્ષનું પ્રથમ કારણ...**' ભાષા જુઓ! પહેલું કારણ વ્યવહાર થાય અને પછી નિશ્ચય થાય એમ નથી, એમ કહે છે. છે? એ તો ભેદવિજ્ઞાનમાંથી જ સ્પષ્ટ કર્યું છે એ. મોક્ષનું પહેલું કારણ '**ભેદવિજ્ઞાન જ છે.**' વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એમ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યારે ઘણે ઠેકાણે આવે છેને વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી. એ બીજી વાત છે ત્યાં. એ છઠ્ઠા ગુણસ્થાનવાળાની દશા પહેલી લઈ અને પછી સાતમાની દશાનું વર્ણન કર્યું છે. સમકિત પહેલાં વ્યવહાર અને પછી નિશ્ચય એમ વાત નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભેદવિજ્ઞાન વિના કોઈ સિદ્ધિ પામી શકતું નથી.**' આહા..હા..! બીજી રીતે કહીએ કે સ્વાશ્રય વિના મુક્તિ થતી નથી. જ્યારે જ્યારે પામે ત્યારે સ્વાશ્રયથી જ પામે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અહીં આમ પણ જાણવું કે વિજ્ઞાનાદ્વૈતવાદી બૌદ્ધો...**' બૌદ્ધ છેને એ વિજ્ઞાન જ અદ્વૈત માને છે. એકલું વિજ્ઞાનસ્વરૂપ જગત, બસ. વિજ્ઞાન અદ્વૈત. વિજ્ઞાન અદ્વૈત એકલું જ્ઞાન. '**અને**

**વેદાંતીઓ કે જેઓ વસ્તુને અદ્વૈત કહે છે...'** આત્મા એક જ છે એમ માને છે વેદાંતી એને ભેદવિજ્ઞાન હોઈ શકે નહિ. એકને ભેદવિજ્ઞાન ક્યાંથી હોય? આહા..હા..! ભેદવિજ્ઞાન તો બે હોય એમાંથી ભેદજ્ઞાન થાય. આમાંથી અહીં. આહા..હા..! સમજાય છે કાંઈ? ઝીણી વાત બાપુ, બહુ ઝીણી! આહા..હા..! વેદાંત કહે છેને અદ્વૈત છે, જગતમાં સર્વવ્યાપક આત્મા છે. ભેદજ્ઞાન ન થયું ત્યાં. ભેદજ્ઞાન તો બે હોય એમાંથી પરમાંથી ખસીને આવવું એનું નામ ભેદજ્ઞાન. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'જેઓ વસ્તુને અદ્વૈત કહે છે અને અદ્વૈતના અનુભવથી જ સિદ્ધિ કહે છે તેમનો, ભેદવિજ્ઞાનથી સિદ્ધિ કહેવાથી, નિષેધ થયો;... '** આહા..હા..! કેમકે જો એને ભૂલ ન હોય એનામાં તો ભૂલને ટાળવું એ રહેતું નથી. ઉપદેશ આપ્યો કે આત્યંતિક દુઃખથી મુક્ત થાઓ, તો દુઃખ છે કે નહિ? છે એનાથી મુક્ત થવું કે નથી એનાથી મુક્ત થવું? ઉપદેશ (એમ કર્યો કે) દુઃખથી આત્યંતિક મુક્ત થાઓ, પણ એમાં દુઃખ છે કે નહિ? દુઃખ છે અને આત્મા આનંદ છે બે થઈ ગયા. બેમાંથી પરમાંથી ખસી જવું ત્યારે ભેદજ્ઞાન થાય. આહા..હા..! સમજાણું કાંઈ? દોરડીમાં સર્પનું ભાસવું થાય ત્યાં પણ બે પ્રકારનું જ્ઞાન થઈ ગયું. કેમકે સર્પ એના જ્ઞાનમાં, લક્ષમાં છે એ દોરડીમાં આરોપ્યો. એકલી દોરડી હોય તો એમાં આરોપ આવતો નથી. સમજાણું કાંઈ? દોરી હોયને દોરી? સર્પ દેખાય. પણ સર્પ એના લક્ષમાં છે. આના સિવાય બીજી ચીજ લક્ષમાં છે એનો અહીંયાં આરોપ કર્યો છે. એટલે બે વસ્તુ થઈ ગઈ. એમ આત્મામાં ભૂલ છે, આત્મા સમજ્યો નથી એનો અર્થ કે બીજી કોઈ ચીજ છે કે જેના લક્ષે તેને ભૂલ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..!

**'સર્વથા અદ્વૈત વસ્તુનું સ્વરૂપ નહિ હોવા છતાં જેઓ સર્વથા અદ્વૈત માને છે તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી;...'** આહા..હા..! ઝીણી વાત, બાપુ! એક જ વસ્તુ કહો તો ભેદ કરવો એ રહેતું નથી. એક આવ્યા હતા અહીંયાં. ઓલા મોતીલાલજી ભાઈ નહિ? રાજકોટવાળા મોતીલાલજી વેદાંતી. પરમહંસ થઈ ગયા હતા. સંપ્રદાયમાં હતા ત્યાં સુધી વ્યાખ્યાન સાંભળવા આવતા. દશાશ્રીમાળી વાણિયા રેલના ઉપરી હતા. ૮૦૦નો પગાર. ઘણા વર્ષની વાત છે આ તો ૯૫ પહેલાંની. ૯૫માં આવે વ્યાખ્યાનમાં. પછી એમાં પરમહંસ થઈ ગયા. રાતા લૂગડા (પહેરે). પછી અહીંયાં આવ્યા હતા. ચર્ચા થઈ એની સાથે. અદ્વૈત-અદ્વૈત કહો તો અદ્વૈત છે એવો નિર્ણય કેમ કરવો પડે? બે છે એમાંથી નિર્ણય કરવો પડે કે અદ્વૈત છે. અને જો ભૂલ ન હોય તો ભૂલ ન હોય તો રખડે કેમ આ? ભૂલ ન હોય તો ભૂલને ટાળવાનો ઉપદેશ કેમ કરાય છે? આ દુઃખથી મુક્ત થાઓ, આત્યંતિક મુક્ત થાઓ એનો અર્થ કે બે છે. દુઃખ પણ છે અને આનંદ પણ છે. આહા..હા..! પછી કહેતા હતા કે માનવું તો પડશે. પરમહંસ હતા. દશાશ્રીમાળી વાણિયા પહેલેથી વિષ્ણુમાં. વ્યાખ્યાનમાં આવતા કાયમ ત્યાં. રાજકોટ ૮૯માં, ૯૦માં, ૯૫માં આવ્યા હતા. પછી દીક્ષા લઈ લીધી.

ભાઈ! મૂળ ચીજ જો એક જ હોય તો તું સમજ એમ સમજાવાનો હેતુ ક્યાં રહ્યો? સમજાવનાર

સમજાવે છે શું અને સમજનાર સમજે છે શું? ભેદ બે ચીજમાંથી જુદી પાડવાનું સમજાવનાર સમજાવે છે. ભૂલ છે એને ટાળવાની વાત સમજાવે છે. તો ભૂલ અને પવિત્રતા-નિર્ભૂલ બે ચીજ થઈ ગઈ. પર્યાય અને દ્રવ્ય બે થઈ ગયા. આહા..હા..! સમજાણું કાંઈ? ન્યાયથી સમજવું પડશેને એને.

અહીં એ કહે છે, '**તેમને ભેદવિજ્ઞાન કોઈ રીતે કહી શકાતું જ નથી; જ્યાં દ્વૈત જ—બે વસ્તુઓ જ માનતા નથી ત્યાં ભેદવિજ્ઞાન શાનું? જો જીવ અને અજીવ—બે વસ્તુઓ માનવામાં આવે અને તેમનો સંયોગ માનવામાં આવે તો જ ભેદવિજ્ઞાન બની શકે...** ' આહા..હા..! અંદર કર્મ એક બીજી ચીજ છે અને તેના લક્ષે થયેલો ઉપાધિભાવ છે, એમ બે માને તો ઉપાધિભાવથી રહિત થવાનો પ્રસંગ બને. આહા..હા..! ઝીણી વાતું બહુ ભાઈ, આ ધર્મ એવી ચીજ છે. હમણાં કહ્યુંને એમાં એ? એક તો ધર્માનુરાગ વિના પાપના ભાવમાં રોકાય છે ઘણો. આહા..હા..! અને ધર્માનુરાગ તો કોઈવારે શુભભાવ (થાય). ધર્માનુરાગ એટલે શુભરાગ, પુણ્ય. સાંભળવાનો, સત્સમાગમ કરવાનો, વાંચવાનો એ બધો શુભભાવ. એ વિના ઘણો કાળ તો સંસારની હોળીમાં જાય છે બધો પાપમાં. બાયડી, છોકરા, કુટુંબ, રળવું બધું પાપ. હવે એને આ પુણ્યથી પણ ભિન્ન છે એવું સાંભળવું મળવું મુશ્કેલ પડે. એ ક્યાં બિચારો રખડે છે આમ ને આમ. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે બે ચીજ છે એમાંથી ભિન્ન કહેવાય. એક જ ચીજને ભેદ ક્યાંથી કોને કહેવો? આહા..હા..! સંસાર અને મોક્ષ બે દશા છે. સંસાર અને મોક્ષ બે દશા છે. એક દશા સંસાર ન હોય તો મોક્ષ ક્યાંથી આવ્યો? અને મોક્ષ દશા એ સંસારનો અભાવ થઈને થાય છે. તો સંસારનો અભાવ થઈને મોક્ષ થાય તો બે થઈ ગયા. એક દ્રવ્ય અને એક પર્યાય વિકારી, એક દ્રવ્ય અને નિર્વિકારી પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? કોને પડી? બિચારા આખો દિ' જિંદગી ગાળવી. પાંચ-પચાસ લાખ મળ્યા હોય ધૂળ-ધૂળ. બે, પાંચ, દસ, પચ્ચીસ કરોડ. અબજપતિ નહિ હમણા કીધુંને ઓલો. આપણે ગોવાવાળો નહિ? શાંતિલાલ ખુશાલ વાણિયા છે. ગુઝરી ગયો હમણા. બે અબજ ચાલીસ કરોડ, બે અબજ ચાલીસ કરોડ રૂપિયા. એની બહેનની દીકરીયું આપણે છે આમાં ૬૪માં બ્રહ્મચારી છે. બહેનની દીકરીયું. એની પાસે બે અબજ ચાલીસ કરોડ. મરી ગયો અંતર્મુહૂર્તમાં. બાયડીને કાંઈક થયું હતું, શું કહેવાય? હેમરેજ. મુંબઈ આવ્યો હતો એની બાયડી માટે. દોઢ વર્ષ થઈ ગયું હોં. તો બૈરા તો બિચારા હેમરેજમાં હતા. એમાં આ મરી ગયો. રાતે દોઢ વાગે ઉઠ્યો. મને થાય છે કાંઈક. દુઃખે છે. ડોક્ટરને બોલાવો. ડોક્ટર આવ્યા ત્યાં ભાઈ સાહેબ ઉપડી ગયા. ઢોર આદિમાં જાય. બીજે ક્યાં જાય એ? આહા..હા..! બે અબજ ચાલીસ કરોડ. એટલા બધા પૈસા કે એના સંચામાં ગોઠવાઈ ગયેલા. એથી ૨૦ લાખ દોઢ ટકાને વ્યાજે લેવા પડ્યા વાપરવા. આ બધા સંસારી પ્રાણી બિચારા દુઃખી. આહા..હા..! પૈસાથી સુખ છે અને પૈસાથી પૈસાવાળો ડાહ્યો છે? અહીં તો કહે છે કે ભેદજ્ઞાન કરે તે ડાહ્યો છે, એ સમજુ છે. રાગથી પણ ભેદ પાડે તે સમજુ, ડાહ્યો છે. પૈસાની તો વાત ક્યાં રહી? એ તો ભિન્ન-ભિન્ન છે. આહા..હા..!

પરનો તો અસદ્ભૂત ઉપચાર છે પરની સાથે. કર્મની સાથે સંબંધ અસદ્ભૂત અનુપચાર છે. કર્મ છેને જડ એની સાથે અસદ્ભૂત અનુપચાર છે. બાયડી, છોકરા, કુટુંબ એને અસદ્ભૂત અનુપચાર છે. એ ઉપચાર છે અને આ અનુપચાર છે. આહા..હા..! અને અધ્યાત્મને હિસાબે તો પરની સાથે સંબંધની વાત છે જ નહિ ત્યાં. ત્યાં તો રાગનો સંબંધ કહેવો એ પણ અસદ્ભૂત વ્યવહાર છે. જૂઠો, રાગની સાથે વ્યવહાર એ જૂઠો વ્યવહાર છે. આહા..હા..!

અહીં કહે છે કે રાગથી ભિન્ન પાડી આત્માને જાણવો તેમાં '**સંયોગ માનવામાં આવે તો તે ભેદવિજ્ઞાન બની શકે અને સિદ્ધિ થઈ શકે. માટે સ્યાદ્વાદીઓને જ બધુંય નિર્બાધપણે સિદ્ધ થાય છે.**' લ્યો! આહા..હા..!

'**હવે સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું...**' એ સંવર થતાં રાગથી ભિન્ન પડીને ભગવાન આત્માનું જ્ઞાન થયું અને પછી ભેદ પાડતા-પાડતા સ્થિરતા થઈ ગઈ, પછી ભેદ પાડતા-પાડતા કેવળજ્ઞાન થયું. એ આવે છેને ભેદાભ્યાસ. ગાથા આવે છે. સમયસારમાં આવે છે. પછી પણ ભેદ કરે છે જીવ. ભેદજ્ઞાન થયું પછી પણ હજી જે રાગ થયો એનાથી ભિન્ન પડીને સ્થિર થાય છે. આહા..હા..! ભેદાભ્યાસ. ચારિત્ર થાય છે. છેલ્લી ગાથા છે સમયસારની. સમયસારમાં છે. કર્મ કર્મફળમાં. આહા..હા..! પ્રથમમાં પ્રથમ તો રાગથી ભિન્ન પાડવું એ પહેલું ભેદજ્ઞાન છે. પછી રાગથી ભિન્ન પાડ્યું એ તો દર્શનશુદ્ધિ થઈ, પણ રાગ બાકી રહ્યો છે એના પછી ભેદ પાડીને સ્થિર થવું અને અસ્થિરતા છૂટી જવી એ પણ એક ભેદાભ્યાસ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ અહીં કહે છે. '**સંવર અધિકાર પૂર્ણ કરતાં, સંવર થવાથી જે જ્ઞાન થયું તે જ્ઞાનના મહિમાનું કાવ્ય કહે છે :—** '

(मंदाक्रान्ता)

भेदज्ञानोच्छलनकलनाच्छुद्धतत्त्वोपलम्भा-
द्रागग्रामप्रलयकरणात्कर्मणां संवरेण।
बिभ्रत्तोषं परमममलालोकमम्लानमेकं
ज्ञानं ज्ञाने नियतमुदितं शाश्वतोद्योतमेतत्।।१३२।।

જુઓ, જ્ઞાનનું જ્ઞાન આવ્યું પાછું. આહા..હા..! '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' '**भेदज्ञान-उच्छलन-कलनात्**' ત્રણના અર્થ આ છે. આત્માને ધર્મ કરનારને પ્રથમ રાગની ક્રિયાથી ભગવાન ભિન્ન છે એમ ભેદજ્ઞાનનું પ્રગટપણું અભ્યાસ કરીને થાય છે. છે? '**भेदज्ञान-उच्छलन**' પ્રગટ. '**उच्छलन**' એટલે પ્રગટ થવું. '**कलनात्**' અભ્યાસ. આહા..હા..! બહુ વાત. દેહ, વાણી તો જુદી, પૈસા બાયડી, છોકરા ક્યાંય જુદાં, એની સાથે તો અહીં સંબંધ ક્યાંય નથી. ફક્ત જે દયા, દાન, વ્રત, ભક્તિ અને કામ, ક્રોધના ભાવ થાય એ વિકારી રાગ છે એનાથી ભેદજ્ઞાનની પ્રગટતા અભ્યાસથી થાય છે, એમ કહે છે. રાગને ભિન્ન પાડવાના અભ્યાસથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે. શું કહ્યું ત્યાં જોયું? વ્યવહારથી ભેદજ્ઞાન પ્રગટ થાય છે એમ ન કહ્યું. પરથી ભેદજ્ઞાનના અભ્યાસથી ભેદજ્ઞાન પ્રગટ થાય

છે. આહા..હા..! પ્રથમ ધર્મ આમ થાય છે એમ કહે છે. આહા..હા..! ક્યાં દુનિયા પડી છે? ક્યાં રખડે છે બિચારા. આહા..હા..!

'भेदज्ञान–उच्छलन' પ્રગટ. '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' છેને? ક્રમ શબ્દ વાપર્યો છે ક્રમ. ભેદજ્ઞાન છે 'उच्छलन' પ્રગટ થયું. 'कलनात्' અભ્યાસ અનુભવ કરવો. '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' આહા..હા..! આ ધર્મ આ. એ વ્યવહાર જે રાગ છે, ભક્તિ, પૂજા, દયા, દાનનો રાગ એ વિકાર છે એનાથી ભેદ પાડવો, એનો અભ્યાસ કરીને ભેદજ્ઞાન પ્રગટ કરવું એ ધર્મની પહેલામાં પહેલી દશા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' આહા..હા..! રાગથી ભિન્ન પાડવાના અભ્યાસથી ભેદજ્ઞાન પ્રગટ થયું તેથી શુદ્ધ આત્મા પ્રાપ્ત થયો. આહા..હા..! જે અનાદિથી રાગને પ્રાપ્ત થતો મિથ્યાદૃષ્ટિમાં, અહીં ભેદજ્ઞાનના અભ્યાસથી આત્મા પ્રાપ્ત થયો. આહા..હા..! એનાથી કલ્યાણ અને સંવર શરૂ થાય છે. વિશેષ કહેવાશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૧૦, ગુરુવાર, તા. ૧૬-૧૨-૧૯૭૬, કળશ-૧૩૨-૧૩૩, પ્રવચન નં. ૨૬૩

સમયસાર. સંવર અધિકારની છેલ્લી ગાથા. છેલ્લો કળશ છેને. કળશ બોલાઈ ગયો છે. 'भेदज्ञान–उच्छलन–कलनात्' છેલ્લો સાર છેને કળશ. '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી...**' આત્મા આનંદસ્વરૂપ, એને રાગ દુઃખસ્વરૂપ, એનાથી ભેદજ્ઞાનના અભ્યાસ દ્વારા, ભેદજ્ઞાનના પ્રગટપણાના અભ્યાસ દ્વારા. છેને? ત્યાં સુધી તો કાલે આવ્યું હતું. '**ભેદજ્ઞાન પ્રગટ કરવાના...**' 'कलनात्' અનુભવથી. આહા..હા..! રાગ વિકલ્પ છે. શરીર, વાણી, મન પણ કર્મ છે. છે ભલે હો, પણ એનાથી આત્મજ્ઞાન વસ્તુ ભિન્ન છે—એમ જેનો અભ્યાસ પરથી ભિન્ન પાડવાનો થયો છે એને ભેદજ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! આવી વાત છે. હવે આમાં ઓલા નિમિત્ત શું કરે અને વ્યવહાર શું કરે એ વાત ઊડી જાય છે.

આજ વળી એક આવ્યું છે. આ ઓલું આવે છેને ભગવતી આરાધનામાં, અકાળે મૃત્યુ થાય એ નહિ માનવું એ અસત્ય છે. એ આવ્યું છે. લોકો વ્યવહાર લોપે છે. નિમિત્તના કથન છે. એ તો કર્મના રજકણો એવા બાંધેલા હોય છે કે તે જાતના એક સમયમાં ખરવાની એની યોગ્યતા જ હોય છે. બાકી તો જે સમયે દેહ છૂટવાનો તે સમયે જ છૂટે. અકાળ બીજો એ તો વ્યવહારનું કથન છે. આહા..હા..! એ નાખ્યું છે. અકાળ મૃત્યુ ન માને તો અસત્ય, જૂઠો વ્યવહાર છે. વળી ભાઈએ નાખ્યું. મનોહરલાલ વરણીનું નાખ્યું છે. ઉપાદાન-નિમિત્તનું મોટું. ઉપાદાન ઉપાદાનથી થાય, તો નિમિત્ત વિના ન થાય.

ઉપાદાનથી વાત કરવી હોય તો એમ થાય, પણ નિમિત્તથી વાત કરવી હોય તો નિમિત્ત વિના ન થાય એમ કહેવાય. અરેરે..! નિમિત્તની અપેક્ષાએ નિમિત્ત સત્ય છે. વ્યવહારની અપેક્ષાએ વ્યવહાર સત્ય છે, પણ નિશ્ચયમાં વ્યવહારને કારણે સત્ય છે એમ નથી. નિમિત્તને લક્ષે નિમિત્ત સત્ય છે, પણ નિમિત્તને કારણે ઉપાદાનમાં પ્રવૃત્તિ કાર્યકર્તા થાય એમ નથી. સત્‌નો અર્થ એવો નથી કે નિમિત્ત છે માટે પરમાં કાર્ય થાય. વ્યવહારનું સત્ છે. અહીં તો કાઢી નાખ્યું બેય.

'**ભેદજ્ઞાન પ્રગટ કરવાના અભ્યાસથી શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' આહા..હા..! આમાં નિમિત્ત અને વ્યવહારને તો એકકોર કાઢી નાખ્યા. સમજાણું કાંઈ? આહા..હા..! નિમિત્તનું લક્ષ ભેદ કર્યો, વ્યવહારનો પણ ભેદ કર્યો. આવી વાત છે. વ્યવહારને અંતરનું નિમિત્ત કીધું અને ઓલું બાહ્ય નિમિત્ત છે. બેય નિમિત્ત જ છે. ઝીણી વાત છે. લોકોને એ હતી નહિ એટલે આકરી લાગે. વ્યવહાર ગોતવા મંડ્યા હવે. આહા..હા..! અહીં તો એક જ વાત છે, નિમિત્ત હો અને વ્યવહાર પણ હો, પણ એનાથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી શુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ થાય છે. છે કે નહિ? વ્યવહાર વ્યવહાર તરીકે છે. નિમિત્ત નિમિત્ત તરીકે છે. સત્ય છે. નિમિત્ત છે એ સત્ય છે, વ્યવહાર છે એ પણ સત્ય છે. વ્યવહાર પોતે સત્ય છે કે નહિ? પણ એનાથી થાય છે એ અસત્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઝઘડા ઊભા મોટા થયા. મારામારી ન કરશો ને એવું બધું આવ્યું છે હોં, ત્યાં તમારે લલીતપુરમાં થયુંને. તે દિ' ઉત્તેજિત થઈને આમ કર્યું. અરે..! પ્રભુ! શું થાય?

અહીંયાં તો કહે છે કે ભેદજ્ઞાનના '**उच्छलन**' સંવર ક્યારે થાય? ધર્મ ક્યારે થાય? મોક્ષનો માર્ગ પ્રગટ ક્યારે થાય? કે નિમિત્ત અને રાગથી ભિન્ન પાડે આત્માને, આહા..હા..! ત્યારે તેને ભેદજ્ઞાન પ્રગટ થાય, ત્યારે તેને આત્માની પ્રાપ્તિ થાય. એટલે રાગ ને નિમિત્તથી ભિન્ન પાડતા એને સંવર થાય. રાગથી સંવર થાય? રાગ તો આસ્રવ છે. સમજાય છે કાંઈ? બહુ ફેરફાર થઈ ગયોને. એથી ભલામણ કરી છે હોં એ. .. આવ્યા હતા. એમ કે લલીતપુરમાં થયું જરીક એવું અહીં ન થાય. ધ્યાન રાખજો. અરે..! ભગવાન! આ તકરારનો વિષય ક્યાં છે, બાપા? પ્રભુ! તને રુચિ જ્યાં ફેર છે અને બીજી દૃષ્ટિએ ઊંધું જ લાગે. આહા..! અહીંયાં તો એક જ સિદ્ધાંત કે આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપનો પિંડ પ્રભુ, અસંખ્ય પ્રદેશી ક્ષેત્રથી પિંડ અને અનંત આનંદ આદિ ભાવથી પિંડ. આહા..હા..! એને રાગ અને નિમિત્તથી ભિન્ન પાડતા એટલે કે તેનું લક્ષ છોડતાં સ્વના સ્વભાવના લક્ષે જતાં એ ભેદજ્ઞાનનો અભ્યાસ થતાં ભેદજ્ઞાન સંવર પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ? આહા..હા..! શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ, અનુભવ થયો એમ.

'**શુદ્ધ તત્ત્વની ઉપલબ્ધિ થઈ,...**' '**रागग्रामप्रलयकरणात्**' આહા..હા..! '**રાગના સમૂહનો વિલય થયો,...**' આહા..હા..! વિકલ્પ છે એ, આ બાજુ ઢળતા વિકલ્પની ઉત્પત્તિ ન થઈ એટલે એ રાગનો નાશ થયો. આહા..હા..! આવી વાત. વ્યવહારનો નાશ થયો એમ કહે છે. આહા..હા..! '**रागग्राम**' શબ્દ છેને? રાગનો ગ્રામ એટલે સમૂહ, એનો વિલય કરનાર. વિલય-નાશ થવાથી. રાગના સમૂહનો વિલય કરવાથી '**कर्मणां संवरेण**' '**કર્મનો સંવર થયો...**' કર્મ આવતા અટકી ગયા.

આહા..હા..! '**અને કર્મનો સંવર થવાથી,...**' નવા કર્મને આવી જવું અટકવું થવાથી '**ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं**' '**જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન...**' આહા..હા..! વર્તમાન જ્ઞાનની પર્યાય ત્રિકાળી જ્ઞાનમાં સ્થિર થતાં. આહા..હા..! આવો ભાવ ને આ. '**ज्ञाने नियतम् एतत् ज्ञानं उदितं**' '**જ્ઞાનમાં જ નિશ્ચળ થયેલું એવું આ જ્ઞાન ઉદય પામ્યું...**' આહા..હા..! એટલે શું કહ્યું? કે જ્ઞાન સ્વભાવી જે વસ્તુ છે ભગવાન આત્મા એમાં સ્થિર થતાં, '**ज्ञाने ज्ञानं**' જ્ઞાન વડે, પરિણતિ વડે જ્ઞાનમાં સ્થિર થતાં. આહા..હા..! '**જ્ઞાન ઉદય પામ્યું...**' શુદ્ધતા પ્રગટ થઈ. રાગમાં એકાગ્ર થતાં અશુદ્ધતા પ્રગટ થતી. એ રાગથી ભિન્ન પાડીને જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું ત્યારે શુદ્ધતા પ્રગટ થઈ, એ સંવર થયો અને એ ધર્મ થયો. આહા..હા..!

'**ઉદય પામ્યું...**' '**विभ्रत् परमम् तोषं**' આહા..હા..! '**કે જે જ્ઞાન પરમ સંતોષને...**' '**तोषं**' એટલે સંતોષ '**विभ्रत्**' પામ્યું. આહા..હા..! કારણ કહ્યું. પરમ આનંદ અને સંતોષથી પ્રાપ્ત થયું. આહા..હા..! સંતોષ આ કહીએ કે રાગથી ભિન્ન પડતાં સ્વભાવમાં જ્ઞાનની એકતા થતાં પરમ આનંદને ધારણ કરતું જ્ઞાન પ્રગટ થયું. આહા..હા..! છે? '**विभ्रत् परमम् तोषं**' આહા..હા..! ટીકામાં એ નાખ્યું છે. '**परा**'. '**परमम्**' શબ્દ છેને. પરા—ઉત્કૃષ્ટ. મ—લક્ષ્મી. આનંદની લક્ષ્મી, પરા ઉત્કૃષ્ટ આનંદની લક્ષ્મી. પરમાત્મા છેને પરમ? એમાંથી એ કાઢ્યું છે. આહા..હા..! પરમ ક્યાં આવ્યું? એ '**विभ्रत् परमम्**' '**विभ्रत् परमम् तोषं**' એટલે? પરમ નામ પરા-ઉત્કૃષ્ટપણે જ્ઞાન-લક્ષ્મી એ જેને પ્રગટ થઈ. એ '**तोषं**' અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો. આહા..હા..! એણે અતીન્દ્રિય આનંદને ધારણ રાખ્યું. આહા..હા..! અતીન્દ્રિય આનંદ સ્વરૂપ જે હતું, એના તરફ એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદને ધારણ કર્યું. જે ઓલો રાગને ધારણ કરતો અજ્ઞાનમાં એ અતીન્દ્રિય આનંદને ધારણ કર્યું. આહા..હા..! આવી વાત હવે. આ ધર્મની આ રીત હવે સાંભળી ન હોય ને બિચારાને ક્યાંનું ક્યાં! ઓહો..! બધું લાગે એવું હોં! આહા..હા..! નિશ્ચય.. નિશ્ચય.. પણ નિશ્ચય એટલે સત્ય. સત્યનું શરણ. વ્યવહાર સત્ય છે, પણ એનું શરણ નથી. નિમિત્ત છે, પણ એનું શરણ નથી. આહા..હા..!

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો ઉછળતો સાગર. આહા..હા..! જેની અંતર દૃષ્ટિ પડી અને રાગથી ભિન્ન થયો... આહા..હા..! એને આત્માનો આનંદ ઉછળતો. '**तोषं**' આનંદ. '**तोषं**' એટલે સંતોષ. સંતોષ એટલે આનંદ. આનંદની લક્ષ્મીને ધારતું. આહા..હા..! '**अमल–आलोकम्**' '**જેનો પ્રકાશ નિર્મળ છે...**' જે જ્ઞાન નિર્મળ આનંદસહિત પ્રગટ થયું. જેમાં રાગનો મેલ ને ભાગ છે નહિ. આહા..હા..! શું કહે છે આ? લ્યો આનું નામ સંવર. આહા..હા..! '**अमल–आलोकम्**' '**જેનો પ્રકાશ નિર્મળ છે.**' '**आलोकम्**' પ્રકાશ. '**अमल**' એમ. '**अमल–आलोकम्**' નિર્મળ જેનો પ્રકાશ છે.

ચૈતન્યઋદ્ધિ સમૃદ્ધિથી ભરેલી ચીજ એના ઉપર દૃષ્ટિ આપતા, રાગથી ખસી જતાં, પરથી.. કીધું ને ઓલા ભાઈ કહેતા હતાને .. ક્ષુલ્લક. પરથી ખસ, સ્વમાં વસ, એટલું બસ, ટૂંકું ને ટચ. આહા..હા..! રાગથી ખસ, સ્વભાવમાં વસ, એટલું બસ, એ ટૂંકું ટચ. આહા..હા..! એક ક્ષુલ્લક સાગર હતા અને

આદેશ સાગર હતા. ગુજરી ગયા બિચારા. બુદ્ધિ બહુ નહોતી, પણ અહીંની વાત એને રુચતી ઘણી. ક્ષુલ્લક હતા ક્ષુલ્લક. આદેશસાગર ને શું નામ? આદેશસાગર. આદેશસાગર. ભીલ-ભીલ ભીલવાડા. ભીલવાડા છેને ત્યાંના હતા. અહીં આવ્યા હતા. આપણે ઓલું ઉદ્‌ઘાટન થયુંને તે દિ'. તે દિ' ત્યાં ગયા હતા તો ત્યાં પણ આવ્યા હતા. શું કહેવાય એ? નેમિચંદભાઈનું ગામ રખિયાલ. રખિયાલ આવ્યા હતા. ક્ષુલ્લક હતા ક્ષુલ્લક. બુદ્ધિ થોડી હતી પણ બિચારા આ વાત આ હતી. ગુજરી ગયા હમણાં. બાપુ! માર્ગ આ છે. તું લાખ વાત બીજી કરને. આહા..હા..! 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' આહા..હા..! જન્મ-જરા-મરણથી રહિત થવાનો તો આ ઉપાય છે. બાકી બધી વાતું છે. પુણ્ય કરવું ને આ કરવું. એમાં આવ્યું છે વળી આ. ભાઈએ એવું નાખ્યું છે. પુણ્યનો સાથ છે છેક સુધી. ઉપાધ્યાય. સાથ છે એટલે શું પણ? સાથ તો બધોય ઘણો છે. સંઘયણનો સાથ છે, મનુષ્યપણાનો સાથ છે, સાથે બધા ઘણાય છે એટલે શું? માટે જ્યાં સુધી રાગનો અભાવ ન થાય ત્યાં સુધી પુણ્ય પરિણામ હેય નથી, એમ લખ્યું. વિદ્યાનંદજી. મોટો લેખ છેને એમાં નાખ્યું છે. અરેરે..!

અહીં તો કહે છે કે પુણ્યને ઉપાદેય માને તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! પર તરફ આ બાજુ ઢળે છે, એની દિશા પરમાં છે. એ હેય નથી તો બે... સ્વભાવ ઉપાદેય તો રાગ હેય, તો રાગ ઉપાદેય તો સ્વભાવ હેય. એ આપણે પરમાત્મપ્રકાશમાં આવી ગયું છે, ૩૬ ગાથા. જેને પુણ્ય પરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ શુભ એ જેને ઉપાદેય છે એને આત્મા હેય છે. આહા..હા..! આત્મા હેય. રાગ હેય છે એ તો એકકોર રહી ગયું, પણ રાગ જેને ઉપાદેય છે એને ભગવાન આત્મા હેય છે. અને આત્મા જેને ઉપાદેય છે તેને પુણ્ય પરિણામ તે હેય છે. આહા..હા..! આવી વાત છે. ગરજ નહિ. અરે..! પ્રભુ! ઉગરવાના આરા આવ્યા છે માંડ. માણસપણે નીકળ્યો અને આ વાત નહિ સમજે (તો) ચોર્યાસીના અવતારમાં એ ઘોદા ખાશે ક્યાંય મરીને. માણસપણું તો નહિ રહે પણ ક્યાંય નરક-નિગોદમાં ચાલ્યો જશે. દુનિયા ભલે માને, ન માને. દુનિયાનું પ્રશંસા તારે શું કામ છે? આહા..હા..!

આજે આવ્યું હતું નહિ? ..નું. '**लज्जइ**' સવારમાં. શિષ્યોને દીક્ષા આપવી અને શિષ્યો ઝાઝા થાય એમાં જે સંતોષ માને.. આહા..હા..! પ્રસન્ન થાય તે અજ્ઞાની છે. પુસ્તકો ઝાઝા ભેગા કરીને બે લાખ-બે લાખ ભેગા કર્યા. આહા..હા..! અહીં તો તમારે ૧૪ લાખ છપાણા છે. ૬ લાખ જયપુરથી છપાણા છે. ૨૦ લાખ. એથી શું? એ તો પરચીજ છે. આહા..હા..! પરચીજથી સંતોષ થવો કે ઓહો..હો..! ઘણાં પુસ્તકો થયા. એને લઈને તને શું છે? એ તો એના ઉપર લક્ષ જશે એ તો વિકલ્પ છે શુભરાગ. પુણ્યબંધ થશે. આહા..હા..! '**लज्जइ**'. જ્ઞાનની લજ્જા થાવ. પરદ્રવ્ય મારા અને પરદ્રવ્યવાળો કોઈ કહે, તો પરદ્રવ્ય મારું નથી. આહા..હા..! શિષ્ય પણ મારા નહિ, પુસ્તક પણ મારા નહિ. આહા..હા..! પરદ્રવ્ય તારું અને આટલા શિષ્યો, આટલા પુસ્તકો આણે કર્યા. અરે..! બાપુ! પરનું કરવું કહેતા લજ્જા થાય છે. હું પરનો કર્તા ક્યાં છું, પર મારા છે ક્યાં. બે શબ્દ વાપર્યા. અજ્ઞાની શિષ્યો અને પુસ્તકો કરીને પ્રસન્ન થાય છે. '**पुस्सइ**'—સંતોષ પામે છે. જ્ઞાની લાજ પામે છે કે મારા દ્રવ્ય સિવાય બીજા દ્રવ્ય મારી પાસે વધારે માટે હું મોટો. આહા..હા..! સમજાણું કાંઈ? એ લાજ પામે છે, લજ્જા થાય છે. આહા..હા..!

ઘણાં શિષ્યો ને.. ઓલામાં આવ્યું હતુંને. ભાઈએ કીધું હતુંને? ચેતનજી ક્યાં ગયા? છે ત્યાં? બહાર ઊભા છે? એ તો ઓલું કહ્યું નહોતું? 'જેમ જેમ બહુ.. બહુજન સંમત બહુ શિષ્યે પરવરિયો.' એ તો યશોવિજયનું વાક્ય છે. શ્વેતાંબરનું. ઠાણાંગમાં છે. ઠાણંગીમાં છે. ટીકા છે. 'જેમ જેમ બહુ શિષ્યે...' 'જેમ જેમ બહુ શ્રુત બહુ જન સંમત' લાખો માણસ એને માને અને બહુ શ્રુત—ઘણું જાણપણું. 'જેમ જેમ બહુ શ્રુત બહુ પરદ્રવ્ય સંમત તેમ તેમ નિશ્ચય...' શું કીધું એ? 'જેમ જેમ બહુ શ્રુત, બહુજન સંમત.' એ તો હતું. ઘણીવાર અમે તો પહેલાં કહ્યું હતું. સંપ્રદાયમાં કહ્યું હતું. એ આજે દીક્ષા લેવાની હતી. આ જમ્મુભાઈ આજે ગુજરી ગયાને. અહીં નહોતા રહેતા? એ બોટાદ ગુજરી ગયા. એ દીક્ષા લેતા પહેલા એને કહ્યું હતું કે 'જેમ જેમ બહુ શ્રુત...' ઘણું જાણ્યું. આત્માના જ્ઞાન વિના. આહા..હા..! 'બહુજન સંમત.' લાખો મનુષ્યો માને ખમ્મા ખમ્મા. આહા..હા..! 'બહુ શિષ્યે પરવરિયો.' છ બોલ છે તેમાં. ઠાણંગમાં છે. સંસ્કૃત ટીકામાં છે એમાંથી આ બનાવ્યું ભાઈએ યશોવિજયે. 'બહુ શિષ્યે પરવરિયો, તેમ તેમ જૈનશાસનનો વેરી. જો નવી નિશ્ચય દરિયો.' જો સ્વનો આશ્રય કરીને આનંદમાં ન આવ્યો હોય તો આ બધી ઉપાધિ દુઃખનું કારણ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુનિયાએ માન આપ્યું બહુ, એમાં ઘેરાણો કે જુઓ, મને આટલા-આટલા માનનારા છે. આહા..હા..! શાસ્ત્રનું જાણપણું ઘણું અને બહુ માણસો માને. બોલ તો છ છે ત્યાં. બહુશ્રુત ને... છ બોલ છે. એ ત્રણ બોલ એમાં નાખ્યા છે. ઠાણાંગમાં છ બોલ છે. એ એમાંથી કાઢ્યું છે એ. ક્યાંથી કાઢ્યું એ સંસ્કૃતમાં જોયું હતું મેં પાઠમાં. ઠાણંગમાં પાઠ છે એ. છઠ્ઠે બોલે છે. આહા..હા..! એ છ બોલ છે. આમાં એટલા નાખ્યા છે યશોવિજયે. 'જેમ જેમ બહુ શ્રુત, બહુજન સંમત, બહુ શિષ્યે પરવરિયો.' તપસ્યા બહુ કરે તો બહારમાં પ્રસિદ્ધિ પામે. તપસ્યા મહિના-મહિનાના,બબ્બે મહિનાના. ઓહો.હો..! શરીર જીર્ણ. પણ જો નિશ્ચય આત્મજ્ઞાન એને નથી અને અનુભવ અંદર સ્થિર નથી તો, નવી નિશ્ચય દરિયો તો જૈનશાસનનો વેરી છે. આહા..હા..! એ તો યશોવિજય શ્વેતાંબર એમ કહે છે. દિગંબરની તો વાત શું કરવી! આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, **'જેનો પ્રકાશ નિર્મળ છે...'** **'आलोकम्'** એટલે પ્રકાશ. **'अमल'** એટલે નિર્મળ. **'(અર્થાત્ રાગાદિકને લીધે મલિનતા હતી તે હવે નથી),...'** આહા..હા..! **'अम्लानम्'** **'જે અમ્લાન છે (અર્થાત્ ક્ષાયોપશમિક જ્ઞાનની માફક કરમાયેલું—નિર્બળ નથી,... '** **'म्लान'** મોળું થઈ જાય એમ નથી. એ તો છે એવું પ્રગટ થાય. છેલ્લી વાત લીધી છેને કેવળજ્ઞાનની. **'अम्लानम्'** **'જે જ્ઞાનની માફક કરમાયેલું—નિર્બળ નથી, સર્વ લોકાલોકને જાણનારું છે),...'** આહા..હા..! **'જે એક છે...'** ભેદ ક્ષયોપશમ આદિના રહિત એકલું ક્ષાયિકજ્ઞાન પ્રગટ્યું. આહા..હા..! કેવળજ્ઞાન. **'અને...'** **'शाश्वत-उद्योतम्'** છે. **'જેનો ઉદ્યોત શાશ્વત છે...'** એટલે જે જ્ઞાન કેવળજ્ઞાન પ્રગટ્યું એ અવિનશ્વર છે. એમ ને એમ સાદિઅનંત રહેવાનું છે. આહા..હા..! જુઓ આ સંવરનો ક્રમ. પરથી ભેદ પાડતાં પરનો અભ્યાસ પરથી જુદું પાડવાથી આત્મપ્રાપ્તિ થઈ અને આત્મામાં લીનતા થતાં થતાં કેવળજ્ઞાન પ્રગટ થયું. આહા..હા..! ઝળહળ જ્યોતિ ચૈતન્યપ્રકાશ ભગવાનનો એ શાશ્વત ઉદ્યોત રહે

એવું જ્ઞાન પ્રગટ થયું. આ રીતે સંવર બહાર નીકળી ગયો. લ્યો! સંવરનો ભેખ હતો એ નીકળી ગયો. મોક્ષ થઈ ગયો એમ. આહા..હા..! સંવર પણ એક ભેખ છે, એ નીકળીને હવે મોક્ષ થઈ ગયો. એ પણ એક ભેખ છે. પર્યાય છેને. આહા..હા..!

'**ભાવાર્થ :- રંગભૂમિમાં સંવરનો સ્વાંગ આવ્યો હતો...** ' નાટકમાં જેમ આવેને સ્વાંગ? '**તેને જ્ઞાને જાણી લીધો તેથી તે નૃત્ય કરી બહાર નીકળી ગયો.**' સંવર જાણી લીધું એટલે સંવર પૂરો થઈ ગયો એટલે ખલાસ થઈ ગયો. આહા..હા..! હિન્દી.

**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,**
**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય ઈમૈ દુઠ કર્મ રુકાહી;**
**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,**
**યોં મુનિરાજ ભલી વિધિ ધારત કેવલ પાય સુખી શિવ જાહીં.**

આખા સંવરનો અધિકાર ટૂંકામાં કહી દીધો. '**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ...**' આહા..હા..! એ વ્યવહારથી ભેદજ્ઞાન પ્રગટે એમ કહે છે. વ્યવહારથી ભેદજ્ઞાન પ્રગટે એમ નહિ. આહા..હા..! વ્યવહારથી ભેદજ્ઞાન પ્રગટે નહિ, વ્યવહારથી ભેદજ્ઞાન કરે. આહા..હા..! છોડે. આહા..હા..! આવી વાત છે. '**ભેદવિજ્ઞાનકલા પ્રગટૈ તબ...**' રાગ અને વિકલ્પથી ભગવાન નિર્વિકલ્પ ભિન્ન એવી ભેદજ્ઞાનકળા પ્રગટે ચોથે ગુણસ્થાનથી. સમ્યગ્દષ્ટિથી ભેદવિજ્ઞાનકળા પ્રગટે. '**તબ શુદ્ધસ્વભાવ લહૈ અપનાહી,...**' પરથી ભિન્ન પાડતાં શુદ્ધ સ્વભાવ પોતાનો છે પવિત્ર એને પ્રાપ્ત કરે. આહા..હા..!

'**રાગ-દ્વેષ-વિમોહ સબહી ગલિ જાય...**' રાગ, દ્વેષ અને મિથ્યાત્વ નાશ પામી જાય. દુષ્ટ કર્મ રોકાઈ અને આઠ કર્મ રોકાઈ જાય-કર્મ આવતા નથી. '**ઉજ્જ્વલ જ્ઞાન પ્રકાશ કરૈ બહુ તોષ ધરૈ પરમાતમમાહી,...**' નિર્મળ જ્ઞાનપ્રકાશ કરતા ઘણો આનંદ પરમાત્મામાં પ્રગટ થાય. પોતાના આત્મામાં પરમ આનંદ અતીન્દ્રિય (પ્રગટ થાય) એ સંવરનું ફળ છે. આહા..હા..! '**યોં મુનિરાજ ભલી વિધિ ધારત...**' મુનિરાજ આ રીતે પરથી ભિન્ન પાડીને પોતાના પ્રકાશને પ્રગટ કરે અને અતીન્દ્રિય આનંદને ધારે. એમાં આવ્યું હતુંને? વિભ્રત. એ શબ્દ મૂક્યો. '**તોષ ધરૈ પરમાતમમાહી,...**' આહા..હા..! '**યોં મુનિરાજ ભલી વિધિ ધારત...**' આ વિધિ. એ મોક્ષ પામવાની આ વિધિ. આહા..હા..! '**કેવલ પાય સુખી શિવ જાહીં.**' કેવળજ્ઞાન પામી સુખી શિવરૂપ થાય. મોક્ષ થાય લ્યો!

'**આમ શ્રી સમયસારની (શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી સમયસાર પરમાગમની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત આત્મખ્યાતિ નામની ટીકામાં સંવરનો પ્રરૂપક પાંચમો અંક સમાપ્ત થયો.**' લ્યો! પાંચ અધિકાર પૂરા થયા.

છઠ્ઠો. હવે નિર્જરા. સંવરપૂર્વક અશુદ્ધતાનો નાશ અને કર્મનો નાશ એને નિર્જરા કહીએ. સમજાણું? નિર્જરાના પ્રકાર ત્રણ. આત્મજ્ઞાન થતાં સ્વરૂપમાં રમતા કર્મનો નાશ થાય એ દ્રવ્ય નિર્જરા, અશુદ્ધતાનો નાશ થાય એ ભાવ નિર્જરા નાસ્તિની અપેક્ષાએ અને શુદ્ધતાની વૃદ્ધિ થાય એ અસ્તિરૂપ નિર્જરા. શુદ્ધ ઉપયોગ એ નિર્જરા. આહા..હા..!

**શ્રોતા** :- સંવરનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ છે. કર્મનો નાશ થાય તેને કારણે, અશુદ્ધતાનો નાશ થાય એ પણ એને કાળે, શુદ્ધતા પ્રગટ થઈ તો અશુદ્ધતાનો નાશ થયો અને શુદ્ધતાની ઉત્પત્તિ થઈ એ વાસ્તવિક નિર્જરા. આહા..હા..! સંવરમાં શુદ્ધિ પ્રગટી, નિર્જરામાં શુદ્ધિની વૃદ્ધિ થઈ એનું નામ નિર્જરા. સમજાણું કાંઈ? અરે..! આવી વાતું બધી. સંવર છે એ આત્માની શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ, મોક્ષ શુદ્ધિની પૂર્ણતા. બસ! આ ત્રણ બોલ છે. આહા..હા..!

**રાગાદિકના રોધથી, નવો બંધ હણી સંત;**
**પૂર્વ ઉદયમાં સમ રહે, નમું નિર્જરાવંત.**

પુણ્ય-પાપના ભાવના રોકવાથી. આહા..હા..! '**નવો બંધ હણી સંત;...**' નવો બંધ અટકાવીને સાધુ સંત '**પૂર્વ ઉદયમાં સમ રહે,...**' હવે પૂર્વનો ઉદય છે એમાં સમતા રહે એનું નામ નિર્જરા. '**નમું નિર્જરાવંત.**' જેને અશુદ્ધતાનો નાશ કરી, કર્મનો નાશ થઈ શુદ્ધતા પ્રગટ કરી એને નમસ્કાર કરું છું. જયચંદ્ર પંડિત (લખે છે). પ્રથમ ટીકાકાર આચાર્ય મહારાજ કહે છે કે હવે નિર્જરા પ્રવેશ કરે છે.

'**અહીં તત્ત્વોનું નૃત્ય છે;...**' આહા..હા..! આત્મા શુદ્ધપણે પરિણમે એ સંવરનું નૃત્ય છે. શુદ્ધિની વૃદ્ધિપણે પરિણમે એ નિર્જરાનું નૃત્ય છે. '**તેથી જેમ નૃત્યના અખાડામાં નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને...**' નાટકમાં આવે છેને. નૃત્ય કરનાર સ્વાંગ ધારણ કરીને '**પ્રવેશ કરે છે, તેમ અહીં રંગભૂમિમાં નિર્જરાનો સ્વાંગ પ્રવેશ કરે છે.**' આહા..હા..! બધા સ્વાંગ જુદાં છેને. પર્યાય છેને. દ્રવ્યનો આ સ્વાંગ છે એક. આહા..હા..!

'**હવે, સર્વ સ્વાંગને યથાર્થ જાણનારું જે સમ્યગ્જ્ઞાન છે તેને મંગળરૂપ જાણીને આચાર્યદેવે મંગળ અર્થે પ્રથમ તેને જ-નિર્મળ જ્ઞાનજ્યોતિને જ-પ્રગટ કરે છે :-** ' લ્યો!

(शार्दूलविक्रीडित)

**रागाद्यास्रवरोधतो निजधुरां धृत्वा परः संवरः**
**कर्मागामि समस्तमेव भरतो दूरान्निरुन्धन् स्थितः।**
**प्राग्बद्धं तु तदेव दग्धुमधुना व्याजृम्भते निर्जरा**
**ज्ञानज्योतिरपावृतं न हि यतो रागादिभिर्मूर्छति।।१३३।।**

આહા..હા..! '**પરમ સંવર,...**' આત્મામાં રાગનું ન થવું અને વીતરાગી પરિણતિનું થવું એ પરમ સંવર. આહા..હા..! વીતરાગમાર્ગ છેને. વીતરાગમાર્ગમાં તો આત્માને આશ્રયે જેટલી વીતરાગતા પરિણતિ પ્રગટ થાય તે સંવર. આસ્રવ રોકતા સંવર થાય એનું નામ ધર્મ. પંચમહાવ્રતના પરિણામ એ આસ્રવ છે, એ ધર્મ નહિ, સંવર નહિ. આહા..હા..! '**પરમ સંવર, રાગાદિ આસ્રવોને રોકવાથી...**' પુણ્યના પરિણામ પણ આસ્રવ છે તેને રોકવાથી '**निज-धुरां धृत्वा**' '**પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને...**' સંવર પોતાના કાર્યને બરાબર સંભાળીને. આહા..હા..! ડ્યુટી હોય છેને સૌને પગારદાર માણસોની કે આ તમારે (કરવાનું), એમ આ સંવરની ડ્યુટી છે. ડ્યુટી સમજો છો? ફરજ. અમલદાર

હોય છેને. આ તમારું કામ, આ તમારું કામ. સંવર પોતાની ધુરીની ફરજ બજાવે છે કે મારામાં આસ્રવ છે નહિ. હું એક સંવર નિર્મળપણે પ્રગટ થયો એવી પોતાના ધર્મધુરાનું કાર્ય જેણે સંભાળ્યું છે. આહા..હા..!

**'निज-धुरां धृत्वा' 'પોતાની કાર્ય-ધુરાને ધારણ કરીને...'** આહા..હા..! એટલે? રાગ અને પુણ્ય-પાપના ભાવને રોકતો સંવર પોતાની ધુરાનું કાર્ય કર્યું-નિર્મળ પરિણતિ ઊભી કરી, એવું સંવરનું કાર્ય પોતે સંભાળ્યું. આહા..હા..! **'સમસ્ત આગામી કર્મને...'** સમસ્ત આગામી કર્મને—ભવિષ્યના કર્મને. **'भरतः दूरात् एव' 'અત્યંતપણે દૂરથી જ રોકતો ઊભો છે;...'** સંવર. આહા..હા..! **'भरतः'** અતિશયપણે દૂરથી રોકતો ઊભો છે સંવર. **'भरतः'** પોતાની મોટપ સંભાળતો **'दूरात् एव'** આહા..હા..! મિથ્યાત્વ અને અવ્રતના પરિણામ નહિ આવતા, સમ્યગ્દર્શન અને જ્ઞાનની પરિણતિ ઊભી થતાં પોતાની મોટપ જાળવીને ઊભો છે. સમજાણું કાંઈ? સંવરને આવી તો ઉપમા આપી. આત્માનું દર્શન થતાં, રાગથી ભિન્ન પડીને સ્વરૂપનું ભાન થતાં સ્વરૂપનો સંવર પોતાના કાર્ય ધુરાને સંભાળીને ઊભો છે હવે. હવે નવા કર્મ એને આવે નહિ. આહા..હા..! સંવરનું કાર્ય એ કે નવા કર્મ આવે નહિ.

**'સમસ્ત આગામી કર્મને...' 'भरतः'** અતિશયપણે પોતાની મોટપને જાણતો **'दूरात् एव' 'અત્યંતપણે દૂરથી જ...' 'निरुन्धन् स्थितः' 'રોકતો ઊભો છે;...'** આહા..હા..! એ કળશટીકામાં એની 'મોટપ' શબ્દ વાપર્યો છે આ 'भरतः'નો. કોક ઠેકાણે અતિશય શબ્દ વાપર્યો છે, વિશેષતા. 'भरतः' તે દિ' લખ્યું છે આમાં. તે દિ'નું લખાણ છે. પોતાની મોટપ. એમાં નથી. બીજેથી લખ્યું છે. કળશટીકામાં છે. 'भरतः' શુદ્ધ ચૈતન્યની જાગૃત દશા અનુભવની પ્રગટી એ રાગને રોકે છે, એ એની મોટપ છે. લ્યો આ મોટપ કહે છેને દુનિયા આ મોટો છે, શેઠ છે, ફલાણું. સંવરની મોટપ એ છે કે આસ્રવ આવવા ન દે. ડ્યુટી પર ઉભો છે, ડ્યુટી ઉપર ઉભો છે. આહા..હા..! સંવર.

હવે નિર્જરાની વાત લેવી છેને. પણ સંવરપૂર્વક હોય એને નિર્જરા હોય એ બતાવે છે. અજ્ઞાનીને નિર્જરા હોય નહિ. આહા..હા..! જેને રાગના વિકલ્પથી ભિન્ન પાડી શુદ્ધતાની પ્રાપ્તિ થઈ છે એને એ સંવર પોતાનું કાર્ય સંભાળે છે કે જેમાં રાગ આવવા દે નહિ. રાગનો આસ્રવ ન આવે એ સંવરની કાર્યની ડ્યુટી છે. આહા..હા..! આવી ભાષાને. ઓલું તો એવું હતુંને. ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વિરિયા તસ્સ મિચ્છામી દુક્કડમ લ્યો! એય..! વીરચંદભાઈ! એ તમારે બાપને એ હતું ત્યાં. કાનજી જસરાજ પોષા કરે, પડિક્કમણા (કરે). શું કહેવાય એ? પોષા બહુ કરે. (સંવત) ૧૯૭૧નું ચોમાસુ હતુંને અમારું. બધા કરે. હિરજી અને આ મોહનજી દેસાઈ, એના બાપ. એના બાપના બાપ. મોહનજીભાઈ. એ આવતા બધા.

**શ્રોતા :–** .. તો આપે શીખવાડ્યા હતાને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના; ના પાડી હતી એ વખતે. આહા..હા..! એ વખતે કહ્યું હતું. બપોરે એક કલાક વાંચતા. એ જ્યારે પોષા કરીને બેસેને. ૨૦, ૨૫, ૩૦, ૪૦ આદમી. પછી આ કાનજી

સ્વામી વાંચે બપોરે. સવારે હિરાજી મહારાજ વાંચે. આ તો ૭૧ની વાત છે. પછી ચોમાસું ૮૫માં થયું. ... એમ છે નહિ. પોતાના પુરુષાર્થથી સ્વભાવમાં આવતા રાગ ટળી જાય છે. ... એટલું બધું ત્યાં નહોતું કહ્યું. તે દિ'. પણ ત્યાં કર્મ ટળે છે એમ કહ્યું હતું. સમજાણું કાંઈ? આ તો ૭૧માં બપોરની વાત છે. આઠમ ને પૂનમનો અપવાસ, પોષા કરે. આઠમ અને પૂનમ અને અમાસ હોય. આપણે અહીંયાં ચૌદશ હોય. ચૌદશ એ લોકો સ્થાનકવાસીમાં. એ લોકોને પૂનમ અને અમાસ. મહિનામાં ચાર. બે આઠમ, બે પૂનમ અને અમાસ મહિનામાં ચાર પોષા. પોષા-પોષા. આ બધા નવરા થઈને આવે દુકાન બંધ કરીને. આહા..હા..! ... વ્યાખ્યાનમાં તો ભાઈ પણ હતા, અરવિંદભાઈ. આહા..હા..! અરેરે..! માર્ગ બાપા બીજા છે. એને હજી રાગથી ભિન્ન ચીજ શું છે એનું જ્ઞાન નથી એને સંવર અને ધર્મ થાય ક્યાંથી? આહા..હા..! સમજાય છે કાંઈ?

સંવર પોતાનું કાર્ય ચાલુ રાખીને. એટલે? રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન થયું એ ભેદજ્ઞાનમાં હવે રાગનો આસ્રવ આવતો નથી. એ સંવરનું ધુરાનું-ડ્યુટીનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? ૧૯૭૧ની સાલથી આ વાત ચાલે છે. બહાર મૂકી ત્યારે ... દામોદર શેઠને કહ્યું હતું. દામોદર શેઠ. દામનગરના હતાને. એને. અમારા ગુરુએ કહ્યું નથી અને કોઈ કહેતું નથી ને આવું નવું ક્યાંથી કાઢ્યું? ભાઈ! આ લખ્યું જુઓ ભગવતીના પહેલા ... ત્રીજું.. ભગવતીમાં છે. કાર્ય વિના સિદ્ધિ.. ચારેયમાં. એક ટંક ખાવું. બીજે દિ' આખો અપવાસ ચોવિહાર હોં, પાણી નહિ. પચ્ચીસ વર્ષની ઉંમર નાની. ૬૫ થયાને?૨૫, ૨૭, ૮૭ થયા. એક દિ' આખો દિ' પાણી નહિ, પાણીનો બિંદુ નહિ અને એક દિ' એક ટંક ખાવું. એવું ચારે માસ. .. ભગવતી વાંચતા. એમ માનતાને. .. જરી પાણી .. વરસાદ બહુ ઘણો .. સુધી વરસાદ રહ્યો. પહેલાં વરસાદ બહુ થતો. એ વખતે આ ... હીરાજી મહારાજ. આહા..હા..!

રાગનું થવું એ તો આત્માના ઊંધા પુરુષાર્થથી છે, ન થવું એ આત્માના સવળા પુરુષાર્થથી છે. આ તો કર્મને લઈને થાય, કર્મને લઈને. અહીં તો કર્મ અને રાગને ભિન્ન પાડે તો સંવર ધર્મ થાય. આહા..હા..! રાગ કર્મને લઈને થતો હોય તો કર્મ ખસે ત્યારે સંવર થાય. રાગને ટાળે ત્યારે સંવર થાય એ તો રહે નહિ. આહા..હા..!

**'જે પૂર્વે બંધાયેલું કર્મ છે તેને બાળવાને હવે...'** છે? .. સંવર થયો પણ હવે પૂર્વના કર્મ જે બંધાયેલા છે એને બાળવાને નિર્જરા કરી છે. બાળવાનો અર્થ? પુદ્ગલમાં કર્મની પર્યાય છે એ અકર્મરૂપે થાય એને બાળવાનું કામ કહેવામાં આવે છે. એમ આવે છે. ... શું છે ૧૩૩? લ્યો એમાં જ છે, ભાઈ! નિર્જરા ૧૩૩માં છે. જુઓ, **'अधुना निर्जरा व्याजृम्भते' 'અહીંથી શરૂ કરીને નિર્જરા અર્થાત્ પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ...'** ભાઈએ કહ્યું હતુંને ફૂલચંદજીએ, ચાર કર્મ ઘાતિ નાશ થઈને કેવળજ્ઞાન થાય એમ છે નહિ. ચાર કર્મ ઘનઘાતિ કર્મ અકર્મરૂપે પરિણમે એનું ફળ છે. કર્મરૂપી પર્યાય છે એ અકર્મરૂપે થાય એ કર્મનું કાર્ય છે. આહા..હા..! ઘાતિ નાશ થયો માટે કેવળજ્ઞાન થાય છે એમ નહિ. જુઓ! નિર્જરાનું .. કહ્યું છે હોં આમાં. ૧૩૩.

**'પૂર્વબદ્ધ કર્મના અકર્મરૂપ પરિણામ પ્રગટ થાય છે.'** પહેલા આવ્યું હતુંને. **'व्याजृम्भते'**

૧૩૩ છેને ભાઈ! 'निज-धुरां' 'अधुना निर्जरा व्याजृम्भते' છેને નીચે? 'अधुना निर्जरा व्याजृम्भते' હવે બાળવાને.. છેને? તત્ એવું તેને બાળવાને. કોને? 'प्राग्बद्धं' 'प्राग्बद्धं' 'प्राग' એટલે **'જે પૂર્વે (સંવર થયા પહેલાં) બંધાયેલું કર્મ છે તેને...'** 'अधुना' 'दग्धुम्' .. આહા..હા..! **'બાળવાને હવે નિર્જરા ફેલાય છે...'** 'व्याजृम्भते'નો અર્થ કર્યો છે. અહીં એ પૂર્વ કર્મના અકર્મને ... પ્રગટ થાય છે. અકર્મરૂપે થવું તે પ્રગટ થાય છે. આહા..હા..! આત્મામાં નિર્જરા થાય એ તો શુદ્ધતાને વર્ણવવી છે માટે. કળશ-કળશ. એમાંથી સમયસાર બનાવ્યું છેને સમયસાર નાટક બનારસીદાસે. હવે એ બનારસીદાસ, ટોડરમલ. ટોડરમલ તો ઠેકઠેકાણે લખે કે રાગ થાશે પણ રાગને શ્રદ્ધામાં રાખશો .. તો એનાથી લાભ થાશે, નહિતર મિથ્યા થાશે. મિથ્યાદૃષ્ટિ એમ માને કે પુણ્યથી ધર્મ, રાગથી મને લાભ થશે. શ્રદ્ધા તો એવી રાખો પાકી. એમ છેને. .. ક્યાંક છે. સમજાણું કાંઈ? હવે અહીં કહે છે કે રાગ હેય ન કહેવાય. પણ હેય હોય એને.. એમ કે રાગ પછી ન થાય ત્યારે હેય કહેવાય. .. આહા..હા..! દસમે ગુણસ્થાને છેને, પણ છે તે શું છે? એ હેય જ્ઞેય તરીકે છે. ભગવાન ઉપાદેય જ્ઞેય તરીકે છે. આહા..હા..! બહુ માર્ગ!

'अधुना' 'दग्धुम्' બાળવાને એટલે કર્મથી અકર્મ થવાને, એમ. **'નિર્જરા ફેલાય છે કે જેથી જ્ઞાનજ્યોતિ નિરાવરણ થઈ થકી...'** ચૈતન્યપ્રકાશનો પૂર પ્રભુ, અનંત ચૈતન્યપ્રકાશનો સાગર ભગવાન એ પૂર્વ કર્મનો નાશ થતાં એટલે અશુદ્ધતાનો નાશ થતાં પૂર્ણ શુદ્ધતાનો પ્રકાશ એને પ્રગટ થાય છે. 'रागादिभिः न हि मूर्छति' **'રાગાદિ ભાવો વડે મૂર્છિત થતી નથી—'** આહા..હા..! પહેલાં જે રાગમાં મૂર્છિત .. થતી હવે થતી નથી. અસ્થિરતા પણ થતી નથી હવે એમ કહે છે. સમજાણું કાંઈ? રાગ વિકલ્પ પણ એ રાગ કોને કહેવો? એ આત્મામાં પર તરફના લક્ષવાળી જે વૃત્તિ ઊભી થાય એ રાગ છે. આહા..હા..! એ પર તરફના લક્ષવાળી વૃત્તિને લક્ષમાંથી છોડી દઈ અને જે જ્ઞાન છે તેનું લક્ષ કરવું અંદરમાં. સમજાણું કાંઈ? એ રાગથી ભિન્ન પડીને સ્વભાવનું લક્ષ કરવું એનું નામ ભેદજ્ઞાન છે, એનું નામ સંવર છે, એનું નામ ધર્મ છે અને એનું નામ કર્મ રોકાણા, આસ્રવ રોકાણા એમ કહેવામાં આવે છે. આવું ક્યાં હવે લોઢાના વેપારમાં રોકાવું આખો દિ' કે આ બધું કરવું? લોઢામાં તો પૈસા મળે ત્યાં.

**શ્રોતા :-** લોઢાને પારસ અડે તો સોનું થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સોનું પણ પારસ ન થાયને. એ .. આપણે છે આમાં. ... બહુ પૂછે વારંવાર. એકવાર વાત થઈ હતી ખરીને. સોનું કેમ થાય મહારાજ? સોનું કેમ થાય. હવે કીધું સોનાની ઈચ્છા કરવી એ પાપ છે. અને તે પણ સોનાની વિધિ લખી છે શાસ્ત્રમાં. પણ એ કોને પ્રાપ્ત થાય? પુણ્યવંત હોય ... આહા..હા..! જયસેનાચાર્યની ટીકામાં છે. સોનું કેમ થાય એની વિધિ છે. .. નામની એક વનસ્પતિ થાય છે. વનસ્પતિ અને હાથીનો પેશાબ અને સિંદુર ત્રણમાં લોઢાને નાખતા સોનું થઈ જાય. પણ કોને? એમાં છે. કઈ ગાથા? અહીં છે. કેટલામી ખબર છે? આ બાજુ છે.

**'ભાવાર્થ :- સંવર થયા પછી...'** સંવર એટલે? પુણ્ય અને પાપના ભાવથી ભિન્ન ભગવાનને અવલંબન કરતાં જે શુદ્ધિ પ્રગટ થઈ અને તેનાથી નવા કર્મ આવતા રોકાણા એનું નામ સંવર કહેવામાં આવે છે. આહા..હા..! **'નવા કર્મ તો બંધાતા નથી. જે પૂર્વે બંધાયાં હતાં તે કર્મો જ્યારે નિર્જરે**

છે...' પૂર્વના બંધાયેલા કર્મો ખરે છે '**ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી...**' આત્મા જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય ભગવાન એનું આવરણ દૂર થવાથી. ભાષા તો વ્યવહારથી કરેને. બાકી તો જ્ઞાન હીણીપણે પરિણમતું હતું એ એનું ખરું આવરણ છે. ભાવ-આવરણ તો પોતાથી છે, દ્રવ્ય-આવરણ તો નિમિત્તથી છે. આહા..હા..! જ્ઞાનનું વિપરીતપણે પરિણમવું હતું તે એનું જ્ઞાનનું આવરણ છે. આહા..હા..! ભાવ આવરણ. કર્મ તો જડ છે. એ તો નિમિત્તથી કથન ટૂંકું કરવા આમ બોલાય ત્યાં. પછી ત્યાં વળગે. જુઓ, આ ઠેકાણે આમ કહ્યું. છે?

'**પૂર્વે બંધાયાં હતાં તે કર્મો જ્યારે નિર્જરે છે ત્યારે જ્ઞાનનું આવરણ દૂર થવાથી...** ' જુઓ, ભાષા આમ છે. શું લખાણ છે જુઓને. એ તો બધા નિમિત્તના કથન છે. આહા..હા..! અશુદ્ધતા પરિણમનની નાશ થાય એટલે એનું આવરણ દૂર થયું એટલે શુદ્ધતા પ્રગટ થાય એમ છે એ તો. આહા..હા..! ભાવ. '**દૂર થવાથી જ્ઞાન એવું થાય છે કે ફરીને રાગાદિરૂપે પરિણમતું નથી...**' આહા..હા..! થયું એ થયું કહે છે, હવે રાગથી પરિણમતું નથી. આહા..હા..! શૈલી તો એવી છે. આ તો પૂર્ણની વાત છે, પણ અધૂરામાં પણ એમ કહ્યું છે આચાર્યે તો. આહા..હા..! આત્મા પોતાના સ્વરૂપની પ્રાપ્તિ કરી, ફરીને હવે એને મિથ્યાત્વ થવાનું નથી એમ કહે છે. આહા..હા..! આ તો પૂર્ણની વાત છે, પણ અપૂર્ણતામાં પણ જેને આત્મજ્ઞાન થયું અને આવો કાળ હલકો એમાં જેને દર્શન થયું એનું દર્શન હવે પડે અને મિથ્યાત્વ થાય એવું છે નહિ. આહા..હા..!

એ '**રાગાદિરૂપ પરિણમતું નથી-સદા પ્રકાશરૂપ જ રહે છે.**' આનંદ સ્વરૂપે ભગવાન પ્રગટ થયો અને જ્ઞાનપ્રકાશે તે સદાય એવો ને એવો રહે છે. એ પહેલો કળશ છે, હવે એની બીજા ગાથા કહેશે વિશેષ... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૧૧, શુક્રવાર, તા. ૧૭-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૩-૧૯૪, પ્રવચન નં. ૨૬૪

उवभोगमिंदियेहिं दव्वाणमचेदणाणमिदराणं।
जं कुणदि सम्मदिट्ठी तं सव्वं णिज्जरणिमित्तं।।१९३।।

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇંદ્રિયો વડે,**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

.. ભૂતાર્થ સિવાયના પર રાગાદિ પદાર્થો એ પ્રત્યે તેને વૈરાગ્ય છે. સમજાય છે કાંઈ? .. પહેલાં સિદ્ધાંત કહે છે. નિર્જરામાં એટલું છે. આ દ્રવ્ય નિર્જરાની વાત છે. પર કર્મ ખરી જાય છે. જ્ઞાનીના ઇન્દ્રિયોના ભોગમાં રુચિ નથી, કેમકે આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપની રુચિ છે એથી એને વિષયમાં,

રાગમાં પણ અરુચિ છે, રુચિ નથી. પણ રાગ થાય છે. એ કહેશે ભાવાર્થમાં.

**શ્રોતા :-** રાગની રુચિ નથી એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગનો પ્રેમ નથી, રાગમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? ઝીણી વાત છે, ભાઈ! આત્મામાં જેને સુખબુદ્ધિ ઉત્પન્ન થઈ છે, એવા સમ્યગ્દૃષ્ટિને શુભરાગ કે અશુભરાગનો પ્રેમ નથી, રુચિ નથી. રાગ, અંતરમાં દૃષ્ટિની અપેક્ષાએ પોષાતો નથી, પણ રાગ આવ્યા વિના રહેતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાત છે. તો આ લોકો કહે કે જુઓ! ... ઉપભોગ નિર્જરા માટે છે. કઈ અપેક્ષાએ છે? આ તો નિર્જરાનું કારણ છે.

રાગાદિ ભાવોના સદ્ભાવથી. હવે એનાથી ઊલટું લીધું. જેને હજી પર પ્રત્યેનો પ્રેમ છે, રાગ છે એ રાગ-દ્વેષના સદ્ભાવથી મિથ્યાદૃષ્ટિને, જેની દૃષ્ટિ ચૈતન્ય ઉપર નથી અને જેની દૃષ્ટિ રાગ ઉપર છે, એવો પર્યાયબુદ્ધિવાદી એને રાગાદિના ભાવનો સદ્ભાવ છે, એને પ્રેમ, રસ છે એમાં. આહા..હા..! રાગમાં અજ્ઞાનીને રસ છે, જ્ઞાનીને રાગમાં રસ નથી. આહા..હા..!

**શ્રોતા :-** તો રાગમાં શું છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છે એનો રસ નથી, આસક્તિ છે. પણ અહીં તો એ કહેશે કે એ ભોગવતા પણ એને તો કર્મ નિર્જરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આમાં ટીકા કરવી હોય તો કરે ઓલાની. આમાં શું ટીકા કરે કુંદકુંદાચાર્યમાં.

રાગાદિ-રાગ-દ્વેષ અને પ્રેમની પ્રીતિના ભાવથી, સદ્ભાવથી મિથ્યાદૃષ્ટિને.. કેમકે દૃષ્ટિ તેની ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ ઉપર છે નહિ. અજ્ઞાનીની દૃષ્ટિ રાગ અને વર્તમાન પર્યાય ઉપર છે. એથી રાગાદિ ભાવોની હયાતીથી મિથ્યાદૃષ્ટિને અચેતન અને ચેતનદ્રવ્યનો ઉપભોગ. અચેતન શરીર આદિ, ચેતન સ્ત્રીનો આત્મા આદિ ચેતન. આહા..હા..! બેય છેને પાઠ '**चेदणाणंमिदराणं**' ચેતન અને અચેતન. એ '**અચેતન તથા ચેતન દ્રવ્યોનો ઉપભોગ બંધનું નિમિત્ત જ થાય છે;...**' નવા બંધનું અજ્ઞાનીના રાગ-દ્વેષના ભાવને લઈને... ઝીણી વાત, બાપુ! બહુ ઝીણી, ભાઈ! નિમિત્ત થાય છે. બંધનું નિમિત્ત થાય છે. કેમકે દૃષ્ટિ રાગ ઉપર હોવાથી રાગની રુચિના પ્રેમમાં ફસાઈ ગયો હોવાથી મિથ્યાદૃષ્ટિને રાગના સદ્ભાવથી નવા બંધનું નિમિત્ત એના ભાવ થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** એથી વધારે સ્પષ્ટ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થાય છેને ભાવાર્થમાં આવશે ઘણું. આહા..હા..!

પહેલી આ વાત લીધી કે વિરાગીનો ઉપભોગ ઈ કહેશે, રાગાદિના ભાવની હયાતીને લઈને. આહા..હા..! ચૈતન્યમૂર્તિ ભગવાન અતીન્દ્રિય આનંદનો રસકંદ પ્રભુ એની જેને રુચિ નથી, તેનો પ્રેમ નથી, તે તરફ તેનો ઝુકાવ નથી. આહા..હા..! એનો ઝુકાવ તો પુણ્ય-પાપના રાગમાં ઝુકાવ છે. આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! વીતરાગ માર્ગ ઝીણો બહુ. અહીંયાં આમ કહ્યું. જ્ઞાન દિપીકાની ટીકા કરે છે. અહીં આચાર્ય પોતે એમ કહે છે. કઈ અપેક્ષાએ કહે છે એમ જાણવું જોઈએને. સચ્ચિદાનંદ પ્રભુ આત્મા અનાકુળ આનંદનું સત્ત્વ છે એની જેને રુચિ ને દૃષ્ટિ ને આશ્રય નથી, એને તો ચેતન-

અચેતનનો ભોગ, રાગ-દ્વેષના સદ્ભાવને લઈને નવા બંધનું તે ભોગના પરિણામ નિમિત્ત થાય છે. કહો, સમજાય છે કાંઈ?

**'તે જ (ઉપભોગ),...'** જોયું! **'તે જ (ઉપભોગ),...'** આહા..હા..! એ ચેતન અને અચેતન.. ખરેખર તો પરનો ઉપભોગ કરી શકતો નથી. અહીં તો ઉપભોગ કરે છે એમ કહે છે. એ તો નિમિત્તપણાનું જ્ઞાન કરાવે છે. પરનો ઉપભોગ ચેતન-અચેતન પરદ્રવ્યનો ઉપભોગ આત્મા શું કરે? ઉપભોગમાં તો પરદ્રવ્યના તરફના લક્ષથી જે રાગ અને દ્વેષ થયો તેનો ઉપભોગ અજ્ઞાની કરે. આહા..હા..! એ **'મિથ્યાદષ્ટિને અચેતન અને ચેતન દ્રવ્યોનો...'** ચેતનમાં આત્મા આદિ, સચેત વનસ્પતિ આદિ. આહા..હા..!

**શ્રોતા :-** અચેતનમાં પૈસા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અચેતનમાં પૈસા, શરીર. આહા..હા..! અજ્ઞાનીને તેનો પ્રેમ છે, રાગ-દ્વેષની હયાતી ત્યાં છે. આહા..હા..! અનુકૂળતામાં રાગ અને પ્રતિકૂળતામાં દ્વેષ અને પર તરફની બુદ્ધિ છે, તેથી મિથ્યાદષ્ટિના ચેતન-અચેતનના ઉપભોગને નવા બંધનું નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..!

**'તે જ (ઉપભોગ),...'** તે જ ઉપભોગ. ઈન્દ્રિયનો સચેત-અચેત વિષયનો પદાર્થનો ઉપભોગ **'રાગાદિભાવોના અભાવથી...'** આ મિથ્યાદષ્ટિ સંબંધીના રાગદ્વેષના અભાવથી. સમજાણું કાંઈ? એને રાગનો પ્રેમ નથી, રાગની રુચિ નથી એથી **'રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દષ્ટિને નિર્જરાનું નિમિત્ત જ થાય છે.'** જૂના કર્મ ઉપભોગમાં ખરી જાય છે એમ કહે છે. સમજાણું? ઓલાને બંધાય છે, આને ખરી જાય છે. આહા..હા..! સમ્યગ્દષ્ટિનું માહાત્મ્ય શું છે એ લોકોને ખ્યાલ નથી અને મિથ્યાદષ્ટિની નીચતા-હલકાઈ શું છે એની ખબર નથી. આહા..હા..! અહીં દષ્ટિના જોરમાં 'શુદ્ધ ચૈતન્ય વસ્તુ છું' એમાં એના પ્રેમમાં, 'શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું' તેના આશ્રયમાં એને પર તરફના ઉપભોગમાં રાગ-દ્વેષ થતો નથી. આહા..હા..!

**'તે જ (ઉપભોગ)...'** એટલે તે જે મિથ્યાદષ્ટિના ઉપભોગ છે એ જ ઉપભોગ પાછો, એમ. આહા..હા..! **'રાગાદિભાવોના અભાવથી સમ્યગ્દષ્ટિને નિર્જરાનું નિમિત્ત...'** ભોગ છે. આહા..હા..! ભોગ છે એમાં દષ્ટિનું જોર છે. આહા..હા..! જેનું સ્વામીપણું ચૈતન્ય સ્વભાવમાં વર્તે છે. આહા..હા..! એથી એને ચેતન-અચેતનનો ઉપભોગ ઈન્દ્રિયો વડે. ભાષા એમ છેને? પાઠમાં એમ છે જુઓ, **'उवभोगमिंदियेहिं'** આહા..હા..! દ્રવ્યેન્દ્રિય વડે. તો દ્રવ્યેન્દ્રિય વડે તો કરી શકતો નથી, પણ એને નિમિત્તનું જ્ઞાન કરાવે છે. આહા..હા..! દ્રવ્યેન્દ્રિયો વડે અજ્ઞાનીને ભોગ છે તે નવા બંધનું કારણ છે. જ્ઞાનીને એનો એ ભોગ એવા.. આહા..હા..! નિર્જરાનું નિમિત્ત જ છે. નિર્જરાનું નિમિત્ત છે. કર્મ તો એને કારણે ખરે છે. એમાં રાગ-દ્વેષનો ભાવ નથી, પ્રેમ નથી જેને રાગમાં. આહા..હા..! એથી તેને નિર્જરાનું નિમિત્ત-જૂના કર્મ ખરે તો એને કારણે, પણ જ્ઞાનીના રાગ-દ્વેષના અભાવને લઈને એ નિર્જરાનું નિમિત્ત થાય છે. આહા..હા..! એનો વીતરાગીભાવ નિર્જરાનું નિમિત્ત થાય છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** .. ગમે તે હોય. ગમે તે કર્મ. અહીં તો મોહની પ્રધાનતા છે. આહા..હા..! '**આથી (આ કથનથી) દ્રવ્યનિર્જરાનું સ્વરૂપ કહ્યું.**' એ દ્રવ્યનિર્જરા એટલે કર્મ રજકણ.

સમ્યગ્દર્શન શું ચીજ છે એની લોકોને ખબર નથી. આ કાંઈક ક્રિયા કરીએ, દયા ને વ્રત ને તપ કરીએ તે ધર્મ. ધૂળમાંય ધર્મ નથી ત્યાં. એ તો રાગ છે અને રાગનો જેને આશ્રય અને પ્રેમ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! મિથ્યાદૃષ્ટિના બધા બાળવ્રત ને બાળતપ બંધના હેતુ છે. આહા..હા..! જ્ઞાનીનો એનો એ ઉપભોગ સચેત, અચેત શરીર ને ઈન્દ્રિય દ્વારા... આહા..હા..! પણ એને રાગ આવ્યો છે એમાં પ્રેમ નથી, રુચિ નથી, પણ ખસતો નથી એટલે જરી જોડાઈ જાય છે. એ જોડાવાનું નથી અહીં સિદ્ધ કરવું. આહા..હા..!

**શ્રોતા :–** એ જોડાવા છતાં નથી જોડાતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નથી જોડાતો. આહા..હા..! જરી ઝીણી વાત છે, ભાઈ! આ દૃષ્ટિ આત્માની અને દૃષ્ટિ રાગની બેમાં મોટો ફેર છે. સમજાણું કાંઈ? જેની દૃષ્ટિ આત્માના જ્ઞાયકભાવ ઉપર પડી છે... આહા..હા..! એના દ્રવ્યેન્દ્રિયના ચેતન-અચેતનના ભોગના કાળમાં રાગ-દ્વેષની હયાતી નથી એને એમ કહે છે. સમજાણું કાંઈ? તેથી તેને દ્રવ્ય નિર્જરાનું કારણ થયું. આહા..હા..!

'**ભાવાર્થ :– સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે...**' સમ્યગ્દૃષ્ટિ ચોથે ગુણસ્થાને હોય તોપણ તે જ્ઞાની છે. જ્ઞાન ભલે થોડું હોય, પણ આત્માનું જ્ઞાન થયું છે એટલે જ્ઞાની છે એ. આહા..હા..! બીજું જ્ઞાન ભલે ઓછું હોય અને ન પણ હોય. આહા..હા..! સમજાણું કાંઈ? '**સમ્યગ્દૃષ્ટિને જ્ઞાની કહ્યો છે અને જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે;...** ' એવો જે મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો જે રાગદ્વેષમોહ છે એ એને છે નહિ. આહા..હા..! '**માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગી છે.**' આહા..હા..!

**શ્રોતા :–** રાગની સાથે એકતાબુદ્ધિ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એકતાબુદ્ધિ નથી. આ ભાઈનું નથી આવતું? ભર્તૃહરી ઘરમાં વૈરાગી. કેવા? ભરત-ભરત. ભરત ઘરમાં વૈરાગી. છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, છતાં એ વૈરાગી છે. કોઈ ચીજ મારી છે એ અંતરમાં માનતો નથી. છન્નુ હજાર સ્ત્રીઓ. એક સ્ત્રીની એક હજાર દેવ સેવા કરે. સ્ત્રી રત્ન એ મારી ચીજ નથી, એ મારી છે નહિ. મારી ચીજ તો અંદરમાં આનંદ અને જ્ઞાન તે હું છું. આહા..હા..! સમજાણું કાંઈ? અને અજ્ઞાનીને આનંદ અને જ્ઞાન હું નહિ; હું તો રાગ છું, પુણ્ય છું, પાપ છું, આ શરીર છું, આ બધી ચીજો, દીકરા, દીકરી, બાયડી એ મારા છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનીને રાગદ્વેષમોહનો અભાવ કહ્યો છે; માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગી છે.**' આહા..હા..! '**તેને ઈન્દ્રિયો વડે ભોગ હોય...** ' અહીં એટલું નિમિત્તપણું હોય છે. '**તોપણ તેને ભોગની સામગ્રી પ્રત્યે રાગ નથી.**' આહા..હા..! જડની સામગ્રી શરીરાદિની તેના પ્રત્યે તેને રુચિ નથી. આહા..હા..! અરે..! આવો ભેખ! '**તે જાણે છે કે આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે...**' શરીર, બહારના સાધનો... આહા..! એ બધા પરદ્રવ્ય છે, મારું દ્રવ્ય નથી, મારી ચીજ નથી. આહા..હા..!

**'આ (ભોગની સામગ્રી) પરદ્રવ્ય છે, મારે અને તેને કાંઈ નાતો નથી;...'** આહા..હા..! એ ઇન્દ્રિયોને, શરીરને અને મારે કાંઈ નાતો નથી એમ કહે છે. ભાવેન્દ્રિય ખંડ-ખંડ છે, એ પણ આત્માનો સ્વભાવ નથી. આહા..હા..! **'તેને કાંઈ નાતો નથી;...'** સંબંધ નથી. ઓહો..હો..! જડ ઇન્દ્રિયોને ભાવઇન્દ્રિય સાથે પણ જેને સંબંધ નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ!

આ માર્ગ ધર્મનો બહુ સૂક્ષ્મ, ભાઈ! જેનાથી જન્મ-મરણરહિત થાય એ ધર્મ, એ બહુ સૂક્ષ્મ વાત છે. અત્યારે તો સંપ્રદાયમાં એ વાત ચાલતી જ નથી. એ તો આ કરો ને વ્રત કરો ને અપવાસ કરો. ત્યાગ-તપસ્યા ખૂબ કરી એ ખૂબ ધર્મી બસ. બહારમાં. આહા..હા..!

**'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.'** દેખો! સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે શરીર ને ઇન્દ્રિયો ને બહારની સામગ્રી એ કર્મના ઉદયને લઈને મળી છે અને ઉદય ન હોય તો તેને વિયોગ થાય એ એને લઈને છે, મારે લઈને એ છે નહિ. આહા..હા..! **'કર્મના ઉદયના નિમિત્તથી તેનો અને મારો સંયોગ-વિયોગ છે.'** આહા..હા..! **'જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને પીડા કરે છે...'** ભાષા દેખો! ચારિત્ર-રાગ પોતાને ઉત્પન્ન થાય છે એ પીડા છે. ચારિત્રમોહ તો જડ છે, પણ પોતાને રાગ થાય છેને એટલો. આહા..હા..!

**શ્રોતા :-** કર્મનો ઉદય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ભાષા એ ઉદયનો અર્થ ભાવ થાય, એને ઉદય કહેવો. રાગ થાય છેને? કર્મ તો નિમિત્ત જડ છે, એના નિમિત્તના લક્ષે જ્ઞાનીને પણ રાગ તો થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** એ અર્થ બદલાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અર્થ.. શું થાય?

**'જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય...'** ચારિત્રમોહનો ઉદય તો જડ છે અને આત્મામાં રાગ થાય એ તો ચૈતન્યનો વિકાર છે, બેને નિમિત્ત-નૈમિત્તિકસંબંધ છે, પણ કર્તા-કર્મસંબંધ છે નહિ. આહા..હા..! એ શું વળી? કર્મનો ઉદય છે માટે કર્તા થઈને રાગ કર્યો છે એમ નથી, પણ નિમિત્તના લક્ષે થયેલો રાગ એ કર્મના ઉદયથી થયો એમ કહેવામાં આવે છે. અરે..! આહા..હા..! આવો માર્ગ!

**શ્રોતા :-** શબ્દનો અર્થ બદલાઈ જાતો નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શબ્દનો અર્થ યથાર્થ થાય છે. આહા..હા..! જ્યાં હોય ત્યાં કર્મ નાખે. કઈ અપેક્ષાએ વાત છે? આહા..હા..! ઓલામાં ૪૭ શક્તિ નથી? ઈશ્વર શક્તિ, અનિશ્વર શક્તિ. નિમિત્તને આધીન થવાની પર્યાયની પોતાની યોગ્યતા છે, એને લઈને રાગ થાય છે, નિમિત્તથી નહિ. આહા..હા..! જ્ઞાનીને પણ રાગ થાય છે એ નિમિત્તને આધીન પોતે થાય છે માટે થાય છે, નિમિત્તથી થાય છે એમ નહિ. આહા..હા..! એવો માર્ગ છે, ભાઈ!

**'જ્યાં સુધી તેને ચારિત્રમોહનો ઉદય આવીને...'** રાગ આવે અને અંદર પીડા થાય છે, દુઃખ થાય છે. એ **'પીડા કરે છે અને પોતે બળહીન હોવાથી...'** આહા..હા..! પુરુષાર્થ-બળહીન છે, માટે રાગ ત્યાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવી ગાથા નિર્જરામાં ઉપાડતા આ ઉપાડ્યું,

લ્યો! '**પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી...**' રાગ આવે એનું સમાધાન થતું નથી. વિકલ્પ રહ્યા જ કરે, રહ્યા જ કરે એટલે જોડાઈ જાય છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પીડા કરે છે એમ કીધુંને, જુઓને. રાગ થાય છે એ પીડા કરે છે, દુઃખ લાગે છે. આહા..હા..! બળહીનપણું છે એટલું. માટે તે રાગ પીડા કરે છે એમ કહે છે. આહા..હા..!

'**પોતે બળહીન હોવાથી પીડા સહી શકતો નથી...**' શું કીધું? આહા..હા..! વિકલ્પોની જાળ ચાલ્યા કરે છે અંદર. એ બળહીનને લઈને એમાં પીડામાં જોડાઈ જાય છે. આહા..હા..! પણ દૃષ્ટિ એના ઉપર નથી એટલે જ્ઞાન ઉપર દૃષ્ટિ છે. આહા..હા..! એથી તે ઉપભોગનો ભાગ ઝરી જાય છે કર્મ. આહા..હા..! આકરી વાત છે, ભાઈ! અજ્ઞાની દયા પાળે તો મિથ્યાત્વનું બંધન કરે, કે હું પરની દયા પાળું છું. એ મિથ્યાત્વ છે. પરની દયા પાળે છે તો એ માન્યતા જ મિથ્યાત્વ છે; અને જ્ઞાની ઇન્દ્રિયોના ભોગમાં જોડાય છતાં તે નિર્જરાનું નિમિત્ત છે. આહા..હા..! દૃષ્ટિ ફેરે વસ્તુની વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! રાગ આવી જાય છે અંદર અને એનું સમાધાન થાતું નથી. ... એટલી પીડા સહન કરી શકતો નથી.

'**જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ...**' દાખલો આપે છે. '**જેમ રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ વડે ઇલાજ કરે છે...**' રોગી. ધ્યાન રાખજો બેય વાત હોં! '**રોગી રોગની પીડા સહી શકે નહિ ત્યારે તેનો ઔષધિ વડે ઇલાજ કરે છે, તેમ ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે;...**' સમકિતી. આહા..હા..! ભાષા. પરદ્રવ્યનું કાંઈ કરી શકે નહિ. પણ ત્યાં ઓલો રાગ આવે છેને એટલે પરદ્રવ્યમાં સંયોગમાં જાય છે. આહા..હા..! આવી વાત છે. ભોગ અને ઉપભોગ સામગ્રી. શરીર, સ્ત્રીનું શરીર, લક્ષ્મી, મકાન આદિ '**ભોગોપભોગસામગ્રી વડે વિષયરૂપ ઇલાજ કરે છે;...**' એને રાગ આવે એટલે વિષયનો ઇલાજ કરે છે. ઇલાજ કરે છે. જેમ રોગી રોગનો ઇલાજ કરે છે, એમ આ રાગી રાગનો ઇલાજ કરે છે કહે છે. આહા..હા..!

**શ્રોતા :–** એનો ઇલાજ પણ આત્માની સન્મુખ થવા થાય છે અને આ ઇલાજ તો પર તરફ જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ જુદી વસ્તુ છે. સન્મુખ તો છે પણ રાગનો ઇલાજ કરે છે. આહા..હા..! જરી ઝીણી વાતું છે. ક્ષાયિકસમકિતી હોય, એ ભવે મોક્ષ જવું છે. લ્યો તીર્થંકર છે તોપણ જ્યાં ગૃહસ્થાશ્રમમાં છે ત્યારે એને ભોગ-ઉપભોગનો રાગ તો થાય છે અને એ રાગ પીડે છે, અંદર સહન થતું નથી. એટલે એ જાતનો ઇલાજ ભોગ સામગ્રીનો, ઉપભોગનો ઇલાજ કરે છે. આહા..હા..!

**શ્રોતા :–** પણ પરદ્રવ્યથી તો કાંઈ લાભ-નુકસાન થાય નહિ એમ માને છે અને વળી એનો ઇલાજ કરે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રોગી રોગનો ઇલાજ કરે તો રોગને સારો માને છે? ઇલાજ કરે છે માટે ઇલાજ કરી શકે એમ માને છે? એમ જ્ઞાની રાગનો ઇલાજ કરે છે માટે રાગને સારો માને છે? અને રાગનો

ઈલાજ કરું એ ઠીક છે એમ માને છે?

**શ્રોતા :-** એમ નહિ પણ રાગ ... એ તો જાણે છે કે .. કદી લાભ થાય જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ માને છે, છતાં પણ રાગ આવો થયા વિના રહેતો નથી ચારિત્રમોહનો, એમ કહે છે. દૃષ્ટિ આનંદ ઉપર હોવા છતાં શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો અનુભવ દૃષ્ટિ હોવા છતાં, આહા..હા..! શુદ્ધ પરિણમન હોવા છતાં પોતાની બળહીનતાને લઈને રાગ થાય છે એ રોગ છે અને સામગ્રીનો ઈલાજ કરે એ ઔષધ છે. આવી વાત છે. એવી વાત અંતરની વાતું છે, ભાઈ! આહા..હા..! દૃષ્ટિ એને ખસે જ નહિ, એમાં ને એમાં શું કરે કોઈ? રોગ છે છતાં સારો જાણતો નથી રોગને અને ઈલાજ કરે છે ઔષધિ એ પણ સારો માનતો નથી, જેમ ઓલો રોગી (માને છે તેમ). આહા..હા..!

'**પરંતુ જેમ રોગી રોગને કે ઔષધિને ભલી જાણતો નથી...** ' જુઓ, '**રોગી રોગને કે ઈલાજને...**' કે રોગ થાજો. આહા..હા..! એને જોવા આવે બધા અને ઈલાજ કરવામાં આપણને મળે સામગ્રી એમ માનતો હશે? રોગનો ઈલાજ કરે તો ... બીજો ઉપાય નથી. આહા..હા..! છે? '**વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે...** ' આહા..હા..! '**તેમ સમ્યગ્દૃષ્ટિ ચારિત્રમોહના ઉદયને...** ' એ રાગ છે, રોગ છે. '**કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી.**' આહા..હા..! એને હોંશ ને હરખ નથી એમ કહે છે. રાગ આવ્યો એમાં એને હરખ નથી અને સામગ્રીમાં જાય છે શરીર આદિના વિષયમાં, એમાં એને પ્રેમ નથી, હરખ નથી, પણ બીજો કોઈ ઉપાય નથી એટલે ઈલાજ કરવામાં જાય છે. આહા..હા..! ભારે વાત, ભાઈ!

આ ભાષા આવી નહિ સમ્યગ્જ્ઞાન દિપીકા જેવી? એમાં તો દાખલો આપ્યો છે. એ પણ પુસ્તક તો ધર્મદાસ ક્ષુલ્લકનું છે. .. ભોપાલવાળાએ છપાવ્યું છે. એ અહીંને માથે નાખ્યું કે જુઓ, એ સ્ત્રીનો ભોગ છે એમાં પાપ નથી એમ માને છે. અરે..! પ્રભુ! એ શું કહે છે? ત્યાં ધર્મદાસને એમ કહેવું નથી. ધર્મદાસનું પુસ્તક, સમ્યગ્જ્ઞાન દિપીકા. પણ અહીંયાં છપાવ્યુંને. એ તો સાચી વાત છે પણ આના જન્મ પહેલા છપાયેલું છે. સમ્યગ્જ્ઞાન દિપીકા. ૪૬ના મહા મહિનામાં છપાણું. ૪૬માં .. ધર્મ છે હવે એ અહીંનું નાખ્યું આને માથે. વાંચતા પણ ખબર નથી કે આ પુસ્તક કોનું છે. ત્યાં તો એમ કહેવા માગે છે કે કદાચિત્ સ્ત્રીને માથે પતિ છે અને કોઈ ભૂલ થઈ ગઈ તો પરાધીન કારણે, તો એનો દોષ બહાર આવતો નથી એટલી વાત. સમજાણું કાંઈ? એમ જેને માથે આત્મા ચૈતન્યમૂર્તિ છે, ભગવાન આત્મા પ્રભુપણે જેને ધણીપતે બેઠો છે અંદર, એને કોઈ રાગાદિ આવે તો એ રાગનો દોષ બહાર આવતો નથી. આહા..હા..! સમ્યગ્જ્ઞાન દિપીકા.

એ અહીંયાં આ કહે છે કે રાગ છે અને ઈલાજ કરે છે. આહા..હા..! છતાં એ નિર્જરાનો હેતુ છે એમ કહે છે અહીં. આહા..હા..! સમજાણું કાંઈ? માટે ભોગ કરવા એમ છે કાંઈ? પાઠમાં એમ છે, '**उवभोगमिंदियेहिं**' દ્રવ્ય ઈન્દ્રિયો વડે અને ભાવ ઈન્દ્રિય દ્વારા '**दव्वाणम**' દ્રવ્યનો ચેતન, અચેતનનો ભોગ. છેને? '**उवभोगमिंदियेहिं**' '**जं कुणदि सम्मदिट्ठी**' એમ છે અહીં તો. સમ્યગ્દૃષ્ટિ કરે છે એમ છે પાઠ લ્યો! પરનો તો કર્તા છે નહિ. દ્રવ્ય ઈન્દ્રિયને આમ હલાવી શકે એ તો આત્માની શક્તિ નથી.

આહા..હા..! સમજાણું કાંઈ? ..માં મૂક્યું છેને બધું ઘણું, ચોથા ભાગમાં. ઈન્દ્રિયોને કઠણ થવું એ તો જડની ક્રિયા છે, આત્માની નહિ. મિથ્યાદૃષ્ટિ માને છે કે મારે લઈને આ છે. મોક્ષમાર્ગમાં. આહા..હા..! અજ્ઞાની એમ માને છે કે મારે લઈને આ થઈ, જ્ઞાની એમ માને છે કે જડની ક્રિયા તે કાળે તેને કારણે થઈ, મારો ફક્ત રાગ હતો એટલું. એ રાગનો પણ જ્ઞાની તો સ્વામી નથી. આહા..હા..! ઝીણો માર્ગ બાપુ, બહુ! એના રહસ્યો સમજવા ઝીણી વાત છે, ભાઈ! એણે એમ ને એમ અજ્ઞાનપણે અનંતકાળ ગાળ્યો. સાધુ થયો, હજારો સ્ત્રીનો ત્યાગી થયો, જાવજીવ બ્રહ્મચર્ય પાળ્યા શરીરથી. એથી શું? એ ચીજ શું છે? આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' મુનિવ્રત ધારણ કરીને અને પંચમહાવ્રત પાળી નગ્ન દિગંબર હજારો રાણી છોડીને (સાધુ થયો) 'પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! પણ આત્માનું જ્ઞાન રાગથી ભિન્ન એના ભાન વિના એને આનંદના અંશનું વેદન ન આવ્યું. પંચમહાવ્રતના પરિણામ પણ એને દુઃખરૂપ છે. આહા..હા..! સાધુના અઠ્ચાવીશ મૂળગુણ પાળવા એ પણ રાગ છે અને દુઃખરૂપ છે. આહા..હા..!

ત્યારે અહીં દૃષ્ટિના જોરથી એમ કહે છે. અહીં તો દૃષ્ટિનું જોર બતાવવું છે. આહા..હા..! ચૈતન્યમૂર્તિ પરમાનંદનો નાથ પ્રભુ ભગવત્ સ્વરૂપ મારું છે, ભગવાન સ્વરૂપે જ હું છું. આહા..હા..! એવી જેની દ્રવ્ય ઉપર દૃષ્ટિ થઈ છે, એને જરી ચારિત્રમોહના નિમિત્તથી રાગ તો થાય છે. નિમિત્તથી હોં, ઉપાદાન તો પોતાનું છે. અને એ રાગને રોગ તરીકે એ જાણે છે અને એ ભોગની સામગ્રીમાં જાય છે એને ઈલાજ તરીકે જાણે છે, પણ એ ઈલાજ અને રાગ ને રોગને બેને સારા માનતો નથી. આહા..હા..! ભારે વાતું ભાઈ! છે?

**'ચારિત્રમોહના ઉદયને કે ભોગોપભોગસામગ્રીને ભલી જાણતો નથી.'** આહા..હા..! **'વળી નિશ્ચયથી તો, જ્ઞાતાપણાને લીધે...'** હવે જુઓ, **'સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...'** આહા..હા..! રાગ આવે છે તેને જ્ઞાની જ્ઞાનમાં જાણે છે. આહા..હા..! કહ્યુંને ૧૨મી ગાથામાં? નિશ્ચયસમ્યગ્દર્શન આત્માને આશ્રયે થયું, ભૂતાર્થ ત્રિકાળ ભગવાનને અવલંબે થયું, એની પર્યાયમાં રાગ અને અશુદ્ધતા છે હજી, એને, જ્ઞાની તે કાળે તેને જાણવું પ્રયોજનવાન છે, આદરવું અને કરવું એ પ્રયોજનવાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત હવે. ક્યાંય મેળ ન ખાય. અજ્ઞાની દયા પાળવાનો ભાવ, પંચમહાવ્રતનો ભાવ (કરે) તેને બંધનું કારણ. જ્ઞાનીને ઈન્દ્રિયનો ભોગ નિર્જરાનું કારણ. આહા..હા..! કઈ અપેક્ષા છે એમ જાણવું જોઈએને. રોગ લાગે છે એને. રાગને રોગ દેખાય છે. કાળો નાગ જેમ દેખાય. આહા..હા..! એમ ધર્મીને રાગ કાળા નાગ જેવો લાગે છે. આહા..હા..! એથી તેના ઉપર પ્રેમ નથી, રુચિ નથી, હરખ નથી. આહા..હા..! એ રાગને રોગ જાણે છે, ઈલાજને રોગની સામગ્રી તરીકે જાણે છે. બેયને ભલી જાણતો નથી. આહા..હા..! આવી વાત શું કરવા કરી હશે આ વાત?

જેને દૃષ્ટિનું જોર છે અંદર, સમ્યગ્દર્શનમાં આત્માનો સ્વામી છે એ અંદર, એને કારણે એને રાગ હોવા છતાં સ્વામી થતો નથી. આહા..હા..! શરીરની ક્રિયા હોવા છતાં એ ક્રિયા પોતાની થાય છે એમ

એ માનતો નથી. કહો, હવે આ શાસ્ત્રમાં તો આ છે. પહેલી ગાથાએ આ આવ્યું. આગળ તો કહેશે હજી એક ગાથામાં. હે સમ્યગ્દૃષ્ટિ જીવ! તું પરદ્રવ્યને ભોગવ. વળી એક બાજુ કહે કે પરદ્રવ્યને આત્મા ત્રણકાળમાં અડી શકે નહિ, અડી શકે નહિ. જડ ઈન્દ્રિયોને આત્મા અડી શકતો જ નથી. એ આવશે કળશ. હે ધર્મી જ્ઞાની! તું પરદ્રવ્યને ભોગવ. એટલે? કે 'પરદ્રવ્યથી મને નુકસાન થાય છે' એ શલ્ય છોડી દે. ભોગવ એમ કહે કે મુનિ પંચમહાવ્રતના .. એ આગળ કળશ આવશે આમાં. આહા..હા..! એટલે કે આત્મામાં અપરાધ પોતે કરે તેનું નુકસાન છે એને. પરદ્રવ્ય એને નુકસાન કરી શકે એ છે નહિ. પરદ્રવ્ય તો સ્વતંત્ર દ્રવ્ય છે. શરીરની ક્રિયા સ્વતંત્ર છે, શરીરની ક્રિયા કાળે જે રાગ થાય છે તે તેનો પોતાનો છે, એ પણ રાગનો જ્ઞાની તો સ્વામી નથી. પોતાની પર્યાયમાં અપરાધ પોતાથી થયેલો છે. આહા..હા..! આવું અટપટું જ્ઞાન ઘણું.

**'તો, જ્ઞાતાપણાને લીધે સમ્યગ્દૃષ્ટિ વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...'** જોયું! આહા..હા..! રાગનો ભોગ લેતા છતાં શરીરની ક્રિયામાં એ જાણે છે કે આ છે પર. આહા..હા..! એ જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે તે કાળે પોતાને જાણતું જ્ઞાન, જે પ્રકારની ક્રિયા શરીરની થાય અને રાગની થાય તેને જાણતું જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! અરે..! આવી વાતું હવે. સાધારણ માણસ વેપારીઓ ધંધામાં રોકાઈ ગયા હવે બુદ્ધિ સાધારણ, હવે એને આ સમજવું. બાપા! નિવૃત્તિ લેવી પડશે, નહિતર મરી જઈશ ચોર્યાસીના અવતારમાં. આહા..હા..! **'વિરાગી ઉદયમાં આવેલા કર્મને માત્ર જાણી જ લે છે,...'** 'જાણી જ લે છે,...' એમ શબ્દ છે જોયું! આહા..હા..! **'તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી.'** એ જ્ઞાનીને રાગનો રાગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ છે તેનો રાગ નથી. આહા..હા..! સ્વામી નથી, મારી ચીજ નથી. આહા..હા..!

**શ્રોતા :-** બળદનો સ્વામી કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિષ્ટા નીકળી જાય એ શું છે? એ તો એની તકરાર કરે છે. આવ્યું નહિ એમાં? 'ચક્રવર્તીની સંપદા ઈન્દ્ર સરીખા ભોગ, કાગવીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' આહા..હા..! કાગડાની વિષ્ટા એ કાંઈ ખાતરમાં કામ ન આવે. માણસની વિષ્ટા તો હજી ખાતરમાં કામ આવે. ખાતર સમજ્યા? ખાદ્ય, ખાદ્ય-ખાદ્ય. 'કાગવીટ સબ માનત હૈ...' સામગ્રી પુણ્યની, ચક્રવર્તીનું પદ અને ઈન્દ્રનું પદ. આહા..હા..! 'કાગવીટ સબ માનત હૈ સમ્યગ્દૃષ્ટિ લોક.' એ શ્લોક છે. ત્યાં ઈન્દોરમાં કાચનું છેને મંદિર? ઓલું કાચનું મંદિર, આખું કાચનું મંદિર છે હુકમીચંદ શેઠનું. આહા..હા..! બતાવ્યું હતું એક ફેરી. જુઓ આ લખ્યું. આ તો વચમાં કલાક, બે કલાક જાવું જોઈએ, પૂજા કરવી જોઈએ, સાંભળવા કલાક જાવું. શું છે નિર્ણય ને, વખત ક્યાં છે પણ એને બાહ્યમાં. .. નભાવવામાં, રળવામાં રોકાવું કે આમાં આવવું હવે?

**શ્રોતા :-** બે ફરજમાંથી એક ફરજ અદા કરવી જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપની ફરજ અદા કરવી જોઈએ એમ કહે. આહા..હા..! એ બધા પડ્યા રહેવાના, સાથે કોઈ આવવાનું નથી. આહા..હા..! એના સંબંધે કરેલા પાપ છે એ સાથે આવશે.

આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :–** એ જ પરમાધામી થઈને મારવા આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મારશે ઈ, હા. એના માટે પાપ કરેલા હોય એ મરીને નરકે જાય અને ઓલા હોય જેના માટે પાપ કર્યા હોય એ કોઈ પરિણામ ઠીક હોય તો પરમાધામી થાય. પરમાધામી ઓલાને મારે. પણ ભાઈસાહેબ મેં તારા માટે પાપ કર્યા હતા. કોણે કીધું હતું તને મારા માટે કરજે? આહા..હા..! દીકરો એને મારે છે પરમાધામી થઈને. બાપે દીકરા માટે પાપ કર્યા હોય. ઈંડા ને ફલાણું ને ખાનગી ખાનગી દવા કરે. મરીને એનો બાપ જાય નરકે અને છોકરાને ખબર નહિ કે આ બાપ મને ઈંડમાં આ નાખે છે એટલે એના પરિણામ એટલા બધા આકરા નહિ, પણ પરમાધામી થયો ત્યાં.

**શ્રોતા :–** પરમાધામી મતબલ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના દેવ ભવનપતિના. વ્યંતર ભવનપતિ. પરમાધામી કહેવાય છેને. દેવ-દેવ થાય ભવનપતિના. આહા..હા..! મારે ઓલાને. એલા પણ મેં તારા માટે પાપ કર્યા હતા અને તું મને..? કોણે કીધું હતું તું મારા માટે કરજે? તારા માટે તેં મારી મમતા કરીને તેં કર્યા તારા માટે. ભોગવ તું હવે. અમારે શું છે અહીં? આહા..હા..! અને અહીં પણ મરી જાય ત્યારે રોવે છે એ શું કરવા? બાપ રોવે છોકરો મરી જાય વીસ વર્ષનો, પચ્ચીસ વર્ષનો, એ રોવે છે એ છોકરા માટે નહિ, એની સગવડતા માટે રોવે છે. સગવડતા ગઈ એટલે. તું મરીને નરકે ગયો, મારે ક્યાં સ્નાન કરવું છે અહીં. આહા..હા..! તું મરીને ઢોરમાં ગયો એ અમારે અહીં સ્નાન ક્યાં છે? એ તો તારે વેઠવાનું છે. આહા..હા..! એ કોઈ વિચારે છે કે આ મરીને ઢોરમાં ગયો હશે કે નરકમાં ગયો હશે? એની સગવડતા ઓલો રળી દેતો અને બેઠતો દુકાને અને સંભાળતો, એની સગવડતા જાય એને એ રોવે છે. આહા..હા..! અરેરે..! આ સંસાર આવો બળઝળી રહ્યો છે બધો. કોઈ પાછળથી એમ રોવે કે હે બાપુ! ક્યાં તમે ગયા હશો? આહા..હા..!

અહીં તો કહે છે કે '**કર્મને માત્ર જાણી જ લે છે,...**' જ્ઞાની તો આત્માના સ્વભાવના ભાનવાળો તો રાગ આવે તેને જાણે છે. એ રાગના રોગને જાણે છે અને રોગનો ઉપાય છે એ કરે એમાં એ જાણે છે. એ ક્રિયા તે કાળે થાય તેને પણ પોતાના જ્ઞાનમાં તેને અડ્યા વિના જાણે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેના પ્રત્યે તેને રાગદ્વેષમોહ નથી.**' આહા..હા..! રાગ પ્રત્યે રાગ નથી. આહા..હા..! '**આ રીતે રાગદ્વેષમોહ વિના જ તેના ફળને ભોગવતો હોવાથી...**' જોયું! પાછું ભોગવતો હોવાથી. ભોગવે છે, પણ એમાં રાગરૂપ રહેવું રહેતું નથી. કોઈ રીતે છૂટતું નથી એટલે જરી દોરાઈ જાય છે. આહા..હા..! '**તેને કર્મ આસ્રવતું નથી,...**' એને કર્મ બંધાતું નથી. આહા..હા..! '**આસ્રવ વિના આગામી બંધ થતો નથી...**' અને આસ્રવ આવ્યા વિના નવો બંધ થતો નથી. '**ઉદયમાં આવેલું કર્મ તો પોતાનો રસ દઈને ખરી જ જાય છે...**' કર્મ જડ ઉદયમાં આવ્યું એ તો ખરી જાય છે. અહીં રાગ કરે તોપણ ખરી જાય છે અને રાગ ન કરે તોપણ ખરી જ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આટલી બધી વાતું હવે કે દિ' એમાં... દુનિયાના અભ્યાસ કરવા હોય તો એમાં ૧૦-૧૦-૨૦-૨૦ વર્ષ કાઢે. એલ.એલ.બી. અને એમ.એ.ના પૂંછડા પાપના એકલા. અહીં અભ્યાસ આ કરવો હોય

તો કહે અમને વખત નથી. મરવાનો પણ વખત નથી એમ વળી બોલે કેટલાક તો.

ચાલીસ કરોડ રૂપિયા. એની વહુ દોઢ વર્ષથી અસાધ્ય થઈ. હેમરેજ. મરી ગઈ હમણાં. દોઢ વર્ષ અસાધ્ય. મોટા બંગલા ૪૦-૪૦ લાખના. બે અબજ ચાલીસ કરોડ. એની સેવા કરવા માટે એક દિવસના પાંચસોનો ખર્ચ. એક દિવસમાં પાંચસોનો ખર્ચ. દોઢ વર્ષ ચાલ્યું. આહા..હા..! અહીં ઢોર જેવી દશા છે અને મરીને જવાના ઢોરમાં. ... જડ જેવું દોઢ વર્ષ. ... કાંઈ ખબર ન મળે. ભાઈ નહિ? કેવા પોરબંદરવાળા. ભુરાભાઈ. એ તો હુશિયાર માણસ. .. છ મહિના સુધી અસાધ્ય. ચાર છોકરાઓ છે અને કરોડપતિ. કરોડપતિ છે છોકરાઓ ચાર. એક એક .. આહા..હા..! ભાન ન મળે. છ મહિના સુધી. આમ .. ચાલે તોપણ ખબર ન પડે. આહા..હા..! ભુરા ભુદર. આ સ્થિતિ. માણસને જન્મ-મરણના ભય નથી. આહા..હા..!

**'કારણે કે ઉદયમાં આવ્યા પછી કર્મની સત્તા રહી શકે જ નહિ. આ રીતે તેને નવો બંધ થતો નથી અને ઉદયમાં આવેલું કર્મ નિર્જરી ગયું...'** લ્યો! **'તેથી તેને કેવળ નિર્જરા જ થઈ.'** લ્યો! આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિનું જોર જ્ઞાયક ઉપર છે. હું ભગવત્ સ્વરૂપ છું, પરમાનંદ મૂર્તિ છું, ભગવાનસ્વરૂપ જ હું છું, વીતરાગસ્વરૂપ હું છું, અનાકુળ શાંતિ અને રસનો કંદ હું છું. આહા..હા..! એ ઉપર દૃષ્ટિને લઈને.. આહા..હા..! રાગાદિ આવે એમાં એની નિર્જરા થઈ જાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? અને અજ્ઞાની પંચમહાવ્રત પાળે તોપણ મિથ્યાત્વનું જોર છે. એ મહાવ્રતના પરિણામ મારા છે અને એનાથી મને કલ્યાણ થાય, એને મિથ્યાદૃષ્ટિને અનંતો સંસાર વધતો જાય છે. આહા..હા..! આ વાત ક્યાં માણસને. આ બહારના ડંફાસ આડે નવરો ક્યાં છે પણ? એમાં વળી પાંચ-પચાસ લાખ ભેગા થયા હોય, હું પહોળો ને શેરી સાંકડી. થઈ રહ્યું. મકાન આટલા જોઈશે, આઠ છોકરા ને એને આમ થાશે ને ધૂળ થાશે. મરી ગયો આમ ને આમ. મરીને જાય ઢોરમાં. આહા..હા..! ભાઈ! તારી ચીજને તેં જાણી નથી. આહા..હા..! જેણે જાણી તેણે માણી અંદરમાં આનંદથી. એને રાગ આવે પણ તેનો એ સ્વામી થતો નથી. આહા..હા..! એ છૂટીને એને કર્મ છૂટી જાય છે. આહા..હા..!

**'માટે સમ્યગ્દૃષ્ટિ વિરાગીના ભોગોપભોગને નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે.'** નિમિત્ત હોં! દ્રવ્ય નિર્જરા જે થાય છે એ તો એને કારણે કર્મના પરમાણુમાં, પણ આ ભાવ એનો નથી, માટે નિર્જરાનું નિમિત્ત થાય છે. હવે આ સમજવું શું આમાં? **'નિર્જરાનું જ નિમિત્ત કહેવામાં આવ્યો છે. પૂર્વ કર્મ ઉદયમાં આવીને તેનું દ્રવ્ય ખરી ગયું તે દ્રવ્યનિર્જરા છે.'** લ્યો! આહા..હા..!

**'હવે ભાવ નિર્જરાનું સ્વરૂપ કહે છે :-'** નિર્જરા ત્રણ પ્રકારની. એક કર્મનું ખરવું એ નિર્જરા જડ, એક અશુદ્ધતાનું ટળવું એ પોતાના ભાવની અને શુદ્ધતાની વૃદ્ધિ થવી—એ ત્રણેને નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ કર્મનું ખરવું એને પહેલામાં નાખ્યું. હવે અશુદ્ધતાનું જવું એ બીજામાં નાખશે. આહા..હા..! આ અશુદ્ધતાનું ખરવું. નવરાશ ક્યાં માણસને પાપ આડે. આહા..હા..! અરે..! તું ક્યાં છો? બાપુ! તું શું કરે છો? તને તારી ખબર નથી. ખબર વિનાનો પ્રાણી

ચાર ગતિમાં રખડે છે. ભાવ નિર્જરા. આહા..હા..!

**दव्वे उवभुंजंते णियमा जायदि सुहं व दुक्खं वा।**
**तं सुहदुक्खमुदिण्णं वेददि अध णिज्जरं जादि।।१९४।।**

**વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુખ થાય છે,**
**એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.**

આહા..હા..! બહુ ગાથામાં ઝીણું, બાપુ! 'પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...' પરદ્રવ્ય કાંઈ ભોગવી શકતો નથી. એ તો નિમિત્તનું કથન છે. આ શરીર, વાણી, જડ, દાળ, ભાત, શાક, સ્ત્રીનું શરીર એ જડને આત્મા ભોગવી શકતો નથી. કારણ કે ભગવાન તો અરૂપી છે આત્મા અને આ તો બધી રૂપી જડ ચીજ છે. એ જડને આત્મા અડી શકતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ ગાથામાં કહ્યુંને ત્રીજીમાં, દરેક દ્રવ્ય પોતાના દ્રવ્યને ચુંબે છે, પણ પરદ્રવ્યને ચુંબતો નથી. આહા..હા..! ત્રીજી ગાથા સમયસાર. દરેક દ્રવ્ય એટલે વસ્તુ પોતાના ગુણ અને પર્યાય જે છે તેને ચુંબે ને સ્પર્શે છે, પણ પરદ્રવ્યના ગુણ, પર્યાય કે દ્રવ્યને એ અડતો પણ નથી. સ્ત્રીના શરીરના ભોગમાં એ શરીરને એનું શરીર અડ્યું પણ નથી, તેમ એનું પોતાનું શરીર છે એને પણ અડ્યો નથી. આહા..હા..! જડને પરદ્રવ્યને અડે શી રીતે? આત્મા અરૂપી છે. અજ્ઞાની એને દેખીને એમ માને છે કે મેં કાંઈક ભોગ લીધો. એ રાગનો ભોગ લીધો એણે. શરીરનો અને પરનો શરીરનો ભોગ લઈ શકતો જ નથી ત્રણકાળમાં. આહા..હા..! આવી વાતું હવે આકરી. પ્રત્યક્ષ દેખે કે આ શરીરને ભોગવે છે અને મેસુબને ખાય છે, મોસંબીને પીવે છે. ધૂળેય નથી સાંભળને. મોસંબી તો જડ છે, રૂપી છે, વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળી ચીજ છે, એમ સ્ત્રીનું શરીર વર્ણ, ગંધ, સ્પર્શવાળું જડ છે, તારું શરીર વર્ણ, ગંધ, રસ, સ્પર્શવાળું જડ છે અને પ્રભુ અંદરથી ભિન્ન છો એ પરને અડતો પણ નથી, કોઈ દિ' અડ્યો જ નથી એને. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું હવે આ કઈ જાતનો ઉપદેશ! ઓલા કહે કે દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો. સહેલું સમજવામાં (લાગે) અજ્ઞાનમાં. એમાં આત્મા ક્યાં આવ્યો ત્યાં? એ તો રાગ છે બધી ક્રિયા. આહા..હા..!

નિશ્ચયથી તો સ્વભાવ જે આત્માનો છે એ રાગને અડ્યો નથી. જ્ઞાયક સ્વભાવ ચૈતન્યબિંબ પ્રભુ અનાકુળ આનંદરૂપ એ દુઃખને કેમ અડે? આહા..હા..! રાગ તો દુઃખ છે. ચાહે તો શુભરાગ હો કે અશુભ રાગ હો. આહા..હા..! એ દુઃખ છે. આનંદ તે દુઃખને કેમ અડે? આહા..હા..! પણ અહીંયાં તો એમ કહેવું છે કે પરદ્રવ્ય ભોગવવામાં આવતા એ તો નિમિત્તનું કથન છે. આમાં પરદ્રવ્યમાં ભોગવવામાં આવતા કીધું, પછી એમ કહેવું કે પરદ્રવ્ય ભોગવી શકે નહિ. આહા..હા..! આ દાંત ને આ જીભ એ તો માટી, ધૂળ છે. એમાં લાડવો આવે એ લાડવો પણ ધૂળ છે.

**શ્રોતા :-** કાંઈ પેટમાં દાંત છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો વળી ચાવીને ખાવું એમ કહે. એમ કહે કે પેટમાં કાંઈ દાંત છે? માટે ચાવીને ખાવું. ચાવે કોણ? ધૂળ? એ તો જડ છે. દાંત આમ-આમ હલાવે એ જડની ક્રિયા છે,

આત્માની નહિ. આત્મા કરતો નથી દાંતને હલાવવાનું. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો હશે? ઓલા તો કહે, અમે આ કરીએ, તસ્સ મિચ્છામી દુક્કડમ જાઓ. ઇચ્છામી પડિક્કમણા ઇરિયા વિરિયા વિરાણા જાઓ. કાંતિભાઈ! ઇચ્છામી પડિક્કમણું કર્યું હતું કે નહિ? ક્યાં ગયા રતિભાઈ? ઇચ્છામી પડિક્કમણા ઇરિયા વિરિયા વિરાણા.. આવે છેને. ઇરિયા વવરોવિયા તસ્સમિચ્છામી દુક્કડમ. શું એનો અર્થ પણ ખબર ન મળે. ભાષા શું ખબર નહિ. તસ્સ ઉતરી કરણેણં .. તાવકાયં ઠાણેણં અપ્પાણં. જાવ થઈ ગયો કાયોત્સર્ગ. ધૂળેય નથી સાંભળને. આહા..હા..!

અહીંયાં તો કહે છે, '**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...**' નિમિત્તનું કથન છે એ. પરદ્રવ્યને આત્મા ભોગવી શકતો નથી. આચાર્ય પોતે એમ કહે છે કે '**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...**' તો આનો અર્થ એવો થયો પરદ્રવ્યને ભોગવ એમ? '**તેના નિમિત્તે...**' ભાષા દેખો! '**સુખરૂપ અથવા દુઃખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...**' શું કહે છે? આ શરીર, વાણી, મન, પૈસો, મકાન, ધૂળ, આ પૈસા-બૈસા એ ધૂળ છેને બધી? એના ઉપર લક્ષ જતાં એ વસ્તુને ભોગવે છે એમ કહેવામાં આવ્યું. અને તેના નિમિત્તે સુખ-દુઃખની કલ્પના થયા વિના રહે જ નહિ એને. જ્ઞાનીને પણ થાય એમ કહે છે. વીરચંદભાઈ! સુખ-દુઃખ થાય, પણ એ સમયની સુખ-દુઃખની પર્યાય ખરી જાય છે એમ કહેવું છે. ઓલામાં કર્મ ખરી જવાની વાત હતી. આમાં અશુદ્ધતા થઈ છે જરી પણ એ ખરી જાય છે. આહા..હા..! ભારે વાત! આ શું કહે છે? ઓલા તો કહે અપવાસ કરીએ તો નિર્જરા થાય. અપવાસ કરીએ તો તપ કહેવાય. તપ કરીએ તો નિર્જરા. ધૂળેય નથી સાંભળને. અપવાસ કરીએ તો બંધન થાય. રાગની ક્રિયા છે. ઉપવાસ તો આત્મા આનંદસ્વરૂપમાં ઉપ-સમીપમાં વસે તેને ઉપવાસ કહીએ. આ તો અપ-વાસ છે. રોટલા છોડ્યા, પાણી છોડ્યા, આ કર્યું. અપ નામ માઠો વાસ. રાગમાં વસેલો છે અને એ અપવાસ માને છે. આહા..હા..!

અહીં કહે છે કે જ્ઞાનીને પણ પરદ્રવ્ય ભોગવતા... થાય છે. આવી ગયો. એ આવશે વિશેષ લ્યો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૧૨, શનિવાર, તા. ૧૮-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૪-૧૯૫, કળશ-૧૩૪, પ્રવચન નં. ૨૬૫

સમયસાર, ગાથા-૧૯૪. ટીકા ફરીને. '**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં,...**' ભાષા અહીં આવી છે. જોકે પરદ્રવ્ય આત્મા ભોગવી શકતો નથી, પણ એવો રાગ સુખબુદ્ધિ કલ્પનાનો થાય ત્યારે પરદ્રવ્યની ચેષ્ટા થવાની હોય એ થાય એને ભોગવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. એકકોર એમ

કહેવું કે ધર્મી જીવ જેને આત્મા આનંદ, જ્ઞાનસ્વરૂપ છે એવા નિજઘરની જેને પીછાણ થઈ ગઈ એને રાગ આવે એને એ ભોગવતો નથી દૃષ્ટિની અપેક્ષાએ તો. સમજાણું કાંઈ? દૃષ્ટિ છે સમ્યક્ એનો વિષય પરમાત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે એવો જેને અંતરમાં સ્વ આત્માનો આશ્રય થયો એ તો આત્માના આનંદને ભોગવે છે. આવી વાત છે. દૃષ્ટિ નિર્વિકલ્પ છે અને એનો વિષય પણ નિર્વિકલ્પ ધ્રુવ ચૈતન્ય છે. એથી એની અપેક્ષાએ તો આત્મા રાગને કે સુખ-દુ:ખની કલ્પનાને ભોગવતો જ નથી એટલે કે એ કરતો નથી એટલે કે તેમાં એ રાગ-દ્વેષ થતાં જ નથી. અસ્થિરતાના પણ થતા નથી એમ કહેવું છે.

અહીંયાં તો એ સિદ્ધાંત લેવો છે કે જે '**પરદ્રવ્ય ભોગવવામાં આવતાં, તેના નિમિત્તે સુખરૂપ અથવા દુ:ખરૂપ જીવનો ભાવ નિયમથી જ ઉદય થાય છે...** ' પર્યાયમાં જરી સુખ-દુ:ખની કલ્પના, અશુદ્ધતા ઉત્પન્ન થાય. '**કારણ કે વેદન શાતા અને અશાતા---એ બે પ્રકારોને અતિક્રમતું નથી...**' શાતાનો ઉદય અને અશાતાનો ઉદય એને લઈને થતું નથી ખરેખર વેદન, પણ એ શાતા-અશાતાના ઉદયમાં, શાતાપણાની કલ્પના સુખરૂપ અને અશાતામાં દુ:ખરૂપ કલ્પના, એ જ્ઞાનીને પણ પર્યાયમાં એ થાય. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ બહુ ઝીણો, બાપુ! જન્મ-મરણરહિત થવાનો માર્ગ. આહા..હા..! એને વેદન બે પ્રકારનું છે—શાતા-અશાતા.

'**જ્યારે તે (સુખરૂપ અથવા દુ:ખરૂપ) ભાવ વેદાય છે...**' અહીં તો ભોગવે છે એમ કીધું છેને? નહિતર તો વેદાય છે એટલે જાણવામાં આવે છે એમ પણ થાય. સમજાણું કાંઈ? પણ અહીં તો ભોગવવામાં આવે છે. આહા..હા..! પર્યાયમાં જરી સુખ-દુ:ખની અશુદ્ધ પરિણતિ ક્ષણિક થાય છે. આહા..હા..! એથી '**ભાવ વેદાય છે ત્યારે મિથ્યાદૃષ્ટિને...**' આહા..હા..! જેની દૃષ્ટિ રાગ ઉપર અને વિકલ્પ ઉપરની મીઠાશમાં પડી છે. ઝીણી વાત છે, ભગવાન! શુભરાગ કે અશુભરાગની મીઠાશ છે જેને. મીઠાશ સમજો છો? શું કહે છે મીઠાશને? મીઠાશ. એમાં સુખબુદ્ધિ હોય છે સુખબુદ્ધિ. આહા..હા..! અજ્ઞાનીને એ રાગ અને દ્વેષ અથવા સુખ-દુ:ખની કલ્પના કાળે એની એને મીઠાશ છે. આહા..હા..! એમાં મને મઝા છે એમ માનીને મિથ્યાદૃષ્ટિ જીવ. આહા..હા..! '**રાગાદિભાવોના સદ્ભાવથી...**' એને આત્મભાવ નથી. આહા..હા..! એને તો રાગ ને દ્વેષના પરિણામની હયાતી હોવાથી '**સદ્ભાવથી બંધનું નિમિત્ત થઈને...** ' આહા..હા..! '**રાગાદિભોવાનો સદ્ભાવથી બંધનું નિમિત્ત થઈને...**' નવા કર્મનું નિમિત્ત થાય છે એ. કોણ નિમિત્ત થાય છે? સુખ-દુ:ખની કલ્પનામાં મીઠાશ વેદાતા રાગ-દ્વેષ જે થાય છે એ નવા બંધમાં નિમિત્ત થાય છે. આવું વળી..

'**(તે ભાવ) નિર્જરા છતાં (ખરેખર) નહિ નિર્જર્યો થકો, બંધ જ થાય છે;...**' આહા..હા..! કર્મનો ઉદય છે એ તો સત્તામાંથી ઉદય આવ્યો એ તો ખરી જ જાય છે. અજ્ઞાનીને એ ખરી જાય છે. આહા..હા..! પણ તેમાં એને મીઠાશ, રાગદ્વેષનો સ્વાદ અને સુખબુદ્ધિ હોવાથી એ મિથ્યાત્વના પરિણામ નવા બંધનું કારણ થાય છે. આહા..હા..! અરે..! આવી વ્યાખ્યા હવે. સમજાણું કાંઈ? ત્યાં સુધી તો આવ્યું હતું કાલે. શું કહે છે? કે જે કાંઈ કર્મનો ઉદય આવે, શાતા-અશાતાનો ઉદય અને એ સમય જરી સુખ-દુ:ખની અવસ્થા પણ થાય, એ અવસ્થામાં વેદાય પણ ખરું, પણ વેદતા

કાળે અજ્ઞાનીને તેમાં મીઠાશ-સુખબુદ્ધિ છે, એ સુખ-દુઃખની કલ્પનામાં ઉપાદેયબુદ્ધિ છે. સમજાણું કાંઈ? એથી નવા દર્શનમોહ આદિ કર્મનું તેમાં એ પરિણામ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ? અરેરે..! એણે કોઈ દિ' તપાસ કરી નથી. આહા..હા..! ચારેય અનુયોગનું કહે છેને ભાઈ! ચાર અનુયોગ. પણ ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે. અને ભાઈએ એમ કહ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં પાંચમા અધ્યાયમાં કે ચારેય અનુયોગનું ફળ તો વીતરાગતા છે. જૈનદર્શન ચારેય અનુયોગમાં વીતરાગતાની વાત કરે છે એમ કહે છે, વીતરાગતાનું પોષણ થાય એ વાત કરે છે. ચરણાનુયોગમાં ભલે રાગની વાત આવે પણ રાગના પોષણની નથી, રાગના અભાવની વાત ત્યાં છે.

અહીંયાં અજ્ઞાનીને જે વખતે સુખ-દુઃખની કલ્પના થાય એમાં તેને સુખબુદ્ધિ-મીઠાશ હોવાથી મિથ્યાત્વના પરિણામ થતાં અને મિથ્યાત્વની સાથે તીવ્ર રાગ-દ્વેષ અનંતાનુબંધીનો થતાં નવા દર્શનમોહ આદિ કર્મનું એ નિમિત્ત થાય છે. આહા..હા..! એ ઉદય આવ્યો એ ખરી ગયો છતાં આને બંધનું નિમિત્ત, નવા બંધનું નિમિત્ત થાય છે. અરે..! આવું ક્યાં સમજવું? આ સંસારની કેળવણી જ્ઞાન ભણવા માટે કેટલાય વર્ષ ગાળે પાપના. આ સમજવા માટે વખત ગાળવો (એમ કહે) તો કહે, કેટલા વખતમાં અમને આ સમજાય જાય?

**શ્રોતા :-** કહેવું પડેને. ઓલા એમ કહે કે આટલા વર્ષમાં ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**અરે..! અંતર્મુહૂર્તમાં સમજાય જાય. આહા..હા..! ઓલામાં તો એલ.એલ.બી. ને એમ.એ.ના પૂંછડા વળગાડવામાં કેટલા વર્ષ જોવે પાપમાં?

**શ્રોતા :-** કેવળજ્ઞાન થવામાં પણ અંતર્મુહૂર્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, અંતર્મુહૂર્ત જ છે એને. આહા..હા..!

અહીં કહે છે કે એ અંતર્મુહૂર્તમાં સુખ-દુઃખની કલ્પના થઈ, શાતા-અશાતાનું વેદન થયા વિના રહે નહિ, પણ અજ્ઞાનીની તેના ઉપર દૃષ્ટિ મીઠાશની હોવાથી મિથ્યાત્વના પરિણામ ઉત્પન્ન કરતો નવા દર્શનમોહના કર્મના રજકણના બંધનમાં એ પરિણામ નિમિત્ત થાય છે. સમજાણું કાંઈ?

'**પરંતુ સમ્યગ્દૃષ્ટિને,...**' આહા..હા..! ધર્મી જીવને તો આત્મા આનંદસ્વરૂપ છે એમાં ધર્મીને સુખબુદ્ધિ છે. (ભરત) ચક્રવર્તી, છન્નું હજારી સ્ત્રી. ભરતેશવૈભવમાં એવું આવે છે. ભરતેશ વૈભવ છેને પુસ્તક, નહિ? કે રાગ આવ્યો જરી અને ભોગમાં આવી ગયા, પણ ત્યાંથી ઉતરીને તરત ધ્યાનમાં બેસતા આનંદનો અનુભવ કરે છે. એ વખતે પણ એમાં સુખબુદ્ધિ નહોતી, પણ રાગ હતો તો ચેષ્ટા થઈ ગઈ ક્રિયા. આહા..હા..! ભરતેશમાં એમ આવે છે કે તરત જ એ જ્યાં.. કારણ કે રાગમાં મીઠાશબુદ્ધિ તો હતી નહિ, એ તો અસ્થિરતાનો ભાગ હતો. આહા..હા..! નીચે ઉતર્યો ને જ્યાં અંદરમાં ગયો તો અંદર આનંદનો અનુભવ કરે છે. આહા..હા..!

ભાઈ! મારગડા જુદાં તારા! ભાઈ! તું અમૃતના સાગરથી ભરેલો દરિયો છો, અતીન્દ્રિય આનંદથી ભરેલો ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ. આહા..હા..! એની જેને મીઠાશ અને અનુભૂતિ થઈ, આહા..હા..! એને શાતા-અશાતાના ઉદયકાળે જરી અસ્થિરતાનું પરિણમન થાય સમય પૂરતું, પણ તે

કાળે એ જાણનારો છે અને સમયનું વેદન છે એ એમાં છે. જાણનારો પણ તે કાળે છે, એને જાણે છે હોં એ. જે જાતનું વેદન છે તેને તે વેદનને કારણે પોતે સ્વપરપ્રકાશકના ભાનવાળો હોવાથી તે પરને પોતે પ્રકાશે-જાણે છે, પણ એ ઉપરાંત થોડું વેદન છે સમયનું. આહા..હા..! એને સુખબુદ્ધિ નહિ હોવાથી તે નિર્જરી જાય છે. આહા..હા..! આવો માર્ગ હવે આમાં કરે ક્યાં એને રખડતો ચોર્યાસીના અવતારમાં. આવું સાંભળવું મળવું મુશ્કેલ પડે. આહા..હા..!

કહે છે કે સમ્યગ્દષ્ટિને તો પોતાના સ્વભાવમાં આનંદ છે એનો એને અનુભવ છે. એ આનંદના અનુભવમાં જરી આ દુઃખનો અનુભવ—સુખ-દુઃખની કલ્પના એ છે તો દુઃખ બેય, એ વેદન એક સમયનું આવ્યું પણ તેમાં સ્વામીપણું નથી, તેમાં મીઠાશ નથી, તેમાં દષ્ટિ નથી. એથી તે સુખ-દુઃખની પરિણતિ અશુદ્ધ એક સમયની ખરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે ભાઈ!

'**રાગાદિભાવોના અભાવથી...**' આહા..હા..! ભોગવે અને કહે છે કે રાગ નથી. એમાં પ્રેમ નથી, એની રુચિ નથી. આહા..હા..! ઓલા દેશનું નહોતું થયું? નોઆખલી, નોઆખલી. ગાંધીજી ગયા હતા. મુસલમાન એવું .. કરેલું કે બહેન અને ભાઈ, એ ૨૦ વર્ષનો જુવાન ભાઈ અને ૨૨ વર્ષની બહેન-દીકરી બાઈ. નાગા કરી, જમીન ફાટે તો સમાઈ જવું. અરર..! શું થાય છે? જનેતા માતા ૪૦ વર્ષની, દીકરો ૨૦ વર્ષનો એને નાગા કરી અને ભેગા કરે મુસલમાનો. બહુ કાળાકેર થઈ ગયા હતા. ગાંધીજી ગયા હતા પછી. સાંભળ્યું હતુંને ભાઈ? ગાંધીજી નોઆખલી ગયા હતા. લૌકિકમાં તો ગાંધીજીની લાઈન.. અરેરે..! આ શું થાય છે? એને ઊભા-ઊભા નાગા કપડા કાઢી નાખે બેયના. અરર..! મા અને દીકરો. પ્રભુ! આ શું થાય છે? આંખમાંથી આંસુની ધારા ચાલે છે, એમ સમ્યગ્દષ્ટિને રાગાદિનું વેદન જરી આવે પણ દુઃખ થાય છે.

**શ્રોતા :–** એ દષ્ટાંત લાગુ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ દષ્ટાંત લાગુ પડે છે. આહા..હા..! ક્યાં જનેતા, જે માતાના કૂંખમાં નવ મહિના રહ્યો. અરેરે..! આ શું કરે છે? કોઈ પૂછનાર ન મળે, જાણનાર. નાગા કપડા કાઢી નાખે. નાગા ઊભા કરે બેને આમ કરે. અરે..! પ્રભુ! એમ અહીંયાં જ્ઞાનીને રાગ આવે છે તેનો ત્રાસ, દુઃખ થાય છે. સમજાણું કાંઈ? એમાં સુખબુદ્ધિ નહિ હોવાથી, પ્રેમબુદ્ધિ નહિ હોવાથી રાગબુદ્ધિમાં .. છે. તેથી તે પરિણામની શુદ્ધતા સ્વભાવ ઉપરના જોરને લઈને આનંદનો નાથ ભગવાન આત્મા એના પ્રેમમાં ફસ્યો એ રાગનું વેદન નિર્જરી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ કઈ જાતનો? કેટલાક કહે સોનગઢવાળાએ નવો ધર્મ કાઢ્યો. આ કોનો છે આ? આ તો કુંદકુંદાચાર્ય છે એના ટીકા (કરનાર) અમૃતચંદ્રાચાર્ય છે. દિગંબર સંતો છે. અમૃતચંદ્રાચાર્યનું કથન છે આ.

**શ્રોતા :–** ઉપર-ઉપર લખવાથી શું થયું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપર-ઉપર શું? આ લખ્યું અંદર જુઓ, સંસ્કૃતમાં લખ્યું છે. ઉપર એ લખ્યું છે. ભાવ નિર્જરાનું સ્વરૂપ કહે છે એમ.

**શ્રોતા :–** એના ઉપર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એના ઉપર શું? એ તો પહેલામાં લખ્યું. રાગાદિના સદ્ભાવથી મિથ્યાદષ્ટિને તે પંચેન્દ્રિયનો ભોગ બંધનું નિમિત્ત છે એનો ખુલાસો કર્યો. આહા..હા..!

**શ્રોતા :–** સોનગઢથી છપાયું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–**એ જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો છે.

**શ્રોતા :–** આમાં એમ એ કહે છે કે ભગવાન કુંદકુંદ-કહાન જૈન શાસ્ત્રમાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ નામ લખ્યું એ પુસ્તક ઉપર. પુસ્તકનું નામ. આહા..હા..! અરે..! શું થાય ભાઈ! વીતરાગમાર્ગ, બાપુ! રાગથી ધર્મ થાય અને વ્યવહાર કરતાં થાય એ વીતરાગમાર્ગ નહિ, ભાઈ! આહા..હા..! વીતરાગી સ્વરૂપ ભગવાન આત્મા એટલે કે વિકારરહિત અકષાયસ્વરૂપ પ્રભુ આત્માનું છે. એને તો પોતાના સ્વભાવને આશ્રયે જે દશા થાય એ ધર્મ છે. .. પરના આશ્રયે થાય છે એ તો.. પાપરાગ હોય તો તીવ્ર પાપ છે એ. પુણ્યરાગ હોય મંદ છે, પણ છે તો રાગ. એ રાગથી આત્માના અંતરમાં જવાય ને લાભ થાય (એમ નથી). ભગવાન! માર્ગ આકરો છે, બાપા! એ .. ઊઠી છેને, વ્યવહારથી નિશ્ચય કહેતા નથી. આહા..હા..! નિમિત્તથી લાભ થાય.. નિમિત્ત પ્રત્યક્ષ દેખાય છે કે અગ્નિ આવે અને પાણી ઊનું થાય. આહા..હા..! તને ખબર નથી, બાપુ! ભગવાન! આ તો માર્ગ વીતરાગનો, પ્રભુ! અને વીતરાગનો માર્ગ એટલે કે આત્મા વીતરાગી સ્વરૂપ છે, તેની પરિણતિનો માર્ગ છે. આહા..હા..!

એ પાંચમા અધ્યાયમાં નાખ્યું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં. એમ કે ચાહે ગમે તે કથની હોય પણ વીતરાગતાનું પોષણ છે જૈનધર્મમાં, રાગનું પોષણ ક્યાંય નથી; અને જૈન સિવાય જેટલા માર્ગો છે એ બધામાં રાગ ને વિકાર ને વિષયકષાયનું પોષણ છે, એમ કહે છે. પંચાસ્તિકાયમાં સાર એમ લીધો, બધા શાસ્ત્ર જેટલા કહ્યાં ચારેય અનુયોગ. એ અનુયોગ ચાર છે હોં અંદર પાઠમાં. આહા..હા..! ચરણાનુયોગમાં એ લાભ છે વીતરાગતાનું પ્રયોજન છે. આહા..હા..!

એક તત્ત્વ તો એવું મૂક્યું છે. બીજા લોકો તત્ત્વ ભિન્ન-ભિન્ન કરે છેને. કહે છે, કોઈ ચોવીસ તત્ત્વ ને કોઈ આ તત્ત્વને. તો અહીં એક ન્યાય એવો આપ્યો કે તત્ત્વ તો એને કહીએ, ભલે પર્યાય હોય, પણ જેમાં વિકારનો નાશ થાય એ તત્ત્વને તત્ત્વ કહીએ. તો વિકાર છે, એનું એ તત્ત્વ છે આસ્રવતત્ત્વ અને એનો નાશ થાય એવું સંવરતત્ત્વ છે. બેય તત્ત્વ છે. એ બેયને તત્ત્વ કહેવાય એ બરાબર છે. સમજાણું કાંઈ? રાગ છે તેમ જણાવીને પ્રયોજન રાગનો નાશ કરાવવો છે, પણ રાગ છે એ તત્ત્વ છે અને નાશ કરવો એવું સંવર પણ એક તત્ત્વ છે. ભલે પર્યાય છે પણ એ તત્ત્વ છે. સમજાણું કાંઈ? પણ મફતની વાતું કરે કે આવું તત્ત્વ છે, ફલાણું છેને ઢીંકણું છે એવી વાતું ઘણી કરી છેને પાંચમાં અધ્યાયમાં. જેમાં પ્રયોજન શું છે એ તો સિદ્ધ થતું નથી. રાગાદિના નાશનું પ્રયોજન સિદ્ધ કરવું છે તો રાગાદિ તત્ત્વને રાગતત્ત્વ કહેવાય. આહા..હા..! કારણ કે એનું અસ્તિત્વ છે એમ બતાવવું છે તો રાગનું તત્ત્વ કહેવાય એને. એનું બતાવવું છે પ્રયોજન એ કે રાગનો અભાવ કરવો. પ્રયોજન તો એ છે કે પ્રયોજનમાં બે તત્ત્વ સિદ્ધ થાય છે. સમજાણું કાંઈ? પણ આ વિનાના કલ્પિત તત્ત્વ માંડે આમ છેને તેમ છેને ઢીંકણું ને ફીંકણું બધા મૂક્યા છેને વૈશેષિક ને એ બધા. આ સિદ્ધાંત ભારે કીધો આણે. આહા..હા..! ભલે પુણ્યનું તત્ત્વ

હોય આસ્રવ, પુણ્ય-પાપ ક્ષણિક તત્ત્વ હોય, ક્ષણિક પણ એ છે તત્ત્વ. કેમકે મલિનતા સિદ્ધ કરવાથી, નિર્મળતાથી નાશ થાય છે એ બેય તત્ત્વ સિદ્ધ કરવા જોઈએ. ભલે કાયમી તત્ત્વ નથી ભલે એ. સમજાણું કાંઈ? કાયમી તત્ત્વ તો જીવ અને અજીવ બે, પણ આ તત્ત્વો છે એ પણ પ્રયોજનને સિદ્ધ કરે છે. એમ ને એમ તત્ત્વ માની લેવા જાય એમ ન હોઈ શકે. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગપ્રકાશકમાં તો કેટલું નિવૃત્તિનું. છ મહિના સુધી તો કહે છે, એની મા શાકમાં મીઠું નહોતા નાખતા. ખબર નહિ. મીઠું નાખે છે એની ખબર નહિ. આહા..હા..! એટલી ધૂન ચડીને મોક્ષમાર્ગપ્રકાશક બનાવ્યું છે. આહા..હા..! છ મહિને જ્યારે લખાણ બંધ થયું ત્યારે ખાવા બેઠા ત્યાં (કહે છે), બા! આ મીઠા વિનાનું શાક કેમ? દીકરા! છ મહિનાથી હું નાખતી નથી મીઠું. તારી ધૂનમાં તને ખબર ન રહી. હવે તારો ખ્યાલ ત્યાંથી ખસી ગયો છે, હવે ખ્યાલ અહીં આવ્યો કે આ શાક તો મીઠા વિનાનું. આહા..હા..! એની ધૂન કેવી હશે લખવામાં! એના લખાણ જુઓ તો ઓહો..હો..! એક એક અક્ષર .. આહા..હા..! ગમે તે હોય, સમ્યગ્દૃષ્ટિ હોય, ગૃહસ્થ હોય કે સાધુ હોય. સમ્યગ્દૃષ્ટિના તત્ત્વોનું કથન સત્ય હોય છે. આહા..હા..! કેટલા પ્રશ્નો ઉઠાવ્યા છે! કેટલું વાંચન છે! અન્યમતિના પુસ્તકો એટલા નાખ્યા છે. એમાં આમ કહ્યું છે, એમાં આમ કહ્યું છે એમ કરીને. આહા..હા..! ઓલા કહે, નહિ, આચાર્યોનું કથન જોઈએ, મુનિનું નહિ. રતનચંદજી. મુનિ છેને આ તો, પદ્મપ્રભમલધારીદેવ મુનિ છે અને નિયમસારની ટીકા એની છે. એ કહે કે નહિ. વિદ્વાનોનું કહેલું નહિ. અરે..! ભગવાન! બાપુ! તારે શું કરવું છે, ભાઈ? અહીં કહે છે... આ આચાર્યે કહ્યું એ જ ત્યાં કહે છે સાતમા અધ્યયનમાં. જરી શુભરાગ આવે, હોય છે, પ્રવૃત્તિ હોય છે, પણ તેની શ્રદ્ધામાં હેય માનજે. આદરણીય માનીશ તો મિથ્યાદૃષ્ટિ થઈશ. આને રાગાદિ થાય છે, પણ એને આદરણીય નથી (માનતો), તેમ તેમાં સુખબુદ્ધિ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

**'પરંતુ સમ્યગ્દૃષ્ટિને, રાગાદિભાવોના અભાવથી...'** આહા..હા..! બસ, રાગ છે જ નહિ સમ્યગ્દૃષ્ટિને? એ પ્રકારનું મિથ્યાત્વ અને અનંતાનુબંધીના રાગદ્વેષના અભાવને લઈને. આહા..હા..! **'બંધનું નિમિત્ત થયા વિના...'** એ બંધનું નિમિત્ત થયા વિના **'કેવળ જ નિર્જરતો હોવાથી...'** 'કેવળ જ...' એમ શબ્દ છે. છે? **'केवलमेव'** એમ શબ્દ છે જુઓ સંસ્કૃતમાં. **'केवलमेव'** છેલ્લી લીટી. **'केवलमेव'** એકલી નિર્જરા, જરીએ બંધ નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ બાપુ કોને કહીએ?

પરમાનંદ સવારે નહોતું આવ્યું? સુખરૂપ-સુખરૂપ રસ ભગવાન આત્માનો, એનું વેદન જે સુખરૂપ. આહા..હા..! એનું નામ ધર્મ અને એનું નામ જન્મ-મરણથી ઉદ્ધારે એ રસ્તો. આહા..હા..! ધારતિ ઈતિ ધર્મ. સંસારમાંથી રખડતા બંધ કરે એ ધર્મ. આહા..હા..! એવી ત્યાં દૃષ્ટિ અને અનુભવ થયો એને કહે કે **'રાગાદિભાવોના અભાવથી નવા બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી...'** આહા..હા..! એ કર્મનો ઉદય ખરી જાય છે. **'(ખરેખર) નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.'** ખરેખર ખરતો થકો નિર્જરા જ થાય છે. આહા..હા..! અહીં તો ભોગનો ભાવ આવે છે છતાં નિર્જરી જાય છે એમ કહે છે. ભોગનું જરી વેદન એક સમયની પર્યાયનું આવે, આહા..હા..! પણ તેનું

સ્વામીપણું નથી, તેમાં મીઠાશ નથી, તેમાં સુખબુદ્ધિ નથી, તેનો આશ્રય કરવો એ બુદ્ધિ નથી. આહા..હા..! એથી કર્મનો ઉદય આવેલો બંધ કર્યા વિના ખરી જાય છે. સમજાય છે કાંઈ? આવી વાતું. ઓલી (વાત) હોય કે ભાઈ! દયા પાળવી કે વ્રત કરવા, અપવાસ કરવા, જાત્રા કરવી આવું સહેલું સમજાઈ જાય. હવે આવી વાતું, બાપુ! ભાઈ! મારગડા તારા જુદાં નાથ!

કહે છે, જેને વીતરાગી તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું એવો જે ધર્મી એની પરિણતિમાં વીતરાગતા આવી આહા..હા..! પર્યાયમાં. એવો જે ધર્મી એને પૂર્વના ઉદયને લઈને જરી પર્યાયમાં સુખ-દુઃખની અશુદ્ધતા વેદાય છતાં એનો સ્વામી નથી અને તેના પ્રત્યે રાગ-દ્વેષ નથી. આ ઠીક છે અને પ્રતિકૂળતા અઠીક છે એવો રાગ-દ્વેષ છે નહિ. આહા..હા..! એથી એ કર્મ ખરી જાય છે. જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એમ કીધું અહીં. આહા..હા..! ત્યાં ટીકા કરે કે લ્યો, ભોગ નિર્જરાનો હેતુ? ભાઈ! ભોગ તો રાગ જ છે, એ તો બંધનું જ કારણ છે. એમાં દૃષ્ટિના જોરને લઈને .. આનંદની પૂંજી-મૂડી જ્યાં પત્તો ખાધો આત્માનો... આહા..હા..! અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન એવો ભગવાન આત્મા એનું નિધાન જ્યાં હાથમાં આવ્યું જ્ઞાનમાં... આહા..હા..! એને હવે બીજા રાગાદિનું વેદન એને સ્વામીપણું છે નહિ. સમજાણું કાંઈ?

દાખલો નહોતો આપ્યો એક ફેરી જામનગરનો? જામનગરનો દાખલો આપ્યો હતો. છે કોઈ જામનગરવાળા ભાઈ? પુનાતર હતા નહિ? ... ઘણા વર્ષની વાત છે. અપાસરો છેને એની પાછળ વસા. એને એકનો એક દીકરો એ મરી ગયો. અને હંમેશા ચુરમુ ખાય. શેઠ! ચુરમુ-ચુરમુ. રોટલી-રોટલા નહિ. ચુરમુ જ ખાય. અપાસરાની પાછળ રહે છે. આ તો ઘણા વર્ષની વાત છે. .. તમારે છેને એ. કાંતિભાઈની દીકરી .. વેરલા છેને? એ આવ્યા હતા, વસા. પછી છોકરાને બાળી આવ્યા. ભાઈ! તમે રોટલા .. સગાવ્હાલા ભેગા થયા. ભાઈ! તમે રોટલા-રોટલી નહિ ખાઈ શકો. ખાશો તો પાછળ આના જેવું થાશે, મરશો. નહિ તમને રોટલા-રોટલી પચે. ચુરમાનો ખોરાક એકલું ચુરમુ. કાયમ ચુરમુ જ ખાય. શેઠને એવું હોય નહિ તમારે. કાયમ ચુરમુ. જોયું છે તમે? આહા..હા..! કાયમ ચુરમુ. આહા..હા..!

એ ભાઈ આવ્યા. સગાવ્હાલા ભેગા થયા. બાપુ! તમારે તો રોટલો અને ચુરમુ બેય એકસરખા છે. રોટલો ખાશો તો બાપા મરી જશો તમે. એ ચુરમુ બનાવ્યું. જુવાન છોકરો બાળીને આવે છે સ્મશાનમાં અને સગાવ્હાલા ભેગા થઈને ચુરમુ બનાવ્યું. ચુરમુ થાળીમાં નાખ્યું. આંખમાંથી આંસુની ધારા. કહો, છે મીઠાશ એમાં? આહા..હા..! અરેરે..! ૨૦ વર્ષનો જુવાન કે કાંઈ એક-બે વર્ષનો ફેર હશે. અરે..! એના વિના ચલવ્યું, આ ચુરમા વિના નહિ ચાલે? મરી જશો, બાપુ! તમારે ખોરાક નથી. એ ખાય ત્યાં આંખમાંથી આંસુ. એમ જ્ઞાનીને રાગના વેદનમાં અરુચિપણું છે, રુચિ નથી બિલકુલ અંદર. સમજાણું કાંઈ? પણ એવું વેદન કમજોરીને લઈને વેદનને કાળે એ રાગાદિ વેદાય છે. આહા..હા..! પણ આનંદના સ્વાદની આગળ એ રાગના વેદનનો સ્વાદ એને ઠીક લાગતો નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એથી સમકિતીને... આહા..હા..! '**રાગાદિભાવોના બંધનું નિમિત્ત થયા વિના કેવળ જ નિર્જરતો હોવાથી** (ખરેખર) **નિર્જર્યો થકો, નિર્જરા જ થાય છે.** ' આહા..હા..! હવે આમાં

ટીકા કરવી હોય તો કહે, ભોગ નિર્જરાનો હેતુ (કહીને) તમે ભોગ સ્થાપો છો એમ કહે. ભાઈ! એમ નથી, બાપુ! શું કહે છે? વેદન તો છે, છતાં બંધ નથી? પણ બાપુ, એક સમયનું વેદન છે એ ખરી જાય છે. પહેલી ગાથામાં કર્મ ખરી જાય છે એની વાત હતી, આમાં અશુદ્ધતા ખરી જાય એની વાત છે, ભાવકર્મ. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ હવે માણસને. મોટા લાખો માણસ ભેગા થાય, દયા પાળવી, આમ કરવું, ભૂખ્યાને અનાજ દેવું, તરસ્યાને પાણી દેવું, રોગીને ઔષધ દેવા, મકાન નથી એને ઓટલા કે કાંઈક ક્ષેત્ર દેવું. એમાં તો સમજાય પણ ખરું. શું ધૂળ સમજવી હતી? કોણ આપી શકે? આહા..હા..! એક રજકણ પણ કોણ ફેરવી શકે અને કોણ દઈ શકે? આહા..હા..! પૈસાના રજકણો પણ જ્યાં જવાના હોય (ત્યાં) એને કારણે જાય. અજ્ઞાની માને કે મેં આ પૈસા આપ્યા. એ તો જડ છે, અજીવ છે. અજીવનો સ્વામી છો તું ધણી? દાન કરનાર પણ એ અજીવને પોતાનું માનીને આપે તો મિથ્યાત્વ સેવે છે એમ કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા જ જડના છે, એના ક્યાં બાપના હતા! એ તો અજીવ છે, માટી, પુદ્ગલ છે. આહા..હા..!

અહીંયાં કહે છે, જેમ એ અજીવનો સ્વામી નથી, એમ જ્ઞાની રાગનો સ્વામી થતો નથી. આહા..હા..! જ્ઞાનીને પૈસા.. રાજ હોય તો લાખો-કરોડો આપે, પણ 'હું આપું છું' એવી એની બુદ્ધિ નથી. એ તો જડ એને કારણે જાય અને એને કારણે આવે. ઓહો..હો..! સમજાણું કાંઈ? અહંબુદ્ધિ ઊડી ગઈ છે. જેમ પરમાંથી અહંબુદ્ધિ ઊડી ગઈ છે, એમ વેદનના કાળમાં વેદનની બુદ્ધિ ઊડી ગઈ છે અંદરથી. આહા..હા..! આવી વાતું ભારે ભાઈ!

સવારે આવ્યું નહોતું? મિથ્યાત્વ તે પરિગ્રહ છે. આહા..હા..! અહીં તો દયા, દાન, વ્રતનો ભાવ હોય, પણ એ રાગ છે અને રાગ મારો છે અને મને લાભદાયક છે (એમ માને તો) એ મિથ્યાત્વ છે. આહા..હા..! એ મિથ્યાત્વનો પરિગ્રહ છે. સમકિતનો પરિગ્રહ એ આવ્યું હતું. વીતરાગ આનંદસ્વરૂપ એવો આત્મા એનો શુદ્ધ પરિણતિનો પરિગ્રહ જ્ઞાનીને છે. આહા..હા..! વાત જ કોઈ જુદી જાતની છે. આત્મા અંદર આનંદ પ્રભુ એની આનંદની પરિણતિ તેનો એને પરિગ્રહ છે. જ્ઞાનીને એ પરિગ્રહ છે. રાગ પણ નહિ, પુણ્ય પણ નહિ, પૈસા અને ધૂળેય નહિ. આહા..હા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી રહ્યો છતાં ઉદાસ-ઉદાસ (છે). એ આવશે. જ્ઞાન અને વૈરાગ્ય બે શક્તિને ધર્મીને એક સાથે હોય છે. આહા..હા..! બીજી જાત માર્ગ બહુ (કઠણ), બાપુ! દઈ શકે, પૈસા પોતે દઈ શકે છે. એ તને ભ્રમ .. એ ક્રિયા તો જડની છે જડની. એ શરીર આ દેવા જાય એ શરીરની ક્રિયા પણ તારી નથી.

**શ્રોતા :-** હાથ તો ઊંચો-નીચો થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઊંચો એને કારણે થાય છે. આત્માથી થાય છે? આહા..હા..! એ આમ આમ થવાની ક્રિયાનો એનો કાળ છે તો એને કારણે થાય છે. આત્માની ઇચ્છા છે માટે થાય છે? ત્રણકાળમાં નહિ.

**શ્રોતા :-** આત્માના પ્રદેશ ચાલે છે ત્યારે થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રદેશ ચાલે છે આત્મામાં. એના પ્રદેશ ચાલે એને કારણે. એ લીધું છે મોક્ષમાર્ગપ્રકાશકમાં, કોઈવાર ઈચ્છા વિના પણ આત્માના પ્રદેશ જડનું જોર હોય તો ચાલે છે. એનો અર્થ કે છે તો પોતાથી, પણ ઓલું નિમિત્તથી થયું તો એનાથી ચાલે છે એમ કહ્યું; અને કોઈવાર શરીર પણ પોતાની ઈચ્છા વિના ચાલે છે અને શરીરની ક્રિયા પોતાની ઈચ્છા વિના થાય છે. સમજાણું કાંઈ? શરીર આમ પડે ત્યારે પ્રદેશ પણ આમ ખસી જાય છેને. છે તો પોતાની લાયકાતથી ખસ્યા છે. આહા..હા..! એવી વાત છે. બે તદ્દન-તદ્દન તત્ત્વ ભિન્ન છે. આ અજીવતત્ત્વ છે, ભગવાન જીવતત્ત્વ છે. આહા..હા..! એક તત્ત્વમાં બીજા તત્ત્વનો અભાવ છે તે બીજા તત્ત્વને ભાવપણે શું કરે? અરેરે..!

અહીં તો ભોગવે છે ત્યાં સુધી કીધું અને ત્રીજી ગાથામાં એમ કહ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને ચુંબતું નથી, અડતું નથી. આહા..હા..! કઈ અપેક્ષાએ? વસ્તુની સ્થિતિ ત્યાં વર્ણવી છે અને અહીંયાં તો ફક્ત ઈચ્છા વૃદ્ધિ થઈ છે જરી અને શરીરની ક્રિયા થાય છે એ ભોગવે છે એમ આરોપ કરીને કહેવામાં આવ્યું છે. ખરી રીતે તો રાગના વેદનને ભોગવે છે, પરદ્રવ્યને નહિ, પણ એ રાગ છે એ નિશ્ચયથી પરદ્રવ્ય છે. આહા..હા..! આવા બધા પડખાં સમજવા. અરેરે..! જીવનકાળ ચાલ્યા જાય છે, ભાઈ! અને ચોર્યાસીના અવતારમાં ભવસિંધુમાં ગોથા ખાતા ક્યાંય હાથ નહિ આવે આ.

ઓલો નથી હમણાં લેખ આવ્યો? ઓલા છોકરાનો. એક ચમાર હતો. સાડા ત્રણ વર્ષનો છોકરો છે. આવ્યું હતું છાપામાં. એને જાતિસ્મરણ થયું છે. ચોથે ભવે ચમારનો દીકરો હતો. એના છોકરા ૪૦-૪૦, ૪૫ વર્ષના છે અત્યારે. એને ઓળખાવ્યા કહ્યા કે આ છોકરા મારા છે. ચોથે ભવે હતો. ત્યાંથી મરીને હું સર્પ થયો એમ કહે છે. ચંડાળ મરીને ખાતો હતો માંસ. હું પણ ખાતો હતો અને મારી સ્ત્રી પણ ખાતી હતી. છોકરો આ છે એ નહોતો ખાતો, એમ કહ્યું. એ છોકરો આવ્યો, બોલાવ્યા ત્યાં. હા, વાત સાચી બધી. આહા..હા..! એ સર્પ થયો એમાં કોકની લક્ષ્મી હતી એના ઉપર રક્ષક થયો. સર્પ આ ભંડાર-ભંડાર હોયને. આહા..હા..! મને મારી નાખ્યો સર્પને કોઈએ અને હું અહીંયાં હવે ક્યું શેમાં આવ્યો? તેલી ઘાંચી. પછી ઘાંચીને ઘરે ગયો સર્પ મરીને. પંદર વર્ષનો છોકરો હું ત્યાં થયો, મંદવાડ આવીને મરી ગયો. પંદર વર્ષે. ત્યાંથી આવીને હું આ આવ્યો છું. ત્રણ ભવની પૂર્વની વાત કરે છે. આહા..હા..! ભગવાન! ભગવાન! અહીંની જાતિસ્મરણની વાત આવે ત્યારે કહે, પોતાની મહિમા માટે એ જાતિસ્મરણનું .. ઉપાડ્યું છે. અરે..! પ્રભુ! પ્રભુ! એમ કહે છે. એ કહ્યું છેને કૈલાસચંદજીએ કે તમે તો પહેલું આમ કહેતા. વળી પાછું ફરી ગયા તમે? અરેરે..! ભાઈ! માર્ગ આવો છે, બાપુ! આહા..હા..!

'**ભાવાર્થ :- પરદ્રવ્ય ભોગવતાં, કર્મના ઉદયના નિમિત્તે જીવને સુખરૂપ અથવા દુઃખરૂપ...**' અવસ્થા થાય. એ ઉપાદાન પોતાની પર્યાય. નિમિત્તથી કહ્યુંને? એટલે નિમિત્ત છે ફક્ત અને પોતાની પર્યાયમાં તે કાળે જરી સુખ-દુઃખનું વેદન થાય. નિયમથી ઉત્પન્ન થાય એમ કહે છે. આહા..હા..! '**મિથ્યાદષ્ટિને રાગાદિકને લીધે...**' એટલે તેમાં રાગનો પ્રેમ હોવાથી, વેદનની રુચિ હોવાથી '**ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે...**' એ રાગાદિકને લીધે તે ભાવ. ક્યો ભાવ?

વેદનમાં જે આવ્યો એ સુખ-દુઃખની કલ્પના. એ '**ભાવ આગામી બંધ કરીને નિર્જરે છે, તેથી તેને નિર્જર્યો કહી શકાતો નથી; માટે મિથ્યાદષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં બંધ જ થાય છે.**' આહા..હા..! મૂળ તો પરદ્રવ્ય એટલે રાગને ભોગવવું તે, વેદન.

'**સમ્યગ્દષ્ટિને રાગાદિ નહિ હોવાથી આગામી બંધ કર્યા વિના તે ભાવ નિર્જરી જાય છે...**' આહા..હા..! ધર્મી જીવની દૃષ્ટિ તો આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉપર છે, એથી એને જરી કર્મના નિમિત્તના સંબંધે ઉપાદાનમાં સુખ-દુઃખનું વેદન સમયપૂરતું થાય છે, આહા..હા..! પણ તે ભાવ નિર્જરી જાય છે. આહા..હા..! '**તેથી તેને નિર્જર્યો કહી શકાય છે;...**' આહા..હા..! શું કીધું ઈ? મિથ્યાદષ્ટિને કર્મનો ઉદય છે એથી અહીં વેદનમાં રહીને સ્વામી થાય છે તેથી નવો બંધ થાય છે. માટે નિર્જર્યો છતાં તેને નિર્જર્યો નથી એમ કહ્યું. એ નિર્જર્યો તો છે, પણ બંધ થઈને નિર્જર્યો માટે નિર્જર્યો નથી ખરેખર. આહા..હા..! અને જ્ઞાનીને નિર્જર્યો છે, પણ નવો બંધ થઈને નિર્જર્યો નથી માટે નિર્જર્યો ખરેખર કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું ગંભીર, ઝીણી. હવે એને બિચારાને સાંભળતા બેસે નહિ, ઝટ દઈને સમજાય નહિ આ શું કહે છે? અતત્ કહે છે આત્મા બોલે નહિ, આત્મા ચાલે નહિ અને પ્રત્યક્ષ આત્મા વિના બોલે નહિ. ભીંત બોલે છે? બાપુ! તને ખબર નથી. આહા..હા..!

અવાજ નીકળેને આમ થાય છે આ. એ અવાજ આને લઈને થયો નથી. ત્યાં શબ્દવર્ગણાના પરમાણુ પડ્યા છે એમાંથી અવાજ ઊઠે છે, આને લઈને નહિ. આ તે વાત! તત્ત્વ ભિન્ન-ભિન્ન છેને. એક તત્ત્વ બીજા તત્ત્વનું શી રીતે થાય? જીવતત્ત્વ જુદું, આ જડતત્ત્વ જુદું. એ તો બેય તત્ત્વ છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એક તત્ત્વ તો ભિન્ન છે અને ભગવાન તત્ત્વ એનાથી ભિન્ન. એ એક તત્ત્વ બીજા તત્ત્વને કાંઈ કરે એમ છે નહિ. ત્યારે આસ્રવ બંધમાં તો કરે છે એમ છેને? એ જુદી ચીજ છે. એ પર્યાયની વાત છે, આ તો દ્રવ્યની વાત છે. આસ્રવતત્ત્વના પરિણામ જીવ કરે છે. જ્ઞાનીને પણ એની પરિણતિમાં જીવનું એ પરિણમન છે આસ્રવ, પણ કર્મના નિમિત્તથી થયું માટે પર છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ? બંધતત્ત્વ પણ જીવનું છે એ. રાગમાં અટક્યો છે એ પોતે જીવની પર્યાય ત્યાં અટકી છે. આહા..હા..! બંધતત્ત્વથી જુદો પાડી અબંધતત્ત્વમાં લઈ જવા માટે બંધને તત્ત્વ કહ્યું છે. સમજાણું કાંઈ? જેમ મોક્ષતત્ત્વ છે, સંવર-નિર્જરાતત્ત્વ છે એમ બંધતત્ત્વ અને આસ્રવતત્ત્વ છે. સમજાણું કાંઈ? છે ભલે ક્ષણિક. સાતેય તત્ત્વ નાશવાન છે એમ કીધું છેને. એક ભગવાન આત્મા જ અવિનાશી છે ત્રિકાળ. બાકી સાતેય તત્ત્વ સંવર, નિર્જરા અને મોક્ષ આદિ બધા નાશવાન તત્ત્વો છે. સમજાણું કાંઈ? એવી જેને સમ્યગ્દષ્ટિ અને ધ્રુવની દૃષ્ટિનું ભાન થયું એને રાગાદિક નહિ હોવાથી '**આગામી બંધ કર્યા વિના તે ભાવ નિર્જરી જાય છે. તેથી તેને નિર્જર્યો કહી શકાય છે; માટે સમ્યગ્દષ્ટિને પરદ્રવ્ય ભોગવતાં નિર્જરા જ થાય છે.**' આહા..હા..! લ્યો આ તો જયચંદ્ર પંડિતનું છે. ઓલું પણ જયચંદ્ર પંડિતનું છે એમ આવ્યું. '**આ રીતે સમ્યગ્દષ્ટિને ભાવનિર્જરા થાય છે.**' એ ભાવ. ૯૨માં હતી. ૯૩માં દ્રવ્યનિર્જરા.

'**હવે આગળની ગાથાઓની સૂચનારૂપ શ્લોક કહે છે :—**' ૧૩૪ કળશ.

(अनुष्टुभ्)

तज्ज्ञानस्यैव सामर्थ्यं विरागस्यैव वा किल।
यत्कोऽपि कर्मभिः कर्म भूञ्जानोऽपि न बध्यते।।१३४।।

જોયું! 'एव' શબ્દ છે. આહા..હા..!

નીચે અર્થ. 'किल' નામ '**ખરેખર તે (આશ્ચર્યકારક) સામર્થ્ય છે...**' આહા..હા..! .. રાગથી ભિન્ન અને સ્વભાવનું અસ્તિત્વ અને રાગથી અશુદ્ધતાથી ભિન્ન એવું જે સામર્થ્ય થયું છે એ '**જ્ઞાનનું જ છે અથવા વિરાગનું જ છે...**' જ્ઞાનનું એટલે ત્રિકાળી વસ્તુનું જ્ઞાન અને અશુદ્ધતાનો અભાવ. એટલે એ સામર્થ્ય આત્માનું છે. 'ज्ञानस्य' 'विरागस्य' ત્રિકાળીનું જ્ઞાન અને રાગમાં અશુદ્ધતાનો અભાવ એ વૈરાગ્ય. વૈરાગ્ય એટલે આ બાયડી, છોકરા છોડીને વયો ગયો અને વૈરાગી છે એમ નહિ. અશુદ્ધતાના ભાવનો અભાવ તે વૈરાગ્ય અને પૂર્ણાનંદનું જ્ઞાન તે જ્ઞાન. પૂર્ણનું જ્ઞાન અસ્તિત્વ તેનું જ્ઞાન અને અશુદ્ધતાનો અભાવ તેનું નામ વૈરાગ્ય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વિરાગનું જ છે...**' 'यत्' '**કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ)...**' 'कर्म भुञ्जानः अपि' ભાષા એમ '**કર્મને ભોગવતો છતો...**' આહા..હા..! '**કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે...**' આહા..હા..! આવું? ભાઈ! ત્યાં બીજું સિદ્ધ કર્યું છે, બાપુ! એ અજીવ એની ચીજ નથી, એના તરફનું જે વેદન જરી થયું એ પણ આત્માની ચીજ નથી, પણ પરિણમનમાં કમજોરી છે તેનો સ્વામી નથી, એની મીઠાશ નથી. આહા..હા..! એક કડવી ઔષધિ થાય છે. કમળા ઉપર આપે. કમળો હોય છેને કમળો. કમળો સમજો છો? પીલીયા. પીલીયામાં બધું પીળું-પીળું દેખાય. એમાં એવી એક દવા આવે છે ગંધ મારે એકલી, વિષ્ટાની જેવી હોય. પણ દવા છે એ એને પીવે. પ્રેમ છે? આહા..હા..! કમળા ઉપર આપે છે. કમળામાંથી પછી કમળી થઈ જાય છે, કમળી થઈ જાય પછી મરી જાય છે. એ કમળાના રોગ ઉપર વૈદ એક દવા આપે છે. નામ મને આવડતું નથી પણ આપે છે. શું કીધું? એ ગંધ મારે એકલી વિષ્ટા જેવી. કૂતરાની વિષ્ટા (હોય) એવી ગંધ મારે. કમળો થયો હતોને એક ફેરી ૮૭ની સાલમાં. પોરબંદર. વૈદ આવ્યા હતા. એકલી વિષ્ટા જેવી ગંધ. એ પીવાનો એને પ્રેમ છે? પણ પીવું પડે છે. એ દવા આવે છે બહુ દુર્ગંધ. ગંધ તો એવી લાગે કે આ કૂતરાની વિષ્ટા છે કીધું આ? ના, દવા એવી છે. એવી ગંધ મારે વનસ્પતિની, છતાં પીવે.

અહીં કહે છે કે જ્ઞાનનું અને વૈરાગ્યનું સામર્થ્ય છે. આહા..હા..! અસ્તિત્વ પૂર્ણાનંદના નાથનું સમ્યગ્જ્ઞાન છે અને રાગના અભાવનો વૈરાગ્ય છે. રાગથી પણ વૈરાગ્ય છે. આહા..હા..! જ્ઞાનીને જ્ઞાન અને વૈરાગ્ય બેનું સામર્થ્ય છે—અસ્તિનું અને રાગની નાસ્તિનું. આહા..હા..! એ આત્માના બળથી '**કોઈ (સમ્યગ્દષ્ટિ જીવ) કર્મને ભોગવતો છતો કર્મોથી બંધાતો નથી! (અજ્ઞાનીને તે આશ્ચર્ય ઉપજાવે છે અને જ્ઞાની તેને યથાર્થ જાણે છે.)**' હોય છે. એની ગાથા. એમાં પહેલી ગાથા જ્ઞાનની વાત છે. બે વાત છેને?

जह विसमुवभुंजंतो वेज्जो पुरिसो ण मरणमुवयादि।
पोग्गलकम्मस्सुदयं तह भुंजदि णेव बज्झदे णाणी।।१९५।।
જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.

ઝેરને મારીને એની પાસે દવા હોય છે. આહા..હા..!

'**ટીકા :- જેમ કોઈ વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ,...**' એની પાસે વિદ્યા હોય છે. એવી '**અમોઘ (રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી,...**' ઝેરની શક્તિ ત્યાં રોકાઈ જાય છે કહે છે. આહા..હા..! અરે..! દાખલા પણ જુઓને આવા. '**વિષવૈદ્ય, બીજાઓના મરણનું કારણ જે વિષ તેને ભોગવતો છતો પણ, અમોઘ...**' નામ સફળ. અમોઘ એટલે મોહ વિનાની, ફળસહિત. અમોઘ એટલે ફળસહિત. '**(રામબાણ) વિદ્યાના સામર્થ્ય વડે...**' સફળ રામબાણ વિદ્યાના સામર્થ્ય વડે '**વિષની શક્તિ રોકાઈ ગઈ હોવાથી,...**' વૈદ્ય મરતો નથી. આહા..હા..! '**તેમ અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ...**' આહા..હા..! મિથ્યાદષ્ટિ રાગના પ્રેમમાં ફસ્યા વ્યભિચારી. આહા..હા..! રાગના પ્રેમમાં ફસ્યો વ્યભિચારી છે. આહા..હા..!

'**અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ પુદ્‌ગલ કર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો પણ,...**' આહા..હા..! અજ્ઞાનીઓને રાગાદિભાવોના સદ્‌ભાવથી બંધનું કારણ છે. '**જે પુદ્‌ગલકર્મનો ઉદય તેને જ્ઞાની ભોગવતો છતો પણ, અમોઘ...**' મોહ નિષ્ફળ છે અને અમોહ સફળ છે. એવું આવે છેને? મોહ. મોહ એટલે નિષ્ફળ, અમોઘ એટલે સફળ. અમોઘ છેને. '**અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા રાગાદિભાવોનો અભાવ હોતાં...**' આહા..હા..! '**કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી,...**' જેમ ઓલા ઝેરની '**અમોઘ વિદ્યાના સામર્થ્યથી શક્તિ રોકાઈ ગઈ હોવાથી એના અમોઘ જ્ઞાનના સામર્થ્ય દ્વારા...** ' પરના પ્રેમનો ભાવનો અભાવ હોતાં. આહા..હા..! '**કર્મોદયની શક્તિ રોકાઈ ગઈ હોવાથી, બંધાતો નથી.**' આહા..હા..! આવી વાત છે. કુંદકુંદાચાર્ય પોતે કહે છે. ટીકાકાર પોતે કહે છે, જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે, એ કઈ અપેક્ષાએ? ભોગ નિર્જરાનો હેતુ હોય તો ભોગ છોડીને મુનિપણું લેવાની જરૂર નહિ પછી. મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે. ભોગ નિર્જરાનો હેતુ હોય તો પછી ભોગ છોડીને મુનિપણું લેવું એ તો રહ્યું નહિ. ભાઈ! એ કેમ અપેક્ષા કીધી? આહા..! એ તો આત્માના આનંદની દૃષ્ટિનું જોર છે એ દૃષ્ટિને લઈને પરમાં પ્રેમ નથી, રુચિ નથી માટે તેને ભોગ નિર્જરાનો હેતુ કહ્યો છે. બાકી તો ભોગનો ભાવ બંધનું કારણ અશુભભાવ છે એ તો. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યાં શુભભાવ બંધનું કારણ છે, ત્યાં અશુભભાવ નિર્જરાનું કારણ હોય? એ તો એની રુચિ અને પ્રેમ નથી માટે અને અહીં રુચિ જામી ગઈ છે આનંદમાં. અમોઘ ફળ છે જેનું, સફળ ફળ છે.

આહા..હા..! આનંદના અનુભવની આગળ રાગનો સ્વાદ તેને ઝેર જેવો લાગે છે. તેથી બંધની શક્તિ ત્યાં રોકાઈ ગઈ છે. આહા..હા..! '**બંધાતો નથી.**' તેથી જ્ઞાની બંધાતો નથી. વિશેષ લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## માગસર વદ-૧૩, રવિવાર, તા. ૧૯-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૫-૧૯૬, કળશ-૧૩૫, પ્રવચન નં. ૨૬૬

સમયસાર, ગાથા-૧૯૫, એનો ભાવાર્થ. '**જેમ વૈદ્ય, મંત્ર, તંત્ર, ઔષધ આદિ પોતાની વિદ્યાના સામર્થ્યથી વિષની મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે...** ' આહા..હા..! દૃષ્ટાંત તો જુઓ! વિષમાં ઝેરપણું છે એને વૈદ્ય પોતાના મંત્ર, તંત્ર આદિથી વિષના સામર્થ્યનું '**મરણ કરવાની શક્તિનો અભાવ કરે છે, તેથી વિષ ખાવા છતાં તેનું મરણ થતું નથી,...**' આહા..હા..! '**તેમ જ્ઞાનીને જ્ઞાનનું સામર્થ્ય એવું છે...**' ધર્મીને આત્માના આનંદ અને જ્ઞાનના સ્વભાવનું ભાન અને સામર્થ્ય એવું છે, આહા..હા..! '**કે કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...**' આહા..હા..! કેમકે ભોગમાં એની ઉપાદેયબુદ્ધિ નથી. સમજાય છે કાંઈ? હેયબુદ્ધિ છે. આહા..હા..! એ મરણ કરવાની શક્તિનું વિષમાં સામર્થ્યનો નાશ કરે જેમ વૈદ્ય, એમ આ પણ રાગનો અંદર અનુભવ થયો થોડો વેદન, પણ એનું ઉપાદેયપણું નથી અને હેયપણું છે એટલે એની બંધ કરવાની શક્તિનો એ નાશ કરે છે. આહા..હા..! આવી વાત છે. હવે ઓલા લોકો કહે, અહીં તો જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ કીધો. કુંદકુંદાચાર્ય એમ કહે છે. કઈ અપેક્ષાથી? આહા..હા..!

**શ્રોતા :-** માટે જ્ઞાનીએ ભોગ કરવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવો એમ છે?

**શ્રોતા :-** નિર્જરા થાય તો એ કેમ ન કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો નિર્જરા કઈ અપેક્ષા કીધી? ભોગનો વિકલ્પ છે, તેની ઉપાદેયબુદ્ધિ ટળી ગઈ છે. તેમાં હિતબુદ્ધિ, સુખબુદ્ધિ, મજાબુદ્ધિ ચાલી ગઈ છે. આહા..હા..! એ મંત્રનું સામર્થ્ય છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી એને કહીએ કે જેને રાગનો વિકલ્પ આવ્યો હોય છે છતાં તેને ઉપાદેયબુદ્ધિ નથી, ઝેરબુદ્ધિ છે. આહા..હા..!

એ '**કર્મોદયની બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...** ' આહા..હા..! કેમકે તેમાં તેને ઉપાદેયબુદ્ધિ નથી એટલે બંધ થવાનો ભાવ એમાં રહેતો જ નથી. આહા..હા..! આવી વાત હવે માણસને... અને અજ્ઞાની ભોગના ભાવને મીઠાશને ઉપાદેયબુદ્ધિથી વેદે છે. આહા..હા..! પક્કડ પક્કડમેં ફેર હૈ. મીંદડી બચ્ચાને પકડે અને મીંદડી ઉંદરને પકડે. અમારે એક છોડી હતી નાની ત્યાં એક.

૮૦ની સાલમાં બોટાદમાં ગાતી, બિચારી નાની હતી છ-સાત વર્ષની. એના દાદા શીખવ્યું, પોપટભાઈ હતા. ... પછી બાઈ એ છોડી બિચારીને ક્ષય થઈ ગયો, છ-સાત વર્ષની. ક્ષય થઈ ગયો ને ગુજરી ગઈ. પણ શ્લોક બહુ મોઢે કરે. એમાં આ બોલતી. 'પક્કડ પક્કડમેં ફેર હૈ.' ઉંદરને મીંદડી પકડે અને બચ્ચાને પકડે એ પકડ્યું તો છે આમ. મીંદડીના મોઢામાં ઉંદર આવ્યો છે અને એનું બચ્ચુ આવ્યું છે, પણ પક્કડ પક્કડમેં ફેર હૈ. આહા..હા..! બચ્ચાને પકડે છે તો આમ પોચું રાખીને ફક્ત એ એમાંથી પડી ન જાય એ રીતે (પકડ્યું છે) અને ઉંદરને પકડે તો ભીંસ દઈને પકડે છે કે ત્યાં જ એ બિચારો મરી જાય. આહા..હા..!

એમ અજ્ઞાનીને રાગના પ્રેમમાં ઉપાદેયબુદ્ધિ છે. એને શુભરાગમાં પણ ઉપાદેયબુદ્ધિ છે અને અશુભરાગમાં પણ ઉપાદેયબુદ્ધિ છે. એથી એને બંધ કરવાની શક્તિ એમાં રહી છે. આહા..હા..! નવા કર્મને બાંધવાનું સામર્થ્ય રાગમાં ઊભું રહ્યું છે. આહા..હા..! જ્ઞાની-ધર્મી એને કહીએ... આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. આહા..હા..! ચૈતન્ય ભગવાન આનંદનો નાથ પ્રભુ એ અતીન્દ્રિય આનંદના સ્વાદમાં એને રાગ આવે તેને ઝેર જેવો દેખાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ? હોય ખરો.

**શ્રોતા :-** ઝેર જેવો એટલે છોડવા જેવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં સુખબુદ્ધિ જ ઊડી ગઈ છે, દુઃખબુદ્ધિ લાગે છે. એટલે કે કરવા જેવું નથી, આદરવા જેવું નથી, છોડવા જેવું છે. હેય કહ્યુંને હેય? આહા..હા..! દૃષ્ટિ ફેરે આખો બંધ અને દૃષ્ટિ ફેરે અબંધ એમ વાત છે. આવી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ ભાઈ નથી આવ્યા રમેશભાઈ? ભાવનગર ગયા છે. આ આવી વાત છે.

જેને બ્રહ્મચર્યનો રંગ લાગ્યો છે, બ્રહ્મ નામ ભગવાન આત્માના આનંદનો જેને રંગ લાગ્યો છે, આહા..હા..! એને બ્રહ્મચર્ય કહીએ. એને આ રાગના વિષયનો સ્વાદ ઝેર જેવો-દુઃખ જેવો લાગે છે. આહા..હા..! કાળો નાગ જેમ દેખે અને આમ થાય, એવું વિકલ્પ ઊઠે (તો થાય છે). આહા..હા..! આત્માના આનંદના સ્વાદની આગળ એ ભોગને શુભરાગનો સ્વાદ એને દુઃખરૂપ લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! જેની દૃષ્ટિમાં જ આખો ફેર છે. જેને રાગભાવ આવે એને ઉપાદેય માને છે, એથી એની બંધ શક્તિ એમ ને એમ ઊભી રહી છે, નવા બંધને બાંધે એવો ભાવ. આહા..હા..! અને ધર્મીને રાગ આવે ખરો, પર્યાયમાં જરી વેદન પણ આવે પણ એ દુઃખરૂપ લાગે છે. જ્યાં આત્માના આનંદના અનુભવ—સ્વાદ આગળ રાગને મીંઢવે-મેળવે છે તો ઝેર જેવું લાગે છે એને. આહા..હા..! એને લઈને રાગમાં બંધ કરવાની જે શક્તિ હતી એ ઊડી ગઈ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભાઈ! આવો ધર્મ. આહા..હા..! અને વ્યવહાર ઉપર જેને પ્રેમ છેને, એને આત્મા પ્રત્યે દ્વેષ છે. જેને રાગમાં પ્રેમ છે, એને વીતરાગી ભગવાન આત્મા પ્રત્યે તેને દ્વેષ છે અને જેને ભગવાન આત્મા પ્રત્યે પ્રેમ અને રસ છે એને રાગ પ્રત્યે રુચિ છૂટી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું.

મૂળ દર્શનની શુદ્ધિ નહિ અને પછી વ્રત ને તપ ને બધા લઈને બેસે. આહા..હા..! ભાઈએ લખ્યું છેને હમણાં કૈલાશચંદજીએ કે અત્યારે કોઈ પ્રરૂપણા એવી ચાલે છે ઉપદેશ કે નિશ્ચય સમ્યક્ વિનાના વ્રત ને તપ એ બધા નિરર્થક અને ફોગટ છે. છે એવી ક્યાંય પ્રરૂપણા ઉપદેશ? કૈલાશચંદજીએ લખ્યું છે શેઠ! જૈનસંદેશમાં. આ તો વ્રત કરો ને અપવાસ કરો ને આ કરો ને આ કરો. પણ એ બધી ક્રિયાઓ નિશ્ચયસમ્યગ્દર્શન વિના સંસારમાં રખડવાની છે. આહા..હા..! નિશ્ચયસમ્યગ્દર્શનમાં એને પ્રીતિ આનંદની આત્મામાં પ્રીતિ જામી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

ભલે તીર્થંકર ચક્રવર્તી હોય, છન્નું હજાર સ્ત્રી પરણે ક્ષાયિકસમકિતી. તીર્થંકર કેટલાક ક્ષાયિક છેને. કોઈક ક્ષયોપશમ હોય. આ શ્રેણિક રાજા જેવા ક્ષાયિકસમકિત લઈને આવશે નરકમાંથી. એ તો ક્ષાયિક છે અત્યારે તો. પણ ત્રીજે નરકેથી જે આવશે એ ક્ષયોપશમ લઈને આવશે. આ તો પહેલી નરકે ક્ષાયિક સમકિતી છે. પણ કેટલાક ત્રીજેથી નીકળીને આવે ક્ષયોપશમસમકિતી, માતાના પેટમાં પણ એને ક્ષયોપશમસમકિત હોય છે. આહા..હા..! એની અંદરમાં એને રાગનો રસ ને પ્રેમ ઊડી ગયો હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ધર્મની ચીજ એવી છે જરી. આહા..! એ આત્માના આનંદના રસ આગળ એ રાગનો રસ એને ફીક્કો ઝેર જેવો લાગે છે. એથી જ્ઞાનીના ભોગને અહીંયાં નિર્જરાનું કારણ કહ્યું છે. ભોગ તો છે એટલું પાપ જ છે. સમજાણું કાંઈ? પણ પાપમાં ઉપાદેયબુદ્ધિ નથી. આહા..હા..! રસ એનો ઊડી ગયો છે. આહા..હા..!

વેદન વેદનમાં ફેર છે. અજ્ઞાનીને રાગના વેદનમાં મીઠાશ વર્તે છે. આહા..હા..! એને જડ અને ચૈતન્યની ભિન્નતાનો વિવેક નથી. રાગના દુઃખનો અને આત્માના આનંદનો ભિન્નતાનો એને વિવેક નથી. આહા..હા..! આ પ્રાણી રાગના રસમાં એને નવા બંધ કરવાની શક્તિ એમાં રહી છે. આહા..હા..! અને જેને એ રાગનો રસ ઊડી ગયો છે, ભગવાન આત્માનો રસ આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ એટલે સત્યદૃષ્ટિ. એટલે કે પરમાનંદનું સ્વરૂપ જેવું છે તેવી તેની દૃષ્ટિ થઈ છે. દૃષ્ટિમાં એ પરમાનંદ ભગવાન આવ્યો નથી, આહા..હા..! પણ પરમાનંદનું સ્વરૂપ છે તેનું જ્ઞાન અને શ્રદ્ધા પર્યાયમાં આવી ગયું છે. આહા..હા..! સમજાણું કાંઈ? બાપુ! આ સંસારની પ્રેમની રીત જુદી અને આત્માના પ્રેમની રુચિ જુદી. આહા..હા..! સમજાણું કાંઈ?

આનંદઘનજી તો કહે છે કે 'દ્વેષ અરોચક ભાવ' ભગવાન આત્મા આનંદસ્વરૂપી અનાકુળ આનંદનો કંદ છે પ્રભુ, એ જેને રુચતો નથી અને જેને રાગ રુચે છે એને આત્મા પ્રત્યે અરુચિ ને દ્વેષ છે. આહા..હા..! આ માપ આકરા ઘણા, બાપા! આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાત ન હોય ને ઓલી વાત આવે, આ કરો... આ કરો... આ કરો... એટલે એને મજા લાગે છે. સાંભળનારને પણ કાંઈક સમજાય. કારણ કે અનાદિનું અજ્ઞાન છે એમાં ઠીક પડે એ બધું. આહા..હા..! આ નિશ્ચયાભાસ જેવી વાત લાગે. આહા..હા..!

અહીં તો એ કહે છે જુઓ, કે '**બંધ કરવાની શક્તિનો અભાવ કરે છે...**' જ્ઞાની. આહા..હા..! જેમ ઝેરનો ખાનાર વૈદ્ય ઝેરમાં મારવાની શક્તિનો વિદ્યા આદિ મંત્રથી એનો અભાવ કરે છે, એમ ધર્મી

જીવ રાગના ભોગના પર્યાયમાં અભાવરૂપસ્વભાવ વર્તે છે, ઉપાદેબુદ્ધિ નથી એથી એને બંધ કરવાની શક્તિની તાકાતનો નાશ કરે છે. આહા..હા..! આવી વાતું હવે. ઓલું તો સામાયિક કરવી, પડિક્કમણા કરવા અને પોષા કરવા, અપવાસ કરવા, સહેલુંસટ હતું. હવે આ વચ્ચે માર્યું આવું. એક જણો કહેતો હતો, વિરમગામથી આવ્યો હતો. મહારાજ! આ બધું અમે કરતાં હતા તો વચ્ચે વળી માર્યું કે એ ધર્મ નહિ. આહા..હા..! બાપુ! ધર્મ કોઈ બીજી ચીજ છે, નાથ! તારો સ્વભાવ 'વસ્તુ સહાવો ધમ્મો.' વસ્તુ જે ભગવાન આત્મા એનો કાયમી સ્વભાવ એ એનું સ્વરૂપ એટલે એનો ધર્મ અને ધર્મી એ આત્મા. એ ધર્મીમાં દૃષ્ટિ જ્યાં પડી ત્યારે બધા ધર્મના અંશો એક અંશે સમકિતીને વ્યક્ત થઈ ગયા. અનંતા જેટલી સંખ્યાએ ગુણ છે... આહા..હા..! એ જેટલા ગુણ છે એમાંથી એક અંશ બધાના વ્યક્ત પ્રગટ થઈ ગયા ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં. આહા..હા..! સમજાણું કાંઈ?

શ્રીમદ્દે એને એમ કહ્યું, 'સર્વ ગુણાંશ તે સમકિત.' શ્રીમદ્દે એમ કહ્યું, 'સર્વ ગુણાંશ તે સમકિત.' આપણે રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં એમ કહ્યું ટોડરમલમાં કે ચોથે ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ વ્યક્ત થયા છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેટલા અનંતગુણ છે; આકાશના પ્રદેશ છે અનંત, જેનો પાર નથી આકાશના પ્રદેશ ક્યાં થઈ રહ્યા? ભાઈ! એ વિચાર કરે તો એને ખબર પડે. આકાશ છે સર્વવ્યાપક. કઈ દિશાએ એ આકાશનો અંત આવ્યો? જો અંત આવે તો પછી શું? આહા..હા..! એ આકાશ એમ ને એમ ને એમ અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... વર્ગ કરો અનંતને અનંત વડે વર્ગ કરો તોપણ અંત ન આવે એટલી એ ચીજ છે. એવા આકાશના પ્રદેશો જે અનંત છે એથી એક જીવમાં એથી અનંતગુણા ગુણ છે. આહા..હા..! એવો ગુણીયલ ભગવાન જેને દૃષ્ટિમાં, રુચિમાં આવ્યો... આહા..હા..! એને રાગ ક્ષણિક વિકૃત અવસ્થા તેનો રસ ઊડી જાય છે. સમજાણું કાંઈ? તેથી તેના ભોગને નિર્જરાનો હેતુ આ કારણે કહ્યો છે. આહા..હા..! અલ્પ રસ અને સ્થિતિ પડે તો છે. જેટલો રાગ થયો એટલો રસ પડે, પણ એને અહીં ગણ્યો નહિ. અલ્પ સ્થિતિ અને રસને ગૌણ કરી નાખીને બંધ નથી એમ ત્યાં એને કહેવામાં આવ્યું છે. આહા..હા..! હવે આવો ઉપદેશ આ શું? આહા..હા..!

'**તેથી કર્મના ઉદયને ભોગવવા છતાં...** ' જોયું! આ વાણી છે ભગવાનની વાણી છે, મુનિઓની, સંતોની. '**જ્ઞાનીને આગામી કર્મબંધ થતો નથી. આ પ્રમાણે સમ્યગ્જ્ઞાનનું સામર્થ્ય કહ્યું.**' સમ્યગ્જ્ઞાન એટલે ત્રિકાળી ચીજનું જ્ઞાન જે પર્યાયમાં આખી ચીજનું જ્ઞાન આવ્યું એને સમ્યક્ સત્ય જ્ઞાન કહેવામાં આવે છે. એ સત્ય જ્ઞાનનું આવું સામર્થ્ય છે કે રાગને ભોગતા છતાં તેનો રસ નથી માટે બંધન થતું નથી. આહા..હા..! ૧૯૫ થઈ ગઈને એ.

**जह मज्जं पिबमाणो अरदीभावेण मज्जदि ण पुरिसो।**
**दव्वुवभोगे अरदो णाणी वि ण बज्झदि तहेव।।१९६।।**
**જ્યમ અરતિ ભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,**
**દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.**

૧૯૬. '**હવે વૈરાગ્યનું સામર્થ્ય બતાવે છે :—**' એ શું કહ્યું? કે સ્વરૂપ જે પૂર્ણ આનંદસ્વરૂપ

છે એનું અસ્તિપણું છે તેનું જે જ્ઞાન થયું તેને સમ્યગ્જ્ઞાન કહીએ અને તેની સાથે રાગના અશુદ્ધભાવનો અભાવ થયો એને વૈરાગ્ય કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આખું તત્ત્વ જે પૂર્ણ શુદ્ધ પવિત્ર એનું અસ્તિનું, હયાતીનું, હોવાનું જે શ્રદ્ધા જ્ઞાનમાં થયું એ સમ્યગ્જ્ઞાન. એ સમ્યગ્જ્ઞાનમાં પૂર્ણાનંદના અસ્તિત્વનું ભાન થયું, પણ તે જ કાળે તેને આમ રાગથી હઠી ગયો છે, આ બાજુ આવ્યો છે એથી એટલો અશુદ્ધ રાગનો ત્યાં અભાવ થાય છે એને અહીંયાં વૈરાગ્ય કહેવામાં આવે છે. આહા..હા..! આ કાંઈક છોકરો મરી જાય અને વૈરાગ્ય (આવે) એ વૈરાગ્ય નથી. સમજાણું કાંઈ? વૈરાગ્ય તો પોતાના સ્વરૂપના પૂર્ણ આનંદના અસ્તિત્વની હયાતીની પ્રતીતિ ભૂમિકામાં જ્યારે આમ રસ પડ્યો છે ત્યારે રાગથી રસ ખસી ગયો છે. ઉદાસ... ઉદાસ... આહા..હા..! સમજાણું કાંઈ? આવું સ્વરૂપ. પછી માણસને એમ કહે કે સોનગઢમાં તો નિશ્ચયની જ વાત ચાલે છે. ભાઈ! નિશ્ચયની ચાલે છે, ભાઈ! એમાં વ્યવહારની ઉપેક્ષા થાય છે એ વ્યવહાર ન આવ્યો? .. કીધું હતુંને. આહા..હા..!

... જામનગરમાં. આહા..હા..! દશાશ્રીમાળી વસા હતા. એય..! અપાસરાની વાત છે. આ પર્યાય ધર્મ. ... ભાઈ. જામનગરમાં અપાસરો છેને? એની પાછળ. એક જ દીકરો. એને ચુરમુ ખાવાની.. એકલું ચુરમુ જ ખાવું. રોટલો, રોટલી કાંઈ નહિ. વર્ષોના વર્ષો સુધી. એમાં છોકરો મરી ગયો. મરીને બાળીને આવ્યા. ભાઈ! આ રોટલી કે રોટલો.. બાપુ! રોટલો, રોટલી ખાશો તો ભાઈની પાછળ જાશો. દેહ નહિ ટકે તમારો. આહા..હા..! એમાં ચુરમુ બનાવ્યું. જુવાન માણસને બાળીને આવે છેને ચુરમુ બનાવ્યું. એને નાખ્યું થાળીમાં. ... આંખમાંથી આંસુની ધારા ચાલી જાય છે. છે પ્રેમ ચુરમાનો? લાડવા ઓલા રોટલા, રોટલી મૂકીને આમાં પ્રેમ છે? આહા..હા..! અરેરે..! જેના વિના ચાલ્યું એના વિના ચાલશે હવે. પણ આના વિના .. નહિ બાપુ તમને .. ભાઈ! આહા..હા..! એમ જ્ઞાનીને .. વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય... સમજાણું કાંઈ? એવી ક્રિયા છે.

વિષયોને ભોગવતા છતાં.. આ ટીકાકર્તા આમ કહે છે. કઈ અપેક્ષા છે એ જાણવું જોઈએ. સમ્યગ્જ્ઞાન દિપીકામાં એમ કીધું ધર્મદાસ ક્ષુલ્લક. ધણી જેને પતિ માથે છે એ બાઈને બીજો કોઈ અપરાધ થઈ ગયો તો એ દોષ બહાર ન આવે. દોષ નથી એમ નહિ, પણ પતિ માથે છે અને કોઈ બીજા પ્રત્યે.. થયું કે .. થયો કે .... તો એ બહાર નહિ આવે; એમ જેને માથે આત્મા આનંદનો નાથ જેની દૃષ્ટિમાં છે... આહા..હા..! જે આનંદનો સ્વામી છે એને પર્યાયમાં કોઈ રાગ થાય તો એ દોષ બહાર નહિ આવે. એ વાત એટલી સિદ્ધ કરવી છે. હવે એમાં તો લોકો ... આહા..હા..! એ.. સોનગઢવાળા તો .. ભોગવટો પાપ.. અરે..! પ્રભુ! તું શું કહે છો આ?

અહીં તો પાપને તો પાપ સહુ કહે, પણ પુણ્યને પાપ કહે છે. આહા..હા..! સ્વરૂપની અંદર દૃષ્ટિથી પતીત થાય છે, રાગનો વ્યવહારનો. તો વ્યવહારરત્નત્રયનો રાગ પણ પાપ છે, નિશ્ચયથી પાપ છે, વ્યવહારથી પુણ્ય માને. આહા..હા..! અરેરે..! શું થાય? શાસ્ત્ર સમજે નહિ, જાણે નહિ અને પોતાની કલ્પનાથી એના અર્થો કરીને માને કે અમે બરાબર સમજ્યા. બાપુ! એમ ન હોય. આહા..હા..! અહીં ભોગવવા છતાં કીધુંને? ભોગવવું નિર્જરા? એ જે વૈરાગ્ય ... આંસુની ધારા ચાલી જાય છે. એને ..

આનંદના રસમાં, પરના ભોગની કોઈ વૃત્તિ આવી પણ ત્યાં દુઃખ વેદે છે. આહા..હા..! ઉપાદેય બુદ્ધિ છૂટીને હેયબુદ્ધિ થઈ ગઈ છે. સમજાણું કાંઈ? આવી વાતું. આમાં શું કરવું પણ હવે?

કહે છે કે કોણ તું છો? .. એને આશ્રયે .. જાવું છે. રાગની પર્યાયની ઓથે પડ્યો છે એ અનાદિનો સંસાર છે. આહા..હા..! કેમ જાણ્યું? આમ જાણ્યું. વર્તમાન પર્યાયને ... આહા..હા..! ... વર્તતો થકો. પુરુષાર્થ... આહા..હા..! આ તો સંસાર ... પ્રભુ છે. આહા..હા..! આવ્યું હતુંને આપણે .. દેહમાં બિરાજતો ભગવાન એની સમીપે જાને. એની .. રાગની ..માં અનાદિથી ગયો છો. આહા..હા..! દેહમાં પરમાત્મા બિરાજે છે. દેહદેવળમાં ... ..મય છે આ. દેવનું ..મય છે આ. આહા..હા..! અત્યારે પરમાત્મા એને કેમ કહેવું? થાય ત્યારે કહેશું. એ પરમાત્મા છે. છે તેમાં થશે, હશે એમાંથી આવશે. એ અહીં કહે. જેને આત્મા પ્રગટ્યો, આનંદરસનું જ્ઞાન થયું એને પરના આત્મા સિવાય બધા પદાર્થ પ્રત્યે વૈરાગ્ય અરુચિ છે. આહા..હા..! એને .. છેને?

સ્વાભવના જ્ઞાનના સામર્થ્યને વર્ણવે છે. જ્ઞાનસામર્થ્ય. ધર્મીને બે સામર્થ્ય હોય—એક જ્ઞાનનું, એક વૈરાગ્યનું. શરીરનું સામર્થ્ય અને પૈસાનું સામર્થ્ય ને કુટુંબનું સામર્થ્ય એ નહિ. આના કુટુંબ મોટા, મકાન મોટા, .. ધૂળેય નથી હવે સાંભળને. આહા..હા..! એને અંતરના સ્વભાવ સન્મુખનું બળ વર્તે છે, એને રાગના અભાવના વૈરાગ્યનું બળ વર્તે છે. આહા..હા..! કોઈ એને લલચાવી જાય એવું ત્યાં રહ્યું નથી હવે. એના ને એના .. પણ લલચાવી જાય. આહા..હા..! નાની ઉંમરમાં એકવાર ભાવનગર ગયેલ. નાની ઉંમરમાં ૬૬.. હશે. પછી ત્યાં ..નાટક આવે છેને. ધ્રુવ-ધ્રુવ. ધ્રુવ ને પ્રહલાદ અવિચળ .. એમ બોલે. ધ્રુવનું નાટક હતું. એની મા મરી ગઈ હતી. પછી એનો બાપ બીજી પરણ્યો. આ ધ્રુવનું. ... ... લાકડી હોયને. .. માં બેસી. ઉપરથી ઈન્દ્રાણી .. લાકડા ઉપર .. .. આમ થાય. હે રાજકુમાર! આ શરીર તો જુઓ અમારું .. જેવું. અમારા નાક જુઓ, આંખ જુઓ, .. તો જુઓ. લ્યો આ .. આપે. માતા! મારે જો જન્મ લેવો હોય તો તારી કૂખે આવીશ, બીજી વાત નહિ. જો જન્મ હોય તો. ધ્રુવ-ધ્રુવ. આવે છેને ધ્રુવ ને પ્રહલાદ ... આ તો એના વૈરાગ્યની વાત છે. ઈન્દ્રાણી .. આવી છે. શરીર અવયવો દેખાડે. માતા! જન્મ કરવો હોય તો માતા તારી કૂખે આવીશ હોં! બાકી બીજું કાંઈ છે નહિ. આહા..હા..! એમ અહીં જગતની ઉપરની વાતું વૈરાગ્ય .. થઈ ગઈ છે. એને કદાચિત્ જન્મ લેવો પડે તો એ.. આહા..હા..! માતાના કૂખે, બાપુ! સ્ત્રી તરીકે તો ... સમજાણું કાંઈ? આહા..હા..!

... રાજકુમારને. આહા..હા..! માતા! અમારા .. અમારા .. માતા! જનેતા! રજા દે. અમને હવે આત્માના આનંદના .. જંગલમાં ચાલ્યા જાશું. જ્યાં કોઈ માણસનો પગરવ નથી ત્યાં. મા! રજા દે જનેતા! શરીરની જનેતા, આ આત્માની નહિ. મા રોવે છે. દીકરા! .. શું કહેવાય તમારે ગુલાબી. .. તારા રૂપ તું શું કરીશ? માતા! રોવું હોય તો રોઈ લે એકવાર. અમે કોલકરાર કરીએ છીએ કે બીજો અવતાર અમે નહિ લઈએ હવે. ... અમે આનંદના નાથમાં અંદર જવા માગીએ છીએ. અમે અમારી ભૂમિકા જોઈ છે. આહા..હા..! અને આજ જ એમાં જવા માગીએ છીએ. અમે કોલકરાર કરીને કહીએ છીએ, માતા! બીજો અવતાર અમારે નથી. આહા..હા..! એવો વૈરાગ્ય બતાવે. આહા..હા..! .. વૈરાગ્ય

એવો બતાવે ... આહા..હા..! ... આ તો ઘણા વર્ષની વાત છે. ભાવનગર.. નાટક નથી? ઓલું થિએટર. .. છે ત્યાં. છેને? દરિયા.. ક્યાંક છે. પણ આ તો તે દિ'ની વાત છે. આહા..હા..!

એમ અહીંયાં આત્મા અંદર સંયોગના .. અનુકૂળ .. માટે .. આ વૈરાગ્યમાં... આ નહિ રે નહિ માતા! અમારો આત્મા અંદર આનંદથી ભરેલો છે. અમને પરમાં પ્રેમ હવે આવતો નથી. શાંતિનાથ ભગવાન જ્યારે દીક્ષા લે છે. છન્નું હજાર સ્ત્રી અને તે તીર્થંકર પોતે ને ચક્રવર્તી પોતે અને કામદેવ પોતે શાંતિનાથ ભગવાન. તીર્થંકરનો અવતાર, ચત્રવર્તીની પદવી અને કામદેવ એના જેવો કોઈ રૂપાળો ને સુંદર નથી ભરતક્ષેત્રમાં. દીક્ષા લેતા રાણીઓ .. તો રાણીઓને... જંટીયા તાણે છે. સ્વામી આ ક્યાં જશો? શું થશે અમારું? વિષયો .. તારા લાલપને લઈને નહોતા રહેતા. અમને રાગ હતો. હવે અમારો રાગ મરી ગયો. આહા..હા..! હવે જીવતો નહિ કરી શકીએ. સમજાણું કાંઈ? અમે તો તારી .. એ માટે અમે રહ્યા નહોતા, અમારો રાગ ખસ્યો નહોતો એ માટે અમે રહ્યા હતા. આહા..હા..! એ રાગે હું મરી ગયો, માતા! શું કહે છે?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**.. તો જોયું છેને બધું. એ બધા ઘણાં જોયા છે. નાટકો જોયા છે, ફિલ્મો પણ જોઈ છે. .. ઘણું જોયું. અમારો તો ... છેને. દુકાન છેને. અરે..! તને આ નહિ, ભાઈ! મારો નાથ ત્યાં છે ત્યાં હું તો જવાનો. આ પરદ્રવ્ય.. મારું છે નહિ. આહા..હા..! એવા **'વિષયોને ભોગવતાં છતાં પણ, તીવ્ર વૈરાગ્યભાવના સામર્થ્યને લીધે (કર્મોથી) બંધાતો નથી.** ' **'એ વૈરાગ્યનું સામર્થ્ય છે કે જ્ઞાની વિષયોને ભોગવતો છતો...'** ભાષા પાછી જુઓ. આહા..હા..! હું **'કર્મોથી બંધાતો નથી.'** આહા..હા..!

**'હવે આ અર્થનું અને આગળની ગાથાના અર્થની સૂચનાનું કાવ્ય કહે છે :— '**

(रथोद्धता)

नाश्नुते विषयसेवनेऽपि यत्
स्वं फलं विषयसेवनस्य ना।
ज्ञानवैभवविरागताबलात्
सेवकोऽपि तदसावसेवकः।।१३५।।

... કરશે હવે. કળશ છે. **'કારણ કે આ (જ્ઞાની) પુરુષ...'** આહા..હા..! **'વિષયોને સેવતો છતો પણ...'** ભાષા આમ ને આમ રાખે છે. એક તરફ વિષયનો ભાવ આવે છે. એ ધર્મી જાણે છે. જાણે છે. જાણેલો પ્રયોજનવાન છે. અને જરી ... સમજાણું કાંઈ? ધર્મી પુરુષ નિશ્ચય ઉપરથી જેની દૃષ્ટિ હટી ગઈ છે અને વિષયોને જાણનારો ભગવાન તેમાં દૃષ્ટિ પડી ગઈ છે. સમજાણું કાંઈ?

**'જ્ઞાનવૈભવ અને વિરાગતાના બળથી...'** જુઓ, બેય લીધુંને? બેય. જ્ઞાનવૈભવ. આહા..હા..! આ અમારો જ્ઞાનવૈભવ છે કહે છે. ..ના નાથને એણે જ્ઞાનમાં જાણ્યો એ અમારો જ્ઞાનવૈભવ છે. આ ધૂળનો વૈભવ બંગલા ને પૈસા ને માટીના સ્મશાનના. આહા..હા..! સ્મશાનના હાડકાના ફોસ્ફરસને

લઈને ચમક દેખાય. જોયુ છે? સ્મશાનમાં બાળી આવેને પછી હાડકા પડ્યા હોયને. ફોસ્ફરસ. શું કહેવાય એ? ફોસ્ફરસ. .. એમ લાગે ... ભૂતડા થાશે. ભૂતડા છે નહિ. ઓલા હાડકા પડ્યા હોયને એમાં ફોસ્ફરસ છે. એમ આ જગતના હાડકામાં ફોસ્ફરસમાં ... આહા..હા..! સ્મશાનના હાડકા છે. આહા..હા..! એ ચમકમાં અજ્ઞાની ચમકાઈ જાય છે, આકર્ષાઈ જાય છે. જ્ઞાની એ ચમકમાં આકર્ષાતો નથી એમ કહે છે.

કેમ? કે '**જ્ઞાનવૈભવ અને વિરાગતાના બળથી...**' આહા..હા..! વૈભવ .. સ્વરૂપમાં. સમજાણું કાંઈ? કુંદાકુંદાચાર્યે કહ્યું છેને પાંચમી ગાથામાં, હું આ સમયસારને નિજવૈભવથી કહીશ. આહા..હા..! પ્રભુ! તમારી પાસે વૈભવ ક્યાં આવ્યો એ? મુનિ દિગંબર ત્યાગીને. પ્રભુ! અમે અમારા નિજવૈભવ. અંદરમાં આનંદ અને શાંતિ પ્રગટી છે એ અમારો નિજવૈભવ છે. આ અજ્ઞાનીઓના ઘરવખરામાં, પાંચ-પાંચ, દસ-દસ લાખના ઘરવખરા હોય એમાં શું કહેવાય એ? ફર્નિચર ને આહા..હા..! ગયા હતા ને મુંબઈમાં. ખબર છે? .. ગયા હતા. રસિકભાઈ... ગૃહસ્થ છે. બંગલા મોટા છે. .. પાંચ લાખનો તો ઘરવખરો હશે. શું કહેવાય? ફર્નિચર. અરેરે..! કીધું આમાંથી નીકળવું આકરું પડશે. પાંચ લાખ રૂપિયા. ... અને ઓલા છોકરા પાસે ગયા હતા નહિ? .. એક છોકરો છે. વિજય.. ત્યાં ગયા હતા. એને કાંઈક કહ્યું કીડની ... પછી આહાર કરો. અરેરે..! આ શું? એકકોર આ ... એકકોર આ ..માં પડ્યા છે. આહા..હા..! બેય સ્મશાનના હાડકા છે. આહા..હા..!

.... આહા..હા..! સમજાણું કાંઈ? એ અહીં કહે છે. '**જ્ઞાનવૈભવના અને વિરાગતાના બળથી વિષયસેવનના નિજફળને ભોગવતો નથી...**' આહા..હા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## માગસર વદ-૧૫, સોમવાર, તા. ૨૦-૧૨-૧૯૭૬, કળશ-૧૩૫, ગાથા-૧૯૭, પ્રવચન નં. ૨૬૭

સમયસાર, ૧૩૫ કળશ. કારણ કે આ ધર્મી પુરુષ. ધર્મી એટલે જ્ઞાની. પાછું એમ કોઈ કહે કે એ તો જ્ઞાની જુદી વસ્તુ અને ધર્મી જુદી વસ્તુ, જ્ઞાની તો જેને બહુ જ્ઞાન હોય એ જ્ઞાની કહેવાય—એમ નથી અહીં. અહીં તો સમ્યક્ ચૈતન્યસ્વરૂપ આનંદ ને જ્ઞાનનો ભંડાર એનો અનુભવ થયો એ જ્ઞાની. જેને આત્માના અતીન્દ્રિય સુખનું વેદન થયું, એમાં પ્રતીતિ થઈ તેને અહીં જ્ઞાની અને સમકિતી કહે છે.

**શ્રોતા :-** જ્ઞાની કહો એ બરાબર છે, પણ ધર્મી કેમ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**. ધર્મી એ માટે તો કહ્યું છે. લોકો એમ કહે બહુ જાણપણું હોય એ જ્ઞાની, એમ નથી. અહીંયાં તો આત્માનું જ્ઞાન થયું એ જ્ઞાની ને ધર્મી. આહા..હા..! અને તે પણ એના સ્વના કાળે જ્ઞાન થયું. એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં સ્વીકાર થતાં એને સમ્યગ્જ્ઞાન થયું એને ધર્મી કહો, જ્ઞાની

કહો, સમકિતી કહો, અબંધ સ્વભાવના પરિણમન કરનારો કહો એ બધું એક છે. આહા..હા..! અરે..!

એ '**જ્ઞાની પુરુષ...**' પુરુષ શબ્દે આત્મા. સ્ત્રી હો દેહથી, પુરુષ હો દેહથી એ કાંઈ આત્મા નથી, એ તો ભિન્ન ચીજ છે. આહા..હા..! જ્ઞાની આત્મા. લ્યો, અહીં શબ્દ ફેરવ્યો. આમાં જ્ઞાની કહ્યો અને આણે વળી પુરુષ કીધો. ધર્માત્માપુરુષ '**વિષયોને સેવતો છતો...**' આહા..હા..! '**જ્ઞાનવૈભવ અને વિરાગતાના બળથી...**' આહા..હા..! જ્ઞાનવૈભવ અને વિરાગતાના બળ એ બેય ઠેકાણે લેવું. જ્ઞાનવૈભવના બળથી. આહા..હા..! જ્યાં આત્મા આનંદમૂર્તિ પ્રભુ, એનું જ્યાં આગળ ભાન થયું એ જ્ઞાનમાં આત્માનું જ્ઞાન થયું. એને અહીં જ્ઞાની (કહે છે). આહા..હા..! તે જ્ઞાનવૈભવના બળથી. આહા..હા..! અને '**વિરાગતાના બળથી...**' જ્ઞાનવૈભવના અનુભવના બળથી અને અશુદ્ધિના અભાવના બળથી. આહા..હા..! આવી વાત છે. '**વિષય સેવનના નિજફળને ભોગવતો નથી...**' આહા..હા..! વિષય સેવનના રંજન પરિણામ એને થતાં નથી. આહા..હા..! નિજફળ એટલે વિષય સેવવાનું નિજફળ શું? કે રંગ-રાગના પરિણામ. વિષય સેવનમાં રાગનો પ્રેમ થવો એવો ભોગવટો નથી. આહા..હા..! અશુદ્ધતાથી ઉદાસ છે અને પૂર્ણાનંદ તરફના અસ્તિત્વનું વેદન છે. આહા..હા..! આવી વ્યાખ્યા પણ કઠણ (લાગે) માણસને. એટલે માણસ કહે, આ નવો ધર્મ કાઢ્યો એમ કહે. એય..! શેઠ! એમ કહે છે. શું કરે ભાઈ! માર્ગ બાપા આ છે, ભાઈ! આહા..હા..!

અરે..! દુઃખને પંથે તો અનાદિથી પડ્યો છે. રાગ ને નિમિત્ત એ મારી ચીજ છે, એ તો મિથ્યાત્વ ભાવમાં તો અનાદિથી પડ્યો છે. એ ચોર્યાસીના અવતાર ભવસિંધુમાં અનંત કર્યા ભાઈ! હવે તો આ ચૈતન્યસિંધુ જાગ્યો છે. ભવસિંધુનો અભાવ થઈ... આહા..હા..! 'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં' આવે છેને? આહા..હા..! 'કહૈ વિચચ્છન...' એટલે ધર્મી. 'કહૈ વિચચ્છન પુરુષ સદા મૈં એક હૌં, અપને રસસૌં ભર્યો આપની ટેક હૌં' આહા..હા..! એ ગાથા છે, કળશ છે અમૃતચંદ્રાચાર્યનો, એનું આ સમયસાર નાટક(નું પદ છે). આહા..હા..! ધર્મી એમ જાણે છે કે 'કહૈ વિચચ્છન...' વિચિક્ષણ એને જ કહીએ. સંસારના ડાહ્યા ને વિચિક્ષણ એ બધા મૂર્ખાઈમાં ખપે છે. આહા..હા..! જેને ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ એનો અનુભવ થયો.. આહા..હા..! એ વિચિક્ષણ કહેવામાં આવે છે. એ વિચિક્ષણ એમ કહે છે, 'સદા મૈં એક હૌં. અપને રસસૌં ભર્યો...' આનંદ અને જ્ઞાનના રસથી ભરેલો, અનાદિ ટેક--અનાદિથી મારી ચીજ એવી છે. 'મોહકર્મ મમ નાંહિ.' એ રાગ એ મારું સ્વરૂપ નહિ. આહા..હા..! 'મોહકર્મ મમ નાંહિ, નાંહિ ભ્રમકૂપ હૈ.' એ ભ્રમણાનો કૂવો છે. આહા..હા..! 'સુદ્ધ ચેતના સિંધુ હમારૌ રૂપ હૈ.' આહા..હા..! આવી વાત. ભવસિંધુ છેદવા માટે 'સુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહા..હા..! એમ જ્યાં દૃષ્ટિમાં, જ્ઞાનમાં એ ચીજ જ્યાં જણાણી, એના સ્વાદ આગળ કહે છે કે વિષય સેવન કરતાં થકા વિષયનું ફળ જે રાગરંજન અને એનું બંધન એ એને થતું નથી. આહા..હા..!

'**ભોગવતો નથી...**' વિષય સેવનનો રસ જે રાગરંજન એવા પરિણામથી ભોગવતો નથી એટલે ભોગતો નથી. આહા..હા..! ઝીણી વાત, બાપુ! આ તો જન્મ-મરણના અંતની વાતું છે, ભાઈ! લોકોને એમ થાય છે કે નિમિત્તથી કાંઈ થાય આત્મામાં તો એણે સાચું માન્યું કહેવાય. આજે આવ્યું છે

જૈનદર્શનમાં. અહીંનો દોષ ઘણો કાઢ્યો છે કે આ લખાણ આમ છે અને અર્થ આવો કરે છે. લખાણ આમ (છે). કર્મથી થાય.. કર્મથી થાય.. આવ્યું હોયને. ત્યાં કહ્યું હોય કે ભાઈ એનાથી થતું નથી, એ તો નિમિત્ત છે, થાય છે તો પોતાથી. આહા..હા..! પણ એ વાત નહોતી. એ ક્યાંય નહોતી. આહા..હા..!

**શ્રોતા :–** શબ્દ નથી બદલ્યો, ધર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનું વસ્તનું સ્વરૂપ જ આ છે. ભાઈ! તને એમ લાગે કે જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાઈ ગયું. બાપુ! જ્ઞાનાવરણીય તો જડ છે, એનો ઉદય જડ છે. ભગવાનના રાગના વેદનમાં જડનું વેદન છે નહિ. જડને અડતો નથી આત્મા, તેમ જડ આત્માને અડતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ કરવાનું આ છે. નહિતર તો હેરાન થઈને મરી જાઈશ, બાપુ! આહા..હા..! કહે છે કે જ્ઞાનાવરણીએ જ્ઞાનને રોક્યું એમ નથી, પણ જ્ઞાનની હીણીદશા ભાવકર્મથી પોતાની થઈ ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવામાં આવે. આવો લાંબો અર્થ કરવો પડે. આહા..હા..! એને નિમિત્તથી થાય કર્મથી બેસે તો એમ કે સાચી વાત કહેવાય. નહિતર આ ભગવાનના દર્શનથી પણ પરિણામ નિમિત્તથી થાય સારા એ વાત ઊડી જાય છે એની. પણ એનાથી થતાં જ નથી. આહા..હા..! એ તો જેના શુભ પરિણામ થાય તેને નિમિત્ત કહેવામાં આવે. આમ છે. નહિતર તો ભગવાન ઉપર ચકલી આવે. અહીં તો કર્યું છે ઓલું કાચનું. પણ ખુલ્લું હોય છે ત્યાં ચકલા ઈયળુ ખાઈને બેસે માથે. એનાથી પરિણામ થતા હોય તો એને થવા જોઈએ. આહા..હા..! હવે તો ઓલો કાચ નાખ્યો છેને. ત્યાં પણ નાખ્યો છે નહિ? મંદિરમાં નાખ્યો છે. સમવસરણમાં નથી. આ ખુલ્લી છેને નીચે પ્રતિમા ચાર માનસ્તંભમાં તો કાગડા ગરે છે અંદર. ઉપર તો હજી ઓલું કર્યું છે, જાળી કરી છે. નહિ? નીચે નથી ને? એ તો હોય એથી શું? આહા..હા..! બાહુબલની પ્રતિમા લ્યો. ત્યાં આવીને માથે કાગડા બેસે. ખુલ્લી છે તો શું કરીએ? આહા..હા..! સરકારે તાબે કરી છે. એમ કે આવી ચીજને કોઈ બગાડી નાખે નહિ. સરકારે તાબે લઈ લીધી છે. આવી ચીજ છે જૂની આવી કળા. બાહુબલી. આહા..હા..! વેલડીએ વીંટાણા પણ અંદરમાં એને આનંદનો અનુભવ છે. આહા..હા..! એક આટલું શલ્ય રહી ગયું, આહા..હા..! કે આ જમીન છે એમાં હું છું. પણ જમીન ભરતની નથી અને તારી પણ નથી. આહા..હા..!

જ્ઞાનનો વૈભવ. જ્ઞાનનો વૈભવ એટલે? ચૈતન્યનું જ્ઞાન થયું, આનંદનું જ્ઞાન થયું એ જ્ઞાનમાં આનંદ ને જ્ઞાનની વિચિક્ષણતા વ્યક્ત પ્રગટ થઈ એ જ્ઞાનનો વૈભવ છે. આહા..હા..! '**અને વિરાગતાના બળ.**' એ બેય ઠેકાણે લેવું. જ્ઞાનવૈભવના બળથી અને વિરાગતાના બળથી. આહા..હા..! એને ક્યાંય જ્ઞાનીને રસ ઉપજતો નથી. ઈન્દ્રાણી હોય.. ચક્રવર્તીને, સમકિતીને. સમકિતી છેને ઈન્દ્ર. ક્યાંય રસ ઉપજતો નથી. રસ જેમાં છે ત્યાંથી ખસતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત.

'**તેથી આ (પુરુષ) સેવક છતાં અસેવક છે...** ' ઓલા લોકો એમ કહે છેને કરે છતાં અનાસક્તિથી કરે છે. એમ કહે છે આ ગીતામાં. અનાસક્તિથી કરાય જ નહિ. કરવું એ જ વાત નથી અહીં તો. અહીં તો એમાં રાગનો રસ નથી. કરે અને વળી અનાસક્તિ રહે એમ બે ક્યાંથી આવે? આ

તો કરતો નથી, પણ પરિણામમાં નબળાઈથી થઈ જાય છે એનું કર્તૃત્વ સ્વીકારતો નથી, એ તો પરિણમનમાં થાય એને જાણે છે. આહા..હા..! ભારે વાતુ, બાપુ! ભાઈ! આ તો જન્મ-મરણના અંતના કાળ આવ્યા. આવા વખતે આવા ટાણે... આહા..હા..! એ આ નહિ કરે તો પ્રભુ કે દિ' કરશે? ચોર્યાસીના અવતાર અનંતકાળથી કરે છે. આહા..હા..! નાના-નાના બાળકને હાર્ટફેઈલ થઈ જાય છે. નહિ? ઘણા વર્ષ પહેલાં સાંભળ્યું નહોતું? છોકરો નહિ? ગુલાબબહેનનો નહિ કોઈ? શિહોર. એના સાસરામાંથી કોક હતું નહિ. આઠ વર્ષનો નિશાળે જતો હતોને હાર્ટ ફેઈલ થઈ ગયું. પગથિયા ચડતો હતો. એ તો ઘણાં વર્ષની વાત. અહીં તો આવી હોય એ કાંઈ જાય છે અંદરથી.

**શ્રોતા :-** પોરબંદરનો છોકરો હતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોરબંદરનો છોકરો એને તો વળી વ્યાધિ હતી. આપણી બોર્ડિંગમાં એક છોકરો હતો પોરબંદરનો. બોર્ડિંગ હતીને. આમ જરી બહાર નીકળ્યો ત્યાં હાર્ટ ફેઈલ થઈ ગયું. ૧૪-૧૫ વર્ષની ઉંમર. આ છોકરો તો હતો કાંઈક, ગુલાબબહેનના સાસરામાંથી કોક છે. ગુલાબબહેનના સાસરામાં કુટુંબમાં છે કોક, એવું સાંભળ્યું હતું તે દિ'. ૮-૧૦ વર્ષનો. ભણવા જતો હતો નિશાળે. પગથિયા આમ ચડ્યો.. હાર્ટફેઈલ. આહા..હા..! દેહ તો એવો છે, બાપુ! એને કાંઈ દેહને માટે નાની ઉંમર છે માટે દેહ ન છૂટે? નિરોગી હોય તો દેહ ન છૂટે? એ તો જડની અવસ્થા તે કાળે છૂટવાનો સમય તે છૂટે જ છે. ધર્મીને તેનો શોક પણ નથી અને શરીરનો સંયોગ (થાય) તેનો એને હરખ નથી. આહા..હા..! તો પછી વિષયના સેવનમાં એને રાગનો રસ નથી, રસ ઊડી ગયો છે. આહા..હા..! આત્માના આનંદના રસ આગળ રાગનો રસ ઊડી ગયો છે, ફીક્કો થઈ ગયો છે. આહા..હા..!

એ સેવક છતાં અસેવક છે. ઓલો અનાસક્તિથી કરવું એ જુદું અને આ જુદું. ગાંધીજીની લાઈન એ હતીને અનાસક્તિથી કરવું. કરવું એ જ મિથ્યાત્વ ભાવ છે, પરનું કરવું. આહા..હા..! અહીંયાં તો સેવક છે રાગાદિ આવ્યો છે, સેવે છે છતાં એનો રસ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એક દવા છેને, કીધું નહિ વૈદની? આ કમળો થાયને કમળો? પીળા, પીલિયા. એની એક દવા થાય છે. બહુ ગંધાય.. ગંધાય તે કેવી કૂતરાની વિષ્ટા જેવી. છે ઔષધિ ઔષધ. પણ આમ મોઢે ન લેવાય. પણ કમળાના રોગીને વૈદ એ આપે. એ તો એકદમ અંદર નાખી દે. એમ એને રસ નથી ધર્મીને. આહા..હા..! અજ્ઞાનીને એમાં રસ છે, રાગનો પ્રેમ છે, રાગનો રસ છે, એમાં મીઠાશ વેદે છે. આહા..હા..!

એટલે અહીં કહે છે કે '**સેવક છતાં અસેવક છે (અર્થાત્ વિષયોને સેવતા છતાં નથી સેવતો)**.' હવે આ બેસે વાત તે આકરી પડે. એ.. આ તો જ્ઞાનીનો બચાવ કરે છે. બાપુ! એમ નથી, વસ્તુનું સ્વરૂપ એમ છે. આહા..હા..! માતા ૪૦ વર્ષની ઉંમર હોય જુવાન. દીકરો ૨૦ વર્ષનો હોય. એની આંખ આમ જાય તો એ શરીરના અવયવ જોતો હશે? આંખ તો પડી છે એના ઉપર. જેમ ભીંત ભાળે છે એમ ભાળે છે. બાકી કાંઈ આ સ્તન છે કે આહા..હા..! આ તે શું ચીજ છે! સમજાણું કાંઈ? જનેતા નવ મહિના, સવા મહિના પેટમાં રહ્યો એ માતાના અવયવ ઉપર આંખ છે? આહા..હા..! એને રસ માતા જનેતા છે આ. એને રાગનો રસ ઊડી ગયો છે એમાં. આહા..! જોવામાં, આંખમાં જોવામાં

ફેર છે. શેઠ! અજ્ઞાની એના અવયવોને દેખીને રાગ કરે છે, જ્ઞાની ધર્માત્મા દીકરો એકલો હોય પણ એને દેખતા એ કાંઈ દેખતો નથી. એ તો સામાન્ય-સામાન્ય દેખે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ધર્મી તેને કહીએ... આહા..હા..! જેને આત્માના રસ આગળ રાગને સેવતો છતાં અસેવક કહીએ કહે છે. આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાન અને વિરાગતાનું એવું કોઈ અચિંત્ય સામર્થ્ય છે...**' જોયું! સમ્યગ્જ્ઞાન જે ચૈતન્યસ્વરૂપનું જ્ઞાન, આત્મજ્ઞાન. એમ કહ્યું છેને, એને આતમજ્ઞાન કહ્યું છેને? રાગનું જ્ઞાન ને વ્યવહારનું જ્ઞાન એમ નથી, તેમ આત્માની પર્યાયનું જ્ઞાન એમ પણ નથી કહ્યું. શું કહ્યું છે એ? આત્મજ્ઞાન. આત્મા જે પદાર્થ છે, આહા..હા..! એનું જ્ઞાન. ત્યાં એમ નથી કહ્યું કે પર્યાયનું જ્ઞાન, આત્માની પર્યાયનું જ્ઞાન. આહા..હા..! આત્મવસ્તુ ચૈતન્યબ્રહ્મ ભગવાન, એનું જ્ઞાન. જ્ઞાનની પર્યાયમાં એનું જ્ઞાન. આહા..હા..! એવું જ્ઞાન એને વૈરાગ્ય અશુદ્ધતાના તરફથી પાછો ખસી ગયો છે. આહા..હા..! અસ્તિ તરફમાં જ્ઞાનનું અસ્તિત્વ, નાસ્તિ તરફ અશુદ્ધતાની નાસ્તિ. આહા..હા..! એ અચિંત્ય સામર્થ્ય છે. એ કોઈ કલ્પનામાં આવે સાધારણ માણસને એવું નથી, અચિંત્ય સામર્થ્ય છે. આહા..હા..!

સોગાનીએ જરી કહ્યું હતુંને. પોતે ઘણાં લાખોપતિ છોકરા. બાપુ! મારું મન હવે ઉઠી ગયું છે બધેથી. મને ક્યાંય રસ રહ્યો નથી. બે ટંક શરીર નભાવવા ભોજન આપજો. છે પ્રસ્તાવનામાં. આહા..! હું પંગુ થઈ ગયો છું. મારી હવે પરપદાર્થમાં રસની પ્રીતિ ઊડી ગઈ છે. એ દ્રવ્યદષ્ટિપ્રકાશમાં છે. હું પંગુ છું, પંગુ છું, પાંગળો છું. આહા..હા..! જગતના કોઈ કાર્ય કરવાને મારી બુદ્ધિ રહી નથી હવે. બે વખત આહાર આપો શરીર નભાવવા. આહા..હા..! ઘણા લાખો પતિ. મન ઊડી ગયું અંદરથી. એ આત્મજ્ઞાન અહીં થયું. પંડિતજી! .. કહ્યું, ભાઈ! રાગ અને વિકલ્પ ને આત્મા જુદી ચીજ છે. આહા..હા..! ઘણાં શાસ્ત્ર વાંચેલા, ઘણા બાવા જોગી, જૈનના સાધુ આદિનો બહુ સંગ કરેલો. આહા..હા..! પણ એને આટલું કહ્યું કે ભાઈ! રાગની દિશા પરતરફનો રાગ અને સ્વભાવની દશા અંતર્મુખ બે તદ્દન ચીજ જુદી છે. આહા..હા..! બસ એના ઘોલનમાં સાંજથી સવાર સુધી ઘોલન. એ સવાર પડ્યા પહેલાં સમ્યગ્દર્શન, આત્માનો અનુભવ વેદન કરીને ઊઠી ગયા. એક રાતમાં. પોતાને કરવાનું છે કે કોઈ કરી દે એવું છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે '**સેવતો હોવા છતાં તેને સેવનારો કહી શકાતો નથી,...**' આહા..હા..! '**કારણ કે વિષયસેવનનું ફળ જે રંજિત પરિણામ...**' એમાં રાગનું થવું પ્રેમનું '**તેને ભોગવતા નથી– પામતો નથી.**' આહા..હા..! એ રાગના રસના પરિણામને પામતો નથી. આહા..હા..!

'હવે આ જ વાતને પ્રગટ દૃષ્ટાંતથી બતાવે છે :—' ૧૯૭.

सेवंतो वि ण सेवदि असेवमाणो वि सेवगो कोई।
पगरणचेट्ठा कस्स वि ण य पायरणो त्ति सो होदि।।१९७।।
સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,
પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.

આહા..હા..! ગાથા પણ..

'**ટીકા :- જેમ કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં...**' આ લગ્ન હોય છોકરાના કે દાડો હોય મોટો પિતાજીનો ૧૦-૨૦ હજાર ખર્ચતો હોય. હવે એક માણસને કામ સોંપ્યું એ કામમાં પ્રવર્તે. '**છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ...**' એનું ધણીપણું નથી. એ કામ તો એને શેઠ વતી કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**પ્રકરણનું સ્વામીપણું નહિ હોવાથી પ્રાકરણિક નથી...**' આહા..હા..! '**અને બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો...**' શેઠ હોય એનો દીકરો પરણતો હોય અને એમાં પ્રવર્તે નહિ પોતે. સમજાણું? '**છતાં પ્રકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે,...**' એ કાર્યનો સ્વામી હોવાથી એ કાર્ય એનું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ આ બન્યું હતુંને લીંબડીમાં નહિ? લીંબડી. છોકરાનો મામો. છોકરાના લગન હતા એના ભાણેજના. સારું કુટુંબ શેઠિયાનું. પછી એને કાંઈક કહ્યું કે બીજા લોકો કહે કે દૂધપાક કરો લગનમાં. તમારા વિશાશ્રીમાળી. ગાંધી કુટુંબ? આ લલ્લુભાઈને એ. એ સંઘવી માયલું છે. સંઘવી માયલું છે. એ કામ કરતાં-કરતાં એને એમ કહ્યું કે ભાઈ મને કામ સોંપો છો, પણ હું તો કહું છું કે તારી જાન આવવાની છે માટે દૂધપાક કરો. બીજાએ ના પાડી. કારણ કે માણસ સો આવે, દોઢસો આવે કેટલાકને આપણે દૂધપાક પીરસશું? થયું હતુંને? અને એ ચીજ એવી નથી કે મણ, અધમણ કંદોઈને ત્યાંથી તરત લઈ અવાય. પેંડા કે એવું હોય તો લવાય. દૂધપાક ન લવાય. એ દૂધપાક માટે બીજાઓ કહે કે ના અને આ કહે કે હા. એમાં વાંધા પડ્યા ભાઈ. રાતે ઝેર પીને મરી ગયો. બન્યું છેને એવું. લીંબડીમાં બન્યું છે એવું વિશાશ્રીમાળીમાં. ધાર્યું ન થયું અને દૂધપાક ન કર્યો અને બીજી ચીજ કરી. કામ કરનારો એને સોંપ્યું હતું કામ. એનો મામો થાય છે. છોકરાનો મામો, છોકરાના લગન હતા. તો એનો મામો કામ બધું પ્રકરણ આ. કામ કરતો. આહા..હા..! ધાર્યું ન થયું. ઓલા લોકોને એમ કે ભાઈ દૂધપાક કરશું અને ૨૫-૫૦ માણસ વધારે આવી જાય તો દૂધપાક બે મણ, પાંચ મણ કર્યો હોય ને પછી એને ઠેકાણે શું? કાં શેરો કરવો પડે અને કાં પેંડા લાવવા પડે. દૂધપાક એટલાને પહોંચે નહિ. એના ધાર્યા હોય પ્રમાણે એટલા આવે. એના વાંધા ઉઠ્યા તો એનો મામો ઝેર પીને સુઈ ગયો. આહા..હા..! ધણીપતું માન્યું હતુંને. મેં આ કામ કર્યું, મને સોંપ્યું હતું ને મારા ધાર્યા પ્રમાણે તમે નહિ કરો. આહા..હા..! આ તો બધા દાખલા બનેલા હોં! આહા..હા..!

અહીં એ કહે છે '**જે કોઈ પુરુષ કોઈ પ્રકરણની ક્રિયામાં પ્રવર્તતો હોવા છતાં પ્રકરણનું સ્વામીપણું નહિ...**' ધણીપતું નથી. ધણી તો એનો એ દૂધપાક કરવો એનો બાપ એ હતો. આ તો એનો મામો હતો હુશિયાર એટલે એને સોંપેલું કામ. આહા..હા..! પ્રાકરણિક થતાં એ કામનો કરનારો ન કહીએ, એ તો સ્વામી નથી. '**બીજો પુરુષ પ્રકરણની ક્રિયામાં નહિ પ્રવર્તતો...**' એ છોકરાના લગનનો બાપ એ પ્રવૃત્તિમાં ન પડે એટલી સાધારણ બુદ્ધિ હોય અથવા આ હુશિયાર માણસ બધું જાળવી શકશે. '**પ્રાકરણનું સ્વામીપણું હોવાથી પ્રાકરણિક છે,...**' એ કરતો ન હોય પણ એ સ્વામી એ છે. આહા..હા..!

'તેવી રીતે...' એ દૃષ્ટાંત થયો. '**સમ્યગ્દૃષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને સેવતો હોવા છતાં...**' આહા..! આ આકરી વાત. આહા..હા..! જેને દૂધપાકના સ્વાદ આવ્યા હોય. દૂધપાક સમજો છો? તમારે ખીર. અમારે ખીર એને કહીએ, એક શેર દૂધમાં નવ ટાંક ચોખા નાખે તો ખીર કહેવાય અને એક શેર દૂધમાં એક રૂપિયાભાર ચોખા નાખે તો એને દૂધપાક કહેવાય. અમારી કાઠિયાવાડની આ રીત છે. આપણે તો સાંભળેલું બધું છે. અહીંયાં કરે કોણ! એક શેર દૂધમાં નવ ટાંક ચોખા. નવ ટાંક સમજ્યા? પાંચ ભાગ. એને ખીર કહેવાય. ઝાઝા ચોખા થયાને. અને એક મણ દૂધમાં ચાલી રૂપિયાભાર ચોખા. પછી ઘૂંટે ત્યારે દૂધપાક કહેવાય. સમજાણું?

'**સમ્યગ્દૃષ્ટિને...**' આહા..હા..! વિષયોનું સેવન હોવા છતાં. એ દૂધપાક ખાય છે ઈ. આહા..હા..! સમજાણું કાંઈ? પણ રસ એને નથી એમાં. નિજરસના સ્વાદ જેને અંદર આવી ગયા છે. આહા..હા..! એ સ્વાદ આગળ વિષયનો સ્વાદ એને ઝેર જેવો લાગે છે. વેશ્યા સાથે રાજા પણ રમે, પણ વેશ્યા રમે છે તો ઓલો પૈસા આપે છે એટલો કાળ. એ ધણી છે? એ વખતે તો ધણી પેઠે વિષય લેતો હોય અને એ પણ આપતી હોય, પણ એ ધણી નથી. આહા..હા..! એમ ધર્મી જીવને આનંદના રસના સ્વામીપણે વિષયના રસનું સ્વામીપણું એને આવતું નથી. આહા..હા..! હવે આ ભારે વાતું આવી લોકોને..! પાઠ શું લીધો છે? પાઠ શું? જુઓ, '**પૂર્વસંચિત કર્મના ઉદયથી...**' લ્યો ભાઈ! શું કીધું? પૂર્વે બાંધેલા કર્મના ઉદયથી. એને સંયોગો મળ્યા, પણ એમાં જે આસક્તિ હતી એ રસ નથી. આહા..હા..!

**શ્રોતા :-** કર્મનો ઉદય જોરદાર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જોરદાર નથી એમ કહે છે. આહા..હા..! આનંદનું જોરદાર અંદર પરિણમન છે. આહા..હા..! કીધુંને, એકવાર દૂધપાકનો સ્વાદ ચાખ્યો હોય એને રાતી જાર થાય, સાંભળ્યું છે? રાતી જાર-જાર—જુવાર. લાલ જુવાર થાય છે. અમારે તો બધા અનુભવ ઘણાં થયેલાને. એકફેરી ૭૬ની સાલ છે. વિઠ્ઠલગઢ છેને. વિરમગામ પાસે વિઠ્ઠલગઢ. વાણિયાના ઘર નહિ અને વિરમગામ જાવું હતું. ૭૬ની વાત છે. ૨૪ ને ૩૩. તે ગામમાં વહોરવા ગયા તો રાતી જારના ફોતરાના રોટલા મળ્યા. વાણિયાનું ઘર નહિ. .. ને ઘરે. રાતી જારના ફોતરા. એ વખતે એ. પણ એ ફીક્કા લાગે એનો રસ ન લાગે, એમ જેને આનંદના રસ આગળ વિષયનો રસ એને ઊડી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! આ વાત પણ. ત્યારે કહે પણ એનું સાધન? શેઠ! આહા..હા..! લલિતપુરનું આવે છે હોં! આમાં પણ આવ્યું હતું. કાંઈ તોફાન થયું નથી, કાંઈ થયું નથી, ઢીંકણું થયું નથી. આજે આવ્યું છે જૈનદર્શનમાં. આ? એ અક્ષરો પડવાના હોય તે કાળે પડે એમાં કાંઈ, એ તો બિચારા ભાવ કરે. આહા..હા..!

કહે છે, '**સમ્યગ્દૃષ્ટિ પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને...**' એક તો એ કે શાતા આદિનો ઉદય હોય ને અનુકૂળ સામગ્રી મળે. એ ઉદય નિમિત્ત છે. એ સામગ્રી તો સામગ્રીના ઉપાદાનને કારણે આવે છે, કર્મથી આવે છે એમ નહિ. કર્મના રજકણ જુદી ચીજ છે, એ રજકણ જુદી ચીજ છે. આહા..હા..! પણ નિમિત્તથી કથન એમ આવે. જોયું! '**ઉદયથી પ્રાપ્ત થયેલા વિષયોને...**' શબ્દ તો આ છે.

**શ્રોતા :-** કર્મના ઉદયથી પ્રાપ્ત થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો અર્થ શું? આહા..હા..!

**શ્રોતા :-** લખ્યું છે એ જ અર્થ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યાનો અર્થ શું છે? કયા અભિપ્રાયથી લખ્યું એ અર્થ જોઈએ. સમજાણું? પુણ્યને લઈને પૈસા મળે એમ કહેવું એ વ્યવહારની વાતું છે. પુણ્યના રજકણ જુદી ચીજ, પૈસો જુદી ચીજ. પૈસો તો એને કારણે પરિણમીને અહીંયાં આવે છે, કાંઈ કર્મને કારણે આવતો નથી, છતાં બોલાય એમ કે પુણ્યના ફળથી મળતી લક્ષ્મી આદિ. એમ બોલાયને? આહા..હા..! નથી પુણ્યનો ઉદય. ખરી જાય ફટ દઈને. કીધુંને. આહા..હા..!

નહોતું કહ્યું એ? .. જેના લગન હતા. જેઠાભાઈ કહેતા. જેઠાલાલ સંઘવી બોટાદવાળા ગૃહસ્થ માણસ. ૪૦-૫૦ લાખ. એમાં કોક હશે ભાટિયો એના લગન છોકરાના, તે મોટી નાત. ઘરદીઠ બેડું. બેડા સમજો છો? હાંડો ને ઘડો. આ બેડા નહિ ત્રાંબાના. ડબલ-ડબલ. હાંડો હોય નીચે અને ઉપર હોય ઘડો બે થઈને બેડુ કહેવાય. બેડુ કહેવાય. ભાષા શું હશે તમારી? બેવડા. નીચે મોટો હાંડો હોય, માથે ઘડો નાનો. એવા બેડાની લ્હાણી કરી આખી નાતમાં ભેટ. એ વહુને જ્યારે અઘરણી આવી (ત્યારે) હોસ્પિટલમાં જવાના પૈસા ન મળે. ભાઈ કહેતા હતા, જેઠાલાલ સંઘવી કહેતા હતા. મારી પાસે આવ્યો, શેઠ! વહુને આ છે અને અમારે ઘરમાં કાંઈ નથી. હોસ્પિટલમાં મૂકવા કંઈક આપો. આ સ્થિતિ. એ લક્ષ્મી આવતી હતી એને કારણે પણ પુણ્યથી થઈ એમ કહેવાનો વ્યવહાર છે અને પૈસા ગયા અને નથી, એ પાપથી નથી આવ્યા એ પણ વ્યવહાર છે. એ તો પરમાણુને તે કાળે ત્યાં આવવાનું નહોતું એ એનું ઉપાદાન છે.. આહા..હા..! હવે આવી લાંબી-લાંબી વાતું ન સમજે તો શું થાય, ભાઈ? આહા..હા..! હવે કહે છે, તમારા ધર્મનું નામ બીજું આપો. દિગંબર ધર્મ નહિ. આ સ્વતંત્ર અમારો ધર્મ છે, દિગંબરનો નહિ; પણ ખરેખર દિગંબર ધર્મ જ આ છે. તમે માનો છો એ દિગંબર ધર્મ જ નથી. બીજું શું થાય? બિચારા એને બેઠું હોય એટલે. અંદર બેઠું હોય અંદર અભિપ્રાય આત્મા થઈ ગયો. હવે એ આત્મા કેમ ફેરવે? આહા..હા..!

'**પૂર્વસંચિત કર્મના ઉદયથી...**' એમ શબ્દ છે. શું થયું? પ્રાપ્ત સામગ્રી. શું થયું? પ્રાપ્ત થયેલા વિષયો એટલે સામગ્રી. એટલે કે એ વખતે સામગ્રી તો પોતાના ઉપાદાનને કારણે આવી છે, પણ એને નિમિત્ત કોણ હતું? કે પૂર્વનું કર્મ. આહા..હા..! પણ નિમિત્ત છે એ પૂર્વનું કર્મ ઉદય આવ્યું માટે પૈસા એણે ખેંચ્યા એમ નથી. એ પરમાણુ સ્વતંત્ર તે તે સમયની પર્યાયે પોતાથી પરિણમીને ગતિ કરે છે. આહા..હા..! આ વાત! એટલે આ લોકોને વાંધા ઉઠે છે. કર્મના નિમિત્તથી આ થાય, ભગવાનના નિમિત્તથી થાય, આમાંથી થાય, આનાથી થાય, ઊડી જાય છે એ વાત. માટે અમારો ધર્મ એ નથી. અરે..! ભગવાન! આહા..હા..! અરેરે..! માંડ ટાણા આવ્યા, બાપુ! ત્યાં ફરીને ઊભો રહે છે તું. આહા..હા..!

'**પૂર્વસંચિત કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલા...** ' ભાષા. '**વિષયોને...**' સામગ્રી પૂર્વના કર્મને

લઈને મળી. શાતાવેદનીય આદિ બંધાયેલી છે એને લઈને સામગ્રી નિમિત્તથી મળી એમ કહેવામાં આવે. આવી છે તો પોતાના પરમાણુદીઠ પોતાની પર્યાયને કારણે ત્યાં આવી છે. આહા..હા..! એ '**વિષયોને સેવતો હોવા છતાં...**' હવે ત્યાં ગયો પાછો. એક તો પૂર્વ સંચિત કર્મનું નિમિત્ત અને સામગ્રી આવી પોતાને કારણે, હવે એને કારણે વિષય આવ્યા એમ કહેવામાં આવ્યું. હવે એક વાત. '**એને સેવતો હોવા છતાં...**' હવે પરની સેવા. પણ પર તરફમાં જરી રાગનો ભાગ આવ્યો, એ ભાવને સેવે છે એથી એ સામગ્રીને સેવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગાથાદીઠ વાંધા ઉઠે. તમારે ફરવું પડશે આમાં બધામાં. બધાને ભેગા કરો, રામજીભાઈ ને ખીમજીભાઈ ને નેમચંદભાઈ ને બાબુભાઈએ ત્રણેને નાખ્યા છે આમાં જૈનદર્શનમાં. નાખો ત્રણની સાથે કરો ચર્ચા. તમારું બધું ખોટું છે. કાનજીસ્વામી ન આવે. અરે..! ભગવાન! બાપુ! શું કરે છે, ભાઈ?

**શ્રોતા :-** ચર્ચા થઈ ગઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચર્ચાઈ ગઈ છે. એ તમારે ચર્ચા નહોતી છાપવી માટે આ લોકોએ છાપી. ભાઈ! તારી ચીજ તને જે બહારની મળે એ પણ એના ઉપાદાનને કારણે આવી છે, એને કર્મના નિમિત્તથી કીધું એ વ્યવહારનું વચન છે અને પછી વિષયને સેવે છે. ખરેખર તો રાગનો અંશ છે એને સેવે છે એમ કહે છે, છતાં સેવતો અસેવક છે. '**છતાં રાગાદિભાવોના અભાવને લીધે...** ' આહા..હા..! જેને આત્માના આનંદના રસ આવ્યા છે, ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ જિનેશ્વરે જોયો એવો જેણે અંદર જોયો... આહા..હા..! અતીન્દ્રિય આનંદનો રસકંદ, એના સ્વાદમાં ધર્મીને વિષયનો સ્વાદ લૂખો અને ઝેર જેવો લાગે છે. આહા..હા..! ભારે કામ ભાઈ આવું! આહા..હા..! સમજાણું કાંઈ? આ ભગવાન ત્રિલોકનાથ કહે છે તે આ વાણી મુનિ કહે છે. આહા..હા..!

**શ્રોતા :-** એના અર્થમાં વાંધા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અર્થમાં તો કીધુંને આ કઈ નયનું કથન છે એ ન સમજે તો. દરેક શબ્દનો શબ્દાર્થ, એનો આગમાર્થ, એનો નયાર્થ કરવો જોઈએ કે આ વ્યવહારનું વચન છે કે નિશ્ચયનું છે? અને પછી એનું તાત્પર્ય કાઢવું જોઈએ, રહસ્ય કાઢવું જોઈએ. આહા..હા..! એ તો ઠેકઠેકાણે વચન છે. સમયસારમાં છે, દ્રવ્યસંગ્રહમાં છે. આહા..હા..! ટૂંકી રીતે ભાઈએ ખુલાસો નથી કર્યો? હિંમતભાઈએ કર્યો છે ખુલાસો પંચાસ્તિકાયમાં. લાંબુ-લાંબુ બોલવા એ કરતા ટૂંકે વચન કરીને આ બોલ્યા. એમ કહેવું કે પૂર્વના કર્મનો ઉદય નિમિત્ત અને સામગ્રી આવી પોતાને કારણે એમાં રાગ થયો પોતાને કારણે, એને સેવે છે તેને અસેવક કહીએ. આહા..હા..! કહો, કાંતિભાઈ! એવું લખાણ આવે તો પાર ન આવે. આહા..હા..! બોલાય ભાષા તો એમ જ બોલાયને ઘીનો ઘડો. એટલે? ઘીનો ઘડો છે? ઘડો તો માટીનો છે. આહા..હા..!

**શ્રોતા :-** એનું નિશ્ચય કથન જ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનું શું થાય? આહા..હા..! ઘડો માટીનો છે એ નિશ્ચય કથન છે.

સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ એને કહીએ. આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો રસ આવ્યો છે,

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ છે. અરે..! એ ક્યાં હશે એ એને ખબર પડતી નથી. પડદો પડ્યો છેને મિથ્યાત્વનો આડો. ભ્રમણાના પડદા આગળ ભગવાન ભળાતા નથી. આહા..હા..! મોટો દરિયો સમુદ્ર હોય પણ કાંઠે ચાર હાથનું કપડું હોય તો માણસ એ કપડાને દેખે, ઓલું ન દેખે; એમ ત્રણલોકનો નાથ અંદર સચ્ચિદાનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદથી બિરાજમાન છે, આ આત્મા હોં બધાના આત્મા, પણ રાગના પ્રેમના મિથ્યાત્વભાવમાં તે દેખાતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે. આ તો ભાઈ જન્મ-મરણરહિતની વાત છે બાપા! ભવભ્રમણ મળે, શેઠિયા ને દેવ થાય એ પાછા મરીને નરકે જવાના. આહા..હા..! કીધુંને, વૈભવથી મદ ચડે, મદથી મતિ ભ્રમ થઈ જાય. પૂર્વના પુણ્યને લઈને વૈભવ મળે, પાંચ-પાંચ દસ-દસ કરોડ એનો એને મદ ચડે કે અમે પૈસાવાળા, અમે પૈસાવાળા. એનાથી મતિ ભ્રષ્ટ થાય. મરીને જાય ચાર ગતિમાં. શું કીધું?

**શ્રોતા :–** એક પદાર્થ બીજા પદાર્થનું શું કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ કોણે કીધું? મતિ ભ્રષ્ટ પોતે કરે છેને. મદ કર્યો કોણે?

**શ્રોતા :–** આપે કીધું એમ પૈસાથી મદ થયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસાથી મદ એટલે? આહા..હા..! વૈભવ મદ કરાવે તો ચક્રવર્તીને મદ થવો જોઈએ. છ ખંડના રાજા ભરત ચક્રવર્તી, છન્નું હજાર સ્ત્રી જેના ઘરે. કોઈ મારી ચીજ નથી, કોઈમાં હું નથી, હું છું ત્યાં આ નથી. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે હું જ્યાં છું ત્યાં રાગ ને શરીર ને બધી ચીજોનો અભાવ છે અને જે ચીજમાં હું નથી તે ચીજમાં આત્મા નથી. આહા..હા..! એવું વિષયોને સેવતા છતાં.. આવી તો વાત અમૃતચંદ્રાચાર્યની છે.

‘**નહિ હોવાથી અસેવક જ છે...** ’ આહા..હા..! ‘**અભાવને લીધે વિષયસેવનના ફળનું સ્વામીપણું નહિ હોવાથી...**’ દેખો! એ રાગ જરી થાય છે, પણ એનું ધણીપતું નથી. ‘**અસેવક જ છે...**’ ધર્મી જ્ઞાનાનંદ સ્વભાવને જાણનારો એને રાગના તુચ્છ વૈભવમાં પ્રેમ થતો નથી. આહા..હા..! ઈન્દ્રના ઈન્દ્રાસનો, કરોડો અપ્સરાઓ. સમકિતી ઈન્દ્ર છે અત્યારે શક્રેન્દ્ર. ક્યાંય રસ નથી એને. આત્માના રસ આગળ ક્યાંય રસ ભાસતો નથી. એ બધી રાગની વૃત્તિ આવે એને દુઃખ ઝેર દેખે છે, કાળો નાગ દેખે છે. આહા..હા..! કાળા નાગના મોઢામાં આંગળી દેવાનો ભાવ હશે? આહા..હા..!

‘**અને મિથ્યાદૃષ્ટિ વિષયોને નહિ સેવતો હોવા છતાં...**’ ભલે સેવે નહિ. સામગ્રી ન હોય ને સેવે નહિ, પણ અંતરમાં રાગનો રસ અને રાગની રુચિ છે. આહા..હા..! તે ‘**રાગાદિભાવોના સદ્‌ભાવને લીધે...**’ એને તો વિષયસેવનમાં રાગનો પ્રેમ છે. આહા..હા..! અજ્ઞાનીને રાગના રસનો પ્રેમ છે. એ ‘**વિષયસેવનના ફળનું સ્વામીપણું હોવાથી...**’ એ રાગનો ધણી થાય છે, સ્વામી થાય છે, તેથી તે ‘**સેવક જ છે.**’ અણસેવતો સેવક છે અને સેવતો અણસેવક છે. આહા..હા..! આવી વાતું હવે. એ સેવે છે અને તમે નથી સેવતો કહો છો. આ તો જૂઠું છે. બાપુ! એમ નથી, ભાઈ! એને આત્માનો.. ધર્મી એને કહેવાય છે, ધર્મી જીવ એને કહેવાય છે કે જેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય છે. આહા..હા..! આમ જાત્રા કરે ને ભક્તિ કરે ને વ્રત કરે ને તપ કરે માટે ધર્મ થઈ ગયો

(એમ) છે નહિ. એ તો બધો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

રાગના વિકલ્પથી ભિન્ન પડીને જેણે નિર્વિકલ્પ આનંદના સ્વાદને સ્વાદ્યો છે એટલે કે અનુભવ્યો છે.. આહા..હા..! તેને રાગમાં રસ રહેતો નથી. આખી દુનિયા તેને પરપદાર્થ તરીકે ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! આ પહેલી ગાથાઓ બધી કેવી નાખી! સેવતો છતાં અસેવક, ભોગવતો છતાં અભોક્તા. આહા..હા..! ભાઈ! પાઠ તો આવા છે અને તમે અર્થ પાછા બીજા કરો. પણ એ શું કીધું એ? જેને રાગનો ભાવ જરી આવી જાય છે એ કર્મને લઈને નહિ. છતાં પાઠ તો એમ આવી ગયો કે જ્ઞાનીને પણ કર્મનો ઉદય શાતા-અશાતાને ઓળંગતો નથી. આવી ગયું? એને સુખ-દુઃખ પર્યાયમાં વેદાય છે. આહા..હા..! પહેલી ગાથામાં. બીજીમાં આવી ગયું. પહેલીમાં દ્રવ્ય નિર્જરા.

બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો ધર્મ અલૌકિક છે અને એ વાત ક્યાંય વીતરાગ સિવાય ક્યાંય નથી, ક્યાંય નથી. એના વાડાવાળાને ખબર પડતી નથી તો બિચારા શું કરે? આહા..હા..! એ કુંદકુંદાચાર્ય મહારાજ ગાથાઓ તો એમની કહેલી છે, અર્થ અમૃતચંદ્રાચાર્યે કર્યા, મહામુનિ સમર્થ. આહા..હા..! એ એમ કહે છે કે અમારા વૈભવનો અમને જન્મ થયો છે. આહા..હા..! અમારો વૈભવ એ તો આત્મામાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન એ અમારો વૈભવ, અમને પર્યાયમાં એ વૈભવ પ્રગટ થયો છે. આહા..હા..! આ ધૂળના વૈભવ આ પાંચ-પચ્ચીસ લાખ ને ધૂળ ને શરીર રૂપાળું, ધોળું એ તો જડના, માટીના કાંગરા છે બધા માટીના. આહા..હા..! અમને અમારો નિજવૈભવ પ્રગટ્યો છે. તે મુનિની યોગ્યતાવાળો. આહા..હા..! શું વૈભવ? એ આનંદનો રસ જે વૈભવની અમારે અતીન્દ્રિયની મહોરછાપ જેમાં પડી છે. આહા..હા..! એય..! છે? પાંચમી ગાથામાં. આહા..હા..! પાંચમી ગાથામાં છે શેઠ! એ પાંચમી ગાથા છેને. અમારા અંતરવૈભવની મહોરછાપ આનંદની છે. અતીન્દ્રિય આનંદ ઝરે છે. ડુંગરામાંથી જેમ પાણી ઝરે એમ ભગવાન ત્રણલોકનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરેલો એમાંથી અમારી પર્યાયમાં નિજ વૈભવ ઝરે છે આનંદનો. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

વૈરાગ્ય તો જુઓને અન્યમતિમાં થાયને? ભર્તૃહિરની વાત કરીને. ભર્તૃહરિ. વૈરાગ્ય કેટલો? બાણું લાખ માળવો, એને એમ ખ્યાલ આવ્યો અરેરે..! પણ દૃષ્ટિની ખબર ન મળે. આવે છેને નાટકમાં એ? આહા..હા..! બાણુ લાખ માળવાનો અધિપતિ બાવો થઈ જાય છે. આહા..હા..! 'દેખ્યા નહિ કુછ સાર જગત મેં દેખ્યા કુછ નહિ સાર! પ્યારી મારી રાણી પીંગળા અશ્વપાળકુ યાર...' આહા..હા..! આ સંસાર! બાણુ લાખ માળવાનો અધિપતિ, એની રાણી અશ્વપાળની સાથે ચાલે. અરરરર..! આ શું સંસાર આ તે કાંઈ! મને કાંઈ ખબર નહોતી. મોટો ભર્તૃહરિ વૈરાગ્ય.. પુસ્તક બનાવ્યું છે. આહા..હા..! પણ એ વૈરાગ્ય કેવો? બહારનો. અંતરની દૃષ્ટિસહિતનો વૈરાગ્ય નહિ. એ કરતાં રાગની મંદતા કાંઈક હોય. આહા..હા..!

**શ્રોતા :-** એ વખતનો વૈરાગ્ય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ વખતનો ક્ષણિક વૈરાગ્ય એ છે. આ તો વૈરાગ્ય તો આત્માના આનંદનું જ્ઞાન અને અશુદ્ધિનો અભાવ, એવો જે વૈરાગ્ય એના બળથી સેવતા છતાં અસેવક છે. આહા..હા..!

કહ્યું હતુંને સવારે નહિ? ઘણાં નાટકો જોયા છે અમે હોં! એ વખતે તો વૈરાગી નાટક હતા. અત્યારે તો કાળાકેર કરી નાખ્યા છે આ ફિલમ-બીલમ કરીને. એક બાયડી આમ ઊભી હોય અને હાથ નાખીને આમ જોવે. અરરર..! એવા અનીતિના આચરણ. લૌકિક અનીતિના ફોટા મૂકે ગામદીઠ. શું કહેવાય? ચોક-ચોક હોયને બજાર. એક આમ જોવે અને એક હાથ નાખે. અરરર..! આ તે અનીતિના આચરણ. એ વખતે તો વૈરાગ... વૈરાગ.. વૈરાગ...

એક માધવ ...નું ભાઈ નાટક છે. અમે તો બધું જોયેલુંને, ગામમાં આવતા તો પિતાજી કહે જાવ-જાવ. પૈસા લઈ જાવ જોવા જાવ નાટક. આ ૬૩ પહેલાની વાત છે હોં. ૬૩ની સાલ પહેલાં. માધવ .. નું એક નાટક આવે છે મોટું. માધવ હતો અને એક વેશ્યા હતી. પણ નાટક તે વૈરાગ્ય.. વૈરાગ્ય... એ ત્રણ-ચાર વર્ષનો છોકરો હતો એમાં, પણ એવું બોલે, એવું બોલે વૈરાગ્યનું. એ ભૂલી ગયા હવે. ઘણો વખત થઈ ગયોને. પાલેજમાં દુકાન હતીને એટલે રાતે જઈએ. પિતાજી કહે કે જાઓ.. જાઓ.. જોઈ આવો. જોવા જાવ. પૈસા લઈ જાવ. પણ તે દિ' તો ઉંમર ૧૫-૧૬ વર્ષની ઉંમર. ૬૩માં ૧૭ વર્ષની ઉંમર. એ પહેલાંની વાતું છે. પણ એ વૈરાગ્ય છોકરો હતો. તૈયાર કરેલોને. એને કાંઈ ન હોય પણ તૈયાર એવું ગાયન કરેલું તૈયાર. આહા..હા..! સભા તો આમ ... થઈ જાય. વૈરાગ્ય. છોકરો છે ગમે તે. માધવ તો મોટો હતો કોક, પણ એના વતી કોક છોકરો બોલતો હતો. આહા..હા..! પણ એ સ્ત્રીનો વેશ પહેરે છતાં એ તો પુરુષ માને પોતાનેને. એમ જ્ઞાનીને શરીર આદિના ભેખ ગમે તે જાતના હોય, પણ એ મારા નથી. આહા..હા..! નાટકમાં પુરુષ સ્ત્રીનો વેશ પહેરીને આવે. લોકો કહે કે આ સ્ત્રી છે. એ માને કે હું સ્ત્રી નથી, એ તો ખેલ છે મારો ખોટો. આહા..હા..!

એમ ધર્મી જીવને શરીરને સેવકના ખેલ આવે, પણ એ ખેલ ખોટા છે, મારા નથી. આહા..હા..! જ્યાં અમે ખેલમાં રમીએ ત્યાં આ ચીજ નથી અને એ ચીજમાં અમે નથી. આહા..હા..! બાપુ! ધર્મ કાંઈ સાધારણ ચીજ નથી કે આ દયા પાળી ને વ્રત કર્યા ને અપવાસ કરી નાખ્યા ને થઈ ગયા ધર્મ. ધૂળેય ધર્મ નથી. આહા..હા..!

વૈરાગ્ય કેટલો જુઓને ભર્તૃહરિનો. ગુરુએ કહ્યું કે જાઓ! પીંગળા પાસે આહાર લાવો. આહા..હા..! ગયા બાણુ લાખનો અધિપતિ. ભીક્ષા દેને મૈયા પીંગળા. પીંગળા કહે, રાજન! મને મા ન કહો, માતા ન કહો. આહા..હા..! માતા! ભીક્ષા દે, અમે જઈએ છીએ. આહા..હા..! એમાં એક બીજો ખેલ આવે છે ભાઈ! એની છોડી છે જૂની રાણીની. આ તો નવી પીંગળા હતી. જૂની રાણીની છોડી. નામ પણ ભૂલી ગયા. બધું તે દિ' તો બધું યાદ હતુંને. એ એને એમ કહે છે જ્યારે દીક્ષા લે છેને.. આ બાવો થઈ જાય છે. આહા..હા..! બાણુ લાખ માળવાનો અધિપતિ બાવો. એ છોડી એમ બોલે છે, 'મરી ગઈ માત વળી જાઓ તાત, પિતાજી ઓથ કોની છે ઓરમાન માત.' આ તે દિ'નું યાદ છે. જૂનીની દિકરી હતી અને બાણુ લાખ માળવાનો અધિપતિ બાવો થઈ ગયો. છોડી આવીને નીચે (બોલે છે). આ બધું નાટકમાં. એ જૂની એની મા હતી મરી ગઈ અને આ પીંગળા નવી હતી. 'મરી ગઈ છે માત, વળી જાઓ તાત, પિતાજી ઓથ કોની છે ઓરમાન માત.' ઓરમાન સમજો છો?

**શ્રોતા :-** સૌતેલી મા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી રાજા કહે છે, બેટા! હું તો જાવ છું. મેં દિવાનને કહ્યું છે, બેટા તારા લગન કરશે. હું તો હવે રહેવાનો જંગલમાં. હું અહીં રહેવાનો નથી. અને એ વખતે રોવે... રોવે... રોવે.. છોડી રોવે. આહા..હા..! બધા વૈરાગ્યના દેખાવ, પણ એ વૈરાગ્ય બહારનો દેખાવ.

આ તો અંદર ભગવાન આત્માના આનંદનું ભાન જ્યાં છે, એમાં આખી દુનિયા પ્રત્યેની અશુદ્ધતાનો ત્યાગ છે જેને વૈરાગ્યમાં. આહા..હા..! એ સેવક હોવા છતાં અસેવક છે અને મિથ્યાદષ્ટિ છોડે છે બધું. સ્ત્રી, કુટુંબ, પરિવાર છોડી બાવો થાય, પણ જેને હજી દષ્ટિ મિથ્યાત્વ એટલે રાગ ઉપર પ્રેમ છે, એ સેવક નથી બહારનો છતાં એ સેવક છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એનો ભાવાર્થ કહેવાશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧, મંગળવાર, તા. ૨૧-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૭ થી ૧૯૯, કળશ-૧૩૬, પ્રવચન નં. ૨૬૮

સમયસાર, ૧૯૭ ગાથાનો ભાવાર્થ છે. નિર્જરાનો અધિકાર છે. દષ્ટાંત. **'કોઈ શેઠે પોતાની દુકાન પર કોઈને નોકર રાખ્યો. દુકાનનો બધો વેપાર-વણજ-ખરીદવું, વેચવું વગેરે સર્વ કામકાજ-નોકર કરે છે, તોપણ તે વેપારી નથી...'** એના નફા-તોટાનો કંઈ એને નથી લાભ-નુકસાન. એ તો શેઠને માટે છે. દાખલો છે હોં.

**શ્રોતા :-** શેઠ જ હોયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ આ પોતે કરે છે છતાં એ કરતો નથી એમ કહે છે. કારણ કે સ્વામી તો શેઠ છે. રાણપુરમાં એક શેઠ અને નોકર હતા, બે. તો નોકર ઘણું કામકાજ બધું (સંભાળે). શેઠ આવે દુકાને. કંઈક બોલે તો (કહે), વયા જાવ ઘરે તમે. નોકર એમ કહે, અહીં તમારું કામ નથી. તમને ખબર ન પડે. વયા જાવ. તો વયો જાય. એવા નોકર હોય છેને. રાણપુરમાં વાણિયાની દુકાન હતીને. તે નોકર બહુ પાવરધો હુશિયાર બધો ધંધા આદિનો. આને કાંઈ નહિ શેઠને. આવે તો કાંઈ જરી બોલે થોડું દુકાને તો કહે તમારું કામ નહિ શેઠ. ચાલ્યા જાવ અહીંથી.

એમ અહીં કહે છે, દુકાનનો ધંધો, વેપાર બીજો કરે છે-નોકર. **'તોપણ તે વેપારી નથી...'** એના નફા-તોટાનો કાંઈ એને નથી. **'કારણ કે તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો સ્વામી નથી;...'** આહા..હા..! દાખલો જુઓને! **'તે તો માત્ર નોકર છે, શેઠનો કરાવ્યો બધું કામકાજ કરે છે. જે શેઠ છે તે વેપાર સંબંધી કાંઈ કામકાજ કરતો નથી, ઘેર બેસી રહે છે...'** એ તો.

પણ સ્વામી એનો લાભ-નુકસાનનો એ સ્વામી છે. આહા..હા..! '**ઘેર બેસી રહે છે તોપણ તે વેપારનો અને વેપારના લાભ-નુકસાનનો ધણી હોવાથી તે જ વેપારી છે.** ' આહા..હા..! જુઓને, '**આ દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિ પર ઘટાવી લેવું.**' આહા..હા..! સમ્યગ્દર્શન એટલે શુદ્ધ ચૈતન્ય આનંદઘન ભગવાન, એનો અનુભવમાં આનંદનો સ્વાદ આવે. આહા..હા..! એમાં પ્રતીતિ થાય કે આત્મા આનંદસ્વરૂપ છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની. આહા..હા..! કરવાનું હોય તો આ પહેલું કરવાનું છે અને કર્યું હોય તો એમાં શું હોય છે એ અહીં કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જેમ નોકર વેપાર કરનારો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી,...**' આહા..હા..! હવે આવું અહીં લખાણ. રસ નથી એમાં. સમજાણું કાંઈ? એ વિના અંદર રાગ આવ્યો એને ચાલતું નથી જરી તો જોડાઈ જાય છે, પણ એનો રસ નથી એમ કહે છે. આહા..હા..! નોકર જેમ કામ કરે છે, પણ એનો રસ નથી એમાં એને, નફા-તોટાનો એ સ્વામી નથી. આહા..હા..! સમ્યગ્દર્શન એ શું ચીજ છે! આહા..હા..!

સવારમાં આવ્યું હતું નહિ, ભાવપાહુડમાં ૮૩ ગાથા, પૂજા અને વ્રત એ જૈનધર્મ નથી. જૈનધર્મ શું? કે એ જૈનધર્મ નથી. એ તો પુણ્ય છે. આહા..હા..! પહેલા વાત કહેવાઈ ગઈ છે. આત્મધર્મમાં આવી છે. પૂજા, વ્રત, બધા ઘણા બોલ લીધા છે એ બધા વંદન, વૈયાવચ્ચ એ બધા ભાવ તો પુણ્ય છે, એ જૈનધર્મ નહિ. આહા..હા..! અત્યારે આ રાડ નાખે છે લોકો બિચારા. એ અમારા વ્રત ને તપ ને એ લોપ કરી દે છે. ભાઈ! તારા વ્રત ક્યાં હતા? અજ્ઞાનીને વ્રત કેવા? રાગની મંદતા કોઈ હોય તો મિથ્યાત્વસહિત હોય. આહા..હા..! ચૈતન્ય ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ પ્રભુ જેના સ્વાદની મીઠાશમાં જેને રાગની મીઠાશ ઊડી ગઈ છે. આવી વાત છે.

**શ્રોતા :-** ભોગી છતાં ત્યાગી, ત્યાગી છતાં ભોગી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાતું હવે લોકને આકરું પડે. શું થાય? આવા લખાણ આવે વ્યાખ્યાનમાં તો એ લોકો ઘરના નાખ્યા એમ કહે. આ શું કહે છે આ? આહા..હા..!

સમ્યગ્દૃષ્ટિ, '**જેમ નોકર વેપાર કરનારો નથી, તેમ સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી,...** ' એ પાઠમાં આવ્યું છે કે નહિ? '**અને જેમ શેઠ વેપાર કરનારો છે, તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.**' આહા..હા..! ઝીણી વાત, બાપુ! જૈનધર્મ એ ઝીણી ચીજ છે બહુ. કેમકે આત્માનો સ્વભાવ જ વીતરાગસ્વરૂપ છે અને જેટલી આજ્ઞાના કર્તવ્ય કીધા એ બધા વીતરાગ પોષણના કહ્યા છે. રાગની વાત કરી છે કે વ્રત આવે એમાં આ થાય, પણ પોષણ રાગનું નહિ, રાગના અભાવનું પોષણ છે. આહા..હા..!

એથી અહીંયાં કહે છે, '**સમ્યગ્દૃષ્ટિ વિષય સેવનારો નથી, અને જેમ શેઠ વેપાર કરનારો છે તેમ મિથ્યાદૃષ્ટિ વિષય સેવનારો છે.**' આહા..હા..! એ તો આવ્યું હતુંને આપણે ત્યાં આવ્યું હતું પ્રવચનસારમાં નહિ? ૨૩૬. અને આમાં આવ્યું હતું પરમાત્મપ્રકાશમાં. આહા..હા..! જે રાગને પોતાનો માનીને સેવે છે એને આત્મા હેય તરીકે વર્તે છે. આહા..હા..! ૩૬ ગાથા. અને જેને આત્મા

ઉપાદેય તરીકે વર્તે છે એને રાગ હેય તરીકે વર્તે છે. આવી વાત તો છે. અને ૨૩૬માં તો એમ કહ્યું કે કાયા ને કષાયને જે પોતાનો માને છે એ બાહ્યથી છ કાયની હિંસા ન કરતો હોય છતાં એ છ કાયની હિંસાનો કરનાર જ છે. આહા..હા..! બાહ્યથી વિષય ન સેવતો હોય, છતાં કાયાને પોતાની માનીને કષાયને પોતાનો માન્યો કે જે કષાયનું ફળ, વિષયની વાસના, તે વિષયની વાસનાવાળો છે એમ કહે છે. આહા..હા..! માર્ગ બહુ જુદી જાતનો! આહા..હા..!

'**હવે આગળની ગાથાઓની સૂચનાનું કાવ્ય કહે છે :—** ' ૧૩૬.

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टेर्भवति नियतं ज्ञानवैराग्यशक्तिः
स्वं वस्तुत्वं कलयितुमयं स्वान्यरूपाप्तिमुक्त्या।
यस्माज्ज्ञात्वा व्यतिकरमिदं तत्त्वतः स्वं परं च
स्वस्मिन्नास्ते विरमति परात्सर्वतो रागयोगात्।।१३६।।

આહા..હા..! '**સમ્યગ્દૃષ્ટિને નિયમથી જ્ઞાન અને વૈરાગ્યની શક્તિ હોય છે;...**' આહા..હા..! પ્રથમ કરવાનું હોય તો આ છે એમ કહે છે. સ્વરૂપનું ગ્રહણ અને રાગનો ત્યાગ એ સાથે જ હોય છે. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ છે. એ કહે છે જુઓને. '**કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે...**' આહા..હા..! એ રાતે કહ્યું હતું નહિ? શ્રીમદ્‌નું વાક્ય કહ્યું હતું ટૂંકું નહિ રાતે, કે તારા દોષથી તને બંધન છે, કોઈ કર્મને લઈને છે એમ પણ નહિ. તારો દોષ એટલો કે પરને પોતાનું જાણવું અને પોતાનું સ્વરૂપ ભૂલી જવું. એ આપણે આવી ગયું ત્યાં. '**भेदविज्ञानतः सिद्धाः**' જે કંઈ અત્યાર સુધી પરમાત્મપદને પામ્યા એ રાગ(થી) ભેદજ્ઞાન કરીને પામ્યા છે. આહા..હા..! '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**' '**किल**' નામ ખરેખર કોઈપણ મુક્તિપદને અનંતકાળ સુધીમાં અત્યારે પામ્યા એ બધા રાગથી ભિન્ન પાડી ભેદજ્ઞાનથી મુક્તિને પામ્યા છે. એનો અર્થ કે વ્યવહારનો જે રાગ છે તેનાથી ભિન્ન પાડીને સમકિત પામ્યા છે. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વસ્તુ વ્યવહાર છે. વિષય છે, વ્યવહારનયનો વિષય નથી એમ નહિ, પણ તે આશ્રય કરવાલાયક નથી. એને હેય તરીકે જાણવાલાયક છે અને ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ તેને ઉપાદેય તરીકે જાણવાલાયક છે. જાણવાલાયક તો બેય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

સમ્યગ્દૃષ્ટિ. સમ્યક્ નામ સત્ય દૃષ્ટિ. એટલે? પરમ જ્ઞાયકભાવ સ્વભાવરૂપ ધ્રુવ તત્ત્વ ભગવાન આત્મા અનંત આનંદ.. અણીન્દ્રિય જ્ઞાન અને અણીન્દ્રિય આનંદ... આહા..હા..! એવા સ્વભાવથી ભરેલો ભગવાન એનો જેને અનુભવ છે, આહા..હા..! એનો જેને સ્વીકાર અને સત્કાર છે, જેને એના સ્વરૂપના માહાત્મ્ય અંદરથી લાગ્યા છે અને સ્વરૂપ તરફ જેનું ઢલણ અને વલણ છે એવા સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન ને વૈરાગ્ય બેય શક્તિ હોય છે. આહા..હા..!

હવે આ કહે છે કે આવું માનવાથી વિઘટન થાય છે, સંપ્રદાયમાં બે ભાગ પડી જાય છે. ભાઈ! પણ

માર્ગ આ છે, બીજું શું કરવું? વિઘટન, એમ કહે છે એકતામાં ભંગ પડે છે. આહા..હા..! એનું આખું છેને અત્યારે પલટનનું. એ વિઘટનકારી છે એમના શાસ્ત્રો બધાં, એકતાને તોડી નાખે છે, સંઘના બે ભાગ પાડી નાખે છે. પ્રભુ! સાંભળને, ભાઈ! આહા..હા..! વસ્તુસ્થિતિ આવી છે કે પરમાનંદસ્વરૂપ જે ભગવાન આત્મા વીતરાગસ્વરૂપ અકિંચિત્ કંઈપણ એમાં રાગાદિ નથી એવું એનું સ્વરૂપ છે. અકિંચન આવે છેને. દસ પ્રકારનો ધર્મ. અકિંચન. આહા..હા..! રાગાદિ મારો નથી અને એ મારામાં નથી. આહા..હા..! એવી જેની દૃષ્ટિ થઈ તેને યથાર્થ જ્ઞાન થયું અને રાગથી ખસીને અશુદ્ધતાનો ત્યાગ થયો. શુદ્ધતાનો આદર થઈને (જ્ઞાન) થયું અને અશુદ્ધતાનો અભાવ થઈને વૈરાગ્ય થયો. આહા..હા..! આવો ધર્મ હવે આવી વાતું. ઓલું તો પાધરું કરી નાખે, આ તપ કરો ને અપવાસ કરો. આહા..હા..! શું થાય માર્ગ આવો છે, બાપુ! અને તે તારા હિતનો હિતકર્તાનો માર્ગ આ છે. હિત કરવું હોય તો આ રસ્તો છે.

હવે એનું ટૂંકું કહે છે. '**કારણ કે તે (સમ્યગ્દૃષ્ટિ જીવ) સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે...**' આ વિધિ. આહા..હા..! પૂર્ણાનંદ અતીન્દ્રિય આનંદનું ગ્રહણ અને રાગાદિ દુઃખરૂપ છે તેનો ત્યાગ. આહા..હા..! આ ત્યાગ. બહારની ચીજ ત્યાગી એટલે ત્યાગી થયો એમ નહિ, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ ટૂંકું ઘણું. '**સ્વરૂપનું ગ્રહણ...**' સ્વરૂપ ચિદાનંદ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, જેમાં અતીન્દ્રિય આનંદ ઠાંસોઠાંસ ભર્યો છે, આહા..હા..! જે ચીજમાં દુઃખની ગંધ નથી, આનંદની ગંધ છે ત્યાં. સમજાણું કાંઈ? આહા..હા..! એવા સ્વરૂપનો અનુભવ એટલે ગ્રહણ '**અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે...**' આહા..હા..!

'**પોતાના વસ્તુત્વનો અભ્યાસ કરવા માટે...**' છેને? '**कलयितुम्**' અનુભવવું. '**कलयितुम्**' શબ્દ પડ્યો છેને. આહા..હા..! અનાકુળ આનંદના... રાગનો ત્યાગ અને અનાકુળ આનંદનું ગ્રહણ એ વિધિ વડે વસ્તુનો અનુભવ કરતાં. આહા..હા..! ભાઈ! આવી વાતું. રાતે કહ્યું હતું, ભાઈ! નહિ? જેઠાભાઈનો દાખલો આપ્યો હતો. અહીંથી પચાસ પ્રશ્ન કર્યા છે એમણે જેઠાભાઈએ. પછી જવાબ આપ્યા હશે પણ રામવિજય સાથે ચર્ચા કરવા. કે ચર્ચા કરો આપણે. પણ રામવિજય (કહે), પહેલી શરત આ કે કર્મથી વિકાર થાય એ તમારે માન્ય છે તો ચર્ચા કરીએ. કહો, હવે ચર્ચા કરવી રહી ક્યાં? કર્મથી વિકાર થાય, પરદ્રવ્યથી આત્મામાં દોષ થાય એટલે કે શુભભાવ થાય તો પણ કર્મને લઈને થાય અને શુભભાવથી પછી શુદ્ધ થાય એટલે કર્મને લઈને શુદ્ધ ધર્મ થાય. દેવીલાલજી! અરે..! એણે સત્યને સાંભળ્યું નથી.

**શ્રોતા :–** જૈનધર્મ તો એમ જ કહે છે, કર્મને લઈને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભાઈ! બિલકુલ જૈનધર્મ એવો નથી. આહા..હા..! કર્મ એટલે શુદ્ધ ઉપયોગરૂપી કાર્ય એને લઈને બધું છે. આહા..હા..! એ કર્મ છેને, કાર્ય-કાર્ય. આહા..હા..! કેમકે એનામાં અકાર્યકારણ નામનો ગુણ છે અનાદિ એટલે રાગનું એ કાર્ય નથી તેમ રાગનું એ કારણ પણ નથી. આહા..હા..! એવું જે સ્વરૂપનું કાર્ય. આહા..હા..! તે શુદ્ધોપયોગનું પરિણમન એ એનું કાર્ય છે અને

શુદ્ધોપયોગ એ જૈનધર્મ છે. આહા..હા..!

**શ્રોતા :-** શુદ્ધોપયોગ તો સાતમે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અરે..! ચોથાની વાત છે. આહા..હા..! સાતમે તો ચારિત્રની વાત છે એ તો ઉપયોગની.

**'સ્વરૂપનું ગ્રહણ અને પરના ત્યાગની વિધિ વડે...'** લ્યો! આ શેરો કરે છેને એની વિધિ એ કે ઘીમાં લોટ શેકીને પછી સાકર-ગોળનું પાણી નાખે. આ વિધિ વડે શેરો થાય. એમ આ વિધિ વડે ધર્મ થાય. કહો, પંડિતજી! આહા..હા..! બાપુ! માર્ગ આ છે, ભાઈ! આહા..હા..! ૮૩માં કહ્યું નહોતું? સવારમાં ૮૩ ગાથા આવી હતી. જૈનધર્મ.. અષ્ટપાહુડ આમાં જ છેને? ભાવપાહુડમાં ૮૩. આહા..હા..! જુઓ! **'હવે શિષ્ય પૂછે છે કે જિનધર્મને ઉત્તમ કહ્યો તો ધર્મનું શું સ્વરૂપ છે? એનું સ્વરૂપ કહે છે કે—'**

**'અર્થ :- જિનશાસનમાં જિનેન્દ્રદેવે આ પ્રકારે કહ્યું છે કે પૂજા આદિકમાં અને વ્રત સહિત હોવું એ તો પુણ્ય જ છે...'** પછી એનો અર્થ કર્યો છે. **'લૌકિકજન તથા અન્યમતિ...'** આહા..હા..! જૈનમાં રહેલા પણ લૌકિકજનો અને અન્યમતિ **'કહે છે કે પૂજા આદિક શુભક્રિયા અને વ્રતક્રિયાસહિત છે તે જિનધર્મ છે,...'** આપણે આવી ગઈ સવારે સજ્ઝાય ભાવપાહુડની. ૧૦૫મી ગાથા થઈને. એક કલાકમાં ૧૬૫ (ગાથાથી) આખું શાસ્ત્ર ખ્યાલમાં આવી જાય. આહા..હા..! **'પરંતુ એવું નથી.'** છે? **'જિનમતમાં જિન ભગવાને આ પ્રકારે કહ્યું છે કે પૂજા આદિકમાં અને વ્રતસહિત હોવું તે તો પુણ્ય છે. તેમાં પૂજા અને આદિક શબ્દથી ભક્તિ, વંદના,... '** ભગવાનની ભક્તિ અને વંદના. આહા..હા..! **'વૈયાવૃત્ય વગેરે સમજવા. આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે...'** જુઓ, એમાં તો દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ હોય છે, એમાં આત્માનો આશ્રય હોતો નથી. આહા..હા..! આ તો વાત ઘણા વખતે કહેવાણી છે. આ તો આજ સજ્ઝાય આવી હતીને.

**'પૂજા, ભક્તિ, વંદના, વૈયાવૃત્ય વગેરે સમજવા. આ તો દેવ-ગુરુ-શાસ્ત્ર માટે હોય છે...'** એમાં પરદ્રવ્યનું લક્ષ હોય છે. આહા..હા..! માટે પુણ્યબંધનું કારણ છે. **'અને ઉપવાસ આદિક વ્રત છે તે શુભક્રિયા છે.'** લ્યો ઠીક! ઉપવાસ આદિ વ્રત એ શુભક્રિયા છે. **'તેમાં આત્માના રાગસહિત શુભપરિણામ છે, તેનાથી પુણ્યકર્મ થાય છે. માટે તેને પુણ્ય કહે છે. તેનું ફળ સ્વર્ગાદિક ભોગની પ્રાપ્તિ છે.'** આહા..હા..! હવે આવી વાત છે એ આકરી લાગે લોકોને, શું કરવું? એ પ્રથા નહોતીને એટલે નવી લાગી એને. આ તો અનાદિનો માર્ગ જ આ છે. આહા..હા..! પછી એનો ખુલાસો કરે છે. **'અને જે કેવળ શુભપરિણામને જ ધર્મ માનીને સંતોષ પામે છે તેને ધર્મની પ્રાપ્તિ થતી નથી. આ જિનમતનો ઉપદેશ છે.'** કહો, હવે પછી એને શું કહે? હોય છે, જ્ઞાનીને હોય છે એ. અશુભથી ટાળવા માટે અશુભવંચનાર્થે શુભ હો, પણ છે એ પુણ્ય, ધર્મ નહિ. આહા..હા..!

હવે અહીં તો આ અટકાવ્યું છે બધાએ કે જ્યાં જ્યાં કર્મના નિમિત્તની (વાત) આવે ત્યાં નિમિત્તથી થાય એમ માનવું, નિમિત્તથી ન થાય એ માને એ વિરોધનું લખાણ છે. કહો હવે શું કરવું? એ

અજીવતત્ત્વ છે અને પુણ્ય પરિણામ તે ચૈતન્યના (વિકાર) છે. સમજાય છે કાંઈ? એ કર્મને લઈને ન થાય. ખરેખર તો વિકારના પરિણામ ષટ્કારકરૂપે પરિણમન એનો તે કાળનો સમય છે. ષટ્કારકપણે પરિણમવું વિકારની પર્યાયનો તે કાળનો ધર્મ છે. આહા..હા..! ધર્મ એટલે સ્વભાવ. કર્મને લઈને નહિ. આ મોટા વાંધા ઉઠાવે છે. લખ્યું છે ઓલામાં મોક્ષમાર્ગમાં. બહુ લખ્યા છેને ભાઈ ચેતનજી! આ બાજુ ને આ બાજુ. અરે..! બાપુ! બધી ખબર છે, ભાઈ! આહા..હા..! અહીંયાં તો કહે છે કે બાપુ! કર્મ છે એ તો અજીવ દ્રવ્ય છે અને પુણ્ય-પાપના ભાવ એ તો ચૈતન્યનો વિકારીભાવ છે. વસ્તુ બીજી છે આખી. તો બીજી ચીજને લઈને બીજી થાય? આહા..! અને પાછા શુભભાવ થાય તે સાધન છે નિશ્ચયનું એમ કહે છે. આહા..હા..! આવી વાત છે.

**'સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ વડે પોતાના વસ્તુત્વનો અભ્યાસ કરવા માટે...'** જોયું! પોતાના વસ્તુનો-વસ્તુત્વનો-વસ્તુત્વનો. વસ્તુ જે ભગવાન આત્મા એનું વસ્તુત્વ, અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનપણું એ વસ્તુનું વસ્તુત્વ. આહા..હા..! છે? પાઠમાં છે. **'स्वं वस्तुत्वं कलयितुम्'** છેને બીજી લીટી. **'स्वं वस्तुत्वं कलयितुम्'** સ્વનો અભ્યાસ કરવા માટે. **'આ સ્વ છે (અર્થાત્ આત્મસ્વરૂપ છે) અને આ પર છે એવો ભેદ પરમાર્થે જાણીને...'** આહા..હા..! સ્વમાં રહે છે. આહા..હા..! બહુ ટૂંકું. રાગથી ખસે છે અને સ્વભાવમાં વસે છે. આવો ધર્મ શેઠ! સાંભળવા મળે નહિ અત્યારે તો. એવી વાત છે. માંડ આવ્યો ત્યારે વિરોધ કર્યો. કોનો કરે છે એની ખબર નથી. અરે..! ભાઈ! વીતરાગમાર્ગ નહિ, વસ્તુનું સ્વરૂપ જ આવું છે કે જ્યાં સ્વનું ગ્રહણ અને રાગનો ત્યાગ (છે). રાગ છે એ ત્યારે એને વ્યવહાર કહીએ જ્યારે રાગનો ત્યાગ થઈને સ્વરૂપનું ગ્રહણ થાય ત્યારે રાગ રહ્યો એને વ્યવહાર કહીએ. આહા..હા..! વસ્તુ તો આ રીતે છે. હવે એને પકડવામાં આખી દૃષ્ટિ ફેર થઈ ગઈ. આહા..હા..!

**'સ્વરૂપનું ગ્રહણ...'** બહુ ટૂંકું અને ઘણું જ ઊંચું, ઘણું જ સત્ય. ભગવાન અતીન્દ્રિય આનંદનો... આહા..હા..! આજ ઓલું આવ્યું હતું. ઓલા શું કહેવાય? ધોળા ઝીણા નથી આવતા? ખાવાના-ખાવાના ધોળા-ધોળા સાબુચોખા? સાબુદાણા. એ કહે છે શેમાંથી બને છે? આજે આવ્યું હતું. એ શક્કરકંદમાંથી બને છે. શક્કરકંદનો ઓલો કસ હોય છેને એમાંથી ઝીણા... ઝીણા... ઝીણા.. સાબુદાણા (થાય). મીઠા હોય છે. એમાં લખ્યું છે. આહા..હા..! એમ આખો ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ છે એમાંથી પરિણતિ આનંદની અને શાંતિની ઉત્પન્ન થાય છે, રાગને લઈને થાય છે એમ નથી. કહો, વીરચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહા..હા..! ભાગ્યશાળીને તો કાને પડે એવી વાત છે. પછી પુરુષાર્થ કરીને હા પાડે, ગતિ કરે ત્યારે એને ધર્મ થાય. આહા..હા..! અરે..! શું થાય? માર્ગ વીંખી નાખ્યો અને એને માર્ગ છે એમ કહે. આહા..હા..!

એક તો પુણ્ય પરિણામ થાય. એવું આવે..., મોક્ષમાર્ગપ્રકાશકમાં આવે છે, ભાઈ! ઉદય તીવ્ર હોય ત્યારે એ ધર્મ ન કરી શકે, મંદ હોય તો જરી અવકાશ છે એને. આહા..હા..! એનો અર્થ એ કે તીવ્ર જેને કષાયના પરિણામ થાય છે એને તો ધર્મ સાંભળવાની પણ યોગ્યતા હોતી નથી. આહા..હા..! એમ

કર્મને લઈને છે એમ નહિ, કર્મ.. ઓલા ૧૩મી ગાથામાં ત્યાં સુધી લીધું નહિ? ૧૩મી. આસ્રવ. બબ્બે બોલ ન આવ્યા? આસ્રવ ને આસ્રવયોગ્ય. કર્મનું નિમિત્ત છે તે આસ્રવ અને આસ્રવયોગ્ય અહીં ભાવ પોતાના. ત્યાં તો એમ પણ કહ્યું. પછી એમ કે જે અહીં પુણ્ય પરિણામ થાય તો નિમિત્તને મંદ છે એમ એનો આરોપ આવે અને તીવ્ર પરિણામ થાય તો ભલે મંદ હોય તો એને તીવ્રનો આરોપ આવે. આહા..હા..! અને ત્યાં તીવ્ર હોય ઉદયમાં અને અહીં રાગની મંદતા કરે. આહા..હા..! આસ્રવ અને આસ્રવ કરવાલાયક આવે છે, એ આવે છે. ૧૩મી ગાથામાં. બંધ અને બંધને યોગ્ય, આસ્રવ અને આસ્રવયોગ્ય. આહા..હા..! ભાઈએ તો ત્યાં સુધી નાખ્યું વળી ફૂલચંદજીએ તત્ત્વજ્ઞાન મીંમાસામાં. એમ કે જ્યારે અહીં રાગ મંદ થવાનો હોય, ક્રોધ થવાનો હોય તો એને ત્યાં ક્રોધનો ઉદય આવે. એના ક્રમમાં એ ઉદય હોય, નિમિત્ત-નિમિત્ત એમ. ત્યાં માનનો ઉદય હોય અને અહીં ક્રોધ થાય એમ ન હોય. નાખ્યું છે જૈનતત્ત્વ મીમાંસામાં. છેને, ખ્યાલ છેને. બધું ઘણા વખત થઈ ગયેલું. આ તો હવે બહારનું આવે છે તો જરી... આહા..હા..! શું કીધું એ? કે અહીંયાં જ્યારે શુભભાવ કરે છે જીવ, તો કર્મના ઉદયને પણ મંદનો આરોપ અપાય છે અને તીવ્ર કરે ત્યારે ઉગ્ર ઉદય છે એમ એને આરોપ અપાય છે. એમ નથી કે ત્યાં મંદ ઉદય છે માટે શુભભાવ થયા.

**શ્રોતા :-** શાસ્ત્રમાં એમ આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ આવે છે એ તો બીજી રીતે. આહા..હા..! એ તો એનો પોતાનો ભાવ મંદ થવાની લાયકાતથી થયો છે. એ સમયમાં એ જાતના શુભભાવના ષટ્કારકપણે થવું તે સમયનો એનો નિજકાળ છે એ. આહા..હા..! છતાં જ્ઞાનીને તે હેયપણે વર્તે છે. રાગનો ત્યાગ કીધોને. છે? સ્વરૂપનું ગ્રહણ અને પરનો ત્યાગ કરવાની વિધિ. આહા..હા..! અસ્તિને પકડવું ને રાગનો અભાવપણે રાગના ત્યાગપણે વર્તવું. આહા..હા..! આવી વાતું. વિધિ તો આ છે. તમારે વળી વિધિ કહેતા અવિધિ બીજી કહેવાય છે. શ્વેતાંબરમાં, ઓલી વ્યવહારની વિધિ હોય એમાં અવિધિ ન કરવી એમ આવે છેને? આવે છે. સાંભળ્યું હતું. ઉપધાન કરે ને એ ધમાલ કરે. ભગવાન! હજી માર્ગની ખબર નથી. આહા..હા..!

ભાઈ તો લખી ગયા છે દિપચંદજી. કેવી કીધી આ વાણી? ભાવ-ભાવદિપીકા. અત્યારે તો આગમ પ્રમાણે શ્રદ્ધાવાળો હું કોઈ જોતો નથી. પુસ્તક છે દિપચંદજીનું, ભાવદિપીકા. બતાવ્યું હતું એક ફેરી અહીં. અને કોઈ વક્તા સત્યનો કહેનારો દેખાતો નથી અને મોઢે કહીએ તો માનતા નથી. આહા..હા..! આ લખી જાવ છું, એમ કીધું ભાવદિપીકામાં. એ વખતે. તેમ આ ભાઈએ નાખ્યું છેને ભાઈ! આ મોક્ષમાર્ગપ્રકાશકમાં છઠ્ઠા અધ્યયનમાં કે વર્તમાન ક્ષેત્રમાં સાધુ દેખાતા નથી, એમ લખ્યું છે. વર્તમાનમાં હંસ દેખાતા નથી તો શું કાંઈ કાગડાને હંસ મનાય? લખ્યું છે. દાખલો આપ્યો છેને. આહા..હા..! અને લક્ષણ વડે માનશો તો પછી અત્યારે માનશો. બીજે ઠેકાણે હો તો એ લક્ષણ વડે જોશો કે નહિ? હંસના લક્ષણ જોશો કે નહિ? આહા..હા..! એમ સાધુના લક્ષણ જે છે એનાથી જોશો તો સાધુપણું યથાર્થ જણાશે. આહા..હા..!

એટલે અહીં તો જરી એ આવ્યું કે રાગનો ત્યાગ છે એ ત્યાં મંદ થયો છે માટે અહીં ત્યાગ થાય

છે? ત્યાં તો ઉદયમાં ગમે તે હો. એ અહીં મગજમાં આવ્યું. સ્વરૂપનું ગ્રહણ. આ તો અધ્યાત્મ શબ્દ છે, બાપા! આહા..હા..! ત્રણલોકના નાથને હલાવી નાખ્યો છે અંદરથી. જાગ રે જાગ નાથ! તને સૂતું પાલવે નહિ હવે. આહા..હા..! ઘણા ઘેનમાં અનંતકાળ ગાળ્યા. એમ કહે છે. આહા..હા..! હવે ભગવાનને ગ્રહણ કરને હવે એમ કહે છે. સ્વરૂપ ગ્રહણ. પોતાનું જે સ્વરૂપ શુદ્ધ શુદ્ધ ચૈતન્યઘન આનંદકંદ એને ગ્રહણ કર એટલે એનો આશ્રય લે અને રાગનો આશ્રય છોડી દે અને રાગનો અભાવ કર એનો. આહા..હા..! આ રાગનો ત્યાગ એ ત્યાગ. બહારના ત્યાગ તો અનંતવાર દ્રવ્યલિંગ લીધા પણ ભાવ વિના. સવારમાં આવ્યું હતું ભાવપાહુડમાં. જિનભાવના. ભાવ-ભાવ શબ્દ નાખ્યા છે ઘણે ઠેકાણે. જિનભાવના એટલે સમ્યગ્દષ્ટિ ભાવના. વીતરાગપણાની ભાવના કહો, જિનભાવના કહો, સમ્યગ્દષ્ટિ ભાવના, એ વિના તારા દ્રવ્યલિંગ અનંતવાર ધારણ કર્યા. સમજાણું કાંઈ? અને એટલી વાર દ્રવ્યલિંગ ધારણ કર્યા કે અનંતા અનંતા જન્મ-મરણ કોઈ એ દ્રવ્યલિંગધારીએ મરીને પછી પણ અનંતા જન્મ-મરણ એક-એક ક્ષેત્રે કર્યા છે. આહા..હા..! આવ્યું હતુંને? અને દ્રવ્યલિંગ ધારણમાં જે લોચ આદિની ક્રિયા થઈને એક વાળને આમ મૂકે તો અનંતા વાળના આખા મેરુ ભરાય એટલી વાર તેં દ્રવ્યલિંગ ધારણ કર્યા છે, કહે છે. ભાવલિંગ વિના દ્રવ્યલિંગ સાચું હોઈ શકે નહિ એમ કહે છે. આહા..હા..! પછી કહ્યું છે બેય એમાં. ભાવ અને દ્રવ્ય બેય હોય છે. આવ્યું હતું. એક કડીમાં આવ્યું હતું. જેને ભાવલિંગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ્યું છે એને દ્રવ્યલિંગ પંચમહાવ્રત આદિનો વિકલ્પ અને નગ્નપણું જ હોય. આહા..હા..! અને ભાવ અંતર સમ્યગ્દર્શન વિનાના દ્રવ્યલિંગ ધારણ કર્યા એને તો વાસ્તવિક દ્રવ્યલિંગ અને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહા..હા..!

અહીંયાં તો સ્વરૂપ ભગવાન આત્માનું સ્વરૂપ, લ્યો! એનો આદર, એની ઉપાદેયબુદ્ધિ અને રાગની ત્યાગબુદ્ધિ. આહા..હા..! એવી '**વિધિ વડે પોતાના વસ્તુત્વનો...**' આહા..હા..! શું કીધું એ? પોતાના વસ્તુત્વનો. આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ એવી વસ્તુ એનું પણું, ભાવપણું, આનંદપણું, જ્ઞાનપણું, શાંતિપણું, સ્વચ્છતાપણું, અકષાયપણું એવું જે વસ્તુત્વ. વસ્તુનું વસ્તુત્વ, વસ્તુનો વસ્તુત્વભાવ. આહા..હા..! એનો અભ્યાસ કરવા માટે '**कलयितुम्**' એનો અનુભવ કરવા માટે. આહા..હા..! આ સ્વ છે અને આ પર છે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ, શાંતસ્વરૂપ એ સ્વ છે અને રાગાદિ એ પર છે. આવી ઝીણી વાત એટલે માણસને (બેસે નહિ).

'**એવો ભેદ પરમાર્થે જાણીને...**' જોયું! '**એવો ભેદ પરમાર્થે જાણીને...**' આ જ્ઞાયક આનંદસ્વરૂપ છે પ્રભુ અને રાગ તે પરસ્વરૂપ છે... આહા..! એવો ભેદ ખરેખર જાણીને, એમ. જાણવામાં લક્ષમાં આવી વાત એ નહિ. આહા..હા..! પરમાર્થે જાણીને (અર્થાત્) અંતરના વેદનથી જાણીને એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વમાં રહે છે...**' આહા..હા..! '**પરથી-રાગના વિયોગથી—સર્વ પ્રકારે વિરમે છે.**' આહા..હા..! વ્યવહારનો રાગ છે, વ્યવહારનો એનાથી સર્વ પ્રકારે વિરમે છે. ભેદ પાડે છેને પરથી? એનાથી થાય છે રાગથી એમ નહિ. આહા..હા..! રાગનો ભેદ કરવાથી થાય છે. '**રાગના વિયોગથી-સર્વ પ્રકારે વિરમે છે.**' આહા..હા..! એક શ્લોક તો જુઓ!

એક શ્લોકમાં કેટલી ગંભીરતા! અરે..! ભાઈ! આ માર્ગ તો એવો છે. આહા..હા..!

સ્વમાં રહે છે, પરથી રાગના યોગથી સર્વ પ્રકારે વિરમે છે. આહા..હા..! '**(આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)**' સ્વના અસ્તિત્વનું સન્મુખ થઈને ભાન અને તે જ ક્ષણે રાગના વિમુખપણાના અભાવનો ભાવ એ જ્ઞાનવૈરાગ્ય શક્તિ વિના આ હોઈ શકે નહિ. સ્વમાં રહેવું અને પરમાં ખસવું એ જ્ઞાનવૈરાગ્ય વિના હોઈ શકે નહિ. આહા..હા..! બહુ ટૂંકું પણ મુદ્દાની રકમની વાત છે આ તો. '**(આ રીત જ્ઞાનવૈરાગ્યની શક્તિ વિના હોઈ શકે નહિ.)** ' લ્યો!

'**હવે પ્રથમ, સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—**' ૧૯૮.

**उदयविवागो विविहो कम्माणं वण्णिदो जिणवरेहिं।**
**ण दु ते मज्झ सहावा जाणगभावो दु अहमेक्को।।१९८।।**
**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**

એ છઠ્ઠી ગાથા આવી. '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो**' જ્ઞાયકભાવ. આહા..હા..!

'**ટીકા :- જે કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો...**' જુઓ! સ્વભાવથી ઉત્પન્ન થયેલો નથી એટલે દ્રવ્યકર્મના વિપાકથી પોતાના પોતાને કારણે ઉત્પન્ન થયેલો. આહા..હા..! આમ એનો અર્થ છે. એટલે કહે આમાં આમ લખ્યું અને એનો અર્થ કરે છે. ભાઈ! એનો અર્થ આ છે.

**શ્રોતા :-** અર્થ ફેરવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અર્થ ફેરવ્યો કહે છે. તમારા ઉપર આવ્યું નહોતું સોમચંદભાઈનું? કલોલવાળાનું. ઘણાં અર્થ ફેરવો છો, કેટલા ફેરવશો? તમે ફરો. ખબર છેને. અમથાલાલ સોમચંદભાઈ. હમણા નથી ને આત્મારામ. કલોલ-કલોલ. આત્મારામ હમણાં ધુંચવાઈ ગયા છે. આહા..હા..! એનો અર્થ એ થયો કે ઉદય ક્યારે કહેવાય એને? કે અહીંયાં વિકારપણે થયો એને કર્મનો ઉદય છે એમ કહેવામાં આવે. સમજાણું કાંઈ? આહા..હા..! એ તો પહેલાં આવી ગયું છે. કર્મનો ઉદય હોય પણ વિકારપણે ન થાય તો એ ખરી જાય છે. જ્ઞાનીને ઉદય ખરી જાય છે અને અજ્ઞાનીને એ ઉદય હોય છે એ એને પણ ખરી જાય છે, પણ ઉદયમાં રાગનો સ્વામી થઈને રાગને કરે છે માટે નવો બંધ કરીને એ ખરી જાય છે. આહા..હા..! આવી નિવૃત્તિથી ક્યાં વિચારવું એને? આહા..હા..! ધંધા-પાણી આખો દિ'.

આવ્યુંને? '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો અનેક પ્રકારના ભાવો છે...** ' એમ. કર્મનો ઉદય છે એ તો નિમિત્ત છે, પણ નિમિત્ત વખતે પોતે પરિણમ્યો છે એટલે ઉદયના વિપાકપણે પરિણમ્યો એમ કહેવામાં આવે છે. એ આત્માના આનંદનું વિપાક ફળ નથી. રાગ છે તે આત્માના આનંદનો વિપાક ફળ નથી. એટલે રાગ છે તે કર્મના વિપાકનું ફળ છે એમ કહેવામાં આવ્યું છે. આહા..હા..! એ લોકો એ કહે છે કે તમે એમાં લખ્યું છે એનાથી બીજા અર્થ કરો છો. પણ ભાઈ! અર્થ એ હોય એનો. આહા..હા..! બહુ ટૂંકી ગાથામાં. '**તે મારા સ્વભાવો નથી;...**' ધર્મી એમ જાણે છે

કે કર્મના નિમિત્તથી, નિમિત્તનો અર્થ? કે એના ઉપર લક્ષ કરવાથી, એને તાબે થવાથી જે પર્યાયની પરિણતિ મારામાં મારાથી થઈ. આહા..હા..! પણ એ મારો સ્વભાવ નથી. આહા..હા..! ધર્મીજીવ પોતાની ચીજ છે નિધાન એવા આનંદના સ્વભાવની આગળ કર્મના નિમિત્તમાં જોડાતા વશ થઈને થયેલો જે વિકાર એ કર્મનો પાક છે, એ આત્માનો પાક નથી, એમ. સમજાણું કાંઈ? આહા..હા..! **'અનેક પ્રકારના ભાવો છે...'** દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભાવ **'તે મારા સ્વભાવો નથી;...'** આહા..હા..!

**'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.'** આહા..હા..! બહુ ટૂંકું કરી નાખ્યું. હું તો પ્રત્યક્ષ અનુભવગમ્ય. આહા..હા..! મારી વર્તમાન જ્ઞાનપર્યાય પરની અપેક્ષા રાખ્યા વિના પોતાને પ્રત્યક્ષ અનુભવે એ હું છું. આહા..હા..! મારા પ્રત્યક્ષ જ્ઞાનમાં આવે એ હું છું. અલિંગગ્રહણમાં કહ્યું છેને. પોતાના સ્વભાવથી જાણવામાં આવતો એવો પ્રત્યક્ષ જ્ઞાતા છું. છઠ્ઠો બોલ છે. સમજાણું કાંઈ? ૨૦ બોલ છેને ૨૦. ઈન્દ્રિયથી જણાય એવો નથી, ઈન્દ્રિયથી જાણનારો નથી, ઈન્દ્રિયના પ્રત્યક્ષનો વિષય નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અને બીજા દ્વારા અનુમાનથી જાણી શકાય એવો નથી અને પોતે અનુમાનથી જાણે એ પોતે નથી. આત્મા અનુમાનથી જાણે પોતે એવો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ બોલ થયા એ. છઠ્ઠો આ, પોતાના સ્વભાવથી જણાય એવો પ્રત્યક્ષ જ્ઞાતા છે. આહા..હા..!

**'(પ્રત્યક્ષ અનુભવગોચર)...'** આ શબ્દ પડ્યો છેને. **'હું તો આ...'** 'આ' માંથી એટલું કાઢ્યું એ. **'હું તો આ...'** આનંદસ્વરૂપ ભગવાન આત્મા.. આહા..હા..! પ્રત્યક્ષ અનુભવગમ્ય છે. સ્વસંવેદનથી જણાય એવો છે. આહા..હા..! ૮૦માં પ્રશ્ન ઉઠ્યો હતો સંપ્રદાયમાં, કે અનુભવ-અનુભવ શું કરો છો? અનુભવ તો શાસ્ત્રમાં ક્યાંય છે જ નહિ. એક ઠાકરશી ગોપાણી હતા. ગોપાણી નહિ? વિશાશ્રીમાળી. એનો દીકરો છેને અત્યારે અમદાવાદ ભુરો-ભુરો. આપણે ખાડિયા મંદિર છેને એની સામે દુકાન છે. આ અનુભવ-અનુભવ કરે છે, પણ અનુભવ તો આપણે કોઈ દિ' હીરાજી મહારાજ કહેતા નહોતા. આપણે તો સાંભળ્યું નથી શાસ્ત્રમાં.

**શ્રોતા :-** ... નહોતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહોતો, વિભાવ નહોતો. વિભાવ-વિભાવ.

એક ફેરી પ્રશ્ન કર્યો મગનભાઈએ આ નવનીતભાઈને. નવરંગભાઈના બાપ. મગન મોદી હતાને. આ નવરંગભાઈ ડોક્ટર, એના બાપ હતા. એ જાણે કે પ્રશ્ન કરું અહીં મહારાજને મૂળચંદજી. મહારાજ! ભાવકર્મ એટલે શું? ભાવકર્મ શાસ્ત્રમાં એવું છે નહિ કાંઈ? કર્મ બસ. ભાવકર્મ-ફર્મ એવું નથી. કહો. એને એટલી (ખબર નહીં) આમ બારિસ્ટર કહેવાતા, જૈનના બારિસ્ટર. આહા..હા..! એ ભાવકર્મ અને દ્રવ્યકર્મ એવું શાસ્ત્રમાં છે જ નહિ. કર્મ છે એ કર્મ બસ. મૂળચંદજીને જોયા છે કે નહિ વીરચંદભાઈ? જોયેલા છે. આહા..હા..! ધર્માસ્તિનો પ્રશ્ન થયો એક ફેરી. ધર્માસ્તિમાં કેટલા ગુણો હોય છે? બે—એક અરૂપી અને એક ગતિ કરાવે બસ. એવું આંધળું ચાલેલુંને. આ બેરિસ્ટર કહેવાય પાછા બેય. બોલતા

વધારાના. હીરાજી મહારાજ બિચારા નરમ માણસ. વ્યાખ્યાન વૈરાગ્યનું આપે. આ થોકડા-બોકડા એવી વાતું કરે. આમ થાય ને આમ થાય ને આમ થાય. અહીં ગતિમાંથી આ જવાય અને આ ગતિમાંથી અહીં જવાય. હવે એમાં શું થયું પણ હવે? ક્યા કારણે ગતિ મળે છે એ લાવને. ચાર ગતિ મળે છે એ તો પુણ્યના અને પાપના પરિણામથી મળે છે, સિદ્ધગતિ છે એ સ્વભાવના પરિણમનથી મળે છે. આહા..હા..! વાત તો એ છે.

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.**' આહા..હા..! અણ ઘડેલો ઘટ એવી હું ચીજ છું અનાદિની. ધ્રુવસ્વરૂપ ભગવાન આમ ચૈતન્યબિંબ નિત્ય આદિ અંત વિનાનો સ્વભાવ. અરે..! પોતે કોણ એની ઘરની ખબરું ન મળે અને પારકાની વાતું કરવા માંડ્યા બધા. આહા..! સમજાણું કાંઈ? '**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.**' છઠ્ઠી ગાથામાં એ આવ્યુંને? '**ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो। एवं भणंति सुद्धं**' એને શુદ્ધ કહીએ. આહા..હા..! '**णादो जो सो दु सो चेव**' જાણનારને જાણ્યો, જાણનારે જાણ્યો. આહા..હા..!

ભાવાર્થ. આ સામાન્ય વાત કરી પહેલી બધી. '**આ પ્રમાણે સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને...**' બધા કર્મજન્ય ભાવો. જોયું ભાષા! કર્મજન્ય ભાવ. પુણ્ય અને પાપના કર્મજન્ય ભાવ. એ સ્વભાવભાવ નહિ એટલે કર્મજન્ય કીધા, પણ કર્મથી થયા છે એમ નથી. મોટો વાંધો આ અત્યારના પંડિત સાથે અને ઠેઠથી. આહા..હા..! આત્મજન્ય નથી આ વિકાર એથી કર્મજન્ય કહેવામાં આવ્યા. થયા છે તો પોતાના ષટ્કારકના પરિણમનથી વિકાર. સમજાય છે કાંઈ? આહા..! પંચાસ્તિકાયમાં અસ્તિકાય સિદ્ધ કરવું છે. એથી ત્યાં એમ કહ્યું, પરિણામમાં જેટલો વિકાર મિથ્યાત્વનો, રાગનો, દ્વેષનો, વાસના, વિષયનો (થાય) એ પર્યાયનું ષટ્કારક સ્વતંત્ર પરિણમન છે, એને પરકારકોની અપેક્ષા નથી. એની નથી અને સ્વદ્રવ્ય-ગુણની અપેક્ષા નથી. આહા..હા..! એ અસ્તિકાય સિદ્ધ કરવું છે. એમાં એ અસ્તિ છે એટલું, પણ જ્યારે નિષેધ કરીને વર્ણન કરવું હોય સ્વભાવનું ત્યારે એ ભાવ મારો નથી. પરના નિમિત્તે ઉત્પન્ન થયેલો એ કર્મજન્ય કહેવામાં આવે છે. આહા..હા..! આ બધું યાદ શી રીતે રહે? યાદ નહિ, બહુ ટૂંકી વાત છે આ તો. આહા..હા..! '**સામાન્યપણે સમસ્ત કર્મજન્ય ભાવોને સમ્યગ્દૃષ્ટિ પર જાણે છે અને પોતાને એક જ્ઞાયકસ્વભાવ જ જાણે છે.**' આહા..હા..! કહો, આ સમ્યગ્દૃષ્ટિ ધર્મીનું આ સ્વરૂપ. આ રાગ કરે છેને વ્રત પાળે છે એ ધર્મીનું સ્વરૂપ એમ છે જ નહિ. આહા..હા..!

'**હવે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને આ પ્રમાણે જાણે છે—**' ઓલું ટૂંકું કહ્યું સ્વ અને પર. હવે સ્વ અને પર ભિન્ન-ભિન્ન વર્ણન કરે છે.

લ્યો, આવ્યું જુઓ! આહા..હા..!

पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।
ण दु एस मज्झ भावो जाणगभावो हु अहमेक्को।।१९९।।

**પુદ્ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,**
**આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.**

‘**ટીકા :- ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે,...**’ જોયું પહેલું? અંદર જડ. ‘**તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે,...**’ આહા..હા..! હવે આટલા-આટલા લખાણ અને કર્મથી નથી થવું એમ કહેવું એટલે લોકોને... કઈ અપેક્ષા છે, ભાઈ? એ વિકાર છે એ સ્વભાવને આશ્રયે નથી અને સ્વભાવનું સ્વરૂપ નથી. એથી નિમિત્તને આશ્રયે થયેલો તે નિમિત્તનો છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! થયેલો છે પોતાના પુરુષાર્થથી. સમજાણું કાંઈ? આહા..હા..! ‘ખરેખર...’ પાઠ જ છેને જુઓ, ‘पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।’ તેનો વિકાપ તે રાગ છે. મારા આત્માનો વિપાક તે રાગ છે એમ નહિ. સમજાણું કાંઈ? થયો છે પર્યાયમાં પોતાની નબળાઈને લઈને ષટ્કારકના પરિણમનથી, પણ અહીંયાં નિર્જરાનો અધિકાર છે એટલે દૃષ્ટિ અને દૃષ્ટિના વિષયમાં એ રાગ એનો વિષય નથી, તેમ રાગથી તે આત્મા જણાતો નથી. તેથી તેને પર તરીકે કર્મજન્ય કરીને કાઢી નાખવામાં આવે છે. આહા..હા..! ‘**મારો સ્વભાવ નથી;...**’ આહા..હા..! ‘**હું તો આ...**’ જુઓ ત્યાં આવ્યું. ‘**(પ્રત્યક્ષ અનુભવગોચર)**’ છું. ‘**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું...**’ આહા..હા..! એ આવી ગયું હતું ઓલામાં. ‘**(આ રીતે સમ્યગ્દૃષ્ટિ વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)**’ એમાં વિશેષ કહેશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૨, બુધવાર, તા. ૨૨-૧૨-૧૯૭૬, ગાથા-૧૯૯, પ્રવચન નં. ૨૬૯

સમયસાર, ૧૯૯ ગાથા. ફરીને. બધા સાથે મેળવવાનું છેને. ‘**ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે,...**’ અહીંયાં રાગ છે એ પરથી થાય છે એમ માનીને સ્વચ્છંદ થાય એને કહે છે અને એ રાગને પોતાનો સ્વભાવ માને એ અપેક્ષાએ પુદ્ગલનો રાગ છે એમ કહેવામાં આવ્યું છે. વીરચંદભાઈ! અને ૭૫-૭૬માં તો એને ... કીધો. રાગનું વ્યાપ્ય-વ્યાપક કર્મ છે. કર્મ વ્યાપક થઈને રાગ વ્યાપ્ય થાય છે. એ આ કહ્યું અહીં. રાગ નામનું પુદ્ગલ કર્મ છે એમ કરીને રાગનો નિષેધ કરીને સ્વભાવ નથી એ બતાવવા પુદ્ગલનું કાર્ય છે એમ અહીંયાં કહ્યું છે. પણ કોઈ સ્વચ્છંદી એમ થાય કે એ તો પુદ્ગલનું કાર્ય (છે), મારે શું છે? એને પહેલેથી સીદ્ધ કરે છે વાત કે રાગ, દ્વેષ, વિષય-વાસના એ તારી પર્યાયમા તારાથી થાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભાઈએ લખ્યું છેને મોક્ષમાર્ગપ્રકાશકમાં, ઉપાદાનની અપેક્ષાએ તારા છે. એમ નિમિત્તની અપેક્ષાએ સ્વભાવ તારો નથી માટે પરના છે, એમ. આહા..હા..! આવી વાત છે.

અહીં એ કહ્યું, '**ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે,...** ' ૭૫-૭૬માં એ કહ્યું કે અંતર રાગ, દ્વેષ, પુણ્ય, પાપના ભાવ થાય છે એ પુદ્ગલકર્મનું કાર્ય છે. કઈ અપેક્ષાએ? એનો એ સ્વભાવ નથી અને સ્વભાવથી એ ચીજ ભિન્ન છે એમ બતાવવા ભિન્નનું કાર્ય છે એટલું બતાવ્યું ત્યાં. અને વાસ્તવિક સ્થિતિનું સ્વરૂપ કહે ત્યારે (એમ કહે કે) રાગ, દ્વેષ જેટલો વિકાર થાય એ ષટ્કારકનું પરિણમન તારાથી તારામાં છે. આહા..હા..! બે રીત શાસ્ત્રમાં આવે છે. અહીં બધું નિર્જરા છેને? ધર્મીની દૃષ્ટિ શુદ્ધ ચૈતન્ય નિર્મળ સ્વભાવ ઉપર છે. એથી એ સ્વભાવની દૃષ્ટિવંતને રાગાદિ જે થાય છે એ પુદ્ગલનું કાર્ય છે અને સ્વભાવના અનુભવથી એ ખરી જાય છે. સમજાણું કાંઈ? કેટલી અપેક્ષાઓ આમાં યાદ શી રાખવી? અમારે ફાવાભાઈ કહેતા, સવારમાં કાંઈક આવે, બપોરે કાંઈક આવે, અમારે શું મેળ કરવો?

સવારમાં કહે કે રાગ ને વિકાર તારો તારાથી થાય છે. બપોરથી કહે કે રાગાદિ પુદ્ગલનું કાર્ય છે, તારું નથી. કઈ અપેક્ષાથી? આહા..હા..! રાગ ખરેખર તો એની પર્યાયમાં પોતાથી સ્વતંત્ર થાય છે, પોતાનો દોષ છે એ, પણ એ દોષ સ્વભાવ નથી એમ બતાવવા સ્વભાવની દૃષ્ટિ કરીને જેને સ્વભાવદૃષ્ટિ થઈ એને એ પુદ્ગલનું કાર્ય માનીને એને છોડી દે છે. આમ વાત છે. આહા..હા..! મોટી તકરાર આ વાંધા. એમાં નાખ્યુ છેને મોક્ષમાર્ગપ્રકાશમાં? આવા અર્થ કર્યા છે એણે. વાત સાચી. જ્યાં જ્યાં કર્મનું આવ્યું હોય નિમિત્તથી થાય, નિમિત્તથી થાય. એટલે? નિમિત્તને લક્ષે થાય પોતાથી પોતામાં. સમજાણું કાંઈ? ૬૨ ગાથામાં તો એમ પંચાસ્તિકાયમાં કહ્યું ચોખ્ખું, પંચાસ્તિકાય, જે વિકાર થાય છે, મિથ્યાત્વભાવ, રાગભાવ, દ્વેષભાવ એ એક સમયની પર્યાયમાં ષટ્કારકનું સ્વતંત્ર પરિણમન છે. એ પર્યાય રાગને કરે, પર્યાય રાગનું કર્મ, પર્યાય રાગનું સાધન, એ રાગ થઈને રાગ રાખે, રાગથી રાગ થાય અને રાગને આધારે રાગ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? ત્યાં આગળ રાગ વિકારની અવસ્થા... પંચાસ્તિકાય છેને એ? એટલે એની સત્તામાં એને લઈને થાય એમ સિદ્ધ કરવું છે ત્યાં એ પોતાનો છે રાગ, પણ જ્યારે રાગ સ્વભાવમાં નથી, એ સ્વભાવનું કાર્ય નથી એમ બતાવવા રાગ પુદ્ગલનું કાર્ય છે એમ કરીને ત્યાગ બતાવે છે. આહા..હા..! આવી વાત છે.

એ હમણાં મોક્ષમાર્ગમાં એ આવ્યું છે. તમે આમ એના અર્થ કર્યા. પણ એ અર્થ જ એવા છે ત્યાં. અહીં કહે છે કે ખરેખર પુદ્ગલ કર્મ છે. ત્યારે પુદ્ગલ કર્મ છે તો પુદ્ગલ કર્મને લઈને જ વિકાર થાય છે? પુદ્ગલ કર્મ તો પર છે જડદ્રવ્ય, પણ જડના નિમિત્તે થતાં સ્વભાવમાં એ નથી માટે સ્વભાવની દૃષ્ટિવંતને એ પુદ્ગલ કર્મનું કાર્ય છે એમ કહીને છોડાવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ તો ઓલું ૭૫માં છેને ભાઈ! અભ્યંતર. રાગ-દ્વેષાદિ અભ્યંતર એ પુદ્ગલ પરિણામ છે. ત્યારે એ છેને પ્રેમચંદજી સનાવતના એ કહે કે જુઓ, આ અભ્યંતર છે એ જડના રાગ છે, ચૈતન્યનો રાગ નહિ ત્યાં. આહા..હા..! એમ કહ્યું. સનાવત-સનાવત. ક્યાં ગયા જતીશભાઈ? ગયા? ઠીક. એના ગામના માણસ છે. એ ત્યાં ખંડવા આવ્યા હતા. ખંડવાને? ખંડવામાં આવ્યા હતા. આ ૭૫મી ગાથામાં કહ્યું છે એ અભ્યંતર એ જડના રાગ-દ્વેષ લેવા કર્મના. અહીં તો ભાવકર્મ છે એ કર્મના છે એમ ત્યાં સિદ્ધ કર્યું છે. અરે..! એવી નવરાશ પણ ક્યાં કોને પડી છે? અહીંયાં આ કહ્યું દેખો!

અને ઓલામાં એમ કહ્યું, પુદ્ગલ કર્મ નિમિત્તથી જે કર્મ થાય છે એમ માને છે એ મૂઢજીવ છે. રાગ નિમિત્તામ્ નહિ? આહા..હા..! પોતામાં પોતાના અપરાધથી થાય છે. એને ઠેકાણે કર્મને લઈને થાય એમ માને, એ દોષ કાઢી નાખે છે. મૂઢ છે મારા! અહીંયાં કહે છે કે કર્મને લઈને થાય છે એ. પુદ્ગલનું જ એ કાર્ય છે. સમજાણું? આહા..હા..! કેમ? કે નિર્જરા અધિકાર છે. ધર્મીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે, વિભાવ ઉપર એની દૃષ્ટિ નથી. ક્ષણિક ભાવ છે અને ઓલો ત્રિકાળી સ્વભાવ છે. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિને લઈને વિકાર જે ક્ષણિક છે એ કર્મનું કાર્ય છે અને કર્મનો રાગ છે એમ કરીને એના ઉપરથી દૃષ્ટિ છોડાવી દીધી છે. હવે આવું બધું ક્યાં? નવરાશ ક્યાં છે આ બધો નિર્ણય કરવાનો? ધંધા આડે નવરાશ ન મળે એમાં આવી બધી વાતું આવે. ઘડીકમાં આમ ને ઘડીકમાં આમ. કાંતિભાઈ! છે?

**'તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે... '** જોયું! કર્મના ઉદયથી રાગરૂપ ભાવ થયો છે. આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં કહ્યું છે કે વિકાર છે એ જો પરનો જ માને તો સ્વચ્છંદી થઈ જશે. અને પોતાનો જ માને તો એ સ્વભાવ એનો છે એમ થઈ જશે. સમજાણું કાંઈ? આહા..હા..! બેય એણે જાણવું જોઈએને. દાખલો આપ્યો છેને. શીતની જેને વ્યાધિ હોય એને ઉષ્ણ દવા દે, ઉષ્ણની વ્યાધિ હોય એને શીત દે. એમ કહ્યું છે ત્યાં. દૃષ્ટાંત છે. એમ જે રાગ પોતાનો જ સ્વભાવ છે એમ માનતો હોય, એને કહે કે એ કર્મનું કાર્ય છે, તારો સ્વભાવ ક્યાં હતો વિકાર? આહા..હા..! વિકાર સ્વભાવ છે એ તો કૃત્રિમ પર્યાય છે. સ્વભાવ તો શુદ્ધ ચિદાનંદ આનંદકંદ પ્રભુ છે. આહા..હા..! એ દૃષ્ટિમાં રાગને કર્મનું સ્વરૂપ ઠરાવીને તેનાથી એને છોડાવ્યો છે. આહા..હા..! ૭૫, ૭૬, ૭૭ પ્રાપ્ય વિકાર્યમાં એ જ છે. પ્રાપ્ય નામ વિકારી જે પ્રાપ્ય થવાનો ભાવ એ પુદ્ગલનું કાર્ય છે. પુદ્ગલ એને પહોંચી વળે છે. વીરચંદભાઈ! ભાઈએ કર્યો હતો રાત્રે પ્રશ્ન. વીરચંદભાઈએ. પ્રશ્ન બરાબર હતો. એ છે અટપટો પ્રશ્ન. સમજાણું કાંઈ? અહીં કર્મનો કીધો, ત્યાં પણ કર્મનો કીધો અને પંચાસ્તિકાયમાં કીધું કે તારો તારાથી તારો વિકાર તારાથી તારામાં થાય છે, નિમિત્તથી નહિ. કારણ કે તારું કાર્ય એ નિમિત્ત કઈ રીતે કરી શકે? સમજાણું કાંઈ? આવી વાતું બધી.

જુઓ! **'ખરેખર રાગ નામનું પુદ્ગલકર્મ છે,...'** રાગ નામનું પુદ્ગલ કર્મ છે. પાઠ છેને? **'पोग्गलकम्मं रागो'** રાગ એ પુદ્ગલ કર્મ છે, પુદ્ગલના પરિણામ છે. આ અપેક્ષાએ. એનો સ્વભાવ નથી. ત્રિકાળી જે ચિદાનંદ સ્વરૂપ એનું છે એ સ્વરૂપમાં રાગ નથી. અને ક્ષણિક પર્યાયમાં રાગ છે એ રાગ પુદ્ગલનું કાર્ય ઠરાવીને એને છોડાવી દીધું છે. આહા..હા..! હવે આમાં ક્યાં ધ્યાન રાખે? એ ચર્ચા થઈ હતી મોટી તે દિ'. ૨૦ની સાલ, ૨૩ની સાલ. પંચાસ્તિકાયની ૬૨ ગાથા. ત્યાં વર્ણી પાસે. મધુવનમાં. જેટલો વિકાર થાય... બધા બેઠા હતા પંડિતો. કૈલાસચંદજી હતા, ફૂલચંદજી હતા, રામજીભાઈ હતા, હિંમતભાઈ હતા બધા હતા. વીરજીભાઈ હતા કે નહિ? એ પણ હતા. બધા હતા. બધા સાંભળતા હતા. કહ્યું હતું ચોખ્ખું, વિકાર થાય તે જીવમાં એ પોતાનો અપરાધ છે અને વિકારી પર્યાય વિકારને કરે છે. કર્મથી નહિ, દ્રવ્ય-ગુણથી નહિ. ૬૨ ગાથા. મોટી ચર્ચા ચાલી હતી. બધા હતા. બંસીધરજી હતા, વર્ણીજી કહે, એ તો અભિન્નની વાત છે. અભિન્નની છે એટલે શું? પોતાથી થયું એમ અભિન્ન-ભિન્નથી

નહિ. પણ એ વાત ચાલતી જ નહોતી. અને આ લખાણમાં જુઓ આ શું આવ્યું અહીંયાં? ચોખ્ખું છે. કઈ અપેક્ષાથી? એ સ્વભાવ નથી એનો. ત્રિકાળી ચીજ જે સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ આનંદ અને અનાકુળ અકષાયસ્વરૂપ એ આત્મા. આહા..હા..! એ આત્માને ગણીને રાગ તે પુદ્‌ગલનું કાર્ય છે એટલે એના ઉપરની દૃષ્ટિ છોડાવી દીધી. સ્વભાવ ઉપર દૃષ્ટિ કર. આહા..હા..! સમજાણું કાંઈ? પણ કોઈ એમ જ માનતું હોય કે પુદ્‌ગલનું કાર્ય છે તો અમારે હવે કાંઈ નહિ, ગમે તેમ ચલવો. હવે ઉભો રહે. પુદ્‌ગલનું કાર્ય શું? એ તો કઈ અપેક્ષાથી કીધું? રાગ તે તારો દોષ છે, તારાથી થયેલો છે. આહા..હા..! આ મોટી ચર્ચા ચાલી ઝઘડા.

'**તેના ઉદયના વિપાકથી...**' ભાષા એમ છે જોયું! કોના? પુદ્‌ગલકર્મ જે જડ છે '**તેના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે,...**' સ્વભાવ નથી એ બતાવીને બતાવવું છે. એક સમયની વિકૃત અવસ્થા છે એ કાંઈ તારો સ્વભાવ છે? પર્યાયબુદ્ધિવાળાને પોતામાં થાય છે એને ઉડાવી દેવું છે અહીં. પર્યાયબુદ્ધિવાળા ઉડાવી દે છે. દ્રવ્યમાં નથી. વસ્તુ અને વસ્તુની શક્તિ અને ગુણોમાં જ્યાં દૃષ્ટિ કરવી છે ત્યાં રાગ છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મોટી તકરાર. અને કોઈને ન બેસે, ઊલટું બેસે તો એની સાથે કાંઈ વિરોધ ન કરવો. '**सत्त्वेषु मैत्री**'. બધા ભગવાન છે, આત્મા છે. સમજાણું કાંઈ? કોઈ પ્રત્યે કાંઈ પણ શબ્દો વિરોધ નહિ. કેટલાક ઉત્તેજનામાં આવી ગયા પોતે સાંભળીને. આમ કરીએ, તેમ કરીએ. કાંઈ ન થાય. ધીરૂભાઈ ને એ બધા એમ કે આમ કરશું, આમ કરશું. વિદ્યાનંદજી પાસે ગયા હતા રતનલાલજી. એ સાંભળ્યું હતું પહેલું. ભાઈએ આ વખતે પ્રકાશ્યું. પણ પહેલા સાંભળ્યું હતું. રતનલાલજી આપણા. રતનલાલજી ... ગંગવાલ. કલકત્તાવાળા. અહીં આવી ગયા. એણે બહુ મહેનત કરી હતી. એ ત્યાં ગયા હતા. વિદ્યાનંદજીએ એમ કહ્યું કે અમે એની સામે કાંઈ બીજું લખવું બંધ કરીએ વિદ્યાનંદજી કહે. હું તો એને પકડાવી દઉં છું બધાને કોર્ટમાં. આ પાણીમાં નાખ્યાને ઓલાએ. એમ કાંઈ ન થાય ભાઈ! એવું હોય નહિ. ધર્મની વાત સ્વતંત્ર છે. એને દબાણ થાય કે એવી વાત હોય નહિ, ભાઈ! એને જે બેઠી છે એ વાત કરે. સમજાણું કાંઈ? એનો વિરોધ કરવાનું કાંઈ કારણ નથી. આહા..હા..!

અને એ જ વાત હમણાં પાછી વિદ્યાનંદજીએ કાઢી નહિ? '**श्रुत परिचित अनुभुता**'માં. કામભોગ બંધ કથા. એમાં અર્થ કર્યો છે એ ઘરનો કર્યો છે એણે. નથી ટીકામાં, નથી .. એમ કહ્યું છે. પણ એ કામભોગની કથા જ રાગની કથા છે એ. કામ એટલે રાગ અને ભોગ.. કામ એટલે રાગનું કરવું અને ભોગ એટલે ભોગવવું. એ પુણ્યાદિના રાગનું કરવું અને ભોગવવું એ જીવનું સ્વરૂપ જ નથી. પણ ઓલો પાઠ આટલો છેને કામભોગબંધ કથા. એ વિસંવાદ ખડો થાય છે અને એવી વાત તો તેં અનંતવાર સાંભળી છે. રાગનું કરવું અને રાગનું ભોગવવું એ વાત તો તે અનંતવાર સાંભળી છે, પરિચયમાં આવી છે અને અનુભવમાં આવી છે. ત્યારે હવે? '**एकत्व निश्चय**'. પણ પરથી ભિન્ન સ્વમાં એકત્વતા એ વાત તેં અનાદિથી સાંભળી નથી. આહા..હા..! એથી પછી એનો વિસ્તાર કર્યો છે થોડો.

ભાઈ! આ રાગ છે એ તો પુણ્ય છે શુભ. પાપ તો છે જ. એ તો વાત (નહિ), મૂળ તો અહીં ..ની વાતું ચાલે છે આકરી ને. પણ એ રાગ છે એ પુણ્ય છે અને પુણ્ય તો એણે જ્ઞાનીએ હેય જાણ્યું છે, છોડી દીધું છે. માણસ જેમ વિષ્ટા કરે તો ભૂંડ ખાય, એમ જેણે જ્ઞાનીઓએ હેયબુદ્ધિએ રાગ આવ્યો છે એને અજ્ઞાની મારો છે એમ માનીને કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું ભારે! અટપટી વાતું કેટલી ભાઈ! આહા..હા..!

જુઓ, શું કહ્યું જુઓ! '**વિપાકથી ઉત્પન્ન થયેલો આ રાગરૂપ ભાવ છે, મારો સ્વભાવ નથી;...**' જોયું! આ અપેક્ષાએ વાત છે અહીં, સ્વભાવ નથી. ચિદાનંદ પ્રભુ, નિત્યાનંદ પ્રભુ એમાં સ્વભાવ કેવો રાગનો? એ અપેક્ષાએ રાગ કર્મનું કાર્ય છે એમ કીધું છે. આહા..હા..! અને રાગ કરે અને પોતે કરે ને નાખી દે કર્મને માથે, એને કહે છે કે ઊભો રહે, વિકાર તારાથી તું કરે છે તો થયો છે. કર્મથી થાય તો કર્મ તો અડતું પણ નથી. ત્રીજી ગાથામાં ન આવ્યું? દરેક દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયને ચુંબે છે, પણ પરદ્રવ્યને તે ચુંબતું નથી. શું કીધું? કર્મનો ઉદય જીવને, રાગને ચુંબતો નથી. રાગ કર્મના ઉદયને ચુંબતો નથી.

કેમ અહીં કહ્યો પરનો? કે એનો સ્વભાવ નથી. આહા..હા..! ચિદાનંદ આનંદનો નાથ પ્રભુ જ્ઞાતાદષ્ટા એવી અનંતી શક્તિઓ સ્વભાવરૂપ પવિત્ર એમાં રાગનું કરવું એવો કોઈ ગુણ છે? પર્યાયમાં થાય છે તે નિમિત્તથી થયું એમ કહીને એને ઠરાવી દે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરેરે..! આવું મનુષ્યપણું મળ્યું એમાં આ જો વાત સાચી ન આવી, અરેરે..! અવતાર કઈ જાતના ભાઈ? ત્યાં કાંઈ સિફારીશ કામ નહિ આવે બહારની કે અમને બહુ માનતા હતા માટે અમારી સારી છે. આહા..હા..!

'હું તો...' જુઓ, કઈ અપેક્ષાએ અહીં કહ્યું છે રાગ કર્મનું કાર્ય? હું તો સ્વભાવ છું. મારા સ્વભાવમાં એ કોઈ કાર્ય છે જ નહિ અને કોઈ શક્તિ એવી નથી કે વિકારને કરે એવો કોઈ ગુણ નથી. વિકારને કરે એવો જો ગુણ હોય તો સદાય વિકાર કર્યા જ કરે, વિકાર ટળે જ નહિ કોઈ દિ'. ઝીણી વાત છે, ભગવાન! બહુ વાતું બાપુ આ તો. આહા..હા..! જુઓને, કેટલું સરસ કહ્યું છે! 'હું તો...' સમ્યગ્દૃષ્ટિ એમ માને છે કે 'હું તો...' મારો સ્વભાવ નથી રાગ પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એ મારો સ્વભાવ નથી, મારું સ્વરૂપ નથી, એ તો કર્મનું કાર્ય છે, એમ. એ પુદ્‌ગલ કર્મનો રાગ છે. આહા..હા..! અને ૬૨ ગાથામાં એમ કહ્યું કે એ વિકારની પર્યાય એક સમયની તારાથી તેં કરી છે, તારા આધારે, તારા કારણે, તારું કર્મ અને તારું સાધન. એને એ કુંદકુંદાચાર્ય કહે છે, આ પણ કુંદકુંદાચાર્ય કહે છે. બરાબર છે બેય વાત. 'જ્યાં જ્યાં જે જે યોગ્ય છે તહાં સમજવું તેહ.' આહા..હા..!

એ વાત હતી નહિ. સમજાણું? હિન્દુસ્તાનમાં ત્રણે સંપ્રદાયમાં કર્મથી વિકાર થાય એ વાત હતી. એથી એ લોકોને ધડાકો લાગ્યો. સમજાણું કાંઈ? એ આ લાઠી (સંવત) ૧૯૭૧ની સાલથી આ ધડાકો લાગ્યો. કીધું, વિકાર છે તે કર્મથી બિલકુલ નહિ. પોતાના ઊંધા પુરુષાર્થથી જીવ વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી વિકારને ટાળે છે. આ ૭૧નું લાઠીનું છે. અમારા ગુરુ હતા બિચારા નરમ. એમાં મૂળચંદજી પણ સાંભળતા હોં. એમ નહિ, મારી તો બે વર્ષની દીક્ષા. સાંભળે, પૂછે. શાસ્ત્રનો દાખલો

આપીએ. ભગવતીસૂત્ર શ્વેતાંબર. આ દિગંબર તો વાંચ્યું જ હતું કે દિ' તે દિ'. એ તો ૭૮માં આવ્યું વાંચનમાં. વિકાર કરે છે જીવ પોતાથી સ્વતંત્ર કરે છે, એને કોઈ કર્મને લઈને થાય ને પરને લઈને થાય એ વાત છે નહિ. એ સાંભળે. દામોદર શેઠ હતા. વીરચંદભાઈ ઓળખે. એ વિરુદ્ધ પડ્યા. સામે ન બોલે. ખાનગી કહે. આ મહારાજે આવું ક્યાંથી કાઢ્યું નવું? કોઈ અમારા ગુરુએ કહ્યું નથી કે કર્મથી વિકાર ન થાય. વિકાર પોતાથી થાય એમ અમે તો માનતા નથી. કર્મથી જ વિકાર થાય એમ અમે બધા માનીએ છીએ. આહા..હા..! અને આ કાઢ્યું ક્યાંથી આણે? વગર દોરીની પડાય ઉડશે આ. એ પડાય પડે ત્યાં ખરી. પડાય સમજો છો? પતંગ વગર દોરીનો. કારણ કે મૂળ ત્યાં હતી નહિ વાત અને પહેલી હજી બહાર મૂકી ૭૧માં. પોષા કરવા આઠમના. મહિનામાં ચાર. બે આઠમ અને એક અમાસ અને એક પૂનમના પોષા કરતાં. આ વીરચંદભાઈના બાપ ને આના બાપના બાપ. નહિ? મોહનજીભાઈ. બધા બિચારા માણસ નરમ બધા. પોષા કરે ૨૫-૨૫, ૩૦-૩૦, ૪૦. મહારાજ બપોરે વાંચો તમે. મહારાજ કહો કાનજીસ્વામીને ઈ વાંચે. ૭૧ની સાલ. એક મહિનામાં ચાર દિ' એક કલાક બસ. એમાં આ વાત મૂકી હતી. વિકાર પોતાનો સ્વભાવ પોતે નથી, છતાં વિકાર પર્યાયમાં કરો તો સ્વતંત્ર છે. એકેય દોકડો પરનો નહિ. એ ચર્ચા અહીં થઈ હતી આપણે જીવંધર. શેઠ આવ્યાને શેઠ? ઉપાદાન-નિમિત્તમાં. એની સાથે ચર્ચા થઈ હતી. એ (સંવત) ૨૦૦૫ની સાલ. પચાસ દોકડા નિમિત્તના રાખો અને પચાસ દોકડા ઉપાદાનના રાખો. એકેય દોકડો પરનો નહિ, સોએ સો ટકા પોતાના ઉપાદાનના, સોએ સો દોકડા નિમિત્તના. શેઠ જ્યારે આવ્યા હતાને હુકમચંદજી પહેલા ૨૦૦૫ની સાલ, ત્યારે ચર્ચા મોટી થઈ હતી. અરે..! ભગવાન બાપુ! એનો સમય છે ત્યારે એ વિકાર થયો છે પોતાને કારણે, પણ એનો સ્વભાવ નથી, એની પર્યાયમાં પરના માનતા હોય એ એના છે એમ મનાવે છે અને એ એના માનીને છોડતો નથી, કેમકે એ તો મારો સ્વભાવ છે, તો એને કહે કે તારો નથી સ્વભાવ. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મારો સ્વભાવ નથી;...'** ભાષા તો જુઓ! **'હું તો આ (પ્રત્યક્ષ અનુભવગોચર) ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ છું.'** આહા..હા..! જ્ઞાતા-દૃષ્ટા. આ બાપુ! સમજવા જેવી ભાઈ! આ તો વસ્તુસ્થિતિ છે. આહા..હા..! અરે..! આવા ટાણા મળવા મુશ્કેલ છે, બાપુ! જાવું છે ક્યાં એને? અનંતકાળ-અનંતકાળ રહેવું છે. આત્મા તો અનંતકાળ રહેશે. જો દૃષ્ટિ વિપરીત હશે તો અનંતકાળ દૃષ્ટિ વિપરીતમાં ચાર ગતિમાં રહેશે. આહા..હા..! અહીં કેટલો કાળ? પાંચ, પચ્ચીસ, પચાસ વર્ષ. આહા..હા..! **'(આ રીતે સમ્યગ્દૃષ્ટિ...'** જોયું! **'વિશેષપણે સ્વને અને પરને જાણે છે.)'** હવે આટલું તો આપણે કહેવાઈ ગયું હતું કાલે. આને તાજુ કરવા માટે લીધું.

**'વળી આ જ પ્રમાણે રાગપદ બદલીને...'** દ્વેષ લેવો. દ્વેષ પણ પુદ્ગલ કર્મ છે. આહા..હા..! મારો સ્વભાવ નથી. ધર્મીની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. આહા..હા..! તેથી ધર્મી કહે છે કે એ મારો સ્વભાવ નથી. એ દ્વેષ એ કર્મનું કાર્ય છે. **'पोग्गलकम्मं रागो'** એમ **'पोग्गलकम्मं द्वेषो'** એમ લેવું. પુદ્ગલકર્મ તે દ્વેષ છે. આહા..હા..! ગાથા બહુ... વીરચંદભાઈએ પ્રશ્ન કર્યો હતો બરાબર કાલે કર્યો હતો. યથાસ્થાને હતો. હવે આ બપોરે આવું ચાલ્યું. આહા..હા..! એવી વાત છે, બાપુ! આ તો સત્‌ના ઉદ્‌ઘાટન છે.

આહા..હા..! એવી વાત છે.

**શ્રોતા :–** રાગને નિરપેક્ષ કહો અને વીતરાગતાને પણ નિરપેક્ષ કહો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નિરપેક્ષ છે. વીતરાગ પણ નિરપેક્ષ છે. નિર્મળ સમ્યગ્દર્શનની પર્યાય પણ ષટ્કારકથી પોતાથી પરિણમી રહી છે, કર્મના અભાવને કારણે નહિ, દ્રવ્ય-ગુણને કારણે નહિ. આહા..હા..! એ નિરપેક્ષ, બેય નિરપેક્ષ છે. દ્વેષ છે એ પણ નિરપેક્ષ છે. કર્મના નિમિત્ત વિના નિરપેક્ષ છે. પણ અહીં સાપેક્ષ કહીને 'સ્વભાવ નથી' એવી દૃષ્ટિમાં પડ્યો છે જીવ, એથી દ્વેષ કર્મનું કાર્ય છે એમ કરીને નિર્જરા કરી નાખી. આહા..હા..! આવી વાત. ઓલા બિચારા સામાયિ કરીને, પોષા કરીને, પડિક્કમણા કરીને બેસે. થઈ ગયા ધર્મ. હવે એણે તો સાંભળી પણ ન હોય આવી વાત. આહા..હા..!

'રાગપદ બદલીને...' શું કીધું? '**તેની જગ્યાએ દ્વેષ,...**' મૂકો. એટલે? '**पोग्गलकम्मं रागो तस्स विवागोदओ हवदि एसो।**' એ દ્વેષ પુદ્ગલકર્મનો પાક છે, જીવનો નહિ. જીવ એનો સ્વભાવ તે એનો પાક તો વીતરાગતા અને આનંદનો પાક છે એનો. આહા..હા..! જીવનું ક્ષેત્ર જ એવું છે. એ પર્યાયનો એક સમયનો અંશ એ ક્ષેત્ર ભિન્ન છે. આહા..હા..! એ ભગવાન આત્મા જે અસંખ્ય પ્રદેશમાં છે એનું ક્ષેત્ર એવું છે કે જેમાં આનંદનો પાક થાય. આહા..હા..! જેમાંથી વીતરાગતાની દશાનો પાક થાય એવું એનું ક્ષેત્ર છે. આહા..હા..! અને આ ક્ષેત્રનો ભાગ જે અંશ છે દ્વેષનો એ કર્મનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેને હજી તત્ત્વની પણ ખબર ન મળે હવે એને ધર્મ કે દિ' થાય? રાગ શું? જીવસ્વભાવ શું? નિમિત્તથી થાય છે કે નહિ? નિમિત્તથી કીધું છે તો એનો અર્થ શું? આહા..હા..!

**શ્રોતા :–** 'નિમિત્તથી' કીધુંને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ હોય? નિમિત્તથી કીધું નિમિત્તથી (એ) તો નિમિત્તને લક્ષે થયેલું (છે એટલે) થયું છે, એનાથી નહિ. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં કાંઈ થાય? અડતું નથી ને શું થાય? આ તો સ્વભાવને રાગ અડતો નથી માટે દ્વેષ ને રાગ કર્મનું કાર્ય કરીને છોડાવી દે છે એને. સમજાણું કાંઈ? આહા..હા..!

'**મોહ,...**' સમકિતીની વાત છે. પરમાં જરી સાવધાનીનો ભાવ આવે એ પણ મોહ કર્મનું કાર્ય છે. સમકિત પ્રકૃતિ છેને સાધારણ? એ પણ કર્મનું કાર્ય છે એમ. '**ક્રોધ,...**' એ ક્રોધ એ '**पोग्गलकम्मं कोहो**' એમ લેવું ગાથા સાથે. '**पोग्गलकम्मं कोहो**' પુદ્ગલકર્મનું કાર્ય તે ક્રોધ છે, આહા..હા..! ભગવાન આત્માનો સ્વભાવ નથી. પ્રભુ તો વીતરાગ મૂર્તિ અકષાયસ્વભાવ આનંદનો કંદ છે. આનંદકંદમાંથી વિકાર કેમ આવે? સમજાણું કાંઈ? '**ક્રોધ,...**' એ ક્રોધ '**विवागोदओ हवदि एसो**' એ પુદ્ગલ કર્મનો વિપાક ઉદય તે ક્રોધ છે. આહા..હા..! એનો સ્વભાવ નથી એ અપેક્ષાએ વાત કરી છે, પણ થાય છે તો પોતાની પર્યાયમાં પોતાથી. સમજાણું કાંઈ? પણ જેની પર્યાયબુદ્ધિ ઊડી ગઈ છે અને ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ બુદ્ધિ પ્રગટી છે એ એમ કહે છે કે એ ક્રોધ તો પુદ્ગલનું કાર્ય છે, હું એનો સ્વામી-ધણી નથી. આહા..હા..!

**શ્રોતા :–** ક્રોધનો ધણી કોણ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્રોધનો ધણી પુદ્ગલ. ૭૩માં નથી આવ્યું? વિકારનો સ્વામી પુદ્ગલ. લ્યો હવે આવું. ૭૩માં આવ્યું હતું. કઈ અપેક્ષાથી? ચૈતન્યસ્વભાવનો સ્વામી છે ભગવાન એવું જ્યારે ભાન થયું ત્યારે કહ્યું કે એ વિકાર છે તેનો સ્વામી કર્મ છે, હું એનો સ્વામી છું નહિ. આહા..હા..! પણ એમ માનીને વિકાર થાય એની દરકાર ન કરે કે એ તો એને લઈને થાય, એને લઈને (થાય), એને કહે છે, તારામાં તારાથી થાય છે. એ રાખીને આ વાત અમે કરીએ છીએ.

**શ્રોતા :-** બેમાંથી સાચું ક્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય સાચું છે. પર્યાયદૃષ્ટિવાળાને પર્યાયદૃષ્ટિથી થાય છે પોતાથી એ સાચું છે અને દ્રવ્યદૃષ્ટિવાળાને પોતાથી દ્રવ્યથી નથી થતું તો પરથી થાય એ પણ સાચું છે. આવી વાતું છે. આ તો મોટી ચર્ચા ૭૧ની સાલથી ચાલે છે.

**શ્રોતા :-** એ ચર્ચાનો અંત લાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અંત આવી ગયો છેને. અંત તો મેં કીધું હતુંને ત્યાં. બનારસીદાસનું શું કહેવાય એ? કાશી-કાશી. વ્યાખ્યાન ચાલતું હતું ને. કૈલાસચંદજી બોલ્યા બનારસમાં, વ્યાખ્યાન ચાલતું હતું. ઉપાદાન અને નિમિત્ત. એના ઘરે. રસ્તામાં જતા કીધું હતું એ તો ક્રમબદ્ધનું, પણ વ્યાખ્યાનમાં કહ્યું. ત્યારે મેં કીધું ઉપાદાનથી થાય, નિમિત્તથી થાય નહિ એવો સ્વભાવ (છે). ત્યારે એ (કહે), વિચારકોટિમાં છે. કૈલાસચંદજી એમ બોલ્યા હતા તે દિ'. ૨૦ વર્ષ પહેલાંની વાત છે. મેં કીધું, એનો નિર્ણય થઈ ગયેલો છે. કાશીની વાત છે. વ્યાખ્યાનમાં. ત્યાં નરમથી બોલ્યા હતા હોં. તે દિ' કાંઈ ઓલું નહોતું. એ સાંભળેલી નહિને વાત. એમ કે ઉપાદાનથી થાય અને નિમિત્તથી ન થાય એ વાત હજી વિચારકોટીમાં માગે છે. કાશીમાં વ્યાખ્યાન થયું હતું. બધા હતા. ફૂલચંદજી હતા.

અહીં જોર અહીં છે જોયું! શું છે? પાઠમાં શું છે જોયું! '**ण दु एस मज्झ भावो**' એમ છેને ભાઈ? ત્રીજું પદ. '**ण दु एस मज्झ भावो**' એટલે સ્વભાવ. ત્રીજું પદ છેને. એ મારો સ્વભાવ નથી એ અપેક્ષાની વાત છે અહીં. હા એ. મારો એ સ્વભાવ નથી. મારો સ્વભાવ તો જ્ઞાતા-દૃષ્ટા આનંદકંદ છે. આહા..હા..! છે? '**ण दु एस मज्झ भावो जाणगभावो दु अहमेक्को**' જુઓ! આ નહિ અને આ જ્ઞાયકભાવ હું છું. આહા..હા..! સમ્યગ્દર્શનની દૃષ્ટિ સ્વભાવ ઉપર છે અને સ્વભાવ છે તે વિકાર વિનાનો છે. કેવી સરસ વાત કરી છે! પાઠમાં પ્રકાર પડ્યા છે. દ્વેષ લ્યો, ક્રોધ ક્રોધ.

'**માન,...**' જરી માન આવ્યું એનો હું જાણનાર છું, મારો સ્વભાવ નથી, એ પુદ્ગલનું કાર્ય છે. એ '**पोग्गलकम्मं मान**' '**पोग्गलकम्मं मान**' એ પુદ્ગલ કર્મનું કાર્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? તત્ત્વની વાત છે આ. '**માયા,...**' કપટ. સહેજ માયા આવે તો મારો સ્વભાવ નથી, હું તો એનો જાણનાર છું. તેથી તે કર્મનું કાર્ય છે. '**पोग्गलकम्मं माया**' આહા..હા..! આ ગાથાની સાથે મેળવાય છે. એ તમારા ઝવેરાતમાં આવું કોઈ દિ' સાંભળ્યું ન હોય ત્યાં. ગોખ્યા ગોખ કરે સવારમાં આનું આ છે, આનું આ કરો. સ્વભાવના જોરની વાત છે. નિર્જરા છેને. આહા..હા..! દૃષ્ટિમાં સચ્ચિદાનંદ પ્રભુ આ દૃષ્ટિમાં જ્યાં આવ્યો એ તો આનંદનો કંદ છે. એનો સ્વભાવ એ દૃષ્ટિમાં આવ્યો એટલે દૃષ્ટિવંત કહે

છે, આ રાગ અને માયા એ મારો સ્વભાવ નથી. એ કર્મનું કાર્ય અને કર્મરૂપી માયા છે, છોડ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**લોભ,...**' એ લોભ પણ '**पोग्गलकम्मं लोभो**' બધામાં મેળવવું પડેને. આહા..હા..! વસ્તુસ્વભાવ છે અંનતગુણનું (એકરૂપ). એક એક ગુણની અનંતી શક્તિ, એમાં કોઈ શક્તિ ગુણ એવો છે કે લોભ કરે? ગુણ એવો છે કે સંતોષ કરે અને વીતરાગતા કરે એવો ગુણ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :–** વિભાવિક ગુણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિભાવક શક્તિ છે એ સ્વભાવ છે એનો. વિભાવિક શબ્દે વિકાર કરે એમ નહિ. ચાર દ્રવ્યમાં નથી અને જીવ, પુદ્ગલમાં છે માટે એને વિભાવ—વિશેષ શક્તિ છે માટે વિભાવ કહ્યો. વિકારરૂપે થવું એ વિભાવ એમ નથી ત્યાં. આહા..હા..! શ્રીમદ્ એવો અર્થ કર્યો છે. વિભાવ એટલે વિભાવિકશક્તિ છે એટલે વિકાર કરવો એવો ગુણ છે એમ નહિ. વિભાવ એટલે કે ચાર દ્રવ્યમાં એ શક્તિ નથી અને જડ અને આત્મામાં છે પુદ્ગલમાં, માટે એને વિભાવ કહ્યો છે. સિદ્ધમાં પણ વિભાવ શક્તિ પડી છે. વિભાવિક શક્તિ એનો ગુણ છે. ગુણ છે એનો. એ બીજામાં નથી એટલે. અને વિભાવિક શક્તિનો અર્થ વિભાવપણે પરિણમવું એમ નથી. વિશેષ એવી શક્તિ છે કે નિમિત્તાધીન થાય એટલે વિકારપણે પરિણમે અને પોતાને આધીન થાય તો સ્વભાવપણે પરિણમે, છતાં છે વિભાવ શક્તિ ત્રિકાળી. અરે અરે..! આવી વાતું!

**શ્રોતા :–** આ બધું ન સમજાય અને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ... છાણાનો ગોર આપે કોક હાથમાં અને પછી (કહે), આ તને ગોળ આપ્યો છે મેં. એમ સમજ્યા વિના ખાય તો? ગોળ-ગોળ કહેને. છાણાનો નહિ? અહીં ગોર ભુક્કો હોયને. આખું છાણું કઠણ હોય એટલે અગ્નિ પકડી ન શકે. એટલે એ છાણાનો ગોર—ભુક્કો કરે. ભુક્કો કરીને પછી અગ્નિ પકડે એટલે કરે. એને ગોર કહે છે અમારે કાઠિયાવાડમાં. છાણાનો ગોર. એ તો બધે આખા... કઠણ વસ્તુ હોય આખી લાકડું કે એ અગ્નિ પકડી ન શકે. એટલે ભુક્કો કરે, ગોર કરે એટલે પકડી લે, ફટ ભડકો થાય. પણ એ ગોર ગોળને ઠેકાણે આપે તો? આહા..હા..! છાણ છે એ તો વિષ્ટા છે, ભેંસની વિષ્ટા છે બીજું શું છે? આ છાણું શું કહે છે? એ ઢોરની વિષ્ટા છે. એ વિષ્ટાને ચૂલામાં મૂકીને દિવાસળી કરે છે. આહા..હા..!

**શ્રોતા :–** સુકાઈ જાય તો ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ છેને.

અહીંયાં કહે છે કે લોભ જે છે એ લોભનો ભાવ જે થાય છે જીવમાં એ એનો સ્વભાવ નથી. માટે જ્ઞાની કહે છે કે લોભ કર્મનું કાર્ય છે, હું એનો સ્વામી થાતો નથી. આહા..! ઝીણી વાતું બાપુ બહુ!

**શ્રોતા :–** ઉપયોગી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઉપયોગી છે. આહા..હા..!

'**કર્મ,...**' એ તો કર્મ તો કર્મ છે જ. '**पोग्गलकम्मं कम्मं**' એ પુદ્‌ગલ કર્મ છે કર્મ આઠે. આઠેય કર્મ એ પુદ્‌ગલ કર્મ છે. આ ભાવ હતા એ પણ પુદ્‌ગલ કર્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવું મનુષ્યપણું મળ્યું પણ એમાં જો સાચું તત્ત્વ ન જાણ્યું, મરીને ઢોર થાશે, નરક-નિગોદમાં જાશે. ત્યાં કાંઈ પડ્યો રહે? આ તો થોડા પાંચ-પચ્ચીસ વર્ષ, પચાસ વર્ષ રહેશે. પછી અનંતકાળ રહેવું છે ભવિષ્યમાં. આહા..હા..! એ ક્યાં મુકામ કરવાના એની ખબરું નથી એને. આહા..હા..! કહે છે કે એ કર્મ એ કર્મ છે, મારું નહિ. મારા આઠ કર્મ, મારા આઠ કર્મ. એ તારા નહિ, કર્મ કર્મમાં છે. આહા..હા..!

એમ '**નોકર્મ,...**' શરીર. એ શરીર એ કર્મનું કાર્ય છે, આત્માનું નહિ. આહા..હા..! આ શરીર. સમજાણું કાંઈ? આવી ક્યાં વાતું હતી, પ્રેમચંદભાઈ! ઓઘડભાઈએ સાંભળી નહોતી. પાછળથી પ્રેમ હતો થોડો. આવું ક્યાં હતું તે? અમને તો ખબર છેને. ૭૧ની સાલથી ત્યાં આવ્યા હતાને, કુડા. આહા..હા..! વસ્તુ સ્થિતિ આવી છે, ભાઈ! એ જેટલો દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ કૃત્રિમ એક સમયની વિકૃત દશા. એને જેની પર્યાયબુદ્ધિ છૂટી ગઈ છે અને સ્વભાવ બુદ્ધિ થઈ છે એ કહે છે કે એ બધું કર્મનું છે, મારું નહિ. સમજાણું કાંઈ? આવો ધર્મ! ખરેખર તો વિકાર કર્મથી થતો નથી, એમ આ ભગવાનના દર્શનથી શુભભાવ થતો નથી. શુભભાવ તો પોતાથી થાય છે, એને ત્યારે નિમિત્ત કહેવાય છે. સમજાણું? પણ બોલવામાં એમ આવે, ભગવાનના દર્શનથી શુભભાવ થયો. આહા..હા..! ભગવાનના ઉપર તો ચકલી, ઈયળુ ખાઈને બેસે છે માથે. એ તો અહીં કાચ નાખી દીધા છે. નહિતર ખુલ્લા છે એમાં તો આપણે આ માનસ્તંભમાં લ્યોને ખુલ્લું છે તો કાગડા બેસે છે માથે. એનાથી થતું હોય તો એને થવું જોઈએ. જે કોઈ શુભભાવ કરે છે તેને નિમિત્ત કહેવામાં આવે છે. આવી વાતું છે, બાપુ! આહા..હા..! અરેરે..! સત્યને સત્ય તરીકે નહિ સમજે અને અસત્યને સત્યમાં નાખી દેશે એને આરો નહિ આવે, ભાઈ! આહા..હા..!

'**મન,...**' મન. એ અહીં મન છે મન. અનંત પરમાણુનો પિંડ એક મન એ કર્મ છે એટલે એ કર્મનું કાર્ય છે. '**पोग्गलकम्मं मन**' મારું કર્મ નહિ એ. આહા..હા..! મનનો તો હું જાણનાર-દેખનાર છું. મારું મન નહિ. આહા..હા..! છે? '**વચન,...**' એ વચન પણ '**पोग्गलकम्मं वचन**' એ મારું નહિ. આહા..હા..! વાણી છે એ પુદ્‌ગલનું કાર્ય છે.

**શ્રોતા :-** ભીંત કેમ બોલતી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભીંત પણ બોલતી નથી, આ પણ બોલતો નથી, ભીંત ક્યાં? આ તો ભાષા બોલે છે. હોઠને લઈને નથી. આ હોઠને લઈને, ગળાને લઈને આ ભાષા નથી આવતી. ભાષાવર્ગણા છે એમાંથી આ અવાજ આવે છે. અરે..! એમાં વિકલ્પ જે ઉઠે છે એ પર્યાય એની છે, પણ સ્વભાવની દૃષ્ટિથી નિર્વિકલ્પ કર્મનું કાર્ય કહીને કાઢી નાખે છે. આહા..હા..! આવું છે, ભાઈ!

'**કાયા,...**' લ્યો, નોકર્મમાં બધા નિમિત્ત ઘણાં આવે હોં! નોકર્મ છેને, એ નિમિત્તો જેટલા છેને એ બધાને નોકર્મ કહેવાય. તો એ નિમિત્તો જેટલા નોકર્મના છે એ પુદ્‌ગલનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! '**શ્રોત્ર,...**' ઇન્દ્રિય. આ કાન-કાન એ પુદ્‌ગલ કર્મનું કાર્ય છે, મારું નહિ. ભાઈ! આ

સ્વાધ્યાય કરવો જોઈએ, વાંચન જોઈએ હંમેશા કલાક, બે કલાક, ચાર કલાક. એ ચોપડા પાપના ફેરવે છે આખો દિ'.

**શ્રોતા :–** એમાં રૂપિયા છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** રૂપિયા ધૂળમાં. આહા..હા..! આ તો આમાં આવો તત્ત્વનો વિષય નિર્ણય કરે એમાં શાંતિ વળે. શાંતિ વળે ત્યાં. મધ્યસ્થ થઈને વિચાર કરે, રાગ ભિન્ન, આત્મા ભિન્ન. આહા..હા..! આ ભિન્નતાની વ્યાખ્યા છેને અહીં તો.

**શ્રોતા :–** અને ગોખ્યું આ, રાગ ભિન્ન, આત્મા ભિન્ન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ નહિ. અંદર રાગ પર તરફ જાય છે વિકલ્પ એ બધું પુદ્‌ગલનું કાર્ય છે, પુદ્‌ગલકર્મ છે, મારો સ્વભાવ નથી તેમ મારા સ્વભાવની કોઈ શક્તિ એવી નથી કે વિકાર કરે. એ તો પર્યાયમાં ઊભો થાય માટે પુદ્‌ગલનું છે. આહા..હા..! પણ પાછું જ્યાં કર્મ વિકાર તારાથી છે એ વાત રાખીને આ વાત છે. એને 'વિકાર તારામાં જ છે અને તારો જ છે, પરને લઈને નહિ' એ વાતને રાખીને હવે દૃષ્ટિ સ્વભાવ ઉપર ગઈ. 'પર્યાયમાં રાગ, દ્વેષ, વિકાર થાય એ મારો, મારાથી, મારામાં, મારે લઈને છે.' એટલું રાખીને પછી દૃષ્ટિ પર્યાયથી છોડીને દ્રવ્ય ઉપર ગઈ એ પર્યાયનો વિકાર આદિ એ મારું કાર્ય નહિ. આહા..હા..! સમજાય એવું છે. આ ભાષા કાંઈ એવી નથી. આહા..હા..! છે?

રાગ એટલે એમ કહ્યું. શું આવ્યું? '**શ્રોત્ર,...**' '**पोग्गलकम्मं श्रोत्र**' આ ઈન્દ્રિય પુદ્‌ગલ કર્મ છે. આહા..હા..! મારું સ્વરૂપ જ નથી. મારા સ્વભાવમાં ઈન્દ્રિય કેવી? આહા..હા..! અણીન્દ્રિય એવો જે હું, અણીન્દ્રિય એવો જે મારો સ્વભાવ તે જ્ઞાયક હું છું. આહા..હા..! તે શ્રોત્ર ઈન્દ્રિય પુદ્‌ગલનું કર્મ. આહા..હા..! ગજબ વાત છેને. શ્રોત્ર ઈન્દ્રિયથી સાંભળવાનું મળે, સાંભળવાનું મળે તો જ્ઞાન થાય ના. જ્ઞાન તો સ્વના આશ્રયે-લક્ષે થાય તે જ્ઞાન કહીએ. શ્રોત્ર ઈન્દ્રિયથી સાંભળે ને જ્ઞાન થાય સમ્યક્ એ છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? '**ચક્ષુ,...**' એ જડનું કાર્ય, કર્મનું કાર્ય છે. આહા..હા..! હું તો જ્ઞાયકસ્વભાવ છું. જ્ઞાયક નામ જાણનાર-દેખનાર સ્વભાવવાળો છું. એ આંખ મારી છે એમ નહિ. આહા..હા..! આંખ વડે તો ભગવાનના દર્શન થાય, કાન વડે વાણી સંભળાય—ના. એ સાંભળવું મારું કાર્ય છે એ આત્માનું નહિ. આહા..હા..! આવી વાતું ઝીણી. ઓલી સહેલીસટ હતી. સામાયિક કરવી, પોષા કરવી, પડિક્કમણા કરવા વગેરે.

**શ્રોતા :–** દયા, દાન કરવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દયા, દાન, આ પૂજા, ભક્તિ, મંદિર-બંદિર બનાવવાના બે પાંચ લાખના.

**શ્રોતા :–** મંદિર બનાવે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મંદિર કોણ બનાવતું હતું? એનો ભાવ છે એ ઈન્દ્રિયનું જ્ઞાન છે રાગ એ પુદ્‌ગલનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! એ મંદિરનું કાર્ય તો મારું નહિ, પણ મંદિર તરફનું લક્ષ જઈને શુભરાગ થયો એ મારું કાર્ય નહિ. આહા..હા..! ભાઈ! બહુ પાત્રતા જોઈએ આ સમજવા માટે. આખો સંસાર ઉથલાવી નાખ્યો છે. ઉદયભાવ એ આત્મા નહિ. આહા..હા..! એમ કહેવું છે. એ કર્મનો

ઉદયભાવ છે. આહા..હા..! તત્ત્વાર્થસૂત્રમાં ઉદયભાવ જીવનો લીધો છે. 'जीवतत्त्वं, जीवस्य तत्त्व' આહા..હા..! એ એનું પર્યાયમાં છે એ અપેક્ષાએ, પણ સ્વભાવમાં નથી એ અપેક્ષાએ તે કર્મનો છે. એ ઉદયભાવ કર્મનો છે એમ કહે છે.

બીજે ઠેકાણે એમ કહે છે કે ઉદયભાવ એ પરિણામિકભાવે છે. વસ્તુ છે એ પરમપારિણામિકભાવે છે એન વિકાર છે તે પરિણામિકભાવે છે, સ્વની અપેક્ષાએ, પરની અપેક્ષાએ ઉદયભાવ છે, પણ બેય મારી ચીજ નહિ. આહા..હા..! પરિણામિકભાવની પર્યાય કહેવામાં આવી એ હું નહિ અને ઉદયભાવ નિમિત્તની અપેક્ષાએ કહેવામાં આવ્યો એ હું નહિ. આહા..હા..! વસ્તુ પરમપારિણામિકભાવ છે. પરમપારિણામિક શું એ સાંભળ્યું નહિ હોય. સહજપણાની ચીજ જે અનાદિ-અનંત છે તેને પરમપારિણામિક કહેવામાં આવે છે અને બદલતા પરિણામને અહીંયાં ઉદયભાવ કહીને નિમિત્તની અપેક્ષાએ ઉદય કહીને પારિણામિકભાવની અપેક્ષાએ પારિણામિકભાવની પર્યાય છે એમ કહે છે. આહા..હા..! એ પર્યાય પણ કર્મનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! એક બાજુ પારિણામિકભાવની પર્યાય કહે, એક બાજુ કર્મનું કાર્ય કહે. આહા..હા..! કઈ અપેક્ષા છે? બાપા! માર્ગ એવો, ભાઈ!

'**ઘ્રાણ,...**' આ નાક-નાક. એ નાક છે એ જડનું કાર્ય છે, આત્માનું નહિ, એ નાક મારું નહિ. લ્યો! આ તો માટી છે. આ નાક છે એ તો માટી જડ ધૂળ છે. એ ધૂળનું કાર્ય છે, મારું નહિ. આહા..હા..! જ્ઞાન તો પોતાથી થાય છે, નાકથી થાય છે? અજ્ઞાની એમ માને છે કે આ ઈન્દ્રિયો મારા અવયવ છે અને એનાથી મને જ્ઞાન થાય છે. મૂઢ છે. જ્ઞાન તો અંદર જ્ઞાનની પર્યાયથી જ્ઞાન થાય છે. આહા..હા..! એવી વાતું છે, બાપુ! બહુ ઝીણી વાત, ભાઈ! ધર્મ ચીજ બહુ સૂક્ષ્મ છે, લોકોને મળ્યો નથી, વાત જ કાને પડી નથી. આહા..હા..! '**રસન...**' આ જીભ એ જડ છે. ધર્મી એમ જાણે છે કે આ જડ છે, હું નહિ એ. આહા..હા..! મારો સ્વભાવ એ નહિ. આહા..હા..! '**સ્પર્શન...**' આ સ્પર્શ એ જડની પર્યાય જડ છે, આત્માની નહિ. એ આ મારો સ્વભાવ એ નહિ ધર્મી એમ જાણે છે. અજ્ઞાની જાણે છે કે આ પાંચેય ઈન્દ્રિયો મારો અવયવ કે જેના વડે હું જાણું છું. આહા..હા..!

'**એ શબ્દો મૂકી સોળ સૂત્રો વ્યાખ્યાનરૂપ કરવા (-કહેવાં) અને આ ઉપદેશથી બીજાં પણ વિચારવા.**' જેટલા પ્રકાર પડે અસંખ્ય પ્રકાર—વિકારના, રાગના, દ્વેષના, વિકલ્પના, હાસ્યના અને એના નિમિત્તરૂપે જે વસ્તુ એ બધી પરવસ્તુ છે, પુદ્‌ગલનું કાર્ય છે, મારું નહિ. 'હું તો ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ છું' એવી દૃષ્ટિ થવી એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે, બાકી બધા થોથા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**આ રીતે સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો...**' જોયું! સ્વભાવને જાણતો પોતાને. '**રાગને છોડતો થકો...**' જોયું! વિકાર થાય છે તો એની પર્યાયમાં પોતાથી, પણ હવે એનો સ્વભાવ નથી માટે એ છોડે છે એને. આ નહિ... આ નહિ... આ નહિ... હું તો જ્ઞાતા-દૃષ્ટા આત્મા છું. એવી દૃષ્ટિમાં એને છોડતો થકો '**નિયમથી જ્ઞાન-વૈરાગ્યસંપન્ન હોય છે—એમ હવેની ગાથામાં કહે છે :—**' લ્યો!

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૩, ગુરુવાર, તા. ૨૩-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૦, કળશ-૧૩૭, પ્રવચન નં. ૨૭૦

સમયસાર, ગાથા-૨૦૦. '**સમ્યગ્દૃષ્ટિ પોતાને જાણતો...**' નિર્જરા અધિકાર છેને. આ આત્મા જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એને ધર્મી જાણતો. '**અને રાગને છોડતો...**' ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ હોય, પણ એ છોડતો. એ રાગ છે એ છોડવાલાયક છે. આહા..હા..! હોય છે છઠ્ઠા ગુણસ્થાન સુધી, પણ છોડતો, એને હેય માનતો. આહા..હા..! ઝીણી વાત. હવે કહેશે આખું. '**એમ હવેની ગાથામાં કહે છે :—**' તે '**જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે.**' ૨૦૦ ગાથા.

एवं सम्मद्दिट्ठी अप्पाणं मुणदि जाणगसहावं।
उदयं कम्मविवागं च मुयदि तच्चं वियाणंतो।।२००।।

**સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,**
**ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.**

અહીંયાં સમ્યગ્દૃષ્ટિની વ્યાખ્યા છે. સમ્યગ્દૃષ્ટિ કોને કહેવો? કે '**સામાન્યપણે અને વિશેષપણે પરભાવસ્વરૂપ સર્વ ભાવોથી...**' ભેદજ્ઞાન કર્યું છે જેણે. આહા..હા..! ભગવાન આત્મા આનંદસ્વરૂપ, એને પુણ્ય-પાપના રાગથી જેણે ભેદ કરીને સ્વભાવનું ભાન કર્યું છે એને અહીંયાં સમ્યગ્દૃષ્ટિ અને ધર્મની પહેલી સીઢીવાળો કહેવામાં આવે છે. આહા..હા..! બાકી તો અધર્મ છે. પુણ્ય અને પાપના બેય ભાવ ધર્મ નથી. આહા..હા..! પોતાના '**સમ્યગ્દૃષ્ટિ સામાન્યપણે...**' એટલે વિકારનો અભાવ કરે છે અને સ્વભાવનો આશ્રય કરે છે. '**વિશેષપણે...**' એક એક રાગ-દ્વેષાદિ એના ભેદો, એના '**પરભાવસ્વરૂપ સર્વ ભાવ...**' આહા..હા..! ચાહે તો એ પુણ્યભાવ હો કે પાપ હો, બેય વિકાર ને વિભાવ છે. ધર્મી એ બેયને છોડતો અને આનંદ ભગવાન આત્માને ઉપાદેય ગ્રહણ કરતો. આહા..હા..! ઝીણી વાતું ભાઈ! ધર્મ બહુ ઝીણી ચીજ છે. એમ લોકો બહારમાં માની બેઠા છે કે ધર્મ છે આ ભક્તિ ને વ્રત ને તપ ને પૂજા ને એ તો રાગ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર એમ ફરમાવે છે કે સમ્યગ્દૃષ્ટિ તો પોતાના સ્વરૂપને પરથી ભિન્ન કરીને અનુભવે છે.

'**ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે...**' આહા..હા..! પુણ્યના વિકલ્પથી, રાગથી ભિન્ન પાડી અને '**એક જ્ઞાયકભાવ જેનો સ્વભાવ છે એવું જે આત્માનું તત્ત્વ...**' આહા..હા..! આત્માનું તત્ત્વ એ જ્ઞાયકભાવ, સ્વભાવભાવ, જાણકસ્વભાવ એ આત્માનું તત્ત્વ છે. એ પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ પરિણામ એ કાંઈ આત્માનું તત્ત્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ જરી તેથી માણસને (કઠણ લાગે છે). '**(સારી રીતે) જાણે છે;...**' એમ કીધું. સર્વ પ્રકારના રાગને છોડતો એટલે કે રાગથી ભિન્ન આત્માનું ભેદજ્ઞાન કરતો અને આત્માને સર્વ પ્રકારે જ્ઞાયકભાવ

સ્વભાવ છે એવું સારી રીતે જાણતો. આહા..હા..! લ્યો, આ શેઠ આવ્યું કે નહિ? કરવાનું આવ્યું કે નહિ કાંઈક? એમ કે આમાં કરવું શું? અહીં કરવાનું એ ભાઈ! આ તો અપૂર્વ ધર્મની વાત છે. એ પણ જિનેશ્વર પરમેશ્વર વીતરાગ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા, એમના દિવ્યધ્વનિમાં જે આવ્યો માર્ગ એ સંતો કહે છે. આહા..હા..! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતો જગતને આડતિયા તરીકે જાહેર કરે છે. આ માર્ગ તો આ છે, ભાઈ! આહા..હા..! જન્મ-મરણથી છૂટવાનો પંથ અલૌકિક છે. એ અહીં કહે છે, રાગનો કોઈપણ વિકલ્પ હો, એનાથી આત્માને ભિન્ન પાડતો અને આત્મા જ્ઞાયકસ્વભાવ છે તેને જાણતો એટલે કે અનુભવતો. અરે..! આ શું? આવો માર્ગ! એય..! શાંતિભાઈ!

**શ્રોતા :-** બીજો માર્ગ બતાવોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બીજો માર્ગ નથી. વાત આ છે. જન્મ-મરણના ચોર્યાસીના અવતારના દુઃખમાં પડ્યો છે એ પ્રાણી અનાદિથી. એને છૂટવાનો પંથ આ છે. આહા..હા..!

**શ્રોતા :-** દાન ને દયા ને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દાન, દયા એ બધા શુભરાગ છે, શુભરાગ છે, પુણ્ય છે, એ ધર્મ નહિ. વીતરાગ (એ) ધર્મ. એ (રાગ) ધર્મ નહિ. આહા..હા..! એ અહીં કહે છે જુઓને.

**'અને એ રીતે તત્ત્વને જાણતો,...'** આહા..હા..! વિકલ્પ જે શુભોપયોગ એનાથી આત્માને ભિન્ન જાણતો અને આત્મા જ્ઞાયકસ્વભાવને અનુભવતો. આહા..હા..! **'અને એ રીતે તત્ત્વને જાણતો,...'** આ રીતે તત્ત્વને જાણતો. એટલે? એટલે કે જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રાનો ભાવ એ બધો રાગ છે. આહા..હા..! એ રાગથી આત્માને ભિન્ન જાણતો અને આત્માને જ્ઞાયકસ્વભાવ જાણતો એમ. ઓલો રાગભાવ નથી ત્યારે આનો સ્વભાવ શું છે? આહા..હા..! ઝીણી વાત, બાપુ! વીતરાગમાર્ગ જન્મ-મરણરહિતનો રસ્તો કોઈ અલૌકિક છે. લોકો બહારથી માનીને બેઠી ગયા, આ જાત્રા કરી, ભક્તિ કરી, પૂજા કરી, વ્રત ને અપવાસ કર્યા (એટલે) ધર્મ થયો. ધૂળેય નથી ધર્મ. વીતરાગમાર્ગનો ધર્મ કોઈ જુદી જાતનો છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'એ રીતે...'** આત્માને જાણતો. આહા..હા..! પુણ્ય-પાપ એ આસ્રવતત્ત્વ છે, તેનાથી ભગવાન જ્ઞાયકસ્વભાવતત્ત્વ છે તેને ભિન્ન જાણતો. આહા..હા..! અને તે જ્ઞાયકસ્વભાવ છે એવા આત્માને જાણતો. એ તો જાણક... જાણક... જાણક... જાણક સ્વભાવ છે. આહા..હા..! **'એ રીતે સ્વભાવનું ગ્રહણ અને પરભાવના ત્યાગ...'** જુઓ આવ્યું. સ્વભાવ જે જ્ઞાયકસ્વભાવ જાણક... જાણક... જાણક... જાણક... જાણકસ્વભાવ એને ગ્રહતો અને રાગભાવને છોડતો. આહા..હા..! આવો માર્ગ આકરો એટલે લોકોને... છે કે નહિ શેઠ એમાં? છે એ? ગુજરાતી ભલે હો, પણ આમાં એ ક્યાં આવ્યું?

**'સ્વભાવનું ગ્રહણ અને પરભાવના ત્યાગ...'** આ બેમાં તો આખો સિદ્ધાંત (આવી ગયો). આહા..હા..! સ્વને સ્વ તરીકે જાણે, આનંદ જ્ઞાયકભાવ. અજીવને અજીવ તરીકે જાણે છોડવાલાયક બે. અને પુણ્ય-પાપ, આસ્રવ, બંધને બુરા જાણે અને સંવર, નિર્જરા, મોક્ષને ભલા જાણે. અરે..! સમજાણું કાંઈ? હેય જાણે. પુણ્ય-પાપ, આસ્રવ-બંધના પરિણામને હેય જાણે અને.. ક્યાં દરકાર કરી

હતી અત્યાર સુધી, બધા પૈસા-પૈસામાં બહારમાં ઘૂંચી ગયા હતા. ધૂળમાંય નથી ત્યાં હવે. પૈસા મોટા પરિગ્રહ છે મોટો અને પૈસા મારા એ તો મિથ્યાત્વભાવ છે, એ અજીવતત્ત્વ છે. આહા..હા..!

અહીંયાં તો અજીવને પુણ્ય ને પાપના આસ્રવના ભાવ એ પણ ખરેખર અજીવતત્ત્વ છે અને ભગવાન અંદર ચિદાનંદ જ્ઞાયકસ્વભાવરૂપ પ્રભુ એ જીવતત્ત્વ છે. એમ રાગ ને આસ્રવથી ભિન્ન પાડી અને જ્ઞાયકસ્વભાવને ગ્રહતો, અનુભવતો, જાણતો. આહા..હા..! સ્વભાવનું ગ્રહણ અને પરભાવનો ત્યાગ આ ભાષા. સમજાણું કાંઈ? છે? **'સ્વભાવના ગ્રહણ પરભાવના ત્યાગથી નીપજવાયોગ્ય...'** સ્વભાવના ગ્રહણ ને રાગના ત્યાગથી નીપજવાયોગ્ય **'પોતાના વસ્તુત્વને વિસ્તારતો...'** વસ્તુત્વ આવ્યું હતું ભાઈ, આપણે પહેલું, કળશમાં. કળશમાં આવ્યું હતુંને? વસ્તુત્વને અભ્યાસ કરવા માટે આવ્યું હતું ૧૩૬ કળશમાં. આહા..હા..! વસ્તુત્વ એટલે શું? વસ્તુ પોતે જ્ઞાયક ચિદાનંદ રસ આત્મા એનું વસ્તુત્વ. એ જ્ઞાયકસ્વભાવભાવ એ એનું વસ્તુનું વસ્તુત્વ. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. માંડ બિચારા નીકળતા હોય નવરા થઈને દુકાન છોડીને, વેપાર છોડીને જરી વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાનો કરતો હોય ત્યારે કહે કે એ પણ ધર્મ નહિ. આહા..હા..!

સ્વભાવનું ગ્રહણ, ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનું ગ્રહણ, ઉપાદેયપણું અને રાગ પરભાવ આદિનો ત્યાગ. આહા..હા..! બાહ્ય ચીજનો ત્યાગ તો અનાદિથી છે જ. બાહ્ય ચીજ જે છે એ આત્મામાં કોઈ દિ' છે નહિ. એના ત્યાગ-ગ્રહણની અહીં વાત નથી. આહા..હા..! વિકલ્પ જે ઊઠે, વૃત્તિ ઊઠે છે શુભ-અશુભ એ પરભાવ છે, એ સ્વભાવથી વિરુદ્ધ પરભાવ છે. આહા..હા..! એના ત્યાગ વડે અને સ્વભાવના ગ્રહણ વડે નીપજાયેલો. આહા..હા..! **'પોતાના વસ્તુત્વને વિસ્તારતો...'** આહા..હા..! પોતાનો વસ્તુત્વ એટલે આનંદ અને જ્ઞાનસ્વરૂપ ભગવાન એને વિસ્તારતો—આનંદ ને જ્ઞાનની પરિણતિને વિશેષ પ્રગટ કરતો. આહા..હા..! આવી બધી ભાષા. ઓલું તો સીધું હોય કે ભાઈ! વ્રત કરો, અપવાસ કરો. શું ધૂળના છે, એ તો રાગ છે. આહા..હા..! જાત્રા કરો ભગવાનની, લ્યો સમ્મેદશિખરની. લાખ કરને, એ તો રાગ છે, વિકલ્પ છે, પુણ્ય છે. સમજાણું કાંઈ?

ધર્મી ધર્મને એ રીતે કરે છે કે ત્રિકાળી જ્ઞાયકસ્વભાવને ઉપાદેય ગ્રહે છે અને રાગ સ્વભાવનો ત્યાગ કરતો વસ્તુનું વસ્તુત્વપણું વિસ્તારતો. જે ઓલો રાગ અને પુણ્ય વિકાર જે વિસ્તાર પામતા એનાથી ભેદ પાડતો આત્માને પોતાનો આનંદ અને જ્ઞાનસ્વભાવનો વિસ્તાર પામતો. કહો, શાંતિભાઈ! ઝવેરાતમાં ઘૂસી ગયા, કો'ક ઓલામાં ઘૂસી ગયા બીડીયુંમાં ને એમાં તમાકુમાં. આહા..હા..! શેના ધંધા ભાઈ! કોણ કરે ધંધો? આત્મા પરનો ધંધો કરી શકે? રાગ કરે, પાપ ને પુણ્યનો રાગ કરે, એ રાગ છે એ બંધનું કારણ છે. આહા..હા..!

**શ્રોતા :–** પૈસા મળે એ લાભમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પૈસા ધૂળેય નથી લાભમાં. હોળી છે ત્યાં. પૈસાવાળો માનવો એ વાળો છે મોટો. આહા..હા..! અહીં તો રાગવાળો પણ આત્મા નથી ત્યાં પૈસાવાળો ક્યાંથી આવ્યો? આહા..હા..! એવી વાત છે ભાઈ! બહુ જ ટૂંકામાં કહ્યું છેને. એનું મોટું પાટીયું ભરશે કળશ કરીને પછી. આહા..હા..!

શું કહ્યું? કે પુણ્ય ને પાપના... પહેલાં તત્ત્વને એણે જાણવું જોઈએ. એ તત્ત્વથી ભગવાન આત્મા ભેદ છે, જુદો છે એમ બે વચ્ચે વિવેક કરતો અને પોતાના સ્વભાવને ગ્રહતો અને રાગનો ત્યાગ કરતો, નીપજવાયોગ્ય જે વસ્તુત્વની પરિણતિ વીતરાગી... આહા..હા..! છેને? '**વસ્તુત્વને વિસ્તારતો...**' વસ્તુત્વને વિસ્તારતો. પુણ્ય-પાપના ભાવનો વિસ્તાર એ તો વિકાર છે, દોષ છે. આહા..હા..! જ્ઞાયકભાવ, જ્ઞાયકભાવ ચૈતન્યસ્વભાવભાવ એવા ચૈતન્યસ્વભાવને વિસ્તારતો પર્યાયમાં. આહા..હા..! વીતરાગી પરિણતિને પ્રગટ કરતો અને વિસ્તારતો. આહા..હા..! આ ધર્મ છે. ભારે ભાઈ! આ તો આકરું. એકાંત છે રે એકાંત છે એમ કહે છે. અરે..! પ્રભુ! સાંભળ ભાઈ! પરનો ત્યાગ અને સ્વના ગ્રહણમાં એકાંત થઈ ગયું એ તો. સ્વનું ગ્રહણ એ એકાંત થયું અને પરનો ત્યાગ એ અનેકાંત થઈ ગયું. પરથી પણ થાય અને નિશ્ચયથી થાય એ તો આવ્યું નહિ એમાં. રાગના ત્યાગથી અને વસ્તુના ગ્રહણથી નીપજેલો વસ્તુત્વ પરિણામ વીતરાગી પરિણતિ. આહા..હા..! એને વિસ્તારતો એને નિર્જરા થાય. અશુદ્ધતા ટળે અને કર્મ ખરે. બાકી અજ્ઞાની તપ ને વ્રત ને એકલા કરે એને પુણ્યબંધનું કારણ મિથ્યાત્વસહિત થાય. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા...**' આહા..હા..! જુઓ આવ્યું. એ કર્મનું નિમિત્ત છે. ઉપાદાન અશુદ્ધતા પોતામાં થાય છે વિકાર. આહા..હા..! '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે.**' આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય ષોડશભાવના-ભાવના ભાવે એ રાગ પણ છોડવાલાયક છે એમ કહે છે અહીં તો. આહા..હા..! આકરી વાતું, બાપુ! છે અંદર જુઓને. '**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવોને છોડે છે.**' ધર્મી બધા ભાવને વિકલ્પને છોડે છે અંદરમાંથી. આહા..હા..! નવરાશ ક્યાં? એક કોર આ સંસારની હોળી આખો દિ'. ધંધા, પાણી, બાયડી, છોકરા ને ૨૦ કલાક ત્યાં જાય, એકાદ બે કલાક કોક વખતે મેળવી લે, ફરવામાં ને જાત્રામાં. એમાં જરી રાગ મંદ હોય તો પુણ્ય બંધાય. પણ રાગ એ ધર્મ છે (એમ માને) તો અંદર મિથ્યાત્વનું પોષણ થાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ ક્યાંથી?

**શ્રોતા :-** ભગવાને કીધો ઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાન આ શું કહે છે આ? ત્રણલોકના નાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર વર્તમાનમાં બિરાજે છે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર ભગવાન તીર્થંકરદેવ. ત્યાં ગયા હતા કુંદકુંદાચાર્ય સંવત ૪૯. ત્યાં જઈને આ સંદેશો લાવ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આમ કહે છે. આહા..હા..! આ ગાથાઓ પછી બનાવી. સમયસાર. ત્યાં ગયા, આઠ દિ' રહ્યા હતા. મહાવિદેહક્ષેત્ર સીમંધર પરમાત્મા બિરાજે છે તીર્થંકર. આહા..હા..!

**શ્રોતા :-** એ યાત્રા કરી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જાત્રા કરી હતી. એક ફેરી કહ્યું હતું નહિ? સદેહે જાત્રા કરનાર. વૈશાખ વદ-૬ એકવાર કહ્યું હતું ત્યાં. આહા..હા..! દિગંબર સંત છે. અંતરમાં આનંદના સાગર જેણે ઉછાળ્યા છે. જેમ દરિયામાં ભરતી આવે બાઢ-બાઢ, એમ જેને અતીન્દ્રિય આનંદની બાઢ આવી છે પર્યાયમાં.

આ વિસ્તારતો છેને? આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ.

'**કર્મના ઉદયના વિપાકથી ઉત્પન્ન થયેલા સમસ્ત ભાવો...**' આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ કર્મના ઉદયનો વિપાક છે, આત્માનો સ્વભાવ નથી એ. આહા..હા..! '**છોડે છે. તેથી તે (સમ્યગ્દૃષ્ટિ)...** ' ધર્મી પહેલા દરજ્જાનો '**નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે...**' જુઓને, નાખ્યું કે નહિ એમાં? જ્ઞાનવૈરાગ્યની બે ગાથાઓ આવી ગઈ અને આ સરવાળા આ લીધા. ચૈતન્યસ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ એનું જ્ઞાન કરતો અને રાગનો અભાવ કરતો એ વૈરાગ્ય. આનું જ્ઞાન અને આનો વૈરાગ્ય. એ જ્ઞાન અને વૈરાગ્ય બેય શક્તિ ધર્મીને સાથે હોય છે. આહા..હા..! આવું છે. ઓલા એમ કહે કે વ્યવહાર કરતાં-કરતાં થાય. રાગ કરતાં-કરતાં કલ્યાણ થાય? મોટો આ વાંધો છે આખો. '**(એમ સિદ્ધ થયું).**' શું થયું કહે છે? આમ સિદ્ધ, સત્ય આમ સિદ્ધ થયું કે પોતાનો જે જ્ઞાયકસ્વભાવ ચૈતન્યસ્વભાવ, આનંદસ્વભાવ, શાંત વીતરાગસ્વભાવ એને ગ્રહતો એટલે વીતરાગતાને વિસ્તારતો. આહા..હા..! અને રાગનો અભાવ કરતો એ વૈરાગ્ય. આહા..હા..! સમસ્ત શબ્દ લીધો છેને? કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા બધા વિકલ્પો, શુભ કે અશુભરાગ સર્વ ભાવને છોડે છે. '**તેથી તે નિયમથી જ્ઞાનવૈરાગ્યસંપન્ન હોય છે.**' આહા..હા..! ૨૦૦ ગાથા. ૧૦૦ ગાથામાં ઓલું આવ્યું હતું (કે) રાગનો કર્તા નથી, આ ૨૦૦માં આ આવ્યું.

'**ભાવાર્થ :- જ્યારે પોતાને...**' પોતે એટલે સ્વયં પોતે '**તો જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' જોયું બે. આહા..હા..! ભગવાન જ્ઞાયકસ્વભાવરૂપ અને સુખમય, અતીન્દ્રિય આનંદમય આત્મા છે. આહા..હા..! '**જ્યારે પોતાને તો...**' એટલે સ્વયં '**જ્ઞાયકભાવરૂપ સુખમય જાણે...**' આહા..હા..! '**અને કર્મના ઉદયથી થયેલા ભાવોને આકુળતારૂપ દુઃખમય જાણે...**' આહા..હા..! બહુ ટૂંકું. જયચંદ્ર પંડિત કહે છે આ. ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય, ગાથાકાર કુંદકુંદાચાર્ય, આ જયચંદ્ર પંડિત ભાવાર્થ કરનાર છે. આહા..! શું કહ્યું? કે આ આત્મા છે તે જ્ઞાયકભાવ અને સુખમય છે, આનંદમય છે અને પરભાવ આકુળતારૂપ દુઃખમય છે. આહા..હા..! પંચમહાવ્રતના ભાવ વિકલ્પ છે એ આકુળતા અને દુઃખરૂપ છે. ગજબ વાત! સમજાય છે કાંઈ? છ ઢાળામાં કહ્યું છેને. છ ઢાળામાં નથી આવ્યું? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પંચમહાવ્રત મુનિવ્રત ધાર્યા, મહાવ્રત આદિ રાગ એ તો આસ્રવ અને દુઃખમય છે. આહા..હા..!

'**ત્યારે જ્ઞાનરૂપ રહેવું...** ' આહા..હા..! '**અને પરભાવોથી વિરાગતા—એ બન્ને અવશ્ય હોય જ છે.**' આહા..હા..! બહુ કામ બાપુ! ધીરાનું કામ છે આ તો. આહા..હા..! આત્મતત્ત્વ એટલે? જ્ઞાયકસ્વભાવ અને સુખમયસ્વભાવ. આહા..હા..! એણે જ્ઞાયકસ્વભાવ ને સુખમયસ્વભાવને રાગના અભાવથી વિસ્તારતો. આહા..હા..! આ ધર્મી. રાગને કરતો અને રાગને વિસ્તારતો એ નહિ. સમજાણું કાંઈ? આ અવલદોમની વાત છે, બાપુ! જગતને બાહ્યથી મનાવી લેવું છે. ૨૦-૨૦ કલાક, ૨૨ કલાક બાયડી, છોકરા, રળવું પાપ એકલું. કલાક, બે કલાક સાંભળવા જાય ત્યાં પુણ્યમાં ધર્મ મનાવી લે એને,

નવરો ન થાય એટલે. આહા..હા..!

**શ્રોતા :–** જિંદગી એળે જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જિંદગી એળે જાય, બાપા! આહા..હા..! ભલે બહારથી કોઈ પાંચ, પચાસ લાખ ધૂળ મળી હોય એ ધૂળમાં ધૂળ વઈ જશે. આહા..હા..!

ટૂંકામાં જીવ અને અજીવનું ભેદજ્ઞાન કરતાં અને આસ્રવને હેય જાણતા અને સંવર-નિર્જરાને ઉત્પન્ન કરવાની અપેક્ષાએ ઉપાદેય જાણતા—આ તત્ત્વનું જ્ઞાન. સમજાણું કાંઈ? આહા..હા..! '**જ્ઞાનરૂપ રહેવું અને પરભાવોથી વિરાગતા...**' આહા..હા..! જ્ઞાનસ્વભાવ ભગવાન નિત્યાનંદ પ્રભુ એ આત્મા એમાં રહેવું, એમાં ટકવું એ જ્ઞાન અને રાગથી ખસવું એ વિરાગ. આહા..હા..! આવી વાતું હવે. જિંદગીયું ચાલી જાય છે, ભાઈ! આહા..હા..! એ દેહની તો રાખ થાશે. આ તો રાખ છે, ધૂળ છે. અહીં તો અંદરના પુણ્ય-પાપના ભાવને પણ હેય અને ઝેર તરીકે કહીને છોડાવે છે. આહા..હા..! અરે..! એણે કોઈ દિ' દરકાર કરી જ ક્યાં છે? આહા..હા..! '**આ વાત પ્રગટ અનુભવગોચર છે.**' આ વાત પ્રગટ અનુભવગમ્ય છે કે '**એ (જ્ઞાનવૈરાગ્ય) જ સમ્યગ્દષ્ટિનું ચિહ્ન છે.**' આહા..હા..! ધર્મી-સમ્યગ્દષ્ટિનું લક્ષણ-ચિહ્ન—સ્વરૂપ પૂર્ણાનંદનું જ્ઞાન અને પ્રતીત ટકવું અને રાગથી ખસવું. આહા..હા..! આ સમ્યગ્દર્શનનું ચિહ્ન-લક્ષણ છે. રાગનું કરવું એ સમ્યગ્દષ્ટિનું લક્ષણ નથી. સમજાણું કાંઈ? આવો માર્ગ હવે સાંભળતા સમજાય નહિ. ઓલી વાતું બહારની હોય તો ભાઈ ઝટ દઈને સમજાય લ્યો. 'એક વાર વંદે જો કોઈ' સમ્મેદશિખર નરક, પશુ ન હોય એમાં શું થયું પણ એક ભવમાં. પછી થાશે. એ તો શુભરાગ છે, એ કાંઈ ધર્મ નથી. આહા..હા..! લાખ વંદન કરે નહિ સમ્મેદશિખરના, શુભરાગ છે. અને જ્યાં સુધી રાગને હેય માનતો નથી અને ઉપાદેય માને છે ગ્રહણ કરવાલાયક, ત્યાં સુધી મિથ્યાદષ્ટિ છે, એ જૈન નથી, એને જૈન કહેતા નથી. સમજાણું કાંઈ?

'**જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે...**' પુણ્ય ને પાપના પ્રેમભાવ રાગ એ પરવસ્તુ છે, એ આત્માનું સ્વરૂપ નથી. આહા..હા..! '**જે જીવ પરદ્રવ્યમાં આસક્ત-રાગી છે અને સમ્યગ્દષ્ટિપણાનું અભિમાન કરે છે...**' આહા..હા..! રાગના રાગીઓ અને સમ્યગ્દષ્ટિ છીએ એમ માને છે. આહા..હા..! આવી વાત છે. '**તે સમ્યગ્દષ્ટિ છે જ નહિ, વૃથા અભિમાન કરે છે...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ રાગ છે તેનો જેને રાગ છે.. આહા..હા..! છે? '**પરદ્રવ્યમાં જે રાગી છે...**' આહા..હા..! સ્વદ્રવ્યનું જેને અભિમાન 'સમકિતી છું' એમ છે (એ) '**વૃથા અભિમાન કરે છે...**' આહા..હા..! '**એવા અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—**' લ્યો!

(मन्दाक्रान्ता)

सम्यग्दृष्टिः स्वयमयमहं जातु बन्धो न मे स्या-
दित्युत्तानोत्पुलकवदना रागिणोऽप्याचरन्तु।
आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा
आत्मानात्मावगमविरहात्सन्ति सम्यक्त्वरिक्ताः।।१३७।।

આહા..હા..! મુનિ છે એને ક્યાં દરકાર છે કે સમાજને બેસે ન બેસે. સત્ય તો આ છે, બાપુ! સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- આ હું પોતે સમ્યગ્દૃષ્ટિ છું...**' આહા..હા..! હું ધર્મી છું, '**મને કદી બંધ થતો નથી...**' સમ્યગ્દૃષ્ટિને ભોગની નિર્જરા થઈ જાય છે માટે હું પણ ભોગની નિર્જરાવાળો છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**મને કદી બંધ થતો નથી (કારણ કે શાસ્ત્રમાં સમ્યગ્દૃષ્ટિને બંધ કહ્યો નથી) એમ માનીને જેમનું મુખ ગર્વથી ઊંચું...**' આહા..હા..! વદન.. જેને એમ થાય, બસ! અમે સમ્યગ્દૃષ્ટિ છીએ. રાગમાં હોય તો પણ અમને એ રાગ ખરી જાય છે. આહા..હા..! અરે..! ચારિત્રનો દોષ (છે), પણ રાગ પોતાનો માન્યો (એ) મિથ્યાત્વનો દોષ છે. સમજાણું કાંઈ? ખુલાસો કરશે ઘણો ટીકાકાર. મોટું આખું પાટીયું ભર્યું છે. આહા..હા..! અરે..! સત્ય વાત સાંભળવા ન મળે એ મનુષ્યપણું હારી જવાના. ઢોર જેવા મનુષ્યપણા છે એ બધા, ભલે અબજોપતિ હોય ને કરોડોપતિ હોય. આહા..હા..!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવ વીતરાગ કેવળજ્ઞાની પ્રભુ, એમને શું કહેવું છે એ સાંભળવા મળે નહિ, આહા..હા..! અને અજ્ઞાનીઓના કથન એને સાંભળવા મળે. આહા..હા..! આકરી વાત છે, બાપુ! હું ધર્મી છું, અમારે રાગ હોય અને રાગનો પ્રેમ હોય તોપણ અમે ધર્મી છીએ એમ કહે. આહા..હા..! એ શુભભાવની પણ જેને રુચિ અને પ્રેમ છે એ એમ માને કે અમે સમ્યગ્દૃષ્ટિ છીએ... આહા..હા..! મિથ્યાત્વ છે. આહા..હા..! જુઓને ગાથાઓ કેટલી આવી! જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે એ ગાથાનો કળશ છે આ. ભાઈ! ભોગ નિર્જરાનો હેતુ હોય નહિ, પણ જ્ઞાનીને આત્માના આનંદનો જ્યાં આશ્રય છે અને જ્ઞાનસ્વભાવને આદર્યો છે જેણે એને રાગ હેય તરીકે આવે છે, એ એનો સ્વામી થતો નથી માટે તે ખરી જાય છે એમ કહેવું છે. આહા..હા..! ભોગ કાંઈ નિર્જરાનો હેતુ હોય? આહા..હા..! ઝીણી વાત બહુ, બાપા! આહા..! આ મનુષ્યદેહ, એ દેહે જો ભગવાન કહે છે એ સમજમાં ન આવ્યું... એ સાધુ થાય... એ કહેશે જુઓ.

'**એમ માનીને જેમનું મુખ ગર્વથી ઊંચું તથા પુલકિત (રોમાંચિત) થયું છે...**' રોમાંચિત. બસ અમે જાણે ઓહો..હો..! '**એવા રાગી જીવો (-પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો) ભલે મહાવ્રતાદિનું આચરણ કરો...**' કહે છે. આહા..હા..! છેને પાઠ છેને. '**रागिणः अपि आचरन्तु**' આહા..હા..! પંચમહાવ્રત પાળતા હો, અહિંસા દયા પરની, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આહા..હા..! એવા મહાવ્રતાદિનું આચરણ કરો. આહા..હા..! '**તથા સમિતિની ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...**' જોઈને ચાલવું એવું નિર્દોષ આહાર-પાણી લેવા, એના માટે બનાવેલા હોય એ ન લે એવી જેની સમિતિની પ્રવૃત્તિ છે કહે છે. '**તોપણ હજુ તેઓ પાપી જ છે,...**' આહા..હા..! છે? કેમકે જેને ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ એનો જેણે આશ્રય લીધો નથી, એને ઉપાદેય માન્યો નથી અને રાગનો ભાવ એમાં સુખબુદ્ધિ અને હેયબુદ્ધિ થઈ નથી અને સુખબુદ્ધિ છે, આહા..હા..! એ ભલે મહાવ્રત પાળો, વ્યવહાર સમિતિ ઈર્યા જોઈને ચાલે, વિચારીને બોલે, નિર્દોષ આહાર-પાણી લે, એને

માટે ચોકા કરેલા ન લે. એય..!

**શ્રોતા :-** ચોથા કાળની..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચોથા કાળની આત્માની સમકિતની દૃષ્ટિની વાત છે. ત્રણે કાળમાં આ માર્ગ છે. એ બધા ગોટા વાળ્યા પણ હશેને તમે, નહિ વાળ્યા હોય ઘણા? શેઠિયા થઈને આવે. બનાવે આહાર-પાણી અને જય જય. પછી બોલે પાછું. બનાવ્યા હોય એને માટે. મોસંબી, પાણી, ઊના પાણી લઈને. આહાર શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ, કાયા શુદ્ધ. જૂઠું બોલે. તમારા માટે એણે લીધું છે? આહા..હા..! માર્ગ આકરો, ભાઈ!

અહીં તો કહે છે કે જેને મહાવ્રતનું આચરણ કરો અને વિહાર, વચન, આહાર વગેરેની ક્રિયામાં જતનાથી પ્રવર્તે. છેને નીચે? **'તોપણ હજુ તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) પાપી જ છે,...'** આહા..હા..! આવી વાત છે. મહાવ્રત પાળે બરાબર. એને માટે આહાર કરેલા પ્રાણ જાય તો ન લે ઉદ્દેશિક. સાધુ માટે કરેલા આહાર. અત્યારે બધું કરેલું જ છે. બીજા નિર્દોષ મળે છે ક્યાં અત્યારે? એ વસ્તુ છે? આહા..હા..! શું કીધું?

**શ્રોતા :-** શ્રાવકોની કમજોરી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કમજોરી છે. એની કમજોરી છે, બધાની કમજોરી છે. કમજોરી નહિ વિપરીત દૃષ્ટિ છે. શેઠ! આ શું કહે છે જુઓને. જે કોઈ પરદ્રવ્યના પ્રેમવાળા રાગાદિમાં આદરણીયબુદ્ધિ જેની છે એ જીવો સમકિતી અમે છીએ એમ નામ ધરાવે અને સાધુપણાના મહાવ્રતાદિ પાળે તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. છે કે નહિ? આ જુઓને આમાં કળશ છે ત્યાં. શેઠને બતાવો તો ખરા. રૂપિયાના ચોપડા બહુ જોયા છે ત્યાં. આ ચોપડામાં શું છે એ ઘરે વાંચ્યું પણ નહિ હોય સરખું. પણ સમજાય પણ નહિ. આહા..હા..! માર્ગ આકરો, બાપુ! ભાઈ! આહા..હા..! અહીં તો પ્રભુ તો વીતરાગમાર્ગ છેને પ્રભુનો અને આત્મા છે એ વીતરાગસ્વરૂપ છે. રાગરહિત વીતરાગસ્વરૂપ છે. એને જે આદરણીય થાય એને પરિણતિમાં વીતરાગભાવ આવે. હવે આ ભાવને છોડી દઈને જે રાગભાવ છે એ સ્વરૂપમાં નથી અને એની પરિણતિમાં પણ નથી. આહા..હા..!

વીતરાગભાવ એની પરિણતિમાં ક્યારે થાય? કે સ્વરૂપ જે વીતરાગમૂર્તિ જ્ઞાન આનંદકંદ વીતરાગ સ્વરૂપ જ આત્મા (છે), એનો આશ્રય કરે તો પરિણતિમાં વીતરાગતા આવે. હવે એનો આશ્રય છોડીને રાગ તે આદરણીય માને અને આદરણીય માનીને મહાવ્રતાદિ પાળે તોપણ તે મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે. સાધુ તો નથી, પણ સમકિતી પણ નથી. આહા..હા..! આવો માર્ગ છે. આમાં છે કે નહિ જુઓ. એમાં લખેલું છે. કળશમાં છે જુઓ. 'पापा' 'आलम्बन्तां समितिपरतां ते यतोऽद्यापि पापा' આહા..હા..! જેને શુભરાગનો આદર છે, કરવાલાયક છે, કર્તવ્ય છે એમ જેણે માન્યું છે એ મહાવ્રતાદિ પાળતા હોય તોપણ મિથ્યાદૃષ્ટિ પાપી છે. છે કે નહિ એમાં? શેઠ! પાપી લખ્યું છે? કળશમાં છે. 'पापा' આહા..હા..! મિથ્યાત્વનું પાપ એ મહાપાપ છે એની લોકોને ખબર નથી. આહા..હા..! એ વ્યવહારનો રાગ છે તે આદરણીય છે અને એ રાગ કર્તવ્ય છે અને એ રાગ ધર્મ છે એમ જેણે માન્યું છે એ મિથ્યાદૃષ્ટિ પાપી

છે. આહા..હા..!

**શ્રોતા :-** પાપી ન કહો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપી ન કહો પણ અમૃતચંદ્રાચાર્યે કહ્યું પાપી. છે એમાં વાંચો. ત્રીજું પદ છે ત્રીજું પદ. બતાવો શેઠને. છે શેઠ? કોણ કહે છે? અમૃતચંદ્રાચાર્ય. મુનિ છે ધર્માત્મા આત્મા આનંદમાં લહેર કરતાં શાંતિમાં. આહા..હા..! અમૃતચંદ્રાચાર્ય હજાર વર્ષ પહેલાં દિગંબર મુનિ (થયા). ઓલામાં છેને. આ વચમાં કુંદકુંદાચાર્ય છે. એ કુંદકુંદાચાર્યના શ્લોક છે. આ ટીકા અમૃતચંદ્રાચાર્યની છે. આ પદ્મપ્રભમલધારીદેવ છે નિયમસારની ટીકા કરનારા. આહા..હા..! વીતરાગી મુનિઓ હતા, દિગંબર સંત, જંગલવાસી એ આ પોકાર કરે છે. આહા..હા..!

**શ્રોતા :-** દ્રવ્યાનુયોગથી બરાબર છે, પણ ચરણાનુયોગથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચરણાનુયોગને વિષે રાગ એ બંધનું કારણ છે. ચારેય અનુયોગનો સાર વીતરાગતા છે. છે? આહા..હા..! અને ચારેય અનુયોગમાં વીતરાગતાનું પોષણ કર્યું છે. છે આમાં મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. તાત્પર્ય રહસ્ય વીતરાગતા એ તો પંચાસ્તિકાયમાં ૧૭૨ ગાથા. આ તો આમાં છે. વીતરાગતાનું પોષણ છે જ્યાં ત્યાં. વીતરાગના માર્ગ. ચરણાનુયોગ હો, કરણાનુયોગ હો. રાગનું પોષણ નથી, રાગને જણાવે પણ પોષણ વીતરાગતાનું. વીતરાગમાર્ગ તે વીતરાગતાનું પોષણ કરે. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ શ્લોક આકરો, તેથી તો આખું પાટીયું ભર્યું. આહા..હા..!

'રાગી જીવો...' આહા..હા..! રાગના રાગી જીવો. '(**પરદ્રવ્યપ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો ભલે મહાવ્રતાદિનું આચરણ કરો તથા સમિતિ...**' જોઈને નિર્દોષ આહાર (લે), જોઈને ચાલવું, '**ઉત્કૃષ્ટતાનું આલંબન કરો...**' ઉત્કૃષ્ટ હોં. સમિતિનો છેને પાઠ? આહા..હા..! '**समितिपरतां**' મૂળ પાઠમાં છે. '**समितिपरतां**' સમિતિનું ઉત્કૃષ્ટ આચરણ. આમ જોઈને ચાલે ક્યાંય બરાબર એકેન્દ્રિય જીવને દુઃખ ન થાય, એને માટે કરેલો આહાર-પાણી પ્રાણ જાય તોપણ ન લે એવી સમિતિ હોય, પણ રાગના રાગી છે તે મિથ્યાદૃષ્ટિ પાપી છે. આહા..હા..! છે કે નહિ? કોનું છે આ કથન? અમૃતચંદ્રાચાર્યનું. અમૃતચંદ્રાચાર્ય મુનિ દિગંબર સંત કુંદકુંદાચાર્ય મહારાજ પછી એક હજાર વર્ષે થયા. ભગવાન કુંદકુંદાચાર્યને બે હજાર વર્ષ થયા. સંવત્ ૪૯. અમૃતચંદ્રાચાર્ય પછી એક હજાર વર્ષે (થયા). એ ટીકાકાર છે. આ કળશના કર્તા એ છે. આહા..હા..! મુનિરાજ એમ કહે છે. આહા..હા..! વીતરાગ કહે છે એ એ કહે છે. એને ક્યાં... આહા..હા..!

'**એવા રાગી જીવો...**' આહા..હા..! વીતરાગસ્વરૂપ ભગવાનના પ્રેમીને રુચિકર નહિ. આહા..હા..! અને જેના પોષાણમાં રાગ પોષાય છે, રાગ ઠીક છે, રાગના આદરણીય કરનારા છે એ મહાવ્રત આદિ પાળતા હોય, સમિતિથી નિર્દોષ આહાર-પાણી લેતા હોય તોપણ એ પાપી છે. આહા..હા..! આવી વાત. આવો માર્ગ છે, ભાઈ!

**શ્રોતા :-** પાપી છે તો નવમી ગ્રૈવેયકે કેમ જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપી નવમી ગ્રૈવેયકે ન જાય. પુણ્ય એ પાપ છે. 'પાપને પાપ તો સહુ કહે,

પણ અનુભવી જીવ પુણ્યને પાપ કહે.' યોગસારમાં છે. યોગસાર. મુનિઓ દિગંબર સંતોએ તો ગજબ કામ કર્યા છે. આહા..હા..! જૈનધર્મને ટકાવી રાખ્યો છે. એ જૈનધર્મ છે. બીજે ક્યાંય છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેવળીના કેડાયતો એનો આ પોકાર છે. મુનિરાજ છે, આચાર્ય છે. નમો લોએ આઈરિયાણં. આવે છેને નમો આઈરિયાણં? પાઠમાં એવું આવે છે, નમો લોએ સવ્વ આઈરિયાણં. મૂળ પાઠ એવો છે આખો. આચાર્ય, પણ આવા હોં! જેને રાગની રુચિ છૂટી ગઈ છે. આનંદના નાથની રુચિમાં રમણતા જેને જાગી ગઈ છે. આહા..હા..! મહાવ્રતના પરિણામને પણ જે હેય જાણે છે. એ ચારિત્ર નહિ, એ તો દોષ છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાંઈ સમજાણું કે નહિ એમ કહેવાય છેને. મૂળ સમજાય જાય તો થઈ રહ્યું, પણ આ ગંધ આવે છે કે નહિ શું કહેવા માગે છે? આહા..હા..!

'**પરદ્રવ્ય પ્રત્યે રાગદ્વેષમોહભાવવાળા જીવો ભલે મહાવ્રતાદિનું આચરણ કરો તથા સમિતિની...**' ઈર્યા, ભાષા જોયું! પાંચેય આલંબન કરો. '**તોપણ હજુ તેઓ પાપી (મિથ્યાદૃષ્ટિ) જ છે,...**' આહા..હા..! આ ઘૂંટડો ઉતરવો ભારે આકરો. ત્યારે આ કરે છેને બધું આમ. આજ મોટો કાગળ આવ્યો છે એક. અમારા રામજીભાઈ કહે છેને કેટલીક વાર, મખનલાલજીની કંપની. એવું આવ્યું છે કંપનીનું આવ્યું છે. અમારી કંપની અત્યાર સુધી આવી હોળી કરી છે બધી. કોઈ મખનલાલજીનો માણસ છે. આવ્યું છે મોટું. જ્યાં હોય ત્યાં ઝઘડા જ ઊભા કર્યા છે. એવું લખ્યું છે. હવે કાનજીસ્વામીને ચડાવ્યા છે ઝઘડે. અમે આમ જ કર્યું છે. એવું મોટું આવ્યું છે, ભાઈ! છેને. અમારી કંપનીએ આ કામ કર્યા છે એમ કે આવા. એમ કરીને બિચારો એમ કહે છે. આ ઊંધા જ કામ કર્યા અમારી કંપનીએ. આહા..હા..!

અરે..! ભાઈ! પ્રભુ! આ વીતરાગનો માર્ગ, ભાઈ! વીતરાગમાર્ગમાં રાગથી લાભ થાય એ વીતરાગમાર્ગ નહિ. આહા..હા..! કેમ? કે આત્મા પોતે જિનસ્વરૂપ (છે). 'જિન સોહીએ આત્મા અન્ય સોહીએ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચનકા મર્મ.' 'જિન સોહીએ આત્મા...' વીતરાગસ્વરૂપ ભગવાન આત્મા અત્યારે હોં અંદર. આહા..હા..! 'જિન સોહીએ આત્મા અન્ય સોહીએ કર્મ.' રાગાદિ એ બધું કર્મ પર છે, એ આત્મા નહિ. 'યહી વચન સે સમજલે જિન પ્રવચનકા મર્મ.' આહા..હા..! એ અહીં કહે છે. જેને રાગનો રાગ છે.. આહા..હા..! રાગ હોય છે, પણ રાગનો રાગ ને રુચિ છે કે એનાથી કલ્યાણ થશે.. આહા..હા..!

વીતરાગતા ન જાણી, બાપા! ભાઈ! વીતરાગસ્વરૂપ આત્મા છે એમ એણે જાણ્યું નહિ અને વીતરાગસ્વરૂપ આત્માને આશ્રયે વીતરાગ પરિણતિ થાય એને જ જાણી નહિ. સંવર, નિર્જરા ને મોક્ષ જાણ્યો નહિ એણે. આહા..હા..! એણે તો આસ્રવ, પુણ્ય-પાપના ભાવ બંધના કારણો રાગ એને આદરણીય માન્યો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વસ્તુસ્થિતિ છે, ભાઈ! પરમેશ્વર જિનવરદેવ એમ ફરમાવે છે. રાગ હોય એ જુદી વાત છે, પણ રાગની રુચિથી લાભ થાય છે રાગનો અને એમ માને કે રાગ મારી ચીજ છે, એનાથી લાભ માને એ પોતાની ચીજ માની એણે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું!

**શ્રોતા :-** રાગ મારો માન્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે? રાગ માન્યો, કર્યો અને પાછો માન્યો પોતાનો. ઓલો રાગ થાય, જ્ઞાની જાણે છે કે એ મારી ચીજ નથી, પણ ઉપાધિભાવ, મારી મલિન પર્યાયની યોગ્યતાથી અત્યારે ઉપાધિભાવ આવ્યો છે; અને આ અજ્ઞાની તો એ ઉપાધિભાવને પોતાનો જાણીને લાભદાયી માને છે. એથી કહે છે, પંચમહાવ્રત પાળે સારા, ચોખા હોં! આહા..હા..! છાપામાં તો હમણા આવ્યું હતું ચોખ્ખું કે ભાઈ, અત્યારે ચોખ્ખું સાધુ માટે નિમિત્તથી ઉદ્દેશિક આહાર કરે છે. છાપામાં આવ્યું હતું. ચોકા કરવા આવજો, દેવા આવજો. છાપામાં લખે. અરરર..! ગજબ છેને.

બાપુ! વીતરાગ માર્ગ છે, ભાઈ! આહા..હા..! વીતરાગની આજ્ઞા વીતરાગને પ્રગટ કરવાની છે, રાગ પ્રગટ થાય તેનો આદર કરવાની નથી. આહા..હા..! હોય, રાગ તો હોય છે, પણ એ રુચિકર છે કે રાગ આદરણીય છે અને રાગ છે તો એનાથી આગળ વધાશે, રાગ કરતાં-કરતાં અંદર સમ્યગ્દર્શન-જ્ઞાન થશે, લસણ ખાતાં-ખાતાં કસ્તુરીનો ડકાર આવશે, એવી વાત છે એ. આહા..હા..! અરેરે..! નિરાધાર અશરણ. અનાદિનો અશરણ વસ્તુ. શરણ સંપન્ન એવી ચીજ આત્મા એની તો ખબર પણ ન મળે. ઓહોહો..! કળશ આકરો ભારે! કહો શેઠ! .. તમે હમણાં વાંચ્યુંને. કહો, શેઠ! શું છે આમાં? તમે આવ્યા અને આ આવ્યું છે આમાં. આહા..હા..! આ તો અમૃતચંદ્રાચાર્ય છે. સત્ય વાત કહેવી છે એને ક્યાં પડી છે દરકાર. મુનિઓને દિગંબર સંતોને એ પડી જ નથી કાંઈ કે સમાજ તુલના રહેશે કે નહિ? વાત આ છે, બાપા! આહા..હા..!

જેણે શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, જાત્રા એ ભાવને જેણે આદર્યો અને રુચિકર થયો અને આનાથી લાભ (થાશે) એ મિથ્યાદૃષ્ટિ મહાવ્રત ધરનારો પણ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગ હોવો જુદી ચીજ છે અને રાગ આદરણીય છે એ જુદી ચીજ છે. મુનિને રાગ તો આવે છે, ત્રણ કષાયનો અભાવ (છે) મુનિને. ભાવલિંગી સંત દિગંબર આ બધા અમૃત ચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય. પદ્મપ્રભમલધારીદેવ આ નિયમસારની ટીકા કરનારા. આ મુનિઓ આનંદના લહેરમાં અંદર રમતા હતા. આહા..હા..! જેને પ્રચુર આનંદ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હતો. એ સ્વાદિયા, આનંદના સ્વાદિયા એમ કહે છે. આહા..હા..! જેણે રાગ આદરણીય માન્યો, પરદ્રવ્ય મારા એમ માન્યું આહા..હા..! ભલે મહાવ્રતનું આચરણ કરો. આહા..હા..! સમિતિ ઉત્કૃષ્ટતાનું આલંબન કરો તોપણ તે મિથ્યાદૃષ્ટિ છે. કારણ? આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી. કારણ કે એ તો અણાત્મા છે રાગ. આત્મા તો રાગરહિત આત્મા છે, જ્ઞાયક છે. આહા..હા..! તો જેણે આ રાગને આદરવા (લાયક) માન્યો એને રાગ અને આત્મા, અણાત્મા અને આત્માની ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં ઘણો ખુલાસો કર્યો છે આ. કેમ? પાપી કેમ? મહાવ્રત પાળે, સમિતિ પાળે, પાંચેય ઈર્યા ભાષા, એષણા વગેરે, તોપણ તે રાગના પ્રેમી છે અને રાગથી લાભ માને છે, તેથી તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..!

'**કારણ કે આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...** ' આહા..હા..! રાગ તો

અણાત્મા છે, આસ્રવ છે. તત્ત્વાર્થસૂત્રમાં તો કહ્યું છે કે વ્રત અને અવ્રત બેય આસ્રવ છે, એ બેય પરિણામ આસ્રવ છે. આહા..હા..! અશુભભાવને જ્યારે તમે પાપ માનો અને શુભભાવને ધર્મ માનો તો પુણ્ય ક્યાં ગયું? છેને એમાં ભાઈ? મોક્ષમાર્ગમાં છે—મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. જ્યારે તમે અશુભ હિંસા, જૂઠું, ચોરીના ભાવને પાપ માનો છો અને દયા, દાન, વ્રતના પરિણામને તમે ધર્મ માનો છો. તો પછી પુણ્ય ક્યાં ગયું?

**શ્રોતા :-** પુણ્ય તો રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રહી ગયું. પછી પુણ્ય કોને કહેવું? સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો પડે ભાઈ શું થાય? માર્ગ આવો છે, બાપુ! પરમાત્માના વિરહ પડ્યા, તીર્થંકર ને કેવળીનો યોગ રહ્યો નહિ ભાઈ અત્યારે. આહા..હા..! આહા..હા..!

**'આત્મા અને અનાત્માના જ્ઞાનથી રહિત હોવાથી...'** આહા..હા..! આને મિથ્યાદૃષ્ટિ કહેવા જગતને આકરું પડે બહુ. મહાવ્રત પાળે, બ્રહ્મચર્ય જાવજીવનું પાળે, સત્ય બોલે.. આહા..હા..! એને પાપી કહેવા. અમૃતચંદ્રાચાર્ય કહે છે, ભાઈ! કારણ શું છે, બાપુ? એને શુભરાગનો પ્રેમ છે, પરદ્રવ્યનો રાગ છે એને. રાગનો રાગી છે, માટે તે મહાવ્રત પાળે છતાં મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! રત્નકરંડ શ્રાવકાચારમાં નથી આવતું? ... અણગાર મૂઢ તે.. એ. હા એ. ગૃહસ્થાશ્રમમાં પણ સમકિતી જેને આદર રાગનો નથી અને આત્માનો આદર છે એ મોક્ષમાર્ગમાં છે અને મુનિ થઈને પણ રાગનો આદર કરે તો મોહી, મિથ્યાદૃષ્ટિ છે. એ રત્નકરંડ શ્રાવકાચારમાં. છેને? આહા..હા..! મોક્ષમાર્ગપ્રકાશકમાં લીધું છે, જેના અભિપ્રાયમાં રાગ આદરણીય છે તો એને તીવ્ર કષાય છે, ભલે મંદ રાગ હોય વર્તમાન તોપણ તે તીવ્ર મિથ્યાદૃષ્ટિ, તીવ્ર કષાય છે. આહા..હા..! અને ચોથે ગુણસ્થાને રાગ ઘણો છે ત્રણ કષાયનો, છતાં રાગ આદરણીય નથી, આત્મા આદરણીય આનંદકંદનો નાથ આદરણીય છે, તો એ ધર્મમાં છે, ધર્મમાર્ગમાં છે. આહા..હા..! **'સમ્યક્ત્વથી રહિત છે.'** લ્યો! એનો ભાવાર્થ કરશે પછી...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૪, શુક્રવાર, તા. ૨૪-૧૨-૧૯૭૬, કળશ-૧૩૭, પ્રવચન નં. ૨૭૧

૨૦૦ ગાથા. હિન્દુસ્તાનના ગયા લાગે છે. સવારે હિન્દુસ્તાનની હતી, મુંબઈ ગયા લાગે છે. જાત્રા કરવા નીકળ્યા હોયને. ૧૩૭ કળશ એનો ભાવાર્થ. આહા..હા..! **'પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં જે જીવ 'હું સમ્યગ્દૃષ્ટિ છું, મને બંધ થતો નથી' એમ માને છે તેને સમકિત કેવું?'**

આહા..હા..! રાગની રુચિ છે, પરદ્રવ્ય પ્રત્યેના આશ્રયમાં પ્રેમ છે એથી એને રાગ તો થાય છે અને 'હું સમ્યગ્દષ્ટિ છું' (એમ માને છે). આહા..હા..! આ ક્રમબદ્ધનો મોટો ખુલાસો આજે આવ્યો છે. આટલા વર્ષે હજી પંડિતોમાં તકરાર બેમાં. જૈન ગેજેટમાં વર્ધમાન પાર્શ્વનાથે લખ્યું હતું કે નિયતવાદ ઝેર છે. એની સામે કૈલાસચંદજીએ લખ્યું કે નિયતવાદ બનામ સર્વજ્ઞતા. જો એને ન સિદ્ધ કરી શકો તો સર્વજ્ઞતા સિદ્ધ નહિ થાય. એની સામે આજે આવ્યું છે. આહા..હા..! હજી આટલા વર્ષે હવે. જે અમારે ૭૨માં પ્રશ્ન ઉઠ્યો હતો એ હજી આ લોકો પંડિતમાં (ઉઠે છે).

**શ્રોતા :–** એનો વિચાર કરતાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિચાર કરવો જોઈએ. એમ ને એમ ન કરવું જોઈએ. વિચાર કરીને એને મેળમાં કરવું જોઈએ. અને આ ચર્ચા ઠીક છે એવી ચર્ચા. વ્યક્તિગતની ચર્ચા કરવી એ કરતા આવી ચર્ચા કરતા હોય તો ભલે એને... સર્વજ્ઞ છે એ તો જાણે છે એમ. એને ક્રમબદ્ધ ને અક્રમની સાથે સંબંધ શું છે? એમ એય..!

**શ્રોતા :–** એ ક્યારે અને કઈ પર્યાય થશે એ જાણે કે ન જાણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ ત્યાં ક્રમે થાય તો એમ જાણે અને અક્રમે થાય તો એમ જાણે. કહો. મૂળમાં ભૂલ આખી. એનું કારણ એ છે ખરેખર તો કે સર્વજ્ઞ છે એ સર્વજ્ઞનો જ્યાં નિર્ણય કરવા જાય છે, છે તો ક્રમબદ્ધ બધું. ભાઈ બહુ કહેતા એ દિપચંદજી. એના ક્રમબદ્ધ વ્યવસ્થિત માટે તો બહુ. એ બહુ કહેતા જેને તેને, વ્યવસ્થિત ક્રમબદ્ધ છે. પણ આ જરી છેલ્લે જરી ફેરફાર થઈ ગયો. આ માર્ગ બાપા! આહા..હા..! એ કહે છે કે જેને ધારાવાહી પર્યાય ચાલે છે દ્રવ્યમાં. આયત સમુદાય. એક પછી એક પછી એક. એક પછી જે થવાની હોય તે થાય. એવી છે એનો જે નિર્ણય કરે છે. આહા..હા..! એટલે એ સર્વજ્ઞ એને જાણે છે અને સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં કહ્યું, સર્વજ્ઞ જાણે છે કે જે કાળે જ્યાં થવાનું તે થાય એમ ન માને તો એ મિથ્યાદષ્ટિ છે. એ વાતને સંભારતા નથી. એટલું વળી કૈલાસચંદજીએ આ ફેરી સારું કર્યું. છંછેડો. બાપુ! આ તો માર્ગ બાપુ! ઘરમાં શાંતિ થવાનો માર્ગ છે બાપુ, આ તો. આહા..હા..! શાંતિ ક્યારે થાય? કે સર્વજ્ઞે દીઠું એમ થાય અને ક્રમબદ્ધ જ હોય એ સર્વજ્ઞનો નિર્ણય કરવા જાય છે ત્યાં સર્વજ્ઞસ્વભાવનો નિર્ણય થાય છે. સર્વજ્ઞ તો પર્યાય છે. આહા..હા..!

બીજી રીતે કહીએ તો એ જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય છે. જ્ઞાન જાણે. જે કાળે જે પર્યાય પોતાની થવાની છે તે થાય એમ જાણે. એ સર્વજ્ઞનું તાત્પર્ય આ છે. એમ ન માને અને અમે આમ કરીએ તો થાય, આમ કરીએ તો થાય. કર્મનું ન બેસેને એને ચોખ્ખું. કર્મનો ઉદય, એમાં નાખ્યું છે. એમ કે ઉદય આવે તો ઉદીરણા કરીએ તો આમ થાય. અરે..! ભાઈ! એ બધી વાતું એ ક્રમસરમાં થાય છે. એ તત્ત્વાર્થસારમાં લખ્યું છે ભાઈએ, ક્રમસર છે. તત્ત્વાર્થસાર. બંસીધરજી. ફૂલચંદજીના ભાઈ એણે લખ્યું છે. એણે તો ત્યાં પહેલુંવહેલું સાંભળ્યું, ઈંદોર-ઈંદોર. પહેલા શેઠ હતાને જ્યારે એ તો ખાટલે હતા. પહેલા ઈંદરો ગયા ત્યારે. એ ત્યાં આવ્યા. અમે હતા ઓલામાં નસિયાજીમાં. એ આવ્યા અને સાંભળ્યું એણે અને તત્ત્વાર્થસારનું લખાણ કેટલું ઘણું સારું હતું. કેટલીક ભૂલ છે પણ એ કબુલી ખરી. એમ કે ઓહો..!

સાંભળીને બિચારા આવ્યા હોં! નસિયામાં. શેઠની છેને. ત્યાં બેઠેલા. ઓહો..હો..! હું અભિનંદન દેવા આવ્યો છું. આમ દેખાય ગરીબ માણસ જેવો અને એક આંખ ઓછી એટલે કાંઈ પંડિત હશે એમ ખ્યાલ ન આવે. શું છે? કે ઓહો..હો..! આ વાત અલૌકિક વાત છે. વ્યવહારથી ન થાય એ મેં મૂક્યું નથી તત્ત્વાર્થસારમાં.

એનું કારણ છે કે જ્યાં ક્રમબદ્ધ અને સર્વજ્ઞનો નિર્ણય કરે ત્યારે એના ક્રમબદ્ધમાં જ્યારે નિશ્ચય અને વ્યવહાર આવવાનો છે તે આવે છે, એ સ્વભાવના પુરુષાર્થથી આવે છે. આહા..હા..! એટલે વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી એ રહેતું નથી, આઘુંપાછું થાય એ રહેતું નથી. સમજાણું કાંઈ? તેમ નિમિત્તથી કાંઈ થાય એ રહેતું નથી. અરે..! આવો ટાઈમ છે, ભાઈ! આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વભાવ છે પોતે સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. એ સર્વજ્ઞ સ્વભાવને સર્વજ્ઞ સ્વભાવ તરીકે જાણે, ખલાસ થઈ ગયું. જ્ઞાતા-દૃષ્ટા છું. કોઈ રાગની ક્રિયાનો પણ કર્તા હું નહિ. હોય ખરી, કર્તા નહિ. આહા..હા..!

અહીંયાં એમ કહે છે કે '**પરદ્રવ્ય પ્રત્યે રાગ હોવા છતાં...**' એને રાગ છે છતાં એમ માને છે કે એ રાગ એ મેં કર્યો નથી, હું તો સમકિતદૃષ્ટિ છું. '**મને બંધ થતો નથી.**' આહા..હા..! '**એમ માને છે તેને સમકિત કેવું?**' આહા..હા..! ઝીણી વાત, ભાઈ! અરે..! પરમાત્માના વિરહ પડ્યા અને આ બધી ચર્ચાઓ ઉઠી. '**વ્રત-સમિતિ પાળે...**' ભલે મહાવ્રત પાળે પાંચ. જોઈ-જોઈને ચાલે, વિચારીને બોલે, નિર્દોષ આહાર લે, '**વ્રત-સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...**' રાગ છે એ પર છે, જ્ઞાન છે એ સ્વ છે એનું ભાન નહિ હોવાથી '**તે પાપી જ છે.**' આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આચાર્ય મહારાજ અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે, પાપી છે. આહા..હા..! રાગ છે અને રાગની રુચિ છે અને કહે છે કે હું સમ્યગ્દૃષ્ટિ છું, મારે બંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એવી જેની દૃષ્ટિ છે એને મિથ્યાત્વ છે. એ વ્રત, સમિતિ પાળે તોપણ તે પાપી જ છે. આહા..હા..! ગજબ વાત છે ભાઈ! મૂળમાર્ગની ખબર ન મળે અને ઉપર પછી વ્રત પાળે ને કરે એ બધા મિથ્યાત્વના ઘરમાં છે બધું. આહા..હા..! એ કહે છે પોતે આચાર્યનો આ ખુલાસો છે. '**વ્રત, સમિતિ પાળે તોપણ સ્વપરનું જ્ઞાન નહિ હોવાથી...**' હું આનંદ અને જ્ઞાન છું. રાગ તે પર છે એનો જેને પ્રેમ છે તેને રાગથી ભિન્નપણાનું જ્ઞાન નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

આ વાત અમારે તો ૭૨ની સાલમાં ચાલી એ હવે અત્યારે વિરોધ ચાલ્યો. ૭૨. ૬૧ વર્ષ થયા. એનો વારો આવ્યો અત્યારે સંપ્રદાયમાં. આહા..હા..! ૭૨ની સાલ. ૬૧ વર્ષ થયા. અમારે ગુરુભાઈ હતા એ એમ જ કહ્યા કરે વારંવાર, ભગવાને દીઠું હશે તે થાશે, આપણે પુરુષાર્થ કરી શકીએ? એય..! વીરચંદભાઈ! મૂળચંદજીને દેખ્યા હતા કે નહિ? બે વર્ષ સાંભળ્યું. દીક્ષા ૭૦માં અને આ ૭૨ના ફાગણ મહિનામાં આ પ્રશ્ન ઉઠ્યો બહાર મૂકવાનો. મેં કીધું આપણે નવદીક્ષીત છીએ આપણે કાંઈ કહેવું નથી, સાંભળો. ફાગણ મહિનો ૭૨માં. જસદણનો ઉતારો છે સરવામાં. ભાઈને બતાવ્યું હતું. ત્યાં આહાર કર્યા ને આહાર કરીને એમાં જગજીવનજી હતાને ભાઈ વીરચંદભાઈ! જગજીવનભાઈ ઠીંગણા. થોડોક આહાર વધ્યો એટલે કૂતરાને નાખ્યો. કૂતરા સમજો છો? કુત્તા. મેં કીધું, આ શું કરો છો તમે આ? શાસ્ત્ર

તો એમ કહે છે કે વધ્યો હોય એ ઉકરડે નાખવો, બહાર નાખી દેવો. તમને એની મમતા છે હજી. આહા..હા..! એટલે ઉપર કૂતરુ આવ્યું એને નાખ્યો. આ શું કરો છો તમે? ભગવાનની આજ્ઞાની મશ્કરી કરો છો? ભગવાનની આજ્ઞા તો એવી છે કે વધે તો નાખી દેવું એને. એણે નાખ્યું કૂતરાના મોઢે નાખ્યું. સમજાય છે? વાત તો સાદી છે પણ ધ્યાન રાખે તો પકડાય એવી છે, આમાં કાંઈ કોઈ વિશેષ નથી. સાદી ભાષા છે. ભાષા સાદી, વસ્તુ સાદી છે.

આહાર વધ્યોને આહાર એ નાખ્યો. નાખીને વોસરે-વોસરે કર્યું. બહાર ... છે તો વોસરે કરવું જોઈએને. વોસરે એટલે આ છોડી દઉં છું. આ શું કરો છો તમે? પછી અમારા ગુરુ હતા બિચારા ઓલા હતા. કહે, આ છે. ૨૨ ટોળાવાળો અને આ કાનજી છે એ તેરાપંથી છે. તેરાપંથી લોકોને ન આપેને. એમ કરીને ઓલું... એનો હેતુ બીજો હોં. વિરોધ ન થાય. એ વખતે એમ હતું. બહુ ભદ્રિક હતા. કષાય મંદ હતો. મેં કીધું આ વિરોધ છે તત્ત્વનો. આ હોય નહિ, આમ ન હોય. અને તમે એમ જ્યા ત્યાં કહ્યા કહો છો કે ભગવાને દીઠું એ થાશે એમાં આપણો પુરુષાર્થ શું કામ આવે? એ તમારી વાતનો વિરોધ છે સતત. ૭૨નો ફાગણ. ૬૧ વર્ષ થયા. એનું એ ચાલ્યું આવે છે. આહા..હા..! મેં કીધું, ભાઈ આપણને એ વાત બેસતી નથી. કેમ? કે સર્વજ્ઞે દીઠું એવું થશે. વાત તો એમ જ છે. પણ સર્વજ્ઞે દીઠું એ સર્વજ્ઞની સત્તાનો સ્વીકાર કરનારા પછી સર્વજ્ઞે દીઠું એ થાય એમને? ઝીણી વાત. ક્યાં લોકોને પડી છે? ધંધા-પાણી કરે ને મરીને ચાલ્યા જાય. થઈ રહ્યું જાવ. આહા..હા..! અરેરે..! ધર્મને નામે થોડીક સામાયિક કરે કાં ભક્તિ કરે, પૂજા કરે, જાત્રા કરે. વયો ગયો. આહા..હા..! બાપુ! ધર્મ ચીજ એવી છે વીતરાગની. આહા..હા..!

જેણે સર્વજ્ઞ.. અને એમાં આવ્યુંને. સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષામાં આવ્યું હતું કે સર્વજ્ઞ દીઠે છે એમ થાશે એમાં ફેરફાર નથી એમ માને એ સમકિતી છે, એમાં સંદેહ કરે તો મિથ્યાદૃષ્ટિ છે. સર્વજ્ઞપણાની ક્યાં માન્યતા રહી એને દેવની? અને દેવ ખરો સર્વજ્ઞ તો પોતે છે. તે દિ' તો એમ કહ્યું હતું કે આ સર્વજ્ઞને જે માને એની પર્યાયમાં સર્વજ્ઞનો નિર્ણય થાય છે, એ જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય છે, એને ભવ હોઈ શકે નહિ. એક-બે હોય પણ એ ગણતરી નહિ, કીધું. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :-** પોતે જ્ઞાતા-દૃષ્ટા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પોતે જ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! એ પછી ત્યાં તો થયું. પછી બીજે દિ' વળી બિચારા અમારા ગુરુ હતા સંપ્રદાયના, ભદ્રિક હતા. આમ પ્રસિદ્ધિ બહુ, બહુ પ્રસિદ્ધિ. વ્યાખ્યાન વાંચે તો આમ હજારો માણસો. ગામ, પરગામમાં જાય, જામનગર, પોરબંદર પણ તૂ હી તૂ હી એને નામે. આખા કાઠિયાવાડમાં પ્રસિદ્ધ. એને બપોરે શંકા પાછી પડી બીજે દિવસે, પાળિયાદ. આ પ્રશ્ન થયો સરવા. સરવા ગામ છે વિંછીયાથી. અને બીજે દિ' બિચારા ભદ્રિકને વિચાર આવ્યો. કહ્યું કે એ મૂળચંદજી! પડિ લઈને કરેને કપડાનું ચાર વાગે સાડા ચારે. એ કરીને પછી બોલ્યા કે મૂળચંદજી! આમ જો તું કહે છે એમ થાય તો તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. એ સમવાયને ન માને. કાળ, સ્વભાવ.. એ લોકોને એ કાંઈ બીજો વિચાર જ નહિ. ક્રિયા કરવી, વ્રત પાળવા ને આ કરવું ને આ

કરવું. એમ હોય તો પાંચ સમવાય સિદ્ધ થઈ જાય. પાંચ સમવાય છે.

નિયત નામ જે સમયે જે થાય એ નિયતવંત છે, એ સમયે પુરુષાર્થ પણ છે સ્વભાવ તરફનો, એ વખતે ભવિતવ્યતા જે ભાવ થયો એ પણ છે અને તે કાળે કર્મના નિમિત્તનો અંશે અભાવ છે એ પણ નિમિત્તનો અભાવ પણ ત્યાં છે. પાંચેય સમવાય છે. આ નિયતમાં પણ પાંચેય સમવાય છે. ઓલો નિયતવાદ છે એને એ પાંચ સમવાય વિનાનો એકલો નિયત માને છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ કૈલાસચંદજીને... આ ગેજેટ કોનું છે ઈ? વર્ધમાન પાર્શ્વનાથ, વર્ધમાન પાર્શ્વનાથ. બેયને વિરોધ ચાલ્યો આવે છે. કહો અહીંની ચર્ચા ૭૨ની હવે બહારમાં વિરોધ આવ્યો. અરે..! ભગવાન! ક્રિયાકાંડ કરવું, બસ, એમાં મશગુલ થઈ ગયો. તત્ત્વ શું છે અને વસ્તુનો સ્વભાવ શું છે એનો કોઈ વિચાર જ નહિ. આહા..હા..! અને એ વખતે ભાઈ પાછું એમાં તો થયેલું અમારે. પણ ઉજમશી હતો એક ભગત ઓલો. રોચકાવાળા. ઉજમશી નહિ તમારો? અમદાવાદ. ગુજરી ગયો ત્યાં સંથારો કરીને. એ રોચકાવાળો બોલ્યો. મૂળચંદજીને બોલ્યો હોં. હું બેઠો હતો ઓલી કોર. એ કહે કે તમે આ (કહો છો કે) કેવળીએ દીઠું એમ થાશે, પુરુષાર્થથી નહિ, તો આ મુંડાવીને શું કરવા બેઠા તમે? ઓય મારે! દીક્ષા લીધીને મૂળચંદજીએ. એને ખટક્યું. મેં કીધું, આપણે કાંઈ બોલવું નહિ. જો કેવળીએ દીઠું છે એમ થાય તો પછી મુંડાવીને આમ તમે બેઠા શી રીતે? તે દિ' પુરુષાર્થ કરશો અત્યારે નહિ થાય. એ બિચારા ગુજરી ગયા. સંથારો કર્યો હતો અમદાવાદમાં. રોચકાવાળા હતા.

પ્રભુ! તું કોણ છો? જેમ સર્વજ્ઞ છે એ જે થાય છે તેને જાણે છે. એ ક્રમથી જ જગતની અવસ્થા વ્યવસ્થિત થાય છે. એ વસ્તુની વ્યવસ્થા નામ વર્તમાન અવસ્થા ક્રમસર થાય છે. આહા..હા..! અરેરે..! ક્યાંય ખબર ન મળે. એવો જે નિર્ણય કરવા જાય તો જ્ઞાયક પોતે છે એ જ્ઞાનસ્વભાવી સર્વજ્ઞસ્વભાવી જ હું છું. હું તો થાય તેને જાણું એવો છું. આહા..હા..! પર્યાયને કરું એવો પણ નથી. કર્તા પુરુષાર્થથી થાય છે માટે કરું એમ આવે, પણ પર્યાયને આવી કરું કે આમ કરું એ પણ ત્યાં છે નહિ. આહા..હા..! ધીરો માર્ગ બાપુ! ભગવાનનો માર્ગ જન્મ-મરણ રહિતની દૃષ્ટિ અલૌકિક કોઈ છે. આહા..હા..!

એ અહીં કહે છે, અજ્ઞાની વ્રત-સમિતિ પાળે પણ રાગને પોતાનો માને અથવા રાગ કરે અને એમ કહે કે મને રાગ નથી અને બંધન નથી. આહા..હા..! '**પોતાને બંધ નથી થતો એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તે તે વળી સમ્યગ્દૃષ્ટિ કેવો?**' આહા..હા..! '**કારણ કે જ્યાં સુધી યથાખ્યાત ચારિત્ર ન થાય ત્યાં સુધી ચારિત્રમોહના રાગથી બંધ તો થાય જ છે...**' સમ્યગ્દૃષ્ટિને અનુભવીને (બંધ તો થાય જ છે). આહા..હા..! સ્વરૂપની સ્થિરતા જ્યાં સુધી યથાખ્યાત, યથાપ્રસિદ્ધિ—જેવું સ્વરૂપ છે એવું પ્રસિદ્ધ ચારિત્રનું ન થાય ત્યાં સુધી એને ચારિત્ર રાગ તો બંધ કરે જ છે. રાગ થાય એને બંધ તો કરે છે. '**અને જ્યાં સુધી રાગ રહે ત્યાં સુધી સમ્યગ્દૃષ્ટિ પોતાની નિંદા-ગર્હા કરતો જ રહે છે.**' એમ નહિ કે રાગ થાય તો કાંઈ વાંધો નથી. આહા..હા..! અરે..! શુભભાવ થતાં અશુભભાવની નિંદા-ગર્હા કરે છે. અરેરે..! સમજાણું કાંઈ? એ નિંદા-ગર્હા એટલે શુભભાવ. સમજાણું કાંઈ? આવે છેને, સમયસાર મોક્ષ અધિકાર. નિંદા-ગર્હા એ પણ શુભભાવ છે અને એ પણ વિષનો ઘડો છે.

આહા..હા..!

અહીં કહે છે, જ્ઞાની પણ રાગ થાય એની ગર્હા-નિંદા કરે છે. આહા..હા..! **'જ્ઞાન થવામાત્રથી બંધથી છૂટાતું નથી,...'** જ્ઞાન થયું એટલે એનાથી કાંઈ બંધથી છૂટાતું નથી. **'જ્ઞાન થયા પછી તેમાં જ લીનતારૂપ-શુદ્ધોપયોગરૂપ ચારિત્ર... '** આહા..હા..! ચૈતન્યનું જ્ઞાન થઈને શુદ્ધોપયોગરૂપી ચારિત્ર. એ વ્રતના પરિણામ એ બધા શુભરાગ છે. એ કાંઈ ચારિત્ર નથી મહાવ્રતના પરિણામ. શુદ્ધ ઉપયોગ એ ચારિત્ર છે. આહા..હા..! વાતે વાતે ફેર. **'શુદ્ધોપયોગરૂપ ચારિત્ર...'** ત્રણ શબ્દ વાપર્યા. **'તેમાં જ લીનતા...'** એટલે? આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે એવું જે ભાન થયું તેમાં લીનતા. આનંદ અને જ્ઞાનસ્વભાવમાં લીનતા. એક વાત. એ શુદ્ધોપયોગરૂપ લીનતા... એ શુદ્ધોપયોગ તે ચારિત્ર છે. આહા..હા..! સમજાય છે કાંઈ? મહાવ્રતના પરિણામ ને નગ્નપણું એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

શું કહ્યું? કે આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાન થયું સ્વસંવેદન છતાં તેમાં લીનતા કરે શુદ્ધોપયોગની તે ચારિત્ર છે. શુભ-અશુભભાવ એ તો અચારિત્ર છે. આહા..હા..! શુદ્ધોપયોગ. શુભભાવ અને અશુભભાવ બેય અશુદ્ધોપયોગ છે અને આત્માનું જ્ઞાન થયા પછી શુદ્ધોપયોગ અંદરમાં લીનતા થાય, વીતરાગી પરિણામથી લીનતા થાય એને અહીં શુદ્ધોપયોગ કહ્યો, એને લીનતા કીધી, એને ચારિત્ર કહ્યું. આહા..હા..! સ્વરૂપમાં ચરે તે ચારિત્ર. આહા..હા..! આત્માનો જ્ઞાનસ્વભાવ, આનંદ સ્વભાવનું ભાન થઈને એમાં રમણતા કરે શુદ્ધોપયોગની એનું નામ ચારિત્ર છે. આહા..હા..! છે?

એ **'શુદ્ધોપયોગરૂપ-ચારિત્રથી બંધ કપાય છે.'** આહા..હા..! સમ્યગ્જ્ઞાન પછી પણ શુદ્ધ ઉપયોગની લીનતા દ્વારા કર્મ છેદાય છે. આહા..હા..! માણસને અભ્યાસ ન મળે આ વસ્તુનો. જે કરવાની વાત છે હિતની એના ઠેકાણા ન મળે. આ બધા મફતના કાળ (જાય છે). પોપટભાઈ! રળવામાં ને ઓલામાં કાળ બધા ગાળ્યા. આહા..હા..! અરેરે..! આવું આત્મતત્ત્વ! સર્વજ્ઞ પરમેશ્વર એને શું કહે છે અને કઈ સ્થિતિએ એનો બંધનો છેદ થાય? એ સમ્યગ્દર્શન પછી શુભભાવ આવે ખરો, પણ એ તો બંધનું કારણ છે. આહા..હા..! શુદ્ધોપયોગમાં લીનતા તે બંધના કારણનો અભાવ છે. આહા..હા..! **'માટે રાગ હોવા છતાં, બંધ થતો નથી એમ માનીને સ્વચ્છંદે પ્રવર્તનાર જીવ મિથ્યાદૃષ્ટિ જ છે.'** આહા..હા..! સમજાણું કાંઈ? રાગ હોવા છતાં 'મને બંધ નથી, હું સમ્યગ્દૃષ્ટિ છું', એમ માનીને રાગમાં સ્વચ્છંદે પ્રવર્તે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! વીતરાગમાર્ગ તો જુઓ ભાઈ! આહા..હા..!

**'અહીં કોઈ પૂછે...'** છે? બહુ સરસ લખાણ લખ્યું છે. **'વ્રત-સમિતિ તો શુભકાર્ય છે,...'** છે શેઠ? શું કીધું? પંચમહાવ્રતાદિના પરિણામ એ તો શુભકાર્ય છે, ધર્મ નહિ. **'તો પછી વ્રત-સમિતિ પાળતાં છતાં તે જીવને પાપી કેમ કહ્યો?'** વ્રત પાળે શુભભાવ, અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. આહા..હા..! વસ્ત્રનો ટૂકડો ન રાખે એવા અંદર અપરિગ્રહ મહાવ્રતના પરિણામ હોય એ તો શુભ છે તો તેને પાપી કેમ કહ્યો? આહા..હા..!

**'તેનું સમાધાન :- સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...'** જુઓ, **'મિથ્યાત્વને જ**

**કહ્યું છે;...'** એમ એકાંત નાખ્યું. રાગાદિનું પાપ છે એ ગૌણપણે છે. ખરું પાપ તો મિથ્યાત્વનું છે. આહા..હા..! એ વ્રત-તપની ક્રિયા એ રાગની ક્રિયા અને એનાથી ધર્મ માને એ મિથ્યાત્વ છે. આહા..હા..! આવી વાતું ભારે આકરી. છે? એ શુભને પાપી કેમ કહ્યો? બિચારો બ્રહ્મચર્ય પાળે, દયા પાળે, સત્ય બોલે... આહા..હા..! નિર્દોષ આહાર-પાણી લે, એને માટે કરેલા લે નહિ, આવો શુભભાવ (હોય) એને તમે પાપી કેમ કહો છો? શેઠ! **'સિદ્ધાંતમાં પાપ મિથ્યાત્વને જ કહ્યું છે;...'** ભાષા આ. અહીં ખોટું પાડે કે પાપ બીજું નથી. હવે સાંભળ કહે છે, મિથ્યાત્વ એ જ સંસાર, મિથ્યાત્વ એ આસ્રવ, મિથ્યાત્વ એ જ સંસાર અને બંધનું કારણ. આહા..હા..! એ પાપ જ છે બધું. આહા..હા..! છે? **'જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવામાં આવે છે.'** આહા..હા..! જ્યાં સુધી 'એ પુણ્ય પરિણામ વ્રતના એ ધર્મનું કારણ છે' એમ માને ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ (છે). આહા..હા..! સમજાણું? એ **'અધ્યાત્મમાં તેને પાપ જ કહેવામાં આવે છે.'** આહા..હા..! છે? વાંચ્યું છે કે દિ'? દરકાર કર્યા વિના બધા એમ ને એમ હાંકે જાય.

**શ્રોતા :-** વાંચીએ તો સમજાય જ નહિ આમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ અમારા માસ્તર હતા નિશાળમાં. હમણાં કો'ક કહેતું કે અમે વાંચીને આવીએ છીએ અડધો કલાક. ભાઈ શેઠ કહેતા હતા. અમારે ત્યાં હતા માસ્તર (એ કહે) કે ઘરે વાંચીને આવજો, પાઠ પછી આપશું. તમે વાંચીને શું સમજ્યા અને હું શું અર્થ કરું છું, તો તમને એનો આંતરો દેખાશે. સમજાણું કાંઈ? નરોત્તમ માસ્તર હતા. આ તો પોણો સો વર્ષ પહેલાંની વાત છે. પોણો સો વર્ષ પહેલાંની. બાર વર્ષની ઉંમર હતીને જે દિ'. નિશાળમાં મુખ્ય ગણાતા અમે. ઘરે બોલાવે છોકરા હુશિયાર હોયને એને, બે-ત્રણ છોકરા બોલાવે. એ પોતે બાયડી નહોતી એટલે રાંધતા હોય ને પછી પરીક્ષા લે પાછી. શું વાંચીને આવ્યા? એનો શું અર્થ જાણ્યો? એનો અર્થ આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એમ આ વાંચીને આવે તો ખબર પડે કે હું આમાંથી કાંઈક સમજ્યો અને આ નીકળ્યું કાંઈક આ તો.

**શ્રોતા :-** જરૂરનું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જરૂરનું છે. આહા..હા..! છે?

ભગવાનના આગમમાં સર્વજ્ઞ પરમાત્માની વાણી દિવ્યધ્વનિના આગમમાં...આહા..હા..! **'મિથ્યાત્વને જ પાપ કહ્યું છે.'** આહા..હા..! સમજાણું? **'જ્યાં સુધી મિથ્યાત્વ રહે ત્યાં સુધી શુભ-અશુભ સર્વ ક્રિયાને અધ્યાત્મમાં પરમાર્થે પાપ જ કહેવાય છે.'** આહા..હા..! એ પંચમહાવ્રત પાળે પણ 'એ મારા છે અને મને લાભદાયક છે' એ મિથ્યાદૃષ્ટિને એ બધું પાપ જ છે કહે છે. આકરી વાતું છે, ભાઈ! આહા..હા..! છે કે નહિ અંદર? આ તો જયચંદ્ર પંડિતે લખ્યું છે.

**'વળી વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભક્રિયાને કથંચિત્ પુણ્ય પણ કહેવાય છે.'** જોયું! પરમાર્થે એને પાપ કહેવામાં આવે છે, પણ વ્યવહારનયે શુભક્રિયાને અશુભ છોડાવી, પાપના પરિણામ છોડાવીને શુભના પરિણામ વ્રતના (કરવાનું

કહે) એને કથંચિત્ પુણ્ય પણ કહે છે, પણ પુણ્ય, ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં પુણ્ય-પાપના બે ભેદમાં તફાવત કર્યો કે જ્યાં સુધી એને રાગથી મને લાભ થાય, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામથી મને ધર્મ થાય એવી મિથ્યાત્વની માન્યતા છે, ત્યાં સુધી તે વ્રતાદિની ક્રિયાને પાપ જ કહ્યા છે એ નિશ્ચયથી. વ્યવહારે અશુભને છોડાવી શુભમાં જોડાય એને પુણ્ય કહ્યું છે. ધર્મ તો નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આ ક્યાં? ટાણા આવ્યા એને ટાણે ન નિર્ણય કરે એ કે દિ' કરશે? આહા..હા..! એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા..!

ઓલામાં તો લખ્યું છે કે આવા સંસ્કાર પડશેને જેને એ કદાચિત્ વર્તમાનમાં એવું પાપ હોયને તિર્યંચમાં પણ જાય. ભાઈ! મોક્ષમાર્ગપ્રકાશકમાં છે. સમકિતસન્મુખ, સમકિતસન્મુખ મિથ્યાદૃષ્ટિનું. કદાચ કોઈ તિર્યંચમાં પણ જાય, પણ અહીંના સંસ્કાર પડ્યા એ ત્યાં ઊગશે તો તેને વગર નિમિત્તે સમકિત થાશે. આહા..હા..! મોક્ષમાર્ગમાં છે સમકિતસન્મુખ (મિથ્યાદૃષ્ટિ). આહા..હા..! કારણ કે કોઈ કપટ ને માયાથી તિર્યંચગતિ બંધાઈ ગઈ હોય અને પછી સંસ્કાર આ પડે, રાગથી રહિત મારી ચીજ છે, એના સંસ્કાર પડે તો એ તિર્યંચમાં જાશે તો સમકિત પામશે, દેવ-ગુરુ-શાસ્ત્ર નથી તોપણ. આહા..હા..! સમજાણું કાંઈ? છેને આમાં લખાણ છે. તત્ત્વવિચારની મહિમા કે જેને વ્રતાદિ છે પણ તત્ત્વનો વિચાર નથી તો એ પણ મિથ્યાદૃષ્ટિ પાપી છે અને તત્ત્વવિચારાદિકવાળાને વ્રતાદિક પણ ન હોય.. સમજાણું કાંઈ? તો એ તત્ત્વવિચારથી સમકિતને પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? મોક્ષમાર્ગપ્રકાશકમાં છે સાતમા અધ્યાયમાં.

**શ્રોતા :–** દેશનાલબ્ધિ ત્યાં કામમાં આવશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** દેશનાલબ્ધિ એ જ સંસ્કાર કામ આવશે. આહા..હા..! દેશનાલબ્ધિ તો સાંભળ્યું પણ એ ધડાકા અંદરથી લાગ્યા છે કે રાગથી ભિન્ન તારી ચીજ (છે). આહા..હા..! વ્યવહારની ક્રિયાકાંડના દયા, દાન, વ્રતના પરિણામથી તારી ચીજ ભિન્ન છે. એના જે અંદર સંસ્કાર પડ્યા હશે તો નરકમાં જશે અને તિર્યંચમાં જશે કદાચિત તોપણ ત્યાં સંસ્કારથી સમકિત પામશે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. આહા..હા..! લોકોને તેથી..

**શ્રોતા :–** સમકિતને આપે ... એ બહુ સારું કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમાં છે એ. શું છે આ? મોક્ષમાર્ગ છેને? એમાં છે.

'દેવાદિ બાહ્ય નિમિત્ત વિના થાય તેને તો નિસર્ગ કહીએ છીએ, દેવાદિ દેવ-ગુરુના નિમિત્તથી થાય તેને અધિગમસમકિત કહીએ છીએ. જુઓ તત્ત્વવિચારની મહિમા...' છે? આહા..હા..! 'તત્ત્વવિચારરહિત દેવાદિકની પ્રતીતિ કરે, ઘણાં શાસ્ત્રોનો અભ્યાસ કરે, વ્રત-તપશ્ચરણ કરે છતાં તેને તો સમકિત થવાનો અધિકાર નથી.' આહા..હા..!

**શ્રોતા :–** એણે પુણ્યથી ધર્મ માન્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માને છે શુભભાવ વ્રત ને તપને કરીને આ જાત્રા એ અમારો ધર્મ છે. આહા..હા..! ધૂળેય નથી, એ તો રાગ છે. સમજાણું કાંઈ? એ લોકો તેથી કહે છેને કે વ્યવહારથી થાય

નિશ્ચય એમ માનતા નથી. પણ શાસ્ત્ર એમ કહે છે, આગમ એમ કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય એમ માનનારા મિથ્યાદૃષ્ટિ છે. જુઓ લખ્યુંને, 'તત્ત્વવિચારવાળો એ વિના પણ સમકિતનો અધિકારી થાય છે. વળી કોઈ જીવને તત્ત્વવિચાર થવા પહેલા કોઈ કારણ પામીને દેવ-ગુરુની પ્રતીત હો, વ્રત પણ અધિક હો, પછી પણ તપશ્ચર્યા કરે, પરંતુ સમકિતનો અધિકારી તો તત્ત્વવિચાર થતાં જ થાય છે.' આહા..હા..! એ વ્રત પાળે ને તપસ્યાઓ કરે માટે સમકિતનો અધિકારી થાય એમ નથી. આહા..હા..! દેવીલાલજી! દાંડી પીટીને વાત છે. મોક્ષમાર્ગ ટોડરમલનું છે. આહા..! અરેરે..! ક્યાં પડી છે જગતને. હું ક્યાં જઈશ? શું થશે? આ વર્તમાનમાં કાંઈક બાયડી-છોકરા મળ્યા, પાંચ-પચ્ચીસ લાખ મળ્યા પૈસા, બસ ધૂળમાં સલવાઈ ગયો. આહા..હા..! કલાક, બે કલાક મળે ક્યાંક તો વળી જાત્રા કરવા જાય ને સાંભળવા જાય. એમાં શું થયું? શુભભાવ છે એ તો. સમજાણું કાંઈ? આ બધી મજૂરી કરીને કાળ ગયો છે એમ કહે છે.

**શ્રોતા :–** શું કરવું એ તો કહેતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ કહ્યું, તત્ત્વનો વિચાર. આહા..હા..! જુઓને, કેવું લખ્યું છે! સાતમામાં છે હોં ઈ. બીજે પાને છે. સમકિતસન્મુખ મિથ્યાદૃષ્ટિનું નિરૂપણ છેને, એને ત્રીજે પાને છે. આહા..હા..!

અહીંયાં કહે છે '**વ્યવહારનયની પ્રધાનતામાં, વ્યવહારી જીવોને...** ' હોં પાછું. અશુભ છોડાવી શુભમાં લગાડવા શુભક્રિયાને કોઈ પ્રકારે પુણ્ય પણ કહેવાય. પુણ્ય. વ્રત, નિયમ, તપસ્યા, અપવાસ, જાત્રા, ભક્તિ એને વ્યવહારની અપેક્ષાએ પુણ્ય કહેવાય. નિશ્ચયની અપેક્ષાએ તો એને પોતાનું માને તો પાપ છે. આહા..હા..! '**વળી કોઈ પૂછે છે કે—પરદ્રવ્યમાં રાગ રહે ત્યાં સુધી જીવને મિથ્યાદૃષ્ટિ કહ્યો તે વાતમાં અમે સમજ્યા નહિ.**' છે શેઠ? શું છે? હા ઈ. તમે મિથ્યાદૃષ્ટિ કહો છો, અમે કાંઈ સમજ્યા નથી. શું કહો છો તમે આ? આહા..હા..! '**અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને ચારિત્રમોહના ઉદયથી રાગાદિભાવ તો હોય છે,...**' સમ્યગ્દૃષ્ટિ છે, ક્ષાયિકસમકિતી છે, તોપણ તેને રાગ તો થાય છે. ચારિત્રમોહનું નિમિત્ત છે અને રાગદ્વેષના પરિણામ થાય છે. '**તેમને સમ્યક્ત્વ કેમ છે?**' તો તેને સમકિત કેમ છે? રાગ હોય એને મિથ્યાદૃષ્ટિ કહો છો તો આને રાગ હોય અને તમે સમકિતી કહો છો. આહા..હા..!

'**તેનું સમાધાન :– અહીં મિથ્યાત્વસહિત અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.**' આહા..હા..! વિપરીત માન્યતા છે. એ વ્રત ને તપથી આપણને ધર્મ થશે, જાત્રા ને ભક્તિ કરતાં-કરતાં સમકિત થશે એમ માનનાર મિથ્યાદૃષ્ટિને... આહા..હા..! એને '**અનંતાનુબંધી રાગ પ્રધાનપણે કહ્યો છે.**' પણ એનો કહ્યો છે રાગ. એને અનંતાનુબંધીનો જે રાગ છે એને રાગ કહ્યો છે, અસ્થિરતાનો રાગ એ નહિ. '**જેને એવો રાગ હોય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં તથા પરદ્રવ્યથી થતા ભાવોમાં આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે,...**' બહુ સરસ લખ્યું છે પાટીયું. શું કીધું? જેને એવો રાગ થાય છે અર્થાત્ જેને પરદ્રવ્યમાં—પરદ્રવ્ય ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હોય કે સ્ત્રી, પુત્ર હોય એનામાં અને પરદ્રવ્યથી થતા ભાવોમાં, પરદ્રવ્યમાં આત્મબુદ્ધિ છે અને પરદ્રવ્યથી થતા પુણ્ય-પાપના ભાવમાં

આત્મબુદ્ધિ છે. આહા..હા..! **'આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે, તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી—'** આહા..હા..! જેને પરદ્રવ્યમાં, આત્મા સિવાય પરવસ્તુમાં અને આત્મા સિવાય પરદ્રવ્યથી થતાં પુણ્યના ભાવમાં આત્મબુદ્ધિપૂર્વક 'એ મારા છે, મને લાભદાયક છે' એ પૂર્વક પ્રીતિ-અપ્રતીતિ થાય છે તેને સ્વપરનું જ્ઞાન-શ્રદ્ધા નથી. રાગનો પ્રેમ છે એ પર છે અને આત્મા સ્વ છે એવું એને ભેદજ્ઞાન નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? આહા..હા..! કેટલું લખ્યું છે જુઓ જયચંદ્ર પંડિતે. **'એમ સમજવું.'** એને સમ્યક્શ્રદ્ધાન નથી, ભેદજ્ઞાન નથી એમ સમજવું. શું કહ્યું? જેને આત્મા સિવાય પરદ્રવ્ય ચાહે તો કર્મ હોય, શરીર હોય, સ્ત્રી હોય, કુટુંબ હો, પરિવાર હો કે દેવ-ગુરુ-શાસ્ત્ર હો... આહા..હા..! 'એ મારા છે' એમ માને છે જ્યાં સુધી. આહા..હા..! આ દીકરા ને દીકરીયું એ બધા અમારા છે, અમારા છે. અમારા ઘરે.. ધૂળેય નથી સાંભળને.

**શ્રોતા :-** તો કોના છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એના છે એ. એનો આત્મા, એનું શરીર એનું છે. આત્માનું છે? હસમુખનું શરીર તમારું છે? એનો આત્મા? આહા..હા..!

સ્વદ્રવ્ય આનંદકંદ જ્ઞાયકસ્વરૂપી પ્રભુ એ સિવાય પરદ્રવ્ય અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં ભાવો પુણ્યના ભાવ, મુખ્ય તો પુણ્યભાવ ઉપર છેને. આહા..હા..! **'આત્મબુદ્ધિપૂર્વક પ્રીતિ-અપ્રીતિ થાય છે,...'** 'એ રાગમાં આત્મા છે એ મારો છે અને એ મને લાભદાયક છે' એવી પ્રીતિ એટલે રાગ અને અપ્રીતિ એટલે દ્વેષ થાય છે. આહા..હા..! **'તેને સ્વપરનું જ્ઞાનશ્રદ્ધાન નથી-ભેદજ્ઞાન નથી એમ સમજવું. જીવ મુનિપદ લઈ...'** એ મુનિ થાય, નગ્નમુનિ દિગંબર, હજારો રાણી છોડીને મુનિપદ લે, આ વ્રત, સમિતિ પાળે. આહા..હા..! **'તોપણ જ્યાં સુધી (વ્રત-સમિતિ પાળતાં) પર જીવોની રક્ષા,...'** આહા..હા..! પર જીવની રક્ષા કરી શકું છું, દયા પાળી શકું છું. આહા..હા..! અરે.! **'શરીરસંબંધી જતનાથી પ્રવર્તવું...'** આ શરીર ચાલેને આમ, એમાં જતનાથી પ્રવર્તે કે જીવની હિંસા ન થાય એ, એ બધી જડની ક્રિયા છે. આહા..હા..!

**'પરદ્રવ્યની ક્રિયાથી... '** એ પરદ્રવ્યની ક્રિયાથી **'તથા પરદ્રવ્યના નિમિત્ત થતા પોતાના શુભભાવથી પોતાનો મોક્ષ માને છે...'** આહા..હા..! સમજાણું કાંઈ? પણ આ બધી બહારમાં મજા પડે એ શું કરવું? આહા..હા..! શુભભાવમાં મજા પડે આમ લ્યો. ભગવાનની ભક્તિ, પૂજા, વ્રત, જાત્રા. કહે છે કે શુભભાવને જ્યાં સુધી પોતાનો માને છે... આહા..હા..! એ પરદ્રવ્યનો ભાવ છે. આહા..હા..! **'અને એનાથી પોતાનો મોક્ષ માને છે....'** જોયું! આહા..હા..!

**શ્રોતા :-** કરતાં-કરતાં થાશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરતાં-કરતાં થાશે. હળવે-હળવે વ્રત પાળીએ, આ કરીએ. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ડકાર આવશે, એવું છે એ. આહા..હા..! આકરું કામ. વ્રત ને નિયમ ને અપવાસ ને એ કરશું તો ક્રમે-ક્રમે ધર્મ કો'ક દિ' થાશે, સમકિત થાશે. આહા..હા..! એમ અજ્ઞાની માને છે.

**'એને મોક્ષ માને છે અને પરજીવોનો ઘાત થવો,...'** પરજીવની હિંસા થવી. **'અયત્નાચારરૂપે**

**પ્રવર્તવું...'** શરીરનું. **'પરદ્રવ્યની ક્રિયાથી તથા પરદ્રવ્યના નિમિત્તે થતા પોતાનો અશુભ ભાવોથી જ પોતાને બંધ થતો માને છે...'** એકલો અશુભભાવથી બંધ થતો માને છે એમ કહે છે. આહા..હા..! અને શુભભાવથી મોક્ષ થતો માને છે. **'ત્યાં સુધી તેને સ્વપરનું જ્ઞાન થયું નથી...'** સ્વપરનું જ્ઞાન થતું નથી **'એમ જાણવું;...'** આહા..હા..! પરદ્રવ્ય શરીર આદિની જતનાથી પરદ્રવ્યની ક્રિયા થાય અને એમાં શુભભાવ થાય એનાથી મોક્ષ માને એ મિથ્યાદૃષ્ટિ છે અને પરદ્રવ્યના નિમિત્તમાં પરની હિંસા કરે અને અશુભભાવ થાય એ જ બંધનું કારણ છે એમ માને એ મિથ્યાદૃષ્ટિ છે. આ જ બંધનું કારણ છે. ઓલા વ્રતાદિના ભાવ એ બંધનું કારણ નથી એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. રાડ નાખી જાય આમાં તો. આહા..હા..! પરદ્રવ્યની ક્રિયા કરી ક્યાં શકે જીવ? પરની દયા પાળી શકે? એ તો એનું આયુષ્ય હોય ત્યાં સુધી રહે અને આયુષ્ય ન હોય ત્યાં છૂટી જાય. તારાથી દયા એની પળે? તેમ તું બીજાને મારી શકે? પરને જીવાડું, પરને સુખી કરું, દુઃખી કરું. બંધ અધિકારમાં આવે છે, મિથ્યાદૃષ્ટિ બંધને પોતાનો ભાવ માને છે. આહા..હા..! પરને હું કરી શકું, જીવાડી શકું છું, પરને મદદ કરી શકું છું, સુખના સાધન આપી શકું છું, મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી એને જૈનની ખબર નથી. આકરું કામ.

**'કારણ કે બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ...'** ભાષા દેખો! બંધ તો અશુદ્ધ પરિણામથી થતો હતો. અશુદ્ધમાં શુભ અને અશુભભાવ બેય આવે. વ્રત, નિયમનો, જાત્રા, ભક્તિનો ભાવ એ શુભ, પણ એ અશુદ્ધ અને હિંસા, જૂઠું, ચોરીનો ભાવ અશુભ એ પણ અશુદ્ધ. એ અશુદ્ધના બે પ્રકાર. આહા..હા..! **'બંધ-મોક્ષ તો પોતાના અશુદ્ધ તથા શુદ્ધભાવોથી જ થતા હતા,... '** બહુ જ સરસ કર્યું છે. બંધ તો અશુદ્ધભાવ—વ્રત, અવ્રતનો ભાવ, પુણ્ય-પાપનો ભાવ એ બંધનું કારણ અને પુણ્ય-પાપરહિત આત્માનો શુદ્ધભાવ એ મોક્ષનું કારણ. **'પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું,...'** આહા..હા..! છે? એ **'શુભાશુભભાવો તો બંધના જ કારણ હતા... '** બેય બંધના કારણ. આહા..હા..! અને **'પરદ્રવ્ય તો નિમિત્તમાત્ર જ હતું, તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું.'** વિપરીત માન્યું. આહા..હા..! આવો ક્યાં વખત નવરાશ મળે. કલાક, બે કલાક મળે ત્યાં સાંભળવા જાય તો કુગુરુ લૂંટી લે. અરેરે..! વીતરાગના માર્ગનું સ્વરૂપ શું છે એ જાણવા પણ મળે નહિ, એને પરિણમવાનું રુચિનું ક્યારે થાય? આહા..હા..! સમજાણું કાંઈ? આમાં કહે, વ્યવહારનો લોપ કરે છે સોગનઢ. આ શું કહે છે? વ્યવહારક્રિયા જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ બધો રાગભાવ છે. આહા..હા..! એનાથી મોક્ષ માને તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આવો માર્ગ! ભાઈ આ તો પોકાર કરે છે. શાસ્ત્ર તો પોકારે છે. **'તેમાં તેણે વિપર્યયરૂપ માન્યું. આ રીતે જ્યાં સુધી જીવ પરદ્રવ્યથી ભલુબૂરું માની રાગદ્વેષ કરે છે...'** શું કીધું? ભલુબૂરું માની રાગદ્વેષ કરે છે. પરની દયા પાળવી એ ભલું છે, પરની હિંસા કરવી એ બૂરું. આહા..હા..! આ તો પહેલાંનું શાસ્ત્ર છે, આ કાંઈ સોનગઢનું શાસ્ત્ર નથી. આનું સ્પષ્ટીકરણ થાય ત્યારે કહે, એય..! ઘરનો અનુવાદ કર્યો.

**શ્રોતા :–** આ તો જયચંદ્ર પંડિતે લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–**જયચંદ્ર પંડિત લખે છે. આહા..હા..!

‘**પરદ્રવ્યથી ભલુંબૂરું માની રાગદ્વેષ કરે છે...**’ શરીરની ક્રિયાથી અને શુભભાવથી ધર્મ થાય એમ માને છે. આહા..હા..! અને શરીરની ક્રિયાથી અને અશુભભાવથી બંધ એટલો જ માને છે ‘**ત્યાં સુધી તે સમ્યગ્દૃષ્ટિ નથી.**’ આહા..હા..! ધર્મનું પહેલું પગથિયું પણ નથી એને તો. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સરસ લખ્યું છે જયચંદ્ર પંડિતે. ‘**સમ્યગ્દૃષ્ટિ જીવ તો જ્યાં સુધી પોતાને ચારિત્રમોહસંબંધી રાગાદિક રહે છે ત્યાં સુધી તે રાગદિક વિષે તથા રાગાદિકની પ્રેરણાથી જે પરદ્રવ્યસંબંધી શુભાશુભક્રિયામાં તે પ્રવર્તે છે, તે પ્રવૃત્તિઓ વિષે એમ માને છે કે—આ કર્મનું જોર છે;...**’ રાગનું જોર છે, મારું સ્વરૂપ નહિ. આહા..હા..! મારી પુરુષાર્થની નબળાઈ છે. આહા..હા..! ‘**તેનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે.**’ શુભાશુભ પરિણામ અને શુભાશુભ જડની ક્રિયા એનાથી નિવૃત્ત થયે જ મારું ભલું છે. આહા..હા..! કેટલું પાટીયું ભર્યું છે! ‘**તે તેમને રોગવત્ જાણે છે.**’ આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ જીવ પુણ્યથી ધર્મ માનતો નથી, પણ પુણ્ય આવે છે વ્રતાદિના તો એને રોગ સમાન જાણે છે. આહા..હા..! લ્યો આવું છે. હવે આમાં ઝઘડા ઉઠાવે, સત્ય વાતની ખબર ન મળે. એ લોકો તો સોનગઢવાળા તો વ્રતને તપને બંધનું કારણ માને, ધર્મ નથી માનતા. આ શું કહે છે આ?

**શ્રોતા :–** જયચંદ્ર પંડિતનો વિરોધ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એનો વિરોધ કરે છે.

ભાઈએ કહ્યું હતું તે દિ' ત્રીજી સાલમાં. વર્ણીજી હતાને. ઓલા કેવા? ઈંદોરવાળા બંસીધરજી. બંસીધરજી કહેતા કે આ સ્વામીજીનો વિરોધ એ કુંદકુંદાચાર્યનો વિરોધ છે. એમ કહ્યું હતું તે દિ'. શેઠ બેઠા હતાને આંખમાંથી ગળગળા થઈને. ભાઈ! આ તો વીતરાગનો માર્ગ કહે છે બાપા! કોઈના પક્ષનો માર્ગ નથી આ. આહા..હા..! આ શાસ્ત્રમાં આ લખેલું છે. જયચંદ્ર પંડિતે આ ૨૦૦ વર્ષ પહેલાં લખેલું છે અને પાઠ જ એમ કહે છેને અમૃતચંદ્રાચાર્ય. આહા..હા..! ‘रागिणोऽप्याचरन्तु।’ એ પાઠ જ છે. રાગનું આચરણ કરે છે અને સમ્યગ્દૃષ્ટિ છું એમ માને છે એ કેવો સમકિતી? આહા..હા..! સમ્યગ્દૃષ્ટિને શુભરાગ આવે ખરો, હોય છે, પણ એને એ બંધનું કારણ માને છે. જ્યાં સુધી વીતરાગતા ન હોય ત્યાં સુધી ધર્મી સમકિતદૃષ્ટિને પણ ભક્તિનો, પૂજાનો શુભભાવ આવે ખરો, હોય છે, પણ એ બંધનું કારણ જાણે. મને ધર્મનું કારણ છે એમ એ માનતો નથી. આહા..હા..!

ઓલો કંદોઈ આવ્યો હતોને, કંદોઈ. ભાઈ! નહિ કેવા? ગયાને? હવે એના મામાનો દીકરો ૩૩ વર્ષની ઉંમર. ભાવનગર. આ શું કહેવાય? ગેસ ગેસ. ગેસ હશે. કંદોઈ છે કંદોઈ લ્યો. ગેસ જરી ઓછું રહી ગયેલું ચાવી દેવાનું, ફેરવવા ગયા તો ઊંધું ફર્યું. ઊંધું ફર્યું તો અહીંથી આખો હાથ બળી ગયો. ૩૩ વર્ષની ઉંમર કંદોઈ ચીમનભાઈ છે. બહુ પ્રેમ છે. ચીમનભાઈ ગયા આજે. ઓલામાં આવે છે, ત્યાં જોરાવર રહે છે નહિ? જોરાવર. બહુ પ્રેમ. છોકરાને બેયને પ્રેમ. આને તો એવો પ્રેમ છે. વાંચન.. વાંચન કરે ઘરે કંદોઈ પણ. આહા..હા..! આ માર્ગ એમ કહે. ગયા, સવારે હતા. એના મામાનો દીકરો ૩૩ વર્ષનો જુવાન. ઘરે બૈરાને સુવાવડ. દાઝી ગયો હાથ, બે દિ'માં દેહ છૂટી ગયો. બે દિવસ રહ્યું. ગેસ.

ગેસ હશે એ? આ ધુમાડા વિનાનું કરે છેને ધુમાડા વિનાનું. ગેસ. આહા..હા..! ચાવી દેવા સવળા ગયો તો અવળી થઈ ગઈ તો એકદમ ગેસ છૂટ્યો. કો'ક તો એમ પણ કહેતું હતું કે આ ઓરડામાં જો ગેસ વધ્યો હોય ઓરડામાં અને દીવાસળી ત્યાં મૂકે વચમાં તો ભડકો થાય. ઓહો..હો..! કો'ક કહેતું હતું. આપણને તો કાંઈ ખબર પણ નથી. એ વખતે ક્યાં હતું આવું? એ ગેસ છૂટ્યો હોય અને આખા ઓરડામાં ભરાણો હોય, ત્યાં કોઈ દિવાસળી કરે વચમાં તો ભડકો થાય. આહા..હા..! આ દશા.

અહીં કહે છે કે **'તે તેમને રોગવત્ જાણે છે.'** ધર્મી તો શુભભાવને રોગવત્ જાણે છે. આહા..હા..! **'પીડા સહી શકાતી નથી તેથી તેમનો ઈલાજ કરવારૂપે પ્રવર્તે છે તોપણ તેને તેમના પ્રત્યે રાગ કહી શકાતો નથી;...'** રાગ પોતાપણે છે એમ એ માનતો નથી. સમજાણું કાંઈ? **'કારણ કે જેને રોગ માને...'** આહા..હા..! સમ્યગ્દષ્ટિને પણ વિષય-વાસના આવે, પણ રસ નથી, પ્રેમ નથી, પણ આવે, રોગ જાણે છે. આહા..હા..! કાળો નાગ જેમ સામે દેખીને ત્રાસ થાય એવો અશુભરાગથી એને ત્રાસ થાય. અરર..! સમજાણું કાંઈ? આવું છે. અજ્ઞાનીને તો પ્રેમ છે એમાં. વિષયમાં સ્ત્રીમાં રમવું એ મજા છે. મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! અહીં તો વ્રત ને નિયમના શુભભાવમાં પણ લાભ માને તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..!

**'રાગ કેવો? તે તેને મટાડવાનો જ ઉપાય કરે છે.'** સમ્યગ્દષ્ટિ તો રાગ શુભ થાય એને પણ મટાડવાનો ઉપાય કરે છે. આહા..હા..! અશુભરાગ થાય એને પણ મટાડવાનો ઉપાય કરે છે. આહા..હા..! બહુ સરસ લખ્યું છે પાટિયું. **'અને તે મટવું પણ પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમનથી માને છે.'** એ શુભપરિણામ અને અશુભને મટાડવાનું સાધન શુભપરિણામ નહિ. આહા..હા..! **'પોતાના જ જ્ઞાનપરિણામરૂપ પરિણમન...'** જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા એનું જ્ઞાનનું પરિણમન નિર્મળ વીતરાગી પર્યાય, એનાથી તે શુભ-અશુભ ટળવું, મટવું માને છે. આહા..હા..! **'આ રીતે સમ્યગ્દષ્ટિને રાગ નથી.'** સમજાણું કાંઈ? **'આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું.'** આ પ્રમાણે પરમાર્થ અધ્યાત્મદષ્ટિથી અહીં વ્યાખ્યાન જાણવું, લ્યો! હવે વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૫, શનિવાર, તા. ૨૫-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૧-૨૦૨, કળશ-૧૩૭, પ્રવચન નં. ૨૭૨

સમયસાર, ૨૦૦ ગાથાના કળશનો ભાવાર્થ. અહીંયાં આવ્યું છે પાછળ. **'અહીં મિથ્યાત્વસહિત રાગને જ રાગ કહ્યો છે,...'** ત્યાં આવ્યું છે પાછળ. એટલે શું? કે જ્યાં લગી રાગનો પણ રાગ છે, રુચિ છે. એને પરદ્રવ્ય પ્રત્યે રાગની રુચિ છે અને તે મિથ્યાદષ્ટિ છે. ચાહે તો એ વ્રત પાળતો હોય, ભક્તિ

કરતો હોય, પૂજા કરતો હોય. ચરણાનુયોગ પ્રમાણે આચરણ કરતો હોય વ્યવહારનું, પણ જ્યાં સુધી એ રાગભાગને પોતાનો માને છે અને એ રાગથી મારું કલ્યાણ થશે એમ માને છે, ત્યાં સુધી તેને પરદ્રવ્યની રુચિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ? કેમકે આત્મા સ્વભાવ તો વીતરાગસ્વરૂપ છે, એનું કાયમી અસલી સ્વરૂપ તો વીતરાગસ્વરૂપ છે, એની રુચિ છોડીને જેની રુચિમાં રાગ પોષાણ આવે, રાગ એ ઠીક છે એમ થાય છે, એને તો આત્માના સ્વભાવનો અનાદર છે. આહા..હા..!

**શ્રોતા :–** શુભભાવને અશુભની અપેક્ષાએ ઠીક કહેવાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો ક્યારે? સમ્યગ્દૃષ્ટિને. બંધની અપેક્ષાએ બેય બંધના કારણ નિશ્ચયથી, પણ એને વ્યવહારની અપેક્ષાએ તીવ્ર કષાયની અપેક્ષાએ મંદકષાયને વ્યવહારે ભલો કહેવાય નિશ્ચયથી ખોટું છે એમ નક્કી નિર્ણય થયા પછી. આહા..હા..!

આત્મા આનંદસ્વરૂપ જ્ઞાયકભાવ પરમાત્મસ્વરૂપ જ બિરાજમાન છે. આહા..હા..! એમાં જેને પ્રેમ નથી, એનો આશ્રય નથી, એનું અવલંબન નથી અને એ રાગનું જ અવલંબન લઈને બેઠા છે, કહે છે કે એ વ્રત પાળે, તપ પાળે, મુનિપણું પાળે અઠ્યાવીશ મૂળગુણ, તોપણ એ મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અહીં તો ભાઈ! ભવના અભાવની વાત છે. જેનાથી ભવ મળે એ ભાવ આત્માનો નહિ. કેમકે ભગવાન આત્મસ્વભાવ ભવ અને ભવના કારણના ભાવ વિનાનો એનો સ્વભાવ છે. આહા..હા..! ભવ અને ભવના કારણો એના ભાવના અભાવસ્વભાવસ્વરૂપ આત્માનું છે. આહા..હા..! એથી કહે છે કે જેને પરદ્રવ્ય પ્રત્યે રાગ છે, આ રાગ અસ્થિરતાનો રાગ છે એને ગણ્યો નથી અહીં, અહીં તો મિથ્યાત્વસંબંધી અનંતાનુબંધીનો રાગ, એને રાગ કહેવામાં આવ્યો છે. આહા..હા..! જેમાં એક ક્ષણિક રાગનો અંશ એનો જેને આદર ને પ્રેમ ને રુચિ છે એને ત્રિકાળી વીતરાગી સ્વરૂપની તેને અરુચિ છે. આહા..હા..! આવી વાત છે, ભાઈ! દુનિયાને આકરું લાગે બીજું શું થાય? વસ્તુની સ્થિતિ જ આવી છે ત્યાં.

ચરણાનુયોગની વાતું સાંભળી હોય ઘણી આમ છેને તેમ છે. આવે છેને. ક્યાંક આવેને કે નિશ્ચયસહિત વ્યવહારનો ઉપદેશ કરીએ અને એકલા નિશ્ચય ન સમજે એને વ્યવહારનો પણ ઉપદેશ કરીએ. એ તો એક ઉપદેશની શૈલીમાં રાગ ઘટાડવાની અપેક્ષાએ વાત છે. અહીં તો ભવના અભાવની વાત છે. ચરણાનુયોગમાં આવે છે. ત્યાં તો ત્યાં લગી કહે કે તીવ્રકષાય ઘટાડવા માટે મંદકષાય કરવો એમ પણ કહે. એ વ્યવહારનું વચન છે. પણ અહીં તો પરમાર્થ જેના સ્વભાવમાં રાગના વિકલ્પની ગંધ નથી. આહા..હા..! રાગ જે વિકલ્પ છે ચાહે તો પંચમહાવ્રતનો હો કે દયા, દાન, આદિનો વિકલ્પ છે એ ઉદયભાવ છે અને ભગવાન આત્માનો સ્વભાવ સહજાત્મ જ્ઞાયકસ્વભાવ છે. એટલે જેને જ્ઞાયકસ્વભાવની રુચિ નથી, તેને રાગની રુચિ છે. છે પરિણમન એનું રાગનું. એ પરિણમનને રાગ છે એમ કહીએ, ત્રિકાળી પારિણામિકભાવ સ્વભાવ પરમસ્વભાવની અપેક્ષાએ રાગને પરિણામિક પણ કહીએ. સમજાણું કાંઈ? અને એ રાગને કર્મનો વિપાક એમ પણ કહીએ. આહા..હા..! છતાં એ રાગનો

પ્રેમ જેને છે... આહા..હા..! ભારે આકરી વાત. અકષાયસ્વરૂપ વીતરાગ મૂર્તિ પરમાત્મા છે. વસ્તુએ તો પરમાત્મસ્વરૂપ જ છે. આહા..હા..! એને પડખે ચડીને એનો આશ્રય જેણે લીધો નથી અને રાગને પડખે ચડીને રાગનો આશ્રય જેણે લીધો એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આવી વાતમાં ઝઘડા ઉઠે ભાઈ! શું થાય? આહા..હા..!

માર્ગ તો આ છે. જેને જન્મ-મરણરહિત અથવા પૂર્ણાનંદની પ્રાપ્તિનો ઉપાય કરવો હોય તો આ ઉપાય છે. આહા..હા..! જેમાં પૂર્ણ આનંદ પડ્યો છે, મોક્ષ એટલે પરમાનંદની પ્રાપ્તિ, પરમસુખની પરાકાષ્ઠાની પ્રાપ્તિ. આહા..હા..! હવે એ પ્રાપ્તિ પરમસુખમય ભગવાન આત્મા છે. આહા..હા..! વાદવિવાદે આ પાર પડે એવું નથી. ચાર અનુયોગની વાતુંમાં ઘણા પ્રકાર આવે. ત્યાં ચારેય અનુયોગમાં નિશ્ચયથી તો વીતરાગતાનું જ પોષણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! અને ચારેય અનુયોગનું રહસ્ય પણ વીતરાગતા છે. હવે એ વીતરાગતા તો સ્વને આશ્રયે પ્રગટ થાય. એ ચારેય અનુયોગનું રહસ્ય આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એનો સ્વનો આશ્રય ન લેતાં, પરમાત્મા આનંદસ્વરૂપ ભગવાનનો આશ્રય ન લેતાં રાગનો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિનો ઉઠે એની પણ જેની રુચિ રહી જાય છે.. આહા..હા..! એ પરદ્રવ્યમાં રુચિવાળો મિથ્યાદૃષ્ટિ છે. સ્વદ્રવ્યમાં રુચિ નથી તો પરદ્રવ્યમાં રુચિ છે. આહા..હા..! આમ વાત છે.

એ કહે છે કે અહીંયાં '**મિથ્યાત્વસહિત રાગને જ રાગ કહ્યો છે,...**' પરદ્રવ્યનો રાગ હોય તો એ મિથ્યાદૃષ્ટિ કહ્યો છે એ કઈ અપેક્ષો? સમજાણું? જેને રાગનો રસ છે, પ્રેમ છે, રાગને જ્ઞેય બનાવી અને તેમાં જ જ્ઞાયકને રોક્યો છે. ડાહ્યાભાઈ! આહા..હા..! ભગવાન જ્ઞાયકમૂર્તિ ચિદ્‌ઘન એને રાગમાં રોક્યો છે ત્યાં. આહા..હા..! એવો જે મિથ્યાત્વભાવ એને અહીં રાગ ગણવામાં આવ્યો છે. આહા..હા..! આકરી વાત, બાપુ! આ મેળ દુનિયા સાથે અત્યારે મુશ્કેલી પડી ગઈ છેને જુઓને. આહા..હા..! અરે..! ભાઈ શું થાય? '**મિથ્યાત્વ વિના ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી;...** ' જોયું! એ જરી રાગ છે ચારિત્રમોહનો. જરી એટલે? છન્નું હજાર સ્ત્રીના વિષયની વાસનાવાળો રાગ એ ચારિત્રમોહનો રાગ છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગના ફળમાં અલ્પ અનુભાગની સ્થિતિ પડે તેથી તે રાગને ગણવામાં આવ્યો નથી. આહા..હા..! જેને ભગવાન આત્મા પરમપારિણામિક સહજાનંદ જ્ઞાયકભાવ તેને પડખે ચડ્યો નથી અને રાગને પડખે ચડીને પ્રેમમાં ફસાણો.. આહા..હા..! વ્યભિચાર થઈ ગયો છે એને. આહા..હા..! એને અહીંયાં રાગ ગણવામાં આવ્યો છે. પણ જે આત્માને પડખે ચડીને વીતરાગતા પ્રગટ કરી છે એને હજી રાગ છે, એ રાગને અહીં ગૌણપણે કરીને કાઢી નાખ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. અરેરે..! એણે ચોર્યાસીના અવતારમાં અશરણ નિઃશરણમાં પડ્યો અનાદિથી. શરણ ચીજ છે એને જોઈ નહિ. જેનું શરણું લેવાથી શરણ થાય, આનંદ થાય એનું શરણું લીધું નહિ. કહો, પોપટભાઈ! આહા..હા..!

ચાહે તો શુભરાગ વ્રતનો, તપનો, ભક્તિનો હોય એનું શરણ લેવા જાય ત્યાં તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વનો આશ્રય ન લેતા પરનો આશ્રય લે છે તો મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિ સ્વના આશ્રયમાં પડ્યો છે,

ભલે અસ્થિરતાનો રાગ હોય. આહા..હા..! જેને રાગ આવે છતાં એ ઝેર જેવો દેખાય છે. અજ્ઞાનીને રાગમાં મીઠાશ આવે છે. આહા..હા..! વીર્યનું ઉલ્લસિતપણું થાય છે એને. અજ્ઞાનીને શુભ-અશુભરાગમાં ઉલ્લસિત વીર્ય, વીર્ય પ્રફુલ્લિત થાય છે એમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા હવે. કહો, શાંતિભાઈ! ત્યાં ક્યાંય મળે એવું નથી ક્યાંય હોંગકોંગમાં ને ફલાણામાં. હોંગકોંગ શું કહેવાય તમારું? હોંગકોંગમાં છેને ભાઈ. આહા..હા..! ક્યાં હોંગકોંગ તો હોંગકોંગ તો આ છે. જેમાં એકલો આનંદકંદ પડ્યો છે એવો આત્મા. આહા..હા..! જેને પરમાત્મા જ કહેવામાં આવે છે. સવારે પરમાત્મપ્રકાશ ચાલે છેને. આહા..હા..! કેમકે પરમાત્મ પર્યાય જે પ્રગટ થાય એ ક્યાંથી થશે? એ જેના સ્વભાવમાં પરમાત્મા એવી અનંતી પરમાત્મશક્તિ પડી છે. આહા..હા..! એક સમયમાં પરમાત્મપદશા થાય એવી તો અનંતી પરમાત્મશક્તિનો સમૂહ ભગવાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**મિથ્યાત્વ વિના...**' આહા..હા..! રાગનો પ્રેમ છૂટી ગયો છે જેને અને ભગવાન આનંદનો પ્રેમ જેને થયો છે... આહા..હા..! અનાકુળ આનંદના ભેટા જેને થયા છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**એને ચારિત્રમોહસંબંધી ઉદયના પરિણામને રાગ કહ્યો નથી;...**' આહા..હા..! '**માટે સમ્યગ્દષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.**' આહા..હા..! જેને ધર્મનું ભાન થયું છે, વસ્તુ સ્વભાવ તે ધર્મ અને એ વસ્તુ તે ધર્મી, એવી વસ્તુના સ્વભાવની દૃષ્ટિ જેને થઈ છે એને જ્ઞાન અને વૈરાગ્ય જરૂર હોય જ. સ્વ પૂર્ણતાનું પ્રતીતનું જ્ઞાન અને રાગથી ખસીને વૈરાગ્ય, એ બે શક્તિ એમાં હોય જ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો આવો માર્ગ છે, ભાઈ! હવે એ ખળભળાટ કરે છે સામે. ખળભળાટ અનાદિથી કર્યો છે, ભાઈ! આહા..હા..!

અહીંયાં તો પરમાત્મા સર્વજ્ઞદેવ જિનવરદેવ એમ ફરમાવે છે... સમજાય છે કાંઈ? કે સમ્યગ્દષ્ટિ જે છે ધર્મી એને કેમ જાણવો? કે જેને પૂર્ણાનંદ પ્રભુ આત્મા તેની પ્રતીતિનો જેને સ્વાદ આવ્યો છે. આહા..હા..! જેને રાગનો સ્વાદ કલુષિત છે તે છૂટી ગયો છે દૃષ્ટિમાંથી. આહા..હા..! અને ભગવાન આત્મા અનાકુળ આનંદ જે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરે જોયો આત્માને એ તો અનાકુળ આનંદનો કંદ પ્રભુ છે. એની જેને દૃષ્ટિ અને આશ્રય થયો એ સમ્યગ્દષ્ટિને... આહા..હા..! ધર્મની પહેલી સીઢીવાળાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એથી એને આત્માના સ્વાદની રુચિ ખસતી નથી અને રાગનો ભાવ આવે પણ એની રુચિ થતી નથી, ઝેર લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ બાપા! બહુ ઝીણો, ભાઈ! દુનિયા ક્યાંય રખડે, ક્યાંય રઝળે અને વસ્તુ રહી ગઈ ક્યાંક. આહા..હા..!

અનંત આનંદની ખાણ નિધાન ભગવાન આત્મા એની સન્મુખ થઈને, એનો આશ્રય લીધા વિના જે કાંઈ રાગાદિ વ્રત, નિયમ, ભક્તિ, પૂજા કરવામાં આવે એ બધા રાગનું ફળ સંસાર છે. સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! ધર્મીને, સમ્યગ્દષ્ટિને—સમ્યક્ નામ સત્ય દૃષ્ટિવંતને, સત્ય એટલે ત્રિકાળી પરમાનંદસ્વરૂપ આત્મા એ સત્ય છે, એ સત્ છે, એ સત્‌ની દૃષ્ટિવંતને. આહા..હા..! જેની નિમિત્ત ને રાગ ને પર્યાયની રુચિ છૂટી ગઈ છે આહા..હા..! સંયોગી ચીજ, રાગ અને એક સમયની રુચિ જેને ખસી ગઈ છે, આહા..હા..! અને પરમાનંદ ભગવાન આત્મા એનું જેને ભાન થઈને

સમ્યગ્દર્શન થયું છે, ધર્મની પહેલી સીઢી... આહા..હા..! એને જ્ઞાન અને વૈરાગ્ય જરૂર હોય છે. સમજાણું કાંઈ? આહા..હા..! સ્વરૂપની પૂર્ણતાનું જ્ઞાન અને રાગના અભાવની અશુદ્ધિનો અભાવ એ વૈરાગ્ય, એ જ્ઞાન અને વૈરાગ્ય બેય શક્તિ ધર્મીને સાથે હોય છે. આહા..હા..! હવે શું આમાં કરવું શું આમાં સૂઝ પડતી નથી. અરે..! અનાદિકાળથી કર્યું બધું. વ્રત પણ પાળ્યા, ભક્તિ કરી, પૂજાઓ કરી, દાન કર્યા, સેવાઓ કરી ભગવાનની. સમવસરણમાં જઈને ભગવાનની પૂજા અનંતવાર કરી. એથી શું થયું? એ તો રાગ છે. અને રાગથી લાભ માને છે એ તો મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! નિજઘરમાં આવ્યો નહિ એ.

એથી અહીં કહે છે, '**સમ્યગ્દષ્ટિને જ્ઞાનવૈરાગ્યશક્તિ અવશ્ય હોય જ છે.**' આહા..હા..! છ ખંડના રાજમાં ચક્રવર્તી પડ્યો હોય. ભરત ચક્રવર્તી સમ્યગ્દષ્ટિ હતા. ઋષભદેવ ભગવાનના પુત્ર. છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ, છન્નું હજાર સ્ત્રી, છતાં અંતરમાં 'હું આનંદ છું' એનું જ્ઞાન અને રાગના અભાવનો વૈરાગ્ય નિરંતર હતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ જ્ઞાન અને વૈરાગ્યશક્તિ જરૂર હોય છે. '**મિથ્યાત્વસહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી...**' આહા..હા..! જેને સમ્યગ્દર્શન થયું છે અને સમ્યગ્દર્શન જેણે પ્રગટ કર્યું છે આત્મામાંથી... આહા..હા..! સમ્યક્ નામ સત્ય પ્રશસ્તદષ્ટિ, ભલી દષ્ટિ, જે ભલો સ્વભાવ છે તેની દષ્ટિ થઈ તે સમ્યગ્દષ્ટિ છે.. આહા..હા..! એને '**મિથ્યાત્વસહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી...**' રાગની રુચિવાળો સમ્યગ્દષ્ટિને રાગ હોતો નથી. આહા..હા..! આરે..! આવી વ્યાખ્યા આ શું? આવો વીતરાગમાર્ગ હશે આ? ભાઈ! વીતરાગમાર્ગ અલૌકિક છે. એ અંતરથી પ્રાપ્ત થાય એવું છે, બહારથી મળે એવો નથી. આહા..હા..! અંતર નિધાન છે. ભગવાન અંદર આત્મા આનંદ અને જ્ઞાનનું નિધાન છે, પૂર્ણ પરમાત્મ શક્તિનું સામર્થ્ય છે એનામાં. આહા..હા..! એવા જીવના ભાનસહિતને રાગને ગણવામાં આવ્યો નથી.

અહીં તો '**મિથ્યાત્વસહિત રાગ સમ્યગ્દષ્ટિને હોતો નથી અને મિથ્યાત્વસહિત રાગ હોય તો તે સમ્યગ્દષ્ટિ નથી.**' આહા..હા..! રાગની રુચિ હોય અને સમ્યગ્દર્શન હોય (એમ હોય નહિ). આહા..હા..! જેને પોષાણમાં રાગ છે એને વીતરાગસ્વભાવ પોષાતો નથી અંદર. પોતે ભગવાન આત્મા વીતરાગ મૂર્તિ છે અંદર. આહા..હા..! જેને રાગ પોષાય છે તેને પ્રભુ પોષાતા નથી, પ્રભુ એટલે પોતે અને જેને પ્રભુ વીતરાગભાવ પોષાણો એને રાગ પોષાતો નથી. આહા..હા..! રાગ હો. સમજાય છે કાંઈ? એટલે મિથ્યાત્વસહિત રાગને રાગ ગણવામાં આવ્યો છે. આહા..હા..!

'**આવા (મિથ્યાદષ્ટિના અને સમ્યગ્દષ્ટિના ભાવોના) તફાવતને સમ્યગ્દષ્ટિ જ જાણે છે.**' અજ્ઞાનીને પત્તો નથી કાંઈ. આહા..હા..! આ વિષય, વાસના, ભોગ, ખાવા, રળવા, પૈસા ભેગા કરવા એમાં પડ્યો મિથ્યાત્વ એકલા પાપમાં અને કદાચિત નિવૃત્તિ લઈને જરી દયા, દાન અને વ્રતના પરિણામ કરે તો એ પણ રાગ છે. આહા..હા..! એ રાગ જ્ઞાનીને હોતો નથી. અજ્ઞાનીને એ રાગ હોય છે. આટલો તફાવત સમ્યગ્દષ્ટિ જાણે. અજ્ઞાની એના તફાવતને જાણી શકતો નથી. આહા..હા..! દિગંબર નગ્નમુનિ સાધુ થાય, હજારો રાણી છોડે. આહા..હા..! વ્રત પાળે, ચામડા ઉતરડીને ખાર છાંટે

તો ક્રોધ ન કરે, પણ તેની દૃષ્ટિ દ્રવ્યસ્વભાવનું ભાન નથી એને. એને રાગની ક્રિયા છે તે હું અને એ મારું સ્વરૂપ. આહા..હા..! એથી એ સમ્યગ્દૃષ્ટિના રાગને રાગ મિથ્યાત્વસહિત નથી. અજ્ઞાનીને રાગ મંદ હોય થોડો, તોપણ એને મિથ્યાત્વસહિત રાગ છે તો એ રાગ ગણવામાં આવ્યો છે. અરે..! આવી વ્યાખ્યા કેવી? આહા..હા..! ભાઈ! આ તો જિનવરમાર્ગ, વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની એનો વીતરાગી માર્ગ તો વીતરાગસ્વભાવથી પ્રગટ થાય, રાગથી પ્રગટ થાય નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**સમ્યગ્દૃષ્ટિ જ જાણે છે.**' શું કીધું એ? મિથ્યાદૃષ્ટિનો રાગ અને સમ્યગ્દૃષ્ટિના રાગનો તફાવત જ્ઞાની જાણે, અજ્ઞાનીને ફેર દેખાય નહિ. આહા..હા..! '**મિથ્યાદૃષ્ટિનો અધ્યાત્મશાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી...**' ભગવાને કહેલા આત્માના શાસ્ત્રો, અધ્યાત્મ શાસ્ત્રો જેને રાગની રુચિવાળો પ્રેમમાં ફસાઈ ગયો છે એવા જીવોનો અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણલોકના નાથ જિનવરદેવે એ અધ્યાત્મ શાસ્ત્ર કહ્યા, આત્માના પરમાનંદના વર્ણનવાળા એવા શાસ્ત્રમાં રાગના પ્રેમવાળો મિથ્યાદૃષ્ટિ અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ નહિ કરી શકે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને જો પ્રવેશ કરે તો વિપરીત સમજે છે—**' આહા..હા..! '**વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે...**' આહા..હા..! રાગને છોડીને અશુભરાગમાં જાય છે અજ્ઞાની. '**અથવા નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના...**' જ્ઞાયકસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ આત્મા એના આશ્રયને જાણ્યા વિના '**નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના...**' એમ શબ્દ છે. આહા..હા..! છે? '**વ્યવહારથી જ મોક્ષ માને છે,...**' અજ્ઞાની તો એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપ એનાથી મોક્ષ માને. એ તો રાગ છે. આહા..હા..! એવું તો અનંતવાર કર્યું છે. નવમી ગ્રૈવેયક અનંતવાર ગયો. સમજાય છે કાંઈ? 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આહા..હા..! અહીં એ કહે છે. નિશ્ચય નામ સત્ય પ્રભુ 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' એવી જે ચીજને એ બરાબર જાણતો નથી. આહા..હા..! રાગમાં રોકાઈને મને કાંઈક જ્ઞાન થયું, આત્માનું જ્ઞાન થયું એમ માની બેસે છે.

'**વ્યવહારથી જ મોક્ષ માને છે,...**' આહા..હા..! એ રાગની ક્રિયાઓ જે છે વ્રત ને તપ ને ભક્તિ ને પૂજા એનાથી ધર્મ માને છે, એનાથી મોક્ષ માને અજ્ઞાની. આહા..હા..! આકરી વાતું બહુ. એક તો હજી તો પુણ્ય કરવાના પણ ઠેકાણા ન મળે. સંસારમાં ૨૦ કલાક, ૨૨ કલાક હોળી પાપની. રળવું ને બાયડી ને છોકરા ને સૂવું વખત એમાં પાપમાં જાય. આહા..હા..! એમાં વળી એકાદ બે કલાક મળે શાસ્ત્રશ્રવણ, ભક્તિ, પૂજા તો શુભભાવ થાય. આહા..હા..! એ શુભભાવ થાય, ધર્મ નહિ. આહા..હા..! એ શુભભાવને '**વ્યવહારથી જ મોક્ષ માને છે,...**' એ શુભભાવથી જ મોક્ષ માને છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**પરમાર્થ તત્ત્વમાં મૂઢ રહે છે.**' આહા..હા..! પરમપદાર્થ ભગવાન આત્મા એ પરમાર્થ હોં! પરની કોઈ સેવા કરવી દયા એ પરમાર્થ છે નહિ, એ તો રાગ છે. આહા..હા..! પરમાર્થ પ્રભુ અંદર સચ્ચિદાનંદ પ્રભુ સર્વજ્ઞ જિનવરે જેણે જોયો આત્માને. આહા..હા..! સમજાય છે કાંઈ? કહ્યું હતુંને એ ભક્તિમાં આવે છેને. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ.' સર્વજ્ઞ પરમાત્માની સ્તુતિ કરે

છે. 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' પ્રભુ! અમારી સત્તાને શુદ્ધ આપ દેખો છો. આહા..હા..! આ ભગવાન આત્મા તમે આખા જગતને દેખો છો પરમેશ્વર. આહા..હા..! એમ આ આત્માને કઈ રીતે તમે દેખો છો? કે નિજ સત્તા પોતાના હોવાપણાનું નિજ હોવાપણું એ શુદ્ધ છે, પવિત્ર છે એમ આપ દેખો છો. આહા..હા..! દેવચંદજીનું એ સ્તવન છે. ખતરગચ્છમાં થઈ ગયાને. વીસ વિહરમાન ભગવાનની સ્તુતિમાં છે. સીમંધર ભગવાન તો બિરાજે છે અત્યારે. મહાવિદેહમાં સાક્ષાત્ ભગવાન ત્રણલોકના નાથ અરિહંતપદે બિરાજે છે. મહાવીર ભગવાન આદિ તો સિદ્ધપદમાં ગયા નમો સિદ્ધાણં. એને તો એકલું શરીરરહિત થઈ ગયું. ભગવાન બિરાજે છે, શરીર છે, વાણી છે, સમવસરણ છે, પાંચસો ધનુષનો દેહ છે, કરોડ પૂર્વનું આયુષ્ય છે, લાખો-કરોડો દેવો સભામાં ધર્મ સાંભળે છે મહાવિદેહમાં અત્યારે. આહા..હા..! એને કહે છે કે 'પ્રભુ તુમ જાણગ રીતિ.' નાથ! તારા જાણવાની રીત, સૌ જગ દેખો છો તમે. એમાં અમારો આત્મા તમે કેવો દેખો છો? કે નિજ સત્તા પોતાના હોવાપણે પવિત્ર આનંદ છે એમ આપ દેખો છો. આહા..હા..! એ ભગવાન આત્માને પવિત્ર અને આનંદસ્વરૂપ દેખે છે. કારણ કે રાગાદિ છે એ તો પુણ્ય અને પાપના પરિણામ વિકાર ભિન્ન છે, એ કાંઈ આત્મતત્ત્વ નથી. નવ તત્ત્વમાં દયા, દાન, વ્રતના પરિણામ એ પુણ્ય છે, હિંસા, જૂઠાના એ પાપતત્ત્વ છે. એ બેય તત્ત્વથી ભગવાન જ્ઞાયકતત્ત્વ તો ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ ભગવાન નિજ સત્તાએ શુદ્ધ જોવે છે દરેક આત્માને, એમ જેની દૃષ્ટિમાં શુદ્ધતા જણાય ત્યારે ભગવાને જોયું એવું પોતાને જોવામાં આવ્યું ત્યારે સમ્યગ્દૃષ્ટિ કહેવાય. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન વિના થોથા કરે. મુનિપણું લે ને મહાવ્રત પાળે એ બધા થોથા છે. સમજાણું કાંઈ?

'**તત્ત્વમાં મૂઢ રહે છે.**' છેને? '**જો કોઈ વિરલ જીવ...**' આહા..હા..! '**યથાર્થ સ્યાદ્વાદન્યાયથી સત્યાર્થ સમજી જાય...**' યથાર્થ સ્યાદ્વાદન્યાયથી. પર્યાય પણ છે, દ્રવ્ય પણ છે, પર્યાય દ્રવ્યમાં નથી, દ્રવ્યમાં રાગ નથી, રાગમાં ભગવાન આત્મા નથી. આહા..હા..! નવ તત્ત્વ છેને, તો નવ ક્યારે સિદ્ધ થાય? કે અજીવતત્ત્વમાં જીવ નથી. અજીવ ભિન્ન છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પુણ્ય છે એ પુણ્યતત્ત્વમાં જીવતત્ત્વ નથી, હિંસા, જૂઠું, ચોરી, વિષયના પરિણામ, ક્રોધ, માન, માયા, પાપના પરિણામમાં જીવ નથી. એ તત્ત્વ ભિન્ન છે. આહા..હા..! એ સર્વજ્ઞ સિવાય આ વાત ક્યાંય છે નહિ. જિનવરદેવ વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ એની મૂળ ધ્વનિમાં આ આવ્યું છે. આહા..હા..!

કહે છે, '**જે કોઈ વિરલ જીવ યથાર્થ સ્યાદ્વાદન્યાયથી...**' આહા..હા..! '**સત્યાર્થ સમજી જાય...**' એટલે? સ્યાદ્વાદ એટલે? કે રાગ છે પણ વસ્તુમાં નથી. પર્યાય છે પણ ત્રિકાળીમાં નથી. પર્યાય છે એમાં દ્રવ્ય આવતું નથી, રાગ છે એમાં આત્મા આવતો નથી. આહા..હા..! આ સ્યાદ્વાદ. આવી કેવી વ્યાખ્યા? ઓલું તો કહે કે દયા પાળો, વ્રત કરો, ભક્તિ કરો, છ કાયની દયા પાળો, છપરબી બ્રહ્મચર્ય પાળો, રાત્રે આહાર ન કરો. એ શું થયું? એ તો રાગની ક્રિયા છે બધી. સમજાણું કાંઈ? વીતરાગની ક્રિયા જે વીતરાગી એ તો સ્વને આશ્રયે થાય એ સત્યાર્થ જ્ઞાની જાણે, અજ્ઞાનીને ખબર પડે નહિ. આહા..હા..! '**સમજી જાય તો તેને અવશ્ય સમકિતની પ્રાપ્તિ થાય જ...**' છે? '**થાય**

જ છે...' આહા..હા..! એ રાગ હો પણ રાગમાં આત્મા નથી, આત્મા છે એમાં એ રાગ નથી. આ અનેકાંત છે. ભગવાન પૂર્ણાનંદના નાથમાં પર્યાય નથી, પર્યાયમાં દ્રવ્ય નથી, રાગમાં આત્મા નથી, આત્મામાં રાગ નથી એવી અંતરમાં સમ્યગ્દૃષ્ટિ યથાર્થ પરમાર્થ જાણી જાય... આહા..હા..! તો તે જરૂર સમકિતી થઈ જાય. આહા..હા..! '**તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ બની જાય છે.**' આહા..હા..! આ સમ્યક્. હજી ધર્મની પહેલી લાઈન. ચારિત્ર અને વ્રત તો ક્યાંય રહી ગયા હજી. આહા..હા..!

'**હવે પૂછે છે કે રાગી (જીવ) કેમ સમ્યગ્દૃષ્ટિ ન હોય?**' છે? આહા..હા..! '**તેનો ઉત્તર કહે છે :—**' ૨૦૧ અને ૨૦૨.

**परमाणुमित्तयं पि हु रागादीणं तु विज्जदे जस्स।**
**ण वि सो जाणदि अप्पाणयं तु सव्वागमधरो वि।।२०१।।**
**अप्पाणमयाणंतो अणप्पयं चावि सो अयाणंतो।**
**कह होदि सम्मदिट्ठी जीवाजीवे अयाणंतो।।२०२।।**

નીચે હરિગીત. એ કુંદકુંદાચાર્યના શ્લોક.

**અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને,**
**તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.**

આહા..હા..! આ અનંતાનુબંધીનો મિથ્યાત્વ સંબંધીના રાગની વાત છે. સમજાણું કાંઈ?

**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.**

રાગનો પ્રેમ અને રાગની રુચિ છે તો રાગ તે અણાત્મા છે અને રાગરહિત ભગવાન તે આત્મા છે. એટલે રાગના કણને પણ રુચિમાં લે છે એ અનાત્માને રુચિમાં લે છે, એ નથી આત્માને જાણતો, નથી અણાત્માને જાણતો. આહા..હા..! આવી વાતું હવે. આ તો નિશ્ચય... નિશ્ચય... નિશ્ચય. પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચાર ને ખોટું, સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! પ્રભુ તેં તારી ચીજને જાણી નથી, ભાઈ! તારું ભગવત્ સ્વરૂપ છે અંદર. આહા..હા..!

વીતરાગી પર્યાય સર્વજ્ઞ પરમાત્માને પ્રગટ છે. સર્વજ્ઞ, સર્વદર્શી, અનંત આનંદ પરમાત્મા અરિહંતને (પ્રગટ છે) એ બધી પર્યાયો ક્યાંથી આવી? રાગ કરતાં-કરતાં આવી? નિમિત્તમાંથી આવી? પર્યાયમાંથી પર્યાય આવી? એવો જે અનાકુળ આનંદનો કંદ પ્રભુ રાગ વિનાનો એ જે રાગને પોતાનો માને છે એ નથી રાગ વિનાના આત્માને જાણતો, રાગ છે અનાત્મા એને પણ નથી જાણતો. સમજાણું કાંઈ? બીજી વાતું છે બાપુ, આ. દુનિયાથી ફેર છે એ તો અમને ખબર છે. આહા..હા..! કહો, શેઠ! દુનિયાથી ફેર છે આ વીતરાગમાર્ગ. ચાલતા પ્રવાહથી આ બીજી જાત છે આ. છે એ બાપુ છે. આહા..હા..!

**નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,**
**તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ૨૦૨.**

આહા..હા..! 'ટીકા :- **જેને રાગાદિ અજ્ઞાનમય ભાવોના...**' ભાષા દેખો. એ વિકલ્પ જે રાગ છે દયા, દાન એ અજ્ઞાન છે. એટલે? મિથ્યાત્વ નહિ, પણ એમાં જ્ઞાન નથી. આત્મા ચૈતન્ય સૂર્ય છે. ચૈતન્યસૂર્ય ઝબકતો ઝળહળ જ્યોતિ ભગવાન આનંદનો નાથ, એવા ચૈતન્યનું કિરણ દયા, દાનના વિકલ્પમાં છે નહિ. આહા..હા..! સૂર્યના કિરણો ધોળા હોય, કોલસા જેવા ન હોય; એમ ભગવાન આત્માનું કિરણ નિર્મળ હોય, રાગ છે એ તો અંધકાર છે. ચાહે તો વ્રતનો, તપનો, ભક્તિનો, પૂજાનો રાગ એ અજ્ઞાન છે એમ કહે છે દેખો! આહા..હા..! અજ્ઞાન એટલે? એમાં જ્ઞાન નથી. ચૈતન્ય ભગવાન ઝળહળ જ્યોતિ ચૈતન્યસ્વરૂપ એને દયા, દાન અને વ્રતના વિકલ્પમાં એ અજ્ઞાન છે એમાં એ જ્ઞાનનો અભાવ છે. મિથ્યાત્વ છે એમ અહીં નથી કહેવું. આહા..હા..!

રાગ છે તે અંધકાર છે. જાણગજ્યોતિ પ્રભુ એવી ચૈતન્યજ્યોતિનું કોઈ કિરણ પણ રાગમાં નથી. આહા..હા..! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં એ ચૈતન્યજ્યોતિનું કિરણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું, ભાઈ! આહા..હા..! માર્ગ એવો પ્રભુ! લોકોને ફસાવ્યા છે બિચારાને. બહારમાં ફસાવીને જિંદગી નકામી ચાલી જાય છે. અરેરે..! અને આયુષ્ય ચાલ્યુ જાય છે ક્ષણે-ક્ષણે. એ દેહની સ્થિતિની મુદત પાકી છે. જે ક્ષણે છૂટવાનું એ નક્કી છે. કેવળજ્ઞાનીએ જોયું છે અને એના આયુષ્યની સ્થિતિ એ જે ક્ષણો જાય છે એ મૃત્યુની સમીપે જાય છે. આહા..હા..! પ્રભુ! દેહને છૂટવાનો કાળ નક્કી છે. જેટલો વખત જાય એ એમ જાણે હું મોટો થતો જાઉં છું, વધતો જાઉં છું. પણ અહીં તો કહે છે કે મૃત્યુની સમીપે જાય છે. આહા..હા..! પોપટભાઈ! આ પૈસા વધ્યા ને બધા વધી ગયા નહિ? આ છ છોકરાઓ, કરોડો રૂપિયા. ક્યાં વઢવાણમાં હતા? તો વધ્યા કે નહિ એ? નહિ. આહા..હા..! ધૂળમાં શું છે? અબજોપતિ હોય બિચારા ભિખારા છે. આહા..હા..! જેને આત્મલક્ષ્મી આનંદનો નાથ ભગવાન એની લક્ષ્મીની પ્રતીતિ ને અનુભવ નથી, એની ભાવના જેને નથી એને રાગની ભાવના (છે), એ તો ભિખારા છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાષા તો જુઓ ગાથા આવી છેને.

'**રાગાદિ અજ્ઞાનમય ભાવોના લેશમાત્રનો પણ સદ્‌ભાવ છે...**' આહા..હા..! જેને રાગનો વિકલ્પ છે તેની જેને રુચિ છે, મિથ્યાત્વસહિત અને અનંતાનુબંધીનો રાગ એને અહીં રાગ ગણવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે તો લોજિકથી સમજાય એવું, પણ હવે માણસને દરકાર ન મળે એટલે શું કરે? ભગવાનનો માર્ગ નયાવોયમ છે. ન્યાયથી પરમાત્મા કહે છે. ત્રણલોકના નાથની દિવ્યધ્વનિમાં નયાવોયમ—ન્યાયથી માર્ગને સિદ્ધ કર્યો છે. આહા..હા..! તો અહીં કહે છે કે જેને '**રાગાદિ અજ્ઞાનમય ભાવોના...**' રાગ હો, દ્વેષ હો, પુણ્ય હો, પાપ હો એ ભાવ એ અજ્ઞાનમય છે, એમાં ચૈતન્યસૂર્યનો અભાવ છે. આહા..હા..! ગજબ વાત! એ '**ભાવોનો લેશમાત્ર પણ સદ્‌ભાવ છે તે ભલે શ્રુતકેવળી જીવો હો...**' આહા..હા..! જે અગિયાર અંગ ભણ્યો હોય. ભગવાને કહેલું આચારંગ એમાં અઢાર હજાર પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. એવા એવા અગિયારઅંગને ભણ્યો હોય અને નવ પૂર્વને ભણ્યો હોય. આહા..હા..! સર્વ આગમધર કીધું છેને? ભલે બધા આગમ ભણ્યો હોય એ. આહા..હા..! '**ભલે શ્રુતકેવલી જીવો હો તોપણ જ્ઞાનમય ભાવના**

**અભાવને લીધે...'** આહા..હા..! જાણપણું એટલું થયું હોય કે લાખો માણસને રંજન કરી દે. તું હી તું હી કરી દે. પણ એ છે અજ્ઞાન, ભાઈ તને ખબર નથી, ભાઈ! આહા..હા..! કહો.

**શ્રોતા :-** આત્માના ભાન વગરનો શ્રુતકેવળી છે. આ શ્રુતકેવળીનો અર્થ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શ્રુતકેવળીનો અર્થ ભણેલો છે ઘણું એટલું. પણ રાગ જે ભાવ છે તે અજ્ઞાન છે તેને પોતાનો માને છે. પાઠ છેને? **'सव्वागमधरो वि'** છેને? **'सव्वागमधरो वि'** આહા..હા..! ભગવાનના કહેલા આગમો. અજ્ઞાનીના કહેલા એ તો ત્યાં વસ્તુ છે જ નહિ ક્યાંય વીતરાગ સિવાય. પણ પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથની દિવ્યધ્વનિમાં આવેલા એવા જે આગમોનું જ્ઞાન કર્યું હોય ક્ષયોપશમ, પણ જેને રાગની હયાતી છે એટલે રાગ તે હું છું, એ અજ્ઞાની છે. આહા..હા..! આવી વાતું ભારે. ભાઈ! માર્ગ બહુ ઝીણો, બાપુ! પરમાત્મા જિનવરનો માર્ગ ભગવાન (બહુ સૂક્ષ્મ છે). આહા..હા..!

અહીં તો કહે ભગવાનની ભક્તિથી મુક્તિ માને એ રાગની હયાતીને માને છે, આત્માને માનતો નથી એમ કહે છે. ભગવાન એમ ફરમાવે છે, ત્રણલોકના નાથ એમ કહે છે કે મને માનીને તને કલ્યાણ થાય એમ જે માને તે અજ્ઞાની છે. કારણ કે મને માનવું તો હું પરદ્રવ્ય છું, પરદ્રવ્યની માન્યતા તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? શેઠ! આત્મા છેને અંદર. નહિ? પરને માને તો એ શુભરાગ છે. પરદ્રવ્યમાં આશ્રય જાય છેને. સ્વદ્રવ્યનો આશ્રય લે ત્યારે રાગરહિત દશા થાય છે, ત્યારે સમકિત થાય છે. આહા..હા..! આકરુ બહુ, ભાઈ! કહો, ચીમનભાઈ! આવો માર્ગ છે. સર્વ આગમ જાણતો હોય છતાં રાગના અંશ જે છે, ભક્તિનો પ્રેમ રાગનો દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ છે એ મારો છે એમ માને છે તેને રાગની હયાતી છે, એને ચૈતન્યની હયાતીની ખબર નથી. આહા..હા..! આવી વાત!

**શ્રોતા :-** મારું નહિ માનીને કરે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ન માને અને કરે ક્યાંથી આવ્યું? એ તો જાણે. એ તો વાત ચાલે છે. જ્ઞાનીને રાગ આવે, પણ એ તો જાણે, મારું કર્તવ્ય છે નહિ એમ માને. આહા..હા..! રાગ હોય તો ખરો ને. જ્ઞાનીને ભક્તિ આદિ હોય, પણ એને જાણે કે છે આ. મારામાં નથી, તેમ એનાથી મને લાભ થાય છે એમ નથી. આહા..હા..! બહુ શરતું બહુ આકરી પણ. આહા..હા..! બહુ વાત ગજબ વાત છે. રાગ, દ્વેષ વિકારની લાગણી એ અજ્ઞાનમયભાવ. ભાષા તો દેખો. એ અજ્ઞાનમય છે. ચૈતન્યજ્યોતિ ભગવાન, શ્રીમદ્‌માં આવે છે નહિ? 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' શ્રીમદ્‌માં આવે છે આત્મસિદ્ધિમાં. શુદ્ધ-પવિત્ર, બુદ્ધ-જ્ઞાનનો પિંડ, ચૈતન્યઘન એ અસંખ્ય પ્રદેશી લીધો છે ત્યાં. સર્વજ્ઞ સિવાય ક્યાંય આ અસંખ્ય પ્રદેશી કોઈએ જોયો નથી. વીતરાગ સિવાય કોઈએ અસંખ્ય પ્રદેશી કહ્યો નથી. વસ્તુ છે એ અસંખ્ય પ્રદેશનો ક્ષેત્રનો પિંડ છે, અસંખ્ય પ્રદેશનો પિંડ છે અને એ અનંતગુણોનો પિંડ છે. ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશી છે, ભાવથી અનંતગુણનો પિંડ છે. આહા..હા..! ચૈતન્યઘનમાં આવે છે. 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ.' સ્વયં જ્યોતિ એનો કોઈ કર્તા નથી. કોઈ ઈશ્વર-બિશ્વર છે નહિ કર્તા. આહા..હા..! 'સ્વયં જ્યોતિ સુખધામ.' અતીન્દ્રિય આનંદનું

ઠેકાણું એ છે. એ અતીન્દ્રિય આનંદનું ક્ષેત્ર છે ભગવાન. આહા..હા..! 'બીજું કહીએ કેટલું, તું કર વિચાર તો પામ.' કોઈ ક્રિયા કર તો પામ એમ નથી કાંઈ.

**શ્રોતા :-** ભક્તિ કરે તો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભક્તિ એ ક્રિયા છે, એ જ્ઞાન ક્યાં થયું? એ તો રાગ છે. 'કર વિચાર...' જ્ઞાનાનંદનો એકાગ્રતાનો વિચાર કર તો પામ. આહા..હા..! આવો માર્ગ! આ તો વ્યવહારનો બધો લોપ થઈ જાય છે. બાપુ! વ્યવહાર હો, પણ તેનો પ્રેમ ને રુચિ કરતાં મિથ્યાત્વ થાય છે. સમજાણું કાંઈ? સાચા સંતને પ્રચુર અતીન્દ્રિય આનંદ હોવા છતાં પંચમહાવ્રતનો વિકલ્પ હોય છે, પણ છે એ દુઃખદાયક રાગ એમ એ જાણે છે. આહા..હા..! અજ્ઞાન છે એ. અજ્ઞાન એટલે? એમાં ચૈતન્ય નથી. પંચમહાવ્રતનો વિકલ્પ છે રાગ છે એમાં ચૈતન્યનો કણ નથી. આહા..હા..! ચૈતન્યની ગંધ નથી એમાં, એ તો જડની ગંધ છે એમાં. આહા..હા..! એવી વાતું છે આ. અહીં તો જંગલમાં છીએ. બાપુ! જેને માનવું હોય એ માને અને ન માનવું હોય ન માને. આહા..હા..! નહિતર તો સંપ્રદાયમાં તો દૂર કરી દો, આવી વાત કરે છે. અહીં તો જંગલ છે, બાપા! આવો માર્ગ છે.

આહા..હા..! પ્રભુ! એકવાર સાંભળને તારી મોટપ નાથ! એ રાગના કણમાં તું જા એ તારી નીચતા છે. આહા..હા..! એકાગ્રબુદ્ધિથી. એ રાગ પોતાનો માનીને એ રાગને કરે છે એવો જેને રાગનો કણ હોય અજ્ઞાન એને લેશમાત્ર પણ સદ્‌ભાવ હોય, એક રાગનો કણ નાનો પાતળો પણ હોય, જેને પોતાનો માન્યો છે એવો. છે? '**તે ભલે શ્રુતકેવળી જેવો હો તોપણ...**' આહા..હા..! શાસ્ત્રના પાનાના પાના ભણ્યો હોય. મોઢેથી આમ પાણીના પૂરની પેઠે શાસ્ત્ર બોલતો હોય. એથી શું થયું, ભાઈ! આહા..હા..! અહીં ભગવાન તો ત્રિલોકનાથ જિનવરદેવ એમ ફરમાવે છે એ સંતો આડતિયા થઈને જગતને કહે છે. માલ જિનવર દેવના ઘરનો છે, એ સંતો આડતિયા થઈ જગત પાસે જાહેર કરે છે. માલ આ છે, તને ગોઠે તો લે નહિતર ચાલ્યો જા. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, શેઠ!

**શ્રોતા :-** કાનુનની કિતાબ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાનુન કિતાબ છે આ. આહા..હા..! ભગવાનના કાનુન છે આ. ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર જેને એકાવતારી ઈન્દ્રો પણ સભામાં આમ ગલુડિયાની જેમ સાંભળે. શક્રેન્દ્ર છેને. બત્રીસ લાખ વિમાનનો સ્વામી. શક્રેન્દ્ર, પહેલા ઈન્દ્ર. એ એકાવતારી છે, ત્યાંથી નીકળીને મનુષ્ય થઈને મોક્ષ જવાના છે. એની રાણી પણ ત્યાંથી નીકળીને મોક્ષ જવાની છે. પતી-પત્નિ બેય એકભવતારી છે. બત્રીસ લાખ વિમાન છે સુધર્મ દેવલોક. મેરુ પર્વત ઉપર. એક એક વિમાનમાં અસંખ્ય દેવો છે. કોઈમાં થોડા છે. એનો એ સ્વામી છે. એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર છે. આહા..હા..! એ ભગવાનની સભામાં સાંભળે એ આ વાત છે. સમજાણું કાંઈ? મોટા વાઘ ને સિંહ ને મોટા સર્પો પચાસ-પચાસ હાથના લાંબા કાળા નાગ જંગલમાંથી ચાલ્યા આવે સમવસરણમાં બેસવા. આહા..હા..! જેની પાસે ઉંદર હોય તો ડર નહિ, સિંહ પાસે હરણિયા હોય તો ડર નહિ, એવી ભગવાનની સભા. આહા..હા..! એમાં ભગવાન આમ કહેતા એ આ કુંદકુંદાચાર્ય લાવ્યા. આહા..હા..! સમજાણું કાંઈ?

આ શું કહે છે? બહુ અજબ વાતું છે, બાપા! પ્રભુ! તું કોણ છો ભાઈ? તું ક્યાં છો? આહા..હા..! શ્રીમદ્‌માં નથી આવતું?

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરહરુ?
એના વિચાર વિવેકપૂર્વક... જોયું! રાગથી ભિન્ન પાડીને.
એનો વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

સર્વ આત્મિક જ્ઞાનના.. આહા..હા..! સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા. આહા..હા..! ૧૬ વર્ષની ઉંમરે. દેહની. દેહની ઉંમર છેને. આત્મા તો અનાદિ અનંત છે. એ જન્મે છે ક્યાં અને મરે છે ક્યાં? એ તો અનાદિ અનંત ભગવાન છે અંદર. દેહના સંયોગને જન્મ કહે અને દેહના વિયોગને મરણ કહે. એ તો દેહની સ્થિતિ છે આ તો માટી. ભગવાન ચૈતન્ય સત્તા અનાદિની છે આહા..હા..! એવા આત્માથી વિરુદ્ધ જે વિકલ્પ છે, ચાહે તો ભગવાનની ભક્તિનો, નામ સ્મરણનો ,પણ 'રાગ તે હું છું' એમ માનનારો લેશમાત્ર સદ્‌ભાવ છે તે ભલે શ્રુતકેવળી હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે. આહા..હા..!

જ્ઞાનમયભાવ તો આત્મા છે. રાગ જ્ઞાનમય નથી, એ તો અજ્ઞાન છે. સમજાણું કાંઈ? અજ્ઞાન એટલે? મિથ્યાત્વ નહિ, પણ એમાં ચૈતન્યજ્યોતની પર્યાયનો અભાવ છે. આહા..હા..! આવી વ્યાખ્યા હવે. કહો, કનુભાઈ! આ જુદી જાતની વાત છે આ. આહા..હા..! પ્રભુ! તું એકવાર સાંભળ તો ખરો ભાઈ! અરેરે..! મારી ચીજ કેટલી અને કેવડી છે, પ્રભુ તેં સાંભળી નથી હોં. આહા..હા..! કહે છે ચૈતન્યશક્તિનો સૂર્ય પ્રભુ, જ્ઞાનના નૂરના તેજના પ્રવાહનો પ્રવાહ પ્રભુ. આહા..હા..! એ ચૈતન્ય શક્તિના નૂરના તેજનો સૂર્ય પ્રભુ એમાં રાગના કણનો અભાવ છે, પણ જેણે રાગના અંશને પણ પોતાનો માન્યો એ અજ્ઞાનને પોતાનું માન્યું છે. સમજાણું કાંઈ?

એ '**જ્ઞાનમય ભાવના અભાવને લીધે...**' જોયું! આહા..હા..! ગજબ વાત છે, બાપા! પ્રભુ! તારી કઈ ચીજ છે? ક્યાં છો તું? ક્યાં છો? આહા..હા..! ખરું સ્વરૂપ શું છે તારું? એ જ્ઞાનમય, આનંદમય એનું સ્વરૂપ છે. એ રાગ છે એ તો પર છે, પણ એ રાગ પર છે એનો જેને નાનામાં નાના રાગનો પ્રેમ છે, રુચિ છે એને અજ્ઞાનની રુચિ છે. કહો, સમજાણું? પૈસા ને વસ્તુ તો ક્યાંય રહી ગઈ. આહા..હા..! ડાકલી હોય છેને ડાકલી નહિ? આમ વગાડે. એ દોરી આમ કરે તો આમ જાય ને આમ કરે તો આમ જાય, એમ કહે છે કે રાગના પ્રેમવાળો અજ્ઞાનમાં જાય છે અને સ્વભાવના પ્રેમવાળો જ્ઞાનમાં જાય છે, એ ડાકલી એમ વાગે છે. આહા..હા..! ડાકલી સમજો છો? એક દોરી હોય એ આમથી આમ થાય. આહા..હા..! એમ ભગવાન ચૈતન્યસ્વરૂપ ડમરૂ એ રાગની રુચિમાં જાય તો અજ્ઞાની થાય છે અને રાગની રુચિ છોડીને જ્ઞાનમાં જાય તો જ્ઞાનમય થાય છે. આહા..હા..! આવી વાત છે. અરે..! પ્રભુનો માર્ગ, બાપા! જિનવર સિવાય ક્યાંય આ વાત કોઈ માર્ગમાં છે જ નહિ. બધા જેટલા માર્ગ

વેદાંતના ને ફલાણાના, ઢીકણાના. આહા..હા..! ત્રિલોકનાથ જિનવરદેવ પરમેશ્વર સિવાય આવું ક્યાંય કથન છે નહિ. ડાહ્યાભાઈ! આહા..હા..! એવો વીતરાગ પરમાત્મા એમ ફરમાવે છે, જેને 'રાગ ને વિષયવાસનાનો અંશ છે તે હું છું એટલે કે તેનાથી મને લાભ થાય છે' એમ માનનારા 'રાગ છે તે હું છું' એમ માને છે.

**'શ્રુતકેવળી જેવો હો...'** આહા..હા..! અબજો શ્લોકો જેને કંઠસ્થ હો. અબજો શ્લોકો કંઠસ્થ હો અને દુનિયાને રાજી કરી દે સભાને આમ. એથી શું થયું? આહા..હા..! **'શ્રુતકેવળી જેવો હો તોપણ જ્ઞાનમય ભાવના અભાવને લીધે આત્માને નથી જાણતો;...'** આહા..હા..! રાગના અંધકારમાં વસ્તુ રહી ગઈ. આહા..હા..! આ લાપસી રાંધેને લાપસી-લાપસી જોઈ છે? આપણે આ લાપસી કરેને લાકડા હોય કાચા. માથે તપેલું હોય એમાં લાપસી હોય. એટલે ચૂલો હોય એટલે ધુમાડો દેખાય એકલો કાચા લાકડાનો. ઓલું તપેલું અને એમાં લાપસી તો દેખાય જ નહિ. કાચા લાકડા હોય ને. હવે તો કેટલાક કોલસા કરી નાખે છે. કોલસા પહેલા કરી રાખે છે. એવું કરે છે જોયું છે. પહેલાં તો ક્યાં એ હતું. ૬૪ વર્ષ પહેલાં તો કાંઈ એવું હતું નહિ. આહા..હા..! અહીં શું કહેવું છે? કે ધુમાડાના આડમાં અંદર એક તપેલું છે અને અંદર લાપસી છે એ તો દેખતો નથી; એમ અજ્ઞાની પુણ્ય અને પાપના રાગના અંધારાને દેખે છે, ધુમાડાને, પણ અંદર ભગવાન ચિદાનંદની લાપસી આનંદકંદ છે એને દેખતો નથી. પોપટભાઈ! આ તો સાદી વાત છે. આમાં કોઈ ઝીણી, વ્યાકરણ ને સંસ્કૃત ને એવું કાંઈ નથી અહીં. આ તો સત્ય આવું છે. પરમેશ્વરનો પોકાર છે. તું ચૈતન્યસૂર્ય પરમેશ્વર છો, પ્રભુ! એવા ચૈતન્યસૂર્યના પરમેશ્વરને મૂકી દઈને રાગના કણમાં જેને પ્રેમ છે એ અજ્ઞાનમાં પ્રેમ છે એને. આહા..હા..! સમજાણું કાંઈ? એ આત્માને નથી જાણતો.

**'અને જે આત્માને નથી જાણતો તે અનાત્માને પણ નથી જાણતો...'** આ રાગ અનાત્મા છે એનું પણ જ્ઞાન એને હોઈ શકે નહિ. આહા..હા..! એની વિશેષ વાત લેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૬, રવિવાર, તા. ૨૬-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૧-૨૦૨, પ્રવચન નં. ૨૭૩

આ સમયસાર, ૨૦૧ અને ૨૦૨. એનો ભાવાર્થ છેને? ફરીને લઈએ ભાવાર્થ. **'અહીં 'રાગ' શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે.'** ઝીણી વાત છે, ભગવાન! અહીંયાં કહે છે કે આ આત્મા છે એ તો જ્ઞાનાનંદ, સહજાનંદની મૂર્તિ છે. જે સર્વજ્ઞ પરમેશ્વરે સર્વજ્ઞ અને અનંત આનંદની દશા પ્રગટ કરી એ ક્યાંથી કરી? એ સહજ જ્ઞાન અને આનંદનો કંદ આત્મા છે. આહા..હા..!

એની જેને દૃષ્ટિ નથી અને જેને રાગ થાય છે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, તપનો વિકલ્પ ઊઠે છે એ મારો છે અને મને લાભદાયક છે એમ માનનારને અહીંયાં મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે? એ રાગ વિકલ્પ ઊઠે છે. સ્વરૂપ છે એ તો વીતરાગ મૂર્તિ પ્રભુ છે. આત્મા હોં! 'જિન સોહી હૈ આત્મા અન્ય સોહી હૈ કર્મ, યહી વચન સે સમજ લે જિનપ્રવચન કા મર્મ.' આહા..હા..! ઝીણી વાત બહુ, ભાઈ! એ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપ આનંદકંદ જ્ઞાનનો કંદ છે એ. આહા..હા..! એને આત્મા કહીએ. એવી જેને આત્માની દૃષ્ટિ થઈ નથી અને એને 'જે કાંઈ પુણ્ય ને પાપના ભાવના વિકલ્પો ઊઠે છે એ મને લાભદાયક થશે, એ મારી ચીજ છે અને મારા સ્વભાવના સાધનમાં એ મદદ કરનાર છે,' એમ માનનાર તે અજ્ઞાનમય રાગદ્વેષ છે. સમજાણું કાંઈ? છે?

'**રાગ શબ્દથી અજ્ઞાનમય રાગદ્વેષમોહ કહેવામાં આવ્યા છે. ત્યાં અજ્ઞાનમય કહેવાથી મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા,...** ' આહા..હા..! ભગવાન જ્ઞાતા-દૃષ્ટા સ્વરૂપ પ્રભુ, એમાં જે વિકલ્પ ઊઠે ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, તપનો એ બધો વિકલ્પ છે એ રાગ છે, વિકાર છે, વિભાવ છે. આહા..હા..! એને જે પોતાના માને અને એનાથી લાભ એમ માને એવા અજ્ઞાનીના મિથ્યાત્વના રાગદ્વેષ ગણવામાં આવ્યા છે. આહા..હા..! અરે..! ક્યાં પડી (છે) એને. ક્યાં જવું છે અને શું થાય છે? આહા..હા..! અનંતકાળ રખડ્યો ચોર્યાસીના અવતારમાં. 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો.' નવમી ગ્રૈવેયકના ભવ ભગવાન શાસ્ત્રમાં કહે છે કે તેં અનંતા કર્યા. આહા..હા..! એ નવમી ગ્રૈવેયકે કોણ જાય? એક તો આત્મજ્ઞાની જાય અને બીજા મિથ્યાદૃષ્ટિ પણ જાય. આહા..હા..! જેને પંચમહાવ્રતના પરિણામ ચોખ્ખા રાગ મંદના અને પાંચ સમિતિ, ગુપ્તિનું વલણ વ્યવહારનું પણ ચોખ્ખું રાગનું, એવા 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમ જ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' પણ એ રાગની ક્રિયાથી ભિન્ન મારી ચીજ છે (એનું ભાન કર્યું નહિ). આહા..હા..! એ રાગ કોને કહેવો એની ખબર ન મળે. સમજાણું કાંઈ? ઝીણી વાત, પ્રભુ!

પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ એમ કહે છે, પ્રભુ! તારો સ્વભાવ તો સર્વજ્ઞ છેને. સર્વજ્ઞ સ્વભાવ છેને. એમાં રાગ ક્યાંથી આવ્યો અંદર? અલ્પજ્ઞપણું જેમાં નથી ત્યાં રાગ ક્યાંથી આવ્યો? આહા..હા..! એ રાગની વૃત્તિ ઊઠે છે પંચમહાવ્રત આદિ, હિંસા, જૂઠું, ચોરી આદિનો રાગ એ અશુભ છે, ઓલો શુભ છે—બેય વિકાર છે, વિભાવ છે. આહા..હા..! એ વિભાવને પોતાના માને છે એ અપદને પદ માને છે. એ પુણ્યના પરિણામ પણ અપદ, જીવનું પદ નથી. પદ એટલે? આહા..હા..! એ રક્ષણકર્તા નથી. રક્ષણ તો ચિદાનંદ ભગવાન એ રક્ષણ છે. રક્ષણ એ છે, લક્ષણ એ છે, સ્થાન એ છે. ભગવાન આત્માનું સ્થાન આનંદકંદ અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ. આહા..હા..!

સવારે કહ્યું હતુંને શક્કરકંદનું. શક્કરકંદમાં જે લાલ છાલ છે ઉપરની એ કાંઈ ખરો શક્કરકંદ નથી. શક્કરકંદ તો સાકરનો કંદ નામ મીઠાશનો પિંડ જે, એ લાલ છાલ વિનાનો પિંડ જે છે એ સાકરનો શક્કરકંદ છે. આહા..હા..! એમ આ ભગવાન આત્મા પુણ્ય ને શુભ-અશુભ રાગની વૃત્તિઓ છે એ લાલ છાલ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એની પાછળ એ અતીન્દ્રિય આનંદકંદ છે. જેમ એ શક્કરકંદ

છે, એમ આ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો કંદ છે. આહા..હા..! એવા ભગવાન આત્માને રાગ થાય વિકલ્પ એ મને લાભ કરે છે, એને મિથ્યાત્વસહિતના રાગને ગણવામાં આવ્યો છે. શેઠ! કોને પડી છે આ કામની? ક્યાં જશું અને શું થશે? એમ ને એમ હાંકે રાખો ગાડા. મરીને જાશું. જાવાનું હોય એ જાશે. આહા..હા..! અરે..! ભાઈ! બાપુ! તું કોણ છો, ભાઈ? તારામાં તો અનંતજ્ઞાન ને અનંત આનંદ અને અનંત શાંતિ, અનંત વીતરાગતા પડી છે. એની દૃષ્ટિ છોડીને જેટલા એ દયા, દાન, વ્રત, કામ આદિ ક્રિયાકાંડના રાગ, એ રાગ મારી ચીજ છે અને મને લાભદાયક છે, એ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની મિથ્યાત્વના ફળમાં તેને નરક ને નિગોદ છે. ઝીણું છે, ભાઈ! આહા..હા..!

અરે..! એણે પોતાની દયા પાળી નથી. પોતાની દયા એટલે? પોતે અનંત જ્ઞાન, અનંત દર્શનનો કંદ પ્રભુ એવું એનું જીવનનું જીવતરની હયાતી છે, એને એ રીતે માની ને જાણી નથી અને એ રાગની ક્રિયાવાળો હું માન્યો એણે દયા જીવની પાળી નથી, પોતાની દયા પાળી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? દેવીલાલજી! આવી વાત છે, ભાઈ! પરની દયા પાળવાનો ભાવ, દયા પાળી શકતો નથી. પરને શું કરી શકે? સ્વદ્રવ્ય પરદ્રવ્યને શું કરે? પણ પરની દયા પાળવાનો ભાવ એ રાગ છે. આહા..હા..! એ સ્વરૂપની ત્યાં હિંસા થાય છે એને ખબર નથી, પ્રભુ! આહા..હા..!

અહીંયાં તો કહે છે કે રાગનો વિકલ્પ જે છે નાનામાં નાનો કણ. છેને? એ '**મિથ્યાત્વ-અનંતાનુબંધીથી થયેલા રાગાદિક સમજવા, મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો;...** ' શું કહે છે? આ તો તત્ત્વની વાત છે, પ્રભુ! જેને અંતર સમ્યગ્દર્શન થયું (કે) હું તો આનંદનો કંદ સહજાનંદનો સ્વાદિયો છું. આહા..હા..! સમજાય છે કાંઈ? 'અતીન્દ્રિય આનંદનો સ્વાદિયો, અતીન્દ્રિય આનંદનો રસકંદ હું છું' એવો જેને અંતર સમ્યગ્દર્શનમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો હોય... આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ કહીએ. હજી એને ચોથું ગુણસ્થાન કહીએ. આહા..હા..! સમજાણું કાંઈ?

સવારમાં આવ્યું નહોતું? આહા..હા..! ભગવાન તો અતીન્દ્રિય આનંદનો પિંડ પ્રભુ, એના સ્વાદથી વિપરીત રાગના સ્વાદમાં જે નવા કર્મ બંધાય... આહા..હા..! ભાઈ! સવારમાં સ્વાદનું આવ્યું હતું. આહા..હા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ જિનવરદેવ જગતને દિવ્યધ્વનિ દ્વારા (આમ ફરમાવે છે). વીતરાગ છે એ તો. એને ઈચ્છા નથી કાંઈ બોલવાની, એ તો વીતરાગ છે. આહા..હા..! પણ વાણીનો ધ્વનિ ઊઠે છે. આહા..હા..! એમાં ત્રણના લોકના નાથ તીર્થંકરદેવ એમ ફરમાવે છે, પ્રભુ! ભગવાન તરીકે જ બોલાવે છે. ૭૨ ગાથામાં આવી ગયું છે. આહા..હા..! એ શુભ અને અશુભભાવ ભગવાન દયા, દાન, વ્રત, તપ, અપવાસ આદિના ભાવ એ બધો વિકલ્પ ને રાગ છે. આહા..હા..! એ રાગ તે અશુચિ છે અને એ રાગ તે જડ છે, ચૈતન્યની જાત નહિ એ. આહા..હા..! અને એ રાગ તે દુઃખરૂપ છે. ત્રણ બોલ લીધા છે. ભગવાન આત્મા એ પુણ્ય ને પાપના લાગણીના વિકલ્પથી પાર, તે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ વિજ્ઞાનઘન છે. આહા..હા..! અને જ્યારે દયા, દાન ને વ્રતનો પંચમહાવ્રતનો વિકલ્પ પણ જડ છે. કેમ? એ રાગમાં જ્ઞાનના ચૈતન્યનો અંકુર નથી. એ રાગ અંધ છે. રાગ નથી જાણતો પોતાને, રાગ નથી જાણતો જોડે ચીજને. રાગ બીજા દ્વારા જણાય છે, માટે તે રાગ, અચેતન જડ છે.

આહા..હા..! પોપટભાઈ! આવી વાતું બાપુ છે. આહા..હા..! જિનવરનો માર્ગ અલૌકિક છે, પણ લોકોને સાંભળવા મળતો નથી બિચારાને. આહા..હા..! અરેરે..! ક્યાં જવું? શું થશે?

અહીં કહે છે કે ભગવાન આત્મા એ પુણ્ય અને પાપના ભાવ છે તે મેલ છે, અશુચિ છે. ત્યારે ભગવાન શુચિ છે એમ કહ્યું છેને? આ ભગવાન આ હોં! ભગવાન થઈ ગયા એ તો એને ઘરે રહ્યા. ભગવાન આત્મા ૭૨માં છે. આહા..હા..! ભગ નામ અનંત જ્ઞાન ને આનંદની લક્ષ્મીવાન એનું નામ ભગવાન. ભગ નામ લક્ષ્મી. અનંત બેહદ જ્ઞાન અને બેહદ આનંદ એવું જે ભગ નામ લક્ષ્મીવાન એ લક્ષ્મીવાન પ્રભુ છે. આહા..હા..! એને પામર તરીકે માન્યો એ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એને વિજ્ઞાનઘનને ભગવાન કહ્યો અને પુણ્ય-પાપના ભાવ વ્રતના હોં, વ્રતના, પાંચ મહાવ્રતના ભાવ એ વિકલ્પ છે, રાગ છે, અચેતન જડ છે. કેમકે રાગ પોતાને જાણતો નથી. ભગવાન વિજ્ઞાનઘન ચૈતન્ય છે. આહા..હા..! એ વિકલ્પ જે પંચમહાવ્રતનો, પાંચ સમિતિ, ગુપ્તિનો, વ્યવહારનો વિકલ્પ તે દુઃખરૂપ રાગ છે. ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે પ્રભુ! આહા..હા..!

આવું જેને ભેદજ્ઞાન અંતરમાં નથી, સમજાણું કાંઈ? એને રાગના ભાવને પોતાનો માની, પોતે અસ્તિત્વ આવું છે મોટું, એવા અસ્તિત્વની હયાતીનો તો જ્યાં સ્વીકાર નથી અને જેનામાં નથી એ વિકલ્પ ઊઠે એ આનામાં નથી એવા અસ્તિત્વનો જેને સ્વીકાર છે. આહા..હા..! આવી દરકાર કે દિ' કરી છે? આ બધા રૂપિયા રળવામાં-રળવામાં સેંકડો ગાળ્યા. આહા..હા..! આ બધા કરોડોપતિઓ છે બધા ધૂળના ધણી. ધૂળના ધણી એય..! આ પણ કરોડપતિ છે. બે કરોડ છે, આ કરોડ છે. બધા કરોડવાળા ઘણા છે. ધૂળ છે માટી. એ લક્ષ્મી મારી એમ માનનારા મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. અજીવને પોતાનું માને છે, લખુભાઈ! આહા..હા..! હિંમતભાઈ દાંત કાઢે છે તમને દેખીને. તમારા છેને એ જોબાળિયા. આહા..હા..! અરે..! પ્રભુ!

**શ્રોતા :-** એ તો હા જ પાડેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો પ્રભુ આ માર્ગ છે. અહીં હા પાડ કે ના પાડ. આ તો વસ્તુની સ્થિતિ આવી, પ્રભુ! ત્રણલોકનો નાથ જિનવરદેવ ભગવાન બિરાજે છે. સાક્ષાત્ પ્રભુ સીમંધર ભગવાન તો બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે, પાંચસો ધનુષનો દેહ છે. અબજો વર્ષથી ભગવાન બિરાજે છે કેવળી તરીકે નમો અરિહંતાણંના પદમાં. મહાવીર ભગવાન આદિ થયા એ તો નમો સિદ્ધાણંમાં ગયા, એને કાંઈ શરીર નથી ને વાણી નથી. આ ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, સમવસરણમાં ઈન્દ્રો હાજર થાય છે જ્યાં. સમજાણું કાંઈ? એની વાણીમાં આ આવ્યું છે. આ સમયસાર(ના રચયિતા) કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, પ્રભુ! સંવત્ ૪૯ની સાલમાં ભગવાન પાસે ત્યાં ગયા હતા. સમજાણું કાંઈ? આઠ દિવસ ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ લખ્યું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ એમ કહે છે કે રાગના વિકલ્પ ને જે પુણ્યની દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો વિકલ્પ ઉઠે છે એ તો વૃત્તિ છે, રાગ છે એને જે પોતાનો માને છે એ અજ્ઞાનમય રાગી મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! એના રાગને રાગ ગણવામાં આવ્યો છે. પણ '**મિથ્યાત્વ વિના...**' આહા..હા..! ચૈતન્ય ભગવાન

આનંદનો જેને સ્વાદ આવ્યો છે. આહા..હા..! સમ્યગ્દર્શન વિના રાગનો સ્વાદ છે એને. એ રાગના સ્વાદને લઈને વિષયના સ્વાદથી નવા કર્મ બાંધે છે આઠ. અને જેણે રાગના સ્વાદની દૃષ્ટિ છોડીને આહા..હા..! પ્રભુ! પરમાત્મા આનંદનો નાથ હું શુદ્ધ ચૈતન્યઘન છું, આનંદકંદ છું—એવી અંતર દૃષ્ટિ થઈ એને આત્માના આનંદનો સ્વાદ આવે, એને રાગ જરી થાય તેને રાગની ગણતરી ગણવામાં આવી નથી કહે છે. અનંતાનુબંધી સિવાયનો એને રાગ હોય, પણ એને અહીં મુખ્ય વસ્તુ પાપ મિથ્યાત્વ (ગણ્યો નથી) અને અનંતાનુબંધી એ જ પાપ મોટું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે '**મિથ્યાત્વ વિના ચારિત્રમોહના ઉદયનો રાગ ન લેવો;...**' આહા..હા..! '**કારણ કે અવિરતસમ્યગ્દૃષ્ટિ વગેરેને...**' ચોથે ગુણસ્થાને સમકિતી જે છે, તીર્થંકર ભગવાન પણ ગૃહસ્થાશ્રમમાં ચોથે ગુણસ્થાને હતા... આહા..હા..! એવા અવિરતિસમ્યગ્દૃષ્ટિ પાંચમે આદિ ગુણસ્થાને છે? '**ઉદય સંબંધી રાગ છે તે જ્ઞાનસહિત છે;...**' આહા..હા..! એ મેલ દેખાય છે જ્ઞાનમાં એને. સમ્યગ્દૃષ્ટિ જીવને, આહા..હા..! 'મારો ભગવાન પૂર્ણાનંદનો નાથ છે અને આ રાગ એ મેલ છે' એમ ભિન્ન ભાસે છે. આહા..હા..! છે? એને રાગ જ્ઞાનસહિત છે. એટલે? એનું એને જ્ઞાન છે કે હું આત્મા છું આનંદ અને આ રાગ પર છે. કહો, લખુભાઈ! આ નવરાશ પણ ક્યાં છે? મેં એક ફેરી પૂછ્યું હતું. આ ઓલા તમારે શું કહેવાય? ફિલ્મ-ફિલ્મનું. મેં કીધું, ફિલ્મ કોણ કરે છે? કે એની દીકરી કરે છે અને આ લખુભાઈ છે એ ચોવટ કરે છે ગામની. એમ કોક કહેતું હતું. સાંભળેલું છે. કહ્યું હતું કે નહિ કોકે? જુઓ, એણે કીધું હતું. એ ચંદુભાઈએ કીધું હતું. આ તો ગામમાં ચોવટ એ કરે છે. છોડ્યું કરે છે. આહા..હા..!

**શ્રોતા :-** ચોવટ એટલે સેવા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સેવા, ધૂળમાંય સેવા નથી. માનમાં મરી ગયા છે ત્યાં. સેવા કેવા? પરની સેવા કરું એમ માન્યતા જ મિથ્યાત્વ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની સેવા ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકતું નથી. કર્તા-ફર્તા છે નહિ, પરદ્રવ્ય સ્વતંત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો એમ કહે છે કે જેને સમ્યગ્દર્શન છે, આહા..હા..! ભલે તેને છન્નું હજાર સ્ત્રી હોય હજી, તીર્થંકર ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી, છન્નું કરોડ પાયદળ, છન્નું કરોડ ગામ (હોય છે), પણ એ સંબંધીનો જે રાગ છે એને જ્ઞાની જાણે છે કે આ રાગ છે, મારી ચીજ નહિ. આહા..હા..! બહુ ઝીણી વાત બાપુ! જન્મ-મરણરહિતની વાતું આકરી ઘણી, ભાઈ! બાકી તો બધું કર્યું ઘણું એણે અનંતવાર. પાપ પણ એવા કર્યા કે નરક ને નિગોદમાં અનંતવાર ગયો. પુણ્ય પણ એવા વ્રત ને નિયમના કર્યા કે અનંતવાર નરક કરતા સ્વર્ગમાં અસંખ્યગુણા અનંતા ભવ કર્યા. શું કહ્યું એ? જેટલી વાર નરકમાં ગયો છે એથી અસંખ્યગુણા અનંતા ભવ સ્વર્ગના કર્યા છે, એમ ભગવાનની જ્ઞાનની વાણીમાં આવ્યું છે. આહા..હા..! એક નરકનો ભવ અને અસંખ્ય સ્વર્ગના, એમ અનંતા નરકના અને અસંખ્યગુણા સ્વર્ગના એવી ક્રિયાકાંડ એણે ઘણીવાર કર્યા. એવા તો અત્યારે છે પણ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

શુક્લલેશ્યા એનાથી સ્વર્ગમાં ગયો. 'દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' આ વાત તો

અમારી દુકાન ઉપર હતી. ૬૮ પહેલાની દુકાન ઉપર (વાંચતા). આ ચાર શું કહેવાય? સજ્ઝાયમાળા છે, ચાર સજ્ઝાયમાળા. હું તો દુકાન ઉપર નાની ૧૭ વર્ષની ઉંમરથી આ બધું (વાંચતો). આ તો ૮૭ થયા અત્યારે. ત્યારથી ચાર સજ્ઝાયમાળા વાંચી હતી. એમાં ઘરની દુકાન પિતાજીની ત્યાં પાલેજમાં. એટલે ત્યાં આગળ આ વાંચતા એક બે કડી આવી એકવાર કે 'દ્રવ્ય સંયમ સે ગ્રૈવેયક પાયો ફિર પીછો પટક્યો.' શું કહે છે આ? એટલે કે આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન વિના એણે વ્રત ને નિયમ એવા કર્યા કે જેને લઈને સ્વર્ગમાં ગયો. આહા..હા..! 'પણ ફિર પીછો પટક્યો.' ત્યાંથી પટક્યો ને મરીને માણસ ને ઢોર થઈને નરકમાં ગયો ત્યાંથી. આહા..હા..! સમજાણું કાંઈ? બે પદ યાદ રહી ગયા છે. એક આ. ચાર સજ્ઝાયમાળા છે. ૨૦૦-૨૦૦ પદની ચાર છે. ચારેય દુકાન ઉપર (વાંચેલી). ઘરની પિતાજીની દુકાન હતી. નાની ઉંમરમાંથી રસ હતો. ૧૭ વર્ષની ઉંમરથી, ૬૩ની સાલથી. શાસ્ત્રો બધા વાંચેલા ત્યાં આપણા શ્વેતાંબરના, સ્થાનકવાસીના દશવૈકાલિક, આચારાંગ, સૂયગડાંગ બધું દુકાન ઉપર રાખેલું. આહા..હા..! એમાં એક આ બોલ આવ્યો.

બીજો બોલ આવ્યો 'કેવળી આગળ રહી ગયો કોરો.' ઓય મારે આ શું કહે છે? ભગવાનના સમવસરણમાં અનંતવાર ગયો, મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. ભગવાનની હયાતી મહાવિદેહમાં અનંતકાળ સદાય હોય છે. વીસ વિહરમાન પરમાત્મા અરિહંતદેવ ત્રિલોકનાથ પરમાત્માની હાજરી મહાવિદેહમાં સદાય હોય છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે, ત્યાં સમવસરણમાં ગયેલો, પણ ત્યાં 'કેવળી આગળ રહી ગયો કોરો.' અડવા દીધું નહિ એ શું કહે છે ઈ. આહા..હા..! એ રાગની ક્રિયાથી પાર તારી ચીજ છે એવું ભગવાને કહ્યું, એણે સાંભળ્યું પણ અંદર રુચ્યું નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. માસ્તર! ઝીણી વાત ભગવાન, બહુ તારી બાપા!

તું પ્રભુ છો હોં! એ તો સવારે નહોતું આવ્યું, બધા ભગવાન છે. પર્યાયદૃષ્ટિ છોડી દે તો વસ્તુ તરીકે ભગવાન ચિદ્‌ઘન આનંદકંદ તત્ત્વનું મહાપ્રભુ છે, એ બધા ભગવાનસ્વરૂપે છે. બધા ભગવાનસ્વરૂપે અંદર દ્રવ્યદૃષ્ટિએ છે. આહા..હા..! એવું જેને ભાન થયું '**તે રાગને સમ્યગ્દૃષ્ટિ કર્મોદયથી થયેલો રાગ જાણે છે...**' આહા..હા..! એ મારું સ્વરૂપ નહિ, ઝેર ઉદય આવ્યો. સમ્યગ્દૃષ્ટિને રાગ જાણે એ કાળો નાગ આવ્યો એમ જાણે. આહા..હા..! પોપટભાઈ! હરખ આવે નહિ એને રાગનો એમ કહે છે. રાગ આવે પણ અરેરે..! આહા..હા..! ઝેર છે, દુઃખ છે. શુભરાગ પણ દુઃખ છેને ઝેર છે. ગજબ વાત, પ્રભુ! તારી વાત એવી ઝીણી છે, નાથ! અને તે જિનવર પરમેશ્વરના ઘરમાં (છે), બીજે ક્યાંય આ વાત છે જ નહિ. કોઈ મતમાં કોઈ પંથમાં આ વસ્તુ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કેમ શશીભાઈ! વિષ્ણુમાં છે તમારે? લ્યો એ વિષ્ણુ છે મોઢ. હવે તો થઈ ગયા પાકા અહીંના. ભાવનગરમાં વાંચે છે એ પોતે વાંચે છે. આહા..હા..!

'**અને તે મટાડવા જ ઈચ્છે છે;...**' આહા..હા..! જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો એમાં રાગનો સ્વાદ એને દુઃખરૂપ લાગે છે, એથી એને રોગ દેખે છે એ. આહા..હા..! અને તેથી તેને સમ્યગ્દૃષ્ટિ મટાડવા ઈચ્છે છે, રાખવા ઈચ્છતો નથી. આહા..હા..! કાળો નાગ ઘરમાં આવે, પકડીને

બહાર મૂકવા જાય કે ઘરમાં રાખવા જાય? આહા..હા..! આવી વાત શું પણ આ તે કેમ? આવો ધર્મ કેવો હશે? ભગવાન! તેં સાંભળ્યો નથી હોં, પ્રભુ! તારી બલિહારી નાથ અંદર શું છે? આહા..હા..! એક સમયમાં પ્રભુ તારી શક્તિનો પાર નથી. આહા..હા..! સવારે આવ્યું નહોતું? ત્રણકાળના દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં જાણે ને દેખે એવી તારી શક્તિ અંદર પડી છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! સમજાય છે કાંઈ એ વિસામાનું વાક્ય છે. આહા..હા..! ઓહો..હો..!

કહે છે કે '**તે રાગને સમ્યગ્દૃષ્ટિ કર્મોદયથી થયેલો રોગ જાણે છે...**' જોયું! આહા..હા..! અજ્ઞાનીને શુભરાગ આવે તો હરખ થાય છે એને. જ્ઞાની રોગ જાણે છે એને. બાપુ! વાત ઝીણી બહુ, ભાઈ! અરે..! દુનિયા ક્યાં રખડે છે? ક્યાંય પત્તો નહિ ખાય મરીને જાશે ત્યાં ચૈતન્યના શરણ નહિ લે (તો). આહા..હા..! પદની વ્યાખ્યા કરી છે, ભાઈ! આપણે આ કળશ આવશેને પદ. ચૈતન્ય પદ છે તે રક્ષણ છે જીવનું, તે લક્ષણ છે જીવનું. એ રક્ષણ છે જીવનું, એ લક્ષણ છે જીવનું અને સ્થાન છે તે જીવનું. આહા..હા..! બાકી રાગ તે અપદ છે, અરક્ષણ છે, અલક્ષણ છે, અસ્થાન છે. આહા..હા..! શેઠ! આ બધા તમારા છ-છ લાખના મકાન એ અસ્થાન છે એમ કહે છે. અહીં તો રાગ અસ્થાન છે એમ કહે છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે તે અશરણ છે, અરક્ષક છે, અલક્ષણ છે. આહા..હા..! આ ક્યાં સાંભળ્યું?

**શ્રોતા :-** મકાન તો ક્યાંય રહી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મકાન તો મમતા હતીને અંદર. કેટલી ડબાઓ રાખીને પડ્યા. એક ફેરી મેં જોયું હતું. છ લાખનું મકાન છે બેસવા-સૂવાનું. છ લાખનું એને. ભાઈ નાના શેઠને છે મોટું. ત્યાં પણ ગયા હતા. એને પાંચ લાખનું મોટું મકાન છે. આહા..હા..! એવા મકાન તો ઘણાય એ લોકોને છે. શેઠિયાઓ છેને મોટા. કરોડોપતિ છેને બધા. ઘણા મકાનો ગામમાં. ધૂળેય નથી, બાપુ! તારું મકાન પણ નથી અને તારો રાગ પણ નથી. આહા..હા..! ભગવાન! તું ભૂલ્યો, બાપુ! અંદર રાગ થાય તે પણ તારું સ્થાન નથી, એ તારું પદ નથી, તારું રક્ષણ નથી, તારું લક્ષણ નથી. આહા..હા..! એમાં આવે છે ભાઈ હોં! ઓલું પદનું જોયું હતુંને એમાં પદમાં આવી વ્યાખ્યા કરી. અપદ છે ત્યાં પ્રભુ તું રોકાઈ ગયો છો. તારું પદ અંદર છે ત્યાં તું આવ્યો નથી, અંદર જતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? નિજઘરમાં આવતો નથી. આહા..હા..! આવ્યું હતુંને ઓલું નથી ભક્તિમાં આવતું? 'અબ હમ કબહુ ન નિજ ઘર આયે. અબ હમ કબહુ ન નિજ ઘર આયે રે, અબ હમ કબહુ ન નિજઘર (આયે)' આનંદના નાથના ઘરમાં કોઈ દિ' સમકિતમાં આવ્યો નહિ. 'પરઘર ભમત અનેક નામ ધરાયે.' હું પુણ્યવંત છું ને મેં દયા પાળી ને મેં વ્રતધારી છું, હું પૈસાવાળો છું, બાયડીવાળો છું, છોકરાવાળો છું, આબરૂવાળો છું. કેટલા વાળા તારે? એક વાળો નીકળે તો રાડ નાખે. ભગવાન! કેટલા વાળા ચોંટ્યા તને? આહા..હા..! એય..!

**શ્રોતા :-** એ વાળા દુઃખદાયક છે, આ વાળા ક્યાં દુઃખદાયક છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મારી નાખે છે, એને ભાન કે દિ' છે એને? આહા..હા..!

અહીં કહે છે સમકિતિને જે રાગ થાય તેને રોગ જાણે. આહા..હા..! એ વ્રતનો વિકલ્પ આવે પણ એને સમકિતી તો રોગ જાણે. આહા..હા..! ગજબ વાતું નાથ બાપુ તારી! જિનવરનો માર્ગ વીતરાગ માર્ગ કોઈ અલૌકિક છે. એને સાંભળવા મળતો નથી બિચારાને. ડાહ્યાભાઈ! આહા..હા..!

**'તે રાગ પ્રત્યે તેને રાગ નથી.'** છે? વિકલ્પ ઊઠે છે, વીતરાગતા નથી પરમાત્મદશા જ્યાં સુધી (ત્યાં સુધી) એને રાગ આવે છે, પણ તેને રોગ જાણે, એને મટાડવા ઇચ્છે અને રાગનો રાગ નથી એને. આહા..હા..! આ ત્રણ બોલ છે. સમજાણું કાંઈ? આહા..હા..! **'સમ્યગ્દષ્ટિને રાગનો લેશમાત્ર સદ્ભાવ નથી એમ કહ્યું છે, તેનું કારણ આ પ્રમાણે છે—સમ્યગ્દષ્ટિને અશુભ રાગ તો અત્યંત ગૌણ છે...'** આહા..હા..! શું કહ્યું એ? ધર્મી જીવને આત્મજ્ઞાન અને આત્મદર્શન થયું છે એને અશુભરાગ તો ઘણો ગૌણ છે. બહુ થોડો કોઈ વખતે થાય. છે? **'અને જે શુભરાગ હોય છે તેને તે જરાય ભલો (સારો) સમજતો નથી...'** આહા..હા..! આ તો વીતરાગસ્વભાવ છે આત્માનો અને વીતરાગ ભગવાનની આજ્ઞા આ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? જેને આત્મજ્ઞાન અને આત્મદર્શન સમ્યક્ થયું છે એને રાગ આવે ખરો, વીતરાગ થયો નથી એટલે રાગ આવે પણ તેને રોગ જાણે, એને દુઃખરૂપ જાણે, એને મટાડવા ઇચ્છે અને એને ભલો જાણે નહિ. આહા..હા..! અરે! પ્રભુ! આ શું છે આવી વાત! આહા..હા..! ભાઈ! જિન વીતરાગનો માર્ગ વીતરાગભાવથી ઉત્પન્ન થાય. રાગથી ઉત્પન્ન થાય, એ વીતરાગમાર્ગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે જુઓ! **'અશુભરાગ તો અત્યંત ગૌણ છે...'** છે સમકિતીને અશુભરાગ આવે છે વિષય, વાસનાની આસક્તિનો રાગ, પણ એ ગૌણ છે. **'અને જે શુભરાગ છે તેને જરાય ભલો સમજતો નથી...'** આહા..હા..! રાગને એ ભલો જાણે તો ભગવાનને ભૂંડો જાણ્યો એણે. ભગવાન એટલે આત્મા પૂર્ણાનંદ વીતરાગ. અને આત્માને જેણે ભલો જાણ્યો એ રાગને ભલો જાણતો નથી. આહા..હા..! આવું છે. ભૈયાજી! આહા..હા..! છે? **'જરાય ભલો સમજતો નથી...'** જરીએ ભલો સમજતો નથી. શુભરાગ હોં! આહા..હા..! **'તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી.'** આહા..હા..! શુભરાગ વ્રતનો, નિયમનો, તપનો એ બધો વિકલ્પ છે, રાગ છે, બહારલક્ષી વસ્તુ છેને, અંતર ક્યાં છે એ વસ્તુમાં. આહા..હા..! એવા રાગ પ્રત્યે પણ જે **'લેશમાત્ર રાગ કરતો નથી. નિશ્ચયથી તો તેને રાગનું સ્વામીત્વ જ નથી.'** આહા..હા..! ધર્મી એને કહીએ કે જેને રાગનું સ્વામીત્વપણું નથી, રાગનો એ ધણી નથી. આહા..હા..! આ પૈસાનો ધણી ને બાયડીનો ધણી એ તો ક્યાંય રહી ગયું! એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ માને છે. આહા..હા..! ડાહ્યાભાઈ! પણ સારા છોકરા રળાઉ હોય એને તો માને કે નહિ અમારા છોકરા છે એમ?

**શ્રોતા :-** મૂર્ખાઈ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂર્ખાઈ છે? એય..! કોના છોકરા, પ્રભુ! એ દ્રવ્ય આત્મા ભિન્ન, એનું શરીર ભિન્ન. તારું ક્યાંથી આવી ગયું એ? છોકરો ક્યાંથી તારો આવી ગયો એ? એ ભગવાન આત્મા પ્રભુ ભિન્ન તત્ત્વ છે તારાથી તો. તારામાં તેનો અભાવ અને એનામાં તારો અભાવ. એમાં થઈ ગયા ક્યાંથી

તારા એ?

**શ્રોતા :–** ઝઘડો થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ઝઘડો થઈ જાય. આજ છોકરો આવ્યો છે તમારો. આવ્યો છેને એ? આવ્યો છે. એ મોટો છોકરો મોટો પગારદાર તમારે છે. અહીં આવ્યો હતો. મેં પૂછ્યું હતું. સુજાનમલ મોદીનો દીકરો છું, કહે. આહા..હા..! એ તો ઓળખાવાની રીત, બાપા! કોના દીકરા? કોના બાપ? આહા..હા..! અહીં તો ભગવાન સમ્યગ્દૃષ્ટિ થયો આત્મા (એ) રાગને, શુભરાગને સ્વામીપણે મારા છે એમ માનતો નથી. આહા..હા..! વીતરાગ માર્ગ, બાપુ! ક્યાંય છે નહિ એ વાત. વીતરાગ સર્વજ્ઞદેવ પરમેશ્વર ત્રણલોકના નાથનો આ હુકમ છે એ ભગવાન ફરમાવે છે. એ આજ્ઞા લઈને આવ્યા છે. આહા..હા..!

**શ્રોતા :–** વ્રતાદિને ભલો ન જાણે તો અતિચાર લાગે તો પ્રાયશ્ચિત કેમ કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ભલો ક્યાં જાણે છે? એને રાગ જરી આવી જાય છે, ભલો જાણતો નથી. અશુભ થઈ જાય છે જરી એનો અતિચાર ટાળે છે. દોષ છે એ.

**મુમુક્ષુ :–** પ્રાયશ્ચિત કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પ્રાયશ્ચિતનો અર્થ એ. પ્રાયશ્ચિતનો ભાવ શુભ છે. ઝીણી વાત છે, બાપુ! વિષકુંભ છે. મોક્ષ અધિકાર નથી આવ્યું? આ તો ૧૮મી વાર વંચાય છે સભામાં. ૧૭ વાર તો વંચાઈ ગયું આખું સમયસાર પહેલી કડીથી તે ઠેઠ સુધી. આ ૧૮મી વાર ચાલે છે. મોક્ષ અધિકારમાં તો દયાના, દાનના, વ્રતના, પૂજાના, ભક્તિના ભાવને ઝેરકુંભ કહ્યો છે. કેમકે આત્મા અમૃતનો નાથ એનાથી વિરુદ્ધ ભાવ તે ઝેર છે. આહા..હા..! અરે..! જગતને કેમ (બેસે)? સમજાણું કાંઈ? ચીમનભાઈ! આવે છેને મોક્ષ અધિકારમાં વિષકુંભ, ઝેરનો ઘડો. પ્રાયશ્ચિત લેવાનો ભાવ છે એ ઝેરનો ઘડો. આહા..હા..! મોક્ષ અધિકારમાં છે. આહા..હા..! વિષયની વાસના તો ઝેર છે, પણ શુભભાવ છે એ ઝેર છે. પ્રભુ! આવી વાતું છે, નાથ! તું અમૃતનો સાગર ભગવાન અંદર ડોલી રહ્યો છે ભાઈ! તને ખબર નથી. અતીન્દ્રિય અમૃતનો સાગર ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે જિન, એનાથી શુભભાવ એ વિરુદ્ધભાવ ઝેર છે. હવે એ ઝેરને ધર્મ માને અને અમે ધર્મ કરીએ એમ માને. આહા..હા..! મરી ગયો છે અનંતકાળથી. ખબર પણ ન મળે શું ચીજ છે એની. અરેરે..! સાંભળવા મળે નહિ તો વિચારવામાં ક્યારે આવે એને? આહા..હા..! અરેરે..! કોઈ શરણ નથી પ્રભુ! તને બહારમાં. એ રાગનું પણ શરણ નથી, ભાઈ! શરણ તો ભગવાન 'કેવળી પણ્ણંતો ધમ્મો' એ રાગરહિત વીતરાગસ્વભાવ છે તે શરણ છે. આહા..હા..!

કહે છે, '**તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરતો નથી. વળી નિશ્ચયથી તો તેને રાગનું સ્વામિત્વ જ નથી.**' સ્વામિત્વ-ધણી જ નથી. આહા..હા..! મેસુબ ખાધેલાનો વિષ્ટા થાય એ વિષ્ટા નીકળે એટલે ધણીપતું રાખે કે આ વિષ્ટા મારી છે? આહા..હા..! એમ રાગ તો ઝેર સમાન, વિષ્ટા સમાન છે. આકરું લાગે બાપા! રાડું નાખે છે બિચારા દિગંબર માણસો પણ. કરો, રાડ પાડો બાપુ! છે એમ છે. એમાં કાંઈ બીજું થાય એવું નથી. આહા..હા..! ત્રણલોકના નાથનો પોકાર છે આ. સંતો, દિગંબર સંતો ભાવલિંગી આત્મધ્યાન અને આનંદમાં લહેર કરનારા, આ એની આ વાણી છે. અતીન્દ્રિય આનંદના સ્વાદિયા,

અતીન્દ્રિય આનંદના રસીલા ભગવાન આત્મા એ એમ પોકારે છે કે સમ્યગ્દૃષ્ટિને રાગ જરીએ સ્વામી એનો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ કઈ જાતનો? આ તો આખી દુનિયાથી ફેર. જાધવજીભાઈ! બાપુ! માર્ગ વીતરાગનો તો આ છે. બાકી બધાએ કલ્પના કરી એને અન્ય માર્ગને જૈનમાર્ગ માન્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**સ્વામિત્વ જ નથી. માટે તેને લેશમાત્ર રાગ નથી.**' છે? આહા..હા..!

'**જો કોઈ જીવ રાગને ભલો જાણી...**' એ શુભરાગને પણ ભલો જાણી '**તેના પ્રત્યે લેશમાત્ર રાગ કરે તો—ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય,...**' આગમમાં પ્રવિણ હોય. આહા..હા..! સર્વ આગમધર. અગિયાર અંગ ભણ્યો હોય, કરોડો શ્લોકો કંઠસ્થ કર્યા હોય. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! છે? આહા..હા..! બહુ સારો અધિકાર આવ્યો છે. એ ભાગ્ય વિના આવી વાત મળે નહિ, બાપા! શું થાય? શું કરે? આહા..હા..! કહે છે, '**ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય,...**' આહા..હા..! મોટો પંડિત થયો હોય. એક આચારંગના અઢાર હજાર પદ છે. એક પદમાં એકાવન કરોડ જાજેરા શ્લોક છે. એવા અગિયાર અંગ અનંતવાર ભણ્યો છે. એથી શું થયું? આહા..હા..! એ તો પરલક્ષી જ્ઞાન, આત્માનું જ્ઞાન નથી કાંઈ એ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભલે તે સર્વ શાસ્ત્રો ભણી ચૂક્યો હોય,...**' અરે..! મુનિ હોય, દિગંબર સંત નગ્ન મુનિ. આહા..હા..! હમણા એક છેને કર્ણાટકમાં નહિ? ભવ્યસાગર કરીને દિગંબર મુનિ છે. અઢાર વર્ષની દીક્ષા છે અઢાર વર્ષની અને આશુ કવિ છે—શીઘ્ર કવિ. એ અહીંનું (વાંચે છે). એક શેઠ છે ત્યાં કોક. કારણ કે વાંચન તો.. ૨૦ લાખ પુસ્તક છપાઈ ગયા છે અહીંથી. ૨૦ લાખ. બહાર ચારે કોર ગયું છે. એમાં એક કોઈ ગામ કીધું, નહિ?

**શ્રોતા :-** પાલનપુર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ત્યાં એક શેઠ છે, માણેકચંદભાઈ આવ્યા હતા એ વાંચતા. એમાં ગયો પોતે. દિગંબર મુનિ આશુ કવિ-શીઘ્રકવિ. અને સાંભળીને વાત એને એવી થઈ ગઈ.. આહા..હા..! અરે..! પ્રભુ! સ્વામીજી! આ શું તમે કર્યું આ? લાખોના ઉદ્ધારનો માર્ગ, અમે સાધુ નથી, અમે મુનિ નથી—એમ બિચારાએ લખ્યું. કાગળ આવ્યા છે, દસ કાગળ આવ્યા છે. કર્ણાટકમાં છે અત્યારે. એ પહેલાં એક ઋષભસાગર આવ્યા હતા. એ મહારાષ્ટ્રમાં છે. એ આવ્યા હતા બિચારા એ પણ કહેતા હતા. આપ જે કહો છો એમાં તો સમકિત પણ નથી અને સાધુ પણ અમે નથી. ભાવલિંગી પણ નથી અને દ્રવ્યલિંગી પણ નથી. આહા..હા..! એમ બિચારાએ કહ્યું હતું એણે. ભાવલિંગી કોઈ નથી. આપની દૃષ્ટિ પ્રમાણે તો કોઈ ભાવલિંગી સાધુ છે જ નહિ દિગંબરમાં. મેં કીધું, દ્રવ્યલિંગી કે દિ' છે? એને માટે ભોજન કરીને લે છે. મૂળગુણના ઠેકાણા નથી વ્યવહારના. ભાઈ! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કોઈ પક્ષનો માર્ગ નથી કે બધાને ભલું લગાડી દેવું. સમજાણું કાંઈ? એ બે સાધુ. એક ત્રીજા સાધુ હતા એ બિચારા ગુજરી ગયા. દિગંબર હતા આદિસાગર. એ બિચારા કહેતા કે માર્ગ તો એ કહે છે એ છે, આ બધો માર્ગ નથી. પણ બિચારા ગુજરી ગયા. બાપુ! આ માર્ગ તો વીતરાગનો છે, ભાઈ! આ કોઈ

પક્ષ નથી, પણ લોકોને મળ્યો નથીને એટલે એકદમ જાણે આ તો ઓહોહો..! નિશ્ચય.. નિશ્ચય... પણ નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચાર અને આરોપિત વાત. સમજાણું કાંઈ?

અહીં કહે છે '**શાસ્ત્રો ભણી ચૂક્યો હોય, મુનિ હોય, વ્યવહારચારિત્ર પણ પાળતો હોય...**' સારા પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ સાધુના કહેવાય છે. શ્વેતાંબરમાં સત્તાવીશ કહેવાય છે, ઓલાને અઠ્યાવીશ બીજી જાતના છે. એકવાર આહાર, ઊભા-ઊભા આહાર. અઠ્યાવીશ છેને? એવું પાળતો હોય '**તોપણ—એમ સમજવું કે તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' આહા..હા..! આ તો ટીકા દોઢસો વર્ષ પહેલાંની છે, શ્લોક તો હજાર વર્ષ પહેલાંનો છે અને મૂળ શ્લોક બે હજાર વર્ષ પહેલાંનો છે. આ ટીકા છે એ હજાર વર્ષ પહેલાંની. આહા..હા..! અરે..! પ્રભુ! તેં ક્યાં કર્યું છે? શું કર્યું તેં? આહા..હા..!

અહીં કહે છે જે રાગના કણને પણ ભલો જાણે તો શાસ્ત્ર ભણ્યો હોય, એક વાત. અને '**મુનિ હોય,...**' એ બે વાત. અને તે વ્યવહારચારિત્ર બરાબર પાળતો હોય. પંચમહાવ્રતમાં કાંઈ દોષ ન લાગે. એને માટે કરેલો આહાર પણ મરી જાય તો ન લે, પ્રાણ જાય તો (ન લે). પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ. એ એને માટે કર્યો હોય તો મહાપાપ. આહા..હા..! એ લે નહિ કહે છે, છતાં એ મિથ્યાદષ્ટિ છે, રાગને ભલો જાણે છે. આહા..હા..! આવી વાતું છે, પ્રભુ! કહો, જયંતિભાઈ! કોક કાલાવાડનું આવ્યું હતું, હમણા કોક આવ્યું હતું. તમારા કાકા થાય એમ કહ્યું. કોક આવ્યું હતું. પરદેશમાં રહે છે કોક. તમારા કાળાવાડનું કોક આવ્યું હતું.

**શ્રોતા :-** ભાઈનો દીકરો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ કીધું હતું. બિચારા બહારથી પરદેશમાં નીકળ્યા હોય ને આવે ચાલો. સાંભળવાનું કહે તો મોઢું જોઈને ચાલ્યા જાય. એમાં દાળિયા શું થયા? આહા..હા..! આ જાત્રા કરવા નીકળ્યા હોય એ જાત્રા કરે. જય નારાયણ. એમાં શું દાળિયા થયા? શું તત્ત્વ છે? શું જ્ઞાન છે? કોને સમ્યક્ કહેવું? આહા..હા..! એને સાંભળવાનો મોખ ન મળે, અરે.. પ્રભુ! એ બધી જાત્રા-ફાત્રા રખડવાના રસ્તા છે. આહા..હા..!

અહીં કહે છે '**તેણે પોતાના આત્માનું પરમાર્થસ્વરૂપ નથી જાણ્યું,...**' કેમ? કે રાગનો જે વિકલ્પ ઉઠ્યો છે તે ઝેર છે, એ સ્વરૂપ ચૈતન્યનું નથી અને એને ભલો જાણે છે તો આત્માને એ જાણતો નથી. આત્મા રાગરહિત ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ એની એને ખબર નથી, તેનું તેને જ્ઞાન નથી, તેની તેને શ્રદ્ધા નથી. આહા..હા..! આવું પાળે તોપણ? એ તો રાગ છે. આહા..હા..! એમાં લખાણ ભાઈ આવ્યું છે મોક્ષમાર્ગમાં. એક તો આખો દિ' નવરો નથી, બાયડી, છોકરા, ધંધો, વેપાર ને દુનિયાની ખુશામત કરવી એમાં રોકાઈ ગયો ૨૦-૨૦, ૨૨ કલાક. પાપના ધંધા એકલા. આહા..હા..! એય..! લખુભાઈ! અહીં તો એ હોયને. કલાક, બે કલાક વખત મળે તો સાંભળવા જાય તો કુગુરુ લૂંટી લે એને. શ્રીમદ્ કહે છે. શ્રીમદ્‌માં આવે છેને, એક તો ઘણો છ-સાત કલાક ઊંઘમાં જાય, બે-ત્રણકાળ ભોગમાં જાય, બાયડી-છોકરાની રમતમાં જાય અને ધંધામાં જાય થોડાક પાપ એકલું. આહા..હા..!

પુણ્ય પણ નથી ત્યાં તો, ધર્મ તો નથી. આહા..હા..! અને વખત મળે ત્યારે સાંભળવા જાય તો ઓલા ખોસે લાકડા, વ્રત ને તપ કરો તો ધર્મ તાશે. કુગુરુ લૂંટી લે એને બિચારાને. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે. વાત સાચી છે. આહા..હા..!

બાપુ! વીતરાગમાર્ગ ભાઈ! સમ્યગ્દર્શન માર્ગ કોઈ અલૌકિક છે, નાથ! એ વાતું બાપા! માખણ ચોપડે મળે એવું નથી. લોકો રાજી થઈ જાય અને પોતે રાજી થઈ જાય, આમ કર્યું ને આમ કર્યું. આહા..હા..! દાનમાં પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખ ખર્ચે માટે ધર્મ થાય, ત્રણકાળમાં નહિ. ત્યાં ગયા હતાને ભાઈ! મદ્રાસ નહિ? બેંગ્લોર. ત્યાં મોટું બાર લાખનું મંદિર કરાવ્યું. ત્યાં ગયા હતા, માણસ બહુ, સભા તો મોટી ભરાય. એ શ્વેતાંબર છે એક. બે કરોડનો આસામી ભભુતમલ. એણે આઠ લાખ નાખ્યા અને એક સ્થાનકવાસી કરોડપતિ જુગલરાજજી છે એણે ચાર લાખ નાખ્યા. બાર લાખનું દિગંબર મંદિર બનાવ્યું. અમે તો શ્વેતાંબર મંદિર હોય તો અમે જઈએ નહિં કાંઈ, એ માર્ગ જ નથી. આહા..હા..! પછી એણે કર્યું. ત્યાં તો કહ્યું અમે તો ભાઈ પાંચ-પાંચ હજાર માણસની વચ્ચે, કોઈ એમ માને કે આઠ લાખ ખર્ચ્યા માટે ધર્મ થાય, ત્રણકાળમાં નહિ. એનો ભાવ રાગની મંદતાનો હોય તો શુભ થાય, પુણ્ય થાય અને એ પુણ્યને ભલો જાણે તો મિથ્યાત્વ થાય. આહા..હા..! વીરચંદભાઈ! આવું છે, બાપા! આકરી વાતું, ભાઈ હોં! જગતને પચાવવું કઠણ બહુ, ભાઈ! ભગવાન ત્રણલોકના નાથની આજ્ઞા તો આ છે. આહા..હા..! રાગને ભલો માનવો એ ભગવાનની આજ્ઞા નથી. વીતરાગ કોને કહે? વીતરાગભાવને ભલો જાણે. રાગને ભલો જાણે એ તો વીતરાગ જ ક્યાં છે? અને વીતરાગનો શિષ્ય પણ ક્યાં છે એ? આહા..હા..! આ તો વીતરાગમાર્ગ બાપા! તું વીતરાગસ્વરૂપે જ છો ભગવાન! રાગરહિત તારું સ્વરૂપ પ્રભુ અકષાયરસ છે. અકષાયરસ તારો સ્વભાવ છે. આહા..હા..! એમાંથી પુણ્યના પરિણામ એ કષાય છે એને જો ભલો જાણે તો આત્માને જાણતો નથી. આહા..હા..!

**'કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે...'** આહા..હા..! એ તો કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલો ઉપાધિ રાગભાવ છે. એ આત્માનો ઉત્પન્ન થયેલો ભાવ નથી એ કાંઈ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો આપણે ૪૨ વર્ષથી ચાલે છે આ. આ કાંઈ નવું નથી. ૧૮મી વાર તો આ ચાલે છે. એક એક લીટીનો, એક એક શબ્દનો અર્થ શું છે. આહા..હા..! અરે..! શું થાય? જગતને જ્યાં પડ્યા હોય ને જે સંપ્રદાયમાં, એમાંથી એને ખસવું ભારે કઠણ. જાધવજીભાઈ! આ બધા શેઠિયા છે સ્થાનકવાસીમાં કલકત્તામાં શેઠિયા હતા. ખસવું મુશ્કેલ પડે, ભાઈ! આહા..હા..! બાપુ! એ વીતરાગનો માર્ગ એ દિગંબર જૈનધર્મ તે વીતરાગનો માર્ગ છે. બાકી કોઈ વીતરાગનો માર્ગ છે જ નહિ ક્યાંય. એમાં પણ રાગને ભલો જાણે તો એ વીતરાગમાર્ગમાં નથી. આહા..હા..! લખુભાઈ! આવું છે આ. કોક દિ' સાંભળવા આવે વર્ષ, બે વર્ષે એમાં આવું નીકળે. એમ કે છોકરો આવ્યો છે તો પ્રસન્ન થયા એમ કીધું. ભાઈ આવ્યો છેને. અમેરિકા રહે છેને એ. આવ્યો છે રખડતો કોક દિ' અહીં. આહા..હા..! અરેરે..! પ્રભુ! તારી ગતિ શું છે, ભાઈ? પડદો બંધ થશે ત્યાં આત્મા તું ક્યાં જઈશ, પ્રભુ? આહા..હા..! દેહ છૂટી જશે, આ કાંઈ તારી ચીજ નથી. ભવિષ્યમાં કાંઈ તારો નાશ થાય એવો નથી. તું તો અનાદિ-

અનંત અવિનાશી તત્ત્વ છો. આહા..હા..! જેની દૃષ્ટિ રાગની રુચિમાં પડી છે એ મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વના અપદમાં અનાદિ રહેશે એ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મોદયજનિત રાગને જ સારો માન્યો છે...** ' એ શુભભાવ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ હોય એ જુદી વાત છે, પણ એને ભલો માનવો એ મિથ્યાત્વ છે. સમકિતીને રાગ તો આવે, પણ એને હેય માને છે. આહા..હા..!

**શ્રોતા :–** હેય માને છે, પણ કરે તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કરતો નથી, થાય છે. એ નબળાઈને લઈને (થાય છે). આહા..હા..! એવો ભાવ હો, પણ નિશ્ચયનું ભાન છે આત્માનું છતાં એને રાગ હો, પણ એ રાગને ભલો નથી જાણતો. એની નબળાઈને લઈને રાગ આવે. આહા..હા..! ભગવાનનું નમો અરિહંતાણં સ્મરણ કરવું એ પણ વિકલ્પ ને રાગ છે. આહા..હા..! ગજબ વાત નાથ! ચૈતન્યબિંબ ભગવાન આત્મા.. આહા..હા..! એ નિજપદમાં પ્રવેશ નથી તેનો આ રાગમાં પ્રવેશ છે. આહા..હા..! એ કહે છે '**પોતાનો મોક્ષ માન્યો છે.**' પાછું છેને? રાગને ભલો માન્યો છે, રાગને જ ભલો માન્યો છે. '**અને તેનાથી જ પોતાનો મોક્ષ માન્યો છે.**' આહા..હા..!

'**આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી...**' આહા..હા..! ભગવાન આત્માનું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ, જ્ઞાતા-દૃષ્ટાનો સ્વભાવ અને રાગનું સ્વરૂપ વિકારી દુઃખરૂપ, તો એને ભલો માન્યો તો તે પોતાને જાણતો નથી અને પરને પણ જાણતો નથી. બેયને જાણતો નથી. એ ગાથામાં છે એ. આહા..હા..! '**આ રીતે પોતાના અને પરના પરમાર્થ સ્વરૂપને નહિ જાણતો હોવાથી જીવ-અજીવના પરમાર્થ સ્વરૂપને જાણતો નથી.**' આહા..હા..! અધિકાર સારો આવી ગયો છે આજે. એય! લખુભાઈ! આજ અધિકાર સારો આવ્યો છે. આહા..હા..! ભગવાનની દિવ્યધ્વનિ છે, પ્રભુ! ભગવાન કહે છે તે કહ્યું છે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' રહ્યા હતા. પ્રભુ બિરાજે છે ત્યાં. આહા..હા..! ત્યાં આઠ દિ' રહ્યા હતા. ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું છે. પ્રવચનસાર, નિયમસાર બધા શાસ્ત્ર. કુંદકુંદાચાર્ય એ આમ પોકાર (કરે) છે. દુનિયા માનો, ન માનો, પ્રભુ! અમને પાગલ કહો કે ન કહો, સ્વતંત્ર પ્રભુ તમે છો. આહા..હા..! સમજાણું કાંઈ? પરમાત્મપ્રકાશમાં તો કહ્યું છે કે ધર્મીને પાગલો પાગલ માને છે કે આ શું પાગલ જેવી વાત કરે છે? અને ધર્મી દુનિયાને પાગલ માને છે. ડાહ્યાભાઈ! એય! લખુભાઈ! આ બધા પાગલ માને છે તમને બધાને એમ કહે છે. આવી વાત છે, ભગવાન! આહા..હા..! જુઓને!

'**જે જીવ-અજીવના સ્વરૂપને જાણતો નથી અને જ્યાં જીવ અને અજીવ—બે પદાર્થોને જાણતો નથી ત્યાં સમ્યગ્દૃષ્ટિ કેવો?**' આહા..હા..! હજી ચોથા ગુણસ્થાનના ઠેકાણા નથી એ સમ્યગ્દૃષ્ટિ કેવો? આહા..હા..! '**માટે રાગી જીવ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ.**' એટલે કે રાગના રાગવાળો જીવ સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ. રાગવાળો સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ એમ નહિ, પણ રાગનો રાગી છે તે સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ. આહા..હા..! ન્યાય સમજાય છે કાંઈ? આહા..હા..! નયાવોયમ

માર્ગ છે, પ્રભુ! પાંચમા શ્રમણસૂત્રમાં આવે છે ઈણમેય ... નયાવોયમ. ન્યાય-લોજિકથી વાતને સિદ્ધ કરીને કહીએ છે કહે છે, કચડી-મચડીને નથી કાંઈ આ વાત. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**સમ્યગ્દૃષ્ટિ હોઈ શકે નહિ.**' આહા..હા..!

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે, જે કાવ્ય દ્વારા આચાર્યદેવ અનાદિથી રાગાદિકને પોતાનું પદ જાણી સૂતેલાં રાગી પ્રાણીઓને ઉપદેશ કરે છે :-**' લ્યો! અવસર આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**નોંધ : પ્રવચન નં. ૨૭૪ ઉપલબ્ધ નથી.**

## પોષ સુદ-૮, મંગળવાર, તા. ૨૮-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૧ થી ૨૦૩, કળશ-૧૩૮, પ્રવચન નં. ૨૭૫

સમયસાર, ૨૦૧-૨૦૨નો (કળશ-૧૩૮ પછીનો) ભાવાર્થ છેને? પહેલો દૃષ્ટાંત છે પછી એનો સિદ્ધાંત. '**જેમ કોઈ મહાન પુરુષ મદ્ય પીને...**' દારૂ પીધો હોય. '**મલિન જગ્યામાં સૂતો...**' ભાન ન રહે. જ્યાં વિષ્ટા હોય એમાં પણ સૂઈ જાય. આહા..હા..! '**તેને કોઈ આવીને જગાડે—સંબોધન કરે કે તારી સૂવાની જગ્યા આ નથી;...**' ભાઈ! આ તારી જગ્યા નથી. આહા..હા..! દારૂના ઘેનમાં ભાન ન રહે. જંગલ જાતા હોય માણસો ત્યાં પણ પડે, સૂવે. આહા..હા..! એને બીજો માણસ કહે કે ભાઈ! તારી આ સૂવાની જગ્યા નથી. '**તારી જગ્યા તો શુદ્ધ સુવર્ણમય ધાતુની બનેલી છે,...**' આહા..હા..! શુદ્ધ સુવર્ણમય ધાતુનું બનેલું સિંહાસન. આહા..હા..! '**અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે...**' બે. '**અન્ય કુધાતુના ભેળથી રહિત શુદ્ધ છે અને અતિ મજબુત છે;...**' આહા..હા..! '**માટે હું તને બતાવું છું ત્યાં આવ, ત્યાં શયન આદિ કરી આનંદિત થા;...**' આહા..હા..! ત્યાં સૂઈને આનંદ કર, લૌકિક. એ દૃષ્ટાંત છે. આહા..હા..!

'**તેવી રીતે આ પ્રાણીઓ અનાદિ સંસારથી માંડીને...**' આહા..હા..! એકેન્દ્રિય નિગોદથી માંડીને પ્રાણી '**રાગાદિકને ભલા જાણી,...**' સૂતા છે. આહા..હા..! એ પુણ્ય ને પાપનો ભાવ શુભ-અશુભભાવ એને ભલા જાણી '**તેમને જ પોતાનો સ્વભાવ જાણી,...** ' આહા..હા..! શુભ-અશુભભાવ—હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ-વાસનાનો ભાવ કે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ—બેય રાગનો વિકાર છે. આહા..હા..! એને ભલા જાણી ઓહો..હો..! '**તેમને જ પોતાનો સ્વભાવ જાણી,...**' કેમકે પોતે શુદ્ધસ્વરૂપ આનંદ છે તની તો ખબર નથી. આહા..હા..! એટલે ક્યાંક પોતાનું સ્વરૂપ તો માનશેને એ. આહા..હા..! આ શરીર, લક્ષ્મી, બાયડી, છોકરાની અહીં વાત નથી.

કારણ કે એ તો પરચીજ છે, એમાં કાંઈ આત્મા છે નહિ અને એમાં એ આત્મા માને છે એ તો માન્યતામાં માને છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ શરીર મારા, બાયડી, પૈસા, દુકાન એ મારા એ મમતા તે દુઃખ છે. એ દુઃખને પોતાનું સ્વરૂપ માને છે.

**શ્રોતા :–** અમને તો સુખ લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય સુખ નથી. સનેપાતિયા સનેપાતમાં દાંત કાઢે છે, એમ આ સનેપાતિયો છે મિથ્યાત્વનો. આહા..હા..! ત્રિદોષ. ત્રિદોષવાળો દાંત કાઢે. આહા..હા..! અમે તો જોયું હતું ઘણાં વર્ષની વાત છે. લીંબડા-લીંબડા. જુવાન માણસ પરણેતર તાજો હતો. રાત્રે સનેપાત થયો, ભાઈ! અમે બહાર દુકાનમાં સૂતા હતા ઓસરીમાં ખાલી. અંદર એ હતો. આહા..હા..! અને દાંત કાઢે. એટલું બળ (કે) આઠ-આઠ જણા જાલે તો રહે નહિ. સનેપાત થયેલો. વાત, પિત્ત અને કફનું વકરી જવું એનું નામ સનેપાત. વાત, પિત્ત ને કફ ઉગ્રપણે થઈ જવું એનું નામ સન્નિપાત ત્રણેનું જોડાણ. જુવાન માણસ. લોકો બિચારા જોવે અરેરે..! સવાર નહિ પડે હવે. એ દાંત કાઢે. જોડેવાળા બિચારા કહે, સવાર નહિ પડે. સવાર પહેલાં દેહ છૂટી જશે આનો.

એમ અનાદિથી અજ્ઞાની પોતાનો આનંદસ્વભાવ છે અતીન્દ્રિય આનંદને ભૂલી એ પુણ્ય ને પાપના વિકલ્પ જે રાગ છે એને પોતાનો માની, ભલા માની, પોતાનો સ્વભાવ જાણી.. આહા..હા..! '**નિશ્ચિંત સૂતાં છે—**' તેમાં. આહા..હા..! '**નિશ્ચિંત સૂતાં છે—**' મૂઢ થઈને. આહા..હા..! આવી વાત છે. કહો, શાંતિભાઈ! આ બધા તમારા પૈસાવાળાને બધા દુઃખી છે એમ કહે છે અહીં તો.

**શ્રોતા :–** ઘણા સુખી ગણાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાંઈ ગાંડા પાગલો કહે સુખી એમાં શું થયું? દુનિયા પાગલ છે બધી. આહા..હા..!

અહીંયાં કહે છે કે શુભ અને અશુભભાવ એ રાગ છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, કામ, ક્રોધ, માન, માયા, હરખ, રતિ, અરતિ એ પરિણામ તો અશુભ છે અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ, પંચમહાવ્રતના પરિણામ એ બધા શુભરાગ આસ્રવ છે. આહા..હા..! એને પોતાના જાણી. પોતાના જાણી અને ભલા જાણી. '**પોતાનો સ્વભાવ જાણી, તેમાં નિશ્ચિંત સૂતાં છે—સ્થિત છે,...**' આહા..હા..! કાંઈ ચિંતા નથી કે શું છે પણ આ તને? આહા..હા..! '**તેમને શ્રીગુરુ કરુણાપૂર્વક સંબોધે છે—**' આહા..હા..! ધર્માત્મા આનંદના અનુભવી જીવો. આહા..હા..! અતીન્દ્રિય આનંદના પ્રચુર ઘણા સંવેદન જીવો એ જીવોને સંબોધે છે, પ્રભુ! તું ક્યાં સૂતો છો? આહા..હા..! '**તેમને શ્રી ગુરુ કરુણાપૂર્વક સંબોધે છે-જગાડે છે-સાવધાન કરે છે...**' આહા..હા..! '**કે હે અંધ પ્રાણીઓ!**' આહા..હા..! કરુણા છે આ. અરે..! ચૈતન્યરત્ન આનંદથી ભરેલું ભગવાન એને તું જોતો નથી, ત્યાં નજરું તારી નથી અને આ પુણ્ય અને પાપના ભાવમાં મારા માનીને સૂતો, હે આંધળા! આહા..હા..! કરુણા છે. ભાઈ! આ શું કરે છે તું? આહા..હા..!

**શ્રોતા :–** દૃષ્ટાંતમાં મહાન પુરુષ કેમ કીધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મહાન પુરુષ મોટો પૈસાવાળો છે એમ. ધનાઢ્ય રાજા, દિવાન આદિ છે એમ. એવો પૈસાવાળો છે મોટો લક્ષ્મીવાળો. એ દારૂ પીને. એ કહે છે. મહાન એટલે સંસારમાં ધર્મી મોટો એમ નહિ. રાજા આદિ, દિવાન આદિ હોય છેને. દારૂ પીધા હોયને પછી એય..! લથડિયા ખાય આમ ને પડે. પેશાબ આદમીએ કર્યા હોય ભીંતે ત્યાં ભીંતને ઓથે પડી જાય આમ. આહા..હા..! એમ અજ્ઞાની અનાદિથી મિથ્યાત્વરૂપી દારૂ પીધો છે એણે. એને લઈને એ શુભ અને અશુભભાવમાં ભલા માની, પોતાનું સ્વરૂપ માની નિશ્ચિંતપણે ઘેરાઈ ગયા, સૂઈ ગયા છે. કહો, શેઠ! આ તો ડાંગ છે આ તો મોટી. આહા..હા..! ક્યાં છો તું? શું કરે છો તું? આહા..હા..!

અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ પણ શુભ ને રાગ ને વિકાર દુઃખ છે. આહા..હા..! ગજબ વાત, બાપુ! ભગવાન તીર્થંકર એના સંતો જગતને જગાડે છે. આહા..હા..! એની મા જેમ ઝુલણામાં શું કહેવાય? ઝૂલામાં, ઘોડિયામાં સૂવાડેને તો એ ગાણા ગાય છોકરાના. મારો છોકરો ડાહ્યો છેને પાટલે પેસીને ન્હાયો છે, મામાને ઘરે ગયો છે. ગુંજામાં ભરીને લાવ્યો છે એવું કાંઈક ગાય છે. આપણને બહુ આવડતું નથી. એવું ગાય ત્યારે સૂઈ જાય એ. ગાળ્યું દેશો તો નહિ સૂવે. મારા રોયા સૂઈ જા. નહિ સૂવે. એને એની મા સૂવાડવા માટેના ગાણા ગાય છે. અહીં પરમાત્મા અને સંતો એને જગાડવા માટે ગાણા ગાય છે. અરે..! જાગ રે જાગ નાથ! ભગવાનસ્વરૂપી પડ્યો તું અને તું આ ક્યાં સૂતો છો? આહા..હા..! આ જુવાની ફાટ-ફાટ શરીરમાં હોય, લાલ-લાલ આમ હોઠ હોય અને આ બધા અંદર... આહા..હા..! એમાં પ્રેમ કરીને પ્રેમમાં રસબોળ થઈ જાય છે. મૂઢ! સાંભળને કહે છે, ક્યાં તું પડ્યો છો? સમજાણું કાંઈ? આહા..હા..! એ વિષ્ટામાં જેમ પેશાબમાં ઓલો સૂતો છે એમ આ... સમજાણું કાંઈ? શુભ-અશુભભાવ. આહા..હા..! ગજબ વાત છેને!

શુભભાવ એ દયાનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો, અહિંસાનો ભાવ એ બધો શુભભાવ છે, એ દુઃખ છે. આહા..હા..! અરે..! એને ક્યાં સાંભળવા મળે નહિ બિચારાને શું કરે? કહે છે કે તેને પોતાનું સ્વરૂપ જાણી એ શુભરાગને ભલો જાણી, પ્રભુ! ત્યાં તું સૂતો છો. મારું માનીને સૂતો છો. આહા..હા..! મુનિ થયો અનંતવાર દિગંબર સંત હોં! અનંતવાર થયો, પંચમહાવ્રત ને પાંચ સમિતિ, ગુપ્તિ બરાબર પાળ્યા ચોખ્ખા, પણ એ બધો શુભભાવ છે એ તો. આહા..હા..! એ શુભ-અશુભભાવમાં તું સૂતો છો. આહા..હા..! એને અહીંયાં આચાર્ય જગાડે, સાવધાન કરે છે.

**'હે અંધ પ્રાણીઓ!'** આહા..હા..! કહો, હવે પાંચ મહાવ્રત પાળતો હોય, બ્રહ્મચર્ય શરીરનું પાળતો હોય, હજારો રાણીનો ત્યાગ કર્યો હોય, પણ એ ભાવ શુભ છે, એ ધર્મ નથી. એમાં જે નિશ્ચિંતપણે સૂતો ભલો જાણીને, એને કહે છે કે હે આંધળા! આ શું કર્યું તેં આ? તારો નાથ આનંદનો સાગર અંદર પડ્યો છે એને ભૂલીને આ શુભભાવના પ્રેમમાં વ્યભિચારી થયો. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, બાપુ! વીતરાગમાર્ગ કોઈ આખી દુનિયાથી જગતથી જાત જુદી છે. આહા..હા..!

**'હે અંધ પ્રાણીઓ! તમે જે પદમાં સૂતાં છો...'** એટલે કે જે તું શુભભાવમાં પ્રેમ કરીને આંધળો થઈને સ્વભાવના ભાન વિના સૂતો છો. નિશ્ચિંત સૂતો છો કે આપણે કાંઈક ઠીક છીએ અમે.

આહા..હા..! 'તે તમારું પદ નથી;...' પ્રભુ! તારું એ સ્થાન નથી. આહા..હા..! આ તે કાંઈ વાત છે? એ છ છોકરા બેઠા હોય ને વાતું કરે, બાપુજી.. બાપુજી કરે ત્યાં ઉં ઉં થઈ જાય. એમાં પાંચ-દસ લાખની પેદાશ હોય બાર મહિને. આહા..હા..! એ તો પાપ છે, એની તો વાત એક કોર રાખો. આહા..હા..! એ તો વાત ક્યાંય ગઈ.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ખોટું છે, ખોટું છે, ખોટું એ તો ત્રણકાળ ખોટું; પણ અહીં તો વ્રત ને તપ ને ભક્તિ ને પૂજાના ભાવ એ શુભવિકલ્પની ઉત્થાન વૃત્તિ છે, વૃત્તિ ઊઠે છે એ. એ સ્વરૂપમાં નથી. આહા..હા..! એ વૃત્તિમાં તું નિશ્ચિંત સૂતો છો મૂઢ! આંધળો છો તું? ભગવાન બિરાજે છે અંદર આનંદનો નાથ. રાગની પાછળ, રાગની પીછે અંદર મોટો પ્રભુ બિરાજે આનંદનો સાગર છેને, ભાઈ! આહા..હા..! એને તું જોતો નથી, એને તું જાણતો નથી, એને તું સ્વાદમાં લેતો નથી અને આ રાગના સ્વાદમાં પડ્યો પ્રભુ! આહા..હા..! આ તો બધા ગર્વ ઉતરી જાય એવું છે મોટાના. પૈસાવાળાના શું બધા એ વ્રત (પાળનારાના ગર્વ ઉતરી જાય એવું છે). વ્રત તો છે પણ ક્યાં અત્યારે એવા વ્રત, તપ? નવમી ગ્રૈવેયક ગયો અને જે વ્રત પાળ્યા હતા એવા તો વ્રત તો અત્યારે છે પણ નહિ કોઈને. એવા પંચમહાવ્રત આમ, હજારો રાણી છોડી, ચામડા ઉતરડે ને ખાર છાંટે તો ક્રોધ ન કરે, એવું મહાવ્રતના પરિણામ એના, પણ એ બધા રાગ ને દુઃખરૂપ પરિણામ છે. એમાં તું સૂતો નિશ્ચિંત તરીકે. આહા..હા..! એ તારું પદ નથી, પ્રભુ! એ રાગમાં રોકાણો એ તું નહિ. આહા..હા..! આવી વાતું હવે.

એ વિકલ્પ વસ્તુ ચૈતન્યઘન આત્મ આનંદઘન પ્રભુ એનાથી વિરુદ્ધ વિકલ્પ એ શુભભાવ છે, એમાં તું સૂતો અને તેને તું પોતાનું સ્વરૂપ માની (સૂતો). આહા..હા..! એ તારું પદ નથી, પ્રભુ! આહા..હા..! આવી વાત વીતરાગ કરે, ભાઈ! વીતરાગ તો એમ કહે છે, અમારી સામું જોઈને તને જે ભાવ થાય એ બધો શુભરાગ છે, એમાં તું સૂતો છો એ મૂઢ છો એમ કહે છે. આહા..હા..! કારણ કે અમે પરદ્રવ્ય છીએ. આહા..હા..! સવારમાં આવ્યું હતું મોક્ષ અધિકારમાં ૧૬મી ગાથા. 'परदव्वादो दुग्गइ' ત્રણલોકના નાથ હો કે નિર્ગ્રંથ સંત હો, એની ભક્તિ અને એનો ભાવ શ્રદ્ધાનો તે રાગ છે. '**परदव्वादो दुग्गइ**' પરદ્રવ્ય તરફની વૃત્તિ જે ઊઠે છે તે દુર્ગતિ છે, તારી ચૈતન્યની ગતિ નથી. ૧૬મી ગાથામાં આવ્યું અષ્ટપાહુડ. છેને? સવારમાં નહોતુ આવ્યું? મોક્ષપાહુડ ૧૬મી ગાથા. ૨૭મી નીકળી. આ ૧૬ લ્યો.

परदव्वादो दुग्गइ सदव्वादो हु सुग्गइ होइ।
इय णाऊण सदव्वे कुणइ रई विरह इयरम्मि।।१६।।

ઓહો..હો..! પ્રભુ! તારા સ્વદ્રવ્ય સિવાય જેટલા દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર એ પરદ્રવ્ય તરફનું તારું જે લક્ષ છે એ રાગ છે, તે દુર્ગતિ છે. આહા..હા..! દેવીલાલજી! આવી વાત છે.

**શ્રોતા :-** રાત-રાત ભર જાગે, આત્મચિંતન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ચિંતન કરે એ વિકલ્પ છે, રાગ છે. ચિંતન કરે કે આ છે એ રાગ છે, એ પરદ્રવ્ય છે. આહા..હા..! ઝીણી વાત, બાપુ! જગતને મળ્યું નથી સત્ય.

અહીં તો **'परदव्वादो दुग्गइ'** પરદ્રવ્યથી દુર્ગતિ થાય છે. આહા..હા..! **'सदव्वा हु सुग्गइ'** સ્વદ્રવ્ય આનંદનો નાથ પ્રભુ વીતરાગમૂર્તિ અવિકારી અક્રિય રાગથી રહિત એમાં અંદર ઠરવું, દૃષ્ટિ કરવી એને સુગતિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભલે સ્વર્ગાદિ મળે એ દુર્ગતિ છે. ત્યાં ક્યાં ધૂળમાં સ્વર્ગમાં સુખ હતું? પુણ્યના ભાવથી સ્વર્ગ મળે તો પુણ્યભાવ પોતે દુઃખરૂપ અને સ્વર્ગમાં એકલું દુઃખ જ છે, રાગના કલેશનું ભોગવવું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૬મી આ તો ઘણીવાર આપણે કહેવાઈ ગયું. મોક્ષ અધિકારની વાત. આહા..હા..! એકકોર સ્વદ્રવ્ય ભગવાન અને એકકોર પરદ્રવ્ય રાગથી માંડીને બધી પરચીજ પરચીજ. આહા..હા..! એમાં જે લીન છે અને એને પોતાનું સ્વરૂપ માને છે અથવા એ રાગ છે તે મને લાભ કરશે એમ માનનારા રાગને પોતાનું સ્વરૂપ માને છે. આહા..હા..! એને કહે છે, એ તમારું પદ નથી. કહો, શેઠ! એ તમારા છ લાખનું મકાન તમારું પદ નથી. એ તો નથી...

**શ્રોતા :-** તો કરવું શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ કરવું, રાગથી રહિત અંદરમાં રહેવું એ કરવું. ભગવાન છે કે નહિ અંદર મોટો?

**શ્રોતા :-** મકાન પાડી નાખવું કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મકાન કોણ પાડતું હતું? મકાન કોણે કર્યું છે તો પાડે? મકાન તો જડથી બન્યું છે. એ પરમાણુની પર્યાયથી બનેલું છે આ મકાન, કોઈએ કર્યું નથી આને. આહા..હા..! આટલી વાતું જગતની. સમજાણું કાંઈ? પરમાણુમાં આ પર્યાય ઉત્પન્ન થવાનો કાળ હતો તે ઉત્પન્ન થયું છે. કડિયાએ કર્યું નથી, રામજીભાઈએ કર્યું નથી અને વજુભાઈએ કર્યું નથી. કહો, સમજાણું કાંઈ? આપણે તો અહીં રામજીભાઈ છેને બધું કર્તા-હર્તા પ્રમુખ. આહા..હા..! આવી વાત છે, શેઠ! શું કરવું કહે છે. પણ ઓલો છે કે નહિ અંદર મોટો પ્રભુ? જે આનંદનો સાગર, અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો પ્રભુ છે. તારા ઈન્દ્રિયના સુખ તો બધા દુઃખના—ઝેરના પ્યાલા છે. આહા..હા..! એ તો પ્યાલા છે, પણ શુભરાગ ઝેરનો પ્યાલો છે. અમૃતના સાગરથી ભગવાન શુભવિકલ્પ ઉઠાવે વિરુદ્ધ... આહા..હા..! ઝેર છે. એમાં તું સૂતો નિશ્ચિંત તરીકે કે આ મને ઠીક છે. મરી ગયો છે, ભાઈ! આહા..હા..! કામાણી! લ્યો આ પૈસાવાળા બધા તમારા હંસરાજભાઈ ને નરભેરામભાઈ. ધૂળેય નથી ત્યાં. ત્યાં તો નથી પણ રાગ થાય શુભ એમાં સુખ નથી, એ દુઃખ છે. આહા..હા..! એ દુઃખમાં સૂતો છો નિશ્ચિંત થઈને, પ્રભુ હવે એ તારું પદ નહિ. જાગ રે જાગ નાથ! આહા..હા..! સંતો આમ પોકાર કરે છે. કેવળીઓનો તો મોટે અવાજે પોકાર છે. આહા..હા..! કહે છે, એ રાગમાં જે એકાકાર થઈને સૂતો, પ્રભુ! એ સૂતો છો એ તારું પદ નથી. આહા..હા..!

**'તમારું પદ તો શુદ્ધ ચૈત્નયધાતુમય છે,...'** આહા..હા..! ચૈતન્ય જ્ઞાયકસ્વભાવના ભાવથી ભરેલો ભગવાન, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ અનાદિ-અનંત શુદ્ધ ચૈતન્યધાતુ એ તારું પદ છે. આહા..હા..! ત્યાં નજર કર, ત્યાં ઠર, ત્યાં જા. આહા..હા..! આ કરવાનું, શેઠ! શું કરવું અમારે કહે છે. ધર્મશાળા

બનાવી, મકાનો બનાવે, ફલાણું, ઢીંકણું કર્યું. આહા..હા..! ધૂળેય કર્યું નથી. રાગ કર્યો હતો ત્યાં.

**શ્રોતા :–** શુભરાગ હતોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અશુભરાગ હતો. ત્યાં ક્યાં શુભ હતો? ત્યાં તો એકલું પાપ છે. આ ધર્મશાળા આદિ બનાવી એમાં વળી કદાચ રાગ મંદ હોય, શુભ હોય. એ શુભરાગ પણ મેલ ને દુઃખ છે. આહા..હા..! આ વાત, બાપુ! વીતરાગમાર્ગ છે. આ તો જિનવરનો ત્રિલોકનાથનો માર્ગ છે, પ્રભુ! એ તારો માર્ગ છે. આહા..હા..! વાતને સાંભળવી પણ મુશ્કેલ પડે. આહા..હા..! મહિના-મહિનાના અપવાસ, બબ્બે મહિનાના અપવાસ એ બધો વિકલ્પ છે, રાગ છે, એ ધર્મ નથી. એ તો વૃત્તિનું ઉત્થાન છે. વૃત્તિ ઉઠે છે એ તો વિકાર છે. આહા..હા..! એમાં તું માને છો કે આ ભાવ મારો અને એ મારું ભલું સ્વરૂપ છે. આહા..હા..! ભગવાન સંબોધે છે, એ તમારું પદ નહિ. ભારે ગજબ વાત છે! એ શ્લોક તો આહા..હા..! ત્રિલોકનાથ જિનવરદેવનો પોકાર છે. અમારા પ્રત્યેનો રાગ અને અમારી શ્રદ્ધા તને જે છે એ રાગ પણ તારું પદ નથી. આહા..હા..!

'**તારું પદ તો શુદ્ધ ચૈતન્યધાતુમય છે,...**' જોયું! આહા..હા..! ધાતુવાળુ છે એ નહિ, શુદ્ધ ચૈતન્યમય છે. જ્ઞાન—પ્રજ્ઞાબ્રહ્મસ્વરૂપ છો. આહા..હા..! આનંદમય તારું સ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદમય પ્રભુ તું છો. આહા..હા..! ત્યાં નજર કરને. આહા..હા..! ત્યાં જાને, ત્યાં જાને. અહીં રખડવામાં જા છો એના કરતા. આહા..હા..! વસ્તુનો સ્વભાવ, વસ્તુ પરમાત્મા પોતે. આહા..હા..! કેમ બેસે? પામર થઈને માન્યો એને પ્રભુતા કેમ બેસે? આહા..હા..! '**તારું પદ તો શુદ્ધ ચૈત્નયધાતુમય છે, બહારમાં અન્ય દ્રવ્યોના ભેળ વિનાનું...**' આહા..હા..! છે? બે વાત લીધી હતીને ઓલી શુદ્ધ-શુદ્ધ. કર્મ, શરીર, વાણી, મન અન્ય દ્રવ્યના ભેળ વિનાની ચીજ તારી છે. એક વાત. કેમકે એ પરદ્રવ્ય એ તારામાં છે નહિ. એક વાત.

'**તેમ જ અંતરંગમાં વિકાર વિનાનું...**' આહા..હા..! અંતરમાં ભગવાન ચિદાનંદસ્વરૂપ જેને આત્મા કહીએ એ તો અંતરંગમાં પુણ્ય-પાપના વિકારરહિત તારું પદ છે અંદર. આહા..હા..! આવી વાતું સાંભળવી કઠણ પડે, બિચારાને મળે નહિ, રખડી મર્યો અનંતકાળથી. આહા..હા..! સમજાણું કાંઈ? પાંચ મહાવ્રતના પરિણામ કહે છે કે રાગ ને દુઃખમય છે. કેમકે અમૃતનો સાગર ભગવાન સુખસાગર એનાથી એ પરિણામ વિપરિત નામ વિરુદ્ધ છે, માટે તે દુઃખમય છે, એ તારું પદ નહિ, પ્રભુ! તારું પદ તો સુખમય આનંદઘન છે ત્યાં તું છો, ત્યાં નજર કરને. આહા..હા..! એ દૃષ્ટિને ફેરવી નાખ એમ કહે છે. રાગની રુચિમાં, પ્રેમમાં પડ્યો વ્યભિચારી, ફેરવી નાખ દૃષ્ટિ. જ્યાં ભગવાન આનંદકંદ અનાકુળ શાંતરસ પડ્યો છે, પ્રભુ! આહા..હા..! ત્યાં નજર કર એ તારું પદ છે. સમજાણું કાંઈ?

'**અંતરંગમાં વિકાર...**' એટલે પુણ્ય-પાપના વિકલ્પ વિનાનું તારું તત્ત્વ છે. આહા..હા..! કેમકે પુણ્ય-પાપના પરિણામ તો આસ્રવ છે. નવ તત્ત્વમાં આસ્રવ છે, એ આસ્રવનો પેટાભેદ છે એ પુણ્ય ને પાપ અને શુભ અને અશુભભાવ. એ આસ્રવભાવ, પુણ્ય-પાપના ભાવ નાશ કરવાલાયક છે અને જીવનો જ્ઞાયકભાવ તેનો આશ્રય લેવાલાયક છે. એના આશ્રયથી સંવર, નિર્જરા અને મોક્ષ થાય છે.

આહા..હા..! સમજાણું કાંઈ? **'અને સ્થાયી છે;...'** આહા..હા..! સ્થિરબિંબ છે એ તો ધ્રુવ. આહા..હા..! શુભ-અશુભભાવ તો અસ્થિર, કૃત્રિમ, નાશવાન, દુઃખરૂપ, ત્યારે ભગવાન અકૃત્રિમ, અવિનાશી, સુખરૂપ, સ્થાયી. સ્થાયી નામ સ્થિર રહેવાલાયક એ ચીજ છે. આહા..હા..! અરે..! આવો આત્મા ક્યાંય (સાંભળ્યો ન હોય). આ તો દયા પાળો ને વ્રત કરો ને અપવાસ કરો. મરો પછી ચાર ગતિમાં રખડો. એ જાણે મોક્ષ થાશે. ધર્મ પણ નથી, ધૂળમાંય નથી સાંભળને. આહા..હા..!

**'તે પદને પ્રાપ્ત થાઓ—'** છે? **'શુદ્ધ ચૈતન્યરૂપ પોતાના ભાવનો આશ્રય કરો.'** આહા..હા..! ભાષા જુઓ છેલ્લું આવ્યું. એ રાગનો આશ્રય કર્યો છે એ દુઃખરૂપમાં પડ્યો છો તું, ભાઈ! ભગવાન શુદ્ધ ચૈતન્યધાતુ જ્ઞાયકમૂર્તિ છે એનો આશ્રય કર, એ તારું પદ છે. આહા..હા..! ભાષા તો સાદી છે, ભાવ તો જે છે એ છે. આહા..હા..! ત્રિલોકનાથ તીર્થંકર પરમેશ્વર અનાદિ અનંત તીર્થંકરોનો આ પોકાર છે. અનંત તીર્થંકરો થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે. આહા..હા..! ભાઈ! તને સુખ જોઈતું હોય તો અંતરમાં જા. જ્યાં સુખનું નિધાન ખાણ છે અને રાગમાં જા તો પ્રભુ એ તો દુઃખ છે. આહા..હા..! આ બધા હોંશીલા હરખ. નહોતું આવ્યું આપણે નિત્યમતા? રાગમાં હરખ માનીને પડ્યા છે મૂઢ. જ્યાં દુઃખ છે ત્યાં હરખાય છે અને જ્યાં ભગવાન છે ત્યાં એનો આદર કરતો નથી. પોતે ચૈતન્યધાતુ જ્ઞાનમૂર્તિ આનંદકંદ પ્રજ્ઞાબ્રહ્મ શાંતરસનો કંદ. શાંતરસ એટલે વીતરાગભાવ. વીતરાગભાવનું સ્વરૂપ તે આત્મા છે. આ રાગસ્વરૂપ એ તારું પદ નહિ. આહા..હા..! આવી વાતું વીતરાગ સિવાય ક્યાંય નથી. વાડાવાળાને ખબર નથી બિચારાને. આહા..હા..! સમજાણું કાંઈ?

વીતરાગને શું કહેવું છે અને ક્યાં તેને ખેંચીને લઈ જવા છે એની ખબર નથી. શુભ-અશુભભાવમાંથી ખેંચાઈ, છોડીને પ્રભુમાં લઈ જવા છે એને. શુદ્ધ ચૈતન્યધાતુ પરદ્રવ્યના ભેળસેળ વિનાની અને અંતરંગ પુણ્ય-પાપના વિકાર વિનાની. આહા..હા..! એ ચૈતન્ય આત્મા. આહા..હા..! એમાં આવ, એનો આશ્રય કર. આહા..હા..! આ દુકાળ પાર પાડવા એ પૈસાવાળા ધનાઢ્ય ગૃહસ્થીનો આશ્રય લે છેને. આકરો દુકાળ પડ્યો હોય, અનાજ પાકે નહિ, ઢેફાં. એક માણસ આવ્યો હતો અહીં બિચારો દુકાળ વખતે. ૨૦૦૫ની સાલ હતીને, દુકાળ પડ્યો હતો. કણબી આવ્યો. એ મહારાજ! ઢેફા જંગલમાં છે, ઘરમાં કાંઈ નથી. ખાવા મળતું નથી. બિચારો રાડ પાડતો હતો. બહાર જઈએ તો ઢેફા દેખાય છે. ચોથી, પાંચમી સાલ દુકાળ હતો અહીં. ચોથી સાલમાં પાંચ ઈંચ અને પાંચમી સાલમાં દસ ઈંચ. બસ એક-એક વર્ષમાં આટલું. આજ એક સાલમાં ૪૭ ઈંચ. રાડ પાડતો હતો બિચારો. ઢેફા-ઢેફા બધે, ક્યાંય અનાજ નથી. એમ ભગવાન આત્મા સિવાય પુણ્ય-પાપ બધા ઢેફા દેખાય છે, ક્યાંય અનાજ નથી, મારો ખોરાક નથી. આહા..હા..! ખોરાક તો પ્રભુ તારો અંતરમાં છેને. આહા..હા..!

ઓલા અન્યમતિમાં કહે છે, 'મારી નયન ને આળસે રે, મેં નિરખ્યા ન નયણે હરિ.' હરિ કોણ? આત્મા હોં. ઓલો હરિ ભગવાન કર્તાફર્તા કોઈ નથી. પંચાધ્યાયીમાં એને હરિ કીધા છે. કારણ કે અજ્ઞાન અને રાગ-દ્વેષને હણે તે હરિ. એવો જે આ ભગવાન હરિ. 'નયનને આળસે રે, મેં દેખ્યા ન નયણે હરિ.' આહા..હા..! નયનને આળસે પરમાં જોતા મેં પોતાને જોયો નહિ. આહા..હા..! ખબર ન મળે કે શું છે

હું અને આ શું છે એની ખબર ન મળે. આહા..હા..! '**પોતાના ભાવનો આશ્રય કરો.**'

'**હવે પૂછે છે કે (હે ગુરુદેવ!) તે પદ ક્યું છે?**' અહીં આવો... અહીં આવો.. અહીં આવો. આ જાય એ છે શું પણ એ? આહા..હા..! '**(તે તમે બતાવો). તે પ્રશ્નનો ઉત્તર કહે છે :—**'

**आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं।**
**थिरमेगमिमं भावं उवलब्भंतं सहावेण।।२०३।।**

એ મૂળ શ્લોક કુંદકુંદાચાર્ય. આ હરિગીત નીચે.

**જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,**
**સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.**

અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત મુનિ પ્રમત્ત-અપ્રમત્તમાં ઝૂલતા હતા. એમાં વિકલ્પ હતો ત્યારે આ ટીકા થઈ ગઈ. ટીકા તો અક્ષરે થઈ છે, પણ એમાં વિકલ્પ એક નિમિત્ત કહેવામાં આવે છે. અક્ષરની ટીકા આત્મા કરી શકે નહિ. એ તો જડ છે, અક્ષરો તો જડ છે. એક એક 'ખ' એમાં અનંત પરમાણુનો પિંડ છે એ તો. આહા..હા..! એ ટીકામાં વિકલ્પ નિમિત્ત હતો એથી ટીકા એણે કરી એમ કહેવામાં આવે છે. આહા..હા..! છેલ્લે તો કહ્યું તો છેને છેલ્લે, આ ટીકા મેં કરી એમ મોહ માનશો નહિ, ભાઈ! હું તો જ્ઞાનસ્વરૂપમાં છું, એમાં ટીકા રજકણના રચવામાં ક્યાં આવી ગયો હું? હું આવ્યો જ નથી ત્યાં. આહા..હા..! અહીં તો બે પુસ્તક બનાવે ત્યાં અમે રચ્યું ને અમે કર્યું અને અમારું નામ નાખો એમાં મોઢા આગળ. ફોટો મૂકો. મરી ગયા છે આમ ને આમ. સમજાણું કાંઈ? શેના ફોટા? ધૂળના? આ તો શરીરનો ફોટો ત્યાં જડનો છે. એમાં તું આવી ગયો ત્યાં ફોટામાં? કહો, પોપટભાઈ! સરખા લૂગડા પહેરી મખમલના, દાગીના... શું કાંઈક બોલેને ભાષા બોલેને. ફોટો પાડે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એમ બોલે છે કાંઈક. આપણને કાંઈ બહુ શબ્દની ખબર નહિ. સ્થિર થાઓ. થઈ રહ્યું એ તો જડનો ફોટો છે. એ જડ છે એનું અહીં આવ્યું નથી. ત્યાં તો એના રજકણો એ રીતે પરિણમ્યા છે ત્યાંના. આહા..હા..! ફોટામાં તો રજકણો પરમાણુ પોતાની પર્યાયપણે પરિણમ્યા છે. એના રજકણ અહીં આવ્યા નથી. આહા..હા..! એને પોતાનો માનીને આમ હરખ થાય. બહુ સરસ આવી ગયું છે. આજે ભાઈ આવ્યા હતા. વયા ગયા. કાંતિભાઈ ફોટાવાળા આવ્યા હતા. પાલિતાણાવાળા. જાડા નહિ? બાપ-દીકરો બેય આવ્યા હતા. ક્યાંક ગયા હતા તો આવ્યા હતા. અરે..! બાપા! રાગ તારા નહિ ત્યાં ફોટા તારા ક્યાંથી આવ્યા? પ્રભુ! શું છે તને આ? આહા..હા..!

અહીં કહે છે, '**ખરેખર...**' છેને? ટીકા છે. '**इह खलु**' '**इह खलु**' સંસ્કૃત ટીકામાં છે. '**इह खलु**' '**खलु**' એટલે ખરેખર નિશ્ચય. '**इह**' એટલે આ. '**ભગવાન આત્મામાં...**' આહા..હા..! '**ખરેખર આ...**' પ્રત્યક્ષ ચૈતન્યમૂર્તિ ભગવાન. 'આ' કીધું છેને. પ્રત્યક્ષ આ. પુણ્ય અને પાપ વિનાનો આ. ખરેખર આ જ ભગવાન આત્મા. છે? ભગવાન આત્મા કીધો છે. આહા..હા..! એક જણાએ અહીં સાંભળ્યું હતું તો કહે ત્યાં તો ભગવાન આત્મા કહે છે. અત્યારે ક્યાં ભગવાન હતો? અરે..! સાંભળને

હવે, અત્યારે ભગવાન છો. ભગવાન ન હોય તો ભગવાન થઈશ ક્યાંથી? સમજાણું? એની કોરથી આવ્યું હતું તમારી કોરથી હિન્દુસ્તાનમાંથી, કે ત્યાં તો ભગવાન આત્માને કહે છે. સાંભળ બાપા! તને ખબર નથી, ભાઈ! શું કીધું આ?

'**ખરેખર આ ભગવાન આત્મામાં...** ' આહા..હા..! વસ્તુસ્વરૂપ એ ભગવાનસ્વરૂપ છે. આહા..હા..! અરે..! કેમ બેસે? રાગનો કણ કરીને રાજી થાય એને આ ભગવાન આત્મા કેમ બેસે? આહા..હા..! '**ખરેખર...**' અમૃતચંદ્રાચાર્ય સંત છે એ બાજુ. આ મૂળ શ્લોક છે કુંદકુંદાચાર્યનો. આ ટીકા છે અમૃતચંદ્રાચાર્યની અને આ મુનિ છે એ નિયમસારની ટીકાના કર્તા છે. આ ત્રણ મુખ્ય અહીં. આ અમૃતચંદ્રાચાર્ય છે. મહા આત્મધ્યાની, જ્ઞાની પરમ અતીન્દ્રિય આનંદના રસીલા, સ્વાદિયા, પ્રચુર સ્વસંવેદન આનંદનું એમાં રમે છે. એમાં જરી આ વિકલ્પ આવ્યો કે આ ટીકા કરું. આહા..હા..! છતાં 'એ ટીકા મેં કરી છે એમ પ્રભુ તમે માનશો નહિ, હોં!' એમ કહે છે. આહા..હા..! અહીં તો જરી ગાયન કરતા આવડ્યું અને ફલાણું કરતા આવડ્યું. જુઓ! આ મારું ગાયન છે, જુઓ મેં કેવું કર્યું છે! મારી નાખ્યા આને માનમાં માન... માન... આહા..હા..!

અહીં કહે છે '**ખરેખર આ ભગવાન આત્મામાં...**' ભગ નામ આનંદની લક્ષ્મી અને જ્ઞાનની લક્ષ્મીવાનવાળો આ ભગવાન આત્મદ્રવ્ય એમાં '**બહુ દ્રવ્ય-ભાવો મધ્યે...**' આહા..હા..! બહુ દ્રવ્ય એટલે વસ્તુ આ રજકણ આદિ પરદ્રવ્ય અને ભાવ રાગાદિ. '**જે અતત્સ્વભાવે અનુભવાતા...**' અંદરમાં આત્મસ્વભાવ નથી અને રાગનો ભાવ છે એ અતત્સ્વભાવે અનુભવાતા. તત્સ્વભાવે નહિ પણ અતત્સ્વભાવે અનુભવાતા. આહા..હા..! સમજાણું કાંઈ? '**(અર્થાત્ આત્માના સ્વભાવરૂપે નહિ, પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા)** ' આહા..હા..! એ પંચમહાવ્રતના પરિણામ, દયા, દાનના, ભક્તિના પરિણામ એ અતત્સ્વભાવે અનુભવાતા. આહા..હા..! અરે.. આવી વાત! જ્યાં લોકો ધર્મ માનીને બેઠા ત્યાં કહે છે કે એ અતત્સ્વભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** અત્યારે મહાવ્રત ક્યાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકો માને છેને. ક્યાં હતા. જે મહાવ્રતના પરિણામથી નવમી ગ્રૈવેયકે ગયો એ તો અત્યારે છે જ નહિ. દિગંબર સાધુને પણ નથી. શું કીધું?

**શ્રોતા :-** ભગવાનના સાધુઓ રહેશે માટે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** (અત્યારે છે) એ બધા ખોટા છે, રહેશે (એની વાત) નહિ. અત્યારે છે એ બધા ખોટા છે. હંસ ન દેખાય માટે કાગડાને કાંઈ હંસ મનાય? એ તો અમારે મૂળચંદજી કહેતા. અમે સાધુ છીએ. ક્રિયા સારી કરતા ને ક્રિયા નહિ? દૃષ્ટિ મિથ્યા. ખરેખર તો સ્થાનકવાસી અને શ્વેતાંબર ગૃહીતમિથ્યાદૃષ્ટિ છે બધાય. સમકિતી તો નથી, અગૃહિતમિથ્યાત્વી ઉપરાંત ગૃહીતમિથ્યાત્વી છે. ભાઈ! ઝીણી વાતું બાપા! સ્થાનકવાસીની માન્યતાવાળા સમકિતી ન હોઈ શકે, એમ શ્વેતાંબરની માન્યતાવાળા. બાપુ! આકરી વાત છે, ભાઈ! એય..! ચેતનજી! ચેતનજી સાધુ હતા શ્વેતાંબરમાં. બાપુ! માર્ગ જુદાં, ભાઈ! આ દિગંબર માર્ગમાં પણ નગ્નપણું એ કાંઈ સાધુપણું નથી અને પંચમહાવ્રતના

પરિણામ પણ ક્યાં છે સરખા? એને છે ક્યાં? એને માટે આહાર કરીને લે છે. આહા..હા..! એ છે ક્યાં? ઝીણી વાત છે, બાપુ! મોક્ષમાર્ગમાં ખુલાસો કર્યો છે. ભગવાને કીધું છેને. કીધું હશે ક્યાંક હશે. આ દેખાય છે એમાં તો નથી કોઈ એમ લખ્યું છે. કોઈ નથી. દિગંબરના સાધુમાં પણ કોઈ સાધુ નથી, એમ લખ્યું છે. અરે..! અઢીસો વર્ષ પહેલાં દીપચંદજી થઈ ગયા. શું કીધું નામ? ભાવદિપીકા. મોટુ પુસ્તક છે ભાવદિપીકા. અહીં બધા હજારો પુસ્તકો છે. બધા જોયા છે. એમાં લખ્યું છે અઢીસો વર્ષ પહેલાં હોં! અત્યારની તો વાત શું કરવી? કે હું જોઉં છું તો આગમની શ્રદ્ધાવાળો કોઈ દેખાતો નથી અને કોઈ વક્તા પણ આગમ પ્રમાણે વાતું કરે એવો પણ મેં દેખ્યો નથી અત્યારે અને મોઢેથી જો વાત સત્ય કહેવા જાઉં તો એ માનતા નથી. માટે હું તો લખી જાઉ છું કે માર્ગ આ છે, બીજો માર્ગ બધા કહે છે એ જૂઠાં છે. ભાવદિપીકામાં છે. બતાવ્યું હતુંને. અહીં ઘણાં શાસ્ત્રો તો હજારો, કરોડો શ્લોકો જોયા છે, વાંચ્યા છે. અરે..! ક્યાં હતું બાપુ! હજી તો સમકિતના ઠેકાણા નથી. વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી. સમકિત તો વળી નિશ્ચય એક કોર રહી ગયું. આહા..હા..! કુદેવને સુદેવ માને, કુગુરુને ગુરુ માને, કુશાસ્ત્રને શાસ્ત્ર માને એ તો ગૃહીત મિથ્યાત્વ છે.

**શ્રોતા** :- ૨૧૦૦૦ વર્ષ ધર્મ કઈ રીતે ચાલશે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ધર્મ ચાલશે આત્માના આશ્રયથી, બહારથી નહિ ચાલે. એય..! શેઠ!

**શ્રોતા** :- પ્રભાવનાથી નહિ ચાલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શેની પ્રભાવના? ક્યાં પ્રભાવના હતી? આત્માના આનંદનું ભાન થાય અને એની પ્ર-વિશેષે દશા થાય તેનું નામ પ્રભાવના. અહીં તો ભાઈ બધા અર્થ ફેર છે આખી દુનિયા કરતાં. વીતરાગના અર્થ ફેર છે. આહા..હા..! સમજાણું કાંઈ?

એ કહે છે '**ભગવાન આત્મામાં બહુ દ્રવ્ય-ભાવો મધ્યે જે અતત્સ્વભાવે અનુભવાતા (અર્થાત્ આત્માના સ્વભાવે નહિ, પરંતુ પરસ્વભાવરૂપે અનુભવાતા),...** ' આહા..હા..! એ પુણ્ય-પાપનો ભાવ એ અતત્સ્વભાવ છે. આહા..હા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ, એનો ભાવ ક્યાં છે ત્યાં? પુણ્ય-પાપના વિકલ્પમાં એ તો અતત્સ્વભાવ છે. આહા..હા..! આપણે તો અહીં ૧૮મી વાર ચાલે છે આ કાંઈ પહેલું નથી. ૪૨ વર્ષ થયા. ૪૨-૪૪ થયા. આ તો પહેલેથી કહેતા આવીએ છીએ અહીં તો. આહા..હા..! '**અનિયત અવસ્થાવાળા,...**' શું કીધું? એ પુણ્ય ને પાપના વિકલ્પો તે અનિયત અવસ્થા છે, નિયત અવસ્થા નથી. આહા..હા..! અનિયત—નિશ્ચય અવસ્થા નથી, એની અવસ્થા પલટતી અનિયત અવસ્થા છે. દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ '**અનેક,...**' છે. ત્રીજો બોલ. એ અનેક છે. પુણ્ય-પાપના ભાવ અસંખ્ય પ્રકારના શુભભાવ અનેક એ અતત્સ્વભાવ છે, ક્ષણિક છે. આહા..હા..! '**વ્યભિચારી ભાવો છે.,...**' આહા..હા..! આનંદનો નાથ ભગવાન અનાકુળ આનંદની સેવા છોડીને જેણે પુણ્યભાવની સેવા કરી તે વ્યભિચારી છે. સમજાણું કાંઈ? બધું ઘણું સાંભળ્યું છે લોકોનું. દુનિયા ભાન નહિ ને ક્યાંય વર્તે છે, માનીને કાંઈક બેસે છે. આહા..હા..!

'**વ્યભિચારી ભાવો છે,...**' કોણ? જે શુભ અને અશુભભાવ એ વ્યભિચારી ભાવ છે. એટલે

કે વ્યભિચારમાં સ્ત્રી અને પુરુષ બે હોય, એમ આત્મા એકલો નથી આમાં, એના કર્મના નિમિત્તે થયેલો ભાવ માટે વ્યભિચારી છે એ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! '**તે બધાય પોતે અસ્થાયી હોવાને લીધે...**' છેને? એ બધા ભાવ અસ્થાયી છે. પુણ્ય અને પાપના ભાવ અસ્થાયી છે. અસતત્સ્વભાવ છે. છેને? અનિયત છે, અનેક છે, ક્ષણિક છે, વ્યભિચારી છે, બધા અસ્થાયી ભાવ છે. આહા..હા..! બાયડી, છોકરા, કુટુંબની અહીં વાત નથી, એ તો અસ્થાયી એને ઘરે રહ્યા. આહા..હા..! અંદરના શુભ અને અશુભ વિકલ્પો જે છે એના પાંચ વિશેષણ છે. આહા..હા..! અતત્સ્વભાવ છે, અનિયત છે—નિશ્ચય નથી રહેતા, ક્ષણિક છે, વ્યભિચારી છે, અનેક છે અને તેથી બધા અસ્થાયી છે. આહા..હા..! આ તો માર્ગ બાપા વીતરાગનો બહુ (ઝીણો). હજી તો સમકિતના ઠેકાણા નહિ, વ્યવહારશ્રદ્ધાના ઠેકાણા નથી જ્યાં. આહા..હા..! ગૃહીતમિથ્યાત્વના પોષક છે માર્ગ બધા. આહા..હા..! એવી વાત છે. આહા..હા..!

'**તે બધાય પોતે...**' જોયું! તે સ્વયં વિકારી ભાવ '**અસ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવાયોગ્ય હોવાથી...**' રહેનારનું સ્થાન એ નહિ થઈ શકવા યોગ્ય હોવાથી. આહા..હા..! સ્થાતા નામ સ્થિર થવાને લાયક એ ભાવ નથી. જેને સ્થિર થવું છે એ માટે નાલાયક છે એ ભાવ. આહા..હા..! છેને, આ ક્યાં ટીકા અત્યારની છે, આ તો હજારો વર્ષની છે. અને મૂળ પાઠ શ્લોક તો બે હજાર વર્ષ પહેલાંનો છે અને એનો ભાવ તો અનાદિકાળનો છે. આહા..હા..! જૈનશાસનમાં ચાલ્યો આવે છે અનાદિથી. આહા..હા..!

**શ્રોતા :–** આશ્રવને આશ્રવ માને તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આસ્રવને આસ્રવ માને ક્યારે માને? કે સ્વભાવની દૃષ્ટિ થઈ હોય ત્યારે. ત્યારે તેને ભિન્ન માને, દુઃખરૂપ જાણે. હોય પણ એ દુઃખરૂપ છે, એનો હું જાણનાર છું, એ મારી ચીજ નથી. આવી વાતું બાપા! બહુ (આકરી). આહા..હા..!

અરે..! અનાદિથી હેરાન હેરાન છે. એ અસ્થાયી ભાવમાં સ્થાયીપણે રહેનારનું એ સ્થાન નથી, એ અપદ છે. આહા..હા..! અપદની આ વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રહેઠાણનું એ સ્થાન નથી. જેને રહેઠાણ નાખવું હોય એનું એ સ્થાન નથી. રહેઠાણનું સ્થાન તો ભગવાન નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**રહેનારનું રહેઠાણ નહિ થઈ શકવાયોગ્ય હોવાથી અપદભૂત છે;...**' જોયું! અપદભૂત છે. એ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે છે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ, પંચમહાવ્રતનો વિકલ્પ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ એ બધો અસ્થાયી છે, અતત્સ્વભાવ છે, અપદભૂત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

હવે સવળું. '**અને જે તત્સ્વભાવે અનુભવાતો,...** ' આહા..હા..! ભગવાનના આનંદના સ્વભાવે અનુભવાતો એવો આત્મા. '**(આત્માના સ્વભાવરૂપે) અનુભવાતો,...**' ઓહો..હો..! '**નિયત...**' નિયત છે એ. ત્રિકાળી સ્વભાવ તે ચૈતન્યભાવે અનુભવાતો નિયત છે. આહા..હા..! '**નિયત અવસ્થાવાળો,...**' છે. '**એક,...**' છે. આહા..હા..! ઓલા પુણ્ય-પાપના વિકલ્પ તો

અસંખ્ય પ્રકારના અનેક હતા, ભગવાન આત્મા અંદર એકરૂપે છે. આનંદકંદ પ્રભુ વીતરાગમૂર્તિ પ્રભુ એકરૂપે અંદર છે. આહા..હા..! '**નિત્ય,...**' છે. વસ્તુ ભગવાન નિત્યાનંદ નિત્ય છે. '**અવ્યભિચારી ભાવ (ચૈતન્યમાત્ર જ્ઞાનભાવ) છે,...**' આહા..હા..! એ સંયોગથી ઉત્પન્ન થયેલો ભાવ નથી, સ્વભાવભાવ છે. આહા..હા..! ઓહો..હો..! શું થાય, ભાઈ! માર્ગ તો આ છે. સાંભળવા મળ્યો નથી એને બિચારાને શ્રદ્ધવામાં, વિચારવામાં તો ક્યાંથી આવે? વિચારવામાં ક્યાંથી આવે અને શ્રદ્ધવામાં તો ક્યાંથી આવે? એ તો વળી (જુદી વાત છે). આહા..હા..!

એ '**અવ્યભિચારી ભાવ છે, તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે...**' આહા..હા..! નિત્ય આનંદ ધ્રુવ જ્ઞાયકભાવ તે એક જ ભાવ સ્થાયી-રહેનારનું સ્થાન છે. '**સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવાયોગ્ય હોવાથી પદ્ભૂત છે.** ' આહા..! નિત્યાનંદ પ્રભુ ધ્રુવ નિયત અવસ્થાવાળો, ત્રિકાળી શક્તિવાળું અવ્યભિચારીભાવ ચૈતન્યમાત્ર તે તેનું પદ, ધ્રુવપદ છે અને રાગાદિ ભાવ તે બધો અપદ અને અસ્થાયીભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,...**' દઈ. જુઓ છે? એ વિકલ્પો જે દયા, દાન, વ્રત, ભક્તિના એ બધો અસ્થાયી ભાવ છે એને છોડી દઈ, એ દૃષ્ટિમાંથી તેનો આશ્રય છોડી દઈ. આહા..હા..! '**જે સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...** ' આહા..હા..! એ રાગનો સ્વાદ છે એ ઝેરીલો સ્વાદ છે એને છોડીને '**સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું,...**' આહા..હા..! અતીન્દ્રિય આનંદના સ્વાદમાં આવતો આત્મા. ઓલો રાગનો સ્વાદ હતો. આ વીતરાગ અતીન્દ્રિય મૂર્તિ પ્રભુ એમાં દૃષ્ટિ પડતાં એવું પરમાર્થરસપણે. પરમાર્થરસ જોયું! ઓલો તો કૃત્રિમ રસ હતો ઝેરનો, રાગનો. આ તો પરમાર્થ આત્મરસ છે અંદર. અરે..! આવી વ્યાખ્યા અને આવો ઉપદેશ હવે. સાધારણ માણસને તો કાંઈ (સમજાય નહિ). એવો માર્ગ બાપા! વીતરાગનો માર્ગ એવો છે. જન્મ-મરણરહિત થવાની રીત કોઈ જુદી છે. બાકી તો બધું છે એ કરે છે, રખડે છે. આહા..હા..!

'**પરમાર્થરસપણે સ્વાદમાં આવતું,...** ' કોણ? આ જ્ઞાન. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ એટલે આત્મા ત્રિકાળી આત્મસ્વભાવ એ '**એક જ આસ્વાદવાયોગ્ય છે.**' આહા..હા..! એ આનંદના નાથને વેદવા ને સ્વાદમાં લેવાલાયક છે. હવે એ સ્વાદ કેવો વળી? દૂધપાકનો સ્વાદ એ કાંઈ આત્માને આવતો નથી. સ્ત્રીનું શરીર જે માંસ, હાડકા એનો કંઈ આત્માને ભોગ નથી. ફક્ત એ તરફનું લક્ષ જતાં એને ઠીક એવો રાગ ઉત્પન્ન કરે છે એ રાગને એ સ્વાદે છે, રાગને એ ભોગવે છે શરીરને ભોગવતો નથી ત્રણકાળ-ત્રણલોકમાં, તેમ મેસુબ ને દાળ, ભાત, ઊંચા પકવાન એને પણ આત્મા ભોગવતો નથી; ફક્ત તેના તરફ લક્ષ જઈને 'ઠીક છે' એવા રાગને ભોગવે છે. આહા..હા..! આવી વાતું. એ જ્યારે ફરી જાય છે દૃષ્ટિ... આહા..હા..! અને સ્વભાવમાં આવે છે ત્યારે જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે. એ આનંદનો નાથ ભગવાન આસ્વાદવાયોગ્ય-સ્વાદ કરવાલાયક છે. રાગનો સ્વાદ છે તેને છોડી દઈને આત્માના આનંદનો સ્વાદ કરવાલાયક છે. એનું નામ સમ્યગ્દર્શન અને એનું ધર્મ છે. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૯, બુધવાર, તા. ૨૯-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૩, કળશ-૧૩૯, પ્રવચન નં. ૨૭૬

સમયસાર, નિર્જરા અધિકાર, ૨૦૩ ગાથા ચાલે છેને. વચ્ચે આવ્યું છે. હવે થોડુંક બાકી છે. બાકી છેને. શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે, ભાઈ! આ આત્મા જે છે આત્મા, એમાં જે પુણ્ય અને પાપનો ભાવ આદિ થાય છે, વ્રત અને અવ્રતનો વિકલ્પ જે ઉત્પન્ન થાય છે એ બધું અપદ છે. પોતાનું સ્વરૂપ નહિ, પોતાનું સ્થાન નહિ. ઝીણી વાત, ભાઈ! એ કહ્યુંને અહીંયાં દેખો! **'તે એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવાયોગ્ય હોવાથી પદભુત છે.'** એ પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ, ચૌદ ગુણસ્થાનનો ભાવ એ બધા અસ્થાયી ભાવ છે, સ્થિર નથી, ક્ષણિક છે, અનિત્ય છે, અપદસ્વરૂપ દુઃખરૂપ છે. ઝીણી વાત ભાઈ! ભગવાન સર્વજ્ઞ વીતરાગ એનો ધર્મ બહુ સૂક્ષ્મ!

અહીંયાં તો કહે છે કે જે બધા **'એક જ પોતે સ્થાયી હોવાને લીધે સ્થાતાનું સ્થાન...'** ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપી ત્રિકાળ ધ્રુવ એ જ એને રહેનારનું રહેઠાણ-સ્થાન છે. બાકી રાગાદિ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ અપદ અને અસ્થાન છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? **'તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,...'** છેલ્લી લીટી. શરીર, વાણી, મન તો જડ છે એની સાથે તો કાંઈ નહિ. અંદરમાં જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠનો વિકલ્પ ઊઠે છે એ પણ વિકાર અને અસ્થાયી છે. આહા..હા..! જેને ધર્મ કરવો હોય તો કહે છે કે એ અસ્થાયી ભાવને છોડીને.. આકરી વાતું ભારે, ભાઈ!

**'તેથી સમસ્ત અસ્થાયી ભાવોને છોડી,...'** આહા..હા..! એ વિકલ્પો જે છે બધા, બધા વિકલ્પ છે એ અસ્થાયી છે, ક્ષણિક છે, અનિત્ય છે, અનેક છે. આહા..હા..! જેને આત્માનો ધર્મ કરવો હોય તો એ અસ્થાયી ભાવનું લક્ષ છોડીને. આહા..હા..! **'સ્થાતાનું સ્થાન અર્થાત્ રહેનારનું રહેઠાણ થઈ શકવાયોગ્ય...'** છે. સ્વયં ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપી ધ્રુવ પદ એ ધ્રુવ પદ છે એ સ્થાયી છે. શરીર, વાણી, મન તો જડ છે, આ તો માટી, જડ પુદ્ગલ છે. લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ બધા એ તો પરવસ્તુ છે, એની સાથે કાંઈ આત્માને સંબંધ છે નહિ. આહા..હા..! આત્મામાં જે કાંઈ ગુણસ્થાનના ભેદ પડે છે, વર્ણ, રંગ, રસ, સ્પર્શ તો ભિન્ન રહો. આહા..હા..! અને અંદરમાં વ્રત, અવ્રતના વિકલ્પો ઊઠે છે એ પણ રાગ છે, ક્ષણિક છે, આહા..હા..! આકરી વાતું ભારે. અસ્થાયી છે, ધર્મીને રહેવાનું એ સ્થાન નથી. આહા..હા..! ડાહ્યાભાઈ! આવી વાત છે ઝીણી બાપુ! આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞદેવ જિનવરદેવ પરમાત્મા એમ ફરમાવે છે. પદ અને અપદ બે. એ શુભ અને અશુભ વિકલ્પો, રાગ, ગુણસ્થાન ભેદ એ બધા અપદ છે, તારું સ્થાન નથી, તારું સ્વરૂપ નથી, તારામાં

એ છે નહિ. આહા..હા..! '**જે સ્થાયીભાવરૂપ છે...**' જે સ્થિર નિત્યાનંદ પ્રભુ. આહા..હા..! '**એવા પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' આહા..હા..! એ શુભ-અશુભભાવનો સ્વાદ મેલો છે, દુઃખનો સ્વાદ છે એ. આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ પ્રભુ એ સ્થાયી-સ્થિર ધ્રુવ છે, એને આસ્વાદમાં લાવતું '**આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.**' આહા..હા..! '**એવા પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...** ' આહા..હા..!

.. રહસ્યપૂર્ણ ચિઠ્ઠી લખી છેને ભાઈએ. એના પહેલા શ્લોકમાં એ મૂક્યું છે, શાંત રસેન્દ્ર. છે? એ ચિઠ્ઠી લખતા એ લખ્યું છે. આહા..હા..! 'સર્વ મંગલં નિધો' 'હે બુદ્ધિમાન પુરુષો! જે અનુભવ હૃદયમાં પ્રાપ્ત થવાથી અનુપમ સુખની પ્રાપ્તિ થાય છે એ મુક્તિલક્ષ્મી શીઘ્ર વશમાં આવે છે એ સંપૂર્ણ મંગળોના સમુદ્રસ્વરૂપ શાંત રસેન્દ્રના અનુભવને તમે સેવો.' આહા..હા..! એ પુણ્ય અને પાપભાવ કષાયરસ અને દુઃખરૂપ (છે) આહા..હા..! તેને છોડીને શાંત સર્વ મંગલમાં મંગળિક. આહા..હા..! સમુદ્ર 'સર્વ સંપૂર્ણ મંગલોના સમુદ્રસ્વરૂપ શાંત રસેન્દ્ર.' આહા..હા..! શું છે એ વાત સમજવી કઠણ જગતને. અકષાયસ્વભાવ, આનંદસ્વભાવ જે પુણ્ય-પાપાના વ્યવહારના રત્નત્રયનો વિકલ્પ પણ ભિન્ન છે. એ પણ અશાંતભાવ છે. આહા..હા..! વ્રત, ભક્તિ, પૂજા, દાન, દયા એ ભાવ અશાંતભાવ છે, આહા..હા..! અસ્થાયીભાવ છે, તેને છોડીને સ્થાયી ભગવાન જ્ઞાન રસેન્દ્ર પ્રભુ આત્મા એનો આસ્વાદ લ્યો. આહા..હા..! એનું નામ ધર્મ છે. આ વાત આકરી. સમજાણું કાંઈ? છેને?

સર્વ મંગલો.. આવું તો મંગળિક શ્લોક કર્યો રહસ્યપૂર્ણ ચિઠ્ઠી લખતા, ઓલા ગૃહસ્થો ઉપર. આહા..હા..! એય..! શેઠ! આ તમને લખતાય આવડે નહિ હજી આ અક્ષર. નામા લખતા આવડે પૈસાના કરોડો રૂપિયાના, ધૂળના ને ધૂળના. એમ કે એનો જે વિષય હોય એ (આવડેને). આહા..હા..! પ્રભુ! તારો વિષય તો આત્મા છેને, નાથ! આનંદઘન નિધાન પડ્યું છેને અંદર. આહા..હા..! એ આનંદઘનનો સ્વાદ લેવો, અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં લેવો એ મંગળિકમાં મંગળિક પ્રથમ ધર્મ છે. આહા..હા..! કહો, વારિયાજી! આવી વાત છે, બાપા! લોકોથી તો વિરુદ્ધ છે ભાઈ! આહા..હા..! સંપ્રદાયમાં તો આ વ્રત કરો, તપસ્યા કરો, અપવાસ કરો, ભક્તિ કરો, જાત્રા કરો એ તમારે ધર્મ છે એમ અજ્ઞાની કહે છે. અહીં તો ભગવાન ત્રણલોકના નાથ જિનવરદેવ પરમાત્મા તો બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં પ્રભુ સીમંધર ભગવાન સાક્ષાત્ બિરાજે છે. ત્યાં ભગવાન કુંદકુંદાચાર્ય ગયા હતા સંવત્ ૪૯માં, બે હજાર વર્ષ પહેલાં. એ કુંદકુંદાચાર્ય. ત્યાંથી આવીને આ સમયસાર બનાવ્યું. આ સમયસાર. આહા..હા..!

ભગવાન એમ ફરમાવતા હતા કે પ્રભુ! તું એક પદ સ્થાયી ધ્રુવપદ છે, એ સિવાય પર્યાયમાં રાગાદિ છે એ બધું અપદ અને અસ્થાયીકર છે. આહા..હા..! આ તમારા પૈસા-ફૈસા તો ક્યાંય રહ્યા. અહીં એ વાત પણ નથી એમ કહે છે. પૈસા કે દિ' એના હતા? એ તો ધૂળના છે. પૈસા તો ધૂળ છે, પુદ્ગલ છે. અહીં તો પરમાત્મા અંદરની પર્યાય નામ અવસ્થામાં—દશામાં જે ગુણસ્થાનના ભેદ પડે છે, શુભ-અશુભભાવ થાય છે... આહા..હા..! એને પણ પ્રભુ એમ કહે છે કે ભાઈ! ભગવાન! એ અસ્થાયી છે.

સ્થિર રહેનારની ચીજ નથી, એ તારું પદ નથી, તારું સ્થાન નથી. આહા..હા..! આ વ્યવહારથી થાય, વ્યવહારથી થાય એમ માનનારાને કહે છે, વ્યવહારનો વિકલ્પ છે એ તો અસ્થાયી ને અપદ છે. તારું પદ નથી. આહા..હા..! અજ્ઞાનીપદાની છેને ભાઈ પછી કળશમાં. એ પદાનીનો અર્થ સંસ્કૃતમાં એ મૂક્યો છે વ્રતાદિ. વ્રતાદિ અપદ છે. કળશટીકામાં ઓલી કોર છે હોં! અધ્યાત્મ તરંગિણી. આહા..હા..! સંતોએ, આચાર્યોએ તો દિગંબર મુનિઓએ તો કેવળીના કેડાયતો, કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. આહા..હા..! અરે..! જગતને સાંભળવું ન મળે, એ વિચારે કે દિ' અને ક્યાંથી લાવે વાત? આહા..હા..! અરે..! દુઃખી પ્રાણી છે બિચારા. એ અબજોપતિ, કરોડોપતિ ભિખારા દુઃખી છે, દુઃખી છે. અરે..! એ તો દુઃખી છે, પણ વ્રતના પાળનારો વિકલ્પ છે એ દુઃખી છે. સમજાણું કાંઈ? આહા..હા..!

એ '**અસ્થાયી ભાવોને છોડી,...**' એ રાગની વૃત્તિનું ઉત્થાન રાગ છે. વ્રત ને ભક્તિ ને પૂજા ને દાન ને દયા ને એ બધી રાગની ક્રિયા છે. આહા..હા..! એ અસ્થાયીભાવ છે, સ્થિર નથી. (તેને) '**છોડી, જે સ્થાયીભાવરૂપ છે...** ' સ્થિર ભગવાન આનંદપ્રભુ નિત્યાનંદતત્ત્વ ભગવાન '**એવું પરમાર્થરસપણે...**' પરમાર્થરસ, આનંદનો રસ, અકષાયસ્વભાવના રસરૂપ. આહા..હા..! એવા રસથી '**સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ આસ્વાદવાયોગ્ય છે.**' ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ તે અનુભવ કરવાલાયક છે, એ સેવવાલાયક અને આસ્વાદન કરવાલાયક છે. છે કે નહિ અંદર? આહા..હા..! છે? '**સ્થાયીભાવરૂપ એવું પરમાર્થરસપણે...**' ખરેખર આનંદના રસરૂપથી '**સ્વાદમાં આવતું આ જ્ઞાન એક જ...**' ઓલા અનેક હતાને, મતિ ને શ્રુતના ભેદ પણ નહિ. એકરૂપ જ્ઞાયકભાવ. આહા..હા..! અરે..! જેને સમજમાં હજી કઠણ પડે. અનંતકાળ ગયો ધર્મ વિના. આ ધર્મ. સમજાણું કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' એ વ્રતાદિ ભાવ બધા દુઃખદાયક રાગ છે. આહા..હા..! જેને અત્યારે લોકો મહાવ્રતના ભાવને ધર્મ માને છે. આહા..હા..! છે? આહા..હા..! એક લીટીમાં—પંક્તિમાં તો કેટલું ભર્યું છે!

'**એવું પરમાર્થરસપણે સ્વાદમાં આવતું...**' આહા..હા..! એ વ્રત-અવ્રતના, ભક્તિ, પૂજાના ભાવ તો મેલા દુઃખરૂપ છે. આહા..હા..! આવો માર્ગ વીતરાગનો. કુંદકુંદાચાર્ય મહારાજ સખત. પરમાત્મા પાસે ગયેલ, આઠ દિન રહેલ ત્યાંથી આવીને આ બનાવ્યું છે અને એક હજાર વર્ષ પછી અમૃતચંદ્રાચાર્ય, એ બાજુ છે, આ એની અહીં ટીકા છે. આહા..હા..! દિગંબર સંતો વનવાસમાં રહેનારા પોકાર કરે છે ટીકા દ્વારા. આહા..હા..! અરે..! ભગવાન! તું પરમાર્થરસરૂપ આનંદરસનો સ્વામી છોને. શાંતરસ રસેન્દ્ર સમુદ્ર. આહા..હા..! શાંતરસનો સમુદ્ર ભગવાન આત્મા, અકષાયસ્વભાવરૂપ સમુદ્ર ભગવાન એનો સ્વાદ લે. આહા..હા..! તો તને ધર્મ થશે અને જન્મ-મરણ મટશે. એ વિના ત્રણકાળમાં જન્મ-મરણ મટશે નહિ. સમજાણું કાંઈ? આહા..હા..!

'**આ જ્ઞાન...**' ક્યું જ્ઞાન? '**સ્થાયીભાવરૂપ છે એવું પરમાર્થરસપણે...**' ભગવાન અતીન્દ્રિય આનંદરૂપે સ્વાદમાં આવનારું, આહા..હા..! એવું એ જ્ઞાન, એવો આત્મા '**એક જ આસ્વાદવાયોગ્ય**

છે.' ભગવાન આત્મા એક જ અનુભવવાયોગ્ય છે, કહે છે. આહા..હા..! કહો, શાંતિભાઈ! આ તમારા પૈસા-બૈસાની ધૂળની તો વાત પણ નથી અહીં ક્યાંય.

**શ્રોતા :-** મુનિ અને ત્યાગીની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિ અને ત્યાગીની ક્યાં વાત છે? વસ્તુમાં નથી આ. પૈસા-બૈસા તો ધૂળ ને શરીર આ તો વાણી માટી, પુદ્‌ગલ છે, જડ છે. આહા..હા..! એ આત્મામાં ક્યાં છે. અહીંયાં તો આત્મામાં પુણ્ય અને પાપનો ભાવ પણ નથી. આહા..હા..! ગાથા નિર્જરા અધિકાર છેને? કર્મની નિર્જરા, અશુદ્ધતાની નિર્જરા કોને થાય છે? કે જેને આત્માના આનંદનો સ્વાદ આવે છે એને. આહા..હા..! આ વ્રત કરે ને તપસ્યા કરે એ કરતા(-કરતા) એને કર્મની નિર્જરા થાય, ધૂળેય નહિ. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત.

**શ્રોતા :-** અપવાસ કરે તો નિર્જરા થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શેની નિર્જરા? ધૂળમાં? અપવાસ કરે એ તો વિકલ્પ છે. એ તો વિકલ્પ છે, રાગ છે. આહા..હા..! ઉપવાસ નામ આનંદનો નાથ ભગવાન એના 'ઉપ'માં-સમીપમાં આસ્વાદ લે એને ઉપવાસ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાતું હવે. માણસ પછી ન કહે કે નિશ્ચયની એકલી વાતું સોનગઢમાં છે. એય..! શેઠ! વાત તો સાચી છે. બાપુ! માર્ગ તો આ છે, બાપા! અહીંયાં તો વ્યવહારને ઉથાપી નાખે છે. આ શું કહે છે? વ્યવહાર હોય છે, પણ એ દુઃખરૂપ છે, તારું પદ નથી, તારું સ્થાન નથી, તારું ધામ નથી. આહા..હા..!

એ (જ્ઞાનપદ) આસ્વાદવાયોગ્ય છે. આહા..હા..! આત્મા આનંદ અતીન્દ્રિય સ્વરૂપ એ અનુભવવા લાયક છે. 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પામે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ તાકો નામ.' આહા..હા..! અનુભવ શું એની ખબરેય ન મળે. આહા..હા..! અને આ કર્યું ને આ કર્યું ને ભક્તિ કરી ને વ્રત કરી ને જાત્રા કરી, સમ્મેદશિખરની ને ગિરનારની. એ તો બધી રાગની ક્રિયા છે. શુભ-શુભ. આહા..હા..! ભારે આકરું કામ, ભાઈ! ઓલામાં તો આવે છે, 'એકવાર વંદે જો કોઈ.' લ્યો! સમ્મેદશિખરની. આવે છે. 'તાહી નરક પશુ ન હોય.' નરક પશુ ન મળે એમાં શું દાળિયા થયા? પછી જાશે નરકમાં. એ તો શુભભાવ છે. આહા..હા..! એ અસ્થાયીભાવ છે, અપદભાવ છે, અસ્થાનભાવ છે. આહા..હા..! આવી વાત આકરી પડે લોકોને. ભગવાન પોકાર કરે છે, બાપુ! આ માર્ગ છે. સંતો દિગંબર સંતોનો પોકાર આ છે. આહા..હા..!

'**ભાવાર્થ :- પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...**' ચૌદ ગુણસ્થાન. જોયું! તેરમું ગુણસ્થાન, ચૌદમું ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન. આહા..હા..! '**ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત,...**' છે. આહા..હા..! અરે..! વાંચન તો કરે, સમજે તો ખરો કોઈ દિ' આ શું કહે છે? છે? '**વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત,...** ' છે. કાયમ રહેનારી ચીજ નથી. '**અનેક,...**' વિકાર છે. '**ક્ષણિક,..**' છે. '**વ્યભિચારી ભાવો છે.**' આહા..હા..! આકરું લાગેને. ઓલા ભક્તિ, ભગવાનની ભક્તિ કરતા ને ગુરુની ભક્તિ કરતા મોક્ષ થાય. અહીં કહે

છે કે ભક્તિ કરતા રાગ થાય, સાંભળને હવે. આહા..હા..! એ વ્યભિચારી ભાવ છે. આહા..હા..! ભારે કામ, ભાઈ! છે કે નહિ અંદર?

'**પૂર્વે વર્ણાદિક...**' વર્ણ એટલે રંગ. રંગ, ગંધ આદિ અને '**ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારી ભાવો છે.**' આહા..હા..! કેમકે એ સંયોગી ભાવ છે. દયા, દાન, ભક્તિનો ભાવ પણ સંયોગીભાવ, વ્યભિચારભાવ છે. આહા..હા..! આકરું પડેને માણસને, શું થાય પણ, ભાઈ! એ મળ્યું નથી. સત્ સ્વભાવ એનો સાંભળવા મળ્યો નથી. આહા..હા..! એટલે લોકોને એવું લાગે કે એય..! એ તો નિશ્ચયની વાતું કરે છે. નિશ્ચય એટલે સાચી, વ્યવહાર એ ખોટી. આહા..હા..! સમજાણું કાંઈ? નિશ્ચય એટલે સત્ય. વ્યવહાર એટલે ઉપચારિક વાત છે. આહા..હા..! એ વ્યભિચારી ભાવ છે. આત્મા સ્થાયી છે. સદા વિદ્યમાન ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ છે. આહા..હા..! '**અને તે બધા ભાવો અસ્થાયી છે...**' આહા..હા..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ વ્યભિચાર છે. આકરી વાત પડેને.

**શ્રોતા :-** ન સમજે એને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન સમજે એને. શું થાય? આહા..હા..! કહ્યું હતુંને તે દિ'. રાડ નાખી ગયા. ૮૫માં. બોટાદ મોટો સંપ્રદાય. તે દિ' અમારી તો પ્રતિષ્ઠા એમાં હતીને ઘણી. પંદરસો-પંદરસો માણસ. બોટાદ સંપ્રદાયમાં હતા, આમાં હતાને જ્યારે મુહપતિમાં. ૮૫ની સાલ. ૪૮ વર્ષ થયા. એ વખતે સભામાં એકવાર કહ્યું હતું સહેજ થોડું ધીમેથી. ગૃહસ્થ લાખોપતિ પાંચ-પાંચ-પચાસ હજારના પેદાશવાળા બેઠેલા. ૮૫ની સાલની વાત છે. કીધું, જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ધર્મ નહિ. ધર્મથી બંધ નહિ અને જે ભાવે બંધ પડે તે ધર્મ નહિ. રાડ નાખી ગયા. સભા તો સાંભળતી હતી, શેઠિયાઓ સાંભળતા હતા. મહારાજ કહે છે કાંઈક. મુહપતિવાળા એક હતા એ રાડ નાખી ગયા, હાય.. હાય.. આવી વાત છે, ભાઈ! આહા..હા..!

'**આત્મા સ્થાયી છે અને તે બધા ભાવો અસ્થાયી છે...** ' આહા..હા..! '**તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી...**' એ શુભ-અશુભ વિકલ્પો રાગ અને ગુણસ્થાન ભેદ એ આત્માનું સ્થાન ન થઈ શકે, એ આત્માનું પદ નથી. આહા..હા..! '**જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે...**' આહા..હા..! આત્મા આનંદસ્વરૂપનું સ્વસંવેદન, સ્વ નામ પોતાથી પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન છે એ આત્મા છે. આહા..હા..! છે? '**સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' નિશ્ચય છે, કાયમી ચીજ છે. '**એક છે, નિત્ય છે, અવ્યભિચારી છે.**' આહા..હા..! '**આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ...**' જ્ઞાન એટલે એનો સ્વભાવ. જાણકસ્વભાવ અને આત્મા સ્થિર એમ જ્ઞાન સ્થિર ધ્રુવ છે. આહા..હા..! '**તેથી, તે આત્માનું પદ છે, તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવા યોગ્ય છે.**' આહા..હા..! ધર્મી દ્વારા તો આત્માનો આનંદ જ આસ્વાદવાયોગ્ય છે. આવું આકરું પડે માણસને હોં! શું કરે, ભાઈ! માર્ગ આ છે, ભાઈ! તને ખબર નથી. અનંતકાળથી રખડીને મરી ગયો છે એ. એવી પુણ્ય-પાપની ક્રિયાઓ તો અનંતવાર કરી છે અને એને લઈને સ્વર્ગ ને નર્ક મળ્યા. આહા..હા..!

પણ ભવરહિત થવાની ચીજ તો આત્માના આનંદનો અનુભવ કરવો એક જ ચીજ છે. સમજાણું કાંઈ? એ માર્ગ ભલે હો, પણ એનું કોઈ સાધન? એ રાડ નાખતા હતા.

શ્રીમદ્‌માં ગયા હતાને એક ફેરી અગાસ. વાત સાંભળી બધાએ એક કલાક. માણસ ભેગા થયા હતા ઘણા. પછી રાતે એક માણસ આવ્યો. એ વાત સાચી પણ એનું કાંઈ સાધન? એમ કે આ ભક્તિ કરવી એ સાધન. અરે..! ભગવાન! ભાઈ! તને ખબર નથી. ભગવાન અતીન્દ્રિયજ્ઞાન અને અતીન્દ્રિય આનંદમય પ્રભુ એનું સ્વસંવેદન, પોતાથી પોતામાં પ્રત્યક્ષ આનંદનું વેદન એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહિંસા પરમો ધર્મ. એ અહિંસા કોણ? કે દયા, દાનના વિકલ્પની ઉત્પત્તિ ન થવી અને વીતરાગી પર્યાયની ઉત્પત્તિ થવી એ અહિંસા પરમો ધર્મ છે. જગતથી વાંધા બધા. દુનિયાને ઊંધું મળ્યું બિચારાને શું કરે? અરેરે..! રાજા દુઃખી, કરોડોપતિ-અબજોપતિ દુઃખી, દેવ દુઃખી, રાગના ભાવમાં બધા દુઃખી પ્રાણી છે. રાગથી ભિન્ન પડીને.. આહા..હા..! એ વ્યવહારથી નિશ્ચય ન થાય, પણ વ્યવહારથી ભિન્ન પડીને નિશ્ચય આત્માનો સ્વાદ લે ત્યારે તેને ધર્મ થાય. આહા..હા..! આવી વાત છે. આકરું પડે માણસને બહુ. માર્ગ તો આ છે, બાપા! પ્રભુ! શું કરે? ત્રણલોકના નાથ વીતરાગ પરમેશ્વરનો આ હુકમ છે. આહા..હા..! એ તમને ગણે નહિ અને બહારની ક્રિયાકાંડમાં ધર્મ માને એ મરીને નરક ને નિગોદમાં જાશે. આહા..હા..!

એ જ કહે છે કે બહારવાળા વ્યવહારને માને છે અને નિશ્ચયને જાણતા નથી. અહીં નિશ્ચય તે વસ્તુ છે, વ્યવહાર હોય છે તે અવસ્તુ હોય છે, પણ એ અવસ્તુ અપદ છે. હોય છે, પણ અપદ છે. આહા..હા..! આત્માના સ્વાદ આવ્યા પછી પણ રાગ તો થાય છે, વીતરાગની ભક્તિ આદિ, પણ એ અપદ છે. આહા..હા..! એવી વાતું છે.

'**એ એક જ જ્ઞાનીઓ વડે...**' એ અનેક પદ જે વિકલ્પાદિ છે એ નહિ. '**એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવાયોગ્ય છે.**' આવા તો જયચંદ્ર પંડિતે ખુલાસા કર્યા. આહા..હા..!

'**હવે, આ અર્થનો કળશરૂપ શ્લોક કહે છે :—**' ૧૩૯.

(अनुष्टुभ्)

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

આહા..હા..! ભગવાન અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત એનો કળશ છે. '**तत् एकम् एव हि पदम् स्वाद्यं**' એક જ પદ આસ્વાદવાયોગ્ય છે. આહા..હા..! આખી ટીકાનો કળશ કર્યો ટૂંકો. આહા..હા..! પરમાનંદ અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એ જ આસ્વાદવાયોગ્ય, અનુભવ કરવાલાયક છે. આહા..હા..! સ્ત્રીના ભોગ વખતે સ્ત્રીના શરીરનો આસ્વાદ નથી એને, એ તરફનો રાગ કરીને રાગનો આસ્વાદ છે એને. સ્ત્રીનું શરીર, માંસ, હાડકા એ તો અજીવ, જડ, માટી, ધૂળ છે. ભગવાન તો અરૂપી આત્મા છે. એ અરૂપી રૂપીને કદી અડતો પણ નથી. આહા..હા..! એમાં જે રાગ થાય છે કે આ ઠીક છે, સ્ત્રીનું શરીર સુંદર છે, માખણ જેવું છે, એવો રાગ થાય એ રાગનો અનુભવ અજ્ઞાનીને છે, શરીરનો

નહિ, આત્માનો નહિ. સમજાણું કાંઈ? આ વાત છે. આ તો ભગવાનના માર્ગનું ઉદ્ઘાટન છે. આ ઉદ્ઘાટન માર્ગ છે, ભાઈ! આહા..હા..!

**'તે એક જ...'** **'हि'** શબ્દ પડ્યો છે, જુઓ, **'एकम् एव' 'एकम् एव हि'** આહા..હા..! **'તે એક જ પદ...'** ભગવાન આનંદપ્રભુ જ્ઞાનસાગર અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ, એ અંતર સન્મુખ થઈને એ એક જ આસ્વાદ-અનુભવ કરવાલાયક ચીજ છે. આહા..હા..! **'विपदाम् अपदं'** કેવું છે એ પદ ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ? **'વિપત્તિઓનું અપદ છે...'** આહા..હા..! **'(અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...'** સમજાણું કાંઈ? આવી વાત લોકોને એવી લાગે ને. અને આ સોગનઢનું છે એમ લખે. આ તો મુનિ કહે છે, કુંદકુંદાચાર્ય કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પણ એ વાત લુપ્ત થઈ ગઈ હતી, લુપ્ત. આહા..હા..!

કહે છે **'કે જે વિપત્તિઓનું અપદ છે...'** કોણ? ભગવાન અતીન્દ્રિય આનંદમૂર્તિ પ્રભુ એનો સ્વાદ, એમાં રાગની વિપદાનો અભાવ છે. રાગ એ વિપદા છે, એનો અભાવ છે. પદમાં અપદ જે વિપદા એનો અભાવ છે. આહા..હા..! દુનિયા માને, ન માને, પ્રભુનો સર્વજ્ઞ પરમાત્મા જિનવરદેવનો માર્ગ તો આ છે. એ માર્ગને સાંભળવા ન મળે બિચારાને ક્યાં જાય? અરેરે..! એ બધા આંખ મીંચીને ચાલ્યા જવાના. આહા..હા..! આત્માની આંખ મીંચી છે એણે રાગને જોયો, પણ આને ન જોયો. આહા..હા..! કહ્યું હતુંને કાલે આવ્યું હતું, હે અંધા! એમ કહ્યું હતું. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય, હે અંધા! ત્રણલોકનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન એની તરફ તો નજર કરતો નથી અને રાગ અને વિકલ્પની ક્રિયાઓ ઉપર તારી નજર છે તો તું આંધળો છો. ભગવાન ચૈતન્યસૂર્ય તરફ તો તારી નજર નથી અને રાગાદિ આંધળો છે એની ઉપર તારી નજર છે. કાલે આવી ગયુંને. એ આવ્યું.

**'હે અંધ પ્રાણીઓ!'** આવી ગયું હતું ૧૩૮માં. આહા..હા..! **'अन्धाः'** દિગંબર સંતો છે એને ક્યાં જગતની પડી છે. એ તો કરૂણાથી વાત કરે છે. મહામુનિ આનંદમાં રમે છે. જંગલમાં અતીન્દ્રિય આનંદમાં નગ્નમુનિ અંતર અતીન્દ્રિય આનંદમાં ઝૂલે છે. આહા..હા..! એવો વિકલ્પ આવ્યો, રાગ છે તો શાસ્ત્ર બની ગયું, તો કહે છે કે એ વિકલ્પ પણ મારું પદ નથી. આહા..હા..! ટીકા બનાવવાનો વિકલ્પ પણ મારું પદ નહિ, પ્રભુ! આહા..હા..! મારા પદમાં તો એ વિપદાનું અપદ છે, અભાવ છે. આહા..હા..! છે? ભગવાન આનંદધામ પ્રભુ જ્ઞાનસ્વભાવી પ્રભુ, એમાં રાગની વિપદાનો તો એમાં અભાવ છે. રાગનું અપદ જે છે એ વિપદા છે. આહા..હા..! ગજબ વાત છે. એ વ્રત ને તપ ને નિયમ ને વિકલ્પ ઊઠે છે એ બધું વિપદા છે એમ કહે છે. આહા..હા..! 'પ્રભુનો માર્ગ છે શુરાનો, એ કાયરના ત્યાં કામ નથી.' સમજાણું કાંઈ? બળહીન પામરનું ત્યાં કામ નથી. આહા..હા..! ભાષા તો બહુ ટૂંકી કરી. શું કહ્યું?

**'તે એક જ પદ...'** પદ એટલે આનંદસ્વરૂપ ભગવાન એ અનુભવ કરવાલાયક આસ્વાદ કરવા લાયક, સ્વાદ લેવાલાયક છે. આહા..હા..! કે જેમાં **'विपदाम् अपदं'** **'કે જે વિપત્તિઓનું અપદ છે...'** વિકલ્પ રાગાદિ વિપદા છે. આહા..હા..! પંચમહાવ્રતના પરિણામ વિપદા છે. રાડ નાખે જગત.

એ વિપદાનું અપદસ્થાન એ વિપદા આત્મામાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આમાં નાખ્યું છે જુઓ, સંસ્કૃત ટીકા છેને. આ ટીકા સંસ્કૃત છેને પહેલાંની. કેટલામો કળશ છે આ? ૧૩૯. 'पदानि-व्रतादीनि, अपदान्येव अस्थानानि ' આહા..હા..! સંસ્કૃતમાં છે. કળશટીકા (પરમ અધ્યાત્મ તરંગિણી) છે. અવ્રતભાવ છે એ પાપ છે અને વ્રતભાવ છે એ પુણ્ય છે. બેય દુઃખરૂપ છે. આ વાત. હવે એને લોકો ધર્મ માને. એ અમારે ધર્મ થયો. અરે..! પ્રભુ! શું થાય, ભાઈ! એ કહે છે કે વિપદાનું તો અપદ છે. આહા..હા..! એ શુભ-અશુભરાગ જે વિપદા છે, આપદા છે, દુઃખ છે. આહા..હા..! આનું આ સ્પષ્ટીકરણ છે. સમજાણું કાંઈ? છે?

**'તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** **'विपदाम् अपदं'** સામે પડ્યું છેને પુસ્તક. આ ક્યાં ઘરનું છે. ચોપડામાં મેળવશો કે નહિ આ? ઓલા નામા વખતે બીજા સાથે મેળવો છો કે નહિ? કાનપુરમાં ફલાણા પાસે આટલું લેણું અને ઢીંકણું. શેઠ જાય છે ત્યાં લેવા. પછી નામા મેળવે છે કે નહિ ત્યાં? તો આ નામું તો મેળવે. શેઠ! આહા..હા..! ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરનો હુકમ શું છે? આહા..હા..! કહો, ઈશ્વરચંદજી! લોકો બિચારા તેથી કહે છે હોં. આહા..હા..! આ પલટનમાં છેને આજ વિરોધીઓનું મોટું છે. છ દિવસ. અહીંની સામે વિરોધનું છે. અરે..! પ્રભુ! અહીંના સામા નથી, બાપા! તને ખબર નથી, ભાઈ! તારો વિરોધ તું કરે છો, બાપા! તું તો પ્રભુ છો ને ભગવાન! આહા..હા..! છ દિ' સુધી છે મોટું મંડાણ પલટનનું. સોનગઢનું નામનિશાન કાઢી નાખો. એય..! શેઠ! એ દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા નથી માટે એ બહિષ્કાર કરો, એના પુસ્તકનો બહિષ્કાર. અરે..! ભગવાન! પ્રભુ! તું શું કરે છે, ભાઈ? તને ખબર નથી.

**શ્રોતા :-** એક દ્રવ્યને બીજા દ્રવ્યનો બહિષ્કાર જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહિષ્કાર જ છે. રાગનો પણ બહિષ્કાર છે સ્વભાવમાં, અહીં તો એ કહે છે. આહા..હા..! આ શ્લોક પણ આવ્યા છેને. આ તો ૧૮મી વાર વંચાય છે સભામાં. સમયસાર પહેલી ગાથાથી માંડીને પૂર્ણ ૧૭ વાર થઈ ગયું. ૧૭ સમજ્યા? ૧૭. ૧૦ અને ૭. ૧૮મી વાર છે આ તો. અહીં સુધી આવ્યું છે. આહા..હા..! અહીં તો ૪૨ ચોમાસા થયા. ઓહો..! એક પદમાં તો કેટલું! આહા..હા..! ભગવાન! તારી ચીજ તો અતીન્દ્રિય આનંદમય છેને. એ પુણ્ય-પાપના વિકલ્પ એ તારી ચીજ નથી, એ તો વિપદા છે. વિપદાનું સ્થાન તું નહિ. આહા..હા..! તારા પદમાં આનંદકંદ પડ્યો છે. એ આનંદનો અનુભવ કર તો તને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ થશે. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..!

**'यत्पुरः'** **'જેની આગળ...'** આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ પ્રભુ, એના આસ્વાદ આગળ **'अन्यानि पदानि'** એ **'અન્ય (સર્વ) પદો અપદ જ ભાસે છે.'** આહા..હા..! ભગવાન આત્માના આનંદપદ આગળ રાગાદિ વિકલ્પ એ બધું અપદ જ ભાસે છે. બહુ ટૂંકી ભાષામાં. કહો, શેઠ છે કે નહિ એમાં? વાંચે છે ક્યાં? વાંચે તો સમજાય એવું નથી ત્યાં એકલા એકલા. ઝીણી વાત છે, ભગવાન! આ તો વાતું જ ઝીણી બહુ. આહા..હા..!

આજ તો એક રબારીનો છોકરો હતોને સવારમાં બહાર જતા મળ્યો. કીધું, તારું નામ શું? ભગવાન. વાહ! કીધું ભાઈ નામ તો બહુ સારું. જયાબેનને ત્યાં વાંચવા આવે છેને. છોકરો છે રબારીનો. બહાર દિશાએ જતા હતાને પોણા છએ, ત્યાં આવે પગે લાગવા બિચારો. આજ વળી પૂછયું, ભાઈ! તારું નામ શું? નાનો છો ૧૬ વર્ષનો. ભગવાન. બાપા નામ તો બહુ સારું, ભાઈ! રબારી છે, રબારી. આ જયાબેનને ત્યાં આવે છે સાચવવા. મૂકવા આવતા હશે. વાંચવા આવે છે. હંમેશા ત્યાં નીકળુંને, બહેન આવે અને એ પણ આવે પગે લાગવા. આજ વળી પૂછયું, ભાઈ! તારું નામ શું? રબારી છે. આ ઓલો જબરો ન મરી ગયો પૂનાનો જમાઈ? એના કાકાનો દીકરો છે. કાકાનો દીકરો. ભગવાન નામ છે કીધું. વાહ પ્રભુ! આત્મા ભગવાન છે અને નામ ભગવાન. આજ સવારમાં પોણા છએ નીકળ્યા હતાને બહાર જંગલ જવા. પાંચ મિનિટ પછી.

આ ભગવાન છે. ભગ નામ અનંત આનંદ અને જ્ઞાનની લક્ષ્મી, એનું વાન નામ સ્વરૂપવાન આત્મા ભગવાન છે. એમાં પુણ્ય અને પાપનો મેલ જે કલંક છે એ એમાં છે નહિ. આહા..હા..! આવો ઉપદેશ કઈ જાતનો? એય..! શાંતિભાઈ! હવે તો લોકો સાંભળે છે. અહીં તો ૪૨ વર્ષથી આ વાત કરીએ છીએ. મુંબઈમાં ૧૦-૧૦, ૧૫-૧૫ હજાર માણસ આવે બધા સાંભળે. શ્વેતાંબર આવે છે, સ્થાનકવાસી આવે છે. બધા સાંભળે. બાપુ! સાંભળો, ભાઈ! તમારા ઘરની વાત પ્રભુ કહે છે સાંભળને, ભાઈ! આહા..હા..! તારા પદની આગળ, તારા સ્વભાવના પદની આગળ રાગાદિ બધા અપદ ભાસે છે. આહા..હા..! અરેરે..! આવો વીતરાગમાર્ગ સાંભળવા મળે નહિ. તીર્થંકર ત્રણલોકના નાથ આમ ફરમાવે છે, પ્રભુ! તારા પદ આગળ, તારું ચૈતન્યધામ આનંદકંદ પ્રભુ છેને. આહા..હા..! એ પદના અનુભવ આગળ રાગાદિ વિકલ્પ જે ભક્તિનો તીર્થંકરગોત્રનો જે ભાવ એ પણ અપદ ભાસે છે. આહા..હા..! દુઃખરૂપ ભાસે છે. સમજાણું કાંઈ? આજ ભાઈએ હિન્દી કીધું તો હિન્દી ચાલ્યું. તમે હિન્દી કહ્યુંને? હિન્દી લીધું. ગુજરાતી તો બહુ સૂક્ષ્મ પડે. હિન્દી સૂક્ષ્મ પડે. આવડે છે. આ ભાષા તો સાદી છે. એવી હિન્દી અમારી નથી. આ તો સાદી હિન્દી છે સાધારણ. આહા..હા..!

ભગવાન! અહીં તો ભગવાન તરીકે જ બોલાવે છે. ૭૨ ગાથામાં ૭૨. અહીં ભગવાન કહ્યું. '**ખરેખર આ ભગવાન આત્મા...**' ટીકામાં પહેલા આવ્યું. પહેલી લીટી, પહેલી પંક્તિ. '**ખરેખર આ ભગવાન આત્મા...**' એ ગાથાની પહેલી પંક્તિ છે. આહા..હા..! ભગવાન આત્મા. આહા..હા..! આ એનો કળશ છે. '**જેની આગળ...**' ભગવાન આનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાન, એ સ્વપદની આગળ, વિકલ્પની લાગણી આદિ એ બધું અપદ અને વિપદા ભાસે છે. આનંદના અનુભવ આગળ રાગની વિપદા દુઃખરૂપ ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આને લક્ષ્મીમાં સુખ ને બાયડીમાં સુખ ને ધૂળમાંય નથી, સાંભળને. પાંચ-પચાસ લાખ, કરોડ, બે કરોડ મળે ત્યાં થઈ જાય જાણે કે આહા..હા..! 'હું પહોળો ને શેરી સાંકડી' થઈ જાય એને. ધૂળેય નથી સાંભળને. અહીં તો પ્રભુ ચૈતન્યના આનંદના પદ આગળ રાગનો વિકલ્પ વ્રતનો અને તીર્થંકરગોત્રનો પણ વિપદા ભાસે છે. આહા..હા..! આવી વાત સાંભળવા મળતી નથી, શેઠ! અહીં તો બધું હિન્દુસ્તાન જોયું છેને. નવ-નવ

હજાર માઈલ ત્રણવાર ફર્યા છીએ. બધે ફરી આવ્યા છીએને. ઈંદોર ને દિલ્હી ને ઠેઠ આસામ–આસામ ગોહાટી. ત્યાં વેપાર પણ થાય અને સાંભળવા મળે બેય એમ અને અહીં આવે તો વેપાર ન હોય અહીં. શેઠ! હવે શું છે? હવે છોકરાઓ કરે છે પછી ક્યાં આવો છો માથુ મારવા. વૃદ્ધાવસ્થા થઈ ગઈ હવે. છોકરાઓ કરે છે એ પાપ. પાપ. આહા..હા..!

આ ઓલું નીકળ્યું હતુંને તે દિ' શું? ચક્ર, ધર્મચક્ર. શું ધર્મચક્ર કહેવાય? તમારે ત્યાં આવ્યું હતુંને. તમારા ડાલચંદની વહુએ લીધું હતુંને પચ્ચીસ હજાર રૂપિયા આપીને કાંઈક. છાપામાં આવ્યું હતું. એમનો દીકરો છેને મોટો એની વહુ. ઓલું ધર્મચક્ર નીકળ્યું હતુંને. બધે ફર્યું હતું. સાગરમાં આવ્યું ત્યારે પચ્ચીસ હજારની કાંઈક વધામણી કે એવું કાંઈક હતું. બોલી. આપણને કાંઈ ખબર નથી, લખાણ ક્યાંક આવ્યું હતું. એવું સાંભળ્યું હતું. પચ્ચીસ હજાર આપ્યા હતા એના છોકરાની વહુએ. ધૂળેય નથી ત્યાં ધર્મ, એમ કહે છે. પચ્ચીસ હજાર શું? એય..! આહા..હા..! રાગની મંદતા કરી હોય તો એ પુણ્ય થાય, એ વિપદા છે. આહા..હા..! ગજબ વાત છે આ. કહો, શેઠ! આવી વાત છેને. સત્ય વાત છે. આવી વાત છે, પ્રભુ!

સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ તીર્થંકરદેવની આ આજ્ઞા અને આ હુકમ છે. પ્રભુ! તને ખબર નથી તારા નિજપદની. નિજપદના અભાવમાં પરપદમાં તેં બધું માન્યું છે, તેં બધું એમાં માન્યું છે. આહા..હા..! સમ્મેદશિખરની જાત્રા કરી, થઈ રહ્યું પાપ ધોવાઈ ગયા. અરે..! સાંભળને બાપા! એ જાત્રા તો શુભભાવ છે અને શુભભાવ તો વિપદા છે. આહા..હા..! સંપ્રદાયમાં તો રહેવા ન દે આવી વાત હોય તો. અહીં તો સંપ્રદાયની બહાર એકકોર બેઠા છીએ જંગલમાં. માનો, માનવું હોય તો માનો, માર્ગ વીતરાગ આ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! **'અન્ય પદો અપદ જ ભાસે છે.'** પદ અપદ જ ભાસે છે. આહા..હા..! બીજા પદ છે એ અપદ જ ભાસે છે. આહા..હા..!

**'ભાવાર્થ :- એક જ્ઞાન જ આત્માનું પદ છે.'** છે? જાણક... જાણક... જાણકસ્વભાવ જે ત્રિકાળ એ આત્માનું પદ છે. આહા..હા..! જાણકસ્વભાવ ત્રિકાળ જ્ઞાયકભાવ એ આત્માનું પદ છે. **'એક જ્ઞાન જ આત્માનું પદ છે.'** પાછું એક પ્રકારનું જ્ઞાન એમ, એના ભેદ પણ નહિ. આહા..હા..! ઓહો..હો..! દિગંબર સંતોએ તો ન્યાલ કરી નાખ્યા જગતને. વારસો સંભાળે એનેને. બાપ મૂકી ગયા એનો વારસો સંભાળે તરત કે મારા બાપા પાસે પાંચ કરોડ હતા કે દસ કરોડ. મરી ગયો તો કુચી લઈ લે તરત. આહા..હા..! આ ભગવાનની વાણીનો વારસો દિગંબર સંતો મૂકી ગયા છે આ. આહા..હા..! એને સંભાળવો, વાંચવો એની દરકાર ન મળે. આહા..હા..!

**'તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ ચિદ્દ્ઘન, ચિદ્રૂપ, ત્રિકાળસ્વરૂપ એમાં રાગાદિની આપદા પ્રવેશી શકતી નથી. છે? **'તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે...'** આહા..હા..! **'(કારણ કે તેઓ આકુળતામય છે—'** આહા..હા..! એ પૂજા, ભક્તિ, વ્રતનો જે વિકલ્પ છે એ આકુળતામય છે. અરે..! બેસે કોને, ભાઈ? આહા..હા..! આકુળતા છે. ભગવાનની ભક્તિ હો એ અશુભથી બચવા માટે હો, પણ છે આકુળતા. આહા..હા..! સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ શુભભાવ

તો આવે છે ભક્તિ, પૂજા આદિ ભાવ, પણ છે એ આકુળતા. અરેરે..! આવી વાત. છે?

**'તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણ કે તેઓ આકુળતામય છે- આપત્તિરૂપ છે.)'** આહા..હા..! એ વ્રત, દયા, દાન, ભક્તિનો ભાવ આપત્તિરૂપ છે. અરે..! આહા..હા..! રાડ નાખી જાય. ક્રિયાકાંડીવાળાને દુઃખ લાગે, ભગવાનની ભક્તિથી મુક્તિ ન થાય એને દુઃખ લાગે. હવે કરવું શું? આહા..હા..! આ નહોતું કહ્યું? એક ફેરી કહ્યું હતું નહિ? પદ્મનંદી આચાર્ય. પદ્મનંદી પંચવિંશતિ છે. દિગંબર સંત એમણે બ્રહ્મચર્યની વ્યાખ્યા બહુ કરી. બ્રહ્મચર્ય કહેવું કોને? બ્રહ્મ નામ આત્મા આનંદસ્વરૂપ તેમાં ચરવું એ બ્રહ્મચર્ય. આહા..હા..! એની બહુ વ્યાખ્યા કરતાં-કરતાં છેલ્લે કહ્યું, હે યુવાનો! મારી આ વ્યાખ્યા તમને ન બેસે, માફ કરજો. આહા..હા..! દિગંબર સંત હોં, આનંદકંદના નાથ, પદ્મનંદી પંચવિંશતિ શાસ્ત્ર છે. છે છવ્વીસ અધિકાર, પણ નામ પચ્ચીસ અપાય છે. છવ્વીસ અધિકાર છે એમાં. છેલ્લો છવ્વીસમાં બ્રહ્મચર્યનો અધિકાર. પણ બ્રહ્મચર્યનું વર્ણન એ તો સંતોની... આહા..હા..! ફાટ-ફાટ પ્યાલા કરીને અંદરથી. પ્રભુ! તને ન ગોઠે, યુવાનો! જુવાન અવસ્થા, ફાટ-ફાટ શરીર રૂપાળા અને ભોગની લાગણી, અમે તમને કહીએ છીએ એ દુઃખ છે, એ તો મહાપાપ છે. યુવાનો! તમને ઠીક ન લાગે તો પ્રભુ! અમે મુનિ છીએ, માફ કરજો. આહા..હા..! એમ અહીંયાં સંતો કહે છે, અમે આ વાત કરીએ છીએ એ તમને ન રુચે, ન ગોઠે... આવું તે શું કહ્યું? માફ કરજો, ભાઈ! બીજું શું? માર્ગ તો આ છે. દેવીલાલજી! આહા..હા..!

**શ્રોતા :-** કેટલી કરુણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવી વાત છે. સંત દિગંબર મુનિ નગ્ન આત્માના આનંદમાં રમનારા. એકલા દ્રવ્યલિંગ નગ્ન એકલું નહિ. અતીન્દ્રિય આનંદમાં પ્રચુર વેદન, એ બ્રહ્મચર્યની વ્યાખ્યા કરતા.. કરતા.. કરતા એવી કરી કે આ શરીર કેળના ગર્ભ જેવું, આ શરીર આવું ને આવું, માટી, હાડકાના ચામડા છે. એને ચૂસવામાં તું આનંદ માને છો? મૂર્ખો છો? પાગલ થઈ ગયો છો? શું છે તને? આહા..હા..! જાણે શરીરને ભોગવતા શું કરું? શરીરમાંથી લઈ લઉં એમાંથી માંસ હાડકામાંથી. આહા..હા..! ભાઈ! તને ઠીક ન પડે. યુવાન અવસ્થા ફાટડી શરીર, ફુટડું શરીર, ઈન્દ્રિયો પુષ્ટ હોય. આહા..હા..! એમાં બાયડી કાંઈક રૂપાળી હોય, પૈસા કાંઈક પાંચ, પચાસ કરોડ, બે કરોડ હોય. આહા..હા..! ભાઈ! તને ઠીક ન પડે અમારી વાત તો માફ કરજે, ભાઈ! એમ જેને પુણ્યમાં પ્રેમ છે, વ્યવહારરત્નત્રયથી ધર્મ માનનારા છે એને આ વાત ઠીક ન પડે તો ભાઈ! માફ કરજે, બાપુ! માર્ગ તો આ છે. આહા..હા..! **'આપત્તિરૂપ છે.'** લ્યો! એ શ્લોક બીજો કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૦, ગુરુવાર, તા. ૩૦-૧૨-૧૯૭૬, કળશ-૧૪૦, પ્રવચન નં. ૨૭૭

સમયસાર, ૧૪૦ કળશ છે, કળશ છે ૧૪૦. 'વળી કહે છે કે **આત્મા જ્ઞાનનો અનુભવ કરે છે ત્યારે આમ કરે છે :—**' શું કહે છે? આહા..હા..! આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એવી જ્યારે દૃષ્ટિ થઈ અને એનું જ્ઞાન થયું તો એમાં આનંદનો અનુભવ કરે છે. આહા..હા..! જે અનાદિનો રાગનો, પુણ્ય-પાપના વિકલ્પનો અનુભવ છે એ બેસ્વાદ છે, ઝેરીલો સ્વાદ છે. આહા..હા..! આ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, સર્વજ્ઞે દેખ્યું એ, એનો અનુભવ કરતાં શું થાય છે અનુભવમાં? એ વાત કરે છે.

(शार्दूलविक्रीडित)

एकज्ञायकभावनिर्भरमहास्वादं समासादयन्
स्वादं द्वन्द्वमयं विधातुमसहः स्वां वस्तुवृत्तिं वदन्।
आत्मात्मानुभवानुभावविवशो भ्रश्यद्विशेषोदयं।
सामान्यं कलयन् किलैष सकलं ज्ञानं नयत्येकताम्।।१४०।।

આહા..હા..! બહુ શ્લોક ઊંચો છે, ઊંચો શ્લોક છે. અમૃતચંદ્રાચાર્ય મુનિરાજ દિગંબર સંત હજાર વર્ષ પહેલાં થયા. ભગવાન કુંદકુંદાચાર્ય બે હજાર વર્ષ પહેલાં, ગાથા એમની છે. આ ટીકા અને કળશ એ અમૃતચંદ્રાચાર્યના છે.

**શ્રોતા :–** ઉદ્‌ઘાટન આપે કર્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, પણ છે એનું ઉદ્‌ઘાટન છેને. મકાન છે તો એનું ઉદ્‌ઘાટન છે. આહા..હા..!

'**एक-ज्ञायकभाव-निर्भर-महास्वादं समासादयन्**' શું કહે છે? જરી સૂક્ષ્મ છે. '**એક જ્ઞાયકભાવથી ભરેલા...**' ભગવાન આત્મા તો જ્ઞાનસ્વભાવથી ધ્રુવસ્વભાવથી ભરેલો છે. આહા..હા..! એના '**મહાસ્વાદને લેતો,...**' છે? રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, નિમિત્ત ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને, ભેદ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને.. આહા..હા..! અભેદ જ્ઞાયકભાવ, ધ્રુવભાવ, સ્વભાવભાવ, આનંદભાવ, એનો અનુભવ કરતાં થકા.. આહા..હા..! આ તો મુખ્ય વાત છે, ભગવાન! સમ્યગ્દૃષ્ટિ પોતાના આનંદ અને જ્ઞાયકભાવનો આસ્વાદ લેતો થકો, આ તો હિન્દી છે આજે. ભાઈએ હિન્દી કીધું. સમજાણું કાંઈ? આહા..હા..! દેહ ભિન્ન, વાણી ભિન્ન, કર્મ ભિન્ન, પુણ્ય-પાપના વિકલ્પો ભિન્ન, એ પણ ભિન્ન પણ પર્યાયનો ભેદ પણ ભિન્ન, ભેદવાસનાનો ભેદ ભિન્ન. અભેદ એક જ્ઞાયકભાવ, એક ધ્રુવસ્વભાવ એનો આસ્વાદ લેતા થકા. આહા..હા..! છે?

'**જ્ઞાયકભાવથી ભરેલા...**' ભગવાન જ્ઞાયક જાણકસ્વભાવથી ભરેલો પ્રભુ, એકરૂપ પ્રભુ આત્મા

એનો '**મહાસ્વાદને લેતો,...**' આહા..હા..! '(**એ રીતે જ્ઞાનમાં જ એકાગ્ર થતાં...**' જ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા.. આહા..હા..! જાણકસ્વભાવ એમાં એકાગ્ર થઈને. આ ધર્મ. આહા..હા..! આવો માર્ગ છે, ભાઈ! આ લોકોને એવું લાગે છે કે આ એકાંત છે, એકાંત છે એમ લાગે છે; પણ સમ્યક્ એકાંત સ્વભાવ જ એવો છે. આહા..હા..! ભગવાન આત્મા એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવથી ભરેલો એવો આત્માનો સ્વાદ અંતરમાં, જ્ઞાનસ્વરૂપમાં પરમાનંદમૂર્તિ પ્રભુ પરમાત્મસ્વરૂપ પોતાનું એમાં એકાગ્ર થઈને આનંદનો સ્વાદ લેતો થકો.. આહા..હા..! છે?

'**બીજો સ્વાદ આવતો નથી...**' એ સમયે ભેદનો, રાગનો, વ્યવહાર વિકલ્પનો પણ સ્વાદ નથી. આહા..હા..! આવો માર્ગ. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા... ધર્મ એને કહીએ.. આહા..હા..! કે જે આનંદ અને જ્ઞાયકભાવરૂપી પોતાનો ત્રિકાળી સ્વભાવ, એ સ્વભાવમાં એકાગ્રતા થાય એનું નામ ધર્મ છે. આહા..હા..! ધર્મી એવો ભગવાન આત્મા એમાં જ્ઞાયક અને આનંદભાવ સ્વભાવ ભરેલો છે એનો અનુભવ કરવો પર્યાયમાં. આહા..હા..! દ્રવ્ય એટલે વસ્તુ અને આનંદ અને જ્ઞાનના સ્વભાવથી ભરેલો એ ગુણ અને એમાં એકાગ્ર થવું, એનો આસ્વાદ લેવો એ પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું. દયા પાળવી ને વ્રત પાળવા ને ભક્તિ (કરવી) એ બધી વિકલ્પની, રાગની વાતું છે, એ ધર્મ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? કહે છે કે પોતાનો સ્વાદ લેતો થકો. આહા..હા..! ચૈતન્ય સ્વભાવભાવથી ભરેલો પ્રભુ નિત્યાનંદ પ્રભુ એની સન્મુખ થઈને અનુભવ કરતો થકો, સ્વાદ લેતો થકો, અતીન્દ્રિય આનંદનું વેદન કરતો થકો... આહા..હા..! બીજો સ્વાદ નથી આવતો.

તેથી '**द्वन्द्वमयं स्वादं विधातुम् असहः**' આહા..હા..! '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' દ્વંદ્વ એટલે શું? જે રંગ આદિ આ છે એનો સ્વાદ નહિ, અંદર દયા, દાનનો રાગ છે એનો સ્વાદ નહિ અને ક્ષયોપશમ આદિના ભેદનો પણ સ્વાદ નહિ. આહા..હા..! આ વળી સ્વાદ કેવો હશે? સ્વાદ તો મેસુબનો, સાકરનો, ગોળનો સ્વાદ હોય એ તો જડ છે. એ સ્વાદ આત્માને આવતો નથી એ જડનો સ્વાદ. આહા..હા..! એ તરફનું લક્ષ કરે છે અને રાગ કરે છે કે આ ઠીક છે, એવા રાગનો અજ્ઞાનીને સ્વાદ આવે છે. આહા..હા..!

**શ્રોતા :-** અનુભવનો સ્વાદ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો રાગનો સ્વાદ છે એનાથી ભિન્ન. આહા..હા..!

ત્રણ બોલ લીધા છેને. '**એક જ્ઞાયકભાવથી ભરેલા...**' કોણ? આત્મા. આત્મા '**જ્ઞાયકભાવથી ભરેલા મહાસ્વાદને લેતો,...**' એ પર્યાય. આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ અતીન્દ્રિ અનાકુળ આનંદનો કંદ પ્રભુ, એનો અનુભવ કરીને આસ્વાદ લેતો થકો બીજા સ્વાદનો ત્યાં અભાવ છે. દયા, દાન, વિકલ્પ રાગ છે એનો પણ સ્વાદમાં અભાવ છે, અને ભેદનો સ્વાદ જે છે, ભેદ(ના લક્ષે) પણ વિકલ્પ આવે છે એના સ્વાદનો પણ એમાં અભાવ છે. આવી વ્યાખ્યા અને આવો માર્ગ. એટલે પછી સોનગઢવાળા એકાંત કરે છે. એય..! દેવીલાલજી! કરો બાપા કરો, ભાઈ! તમને ખબર નથી, ભાઈ! માર્ગ પ્રભુ સર્વજ્ઞ માર્ગ. આહા..હા..!

અહીંયાં તો વ્રત, તપ, ભક્તિ, પૂજાનો વિકલ્પ જે છે એ આપદા છે. એ પહેલા આવી ગયું કાલે. વિપદા છે. આહા..હા..! એ વિપદાનો સ્વાદ આવવો એ તો દુઃખરૂપ મિથ્યાદષ્ટિમાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મી જીવ પોતાનો આત્મા જ્ઞાયકસ્વભાવથી ભરેલો. આહા..હા..! જેમ સાકર મીઠાશ સ્વભાવથી ભરી છે, જેમ ખાર—લવણ ખારા સ્વભાવથી ભરેલું છે, એમ આ ભગવાન આત્મા જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક સ્વભાવથી ભરેલો એના ઉપર દૃષ્ટિ જતાં એનો જે સ્વાદ આવે છે. આહા..હા..! શાંતિભાઈ! કોઈએ સાંભળ્યું નહિ હોય તમારા ઝવેરાતમાં ક્યાંય. ધૂળમાંય શેઠને ઘરે ક્યાં હતું ત્યાં બીડીયુંમાં. આહા..હા..!

**શ્રોતા :–** આ માલ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ માલ પ્રભુનો વીતરાગ, બાપુ! પ્રભુ તું કોણ છો? ક્યાં છો? ભાઈ! તને તારી ખબર નથી. તું અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પદાર્થ છો તું. આહા..હા..! અને એવો જ્યાં સ્વીકાર થયો તો પર્યાયમાં સ્વીકાર થયો તો આનંદનો સ્વાદ આવ્યો એમ કહે છે. આહા..હા..! જેના આનંદના સ્વાદ આગળ ઈન્દ્રના ઈન્દ્રાસન હજારો, કરોડો અપ્સરાનો ભોગ સડેલા કૂતરા ને બિલ્લી હોય એવી દુર્ગંધ મારે. આહા..હા..! જુઓ, પ્રભુનો સ્વાદ! પ્રભુ આત્મા હોં! આહા..હા..! મેસુબ ખાતો હોયને. મેસુબ કહે છેને? મેસુબપાક. એક શેર ચણાનો લોટ, ચાર શેર ઘી. આહા..હા..! એને ખાય. અને એમાં પતરવેલીયા અળવીના પાન હોય છેને? અળવી-અળવી નથી સમજતા? અળવીના પાન હોય છેને. ચણાનો લોટ લગાવીને પછી ટૂકડા કરીને ઘીમાં શેકે એને પતરવેલીયા કહે છે. એ મેસુબ ને પતરવેલીયા ખાય તો આહા..હા..! અરે..! ભગવાન! સાંભળ તો ખરો, પ્રભુ! એ તો જડ છે. જડનો સ્વાદ પ્રભુ આત્માને આવતો જ નથી. આત્મા તો અરૂપી છે. એ રૂપીનો સ્વાદ કેમ લે? આહા..હા..! પોતાના ચિદાનંદ સ્વભાવને છોડીને પરપદાર્થ પ્રત્યેનો રાગ થયો એ રાગનો સ્વાદ લે છે, દુઃખનો સ્વાદ છે એને. આહા..હા..! ગજબ વાત, ભાઈ!

અહીંયાં તો રાગનો સ્વાદ છોડીને જેણે આત્મા આનંદકંદનો સ્વાદ લીધો અંતરમાં જઈને, આહા..હા..! એ આનંદના સ્વાદની આગળ બીજો સ્વાદ નથી આવતો. કેમ? '**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' દ્વંદ્વમયની વ્યાખ્યા આ રંગ આદિ. આત્મા આનંદના સ્વાદમાં રાગનો સ્વાદ નહિ, રંગનો સ્વાદ નહિ, અભેદના સ્વાદમાં ભેદનો સ્વાદ નહિ. આહા..હા..! આવો માર્ગ એટલે લોકોને... આહા..હા..! સમજાણું કાંઈ? આ તો દયા પાળી. નેમિનાથ ભગવાને પણ પશુનો પોકાર સાંભળીને દયા પાળી, લ્યો! એ તો વિકલ્પ હતો. એને છોડીને સ્વરૂપમાં આનંદમાં આવ્યા, આનંદના અનુભવમાં આવ્યા એ સંયમ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**દ્વંદ્વમય સ્વાદને લેવા અસમર્થ...**' છે. આહા..હા..! દ્વંદ્વમયનો અર્થ? રંગ આદિનો, સુંદર શરીરનું રૂપ એનો સ્વાદ લેવામાં અસમર્થ છે. આહા..હા..! અને રાગ. પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે એનો સ્વાદ લેવામાં અસમર્થ છે. અરેરે..! અયોગ્ય છે એમ કહે છે, અસમર્થ છે. '**તથા ક્ષાયોપશમિક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ,...**' પર્યાયમાં વિકાસ અલ્પ છે એ ભેદ છે, તો ભેદનો

સ્વાદ લેવામાં પણ અભેદના સ્વાદમાં અસમર્થ છે. આહા..હા..! કહો, શેઠ! સમજાય છે કે નહિ? આ તો સાદી ભાષા છે. ક્યાંય તમારે પૈસામાં પણ નથી અને ધૂળમાંય નથી ન્યાં ક્યાંય. આહા..હા..! એ તો વળી ભાગ્યશાળી ફેરવીને આવ્યા અહીં. બધું મૂકી દઈને. આહા..હા..! માર્ગ બાપા આવો છે, ભાઈ! અરે..! માર્ગનું જ્ઞાનેય ન કરે, એ માર્ગની શ્રદ્ધા પણ ન કરે, ક્યાં જાશે, પ્રભુ? આહા..હા..! તારા ક્યાં ઉતારા? શું કરવું છે તારે? આહા..હા..!

આ આત્મા આનંદ અતીન્દ્રિ અને જ્ઞાયકસ્વભાવ અતીન્દ્રિયથી ભરેલો એનો અંતરમાં સ્વાદ લેવો પર્યાયમાં, એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ધર્મ છે. આહા..હા..! અહીં તો દયા પાળે ત્યાં ધર્મ થઈ ગયો, પૈસા દીધા બે-પાંચ લાખ. એટલા બધા ન આપે પણ થોડા-થોડા કરતાં આપે. થઈ ગયો ધર્મ. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! આહા..હા..! ધર્મ તો તારી ચીજ જે આત્મા એ ધર્મી ચીજ છે અને એનો જ્ઞાન ને આનંદ ને શાંતિ એનો સ્વભાવ એ ધર્મ છે, એ ધર્મનો સ્વાદ લેવો પર્યાયમાં એનું નામ ધર્મ છે. આહા..હા..! ત્રણલોકના નાથ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એકભવતારી ઈન્દ્રોની સમક્ષમાં આ વાત કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ આ છે, પ્રભુ! આહા..હા..! તને ખબર પણ નથી કે શું કરવું અને ક્યાં જાવું? આહા..હા..! છે? આહા..હા..!

'**ક્ષાયોપશિમક જ્ઞાનના ભેદોનો સ્વાદ લેવાને અસમર્થ,..**' ત્રણ બોલનો સ્વાદ નહિ. એક તો રંગ-ગંધનો સ્વાદ નહિ, રાગનો સ્વાદ નહિ અને ભેદનો સ્વાદ નહિ. અનંત આનંદનો કંદ પ્રભુ, આનંદનો સ્વાદ, અરંગનો સ્વાદ, અરાગનો સ્વાદ, અભેદનો સ્વાદ. આહા..હા..! આવી વાતું કહે છે. ઓલા રસગુલ્લા નથી આવતા, રસગુલ્લા? દૂધના રસગુલ્લા કરે છેને. એ તો ધૂળ છે એનો સ્વાદ નથી, પણ એ ઠીક છે એવો વિકલ્પ ઉઠાવે છે રાગ, એ રાગનો સ્વાદ, દુઃખનો સ્વાદ, ઝેરનો સ્વાદ છે. એ અહીંયાં કહે છે કે જ્યારે આત્મા પોતાના સ્વભાવમાં વળે છે. આહા..હા..! રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં આવ્યું છેને. વિકલ્પ દ્વાર વડે નિર્વિકલ્પ અનુભવ. વિકલ્પ દ્વાર વડે. વિકલ્પ ઉઠે પહેલાં. 'હું શુદ્ધ છું, અખંડ છું, અભેદ છું, આનંદ છું,' એ વિકલ્પ છે. એ વિકલ્પને છોડીને પછી 'હું શુદ્ધ આનંદ છું' એવો પણ એક વિકલ્પ રહી જાય છે, એને પણ છોડીને. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ ભારે! એ દ્વંદ્વમાં સ્વાદ લેવામાં અસમર્થ.

'आत्म-अनुभव-अनुभाव-विवशः स्वां वस्तुवृत्तिं विदन्' '**આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...**' આહા..હા..! ભગવાન આત્માનો અતીન્દ્રિય આનંદ સ્વાદ એવો આત્માના અનુભવનો સ્વાદ લેતો થકો.. આહા..હા..! '**આધીન થયો હોવાથી...**' '**સ્વાદના પ્રભાવને આધીન થયો હોવાથી...**' આહા..હા..! આનંદ અતીન્દ્રિય આનંદનો જ્યાં સ્વાદ આવ્યો ત્યાં અતીન્દ્રિય આનંદના પ્રભાવથી આધીન થઈ ગયો. આહા..હા..! આવી વાતું, ભાઈ! કહો, લીલાધરભાઈ! આવું બધું સાંભળ્યું પણ નથી ક્યાંય. આહા..હા..! પ્રભુ! તારો માર્ગ તો દેખ. આહા..હા..! ભાઈ! આ માર્ગ વિના તારો નિવેડો નહિ આવે. સંસારનો અંત નહિ આવે, ભાઈ! આહા..હા..!

અહીં તો કહે છે કે આહા..હા..! નિજ '**આત્માના અનુભવના-સ્વાદના પ્રભાવને...** ' આહા..હા..! '**अनुभाव**' છેને '**अनुभाव**'. '**अनुभाव**' એ પ્રભાવ લીધો. આત્માના આનંદના અનુભવમાં પ્રભાવથી વિવશ, આધીન થયો હોવાથી '**स्वां वस्तुवृत्तिं विदन्**' '**નિજ વસ્તુવૃત્તિને (આત્માની શુદ્ધ પરિણતિને)...** ' આનંદની દશાને '**જાણતો-આસ્વાદતો...** ' આહા..હા..! સમજાણું કાંઈ? શરીર ને આ તો માંસ ને હાડકા છે. એનું આકર્ષણ થઈ જાય તો પ્રભુ આત્માના આનંદનો ત્યાં અભાવ થઈ જાય. આહા..હા..! અને જ્યાં આત્માના અનુભવનો પ્રભાવ આવ્યો ત્યાં પરનું આકર્ષણ છૂટી ગયું. આહા..હા..! આનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ. આવો ભારે ધર્મ, ભાઈ! અહીં તો જરી-જરીમાં ધર્મ. દયા પાળે ને ધર્મ, અપવાસ કરે ને ધર્મ, દાન કરે ને ધર્મ. 'દાન શીલ તપ ભાવના ધર્મના ચાર પ્રકાર.' આવે છે કે નહિ? શ્વેતાંબરમાં બહુ આવે એ. દાન દેવું, શરીરનું બ્રહ્મચર્ય પાળવું અને દાન, શીલ, તપ, અપવાસ આદિ કરવા, ભાવના કરવી ભગવાનની ભાવના; પણ એ તો બધો રાગ છે, સાંભળ તો ખરો. આહા..હા..! માર્ગનો નાથ પ્રભુ તારો માર્ગ બીજો છે. એમાં ધર્મ માનનારા લૂંટાઈ જાય છે. લૂંટાય છે, લૂંટાય છે. આહા..હા..!

પ્રભુ! તું કોણ છો? કે આત્માનો સ્વાદ, આસ્વાદ લેતો થકો, '**(અર્થાત્ આત્માના અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી બહાર નહિ આવતો)...**' આહા..હા..! '**एषः आत्मा**' '**આ આત્મા...**' '**एषः आत्मा**' પ્રત્યક્ષ એવો આત્મા કહે છે. આહા..હા..! '**विशेष-उदयं भ्रश्यत्**' '**જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,...**' આહા..હા..! જ્ઞાન શબ્દે ભગવાન આત્મા, એની જે પર્યાય છે, અવસ્થાઓ છે એ અવસ્થાના ભેદને ગૌણ કરતો થકો. અભાવ કરતો થકો એમ નહિ, ગૌણ કરતો થકો, ત્રિકાળી જ્ઞાયકભાવને મુખ્ય કરતો થકો. આહા..હા..! આવી વાતું. આ તો દેવ-ગુરુની ભક્તિ કરો તો કલ્યાણ થઈ જશે. હવે એ વાત તો ક્યાંય પડી રહી. આહા..હા..!

દેવ પણ તું, ગુરુ પણ તું અને ધર્મ પણ તું. આહા..હા..! દેવનો દેવ પ્રભુ તું આત્મા આનંદનો નાથ. આહા..હા..! ગુરુ પણ મહાશક્તિવંત પ્રભુ તું ગુરુ તારો અને અહિંસા તારો ધર્મ. રાગની ઉત્પત્તિ ન થવી અને આત્માના આનંદની ઉત્પત્તિ થવી એ અહિંસા ધર્મ. વ્યાખ્યા પણ ભારે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આકરું લાગે. માણસને અભ્યાસ નહિ અને અત્યારે તો એ પ્રરૂપણા આખી બંધ થઈ ગઈ. બહારમાં આ કરો, આ કરો, વ્રત કરો ને અપવાસ કરો, દાન કરો, પુસ્તક લાવો અને એમાં રૂપિયા મૂકો પુસ્તક ઉપર, ધર્મ થઈ ગયો. ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે પ્રભુ! એકવાર સાંભળ તો ખરો. તારી ચીજ છે કે નહિ અંદર? અને છે તો પરિપૂર્ણ સ્વભાવથી છે કે અપૂર્ણથી છે? પરિપૂર્ણથી છે તો અભેદ છે કે ભેદ છે? આહા..હા..! એવા ભગવાનની સમીપ જઈને જે આસ્વાદ આવે છે, આનંદનો સ્વાદ આવે છે એમાં વસ્તુવૃત્તિ—એ વસ્તુની પરિણતિ છે એ. સમજાણું કાંઈ? છે? જુઓ, '**વસ્તુવૃત્તિ...**' આત્માની શુદ્ધ પરિણતિ છે એ. આહા..હા..! '**નિજ વસ્તુવૃત્તિને...**' ઓહો..હો..! શું ભાષા પણ ભાવ! '**નિજ વસ્તુવૃત્તિ...**' પોતાની વસ્તુની શુદ્ધ પરિણતિ એ વસ્તુવૃત્તિ. આહા..હા..! વીતરાગી પરિણતિ આનંદના સ્વાદની

દશા એ પોતાની વસ્તુની વૃત્તિ. આહા..હા..! વ્યવહારરત્નત્રયનો રાગ એ વસ્તુની વૃત્તિ નહિ. આથી લોકોને... શું થાય? પ્રભુ! માર્ગ તો આ છે. તને એકાંત લાગે, નિશ્ચયાભાસ લાગે અને વ્યવહારનો લોપ થાય છે એમ લાગે તો વાત તો એમ જ છે. આહા..હા..! ભાઈ! તારે જન્મ-મરણના ચોર્યાસીના આંટામાં, ઘાણીમાં પીલાઈ ગયો છો તું. આહા..હા..! એ પુણ્યનો રાગ, એમાં પણ તારી દશા પીલાઈ જાય છે. પીલાઈ શું કહે છે સમજ્યા? પીલાઈ જાય છે. આહા..હા..!

કહે છે કે ભગવાન! તારી આનંદની શક્તિનો સ્વભાવ દયા, દાનના, વ્રતના વિકલ્પમાં પણ તે હણાઈ જાય છે. આહા..હા..! આવી વાત! હવે જેને લોકો ધર્મ માને એ કહે છે કે એનાથી આત્માની શાંતિ હણાય છે. ડાહ્યાભાઈ! આહા..હા..! બાપુ! પ્રભુ! તું કોણ છો? નિર્વિકલ્પ આનંદનો નાથ પ્રભુ છો. આહા..હા..! તારી શક્તિ ને સ્વભાવ તો પરિપૂર્ણ પ્રભુ છેને. આહા..! એવી પરિણતિ એનો સ્વાદ લેવામાં જે ઉત્પન્ન થાય છે એ વસ્તુની વૃત્તિ છે, એ વસ્તુની પરિણતિ છે, એ વસ્તુની પર્યાય છે. આહા..હા..! છે? દયા, દાન, વ્રત, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ વસ્તુની પરિણતિ નહિ. આહા..હા..! આઠ-આઠ વર્ષના રાજકુમારો, આત્માના આનંદના સ્વાદ લીધા હોય, એ મોટા અબજો રૂપિયાના મકાનો, અપ્સરા જેવી સ્ત્રીઓ, ૨૦-૨૦ વર્ષની ઉંમર હોય રાજકુમારની અને છ મહિના, બાર મહિનાના લગન હોય એ ચાલી નીકળે અંદર આનંદના સ્વાદ માટે. આહા..હા..! માતા! જનેતા! અમને આત્માનો સ્વાદ (આવ્યો) છે એ સ્વાદની વૃદ્ધિ કરવા અમે ત્યાગ કરીએ છીએ. આ ત્યાગ તો બાહ્ય છે, પણ અમે રાગનો ત્યાગ કરીને અંદરમાં જવા માગીએ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત. એ ૨૦-૨૦ જુવાન ચક્રવર્તીના પુત્રો, તીર્થંકરના પુત્રો. આહા..હા..! એક મોરપીંછી ને કમંડળ (લઈ) અને ચાલી નીકળ્યા જંગલમાં. શું કરવા? અતીન્દ્રિય આનંદની શુદ્ધિની વૃદ્ધિ કરવા માટે. આહા..હા..! એમ કહે, મા! મને રજા દે, બા! મારે તો આનંદની વૃદ્ધિ કરવા જાવું છે. આહા..હા..! મારો નાથ મને અનુભવમાં આવ્યો છે. આનંદનો અનુભવ મને થયો છે અને મારી રમણતામાં અંદરમાં રમવું છે. ચારિત્ર નામ રમવું. આનંદના સ્વાદમાં ઉગ્રપણે રમવું એ ચારિત્ર છે. આહા..હા..! માતા! રજા દે. આહા..હા..! એકવાર મા! રોવું હોય તો રોઈ લે, બા! ફરીને અમે મા નહિ કરીએ, જનેતા! આહા..હા..! અમારા આનંદમાં ઘૂસી જાશું. અમને અવતાર નહિ હોય ફરીને. આહા..હા..! એવા આનંદના રસીલા, રસીકમાં પડતા જેને જગતના સ્વાદ બેસ્વાદ ઝેર જેવા લાગે છે. કહો, પોપટભાઈ! આહા..હા..! ઝેર દેખાય છે. બેસ્વાદ એટલે વિરુદ્ધ સ્વાદ. આહા..હા..! શું આપણે આવે છેને ભાષા નહિ બે? બેખબરો. બેખબરો નથી કહેતા? તું બેખબરો છો? તો બેખબર એટલે બે ખબર છે? બેખબર નામ ખબર નથી એને. આહા..હા..! અરે..! આંધળા! એમ ન કીધું ભગવાન કુંદકુંદાચાર્યે આ ટીકામાં? હે આંધળા! ત્રણલોકનો નાથ આનંદકંદ બિરાજે છે તેને તું દેખતો નથી અને તું રાગ, દ્વેષ અને શરીર ને વાણી, બાયડી, છોકરા, કુટુંબને દેખે છે. વ્યભિચારી તારી શું દશા થઈ? આહા..હા..! વીતરાગ માર્ગ, બાપુ! વીતરાગતાથી પ્રગટે છે. આહા..હા..! ભાષા તો જુઓ! કળશ તે કળશ ગજબ છેને. આહા..હા..!

શું કહે છે? '**અદ્વિતીય સ્વાદના અનુભવમાંથી બહાર નહિ આવતો આ આત્મા…**' '**विशेष-उदयं भ्रश्यत्**' '**જ્ઞાનના વિશેષોના ઉદયને ગૌણ કરતો,…**' આહા..હા..! રાગની તો શું વાત કરવી, પણ સામાન્ય ભગવાન અનંત આનંદનો કંદ એમાં ભેદરૂપ પર્યાયના વિશેષ છે તેને પણ ગૌણ કરતો થકો, લક્ષમાંથી છોડતો થકો, ત્રિકાળી સામાન્યમાં ઘૂસતો થકો. આહા..હા..! દેવીલાલજી! આવી વાત પણ કોક ઠેકાણે નીકળે. જ્યાં ત્યાં વળી દયા પાળો, વ્રત કરો ને અપવાસ કરો ને ભક્તિ કરો ને દાન કરો. મરી ગયો સાંભળને હવે. આહા..હા..! ઓહો..હો..! ગજબ શ્લોક છેને. અમૃતચંદ્રાચાર્યે અમૃત રેડ્યા છે. આહા..હા..! પ્રભુ! તું અમૃતનો સાગર છેને. અતીન્દ્રિય અમૃતનો સાગર, એનો અનુભવ કરવામાં તને અમૃતનો સ્વાદ આવશે. આહા..હા..! રાગ અને ભેદનો સ્વાદ તને ભિન્ન થઈ ગયો. ભેદનો સ્વાદ પણ ગૌણ થઈ ગયો. આહા..હા..! એકરૂપ ત્રિકાળી ધ્રુવ ચૈતન્યસામાન્ય સ્વભાવ. આહા..હા..! અભેદનો, આનંદનો સ્વાદ લેતા ભેદનો સ્વાદ પણ ગૌણ થઈ ગયો. અરેરે..! પ્રભુ! એમાં રાગની વાત તો ક્યાં રહી? વ્યવહારરત્નત્રય રાગ છે, એનાથી લાભ થાશે. અરે..! પ્રભુ! ઘણો માર્ગ વિપરીત કરી નાખ્યો પ્રભુ તેં. આહા..હા..!

**શ્રોતા :–** અભેદનું તો જ્ઞાન થયું. સ્વાદ એનો આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વાદ અભેદનો આવે છે. સ્વાદ અભેદનો આવે છે. જ્ઞાન અભેદનું થયું તો સ્વાદ અભેદનો આવ્યો. વાત ઝીણી છે, ભાઈ! આ તો દિગંબર ધર્મ એટલે સનાતન વીતરાગમાર્ગ છે. આહા..હા..! બાપુ! એ માર્ગ સાંભળવા મળવો એ પણ મહાભાગ્ય હોય છે. આહા..હા..!

'**सामान्यं कलयन् किल**' લ્યો! દેવીલાલજી! આવ્યું આ. શું? '**સામાન્ય માત્ર જ્ઞાનને અભ્યાસતો,…**' અનુભવ કરતો થકો. અભ્યાસ કહો કે અનુભવ કરતો થકો. આહા..હા..! ગજબ વાત છે, પ્રભુ! સામાન્ય જ્ઞાયકભાવ એકરૂપ એનો અભ્યાસ નામ વેદન કરતો. આહા..હા..! આવો માર્ગ. બાળ-ગોપાળને માટે માર્ગ તો આ છે, પ્રભુ! સમજાણું કાંઈ? આહા..હા..! ૧૭-૧૮ ગાથામાં તો એમ કહે છે, ભગવાન! તારી જ્ઞાનની વર્તમાન પર્યાય છે એમાં જ્ઞાયકભાવ જ જણાય છે. આહા..હા..! ૧૭-૧૮. આહા..હા..! કેમ? કે જ્ઞાનની વર્તમાન જે પર્યાય છે એ પર્યાયનો સ્વભાવ તો સ્વપરપ્રકાશક છે. તો જ્ઞાનની પર્યાયમાં જ્ઞાયક છે સ્વપ્રકાશ એ જ તને જ્ઞાનમાં આવે છે, પણ તને ખબર નથી, તારી દૃષ્ટિ ત્યાં નથી. આહા..હા..! અજ્ઞાનીની પર્યાયમાં પણ સ્વ જ્ઞાયક જ જ્ઞાનમાં આવે છે એમ કહે છે, પણ એની દૃષ્ટિ પર્યાય ઉપર છે તો જ્ઞાયક જણાય છે એ ભૂલી જાય છે. આહા..હા..! આવો માર્ગ! આ બધા પૈસાવાળા ખુશી-ખુશી માને. મોટા બંગલા છ-છ લાખના. ધૂળમાંય નથી કાંઈ એમ કહે છે અહીંયાં. આહા..હા..! 'વિરલા સાંભળે કોઈ, વિરલા ધારે કોઈ, વિરલા શ્રદ્ધે કોઈ' આહા..હા..! 'વિરલે શ્રદ્ધા જોઈ.' એક પદ છે એવું સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષામાં.

**શ્રોતા :–** વિરલા જાણે તત્ત્વને, વિરલા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** વિરલા જાણે કોઈ. 'વિરલા શ્રદ્ધે તત્ત્વને, વિરલા…' એવું છે. ચાર બોલ છે. આહા..હા..! જાણે કોઈ, ધારે કોઈ. આ ચીજ એવી છે, એ ધારણા વિરલા કરે છે. આહા..હા..!

**શ્રોતા :–** વિરલા જાણે તત્ત્વને, વિરલા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** શ્રદ્ધાવંત. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો મારા પ્રભુ ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એનું કામ છે, ભાઈ! આ કોઈ પામરનો માર્ગ નથી. આહા..હા..! 'વચનામૃત વીતરાગના પરમશાંત રસમૂળ, ઔષધ જે ભવરોગના કાયરને પ્રતિકૂળ.' આહા..હા..! હીજડા જેવાઓને પ્રતિકૂળ લાગે. એ પુણ્યમાં રુચિ એ નપુંસક છે. શુભભાવ જે દયા, દાનની રુચિવાળા એ નપુંસક છે—હીજડા છે, એને આત્માના પુરુષાર્થની ખબર નથી. એય..! આહા..હા..! હીજડા સમજો છો? પાવૈયા. શાસ્ત્રમાં પાઠ એવો છે. નપુંસક કહે છેને. શાસ્ત્ર નપુંસક કહે છે. પ્રભુ! તને રાગની રુચિમાં તારું વીર્ય રોકાઈ ગયું, આહા..હા..! નપુંસક છે તું. નપુંસકને પુત્ર નથી થતો, એમ રાગની રુચિવાળાને ધર્મની પર્યાય નથી થતી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આ તો કોરડા પડે એવું છે.

ભગવાન! તું કોણ છે? ભાઈ! આહા..હા..! અતીન્દ્રિય અનાકુળ આનંદનો ઠસોઠસ ભરેલો આનંદનો કંદ છે. અપૂર્ણ પણ નહિ, પૂરા આનંદથી ભરેલો એવા ભગવાનનો આસ્વાદ લેવાથી '**સામાન્યમાત્ર જ્ઞાનને અભ્યાસતો,...**' '**कलयन्**' છેને? '**सामान्यं कलयन्**' સામાન્યનો અનુભવ, '**सामान्यं कलयन्**' સામાન્યનો અભ્યાસ બધું એક જ છે. સામાન્યનો અનુભવ '**किल**' કરતો થકો. '**कलयन्**' નિશ્ચયથી સામાન્યનો અનુભવ કરતો થકો. આહા..હા..! '**सकलं ज्ञानं**' '**સકળ જ્ઞાનને...**' '**एकताम् नयति**' '**એકપણામાં લાવે છે...**' પર્યાયનો ભેદ છોડીને એક જ્ઞાનમાં એકાગ્ર થાય છે. આહા..હા..! ચૈતન્ય હીરલા ભગવાન પરમાત્મા પોતે બાળગોપાળમાં ભગવાન બિરાજે છે. આહા..હા..! એનો સ્વાદ લેતો '**એકરૂપે પ્રાપ્ત કરે છે.**' આહા..હા..! એકરૂપ ત્રિકાળી સ્વભાવ એને પર્યાયમાં પ્રાપ્ત કરે છે. આવી કથા, ભાઈ! વ્યવહારની રુચિવાળાને આકરું બહુ લાગે.

એ આવ્યું છેને પરમાર્થવચનિકામાં નહિ? કે આગમપદ્ધતિ જગતને સુલભ છે. વ્યવહાર ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આગમપદ્ધતિ. અધ્યાત્મનો વ્યવહાર પણ જાણતા નથી. આહા..હા..! અધ્યાત્મનો વ્યવહાર એ, વીતરાગી પરિણતિ આનંદનો સ્વાદ એ અધ્યાત્મનો વ્યવહાર છે, નિશ્ચય દ્રવ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. ગાંડા જેવા છે એમ લાગે. દુનિયા પાગલ માને કે આ શું આવું માંડ્યું? લ્યો! આત્મા... આત્મા... આત્મા... આત્માનો અનુભવ. આહા..હા..!

'**सकलं ज्ञानं एकताम् नयति**' '**એકપણામાં લાવે છે—**' ભેદને છોડીને એકત્વમાં આવે છે. આહા..હા..! એકરૂપ ભગવાન આત્માની પ્રાપ્તિ કરે છે. એનું નામ આત્માનો સ્વાદ અને એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન ને રમણતા. આહા..હા..! એનું નામ '**सम्यग्दर्शनज्ञानचारित्राणी मोक्षमार्गः**' આહા..હા..!

'**ભાવાર્થ :– આ એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' આહા..હા..! એક સ્વરૂપ જ્ઞાનના રસીલા સ્વાદ આગળ. આહા..હા..! સ્વરૂપ આત્મા જ્ઞાનરૂપ, આનંદરૂપ, એના '**સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...**' પોતાનો જ્ઞાનસ્વભાવ એના '**સ્વાદ આગળ અન્ય રસ ફિક્કા છે.**'

આહા..હા..! આ સ્ત્રી આદિના શરીર તો અનાજના ધાન્યના ઢોકળા. બે દિ' ધાન ન ખાય તાવ આવ્યો હોય છ-છ ડિગ્રીનો, પાંચ ડિગ્રીનો, આમ થઈ જાય; પણ ઈન્દ્રાણીઓને જેને હજારો વર્ષે આહાર કંઠમાં આવે એવા ઈન્દ્રાણીના ભોગ પણ જેને દુઃખરૂપ લાગે. દુઃખરૂપ લાગે જ્ઞાનીને એમ કહે છે. આહા..હા..! બહુ ફેર. આહા..હા..! **'અન્ય રસ ફિક્કા છે.'** છેને?

**'એક સ્વરૂપજ્ઞાનના રસીલા સ્વાદ આગળ...'** આનંદનો સ્વાદ. પોતાના વીતરાગી સ્વાદની આગળ જગતના ભોગના વિષય અને આબરૂના સ્વાદ ફિક્કા લાગે છે. આહા..હા..! ઘણી પ્રશંસા કરે એની, ઘણા વખાણ કરે.. કરે.. રાજી-રાજી થાય અંદર. તું મોટો છે, તું આવો છો, તું તો ઉદાર છો, તું તો આવો છો. એમાં રાગનો રસ આવ્યો. જ્ઞાનીને એ રસ ફિક્કા લાગે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની રાગના રસમાં રસબોળ (થઈ જાય). આહા..હા..! ત્યાં ગલગલિયા કરે છે અજ્ઞાની. જ્ઞાનીને ધર્માત્માને પોતાના જ્ઞાનના સ્વાદ આગળ બીજો સ્વાદ ફિક્કો લાગે છે. આહા..હા..!

**'વળી સ્વરૂપજ્ઞાનને અનુભવતાં...'** ભગવાન સ્વરૂપ આનંદ ને જ્ઞાન જેનું રૂપ નામ સ્વરૂપ છે. એવા જ્ઞાનને **'સ્વરૂપજ્ઞાનને અનુભવતાં...'** આહા..હા..! આવી વાત. **'સર્વ ભેદભાવો મટી જાય છે.'** આહા..હા..! જ્ઞાનની પર્યાય આ મતિ ને શ્રુત એવા ભેદ એની દૃષ્ટિમાં આવતા નથી એમ કહે છે. ભાઈ! તીર્થંકરો જગતમાં જયવંત વર્તો. આવે છેને? આહા..હા..! તીર્થંકરો જગતમાં જયવંત વર્તો. જેણે આવી વાણી કહીને જગતનો ઉદ્ધાર કર્યો. આહા..હા..! પ્રભુ! તમે જયવંત વર્તો. અર્થાત્ મારી ચીજ છે એ જયવંત વર્તે એમ કહે છે. સમજાણું કાંઈ? આવી વાતું છે. આહા..હા..!

**'સ્વરૂપજ્ઞાનને અનુભવતાં સર્વ ભેદભાવો મટી જાય છે.'** આહા..હા..! **'જ્ઞાનના વિશેષો જ્ઞેયના નિમિત્તે થાય છે.'** શું કહે છે? જ્ઞાનની પર્યાયમાં ભિન્ન-ભિન્ન જ્ઞેયને કારણે એમાં વિશેષ-ભેદ થાય છે પર્યાયમાં. આહા..હા..! **'જ્યારે જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે...'** અરે..! આ શું વળી? એકરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ સામાન્ય નામ એકરૂપ એનો જ્યારે લક્ષ કરીને સ્વાદ લેવામાં આવે છે, આહા..હા..! (ત્યારે) સર્વ ભેદભાવો મટી જાય છે. આહા..હા..! **'જ્ઞાનસામાન્યનો સ્વાદ લેવામાં આવે, ત્યારે જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** આહા..હા..! પોતાનું ત્રિકાળી સ્વરૂપ જ પર્યાયમાં જ્ઞેયરૂપ થાય છે, પરને જાણવું અનેક પ્રકારે એ બધું ગૌણ થઈ જાય છે. સમજાણું કાંઈ? શ્લોક તો ગજબ છે! આહા..હા..!

**શ્રોતા :-** સામાન્યનો સ્વાદ તો ઉપચાર છે, ભોગવટો પર્યાયમાં થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સામાન્યનો સ્વાદ પણ સ્વાદ તો પર્યાય છે, પણ સામાન્યનો સ્વાદ છેને. સ્વાદ તો પર્યાય છે, પણ ત્રિકાળી અભેદના લક્ષે સ્વાદ છેને એ સામાન્યનો સ્વાદ થયો.

**શ્રોતા :-** ત્રિકાળીને જાણે અને સ્વાદ પર્યાયનો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, નહિ, નહિ; પર્યાયનો સ્વાદ એ સામાન્યનો સ્વાદ છે. સામાન્યના સ્વાદમાં સામાન્યનો અનુભવ નથી, પણ સામાન્ય તરફનું લક્ષ કરીને અભેદનો સ્વાદ આવ્યો એ સામાન્યનો સ્વાદ કહેવામાં આવે છે, છે તો સ્વાદ પર્યાયનો. વિશેષનો સ્વાદ છે એ રાગનો છે અને

સામાન્ય સ્વાદ છે એ અરાગી સ્વાદ છે. સ્વાદ તો પર્યાય છે. સામાન્ય પર્યાયમાં આવતું નથી. સામાન્ય જે ત્રિકાળી છે એ પર્યાયમાં આવતું નથી, પણ સામાન્યનું જેટલું જેવું સ્વરૂપ છે એવું પર્યાયમાં જ્ઞાનમાં આવે છે અને એનો સ્વાદ આવે છે એમ કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું!

**'એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** જુઓને એમ થયુંને? એક જ્ઞાન નામ આત્મા જે ત્રિકાળી છે એ જ જ્ઞાનની પર્યાયમાં જ્ઞેયરૂપ થાય છે, જ્ઞેય જ્ઞાનમાં આવતું નથી. આ શું કહે છે? વર્તમાન જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જ્ઞેયરૂપ થઈ જાય છે. જે જ્ઞાનમાં પરજ્ઞેય અને રાગાદિ હતા એ છૂટી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વાદ તો પર્યાયનો છે. ૨૦માં બોલમાં ન કહ્યું? અલિંગગ્રહણ ૨૦મા બોલમાં. ૨૦ બોલ છેને, અલિંગગ્રહણ શબ્દના ૨૦ બોલ છે. એના ૨૦માં બોલમાં એમ કહ્યું કે પ્રત્યભિજ્ઞાનનું કારણ એવું જે સામાન્યદ્રવ્ય એનું આલિંગન કર્યા વિના શુદ્ધ પર્યાયો આત્મા આનંદની પર્યાય એ જ આત્મા છે. આહા..હા..! કેમકે સ્વાદમાં પર્યાય આવે છેને, પણ સામાન્યનો સ્વાદી એમ કહેવામાં આવે છે. આહા..હા..! સામાન્યને લક્ષે સ્વાદ આવ્યો એ સામાન્યનો કહેવામાં આવે છે. ભેદના લક્ષે સ્વાદ આવ્યો એ વિકાર ભેદનું લક્ષ કહેવામાં આવે છે. ભેદ સ્વાદ. આહા..હા..! આવી વાતું હવે આવો ઉપદેશ. આહા..હા..! ભાઈ! તારા રામબાણ વચન છે, ભગવાન! બાપા! બાપુ! તેં કોઈ દિ' સાંભળ્યા નથી. તારી મહિમા તેં કદી જાણી નથી. બહારની મહિમા..

એક હીરો આવે હીરાનો પારખુ. આહા..હા..! એવો એક દાખલો આવે છે. એક મોટો હતો ઝવેરી. બહુ હીરા-માણેકનો પારખુ. એમાં કોઈ રાજા પાસે હીરા આવેલા બસ્સો, પાંચસો, હજાર. બધાને બોલાવ્યા. સભામાં હીરાનો જે પારખુ હતો ઝવેરી એ તો રિટાયર્ડ થઈ ગયેલો, પણ અહીં આવ્યો જોવા, પરીક્ષા કરવા. તો હીરાની પરીક્ષા કરતાં-કરતાં કહે ઓહો..હો..! આ હીરા! એક પાસામાં જરી ડાઘ છે, નહિતર તો એક-એક હીરાના અબજો રૂપિયા છે. ઓહો..હો..! ભારે કિંમત કરી તમે. જાવ તમને બક્ષીસ આપીએ છીએ. દિવાન કહે આજે નહિ. સાહેબ કાલે આવજો. બક્ષીસ કાલે આપીશ. એ દિવાન ગયો એના ઘરે, એ ઝવેરીના ઘરે કે બાપુજી! કેટલી ઝવેરાતની કિંમત કરો છો? કરી ને જુઓને. આત્મા કોણ છે એ ઝવેરાતની પરીક્ષા કરી છે? એ તો મેં કદી સાંભળ્યું જ નથી. આત્મા કોણ છે એની પરીક્ષા કરી છે તેં? ઠીક! કે ભાઈ હું તો. બીજે દિવસે બક્ષીસ લેવા આવ્યો. રાજા કહે બક્ષીસ દો. દિવાન કહે એને સાત ખાસડા મારો. ખાસડા સમજો છો? જુતા. મૂરખ! તેં કાંઈ કર્યું નહિ તારી કિંમત ને બહારની કિંમત કરવા નીકળ્યો એકલો. એય..! શેઠ! આહા..હા..! પછી કહે, આમ કેમ? રાજા કહે એમ કેમ? સાહેબ હું એના ઘરે ગયો હતો. તો એને પૂછયું કે તારો આત્મા કોણ છે? કે ભાઈ મેં તો કદી સાંભળ્યું જ નથી. મૂરખ છે, એને જૂતા મારો. મરીને નરકે જવાનો છે એવી પરીક્ષાને બક્ષીસ શું દેવી? ઓલો કહે ઓહો..હો..! સાચી વાત, ભાઈ! મેં મારી પરીક્ષા કરી નહિ અને દુનિયાની પરીક્ષા કરવા નીકળી ગયો. એય..! શેઠ! શું કહ્યું?

**શ્રોતા :-** ઝવેરીને ખરાબ લાગશે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પછી તો રાજી થયો કે વાત સાચી છે, ભાઈ! દિવાન! મેં મારી પરીક્ષા કરી

નહિ કે હું કોણ છું અંદર? મારી મને ખબર નહિ અને મેં પરના ડહાપણ કર્યા. આ લોકો નથી કહેતા કે ઘરના છોકરા ઘંટી ચાટે પાડોશીને આટો. એમ કહે છેને? તારી તને ખબર નથી અને જગતની પરીક્ષા કરવા નીકળી ગયો. આહા..હા..! એવું જ કર્યું છે. એ ઝવેરી છેને. છોકરાઓ ઝવેરી બધા કરે છે. આહા..હા..! ધૂળમાંય નથી, બાપા! આત્મા ઝવેરીની પરીક્ષા ન કરી તમે. આહા..હા..!

અહીં તો ગજબ શ્લોક આવ્યો બહુ. સવારમાં પણ સારું આવ્યું હતું. આવી વાત છે ભારે! રાગના રસીલા, વિષયના રસીલા, આબરૂના રસીલા એને આ વાત કઠણ પડે, પ્રભુ! આહા..હા..! ભાઈ! અહીં તો આત્મારામ રસ છે. આતમરામનો રસીલો પ્રભુ! આહા..હા..! કહે છે, એ જ્ઞાન સામાન્ય તો **'જ્ઞાનના સર્વ ભેદો પણ ગૌણ થઈ જાય છે, એક જ્ઞાન જ જ્ઞેયરૂપ થાય છે.'** જોયું! પોતાની જ્ઞાનની પર્યાયમાં, શ્રદ્ધાની પર્યાયમાં, જ્ઞાનની પર્યાયમાં એકલો ત્રિકાળી જ્ઞાયક એ જ્ઞેય રહે છે. આહા..હા..! આ સમજવું કઠણ પડે.

**'અહીં પ્રશ્ન થાય છે કે છદ્મસ્થને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કેવી રીતે આવે?'** તમે તો આત્માનો સ્વાદ... આત્માનો સ્વાદ... પૂર્ણ જ્ઞાનનો સ્વાદ કહીને બહુ કહો છો, તો છદ્મસ્થ જે છે, હજી જેને આવરણ છે, અલ્પજ્ઞ છે એને પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો સ્વાદ કેવી રીતે આવે? **'આ પ્રશ્નનો ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે...'** શું? **'કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી...'** આહા..હા..! શુદ્ધનય સમ્યગ્જ્ઞાનનો અંશ શુદ્ધનય એ આત્માનું પૂર્ણસ્વરૂપ બતાવે છે. આહા..હા..! છે? **'ઉત્તર પહેલાં શુદ્ધનયનું કથન કરતાં દેવાઈ ગયો છે કે શુદ્ધનય આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ જણાવતો હોવાથી શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે.'** પરોક્ષ સ્વાદ આવે છે. હજી કેવળજ્ઞાન પર્યાય થઈ નથી, પણ 'કેવળજ્ઞાન પર્યાય આવી છે' એમ પ્રતીતિમાં આવતા પરોક્ષ કેવળજ્ઞાનનો સ્વાદ આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાનમાં જ્યાં ભાન થયું, સ્વાદ આવ્યો તો એ સ્વાદ, શાસ્ત્રમાં એમ કહે છે કે કેવળજ્ઞાનને બોલાવે છે. કોણ? મતિશ્રુતજ્ઞાન. આહા..હા..! એ ભાઈ! અહીં આવો.. અહીં આવો.. આ રસ્તે ક્યાં જાવું? એમ અહીંયાં મતિ અને શ્રુતજ્ઞાન સમ્યક્ આનંદનો સ્વાદ આવ્યો એ મતિ ને શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે, એવો પાઠ છે શાસ્ત્રમાં. ષટ્ખંડાગમ, ષટ્ખંડાગમ દિગંબર શાસ્ત્ર જૂનું પુરાણું. ૪૦ પુસ્તક આવ્યા છે ષટ્ખંડાગમ, એમાં બધું લીધું છે.

જ્યાં આત્માનો સ્વાદ મતિજ્ઞાનમાં આવ્યો તો એ મતિજ્ઞાનનો અપૂર્ણસ્વાદ છે એ પૂર્ણસ્વાદ કેવળજ્ઞાનને બોલાવે છે કે આવો! આહા..હા..! આવી વાતું. કઈ જાતની વાતુ! વ્યવહારના રસીલાને તો એવું લાગે.. એકાંત છે.. એકાંત છે.. ભાઈ! એકાંત જ છે સમ્યક્, સાંભળને! આહા..હા..! એથી **'શુદ્ધનય દ્વારા પૂર્ણરૂપ કેવળજ્ઞાનનો પરોક્ષ સ્વાદ આવે છે. '** આહા..હા..!

**'હવે, કર્મના ક્ષયોપશમના નિમિત્તે જ્ઞાનમાં ભેદ હોવા છતાં... '** શું કહે છે? જ્ઞાનની જે પર્યાય છે એમાં કર્મના નિમિત્તે પર્યાયમાં અપૂર્ણતા આદિ ભેદ છે. **'તેનું સ્વરૂપ વિચારવામાં આવે તો જ્ઞાન એક જ છે...'** આહા..હા..! જ્ઞાનસ્વરૂપ ભગવાન એક જ છે, ભેદ નથી. આહા..હા..!

**'અને તે જ્ઞાન જ મોક્ષનો ઉપાય છે...'** આહા..હા..! એ આત્મસ્વભાવ જ્ઞાનરૂપ એકલો એકરૂપ એની એકાગ્રતા જ મોક્ષનો ઉપાય છે, બીજી ક્રિયાકાંડ અને ફલાણું એ બધો મોક્ષનો ઉપાય નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧૧, શુક્રવાર, તા. ૩૧-૧૨-૧૯૭૬, ગાથા-૨૦૪, પ્રવચન નં. ૨૭૮

આ દેહમાં ભગવાન આત્મા એ પરમપદાર્થ છે.

**શ્રોતા :-** પરમ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્કૃષ્ટ ઊંચો પરમાત્મસ્વરૂપ છે એ. આહા..હા..! સમજાય છે કાંઈ? હવે એને જ્ઞાન સાથે મેળવવું છે અહીં. **'આત્મા ખરેખર પરમાર્થ (પરમ અર્થ)...'** પરમપદાર્થ મહા ચૈતન્ય પરમાત્મસ્વરૂપ. આહા..હા..! **'અને તે (આત્મા) જ્ઞાન છે;...'** હવે એમ સિદ્ધ કરવું છે અહીં. આત્મા જે વસ્તુ છે મહાપ્રભુ એ જ્ઞાનસ્વરૂપ છે. એનો સ્વભાવ કાયમી જ્ઞાનસ્વરૂપ છે એ. આહા..હા..! **'વળી આત્મા એક જ પદાર્થ છે;...'** પહેલી સામાન્ય વાત કરી હતી કે પરમ પદાર્થ છે. **'અને તે (આત્મા) જ્ઞાન છે;...'** હવે આત્મા એક જ પદાર્થ છે. વસ્તુ તરીકે ભગવાન આત્મા અંદર એક પદાર્થ છે. **'તેથી જ્ઞાન પણ એક જ પદ છે.'** જ્ઞાન જાણકસ્વભાવ પણ એક પદ એકરૂપે અભેદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

આતમ પદાર્થ મહાપદાર્થ છે એ જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળ, જેમ અગ્નિ ઉષ્ણસ્વરૂપ છે. એ અગ્નિ એક છે તો ઉષ્ણપણું પણ એકરૂપે છે, એમ ભગવાન આત્મા એક પદાર્થ છે તો એનું જ્ઞાન પણ એકરૂપે છે, ભેદ નથી, એમ કહે છે. આહા..હા..! માર્ગ બાપુ! એમાં જન્મ-મરણરહિત થવાનો માર્ગ બહુ સૂક્ષ્મ છે. વીતરાગનો માર્ગ... આહા..હા..! કહે છે, **'તેથી જ્ઞાન પણ એક જ પદ છે.'** આત્મા એક પદ છે, એક વસ્તુ છે, એક પદાર્થ છે, એમ એનું જ્ઞાન પણ એકસ્વરૂપ છે એ એક જ પદ છે. એનો જે સ્વભાવ જ્ઞાનસ્વભાવ, જેમ આત્મા એકરૂપ છે, તેમ તેનો જ્ઞાનસ્વભાવ પણ એકરૂપ છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

હવે અહીંયાં તો **'જે આ જ્ઞાન નામનું એક પદ છે...'** જાણકસ્વભાવ જ્ઞાનસત્ત્વ, જાણક જ્ઞાયકભાવ એક પદ છે. **'તે આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે. '** આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ જે વસ્તુ છે એ પુણ્ય અને પાપના વિકલ્પથી ભિન્ન છે અને પર્યાયના ભેદથી પણ ભિન્ન છે. આહા..હા..! એ આવી ગયું છે આપણે ૧૪૦માં, એનો સાર છે આ. આહા..! જેને ધર્મ કરવો છે

એણે શું કરવું ઈ વાત છે. આહા..હા..! તો આત્મા એ વસ્તુ છે ધર્મી એ એક છે, તો એનો જ્ઞાનસ્વભાવ ધર્મ પણ એકરૂપે છે, ત્રિકાળી. આહા..હા..! અને **'આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** આહા..હા..! એ જ્ઞાનસ્વભાવ છે એની અંતરની એકાગ્રતા એ જ્ઞાનસ્વભાવની એકાગ્રતા તે મોક્ષનો ઉપાય છે. આવી વાત છે, લોકોને શું થાય? અભ્યાસ ન મળે અને આ તરફની દરકાર નહિ એટલે લોકોને એવું લાગે કે આ તો બહુ આકરો માર્ગ અને આ બીજો (માર્ગ કાઢ્યો), બાપુ! માર્ગ તો એ છે, પ્રભુ! દુઃખી થઈને ચોર્યાસીમાં રખડે છે એ ભેદદૃષ્ટિથી, રાગદૃષ્ટિથી, નિમિત્તદૃષ્ટિથી રખડે છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

ભગવાન આત્મા ચૈતન્યપદાર્થ જે જ્ઞાનસ્વભાવ વસ્તુ એક છે તો એનું જ્ઞાનપદ પણ સ્વભાવ પણ એકરૂપે છે અને તેથી પરમાર્થે **'પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** એ જ્ઞાનસ્વભાવ છે એની એકાગ્રતા અભેદની એકાગ્રતા એ મોક્ષનો ઉપાય છે. અરે..! આવી વાત હવે. ભાઈ! માર્ગ એવો છે, બાપા! આહા..હા..! **'આ પરમાર્થસ્વરૂપ સાક્ષાત્ મોક્ષ-ઉપાય છે.'** આહા..હા..! એ જ્ઞાનપદ જે જ્ઞાયકસ્વભાવ જ્ઞાનરસ વસ્તુ એ મોક્ષનો ઉપાય છે. એટલે કે એમાં એકાગ્ર થવું એ જ મોક્ષનું નામ સુખની પૂર્ણ પ્રાપ્તિનો એ ઉપાય છે. આહા..હા..! કહો, પોપટભાઈ! આ પૈસા-બૈસામાં સુખ નથી એમ કહે છે. ભેદમાં પણ સુખ નથી. આહા..હા..! અરે..! છે ક્યાં ધૂળમાં ક્યાંય? અહીં તો રાગ થાય દયા, દાનનો એમાં પણ સુખ નથી. એમાં જ્ઞાન નથી માટે સુખ નથી. આહા..હા..! આવી વાત છે. કહો, શેઠ! આ ઉદ્‌ઘાટન કરે છે. કહેતા હતાને તમે. શેઠ કહેતા હતા. આ માર્ગનું આવું છે, ભાઈ! આહા..હા..! એ ભગવાન છે. ભગ નામ જ્ઞાન અને આનંદની લક્ષ્મીથી પરિપૂર્ણ ભરેલો ભગવાન છે આત્મા. આહા..હા..! એક જ્યાં બીડી પીવે ત્યાં એને એમ થઈ જાય કે આહા..હા..! શું આવ્યું?

**શ્રોતા** :- મસ્તી આવી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મસ્તી આવી જાય. તસ્તી અંદરથી આવી જાય. આહા..હા..! અરે..! પ્રભુ! શું છે તને આ? ભાઈ! એ બીડી તો જડ છે, એના તરફનું લક્ષ છે એ રાગ છે, એ પીતા રાગ થાય છે, એ રાગનો સ્વાદ ઝેરીલો છે. આહા..હા..! ભગવાન આત્મા સર્વજ્ઞ જિનવર પરમેશ્વરે જે કહ્યો ને જોયો ને પ્રગટ કર્યો એ પ્રભુ પૂર્ણ આનંદનો નાથ પૂર્ણ જ્ઞાનસ્વરૂપ, એમાં એકાગ્રતા, જ્ઞાનમાં એકાગ્રતા, એ જ્ઞાનપદ જ મોક્ષનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- દર્શન ને ચારિત્ર ક્યાં આવ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ જ્ઞાનમાં એકાગ્રતા એ દર્શન, જ્ઞાનમાં જ્ઞાનનું જ્ઞાન તે જ્ઞાન અને જ્ઞાનમાં રમણતા તે ચારિત્ર. આહા..હા..! એ તો ૧૪૦માં આવી ગઈ છે એની વાત છે આ. સમજાણું કાંઈ? એ તો ઉપોદ્‌ઘાત હતી. આહા..હા..!

**'અહીં, મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો આ એક પદને ભેદતા નથી...'** શું કહે છે? આ તો ધર્મકથા વીતરાગમાર્ગની, પ્રભુ! એ કાંઈ સાધારણ રીતે સમજાય જાય અને પકડાઈ જાય એવી ચીજ નથી. એ અભ્યાસ નથી અને ચાલતા પ્રવર્તનમાં એ વાત નથી એટલે લોકોને કઠણ લાગે, ભાઈ!

આહા..હા..! અંદર ભગવાન આત્મા, આત્મા તત્ત્વ છે કે નહિ? વસ્તુ છેને? પદાર્થ છેને? અને પદાર્થ છે તે એક છે. તેથી તેનો જ્ઞાનસ્વભાવ પણ એક પદ છે. એકરૂપે ત્રિકાળ જ્ઞાનસ્વભાવ છે. આહા..હા..! એની સન્મુખ જોઈને એ જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થવું એમાં એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયા. આહા..હા..! જ્ઞાનમાં રમણતા એ ચારિત્ર, જ્ઞાનનું જ્ઞાન એ જ્ઞાન, એ જ્ઞાનસ્વભાવની અંતર નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ તે સમ્યગ્દર્શન. આવી શરતું બધી. આખો દિ' આ પૈસામાં અને બાયડી, છોકરામાં ઘૂંચાઈ ગયા હોય એને માંડ આ પકડાવું કઠણ પડે. આહા..હા..! બાપુ! ધર્મ તો આ છે, ભાઈ! વીતરાગ સર્વજ્ઞ જિનવરદેવ સભામાં પ્રભુ આમ કહેતા હતા એ વાત મુનિઓ કહે છે જગતને.

ભાઈ! આત્મા છેને તું. અને આત્મા છે એ એક વસ્તુ છે કે અનેક વસ્તુ છે? એક છે તો તેનો જ્ઞાનસ્વભાવ એક છે કે અનેક છે? એક છે જ્ઞાન. એ જ્ઞાનમાં અંતર સામાન્ય જે આત્મા અથવા સામાન્ય જે જ્ઞાન એમાં એકાગ્રતા, અંતર્મુખ થઈને એમાં એકાગ્રતા (થવી), આહા..હા..! એ મોક્ષનો ઉપાય છે. મોક્ષ એટલે પરમ આનંદની પ્રાપ્તિ આત્માના લાભની, એવા મોક્ષનો ઉપાય તે આ છે. ભગવાન આત્માના જ્ઞાનમાં એકાગ્ર થવું. રાગમાં જે એકાગ્ર અનાદિથી છે એ દુઃખનો રસ્તો, મિથ્યાત્વનો રસ્તો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ગાથા બધી એકેએક ઊંચી છે, સુંદર છે સુંદર. આહા..હા..!

હવે કહે છે કે એ વસ્તુ છે એનો જે જ્ઞાન એકરૂપ સ્વભાવ છે એમાં જે એકાગ્રતામાં ભિન્ન-ભિન્ન મતિ-શ્રુતજ્ઞાનાદિ પ્રગટે પણ એ બધા સામાન્યમાં એકરૂપ અભેદ થાય છે, ભેદ નથી થતો. આહા..હા..! શું કહ્યું એ? કે જ્ઞાનસ્વભાવ એકરૂપ છે તેમાં એકાગ્રતાના પર્યાયો શુદ્ધતાના અનેક પ્રગટે પણ એ અનેક પ્રગટે એ એકપણાને અભિનંદે છે. એકપણાની પુષ્ટિ થાય છે, અનેકપણે રહેતું નથી એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ હવે, લ્યો! હવે ઓલા બિચારા ઈચ્છામી પડિક્કમણા કરતાં હોય, તસ્સમિચ્છામી દુક્કડમ કરતાં હોય એને આવી વાતું કહે. અરે..! પ્રભુ! માર્ગ તો પ્રભુ આ છે. તારા હિતનો, તારા શાંતિના સુખનો પંથ તો આ છે. બાકી બધા દુઃખના રસ્તા છે. આહા..હા..! આત્મા આનંદસ્વરૂપ છે, ભગવાન! અહીં જ્ઞાનથી લેવું છેને. કારણ કે જ્ઞાન અંશ પ્રગટ છે, એથી જ્ઞાનથી વાત લીધી છે. આનંદ પ્રગટ નથી. એ જ્ઞાન એકાગ્ર છે એમાં એકાગ્ર થાય, જ્ઞાન એક પદ છે એમાં એકાગ્ર થાય તો આનંદ પ્રગટે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..!

એ '**મતિજ્ઞાન આદિ (જ્ઞાનના) ભેદો...**' મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાનાદિ જે ભેદ છે બધા એ ખરેખર તો જ્ઞાનસ્વભાવમાં, સામાન્યમાં અભેદપણે પામે છે, ભેદપણે નથી રહેતા. આહા..હા..! સામાન્યની જ પુષ્ટિ કરે છે. આહા..હા..! આવી ભાષા હવે. સામાન્ય ને પુષ્ટિ ને. છે? '**આ એક પદને ભેદતા નથી...**' એકરૂપ જ્ઞાયકભાવની પરિણતિ જે છે એને ભેદતા નથી. '**પરંતુ તેઓ પણ આ જ એક પદને અભિનંદે છે (-ટેકો આપે છે).**' આહા..હા..! નિર્મળની શુદ્ધતાના અનેક પ્રકાર પણ એ શુદ્ધતાની અભેદતાને અભિનંદે છે. આહા..હા..! આવી વાત છે. સમજાય છે કાંઈ? વસ્તુ ભગવાન આત્મા એક સ્વરૂપે, એનો જ્ઞાન ત્રિકાળી જ્ઞાનસ્વભાવ પણ એકસ્વરૂપે, એમાં એકાગ્રતાના અનેક ભેદો ઉત્પન્ન થાય છતાં તે અનેક ભેદ તે સામાન્યને જ પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શ્રોતા :- પુષ્ટિ કરે છે એટલે શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એટલે એકાગ્રતામાં અભેદમાં જ એકાગ્ર છે એ. ભલે વિશેષ વધે પણ એ છે એકાગ્રતામાં. સમજાણું કાંઈ? આહા..હા..! આવો માર્ગ, પ્રભુ! અરે..! અનંતકાળમાં દુઃખના પંથે દારોઈ ગયેલા એને આ સુખના પંથે ભગવાન બતાવે, ભાઈ! ઝીણી વાત, બાપા! ભગવાન! એ વાતને સમજવા માટે ઘણી તૈયારી જોશે. આહા..હા..! શું કહ્યું એ?

મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, કેવળજ્ઞાન એવા ભેદો થાય છે, પણ એ બધા સામાન્યમાં એકાગ્રપણે છે એ, એ અભેદપણે જ ભાસે છે બધું, ભેદ ભાસતો નથી ત્યાં. આહા..હા..! અરે..! આવી વાત લ્યો! કેમકે એવા ભેદ ઉપર લક્ષ જાય તો ત્યાં વિકલ્પ ઉઠે છે. આહા..હા..! એ તો સામાન્ય જે અભેદ જ્ઞાયકભાવ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ આત્મા ભગવાન સર્વજ્ઞે કહ્યો એ હોં, અજ્ઞાનીઓ કહે છે એ નહિ. અજ્ઞાનીઓ આત્મા-આત્મા તો કરે છે, પણ એ આત્મા શું છે એને જાણ્યો નથી. આહા..હા..! એ આત્માના જ્ઞાનસ્વભાવમાં એકાગ્ર થતાં જ્ઞાનની પર્યાયો અનેકપણે થાય, પણ અનેકપણે તે એકપણાને અભિનંદે છે, ટેકો આપે છે. ડાહ્યાભાઈ! આહા..હા..! આ તો અવલદોમની વાતું છે, પ્રભુ! આહા..હા..! દુનિયાથી ભિન્ન છે, ભગવાન! આહા..હા..!

કહે છે કે વસ્તુસ્વરૂપ જે ભગવાન જ્ઞાનસ્વરૂપી છે એની અંતર સન્મુખ-અંતર્મુખ થતાં જ્ઞાનની પર્યાયો અનેકપણે ભિન્ન-ભિન્ન પ્રગટે, પણ એ ભિન્ન-ભિન્ન પ્રગટેલી તે એકતાને અભિનંદે છે, સામાન્યને પુષ્ટિ કરે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જિનવરદેવનો માર્ગ, ભાઈ! એવો સૂક્ષ્મ અને સરળ અને સીધો છે, પણ અભ્યાસ નહિ ને અભ્યાસ નહિ એટલે લોકોને એવું લાગે કે આ અત્યારે અમે આ વ્રત, તપને કરીએ છીએને. ભાઈ! વ્રત, તપના ભાવ તો વિકલ્પ ને રાગ છે, એ આત્માનો ધર્મ નથી. આત્માનો ધર્મ તો જ્ઞાનસ્વભાવ ત્રિકાળ એ સ્વભાવમાં એકાગ્ર થતાં જે પ્રગટે દશા એ ધર્મ છે. આહા..હા..! આવી વાત!

અમૃત-સાગર મૃતક કલેવરમાં મૂર્છાણો એમ નથી આવ્યું? ૯૬ ગાથામાં આવ્યું છે. આહા..હા..! આ દેહ તો મૃતક કલેવર મડદું છે, મડદું આ તો છે. આહા..હા..! અને અંદરમાં રાગ જે થાય છે, પુણ્ય-પાપનો એ પણ અચેતન અને જડ છે, એ ચૈતન્યનું કિરણ એમાં નથી. ચૈતન્યની જે સામાન્ય શક્તિ જે છે જ્ઞાન, એમાં એકાગ્ર થતાં જે જ્ઞાનની કિરણ દશા પ્રગટે એ અનેકપણે હોવા છતાં તે એકપણાને ટેકો ને મદદ આપે છે. આહા..હા..! આવી વાત હવે. કહો. માર્ગ તો કહે છે, આત્મા વસ્તુ છે તેનું જે જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળી હોં! ધ્રુવ જ્ઞાનસ્વરૂપ, એ ધ્રુવમાં જે એકાગ્રતા થાય પર્યાયની એમાં નિર્મળતાના પર્યાયો અનેક વધે પણ એ નિર્મળ અનેક હોવા છતાં નિર્મળતાની એકતાને જ પુષ્ટિ આપે છે એ. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! લોકોને એવું લાગે બિચારાને. એટલે કહે છે, ભાઈ! આ તો માર્ગ ભગવાનનો છે બાપા! આ કાંઈ કોઈના ઘરનો નથી. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'આ એક પદને ભેદતા નથી, પરંતુ તેઓ પણ આ એક જ પદને અભિનંદે છે...'** એટલે કે જ્ઞાનસ્વભાવમાં સામાન્યમાં એકતા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'તે દૃષ્ટાંતથી સમજાવવામાં**

**આવે છે :– જેવી રીતે આ જગતમાં વાદળાના પટલથી ઢંકાયેલો સૂર્ય...** ' આહા..હા..! '**આ જગતમાં વાદળાના પટલ...** ' સમજ્યા? વાદળા મોટા. '**પટલથી ઢંકાયેલો સૂર્ય કે જે વાદળાના વિઘટન અનુસારે...**' આહા..હા..! પ્રભુ! આ વિઘટનની તકરાર ચાલે છે. એમ કે આ વિઘટન છે એ સોનગઢથી ઊભું થયું છે, એમ કહે છે. આ વિઘટન શબ્દ આવ્યો. ભગવાન અહીં કહે છે, પ્રભુ! સાંભળને, ભાઈ! એ '**વાદળાના પટલથી ઢંકાયેલો સૂર્ય...**' તેનું છૂટું પડવું, વીખરાઈ જવું વાદળાનું, જેટલા વાદળા છૂટા પડે છે... આહા..હા..! '**અનુસારે પ્રગટપણું પામે છે,...**' એટલો સૂર્ય પ્રકાશપણાને પર્યાયમાં પામે છે. આહા..હા..! જેટલા વાદળ ઘટે છે એટલો સૂર્ય પ્રકાશપણાને પામે છે. '**તેના (અર્થાત્ સૂર્યના) પ્રકાશની (પ્રકાશવાની) હીનાધિકતારૂપ ભેદો...** ' એ થોડી પ્રકાશતા અને વિશેષ પ્રકાશતા એ '**તેના પ્રકાશસ્વભાવને ભેદતા નથી,...**' આહા..હા..! એનો જે પ્રકાશસ્વભાવ છે એને એ તોડતા નથી, પ્રકાશમાં એકતા વધે છે. આહા..હા..! તેના સામાન્ય પ્રકાશ સ્વભાવને ખંડ-ખંડ નથી કરતાં.

'**તેવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. આહા..હા..! '**કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા...**' છે તો નિમિત્તથી કથન છે. સમજાય છે? એ પોતાની યોગ્યતાથી ત્યાં ઢંકાયેલો છે ખરેખર તો. એ '**કર્મપટલના ઉદયથી ઢંકાયેલો આત્મા...**' હવે આવી ભાષા સીધી છે લ્યો. હવે ત્યાં અર્થ કરવો કે એ અર્થ અમે ફેરવ્યા છે, એમ કહે છે. ભગવાન! કર્મ તો જડ છે. જડનું જ્યાં નિમિત્ત છે અંદર, ત્યારે પર્યાયમાં એવી જ યોગ્યતા પોતાની છે હીણી. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**ઢંકાયેલો આત્મા...**' એને સમજાય એ રીતે દાખલો આપ્યો છે. આહા..હા..! '**કે જે કર્મના વિઘટન (ક્ષયોપશમ) અનુસારે...**' દેખો! કર્મ જેમ ઘટતું જાય છે, ખસતું જાય છે અથવા એનો ભાવ આવરણ જે હીણી દશા એ ટળતી જાય છે. આહા..હા..! '**અનુસારે પ્રગટપણું પામે છે,...**' જ્ઞાન પ્રગટ થાય છે. ચૈતન્યનો નૂર પ્રભુ ભગવાન, ચૈતન્યના પ્રકાશના નૂરનું તેજ પ્રભુ આત્માનું, આહા..હા..! એ આવરણના ક્ષયોપશમથી અને પોતાની દશાની ક્ષયોપશમની લાયકાતથી એ જ્ઞાન પ્રગટ થાય છે. આહા..હા..! અરે..! આવી વાત બહુ...

'**તેના જ્ઞાનની હીનાધિકતારૂપ ભેદો તેના (સામાન્ય) જ્ઞાનસ્વભાવને ભેદતા નથી...** ' આહા..હા..! '**પરંતુ ઊલટા તેને અભિનંદે છે.**' એટલે જ્ઞાનમાં એકાગ્રતા એ સામાન્યપણાને પામે છે. સામાન્ય એટલે? છે તો પર્યાય પણ એકતાને પામે છે, તે વિશેષ-વિશેષ નિર્મળતા તે એકતાને પામે છે. આવી વાતું લ્યો હવે. આહા..હા..! '**માટે જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' આહા..હા..! જુઓ! હવે. એવો જે ભગવાન આત્મા જ્ઞાન પ્રકાશનું પૂર તેનું એક ત્રિકાળીનું આલંબન લેવું. આહા..હા..! લ્યો! આ દેવ, ગુરુ અને શાસ્ત્રનું આલંબન છે એ તો કહે છે વિકલ્પ હોય ત્યારે એ આલંબન કહેવાય. પર્યાયનું આલંબન પણ વિકલ્પ ઊઠે તો આલંબન કહેવાય. આહા..હા..! ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વભાવનો ત્રિકાળ ભાવ તેનું આલંબન લેવું, એનો આશ્રય લેવો, એને જ્ઞાનની પર્યાયમાં એને આધાર બનાવવો. આહા..હા..! આ તો એની

મેળાએ સમજાય એવું નથી. ત્યાં બીડીમાં ઘુંચાઈ જાય. ઝીણી વાત છે આ. વાત તો એ છે. આહા..હા..! આ તો હિતનો માર્ગ, નાથ! ભગવન! તારું સ્વરૂપ તો જુદી જાત છે, નાથ! આહા..હા..! આ બધા હાડકાં ને ચામડા અને પુણ્ય-પાપના રાગ એના પ્રેમમાં ભગવાન ભ્રષ્ટ થઈ ગયો છે. આહા..હા..! પ્રભુ! એકવાર તારો જ્ઞાનસ્વભાવ છે તેનો પ્રેમ કરને. આહા..હા..! ત્યાં રુચિને લેને. ભગવાન જ્ઞાનસ્વભાવનું પોષણ કરને, પોષાણ કરને. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે એ '**જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' ભાષા છે? એ આત્મસ્વભાવભૂત જ્ઞાન, આત્મા સ્વભાવવાળો અને જ્ઞાન તેનો સ્વભાવ. એ આત્મસ્વભાવભૂત. સ્વભાવભૂત પાછું કીધું. એ '**જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.**' અંતરમાં જ્ઞાનસ્વભાવ એકરૂપ છે ત્રિકાળ તેનું આલંબન, એકનું જ આલંબન કરવું. આહા..હા..! રાગનું નહિ, નિમિત્તનું નહિ અને ભેદનું નહિ. આહા..હા..! આવો માર્ગ, ભાઈ! સમ્યગ્દર્શન પામવાની આ રીત છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! અરે..! ક્યાં મળે? એ પ્રભુ ક્યાં મળે ગોત્યો? ક્યાંય મળે એવો છે બહારમાં? આહા..હા..! જ્યાં છે ત્યાં જાય નહિ અને મળે શી રીતે એને? આવો માર્ગ છે. આહા..હા..! એમ કહીને વ્યવહારરત્નત્રયના જે વિકલ્પો છે એ કાંઈ આલંબન લેવા જેવા નથી કે એને લઈને આત્મામાં એકાગ્રતા થાય, એમ નથી. અરે..! અહીં તો પર્યાયના ભેદનું પણ આલંબન લઈને એકાગ્ર થાય એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવથી ભરેલો ભગવાન છે, અરે..! એ શું છે બાપુ આ? તું કોણ છો? ક્યાં છો કેવડો? બાપુ! તને ખબર નથી. આહા..હા..! જ્ઞાનનો નિધાન, જ્ઞાનનો સાગર. આહા..હા..! કહો, આ ભગવાનદાસ સાગરમાં રહે છેને તો આ ભગવાનદાસ જ્ઞાનસાગરમાં રહે છે એમ કહે છે. શેઠ! સાગરના શેઠિયા. એ સાગરના શેઠ આ. આહા..હા..! ભગવાન! સાંભળને, ભાઈ!

અરે..! એ યુવાની તારી ઝોલા ખાઈને ચાલી જશે. આહા..હા..! એ વૃદ્ધાવસ્થા આવીને ખડી થશે પ્રભુ! તું કોનું શરણ લઈશ ક્યાં? આહા..હા..! અરે..! અંદર ત્રણલોકનો નાથ આત્મા જ્ઞાનસ્વરૂપે બિરાજે ને પ્રભુ ત્યાં જાને તું, તને યુવાની પ્રગટશે. આહા..હા..! જે રાગનું શરણ લેવા જાય ત્યાં અજ્ઞાન પ્રગટશે. બાળદશા છે એ તો. આહા..હા..! અને ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે એનું શરણ લઈશ ત્યારે તને જુવાની પ્રગટશે, અંતર આત્માની યુવાની પ્રગટશે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પૂર્ણ કેવળજ્ઞાન થશે તે વૃદ્ધાવસ્થા થઈ જશે. આહા..હા..! આ અવસ્થા પ્રભુ તારી છે. આ બાળ, યુવાન, વૃદ્ધ તો જડના છે. આહા..હા..! આહા..હા..! આચાર્યે ઘણી સાદી ભાષામાં ભગવાન નિર્મળાનંદ જ્ઞાનસ્વરૂપી એનું આલંબન લેને પ્રભુ! કહે છે. આહા..હા..! કહો, દેવીલાલજી! આહા..હા..! ભાઈ! પડ્યો છેને પ્રભુ અંદર. જ્ઞાનસ્વભાવે વર્તતો એકરૂપે છે, એનું આલંબન લેને. આ મૂર્તિપૂજક અને સ્થાનકવાસીમાં તકરાર એ. ભગવાનનું આલંબન.. ઓલો કહે હોય નહિ, ઓલો કહે હોય. એ તો વ્યવહારના વિકલ્પના વખતના આલંબનની વાત છે. સમજાણું કાંઈ? શુભભાવ હોય ત્યારે ભગવાનની પ્રતિમાને નિમિત્તનું આલંબન કહેવાય, પણ અહીંયાં તો પરમાર્થ જ્યાં પ્રગટવો છે, ત્યાં તો આલંબન ભગવાન એકાકાર જ્ઞાનસ્વભાવનું આલંબન છે. સમજાણું કાંઈ? બહુ સરસ ગાથા છે.

**'આત્મસ્વભાવભૂત...'** એટલે સ્વભાવસ્વરૂપ જ એ ત્રિકાળ છે એમ કહે છે. એવું જે **'જ્ઞાનનું જ...'** આ એકાંત નથી થતું? એય..! રમેશચંદજી! શું એકાંત નથી થતું? એકાંત છે, પ્રભુ! તારો સમ્યક્ એકાંત પ્રભુ છે, ભાઈ! તું એને અનેકાંતમાં ખતવીને આમ (કહે કે) જ્ઞાનના આશ્રયથી પણ લાભ થાય અને રાગના આશ્રયથી પણ લાભ થાય એમ અનેકાંત ન હોય.

**શ્રોતા :–** બેયથી લાભ થાય તો નુકસાન શેનાથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો અશુભભાવ ને પાપ ભાવ કરે તો નુકસાન થાય એમ. એવું નાખ્યું છે, આજે નાખ્યું છે. આજે નાખ્યું છે આમાં જયધવલમાં એમ કે કર્મનો ક્ષય શુભ અને શુદ્ધ બેથી જ થાય, બીજી રીતે થાય નહિ. એ કઈ અપેક્ષા? આહા..હા..! અરે..! શુભ છે એ અશુભને નિર્જરે છે, શુદ્ધ છે એ બધી ચીજ બધાને નિર્જરે છે. એવી અપેક્ષા નાખી છે, પણ હવે શું થાય? આહા..હા..!

અહીંયાં તો ભગવાન કુંદકુંદાચાર્ય એના ગાથામાં ભરેલા ભાવો એને અમૃતચંદ્રાચાર્ય ટીકા કરીને, જેમ ગાયના આઉમાં અને ભેંસના આઉમાં દૂધ હોય છે એને બળુકી બાઈ આમ ખેંચીને દૂધ કાઢે છે, એ અંદરમાં છે તે કાઢે છે, એમ ગાથામાં ભાવ ભર્યા છે એને તર્કથી આ કાઢ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગાથા છેને જુઓને.

**आभिणिसुदोधिमणकेवलं च तं होदि एक्कमेव पदं।**
**सो एसो परमट्ठो जं लहिदुं णिव्वुदिं जादि।।२०४।।**
**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

પરમાર્થ ભગવાન આત્માના જ્ઞાન અને એકાગ્ર પામીને મુક્તિને પામે છે. વ્યવહારને પામીને મુક્તિને પામે છે એમ છે નહિ. આહા..હા..! આવી વાત છે, ભાઈ! સ્પષ્ટીકરણ થાય ત્યાં તો વસ્તુ આવે. કોઈ વ્યક્તિને માટે નથી, તત્ત્વ આમ છે. અહીં તો એ કહ્યું. **'જ્ઞાનનું જ...'** ત્રિકાળી જ્ઞાનસ્વભાવ. જ્ઞાન.. જ્ઞાન.. જાણકશક્તિનું સત્ત્વ, જેની શક્તિ ને સામર્થ્ય જ જ્ઞાન છે. એવા **'જ્ઞાનનું જ એકનું...'** બે થયાને? **'જ્ઞાનનું જ એકનું....'** 'જ' એકાંત થયું અને 'એકનું જ' થયું એમ બે થયા. આહા..હા..! અંતર વસ્તુ છે આખી નિધાન, જ્ઞાનનો નિધાન આનંદનો સાગર પ્રભુ, સ્વચ્છતાના નિર્મળતાના ભાવથી પરિપૂર્ણ ભરેલો પ્રભુ એનું આલંબન લે. આહા..હા..! મોટાનું શરણ લે. એ મોટો પ્રભુ તું છો અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? એની પદ્ધતિની રીત તો પહેલી નક્કી કરે. આહા..હા..!

આત્મસ્વભાવભૂત, સ્વભાવસ્વરૂપ, એનું સ્વરૂપ જ એ જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ છે. આહા..હા..! જાણવું... જાણવું.. જાણવું... એનું સ્વરૂપ છે. એવું જે સામાન્ય જ્ઞાનસ્વરૂપ ત્રિકાળ એનું **'જ એકનું આલંબન કરવું.'** આહા..હા..! 'જ' એકનું. એકનું આલંબન કરવું. આહા..હા..! છેને? આહા..હા..! 'न तस्य ज्ञानस्वभावं भिन्द्युः, किन्तु प्रत्युत तमभिनन्देयुः। ततो निरस्तसमस्त-भेदमात्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यम्।' છેને? સંસ્કૃતમાં છે. **'आत्मस्वभावभूतं ज्ञानमेवैकमालम्ब्यम्।'** આહા..હા..! આ તો એકલું નિશ્ચયનું આલંબન લેવું. ભગવાન આનંદકંદ

પ્રભુ છે, અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો દરિયો નિધાન પડ્યો છે, પ્રભુ! એ નિધાનનું જ આલંબન લેવું. આહા..હા..! હવે આ રીતે માર્ગ છે એમાં બીજું શું કહેવું? કહો.

શ્રીમદ્દે કહ્યુંને, અનેકાંત માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય.. આહા..હા..! એનું આલંબન લે એ સમ્યક્ એકાંત છે. આહા..હા..! પર્યાય છે, રાગ છે, એવું અનેકાંત છે, પણ અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય કોઈ હેતુએ ઉપયોગ નથી એનો. આહા..હા..! ત્યાં તો એ કહ્યું કે દેવ, ગુરુની ભક્તિથી પણ તને લાભ થાય એ નથી. આહા..હા..! એ કડીમાં આવ્યું છે. નિજભક્તિ. આત્મા અને કાયમી જ્ઞાનસ્વભાવ એનું ભજન એટલે એમાં એકાગ્રતા એટલે ત્રિકાળનું આલંબન એકનું જ લેવું. આહા..હા..!

‘**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**’ આહા..હા..! આ શાસ્ત્ર કહે છે, બોલે છે અંદર. એને સમજવાનો ભાવ તો પોતાને કરવાનો છેને. એ શાસ્ત્ર કાંઈ કહે છે? એ તો ભાષા છે. આહા..હા..! માર્ગ અંદર. શબ્દોમાં એનો ભાવ, સ્વપરપ્રકાશની શક્તિની ભાષા છે આ, પણ એ ભાષાનો ભાવ સમજવો એ તો એને પોતાને છેને. એ કાંઈ શબ્દ એમ કહે છે? પણ શબ્દ આ પણ કહે છે આ તો. આહા..હા..! કે એકનું આલંબન કરવું, ‘**તેના આલંબનથી જ...**’ આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવ પરિપૂર્ણસ્વભાવ, એકરૂપસ્વભાવ, અભેદસ્વભાવ તેનું એકનું જ આલંબન કરવું અને ‘**તેના આલંબનથી જ...**’ કહો ડાહ્યાભાઈ! આમાં તો જ-જ આવે છે. શ્રીમદ્‌માં આવે છે કે ‘જ’ મારો ભગવાન ન કહે. એ તો નિત્ય-અનિત્યની એ અપેક્ષાએ છે. એ છે પત્ર એક ચાર લીટીનો. મારો મહાવીર ‘જ’ ન કહે. એ શી રીતે? કે એ નિત્ય છે કે અનિત્ય છે એમ નહિ. એક છે કે અનેક છે. એ સ્વરૂપે એક પણ છે, ગુણ-પર્યાયે અનેક પણ છે. નિત્ય પણ છે કાયમ રહેનાર અપેક્ષાએ, પર્યાય અપેક્ષાએ અનિત્ય પણ છે. એમ ‘જ’ નહિ. આ ‘જ’ તો બરાબર છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ બધા માગે છેને. તમે તો એ નિશ્ચયની વાત કરો છો, પણ એનું કોઈ સાધન? આ સાધન છે. કેમકે આત્મામાં કરણ નામનો ગુણ છે. જેમ જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે, એમ કરણ નામ સાધન નામનો એક ત્રિકાળી ગુણ છે. એનું આલંબન લેતા સાધનદશા પ્રગટ થાય છે. સમજાણું કાંઈ? આવી વ્યાખ્યા અને આ ભાષા બધી.. ગ્રીક-લેટીન જેવું લાગે. ભાઈ! પણ માર્ગ તો આ છેને, ભાઈ! તારા હિતના પંથ તો આવા છે, પ્રભુ! એ અહિતના પંથ તો કરી રહ્યો છે અનાદિથી. આહા..હા..! દુઃખના દરિયામાં, ડુંગરામાં ડૂબી ગયો છો, પ્રભુ! આહા..હા..! આનંદસાગરને તેં જોયો નથી, આનંદસાગરનો તેં આદર કર્યો નથી. આહા..હા..!

એ ચૈતન્ય ભગવાન વર્તમાન જ્ઞાનની પર્યાયમાં એ ત્રિકાળી ભગવાન એકનું જ આલંબન લેવા જેવું છે. આહા..હા..! હવે આમાં એકાંત કહે છે. એકાંત છે, નિશ્ચયાભાસ છે. વ્યવહારથી પણ થાય એમ કહો. પ્રભુ! એમ માર્ગ નથી, ભાઈ! આહા..હા..! એમ કહે છે, સોનગઢવાળા એકાંત કરે છે કે આત્માના આલંબનથી જ મુક્તિ થાય, વ્યવહાર કરતા તપ ને વ્રત ને કરતા ન થાય. એ એકાંત છે.

**શ્રોતા :-** થોડાને વ્યવહારથી થાય અને થોડાને નિશ્ચયથી થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોઈ દિ' ત્રણકાળમાં કોઈને ન થાય. આ એક જ વાત ચાલે છે અહીં એ શેઠ!. આ શેઠ છેને અહીંયાં હવે તો. બેય શેઠિયાની અહીં હાજરી છે. આહા..હા..! સામે પાઠમાં છે કે નહિ? શેઠ જુઓને. નામુ વાંચતા આવડવું તો જોઈએ કે નહિ એને? આહા..હા..!

પ્રભુ તો એમ પોકારે છે અમૃતચંદ્રાચાર્ય સંત, મુનિ, દિગંબર ભાવલિંગી સંત છે, ત્રણ કષાયનો અભાવ છે, વીતરાગપણાને વેદે છે, આહા..! અતીન્દ્રિય આનંદના પ્રચુર સ્વસંવેદનમાં ઊભા છે. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનું પ્રચુર સ્વસંવેદન છે જેને એ એમ કહે છે વિકલ્પથી... આહા..હા..! પ્રભુ! આલંબન લેવું હોય તો તારે ધર્મને માટે ત્રિકાળી ભગવાનનું આલંબન લે. આહા..હા..! આ પરમાત્માનું આલંબન પરનું એ તો શુભરાગ આવે એટલે આલંબન કહેવાય નિમિત્ત, પણ જેને આત્મા ધર્મ પ્રગટ કરવો છે, આહા..હા..! એણે અંદર નિધાન પડ્યું છે અને ચૈતન્યસ્વરૂપ એકરૂપ, અભેદરૂપ, સામાન્ય એનું જ આલંબન લેવું. આહા..હા..!

**'તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...'** કહો અસ્તિથી વાત કરી પહેલી. પછી નાસ્તિ કહેશે. આહા..હા..! **'(નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...'** જ્ઞાનાનંદસ્વભાવનું અવલંબન લેતા જ્ઞાનસ્વભાવ નિજપદ છે તેની પ્રાપ્તિ તેમાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને **'ભ્રાંતિનો નાશ થાય છે,...'** હવે નાસ્તિ પછી કરી. આહા..હા..! ભ્રમણા નામ મિથ્યાત્વનો નાશ થાય છે. આહા..હા..! એ નિજપદના અવલંબનથી જ **'(નિજ) પદની પ્રાપ્તિ થાય છે, ભ્રાંતિનો નાશ થાય છે,...'** મિથ્યાત્વનો નાશ બીજી રીતે કોઈ રીતે થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત છે, બાપા! આહા..હા..! છે? આહા..હા..!

**શ્રોતા :-** મિલાવટની બુદ્ધિ અનાદિથી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આહા..હા..! રાગ ને વિકલ્પને મિલાવટ કરીને માને, બાપુ! એ તો અનાદિની બુદ્ધિ છે. આહા..હા..! અંદર ચૈતન્ય હીરો સૂર્ય પ્રકાશમાન ભગવાન છેને અંદર. આહા..હા..! જે શીતળ ચંદ્રમા, જિનચંદ્ર પ્રભુ છે. વીતરાગી શીતળતાના સ્વભાવથી ભરેલો એકરૂપ પ્રભુ છે. એના આલંબનથી જ પોતે ચીજ છે તેની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! બહુ ગાથા સારી આવી છે હોં! આહા..હા..!

કેટલાક એમ કહે છે કે આ તો અમને મોંઘુ પડે છે. કોઈ સોંઘો માર્ગ છે? આ શેરાનો દાખલો આપીએ છીએને? શેરો કરે છે એટલે પહેલો લોટ ઘીમાં શેકે. લોટને પાંચ શેર-દસ શેર લોટને ઘીમાં શેકે, પછી ગોળનું પાણી નાખે કે સાકર નાખે. આ તો મોંઘો પડે છે, ભાઈ! તો શું કરવું છે તારે? ડાહીની દીકરી નીકળી કે અમારે તો સોંઘો શેરો બનાવવો છે. શું કરવું છે તારે? પાછળથી સાકરના પાણી કે ગોળના પાણી નાખવાના છેને. તો પહેલાથી જ ગોળના પાણીમાં લોટને શેકોને. પછી નાખો ઘી થોડું. ગોળના પાણીમાં લોટ શેકાય જ નહિ. એનો કણ-કણ ન શેકાય. સમજાણું કાંઈ? એમ અમને સોંઘો માર્ગ આ બધો છે એમ કહે. વ્રત કરીએ ને અપવાસ કરીએ ને તપસ્યા કરીએ. અરે..! ભગવાન! એ સોંઘો નથી, બાપા! એ માર્ગ જ નથી.

ભગવાન પૂર્ણાનંદનો નાથ પડ્યો છે પ્રભુ પરમાત્મસ્વરૂપે તેનું આલંબન લે અને એ આલંબનથી તને તે ચીજની પ્રાપ્તિ થશે. રાગના આલંબનથી તો રાગની, વિકારની, દુઃખની પ્રાપ્તિ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? અને ભ્રાંતિનો નાશ તેથી થશે. આહા..હા..! ત્રિકાળી જ્ઞાયકભાવનું અવલંબન લઈને જ્ઞાયકભાવ પ્રાપ્ત થશે. અને તે અસ્તિપણે પ્રાપ્ત થયો ત્યારે પરમાં ભ્રાંતિ હતી કે 'હું રાગવાળો છું અને પર્યાય જેટલો છું' એ ભ્રાંતિ મિથ્યાત્વ તેનો નાશ થશે. મિથ્યાત્વને નાશ થવાનો તો આ એક જ ઉપાય છે. સમજાણું કાંઈ?

**'ભ્રાંતિનો નાશ થાય છે, આત્માનો લાભ થાય છે,...'** એ આત્મા જે સ્વરૂપે છે તેનો પર્યાયમાં લાભ થાશે તને. આહા..હા..! નિજપદની પ્રાપ્તિ કીધી હતીને? એનો ખુલાસો કર્યો કે એ આત્મલાભ થયો. આહા..હા..! લાભ સવાયા વાણિયા લખે છેને. શું કહેવાય આ? બારણા ઉપર લખે 'લાભ સવાયા.' વર્ષ બેસતાના (દિવસે) નામા લખે ત્યારે. ધૂળમાંય નથી ત્યાં લાભ સવાયા. હોળી છે ત્યાં તો બધી. આ લાભ છે. આહા..હા..! શાલીભદ્રની ઋદ્ધિ હજો. લખે છેને નામામાં? નામું લખે છેને દિવાળીમાં પૂજન કરતા વખતે, શાલીભદ્રની ઋદ્ધિ હજો, ફલાણાની આવી ઋદ્ધિ એવું તો લખે છે બે-ચાર નામા. ડિંગેડિંગ ખોટા. આ પૂજન ચોપડાનું તો આ છે. અંદર જ્ઞાનના ચોપડા આનંદના કંદ બધો આખો કંદ પડ્યો છે આખો. આહા..હા..! એની એકાગ્રતામાં તને નિજપદની પ્રાપ્તિ, ભ્રાંતિનો નાશ, વસ્તુ છે તેનો લાભ થશે. આહા..હા..! આત્મલાભ. છે? આત્માનો લાભ થાય છે. આહા..હા..! આવી વાત પણ હજી પકડવી કઠણ પડે એને. ઓલું તો સહેલુંસટ હતું એકદમ. એક જણ કહેતો હતો બિચારો હોં, અમે વ્રત કરીએ, અપવાસ કરીએ, જાત્રા કરીએ, ક્ષેત્રુંજય ભગવાનની જાત્રા કરીએ તો એમાં ધર્મ. અને તમે વચ્ચે માર્યું કે એ ધર્મ નહિ. ભગવાન! એ એક આવ્યો હતો વિરમગામનો શ્વેતાંબર હતો. ઈન્કમટેક્સ છેને એનો ઉપરી હતો. આવે અહીં સાંભળવા તો ઘણા આવેને. શેત્રુંજય નજીક એટલે જાય આવે તો ખરો. અને હવે તો બહુ આવે આ બધું દેખીને. આ તો મોટું ધામ લાગે છે, ચાલો જોવા તો જઈએ. આહા..હા..!

ચોથા ભાગમાં આનું નામ નાખશે હવે સોગનઢનું. તીર્થક્ષેત્રના ચાર ભાગ છાપ્યા છે એમાં ચોથામાં. હવે એ કોઈ અતીશય ક્ષેત્ર નથી, નિર્વાણ ક્ષેત્ર નથી, પણ એ હજારો માણસોનું કેન્દ્ર સ્થાન છે, હજારો માણસો ત્યાં જાય આવે છે એક-એક વર્ષમાં. એમ લખ્યું છે. શેઠ! શાહુજી .. છેને એમાં. આવ્યું હતું અહીંયાં લખાણ આવ્યું હતું. આહા..હા..! કેન્દ્રસ્થાન તો ભગવાન આત્મા છે. આહા..હા..! જેને નજરમાં લેતાં તારા નિધાનની તને પ્રાપ્તિ થાય, પ્રભુ! આત્માનો લાભ થાય. પૈસાનો લાભ થાય ને રાગનો લાભ થાય એ તો દુઃખના કારણો છે બધા. આહા..હા..!

**શ્રોતા :-** પૈસાનો લાભ હોય તો અહીં આવીને બેસાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ધૂળેય બેસતું નથી. પૈસાવાળા ઘણાં છે બેસે છે ક્યાં? નવરા થાય છે ક્યાં? લાકડા વધારે ગરી ગયા હોય એને. મોટો મોભ હોયને મોભ. વળીયું હોય વળીયું. એક-એક વળીને એક ખીલો હોય, મોભને ઘણા ખીલા હોય. શેઠ! મોટા શેઠ થાય એને ઘણાં ખીલા વાગે. એક

એક માણસને વળીનો એક ખીલો હોય. મોટો થાય એને એક વળીનો ખીલ્લો એ મોભમાં, બીજા વળીનો મોભમાં, એવા હજારો વળીને એના મોભમાં જાય બધા. આહા..હા..! મોભ સમજો છો? આડશ મોટું લાકડું. આ તો દાખલો. આહા..હા..! એમ બાયડીનો ખીલો, છોકરાનો ખીલો, વેપારનો ખીલો, ધંધાનો ખીલો, બધાના ખીલા, પૂછવા આવે તો બધા ખીલા મારે અંદર. એમ છેને શેઠ! આહા..હા..!

અહીં તો નાથ આનંદનો પ્રભુ અંદર... આહા..હા..! એનો તને લાભ થશે, તું એનું આલંબન લે તો. એ ભગવાન મહાપુરુષ છે એને આશ્રયે તને તારો લાભ થશે. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, કામાણી! આવી વાતું છે ...ભાઈ! પૈસા-બૈસામાં ધૂળમાંય ક્યાંય નથી. મરી ગયો આમ ને આમ. એ પુણ્યના પરિણામ કર્યા દયા, દાનના એમાં ધૂળમાંય નથી. આહા..હા..! અહીંયાં તને અંતર વસ્તુ છે ત્યાં જઈશ તો તને એકાગ્રતાથી તને આત્મલાભ થશે, આનંદનો લાભ થશે, શાંતિનો લાભ થશે, શાંતિ ત્યાં મળશે તને. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** આહા..હા..! શું કહે છે? રાગાદિ છે એનો અભાવ સિદ્ધ થાય છે ત્યાં. આમ અંતરમાં સ્વરૂપમાં એકાગ્ર થતાં, એ આલંબન લેતા આત્મલાભ થાય, અનાત્માનો ત્યાગ થાય છે, રાગાદિનો અભાવ થઈ જાય છે ત્યાં. આહા..હા..! બહુ સરસ વાત છે.

**શ્રોતા :-** પ્રચાર થવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પ્રચાર આત્મા કરે અંદરમાં કે બહારથી કરે? એમ કે સાગર આવો તમે ફરીને પ્રચાર કરો એમ કહે છે. ટાણા આવે ત્યારે તો કહેને. આહા..હા..! અહીં તો પ્રચાર અંદરની વાત છે. આહા..હા..!

જુઓ, ભાષા જુઓ, કે અંતરના આલંબનથી આત્માનો લાભ થાય અને અનાત્માનો અભાવ થાય. આ ત્યાગ. આહા..હા..! આ ત્યાગ. બહારના ત્યાગ થાય એ તો અંદર ગરી ગઈ છે કઈ ચીજ તે ત્યાગ કર? આ તો તારી પર્યાયમાં છે એનો ત્યાગ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! **'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે.'** આહા..હા..! જેટલે અંશે અંદરમાં આલંબનમાં ગયો એટલે અંશે અનાત્માનો પરિહાર—ત્યાગ સિદ્ધ થાય છે. આ ગ્રહણ થાય છે ત્યારે ઓલાનો ત્યાગ સિદ્ધ થાય છે. કહો, આ ગ્રહણ અને ત્યાગ છે. આહા..હા..! વિશેષ કહેવાશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૨, શનિવાર, તા. ૦૧-૦૧-૧૯૭૭, ગાથા-૨૦૪, કળશ-૧૪૧, પ્રવચન નં. ૨૭૯

સમયસાર, ૨૦૪ ગાથા. અહીંથી ફરીને. '**જેમાં સમસ્ત ભેદ દૂર થયા છે...**' છે? મૂળ તો .. બધા એવા એનો અર્થ એ છે કે પર્યાયને દ્રવ્ય તરફ વાળવી અને પર્યાયમાં દ્રવ્યનું જ્ઞાન ને શ્રદ્ધા કરવી. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** પર્યાય .. એક સમયની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સમયની છે, પણ આખા દ્રવ્યને જાણે છે. એક સમયની પર્યાયની તાકાત એટલી છે કે આખા દ્રવ્યને જાણે છે. આહા..હા..!

ભેદના ભાવને દૂર કર્યા છે એવા આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. આહા..હા..! હવે આ વાત લોકોને એકાંત ન બેસે. વસ્તુસ્વરૂપ જ એવું છે. એકરૂપ જ્ઞાન, એકરૂપ રસ, એકરૂપ આનંદ અને એકરૂપ શ્રદ્ધા જે છે એ તો એકરૂપ ત્રિકાળ (છે). આહા..હા..! એનું આલંબન લેવું એથી તેનો ભેદ દૂર થઈ જાય છે. આહા..હા..! '**તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...** ' સ્વરૂપની પ્રાપ્તિ. '**ભ્રાંતિનો નાશ થાય છે,...**' આ વસ્તુસ્થિતિ છે. આહા..હા..! આ લોકોને વ્યવહાર... વ્યવહાર. વ્યવહાર છે ખરો. નિશ્ચયસહિત આત્માનું ભાન હોય છતાં વ્યવહાર હોય છે. જ્યાં સુધી સર્વજ્ઞ વીતરાગ ન થાય (ત્યાં સુધી) વ્યવહાર હોય છે, પણ એ વ્યવહાર.. ઓલામાં કહ્યું છેને નહિ? પરમાર્થવચનિકામાં. હેય-પોતાના દ્રવ્યની અશુદ્ધતા. છે? શેમાં? પરમાર્થવચનિકા. હેય પોતાના દ્રવ્યની અશુદ્ધતા. ભાઈ! આહા..હા..! જ્ઞેય વિચારરૂપ છ દ્રવ્યનું જ્ઞાન, ઉપાદેય પોતાના આત્માના આચરણરૂપ શુદ્ધતા. એમ લીધું છે. એમાં ભાન થાય છેને એટલે ઉપાદેય એને ગણ્યું છે. આહા..હા..! પરમાર્થવચનિકા છેને, આપણે મોક્ષમાર્ગપ્રકાશકમાં પાછળ મૂકી છે. આહા..હા..!

હેય-પોતાના દ્રવ્યની અશુદ્ધતા. હોય છે, અશુદ્ધતા પૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી હોય છે, પણ છે તે હેય. આ લોકોને આકરું પડે છે. આહા..હા..! વ્યવહાર વ્યવહારના સ્થાનમાં પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે સ્વભાવનો આશ્રય જેટલો લીધો તેટલી તો નિર્મળતા, પણ પૂર્ણ આશ્રય નથી એટલો વ્યવહારનો આશ્રય એમાં આવ્યા વિના રહે નહિ, પણ છે એ બંધનું કારણ. આહા..હા..! આવો માર્ગ છે. અને ઉપાદેય તરીકે હોય તો, ત્યાં એમ લીધું છે, પોતાના દ્રવ્યની શુદ્ધતા, આચરણરૂપ શુદ્ધતા હોં! કેમકે એ શુદ્ધ પર્યાયમાં અંદર જણાય છેને. અશુદ્ધ પર્યાયમાં કે એકલી જ્ઞાનની પર્યાયમાં જણાતું નથી. શુદ્ધ પર્યાયમાં આત્મા જણાય છે. આહા..હા..! આવી વાત હવે. એ અશુદ્ધતાનો ત્યાગ અહીં કહેશે. '**આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...**' જુઓ એ. એ અનાત્મા અશુદ્ધતા. આહા..હા..! ભાઈ! આ વસ્તુ આમ છે. દુનિયા માને, ન માને, એકાંત કહો, ગમે તે કહો.

**શ્રોતા :-** દુનિયા માને જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દુનિયાને ક્યાં આ બેસે? બાપુ! આ તો જેને જન્મ-મરણરહિત થવું હોય એની વાત છે, બાપા! ચાર ગતિમાં કોઈ ગતિમાં સુખ નથી. બધે દુઃખ છે, ભાઈ! આકુળતા છે. સ્વર્ગમાં પણ આકુળતા છે. આ શેઠાઈ અને રાજામાં બધી આકુળતા છે, ભાઈ! અબજોપતિ હોય તો શું? આહા..હા..! આકુળતાની અગ્નિએ સળગી ગયા છે એ. ભગવાન આત્મા આનંદ અને જ્ઞાન, શાંતસ્વરૂપ છે એનાથી આકુળતા વિરુદ્ધ સ્વરૂપ છે. આકુળતાથી આત્માની શાંતિ, આનંદ દાઝે છે. આહા..હા..!

ઓલામાં આવ્યું છેને. પુણ્યના અધિકારમાં નહિ? પદ્મનંદી પંચવિંશતિ. કે હે જીવ! તને આ જે કાંઈ પૈસા મળ્યા જે કરોડ, બે કરોડ, પાંચ કરોડ, અબજ. એ દાઝેલા પુણ્યનું ફળ છે. જેમ ઉકડીયા છે ઉકડીયા. ઉકડીયા સમજો છો? ફુરજન ફુરજન એ ઉકડીયા. માલ માલ તો ખાઈ લે. પછી ઉકડીયા જે હોય ચોંટેલા ઉખેડીને ઘરને આંગણે બહાર પત્થરની કે એવી હોય એમાં રાખે. અમારે પાલેજમાં રાખતા. આખી લાઈન હોયને એ બધા વધ્યું હોય પત્થરની કુંડી હોય પત્થરની. એટલે નીચે નાખે તો ધૂળમાં ખાઈ ન શકે. એટલે પત્થરની રાખતા ત્યાં. એક લીંબડો હતો દુકાનની પાછળ. મોટી દુકાન. કુંવરજીભાઈની દુકાન. એમાં એક મુસલમાનનું ઘર જોડે હતું. એ પોતે એને લીંબડામાં એક પત્થરની ઓલી રાખે તો સૌ ત્યાં વધ્યું-ઘટ્યું નાખે. ખાઈ ગયા હોયને વધ્યું (હોય એ ત્યાં નાખે). એ પછી કાગડાઓ એકલું ન ખાય એને. કાગડો કૌ..કૌ.. કરીને પાંચ-પચ્ચીસ કાગડાને બોલાવીને ખાય. એમ આચાર્ય કહે છે કે હે આત્મા! તને આ જે કાંઈ પાંચ, પચાસ લાખ મળ્યા હોય, ધૂળ મળી હોય એ પૂર્વે શુભભાવ દાઝેલા ઉકડીયા છે એ. એનું એ ફળ છે. દાઝ્યાનું ફળ છે એ. આહા..હા..! એકલો ખાઈશ તો કાગડામાંથી જાઈશ. એમ કહ્યું છે ત્યાં.

**શ્રોતા :-** ભલે કાગડામાંથી જાઈશ પણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકલો કાગડો હોય એને ઉકડીયા મળે એકલો ન ખાય અને તું આ પૂર્વના પુણ્યથી કાંઈક મળ્યું હોય પાંચ, પચાસ, લાખ, કરોડ, બે કરોડ ધૂળ,. જો એકલો ખાઈશ અને દાનમાં, દયામાં, ભક્તિમાં જે વાપરવું જોઈએ એ નહિ વાપર તો કાગડામાંથી જઈશ તું. જ્યારે શુભભાવનો અધિકાર હોય ત્યારે તો બતાવેને. છે હેય શુભભાવ, પણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મદશા પ્રાપ્ત ન થાય પર્યાયમાં, પરમાત્મા દ્રવ્યસ્વભાવે પ્રાપ્ત થયો, પણ પર્યાયમાં પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સ્વના આશ્રયમાં અધુરાશ છે એથી પૂર્ણ થયું નથી, એથી સ્વના આશ્રયમાં અધુરાશમાં પરનો ભાગ વ્યવહાર આવ્યા વિના રહે નહિ. પૂજા, ભક્તિ, વ્યવહાર વ્રત, તપ, દાન આદિ શુભભાવ આવે, પણ છે એ અશુદ્ધતા સ્વદ્રવ્યની હેય. આહા..હા..! તો હેય છેને કેમ કરવું? પણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ આશ્રય થયો નથી એટલે પૂર્ણ શુદ્ધ નથી. આહા..હા..! એટલે અપૂર્ણ સાધક શુદ્ધતામાં બાધક એવો રાગ એવો આવ્યા વિના રહે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? છતાં તે હેય છે એમ જાણીને જ્ઞેય છે. આહા..હા..! આવી વાત છે. એ અહીં કહે છે, જુઓ!

**'અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...'** સ્વના આશ્રયની અંદરમાં આત્માના શુદ્ધ ચૈતન્યના જ્ઞાનનું અવલંબન લેતા આત્માની વસ્તુ છે તે પ્રાપ્ત પર્યાયમાં થાય છે અને અશુદ્ધતાનો પરિહાર થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? પરદ્રવ્યનો ત્યાગ થાય છે એમ નહિ. પરદ્રવ્યનો ત્યાગ અને ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? એની અંદરમાં જે અશુદ્ધતા, દુઃખરૂપ, મલિન પરિણતિ એને આનંદના આશ્રયને એકલો આત્મા ભગવાન સ્વાશ્રય લેતા તેને નિજ શુદ્ધતાની પ્રાપ્તિ થાય છે અને અશુદ્ધતાનો ત્યાં પરિહાર—ત્યાગ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! આહા..હા..! અરે..! ભગવાનના વિરહ પડ્યા લોકોએ કાંઈક તોડી નાખ્યું. આહા..હા..! સાક્ષાત્ ભગવાન બિરાજે છે એને ઉડાડે છે. અહીંનું નામ આપીને, નામ આપ્યું નથી પણ કેટલાક અધ્યાત્મી સંત મહાવિદેહ ને સીમંધર ભગવાનની વાતું કરે છે. અરરર..! ભગવાન! ભગવાન! તને આ શું સૂજ્યું ભાઈ? સાક્ષાત્ પરમાત્મા બિરાજે છે, મહાવિદેહક્ષેત્ર છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ પરમાત્માનું આ ફરમાન છે કે આ વાણી ભગવાન પાસેથી આવી છે. આહા..હા..! આવું ન માને. બહારના ઓલા થોથા કેટલા ખગોળ ને ભૂગોળની વાતું એની માન્યતામાં આ વાત ન બેસે એટલે જાણે બધું ઉડાડી દેવું. અરે..! સાંભળને, ભાઈ! સમજાણું કાંઈ? આહા..હા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર સાક્ષાત્ બિરાજમાન છે. ત્યાંથી આ વાણી ભગવાન કુંદકુંદાચાર્ય લાવ્યા છે. આહા..હા..! હતા તો એ સંત આનંદના અનુભવી, પણ ખાસ વિશેષતા ભગવાન પાસે ગયા અને ઘણું નિર્મળ થયું જ્ઞાન. આહા..હા..! .. સાંભળ્યું અને બીજું કેટલુંક શ્રુતકેવળીઓ હતા એની સાથે ચર્ચાઓ કરી. આહા..હા..!

**શ્રોતા** :- કઈ ભાષામાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની ભાષા ત્યાં છે એ. આહા..હા..! અહીંયાં આવ્યા. આ સમયસાર આ ગાથા ... આહા..હા..!

ભાઈ! તારે સુખી થવું હોય તો.. આહા..હા..! જ્યાં સુખનું નિધાન ભગવાન! સ્વરૂપ છે એમાં દુઃખ હોય? વિકૃત હોય? આહા..હા..! અપૂર્ણતા હોય? ભાઈ! તને.. આહા..હા..! વસ્તુ છે આ આત્મા એ પરિપૂર્ણ છે અને શુદ્ધ છે. અશુદ્ધતા એમાં નથી, તેમ અપૂર્ણતા એમાં નથી. આહા..હા..! એવા આત્માનું અંતરમાં અવલંબન લેતા વસ્તુ—પદની પ્રાપ્તિ થાય છે. પદ પહેલું લીધું છે કેમ? કે જ્ઞાનપદ અને આત્મપદ કીધું હતુંને? પછી આત્મલાભ થાય એમ પછી કીધું. આહા..હા..! આત્મા એક પદ છે એમ કીધું હતુંને? તેથી જ્ઞાન પણ એક પદ છે એમ કહ્યું હતુંને? સમજાણું? આહા..હા..! પરમપદાર્થ છે. તે આત્મા જ્ઞાન છે. આત્મા ખરેખર પરમપદાર્થ, વળી આત્મા એક જ પદાર્થ છે, તેથી જ્ઞાન પણ એક જ પદ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે શું કહ્યું? કે **'આત્મસ્વભાવભૂત જ્ઞાનનું જ એકનું આલંબન કરવું.'** આહા..હા..! આત્માનું સ્વભાવભૂત સ્વરૂપ જ જે આ જ્ઞાન છે એનું એકનું જ આલંબન કરવું. **'તેના આલંબનથી...'** આહા..હા..! નિજપદનું એકપદ છેને એકરૂપ જ્ઞાન આત્મા, એ પદની પ્રાપ્તિ થાય એમ કીધું. આહા..હા..! **'ભ્રાંતિનો નાશ થાય છે.'** આહા..હા..! ગજબ છેને ટીકા તે આ. આહા..હા..! અમૃત રેડ્યા છે અમૃતચંદ્રાચાર્યે, ભાઈ! આહા..હા..!

પદમાં જ્ઞાનને પદ કીધું હતુંને? તેથી '**જ્ઞાનનું જ એકનું આલંબન કરવું. તેના આલંબનથી જ (નિજ) પદની પ્રાપ્તિ થાય છે,...**' એટલે કે જ્ઞાન એક પદ છે તેની પ્રાપ્તિ થાય છે. '**ભ્રાંતિનો નાશ થાય છે,...**' પછી કીધું કે '**આત્માનો લાભ થાય છે,...**' આહા..હા..! સમજાણું કાંઈ? અહીં પદની પ્રાપ્તિ તો કીધી, વળી આત્માનો લાભ કીધો? એ પદ જ્યાં કીધું હતું જ્ઞાનપદ, એનું આલંબન લેતા એ જ્ઞાનપદ જે એકરૂપ છે તેની પ્રાપ્તિ થાય છે, એટલે ભ્રાંતિનો નાશ થાય છે. એટલે આખો આત્મા છે તેનો લાભ થાય છે. આહા..હા..! શું ટીકા તે ટીકા! આ ગજબ કામ કર્યું છે . અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંતોએ તો!આહા..હા..! અરે..! એની મહિમાની ખબર ન મળે. આહા..હા..! આવી ટીકા વારસો મૂકી ગયા. અરે..! એને વાંચવું નહિ, વિચારવું નહિ, એનો મહિમા એની સ્વાધ્યાય કરીને મહિમા ન લાવવી. આહા..હા..!

'**આત્માનો લાભ થાય છે, અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે,...**' પોતાની અશુદ્ધતા જે છે એનો અભાવ સિદ્ધ થાય છે. આહા..હા..! આમ શુદ્ધતાના અવલંબનથી શુદ્ધની પ્રાપ્તિ, ત્યાં અશુદ્ધતાનો પરિહાર. આહા..હા..! એટલે કે અશુદ્ધતાનો વ્યય અને શુદ્ધતાની પ્રાપ્તિ. આહા..હા..! એ ઉત્પાદ. ધ્રુવ તો ત્રિકાળ છે. આ તો શાંત અને ધીરાનું કામ છે, બાપુ! આ કાંઈ કૂદીને ક્રિયા કરે ને મળી જાય (એવું નથી). એ લોકોને એ ઠીક નથી પડતુંને અત્યારે. વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર. વ્યવહાર હોય છે એ નિશ્ચયની પછી. પહેલાંના વ્યવહારને વ્યવહાર કહેતા નથી, એ તો વ્યવહારાભાસ છે. આહા..હા..! ભગવાન આત્મા સ્વ-નિધિ એનું જ્ઞાન નિધાન, એનું આલંબન લેતા એ જ્ઞાનનું પદ પ્રાપ્ત થાય છે. આહા..હા..! સમ્યગ્દર્શનની પ્રતીતિમાં એ જ્ઞાનપદ પ્રાપ્ત થાય છે. આહા..હા..! તેથી ભ્રાંતિ નામ મિથ્યાત્વનો, ભ્રમણાનો નાશ થાય છે. આહા..હા..! અભ્રાંત-નિર્ભ્રાંતપદની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! અરે..! તેમાં સંદેહને સ્થાન ક્યાં છે? આહા..હા..! એવો જે ભગવાન આત્મા... અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે. અનાત્માની અશુદ્ધતાનો નાશ એ સિદ્ધ થાય છે ત્યાં. આહા..હા..!

'**(એમ થવાથી)...**' અહીં સુધી તો આવ્યું હતું કાલે. આ થોડું ફેરફાર થઈને વિશેષ થયું છે સ્પષ્ટીકરણ. આહા..હા..! ભગવાન તું ચૈતન્ય નિધાન છોને ભાઈ! આહા..હા..! એમાં તો અનંતી સંપદાઓ પડી છે, લક્ષ્મી. સમજાણું? ભગવાન આવે છેને આમાં? આ કળશમાં આવે છેને ભાઈ! '**स एष भगवानेको अद्भुतनिधिश्चैतन्यरत्नाकरः**' આહા..હા..! એ કળશ આવે છેને એમાં?

**શ્રોતા :-** ૧૦૩ ગાથામાં ભગવાન આત્મા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્યાં તો પહેલાં આવ્યો હતો પણ આમાં આવ્યો. એ '**स एष भगवान अद्भुत**' મારે તો બીજું કહેવું હતું. એ ભગવાનની વ્યાખ્યા કરી છે ટીકામાં. ભગ-લક્ષ્મી, ભગ-લક્ષ્મીવાળો ભગવાન છે. આહા..હા..! એ આનંદ અને શાંતિના રસની લક્ષ્મીથી ભરેલો ભગવાન છે. આહા..હા..! સમજાણું? એ એમાં ઓલામાં તો પહેલાં પણ આવ્યું હતું. લ્યો! એ જ આવ્યું, પાનું એ આવ્યું. ભગવાન. આ કળશ છે. (પરમઅધ્યાત્મ તરંગિણી, કળશ-૬) '**भगं ज्ञानं पक्षे लक्ष्मीर्विद्यते यस्य स भगवान्**' જ્ઞાન છે આત્મા. એ ભગની વ્યાખ્યા. '**स भगवान् भगं**' એના આટલા આટલા

અર્થો છે. 'श्रीज्ञानमाहात्म्यवीर्यप्रयत्नकीर्तिषु'. ભગના આટલા અર્થ છે.

એમ અહીં ભગવાન આત્મા. આહા..હા..! જ્ઞાનના પરિપૂર્ણ લક્ષ્મીનો ભંડાર ભગવાન છે. આહા..હા..! એનું નિધાન અખૂટ નિધાન છે. કેવળજ્ઞાનાદિ પર્યાયો અનંતી પ્રગટે તોપણ અખૂટ નિધાન છે. ભાઈ! જેના સ્વભાવ છે એની વાતું શું? આહા..હા..! જેનો સ્વભાવ, સ્વ-ભાવ, સ્વ-સામર્થ્ય, સ્વ-સત્ત્વ. આહા..હા..! સત્‌નું સત્‌પણું, ભગવાન આત્માનું આત્માપણું એ પરિપૂર્ણ લક્ષ્મીથી ભરેલો ભગવાન છે. આહા..હા..! એમાં છે. આના આટલા અક્ષરો લખ્યા છે. એમ કે ભગનો અર્થ શ્રી પણ થાય, જ્ઞાન થાય, માહાત્મ્ય થાય, વીર્ય થાય, પ્રયત્ન થાય, લ્યો! ભગનો અર્થ પ્રયત્ન થાય, ભગનો અર્થ કીર્તિ થાય. એમાં આપણે અહીં જ્ઞાનલક્ષ્મી લેવી. કહો, શેઠી! લ્યો આ ભગવાનદાસ નામ આ ભગ્ એટલે આ. લક્ષ્મી જ્ઞાનની લક્ષ્મી તે ભગ નામ ભગવાન કહેવાય છે. એ લક્ષ્મીવાન નામ વાળો છે. આહા..હા..! એ પૈસાવાળો નહિ, કર્મવાળો નહિ, શરીરવાળો નહિ, અપૂર્ણવાળો નહિ. આહા..હા..!

જેનું સામર્થ્ય જે જ્ઞાન છે લક્ષ્મી... આહા..હા..! એવો જે ભગવાન એનું આલંબન લેતા. જ્ઞાન કીધું ને પહેલું? જ્ઞાનનું આલંબન લેતા કીધુંને? એટલે જ્ઞાન એ લક્ષ્મી છે એની. આહા..હા..! ખેતરમાં જેમ ક્યાંક આમ પાટુ મારતા, પેશાબ નાખતા ચરુ નીકળેને જેમ અંદરથી.. એક ચરુમાં કરોડો કરોડોનો એક એક મણિ રત્ન એવા કરોડો પડ્યા હોય આમ. આહા..હા..! ચરુ દેખીને કહે આહા..હા..! અહીં તો એ કરોડો નહિ આ તો અનંત કરોડ રત્ન પડ્યા છે અહીં તો. અરે..! ભાઈ! તને સમજાણું કાંઈ? આમ .. ધૂળ નીકળીને ત્યાં દેખાય, એમ અહીંયા ભીંસ મારી જ્યાં શ્રદ્ધા ઉપર... આહા..હા..! ત્યાં અનંતા-અનંતા કરોડ રત્ન જ્ઞાન, દર્શન આદિ રત્નથી ભરેલો ભગવાન છે. એના આલંબનથી ભ્રાંતિનો નાશ અને આત્માનો લાભ અને અનાત્માનો ત્યાગ સિદ્ધ થાય છે. અહીંયાં જ્યાં ગ્રહણ થયું ત્યાં અનાત્માનો અશુદ્ધતાનો ત્યાગ થાય છે. આહા..હા..! એટલે કે અશુદ્ધતાનો વ્યય થાય છે અને ત્રિકાળના અવલંબે શુદ્ધતાની પર્યાય વધે છે. આહા..હા..!

'**(એમ થવાથી) કર્મ જોરાવર થઈ શકતું નથી,...**' કર્મ તરફનું વશપણું હતું એ કર્મનું જોરાવર કહેવામાં આવે છે. કર્મને વશ થતો એ પોતે એ કર્મનું જોરાવર કહેવામાં આવતું. એ વશ થયો નહિ અને સ્વભાવને વશ થયો. આહા..હા..! સમજાણું કાંઈ? એટલે નિમિત્તને વશે જે જોર હતું એ જોર નીકળી ગયું. કર્મનું જોર આવું હોં! પદાર્થ પર છે તેના વશ પડતો નહિ જોરમાં. આમ ન વશ પડતા આમ પડતો. આહા..હા..! દેવીલાલજી! આવી વાતું છે, ભાઈ! આહા..હા..! '**કર્મ જોરાવર થઈ શકતું નથી,...**' એનું તાત્પર્ય એ છે કે અશુદ્ધતા જાય છે ત્યારે અશુદ્ધતાનું જોર નિમિત્તને વશે હતું એ રહેતું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ઉપદેશ અને આવી વાતું! ભગવાન! તારા સંસારમાંથી નીકળવાનો પંથ તો આવો છે, પ્રભુ! તું દુઃખી છો, દુઃખી છો. ભાઈ! તારી શાંતિ દાઝે છે અજ્ઞાનથી. આનંદનો નાથ એના અભાનથી એની શાંતિ બળી જાય છે ત્યાં. પર્યાયથી હોં! વસ્તુ તો વસ્તુ છે. આહા..હા..!

'**કર્મ જોરાવર થઈ શકતું નથી.**' એટલે એ કે પરને વશ થતો એ કર્મનું જોર હતું એમ કહેવામાં

આવે છે. જ્યાં સ્વવશ આવ્યો એટલે પરના વશનો જોરાવર જોર હોય એ છૂટી જાય છે. આહા..હા..! આવી વાત છે. એના કર્મ જ્યાં આવે એટલે... ખાણિયા ચર્ચામાં એથી મૂકાણું છેને પહેલાં પ્રશ્નમાં, ભાઈ! ખાણિયા ચર્ચામાં પહેલું એ મૂકાણું છે. કર્મને લઈને આત્મામાં આમ થાય છે કે નહિ? આવા પ્રશ્ન. અરે..! ભગવાન! એ તો પરદ્રવ્ય છેને પ્રભુ! એ તો કહ્યુંને એમાં, કર્મ તો પરદ્રવ્ય છે એટલે સ્વદ્રવ્યમાં એનો અભાવ છે. અભાવ છે એ એને નુકસાન શું કરે? જેનામાં એ અભાવ છે એને એ નુકસાન શું કરે? આહા..હા..!

**શ્રોતા :-** ..એનામાં અભાવ જ હોવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભાવ જ છે. એનો અભાવ છે એ નુકસાન કરતું નથી. અશુદ્ધતાનો સદ્‌ભાવ છે તે નુકસાન કરે છે. આહા..હા..! ભાવકર્મ કીધું છેને, ૧૬મી ગાથા પ્રવચનસાર. ઘાતિકર્મ બે પ્રકારના-એક નિમિત્તરૂપ દ્રવ્ય અને ઉપાદાનરૂપ ઘાત પોતાને ઘાત કરે છે પોતે. આહા..હા..! ૧૬મી ગાથામાં છે, પ્રવચનસાર. દ્રવ્ય અને ભાવ બે ઘાતિકર્મ છે. આહા..હા..! આચાર્યોએ તો ગજબ કર્યા છે કામ. એમાં કુંદકુંદાચાર્યની એક એક ગાથા, એક એક પદ દરિયા ભર્યા છે જેમાં. સમજાણું કાંઈ?

તેથી '**રાગદ્વેષમોહ ઉત્પન્ન થતા નથી,...**' નિમિત્તને વશે થતો નથી એટલે રાગદ્વેષમોહ થતા નથી. આહા..હા..! '**(રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી,...**' નવું આવતું નથી કર્મ. જોયું આ ક્રમસર મોક્ષ લઈ જાય છે. આહા..હા..! '**(રાગદ્વેષમોહ વિના) ફરી કર્મ આસ્રવતું નથી, (આસ્રવ વિના) ફરી કર્મ બંધાતું નથી,...**' આહા..હા..! સંવર થયો. અને '**પૂર્વે બંધાયેલું કર્મ ભોગવાયું થકું નિર્જરી જાય છે,...**' આહા..હા..! કેમકે સ્વભાવના આશ્રયે, આલંબને પડ્યો છે એને પરાશ્રયનો ભાવ તે છૂટતો જાય છે. આહા..હા..! એ કર્મ છૂટી જાય છે, અશુદ્ધતા છૂટી જાય છે. આહા..હા..! કર્મ છૂટી જાય છે એ અસદ્‌ભુતવ્યવહાર છે અને અશુદ્ધતા ટળી જાય છે એ અધ્યાત્મનો અસદ્‌ભૂતવ્યવહાર છે. સમજાણું કાંઈ?

'**પૂર્વે બંધાયેલું કર્મ...**' જુઓ તો ખરા ક્રમ! આહા..હા..! '**ભોગવાયું થકું નિર્જરી જાય છે,...**' ...માં આવ્યું હતું નિર્જરામાં આવ્યું હતુંને. ઉદય .. છે, પણ એ નિર્જરી જાય છે. પહેલી ગાથામાં આવ્યું હતું, બીજી ગાથામાં. પહેલીમાં દ્રવ્યકર્મની નિર્જરા અને બીજામાં અશુદ્ધતાની નિર્જરા ભાવની. શુદ્ધતાના સ્વભાવની પરિપૂર્ણતાનું જ્યાં અવલંબન આવ્યું... આહા..હા..! ત્યાં આગળ પૂર્વનું કર્મ છે એ જરી આવ્યું, પણ એ ખરી જાય છે. આહા..હા..! જુઓને આ ક્રમ! '**સમસ્ત કર્મનો અભાવ થવાથી સાક્ષાત્ મોક્ષ થાય છે.**' સાક્ષાત્ કેમ કીધું? વસ્તુ પોતે તો મોક્ષસ્વરૂપ જ છે. એની શક્તિ, એનું સામર્થ્ય, એનું સત્ત્વ મુક્તસ્વરૂપ જ છે. અબદ્ધસ્પૃષ્ટ ૧૪મી-૧૫મીમાં કહ્યુંને. આહા..હા..! ભગવાન આત્મા અબદ્ધસ્પૃષ્ટ છેને. એને જેણે જાણ્યો એણે જૈનશાસન જાણ્યું. આહા..હા..! જુઓ આ મંગળિકની ભાષા! આહા..હા..! જેણે ભગવાન આત્માને રાગ અને કર્મના બંધ વિનાનો મુક્ત સ્વરૂપ જાણ્યો... આહા..હા..! એ જાણવાની શુદ્ધોપયોગ જે પરિણતિ તે જૈનશાસન છે. આહા..હા..! અશુદ્ધ પરિણામ એ જૈનશાસન નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..!

જૈનશાસન જાણ્યું એટલે આખા ચારેય અનુયોગનો સાર છે તે જાણ્યો—વીતરાગતા. આહા..હા..! અને વીતરાગતા ત્યારે થાય કે વીતરાગ સ્વરૂપ છે તેનો આશ્રય લે તો અને આશ્રય લઈને વીતરાગતા થઈ એ જૈનશાસન જાણ્યું એણે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી ભલે તિર્યંચ હો, શરીર ને ગતિથી બહારથી; પણ જેણે ભગવાન આત્માને મુક્તરૂપ, અબંધરૂપ, વિશેષથી રહિત સામાન્યરૂપ... આહા..હા..! એ આવ્યુંને અભેદપણે, એવું જેણે અંતર જાણ્યું એણે જૈનશાસન જાણ્યું, એણે ચરણાનુયોગ અને કરણાનુયોગમાં જે કહેવું હતું એ આ જાણ્યું. આહા..હા..! કેટલાક એમ કહે છે કે સમયસાર આદિમાં નિશ્ચયની વ્યાખ્યા છે અને મોક્ષશાસ્ત્રમાં—તત્ત્વાર્થસૂત્રમાં એમ કે વ્યવહાર છે બધું. માટે બેયનું જોઈએ, પણ બેયનું શું? જ્ઞાન જોઈએ. સમજાણું કાંઈ?

નિમિત્તથી થાય, વ્યવહાર થાય .. પણ એનું જ્ઞાન કરવું જોઈએ એટલું. એ જ્ઞાન થઈ જાય જે.. સ્વના આશ્રયમાં અબદ્ધસ્પૃષ્ટને જ્યાં જાણ્યો, ત્યારે એને રાગ બાકી રહ્યો છે એનું એને જ્ઞાન થઈ જાય છે. આહા..હા..! એને નવું એને માટે જ્ઞાન કરવું પડે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું, ભાઈ! કર્મનો અભાવ થવાથી આત્માનો સાક્ષાત્ મોક્ષ (થાય છે). જે શક્તિરૂપે, સ્વભાવરૂપે, સામર્થ્યરૂપે મુક્ત જ છે. એ કહ્યું છેને. શ્રીમદ્‌માં આવે છે. દિગંબરના આચાર્યોએ એમ કહ્યું છે કે આત્માનો મોક્ષ થતો નથી, મોક્ષ સમજાય છે. આહા..હા..! માન્યું હતું એ માન્યતા છૂટી ગઈ. તું રાગમાં છો એ તો માન્યું હતું. એ માન્યતા પ્રમાણે રાગમાં આત્મા નથી. આહા..હા..! અને આત્માને રાગનો સંબંધ અને બંધ પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, ભાઈ! દુનિયા ગમે તે કહો, ગમે તે કરો, માર્ગ તો આ છે. સમજાણું કાંઈ?

જન્મ-મરણના ચોર્યાસીના ભવસિંધુના ફેરા.. ઓહો..હો..! ... આહા..હા..! શાસ્ત્રમાં તો એક લેખ છે એ, માતાના ઉદરમાં મનુષ્યપણે આવે તો કોઈ જીવ બાર વર્ષ રહે. ગર્ભમાં બાર વર્ષ રહે. સવા નવ મહિને જન્મ થઈ જાય એ તો બધા સાધારણને, પણ એની કાયસ્થિતિ શાસ્ત્રમાં ગણી છે એ પેટમાં સાડા ત્રણ ત્રણ વર્ષના તો અત્યારે જોયા છે પેટમાં, જન્મ ન થાય. છોડ કહેવાય એ. બાર વર્ષ સુધી જન્મ ન થાય. આહા..હા..! ઊંધે માથે. આહા..હા..! એ ચીકાશને એ બધામાં રહેવું. પ્રભુ કહે છે કે બાર વર્ષ તો રહ્યો, પણ મરીને પાછો તરત જ બાર વર્ષ બીજી યોનિમાં જાય કે એના પેટમાં પણ જાય. એની માના પેટમાં ફરીને બાર વર્ષ રહ્યો ને મરીને ફરીને બાર વર્ષ થાય. આહા..હા..! ચોવીસ વર્ષની કાયસ્થિતિ શાસ્ત્રમાં છે પેટમાં રહેવાની. આહા..હા..!

અહીં એક જરી શ્વાસ લે નહિ ત્યાં આમ થઈ જાય હાય... હાય... હાય.. આ બારણા ખોલો, હવા કરો, ફલાણું થઈ જાય. બાપુ! શું થયું તને, ભાઈ? બાર વર્ષ ઊંધે માથે પગ ઊંચા કફમાં, લોહીમાં, એંઠ માતા જે ખાય એને લેપમાં અંદર પડ્યો છે. એકવાર મરીને પાછો તેની તે માની કૂખે બીજીવાર આવે એવો શાસ્ત્રમાં પાઠ છે. ગર્ભમાં રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ ચોવીસ વર્ષની છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ જન્મ-મરણના ગર્ભના દુઃખ ટાળવા હોય તો પ્રભુ આ ઉપાય છે. આહા..હા..! જેમાં જન્મ-મરણ અને જન્મ-મરણના ભાવ જેમાં નથી અને જેનામાં ભાવ પરિપૂર્ણ આનંદ અને જ્ઞાન પડ્યો છે એની

ઓથે-શરણે જા. આહા..હા..! તારા ભવ મટીને મોક્ષ થશે તને. આનંદ પ્રાપ્ત થશે ભાઈ! તને પૂર્ણ આનંદ. આહા..હા..!

'**(આવું જ્ઞાનના આલંબનનું માહાત્મ્ય છે.)**' છે? આહા..હા..! હવે આમાં લોકો એમ કહે છે કે વ્યવહારને આશ્રયે પણ નિશ્ચય થાય. ભાઈ! એમ નથી. વ્યવહાર હોય છે. એ પણ જ્યારે આત્માનો અનુભવ થયો ત્યારે રાગની મંદતાના ભાવ આવે છે, ત્યારે એને વ્યવહાર કહેવામાં આવે છે. આહા..હા..! જેને નિશ્ચયનું ભાન નથી એ તો વ્યવહારમાં મૂઢ છે. ૪૧૩ ગાથામાં આવ્યું છે એ. વ્યવહારમાં મૂઢ, અનાદિરૂઢ, સ્વરૂપમાં અનારૂઢ. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો ધર્મકથા છે, પ્રભુ! આ કોઈ વાર્તા નથી. આહા..હા..! ગંભીર છે, ભાઈ! તારી વાર્તા પણ ગંભીર છે. આહા..હા..! એમાં આવ્યું નહિ પદ્મનંદીમાં? ચૈતન્યસ્વરૂપની પ્રસન્ન ચિત્તે જેણે વાર્તા પણ સાંભળી છે. આહા..હા..! એ જીવ ભાવિ મોક્ષનું ભાજન છે. મોક્ષનું એ ભાજન છે, એને મોક્ષ થશે. આહા..હા..! જેણે પ્રસન્નચિત્તે ... આહા..હા..! જેણે ચૈતન્યસ્વરૂપ આવો ભગવાન છે. આહા..હા..! એની વાર્તા પણ જેણે સાંભળી છે. આ વાર્તા હોં! આહા..હા..! છેને. આપણે સમયસાર મૂક્યું છે મોઢા આગળ. આહા..હા..! એ ભાવિ નિર્વાણ ભાજનં. પદ્મનંદીઆચાર્ય દિગંબર સંત વનવાસી એ વ્યવહારને બંધનું કારણ માને એ આમ કહે છે કે અબંધસ્વરૂપની વાત જેણે પ્રસન્નચિત્તે સાંભળી, આહા..હા..! એ અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશે, મોક્ષનો પાત્ર થશે. આહા..હા..! એની દશામાં મોક્ષ થશે એમ કહે છે. આહા..હા..! જેણે અબદ્ધસ્પૃષ્ટ એવો નિત્ય સ્વભાવ શક્તિરૂપ એવી જેણે વાર્તા પણ સાંભળી પ્રસન્નચિત્તથી અને એણે પક્ષ કર્યો કે 'હું તો અબદ્ધ છું' ભલે વિકલ્પ હો, આહા..હા..! પણ પક્ષ કર્યો છે એણે 'આ છું હું' એવી વાત જેણે સાંભળી. આહા..હા..! વ્યવહાર અનંતવાર કર્યો છતાં એનાથી કાંઈ નહિ કહે છે. પણ બદ્ધરહિત આત્માની ચૈતન્યસ્વરૂપના સામર્થ્યની વાત. આહા..હા..! ઉલ્લસિત વીર્યથી જેણે સાંભળી છે. આહા..હા..! શ્રીમદ્‌માં આવે છે એ ઉલ્લસિત વીર્યથી. આહા..હા..! પ્રયત્ન કર્યો હતો એનો અર્થ. પ્રયત્ન .. કરી. પ્રયત્ન ઉલ્લસિત વીર્યથી જેણે પ્રયત્ન કર્યો. આહા..હા..!

ભગવાન અબદ્ધ છે, મુક્તસ્વરૂપ છે, પરમાનંદનો નાથ છે એવો જેણે અંદરમાં જ્ઞાનના પર્યાયમાં પક્ષ કર્યો જેણે એનું જ્ઞાન પૂર્ણ થઈ જશે. આહા..હા..! ત્યાં એમ નથી કીધું કે ફલાણાની આવી વાત સાંભળે ને કરણાનુયોગને સાંભળે ને ફલાણાને સાંભળે, ચરણાનુયોગ સાંભળે. અહીં તો ચૈતન્યની આવી વાત સાંભળે તો. આહા..હા..! જુઓ, આ દ્રવ્યાનુયોગના કથનની મહિમા. આહા..હા..! લોકો એ એકાંત છે... એકાંત છે... એમ કહે છે. ક્રમ મૂક્યો આ બધો. જ્ઞાનનું આલંબન કરવું, આલંબનથી પદ થાય, પદથી નાસ્તિ નાશ થાય, આત્માનું જ્ઞાન થાય, .. નો પરિહાર થાય, કર્મ જોરાવર થતું નથી, રાગ ઉત્પન્ન થતો નથી, કર્મ આસ્રવતો નથી, પૂર્વે બંધાયેલાની નિર્જરા થઈ જાય છે અને એનો મોક્ષ થાય છે. આહા..હા..! દસ બોલ કહ્યા. હા ... ક્રમ-ક્રમ.

'**ભાવાર્થ :- કર્મના ક્ષયોપશમ અનુસાર...**' એટલે કર્મના વિઘટન-ઘટવાની અપેક્ષાએ '**જ્ઞાનમાં જે ભેદો થયા છે...**' એ પણ નિમિત્તથી કથન છે. પોતાના ક્ષયોપશમમાં એ જાતની યોગ્યતાના ભેદો

પડ્યા એ કાંઈ જ્ઞાન સામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતાં. આહા..હા..! નિર્મળ પરિણતિ જે વધી એ કાંઈ જ્ઞાનસામાન્યને અજ્ઞાનરૂપ નથી કરતાં. આહા..હા..! ઊલટા જ્ઞાનને પ્રગટ કરે છે. આહા..હા..! મતિ ને શ્રુત ને વિશેષ-વિશેષ અવધિ થાય એ સામાન્ય જ્ઞાનની પુષ્ટિ કરે છે એ. આહા..હા..! **'એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ આત્માનું ધ્યાન ધરવું.'** આહા..હા..! **'માટે ભેદોને ગૌણ કરી,...'** ભેદ છે, નથી એમ નહિ, પણ તેને ગૌણ કરી, મુખ્ય વસ્તુ સામાન્ય છે તેને દૃષ્ટિમાં લઈ **'એક જ્ઞાનસામાન્યનું આલંબન લઈ...'** આહા..હા..! **'આત્માનું ધ્યાન ધરવું.'** લ્યો! વાત આ છે. આવા વ્રત કરવા, ફલાણું કરવું (એમ નથી કહ્યું). આહા..હા..! **'તેનાથી સર્વ સિદ્ધિ થાય છે.'** ભગવાન આત્માને ધ્યાનનો વિષય બનાવી, ધ્યાનમાં ધ્યેય બનાવી, એનું ધ્યાન કરતાં બધી સિદ્ધિ થાય છે. સંવરની, નિર્જરાની, મોક્ષની, આસ્રવ અને બંધના અભાવની. આહા..હા..! આસ્રવ અને બંધની હાનિની, સંવર, નિર્જરાની વૃદ્ધિની. આહા..હા..! એ બધી સિદ્ધિ ભગવાનને ધ્યાનમાં લેતા થાય છે. આહા..હા..!

**'હવે, આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—'** ૧૪૧.

(शार्दूलविक्रीडित)

अच्छाच्छाः स्वयमुच्छलन्ति यदिमाः संवेदनव्यक्तयो
निष्पीताखिलभावमण्डलरसप्राग्भारमत्ता इव।
यस्याभिन्नरसः स एष भगवानेकोऽप्यनेकीभवन्
वल्गत्युत्कलिकाभिरद्भुतनिधिश्चैतन्यरत्नाकरः।।१४१।।

આહા..હા..! ભગવાન અદ્ભૂત ચૈતન્યરત્નાકર છે. આહા..હા..! ચૈતન્યરત્નનો દરિયો છે એમ કે. આત્મા કીધુંને? આહા..હા..! એનું એને માહાત્મ્ય આવતું નથી. રાગ ને વ્યવહારનું માહાત્મ્ય છૂટતું નથી. આહા..હા..! એને વ્યવહાર ગળે વળગે છે. આવો ભગવાન એને છેલ્લું વિશેષણ આપ્યું... આહા..હા..! **'सः एषः भगवान्' 'તે આ ભગવાન અદ્ભુત નિધિવાળો...'** આહા..! જગતના નિધિના અબજો રૂપિયા કે કરોડ રૂપિયા તો ઓછા, પણ સો અબજનું ખર્વ અને સો ખર્વનું નિખર્વ આવે છે. ઓહો..હો..! ખર્વ-નિખર્વ .. એવું આવે છે. અમારા વખતમાં આવતું. અત્યારે અબજ સુધી ચાલે છે. પહેલાં સો અબજનું ખર્વ, સો ખર્વનું નિર્ખવ. ખર્વ, નિર્ખવ, .. અંત્ય, મધ્ય અને પ્રાપ્ત. ૧૮ બોલ થતા. જેમ સો કરોડનું એક અબજ, એમ સો અબજનું એક ખર્વ અને સો ખર્વનું એક નિખર્વ થાય છે. એવું-એવું સો-સો લઈ લેવું બધું. .... થોડી-થોડી ભાષા ફેર છે. તે દિ' નિશાળમાં શીખ્યા હતા નિશાળમાં. પોણો સો વર્ષ પહેલાં. આહા..હા..! કહે છે કે એ તો સંખ્યા થઈ એની. ત્યાંથી લઈ જઈને અનંત-અનંત કરે તોપણ એ સંખ્યાની હદ છે. આમાં તો ચૈતન્યરત્નાકરની સંખ્યાનો પાર ન મળે. આહા..હા..! આકાશના પ્રદેશથી પણ અનંત પ્રદેશથી અનંતગુણા ચૈતન્યરત્નાકર ચૈતન્યરત્ન પડ્યા છે અંદર. આહા..હા..! સમજાણું કાંઈ?

સ્વયંભુરમણ સમુદ્રમાં નીચે રત્ન પડ્યા છે. છેલ્લો છેને સ્વયંભુરમણ સમુદ્ર એમાં રેતી નથી નીચે, એકલા રત્નો ભર્યા છે. એમ આ સ્વયંભુ આ ભગવાન આત્મા સ્વયંથી પ્રગટ થયેલો અને સ્વયંથી

થયેલો અને રહેલો એમાં અનંતા ચૈતન્યના રત્નો અંદર આ તો ભર્યા છે. આહા..હા..! એમાં આ અબજ ને બે અબજ ને પાંચ અબજ ને ધૂળની એની તો ગણતરી નથી આમાં. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! આમાં કરવું શું પણ બધું સાંભળી-સાંભળીને? એ દ્રવ્યનો આશ્રય કરવો એમાં એ કરવું. ચારેય અનુયોગનો સાર તો વીતરાગતા છે, તો વીતરાગતા પ્રગટે ક્યારે? કે સ્વનો આશ્રય કરે તો. એનો અર્થ કે સ્વના આશ્રયની જ આ બધી વાત છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એને પરના આશ્રયવાળી વાત મૂકો તો એને લાભ એનાથી એ તો એને ઠીક પડે છે. આહા..હા..!

'निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः इव' ઓહો..હો..! **'પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત થઈ ગઈ હોય... '** આહા..હા..! નિર્મળથી નિર્મળ જ્ઞાનની પર્યાય... આહા..હા..! **'સમસ્ત પદાર્થોના સમૂહ... '** આહા..હા..! એ રૂપી રસ, **'તેની અતિશયતાથી જાણે કે મત થઈ ગઈ હોય...'** પર્યાય. એ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ ત્રણકાળ, ત્રણલોકના દ્રવ્ય, ગુણ, પર્યાય જાણે છે. આહા..હા..! 'निष्पीत' **'પી જવામાં આવેલો...'** 'अखिल' **'સમસ્ત...'** 'भाव-मण्डल' ભાવની પર્યાયો બધી. દ્રવ્યગુણપર્યાયનો સમૂહ. એનો 'प्राग्भार' આહા..! અતિશયપણાનો 'प्राग्भार' જેનો બોજો સહન ન થઈ શક્યો બીજાથી એવી એની શક્તિઓ છે કહે છે. આહા..હા..! લ્યો શું આત્મા, એણે ભિખારામાં ખતવી નાખ્યો. એક દયા પાળે પરની ત્યાં આહા..હા..! શું છે? બાપુ! ભાઈ! પરની દયા ઉપર લક્ષ જાય છે એ તો રાગ છે, ભાઈ! અને એ એનું સ્વરૂપ નથી. એમ કહે તો રાડ નાખે છે. એ દયાને રાગ કહે છેને હિંસા કહે છે. અરે..! પ્રભુ! સાંભળને ભાઈ! કઈ દયા? તારી દયા તો અહિંસા વીતરાગી દયા છે. અને આ છે રાગની દયા, પરની દયા. લોકોને એ આકરું લાગે. દયા એ .. સિદ્ધાંતમાં દયાને ધર્મ કીધો. પણ એ કઈ દયા? બાપુ! આ સ્વદયા. સ્થાકનવાસીમાં તો એ જ આવે 'દયા તે સુખની વેલડી, દયા તે સુખની ખાણ, અનંતા જીવ મુક્તિએ ગયા, દયા તણા...' એય..! ..ભાઈ! એય..! પોપટભાઈ! આહા..હા..! અરે..! બાપુ! એવી વાત છે, ભાઈ!

જેવડું સ્વરૂપ એનું છે, જેમ બીજાના જીવને મારી નાખવાનો ભાવ એટલે કે એ ટકતા તત્ત્વનો નકાર કરવો, એમ આવું ટકતું તત્ત્વ પૂર્ણ સ્વરૂપ છે એનો નકાર કરવો તે હિંસા છે. આહા..હા..! આવડો નહિ. આહા..હા..! રાગવાળો છેને પર્યાયવાળો છેને વ્યવહારથી પ્રાપ્ત થાય એવો છે, રાગના ભાવથી પ્રાપ્ત થાય એવો છ—એ આત્મા એણે જેવડું જીવન એનું સ્વરૂપ છે તેવું એણે ન માન્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવો ધર્મ કઈ જાતનો હશે?

કહે છે કે ભગવાન આત્મા એની જે નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે એ નિર્મળ છે અને પર્યાયો જે પ્રગટ થાય તેને આશ્રયે નિર્મળ છે. એવી નિર્મળ પર્યાય **'પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ...'** અનંત-અનંત પદાર્થો, અનંત-અનંત કેવળીઓ. આહા..હા..! એને જાણવાની પોતાની પર્યાયમાં રસ **'અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય...'** જ્ઞાનની પર્યાય. આહા..હા..! અરે..! જ્ઞાનની વર્તમાન પર્યાય—અવસ્થા જેણે ત્રિકાળી જ્ઞાયકના જાણપણે પર્યાયમાં

અનંત દ્રવ્યગુણપર્યાયને જેણે જાણ્યા એ પર્યાય મત્ત થઈ ગઈ છે, મત્ત થઈ ગઈ છે મત્ત. આહા..હા..! એને જાણવાનું બાકી રહ્યું નથી, બધું જાણ્યું છે. એવું જેણે જાણ્યું એણે પર્યાયમાં બધું જાણ્યું. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વ્યાખ્યા અને આવો ધર્મ! ઓલું તો ભાઈ ધર્મ દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ, જાત્રા કરો શું કહેવાય? સમ્મેદશિખરની અને ગિરનારી. લાખ કરને હવે. એ બધો શુભરાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ધર્મ નહિ. ધર્મ તો ભગવાન આત્મા જ્ઞાનના સ્વભાવમાં ગયો, અંતરમાં જઈને જે પરિણતિ પ્રગટ થઈ.. આહા..હા..! નિર્મળ વીતરાગીદશા પ્રગટ થાય, એ અહિંસા, તે ધર્મ અને તે સત્ય અને તે બ્રહ્મચર્યની પર્યાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મત્ત થઈ ગઈ...' 'यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः ' 'જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદન વ્યક્તિઓ...'** આહા..હા..! શુદ્ધ ચૈતન્યના સ્વભાવના આશ્રયે નિર્મળથી નિર્મળ પર્યાયો પ્રગટ થઈ. પરનો આશ્રય કરે ત્યાં તો મલિનતાની પર્યાય ઉત્પન્ન થાય છે. આહા..હા..! ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્રનો આશ્રય લે, પણ એ પરદ્રવ્ય છે, તેનો આશ્રય લેતા વિકલ્પ અને રાગ જ ઉત્પન્ન થાય અને સ્વદ્રવ્યનો આશ્રય લેતા નિર્મળથી નિર્મળ પર્યાય પ્રગટ થાય એમ કહે છે. આવી વાતું હવે. જેને નવરાશ પણ ક્યાં છે! જગતને .. આડે નવરો ક્યાં છે એ! આહા..હા..! શાંતિભાઈ! ધંધા આડે, બાયડી, છોકરાને સાચવવા અને એમાં મોઢા આગળ કાંઈક હું છું, ઘરમાં કર્તાહર્તા છું, એમાં માન લેવામાં નવરો ક્યાં છે એ! આહા..હા..! મરી ગયો છે અનાદિથી, મારી નાખ્યો છે. એય..!

ચૈતન્ય જ્યોત ભગવાન ચૈતન્યરત્નાકર કહ્યોને? અનંત ચૈતન્યનો રતનનો સમુદ્ર, આકર-સમુદ્ર છે ભગવાન. આહા..હા..! એને બીજાની આગળ મોટપ બતાવવા કે 'એને હું રહું છું, તમને સાચવું છું, હું બીજા કરતા હુશિયાર છું' આવા દેખાવમાં જીવને મરવી નાખ્યો એણે. આહા..હા..! એય..! મારી નાખ્યો એટલે પર્યાયમાં નકાર કર્યો છે. .. ક્યાં જાય છે? આહા..હા..!

શ્રીમદ્દે ન કહ્યું? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો, લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? શું કુટુંબ કે પરિહારથી વધવાપણું એ નય ગ્રહો; વધવાપણું સંસારનું નર દેહને હારી જવો, એનો વિચાર નહિ અહો એક પળ તમને હવો.' આહા..હા..! પછી છેલ્લે કીધુંને? 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' એ રાગ મારો અને બીજાથી હું મોટો અને બીજાથી અધિક બતાવનારો મારો ભાવ, એ ક્ષણે-ક્ષણે જીવનું મરણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભાવમરણ છે. એવા ભગવાનની આ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદનો રત્નાકર એનો આશ્રય લેતાં નિર્મળથી નિર્મળ પર્યાયનો અનુભવ.. આહા..હા..! **'આપોઆપ ઉછળે છે,...'** નિર્મળ પર્યાયથી. આહા..હા..! વિશેષ કહેશે..

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૩, રવિવાર, તા. ૦૨-૦૧-૧૯૭૭, કળશ-૧૪૧-૧૪૨, પ્રવચન નં. ૨૮૦

સમયસાર, ૧૪૧ કળશ છે. ફરીને. 'निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः ' આહા..હા..! જ્યાં આત્માની જ્ઞાન પર્યાય પોતાનું શુદ્ધ પરિપૂર્ણ સ્વરૂપ છે એને જે જ્ઞાનની પર્યાયમાં જાણ્યું, એ પર્યાયમાં જગતના જેટલા પદાર્થોનું જ્ઞાન છે એ જ્ઞાન બધા એમાં સમાઈ જાય છે. સ્વનું જ્ઞાન અને પરનું જ્ઞાન જેને જ્ઞાનપર્યાય પી ગઈ છે એમ કહ્યું. '**પી જવામાં આવેલો જે સમસ્ત પદાર્થોના સમૂહરૂપી રસ તેની અતિશયતાથી જાણે કે મત્ત થઈ ગઈ હોય એવી...**' આહા..હા..! ઝીણી વાત છે. જ્યાં આત્મા સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે એની જ્યાં અંતર દૃષ્ટિ થઈ તેથી તે જ્ઞાનની પર્યાયમાં આખો આત્મા જાણવામાં આવ્યો અને એ પર્યાયમાં જગતની જેટલી ચીજો છે એ બધાનું જ્ઞાનની પર્યાયમાં તેનું જ્ઞાન થાય છે. એટલે કે સ્વપરપ્રકાશકની પર્યાય જે છે એ સકળ પદાર્થના જ્ઞાનમાં જાણે પી ગયું બધા પદાર્થને એવી જે મત્ત થઈ ગઈ છે મત્ત. આહા..હા..!

આ લોકો બધા આ સદા.. નું આખું પુસ્તક છે દિગંબરનું. એમાં ઘણું એકાંત લખ્યું છે અહીંનું, એકાંત છે રે એકાંત. વાવાઝોડું થયું છે હવે અત્યારે. કાળે થાયને. વાવાઝોડું સમજો છો? પવનનો તોફાન. આહા..હા..! વાત એ છે કે એ લોકોને એવી રીતે મનાવવું છે કે આ ભગવાન સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, એ તો સવારમાં ચાલે છેને, એની અનુભવની દૃષ્ટિ વિના જે કાંઈ આચરણ કરીએ તે ચારિત્ર છે એમ મનાવવું છે. અરે.. પ્રભુ! ભાઈ! તને કાંઈ લાભનું કારણ નથી. તું એકાંત કહે છો. એમ કે ચારિત્ર તે ધર્મ છે. પણ ચારિત્ર ધર્મ છે, એનું મૂળ તો સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ચારિત્ર-આચરણ આવ્યું ક્યાંથી? સમ્યગ્દર્શન વિનાના જેટલા આચરણ એ તો બાળતપ અને બાળવ્રત છે. આહા..હા..! આવી વાત છે. આકરું પડે. ખળભળાટ થઈ ગયો છે ખળભળાટ. એવું થયું છે. થાય એ. વસ્તુ એવી છેને.

અહીં તો કહે છે કે 'निष्पीत-अखिल-भाव-मण्डल-रस-प्राग्भार-मत्ताः' આહા..હા..! સમ્યગ્જ્ઞાનની, શ્રુતજ્ઞાનની પર્યાય હો તોપણ જેમાં સ્વસ્વરૂપ પૂર્ણ છે તેનું જ્ઞાન થયું છે અને જગતના દ્રવ્ય-ગુણ-પર્યાય બધાં તેનું પણ તેમાં જ્ઞાન થયું છે, એ જ્ઞાન પી ગયું છે બધાને. આહા..હા..! પી ગયું છે એટલે કે અધૂરું રહ્યું છે હજી. ગમે તેટલું હોય તો એ જાણી શકે એવી એની તાકાત છે. આહા..હા..! સમ્યક્ ચૈતન્યસ્વરૂપ પૂર્ણ જેના ગર્ભમાં પરમાત્મા પોતે જ છે. આહા..હા..! એવી પરમાત્માની શક્તિનું સ્વરૂપ પોતાનું એવું જેણે અંતરમાં જ્ઞાનની પર્યાયમાં સ્વને જ્ઞેય બનાવી અને જાણ્યું તો આખું દ્રવ્ય પણ એમાં આવી ગયું અને જગતના પદાર્થો જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે એને પણ પરપ્રકાશક તરીકે જાણવાનો સ્વભાવ છે તો એ પણ આવી ગયું એમાં. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! રાડેરાડ પાડે ચારેકોરથી. કોક કહે છે કે ભાઈ શેઠ નથી ગયા એમ કોક કહેતું હતું. જ્ઞાનચંદજી. કોક કહે ગયા છે. આવશે

બે-ચાર દિ'માં. કાલે પૂરું થાશે પછી આવશે. લખાણ તો આવશેને. એની યોગ્યતા પ્રમાણે કરે. એને જે ભાસ્યું હોય એ કરે. આહા..હા..! આ ભાઈ માર્ગ તો એવો છે કે જ્યાં.. કહ્યું હતુંને સવારમાં નહિ? કે જ્ઞાનની જે પર્યાય છેને વર્તમાન ઉઘાડ-ઉઘાડ વ્યક્ત પર્યાય. પર્યાય સમજાય છે? અવસ્થા. જ્ઞાનગુણ ત્રિકાળ છે તેની વર્તમાન અવસ્થા. એ અવસ્થાનું સ્વરૂપ જ એવું છે કે એમાં આખું જ્ઞેય જણાય જ છે. અજ્ઞાનીની પર્યાયમાં પણ આખો જ્ઞાયક છે એ પર્યાયમાં જણાય છે, પણ તેની દૃષ્ટિ એના ઉપર નથી એટલે એ જાણતો નથી. આહા..હા..!

**શ્રોતા :–** અધ્યવસાય બીજી રીતે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અધ્યવસા બીજો કરે છે. માને છે આમ કે 'હું રાગ છું ને હું અલ્પજ્ઞ છું.' આહા..હા..! ભગવાન આત્મા જ્યાં સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ, ચૈતન્ય સર્વજ્ઞ-સૂર્ય એ જેને વર્તમાન જ્ઞાનની પર્યાયમાં જાણવામાં જ્ઞેય તરીકે આવ્યો... આહા..હા..! સ્વજ્ઞેય તરીકે, એની પર્યાય જગતના બધા પદાર્થોને, દ્રવ્ય-ગુણ-પર્યાયના સમૂહને તે પર્યાય પી ગઈ છે એટલે જાણી લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ? મત્ત થઈ ગઈ છે. '**यस्य इमाः अच्छ-अच्छाः संवेदनव्यक्तयः**' '**જેની આ નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (જ્ઞાનપર્યાયો અનુભવમાં આવતા...** ' સ્વસ્વભાવના અવલંબે જે જ્ઞાન થયું એ તો નિર્મળથી નિર્મળ, નિર્મળથી નિર્મળ વધતું જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? શાસ્ત્રજ્ઞાન અને એ જ્ઞાન નહિ. આહા..હા..! આત્મજ્ઞાન. આત્મજ્ઞાનનો અર્થ? આત્માની પર્યાયનું પણ જ્ઞાન નહિ. આત્મજ્ઞાન કહ્યું છેને? શશીભાઈ! આહા..હા..! જ્ઞાન છે પર્યાય, પણ જ્ઞાન કોનું? કે આત્માનું જ્ઞાન. આહા..હા..!

ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ જેમાં અનંત આનંદ, અનંત બળ, અનંત શાંતિ, અનંત વીતરાગતા, અનંત સ્વચ્છતા, અનંત પ્રભુતા એવી-એવી અનંત શક્તિઓ એક-એક શક્તિ અનંત સ્વરૂપે બિરાજે છે. આહા..હા..! કોઈ એક ગુણને બીજા ગુણની સહાય નથી. આહા..હા..! છતાં એક-એક ગુણમાં અનંતગુણનું રૂપ છે. કેવું? કે જ્ઞાનગુણ છે એમાં અસ્તિત્વગુણનું રૂપ (છે). અસ્તિત્વ ગુણ છે એ એનામાં નથી, પણ જ્ઞાન છે એવું અસ્તિત્વ જ્ઞાનગુણમાં પણ અસ્તિત્વનું રૂપ છે. આહા..હા..! એ જ્ઞાનગુણમાં પ્રભુતા નામનો, ઈશ્વર નામનો ગુણ નથી એમાં, ગુણ બીજો છે, પણ એ જ્ઞાનમાં ઈશ્વર પ્રભુતાના ગુણનું રૂપ છે જ્ઞાનમાં. એ જ્ઞાન ઈશ્વરસ્વરૂપ છે. આહા..હા..! એનો સ્વભાવ છે, આહા..હા..! એને એની મર્યાદા શું હોય? ભાઈ! એને ખબર નથી. ભગવાન પોતે પરિપૂર્ણ પ્રભુ છે. એ એક-એક ગુણ છે ભિન્ન-ભિન્ન. એક ગુણને બીજા ગુણની સહાય નથી. એક ગુણને બીજો ગુણ નિમિત્ત છે, પણ નિમિત્ત એમાં જાતું નથી. આહા..હા..! છતાં દરેક ગુણનું એક એક ગુણમાં રૂપ છે. આહા..હા..! જ્ઞાન છે તો જ્ઞાનનું અસ્તિત્વ પણ છે પોતાથી, વસ્તુત્વ છે પોતાથી. જ્ઞાન કર્તા છે પોતાથી. કર્તાગુણ ભિન્ન છે. સમજાણું કાંઈ? એક ગુણમાં અનંતગુણની જાત છે તેનું રૂપ એમાં છે. આહા..હા..! એવા અનંતગુણમાં અનંતગુણનું રૂપ એવો જે અનંતગુણ સમૂહ પ્રભુ આત્મા... આહા..હા..! એનું જેણે અંતર્મુખ થઈને જ્ઞાન કર્યું. કારણ કે વસ્તુ અંતર્મુખ છે એ કાંઈ બહિર નથી. બાહ્યમાં તો પર્યાય અને રાગ

છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અંતરમાં તો પૂર્ણ અનંતગુણનું રૂપ એક-એક ગુણમાં એવા અનંતગુણનો પિંડ તે આત્મા છે. આહા..હા..! એનું જેને અંતરમાં જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળીને જે સર્વજ્ઞ આદિ સ્વભાવ છે.. ઓહો..હો..! પર્યાયમાં સર્વજ્ઞસ્વભાવનું જ્ઞાન થયું. જ્ઞાનગુણમાં સર્વજ્ઞસ્વભાવનું રૂપ છે. સર્વજ્ઞ શક્તિ ભિન્ન છે, પણ એક જ્ઞાનગુણમાં સર્વજ્ઞનું રૂપ છે. આહા..હા..! આનંદ અનંત આનંદ ગુણ છે. એ જ્ઞાનગુણમાં અનંત આનંદ ગુણ નથી, પણ અનંત આનંદનું રૂપ જ્ઞાનમાં છે. આહા..હા..! અહીં કહેવું છેને. અદ્‌ભુત નિધિ ભગવાન ચૈતન્યરત્નાકર. છેને નીચે? આહા..હા..! અદ્‌ભુત નિધિ ભગવાન આત્મા. આહા..હા..! જેમાં અનંતા ચૈતન્યરત્નો ભર્યા છે. આહા..હા..! એની દશા, એનું ભાન થતાં સમ્યગ્દર્શન થતાં, તેમાં જ્ઞાનની પર્યાયમાં તે આત્મજ્ઞાન થતાં તે જ્ઞાનની પર્યાય સ્વ અને પરને પી ગઈ એટલે જાણવાની શક્તિ ખીલી ગઈ છે. આહા..હા..! આમાં કાંઈ હાથ આવે એવું નથી વાસંતીલાલજી ઘરે. એવી ચીજ છે આ. આહા..હા..!

ભગવાન! તું કોણ છો? પરમેશ્વર ઓળખાવે છે. આહા..હા..! જેને હજી આ સમ્યગ્દર્શન અને જ્ઞાન જ નથી, એના આચરણ તો રાગની મંદતામાં ભલે હો, એ બધા બાળતપ અને બાળવ્રત છે. આહા..હા..! એટલે કે મૂર્ખાઈ ભરેલા વ્રત અને મૂર્ખાઈ ભરેલા તપ છે. બાપુ! તને ખોટું લાગે પણ વસ્તુની સ્થિતિ એવી છેને ભાઈ! ભગવાને એમ કહ્યું છે બંધ અધિકારમાં. આવો ભગવાન જેની પોતાની જ્ઞાનની પર્યાયમાં પર્યાયવાન વસ્તુ એનું જ્ઞાન આવ્યું નથી, ત્યાં સુધી એ જ્ઞાનને જ્ઞાન કહેતા નથી. શાસ્ત્રજ્ઞાન હો, જગતને સમજાવતા આવડે એવી બુદ્ધિ હો. આહા..હા..! એ જ્ઞાયક સર્વજ્ઞસ્વરૂપી, સર્વજ્ઞશક્તિ સત્ત્વ, સર્વજ્ઞ સામર્થ્યવાળો એક ગુણ. આહા..હા..! એવા સર્વજ્ઞનું રૂપ અનંતગુણમાં છે એવો જે ભગવાન આત્મા જેને અંતર જ્ઞાનની પર્યાયમાં આત્મા આવો તેનું જ્ઞાન થયું એને તો એની પર્યાયમાં સ્વ ને પરને બધાને પી ગયો છે કહે છે. જ્ઞાનચંદજી! આહા..હા..!

એ જ્ઞાનની એક સમયની પર્યાય છે ધર્મીની, એમાં દ્રવ્યસ્વરૂપ છે તે આવતું નથી પણ એનું જે સામર્થ્ય છે તેનું જ્ઞાન આવે છે અહીં. આહા..હા..! આવો ભગવાન છે, બાપુ! એને તેં જોયો નથી. તારી નિધાનમાં નજરું ગઈ નથી અને એકલા આચરણમાં જોડાઈ ગયો, ભાઈ! તને કાંઈ નહિ લાભ થાય. નુકસાન છે. આહા..હા..! ભાઈ! તારા ઘરના લાભની વાતું છે, બાપુ! આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અનંતકાળથી ખોટ તો ગઈ એને. કહે છે કે પ્રભુ! ખોટ ખજાને નથી. આહા..હા..! ખજાનો ભગવાન અનંતગુણનો ત્યાં ખોટ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ભાઈ આત્મતત્ત્વની વાતું છે, બાપુ! એટલે પછી મશ્કરી કરો, ન કરો ગમે તે. એ કહે છે કે અમારી મશ્કરી કરે છે. અમે આચરણ કરીએ છીએ એને ઉડાડી દે છે કે ખોટા આચરણ છે. બાપુ! એ તો વસ્તુનું સ્વરૂપ છે, ભાઈ! તારા માટે નથી, આ તો વસ્તુના સ્વભાવને માટે છે.

એવી '**નિર્મળથી પણ નિર્મળ સંવેદનવ્યક્તિઓ (-જ્ઞાનપર્યાયો, અનુભવમાં આવતા જ્ઞાના ભેદો) આપોઆપ ઊછળે છે,...** ' સમુદ્રમાં જેમ ભરતીમાં પાણીનો ઉછાળ આવે,

આહા..હા..! એમ સમુદ્ર મધ્યમબિંદુમાં દૃષ્ટિ પડી છે આત્મા ઉપર એટલે. આહા..હા..! પર્યાયમાં નિર્મળની નિર્મળ પર્યાય ભરતી-ભરતી, ઓટ નહિ, નિર્મળ પર્યાય ઊછળે છે. લ્યો શેઠ! આ તમારા સાગરની વાત ચાલે છે આ. ઈ સાગર નહિ. ભગવાન! તું સાગરસ્વરૂપ છોને પ્રભુ! આહા..હા..!

એ સ્વયં. પાછું સ્વયં એમ કેમ કહ્યું? આહા..હા..! એ ચીજો છે માટે જ્ઞાનની પર્યાય ઊછળે છે એમ નહિ. એને જાણવાનું અને સ્વને જાણવાનું એ ચીજો છે માટે એનું અહીં જ્ઞાન થયું છે એમ નથી. એ તો પોતાના સામ્યર્થથી જ સ્વયં જ્ઞાનપર્યાય ઊછળે છે. આહા..હા..! અરે..! આવો ભગવાન તને નજરે ન પડે અને ધર્મ થાય તને. આહા..હા..! એ વાત હતી નહિ એટલે લોકોને નવી લાગે છે. નવી નથી, ભગવાન! અનાદિનો વીતરાગમાર્ગ જ આવો છે. પરમાત્મા .. મળે ત્યારે કહેવું કોને? આહા..હા..! પરમાત્મા તો... ઓલામાં લખ્યું નથી રહસ્યપૂર્ણ ચિઠ્ઠીમાં, અત્યારે અધ્યાત્મ તો આત્મા છે. ભાઈ! આહા..હા..! છેલ્લો શબ્દ છે. આહા..હા..! રહસ્યપૂર્ણ ચિઠ્ઠી. આ પ્રશ્ન થયો હતો.. આગમના અને અધ્યાત્મના એમ કે અત્યારે તો અધ્યાત્મ તો આત્મા છે, ભગવાન છે નહિ અત્યારે. આહા..હા..! આ આત્મા અધ્યાત્મ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'આપોઆપ...' 'स्वयम् उच्छलन्ति'** આહા..હા..! શું શ્લોક તે પણ શ્લોક. એ જ્ઞાનની પર્યાય સ્વને જાણે અને બધા દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે છે તે સ્વયં ઉત્પન્ન થાય છે. એ જગત છે માટે જ્ઞાન થયું છે એમ નહિ. એ તો જ્ઞાનની પર્યાય સ્વયં પોતાથી ઉછળે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરેરે..! આવું પાછું લખ્યું જૈન ગેજેટમાં, મહાવિદેહ સીમંધર ભગવાન એ છે નહિ અને આ તો કલ્પનાઓ કરીને ઊભું કર્યું છે. અરરર...! પ્રભુ! પ્રભુ! તું આ શું કરે છે ભાઈ? આહા..હા..! બાપુ! તને કોઈ પૂછનાર નથી. સાક્ષાત્ ભગવાન બિરાજે છે, મહાવિદેહ ક્ષેત્ર છે, વીસ તીર્થંકરો છે, લાખો કેવળીઓ છે. સાક્ષાત્ કુંદકુંદાચાર્ય સદેહે સાક્ષાત્ ભગવાનની જાત્રા કરી, ત્યાં આઠ દિ' રહ્યા. જયસેનાચાર્યની ટીકામાં છે, પ્રવચનસારની ટીકામાં છે, અષ્ટપાહુડમાં છે, પંચાસ્તિકાયની ટીકામાં છે. પ્રભુ! તારે શું કરવું છે? તારો ભગવાન પૂર્ણ છે તેને ઉડાડવો છે તારે? શું કરવું છે? આહા..હા..!

કહે છે, એવું **'આપોઆપ ઊછળે છે,...'** એવી એની દશા છે. ભગવાન ભાળે છે માટે ભગવાન છે માટે ભગવાનનું જ્ઞાન થયું એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'सः एषः भगवान् अद्‌भुतनिधिः चैतन्यरत्नाकरः'** આહા..હા..! ડોલાવી નાખ્યો છે એને. એની મા એને ઢોલીયામાં શું કહેવાય એ? ઝૂલા-ઝૂલા. ઘોડિયું કહે અમારે ઘોડિયું. એને આમ સુવાડવા માટે એના વખાણ કરે. ભાઈ! તું આવો ડાહ્યો ને આવો ને આવો. અહીં ભગવાન તો એને જગાડવા માટે એને ચૈતન્યરત્નાકરની ઉપમા દ્યે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

અરે..! તે દિ'.. કહ્યું નહોતું એકવાર? વડોદરામાં નાટક જોયું હતું અનસુયાનું. ૬૪ની સાલ હતી. લગભગ ૬૪ હશે. ૧૮ વર્ષની ઉંમર. માલ લેવા ગયેલ. એમાં રાતે જોવા (ગયા). એમાં અનસુયા બાઈ છે એ કુંવારી છે. તો એમ ને એમ સ્વર્ગમાં જાય છે કુંવારી. ત્યાંથી નકાર થાય છે, **'अपुत्र गति नास्ति'**. જેને પુત્ર ન હોય એને સ્વર્ગ નહિ મળે. એવું છેને એ લોકોમાં તો. એ તો બધું ગપ છે. એટલે ઓલી બાઈ

સ્વર્ગમાં જતી હતી. મોટું નાટક અનસુયાનું. બાર આનાની ટિકિટ અને બાર આનાની ચોપડી. તમે શું બોલો છો એ મને ખબર પડવી જોઈએ. પૈસા લ્યો તમે બીજા બાર આના પણ તમે અહીં શું બોલો છો. આહા..હા..! આ તો ૬૪ની વાત છે, લગભગ ૬૪ની. પોપટભાઈ લુહાણા હતા એક, પાલેજમાં એ સાથે હતા માલ લેવા. એ બાઈને હુકમ થાય છે ત્યાંથી સ્વર્ગ નહિ મળે. દીકરો જોઈએ. પુત્ર વિના ગતિ નહિ થાય. આહા..હા..! એ પડી નીચે. કોને ત્યારે હું વરું? નીચે બ્રાહ્મણ આંધળો હતો. જેને તું પડ ને હોય એને વર. આંધળા બ્રાહ્મણને વરી, એને થયો દીકરો. લાવ્યા હશે ક્યાંકથી છોકરું વર્ષ, દોઢ વર્ષનું. આહા..હા..! આમ ઝુલાવતા હતા. બેટા! તું નિર્વિકલ્પો, ઉદાસીનો, શુદ્ધો.. આહા..! એમ ગાતા હતા બધા. અત્યારના નાટક કરતાં એના નાટક તો જુઓ! આહા..હા..! બેટા! એમ ગાતી હતી બાઈ! .. બાઈનો તો વેષ પહેર્યો હોય. નિર્વિકલ્પો, ઉદાસીનો, શુદ્ધો... આહા..હા..! બ્રહ્મસ્વરૂપ તું છો. આહા..હા..! આપણે આવે છે આમાં. સમયસારમાં બંધ અધિકાર અને સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં પાછળ. અને આમાં પણ આવે છે પરમાત્મપ્રકાશમાં પાછળ આવે છે. સમજાણું? છે આમાં પરમાત્મપ્રકાશ છે. નથી આવ્યું?

છેને. છેલ્લે છે. એ આવ્યું જુઓ. એ જ પાનું આવ્યું. '**इदं परमात्मप्रकाशवृत्तेर्व्याख्यानं ज्ञात्वा किं कर्तव्यं**' આ ટીકા સાંભળીને કરવું શું? શેઠ પૂછતા હતાને? '**सहजशुद्ध-ज्ञानान्दैकस्वभावोऽहं,**' આહા..હા..! સહજ. એ બાઈ પણ ગાતી હતી બધી હોં. થોડા બે-ત્રણ શબ્દ યાદ રહી ગયા હતા. આ તો ઘણા વર્ષ થઈ ગયાને. ૬૪ એટલે ૬ ને.. કેટલા વર્ષ થઈ ગયા? ૬૯ વર્ષ. ૭૦માં એક ઓછો. આટલું યાદ રહી ગયું. પણ શું બોલતી હતી! અહીંયાં કહે છે કે કરવું શું? '**सहजशुद्धज्ञानान्दैकस्वभावोऽहं,...**' સ્વભાવિક શુદ્ધ જ્ઞાન અને આનંદનો મારો સ્વભાવ તે હું. આહા..હા..! '**निर्विकल्पोऽहं,**' આહા..હા..! '**उदासीनोऽहं, निजनिरञ्जनशुद्धात्मसम्यक्-श्रद्धानज्ञानानुष्ठानरूपनिश्चयरत्नत्रयात्मकनिर्विकल्पसमाधिसंजातवीतरागसहजानन्दरूपसुखानुभूतिमात्र-लक्षणेन स्वसंवेदनज्ञानेन स्वसंवेद्यो गम्यः...**' આહા..હા..! હું તો મારા આનંદની પર્યાય અને જ્ઞાનની પર્યાયથી જણાય એવો, વેદાય એવો છું. કોઈ વ્યવહારના વિકલ્પથી જણાય એવો હું છું નહિ. આહા..હા..! એમાં આટલા શબ્દો યાદ રહી ગયા. બાઈ આમ બોલતી, પણ એ તો મોટું નાટક હતું. થંભી જાય લોકો. અત્યારના આ બધા નાટકો.. એક સ્ત્રી આમ આંખ ફાડીને બેઠી અને બીજો હાથ નાખે. અરે..! આ તે આવા આચરણ! લોકમાં અનીતિ આવા બહાર દેખાવ! કાળાકેર કરી નાખ્યા. અનીતિના આચરણના દેખાવ. ઓલા તો નાટકમાં એને છોકરાને કહે, બેટા! તું ઉદાસીનો, તું નિર્વિકલ્પો, તું શુદ્ધ છો, બ્રહ્મ છો, આનંદ છો. આહા..હા..! એ વખતે પણ આમ વૈરાગ્યનો રસ હતો ને એટલે એવી વાત સાંભળીને... આહા..હા..! વાહ! કીધું વાહ! પાછા સાંભળીને આવીએ તો ઊંઘ ન આવે. એ ધૂન ચડી જાય અંદર. એવા નાટકો વૈરાગ્યના. આ એ શબ્દ છે જુઓ! આહા..હા..!

'**प्राप्यो भरितावस्थोऽहं,...**' હું તો પૂર્ણ અવસ્થાથી ભરેલો અવસ્થ. આહા..હા..! મારો નાથ તો પૂર્ણ શક્તિથી ભરેલો ભગવાન હું છું. આહા..હા..! અલ્પજ્ઞ એ નહિ, વિકાર એ નહિ. આહા..હા..!

'रागद्वेषमोहक्रोधमानमायालोभपञ्चेन्द्रियविषयव्यापारमनोवचनकायव्यापारभावकर्मद्रव्यकर्मनोकर्म-ख्यातिपूजालाभदृष्टश्रुतानुभूतभोगकांक्षरूपनिदानमायामिथ्याशल्यत्रयादिसर्वविभावपरिणामरहित-शून्योऽहं जगत्त्रये...' હવે .. કહે છે. આહા..હા..! ત્રણલોકમાં, ત્રણકાળે 'मनोवचनकायैः कृतकारितनुमतैश्च शुद्धनिश्चयनयेन। तथा सर्वोऽपि जीवाः,...' આવા બધા જીવો છે. આહા..હા..! સમજાણું કાંઈ? એથી નિરંતર ભાવના કર્તવ્ય છે. શેઠ! શું કરવું? આ કરવું એમ કહે છે. આ સમયસારમાં છે. આહા..હા..!

કેવો છું હું ભગવાન? આચાર્ય કહે છેને. 'सः एषः' ભગવાન. આહા..હા..! ભગ નામ જ્ઞાનની લક્ષ્મી અને જ્ઞાનનો પ્રયત્ન સ્વભાવ સ્વરૂપમાં હું છું. ભગવાન એ વાન મારો વાન એ છે. સો વાન જેમ સોનું હોય છે, એમ મારું વાન પૂર્ણ જ્ઞાન અને આનંદ આદિ મારો વાન—મારું સ્વરૂપ છે. આહા..હા..! 'सः एषः' ભગવાન આત્મા. '**અદ્ભુત નિધિવાળો...**' આહા..હા..! અદ્ભુત નિધિ. એ વિકલ્પની પાછળ પ્રભુ! તું અદ્ભુત નિધિ છો. આહા..હા..! આ બહારના બધા ભભકાના આકર્ષણ છોડી દે. ભગવાન ત્રણલોકનો નાથ બિરાજે છે તેના આકર્ષણમાં જા. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. આહા..હા..! અદ્ભુત નિધિ. જગતની નિધિમાં તો કરોડ, બે કરોડ, પાંચ કરોડ, અબજ એટલા પૈસા હોય કદાચ. આ તો અદ્ભુત નિધિ છે, આશ્ચર્યકારી નિધિ છે. જેનો ખજાનો આશ્ચર્યકારી ખજાનો. આહા..હા..! જેમાં અનંત આનંદ, શાંતિ આદિ બાપુ તને ખબર નથી, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ? અદ્ભુત નિધિ. આહા..હા..! શેની પણ? ચૈતન્ય રત્નાકર. એ જ્ઞાન રત્નાકર—દરિયો, જ્ઞાનનો દરિયો, આનંદનો દરિયો. આહા..હા..! એવા ચૈતન્યરત્નાકર, રત્નનો આકાર-દરિયો-સમુદ્ર છે. કહો, પોપટભાઈ! તમારા પૈસા-બૈસાની કંઈ ગણતરી ન મળે અહીં કાંઈ બે કરોડ ને દસ કરોડ ને ધૂળ કરોડ. આ તો ચૈતન્યરત્નાકર. આહા..હા..! આહા..હા..! અરે..! ત્રણલોકના નાથ તને કોણ બોલાવે, બાપા? આહા..હા..! જગતના કોઈ દ્રવ્ય .. નથી કે એને નુકસાન કરી શકે. આહા..હા..! આવો જે ભગવાન આહા..હા..!

ચૈતન્યરત્નાકર. એક કડી કેટલી છે! જે જ્ઞાનના ભેદો નિર્મળ ઊછળે એવો જે ભગવાન એક પ્રત્યક્ષ '**ભગવાન અદ્ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર,...**' છે. આહા..હા..! એ તો પ્રત્યક્ષ વેદન થાય એવો આત્મા છે. આહા..હા..! અરે..! આવો ભગવાન એની મહિમા છોડીને શરીર સુંદરની મહિમા, પૈસા પાંચ-પચાસ કરોડ, બે કરોડ મળે એની મહિમા, છોકરા સારા છે એની મહિમા, વહુ સારી આવે એની મહિમા. આહા..હા..! વહુને પાંચ-પાંચ હજારના સાડલા પહેરાવીને નીકળે તો એને આમ સાડલો સારો લાગે છે. ઓહો..હો..! એની કરતા બીજા બીજી રીતે જોતા હોય એને સાડલો પહેરીને નીકળી હોય તો. આ એ રીતે જોવે કે મારો સાડલો પાંચ હજારનો .... પાંચ લાખના દાગીના આપ્યા છે. ભાઈ! પહેરીને નીકળી છે, જુઓ મારી આબરૂ બહાર પડે છે. આહા..હા..! સાડલો સમજો છો? સાડી-સાડી. ... આહા..હા..! એકલા હીરા મૂક્યા હોય તો કરોડોની હોય. છેડે હીરા હોય હીરા. કરોડ-કરોડના એને છેડલે જડ્યા હોય. આહા..હા..! શું કહે છે?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળ છે. એની એને મહિમા લાગે એમ કહેવું છે. સમજાણું કાંઈ? આહા..હા..! પણ ત્રણલોકનો નાથ અદ્ભુત ચિદાનંદ રત્નાકરથી ભરેલો, અરે..! પ્રભુ! તને એની વિસ્મયતા આવતી નથી, તને એનો વિશ્વાસ આવતો નથી. આહા..હા..! હું એક અનંતગુણનો ખજાનો, નિધિ છું, અદ્ભુત નિધિ છું, અદ્ભુત નિધિ. ભાષા કેવી છે! આશ્ચર્યકારી નિધિ છું. આહા..હા..! ભગવાન એવા ચૈતન્યને તને નજરે પડે નહિ, જોવાય નહિ, સામું જો નહિ એની તું. આહા..હા..! અને સામું આમ બીજાની સામું જોયા કરે. આહા..હા..! બાયડી રૂપાળી હોય, ગણગણ બોલે ત્યાં જોયા કરે. શું છે પ્રભુ તને આ? આહા..હા..! પૈસા ગણવા બેસે જ્યાં પાંચ દસ લાખ આવ્યા હોય પેદાશમાં એક-એક દિ'ના તો આમ. આહા..હા..! નોટુ ગણે તો આમ ખુશી-ખુશી થઈ જાય. શું છે પ્રભુ તને આ? આવું ભિખારાપણું ક્યાંથી તને પ્રગટ્યું, પ્રભુ? આહા..હા..! તું અદ્ભુત નિધિ છોને. ભાષા તો જુઓ એ! આહા..હા..! શરીર પ્રમાણે પણ પ્રભુ તું અદ્ભુત નિધિ છો. આહા..હા..! ચૈતન્યરત્નાકર રત્નથી ભરેલો દરિયો છો. એ આ ભગવાન. પાછું આવ્યું જુઓ.

'**અદ્ભુત નિધિવાળો ચૈતન્યરત્નાકર,...** ' આહા..હા..! '**अभिन्नरसः**' '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો સાથે જેનો રસ અભિન્ન છે એવો,...**' એટલે શું કહે છે? જેની જ્ઞાનની પર્યાય અનેક રૂપે પરિણમે છતાં તે અભિન્ન છે, સ્વભાવમાં એકત્વ છે, ખંડ પડતો નથી. આહા..હા..! અરે..! આવું વ્યાખ્યાન હવે. આવું મળે ક્યાંથી બિચારાને. બાપુ! કલ્યાણ કરવું હોય તો આ... કલ્યાણનો સાગર તું છો. સમજાણું કાંઈ? કણ કાઢ તો કલ્યાણ થાશે. આહા..હા..! સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો એક અંશ છે, અંશી પાસે એ અંશ છે. આહા..હા..! એ અંશમાં તું ન્યાલ થઈ જઈશ ભાઈ! આહા..હા..! તને તૃપ્તિ થશે, સંતોષ થશે, તને આનંદ આવશે. તૃપ્તિ... તૃપ્તિ... તૃપ્તિ. આહા..હા..! જાણે કે સિદ્ધપદ પ્રાપ્ત થયું. સમજાણું કાંઈ? એમ તને અંતર સ્વરૂપની દૃષ્ટિ પડતા ભગવાન આત્મા રત્નાકર નિર્મળથી નિર્મળ પર્યાય ઊછળે છે છતાં તે અભેદ છે, ખંડ ખંડ નહિ એમ કહે છે. આહા..હા..!

'**एकः अपि अनेकीभवन्**' સ્વરૂપે, શક્તિએ, ગુણે એક છે, છતાં પર્યાયમાં નિર્મળતામાં અનેકપણે પરિણમે છે એ એનું સ્વરૂપ છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો...**' તરંગો ઊઠે છે. આહા..હા..! જેનો રસ એકમેક છે, અભિન્ન છે એવો '**अनेकीभवन्**' '**એક હોવા છતાં અનેક થતો,...** ' પર્યાયમાં. '**उत्कलिकाभिः**' '**જ્ઞાનપર્યાયોરૂપી તરંગો વડે...**' '**वल्गति**' '**ડોલાયમાન થાય છે-**' આહા..હા..! નિર્મળથી નિર્મળ પર્યાય સ્વના આશ્રયે થતી એકથી એક નિર્મળ ઊછળે છે. આહા..હા..! એ સમુદ્ર જેમ ડોલાયમાન થાય છે, એમ પર્યાયથી આત્મા ડોલાયમાન પરિણમે છે એમ કહે છે. અરે.. આવી વાતું! આહા..હા..! ભાઈ! તને તારા ભગવાનની તને ઓળખાણ નથી. તું આવો છો, ભાઈ! સમજાણું કાંઈ? તું ભગવાનની હોડમાં બેસ એવી તારી નાત છે. આહા..હા..!

આનંદઘનજી કહે છેને, 'એ અમ કુળવટ રીત.' પ્રભુ! તારા કુળના રીતના અમે છીએ, હોં!

આહા..હા..! સર્વ પરમેશ્વર થયા છે એની જાતના અમે છીએ હોં. અરે..! કેમ બેસે? આ વિના એના આચરણ-ફાચરણ બધા એકડા વિનાના મીંડા છે. હવે આ વાંધા છે અત્યારે. સમજાણું? તમે શ્રદ્ધા, જ્ઞાનની માંડી છે પણ આચરણ છે એની તો કાંઈ કિંમત કરતાં નથી. શ્રદ્ધા-જ્ઞાન કહેવાય નહિ ધર્મ-બર્મ. એય..! કીધુંને? કપીલ કોટડિયા. જોયા છે એને એક ફેરી. મકાનમાં ઊભા હતા. ઉતારો મારો હતોને એની આગળનું મકાન છે. હિંમતનગરમાં જોયા હતા. આવી ગયા છેને અહીં. અહીંયાં આવ્યા હતા, વ્યાખ્યાનમાં આવ્યા હતા. શું થાય? જેના અંત આવ્યા છે એની વાત છે. સમજાણું કાંઈ? નિશ્ચયાભાસ છે. આહા..હા..! તને તારું ભાન નથી એ અજ્ઞાનનો વાંક છે, વસ્તુનો વાંક નથી. આહા..હા..!

કહે છે, 'उत्कलिकाभिः' '**જ્ઞાનપર્યાયોની તરંગો વડે ડોલાયમાન થાય છે—**' આહા..હા..! પરિણમન એનું થયું છે. જેમ સમુદ્રમાં ભરતીની છોળું મારે છે, ઊછળે આમ સમુદ્રમાં, એમ ભગવાન અનંતગુણથી ભરેલો જેને અંદરમાં એકાગ્રતાનું દબાણ થયું. આહા..હા..! ફુવારા જેમ એકાગ્ર થતાં ત્યાં ફુવારો ફાટે છે આમ. એમ આ ભગવાન આત્મા અનંત પર્યાયોથી ઊછળે છે, કહે છે. છેને? આહા..હા..! '**ડોલાયમાન થાય છે-ઊછળે છે.**' આહા..હા..! એક-એક શ્લોક તો જુઓ! આહા..હા..! પ્રભુ! તારા ગાણા ગાય છે આ. તું એવો છો એવા તારા ગાણા ગાય છે, ભાઈ! તને એની મોટપ બતાવવા, મોટપ તરફ નજર કરાવવા તારી મોટપ ગાય છે. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- જેમ ઘણાં રત્નોવાળો સમુદ્ર એક જળથી ભરેલો છે...** ' એ જળ છેને પાણી? '**અને તેમાં નાના-મોટા અનેક તરંગો ઊછળે છે તે એક જળરૂપ જ છે,...**' તરંગો ગમે તેટલા ઊછળે એ બધા જળરૂપ છે-પાણી. '**તેમ ઘણા ગુણોનો ભંડાર આ જ્ઞાનસમુદ્ર આત્મા...**' આહા..હા..! આકાશના પ્રદેશનો જ્યાં અંત નથી. ક્યાં આકાશનો અંત છે? એમ ને એમ આકાશ. આ લોકમાં તો છે પણ અલોકમાં એમ ને એમ ચાલ્યો જાય આકાશ... આકાશ... આકાશ... ક્યાં આકશ થઈ રહે? થઈ રહે તો પછી શું? ઓહો..હો..!

**શ્રોતા :-** પછી રહ્યું ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દશેય દિશામાં આકાશ એમ ને એમ આકાશ, અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... બાપુ! જેના ક્ષેત્રના સ્વભાવનો તર્કમાં ન બેસી શકે એના ...ની શું વાત કરવી! એ ક્ષેત્રજ્ઞ. ક્ષેત્ર આખું .. આહા..હા..! મગજમાં જરી વિચારમાં તો લે. આમ આકાશ લોક છેને અસંખ્ય યોજનમાં. પછી આકાશ છે અરૂપી. ક્યાં એ થઈ રહે? થઈ રહે તો કઈ રીતે રહે? અનંત રીતે રહે. અંત નહિ એવું રહે. આહા..હા..! સમજાણું કાંઈ?

જ્યારે એના ક્ષેત્રના અમાપ અને અંત વિનાનું ક્ષેત્ર એ પણ જેને બેસવું કઠણ પડે... આહા..હા..! તો એનો ક્ષેત્રનો ક્ષેત્રજ્ઞ, એની જ્ઞાનપર્યાયમાં એ ક્ષેત્ર જાણવા મળ્યું. આહા..હા..! સમજાણું કાંઈ? એની પર્યાયની શું મહિમા કહેવી! દ્રવ્યની તો શું કહેવી પણ પર્યાયની શું મહિમા એમ કહે છે. આહા..હા..! ગંભીર ગુમડું નથી થતું? ગુમડા થાયને બહુ ગંભીર થાય. અહીં થાય.. અહીં થાય.. આહા..હા..! અમારે ત્યાં એક વનમાળી શેઠ હતા. એને ગંભીર ગુમડુ થયું તો બિચારા ગંધ એવી મારે.

ખાઈ શકે નહિ. ગંધ મારે. એકદમ કાંઈક પાતળું કરીને પી જાતા. એવું ગંધાય. સડી ગયેલું અહીં. આહા..હા..! હમણા આવ્યા હતા એમના દીકરા. બલુભાઈ ડોક્ટર આવ્યા હતાને. બલુભાઈ! બલુભાઈ નહોતા આવ્યા? ત્યારે આવ્યા હતાને .. એ એના દીકરાની વહુ થાય. ઘણા વર્ષની વાત છે. ૭૦ વર્ષ પહેલાંની. અરે..! ૫૯ સાલ પહેલાંની વાત. ૭૦માં દીક્ષા ... ગુમડું ગંભીર કહેવાય. આખી વાટ હોયને કપડાની .. પાતળી આમ. આહા..હા..! એમ આકાશ ગંભીર જેનો અંત નહિ. આ એની અહીં જાણવાની પર્યાયનો અંત નહિ. શ્રુતજ્ઞાન હોં! આહા..હા..!

એવો જે ગુણોનો ભરેલો ભગવાન '**જ્ઞાનસમુદ્ર આત્મા એક જ્ઞાનજળથી જ ભરેલો છે અને કર્મના નિમિત્તથી જ્ઞાનના અનેક ભેદો-વ્યક્તિઓ આપોઆપ પ્રગટ થાય છે...**' એટલે નિમિત્તનો અભાવ થતાં, સ્વભાવ જાગૃત થતાં અનેક દશા ઉત્પન્ન થાય '**તે વ્યક્તિઓ એક જ્ઞાનરૂપ જ જાણવી, ખંડખંડરૂપે ન અનુભવવી.**' આહા..હા..! જ્ઞાનની પર્યાયો એક પછી એક નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનની થાય એને અનેકપણે ખંડ-ખંડ ન અનુભવવી, અભેદપણે અનુભવવી. આવી વાત. અરે..! ભાઈ! બાપુ!

'**હવે, વળી વિશેષ કહે છે :—**' ૧૪૨.

(शार्दूलविक्रीडित)

क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः
क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।
साक्षान्मोक्ष इदं निरामयपदं संवेद्यमानं स्वयं
ज्ञानं ज्ञानगुणं विना कथमपि प्राप्तुं क्षमन्ते न हि।।१४२।।

લ્યો! ઓલો કહે કે, તમે શ્રદ્ધા અને જ્ઞાનની વાતું કરો તો એમાં ધર્મ ક્યાં છે? અરે..! ભગવાન! શું તને આ થયું છે, ભાઈ? આહા..હા..!

અહીં કહે છે જુઓ, '**કોઈ જીવો તો અતિદુષ્કર (મહા દુઃખે કરી શકાય એવાં) અને મોક્ષથી પરાઙ્મુખ...**' મિથ્યાદૃષ્ટિ. જિનાજ્ઞા વિના '**સ્વયમેવ (અર્થાત્ જિનાજ્ઞા વિના) ક્લેશ પામે તો પામો...**' એક તો અન્યમતિઓ આદિ અજ્ઞાની. જિનાજ્ઞા વ્યવહારની જિનાજ્ઞા પણ બહાર એવા ક્લેશ કરો. નહોતો ઓલો ...તાપસ, ફલાણું ને ઢીંકણું. એ બધા છઠના પારણા, અઠમના પારણા કરો મિથ્યાદૃષ્ટિપણે કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ક્લેશ પામે તો પામો બીજા કોઈ જીવો (મોક્ષની સન્મુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલાં)...**' એ મિથ્યાદૃષ્ટિ જૈન. ઓલા મિથ્યાદૃષ્ટિ અજૈન. સમજાણું? પહેલાં મિથ્યાદૃષ્ટિ અજૈન અને આ મિથ્યાદૃષ્ટિ જૈન. આહા..હા..! વીતરાગની આજ્ઞા પ્રમાણે મહાવ્રત અને વ્યવહાર. વ્યવહાર છેને વ્યવહાર. મહાવ્રત ને સમિતિ ને ગુપ્તિ પાળો, કરો કહે છે. આહા..હા..! છે?

જિનાજ્ઞામાં કહેલા '**મહાવ્રત અને તપના ભારથી...**' જુઓ, આહા..હા..! એ સદાચરણ નથી, એ તો અસદાચરણ છે. સદાચરણ તો સત્સ્વરૂપ ભગવાન આત્મા દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યા પછી

એમાં લીનતા થવી તે સદાચરણ છે. આહા..હા..! લૌકિકના મહાવ્રત ને આ બ્રહ્મચર્ય શરીરે પાળવા, સત્ય બોલવું જિનાજ્ઞા પ્રમાણની વાત છે હોં. ઓલા છે એ અન્યમતિઓની વાત પહેલાં તો. અને આ છે તે જિનાજ્ઞામાં વ્યવહાર કહેલો એવા પાળનારા મિથ્યાદૃષ્ટિ જૈન. આહા..હા..! સમજાણું કાંઈ? આવું તો આ કહે છે, પોકાર કરે છે. તો ઓલા કહે કે આવા આચરણ કર્યા એ ધર્મ છે સમ્યગ્દર્શન વિના અને એવા આચરણ કરતાં-કરતાં સમ્યગ્દર્શન થશે. અરે.. પ્રભુ! આહા..હા..!

**શ્રોતા :–** ગુણસ્થાન પ્રમાણે ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** સ્વરૂપાચરણ છે. મોક્ષમાર્ગી છે. મિથ્યાદૃષ્ટિ પંચમહાવ્રતાદિ પાળે છે જિનાજ્ઞા પ્રમાણે એ સંસારમાર્ગી છે, એમ કહેવું છે અહીં. આહા..હા..! વ્યવહાર જિનાજ્ઞા તો માને છેને વ્યવહાર, પણ દૃષ્ટિની ખબર નહિ કે આત્મજ્ઞાન વિના છે. એમ કહે છે. અન્યમતિઓ મિથ્યાદૃષ્ટિઓ જિનાજ્ઞા બહારની ક્રિયાઓ, વ્યવહાર પણ જિનાજ્ઞા બહારની ક્રિયા ક્લેશ કરે તો કરો, પણ આત્માના જ્ઞાન વિના તેને લાભ થાય એવું છે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આવી વાતું છે. આહા..હા..! મહાવ્રત અને તપનો ભાર કીધો. ભાષા જુઓ! કેમકે એ વિકલ્પ છે, રાગ છે, ક્લેશ છે, બોજો છે. આહા..હા..! સહજાનંદ સ્વરૂપ ભગવાન એની પરિણતિ ક્યાં છે એ? એ તો બોજો ભાર-ભાર છે. મહાવ્રતના પરિણામ સમિતિ, ગુપ્તિના, એકવાર ભોજન, નગ્નપણું રહેવું એવો બધો વ્યવહાર છે તે ભાર છે, બોજો છે કહે છે. આહા..હા..!

'**બીજા કોઈ જીવો...**' '**महाव्रत-तपः-भारेण**' '**મહાવ્રત અને તપના ભારથી ઘણા વખત સુધી ભગ્ન થયા થકા (-તૂટી મરતા થકા)...**' બબ્બે મહિનાના અપવાસ, ચોવિહારા અપવાસ, પાણી નહિ. આહા..હા..! તૂટી મરે બિચારા ક્રિયાકાંડ કરીને કહે છે. આવી વાત છે, ભાઈ! આ લોકોને આવું આકરું લાગે. અહીંની વાત બહાર આવી એટલે લોકો કહે, અરેરે..! આ બધા અમે કરીએ.. બાપુ! તમે ગમે તે કહો, તમારા પરિણામની જવાબદારી તમને છે, પ્રભુ! અહીં તો વસ્તુ એમ કહેવામાં આવે છે. વ્યક્તિને માટે નથી, ભાઈ! અહીં તો ચોખ્ખી વાત સિદ્ધાંત સિદ્ધ કરે છે કે વીતરાગની વ્યવહાર આજ્ઞા બહારના અજ્ઞાનીઓ અગ્નિમાં તપે, લોઢાના સરિયા ઉપર એમાં શું વળ્યું? લોઢાના સરિયા હોય ને અણીવાળા. પચાસ-સો .. એના ઉપર સૂવે. લૂગડું પાથર્યા વિના. સમજાણું? બાર-બાર વર્ષ સુધી ઊભા રહે. પાલેજમાં અમે જોયું હતું એક બાવો હતો ધર્મશાળામાં. ઊભા-ઊભા બસ. ઊભો ખાય, ઊભો પીવે, ઊભો દસ્ત, ઊભો પેશાબ. પગ ઓલા થઈ ગયેલા. કહે છે કે મરી જાને તું ક્રિયા કરીને. આહા..હા..! '**ક્લેશ કરો તો કરો...**' એ તો ક્લેશ છે. આહા..હા..! અને આત્માના સમ્યગ્દર્શનસહિત રમણતા તો આનંદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને બીજા કોઈ જીવો (મોક્ષની સંમુખ અર્થાત્ કથંચિત્ જિનાજ્ઞામાં કહેલા) મહાવ્રત ને તપના ભાવથી ઘણા વખત સુધી...**' ભાષા આમ છે. કરોડો વર્ષો સુધી, અબજો વર્ષો સુધી. આહા..હા..! ઘણા શબ્દે? આઠ વર્ષની દીક્ષા લઈને કરોડપૂર્વનું આયુષ્ય હોય ત્યાં સુધી ભલે મહાવ્રતને પાળો. આહા..હા..! '**(તૂટી મરતા થકા) ક્લેશ પામે તો પામો;...**' આહા..હા..! બેય ઠેકાણે ક્લેશ

પામે છે. બે છેને? **'क्लिश्यन्तां स्वयमेव दुष्करतरैर्मोक्षोन्मुखैः कर्मभिः '** **'क्लिश्यन्तां च परे महाव्रततपोभारेण भग्नाश्चिरम्।'** આહા..હા..! અજ્ઞાની સમ્યગ્દર્શન વિના, સમ્યક્ સ્વસંવેદન વિના મહાવ્રત ને તપનો ભાવ કરો તો તે ક્લેશ છે. આહા..હા..! આવી વાત હવે આકરી લાગે ભાઈએ શું થાય? આ તો હિતની વાતું છેને ભાઈ! હિતની વાતનું ખરાબ લાગે એમ કેમ થાય, ભાઈ! આહા..હા..! બાપુ! તને લાભ કેમ થાય એની વાત છે. આહા..હા..! આત્માનું સમ્યગ્દર્શન, પૂર્ણાનંદના નાથની પૂર્ણ પ્રતીતિના ભાન વિના આવું જે કરો, અન્યમતિઓ કરો કે જૈનમતિઓ કરો, એમ કહે છે. આ તો અમૃતચંદ્રાચાર્યે ખુલ્લુ મૂક્યું છે, કાંઈ બાંધી રાખ્યું નથી. કહે છે કે આ જિનાજ્ઞાની વ્યવહાર આજ્ઞા છેને? મુક્તિની વાત નથી આ કાંઈ. આહા..હા..! આગમપદ્ધતિની જે આજ્ઞા છે એ કરો. ક્લેશ છે. આહા..હા..! જ્યાં આનંદનો નાથ જાગ્યો નથી, એને જગાડ્યો નથી, તેને નિંદ્રામાં રાખ્યો છે, પછી તું ક્લેશ કર વ્રતાદિના. આહા..હા..! ... વ્યક્તિને માટે આ નથી. આહા..હા..!

**'મોક્ષ જે સાક્ષાત્ મોક્ષસ્વરૂપ છે,...'** આહા..હા..! **'નિરામય પદ છે...'** રોગ વિનાનો, રાગ વિનાનો, ... **'(રોગાદિ સમસ્ત ક્લેશ વિનાનું) પદ છે અને...'** **'स्वयं संवेद्यमानं'** આહા..હા..! **'स्वयं संवेद्यमानं'** **'સ્વયં સંવેદ્યમાન છે (અર્થાત્ પોતાની મેળે પોતે વેદવામાં આવે છે) એવું...'** મોક્ષસ્વરૂપ જે અતીન્દ્રિય આનંદનું વેદન એવો જે મોક્ષ, જે આ જ્ઞાન તે જ્ઞાનગુણ વિના કોઈપણ રીતે **'તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.'** આહા..હા..! રાગ અને રોગ વિનાની ચીજ જે પરમાત્મદશા મોક્ષ, એ આવા ક્લેશના કરનારા કોઈપણ રીતે પામી શકતા નથી. કહો, જ્ઞાનચંદજી! આ લખાણ આ તો આચાર્યના છે, કોના છે આ? આહા..હા..! બાપુ! તને ખરાબ લાગે. આહા..હા..!

પદ્મનંદિ પંચવિંશતિમાં બ્રહ્મચર્યની વ્યાખ્યા કરી. એવી વ્યાખ્યા બ્રહ્મચર્યની! બ્રહ્મ નામ ભગવાન આનંદમાં ચરનારો, રમનારો બ્રહ્મચર્ય એની વ્યાખ્યા કરીને, સ્તુતિ બનાવીને એવી વાત કરી. પછી પદ્મનંદિ દિગંબર સંત હતા, આનંદના અનુભવી ઉગ્ર, એ એમ કહે છે કે હે યુવાનો! હે યુવકો! તમને વિષયના રસમાં મજા પડતી હોય અને અમારી વાણી તમને ઠીક ન લાગે. પ્રભુ! તો માફ કરજો અમને. અમે તો મુનિ છીએ. આહા..હા..! સમજાણું કાંઈ? તમને જુવાનીમાં ૨૦-૨૦, ૨૫ વર્ષની જુવાની ફુટડી ફાટ ફાટ શરીર હોય અને એ લાડવા-બાડવા ખાય. આહા..હા..! પ્રભુ! તમને તમારા બ્રહ્મચર્યની વાત અમે કરીએ છીએ. આત્માનું બ્રહ્મ નામ આનંદમાં ચરવું એ બ્રહ્મચર્ય છે. એની વાત કરતાં હે યુવાનો! તમને યુવાનીના મદમાં તમને વિષયનો રસ ચડી ગયો હોય તો તમને આ વાત શું આ કહ્યા કરે છે? કહો બાપા! ક્ષમા કરો, ભાઈ! આહા..હા..! દિગંબર સંત હોં! વનવાસી. પ્રભુ! ક્ષમા કરજો. આહા..હા..! આચાર્ય કહે છે, બાપુ! માર્ગ આ છે, ભાઈ! તમને ઠીક ન લાગે તો ક્ષમા કરો, ભાઈ! આહા..હા..! માર્ગ આ છે, બાપુ! 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ.' આહા..હા..! આવો છે આ.

એ **'જ્ઞાનગુણ વિના...'** જુઓ, એ આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ તેનું જ્ઞાન. એના **'જ્ઞાન ગુણ વિના...'** આહા..હા..! **'કોઈપણ રીતે તેઓ પ્રાપ્ત કરી શકતા જ નથી.'** વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૩, સોમવાર, તા. ૦૩-૦૧-૧૯૭૭, કળશ-૧૪૨-૧૪૩, ગાથા-૨૦૫-૨૦૬, પ્રવચન નં. ૨૮૧

સમયસાર, કળશ છે એનો ભાવાર્થ. '**જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે;...**' એટલે? આત્મા જે સર્વજ્ઞસ્વભાવી એનું જે જ્ઞાન એ જ્ઞાન સાક્ષાત્ મોક્ષ છે. આહા..હા..! અહીં એમ કહેવું છે કે ક્રિયાકાંડ જે આ દયા, દાન, વ્રત, ભક્તિ, વ્યવહાર હો, અશુભ ટાળવા માટે અથવા વચમાં એ નિશ્ચયનું ભાન જ્ઞાનની એકાગ્રતાની દશા થઈ છતાં પૂર્ણ ન હોય ત્યારે વ્યવહારનો રાગ આવે ભક્તિ, પૂજા વગેરે, પણ એ કાંઈ મોક્ષનું કારણ નથી. આહા..હા..! આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે એનું જે જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન એ જ્ઞાનની એકાગ્રતા એ મોક્ષનું કારણ છે. કહો આવી સરસ વાત છે. આહા..હા..! નિર્જરા અધિકાર છેને. જ્ઞાનસ્વભાવ જે આત્મા એની સન્મુખ થઈને જે જ્ઞાન થાય એ જ્ઞાનની પર્યાય વીતરાગી પર્યાય છે. આહા..હા..! એનાથી આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આહા..હા..!

'**જ્ઞાન છે તે સાક્ષાત્ મોક્ષ છે;...**' બીજી રીતે કહીએ તો જ્ઞાનસ્વરૂપ જે ભગવાન છે એ મોક્ષસ્વરૂપ જ છે. બીજી રીતે કહીએ તો જ્ઞાનની પર્યાય જે એકાગ્ર થાય એ મોક્ષસ્વરૂપ જ છે. આહા..હા..! '**તે જ્ઞાનથી જ મળે છે,...**' એ અંતર સ્વરૂપ જે ભગવાન જ્ઞાન.. આહા..હા..! નિજસંપદા જ્ઞાન અને આનંદની જે નિજસંપદા તેના સન્મુખની એકાગ્રતા, વીતરાગી પર્યાય, જ્ઞાનનું પરિણમન, સ્વભાવનું પરિણમન એનાથી મોક્ષ મળે છે. ભાષા છે? '**તે જ્ઞાનથી જ મળે છે,...**' 'જ' શબ્દ છે. એકાંત થઈ જાય છે, ભાઈ! વ્યવહાર કરતાં, વ્રત, તપ ને કરતાં પણ થાય. એમાં આવી ગયું જ્ઞાન. જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં એકાગ્રતા, એની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા ત્રણે આવી ગયા, પણ એ જ્ઞાનમય ત્રણ આવ્યા, રાગની ક્રિયા એમાં ન આવી. આવી વાત છે છતાં લોકોને... સોનગઢવાળા વ્યવહારનો નિષેધ કરીને વ્યવહાર નથી એમ નહિ, વ્યવહાર કર્તા નથી, વ્યવહારથી નિશ્ચય થાતો નથી અને જ્યાં સુધી સમ્યગ્દર્શનસહિત વીતરાગ ન હોય ત્યારે એને વ્યવહાર આવે, પણ એ આવે એ મોક્ષનું કારણ નથી. આ વાત આકરી પડે લોકોને. આચરણ... આચરણ.. આ વ્રતનું આચરણ, તપનું આચરણ.

'**અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.**' લ્યો, આ અસ્તિ-નાસ્તિ કરી. આ અનેકાંત છે. એ લોકો અનેકાંત એમ કહેવા માગે છે કે નિશ્ચયથી પણ મુક્તિ થાય અને વ્યવહારથી પણ નિશ્ચય થાય અને એનાથી પણ મુક્તિ થાય. તો એ અનેકાંત, નહિતર એકાંત થાય છે, એમ કહે છે. આહા..હા..! અહીં કહે છે કે અનેકાંત એને કહીએ, જે સ્વભાવ છે ચિદ્ઘન એની એકાગ્રતા તે જ મોક્ષનું કારણ છે. '**અન્ય કોઈ ક્રિયાકાંડથી તેની પ્રાપ્તિ થતી નથી.**' અન્ય કોઈ ક્રિયાકાંડ એમ. ભગવાનની ભક્તિ કે જાત્રા કે વ્રતના પરિણામ કે અપવાસાદિના ભાવ એ ક્રિયાકાંડથી કોઈ દિ' નિર્જરા થતી નથી એટલે

મોક્ષ થતો નથી. આહા..હા..! આવું છે. ૧૪૨ થયો.

'હવે આ જ ઉપદેશ ગાથામાં કરે છે :-' ૨૦૫.

**णाणगुणेण विहीणा एदं तु पदं बहू वि ण लहंते।**
**तं गिण्ह णियदमेदं जदि इच्छसि कम्मपरिमोक्खं।।२०५।।**

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**

આહા..હા..! '**કર્મમાં (કર્મકાંડમાં)...**' કર્મ શબ્દ પડ્યો છે કર્મ. છેને? '**कम्मपरिमोक्खं**' છેને? કર્મ એટલે ક્રિયાકાંડ કર્મ. અહીંયાં કર્મ એટલે જડકર્મ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા એ ભાવ એ ક્રિયાકાંડ છે, એ કર્મ. શુભભાવરૂપી કર્મ નામ કાર્ય એ '**જ્ઞાનનું પ્રકાશવું નહિ હોવાથી...**' એનાથી આત્મા ન પ્રકાશે. આહા..હા..! આવી તો વાત છે. આ સમ્યગ્દર્શન વિના વ્રત આચરણ આદિ કરે એનાથી પણ મોક્ષ થાય એમ માનો તો અનેકાંત કહેવાય, એમ કહે છે. અહીં તો કહે છે એ તો શુભરાગ વ્યવહાર આવે.

**શ્રોતા :-** એનાથી થાય અને બીજાથી ન થાય એનું નામ અનેકાંત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રવચનસારમાં તો એમ કહ્યું છેલ્લે, કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય એમ લખ્યું છે. એને કર્મકાંડ હતું એટલું જ્ઞાન કરાવ્યું. એનું લક્ષ છોડીને અહીં ઠર્યો છે. પાઠ છે ત્યાં પ્રવચનસાર છેલ્લે. પછી ધર્મદાસ ક્ષુલ્લકે એ શબ્દ કાઢી નાખ્યો છે. કર્મકાંડથી જ્ઞાનકાંડ થાય એ શબ્દ કાઢી નાખ્યો છે સમ્યગ્જ્ઞાન દિપીકામાં. કર્મમાં જ્ઞાનનું પ્રકાશવું એ છે કે રાગની ક્રિયામાં સ્વભાવનું પ્રકાશવું કોઈ દિ' થતું નથી. આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન એ જ્ઞાન નહિ, એ કર્મકાંડમાં જાય છે. મહાવ્રતના પરિણામ, અહિંસા, સત્ય, દત્ત, વ્રતાદિ એ બધું કર્મકાંડ રાગની ક્રિયામાં જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કર્મ એટલે કર્મકાંડ એટલે ક્રિયાકાંડ. જે રાગની ક્રિયાનો .. ગમે તેટલો રાગ હો શુભ, એ શુભરાગથી આત્માનું પ્રકાશવું નહિ હોવાથી. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ, એનો જ્ઞાનનો પ્રકાશ તે રાગથી હોતો નથી. આહા..હા..!

'**સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...** ' સઘળાંય ક્રિયાકાંડ ચાહે તો ભગવાનની, તીર્થંકર પરમાત્માનો ભાવ એ પણ રાગ છે, એનાથી મુક્તિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તીર્થંકર પ્રકૃતિ બાંધી એને મોક્ષ થશે. એને થશે એટલે કોનાથી થશે? પ્રકૃતિ બાંધી માટે? અને પ્રકૃતિનું કારણ જે શુભરાગ એનાથી થશે? પરંપરાનો અર્થ ઠીક કર્યો છે એણે. .. છોડી દઈને, રાગને છોડીને થશે. એથી સમકિતીને-તત્ત્વજ્ઞાનીને વ્યવહાર પરંપરાએ કારણ છે એમ કહેવામાં આવ્યું છે. તો એનો અર્થ એવો કરે છે કે એ વ્યવહાર રાગ છેને એનાથી થશે. પરંપરાએ એટલે એ છોડીને (થશે). આહા..હા..! અત્યારે તો શુભ ઉપયોગરૂપે થઈને રાગની ભાવની ક્રિયા અંતરમાં ગ્રહતો નથી એથી એને રાગ છે. પછી અંદર છોડી દેશે. આહા..હા..! આવો માર્ગ છે.

મુનિનું એક પુસ્તક લાવ્યા છે એમાં એમ લખ્યું છે, મુનિની સેવાથી સમભાવ પ્રગટ થાય છે. શેઠ બતાવ્યું હતુંને? શેઠ! .. લાવ્યા હતાને પુસ્તક. મુનિની સેવાથી સમભાવ થાય છે. માણસ કંઈક કંઈક.. સમયસારનો અર્થ કર્યો. એમાં આ લખ્યું. જુઓ અસ્તિ-નાસ્તિ કરી. અનેકાંત એનું નામ કે સ્વથી અસ્તિ અને પરથી નાસ્તિ. એનું નામ અનેકાંત. .. છેલ્લે સમયસારમાં. આહા..હા..! સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસ્તિ અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી નાસ્તિ. એમ નિશ્ચયની સ્વથી અસ્તિ, વ્યવહારથી નાસ્તિ. આહા..હા..! વ્યવહાર આવે ખરો, વ્યવહાર હોય ખરો. પૂર્ણ વીતરાગ ન હોય એને આત્મજ્ઞાન અને દર્શનનો અનુભવ હોવા છતાં વીતરાગતા પૂર્ણ નથી એટલે પૂર્ણ આશ્રય નથી એટલે પરનો આશ્રય, ભક્તિ, દાન, દયા એવો ભાવ આવે, પણ એ મોક્ષનું કારણ નથી, બંધનું કારણ છે. આહા..હા..! છે?

જુઓ, અનેકાંત કર્યું. ક્રિયાકાંડમાં આત્માનું પ્રકાશવું એટલે ધર્મની દશા નહિ હોવાથી '**સઘળાંય કર્મથી જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી;...**' એ અસ્તિ-નાસ્તિ કરે છે. '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી...**' જોયું! આહા..હા..! ચૈતન્યસ્વભાવ એમાં એકાગ્રતા, સ્વભાવમાં એકાગ્રતા એ જ્ઞાનનું પ્રકાશવું. '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું...**' ભાષા જુઓ! 'જ' આવ્યો અહીં. છેને? '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.** ' આહા..હા..! અરે..! એને હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે. રાગથી થાય એ તો મિથ્યાશ્રદ્ધા છે. રાગ હોય ખરો. પૂર્ણ શુદ્ધોપયોગ ન થાય ત્યાં સુધી રાગ હોય, પણ એ બંધનું કારણ છે. એ રાગથી નિર્જરાને મદદ મળે કાંઈ એમ નથી. જ્ઞાનમાં જ જ્ઞાનનો સ્વભાવ, સ્વભાવ આત્માનો જ્ઞાન જ્ઞાતાદૃષ્ટા, એમાં એકાગ્ર થવાથી '**જ્ઞાનમાં જ જ્ઞાનનું પ્રકાશવું હોવાથી કેવળ (એક) જ્ઞાનથી જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.** ' આહા..હા..! કેટલું સ્પષ્ટ છે! નિર્જરા અધિકાર છેને. લાખ વ્રત ને તપ ને ભક્તિ કરે કરોડ વર્ષ, એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? '**માટે જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...**' જોયું! ભગવાન આત્માના જ્ઞાનનું જ્ઞાન, એનાથી શૂન્ય જીવો, આત્મજ્ઞાન એનાથી શૂન્ય જીવો. આહા..હા..! '**પુષ્કળ (ઘણાં પ્રકારનાં) કર્મ કરવાથી પણ...**' ઘણાં પ્રકારની વિધિ. ચેતનજી! આ તમારી વિધિ શ્વેતાંબરની નહિ? વિધિથી કરવું. .. વિધિથી કરે એ રાગ છે. પૂજા ને ભક્તિ ને જાત્રા ને આ બધા. આહા..હા..!

'**જ્ઞાનશૂન્ય ઘણાય જીવો,...**' જેને આત્મજ્ઞાન નથી, આત્માનો અનુભવ નથી... આહા..હા..! આત્માની જાતની ભાત એમાં પડી નથી.. આહા..હા..! એવો જે વીતરાગી પરિણામ એનાથી શૂન્ય '**ઘણાય જીવો, પુષ્કળ (ઘણાં પ્રકારનાં) કર્મ કરવાથી...**' સવાર-સાંજ બધી ક્રિયાકાંડ. આહા..હા..! ભગવાનની પ્રતિમાને હજારો વાર .. આ કરો.. આ કરો.. ઉપધાનમાં આવે છેને. .. આહા..હા..! એનાથી આત્માને જરીએ ધર્મ નથી. હવે આવી વાત છે. કહો આ ટીકા કોની છે? આ અમૃતચંદ્રાચાર્યની છે કે સોનગઢની છે? .. નું લખ્યું છે એણે કે બહુ ખરાબ કર્યું. મુનિઓને કલંક લગાડ્યું. ઓલા કહે કે એ શાસ્ત્ર જ જૈનના નથી. એ સોનગઢની કલ્પનાના બધા શાસ્ત્ર છે એમ કહે છે. આહા..હા..! કારણ કે આ વાત આનું સ્પષ્ટીકરણ છે. આવી વાત આવે સ્પષ્ટીકરણની એ એને ન ગોઠે.

**શ્રોતા :-** આમ ને આમ વાંચી જાવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વાંચી જાવું એનો ભાવ સમજ્યા વિના? 'વાંચે પણ નહિ કરે વિચાર એ સમજે નહિ સઘળો સાર.' એવું આવતું પહેલું દલપતરામમાં. દલપતરામ. કવિ દલપતરામ ડાહ્યાભાઈ. અમારા વખતમાં એ હતા, દીક્ષા પહેલા. આહા..હા..!

ભગવાન આત્મા... આગમજ્ઞાન, શાસ્ત્રજ્ઞાનની અહીં વાત નથી. આ જ્ઞાનનું જ્ઞાન, આત્માનું જ્ઞાન. સ્વસન્મુખ થઈને આત્માના જ્ઞાનમાંથી આવેલું જ્ઞાન. આહા..હા..! જે નિર્વિકારી વીતરાગી પર્યાય છે. એ જ્ઞાનમાંથી થયેલું જ્ઞાન, એનાથી શૂન્ય જીવો, એની તો ખબર ન મળે આત્મજ્ઞાનની. આહા..હા..! '**ઘણાય જીવો, પુષ્કળ (ઘણાં પ્રકારનાં) કર્મ કરવાથી...** ' ઘણાં જીવો અને ઘણાં પ્રકારની ક્રિયાકાંડ કરવાથી. આહા..હા..! બરાબર કાંઈ દોષ ન લાગે એવી ક્રિયા સવાર-સાંજ (કરે). '**પણ આ જ્ઞાનપદને પામતા નથી...**' જેને આત્મજ્ઞાન નથી તે શૂન્ય જીવો ઘણા કર્મ ક્રિયાકાંડને કરવાથી પણ તે મોક્ષ પામતા નથી. જ્ઞાનપદ-જ્ઞાનપદ એવું કે ચૈતન્યપદ પર્યાયમાં એકાકાર, પૂર્ણ દશા એને એ પ્રાપ્ત થતા નથી. આહા..હા..!

'**અને આ પદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી;...**' તે કર્મ એટલે જડકર્મ ને ભાવકર્મ એનાથી મુક્ત થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહુ સ્પષ્ટ. આ પદને એટલે જ્ઞાનપદ, સ્વરૂપપદ એને કર્મકાંડના કરનારાઓ ઘણાં જીવો, ઘણાં પ્રકારે કર્મ-રાગ કરતાં થકાં, શુભરાગ અનેક પ્રકારના કરતાં થકા. આહા..હા..! લ્યો, આ એનું સ્પષ્ટીકરણ એ એને ઘરનું લાગે. શુભરાગ ઘણાં પ્રકારે કરવો એ એનું સ્વરૂપ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અશુભ કર્મની અહીં વાત નથી, અશુભ પરિણામની. શુભપરિણામ ઘણાં પ્રકારે, ઘણાં જીવો કરતાં થકા. આહા..હા..! એ રાગની ક્રિયાથી આત્મજ્ઞાન થાય અને સમ્યગ્દર્શન થાય એમ છે નહિ, એમ કહે છે. તો વ્યવહાર કરતાં-કરતાં કોકને થાય, એમ તો અહીં ના પાડે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ડગલું .. થાય ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ડગલું શેમાં ભરવાનું? રાગમાં કે અંદરમાં? રાગનું ડગલું તો પરદિશા તરફનો ભાવ બંધનું કારણ છે. બંધનું ડગલું ભરતાં આચરણનું કારણ પ્રગટ થાય! આહા..હા..! તને હિતનો પંથ છે, પ્રભુ! તારા આનંદનો પંથ છે.

કહે છે કે આનંદસાગર નિજપદ એની આનંદની પર્યાયથી તેનો પૂર્ણાનંદ પ્રાપ્ત થાય. આમ ભગવાન આનંદસ્વરૂપ ધ્રુવ એના સન્મુખની પર્યાય, આનંદની પર્યાય એનાથી પૂર્ણાનંદની પર્યાય મુક્તિ થાય. આહા..હા..! બીજી રીતે કહીએ તો આત્મા જ્ઞાનસ્વરૂપ તેની જ્ઞાનની પરિણતિથી તેને જ્ઞાનની પર્યાયની પદની પૂર્ણની પ્રાપ્તિ થાય. આહા..હા..! આવી વાત છે, પણ એને રુચે નહિ અને બીજી રીતે કહે કે મારું .. વીતરાગમાર્ગમાં ક્યાંય કોઈની સ્વચ્છંદતા ચાલે? આહા..હા..!

**શ્રોતા :-** એમ નથી કે .. અમે કરીએ છીએ એવો અર્થ છે આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો અર્થ જ નથી પણ આમાં. આ બેઠા નહિ બધા? આ જજ બેઠા છે, આપણે જ્ઞાનચંદજી છે. શું લખ્યું છે?

અહીં તો શું કહે છે જુઓ! '**જ્ઞાનશૂન્ય ઘણાય જીવો...**' જેને આત્મજ્ઞાન અને સમ્યગ્દર્શન નથી.. આહા..હા..! એવા જીવો ઘણા અને ઘણા પ્રકારની ક્રિયાકાંડ કરનારા. સવાર, સાંજ, સવાર બપોર પ્રતિક્રમણ, સામાયિક, પ્રૌષધ ને આહા..હા..! એ બધી ઘણાં પ્રકારની ક્રિયાકાંડ છે. એનાથી '**આ પદને નહિ પામતા થકા...**' '**આ જ્ઞાનપદને પામતા નથી અને પદને નહિ પામતા થકા તેઓ કર્મોથી મુક્ત થતા નથી;...**' કર્મના બંધનથી તેની નિર્જરા થતી નથી. '**માટે...**' આ કારણે. આહા..હા..! '**કર્મથી મુક્ત થવા ઈચ્છનારે...**' એ કર્મ એટલે જડકર્મ. અહીં ભાવકર્મ નહિ. એનાથી '**મુક્ત થવા ઈચ્છનારે કેવળ (એક) જ્ઞાનના આલંબનથી,...**' લ્યો આવ્યું પાછું. પહેલાં આવી ગયું છે .. કેવળ જ્ઞાનના આલંબન, એકલું આત્માનું. એ જ્ઞાનસ્વરૂપનું આલંબન લેવાથી. આહા..હા..! '**નિયત જ એવું આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે.**' કેવળ એક જ્ઞાનના આલંબનથી નિયત જ એવું, નિશ્ચય એવું આ એક પદ, પૂર્ણ જ્ઞાનની પર્યાયની પૂર્ણ દશાનું એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય છે. બહુ ટૂંકું. ૨૦૫ છે.

'**ભાવાર્થ :- જ્ઞાનથી જ મોક્ષ થાય છે,...**' જ્ઞાન એટલે? આત્મજ્ઞાન. આત્માની પર્યાયનું જ્ઞાન પણ નહિ, રાગનું પણ નહિ, આત્મજ્ઞાન. આખું દ્રવ્યસ્વરૂપ છે તેનું જ્ઞાન. આહા..હા..! કેવળ જ્ઞાન એટલે આત્મસ્વભાવ શુદ્ધના આલંબનથી એટલે શુદ્ધોપયોગથી, આલંબનથી '**નિયત જ એવું આ એક પદ...**' પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ કરવાયોગ્ય છે. લ્યો આ એક પદ પ્રાપ્ત કરવાયોગ્ય આ છે. આહા..હા..! '**જ્ઞાનથી જ મોક્ષ થાય છે, કર્મથી નહિ;...**' કર્મ એટલે રાગની ક્રિયાથી નહિ. '**માટે મોક્ષાર્થીએ જ્ઞાનનું જ ધ્યાન કરવું એમ ઉપદેશ છે.**' લક્ષમાં ભગવાનને લઈને તેમાં ઠરવું એ એક જ ઉપાય છે. આવી વ્યાખ્યા!

'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :—' ૧૪૩.

(द्रुतविलम्बित)

पदमिदं ननु कर्मदुरासदं
सहजबोधकलासुलभं किल।
तत इदं निजबोधकलाबलात्
कलयितुं यततां सततं जगत्।।१४३।।

આહા..હા..! '**इदं**' '**આ (જ્ઞાનસ્વરૂપ)...**' ભગવાન જાણકસ્વભાવનો પ્રભુ. આહા..હા..! '**કર્મથી ખરેખર દુરાસદ છે...**' દયા, દાન વિકલ્પના પરિણામથી તે પ્રાપ્ત થવાયોગ્ય નથી. આહા..હા..! હવે આવી વાત તો કરે છે. સમજાણું કાંઈ? '**દુરાસદ = દુષ્પ્રાપ;...**' છે. એ ક્રિયાકાંડથી, રાગની ક્રિયાથી તે દુરાસદ છે. '**અપ્રાપ્ય; ન જીતી શકાય એવું.**' છે. આહા..હા..! '**અને...**' '**सहज-बोध-कला-सुलभं किल**' '**સહજ જ્ઞાનની કળા વડે...**' સ્વભાવિક જ્ઞાનની કળાથી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન એ સહજ જ્ઞાનકળા. આહા..હા..! '**ખરેખર સુલભ છે;...**' વ્યવહારની ક્રિયાકાંડથી તે વસ્તુ દુર્લભ છે, ત્યારે પોતાનું જ્ઞાન મતિ અને શ્રુતજ્ઞાનની કળાથી તે પ્રાપ્તિ સુલભ છે. આહા..હા..! કહો,

હવે આમાં તો સમજાય એવું છે.

**'સહજ જ્ઞાનની કળા વડે ખરેખર સુલભ છે; માટે...'** આ કારણે **'निज-बोध-कला-बलात्' 'નિજજ્ઞાનની કળાના બળથી...'** આહા..હા..! સ્વરૂપના જ્ઞાન મતિ અને શ્રુતજ્ઞાનના બળ વડે. આહા..હા..! **'इदं कलयितुं' 'આ પદને અભ્યાસવાને...'** અનુભવ કરવાલાયક છે. આહા..હા..! આ પદ, આ પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ છે તેનો અનુભવ કરવાલાયક છે. આહા..હા..! એ સંપ્રદાયમાં બસ એ ક્રિયા ને તપ, વ્રત ને તપ.. વ્રત ને તપ.. આ એક જ માંડી છે. આહા..હા..! આ વળી લોકો કહે છે, જાત્રા ને ભક્તિ ને પૂજા, સિદ્ધચક્રની પૂજા એ બધી ક્રિયાકાંડનો રાગ છે. એનાથી તો પુણ્યબંધન થાય મિથ્યાત્વસહિત. એને ધર્મ માને છે એટલે મિથ્યાત્વ છે. પુણ્ય થાય શુભભાવથી. આહા..હા..!

**'નિજજ્ઞાનની કળાના બળથી...'** આત્મા વસ્તુ છે ચિદ્દ્ઘન આનંદકંદ પ્રભુ, એની નિજકળા મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનના કારણે, અવલંબે. આહા..હા..! અનુભવથી **'જગત સતત પ્રયત્ન કરો.'** જગત એટલે જગતના જીવો. આહા..હા..! એ આત્માનો અનુભવ કરો. રાગના અનુભવથી પ્રાપ્તિ નથી, આત્માના અનુભવથી પ્રાપ્તિ છે. આહા..હા..! બધા સંતો પોકાર તો આવો કરે છે. હવે એનું સ્પષ્ટીકરણ થાય તો એને એકાંત કહે. આહા..હા..! આ કહેવાય નહિ એટલે પછી કાંઈ... આહા..હા..! ગાથા છે, ટીકા છે, એનો ભાવાર્થ છે, એનો અનુવાદ કર્યો છે. આહા..હા..!

અભ્યાસવાનો અર્થ કર્યો છેને, અનુભવવાનો, પ્રાપ્ત કરવાને. વસ્તુનું સ્વરૂપ પૂર્ણ પ્રાપ્ત કરવાને, અનુભવવાને લાયક છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ આત્મા એ બીજાથી ગ્રાહ્ય નથી, રાગથી તે ગ્રાહ્ય નથી, એ એના અનુભવની પરિણતિથી ગ્રાહ્ય છે. સમજાણું કાંઈ? ... એ જગત ... .. વાતું છે. સાગમટે નોતરું છે. 'સાગમટે' સમજો છો? આખી નાતને. બધા માણસને જમવાનું ઘરના બધાને જમવાનું એ સાગમટે (કહેવાય) અને કંદોરાબંધ હોય તો આદમી, કન્યાના હોય તો બાયું. આખા જગતને આમંત્રણ છે અહીં તો. અનંત જીવરાશિને કહે છે. આહા..હા..! એમાં સાંભળનારાઓ સ્વચ્છંદી હોય છેને.

**'જગત સતત...'** જગત સતત... આહા..હા..! નિરંતર **'પ્રયત્ન કરો.'** આહા..હા..! અંતર્મુખ આત્માના અનુભવનો નિરંતર પ્રયત્ન કરો. કેમકે અનુભવથી જ તે કિરણની પ્રાપ્તિ થાય છે. આ અપવાસ કરે, મહિનાના અપવાસ કરે, બે મહિનાના કરે એ તપ કહેવાય, તપ કહેવાય એ નિર્જરા કહેવાય. ધૂળેય નથી નિર્જરા સાંભળને.

**'ભાવાર્થ :- સર્વ કર્મને છોડાવીને...'** અહીં કર્મ એટલે વિકારી પરિણામ શુભભાવ કર્મકાંડ. અશુભની તો વાત શું કરવી? એ તો છોડવાલાયક છે, પણ અહીં તો શુભભાવ પણ છોડવાલાયક છે. શુભ છોડીને અશુભમાં આવવું એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? શુભ છોડીને આત્માના તરફ ઢળવું એને શુદ્ધભાવ થાય એ મોક્ષનું કારણ છે. સમજાણું કાંઈ? હવે એ ના પાડે છે અત્યારે શુદ્ધોપયોગ હોય નહિ. આહા..હા..! અત્યારે એકલો શુભભાવ હોય. શુભભાવ તો બંધનું કારણ છે. ... એ તો બીજી અપેક્ષા છે. જયધવલમાં મૂક્યું છેને. શુદ્ધથી બેયની નિર્જરા થાય અને શુભથી અશુભની નિર્જરા થાય,

પણ સમ્યગ્દૃષ્ટિને. સમજાણું કાંઈ? અજ્ઞાનીને શુભભાવથી એકલો બંધ જ થાય. આહા..હા..! સમજાણું?

'**સર્વ કર્મને છોડાવીને જ્ઞાનકળાના બળ વડે જ જ્ઞાનનો અભ્યાસ કરવાનો આચાર્યદેવે ઉપદેશ કર્યો છે.**' આહા..હા..! '**જ્ઞાનની કળા કહેવાથી એમ સૂચન થાય છે કે :— જ્યાં સુધી પૂર્ણ કળા (કેવળજ્ઞાન) પ્રગટ ન થાય ત્યાં સુધી જ્ઞાન હીનકળાસ્વરૂપ-મતિજ્ઞાનાદિરૂપ છે;...**' હીનકળા. કેવળજ્ઞાન એ પૂર્ણ કળા. પૂનમની ચંદ્રની પૂર્ણ કળા. બીજના ચંદ્રની પૂર્ણકળા નહિ. બીજને ત્રણ કળા. સમજાણું કાંઈ? એક કળા તો સદાય હોય જ ચંદ્રને, અમાસને દિ'એ પણ. એકમને દિ' બે કળા ખીલે ને બીજને દિ' ત્રણ કળા ખીલે. પૂનમને દિ' સોળ કળા ખીલે. આહા..હા..! બીજને દિ' ત્રણ થઈને, તો પૂનમને દિ' સોળ થઈ. આહા..હા..! સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા મતિશ્રુતજ્ઞાન દ્વારા બીજકળા ખીલી અને આગળ વધતા એમાં સ્થિર થતાં... આહા..હા..! જ્ઞાનનો અભ્યાસ કરતાં કેવળજ્ઞાન, પૂર્ણજ્ઞાન પ્રગટે છે. આહા..હા..! જ્ઞાન એટલે વાંચેલું, ધારેલું એ નહિ. સહજજ્ઞાનસ્વરૂપ જે ભગવાન આત્મા, એના જ્ઞાનથી મુક્તિ થાય. એનાથી જ્ઞાનનો અભ્યાસ કરતાં કેવળજ્ઞાન પ્રગટ થાય. આહા..હા..!

'**હવેની ગાથામાં આ જ ઉપદેશ વિશેષ કરે છે :—**' ૨૦૬. ૨૦૬ હોં.

**एदम्हि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदम्हि।**
**एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं।।२०६।।**
**આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને**
**આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.**

આહા..હા..! ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ!

'**ટીકા :- (હે ભવ્ય)! એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે જેટલું આ જ્ઞાન છે—**' જ્યાં-જ્યાં જ્ઞાન ત્યાં-ત્યાં આત્મા, જ્યાં જ્યાં આત્મા ત્યાં-ત્યાં જ્ઞાન. સ્વભાવ અને સ્વભાવવાન બે એકસ્વરૂપ છે. એટલે કહે છે '**એટલો જ સત્ય (-પરમાર્થસ્વરૂપ) આત્મા છે...**' એટલો જ પરમાર્થસ્વરૂપ આત્મા છે. '**જેટલું આ જ્ઞાન છે—**' આહા..હા..! જાણકસ્વભાવ એ જેટલો પરમાર્થ છે એટલું અહીં જ્ઞાન છે. આહા..હા..! આટલો જ આત્મા છે, એટલો જ આત્મા છે જેટલું એ જ્ઞાન છે. આહા..હા..! અંદર રાગાદિ વ્યવહાર ઊઠે એ આત્મા નહિ, અણાત્મા છે. આહા..હા..! આવી વાત! પર્યુષણના દિવસો આઠ અપવાસ કરે, ચોવિહાર કરે તો ઓહો..હો..! એમાંથી .. કરે. .. એને લાભ થાય. ધૂળેય નથી, બાપુ! એ તો રાગની ... છે.

ભગવાન આત્મા આનંદ અને જ્ઞાનસ્વરૂપ એની અંતરની ક્રિયા ત્યાં ક્યાં આવી? સમજાણું કાંઈ? '**એટલો જ સત્ય...**' એટલો જ સત્ય. આત્મા એટલો જ સાચો આત્મા પરમાર્થસ્વરૂપ આત્મા જેટલું એ જ્ઞાન છે. એ સાચો આત્મા એટલો જ છે કે જે જ્ઞાન છે. એમ જ્ઞાન એનો સ્વભાવ. તિખાશનો. આહા..હા..! '**એમ નિશ્ચય કરીને...**' જોયું! એમ નિર્ણય કરીને સત્ય પદાર્થ આત્મા એટલો જ છે

કે જેટલું તે જ્ઞાન. આહા..હા..! '**જ્ઞાનમાત્રમાં જ સદાય રતિ (-પ્રીતિ, રુચિ) પામ;...** ' આહા..હા..! જ્ઞાનમાત્ર જે ભગવાન આત્મા એમાં જ સદાય પ્રીતિ, રતિ પામ. કેમકે એ જ સત્ય છે, એ વસ્તુ આત્મા એટલો જ છે, એ જ્ઞાનસ્વરૂપ આત્મા, એવા જ્ઞાનસ્વરૂપમાં રતિ પામ. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! એવી વાત આવે ત્યાં માણસને એમ થાય કે એ તો બધી નિશ્ચયની વાતું છે. એટલે સાચી વાત છે. કીધુંને સત્ય. .. એટલે કે નહિ. આ છેને .. કરવું એમાં કરવુ શું એમ કહે ને. આ કરવું.

આત્મા તે જ્ઞાન અને જ્ઞાન તે આત્મા. હું તેટલો સત્યાર્થ પ્રભુ, જેટલો જ્ઞાનગુણનો સ્વભાવ છે એટલો. એમાં સદાય પ્રીતિ કર. ભાષા શું છે? સદાય. આહા..હા..! એમાં રુચિ કર. આહા..હા..! .. ક્યાં છે? કહે છે ભાઈ! પરથી હઠી, રાગાદિ વિકલ્પ હોય એનાથી હઠી અને એક સમયની પર્યાયને પણ જ્ઞાનમાત્ર આત્મા છે ત્યાં એની પ્રીતિ કર, ત્યાં રુચિ કર. આહા..હા..! બહુ ગાથાઓ માખણની વાત છે, ભાઈ! જૈનદર્શનનું તત્ત્વ શું છે? વીતરાગી તત્ત્વ છે એનું આ વર્ણન છે. ભાઈ! માર્ગ તે વીતરાગનો વીતરાગભાવે હોય કે માર્ગ તે રાગભાવે હોય? અને રાગ માર્ગે વીતરાગતા થાય એવો માર્ગ હોય? '**સદાય રતિ...**' કર. જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન, જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં આત્મા. સદાય. સદાય શબ્દ વાપર્યો છે. સદાય રતિ કર, રુચિ કર. અને પોષાણમાં એ આત્માને લે.

**શ્રોતા :-** મન ન લાગે તો પછી શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. તો વિકલ્પ ઊઠે. રાગદ્વેષ અહીં છેને. .. છે એને એ રીતે ભાવવું. આહા..હા..! ભાઈ! જન્મ-મરણના અંતનો માર્ગ છે, બાપુ! અપૂર્વ છે, અપૂર્વ છે. એને આ બીજી રીતે માને. સમજાણું કાંઈ? આહા..હા..!

અહીં તો કહે છે કે '**એટલો જ સત્ય આત્મા છે...**' એટલો જ સત્ય છે. આત્મા એટલે જેટલું એ જ્ઞાન. આહા..હા..! આત્માનું જ્ઞાન હોં! આહા..હા..! '**એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં...**' રાગ બિલકુલ નહિ અંદર. આવો માર્ગ! ત્યારે ઓલા કહે છે કે જુઓ! ... અત્યારે પણ હોય છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે ત્યાં સમ્યગ્દર્શન-જ્ઞાન હોય જ છે. ચારિત્ર એટલે આચરણ છે. અરે..! ભાઈ! બાપુ! તને નુકસાન છે ભાઈ! .. માની જાય અને બીજા પાસે મનાવે એનું કાંઈ કામ નથી તને. આ તો અંતર ઘરની વાતું છે. જોયું! આત્મા તે જ્ઞાન, એટલો જ આત્મા સત્યાર્થ છે જેટલું જ્ઞાન (છે). '**એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રમાં સદાય રતિ પામ;...** ' ત્યાં ઢળી જા, વસ્તુમાં વળી જા. આહા..હા..! વસ્તુમાં .. ચારિત્ર એને ત્યાં. સમજાણું કાંઈ? એક બોલ થયો. ત્રણ બોલ છેને?

'**એટલું જ સત્ય કલ્યાણ છે...**' આહા..હા..! એટલું જ સાચું કલ્યાણ છે '**જેટલું આ જ્ઞાન છે—**' આત્મા અને જ્ઞાન બે એક ચીજ છે. એથી કહે છે કે જેટલું આ કલ્યાણ છે સત્ય નામ એટલું જ સત્ય છે જેટલું આ જ્ઞાન છે. આહા..હા..! જ્ઞાનસ્વરૂપ એટલું જ કલ્યાણ છે જેટલું આ જ્ઞાન છે. '**એમ નિશ્ચય કરીને જ્ઞાનમાત્રથી જ સદાય સંતોષ પામ;...**' એ ત્યાં સંતોષપણું છે. ભગવાન જ્ઞાનસ્વભાવ ત્યાં સંતોષ પામ. આહા..હા..! બહુ ગાથા, નિર્જરાની ગાથા છેને. .. એક એક ગાથાની

ગંભીરતા કેટલી? એટલું જ કલ્યાણ છે. આહા..હા..! સત્ય કલ્યાણ એમ. એટલું જ સાચું કલ્યાણ છે જેટલું આ જ્ઞાનસ્વરૂપ છે—એમ નિશ્ચય કરીને જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનમાત્ર, રાગાદિ વિકલ્પ નહિ, જ્ઞાનમાત્રથી જ સદા સંતોષ પામ. કોઈ વખતે રાગથી સંતોષ પામ અને કોઈ વખતે કલ્યાણ આત્મા છે જ્ઞાનનું એમાં સંતોષ એમ નહિ. સદા જ્ઞાનમાત્રમાં સંતોષ પામ. આહા..હા..! કેટલાક એમ કહેતા હતા, વ્યવહારમાં આવે ત્યારે એને નિશ્ચયનું સામર્થ્ય પ્રગટે. .. આહા..હા..! **'એટલું જ સત્ય** કલ્યાણ છે...' આહા..હા..! '**જેટલું આ જ્ઞાન છે—**' જે આ જ્ઞાન છે એમ નિર્ણય કરીને એ '**જ્ઞાનમાત્રથી સદાય સંતોષ પામ;...**' જ્ઞાનમાત્ર કહેતા રાગ (નહિ), એકલો જ્ઞાનમાત્ર. બે બોલ થયા. એટલું જ સત્ય છે કે એટલો આત્મા એ સત્ય કે જેટલું જ્ઞાન. એટલું જ સત્ય કલ્યાણ છે કે જેટલું આ જ્ઞાન. એમ નિર્ણય કરીને... લ્યો આ કરવાનું આવ્યું આ. નિર્ણય કરવો એટલે ...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ સુદ-૧૪, મંગળવાર, તા. ૦૪-૦૧-૧૯૭૭, કળશ-૧૪૪, ગાથા-૨૦૬-૨૦૭, પ્રવચન નં. ૨૮૨

સમયસાર, ૨૦૬ ગાથા, એનો ભાવાર્થ. નિર્જરા અધિકાર છેને. એટલે કર્મની અને અશુદ્ધતાની નિર્જરા-ખરવું કેમ થાય? તો કહે છે કે '**જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું,...**' આત્મા જ્ઞાનસ્વરૂપ છે ત્રિકાળી જ્ઞાન અને એનો સ્વભાવ છે. એવા જ્ઞાનસ્વભાવમાં લીન થવું. '**તેનાથી જ સંતુષ્ટ થવું...**' લ્યો અહીં તો એ વાત છે. વ્યવહાર ક્રિયાકાંડ ને હોય છે, પણ એ કાંઈ વસ્તુના સ્વરૂપને લીન થવામાં એ કાંઈ મદદગાર નથી. ત્યાં નિમિત્ત છે એ કાંઈ પરમાં કાર્ય કરતું નથી, એમ વ્યવહાર છે તે નિશ્ચયનું કાર્ય કરતું નથી. વ્યવહાર છે. આહા..હા..! 'દ્રવ્યલિંગ છે એ ભાવલિંગનું કારણ છે.' એમ પ્રશ્ન છેને એનો?

**શ્રોતા** :- ભાવપાહુડમાં તો એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- અહીં તો પ્રશ્ન ખાણિયા ચર્ચામાં એ છે. દ્રવ્યલિંગ એ કારણ છે અને ભાવલિંગ તેનાથી થાય પછી. અરે..! અહીં તો દ્રવ્યલિંગ તો અનંતવાર ધારણ કર્યા. એનો અર્થ એ કે ભાવલિંગ જેને અંતરમાં પ્રગટ થાય તેનો સ્વકાળ હોય ત્યારે થાય, ત્યારે નિમિત્ત દ્રવ્યલિંગ આદિ હોય છે. જેમ સ્વકાળમાં સ્વકાર્યના કાળ વખતે નિમિત્ત હોય છે, પણ એ નિમિત્તથી સ્વકાળનું કાર્ય થયું છે એમ નથી. આહા..હા..! મોટો ઝઘડો.

અહીં એ કહે છે, જ્ઞાનમાં સંતુષ્ટ થવું. ભગવાનસ્વરૂપ આત્મા એમાં સંતુષ્ટ થવું, એમાં તૃપ્ત થવું. '**એ પરમ ધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે...**' કેમકે આત્મા જ્ઞાન અને અતીન્દ્રિય

આનંદસ્વરૂપ છે, એમાં લીન થવાથી વર્તમાન આનંદનો અનુભવ થાય છે. આહા..હા..! **'અને થોડા જ કાળમાં જ્ઞાનાનંદસ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.'** આ કાર્ય છે. ઉપાદાનથી થાય છે, નિમિત્તથી નહિ, છતાં નિમિત્ત હોય છે એનું જ્ઞાન કરાવે છે. નિમિત્ત હાજર છે, પણ છે એટલું. આહા..હા..! એનાથી આત્મામાં ભાવલિંગ પ્રગટે એમ નથી. આહા..હા..! અંતરમાં દર્શન, જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ સ્વકાળે થાય એ વખતે દ્રવ્યલિંગ હોય છે. સમજાણું કાંઈ? નગ્નપણું આદિ દ્રવ્યલિંગ હોય છે, પણ એ છે માટે ભાવલિંગ થયું છે એમ નહિ. આવી વાત બહુ ફેરફાર. જ્યાં સ્વના અવલંબનથી દર્શન, જ્ઞાન, ચારિત્ર આનંદની દશા પ્રગટ થઈ એ વખતે દ્રવ્યલિંગ નિમિત્તપણે નગ્ન અને પંચમહાવ્રતના વિકલ્પ હો, પણ એનાથી આ ભાવલિંગ થાય છે અથવા એનાથી ભાવલિંગ થયું છે એમ નથી. આવું છે.

**શ્રોતા :-** દ્રવ્યલિંગની કાંઈ કિંમત રહેતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કિંમત છે. નિમિત્ત નિમિત્ત તરીકે છે, એનું જ્ઞાન કરવા માટે છે. નિમિત્ત ચીજ છે, પણ એ ચીજથી બીજી ચીજમાં કાંઈ લાભ થાય છે એમ નથી.

**'આવું કરનાર પુરુષ જ તે સુખને જાણે છે,...'** અંતર સ્વરૂપ ભગવાન જ્ઞાન અને આનંદનો દરિયો કંદ છે. એમાં વિકલ્પ છોડીને નિર્વિકલ્પમાં રમે છે એ સુખને જ્ઞાની જાણે છે, અજ્ઞાનીને એનો પત્તો છે નહિ. આહા..હા..! આવી વાત છે. **'બીજાનો એમાં પ્રવેશ નથી.'**

**'હવે, જ્ઞાનાનુભવના મહિમાનું અને આગળની ગાથાની સૂચનાનું કાવ્ય કહે છે :— '**

(ઉપજાતિ)

अचिन्त्यशक्तिः स्वयमेव देव-
श्चिन्मात्रचिन्तामणिरेष यस्मात्।
सर्वार्थसिद्धात्मतया विधत्ते
ज्ञानी किमन्यस्य परिग्रहेण।।१४४।।

'કારણ કે આ...' ધર્મી 'स्वयम् एव' **'પોતે જ અચિંત્ય શક્તિવાળો દેવ છે...'** આહા..હા..! ભગવાન આત્મા અચિંત્યશક્તિ, ચિંતવવામાં, વિકલ્પમાં ન આવે એવો એ દેવ છે, પ્રભુ! એને જેણે જાણ્યો એ જ્ઞાની અચિંત્યદેવ પોતે છે. આહા..હા..! આવી વાત છે. **'અચિંત્ય શક્તિવાળો દેવ છે...'** પોતે ભગવાન આત્મા. આહા..હા..! જેની ચિંતવનામાં એ જાણી શકાય નહિ એવી એ ચીજ છે. આહા..હા..! પોતાના સ્વભાવથી જણાય એવો એ પ્રત્યક્ષ જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવ છે. આહા..હા..! આવું આકરું લાગે માણસને. કાંઈક સાધન જોઈએ સાધન. વ્યવહાર હોય તો નિશ્ચય થાય, નિમિત્ત હોય તો ઉપાદાનમાં કાર્ય થાય. એ વાણી નિમિત્તનું કથન છે, એનાથી થાતું નથી. આહા..હા..! કેમકે ભગવાન પોતે અચિંત્યદેવ છે, એની દિવ્ય શક્તિને પ્રગટ કરવા માટે રાગ જે પામર છે તેની એને અપેક્ષા નથી. આહા..હા..! સમજાણું? અહીં તો ધર્મી પોતે અચિંત્યદેવ છે એમ કીધું છે. કેમકે જ્ઞાનીને અચિંત્યદેવ એવો અનુભવમાં આવ્યો છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મીને એટલે કે

ધર્મ કર્યો છે, થયો છે તેને એ પોતે અચિંત્યદેવ ધર્મી છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ચિન્માત્ર ચિન્તામણિ છે...'** આહા..હા..! ચિન્માત્ર ચિંતામણિ **'(અર્થાત્ ચૈતન્યરૂપ ચિંતામણિ રત્ન છે),...'** જેમ ચિંતામણિરત્ન જેના હાથમાં હોય એ ચિંતવે એવું ત્યાં પ્રાપ્ત થાય એને, એમ ભગવાન આત્મા.. આહા..હા..! ચૈતન્યચિંતામણિ છે એમાં જેટલો એકાગ્ર થાય તેટલું ચિંતામણિમાંથી પ્રાપ્ત થાય. આહા..હા..! રાગ ચિંતામણિ નથી એમ કહે છે. દયા, દાનના વ્યવહારરત્નત્રયનો વિકલ્પ છે એ કાંઈ ચિંતામણિ નથી, એ તો પામરદશા છે, આહા..હા..! એનાથી ચૈતન્યચિંતામણિ પ્રાપ્ત થતો નથી. જેને પુણ્ય હોય છે તેને ચિંતામણિરત્ન દેવ અધિષ્ઠિત પ્રાપ્ત થાય. એમ જેને 'અંતરમાં અચિંત્ય ચિંતામણિ દેવ દેવસ્વરૂપ છે' એવો જેને અનુભવ થયો એને એ પ્રાપ્ત થાય. આહા..હા..! સમજાણું કાંઈ? નિર્જરા અધિકાર ભાઈ સૂક્ષ્મ છે. અહીં તો કહે, અપવાસ કર્યો (એટલે) નિર્જરા થઈ ગઈ લ્યો. કારણ કે તપ તે નિર્જરા અને નિર્જરા તે મોક્ષનું કારણ છે. અપવાસ કરવો એ તપ છે. ભાઈ! એ તપ નથી. એ તો નિમિત્તની વ્યાખ્યા છે. આહા..હા..! તપ તો એને કહીએ, અચિંત્ય દેવનો જેને અનુભવ છે અને એના અવલંબનમાં ચૈતન્યચિંતામણિની પ્રાપ્તિ જેટલો પુરુષાર્થ કરે તે થાય છે, આ એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. આહા..હા..! આવું છે આ. સમજાણું કાંઈ?

**'ચૈતન્યરૂપ ચિંતામણિ...'** ઓલો પત્થરનો ચિંતામણિ છે દેવ અધિષ્ઠિત. આ ભગવાન આત્મા.. આહા..હા..! ચૈતન્યચિંતામણિ રત્ન છે. આહા..હા..! એ ચૈતન્યચિંતામણિ રત્નની અનુભવદશા એની થઈ જેટલો અનુભવ કરે એટલો એને આનંદ આવે એવું એ રત્ન છે. લોકો ભાઈ આવી વાતું સાંભળવાને.. પંડિતજી આજે આવ્યા હતા. એ બહુ કહેતા હતા કે લોકોને ઉત્સાહ ઘણો છે. કેટલાક તો રોવે છે. છેટે બહુ આવી શકે નહિ સાધારણ માણસ, પણ લોકોને રુચિ કે આ શું છે પણ આ? બધાને, ઘણાને. કેટલાકે તો સાંભળ્યું જ નથી. બહુ દૂર પડ્યા ૨૫, ૩૦, ૫૦ ..આમ. એ આવી શકે નહિ બિચારા. સાંભળવાની આવી છે વસ્તુ. આ બધું ભલે લખાણ કરે એનું કાંઈ..

**શ્રોતા :–** કોઈ એની કિંમત નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના; સાધારણ છે. બાકી મોટું-મોટું લાગે એમાં કાંઈ નથી. ભાઈ! શેઠ! આહા..હા..! અરે..! બાપા! આ તો પરમસત્ય વસ્તુ. આહા..હા..! ભગવાન ચૈતન્યચિંતામણિ રત્નને પ્રાપ્ત થયા પરમાત્મા, એમ સમ્યગ્દર્શનમાં પણ ચૈતન્યચિંતામણિ રત્નની પ્રાપ્તિ છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

**'જેના સર્વ અર્થ...'** **'सर्व-अर्थ-सिद्ध-आत्मतया'** આહા..હા..! **'જેના સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે...'** છે એ ભગવાન. આહા..હા..! વ્યવહારના વિકલ્પથી ભિન્ન પડી અને ચૈતન્યચિંતામણિ રત્ન દેવ, તેમાં જેની નજરું ગઈ... આહા..હા..! એનું સ્વરૂપ કહે છે કે એ આત્માનું સ્વરૂપ જ પ્રાપ્ત થયું. છેને? **'સર્વ અર્થ (પ્રયોજન) સિદ્ધ છે એવા સ્વરૂપે...'** ભગવાન આત્મા છે. આહા..હા..! એનો જેને દૃષ્ટિમાં લાભ થયો સર્વ પ્રયોજન સિદ્ધ થઈ ગયા. આહા..હા..!

**શ્રોતા :–** પરિપૂર્ણ સુખ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ તો પછી વળી આ તો અત્યારે સર્વ સિદ્ધ થઈ ગયા. આહા..હા..! અચિંત્યદેવ પરમાત્મા. આહા..હા..! આ ભૂતડાને અને વ્યંતરને આરાધે છેને. શું કહેવાય આ પદ્માવતી દેવીને. મફતના ઝઘડા. ક્ષેત્રપાળ. અરે..! મોટો દેવ અહીં છો એને (છોડીને) ક્યાં તું રખડવા જા છો? આહા..હા..! સમજાણું કાંઈ? નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં અર્પણ કર એને તો તને હાથ આવશે એ. આહા..હા..! આવી વાતું છે, હવે સાધારણ માણસને તો..

**શ્રોતા :–** સત્ય સાધારણને..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એક ભાઈ કહેતા હતા. જુવાનિયાઓ પણ મધ્યસ્થથી વિચારશે કે નહિ કે આ શું કહે છે? અને આપણે અત્યાર સુધી શું માન્યું છે? આ તો બાપ! માર્ગ આ કાંઈ કોઈની કલ્પનાનો અને કોઈનો પક્ષનો નથી. આહા..હા..!

ભગવાન અચિંત્ય ચિંતામણિ દેવ અને રત્ન. આહા..હા..! એનું જ્યાં અંતરમાં ભાન થયું એને '**જેના સર્વ અર્થ સિદ્ધ...**' થઈ ગયા. આહા..હા..! '**જ્ઞાની...**' '**अन्यस्य परिग्रहेण**' આહા..હા..! જુઓ તો ખરા! અન્ય પરિગ્રહ. શુભાશુભક્રિયા, શુભાશુભપરિણામ, દ્રવ્ય આદિના ભેદના વિચારો (કરે) એથી શું એને કામ છે? આહા..હા..! શું કહ્યું એ? ચિંતામણિ દેવ ભગવાન જ્યાં પ્રાપ્ત થયો અંદર દૃષ્ટિમાં... આહા..હા..! એને '**અન્યના પરિગ્રહથી શું કરે?**' એને વ્યવહારની ક્રિયાઓ જડની જે છે એ ક્રિયાથી શું પ્રયોજન છે? અંદરમાં શુભાશુભવિકલ્પો ઊઠે રાગ એનાથી એને શું પ્રયોજન છે? આહા..હા..! સમજાણું કાંઈ? એ કહે છે કે વ્યવહાર વિકલ્પ છે શુભભાવ કરે એનાથી આ થાય. અહીં તો કહે છે કે એનાથી શું પ્રયોજન છે એને? આહા..હા..! મોટો (ફેર).

'**अन्यस्य परिग्रहेण किम् विधत्ते**' શું કરે એને? એને કાંઈ કરવાનું બીજું નથી. આહા..હા..! એને દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પો એને અન્ય પક્કડથી શું છે? એનો સંગ્રહ ક્યાં છે એને? આહા..હા..! એને તો અનંતગુણનો સંગ્રહાયલ ભગવાન જ્યાં મળ્યો, એને આ વિકલ્પથી શું સંગ્રહ કરીને કામ છે? આહા..હા..! જેને ચિંતામણિરત્ન મળ્યું એ પછી આ પૈસા, દાગીનાને સંગ્રહીને શું કરે? સમજાણું કાંઈ? ચિંતામણિરત્ન જ્યાં મળ્યું એ પૈસા ને લાકડા ને કપડાને સંગ્રહીને શું કરે? કારણ કે જ્યાં જોઈએ ત્યાં એની ચિંતા કરે તો તરત મળે એવું છે. આહા..હા..! એમ ભગવાન આત્મા. આવી વાતું. આહા..હા..! અતીન્દ્રિય આનંદનો સ્વયમેવ દેવ દિવ્યશક્તિનો દેવ. આહા..હા..! પોતાનું એને માહાત્મ્ય આવતું નથી. એને પરનું આ બધું જાય છે. આહા..હા..! પૈસાના ઢગલા ને શરીરની સુંદરતા ને નમણાઈ ને વચનની મધુરતા ને.. આહા..હા..! એ બધા જડ. જડનો એને મધુરતાનો પ્રેમ છે એને. સમજાણું કાંઈ? ધર્મીને કહે છે કે એ વિકલ્પથી શું પ્રયોજન છે હવે વ્યવહારનું? એમ કહે છે. હો, પણ એથી પ્રયોજનસિદ્ધિ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ થયો કે વ્યવહારથી હવે એને શું પ્રયોજન છે? એમ કહે છે, ભાઈ! આહા..હા..! સમજાણું કાંઈ?

'**अन्यस्य परिग्रहेण किम् विधत्ते**' શું કરી શકે અન્ય પરિગ્રહને પકડીને હવે ઈ? આહા..હા..! ભગવાન જ્યાં રાગથી ભિન્ન પડીને આત્માનું ભાન થયું, હવે એને બીજા વિકલ્પને સંગ્રહવાનું શું રહ્યું?

આહા..હા..! આકરો માર્ગ બાપા! માર્ગ એવો છે આ. એને નિર્જરા થાય એમ કહે છે. સમજાણું કાંઈ? અશુદ્ધતાના વિકલ્પને પકડીને શું કામ છે કહે છે? આહા..હા..! અચિંત્યદેવ શક્તિમાન ચિંતામણિરત્ન મળ્યું, એને હવે બીજા વિકલ્પને સંગ્રહીને શું કામ છે? આહા..હા..! ભાઈ! શુભભાવ હશે તો અંદર જવાશે, મદદ કરશે, (એમ) છે નહિ બિલકુલ. આહા..હા..! આવો માર્ગ છે. **'किम् विधत्ते'** શું એને ધારણ કરવું છે હવે? આહા..હા..! ખાણિયા ચર્ચામાં તો આ કર્મથી વિકાર થાય ને કર્મથી પરિણમન કરે. બસ એ પ્રશ્ન. કહો હવે આ પહેલો પ્રશ્ન એ છે.

**શ્રોતા :-** પરપદાર્થથી ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરપદાર્થથી વિકાર, બાપુ! એનો ખરેખર તો મોક્ષમાર્ગની ઉત્પત્તિનો સ્વકાળ હોય છે ત્યારે તે થાય છે, પણ એવો જેને નિર્ણય છે એની દૃષ્ટિ જ્ઞાયકભાવ ઉપર હોય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જે સમયે (થાય) તે સમયે તેનો જન્મકાળ છે. સમ્યગ્દર્શન-જ્ઞાનની ઉત્પત્તિનો જન્મક્ષણ છે એ. આહા..હા..! એ જન્મક્ષણને માટે વિકલ્પના કારણે એ જન્મક્ષણ છે એમ નથી. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? ક્રમબદ્ધનો નિર્ણય જેને હોય, એટલું આ ફેરી ભાઈએ સારું નાખ્યું. કૈલાસચંદજી. ક્રમબદ્ધનું. નહિતર ક્રમબદ્ધનું વર્ણીજીને માન્ય નહોતું. એ વખતે વાત થઈ હતી ને બધા હતા. આહા..હા..! હવે એણે એટલો મૂકી દીધો આગ્રહ. ક્રમબદ્ધ ન હોય તો.. ક્રમબદ્ધ છે એ સર્વજ્ઞતાની સિદ્ધિ કરે છે. સર્વજ્ઞ જે સમયે જે.. આહા..હા..! પણ જે સમયે જે ક્રમે થાય,..

દ્રવ્યસંગ્રહની ૪૭ ગાથા. ૪ ને ૭. ત્યાં તો એમ કહ્યું **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** આહા..હા..! નિશ્ચયમોક્ષમાર્ગ અને વ્યવહારમોક્ષમાર્ગ **'दुविहं पि मोक्खहेउं झाणे पाउणदि जं मुणी णियमा'** કહ્યુંને આ પરમધ્યાન કહ્યું હતું ને? એ અંતરમાં એકાગ્ર ધ્યાન કરવાથી તે પ્રાપ્ત થાય છે. એમાં સ્વનો આશ્રય થઈને જે પ્રાપ્તિ થઈ એ નિશ્ચય, બાકી રાગ રહ્યો એ વ્યવહાર. એક સમયે બે સાથે છે. આહા..હા..! સમજાણું? આ મોટા વાંધા. નિમિત્તથી થાય, વ્યવહારથી થાય મોટા ઝઘડા અને ક્રમબદ્ધ નહિ. આ પાંચના ઝઘડા સોનગઢ સામે, એના આત્માની સામે. આહા..હા..!

રાગનો ઉત્પત્તિનો પણ તેનો જન્મક્ષણ છે, તે જે સમયે જે થવાનો તે થાય, એમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પણ જન્મક્ષણ છે, પણ એ જન્મક્ષણનો નિર્ણય અને અનુભવ કોને થાય? કે જેને જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડી એને જન્મક્ષણનો કાળ સાચો આવે. આહા..હા..! સમજાણું કાંઈ? અચિંત્યદેવ ભગવાન ચિંતામણિ પ્રભુ, એની જેને અંતરમાં દૃષ્ટિ થઈ એને ક્રમબદ્ધનો નિશ્ચય એને થયો. સમજાણું કાંઈ? એ ક્રમબદ્ધમાં એક સાથે બેયનો નિર્ણય થયો. સ્વનો આશ્રયનો જે નિશ્ચય અને હજી પૂરો રાગ (ગયો નથી) અને પૂરો આશ્રય થયો નથી એટલો રાગ રહે છે એને વ્યવહાર કહેવાય છે, પણ વ્યવહાર એ મોક્ષમાર્ગ નથી, પણ આરોપિત કહેવામાં આવે છે. આહા..હા..! આરોપિત એટલે મોક્ષમાર્ગ તરીકે આરોપિત, પણ રાગ તરીકે યથાર્થ છે. શું કીધું એ? સમજાણું કાંઈ? રાગ એ આરોપિત નથી, રાગ એ તો .. છે, પણ રાગને મોક્ષમાર્ગ કહેવો એ આરોપિત છે. આહા..હા..! આવી વાત. સમજાણું કાંઈ? ભાઈ! આ તો જેને આવી રુચિ હોય એને આ પકડાય એવું છે. એમ ને એમ ઓઘે-ઓઘે ચાલે એને

આ પકડાય એવું નથી. આહા..હા..! અરે..! જન્મ-મરણ કરીને જુઓને હેરાન થઈ ગયા છે. આહા..હા..! કાલે નહોતા બિચારા આવતા. ધોળાથી નીકળીને બિચારા જાતા હશે પાલિતાણા. ત્રણ જણા મરી ગયા. અહીં મારવાડી આવે છેને. ચંદ્રસેન કેવું નામ? તારાચંદના બાપ ચંદ્રસેનને, ભાઈ? ચંદનમલજી કાલે આવ્યા હતા, ચંદનમલજી. એનો દીકરો ત્યારે આપણે અહીં ભણતો એની સાથે નહિ? દસ વર્ષે આવ્યો. તારાચંદ. એની બહેનની દીકરી, એના બનેવીનો ભાગીદાર અને કોક એના ભાગીદારના વહુની જેઠની દીકરી, ત્રણ મરી ગયા. ધોળાથી આમ આવતા હતા. એટલે એ મોટર હાથ ન રહી. આમ વળવા ગઈ. ભટકાણું કોઈને નહિ. આમ પડવા ગઈ હેઠે તો એક-બે જણા કુદીને નીકળી ગયા. એ આમ પડી ગઈ એમાં ત્રણ જણા મરી ગયા. કાલે બિચારા આવ્યા હતા મોટર લઈને. મહારાજને .. એ બચી ગયા. બિલકુલ કાંઈ નહિ. એનો જમાઈને એ ચંદનમલનો. આ જુઓ આ દશા. કચ્ચરઘાણ. અરે..! રસ્તામાં જોઈએ છીએને અહીં. દરરોજ જોઈએ છીએ. ઉંદર કચરાઈ ગયા હોય સડક ઉપર. સવારમાં વહેલા નીકળ્યા હોયને. આહા..હા..! ભુક્કો. ઉંદર બિચારો આમ નીકળ્યો, પછી ઓલા અજવાળુ હોયને ઓલાનું બેટરી હોય એનું. એટલે એ પછી ક્યાં જાવું એ મુંઝાઈ જાય. એમાં કચ્ચરઘાણ. આહા..હા..! આવી દશાને ટાળવી હોય તો, બાપુ! ઉપાય આ છે. રાગમાં કચ્ચરઘાણ થઈ ગયો છો પ્રભુ તું, તને ખબર નથી. આહા..હા..! રાગની રુચિમાં તારા સ્વભાવને તેં કચ્ચરઘાણ કરી નાખ્યો છે, ભાઈ! એથી તું એકવાર રાગની રુચિ છોડ. વ્યવહાર હો, પણ રુચિ છોડ. એનો તદ્દન અભાવ તો શુદ્ધોપયોગ પ્રગટતા થશે, પણ અહીં દૃષ્ટિના વિષયમાં એને રુચિથી છોડ. સમજાણું કાંઈ? આહા..હા..! એની રુચિથી નિશ્ચય રુચિ આનંદની નહિ થાય. રાગની રુચિ, ઝેરની રુચિથી અમૃતની રુચિ નહિ થાય. આહા..હા..! ભગવાન તો આનંદ અને અમૃતસ્વરૂપ છે પ્રભુ. આખું ચોસલું ભર્યું છે આનંદનું. આહા..હા..! સમજાણું કાંઈ? એક-એક સમયની પર્યાય... એ કીધુંને અહીંયાં?

ચૈતન્યચિંતામણિ સર્વ પ્રયોજન સિદ્ધ થયા છે. આહા..હા..! તેઓ અન્યને પકડીને શું કરે? આહા..હા..! રાગ હો, પણ પકડીને એ શું કરે? કહે છે. એમ કહે છે. સમજાણું કાંઈ? હવે આવો ઉપદેશ સાંભળવા મળે નહિ એટલે બિચારા... બાયું તો બિચારી સાધારણ બુદ્ધિવાળી હોય ને આખો દિ' રાંધવામાં, પાણીમાં ઢીંકણામાં એમાં જાય વખત. ઘઉં સરખા કરવા ને ચોખા શું કહેવાય? વીણવા. ચોખા વીણવા, ઘઉં વીણવા, બાજરો વીણવો. ભાષા તો એ બોલે, શું કરો છો? ઘઉં વીણું છું. ઘઉં વીણે છે? કાંકરા વીણે છે.

અહીંયાં ભગવાન આત્મા... આહા..હા..! કહે છે કે એવા પ્રવૃત્તિના પ્રસંગમાં ભગવાન ક્યાંથી એને દેખાય? આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! વિકલ્પના પ્રસંગમાં ઘેરાયેલો એને આત્મા નિર્વિકલ્પ ક્યાંથી દેખાય? આહા..હા..! સમજાણું કાંઈ? એને આનંદના સ્વભાવનો જ્યાં વેદન અને અનુભવ થયો.. આહા..હા..! એનું નામ નિર્જરા એટલે અશુદ્ધતા અને કર્મ ટળે. એ ટળે એને પકડે કેમ હવે? કહે છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! નિર્જરા છેને? પહેલી ગાથામાં આવી ગયું, દ્રવ્ય નિર્જરા કર્મનું ખરવું, ભાવનિર્જરા અશુદ્ધતાનું ખરવું. એ આવી ગયું છે. પહેલી ગાથા, બીજી ગાથા

બેમાં આવી ગયું છે. આહા..હા..! જેને સ્વઆશ્રયમાં આનંદ આવે એ રાગને કેમ પકડે? અને કર્મ થવામાં નિમિત્ત કેમ થાય એ? એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? 'થોડું લખ્યું ઘણું કરીને જાણજો' એવી વાત છે આ તો. આહા..હા..!

**શ્રોતા :-** અહીં થોડું લખ્યું પૂરું કરીને જાણજો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું કરીને જાણજો, બાપા!

'**ભાવાર્થ :- આ જ્ઞાનમૂર્તિ આત્મા...**' એ જ્ઞાનમૂર્તિ પ્રભુ, જ્ઞાનસ્વરૂપી ભગવાન આત્મા. એમાં નથી રાગ, નથી સંસાર, નથી શરીર, નથી કર્મ. આહા..હા..! એવું જે આત્મતત્ત્વ જ્ઞાનમૂર્તિ '**પોતે જ અનંત શક્તિનો ધારક દેવ છે...**' આહા..હા..! અરિહંત દેવ એ તો તારે માટે પર છે. તારે માટે તારો અચિંત્ય શક્તિ દેવ ભગવાન આત્મા છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અને પોતે જ ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...**' આહા..હા..! ચિંતામણિ રત્ન જે માગે તે મળે, એમ આ ભગવાન ચૈતન્યચિંતામણિ કાર્યની સિદ્ધિ કરે એવો છે. આહા..હા..! પોતાથી કાર્યની સિદ્ધિ કરનારો છે. જોયું! જે ઇચ્છિત કાર્ય છે તેની સિદ્ધિ કરનારો છે. એના રાગના કારણે કાર્યની સિદ્ધિ થાય એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

વાંછિત ચિંતામણિરત્ન ભગવાન આત્મા, એની ઇચ્છા-ભાવના થાય એવું એનું કાર્ય પોતાથી થાય એવું છે. આહા..હા..! એને રાગ ને નિમિત્તની અપેક્ષા નથી જેને. આહા..હા..! સમજાણું કાંઈ? ઝીણી વાતું, બાપુ! પોતે દેવ ભગવાન છે અંદર. આહા..હા..! ચૈતન્યચિંતામણિ અચિંત્યશક્તિનો ભંડાર ભગવાન. અરે..! એને ક્યાં કાંઈ ખબર પણ ક્યાં છે? એને આ ધૂળના પૈસા અને એના ઉપર એને એમ લાગે ભંડાર અમારે છે. આહા..હા..! અમારી પાસે કરોડ, બે કરોડ પૈસા છે, બાયડી સારી છે, છોકરા સારા છે, આ અમારે છોકરાની વહુ સારા ઘરેથી આવી છે, આ એની સંપદા ધૂળની. આહા..હા..! અજ્ઞાનીની આ સંપદા. આહા..હા..!

ધર્મીને તો આત્માની સંપદા ભાસી છે એને. હું તો દેવ છું. કહો, શેઠ! આહા..હા..! 'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' એ ૬૩ની સાલમાં આવ્યું હતું દુકાન ઉપર. ૬૩. કેટલા વર્ષ થયા? ૭ અને ૬૪, ૭૦ થયા. ૭૦ વર્ષ પહેલાં... આહા..હા..! રામલીલા જોવા ગયેલા. રામલીલા નથી? રામ, સીતા અને લક્ષ્મણ. બહુ વૈરાગી હોં પણ. એ ગંભીર છોકરા હોય. એવું બોલે તત્ત્વનું. બધા ૧૫-૨૦ના. તે દિ' ૬૩ની સાલમાં તો ઘણું કહેવાયને. પણ એ જાતા અને એમાંથી રસ ચડી ગયો અંદરથી. જોવા ગયેલા હું અને અમારો નોકર બે. બીજા બે બધા લગનમાં ગયેલા અહીં ઉમરાળે ઘરે આવેલ, લગન હતા. અમે બે જ માણસ હતા. નોકર હતો વીરચંદ કરીને. ૬૩ની વાત. એમાં આ 'શિવ રમણી તું હી...' શું કીધું પહેલું? 'શિવ રમણી રમનાર તું, તું હી દેવનો દેવ.' એ શબ્દ આવ્યા હતા અંદરથી લ્યો! 'શિવ રમણી રમનાર તું,...' આ સ્ત્રીનું રમણ તારે ન હોય, ભગવાન! આહા..હા..! મોક્ષરૂપી લક્ષ્મીનો રમનાર તું અને 'તું હી દેવનો દેવ છો.' આહા..હા..! ઓલું સાંભળ્યું હતુંને ભગવાન પાસે, એ અંદરથી અવ્યક્તપણે આવ્યું. આહા..હા..! ભાઈ! તું દેવનો દેવ છો, દેવાધિદેવ છો. આહા..હા..!

અહીં કહે છે કે અચિંત્ય દેવનો દેવ તારું સ્વરૂપ ભગવાન. આહા..હા..! જુઓને, '**ચૈતન્યરૂપી ચિંતામણિ હોવાથી વાંછિત કાર્યની સિદ્ધિ કરનારો છે;...**' એના કાર્ય માટે પર સામું જોવાનું નથી એમ કહે છે. સમજાય છે કાંઈ? સંવર ને નિર્જરાની પર્યાય પ્રગટ થવામાં એને પર સામું જોવાનું નથી. આહા..હા..! એને તો સ્વ સામું જોતા સંવર-નિર્જરાની પર્યાય પ્રગટ થાય છે. આહા..હા..! આવી વાતું હવે. કહો, પોપટભાઈ! ધંધા આડે નવરા નહિ એક તો મજૂર આખો દિ' મજૂરી મોટી. દુકાનમાં થડે બેસવું ને આ કરવું ને હોળી કરવી ને આ કરવું. આહા..હા..! એમાં આ અચિંત્ય દેવ એને ક્યાંથી નજરે આવે? જેને પરમાં દિવ્યતા અને અધિકતા ભાસે એને આત્માની અધિકતા ને દિવ્યતા ક્યાંથી ભાસે? આહા..હા..! સમજાણું કાંઈ? એને કહે છે કે સિદ્ધિ કરનારો છે. જોયું! પોતાના કાર્યની સિદ્ધિ કરનારો છે. '**आत्मतया**' છેને ઓલું આત્મા હતુંને? '**आत्मतया**' હતુંને. એ પોતાનું કાર્ય સિદ્ધ કરવા પોતે તૈયાર છે. આહા..હા..!

'**માટે જ્ઞાનીને સર્વ પ્રયોજન સિદ્ધ હોવાથી...**' આહા..હા..! '**તેને અન્ય પરિગ્રહનું સેવન કરવાથી શું સાધ્ય છે?**' આહા..હા..! રાગ ને વિકલ્પની સાથે એને શું કામ છે? કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**અર્થાત્ કાંઈ સાધ્ય નથી. આમ નિશ્ચયનયનો ઉપદેશ છે.**' નિશ્ચયનયનું આવું સ્વરૂપ છે. વ્યવહારથી જ્યારે કહેવું હોય તો કે ભાઈ! એને વ્રતાદિના વિકલ્પ હોય છે, પણ એની સાથે કાંઈ પ્રયોજન આત્માની સિદ્ધિને માટે નથી. આહા..હા..!

'**હવે પૂછે છે કે જ્ઞાની પરને કેમ ગ્રહતો નથી?**' લ્યો અપરિગ્રહેણ આવ્યું હતુંને? '**તેનો ઉત્તર કહે છે :—**'

**को णाम भणिज्ज बुहो परदव्वं मम इमं हवदि दव्वं।**
**अप्पाणमप्पणो परिगहं तु णियदं वियाणंतो।।२०७।।**
**'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.**

આહા..હા..! ભગવાન પૂર્ણાનંદસ્વરૂપની જ્યાં પક્કડ થઈ છે, પરિગ્રહ એટલે પકડ્યો છે એ જેનો પરિગ્રહ છે. ધર્મીને પરિગ્રહ નિજસ્વરૂપનું પક્કડ એ પરિગ્રહ છે. આહા..હા..! છેને?

**'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.**

આહા..હા..! ટીકા. ગાથાઓ તે અલૌકિક છે. આ કૈલાસચંદજી અને જગમોહનલાલજી સાથે વાત થઈ હતી પંડિતજીને. બહુ પ્રભાવનામાં અત્યારે જ્ઞાનચંદજીનો હાથ મોટો છે. આહા..હા..! નરમ માણસ છે. બેયને કહ્યું છે. આ માર્ગ છેને આવો. કહ્યું હતું બેયને. આહા..હા..! માર્ગ આવો છે, ભાઈ! આમાં વિદ્વતાનું કામ નથી. આ તો વાસ્તવિક દૃષ્ટિની રુચિનું કામ છે. આહા..હા..! વિદ્વતા ન પણ હોય. આહા..હા..! તિર્યંચને ક્યાં વિદ્વતા છે? એને નવ તત્ત્વના નામ પણ આવડતા ન હોય. આહા..હા..!

પણ એ સમ્યગ્દર્શન આત્માનું પામે છે. આહા..હા..! કેમકે ભગવાન આનંદસ્વરૂપ છે તેની દૃષ્ટિ થતાં આ આત્મા આનંદ છે એવું જ્ઞાન થાય છે અને આવું જ્ઞાન અજીવ અને પરમાં નથી એવું એને જ્ઞાન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને એ જ્ઞાનમાં એકાગ્ર થાય છે, એનું નામ સંવર-નિર્જરાની એને ખબર નથી, પણ જ્ઞાનમાં એકાગ્ર થાય, સંવર-નિર્જરા થાય છે એવી એને શ્રદ્ધા ભાસન છે. આહા..હા..! અને જ્ઞાનમાં એકાગ્ર થઈને પૂર્ણ કરવા માગે છે એને મોક્ષની શ્રદ્ધા એ રીતે છે. આહા..હા..! નામ ન આવડતું હોય એને, ભાવભાસન છે. આહા..હા..! ભાવનું જ્ઞાન થયું છે અંદર.

અહીં કહે છે, '**જે જેનો સ્વભાવ છે તે તેનું સ્વ છે...**' ભગવાન આત્માનો સ્વભાવ જ્ઞાન અને આનંદ એ એનું સ્વ છે. આહા..હા..! છે? '**અને તેનો (સ્વ ભાવનો) સ્વામી છે—એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' આહા..હા..! શું કહે છે? આત્માનો સ્વભાવ જે પોતાનો સ્વભાવ છે તે તેનું સ્વ છે અને તે સ્વભાવનો સ્વામી છે. એનો સ્વામી હોય. '**એમ સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની...**' આહા..હા..! ભગવાન આત્મા સૂક્ષ્મ નિર્વિકલ્પ વસ્તુ તેને સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિ-તીક્ષ્ણ, આકરી તત્ત્વ વસ્તુની દૃષ્ટિના આલંબનથી, આહા..હા..! જ્ઞાની પોતાના '**આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' આહા..હા..! ધર્મી, ચક્રવર્તીના રાજમાં પડ્યો દેખે, પણ એ જ્ઞાનસ્વરૂપ મારો આત્મા તે હું છું એ મારો પરિગ્રહ છે. એ સ્ત્રી, કુટુંબ, પરિવાર હો, છતાં એ મારા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! અંદર વ્યવહારરત્નત્રયનો રાગ આવે એ પણ મારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ભક્તિનો, પૂજાનો, દાનનો, દયાનો ભાવ તો આવે, પણ એ મારો નથી. આહા..હા..! મારો તો જ્ઞાયકસ્વરૂપ ભગવાન આત્મા તે મારું સ્વરૂપ છે. એનો એને પરિગ્રહ નામ પક્કડ છે. લ્યો આ પરિગ્રહ. આહા..હા..! અજ્ઞાનીને રાગ અને રાગથી મળ્યા પૈસા ધૂળ આદિ એનો એને પરિગ્રહ અજ્ઞાની છે મૂઢને. આહા..હા..!

**શ્રોતા :-** આત્માને આત્માનો પરિગ્રહ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, પક્કડ કીધીને.

**શ્રોતા :-** પરિ એટલે ચારે બાજુથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પરિ એટલે સર્વથા પ્રકારે પકડ્યો એને-પરિગ્રહ છે. આહા..હા..! અરે..! ધૂળ છે પૈસા તો. હીરા ને માણેક ને રત્ન ને એ તો બધા ધૂળ છે. એ ક્યાંથી એનો પરિગ્રહ આવ્યો એ? ધૂળની કિંમત કાંઈ નથી. આહા..હા..! મુંબઈમાં થયું નહોતું? એક માણસ પચ્ચીસ હજારનો હીરો પહેરીને નીકળ્યો શોભા માટે. એમાં કોઈ ગલીમાં નીકળ્યો તો કોઈ ન મળે માણસ અને આવ્યો એક ડાકુ. એને દેખીને મારીને લઈ ગયો. લ્યો આ .. સુખ માટે છે.

**શ્રોતા :-** એ તો કોકને થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આને નહિ હમણા રાજા છે નહિ? એને એમ થયું છે. ઈરાકના રાજા. એક કલાકના બે કરોડની પેદાશ છે અત્યારે એને. દેશ નાનો છે, પણ પેદાશ એક કલાક. કાળુ સોનું નીકળ્યું

છે એને. કાળુ સોનું એટલે? પેટ્રોલ. દેશ નાનો છે, પણ કૂવા એટલા બધા નીકળ્યા કે એક કલાકમાં બે કરોડની પેદાશ ૩૦ વર્ષ સુધી ચાલે એટલું પેટ્રોલ છે. એના સગા ભાઈએ કે કુટુંબે એને મારી નાખ્યો. આવું! ઓહો..હો..! લ્યો આ સગવડતા એને સુખનું કારણ. મારી નાખ્યો અને ગાદીએ બીજો બેઠો અત્યારે. આહા..હા..! બે કરોડની એક કલાકની પેદાશ, એક દિવસમાં અડધા અબજની પેદાશ. માથા ફાટી જાય કે નહિ? અડધા અબજની મૂડી હોય એ જુદી વાત પચાસ કરોડની. આ તો અડધા અબજની તો એક દિવસની પેદાશ. અત્યારે મોજૂદ છે ઈરાકમાં બાદશાહ છે રાજા. આહા..હા..! એ બધા મરીને નરકે જવાના. આહા..હા..! બાદશાહી કરવાના ત્યાં નરકમાં. અહીંયાં પાંચ, દસ વર્ષ, વીસ વર્ષ રહે. મારી નાખ્યો એના કુટુંબીએ લ્યો. સુખનું કારણ હતુંને? ધૂળેય નથી સુખનું કારણ, સાંભળને!

અહીં જ થયું હતુંને કાંઈક અહીં. નથી અહીં પાળિયો કર્યો? છે. .. હલકારો હતો, હલકારો હતો. અહીં છે. આની કોર. આની કોર. રામધરી ઉપર છે. નેરાને કાંઠે. એ હતો નીકળેલો એક.. આહા..હા..! .. એ નીકળ્યોને એમાં એક ગરાસ અને ગરાસણી. એમાં એક આવ્યો ઓલો લૂંટારો. ગરાસણીને લઈ જાઉં. એવું અનંતવાર થઈ ગયું છે, ભગવાન! તને ખબર નથી, બાપુ! એવા ખેલ ખેલ્યા છે તેં અનંતવાર. તને ખબરું નથી. આહા..હા..!

અહીં કહે છે... આહા..હા..! સૂક્ષ્મ તીક્ષ્ણ દૃષ્ટિના આલંબનથી જ્ઞાની આત્માને આત્માનો પરિગ્રહ નિયમથી-નિશ્ચયથી જાણે છે. આહા..હા..! હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છું, એનો જેને અંદર પક્કડ થઈ ગઈ છે એ એનો પરિગ્રહ છે. આહા..હા..! સમજાણું કાંઈ? છ ખંડનો રાજા ચક્રવર્તી ભરત, છતાં એ કહે છે કે મારો આત્મા એ મારો પરિગ્રહ છે, આ નહિ—ચક્રવર્તીનું રાજ નહિ. આહા..હા..! જેને ઈન્દ્ર મિત્રો હતા. ઈન્દ્ર મિત્રો. સ્વર્ગનો ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સાહેબો. મિત્ર જોડે બેસે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

ભગવાન જ્યારે મોક્ષ પધાર્યા ઋષભદેવ ભગવાન અષ્ટાપદ પર્વત ઉપર. ભગવાન ગયા. ભરત ચક્રવર્તી ગયા ત્યાં. આમ જોઈને આંખમાંથી આંસુ આવ્યા. સમકિતી છે, જ્ઞાની છે. આહા..હા..! ભરતમાં જ્ઞાનસૂર્યનો વિરહ પડ્યો, ભગવાન મોક્ષ પધાર્યા. ઈન્દ્ર સાથે, ઈન્દ્ર સાથે છે. ઈન્દ્ર બત્રીસ લાખ વિમાનનો સાહેબો. એક એક વિમાનમાં અસંખ્ય દેવ. અરે..! ભરત! શું આ કરો છો તમે આ? તમારે તો આ ભવે મોક્ષ જાવું છે. ઈન્દ્ર કહે છે. અમારે તો હજી મનુષ્ય થઈશું ત્યારે મોક્ષ જાશું. અમારે હજી મનુષ્યનો ભવ કરવો પડશે અને તારે તો આ દેહ છેલ્લો છે. આ શું? સાંભળ ઈન્દ્ર સાંભળ! એ તો બધી ખબર છે અમને. આ ભવમાં અમારો મોક્ષ છે, પણ ભગવાનના વિરહથી.. રાગ પ્રશસ્ત રાગ છેને, પણ પક્કડ નથી રાગની. આહા..હા..! સમજાણું કાંઈ? જાણેલો પ્રયોજનવાન જાણે, બસ. આહા..હા..! આંસુની ધારા ચાલી જાય. ચક્રવર્તી છ ખંડનો ધણી. એને છન્નું હજાર સ્ત્રી. એક સ્ત્રીની તો એક હજાર દેવ સેવા કરી એવી રત્ન. આહા..હા..! ભગવાનના વિરહ પડ્યા. ભરતક્ષેત્રમાં સૂર્ય ચૈતન્ય ગયા, કેવળજ્ઞાની પરમાત્મા ગયા. કોને અમે પૂજશું? કોના અમે દર્શન કરશું? આહા..હા..! રાગ આવ્યો પણ પક્કડ નથી ત્યાં, એનો એ જાણનાર છે. ૧૨મી ગાથામાં આવ્યુંને? ૧૨મી ગાથામાં,

જાણેલો પ્રયોજનવાન. 'तदात्वे' જાણેલો પ્રયોજનવાન. 'तदात्वे' તે કાળે જાણે છે કે 'છે' એટલું, મારો નહિ. આહા..હા..! શું શૈલી ભગવાનની! આહા..હા..! કહે છે કે...

**શ્રોતા :-** ભગવાન જે સમયે મોક્ષ પધાર્યા ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હતાને, પણ આ તીર્થંકરની દિવ્યધ્વનિ એવી વાણી... ભગવાનની ૐ ધ્વનિ. આહા..હા..! ત્રણકાળ, ત્રણલોકની વાણી ૐ ધ્વનિમાં આવે. આહા..હા..! 'ૐકાર ધ્વનિ સુણી અર્થ ગણધર વિચારે,...' એની ૐ ધ્વનિને સાંભળી ગણધરો સંતો, ચાર જ્ઞાનના ધણી, ચૌદ પૂર્વની રચના ક્ષણમાં કરનારા, ભગવાનની ધ્વનિને સાંભળીને વિચારે, શાસ્ત્ર બનાવે. આહા..હા..!

કહે છે કે ધર્મીને જ્યાં આત્મા પોતાનો પરિગ્રહ છે... આહા..હા..! એને ધર્મી કહીએ. જેને 'વિકલ્પ ઊઠે એ પણ મારો નથી' એમ જેને (વિકલ્પની) પક્કડ નથી. આહા..હા..! નિર્વિકલ્પ આનંદનો કંદ પ્રભુ એ આનંદ સ્વરૂપ છે એને ક્યાં બેસે? કઈ રીતે બેસે? આહા..હા..! બાયડીમાં સુખ છેને પૈસામાં સુખ છેને ધૂળમાં સુખ છે. આહા..હા..! એમાં માનેલું આત્મામાં સુખ છે એ ભાસતું નથી. આહા..હા..! એ આત્માના સુખ અને આત્માની જેને પક્કડ છે... આહા..હા..! એને અન્ય પરિગ્રહ સેવન કરવાથી શું છે? કાંઈ સાધ્ય નથી. સાધ્ય એ નથી, સાધ્ય તો ચિદાનંદ ભગવાન પકડ્યો એ સાધ્ય છે. આહા..હા..! વ્યવહાર સાધ્ય છે નહિ. આહા..હા..! આવી વાતું હવે. આહા..હા..! સમજાણું?

અહીં '**સૂક્ષ્મ તીક્ષ્ણ તત્ત્વદૃષ્ટિના આલંબનથી જ્ઞાની (પોતાના) આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે, તેથી આ મારું સ્વ નથી,...**' એ રાગ અને રાગના ફળ આ ધૂળ આદિ એ મારું સ્વરૂપ નથી. કહો આ ૬૦ મોટરું અને એનો વૈભવ એ મારો નથી એમ કહે છે અહીં. આહા..હા..! '**આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી**' આહા..હા..! દેખો તો ખરા. ધર્મીને ધર્મ ક્યારે પ્રગટ્યો કહેવાય? કે એને રાગ અને રાગના ફળ એ મારા નથી અને હું એનો ધણી નથી. એ પત્નીનો હું પતિ નથી.

**શ્રોતા :-** અહીં તો કોઈ હા નહિ પાડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દીકરાનો હું બાપ નથી. દીકરો જ મારો નથી ત્યાં. દીકરો તો એનો પર આત્મા અને પર વસ્તુ શરીર છે. આહા..હા..! કહો, પોપટભાઈ! એ હસમુખ નથી પોપટભાઈનો એમ કહે છે. આહા..હા..! કહો, ધર્મી જેને આત્મા આનંદનો નાથ પ્રભુ પક્કડમાં આવી ગયો એ રાગ અને રાગના ફળને મારા માનીને સ્વામી થતો નથી. આહા..હા..! આ મકાનનો કોણ સ્વામી છે? હું છું. મકાનનો સ્વામી ક્યાંથી આવ્યો? એ તો જડ છે. કહો, શેઠ! લ્યો, એને રહેવાનું છ લાખનું મકાન છે. છ લાખ રૂપિયાનું મકાન તો રહેવાનું છે એને. દવાઓ રાખે બહુ ઝાઝી આમ. સમજાણું કાંઈ? આહા..હા..! જોયું હતુંને ત્યાં ફરવા ગયા હતા. જ્યાં સૂતા હતા ત્યાં પડ્યું હતું બહાર એ બધું. અરે..! કીધું આમાં ક્યાં સલવાણો જીવ?

પ્રભુ! ચૈતન્યચિંતામણિ ભગવાન આત્મા અનંત આનંદનો સાગર પ્રભુ, એની જેને અંતર પક્કડ થઈ ગઈ, સમ્યગ્દર્શનમાં એનો પરિગ્રહ પકડાણો એ 'બીજા મારું છે અને એનો સ્વામી છું' એમ માનતો

નથી. આહા..હા..! કહો, છન્નું હજાર સ્ત્રી હોય ચક્રવર્તીને. છ ખંડ હોય. છ ખંડ નથી સાધ્યો એણે અખંડ સાધ્યો આત્માને. ભાઈએ નથી કહ્યું, નિહાલભાઈએ? ચક્રવર્તીએ છ ખંડ નથી સાધ્યા, એણે તો અખંડ આત્માને સાધ્યો છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભાઈ! માર્ગ વીતરાગનો એવો જુદો છે જગતથી અને એ વીતરાગ સિવાય આવો માર્ગ ક્યાંય છે નહિ, ક્યાંય નથી. કોઈ વિષ્ણુમાં, વેદાંતમાં બધે ઠેકાણે ગપ્પ માર્યા છે.

**શ્રોતા :–** સોનગઢ સિવાય ક્યાંય નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આત્મા સિવાય ક્યાંય નથી આ. આહા..હા..! છે?

**'આ મારું સ્વ નથી...'** અરે..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ ઉઠે એ મારું સ્વ નથી. આહા..હા..! હવે એને કહે છે કે વ્યવહારરત્નત્રયથી આત્મા અનુભવમાં આવે. અરે..! પ્રભુ! ઘણી ઊંધાઈ.. ઘણી ઊંધાઈ. દૃષ્ટિમાં વિપરીતતાનો પાર ન મળે અને એને લઈને દુઃખી વર્તમાન અને ભવિષ્યમાં દુઃખને ડુંગરે રખડવાના છે એ. આહા..હા..! **'તેથી આ મારું સ્વ નથી, હું આનો સ્વામી નથી—એમ જાણતો થકો પરદ્રવ્યને પરિગ્રહતો નથી...'** પરદ્રવ્ય શબ્દે રાગાદિ જે વ્યવહારરત્નત્રયનો આવે એ પણ પરદ્રવ્ય છે, એ આત્માનું સ્વદ્રવ્ય નહિ. ઓહો..હો..! સ્વદ્રવ્ય તો ચૈતન્યચિંતામણિ દિવ્ય શક્તિવાળો ભગવાન તે સ્વદ્રવ્ય છે. એનાથી વિરુદ્ધનો વિકલ્પ પુણ્યનો, દયા, દાનનો આદિ અને એ પુણ્યના ફળ તરીકે આ જે ધૂળ મળી હોય બે-પાંચ કરોડ, પચ્ચીસ કરોડ, એ બધા મારા નહિ, હું એનો સ્વામી નહિ. આહા..હા..! એ જડનો સ્વામી થાય તે જડ થાય. એ ભેંસનો સ્વામી પાડો હોય, એમ 'જડ મારા' માનનારા બધા જડ છે, મૂઢ છે કહે છે. આહા..હા..! હમણા આવશે ગાથામાં. સમજાણું કાંઈ? ભાઈ! ભારે આકરું કામ.

**'(અર્થાત્ પરદ્રવ્યને પોતાનો પરિગ્રહ કરતો નથી.)'** આહા..હા..! એ તો જ્ઞાતા-દૃષ્ટા સાક્ષીપણે રાગને જાણે છે, રાગ અને રાગના ફળને જાણે છે, પણ મારા છે તેમ ધર્મી માનતો નથી. આહા..હા..! એને અશુદ્ધતા અને કર્મની નિર્જરા થાય છે અને એને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :–** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ સુદ-૧૫, બુધવાર, તા. ૦૫-૦૧-૧૯૭૭, ગાથા-૨૦૭ થી ૨૦૯, પ્રવચન નં. ૨૮૩

સમયસાર, ૨૦૭ ગાથા. **'ભાવાર્થ :– લોકમાં એવી રીત છે કે સમજદાર ડાહ્યો માણસ પરની વસ્તુને પોતાની જાણતો નથી,...'** લૌકિક. **'તેને ગ્રહણ કરતો નથી. તેવી જ રીતે પરમાર્થ જ્ઞાની...'** ધર્મી જીવ જેને આત્મા દ્રવ્યસ્વભાવનું ભાન થયું છે સમ્યગ્દૃષ્ટિ, આત્મા પરમસ્વરૂપ

શુદ્ધ ચૈતન્ય એનો જેને સત્કાર, સ્વીકાર, આદર થઈ ગયો છે, આહા..હા..! એ સમ્યગ્દૃષ્ટિ જીવ '**પરમાર્થજ્ઞાની...**' એમ કહ્યુંને? એકલા જાણપણાની વાત નહિ, પરમાર્થજ્ઞાની. પરમપદાર્થ ભગવાન આત્મા તેનું જેને જ્ઞાન થયું અંદરમાં. જેને એનું જ્ઞાન થયું, '**પોતાના સ્વભાવને જ પોતાનું ધન જાણે છે,...**' પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્યઘન છે એને પોતાનો સ્વભાવ સ્વ માને છે. આહા..હા..! '**પરના ભાવને પોતાનો જાણતો નથી,...**' લક્ષ્મી, શરીર, વાણી એ તો પર છે, પણ અંદરમાં જે પુણ્ય-પાપના ભાવ થાય છે એ પણ પર છે. એ પરને આત્મા નથી જાણતો. ધર્મી પર વિકારને પોતાનો નથી માનતો. આહા..હા..! આવી વાત છે. કહો, શેઠ! પર રાગાદિ પુણ્યના પરિણામ, પાપના ભાવ એ પોતાના નહિ, એ તો પર છે. પૈસા-બૈસા તમારે ક્યાંય રહી ગયા ધૂળ. એ તો પરદ્રવ્ય સ્થૂળ છે. આહા..હા..! આ તો પોતાની પર્યાયમાં પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ થાય છે એ પણ પરવસ્તુ છે, પોતાની ચીજ નથી. ધર્મી પરવસ્તુને પોતાની માનતો નથી. આહા..હા..! આવી વાત છે.

'**પરના ભાવને પોતાનો જાણતો નથી, તેને ગ્રહણ કરતો નથી.** ' આહા..હા..! શુભ-અશુભભાવ થાય છે, પણ ભેદજ્ઞાનથી પરને પર જાણે છે, પોતાના માનતો નથી. આહા..હા..! આવી વાત છે. '**તેને ગ્રહણ કરતો નથી.**' રાગ આવે છે દયા, દાન, વ્રતાદિનો એને જ્ઞાની પોતાનો માની ગ્રહણ નામ એકત્વ એમાં કરતો નથી. આહા..હા..! આવી વાત છે. '**આ રીતે જ્ઞાની પરનું ગ્રહણ-સેવન કરતો નથી.**' આહા..હા..! સ્વભાવની જ્યાં દૃષ્ટિ સ્વીકાર થયો, સત્ય પ્રભુ આત્મા એનો સ્વીકાર ભાનમાં આવ્યો, તો એ ધર્મી જીવ ચાહે તો છ ખંડના રાજમાં દેખાય... સમજાણું કાંઈ? પણ પોતાનો રાગ એ પોતાનો છે એમ માનતો નથી. આહા..હા..! કહો, પોપટભાઈ! પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા. એ તો ત્યાં રહી ગયા મુંબઈ. આહા..હા..!

ચૈતન્ય સ્વદ્રવ્ય પોતાનો જ્ઞાન આનંદ જેનો સ્વભાવ, કાયમી જેનો જ્ઞાન આનંદ કાયમી સ્વભાવ એ પોતાની સંપદા અને પોતાનું ધન છે. ધર્મીની દૃષ્ટિ પોતાની સંપદા ઉપર છે. એ પોતાના સ્વભાવને સ્વ માને છે અને દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ આવે છે તેને પોતાના માનતો નથી અને તેને સ્વપણે તરીકે ગ્રહતો નથી. આહા..હા..! આવી વાત ભારે લોકોને. ધર્મ સાધારણ કરી નાખ્યો, દયા પાળવી, વ્રત કરવા, અપવાસ (કરવા) એ ધર્મ થઈ ગયો, લ્યો! ભાઈ એક આવ્યા હતાને કોક લંડનથી. અપવાસ આમ કરે તો એ વિકલ્પ છે, રાગ છે. તપ તો, ઈચ્છા નિરોધ અતીન્દ્રિય આનંદના સાગરની પર્યાયમાં ભરતી આવવી, અવસ્થામાં અતીન્દ્રિય (આનંદ આવવો તે તપ છે). વાત આ છે.

જ્ઞાનાનંદ આત્માનો સ્વભાવ કાયમી, અસલી, એની જ્યાં અંતરમાં દૃષ્ટિ થઈ, તો પર્યાયમાં એના આનંદ અને જ્ઞાનની નિર્મળ પર્યાય પ્રગટ થાય છે. એ જ પોતાની પર્યાય છે. સમજાણું કાંઈ? અને એ નિર્મળ પર્યાય અને દ્રવ્ય-ગુણ એ પોતાનું સ્વ છે અને એનો એ સ્વામી છે. આહા..હા..! સ્વસ્વામીસંબંધ શક્તિ છે ૪૭ શક્તિમાં. ૪૭ શક્તિ આત્મામાં છે સામર્થ્ય, એમાં એક શક્તિ એવી છે કે સ્વસ્વામીસંબંધ. રાગનું સ્વ અને એનો હું સ્વામી એ એના ગુણમાં નથી. આહા..હા..! એના ગુણમાં સ્વસ્વામીસંબંધ છે એવું દ્રવ્ય જે શુદ્ધ છે એ હું છું અને એના પૂર્ણ ગુણ શુદ્ધ છે એ હું છું અને એની પરિણતિ નિર્મળ

થઈ એ હું છું. પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયની શુદ્ધતા એ પોતાનું સ્વ છે અને એનો એ સ્વામી ધર્મી જીવ છે. આહા..હા..! ભારે વાતું ભાઈ! પતિની એ પત્ની નથી અને પત્નીનો એ પતિ નથી, એ લક્ષ્મીપતિ નથી.

**શ્રોતા :-** ઉદ્યોગપતિ તો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદ્યોગપતિ પણ નથી. ધૂળનો ઉદ્યોગપતિ. મુંબઈમાં એમ કહે કે આ ફલાણો ઉદ્યોગપતિ છે. બે-પાંચ કરોડ, દસ કરોડ ભેગા થયા હોય તો. નામ લખાય ઉદ્યોગપતિ. ધૂળનોય નથી ઉદ્યોગપતિ સાંભળને. રાગનો ઉદ્યમ કરે એ આત્માનો છે સ્વામી? એ આત્મા છે? આહા..હા..!

અહીં તો કહે છે કે જ્ઞાની પરનું સેવન અને ગ્રહણ નથી કરતો. આહા..હા..! પરમાર્થે તો રાગનો કર્તા અને રાગનું સેવન એ આત્માને છે જ નહિ. આવી વાત બિચારાને ધર્મની ખબર ન મળે, એમ ને એમ જિંદગી જાય. આહા..હા..! સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન છે. આહા..હા..! ધર્મી સુખને પંથે ગયેલ સ્વતંત્રતના સ્વીકારવાળો આત્મા, એ રાગાદિ વિકલ્પ જે દયા, દાન, વ્રત, તપનો છે એને પોતાના નથી માનતો. આહા..હા..! સમજાણું કાંઈ? એ એવી શર્ત છે ધર્મમાં. અને રાગાદિનું સેવન પણ પોતાનું માનીને નથી કરતો. આહા..હા..! જાણે છે કે છે. પર તરીકે જાણે છે કે છે. આહા..હા..! એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**માટે, હું પણ પરદ્રવ્યને નહિ પરિગ્રહુ—એમ હવે (મોક્ષાભિલાષી જીવ) કહે છે :-** '

**मज्झं परिग्गहो जदि तदो अहमजीवदं तु गच्छेज्ज।**
**णादेव अहं जम्हा तम्हा ण परिग्गहो मज्झ।।२०८।।**

**પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,**
**હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.**

આહા..હા..! '**ટીકા :- જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' આહા..હા..! ધર્મી પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવનો અનુભવ કરનારો... આહા..હા..! એ ધર્મી એમ માને છે કે હું અજીવ પરદ્રવ્ય... રાગાદિ જે વિકલ્પ છે એ અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ જે છે એ રાગ છે, એ જીવ નથી, એ તો અજીવ છે. કેમકે એમાં ચૈતન્યના ચમત્કારનો કણ નથી. રાગ છે એ તો આંધળો છે. આહા..હા..! આવી વાત! આનો ખુલાસો કરતાં હોય તો ઘરનો અનુવાદ કર્યો એમ કહે છે, લ્યો! પણ આનો ખુલાસો એ છે. એમ કહે છે. આહા..હા..!

'**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' અજીવ શબ્દે એ શરીર ને વાણી ને લક્ષ્મી એ નહિ. અહીં તો પુણ્યના, પાપના ભાવ રાગ પણ અજીવ છે. આહા..હા..! એ જીવ-અજીવ અધિકારમાં આવી ગયું છે. આહા..હા..! ભગવાન જીવ તો જ્ઞાન, દર્શન, આનંદની મૂર્તિ પ્રભુ છે. આહા..હા..! ખબર નથી કે શું છે નિજપદ અને શું છે પર? આહા..હા..! આંધળે આંધળો અનાદિથી (આથડે છે). આહા..હા..!

હું, ધર્મી એમ જાણે છે કે સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્જ્ઞાની આત્માનું જેવું સ્વરૂપ છે, સ્વરૂપ છે એવી પ્રતીતિ અનુભવમાં લેનારો ધર્મી... આહા..હા..! એ એમ માને છે, '**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું તો અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય,...** ' આહા..હા..! ભગવાન આત્મા જ્ઞાતાદૃષ્ટા, આનંદ સ્વભાવના પૂર્ણસ્વભાવી વસ્તુ. ઓહો..હો..! એ પૂર્ણસ્વભાવી વસ્તુ એ હું અને ગુણ પણ હું, એની નિર્મળ પર્યાય જે થાય છે એ પણ હું-સ્વ, પણ જો રાગનો હું સ્વામી થઈ જાઉં અને રાગને ગ્રહણ કરું તો રાગ તો જીવના સ્વાભાવથી વિરુદ્ધ અજીવ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ... તો એ લોકોએ લગાવી દીધું છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા કરવી તે મિથ્યાત્વ. એમ કોણે કહ્યું? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એ રાગ મારો માને તો મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા એ રાગ છે. આહા..હા..! આવી વાતું ઓલાએ નાખી છે. પ્રશ્ન ભાઈએ મૂક્યો છે. આહા..હા..! અરે..! પ્રભુ! માંડ તરવાના પ્રસંગ આવ્યા, આ મનુષ્યપણામાં ભવનો અભાવ કરીને નીકળવાના ટાણા, એમાં આ ક્યાં કર્યું તેં પ્રભુ? આહા..હા..! ભાઈ! એ અવસર નહિ મળે ફરીને. આહા..હા..! ક્યાંય એકેન્દ્રિય, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિયમાં જશે. ક્યાંય પત્તો નહિ ખાય. એને સાંભળવાનું નહિ મળે, તો વિચાર કરવાનો તો ક્યાં રહ્યો? કહે છે કે પ્રભુ! હવે આગ્રહ છોડને એકવાર.

કહે છે કે '**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' એ તો શબ્દ એટલા છે. એમાં આ રાગાદિ અજીવ એ ઘરનો અનુવાદ (કર્યો છે) એમ કહે છે.

**શ્રોતા :-** ખરો અર્થ શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખરો તો અજીવ, શરીર, વાણી, મન, પૈસા, ધૂળ એ. પણ અહીં તો વિકલ્પથી માંડીને બધું અજીવ છે, એ આ જીવ નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**જો અજીવ પરદ્રવ્યને હું પરિગ્રહું...**' હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપી આત્મા, હું જો એ રાગભાવ જે પુણ્યાદિના પરિણામ છે એ અજીવ છે, એમાં ચૈતન્યની ચીજનો કણ નથી, એ રાગ પોતાને જાણતો નથી, રાગ પરને જાણતો નથી, રાગ પરથી જણાય છે, તેથી રાગને અજીવ અને અચેતન કહ્યો છે. પૈસા અચેતન, રાગ અચેતન. કહો, આહા..હા..! હું જો એ રાગને પોતાનો માનું તો તો '**અવશ્યમેવ તે અજીવ મારું સ્વ થાય, હું પણ અવશ્યમેવ તે અજીવનો સ્વામી થાઉં;...**' આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ, વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા જિનવરનો માર્ગ અલૌકિક છે. આહા..હા..! એને ધર્મની દશા પ્રગટમાં આટલી શરતું છે કહે છે. આહા..હા..! ધર્મ જો તને પ્રગટ્યો હોય તો શરત આ છે કે રાગ એ મારો છે એમ તું ન માન, અને રાગ સ્વ થઈ જાય તો તેનો સ્વામી છું એમ નથી. આહા..હા..! શાંતિભાઈ! હવે આ તો ઝવેરાત અને બાયડી-છોકરા ક્યાંય રહી ગયા. મુંબઈ રહે. એકભાઈ હોંગકોંગ રહે છે. શું કહેવાય? હોંગકોંગ. મોટી પેદાશ ત્યાં કરે છે. પૈસા અહીં આપે છે. આહા..હા..! કોણ પેદા કરે પ્રભુ? તને ખબર નથી, ભાઈ! આહા..હા..!

અહીં તો પરમાત્મા જિનેન્દ્રદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એમ ફરમાવે છે એ સંતો એના દ્વારા

આડતિયા થઈને ફરમાવે છે. ભગવાન! તારી ચીજ શું છે તને ખબર નથી. તારી ચીજ તો જ્ઞાન અને આનંદનો ભંડાર છે. આહા..હા..! એ ચીજ સિવાય જે રાગાદિ છે એ તો પરચીજ છે. તો ધર્મી એમ માને છે... દૃષ્ટાંત છેને, કે જે રાગ એ મારો એમ હું માનું, તો રાગ મારું સ્વ થઈ જાય અને સ્વ હોય તો હું એનો સ્વામી થઈ જાઉં. આહા..હા..!

**'અને અજીવનો જે સ્વામી તે ખરેખર અજીવ જ હોય.'** અજીવ છે. ભેંસનો સ્વામી પાડો હોય, માણસ ન હોય. સમજાણું કાંઈ? શું કહ્યું? ભેંસા-ભેંસ. આ ભેંસ નથી હોતી? એ ભેંસનો સ્વામી પાડો હોય છે. એમ ધર્મી કહે છે કે આ અજીવનો સ્વામી હું હોઉં તો હું અજીવ થઈ જાઉં. એય..! આહા..હા..! પ્રભુ! એણે સાંભળ્યું નથી. આહા..હા..! એમાં કાંઈક પાંચ-દસ હજારનો પગાર મળે મહિને અને કાંઈક પચ્ચીસ-પચાસ લાખ રૂપિયા થઈ જાય, કરોડ, બે કરોડ તો એમ થઈ જાય કે અહો! અમે મોટા થઈ ગયા. ધૂળમાંય નથી સાંભળને. સમજાણું કાંઈ? આહા..હા..! પરચીજથી પોતાની મોટપ માની તો પરનો સ્વામી થયો, એ તો પરરૂપ થયો. આહા..હા..! સ્વરૂપ તો ચૂકી ગયો. પોતાના સ્વસ્વભાવને ચુકી ગયો. આહા..હા..! ધર્મી પરભાવને ચૂકી જઈને પોતાના સ્વભાવને પોતાનો માને છે. આકરું કામ છે, ભાઈ! ધર્મ એ ચીજ એવી છે. આહા..હા..!

એમાં એક શબ્દ એવો આવ્યો છે, ભાઈ! દ્રવ્યદૃષ્ટિમાં .. તો પંદર ભવ ... એમ ન હોય. ... દ્રવ્યદૃષ્ટિ થતાં ચારિત્ર ન હોય. તોપણ અહીંયાં સમ્યગ્દૃષ્ટિને સિદ્ધાંતમાં તો એમ લીધું છે કે ચારિત્રવંત હોય એ પંદર ભવે મોક્ષ જાય. એ તો સમ્યગ્દૃષ્ટિ પંદર ભવે (જાય) એ તો અત્યારના કાળની અપેક્ષાએ એમ જ કહ્યું છે. નહિતર સમ્યગ્દૃષ્ટિના સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષામાં તો ઘણા ભવ ગણ્યા છે. ભાઈ! છેને એનો અર્થ. સમ્યગ્દર્શનસહિત ચારિત્ર હોય તો એના ઉત્કૃષ્ટ પંદર ભવ, પણ શ્રીમદ્‌નું જોર એટલું છે એમાં કે સમકિતનું, બહુ હોય તો એના પંદર ભવ એમ કહ્યું છે. આ કાળની અપેક્ષાએ વાત છે. આહા..હા..! એ જરીક બહારથી વાંચીને ફેરફાર કરી નાખ્યો. આહા..હા..! આ .. જાય છે હોં બપોરે.

અહીંયાં તો ભગવાન પરમાત્મા જિનવરદેવ જે કહે છે એ સંત કહે છે. દિગંબર સંત જે મહા ભાવલિંગી આત્મધ્યાની જ્ઞાની એને ભગવત્‌સ્વરૂપ કહે છે. આહા..હા..! ભગવાન! એમાં નથી આવતું? ભગવાન તો નામમાં આવ્યું, આ તો શું કહેવાય? ષટ્‌ખંડાગમ. એના કર્તા નહિ? શું નામ? એની ટીકા કરનારા કેવા? પુષ્પદંત. પુષ્પદંત-ભૂતબલીને ભગવાન કહે છે. ભગવાન! પુષ્પદંત... ભગવાનસ્વરૂપ જ છે એ તો. એ તો જરીક રાગનો ભાગ છે એને ન ગણો તો એ ભગવાન છે. નિયમસારમાં તો એમ જ કહ્યું છે, અરેરેરે..! આપણે જડબુદ્ધિ છીએ તો વીતરાગપણું પામેલા મુનિઓને આપણે ભગવાનની સાથે નથી નાખતા તો એ જડબુદ્ધિ છે, એમ કહ્યું છે. આહા..હા..! જરી રાગ છે એટલો ફેર છે, પણ પછી કાઢી નાખીને વીતરાગપણાની અપેક્ષાએ ... આહા..હા..!

ભગવાન ભટ્ટારક પૂજનિક. ભટ્ટારક એટલે આ ભટ્ટારક અત્યારે છે એ નહિ હોં! સત્ય સર્વજ્ઞ સ્વભાવને અનુભવી અને આનંદનું અંદરમાં પ્રચુર સ્વસંવેદન જેને પ્રગટ થયું, તેને અહીંયાં મુનિ અને ભટ્ટારક કહેવામાં આવે છે. એ ચર્ચા ચાલી હતી. ભાઈ આ ભટ્ટારક શેમાં નાખવા અત્યારે? શાસ્ત્રમાં તો

ત્રણ વેષ ચાલ્યા છે. એક સાધુ, એક અર્જિકા અને એક ક્ષુલ્લક આદિ શ્રાવક. તો ત્રણમાંથી આ નથી એકેય. અને નગ્ન થઈને પછી પાછા લૂગડા લઈ લેવા એનો એનો રિવાજ હોય છે ભટ્ટારકનો. પહેલા નગ્ન થાય કે ભાઈ અત્યારે આ કાળ આવો નથી, ...

**શ્રોતા :-** વિનંતી કરે કપડાની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એનો મૂળ અર્થ. આહા..હા..! એ આવ્યું છે છાપામાં. આ બધું ભેગું થવા માંડ્યુંને આમાં? પલટનમાં આવ્યું હતું. કોણ અત્યારે સાંભળે? પોતાના પક્ષને દઢ કરવા જ્યાં ત્યાંથી વાતું કરે. આહા..હા..! માર્ગ તો બાપુ આવો છે, ભાઈ! આહા..હા..!

કહે છે વાસ્તવમાં જ્ઞાનઘન, ચિદ્‌ઘન, ચિદ્રૂપોહં. એવો જ્ઞાનસ્વભાવી હું આત્મા, એ મારી ચીજ અને હું સ્વ અને એનો હું સ્વામી. પણ એનાથી ભિન્ન જો રાગાદિ ઉત્પન્ન થાય છે, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ જે રાગ છે એ અજીવ છે. આહા..હા..! હવે આ લોકો એમ કહે છે કે વ્યવહારરત્નત્રયથી નિશ્ચય પમાય. વ્યવહારરત્નત્રય તો અનંતવાર કર્યા એવા વ્યવહારાભાસ નિશ્ચય વિના, નવમી ગ્રૈવેયક ગયો ત્યારે. દ્રવ્યલિંગ ધારણ કર્યા, પંચમહાવ્રત પાળ્યા, એને માટે ચોકા કરીને આહાર ન લે પ્રાણ જાય તોપણ, એવી ક્રિયા હતી. શુક્લલેશ્યા. શુક્લલેશ્યા હતી. શુક્લધ્યાન જુદું હોં! શુક્લલેશ્યા જુદી. શુક્લલેશ્યા તો અભવિ જીવને પણ હોય છે. આહા..હા..! તો એવી શુક્લલેશ્યાની ક્રિયાઓ નવમી ગ્રૈવેયક જાય એવી અનંતવાર કરી. એને તો કાંઈ નિશ્ચય પ્રગટ્યો નહિ. આહા..હા..! 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્મજ્ઞાન શું ચીજ છે એની ખબર નહિ અને એ વિના પંચમહાવ્રતાદિ અનંતવાર લીધા, એ તો આસ્રવ અને દુઃખ છે. આહા..હા..! 'આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' તો પંચમહાવ્રત પાળ્યા એ સુખ નથી એમ કહે છે. પંચમહાવ્રત એ દુઃખ છે. આહા..હા..! અહીં તો પંચમહાવ્રતની ક્રિયા કરતો હોય તો થઈ રહ્યું, એ સાધુ છેને ચારિત્ર છે. મિથ્યાદષ્ટિ છે. વસ્તુની ખબર નથી. માર્ગ બાપા બીજો છે પ્રભુનો. આહા..હા..!

કહે છે, '**ખરેખર અજીવ જ હોય. એ રીતે અવશે (લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.**' આહા..હા..! મારી નબળાઈને કારણે જે રાગ થયો, એ રાગને જો હું મારો માનું તો હું લાચારીથી અજીવ થઈ જાઉં. આહા..હા..! ગજબ વાત છેને. શુભભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રનો શુભરાગ. દેવ-ગુરુની શ્રદ્ધા એ મિથ્યાત્વ નથી. દેવ-ગુરુની શ્રદ્ધા એ રાગ છે, પણ રાગને પોતાનો માનવો એ મિથ્યાત્વ છે. રાગને પોતાનો માનવો એ મિથ્યાદષ્ટિ સંસારી, અનંત સંસારી છે. આહા..હા..! સમજાણું? ભાષા તો જુઓ! ઓહો..હો..! '**(લાચારીથી) પણ મને અજીવપણું આવી પડે.**' આહા..હા..! હું તો ચૈતન્યસ્વરૂપ જ્ઞાયક પરમાત્મસ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ મારી ચીજ અને હું એનો સ્વામી. એ તો ધર્મી એમ જાણે છે અને માને છે, પણ કહે છે કે જે રાગ છે એ અજીવ છે એને જો મારો સ્વ માનું અને એનો સ્વામી થાઉં તો હું લાચારીથી અજીવ થઈ જાઉં. આહા..હા..! તો લક્ષ્મી આ સ્ત્રી, કુટુંબ, પરિવાર ને દેશ ને... ભારે! એ મારા છે અને હું એનો સ્વામી છું, તો પરરૂપ થઈ ગયો એ તો. આહા..હા..! આવો માર્ગ ભારે! સમજાણું કાંઈ?

**'મારો તો એક જ્ઞાયકભાવ જ...'** છેને? **'ભાવ જ જે સ્વ છે...'** આહા..હા..! ધર્મી જીવ તો પોતાના જ્ઞાયકભાવને જ પોતાનો માને છે. જાણકસ્વભાવી ભગવાન ચૈતન્યજ્યોત, જ્ઞાનના તેજનું પૂર પડ્યું છે આત્મામાં એ જ્ઞાયક તે હું છું. આહા..હા..! ગાથા બહુ સારી છે. નિર્જરા અધિકાર છેને. આહા..હા..! સારી ગાથા છે. વસંતીલાલજી! તો શું કરવું આ બધું? ઝવેરાત ને પૈસા ને ક્યાં નાખવા? નાખી દેવા? કોણ નાખે ને કોણ કરે? એની માન્યતા કાઢી નાખે કે એ મારા છે એમ નહિ. મારા માન્યા છે એ મારા નથી એમ માન્યતા કાઢી નાખે. વસ્તુ તો પડી છે એ વસ્તુ એને કારણે રહી છે અને એને કારણે આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો ત્યાં સુધી કહે છે કે લક્ષ્મી મારી છે, હું દાન દઉં છું મારી લક્ષ્મી પરને, તો અજીવ થઈ ગયો. સમજાણું કાંઈ? 'લક્ષ્મી અજીવ છે, એ મારી છે, હું દઉં છું.' તો તો અજીવનો સ્વામી થઈ ગયો—જડ થઈ ગયો. આહા..હા..! આવી વાત છે. શેઠ!

**શ્રોતા :-** દેખવામાં તો એમ જ આવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શું દેખવામાં આવે છે? માને છે. માને છેને. લક્ષ્મી જાય છે તો તેને કારણે જાય છે. જડ છે. જડની ક્રિયાવતીશક્તિ એમાં છે. એક સ્થાનેથી બીજે સ્થાને જાય છે એ એની શક્તિથી જાય છે. દેનાર એમ કહે કે મારી છે અને હું દઉં છું.

**શ્રોતા :-** લોકમાં પ્રસિદ્ધિ તો થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોકમાં આબરૂ વધે. લોક પાગલ છે એના લોક વખાણ કરે. પોપટભાઈ! આહા..! બાપુ! ફેરફાર બહુ આ તો. આહા..હા..!

**'મારો તો એક જ્ઞાયક ભાવ જ...'** ભાષા જુઓ! એમ એકાંત નહિ. રાગ પણ મારો છે, આ પણ છે. મોક્ષમાર્ગપ્રકાશકમાં તો એમ લીધું છે કે દાનમાં જે રાગ થાય છે એ પોતાનો છે, લેવા-દેવાની ક્રિયા પોતાની નથી. એ તો અપેક્ષા રાગ મારામાં થયો છે એ અપેક્ષાએ કહ્યું. સમજાણું કાંઈ? મારામાં છે પર્યાયમાં એટલું જાણવા માટે કહ્યું. મમત્વ કરવો નહિ એમ ત્યાં લેવું છે. ભાઈ! પૈસા, લક્ષ્મી, આહાર, પાણી, એ લેવા-દેવાની ક્રિયા મારી નહિ, પણ એમાં જે ભાવ છે એ મારો છે એમ માનવું અને એની શ્રદ્ધા કરવી એ મોક્ષનો માર્ગ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મારું છે એમ મમત્વ પણ કરવું એનો અર્થ કે મારી પર્યાય મારાથી થઈ એમ, પણ સ્વભાવની દૃષ્ટિએ મારું છે જ નહિ. આહા..હા..! કેટલું સમજવું આમાં? આહા..!

સ્વ જ્ઞાયક છું, રાગાદિ પર મારી ચીજ નથી. આહા..હા..! એકકોર રામ અને એકકોર ગામ. ચૈતન્યસ્વભાવ આત્મરામ ભગવાન જ્ઞાયક હું છું અને રાગાદિ પર છે એ અજીવ છે, પર છે, મારા નહિ. કહો, કામાણી! આવી વાત છે. ત્યાં સાંભળવા મળતું નથી એમ કહેતા હતા. બહેન આવ્યા હતા ઘરે કે આ સાંભળવા મળતું નથી. વાત તો સાચી, ભાઈ! આ માર્ગ તો... બહેન તો ત્યાં સુધી કહેતા હતા કે અરે..! આંખમાંથી આંસુ વયા જાય છે એવી વાત સાંભળતા. અરે..! માર્ગ બાપા આ છે, ભાઈ! સુખના પંથ તારા નિરાળા પરમાત્માના છે. આહા..હા..! અહીં તો કહે છે, રાગ મારો છે એવી રાગમાં સુખબુદ્ધિ થઈ જાય તો રાગ મારો થઈ ગયો. સમજાણું કાંઈ? અને મારો હોય તો હું અજીવ થઈ ગયો.

રાગના .. થી અજીવ થઈ ગયો. આહા..હા..!

'એક જ્ઞાયકભાવ...' અસ્તિ-નાસ્તિ કરી. **'એક જ્ઞાયકભાવ જ જે સ્વ છે, તેનો જ હું સ્વામી છું;...'** આહા..હા..! પણ અજીવનો સ્વામી હું નહિ અને અજીવ મારી ચીજ નહિ. આહા..હા..! આ તકરાર મોટી છે, પંડિતજી! વ્યવહારરત્નત્રયત કરતાં-કરતાં નિશ્ચય થશે. વ્યવહાર કરતાં-કરતાં કોઈ પામશે. એમ કે એ રાગનો વ્યવહાર કરશે તો પુણ્ય થશે, સ્વર્ગમાં જાશે. તો સ્વર્ગમાંથી ભગવાન સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં જશે. તો ત્યાં સમકિત પામશે. એમ છે? એમ લખ્યું છે. આહા..હા..! અરે..! ભગવાન! સમવસરણમાં તો અનંતવાર ગયો તું. મહાવિદેહ ક્ષેત્ર જ્યાં ૪૫ લાખ યોજનમાં છે. એ ૪૫ લાખ યોજનમાં કોઈ કણ ખાલી નથી કે જેમાં અનંત જન્મ-મરણ ન કર્યા હોય. ઓહો..હો..! ૪૫ લાખ યોજનમાં મનુષ્ય છે. મનુષ્ય ક્ષેત્ર. એમાં એક કણ ખાલી નથી જેમાં અનંતા જન્મ-મરણ ન કર્યા હોય. ઓહો..હો..! અહીંયાં પણ અનંતા જન્મ-મરણ કર્યા. અહીંયાં પણ અનંતા જન્મ-મરણ કર્યા. ... આહા..હા..! સમજાણું કાંઈ? સમુદ્રમાં મનુષ્ય નહિ, ત્યાં પણ અનંતવાર મરણ પામ્યો. આહા..હા..! સમજાણું કાંઈ? અને અનંતવાર એકન્દ્રિયપણે જન્મ્યો. સમુદ્રમાં મનુષ્ય તો છે નહિ, પણ કોઈ ગર્ભવતી સ્ત્રી હોય અને સમુદ્રમાં પડી ગઈ તો ત્યાં પણ જન્મ થઈ જાય. આહા..હા..! એવા ભવ પણ અનંત કર્યા. સમજાણું કાંઈ? તો ત્યાં પણ મનુષ્યપણે અનંતવાર જન્મ્યો અને મનુષ્યપણે અનંતવાર મર્યો. આહા..હા..!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યુંને. પણ આ રીતે કોઈ સ્ત્રી ત્યાં ગઈ અને પડી અને એમાંથી ત્યાં પ્રસવ થઈ ગયો અને આયુષ્ય હોય તો બચી ગઈ અને કોઈ દેવ આદિ મળ્યું હોય તો એને બહાર કાઢે. આહા..હા..! એવું પણ અનંતવાર થયું છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ? સમુદ્રના કણેકણ ઉપર અનંત સિદ્ધ થયા છે, લ્યો! કેમકે કોઈ દેવ, મુનિ આત્મધ્યાની, જ્ઞાનીને ઉપાડી જાય, ત્યાં નાખી દે અને ત્યાં કેવળજ્ઞાન પામીને ત્યાંથી મોક્ષે ચાલ્યા જાય સીધા. કેમકે ૪૫ લાખ યોજનમાં કોઈ કણ ખાલી નથી કે જ્યાં અનંતા સિદ્ધ નથી ઉપર. સિદ્ધ થાય છે તો સીધા થાય છે. લવણસમુદ્ર બે લાખ યોજનનો છે, એમાં માથે અનંત સિદ્ધ છે. તો એ સિદ્ધ ક્યાંથી થયા? અહીંથી મરીને ત્યાં જાય એમ બનતું નથી. સીધા જાય છે. લવણસમુદ્રમાંથી મનુષ્યને નાખ્યા, સાધુને અંદર અને ધ્યાનમાં આવી ગયા અંદર, દેહ છૂટી ગયો. કેવળજ્ઞાન થઈને ત્યાંથી મોક્ષ જાય. અનંત સિદ્ધ છે. લવણસમુદ્રની ઉપર અનંત સિદ્ધ છે. અને સિદ્ધ થાય એ સીધી શ્રેણીથી થાય છે. ત્યાંથી અનંતા ગયા લવણસમુદ્રથી. આહા..હા..! ભાઈ! માર્ગ એ તો વીતરાગની વાત કોઈ અપાર ગંભીર છે. અનાદિ... અનાદિ... અનાદિ કાળ. અનાદિનો રખડે છે, રઝળે છે. ક્યાંય અંત છે? શરૂઆત છે ક્યાંય? અનાદિ... અનાદિ... અનાદિ... એમાં દરેક સ્થાનમાં, દરેક સમયમાં અનંતવાર જન્મ્યો-મર્યો.

તો અહીં કહે છે કે હું જો રાગાદિ અને પરને મારા માનું તો હું જરૂર લાચારીથી અજીવ થઈ જાઉં, પણ હું તો અજીવ નથી. હું તો જ્ઞાયકસ્વભાવી આત્મા છું. આહા..હા..! **'હું તો જ્ઞાતા જ રહીશ,...'**

છે? '**માટે મને અજીવપણું ન હો,...**' આહા..હા..! પહેલા અજીવ થઈ જાઉં તો.. જો સ્વામી થઈશ તો અજીવ થશે એમ કહીને હવે નાસ્તિથી કહ્યું. આહા..હા..! '**માટે મને અજીવપણું ન હો, હું તો જ્ઞાતા જ રહીશ,...**' ધર્મી તો એમ જ જાણે છે કે હું તો જાણનાર-દેખનાર રહીશ, હું કોઈ રાગરૂપે અને પરરૂપે નહિ થાઉં. આહા..હા..! છેને અંદર? છે કે નહિ શેઠ? આહા..હા..! સમયસાર અજોડ ભરતક્ષેત્રનો સૂર્ય છે. કેવળજ્ઞાની સૂર્ય. આહા..હા..! આગળ લખ્યું છેને અદ્વૈત, અજોડશાસ્ત્ર, અજોડ શાસ્ત્ર છે. આહા..હા..! છેલ્લા કળશમાં અદ્વૈતચક્ષુ (કહ્યું). ઓહો..! '**હું તો જ્ઞાતા જ રહીશ, પરદ્રવ્યને નહિ પરિગ્રહું.**' આહા..હા..! વ્યવહારરત્નત્રયનો વિકલ્પ થશે પણ એને હું મારો નહિ માનું. આહા..હા..! અને મેં કર્યો એમ પણ નહિ અને મારી એ ચીજ નથી અને હું એનો સ્વામી નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- નિશ્ચયનયથી...**' યથાર્થદૃષ્ટિથી '**એ સિદ્ધાંત છે...**' નિશ્ચય નામ વાસ્તવિક નયની દૃષ્ટિએ એ સિદ્ધાંત સિદ્ધ છે કે '**જીવનો ભાવ જીવ જ છે.**' ભગવાન આત્માનો ભાવ જાણક આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એ જીવનો ભાવ જીવ છે. સમજાણું કાંઈ? '**તેની સાથે જીવને સ્વ-સ્વામીસંબંધ છે;...**' પોતાનો સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક દૃષ્ટા આનંદ એ પોતાનું સ્વ છે અને એનો આત્મા સ્વામી છે. જીવનો સ્વભાવ એ પોતાનું સ્વ છે અને એનો એ સ્વામી છે. આહા..હા..! '**અને અજીવનો ભાવ અજીવ જ છે,...**' આહા..હા..! '**તેની સાથે અજીવને સ્વ-સ્વામીસંબંધ છે.**' આહા..હા..! રાગનો સ્વસમયસંબંધ અજીવની સાથે છે. આહા..હા..! એ રાગાદિ અજીવ છે અને એનો સ્વામી પણ અજીવ છે. આહા..હા..! આવી વાતું. નિર્જરા અધિકાર છેને. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ એ મારી ચીજ છે, રાગાદિ હું નહિ. રાગ તો મારા જ્ઞાતાનો વ્યવહાર જ્ઞેય છે, એ મારી ચીજ ક્યાંથી થઈ? આહા..હા..! એવી અનુભવ દૃષ્ટિ થાય ત્યાં કર્મની અને અશુદ્ધતાની નિર્જરા થાય છે. આહા..હા..! આ નિર્જરા અધિકાર છેને? અને રાગ પોતાનો છે એમ માને છે ત્યાં મિથ્યાદર્શનનો નવો બંધ પડે છે. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! આહા..હા..!

કહે છે કે હું, અજીવ પદાર્થ છે એને મારો માનું તો હું અજીવ થઈ જાઉં. કહો, આ પૈસા કમાતા હોય બે લાખ, પાંચ લાખ, દસ લાખ. ખુશી ન થઈ જાય? એય..! કાંતિભાઈ! આજે પાંચ લાખ પેદા થયા, બનાવો લાપસી. લાપસી કહે છેને. શું કહે છે? લાપસી. આજ તો પાંચ લાખ કમાયા. ... હવે એક રૂપિયો નાખ્યો હતો, શું કહેવાય એ? લોટરી. એક રૂપિયો નાખ્યો તો પાંચ લાખ આવ્યા. એક બાઈને ઘણા પૈસા આવ્યા તો ગાંડી થઈ ગઈ, પાગલ થઈ ગઈ. એક રૂપિયો. આહા..હા..! એમાં ધૂળ શું? તને શું થયું? અરેરે..! મૂર્ખાઈ તો એણે એટલી સેવી છે. પૈસા મને મળ્યા અને હું ધનાઢ્ય થયો. હું લક્ષ્મીપતિ થયો. લક્ષ્મીનો પતિ થયો, જડ થયો. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! આ શેઠ કાનપુર જાય તો કેટલા પૈસા લાવે છે? અત્યારે મરી ગયા એ વળી તમારે. અમરચંદજીનું ..માં આવ્યું છે હોં. બીજા છાપામાં આવ્યું છે. અમરચંદજી ગુજરી ગયા. બીજા છાપામાં આવ્યું છે. જૈનમિત્રમાં કે એમાં આવ્યું છે. રુચિવાળો જીવ હતો. બહુ પ્રમોદ. સત્ય વાત સાંભળીને એટલો પ્રમોદ અંદરથી (આવે)..

ઓહો..હો..! આ માર્ગ તો માર્ગ એવો છે. અરે..! ભાઈ! તારી ચીજ તારી પાસે છેને. આહા..હા..! તારી ચીજ જ તું છો. રાગાદિ તું છો જ નહિ ત્રિકાળમાં. આહા..હા..!

'**જો જીવને અજીવનો પરિગ્રહ માનવામાં આવે...**' ભગવાન આત્માનો રાગાદિ પરપદાર્થ એને પોતાના માનવામાં આવે... આહા..હા..! '**તો જીવ અજીવપણાને પામે;...**' તો જીવ છે તે અજીવપણે પરિણમી જાય જડપણે. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે, જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે.**' કહો, વિજય! જુઓ આવું આવ્યું. બધી ગાથા એવી છે. બાપનું દવાખાનું મૂકીને (આવ્યો છે), પૈસા તો ઘણા થઈ ગયાને. કોના પણ? આહા..હા..! શું કીધું? '**માટે, જીવને અજીવનો પરિગ્રહ પરમાર્થે માનવો તે મિથ્યાબુદ્ધિ છે.**' મિથ્યાશ્રદ્ધા છે. આહા..હા..! અજીવને જીવ માને તો મિથ્યાત્વ એમ નથી આવતું? આવે છે કે નહિ? પચ્ચીસ મિથ્યાત્વમાં આવે છે. સ્થાનકવાસીમાં આવે છે, પણ બોલે એને કાંઈ ભાન નહિ. અજીવને જીવ માને તો મિથ્યાત્વ, જીવને અજીવ માને તો મિથ્યાત્વ, સાધુને કુસાધુ માને તો મિથ્યાત્વ, કુસાધુને સાધુ માને તો મિથ્યાત્વ. ઘડિયા હાંકે જાય. પચ્ચીસ મિથ્યાત્વ આવે છેને ભાઈ? પચ્ચીસ આવે છે. ભાઈ બચુભાઈને ખબર છે. પચ્ચીસ મિથ્યાત્વ આવે છે. પડિક્કમણામાં આવે છે. અરે..! બાપુ! આ તો મારગડા જુદાં, નાથ! આહા..હા..! સ્વરક્ષા ઉપર લક્ષ દ્યો. શ્રીમદ્‌નું વાક્ય છે. સ્વરક્ષા ઉપર લક્ષ દે. તારું સ્વરૂપ જ્ઞાયકભાવ છે એની રક્ષા કરવામાં લક્ષ દે. પરની રક્ષા કરવા જઈશ તો તને રાગ થાશે. આહા..હા..! અને રાગને પોતાનો માનીને મેં રાગ કર્યો અને એ રાગ મારો... ઓહો..હો..! મિથ્યાદૃષ્ટિ થઈ જઈશ. જૈનની શ્રદ્ધા તને નહિ રહે. જૈન ભગવાન કહે છે એ શ્રદ્ધા તને નહિ રહે. આહા..હા..! એવો માર્ગ.

'**જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ.**' જ્ઞાની શબ્દે ધર્મી. કોઈ કહે કે એ જ્ઞાની જુદાં અને ધર્મી જુદાં. ધર્મી કહો કે જ્ઞાની કહો. આહા..હા..! જેને આત્મધર્મની દૃષ્ટિ પ્રગટી છે, આહા..હા..! જેને પોતાનો સ્વભાવ જ્ઞાન અને આનંદ એની પ્રતીતિ થઈ તો પ્રતીતિને કાળે અનંતુગણનું પરિણમન શુદ્ધનો અંશ પ્રગટ થયો છે. આહા..હા..! એવા '**જ્ઞાનીને એવી મિથ્યાબુદ્ધિ હોય નહિ.**' એ વ્યવહારરત્નત્રય રાગ મારો છે એનાથી મને લાભ થશે. રાગથી મને લાભ થશે તો એનો અર્થ કે રાગ મારો છે એમ થઈ ગયું. આહા..હા..! સોનગઢનું જરી કઠણ પડે છેને એટલે માણસને એમ (ભરમાવે), એય..! ત્યાં જાશો નહિ, નહિતર ત્યાં જાદુગર છે. ભગવાન! અહીં જાદુગર તો ચૈતન્યનું છે. આહા..! અરે..! ખબર ન મળે માણસને ખબર નહિ.

'**જ્ઞાની તો એમ માને છે કે પરદ્રવ્ય મારો પરિગ્રહ નથી, હું તો જ્ઞાતા છું.**' આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ નારકી હો નરકમાં કે તિર્યંચમાં સમકિતી, અસંખ્ય સમકિતી છે સ્વયંભુરમણ સમુદ્રમાં, એ બધા આમ માને છે કે રાગ મારો નહિ, શરીર મારું નહિ. આહા..હા..! સિંહ અને વાઘ સમિકિતી હોય છે. સિંહ-સિંહ, વાઘ. એ આત્મજ્ઞાની હોય છે અંતરમાં. એ પણ એમ માને છે કે શરીર મારું નહિ, રાગ મારો નહિ. સમ્યક્ થયા પછી માંસ આદિનો ખોરાક એને હોતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

હજાર યોજનનું એક થાય છે કમળ. સમુદ્રમાં હજાર યોજનનું લાંબુ કમળ થાય છે, મોટું કમળ. એનો ખોરાક લે છે. સમજાણું કાંઈ? મોટું કમળ થાય છે. આહા..હા..! દૃષ્ટિ ફરી ગઈને એમાં. ભગવાનનો જીવ જુઓ! મહાવીર ભગવાનનો જીવ દસમે ભવે સિંહ હતા સિંહ. ભગવાન ત્રિલોકનાથ મહાવીર દસમે ભવે એ સિંહ હતા. એ સિંહ હરણને થાપો મારીને ખાતા હતા. આહા..હા..! ઉપરથી મુનિ ઉતર્યા. સિંહે આમ જોયું કે મારી નજીક આવતો માણસ ભાગી જાય છે. આ ઉપરથી મારી પાસે આવ્યા, આ શું છે? એકદમ બુદ્ધિ ફરી ગઈ. મારી નજીક પશુ કે મનુષ્ય આવે તો પણ ભાગી જાય છે. આ તો ઉપરથી મારી પાસે આવે છે. બે મુનિ હતા. આમ જોવે છે. હરણ ઉપર થાપ છે. આહા..હા..!

**શ્રોતા :–** કાળલબ્ધિ પાકી ગઈ હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કાળલબ્ધિ પણ પુરુષાર્થ કરે ત્યારે કાળલબ્ધિ આવે. પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિ પાકે છે.

**શ્રોતા :–** નિમિત્ત આવ્યું તો પુરુષાર્થ થયોને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નહિ, પુરુષાર્થ પોતાથી થયો ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. પરથી શું થયું? અંતરમાં એકદમ જાગૃત અંદર. ઓહો..હો..! આંસુની ધારા. મુનિ આમ હાથ .. એટલામાં છેને ક્યાંક. ઓલામાં છે. અહીં છે. આમ મુનિ છે. અરે..! સિંહ! આ શું? તું તો દસમા ભવે ત્રણલોકના નાથ તીર્થંકર થવાના છો. આ શું? આહા..હા..! આંખમાંથી આંસુની ધારા. એકદમ સ્મરણ થઈ ગયું. ખાવાનું બંધ કરી દીધું. બધો ખોરાક બંધ કરી દીધો. આનંદમાં ઝૂલતા-ઝૂલતા દેહ છૂટી ગયો. આહા..હા..! સ્વર્ગમાં ગયો. સિંહ સ્વર્ગમાં ગયો. આહા..હા..! અહીંથી આઠ ભવ ગયા. આહા..હા..! આત્માની દશા તો જુઓ! સિંહના ભવમાં સમ્યગ્દર્શન પામ્યા. આહા..હા..! અહીં મનુષ્યભવમાં સત્ય સાંભળવા મળે નહિ, સમ્યગ્દર્શન ક્યાંથી પામે? આહા..હા..! એને જંગલમાં મળ્યું. ક્યાં ત્યાં જંગલમાં. ઉપરથી મુનિ ચાલ્યા જતા હતા. અરે.. સિંહ! ભગવાને અમને એમ કહ્યું છે. કેવળી પરમાત્માએ કહ્યું છે કે આપનો જીવ તીર્થંકરનો છે અને તમે દસમે ભવે તીર્થંકર થશો. આહા..હા..! એવું જ્યાં સાંભળ્યું ત્યાં.. આહા..હા..! આંખમાંથી આંસુની ધારા અને અંદરમાં કર્મની ધારા છૂટી ગઈ. આહા..હા..! અરે..! હું તો જ્ઞાયકસ્વભાવ છું. આ શું? હું તો ચૈતન્યસ્વરૂપી પરમબ્રહ્મ છું. આનંદસ્વરૂપી હું આત્મા, આ શું? એમ ધ્યાન કરવાથી સમ્યગ્દર્શન થાય છે. આહા..હા..! હજી તો .. પડ્યું છે. વિકલ્પથી રાગથી હટીને ભગવાન જ્ઞાયકમાં દોર લઈ ગયા. આહા..હા..! ઉતરી ગયા અંદરમાં.

**શ્રોતા :–** મુનિએ વિવેક જગાડી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :––** જગાડ્યો. જાગ્યો ત્યારે જગાડ્યો કહેવાય કે નહિ? આમ કીધું એટલે ... એ તો પોતે ઉપાદાનથી જાગ્યો. આહા..હા..!

**શ્રોતા :–** મુનિ આવ્યા ત્યારે જાગ્યોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ના, ના; એ વખતે પોતાનો સ્વકાળ હતો એ. સમ્યગ્દર્શન પ્રાપ્તિનો સ્વકાળ હતો તે ક્ષણે. તે કાળે એ પામ્યા. ત્યાં પણ સ્વકાળમાં ... એની દૃષ્ટિ ત્યાં હોય છે જ્ઞાયક ઉપર. એટલા

શબ્દમાં. એમ કે ક્રમબદ્ધનો કેવળજ્ઞાનીની પ્રતીતિ સમ્યગ્દૃષ્ટિ હોય એને પ્રતીતિ હોય છે. આ બધું વાંચીને રાખ્યું છેને. ક્રમબદ્ધની પ્રતીતિ અને કેવળજ્ઞાનની પ્રતીતિ એને થાય કે જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે એને. રાત્રે આવવું. વાંચન થશે. થોડું વહેલા આવવું. સમજાણું કાંઈ? આહા..હા..!

'હું તો જ્ઞાતા છું.' આહા..હા..! અને '**વળી આ (નીચે પ્રમાણે) મારો નિશ્ચય છે—એમ હવે કહે છે :—**' સમ્યગ્દૃષ્ટિ તો એમ માને છે કે મારો તો એ નિશ્ચય છે. આહા..હા..!

छिज्जदु वा भिज्जदु वा णिज्जदु वा अहव जादु विप्पलयं।
जम्हा तम्हा गच्छदु तह वि हु ण परिग्गहो मज्झ।।२०९।।

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

આહા..હા..! વિશેષ કહેશે... (શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

---

**પોષ વદ-૧, ગુરુવાર, તા. ૦૬-૦૧-૧૯૭૭,**
**ગાથા-૨૦૯-૨૧૦, કળશ-૧૪૫, પ્રવચન નં. ૨૮૪**

સમયસાર, ૨૦૯ ગાથા ચાલે છે ૨૦૯. નિર્જરા અધિકાર છે. શું કહે છે? ટીકા. ૨૦૯ની ટીકા. ધર્મી એને કહીએ કે 'હું તો ટંકોત્કીર્ણ જ્ઞાયક આનંદસ્વરૂપ હું પૂર્ણ છું એવી જેને દૃષ્ટિ થઈ હોય' એને ધર્મી કહીએ. સમજાણું કાંઈ? હું આનંદ અને જ્ઞાનસ્વભાવી આત્મા છું, પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદસ્વરૂપ, એવી જેને દૃષ્ટિ થઈ એ આત્મા પૂર્ણાનંદનો સ્વીકાર કરે છે. સમજાણું કાંઈ? એ કહે છે કે '**પરદ્રવ્ય છેદાઓ,...**' મારાથી ભિન્ન પરદ્રવ્ય શરીર, વાણી, કર્મ છેદાઈ જાઓ તોપણ એ મારી ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શરીરાદિના ટૂકડા થઈ જાય તો એ કંઈ મારી ચીજ નથી. આહા..હા..! કહો, પોપટભાઈ! શરીર તો જડ છે, અજીવ છે, એ કાંઈ આત્મા નથી. આહા..હા..! આગળ વિશેષ લેશે. પુણ્ય અને પાપના ભાવ એ પણ મારા નથી, એ તો વિકાર છે. આહા..હા..!

**શ્રોતા :-** એ પરદ્રવ્ય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક સ્વદ્રવ્ય જ મારું છે. આહા..હા..! મિથ્યાત્વનો નાશ કરવાનો ઉપાય આ છે. પર શરીર મારું છે, દયા, દાનનો વિકલ્પ જે ઊઠે છે પુણ્ય એ મારું છે, એ મિથ્યાત્વ છે. મોટું પાપ છે. આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! જિનવર વીતરાગ પરમેશ્વર જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણ્યા એ ભગવાન નિર્જરા અધિકારમાં આ કહે છે. આહા..હા..! ધર્મી તો, હું તો આત્મા છું અને એ આત્મા પણ અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનથી પૂર્ણ ભરેલો છે. આહા..હા..! એવા આત્મામાં અહંબુદ્ધિ થવાથી, પરપદાર્થમાંથી અહંબુદ્ધિ જ્ઞાનીની છૂટી જાય છે. આહા..હા..!

શરીર પણ મારું નથી, આ તો જડ ધૂળ છે, માટી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ક્યારે? જીવ વયો જાય ત્યારેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. જીવ જાતો હતો ક્યાં? જીવ છે. આહા..હા..! અત્યારે જે અંદરમાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ, જાત્રાનો થાય છે એ પુણ્ય શુભોપયોગ પુણ્ય છે, હું નહિ, મારી ચીજ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? એનો મિથ્યાત્વ નાશ થાય છે આ કારણે. શું કરવું એમ માણસ કહે છે. આ કરવું કે હું તો જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ છું, મારાથી ભિન્ન જે રાગાદિ, શરીરાદિ છે, કુટુંબ, કબિલા, લક્ષ્મી તો ક્યાંય દૂર રહી ગઈ. આહા..હા..! દીકરો મારો છે, દીકરી મારી છે, સ્ત્રી મારી છે એ માન્યતા મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વ છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** હોય એને ઘરમાંથી કાઢી મૂકવા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં છે? એની પાસે ક્યાં છે? એ તો એની પાસે છે. પૈસા પૈસામાં, બાયડી બાયડીમાં, કુટુંબ કુટુંબમાં. એની પાસે ક્યાં આવ્યા છે અને એના ક્યાં છે? આહા..હા..! સમજાણું કાંઈ? આ વાત, વીતરાગ જિનવરદેવ પરમેશ્વર સીમંધર સ્વામી ભગવાન મહાવિદેહમાં બિરાજે છે ત્યાંથી આ વાત આવી છે. કુંદકુંદાચાર્ય દિગંબર સંત સંવત્ ૪૯માં ત્યાં ગયા હતા ભગવાન પાસે. બિરાજે છે. ત્યાં આઠ દિન રહ્યા, ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યું છે. આહા..હા..! ઝીણી વાત, ભાઈ! આહા..હા..!

નવ તત્ત્વ છેને. તો અજીવ તત્ત્વ પોતાનું ક્યાંથી થયું? અને અંદર પુણ્ય-પાપના ભાવ એ આસ્રવ તત્ત્વ છે, તો એ આસ્રવતત્ત્વ પણ પોતાનું ક્યાંથી થયું? પોતાનું હોય તો આસ્રવ-અજીવ અને જીવ ભિન્ન રહેતા નથી. આહા..હા..! અત્યારે લોકોને મુશ્કેલ પડે. કદી સાંભળ્યું નથી ને સાંભળવા મળતું નથી. બસ આમ કરો, આમ કરો. વ્રત કરો, અપવાસ કરો, ભક્તિ કરો, પૂજા કરો, જાત્રા કરો, તમને ધર્મ થઈ જશે. આહા..હા..! બહુ માર્ગ ફેર છે, ભાઈ! ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ, સત્ નામ પોતાથી શાશ્વત અને જ્ઞાન ને આનંદ જેનો સ્વભાવ, એવા અનંતગુણનું ધામ, અનંતગુણનું ગોદામ ભગવાન છે. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ પોતાના પૂર્ણાનંદસ્વરૂપ તરફ જુકે છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ!

**શ્રોતા :-** મુનિઓને...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમકિતીને પણ એ છે. મુનિને છે શું? આ તો સમકિતીની વાત ચાલે છે. એને હજી આ બધું બાયડી, છોકરા હોય તો અમારા છેને અહીં. શેઠ!

અહીંયાં તો પ્રભુ એમ કહે છે કે એ રાગનો કણ અને રજકણ એ પણ મારા છે એ મિથ્યાદૃષ્ટિ મૂઢ અજ્ઞાની છે, એને જૈનધર્મની ખબર નથી. આહા..હા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એણે જે જાણ્યું, એમ કહ્યું, એમ છે. તો એમ કહે છે કે ધર્મી જીવ '**પરદ્રવ્ય છેદાઓ,...**' મારાથી પરદ્રવ્ય, શરીર, લક્ષ્મી, કુટુંબ છેદાઈ જાવ, ટૂકડા થઈ જાવ, મારા નથી. આહા..હા..! આવી વાત! હું તો ચૈતન્યસ્વરૂપ ભગવાન મૂર્તિ આત્મા છું. આહા..હા..! ધર્મીની દૃષ્ટિ પોતાના પૂર્ણ સ્વભાવ ઉપર હોય છે, એ મારી

ચીજ છે. આહા..હા..! તો કહે છે આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય. એની ટીકા કરનાર આ કુંદકુંદાચાર્ય વચમાં છે. ટીકા કરનારા અમૃતચંદ્રાચાર્ય છે પેલી બાજુ. દિગંબર સંત જંગલમાં વસતા હતા. એ ભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્યે આ બનાવ્યું. ભગવાન તો એમ કહે છે કે પ્રભુ! તને ધર્મ થાય અને કર્મની નિર્જરા થાય, ક્યારે? કે તારી ચીજમાં તારી દૃષ્ટિ પડી હોય અનુભવમાં (ત્યારે નિર્જરા થાય). મારી અનુભૂતિથી રાગાદિ ભિન્ન છે. આહા..હા..! ધર્મીની અનુભૂતિ ચૈતન્યસ્વરૂપની અનુભૂતિ એમાં રાગ અને શરીર પ્રકાશમાં નથી આવતા. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત ભારે ભાઈ ઝીણી, બાપુ! જન્મ-મરણરહિતનો ઉપાય અલૌકિક છે. આહા..હા..!

અનુભૂતિથી ભિન્ન કહ્યું છેને ભાઈ, ૫૦ થી ૫૫. એનો અર્થ એ છે કે હું તો જ્ઞાનાનંદ સહજાનંદ સ્વરૂપ હું છું તો મારી જે આનંદની અનુભૂતિ છે એમાં એ રાગ ને શરીરનો ભાવ આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત હવે. સમજાણું કાંઈ? આ બધી જિનવાણી છે. પોણા ચાર લાખ અક્ષર વીતરાગ દિગંબર સંતની વાણી છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીના ખોળામાં બેઠા છે. વાણી એમ કહે છે. આહા..હા..! હું આત્મા આનંદસ્વરૂપ, મારી જ્ઞાનની અનુભૂતિમાં રાગ આવતો નથી, શરીર આવતું નથી, એ તો બાહ્ય ચીજ રહી, પણ પુણ્ય-પાપના વિકલ્પ પણ મારી અનુભૂતિથી બહાર રહે છે, અનુભૂતિમાં આવતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! સાધારણ માણસને બિચારાને કહે. ભાઈ! માર્ગ સાધારણ નથી. તું ત્રણલોકનો નાથ પરમાત્મસ્વરૂપ તારી ચીજ છે, ભાઈ! આહા..હા..! અપ્પા સો પરમઅપ્પા. એય..! શેઠ! આવે છે કે નહિ? ક્યાં પણ સાંભળીને ક્યાં ઠેકાણા કર્યા છે? તારણસ્વામી નથી કહેતા એમાં? શેઠ ક્યાં ગયા? અપ્પા સો પરમઅપ્પા. આવે છે? આવે છે. ઘણે ઠેકાણે આવે છે.

આત્મા છે એ જ પરમાત્મા છે. આહા..હા..! તો એ પરમાત્મા, પરમ આત્મા એટલે પરમ સ્વરૂપ જેનું જ્ઞાન અને આનંદ. આહા..હા..! એવી અનંત શક્તિનો સાગર પરમાત્મા (છે) એનું જેને ભાન થયું એ એમ માને છે કે મારી ચીજથી પર ચીજ શરીર હોય, પૈસા હોય, આબરૂ હોય... આહા..હા..! એ છેદાય જાવ તો મારી ચીજ નથી એ તો. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! મારી આબરૂ ગઈ, પણ તારી આબરૂ હતી ક્યાં? તારી આબરૂ તો અંદરમાં છે. સમજાણું કાંઈ? હું આબરૂ વિનાનો થઈ ગયો, અપમાન મારું થયું. ભગવાન! તું કોણ છો? તારું અપમાન કોણ કરી શકે? જેને આત્માનું જ્ઞાન છે એ કરી શકે નહિ અને જેને આત્માનું જ્ઞાન નથી, એણે આત્મા જોયો નથી, એ પણ કરી શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? માર્ગ સૂક્ષ્મ છે, ભગવાન! વીતરાગ જિનેશ્વરદેવ, વીતરાગદેવ પરમેશ્વર પરમાત્મા, એવી ચીજ બીજે ક્યાંય છે નહિ. છે એને ખબર નથી. આહા..હા..!

કહે છે કે '**પરદ્રવ્ય છેદાઓ,...**' લક્ષ્મી છેદાઈ જાવ, શરીરના ટૂકડા થઈ જાવ. '**અથવા ભેદાઓ,...**' ભૂક્કો થઈ જાવ. ભૂક્કો સમજો છો? ચુરો. છેદાવમાં ટૂકડા થઈ જાય અને ભેદાવમાં ભૂક્કો થઈ જાય. ઓહો..હો..! કેમકે મારી ચીજ એ છે નહિ. એ ચીજ છેદાઓ કે ભેદાઓ મારામાં કાંઈ થતું નથી. આહા..હા..! એકદમ પાંચ-પચાસ લાખ થઈ ગયા હોય. તો કહે છે, એ ચીજ મારી નથી

અને આબરૂ ચાલી જાય તોપણ એ તારી ચીજ નથી. આબરૂ કોની? આહા..હા..!

**શ્રોતા :–** આબરૂ ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આબરૂ શું છે? આબરૂ કોની છે? ધૂળની છે? શેઠને જ્યાં હોય ત્યાં બેસાડે ને મોઢા આગળ. બુંદેલખંડના બાદશાહ છે એ. સાગર-સાગર. આ બેય ભાઈઓ છે. ધૂળમાંય નથી. બુંદેલખંડ શું અને એનો બાદશાહ શું? પોતાનો આત્મા આનંદસ્વરૂપ એનો બાદશાહ આત્મા છે. આહા..હા..! અખંડાનંદ પ્રભુ.. આહા..હા..! એમાં કહ્યુંને એ. સોગાનીએ કહ્યું, દ્રવ્યદૃષ્ટિમાં કે કોઈ કહે કે ભરત ચક્રવર્તીએ છ ખંડ સાધ્યા હતા. ના, ના; તને ખબર નથી. છ ખંડ તો પરચીજ છે એને સાધ્યા નથી. ત્યારે શું સાધ્યુ? અખંડ સાધના કરી હતી. ખંડ નહિ, અખંડ. આવે છેને? આવે છે. આહા..હા..! એ ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં 'એ પત્નીનો હું પતિ છું અને પૈસાનો હું લક્ષ્મીપતિ છું અને ઉદ્યોગપતિ હું છું' એમ ધર્મી માનતો નથી. આહા..હા..! ભારે ભાઈ, આ તો બાવા થાય ત્યારે બેસશે એમ હશે? કોઈ એમ કહેતું હતું એક જણો, નહિ? આપણે અમૃતલાલ. અમૃતલાલ હતાને. જરીયામાં રહે છેને. પણ બાવો જ છે. આત્મામાં કોઈ રાગ નથી, પર નથી, પરથી ભિન્ન આત્મા છે. સમજાણું કાંઈ?

નિર્જરા કોને થાય ધર્મ? કે જેને પોતાના આત્મામાં આનંદમૂર્તિ હું છું અને પરદ્રવ્ય છેદાઓ, ભેદાઓ મારી ચીજ નથી. આહા..હા..! હું તો થનારી ચીજનો નિજ જ્ઞાતા-દૃષ્ટામાં જાણનાર છું. આહા..હા..! સમજાણું કાંઈ? '**પરદ્રવ્ય છેદાઓ અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ,...**' છે? ચોર લઈ જાવ, પર લઈ જાવ. અમારે શું? મારી ક્યાં ચીજ છે તે લઈ જાય. આહા..હા..!

**શ્રોતા :–** તાળા-કુંચી રાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** તાળા-કુંચી રાખે છે એ તો મમતા છે માટે. એ રાખી એ તો વિકલ્પ એટલો છે ત્યાં બનવાનો કાળ છે તો બને છે એ. એ તાળા કુંચી આત્મા દઈ શકે એમ છે નહિ. એ તો જડની ક્રિયા છે. તાળા-કુંચી જડની ક્રિયા છે. આત્મા કરી શકતો નથી એ તાળા-કુંચીને. આહા..હા..! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? તિજોરીમાં તાળુ મારે. કોણ દે? એ તો જડની દશા છે, પરમાણુ માટીની દશા છે. તાળુ બંધ થાય ને ખુલે છે એ તો એને કારણે છે, તારા કારણે છે? આહા..હા..! શ્રીમદ્ કહે છે એકવાર. શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતા. લાખો રૂપિયાનો ઝવેરાતનો ધંધો હતો ઝવેરાત, મુંબઈમાં. નાની ઉંમરમાં દેહ છૂટી ગયો. ૩૩ વર્ષ. તો એકવાર કહેતા હતા કે અરે..! મારામાં તો એક તણખલાનો ટૂકડો કરવાની પણ શક્તિ નથી. તણખલું શબ્દ એમ છે. તણખલાના બે ટૂકડા કરું એવી મારી શક્તિ નથી. આહા..હા..! કારણ કે બે ટૂકડા થાય એ તો જડની ક્રિયા છે, મારાથી થતી નથી.

**શ્રોતા :–** એમ કહે પોતાની નાનપ બતાવવા માટે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** નાનપ નહિ, વસ્તુનું સ્વરૂપ એવું છે. શું કરી શકે? આ આંગળી ઊંચી કરી શકે આત્મા? એ તો જડ છે. જડનું ઊચું થવું, નીચું થવું એ તો એની જડની ક્રિયા છે, પોતાથી કાંઈ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આ વાણી નીકળે છે એ જડ છે. એ શું આત્મા કરી શકે છે

વાણી?

**શ્રોતા :-** આત્માને પાંગળો બનાવી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પંગુ છે, પંગુ; પરને માટે પંગુ અને પોતાને માટે પૂર્ણ પુરુષાર્થ. પોતાની સત્તામાં પુરુષાર્થ કરી શકે છે ઊલટો, સૂલટો. પરમાં કાંઈ કરી શકતો નથી. આવી વાતું, ભાઈ! આહા..હા..! ભગવાન! માર્ગ તો આવો છે. એ આ બધું ભભકા દેખાય, શરીર, વાણી એ તો જડના છે, પ્રભુ! તારી ચીજમાં નહિ, તારો નહિ, એ તારામાં આવ્યો નથી. આહા..હા..! કહો, શાંતિભાઈ! કોઈ કહે કે અમારે કરવું શું? આ કરવું. હું તો રાગ અને શરીરથી ભિન્ન ચૈતન્ય છું. આહા..હા..! એવું પ્રથમ સમ્યગ્દર્શન કરવું. આહા..હા..! એ વિના જ્ઞાન અને ચારિત્ર કદી થતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'પરદ્રવ્ય છેદાઓ, અથવા ભેદાઓ, અથવા કોઈ તેને લઈ જાઓ, અથવા નષ્ટ થઈ જાઓ,...'** નાથ થઈ જાઓ, બળી જાઓ. આહા..હા..! **'અથવા ગમે તે રીતે જાઓ, તોપણ હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...'** આહા..હા..! એ મારી ચીજ છે એમ હું નહિ માનું. આહા..હા..! પોપટભાઈ! ભારે વાતું આવી. હું પરદ્રવ્યને પરિગ્રહું-એકત્વબુદ્ધિ ત્રણકાળમાં નહિ કરું. આહા..હા..! સમજાણું કાંઈ? સ્ત્રી હો, પુત્ર હો, દીકરીઓ હો, કોઈ ચીજ મારી નથી અને એ છેદાઈ જાઓ, ભેદાઈ જાઓ તો મારામાં કાંઈ થયું નથી. આહા..હા..! એવી દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહા..હા..! હજી તો સમ્યગ્દર્શન એને (કહે છે). ચારિત્ર તો પછી ક્યાંય રહ્યું. એ તો અલૌકિક વાતું છે. સ્વરૂપમાં પછી ભાન થઈને સ્વરૂપમાં ચરવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ નગ્નપણું ને પંચમહાવ્રતનો રાગ એ કોઈ ચારિત્ર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? સ્વરૂપે ચરણં ચારિત્રં.

**શ્રોતા :-** લુગડા તો કાઢવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કાઢવા કોણ પડે? એ નીકળી જાય એને કારણે. કપડા હું છોડું છું એ પણ કપડા છૂટવા એ તો એને કારણે છે. આત્મા કરી શકે છે? આહા..હા..! ભારે કામ, ભાઈ! આ ટોપી સરખી પહેરે છે કે નહિ? આત્મા કરી શકે છે? લાંબી ટોપી સરખી આમ એને કારણે થાય છે. એનો સ્વકાળ અને એ પર્યાય થવાની હોય તે થાય છે. આહા..હા..! આકરી વાત, ભાઈ! વીતરાગનો માર્ગ બહુ અલૌકિક છે, પ્રભુ! આહા..હા..! સમજાણું કાંઈ?

**'હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...'** આહા..હા..! હું તો મારો પરિગ્રહ આનંદસ્વરૂપ. આવ્યું હતું ને આપણે? કાલે આવી ગયું હતું. મારો પરિગ્રહ આવ્યું હતુંને. ક્યાં? છેલ્લે. શેમાં આવ્યું હતું? ૨૦૯. ટીકાની છેલ્લી. **'હું જ મારું સ્વ છું,...'** ૨૦૯ નહિ. ૨૦૮. હા, એ બરાબર છે. ભાવાર્થ નહિ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ નહિ, મારું પરિગ્રહ છે એ.

**શ્રોતા :-** ૨૦૭. ટીકાની છેલ્લી લીટી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ બરાબર છે. **'આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે**

છે,...' બસ આ, ૨૦૭મી ગાથા. આ જ લેવું હતું. મારું પરિગ્રહ તો એ છે, હું આનંદકંદ પ્રભુ એ મારો પરિગ્રહ છે. આહા..હા..! આ બધું ઝવેરાત-બવેરાતનું ક્યાં નાખવું આ? આહા..હા..! એ તો જડ ચીજ છે જગતની. માટી, ધૂળ છે. કરોડ, બે કરોડ, પાંચ કરોડ એ તો જડ, માટી, ધૂળ છે. તારી ચીજ ક્યાંથી આવી? આહા..હા..! જગતને, પરથી ભિન્ન પાડવું અને પોતાના સ્વરૂપમાં પરથી ભિન્ન અને પર મારી ચીજ નથી એ દૃષ્ટિ કરવી એ અપૂર્વ પુરુષાર્થ છે, એ કદી નથી કર્યો. અનંતકાળમાં 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઊપજાયો.' મુનિવ્રત લીધા, પંચમહાવ્રત લીધા, હજારો રાણી છોડી પણ આત્મ જ્ઞાન વિના એ બધું નિરર્થક થયું. સમજાણું કાંઈ? આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ હું પરથી ભિન્ન અને પર ચીજ મારાથી તદ્દન જુદી અને ભિન્ન છે, તો ભિન્ન ચીજમાં ગમે તે થાઓ, હું એનો સ્વામી નથી તો એમાં જે કાંઈ થાય એમાં મને શું? આહા..હા..! છે?

'**આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...** ' જુઓ, '**આત્માને જ આત્માનો પરિગ્રહ નિયમથી જાણે છે,...**' સમ્યગ્દૃષ્ટિ જીવ ધર્મના પહેલા દરજ્જાવાળો જીવ ચોથે ગુણસ્થાને ધર્મની પહેલી સીઢી—પહેલું સોપાન... આહા..હા..! એ ધર્મી એમ માને છે કે હું તો મારો આત્મા શુદ્ધ ચિદાનંદ એ મારો પરિગ્રહ છે. આહા..હા..! કહો, શેઠ! એ તમારા છ-છ લાખના મકાન એ મારું નહિ એમ કહે છે. આહા..હા..! ધૂળ છે. આહા..હા..! એ મારું નહિ. આહા..હા..! હવે આપણે અહીં ચાલે છેને. એ ૨૦૭નું કહેવું હતું હોં. '**હું પરદ્રવ્યને નહિ પરિગ્રહું;...**' એ રાગાદિ પર છે એને મારી ચીજ નહિ માનું. આહા..હા..! એ તો આગળ ગાથા આવશે. દયા, દાન, ભક્તિભાવ હોય છે, અશુભથી બચવા હો, પણ એ ધર્મી માને છે કે મારી ચીજ નથી. મારી ચીજમાં એ ચીજ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! '**કારણ કે પરદ્રવ્ય મારું સ્વ નથી,...**' છે? કેમ પરદ્રવ્યને નહિ પરિગ્રહું? પરદ્રવ્યને નહિ પરિગ્રહું કેમ? પરદ્રવ્ય મારું સ્વ નથી. ઓહો..હો..! દયા, દાન, વ્રતના વિકલ્પ પણ મારું સ્વ નથી. આહા..હા..! જગતને આકરું પડે. એનાથી ધર્મ થઈ જાય. દયા, વ્રત ને તપ ને કર્યા શુભભાવ એ તો બધો શુભભાવ છે, એ તો રાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનવરદેવ, ત્રિલોકનાથ, પરમાત્માનું આ ફરમાન છે. આહા..હા..!

'**પરદ્રવ્ય મારું સ્વ નથી, હું પરદ્રવ્યનો સ્વામી નથી,...**' આહા..હા..! મારું સ્વ નહિ તો હું તો એનો સ્વામી નહિ. ગજબ વાત છે. પત્નીનો હું પતિ નથી. આહા..હા..! હું નરપતિ નહિ. નૃપતિ કહે છેને રાજાને. નર-નર મનુષ્યનો પતિ નૃપતિ. નૃપતિ હું નહિ. હું તો આત્માના આનંદનો પતિ છું. આહા..હા..! આ લખપતિ નથી કહેતા? લખપતિ ને કરોડપતિ ધૂળમાંય નથી. એ તો કરોડપતિ હોય કે અબજોપતિ હોય, ધૂળ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અહીંયાં માગણ નહોતા કહ્યા? માગણ કહે છેને ભિખારી. દરબાર આવ્યા હતા અહીંયા વ્યાખ્યાનમાં? ભાવનગર દરબાર અહીં વ્યાખ્યાનમાં આવ્યા હતા. કરોડની ઊપજ છે. એક વર્ષની કરોડ રૂપિયાની ઊપજ. ભાવનગર દરબાર આવ્યા હતા વ્યાખ્યાનમાં અહીં. બે-ત્રણવાર આવ્યા હતા. ૧૯ માઈલ છેને આ ભાવનગર. તો એકવાર કહ્યું હતું. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** થોડું માગે તો નાનો માંગણ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. દરબાર! એક મહિને પાંચ હજાર માગે. માગે સમજો છો? યાચના એટલે લેવું. પાંચ હજાર લે એ નાનો માગણ ભિખારી છે. મહિને લાખ માગે તો મોટો ભિખારી છે અને કરોડ જોતા હોય તો મોટો ભિખારી છે, ભિખારો છે. માગણ છે માગણ. લાવ... લાવ... લાવ... પોપટભાઈ! દરબાર આવ્યા હતા. એ તો નરમ હતા બિચારા સાંભળતા હતા. ગુજરી ગયા.

**શ્રોતા :-** આપની પાસે કડક હોય તોય નરમ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં તો પણ બાપા શું કાંઈ... આહા..હા..!

પરદ્રવ્ય મારું નથી કેમકે સ્વ નથી. સ્વ નથી તો હું સ્વામી નથી. શરીરનો સ્વામી નહિ, વાણીનો સ્વામી નહિ, મનનો સ્વામી નહિ. આહા..હા..! મકાનનો સ્વામી નહિ, પત્નીનો સ્વામી નહિ, પુત્રનો પિતા નહિ. આહા..હા..! ભારે વાતું બાપુ આવી. આહા..હા..! ભાઈ! તારું તત્ત્વ તો ભિન્ન છેને. બીજી ચીજમાં તારું તત્ત્વ શું ભેળસેળ થઈ ગયું છે? ભેળસેળને શું કહે છે સમજ્યા? મિલાવટ થઈ ગઈ છે? આહા..હા..! અત્યારે ભેળસેળ થાય છેને ઘણી. મિલાવટ થઈ જાય છે? આત્મામાં રાગ અને શરીરની મિલાવટ થઈ જાય છે? બિલકુલ નહિ. તેં માની રાખ્યું છે કે હું રાગ છું, શરીર છું. એ તો તારી માન્યતા પાપ છે. પરવસ્તુમાં ક્યાં ભેળસેળ થઈ ગયો છે? આત્મા તો આત્માપણે જ્ઞાયકસ્વરૂપ (છે).

જ્ઞાનસ્વરૂપ ભગવાન અનાદિઅનંત પ્રજ્ઞાબ્રહ્મ, આનંદબ્રહ્મ પ્રભુ આત્મા. આહા..હા..! એ સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો એ હોં. બીજા વેદાંતી આદિ કહે છે આત્મા-ફાત્મા, એણે જાણ્યો એ નહિ. સમજાણું કાંઈ? વેદાંતી આત્મા તો કહે છે. આત્મા છે, પણ એણે જાણ્યો નથી અને વાતું કરે છે. આ તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા, એણે જે આત્મા જોયો એ આત્મા. સમજાણું કાંઈ? એ આત્મા... આહા..હા..! મારા અસ્તિત્વમાં તો આનંદ અને જ્ઞાન છે. મારા અસ્તિત્વમાં રાગ અને શરીર નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ આકરો પણ કાંઈક હળવો માર્ગ હશે કે નહિ? આ જ માર્ગ છે. હળવો કહો કે ભારે કહો માર્ગ તો આ છે. આહા..હા..!

'**હું પરદ્રવ્યનો સ્વામી નથી, પરદ્રવ્ય જ પરદ્રવ્યનું સ્વ છે,...** ' આહા..હા..! લક્ષ્મીનું લક્ષ્મી સ્વ એ છે. શરીરનું શરીર એનું છે. આહા..હા..! રાગનું સ્વ રાગમાં છે, એનું સ્વ એ છે, મારું સ્વ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? વાત સાંભળવા મળવી મુશ્કેલ પડે. અત્યારે તો બધું લગાવી દીધું, વ્રત કરો, દયા પાળો, ભક્તિ કરો, જાત્રા કરો, દાન કરો બે-પાંચ-દસ લાખના, બે-પાંચ મંદિર બનાવો, ધર્મ છે. ધૂળમાંય ધર્મ નથી. એ તો શુભભાવ છે. આહા..હા..! આકરી વાત, બાપા!

**શ્રોતા :-** અમારા બધા મંદિરોનું ઉદ્‌ઘાટન તો આપના હાથે જ થાય છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉદ્‌ઘાટન તો આત્માનું થાય એ છે અહીં તો. આહા..હા..! આ મકાન.. લક્ષ્મીનો સ્વામી લક્ષ્મી, આબરૂનો સ્વામી આબરૂ, હું નહિ. આહા..હા..! એના નામની કોઈ પ્રશંસા કરે તો કહે મારી પ્રશંસા. નામની પ્રશંસા તારી પ્રશંસા ક્યાંથી થઈ ગઈ? નામમાં શું તું ઘૂસી ગયો છો? નામ ફલાણું નામ, ભગવાનદાસ નામ. એ તો જડનું નામ છે.

**શ્રોતા :–** બધાય .. એને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કોઈ ભેગું નથી. બધા ભિન્ન-ભિન્ન છે, અનંત આત્મા, અનંત રજકણો ભગવાને દેખ્યા એ બધા ભિન્ન-ભિન્ન છે. કોઈની સાથે મેળ નથી. આહા..હા..! કહો, કાંતિભાઈ! કાંતિભાઈ! આવું છે આ. પૈસા-ફૈસામાં કાંઈ આત્માનું નથી એમ કહે છે. આહા..હા..!

અહીં કહે અને બહાર કહે, બધી વાત તો એક જ હોયને. આહા..હા..! આવું છે. પ્રભુ! આહા..હા..! રજકણે-રજકણ. એમાં રજકણે-રજકણ ભિન્ન છે. કોઈ બીજા રજકણની સાથે ભળ્યો નથી. એક પરમાણુ બીજા પરમાણુ સાથે ભળ્યો જ નથી. આહા..હા..! તો ભગવાન આત્મા બીજા રજકણથી કેમ મળે? ભગવાન તો અરૂપી આનંદઘન છે, પરમાણુ રૂપી મૂર્ત છે. આહા..હા..! ઝીણી વાત બાપુ! આ તો વીતરાગમાર્ગ સૂક્ષ્મ છે. બહુ સરસ ગાથા છે. જુઓને. આહા..હા..!

'**હું જ મારું સ્વ છું,...**' અસ્તિ-નાસ્તિ કરી. આ અસ્તિ-નાસ્તિ છે. હું છું અને પર પણ હું છું એ તો (મિથ્યા) અનેકાંત છે, મિથ્યાદષ્ટિ છે. આહા..હા..! '**હું જ મારું સ્વ છું, હું જ મારો સ્વામી છું—એમ હું જાણું છું.**' જ્ઞાની એમ જાણે છે કે એમ હું જાણું છું. આહા..હા..! જોયું! '**હું જ મારું સ્વ છું,-હું જ મારો સ્વામી છું...**' પર પરનું છે, પરનું સ્વ છે અને પરનો સ્વામી એ છે. આહા..હા..! વ્યવહારરત્નત્રય છેને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ મિથ્યાત્વ નથી. રાગ છે દેવ-ગુરુ-શાસ્ત્રનો રાગ, પંચમહાવ્રતનો રાગ, શાસ્ત્ર ભણવાનો વિકલ્પ રાગ બધો વિકાર છે. તો અહીંયાં તો કહે છે કે એનો સ્વામી એ છે, હું નહિ. વ્યવહારરત્નત્રયનો સ્વામી વ્યવહારરત્નત્રય છે, હું નહિ, મારું સ્વ નહિ. આહા..હા..! આવી વાતું! આ તો કહે કે વ્યવહાર કરશો તો નિશ્ચય થાશે. વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે. લસણ ખાતા-ખાતા કસ્તુરીનો ઓડકાર આવશે. આવશે? લસણ-લસણ. ઓ.. કસ્તુરીનો ઓડકાર આવે. આવે નહિ, લસણનો આવશે. એમ વ્યવહાર કરતાં-કરતાં નિશ્ચય થશે, તદ્દન ખોટું છે. સમજાણું કાંઈ? વ્યવહાર સ્વ એનો છે, તારું એ સ્વ નથી. આહા..હા..! આવી વાત લોકોને (આકરી પડે છે). એટલે પછી કહે કે સોનગઢવાળા કહે છે. પણ કોણ કહે છે આ? સોનગઢવાળા વ્યવહારને ઉથાપે છે. આ ભગવાન કહે છે કે કોણ કહે છે આ? આહા..હા..! કુંદકુંદાચાર્ય નગ્નમુનિ દિગંબર એ કહે છે, પોકાર કરે છે. આહા..હા..! સાંભળ તો ખરો પ્રભુ એકવાર.

અરે..! આવું મનુષ્યપણું ચાલ્યું જાશે ભાઈ! માંડ મળ્યું. એકેન્દ્રિયમાંથી નીકળીને, નિગોદમાંથી નીકળીને માંડ મનુષ્યપણું આવ્યું. અનંતે કાળે. લસણમાં અને કંદમૂળમાં એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં અનંત આત્માઓ છે. એમાંથી આ અનંત કાળે આ શુભભાવથી કોઈ મનુષ્યપણું આવ્યું એમાં જો આ વાત સમજમાં, યથાર્થ દૃષ્ટિમાં ન લીધી તો મનુષ્યપણું મળ્યું ન મળ્યું છે. સમજાણું કાંઈ? આવી વાત છે, ભાઈ! આહા..હા..! લ્યો! '**હું જ મારો સ્વામી છું—એમ હું જાણું છું.**' છેને? '**स्वामी इति जानामि।**' છેને? લ્યો! જુઓ, એ જ્ઞાન કરું છું એમ કહે છે. હું મારો છું એમ જાણું છું, પર પરનું છે એમ હું જાણું છું. હું જાણું છું. આહા..હા..! આવી ક્રિયામાં જ્યારે જાણનાર રહે છે ત્યારે કર્મની નિર્જરા અને તપસ્યા એને કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..!

'**ભાવાર્થ :- જ્ઞાનીને પરદ્રવ્યના...**' જ્ઞાની શબ્દે વળી કોઈ કહે કે જ્ઞાની તો મોટા જ્ઞાની હોય એ. અહીં તો ધર્મીને, આત્મજ્ઞાનીને, જેને આત્મજ્ઞાન થયું છે એવા સમ્યગ્દષ્ટિને. આહા..હા..! '**જ્ઞાનીને પરદ્રવ્યના બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.**' છે? આહા..હા..! એ બગડવા-સુધરવાથી હર્ષવિષાદ નથી થતો. નબળાઈને કારણે હર્ષવિષાદ થાય છે એ અસ્થિરતાનો દોષ છે, પણ બગડવા-સુધરવાના કારણે એને હર્ષવિષાદ નથી થતો એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? કેમકે આત્માથી પરજ્ઞેય વસ્તુ એ તો છે શરીર, વાણી, મન, રાગાદિ. એના બગડવાથી દ્વેષ થાય છે અને એના સુધરવાથી રાગ થાય છે એમ નથી જ્ઞાનીને. જ્ઞાનીને પોતાની પર્યાયમાં નબળાઈને કારણે રાગ-દ્વેષાદિ થાય છે તો એ દોષ જાણે છે. આહા..હા..! પણ બગડવાથી-સુધરવાથી રાગદ્વેષ, હર્ષવિષાદ થાય છે એમ નથી. સમજાણો જરી ન્યાય? આહા..હા..! જે ચીજ મારી નથી એ ચીજ બગડવાથી-સુધરવાથી જ્ઞાનીને રાગ-દ્વેષ એને કારણે થતો નથી, હરખ અને શોક થતો નથી. ત્યારે થાય છે. સમ્યગ્દષ્ટિને પણ આર્તધ્યાન થાય છે, રૌદ્રધ્યાન થાય છે એ પોતાની નબળાઈને કારણે. એ બગડવા-સુધરવાને કારણે નહિ. આહા..હા..! ચેતનજી! આહા..હા..!

'**બગડવા-સુધરવાનો હર્ષવિષાદ હોતો નથી.**' આહા..હા..! કોઈ હરિજનની ઝૂંપડી ક્યાંક બળતી હોય એને કારણે અહીં ગામના શેઠને કોઈ હરખ-શોક થાય છે? અને ઝૂંપડી બહુ સારી રહી તો શેઠને હરખ થાય છે? પરની સાથે શું સંબંધ છે? એમ આ ઝૂંપડી આ પર શરીર આદિ છે. લક્ષ્મી આદિ, કુટુંબ આદિ બધું પરદ્રવ્યની ઝૂંપડી છે. આહા..હા..! એ તો જ્ઞાનમાં જ્ઞેય છે, પણ જ્ઞાનમાં એમ માને કે આ મારી ચીજ છે તો મિથ્યાત્વ છે અને બગડવા-સુધરવાથી હર્ષવિષાદ થાય છે એ મિથ્યાદષ્ટિને થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? એક વીશ વર્ષનો છોકરો હોય અને તે દિવસે લગ્ન કર્યા હોય અને તે દિવસે સર્પ કરડ્યો અને મરી જાય. તો એને કારણે એને શોક નથી થતો. આહા..હા..! એ નબળાઈને લઈને આવે એ જુદી વાત છે. સમજાણું કાંઈ? આહા..હા..! સમકિતીને નબળાઈને કારણે રાગ-દ્વેષ થાય એ બીજી ચીજ છે, એ ચારિત્રદોષ છે; પણ પરના બગડવા-સુધરવાથી રાગદ્વેષ થાય એ મિથ્યાત્વસહિતનો એને રાગ-દ્વેષ થાય છે. આહા..હા..! એવી વાતું છે, ભાઈ!

'**હવે, આ અર્થના કળશરૂપે અને આગળના કથનની સૂચનારૂપે કાવ્ય કહે છે :—** '

(वसन्ततिलका)

इत्थं परिग्रहमपास्य समस्तमेव
सामान्यतः स्वपरयोरविवेकहेतुम्।
अज्ञानमुज्झितुमना अधुना विशेषाद्
भूयस्तमेव परिहर्तुमयं प्रवृत्तः।।१४५।।

આ અમૃતચંદ્રાચાર્યનો કળશ છે. '**આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને...** ' સામાન્ય નામ એકદમ આખી ચીજ મારી નથી, એમ સમસ્ત પ્રકારે સામાન્ય રાગથી માંડીને બધી જ મારી ચીજ નથી, મારામાં નહિ અને મારામાં એનું સ્વામીપણું નથી. આહા..હા..! એવા સામાન્ય

આત્મા સિવાય બધા પરિગ્રહનો ત્યાગ બતાવ્યો. દૃષ્ટિમાં પહેલાં હોં! '**આ રીતે સમસ્ત પરિગ્રહને સામાન્યતઃ છોડીને હવે...**' '**स्वपरयोः अविवेकहेतुम् अज्ञानम् उज्झितुमनाः अयं**' નીચે અર્થ જરી કર્યો છે. '**આ રીતે સ્વ-પરના અવિવેકના કારણરૂપ સમસ્ત પરિગ્રહને...**' સ્વ-પરનો અવિવેક. ભેદજ્ઞાન નહિ એના કારણરૂપ પરિગ્રહ. '**સામાન્યતઃ છોડીને હવે, અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...**' આહા..હા..! મૂળમાંથી પાછું લે છે. મિથ્યાત્વ અને અજ્ઞાનને છોડવાનો જેનો ભાવ છે '**એવો આ, ફરીને તેને જ વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.** ' આહા..હા..! એક-એક ચીજના નામ લેશે હોં. '**સ્વ-પરના અવિવેકના કારણરૂપ અજ્ઞાનને છોડવાનું જેનું મન છે...**' આહા..હા..! સ્વ-પરની એકત્વબુદ્ધિ છોડવાનો જેનો ભાવ છે. આહા..હા..! '**એવો આ ફરીને તેને જ (-પરિગ્રહને જ-) વિશેષતઃ છોડવાને પ્રવૃત્ત થયો છે.**' હવે નામ લઈને જુદાં-જુદાં કહેશે.

'**ભાવાર્થ :- સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે.**' શું કહે છે? ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ એ સ્વ અને રાગ અને શરીરાદિ પર, એ બેને એક કરવા એ મિથ્યાત્વભાવ છે, અજ્ઞાન છે. છે? આહા..હા..! શાસ્ત્રનું જ્ઞાન ઘણું હોય, પણ જેમાં સ્વપરની એકતા છે એ અજ્ઞાન છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**સ્વપરને એકરૂપ જાણવાનું કારણ અજ્ઞાન છે. તે અજ્ઞાનને સમસ્તપણે છોડવા ઈચ્છતા...**' અજ્ઞાનને પૂર્ણ રીતે છોડવાની ભાવનાવાળો '**પ્રથમ તો પરિગ્રહનો સામાન્યતઃ ત્યાગ કર્યો. હવે (હવેની ગાથાઓમાં) તે પરિગ્રહને વિશેષતઃ (જુદાં-જુદાં નામ લઈને) છોડે છે.**' લ્યો! આહા..હા..! હવે પહેલું જ પુણ્ય લીધું. આહા..હા..!

'**જ્ઞાનીને ધર્મનો (પુણ્યનો) પરિગ્રહ નથી એમ પ્રથમ કહે છે :—**' એ ધર્મીને શુભભાવ મારો છે એવો પરિગ્રહ હોતો નથી. આહા..હા..!

**अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे धम्मं।**
**अपरिग्गहो दु धम्मस्स जाणगो तेण सो होदि।।२१०।।**

ધર્મ શબ્દે પુણ્ય. નીચે હરિગીત.

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પુણ્યને,**
**તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ૨૧૦.**

આહા..હા..! કેવી શૈલી લીધી છે! ૧૨મી ગાથામાં આવે છેને ભાઈ! જાણેલો પ્રયોજનવાન. એ વાત આ મૂકી પાછી. ઓહો..હો..! શૈલી તે શૈલી કોઈ! દિગંબર સંતોની શૈલી ગજબ વાત. લોકો અભ્યાસ કરતાં નથી. વાંચન-સ્વાધ્યાય હંમેશા જોઈએ. એક કલાક, બે કલાક સ્વાધ્યાય કરવો જોઈએ. ચોપડા કેમ પાપના તપાસે છે ઘણાં?

**શ્રોતા :-** એમાં તો નજર જ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આમાં વિચાર કરે તો નજર આમાં પણ પડે. નજર કરનારો પરમાં નજર કરી શકે તો સ્વમાં નજર કેમ ન કરી શકે? આહા..હા..! સમજાણું કાંઈ? સ્વાધ્યાય કરવો જોઈએ કલાક, બે

કલાક, ચાર કલાક. આહા..હા..!

'**ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે.**' આહા..હા..! કોઈપણ પદાર્થની ઈચ્છા થવી એ પરિગ્રહ છે. વસ્તુ પરિગ્રહ નથી, ઈચ્છા પરિગ્રહ છે. '**તેને પરિગ્રહ નથી—જેને ઈચ્છા નથી.**' ધર્મીને આ પર મારા છે એવી ઈચ્છા જ નથી. આહા..હા..! ધર્મની શરતું ભારે આકરી. કાંતિભાઈ!

**શ્રોતા :-** મૂર્છાને પરિગ્રહ કહ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મૂર્છા આ ઈચ્છા એ પરિગ્રહ. આહા..હા..! ઈચ્છા એ જ મૂર્છા.

'**ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે...**' આહા..હા..! જેને ઈચ્છા નથી, ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે. ભગવાન આત્માની એકાગ્રતાની ભાવના છોડીને ઈચ્છા કોની કરે? આહા..હા..! અહીં મિથ્યાત્વસહિતની ઈચ્છાને ઈચ્છા કહે છે. અસ્થિરતાની ઈચ્છા થાય એ ઈચ્છા તો પર છે. સમજાણું કાંઈ? આહા..હા..! '**અને અજ્ઞાનમયભાવ જ્ઞાનીને હોતો નથી,...** ' આહા..હા..! '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' આહા..હા..! '**જ્ઞાનીને જ્ઞાનમય...**' આનંદમય, શાંતમય, વીતરાગમયભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**તેથી અજ્ઞાનમયભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે...**' અજ્ઞાનમયભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે '**જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.**' એ જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી. ધર્મ એટલે પુણ્ય. ધર્મ એટલે આત્માનો ધર્મ એ નહિ. ધર્મ એટલે વ્યવહારધર્મ એટલે વ્યવહાર પુણ્ય. એ પુણ્યને ધર્મી ઈચ્છતો નથી. આહા..હા..! એ શુભરાગને જ્ઞાની ઈચ્છતો નથી. આહા..! રાગ.

આ તો સંતોના કથન છે, વીતરાગી કથન છે. આહા..હા..! પણ વાત એ કે વ્યવહારની રુચિવાળા ત્યાં એવા ઘૂસી ગયા છે કે વ્યવહાર કરતાં-કરતાં થાય ને વ્યવહાર.. વ્યવહારના પણ ક્યાં ઠેકાણા છે? આહા..હા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે શુભરાગની ઈચ્છા જેને છે.. આહા..હા..! એ ધર્મી નથી. આહા..હા..! શુભભાવ. ધર્મ એટલે અહીંયાં શુભભાવ. સમજાણું કાંઈ? '**જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી;...**' ધર્મી, ધર્મ શબ્દે પુણ્ય શુભભાવ એને ઈચ્છતો નથી. આહા..હા..! એની ભાવના જ્ઞાનીને હોતી નથી. આહા..હા..! બહુ આકરું કામ. પહેલું જ આ લીધું. શરીર અને વાણી પછી. આહા..હા..! '**જ્ઞાની ધર્મને ઈચ્છતો નથી;...**' સમ્યગ્દૃષ્ટિ જીવ જેને આત્માની પ્રાપ્તિ થઈ ધર્મની અંદર, શુદ્ધ ચિદાનંદ આનંદકંદનું ભાન થયું એવો ધર્મી પુણ્યને ઈચ્છતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** બરાબર ઘા માર્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘા માર્યા છે. આ પૈસાવાળાને બહુ આકરું પડે એવું છે જરી. પુણ્યને ઈચ્છે નહિ એમ કહે છે. પુણ્ય કોણ? પુણ્યના ફળ નહિ. શુભભાવ, એનાથી બંધાય છે પુણ્ય અને એનાથી મળે છે આ લક્ષ્મી આદિ એની અહીં વાત નથી. અહીં તો શુભભાવ જ ધર્મી ઈચ્છતો નથી. કેમકે એ રાગ છે. આહા..હા..! ગજબ વાત છેને. છે કે નહિ શેઠ એમાં?

**શ્રોતા :-** જ્ઞાતા-દૃષ્ટા બંનેનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એવી વાત છે. તારો સ્વભાવ જ એવો છે. જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ તારો,

જ્ઞાન અને દર્શનથી ભરેલો આત્મા છે. આહા..હા..! ધર્મી થવામાં એટલી શરતું કે રાગની પણ ઈચ્છા કરતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! વીતરાગદેવ એમ ફરમાવે છે, દિગંબર સંતો એમ ફરમાવે છે. આહા..હા..! દિગંબર સંતો કેવળીના કેડાયતો છે. કેવળીને કેડે ચાલનારા. આહા..હા..! એ પોકાર કરે છે જગત પાસે. ભાઈ! ધર્મીને એટલી શરત છે એમ કહે છે કે એ પુણ્યને પણ ઈચ્છે નહિ એનું નામ ધર્મી છે. આહા..હા..! સમજાણું કાંઈ? પુણ્યભાવ થાય છે ધર્મીને પણ અંદર ઠરી ન શકે (એટલે) ભક્તિ, પૂજાનો ભાવ આવે છે, પણ એ ભાવને ઈચ્છતા નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'માટે જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી.'** એ પુણ્યની પક્કડ નથી એમ કહે છે. શુભભાવ થાય છે, પણ એમાં એકત્વબુદ્ધિ નથી. આહા..હા..! આવો માર્ગ! આમાં કહે સોનગઢવાળાએ કહ્યો આ. આ મુનિરાજ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ તો એવો છે, ભગવાન! તેં સાંભળ્યો નથી તેથી શું થયું? **'જ્ઞાનીને ધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...'** આહા..હા..! ધર્મી તો જ્ઞાનમય એક જ્ઞાયકભાવની હયાતીને લીધે **'આ (જ્ઞાની) ધર્મનો કેવળ જ્ઞાયક જ છે.'** જુઓ! પુણ્ય છે એનો જાણનાર છે. પુણ્ય ઈચ્છતા નથી, હોય છે પુણ્ય. સમજાણું કાંઈ? મુનિને પણ અંતર આનંદના ભાનમાં ન રહી શકે તો પંચમહાવ્રતનો વિકલ્પ થાય છે, પણ છે પુણ્ય, એની ઈચ્છા નથી. આહા..હા..! એનો જ્ઞાયક છે, જાણનાર છે. પોતાને જાણે છે એમ રાગને જાણનાર રહે છે એનું નામ ધર્મી ને સમ્યગ્દષ્ટિ ને મુનિ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)

---

## પોષ વદ-૨, શુક્રવાર, તા. ૦૭-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૧, પ્રવચન નં. ૨૮૫

સમયસાર, ૨૧૧ ગાથા. **'હવે, જ્ઞાનીને અધર્મનો (પાપનો) પરિગ્રહ નથી એમ કહે છે :'**

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे अधम्मं।
अपरिग्गहो अधम्मस्स जाणगो तेण सो होदि।।२११।।

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાપને,**
**તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ૨૧૧.**

'ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે.' કોઈપણ પદાર્થની ઈચ્છા પુણ્યની, પાપની, આહારની, પાણીની એ ચાર બોલ લેશે. મુનિની વ્યાખ્યા છેને મુખ્ય? મુનિ તો એ હોય છે, બીજા તો કોઈ છે નહિ. પુણ્યનો ભાવ આવે છે, પણ એની ઈચ્છા નથી, એકતાબુદ્ધિ નથી. આહા..હા..! એનો અર્થ જે ક્ષણે ધર્મની

ઉત્પત્તિ પણ છે અને પુણ્યની ઉત્પત્તિ એ ક્ષણે છે. એનો સ્વકાળ છેને. તો ધર્મી ધર્મની જે ભાવના છે એને કરે છે, પણ પુણ્ય થાય છે એની ભાવના અને ઇચ્છા નથી એને. શુભભાવ છે ખરો, આવે છે શુભભાવ. આહા..હા..! એમાં એકત્વબુદ્ધિ નથી અને છે એની ભાવના નથી, ઇચ્છા નથી કે શુભ હોય એ ઠીક છે એમ નથી. આહા..હા..! આવો ધર્મ!

જેને આત્માનું સ્વસંવેદન છે, ધર્મના સુખપંથે જે પડ્યો છે. આહા..હા..! આ સંસારનો ભાવ જેટલો છે એ તો બધા દુઃખપંથે પડ્યા છે. પુણ્ય, પાપ, રળવા એ બધા ભાવ તો દુઃખને પંથે દોરાઈ ગયા છે. આહા..હા..! પણ જે અંતરમાં અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો પંથ જેણે પકડ્યો છે... આહા..હા..! સમ્યગ્દર્શનમાં પોતાના શુદ્ધ આત્માએ પકડ્યો છે અંદર અનુભવમાં તો એને આનંદ આવે છે. આનંદની ક્ષણે પણ શુભભાવ થાય છે, તો એ શુભભાવનો જ્ઞાની તે સમયે જ્ઞાતા છે. જ્ઞાતાનો અર્થ શુભભાવ હોય, પણ પોતાનું જ્ઞાન અને પરના જ્ઞાનની સ્વપરપ્રકાશક પર્યાય થાય છે એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! આવી વાત છે. સમજાણું કાંઈ?

'**जाणगो**' કીધું છેને. '**जाणगो तेण सो होदि**' ખરેખર તો એ જ્ઞાયક પોતાનો તે સમયે સ્વનો સ્વભાવ, સ્વપરપ્રકાશકનો ભાવ છે તો એ પ્રકાશે છે. આહા..હા..! તો શુભભાવ થાય છે એનો જાણનાર રહે છે, એ પણ જાણવાની પર્યાય પોતાથી સ્વતંત્ર થઈ છે. આહા..હા..! એ શુભભાવ છે તો શુભભાવનું જ્ઞાન થયું છે એમ નથી. આહા..હા..! પણ એ સમયે જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક ઉત્પન્ન થાય છે તો એ રાગને ગ્રહતો નથી, તો રાગ સંબંધી પોતાનું જે જ્ઞાન છે એ જ્ઞાનને જાણે છે. આહા..હા..! આવો માર્ગ હવે. એ પુણ્યની વાત. પાઠમાં એકલો ધર્મ શબ્દ હતો, પણ ટીકાકાર જે જયસેનાચાર્ય એમણે તો એમ કહ્યું છે કે શુભોપયોગરૂપી ધર્મ એટલે પુણ્ય, એ ધર્મીને એની ભાવના નથી. આવે છે. સમજાણું કાંઈ? ભાવના તો સ્વરૂપ આનંદસ્વરૂપ ભગવાન એની ભાવના છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ ગાથા પાપની છે હવે. જ્યારે પુણ્યનો ભાવ એનાથી નહિ તો પાપની તો શું વાત? આવે છે. ધર્મીને પણ પાપભાવ, વિષય-વાસના, રાગની આસક્તિ થાય છે, પણ એ પર છે, પોતાનું સ્વરૂપ નથી. આહા..હા..! આવી વાત છે ભાઈ ધર્મની. તો ઇચ્છા એ પરિગ્રહ. '**તેને પરિગ્રહ નથી--જેને ઇચ્છા નથી.**' આહા..હા..! શુભભાવની પણ ઇચ્છા નથી, એમ પાપભાવ થાય એની ઇચ્છા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? તેને નિર્જરા થાય છે. નિર્જરા અધિકાર છેને. શુભભાવ આવ્યો, પોતાના જ્ઞાનના આનંદના વેદનમાં એનું જ્ઞાન થયું એ પોતાનું જ્ઞાન છે. એવી દૃષ્ટિ છે અને જ્ઞાન થયું ત્યાં કર્મની નિર્જરા અને અશુદ્ધતાનો નાશ ત્યારે થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયા કહે છે કે '**જેને ઇચ્છા નથી. ઇચ્છા તો અજ્ઞાનમયભાવ છે...**' આહા..હા..! રાગ છે એ તો અજ્ઞાનમયભાવ (છે). એમાં જ્ઞાનસ્વરૂપ ચૈતન્યનું કિરણ નથી. આહા..હા..! આવી વાત! અજ્ઞાનમયભાવ થાય છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એવું સમ્યગ્દૃષ્ટિને, ધર્મીને એવું ભાન થયું. સમજાણું કાંઈ? એ ભાનમાં પુણ્ય પરિણામ પણ થયા અને પાપ પરિણામ પણ થયા, પણ એ પુણ્ય પરિણામમાં એકત્વબુદ્ધિ નથી, તો એની ઇચ્છા નથી. એમ પાપ પરિણામ થાય

છે. જુઓ! અજ્ઞાનમય, રાગ થયો પાપનો એ અજ્ઞાનમય છે. લે, અજ્ઞાનમય એને થાય છે? અજ્ઞાનમયનો અર્થ મિથ્યાત્વમય એમ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એવો જ્ઞાનનો કોઈ અંશ પાપના પરિણામમાં અને શુભના રાગમાં થતો નથી. એ અપેક્ષાએ તેને અજ્ઞાનમય કહ્યો. વળી અજ્ઞાનમય કહ્યો અને છે એને જાણે છે એમ કહ્યું. સમજાણું કાંઈ?

'**અજ્ઞાનમયભાવ જ્ઞાનીને હોતો નથી,...**' અજ્ઞાનમયભાવનો અર્થ? મિથ્યાત્વભાવ જ્ઞાનીને થતો નથી, પણ આ જ્ઞાન ભાવ એટલે? રાગ છે એમાં જ્ઞાન નથી. ચૈતન્યના દ્રવ્ય-ગુણ-પર્યાય એમાં નથી. આહા..હા..! આવો ધર્મ, પોપટભાઈ! સંસારમાં રખડવાના રસ્તા ઘણા સહેલા થઈ ગયા છે. આહા..હા..! દુર્લભ સાંભળવા મળતી નથી કે શું ચીજ છે? આહા..હા..! અહીંયાં તો ઘણી વિચિત્ર વાત છે કે જ્યાં આત્માનું જ્ઞાન થયું, ધર્મી ચોથે ગુણસ્થાને, અહીં મુનિપણાની પ્રધાનતાથી કથન છે, પણ સમ્યગ્દર્શન થયું, ધર્મની પહેલી સીઢી ત્યારથી તેને સ્વસંવેદન આત્માની ભાવનાની ઉગ્રતા છે. રાગ આવે છે એ અજ્ઞાન છે, અજ્ઞાનનો અર્થ? ચૈતન્યસ્વભાવ એમાં નથી. તો આવે છે પણ એની ઇચ્છા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**અજ્ઞાનમયભાવ જ્ઞાનીને હોતો નથી,...**' અજ્ઞાનમયનો અર્થ? રાગમાં જ્ઞાન નથી એમ જ્ઞાનીને પોતાપણે થતો નથી. આહા..હા..!

**શ્રોતા :-** ઇચ્છા નથી તો કેમ થયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઇચ્છા નથી, પણ નબળાઈને લઈને થાય છે કે નહિ? નબળાઈ છેને? અને એ સમયે રાગની ઉત્પત્તિનું ષટ્કારણથી પરિણમન થાય છે. આહા..હા..! ઝીણી વાત ભારે, ભાઈ! સમજાણું કાંઈ? જેમ પોતાનું જ્ઞાન, નિર્મળ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન એનું પણ પર્યાયમાં ષટ્કારકરૂપ પરિણમન પોતામાં પોતાથી થાય છે. એવો રાગ થાય છે, પણ પોતાનો કરીને નથી થતો. એ પર છે. આહા..હા..! સમજાણું કાંઈ? પર છે એ પણ પોતાના ષટ્કારકના પરિણમન(થી થાય છે). ઓહો..હો..! એક પર્યાયમાં બે ભાગ. એક સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય, એ જ સમયે પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થઈ ષટ્કારક. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન છ કારક. આહા..હા..! અને એ જ સમયે રાગ છે, પણ અજ્ઞાન છે એ, આત્માનું જ્ઞાનસ્વરૂપ નથી. એ કારણે અજ્ઞાનમય ભાવ પોતાનો એમ જ્ઞાનીને થતું નથી. આહા..હા..! લ્યો વળી ભક્તિ આવી, પૂજા, દાન, દયાનો ભાવ તો આવે છે. સમજાણું કાંઈ? આવે છે, હોય, પણ પોતામાં પોતાના જ્ઞાનસ્વરૂપમાં થયો એમ નથી માનતા. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીંયાં કહે છે કે '**જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' અર્થાત્ રાગ થયો પાપનો, છતાં જ્ઞાનીને તો રાગનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન એમ જ્ઞાનમય જ ભાવ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? કોઈ ઠેકાણે એમ આવે છે કે જ્ઞાનીને કર્મના ઉદયની બળવત્તાથી રાગ આવે છે. એવો શબ્દ આવે છે. પણ એ તો નિમિત્તની પ્રધાનતાથી કથન છે. વસ્તુસ્થિતિ તો પોતાની પર્યાયમાં નબળાઈને કારણે વિકાર થાય છે અને એ જ સમયે જ્ઞાતા-દૃષ્ટાનું પરિણમન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો ધર્મ! વીતરાગ માર્ગ કોઈ એવો છે. આહા..હા..!

'**તેથી અજ્ઞાનમયભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે...** ' રાગની ભાવના નથી, એકત્વ નથી તેથી '**જ્ઞાની અધર્મને ઈચ્છતો નથી;...**' આહા..હા..! એ પાપની ભાવના નથી, ભાવમાં એકત્વ નથી, પાપ થાય એમાં મીઠાશ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! આવો માર્ગ! વીતરાગનો એવો માર્ગ છે. સાંભળવા મળતો નથી. ભક્તિનો, જાત્રાનો ભાવ જ્ઞાનીને પણ શુભભાવ આવે છે. સમજાણું કાંઈ? પણ એ ભાવ બંધનું કારણ છે, પોતાનું જ્ઞાનસ્વરૂપ નથી, એમ જાણીને જ્ઞાનમયભાવ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? શરતું ભારે આકરી. અનંતકાળમાં એક સેકન્ડ માત્ર પણ કદી એણે ધર્મ કર્યો નથી. પુણ્ય કર્યા, વ્રત કર્યા, તપ કર્યા, ભક્તિ, પૂજા અનંતવાર કરી. એ તો શુભરાગ છે. આહા..હા..! શુભરાગ, એ આત્માના સ્વભાવનો રાગમાં અભાવ છે. આહા..હા..! અને પોતાના સ્વભાવમાં રાગનો અભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત, ભાઈ! એ કારણે જ્ઞાની અધર્મને ઈચ્છતો નથી. આહા..હા..! ઈચ્છતો નથી, નબળાઈને કારણે આવે છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? રાગની ભાવના નથી કે રાગ થાઓ અને રાગમાં લાભ છે એવી બુદ્ધિ જ્ઞાનીની હોતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? '**માટે જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી.**' આ કારણે પાપની પક્કડ જ્ઞાનીને નથી. આહા..હા..! પાછો થાય છે એ જાણે છેને. આહા..હા..!

**શ્રોતા :-** જ્ઞાની જાણે છે, પણ દૂર કરવાનો ઉપાય નથી કરતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ જાણે છે. અંદરની ભાવના છે એ દૂર કરવાનો ઉપાય એ થયો. અંતરમાં એકાગ્ર થાય એ. હું દૂર કરું એમ પણ નથી. આહા..હા..! પણ પોતાનો જ્ઞાનસ્વભાવ ભગવાન આત્મા, એની એકાગ્રતાથી એ રાગના ભાવનો નાશ થાય છે ક્રમે ક્રમે, પણ છે ખરોને. છે તોપણ એની ઈચ્છા નથી. આહા..હા..! 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂળ' શ્રીમદ્‌માં આવે છે. 'ક્યા ઈચ્છા ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂળ' કોની ઈચ્છા તને છે? ભગવાન આનંદસ્વરૂપ ભગવાન એની ભાવના? કે દયા, દાન, વ્રત આદિના વિકલ્પની તને ભાવના છે? એ તો વિકારની ભાવના થઈ. આહા..હા..! ત્યાં તો બંધન છે. વિકાર હોવા છતાં એની ભાવના નથી, ઈચ્છા નથી, પરિગ્રહ નથી, પક્કડ નથી, તો એને કર્મની નિર્જરા થઈ જાય છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ સૂક્ષ્મ, ભાઈ! દુનિયા બહારથી માની બેઠી છે. એ જિંદગી ચાલી જાશે. આહા..હા..! સર્વજ્ઞ પરમેશ્વર એને ધર્મ કહે છે કે જેમાં આત્મા પ્રાપ્ત થયો. ધર્મની પર્યાયમાં આત્મા પ્રાપ્ત થયો, આહા..હા..! રાગ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનીને અધર્મનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે...** ' એ શું કહે છે? આત્મા જ્ઞાનમય છે એવો અનુભવ થયો છે. હું તો જ્ઞાનમય છું. એ દયા, દાનમય હું છું એમ નથી. આહા..હા..! શાંતિભાઈ! માર્ગ આકરો છે. આહા..હા..! આ પૈસામાં તો જરી પુણ્ય હોય તો મળી જાય એમ ને એમ બુદ્ધિ ન હોય તોપણ. એમાં કોઈ બુદ્ધિનું કામ નથી.

**શ્રોતા :-** બુદ્ધિ હોય તો વધારે મળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય મળે નહિ. બુદ્ધિવાળાને બે હજાર પગાર મળવામાં પરસેવો ઉતરે

અને બુદ્ધિના બારદાન હોય એ લાખો રૂપિયા પેદા કરે. એમાં છે શું? બારદાન સમજ્યા? ખાલી બોરા. નથી જોયા? આ ન હોય ઈરાક. ઈરાકનો બાદશાહ. બધા જડ જેવા છે મ્લેચ્છ, પણ એક કલાકમાં બે કરોડની પેદાશ. અત્યારે ઈરાકનો બાદશાહ છે. દેશ નાનો છે, પણ કાળુ સોનું નીકળ્યું. કાળું સોનું એટલે શું? પેટ્રોલ. પેટ્રોલના કૂવા એટલા નીકળ્યા કે એક કલાકમાં બે કરોડની પેદાશ. પેદાશ હોં! આહા..હા..! શું બુદ્ધિ છે ત્યાં? જડ જેવા મ્લેચ્છ છે. એ પૈસા બુદ્ધિ હોય તો પેદા કરે એમ નથી.

અહીંયાં તો પુણ્યભાવ થાય છે એ પણ રુચિપૂર્વક નથી થતાં એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? અને પાપભાવ પણ થાય છે જ્ઞાનીને. આહા..હા..! પણ એ જ્ઞાનમય ભાવમાં પાપનું જ્ઞાન થાય છે. આહા..હા..! આવી વાત છે. લોકોને એ સત્ય વાત મળી નથી અને બહારથી માની લીધું. આ ભગવાનની જાત્રા કરી તો ધર્મ થઈ ગયો. વ્રત ને તપ, અપવાસ કર્યા તો ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. આહા..હા..! એ તો રાગ છે, વિકલ્પ છે. આહા..હા..! સમજાણું કાંઈ? જિનવરદેવ ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વર એનો એ હુકમ છે, જેને આત્માનું જ્ઞાન અને ધર્મ થયો, આત્માનું ભાન થયું કે હું તો શુદ્ધ ચૈતન્યઘન છું અને જ્ઞાનમય હું છું, રાગમય ઉદયભાવમય હું નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને...**' જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને.. ત્રિકાળી. આહા..હા..! એકલો ચૈતન્યસ્વરૂપ ભગવાન સ્વપરપ્રકાશક જ્ઞાયકભાવ એક હું છું. આહા..હા..! સમ્યગ્દૃષ્ટિ ધર્મની શરૂઆતમાં એમ માને છે. ઝીણી વાત, બાપુ! પ્રભુનો માર્ગ એવો છે. આહા..હા..! અન્યમતમાં કહે છેને, 'હરિનો રે માર્ગ છે શુરાનો, એ કાયરના નહિ કામ જોને. પ્રભુનો માર્ગ છે શુરાનો...' કાયરના ત્યાં કામ નહિ. આહા..હા..! પુણ્યમાં ધર્મ માનનારા કાયર નપુંસક છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સીમંધર ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, ત્યાંથી આ વાણી આવી છે. કુંદકુંદાચાર્ય ત્યાં ગયા હતા, આઠ દિન રહ્યા હતા. એ અહીંયાં વાણીનો પોકાર પરમાત્માનો કરે છે. એકવાર સાંભળ તો ખરો, તને મનુષ્યપણું અનંતવાર મળ્યું અને અનંતવાર મુનિવ્રત પણ ધારણ કર્યા. એમાં શું થયું? એ તો રાગ પુણ્ય છે. મુનિવ્રત, પંચમહાવ્રતાદિ એ પુણ્ય છે, એ ધર્મ નથી. આહા..હા..!

તો જેને આત્મા એક જ્ઞાયકમયભાવ છે એમ જ્યાં અંતર દૃષ્ટિમાં અનુભવ થયો તો એને કારણે '**(જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' જુઓ! આહા..હા..! આ તો એકાંત કરી દીધું. જુઓ છે? '**જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' આહા..હા..! પાપભાવ થાય છે, જ્યાં સુધી વીતરાગ ન થાય ત્યાં સુધી જ્ઞાનીને પણ પાપભાવ આવે છે, પણ એ કેવળ જ્ઞાતા રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત! સાધારણ સમાજ બિચારો વખત મળે નહિ એક તો ધંધા આડે. પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં થઈ જાય કે જાણે ઓહો..હો..! અમે સુખી થયા અને ધૂળ થયા. કાંઈ ધૂળેય નથી. સાંભળને. વેપાર અને ધંધામાં ૨૦-૨૦ કલાક પાપમાં કાઢે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં તો પરમાત્મા એમ ફરમાવે છે કે જ્ઞાની, ધર્મીને ધર્મ કેમ થાય છે? એ ભગવાન આત્મા

જ્ઞાયકભાવ છે એની સન્મુખ થઈને અનુભવ કરે તો તેને ધર્મ થાય છે. આહા..હા..! આ વીતરાગનો ધર્મ છે. એને પાપભાવ આવે છે. પહેલાં પુણ્ય કહ્યું હતું. સમજાણું કાંઈ? મુનિને પણ આત્માના આનંદનો અનુભવ છે અને જ્ઞાનમયભાવ છે, છતાં પંચમહાવ્રતનો વિકલ્પ આવે એ શુભરાગ છે. એ શુભરાગની ઈચ્છા નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એની કર્તાબુદ્ધિ નથી. આહા..હા..! પરિણમન અપેક્ષાએ જ્ઞાન જાણે છે કે છે, પણ એ જ્ઞાનમયભાવમાં એનો જ્ઞાતા છે. આહા..હા..! ગજબ વાત કરી છેને જુઓ! ચોથું પદ. '**जाणगो तेण सो होदि**' આહા..હા..! ભગવાનની વાણી રામબાણ છે.

જ્ઞાની, ધર્મી જીવ પોતામાં પાપનો ભાવ નબળાઈને કારણે આવે છે, પણ નબળાઈ મારી ચીજ નથીને. આહા..હા..! હું તો પૂર્ણાનંદ જ્ઞાયકસ્વભાવથી ભરેલો આત્મા છું. આહા..હા..! એવી દૃષ્ટિવંત ધર્મી પ્રથમ દરજ્જાનો સમ્યગ્દૃષ્ટિ ચોથા ગુણસ્થાનવાળો. આહા..હા..! સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન તો શ્રાવકનું છે, એ તો બીજી ચીજ છે. આ વાડાના શ્રાવક એ કોઈ શ્રાવક નથી. આહા..હા..! અંતર આનંદસ્વરૂપ ભગવાન આત્મા, એનો અનુભવ થઈને શાંતિ... શાંતિ... શાંતિ... ચોથે ગુણસ્થાને જે શાંતિ છે એનાથી વિશેષ શાંતિ થાય ત્યારે શ્રાવક પંચમ ગુણસ્થાન કહેવામાં આવે છે. કહો, દેવીલાલજી! આવી વાત છે.

તો કહે છે, ધર્મીને અધર્મનો પરિગ્રહ નથી. '**અધર્મનો કેવળ જ્ઞાયક જ છે.**' જ્ઞાયક જ છે. આહા..હા..! અહીંયાં તો દૃષ્ટિપ્રધાન કથનમાં રાગ આવ્યો એનો કર્તા પણ બુદ્ધિથી નથી, કર્તૃત્વબુદ્ધિ પણ નથી. આહા..હા..! પરિણમન છે એનો જાણનાર છે. આહા..હા..! શું કહે છે આ વાત! શું કરવું? શેઠ એમ કહે છેને, આ બધું સાંભળ્યું પણ કરવું શું? અત્યાર સુધી બધું કર્યું છેને તમાકુ ને બીડીયું. શેઠ! આ તો દાખલો હોં. તમે નહિ, બધા છેને. જેને જે હોય એ. મોટાનો દાખલો અપાય. આહા..હા..! અરે..! પ્રભુ શું કર્યું, ભાઈ! શું કર્યું તેં? પરદ્રવ્યનું તો કાંઈ કરી શકતો જ નથી. કેમકે પરદ્રવ્યમાં પોતાનો પ્રવેશ નથી, પ્રવેશ વિના પરદ્રવ્યનું શું કરે? આ શરીર, વાણીને આત્મા કરી શકતો નથી. આ તો જડ છે, માટી છે. આહા..હા..!

**શ્રોતા :–** .. ત્યારે ન કરે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** અત્યારે ન કરે. જડ પદાર્થમાં ચૈતન્યના પ્રવેશ વિના પરની ક્રિયા કઈ રીતે કરે? પોતાની સત્તા પરસત્તામાં પ્રવેશ કરે તો પરને કરે, પોતાની સત્તા પરમાં પ્રવેશતી નથી. આહા..હા..! અરે ભારે આવી વાતું! સમજાણું કાંઈ? શરીર ચાલે છે, ખાવા-પીવાની ક્રિયા થાય છે એ તો બધી જડને કારણે થાય છે, આત્માથી નહિ. આહા..હા..! આવો માર્ગ લ્યો! કહો, શેઠ આ બીડીયુંને વાળવા માણસને શું કહેવાય તમારે મોટરું મોકલે. શું કહે છે? હવે તમે નવરા થઈને અહીં રહો છો. તમારું મકાન અહીંયાં છે.

**શ્રોતા :–** બૈરાઓ, છોકરાઓ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ બધા આવી શકે. બોલાવો એને અહીં. એ તો પૈસા બહુ ખર્ચે છે ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! માર્ગ પરમાત્મા જિવરદેવ ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે કે

ધર્મી એને કહીએ કે જેને પાપભાવ થાય છે એનો પણ કર્તા થતો નથી, એની ભાવના નથી. આહા..હા..! એનો કેવળ જ્ઞાતા રહે છે. આહા..હા..! આ ભાવ છે. વીતરાગની આજ્ઞાનો તો આ ભાવ છે. બાકી બધા થોથા છે. આહા..હા..! એ કહ્યુંને?

**'એ જ પ્રમાણે...'** આ બે બોલ કહ્યા. પુણ્યનો અને પાપનો. **'એ જ પ્રમાણે ગાથામાં અધર્મ શબ્દ પલટીને તેની જગ્યાએ રાગ,...'** લેવો. રાગ-રાગ આવ્યો. તોપણ રાગનો જ્ઞાની ધર્મી તો જ્ઞાતા છે. આહા..હા..! સમજાણું કાંઈ? રાગનો રાગ નથી, ધર્મી જીવને રાગનો રાગ નથી. આહા..હા..! પોતાનો આનંદસ્વરૂપ ભગવાન આત્મા એની રુચિ છે, એને રાગની રુચિ નથી. આહા..હા..! અમૃત સાગર ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ એની અંદર જેને રુચિ થઈ એને રાગની રુચિ થતી નથી. આહા..હા..! આવે છે. સમજાણું કાંઈ? આહા..હા..! એ રાગ લેવો. રાગની ઈચ્છા નથી, રાગ આવે છે તો રાગનું જ્ઞાન થાય છે, રાગમયભાવ આત્માને થતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

એમ **'દ્વેષ,...'** લેવો. દ્વેષ પણ જ્ઞાનીને આવે છે. સમ્યગ્દૃષ્ટિ છે, લડાઈમાં જાય છે તો દ્વેષ થઈ જાય છે, પણ દ્વેષની ભાવના નથી. પોતાનો આત્મા આનંદની ભાવનામાં દ્વેષની ભાવના નથી. પોતાના આનંદની રુચિમાં આ દ્વેષની રુચિ નથી. આહા..હા..! પાછો થાય છે. થતો નથી, ખરેખર તો એનું જ્ઞાન થાય છે. જ્ઞાનમયભાવમાંથી જ્ઞાતા પરિણામ થાય છે એમ કહે છે. આહા..હા..! કર્તા-ફર્તા થતો નથી. રાગમાં-દ્વેષમાં તન્મય નથી થતો. આહા..હા..! લડાઈમાં સમ્યગ્દૃષ્ટિ હો. તીર્થંકર શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ ત્રણે ચક્રવર્તી, તીર્થંકર અને કામદેવ હતા. તીર્થંકર હતા, ચક્રવર્તી હતા, કામદેવ હતા તો છ ખંડ સાધતા હતા, જાતા હતા, રાગ હતો અને જરી દુશ્મન ન માને તો દ્વેષ પણ થતો હતો. પુણ્યવંત પ્રાણી હતા. તરત રાજા નમી જતા હતા. જરી નમાવવાનો ભાવ તો આવ્યોને એ દ્વેષ થયો થોડો... આહા..હા..! એને ધર્મી જીવ જાણનાર રહે છે. દ્વેષમય દ્વેષનો કર્તા અને દ્વેષમય નથી થતો. આહા..હા..! જ્ઞાનમય થાય છે. આવી વાત!

**શ્રોતા :-** જાણવાના નામે બચાવ કરવાનું થયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચાવ કરવો શું? જ્ઞાનમાં દ્વિવિધતાનું ભાન થયું. એક પોતાનું ભાન અને દ્વેષનું ભાન, બેય જ્ઞાન થયું. આહા..હા..! આવે છે સર્વવિશુદ્ધ અધિકારમાં આવે છે. સર્વવિશુદ્ધ. આહા..હા..! એ તો જ્ઞાનની પુષ્ટિ થઈ, જ્ઞાનની પુષ્ટિ થઈ, દ્વેષની પુષ્ટિ નહિ. આહા..હા..! પોતાનું જ્ઞાન છે ત્યાં દ્વેષનું પણ જ્ઞાન છે. બે પ્રકારનું જ્ઞાન ઉત્પન્ન થયું જ્ઞાનીને. આહા..હા..! ઝીણી વાત, બાપુ! અનંતકાળમાં એણે કંઈ કર્યું નથી. એમ ને એમ જિંદગી ચાલી જાય છે. આહા..હા..! પોતાની ચીજ શું છે, એ તરફ જુકાવ નથી. પરસન્મુખ તરફનો જુકાવ એ બધો વિકાર છે. અહીંયાં તો સ્વસન્મુખ તરફ જુકાવ થયો એમાં જરી પરસન્મુખનો દ્વેષ આવે છે એનો પણ જ્ઞાની જ્ઞાતા રહે છે. આહા..હા..! આવી વાત ક્યાંથી હશે આવી? આ જૈનધર્મની વાત એવી છે? આ શું છે? લોકોમાં આ વાત ચાલતી નથી. ખબર છેને. અમે તો આખું હિન્દુસ્તાન જોયું છે. આહા..હા..! બહારની ક્રિયાકાંડ ને આમ ને તેમ ને. બસ. આહા..હા..!

'**ક્રોધ,...**' અધર્મ શબ્દ છોડીને ક્રોધ શબ્દ ત્યાં લેવો. ક્રોધ પણ આવે છે જ્ઞાનીને, એ જ્ઞાનીને આવે છે એમ કહેવું એ પણ વ્યવહાર છે. આહા..હા..! એમ કહ્યું હતુંને. અજ્ઞાનમયભાવ જ્ઞાનીને થતો નથી. જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ થાય છે, ક્રોધમય ભાવ થતો નથી. આહા..હા..! ક્રોધને પોતાના જ્ઞાનથી ભિન્ન રાખીને ક્રોધનું જ્ઞાન કરે છે, એ પણ વ્યવહાર છે. પોતાનું જ્ઞાન કરે છે. આહા..હા..! એવી વાત છે. છે? અરે..! બાપા! જ્યાં અંદર આનંદના સ્વાદમાં પડ્યો છે ત્યાં એને ક્રોધ થયો એને ઝેર દેખાય છે. મીઠાશ ઉઠી ગઈ છે અંદરથી. આહા..હા..! એ વાત છે, ભાઈ! આનંદ છે ત્યાં. આનંદના સ્વાદમાં છે ત્યાં. આહા..હા..! ક્રોધનો તો જ્ઞાતા રહે છે. ઝીણી વાત, ભાઈ! વીતરાગમાર્ગ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ એનો માર્ગ કોઈ અલૌકિક છે. એવો માર્ગ ક્યાંય બીજે છે નહિ. કોઈ માર્ગમાં ક્યાંય નથી. આહા..હા..! આ વાત વીતરાગ સિવાય ક્યાં છે? આહા..હા..!

કહે છે '**ક્રોધ,...**' પોતાના જ્ઞાનમયભાવનું ભાન હોવા છતાં નબળાઈને લઈને ક્રોધ થાય છે, તો ક્રોધની એકતાબુદ્ધિ નથી, ક્રોધની ભાવના નથી, ક્રોધ છે એનું જ્ઞાન કરે છે તો જ્ઞાતા-દ્રષ્ટા રહે છે. આહા..હા..! આવો માર્ગ છે. દુનિયાથી તો ઊલટો માર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ? દુનિયાથી તો ઊલટો માર્ગ છે. અત્યારે તો સંપ્રદાયમાં ચાલે છે એનાથી આ ઊલટો માર્ગ છે. માર્ગ તો એવો ભાઈ છે. બધી ખબર છે કે નહિ. આહા..હા..!

'**માન,...**' માન થયું માન. સમજાણું કાંઈ? નેમિનાથ ભગવાન. સભામાં પાંડવો આદિ બિરાજતા હતા બધા મહાયોદ્ધાઓ હજારો સભામાં. એમાં વાત નીકળતા નીકળતા નીકળી, કોઈ કહે કે પાંડવો મોટા યોદ્ધા છે, કોઈ કહે કે આ મોટો યોદ્ધા છે. કોઈ એમ કહે કે બધા યોદ્ધા છે, પણ ભગવાન યોદ્ધા છે એવો યોદ્ધા કોઈ નથી. ભગવાન તો હજી ગૃહસ્થાશ્રમમાં હતા. ત્રણ જ્ઞાન, ક્ષાયિકસમકિત (હતા). આહા..હા..! તો એવી વાત નીકળી. શ્રીકૃષ્ણે એમ કહ્યું કે યોદ્ધાઓને... ભગવાન આમ હાથ કર્યો. બળ. શરીરનું બળ હોં, આત્માનું નહિ. શ્રીકૃષ્ણ ટીંગાઈ ગયા, પણ હાથ વળે નહિ એટલું તો શરીરનું બળ છે. જ્ઞાનનું બળ તો અનંત અંદર છે બીજું. સમજાણું કાંઈ? એ આવે છે. પદ્મપુરાણમાં આવે છે. આમ નીચે પગ રાખ્યો. લ્યો પગને ઉઠાવો. એવો વિકલ્પ આવે છે, પણ એ વિકલ્પના પણ જ્ઞાતા રહે છે. માર્ગ બાપા! વીતરાગનો માર્ગ ખાંડાની ધાર એથી આકરો માર્ગ છે, ભાઈ! આહા..હા..! દુઃખરૂપ નહિ, સુખરૂપ માર્ગ છે. જ્યાં આત્મા અતીન્દ્રિય આનંદના નાથને જગાડ્યો... આહા..હા..! સમ્યગ્દર્શનમાં (તો) વ્યવહારમાં સૂઈ ગયો અને નિશ્ચયમાં જાગી ગયા. આહા..હા..! એને વ્યવહાર આવે છે, પણ એનો આદર નથી. આહા..હા..! એનું જ્ઞાન કરે છે, જ્ઞાયક કહે છે. ભાષા આકરી છે, બાપુ! આ તો ગંભીર શાસ્ત્ર છે. એક એક શ્લોકમાં, એક એક પદમાં ઘણી ગંભીર વાત છે ગંભીર.

એક ચોથું પદ લ્યો! '**जाणगो तेण सो होदि**' આહા..હા..! ધર્માત્મા એને કહીએ, આઠ વર્ષની બાળિકા પણ જો સમ્યગ્દૃષ્ટિ ધર્મી હોય... આહા..હા..! તો તેને હજી લગન કરવાનો ભાવ આવે. એય..! પણ એ એને દુઃખરૂપ જાણે છે. સમજાણું કાંઈ? આહા..હા..! આવી વાત! અને જ્ઞાનમયભાવ એને થાય છે. એ વિષયવાસનામય જ્ઞાન નથી થતું. આહા..હા..! સમજાણું કાંઈ? શું કહે છે આ? આવી

વાત પાગલ જેવી લાગે બીજાને. એ ચાલતી નથીને એટલે. આહા..હા..! માર્ગ તો આવો છે, બાપુ!

**શ્રોતા :-** હવે તો ચાલવા લાગ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ તો સંપ્રદાયમાં એ વાત ન હતીને એટલે લાગે કે આ નવી વાત ક્યાંથી કાઢી? નવી નથી ભાઈ! અનાદિના વીતરાગમાર્ગમાં આ જ પદ્ધતિ છે, આ પદ્ધતિ છે. આહા..હા..!

'**માન,...**' માન-માન. માન થાય છે થોડું. આહા..હા..! પણ માનનો જ્ઞાતા રહે છે. આહા..હા..! બચાવ કરે છે? ભાઈ! તને ખબર નથી, બાપુ! ભગવાન જ્યાં ચૈતન્યજ્યોત સ્વયંજ્યોતિ ચૈતન્યજ્યોત સુખધામ, આનંદનું ધામ, અતીન્દ્રિય આનંદનું ઠેકાણું ભગવાન આત્મા છે. એનું જ્યાં સમ્યગ્દર્શનમાં ભાન થયું... આહા..હા..! તો અહીંયા માન થયું એનો જ્ઞાતા રહે છે. માનને પોતામાં ખતવતા નથી અને માનની મીઠાશ થતી નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, ભાઈ! અરે..! જન્મ-મરણ મટાડવાનો માર્ગ તો આ એક વીતરાગનો છે. ચોર્યાસીના અવતાર ભવસિંધુ એક-એક યોનિમાં અનંત અવતાર કર્યા. આહા..હા..! એ મિથ્યાત્વને કારણે. સમજાણું કાંઈ? મિથ્યાત્વ એ મોટો સંસાર છે અને સમકિત એ મોટો જન્મ-મરણ મટવાનો ઉપાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**માયા,...**' જરી માયા પણ આવે છે. ધર્મી તો માયાનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે. આહા..હા..! એ સમયે પણ જ્ઞાનની પર્યાય સ્વ-પરપ્રકાશકની ઉત્પન્ન થવાનો કાળ છે, તેથી એનું જ્ઞાન થાય છે. આહા..હા..! જ્ઞાનગુણનું સ્વપરપ્રકાશક સામર્થ્ય છે તો માયા-કાળમાં એનું જ્ઞાન, પોતાનું જ્ઞાન સાથે ઉત્પન્ન થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! બાપુ! આ તો વીરના માર્ગ છે. આહા..હા..! '**લોભ,...**' લોભ જરી આવે છે રાગ, પણ લોભનો લોભ નથી, લોભનો રસ નથી. આહા..હા..! આત્માના આનંદરસ આગળ લોભનો રસ ફિક્કો પડી જાય છે. આહા..હા..! ધર્મીને લોભની મીઠાશ ઊડી ગઈ છે. લોભ થયો એની મીઠાશ ઊડી ગઈ છે. આહા..હા..! પોતાના આનંદની મીઠાશ.. મીઠાશ સમજો છો? મીઠાશ કહે છે? મધુર મીઠાશ પોતાના આનંદની મધુરાઈ સમ્યક્‌માં થાય છે તો એમાં રાગની-એ લોભની મીઠાશ ઊડી જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**કર્મ,...**' આઠ કર્મ પણ મારા નથી. આહા..હા..! ગોમ્મટસાર આદિ વાંચતા હોય તો એ કર્મ કર્મ. કર્મનું જ્ઞાન થાય છે. આહા..હા..! 'કર્મ મારા છે અને કર્મમાં હું છું અને કર્મે મને નુકસાન કર્યું છે' એમ વાત નથી. આહા..હા..! કર્મ લક્ષમાં આવે છે કે આઠ કર્મ છે અને એવી પ્રકૃતિ છે તો એનું જ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? દુર્લભ વાત છે, ભગવાન! તારી ચીજ જ દુર્લભ મહાપ્રભુ છે અને જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એ તો મોક્ષગામી સુખના પંથે પડ્યા, બાકી તો બધા દુઃખને પંથે છે. આહા..હા..! તો કહે છે કે પોતાનો આત્મા આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ, એવી અંતરમાં વેદન—સ્વસંવેદન શક્તિ પ્રગટ થઈ એને જરી... શું કહ્યું? '**કર્મ,...**' કર્મ છે એમ જાણે છે કે મારું એટલું કર્મ છે, પણ એ કર્મ છે એનું જ્ઞાન કરે છે. આહા..હા..! જ્ઞાનીને હજી આઠ કર્મ છે અને આયુષ્ય બાંધે છે એમ આવે છેને? સમજાણું કાંઈ? કર્મનો ખ્યાલ આવે છે તો એનું જ્ઞાન કરે છે, કર્મમય આત્મા થઈ જાય છે એમ નથી. કર્મથી ભિન્ન રહીને પોતાનું જ્ઞાન કરે છે અને પરનું જ્ઞાન કરે છે. આહા..હા..! અહીં તો ત્યાં સુધી કહ્યું કે કર્મ છે એણે

આત્માને આવરણ કરી દીધું છે એમ તો નથી, પણ કર્મ છે પણ જેને આત્માનું જ્ઞાન થયું એ કર્મનું જ્ઞાન કરે છે. સમજાણું કાંઈ? જ્ઞાનાવરણીય. લ્યો!

**શ્રોતા :-** શ્રીમદ્‌જીએ એમ કહ્યું, 'વેદનીય કર્મનો ભોગ ભોગવવો અવશેષ રે'

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એક બાકી છે રાગ હજી એમ. થોડો રાગ દેખાય છે હજી. આ ભવે મોક્ષ થશે એમ દેખાતું નથી. રાગ-રાગ. પર્યાયમાં હજી રાગ દેખાય છે, છૂટતો નથી. આહા..હા..! જાણે છે કે હજી એકાદ ભવ કરવો પડશે. પછી રાગ છૂટીને કેવળજ્ઞાન પામશે. સમજાણું કાંઈ? જ્ઞાનની દૃષ્ટિમાં તો રાગનો કર્તા પરિણમન પણ મારું છે અને રાગનો ભોક્તા પણ હું છું. એ તો જ્ઞાન જાણે છે, પણ જાણે છે. દૃષ્ટિના સ્વભાવમાં રાગનો કર્તા પણ નથી અને રાગનો ભોક્તા પણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવો અનેકાંત માર્ગ પ્રભુનો. આહા..હા..!

અહીંયાં તો કહ્યું કે કર્મ મને આચ્છાદન કરે છે એ તો છે જ નહિ. ઓહો..હો..! ધર્મીને કર્મ આવું છેને આવું આવરણ છે એવું સાંભળવામાં આવે છે, તો કહે છે કે કર્મ મારા લક્ષમાં આવ્યું એનું તો મને જ્ઞાન થયું, મારું જ્ઞાન અને એનું જ્ઞાન થયું. એ કર્મ મને આચ્છાદન કરે કે આવરણ કરે છે એમ તો છે નહિ. આહા..હા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? મોહકર્મ છે. છે એનું જ્ઞાન થયું. આહા..હા..! દ્વિરૂપતા જ્ઞાનની થઈ. પોતાનું પણ જ્ઞાન અને એનું પણ જ્ઞાન થયું. એ વસ્તુનો ધર્મ છે. આહા..હા..! કર્મ આઠેય લેવા હોં. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહ, અંતરાય, નામ, ગોત્ર, આયુષ્ય, વેદનીય. તો એ ભૂમિકા પ્રમાણે કર્મ છે એમ જણાય તો છે, પણ એ એનું જ્ઞાન કરે છે એમ કહે છે. આહા..હા..! મારામાં કર્મ છે અને મને કર્મથી હીનતા થઈ એમ નથી. હીનતા થઈ છે એ મારી પર્યાયમાં મારી નબળાઈને કારણે થઈ છે તેનો હું જ્ઞાતા છું. આહા..હા..! માર્ગ આવો છે. સાધારણ પ્રાણી બિચારા મગજ ન મળે, એને તો આ બેસવું કઠણ પડે ઘણું.

કર્મ છે? પછી '**નોકર્મ,...**' નોકર્મ જેટલા નિમિત્ત છે, શરીર, વાણી, મન એ બધા નોકર્મ છે એનું જ્ઞાન કરે છે, એ ચીજ મારી છે એમ ધર્મી માનતો નથી. શરીરને, વાણીને, મનને અને બીજી ચીજ જે બાહ્યની છે એનું એ જ્ઞાન કરે છે. એ નોકર્મ મારા છે એમ નથી માનતો. આહા..હા..! સ્ત્રી, પુત્ર, કુટુંબ, લક્ષ્મી, ધંધો મારો એમ ધર્મી માનતો નથી. આહા..હા..! દુકાનને થડે બેઠો હોય પછી એક દિવસની પચાસ હજારની પેદાશ, લાખની આમદાની (થઈ હોય), ફટ પાવર ફાટી જાય. આહા..હા..! અહીં તો કહે છે કે લક્ષ્મી એટલી આવી એમ સાંભળવા મળ્યું, તો તેનું જ્ઞાન કર્યું. આહા..હા..! સમજાણું કાંઈ? આહા..હા..! ગજબ વાત છે, આણંદભાઈ! આવી વાત છે. અરે..! કરવાનું તો આ છે, બાપુ! બાકી તો થોથા મજૂરી કરીને મરી ગયો. આહા..હા..! રાગ ને દ્વેષની મજૂરી છે બધી.

અહીં તો કહે છે કે નોકર્મ બધા નિમિત્ત છે એનું અહીં જ્ઞાન થાય છે. નિમિત્ત જ્ઞાનને મદદ કરતું નથી, પણ નિમિત્તનું જ્ઞાન કરે છે એ પોતાથી જ્ઞાન થાય છે. એ નિમિત્ત છે તો જ્ઞાન થયું એમ પણ નથી. આહા..હા..! બહુ વાત ઝીણી, બાપુ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર એનો માર્ગ બહુ સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..! અહીં તો વ્યવહાર-વ્યવહાર કહ્યો તો વ્યવહાર છે, પણ વ્યવહાર પોતાનો છે એમ જ્ઞાની

માનતો નથી અને વ્યવહાર છે એનું જ્ઞાન પોતામાં રહીને કરે છે. આહા..હા..! ગજબ વાત છે, ભાઈ! સમજાણું કાંઈ? કહે છે કે વ્યવહાર કર્તા છે અને નિશ્ચય કાર્ય છે. વ્યવહાર કારણ. કર્તા કહો કે કારણ કહો. એમ છે નહિ, ભાઈ! તને ખબર નથી. આહા..હા..! વ્યવહાર આવે છે, એનું જ્ઞાની જ્ઞાન કરે છે. આહા..હા..! વ્યવહારથી અહીંયા જ્ઞાન થયું, જ્ઞાતા થયો એટલે વ્યવહાર છે એનો જ્ઞાતા થયો એમ પણ નહિ. આહા..હા..! પોતાના જ્ઞાનની સ્વતંત્ર પર્યાય કર્તા થઈને ષટ્કારકથી જ્ઞાનની પરિણતિ પરિણમન થઈને.. આહા..હા..! એ નોકર્મને જાણે છે. આહા..હા..! આવી વાત બાપુ બહુ...

જેને ઈન્દ્રો એકાવતારી સાંભળે છે ઈન્દ્રો એકભવતારી જેની વાણી સાંભળે એ વાણી કેવી હશે ભાઈ! એ કાંઈ વાર્તા કથા છે? આહા..હા..! શક્રેન્દ્ર, સુધર્મ ઈન્દ્ર એકભવતારી છે. એક ભવ મનુષ્યનો કરીને મોક્ષ જનારા છે અને એની પત્ની પણ એકભવતારી છે, પતિ-પત્ની બેય એક ભવે મોક્ષ જવાના છે. એ ભગવાનની વાણી સાંભળવા આવે તો એ વાણી કેવી હશે, ભાઈ? આહા..હા..! સમજાણું કાંઈ? એ ત્રણ જ્ઞાનના તો ધણી છે બેય, પતિ અને પત્ની બેય. મતિ, શ્રુત અને અવધિ. આહા..હા..! બાપુ! માર્ગ એવો છે, ભાઈ! લોકોએ બગાડી નાખ્યો છે. સમજે પોતાની આગ્રહની દૃષ્ટિથી. માર્ગ આવો, બાપુ! તારા લાભની વાત તો આ છે. તારા લાભની વાત તો આ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વ્યવહારથી લાભ થાય એમ પણ નહિ. આહા..હા..! વ્યવહાર આવે એનું જ્ઞાન કરે છે, જ્ઞાનમયભાવ કરે છે. આહા..હા..! આવી વાત છે. કહો, આણંદભાઈ! આવું તો સાંભળ્યું નહિ હોય કોઈ દિ'. આહા..હા..! નિમિત્તથી પોતામાં તો થતું નથી પણ નિમિત્ત આવ્યું એનું જ્ઞાન પોતાથી જ્ઞાન કરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે, બાપુ! સર્વજ્ઞ પરમાત્માનું આ ફરમાન છે. બેસે તો બેસાડો નહિતર મધ્યસ્થ થઈ જાવ. આહા..હા..! નોકર્મ છેને? બધા નિમિત્તો છે એ.

'**મન,...**' મન. અહીં મન છે છાતીમાં જડ. જેમ આંખ છેને આ ડોળા જડ, આ જડ છે. જોનારી તો જ્ઞાનપર્યાય છે, આ કાંઈ દેખતી નથી. એમ અહીંયાં જડ મન એક છે છાતીમાં. વિચાર કરવામાં એ નિમિત્ત છે. પણ કહે છે કે મન પણ મારી ચીજ નથી. આહા..હા..! અને મનનો ખ્યાલ આવે છે તો મનનું જ્ઞાન મારામાં થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત કેટલાકને તો જિંદગીમાં સાંભળવા મળે નહિ બિચારાને. આમ ને આમ ચાલી જાય જિંદગી. અરે.. પ્રભુ! ત્રણલોકનો નાથ વીતરાગ જિનવરદેવનો પંથ અલૌકિક છે. કોઈ લૌકિક સાથે કાંઈ મેળ થઈ શકે નહિ. આહા..હા..! ગજબ કામ કરે છે. એટલા કટકામાં કેટલું મૂક્યું છે! વ્યવહાર ને નિમિત્ત ને આ બધા... વ્યવહારનું એ જ્ઞાન કરે, વ્યવહાર છે માટે નહિ. એ તો જ્ઞાનનો પર્યાય તે કાળે એવો જ ઉત્પન્ન થાય. આહા..હા..! આહા..હા...! એમ નિમિત્તો પણ હો, પણ જ્ઞાનસ્વભાવમાં એવી શક્તિ છે સ્વપરપ્રકાશક, એ કારણે નિમિત્તનું જ્ઞાન પોતાથી પોતામાં જ્ઞાન થાય છે, તેને ધર્મી કહેવામાં આવે છે. આહા..હા..! આવી વાતું ભાઈ! કામાણી કહેતા હતા કે આવું સાંભળવા મળતું નથી. અમારે કામાણી છેને. નહિ? વાત તો સાચી હોં. જ્યાં હોય ત્યાં પૈસા અને ધૂળની વાતું, કાં આ વ્યવહાર કરો અને એનાથી થાય. આહા..હા..! કહેતા હતા ભાઈ. એવો માર્ગ બાપુ! શું કરીએ? આહા..હા..! ભાઈ! તું તો ચૈતન્યસ્વરૂપ છોને. તારી

શક્તિનું સામર્થ્ય તો જાણવું-દેખવું છેને. આહા..હા..! શું રાગ તારા સામર્થ્યનું કાર્ય છે? આહા..હા..! તારું સામર્થ્ય તો રાગ આવે છે, નોકર્મ છે, મનનું જાણવું એ તારું સામર્થ્ય છે. આહા..હા..! મન તારી ચીજ નહિ, મનનું જ્ઞાન કરવું એ તારી ચીજથી એનું જ્ઞાન થાય છે. આહા..હા..!

એમ આ '**વચન,...**' વાણી આ વાણી જડ. એ તો જડ છે વાણી. જડ (વાણી) આત્માની છે નહિ, આત્મા બોલતો નથી. આહા..હા..! બોલે એ જડ ભાષા છે, આ તો માટી, ધૂળ છે. નનુમલજી! આવી વાત છે ઝીણી. આહા..હા..! એ વચન થાય છે તો જ્ઞાનીને એ સંબંધીનું જ્ઞાન થાય છે, વચન હું બોલું છું એમ નથી. આહા..હા..!

**શ્રોતા :-** તો બોલે કોણ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બોલે જડ ભાષાવર્ગણા. આહા..હા..! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

---

## પોષ વદ-૩, શનિવાર, તા. ૦૮-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૧ થી ૨૧૩, પ્રવચન નં. ૨૮૬

સમયસાર, ૨૧૧ ગાથા. અહીંયાં શું કહે છે? કે જેને આત્મજ્ઞાન ધર્મ થયો, રાગ અને શરીર, વાણીથી ભિન્ન ભગવાન આત્મા છે એનું સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન થયા તેને અહીંયાં ધર્મી અને જ્ઞાની કહે છે. સમજાણું કાંઈ? એ ધર્મીને ઈચ્છા હોતી નથી એમ કહેવું છે. અહીં સુધી આવ્યું છે—વચન સુધી. ધર્મીને વચનનો પરિગ્રહ નથી. વાણી એ જડ છે આ તો. આહા..હા..! ધર્મી જડને પોતાનું માનતો નથી. વાણીની ક્રિયા જડની થાય છે એમાં અભિમાન નથી કે હું બોલું છું. આહા..હા..! આ ધર્મીની દૃષ્ટિ અને દશા. સમજાય છે કાંઈ? એને 'કાય,...'નો પરિગ્રહ હોતો નથી. આહા..હા..! છે? શરીર તો જડ છે, આ તો અજીવ છે, મડદું, મડદા છે મડદું.

**શ્રોતા :-** ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે. સમજાણું કાંઈ? ૯૬ ગાથામાં આવી ગયું પહેલાં ૯૬ ગાથામાં. અમૃતસાગર ભગવાન, આનંદસાગર ભગવાન આત્મા મૃતક કલેવરમાં મૂર્છાણો છે, મૂર્છા કરે છે. આહા..હા..! પોતાની ચીજમાં અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય વીતરાગતા જ્ઞાન પડ્યા છે એની ખબર નથી એ શરીરને પોતાનું માને છે. એ ખાણિયા ચર્ચામાં બીજો પ્રશ્ન છેને ઈ? બીજો પ્રશ્ન. જીવીત શરીરથી ધર્મ થાય કે નહિ? આહા..હા..!

**શ્રોતા :-** શરીર તો મડદું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રશ્ન એ છે.

**શ્રોતા :-** જીવિત શરીર ક્રિયા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા એ. જયપુરમાં હતા તમે? પહેલો પ્રશ્ન એ હતો, આજે વાંચનમાં પૂરો થયો. પોણો સો પાના. કર્મથી વિકાર અને ચાર ગતિ થાય છે કે નહિ? આહા..હા..! એક ને બે ને ત્રણ, ત્રણવાર પ્રશ્ન-ઉત્તર થયા. આહા..હા..! એ તો પહેલા આવી ગયું અંદર. કર્મ અંદર. કર્મ મારી ચીજ જ નથી. સમજાણું કાંઈ? કર્મથી વિકાર થાય છે એ હું નહિ. વિકાર થાય છે, પોતાની નબળાઈને કારણે. નબળાઈને કારણે વિકાર થાય છે, પણ કર્મથી થાય છે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ જન્મ-મરણ ટાળવાની ચીજ બહુ અલૌકિક છે. આહા..હા..!

અહીં તો કાયા પણ પોતાની નથી. એ તો શરીર જડ છે. 'હું એની ક્રિયા કરું છું' એવો અભિપ્રાય જ્ઞાનીને હોતો નથી. આહા..હા..! અજ્ઞાનીને એમ હોય છે કે હું શરીરની આવી ક્રિયા કરું છું. સમજાણું કાંઈ? એ તો મમતાનો પરિગ્રહ છે એનો મિથ્યાત્વનો. આહા..હા..! જ્ઞાનીને શરીરની ક્રિયા થાય છે એમાં પણ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..હા..! સમજાણું કાંઈ? કાયા.

'**શ્રોત્ર,...**' કાન. એ પણ જડની દશા છે. આહા..હા..! આ શ્રોત્ર-કાન જડ છે. જ્ઞાનીને એનો પરિગ્રહ નથી કે મારા કાન ઠીક છે તો સાંભળું છું અને એનાથી મને જ્ઞાન થાય છે. સાંભળવાથી જ્ઞાન થતું જ નથી.

**શ્રોતા :-** કાન બેરો થાય તો સંચો રખાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંચો રાખે તોપણ શું છે? એ જ્ઞાન તો પોતાથી થાય છે. શું સંચાથી કે ઈન્દ્રિયથી થાય છે? સંચો અને ઈન્દ્રિય શું આત્માના અવયવ છે? આહા..હા..! સૂક્ષ્મ વાત છે, ભાઈ! ચોર્યાસીના અવતાર કરીને અનંતકાળથી દુઃખી છે, એને ખબર નથી. આહા..હા..!

કહ્યુંને સવારમાં ન કહ્યું એ વાદીરાજનું. પ્રભુ! હું ભૂતકાળના દુઃખને યાદ કરું છું. હું ક્યાં ક્યાં રહ્યો. એકેન્દ્રિયમાં, નરક યોનિમાં, તિર્યંચ યોનિમાં એવા અવતાર કર્યા એના દુઃખને યાદ કરું છું તો મને આયુધનું જેમ બાણ વાગે એમ છાતિમાં વાગે છે. યાદ કરે કોણ પણ? આહા..હા..! આ પૈસા ને આબરૂ ને કીર્તિ ને બાયડી ને છોકરા ને ધંધો. એની યાદ પાપની છે. આહા..હા..! અહીંયાં તો એમ લીધું છે. મુનિરાજ એમ કહે છે. આહા..હા..! જન્મ-જન્મમાં દુઃખ સહ્યા પ્રભુ મેં, એ યાદ કરતાં આયુધની જેમ બાણ વાગે છે છાતીમાં. આહા..હા..! અરે..! પ્રભુ તને શું થયું? સમજાણું કાંઈ? મુનિ એમ કહે છે વાદીરાજ. કોઢ હતોને કોઢ શરીરમાં. રાજા પાસે કોઈ શ્રાવક ગયા હતા. મહારાજ! અમારા મુનિ તો નિરોગ છે, એને કોઢ નથી. કોઈએ કહ્યું કે કોઢ છે એને. આ કહે કોઢ છે નહિ. મહારાજ પાસે આવ્યો. હું મહારાજને આમ કહીને આવ્યો છું રાજા પાસે. ઠીક. આહા..હા..!

પછી સ્તુતિ ઉપાડી છે ભગવાનની. એ પુણ્યનો યોગ છે એટલે થાય છે, નહિતર તો... આહા..હા..! સ્તુતિ કરી, પ્રભુ! તમારો જે શરીરમાં જન્મ થાય છે એ નગરી સોનાની થઈ જાય છે, એ માતાનું પેટ સાફ થઈ જાય છે, જેમ આરસપહાણ જેમ હોય એવી થઈ જાય છે, તો પ્રભુ હું તમારી સ્તુતિ કરું અને શરીરમાં કોઢ રહે! એ તો એક ભક્તિનો... આહા..હા..! કોઢ મટી ગયો. એ તો એક મટવાની ચીજ હતી

એ કાળે તો મટી છે. સ્તુતિથી મટ્યો છે એ તો નિમિત્તનું કથન છે. સમજાણું કાંઈ? પણ એ વાદીરાજ કહે છે કે પ્રભુ! મેં જન્મ-જન્મના દુઃખ વેઠ્યા છે, પ્રભુ! આહા..હા..! અનંત-અનંતકાળમાં ચોર્યાસી લાખ યોનિમાં મેં અવતાર લીધા. નરક યોનિમાં, પશુ યોનિમાં, એકેન્દ્રિયમાં, બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય... આહા..હા..! પશુ. આહા..હા..!

જુઓને અહીં એક કુતરી વિયાણી હતીને. ચાર બચ્ચા નીકળ્યા ચાર અને બે બચ્ચા ખાઈ ગઈ. આહા..હા..! આ અવતાર. ક્યાંકથી ઢોરમાંથી આવ્યા હશે એ. કોઈ પૈસાવાળા પણ મરીને તિર્યંચ થાય છે. અહીં કરોડપતિ હોય અને મરીને ગલુડિયા થાય. આહા..હા..! માયા ને મમતામાં પડ્યા. દેહનો પડદો બંધ થઈ ગયો. એ ચાર બચ્ચામાં ભૂખ લાગી ગઈ. કોઈ હાજર નહિ. નહિતર શેરો કરીને દે જરી તેલનો. એમ કહે છે. અમે પણ નાની ઉંમરમાં એવું સાંભળ્યું હતું. કુતરી વિયાણેને તો છોકરાઓ નીકળે સાત-આઠ. માટીની શું કહેવાય એ? માટીનું ઠીબડું. હું ગાતો હતો. દસ વર્ષની ઉંમરની વાત છે. 'આય માય કુત્તી વિયાણી, ધાન ઢુબો આપો' એમ કહેતા છોકરાઓ. છોકરાઓ નીકળતા તો અમને ખબર છે. અમે તો બધું જોયું છેને. કણબીવાડમાં રહ્યાને કણબીવાડમાં. 'આય માય..' એમ કે આય એટલે માતા. દાદી અને માતા 'આય માય કુત્તી વીયાણી, ધાન ધોબો...' પછી કોક મશ્કરી કરે તો ધાન ધોકો એમ કહે. પણ 'ધાન ધોબો' થોડું ધાન આપો. કુતરીને બહુ ભૂખ લાગે એને. આપણે સ્ત્રીને પણ જ્યારે બાળક આવે ત્યારે ભૂખ લાગેને, કરાવે છેને પાક. શું કહેવાય એ? કાટલું. કાટલું કરે મસાલા નાખીને. આને ભૂખ લાગી તો બે ગલુડિયા જન્મ્યા એવા ખાઈ ગઈ, દેરાસરની પાછળ. ભગવાન હતા અંદર તો. ભગવાન શું કરે? આહા..હા..! પછી તો ખબર પડી. ભિખાભાઈ છેને આપણા. એ થોડો લઈ આવ્યા. તેલનો શીરો. ઘીનો શેરો તો કોણ કરે અત્યારે? તેલ-તેલ. થોડું નાખ્યું હતું. આહા..હા..! કહો, એની મા ખાઈ ગઈ. એવા અવતાર અનંતવાર કર્યા છે, ભાઈ! તું ભૂલી ગયો, બાપુ!

**શ્રોતા :-** બે બચ્ચા ખાઈ ગઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ખાઈ ગઈ બે.

**શ્રોતા :-** બે બચી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો એનું આયુષ્ય હતું તો રહ્યા અને આનું આયુષ્ય પૂરું થવાનું. આહા..હા..!

**શ્રોતા :-** શીરો આપ્યો માટે બચી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બચે શીરામાંથી કોણ? એનું આયુષ્ય હતું (એટલે બચ્યા). આહા..હા..!

મુનિરાજ કહે છે કે પ્રભુ! મેં જન્મ-જન્મના દુઃખો... આહા..હા..! માતાના પેટમાં હું એક-એકવાર બાર-બાર વર્ષ રહ્યો છું, પ્રભુ! રહ્યો હું માતાના પેટમાં બાર વર્ષ. આ નવ મહિના રહે છે એ તો સાધારણ. પણ છોર રહે છે. તો માતાના પેટમાં બાર વર્ષ રહે છે. ઊંધે માથે એ બાર વર્ષ! બાપુ! અને પાછો મરીને દેહ છૂટીને બીજીવાર બાર વર્ષ રહે માતાના પેટમાં, એવો લેખ છે શાસ્ત્રમાં. દેહમાં માતાના પેટમાં ઉપરાઉપર ચોવીસ વર્ષ રહે. આહા..હા..! પ્રભુ! હું એ જન્મ-જન્મના દુઃખ યાદ કરું છું ત્યાં

બાણ વાગે છે, આયુધ વાગે છે. આહા..હા..! મુનિરાજ યાદ કરે છે. આહા..હા..!

અહીંયાં કહે છે કે મેં એવા જન્મ ધારણ કર્યા અનંતવાર. આહા..હા..! મને શ્રોત્રેન્દ્રિય મળી, પણ એને મારી માનીને મેં મમતા કરી અને મિથ્યાત્વમાં ચાર ગતિમાં રખડ્યો, તો હવે તો મહાપ્રભુ! શ્રોત્રેન્દ્રિય મારી નથી. મારી હોય તો મારી પાસે સદાય રહે. એ તો જડ છે, માટી છે. આહા..હા..! એનો પરિગ્રહ, મમતા, ઈચ્છા જ્ઞાનીને થતી નથી. આહા..હા..!

એમ 'ચક્ષુ,...' એ પણ જડ છે આ તો, ચક્ષુ તો. એની ઈચ્છા, મમતા જ્ઞાનીને થતી નથી કે આ ચક્ષુ મારા છે. હરણ જેવી આંખ ચકચક આમ થાય ડોળા. એ તો જડ છે, માટી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :–** આંખ બહુ .. કહેવાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, કહે છેને કે આંખ કીધીને પહેલી. કોડા જેવી આમ. એ તો માટી છે, ભાઈ! આમાં અગ્નિ લાગશે. આહા..હા..! એકવાર દેહ છૂટશે ત્યારે અગ્નિ લાગશે. અગ્નિના તણખા ઉઠશે. આહા..હા..! જડ છે, પ્રભુ! એ આંખ તારી નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? અહીં ધર્મી કહે છે કે મારી આંખ નથી. મારી આંખ નહિ અને આંખથી ક્રિયા થાય એ પણ મારી નહિ. આહા..હા..! તો એ આંખની ઈચ્છા મને નથી. આહા..હા..! આવી વાત!

**શ્રોતા :–** ચશ્મા છે માટે આંખ દેખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** ધૂળેય દેખાતી નથી. આંધળાને દેખાડી દ્યોને ચશ્મા લગાવો. એ તો જ્ઞાનથી જોવે છે એ સમયની પર્યાય. આહા..હા..! સમજાણું કાંઈ? નિમિત્તપ્રધાન દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ એમ કહે છે કે ચશ્મા હોય તો દેખાય છે કે નહિ? આહા..હા..! દૃષ્ટિ મિથ્યાત્વ છે. પોતાનો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે તો દેખાય છે. સમજાણું કાંઈ? એ લંડનમાં છે એક. હીરો છેને એ કોહીનૂર. પાંડવોના સમયનો છે. કરોડ, પાંચ કરોડ કહે છે. પણ કોણ ત્યાં આપે? મોટી કિંમત કહે. તો એક લાલન હતાને પંડિત. લાલન ત્યાં ગયા હતા. તો ત્યાં બીજા બધા જોતા હતા તો પંડિત પણ જોતા હતા પાંચ કરોડનો હીરો. પાંચ કરોડનો તો તે દિ' કહેતા હતા. હવે તો ક્યાં કિંમત.. એ પંડિતજીને પૂછ્યું કે હીરો કેવો લાગે છે? બીજા પૂછતા હતા. તો કહે, કહું? કે હીરો જોવે છે હીરાની કિંમત કહુ કે આંખની કહુ? આંખ દેખે છે કે હીરો દેખે છે? આંખની કિંમત કરું કે હું જાણનારની કિંમત કરું? આંખ જાણતી નથી, જાણે છે તો અંદર. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો માટી, જડ છે. આહા..હા..! રસી નીકળે છે એમાંથી.

ભાઈને હમણા નહોતું આપણે? છોટાભાઈને. આંખમાંથી રસી નીકળે, ઈયળુ પડે આંખમાં, કીડા પડે નાના-નાના. બાપુ! આ તો જડ છે, ભાઈ! શેનો પ્રેમ તું કરે છો? ધર્મીને ચક્ષુ ઈન્દ્રિયનો પરિગ્રહ-મારી છે એવી બુદ્ધિ નથી. આહા..હા..! કહો, આ લાદી ને હસમુખ તો ક્યાંય રહી ગયા. આ તો આંખ નહિ. કેમ તમારો પંકજ ને ક્યાંય રહી ગયો અહીં તો. એનો છોકરો હુશિયાર છે. જાણવાના રસવાળો છે. આહા..હા..! ભાઈ! આંખ જડ છેને. અનંત રજકણનો પિંડ આ તો અનંત પરમાણુનો સ્કંધ છે. ધર્મીની શરત એ હોય કે એ આંખ મારી નથી અને આંખથી જે દેખાય છે એ ક્રિયા મારી નથી. આહા..હા..! હું તો જ્ઞાનથી જાણું છું. સમજાણું કાંઈ?

એમ 'ઘ્રાણ,...' નાક-નાક. એ પણ મારી ચીજ નથી. 'રસન...' જીભ. આહા..હા..! મેસુબ ખાય ને શીરો લહલહતો ઊના ઘીનો આમ ખાય. આહા..હા..! આમ ચાટે પછી જીભને અંદર. બહુ ચીકાશવાળી ચીજ હોયને. બધી ઉતરી ગઈ હોય. એમ છેને?આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા ગુંદરપાક હોય ગુંદર ગુંદર. પાક હોયને એ ખાય તો ચીકણું થઈ જાય તો પછી જીભ સાફ કરે. શું છે બાપુ! એ જીભ તારી ચીજ જ નથી. આહા..હા..! જીભથી ચાટવું એ આત્માની ક્રિયા જ નથી. આહા..હા..! આવી વાતું.

'**ઘ્રાણ, રસન અને સ્પર્શન—**' આ સ્પર્શન. સુંવાળા શરીર ને ભોગમાં માખણ જેવા લાગે. અરે..! પ્રભુ આ કાંઈ માખણ નથી, જડ છે. આહા..હા..! આ તો હાડકા-ચામડાનું પૂતળું છે. 'એ સ્પર્શનથી હું વિષય લઉં છું' એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? એ સ્પર્શન જડની અવસ્થા છે. આહા..હા..! જીવીત શરીરથી ધર્મ થાય છે કે નહિ? એ પ્રશ્ન છેને. અરે..! ભગવાન! જીવિત શરીર એ તો સચેત શરીર નિમિત્તથી કહેવામાં આવે છે, શરીર તો અચેત છે. છન્નું ગાથામાં આવ્યું છે. અમૃતસ્વરૂપ ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ મૃતક કલેવરમાં મૂર્છાયો છે. આહા..હા..! આ મડદું છે મડદું. આહા..હા..! છેને? છન્નું-છન્નું (ગાથા).

'**મૃતક કલેવર (શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન (પોતે) મૂર્છિત થયો હોવાથી...** ' ૯૬ ગાથાની ટીકાની છેલ્લી લીટી. છે? ૯૬-૯૬. આહા..હા..! '**મૃતક કલેવર (શરીર) વડે...**' ક્યારે મૃતક શરીર? અત્યારે. આહા..હા..! '**મૃતક ક્લેવર (શરીર) વડે પરમ અમૃતરૂપ વિજ્ઞાનઘન...**' આહા..હા..! મૃતક, અમૃત, મૂર્છિત. બધા મ-મ. આહા..હા..! સમજાણું કાંઈ? આ મૃતક કલેવર છે આ. એમાં અમૃતઘન, વિજ્ઞાનઘન ભગવાન મૂર્છિત થયો. છે? '**તે પ્રકારના ભાવનો કર્તા પ્રતિભાસે છે.**' આહા..હા..! જાણે 'શરીરનું હું કરું છું' એમ અજ્ઞાનીને ભાસે છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાતું છે, પોપટભાઈ! દુનિયામાં ક્યાંય મળે એવી નથી. આહા..હા..! પ્રભુ! તું કોણ છો? તું તો અમૃતનો, જ્ઞાનનો સાગર તું છોને. તારા અસ્તિત્વમાં તો જ્ઞાન અને આનંદ પડ્યો છે. તારા અસ્તિત્વમાં રાગ પણ નથી તો શરીર તો ક્યાંથી આવ્યું? આહા..હા..! સમજાણું કાંઈ?

'**અને સ્પર્શન---એ સોળ શબ્દો મૂકી, સોળ ગાથાસૂત્રો વ્યાખ્યાનરૂપ કરવાં આ ઉપદેશથી બીજાં પણ વિચારવા.**' અસંખ્ય પ્રકારના શુભ-અશુભભાવ આદિ વગેરે. એ હું નહિ, એ મારા નથી, મારામાં છે એનાથી દૂર છે. આહા..હા..! હું એમાં નથી અને એ મારામાં નથી. એમ ભેદજ્ઞાની ધર્માત્મા સોળસૂત્ર અને અસંખ્ય પ્રકારના રાગાદિનો વિચાર કરીને ભિન્ન જાણવા.

'**હવે,...**' એમ કહે છે કે '**જ્ઞાનીને આહારનો પણ પરિગ્રહ નથી...** ' એ ધર્મી, મુનિને આહારનો પરિગ્રહ નથી. આહા..હા..! ૨૧૨.

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे असणं।
अपरिग्गहो दु असणस्स जाणगो तेण सो होदि।।२१२।।

**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે અશનને,**
**તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ૨૧૨.**

આહા..હા..! આવી વાતું.

'**ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે.**' રાગની ઈચ્છા ઉત્પન્ન થવી એ પરિગ્રહ છે. '**તેને પરિગ્રહ નથી- જેને ઈચ્છા નથી.**' ઈચ્છા જ નથી. આહા..હા..! આહારની પણ ઈચ્છા નથી. ઈચ્છા થઈ, ઈચ્છાની ઈચ્છા નથી. આહા..હા..!

**શ્રોતા :-** ઈચ્છાની ઈચ્છા મતલબ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈચ્છાની ઈચ્છા એટલે આ ઠીક છે એમ પણ નહિ. આવશે હમણાં, ભાવાર્થમાં આવશે.

'**ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે...**' ઈચ્છા તો જેમાં ચૈતન્યસ્વભાવનો અભાવ છે. આહા..હા..! ઈચ્છામાત્રમાં જ્ઞાનસ્વભાવ ભગવાન ચૈતન્યજ્યોતિ તેજના નૂરનું પૂર એનો ઈચ્છામાં અભાવ છે. એ કારણે ઈચ્છાને અજ્ઞાનમય કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઈચ્છા તો અજ્ઞાનમય ભાવ છે અને અજ્ઞાનમયભાવ જ્ઞાનીને હોતા નથી,...**' ઈચ્છા મારી છે એવો ભાવ થતો નથી. જ્ઞાનમય, આનંદમય હું છું એમાં ઈચ્છા મારી ક્યાંથી આવી? આહા..હા..! એ તો રાગ છે, અજ્ઞાન છે. અજ્ઞાન શબ્દે મિથ્યાત્વ નહિ. જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાનમય આત્મા, એવો જ્ઞાનનો અંશ રાગમાં ઈચ્છામાં નથી તો એ અજ્ઞાન છે. અ-જ્ઞાન છે, જ્ઞાન નહિ. જ્ઞાન તો આત્મા છે. આહા..હા..!

'**તેથી અજ્ઞાનમયભાવ જે ઈચ્છા તેના અભાવને લીધે...**' અજ્ઞાનમયભાવ એવી જે ઈચ્છા એના અભાવને કારણ '**જ્ઞાની અશનને ઈચ્છતો નથી;...**' આહા..હા..! ભોજન લેવા જાય. આહા..હા..! એ ઈચ્છા નથી એની. આહા..હા..! ઈચ્છાની રુચિ નથી. રુચિ ભગવાન આનંદની રુચિ સમકિતીને છે. આહા..હા..! ધર્મી સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની એને તો પોતાના અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવાની ભાવના છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**જ્ઞાનીને અશનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે...**' જુઓ, જ્ઞાનમય એક જ્ઞાયકભાવ. આત્મા જ્ઞાયકભાવ જ્ઞાનમય છે એ તો જ્ઞાનસ્વરૂપી. આહા..હા..! એવા જ્ઞાનમય એક જ્ઞાયકભાવના સદ્ભાવને લીધે '**આ (જ્ઞાની) અશનનો કેવળ જ્ઞાયક જ છે.**' આહાર થાય છે એને જાણનારો રહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે એનો ખુલાસો કરે છે.

'**ભાવાર્થ :- જ્ઞાનીને આહારની પણ ઈચ્છા નથી, તેથી જ્ઞાનીને આહાર કરવો તે પણ પરિગ્રહ નથી. અહીં પ્રશ્ન થાય છે કે—આહાર તો મુનિ પણ કરે છે,...**' સમકિતી ગૃહસ્થાશ્રમમાં તો કરે છે, પણ મુનિ પણ આહાર કરે છે એમ કહે છે. સમજાણું કાંઈ? મુનિ પણ કરે છે એમ કહ્યુંને? તો ગૃહસ્થાશ્રમી સમકિતી છે, જ્ઞાની છે એ પણ આહાર તો કરે છે. અરે..! મુનિ પણ કરે છે જેણે ગૃહસ્થાશ્રમ છોડી દીધો, રાગ પણ છોડી દીધો. સમજાણું કાંઈ? તમે કહો છો કે મુનિને આહારની ઈચ્છા જ નથી. શું કહો છો તમે? '**તેમને ઈચ્છા છે કે નહિ? ઈચ્છા વિના આહાર કેમ કરે?**' લ્યો આ

આહારસંજ્ઞા નથી, આહાર લેવાની ઈચ્છા છે. આહા..હા..!

**'તેનું સમાધાન :—'** ભાઈ! એકવાર સાંભળ સત્યનું તત્ત્વ. આહા..હા..! સત્‌નું સત્ત્વ એ તો આનંદ અને જ્ઞાન સત્‌નું સત્ત્વ પ્રભુનું છે. આહા..હા..! **'અશાતાવેદનીય કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...'** જઠરાગ્નિમાં ક્ષુધા ઊપજે એમાં અશાતાવેદનીયનું નિમિત્ત છે. આહા..હા..! સમજાણું કાંઈ? **'કર્મના ઉદયથી જઠરાગ્નિરૂપ ક્ષુધા ઊપજે છે,...'** એ જઠરાગ્નિનું ઉત્પન્ન થવું એનું નિમિત્ત અશાતાવેદનીય એટલી વાત છે. જઠરાગ્નિ ઊપજે છે એ તો પોતાથી ઊપજે છે. સમજાણું કાંઈ? એમાં અશાતાવેદનીય નિમિત્ત છે. તો કહે છે કે નિમિત્તથી પેટમાં જઠરાગ્નિમાં ક્ષુધા લાગે છે. આહા..હા..!

**'વીર્યાંતરાયના ઉદયથી તેની વેદના સહી શકાતી નથી... '** આહા..હા..! આવી વાત છે. ભાઈ! આ તો જેને પોતાનું સત્ય શું છે અને અસત્ય શું છે એ સમજવું હોય અને ભેદજ્ઞાન કરવું હોય એની વાત છે. આહા..હા..! **'અને ચારિત્રમોહના ઉદયથી...'** બે વાત આવી. અશાતાવેદનીયથી જઠરાગ્નિમાં ક્ષુધા ઊપજે છે, એ નિમિત્તનું કથન છે. જઠરાગ્નિના પરમાણુ પોતાથી ક્ષુધા ઊપજે છે, એમાં અશાતાવેદનીયનું નિમિત્ત છે, નિમિત્ત જઠરાગ્નિને કરતું નથી. અરે..! સમજાણું કાંઈ? જઠરનો.. આ કૂતરીને બે બચ્ચા આવ્યા ને ક્ષુધા એટલી લાગી. કોઈ હતું નહિ. બચ્ચાને ખાઈ ગઈ. સર્પણી પણ એવી હોય છે. મોટી નાગણી. સેંકડો બચ્ચા જન્મે. આમ ગોળાકાર થાય અને પછી જન્મે. જન્મે ને ખાઈ જાય તરત. કોઈ બહાર નીકળી જાય તો નીકળી જાય. .. આહા..હા..! એમ અવસર્પિણી, ઉત્સર્પિણી કાળમાં ..માં અનાદિથી .. આવ્યો છે. એમાંથી કોઈ ભાગ્યવાન આત્મજ્ઞાની હોય એ બહાર નીકળી જાય છે. અવસર્પિણીમાં .. જાય છે એમાં ને એમાં.

**શ્રોતા :-** એટલે તો સોનગઢ આવ્યા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો સારું કર્યુંને. .. મકાન નાખીને પડ્યા છે. આહા..હા..! અરે..! ભાઈ! માર્ગ આ છે, બાપુ! અરે..! જન્મ-મરણના ભવથી ઉગરવાનો પંથ તો પ્રભુ આ છે. એ પરમાણુમાં જે ક્ષુધા લાગે છે અહીંયા એનું અશાતાનું કર્મ ભિન્ન છે, આ ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ? પણ ટૂંકામાં સમજવું હોય તો એમ કહે. લાંબી વાત શું કરે? કોઈ કહે કે અશાતાવેદનીય થઈ તો જઠરાગ્નિમાં ક્ષુધા ઉત્પન્ન થઈ. આહા..હા..! અશાતાવેદનીયના પરિણામ ભિન્ન છે અને જઠરાગ્નિના પરમાણુ .. ભિન્ન છે. એને નિમિત્ત બતાવ્યું. એટલી વાત. **'વીર્યાંતરાયના...'** છેને? આહા..હા..! **'ઉદયથી તેની વેદના સહી શકાતી નથી...'** પોતાની યોગ્યતામાં સહન કરવાની શક્તિ નથી ત્યાં વીર્યાંતરાયનો ઉદય નિમિત્ત કહેવામાં આવે છે. એમાં ટૂંકું એમ લખે ભાઈ. પંડિતજીએ નાખ્યું છે. ભાઈ! ટૂંકું લખવા માટે આ વાત બહુ.. પંચાસ્તિકાયમાં નાખ્યું છેને. આહા..હા..! આપણે ભાઈ પહેલેથી બહુ ચાલે છે. ફૂલચંદજીએ પણ બહુ લખ્યું છે બોલમાં. આહા..હા..!

બે બોલ થયા. આહારની ઈચ્છા કેમ થાય છે? કે ઈચ્છાની ઈચ્છા નથી તો ઉત્પન્ન કેમ થાય છે? કે જઠરાગ્નિમાં જઠર .. અગ્નિ અને વીર્યાંતરને કારણે પોતાની નબળાઈને કારણે સહન થઈ શકતી નથી.

બે વાત. '**ચારિત્રમોહના ઉદયથી આહારગ્રહણની ઈચ્છા ઉત્પન્ન થાય છે.**' લ્યો! ચારિત્રમોહ તો પર જડ છે. પણ .. ચારિત્રમોહ નિમિત્ત છે તો કહ્યું કે ચારિત્રમોહથી ઈચ્છા ઉત્પન્ન થઈ. દેવીલાલજી! આવી વાત છે. કર્મની વાતમાં એટલા ગરી ગયા છેને. .. માં. આહા..હા..! 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ ચંદ્રપ્રભુ ભગવાનની સ્તુતિમાં આવે છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' મારી ભૂલ છે.

**શ્રોતા :–** ... મારી ઝાઝી અને થોડી એની.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** જરીએ નહિ એની. એ તો વાત છે. એ તો વાત થઈ હતી. અમારે દામોદર શેઠ હતા. ૮૩માં .. ૮૩. કેટલા ૫૦ વર્ષ થયા. ૫૦ વર્ષ પહેલાં. તમે તો જન્મ્યા પણ ન હતા. શેઠ હતા એક પૈસાવાળા. અત્યારે પણ પૈસા ઘણાં થઈ ગયા. એ વખતે તો ૬૦ વર્ષ પહેલાં તો પૈસા થોડા હતાને. તો એની પાસે દસ લાખ રૂપિયા. ચાલીસ હજારની ઊપજ હતી. દસ હજારનું ઘરે ગામ હતું. ગામધણી હતા. વાણિયા હતા દશાશ્રીમાળી. એની સાથે ઘણી ચર્ચા થઈ કે પોતાના પુરુષાર્થથી રાગ થાય છે એમાં ૫૧ ટકા રાખો અને કર્મના ૪૯ ટકા રાખો. હું તો એમ કહું છું કે કર્મથી જ થાય તો પુરુષાર્થ કેવો? ... દામનગર હતા દામનગર. ..ભાઈ વીરચંદભાઈ દામોદર શેઠ. લાઠી છેને ગામ. .. ત્યાં પણ આવ્યા હતા. આ લાઠીમાં આવ્યા હતાને ૯૯માં ત્યારે આવ્યા હતા. આવ્યા હતા તોફાન કરવા. લાઠી. ૯૯માં અમે રાજકોટથી આવ્યા. ત્યારે કાંઈક હતું. વરઘોડો નીકળ્યો. તો એને કાંઈક સરકારને .. આ કહે કે નહિ, વરઘોડો નીકળે અમારી આજ્ઞાએ નીકળશે. તમારી સામે તોફાન કરવું છે. અમે તોફાન કરવા આવ્યા છીએ. .. લાઠીમાં ત્યાં. ઉપરથી દીવાન ઉતર્યા. રોકો નહિ, ચાલ્યા જાઓ અહીંથી. શેઠ હતા .. દીનતા પણ દીનતા. હાય.. હાય.. અમને કોઈ કહે નહિ. જવા દો. એની સામે કોઈએ પડવું નહિ. એમાંથી .. માંદા પડ્યા ને મરી ગયા. આહા..હા..!

અહીંયાં કહે છે કે પુરુષાર્થથી પોતાથી રાગ થાય છે. રાગનો કર્તા જ્ઞાની છે, જ્ઞાની કર્તા નથી પણ પરિણમન એનું પોતાથી છે. સમજાણું કાંઈ? એમાં ચારિત્રમોહને નિમિત્ત કહેવામાં આવે છે. આહા..હા..! '**તે ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે,...**' ભાષા દેખો! એ તો આત્માના સ્વભાવની દૃષ્ટિની અપેક્ષાએ રાગ મારો સ્વભાવ નથી એ અપેક્ષાએ ઈચ્છાને જ્ઞાની કર્મના ઉદયનું કાર્ય જાણે છે. ભાષા દેખો! .. રાગરૂપી કાર્ય કર્મથી થાય છે. એમ છે જુઓ. એય..!

**શ્રોતા :–** પોતાનું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** પોતાનો સ્વભાવ નથી એ અપેક્ષાએ વાત. છે તો પોતાની પર્યાયનું કાર્ય. સમજાણું કાંઈ? પુરુષાર્થ સ્વતંત્ર થઈને કાર્ય કરે છે. અને પોતાના સ્વભાવમાં ઈચ્છા નથી એ ઈચ્છા ઉત્પન્ન થઈ તો એ કર્મનું કાર્ય છે એમ કરીને કાઢી નાખે છે. સમજાણું કાંઈ? આહા..હા..! ...

**શ્રોતા :–** આપ કરો છો એવો અર્થ કરવો કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કઠણ છે. આ બધા પંડિતોને વિરોધ છેને. એકેએકને. ફૂલચંદજી જેવા નીકળ્યા. એણે કહ્યું પહેલું કે વાત તો બરાબર છે, કર્મથી થતું નથી સમજાવો ક્રમબદ્ધ થાય છે, પોતાથી

થાય છે. આ કર્મ આગળ-પાછળ થતા નથી. આહા..હા..! જૈન વીતરાગમાર્ગ સમજવો બહુ સૂક્ષ્મ અને ઘણો પુરુષાર્થ માગે એવો છે. સમજાણું કાંઈ? દુનિયાની પંચાત મારી નાખે માણસને. આમાં કહ્યું. અમે .. સ્થાનકવાસીમાં .. જે અહીં કહે છે એ જ ત્યારે કહ્યું હતું સ્થાનકવાસીમાં. આહા..હા..! એક કોર એમ કહે ભગવાન કે જન્મક્ષણે જે સમયે જે રાગ ઉત્પન્ન થવાનો છે એ એનો જન્મ ઉત્પત્તિનો કાળ છે. કર્મથી નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! જે સમયે જે દ્રવ્યની જે પર્યાય ઉત્પન્ન થાય છે, જડમાં કે ચૈતન્યમાં એની ઉત્પત્તિનો એ કાળ છે, એ કારણે ઉત્પન્ન થાય છે. અને વિકાર ઉત્પન્ન થવાનો સમય છે. આહા..હા..! કઈ અપેક્ષાથી કથન છે એ જાણે નહિ. સમજાણું કાંઈ?

અહીંયાં તો હું તો આત્મા છું, આનંદ અને જ્ઞાનસ્વભાવથી ભરેલો ભંડાર છું તો એમાં પરિણમન થાય એ તો જ્ઞાનનું પરિણમન થાય, સ્વભાવનું પરિણમન થાય છે. તો સ્વભાવના પરિણમનમાં રાગનું પરિણમન એ કર્મનું કાર્ય છે એમ કરીને છોડી દે છે. સમજાણું કાંઈ? અને તેને '**રોગ સમાન જાણી...**' આહા..હા..! ઈચ્છા થાય છે પણ રોગ માને છે એને. આહારની ઈચ્છા થાય છે, પણ રોગ આવ્યો. આહા..હા..! હવે આવી વાત. હવે અહીં હોંશથી ખાતો હોય મેસુબ ને પતરવેલીયા ને. પતરવેલીયા સમજો છો? અળવી અળવીના પાન હોય છેને. શું કહે છે? અળવીના પાન. મોટા પાનમાં ઉપર ચણાનો લોટ હોયને. ચણાના લોટને શું કહે છે? બેસન. એની ઉપર ચોપડીને પછી ટૂકાડા કરે ને તેલમાં તળે. તો એ અળવીના પાનને અમારે પતરવેલીયા કહે છે. પતરવેલીયાના એટલા ટૂકડા ઝીણા તળે અને એકકોર મેસુબ. એક શેર લોટ ચાર શેર ઘી. એની સાથે (ખાય). ધૂળેય નથી સાંભળને. શેઠ! આ તમારા ભોજનના વખાણ કર્યા પહેલાં. શેઠિયાઓને ખોરાક ઊંચા હોય. છોકરા પણ અત્યારે તો.. ભાઈ શેઠને તો. શોભાલાલ શેઠને તો છે ઓલી... આહા..હા..!

કહે છે કે તેને '**રોગ સમાન જાણીને મટાડવા ચાહે છે.**' જુઓ! રાગનો નાશ કરવા ચાહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? '**ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા જ્ઞાનીને નથી...**' જુઓ! ઈચ્છાની ઈચ્છા નથી. જ્ઞાની ધર્મીને ઈચ્છા પ્રત્યે અનુરાગરૂપ ઈચ્છા નથી. એનો અર્થ? '**તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો.**' ... આહા..હા..! રોગ આવ્યો, રોગ આવ્યો. એનો ઈલાજ છોડી દે છે. આહા..હા..! ભારે ભાઈ! આ સમ્યગ્દૃષ્ટિ અને ધર્મીના.. આહા..હા..! આ તો કાંઈ ભાન ન મળે ને સામાયિક કરી, પોષા કર્યા, થઈ ગયા ધર્મી. અજ્ઞાન છે. આહા..હા..!

'**તેને એમ ઈચ્છા નથી કે મારી આ ઈચ્છા સદા રહો.**' આહા..હા..! આ જયચંદ્ર પંડિત ખુલાસો કરે છે. જુઓ, '**માટે તેને અજ્ઞાનમય ઈચ્છાનો અભાવ છે.**' આ કારણે ઈચ્છાનો અનુરાગ નથી એ કારણે ઈચ્છાનો જ્ઞાનમાં અભાવ છે. આહા..હા..! '**પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી...**' એ રાગનો સ્વામી ધર્મી નથી થતો, એ તો રોગ છે. રોગનો સ્વામી થાય? આહા..હા..! '**માટે જ્ઞાની ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે.**' એ ચોથા પદનો અર્થ. છેલ્લું આવ્યું હતુંને. '**અશનનો કેવળ જ્ઞાયક જ છે.**' આહા..હા..! પોતાના જ્ઞાયકભાવમાં રહીને ઈચ્છાને પર તરીકે જાણવામાં પોતાની પર્યાયમાં જ્ઞાન ઉત્પન્ન થાય છે. આહા..હા..! આટલી બધી વાતું, કોને નવરાશ છે? અરે..! પ્રભુ!

અનંત જન્મ-મરણના ફેરા ટાળવામાં એણે સમ્યગ્જ્ઞાન કરવું પડશે. સમ્યગ્જ્ઞાન વિના એ જન્મ-મરણ મટશે નહિ. આહા..હા..!

**'પરજન્ય ઈચ્છાનું સ્વામીપણું જ્ઞાનીને નથી, માટે જ્ઞાની ઈચ્છાનો પણ જ્ઞાયક જ છે.'** આહા..હા..! **'આ પ્રમાણે શુદ્ધનયની પ્રધાનતાથી કથન જાણવું.'** શુદ્ધનય યથાર્થ દૃષ્ટિનું કથન એવું છે. નિશ્ચય યથાર્થ છે અને વ્યવહાર ઉપચારથી કથન છે. આવે છેને એ, ટોડરમલમાં આવે છે. સાતમો અધ્યાય. નિશ્ચય યથાર્થ, શુદ્ધનય યથાર્થ, વ્યવહાર એ ઉપચાર છે. આહા..હા..! ઉપચારથી કથન આવે છે એમ કહે છે. આ શુદ્ધનયનું કથન છે. કોઈ ઠેકાણે ઉપચારથી કથન (આવ્યા હોય કે) એનાથી થયું, એનાથી થયું એમ ઉપચારથી કથન આવે, પણ એ વ્યવહારનું કથન છે, અસદ્ભુત વ્યવહારનયનું કથન છે. આહા..હા..! આટલું બધું ક્યારે શીખવું? નવરા થાય નહિ સંસાર આડે. શાંતિભાઈ! ઝવેરાત આડે નવરા થાય નહિ, ધંધા ને ફંધા. આહા..હા..!

**શ્રોતા :-** નવરા થઈને આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પાછા વયા જશે ઝટ. એના બાપ રહેશે અહીંયાં એકલા. આહા..હા..! રળવાનું સાધન અહીંયાં છે? રળવાનું સાધન ત્યાં છે. આણંદભાઈ! આહા..હા..!

એ ભોજનની વાત કરી. શુદ્ધનયની પ્રધાનતાથી કેમ કહ્યું? કે યથાર્થનયની દૃષ્ટિએ આ છે અને ઉપચાર દૃષ્ટિથી એને કહેવું હોય તો એમ કહે કે ભોજન કરે છે, ખાય છે, પીવે છે, એમ બોલવામાં આવે છે. એ તો ઉપચારનયનું અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. એવું પણ કથન છે. એવું પણ કથન ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**'હવે, જ્ઞાનીને પાનનો (પાણી વગેરે પીવાનો) પણ પરિગ્રહ નથી એમ કહે છે :—** ' આહા..હા..! એ પાણી પીવે છે તો પાણીની ઈચ્છા નથી, કહે છે. આહા..હા..! કેમકે પાણીની ઈચ્છા થઈ એ ઈચ્છાની ઈચ્છા નથી કે આ પાણી પીવાની ઈચ્છા સદાય કાયમ રહો. એમ છે? આહા..હા..! ઈચ્છા આવી એને રોગ સમાન દેખે છે. આહા..હા..! એમાં પણ એ લેવું પહેલા કહ્યુંને ઈ. ઈચ્છા, તૃષા ઉત્પન્ન થઈ અશાતા ઉદયને નિમિત્તે, આ વીર્યાંતરાયના નિમિત્તમાં સહન કરવાની યોગ્યતા નથી, ચારિત્રના ઉદયમાં નિમિત્તમાં ઈચ્છા ઉત્પન્ન થઈ. સમજાણું કાંઈ આહા..હા..! અને ઈચ્છાની ઈચ્છા નથી માટે તેનો સ્વામી નથી. આહા..હા..!

ધર્મી જીવ તો પોતાના દ્રવ્ય, ગુણ અને પર્યાય શુદ્ધ છે એ પોતાનું સ્વ છે. પોતાનો ભગવાન આત્મા વસ્તુ શુદ્ધ છે, એની શક્તિ, સ્વભાવ શુદ્ધ છે અને પર્યાય નિર્મળ, વીતરાગી પર્યાય નિર્મળ છે. એ પોતાનું સ્વ છે અને આત્મા એનો સ્વામી છે. રાગ પોતાનું સ્વ નથી તો એનો એ સ્વામી નથી. પહેલાં આવી ગયું છે નિર્જરા અધિકારમાં. આહા..હા..! કેટલું સમજણમાં એને લેવું! આહા..હા..! ઓલું તો સીધું હતું દયા પાળવી. ઈચ્છામી પડિક્કમણા ઈરિયા વિરિયા વિયાણાં જાવ. તસ્સ મિચ્છામી દુક્કડમ. થઈ ગયો ધર્મ. તાવકાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસરે. આહા..હા..! ક્યાં આત્માને વોસરાવું છું અને ક્યાં આત્માને રાખુ એની ખબર નથી. આહા..હા..!

अपरिग्गहो अणिच्छो भणिदो णाणी य णेच्छदे पाणं।
अपरिग्गहो दु पाणस्स जाणगो तेण सो होदि।।२१३।।
**અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઈચ્છે પાનને,**
**તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ૨૧૩.**

આહા..હા..! એકવાર દાખલો નહોતો .. દીધો હતો જામનગરમાં? જામનગર છે કોઈ? જામનગરના વિશાશ્રીમાળી, નવલચંદભાઈ! વસા-વસા હતા. પણ એ તમારી પહેલા. એ અપાસરાની પાછળ વસા હતા. વિશાશ્રીમાળી. એને એકનો એક દીકરો. અને હંમેશા ચુરમુ ખાય. કાયમ વર્ષોથી ચુરમુ. રોટલી-રોટલો ખોરાક જ નહિ એનો. ચુરમુ સમજો છો? ઘઉંનું કરીને. સાકર ને ઘી. હંમેશા ચુરમું, હંમેશા ચુરમુ. બસ. એમાં એનો છોકરો મરી ગયો. એક દીકરો હતો એ ગુજરી ગયો. બાળીને આવ્યા. આહા..હા..! પોતે કહ્યું કે રોટલી-રોટલા બનાવો. સગા-વ્હાલા ભેગા થઈ ગયા. ભાઈ! તમે આ ખાશો તો દેહ છૂટી જશે, આયુષ્ય નહિ રહે, એ તમારો ખોરાક નથી. આહા..હા..! જુવાન હતો, પછી ગમે તેટલા વર્ષ પણ જુવાન (હતો). એ અપાસરની પાછળ રહેતા હતા વસા. ઘણા વર્ષની વાત છે. ભાઈ સગાવ્હાલાએ ભેગા થઈને ચુરમુ બનાવ્યું. ચુરમુ બનાવ્યું. ૨૦ વર્ષનો ૨૨ વર્ષનો જુવાન બાળીને આવે છે. આહા..હા..! એ ચુરમુ નાખ્યું થાળીમાં. ખોરાક બીજો નહિ લઈ શકો સગાવ્હાલા કહે. આંખમાંથી આંસુની ધારા ચાલી જાય. અરે..! દીકરા! તારા વિરહે મારે આ શું છે? એ ચુરમામાં પ્રેમ છે? આહા..હા..! સમજાણું કાંઈ? એકનો એક દીકરો. આહા..હા..!

બીજાની એક વાત છે. અફીણ હતો. એના બાપને અફીણનું.. શું કહેવાય? બંધાણ. અફીણનું બંધાણ. અફીણ વિના ચાલે જ નહિ. ડબ્બી સાથે રાખે ચાંદીની અને એમાં અફીણ. એમાં એકનો એક દીકરો મરી ગયો, દેહ છૂટી ગયો. બાળીને આવ્યા અને અફીણનું ટાણું. ડાબલી આપી. બાપા! આ અફીણ લ્યો તમે. અફીણ રાખ્યું હાથમાં. અરેરે..! છોકરા વિના ચાલશે, અફીણ વિના નહિ ચાલે મને? ડાબલી નાખી દીધી. ડાબલી ફેંકી દીધી. આહા..હા..! એકનો એક દીકરો મારો રાગ એના ઉપર, એ એકનો એક ગયો, તો એના વિના ચાલ્યું તો આના વિના નહિ ચાલે? અફીણનું બંધાણ છોડી દીધું. આહા..હા..!

એમ અહીંયાં અંદરમાં કહે છે, પ્રભુ! મારા જ્ઞાનાનંદમાં છું, મેં રાગ વિના ચલાવ્યું છે મારી ચીજમાં. આહા..હા..! તો રાગ આવે છે એનો હું જ્ઞાતા છું, એનો જાણનાર છું. મારી ચીજ નથી. આહા..હા..! આરે.. આ વાત! ચક્રવર્તી હોય છેને સમકિતી ચક્રવર્તી. છન્નું હજાર સ્ત્રી અને એને બત્રીસ કવળનો આહાર હોય છે એને. બત્રીસ કવળ. એક કોળ છન્નું કરોડ પાયદળ પચાવી શકે નહિ. સમજાણું કાંઈ? હીરાની ભસ્મના એના ખોરાક બનતા હતા. હીરા હોયને હીરો કરોડ રૂપિયાનો કરોડ. તો એની જે દાસી હતી. એ દાસી પણ એવી જબ્બર કે હીરો હાથમાં લે એને (મસળીને) આમ ચાંદલો કરે. એ હીરાની ભસ્મ નાખીને ચુરમા બને હંમેશા. આહા..હા..! સમકિતી છે. એ ઈચ્છાની ઈચ્છા નથી. ઈચ્છા મારી

ચીજ નથી. આહા..હા..! જેને બત્રીસ કવળમાં એક કવળ છન્નું કરોડ પાયદળ પચવી શકે નહિ. એવા બત્રીસ કવળનો ભરત ચક્રવર્તીને દિન દિન પ્રત્યેનો ખોરાક. આ મારો ખોરાક નહિ. મારો ખોરાક તો આનંદનો અનુભવ એ મારો ખોરાક છે. આહા..હા..! સમજાણું કાંઈ? ધર્મ ચીજ બહુ દુર્લભ છે ભાઈ! અને એના ફળ પણ અલૌકિક છેને. આહા..હા..! કહ્યુંને?

'**ટીકા :- ઈચ્છા પરિગ્રહ છે. તેને પરિગ્રહ નથી, જેને ઈચ્છા નથી. ઈચ્છા તો અજ્ઞાનમયભાવ છે અને અજ્ઞાનમયભાવ જ્ઞાનીને હોતો નથી, જ્ઞાનીને જ્ઞાનમય જ ભાવ હોય છે;...**' ભાવ જ હોય છે. રાગ થતો જ નથી એમ કહે છે અહીંયા તો. આહા..હા..! સમજાણું કાંઈ? ઈચ્છા કાળે પણ એનું જ્ઞાન પોતામાં થાય છે. આહા..હા..! ભાઈ! આની પ્રેક્ટિસ આ ચીજ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** માલ ખાયને મજા કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કરે બાપા શું થાય? માલ કોણ ખાય? આહા..હા..! એનાથી મુક્તિ થાય છે? રાગથી ભિન્ન પડવાની ક્રિયાથી મુક્તિ થાય છે. આહા..હા..!

એકનો એક દીકરો મરી જાય અને ૨૦ વર્ષની જુવાન આમ વિધવા હોય. એ ઘરમાં માલ, સામન ને બધા પડ્યા હોય. એ કેવા લાગે એને? રસ પડે? આહા..હા..! એવી ઉદાસ વૈરાગ્ય. એ મોહગર્ભિત વૈરાગ્ય છે. આ સહજ સ્વભાવે વૈરાગ્ય છે. અરે..! હું તો આત્મા જ્ઞાન છું, મારો આનંદ તો મારી પાસે છે, મારા આનંદમાં કોઈ ચીજ નિમિત્ત પડે એવી ચીજ છે નહિ. આહા..હા..! તો પાણીનો પરિગ્રહ એને નથી. આહા..હા..! '**ઈચ્છા તેના અભાવને લીધે જ્ઞાની પાનને ઈચ્છતો નથી;...** ' પેય છેને પાણી એટલે? '**માટે જ્ઞાનીને પાનનો પરિગ્રહ નથી. જ્ઞાનમય એવા એક જ્ઞાયકભાવના સદ્‌ભાવને લીધે આ (જ્ઞાની) પાનનો કેવળ જ્ઞાયક જ છે.**' આહા..હા..! એમ કોઈ સ્વચ્છંદી થઈને માને કે હું આવો, એની વાત નથી અહીંયાં. આહા..હા..! આ તો અંદરમાં ઘા વાગ્યા છે. રાગથી ભિન્ન પડ્યા છે અને અંદર ઘા વાગ્યા છે. અંદર આનંદ-આનંદ જેમાંથી ઝરે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એવા જ્ઞાનીને પાણીની ઈચ્છા થઈ એ ઈચ્છામાં પણ એમ લઈ લેવું. ભોજનમાં લીધું હતુંને એ અહીં લઈ લેવું. છેને અંદર લખ્યું છે.

'**ભાવાર્થ :- આહારની ગાથાના ભાવાર્થ પ્રમાણે અહીં પણ સમજવું.** ' લ્યો! વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## પોષ વદ-૪, રવિવાર, તા. ૦૯-૦૧-૧૯૭૭, ગાથા-૨૧૪, કળશ-૧૪૬, પ્રવચન નં. ૨૮૭

આ સમયસાર, ૨૧૪ ગાથા. નિર્જરા અધિકાર છે. ધર્મ કોને થાય અને એને નિર્જરા કર્મની, અશુદ્ધતાની કોને થાય? એની વાત ચાલે છે.

एमादिए दु विविहे सव्वे भावे य णेच्छदे णाणी।
जाणगभावो णियदो णीरालंबो दु सव्वत्थ।।२१४।।

**એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઈચ્છે સર્વને;**
**સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ૨૧૪.**

આહા..હા..! ઝીણી વાત છે, ભાઈ! સમ્યગ્દર્શન કેમ થાય અને સમ્યગ્દૃષ્ટિ કોને કહેવો? એ વાત છે. સમજાય છે કાંઈ? જેને સમ્યગ્દર્શન હોય એને પુણ્યની ઈચ્છા પણ હોય નહિ. સમજાય છે કાંઈ? વ્રત, ભક્તિ આદિનો ભાવ થાય પણ એની રુચિ ન હોય એને. આહા..હા..! આવી વાત છે. પરનું તો કરી શકે નહિ, અજ્ઞાની કે જ્ઞાની પરનું તો કાંઈ કરી શકે નહિ. સેવા પરની કરી એ માન્યતા તદ્દન મિથ્યાત્વ સંસારની વૃદ્ધિનું કારણ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વનું કારણ કહો, સંસારની વૃદ્ધિનું કારણ કહો. આહા..હા..! અહીંયાં તો રાગ થાય દયા, દાન, વ્રત, ભક્તિનો એની પણ અભિલાષા સમકિતીને હોતી નથી. આહા..હા..! એ ઉપરાંત પાપના ભાવ થાય એને પણ રુચિ એની નથી. એ પાપના ભાવ ઠીક છે તેમ અભિપ્રાય નથી.

તેમ અહીં મુનિની પ્રધાનતાથી કથન છેને. મુનિ તો ધર્માત્મા સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત અંતરમાં અતીન્દ્રિય આનંદની લહેરમાં રમતા હોય એને મુનિ કહીએ. એ મુનિને કહે છે કે પુણ્યની ઈચ્છા નથી, પાપની ઈચ્છા નથી તેમ આહારની ઈચ્છા નથી. આહા..હા..! આહાર લેવાનો વિકલ્પ આવે, પણ એની અભિલાષા નથી કે આ રાગ રહેજો કે આહાર કરવાનો ભાવ કાયમ ટકજો. આહા..હા..! આવી વાત! જન્મ-મરણ મૂકાવાની રીત આકરી લાગે. બાકી તો દુનિયા કરે છે અંદર. અશનની ઈચ્છા નથી તેમ પાણીની ઈચ્છા નથી. આહા..હા..! પાણીનો વિકલ્પ હોય પણ વિકલ્પનો આશ્રય કરવો અને એમાં લાભ છે એમ એ માનતો નથી. આહા..હા..! આવી વાત છે.

જેને ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ, સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ એણે જે આત્માને જોયો છે એ સર્વજ્ઞશક્તિ અને આનંદશક્તિવાળો આનંદ જોયો છે. તો સમ્યગ્દૃષ્ટિ પણ... આહા..હા..! આ આત્મા પૂર્ણ આનંદ અને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે એવો જેને અનુભવ થયો છે... આહા..હા..! એને પુણ્યના અને પાપના ભાવની તો ભાવના નથી, પણ આહાર-પાણીની એને ભાવના નથી. આહાર-પાણી લેતા છતાં... આહા..હા..! એની અભિલાષ નથી. સમજાય છે કાંઈ? અને મુનિને બીજું તો કાંઈ

હોતું નથી. કપડા કે પાત્ર મુનિને હોતા નથી. એ મુનિ એને કહેવાય જ નહિ. આહા..હા..! આવો માર્ગ છે. એટલે ચાર બોલ લીધા. પુણ્ય, પાપ, આહાર અને પાણી એ ચાર. આત્મા આનંદસ્વરૂપ છે. આહા..હા..! જિન વીતરાગ દેવ પરમેશ્વરે અતીન્દ્રિય આનંદમય આત્મા છે એમ જોયો, અનુભવ્યો એવો જ આત્મા અતીન્દ્રિય જેણે અંતર અનુભવ્યો... આહા..હા..! એને સમ્યગ્દૃષ્ટિ અને એને ધર્મી, એને જ્ઞાની કહેવામાં આવે છે. આહા..હા..! આવો માર્ગ છે. દુનિયા સાથે આકરું પડે એવું છે. માર્ગ આવો છે, ભાઈ!

તો અહીં કહે છે કે '**ઈત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના...**' ૨૧૪. પુણ્યના ભાવ, પાપના ભાવ, આહારનો ભાવ કે પાણીના ભાવની એને ઈચ્છા, રુચિ નથી, પણ કમજોરીને લઈને જ્યારે એ રાગ આવે છે તો તેને હેયબુદ્ધિએ એને જાણે છે. આહા..હા..! આવો માર્ગ! સમજાય છે કાંઈ? '**ઈત્યાદિક બીજા પણ ઘણા પ્રકારના...**' શુભ-અશુભભાવના અસંખ્ય પ્રકાર. કોઈપણ પ્રકારનો વિકલ્પ ઊઠે એ '**ઘણા પ્રકારના જે પદ્રવ્યના સ્વભાવો છે...**' આહા..હા..! શરીર, વાણી, મન તો આ જડ છે, પર છે, પણ અંદર પુણ્ય-પાપના અસંખ્ય પ્રકારના ભાવ થાય એ પરદ્રવ્યસ્વભાવ છે, સ્વદ્રવ્યનો સ્વભાવ નથી. આહા..હા..!

'**પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઈચ્છતો નથી...**' આહા..હા..! જેને અતીન્દ્રિય આનંદનો .. ધર્મીને તો. અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન આત્મા એનો જેને અનુભવમાં આનંદનો સ્વાદ આવ્યો છે એ સ્વાદની એને ભાવના છે (કે) વિશેષ કેમ આનંદ આવે, પણ બીજા કોઈ પણ વિકલ્પની ભાવના જ્ઞાની ઈચ્છતો નથી. આહા..હા..! છ ખંડના રાજમાં પડ્યો, છતાં એ રાજ મારું છે અને સ્ત્રીઓ મારી છે એમ જ્ઞાની માનતો નથી. આહા..હા..! ધર્મી એને કહીએ કે જેણે આત્માના જ્ઞાયકસ્વભાવના આનંદ આગળ, બીજી કોઈ ચીજ જેને અંતરમાં પરદ્રવ્ય અને પરના તરફથી થતાં ભાવ કોઈ રુચતા નથી. આહા..હા..! પોષાણ નથી એને. સમજાણું કાંઈ? આવો માર્ગ! સાંભળવા મળે નહિ એ બિચારા કે દી વિચારે? આવી વાતું છે.

'**સમસ્ત પરદ્રવ્યના સ્વભાવો છે તે બધાયને જ્ઞાની ઈચ્છતો નથી...**' આહા..હા..! આનંદનો ગંજ પ્રભુ અતીન્દ્રિય આનંદનો રસકંદ એનો જેને સ્વાદ આવ્યો... આહા..હા..! એને અહીં સમ્યગ્દૃષ્ટિ કહીએ. જેને રાગ અને પુણ્યના સ્વાદ આવે છે અને એમાં મીઠાશ વેદે છે એ મિથ્યાદૃષ્ટિ છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ છે. '**જ્ઞાનીને સમસ્ત પરદ્રવ્યના ભાવનો પરિગ્રહ નથી.**' આહા..હા..! આત્મા અતીન્દ્રિય જ્ઞાનનો પ્રભુ સર્વજ્ઞ વીતરાગ જિનવરદેવે જે આત્મા જોયો, અતીન્દ્રિય આનંદની ગાંઠડી એ તો છે. આહા..હા..! જેણે રાગની એકતાને ખોલી નાખી છે, તોડી નાખી છે અને જેણે સ્વભાવની એકતા પ્રગટ કરી છે. આહા..હા..! સમજાણું કાંઈ? હવે આ બધા છે એને નાખી ક્યાં દેવા હવે બાયડી, છોકરા? એમ કહે છે. શેઠ! આ બધું છે ક્યાં તે નાખવું છે તારે? પણ હતા કે દિ'? દરેક ચીજ તેના અસ્તિત્વમાં છે. તમારા અસ્તિત્વમાં ક્યાં આવી છે એ? આહા..હા..! અહીંયાં તો રાગ ને પુણ્યના-પાપના ભાવ પણ એના અસ્તિત્વમાં છે. આત્મામાં ક્યાં છે એ?

આહા..હા..!

**શ્રોતા :-** આત્માથી જુદાં છે પુણ્ય-પાપના ભાવ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેય ભાવ જુદાં છે, વિકાર છે, મેલ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? આહા..હા..! દાખલો નહોતો આપ્યો? એક ફેરી આપ્યો હતો. અમારે ઉમરાળામાં એક ભાવસાર હતો. જીવા.. શું નામ? જીવાભાઈ. બાલુભાઈ ને જીવાભાઈ. એના મકાનની પાસે રહેતા એ. આ તો પોણો સો વર્ષ પહેલાની વાતું છે. સુંદર રૂપા. સુંદર રૂપા એનું નામ હતું. એના બાપનું નામ રૂપચંદ, રૂપા એટલે ભાવસાર. એટલે સુંદર રૂપા. જીવા પાનાચંદની દુકાન છેને ઓલું મકાન એની જોડે. હમણા જૈનશાળા થઈ છે. ત્યાં સામું એનું મકાન હતું. આ તો પોણો સો વર્ષની, ૭૭ વર્ષ પહેલાંની વાત છે. એ સુંદરરૂપા એ છોકરો સાથે ભણતા અમે. એટલે નવરો થાય એટલે નાકમાંથી મેલ કાઢે. મેલ કાઢીને દાંત વચ્ચે દાબે. દાબીને એને જીભનું ટેરવું અડાડે. એ ગુંગાનો સ્વાદ લેતો. એને કહીએ અમે હોં. જોડે બેઠા હોઈએને. ભાઈ! આ તું શું કરે છે આ? એ ગંદકી આ. વળી જ્યાં નવરો પડે એ કાઢી નાખે, વળી આડીઅવળી નજર જાય અમારી ત્યાં વળી બીજો કાઢે. આ શું કરે છે બાપુ? તું સુંદર રૂપા. તારું નામ સુંદર, તારા બાપનું નામ રૂપા ભાવસાર. સમજાણું કાંઈ? દયાના, દાનના, સેવાના ભાવ થાય શુભરાગ એને મારા માનીને એનો સ્વાદ લે છે અજ્ઞાની. આહા..હા..! નરકમાં હોય એ પાપના ભાવનો સ્વાદ લે છે. બેય ગુંગાના સ્વાદ છે. આહા..હા..! આકરી વાતું છે. એ શુભ અને અશુભના વિકલ્પનો સ્વાદ મેલો છે, ઝેર જેવો છે. એ અજ્ઞાની એના સ્વાદમાં અનાદિથી રોકાયેલા છે. સાધુ થયો દિગંબર મુનિ અનંતવાર તોપણ એ રાગ જે મહાવ્રતના પરિણામ હતા રાગ એ રાગનો સ્વાદ લઈને માનતો હતો કે મને આત્માનો સ્વાદ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં એ કહે છે કે આહા..હા..! ધર્મીને પરદ્રવ્યનો કોઈપણ પરદ્રવ્યના ભાવનો પરિગ્રહ-પક્કડ જ નથી. આહા..હા..! નથી રાગની પક્કડ એને, નથી પુણ્યની પક્કડ એને. આહા..હા..! આહાર-પાણીની વૃત્તિ ઊઠે પણ એની પક્કડ નથી ધર્મીને. આહા..હા..! આવો ધર્મ ભાઈ, ભારે! લોકો એમ કહે છેને કે આ મારો મોંઘો કરી નાખ્યો સોનગઢવાળાએ. પણ મોંઘો વસ્તુ જ આ હતી. દુનિયાને ભાન ન મળે અને માની બેસે બહારમાં ધર્મ એટલે કાંઈ ધર્મ થઈ જાય? સમજાણું કાંઈ? આહા..હા..! જયંતિભાઈ! આહા..હા..! છે? '**સમસ્ત પરદ્રવ્ય...**' ઓહો..હો..! જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવા ભાવની પણ પક્કડ જ્ઞાનીને નથી. આહા..હા..! જેણે અતીન્દ્રિય આનંદના નાથને પકડ્યો છે... આહા..હા..! ભગવાન અતીન્દ્રિય આનંદની મૂર્તિ અંદર છે એનો જેને અનુભવ અને પક્કડ થઈ છે. આહા..હા..! પહેલું આવ્યું હતું નહિ? આત્મા જેનો પરિગ્રહ છે. સાતમી ગાથામાં આવ્યું હતુંને? ૨૦૭ નહોતું આવ્યું? આહા..હા..! ધર્મી તો એને કહીએ કે જેને આનંદનો નાથ પરમાત્મસ્વરૂપ છે આત્મા એનો જેને પરિગ્રહ નામ પક્કડ અને અનુભવ છે... આહા..હા..! એ એનો પરિગ્રહ છે. ધર્મીને પૈસા ને રાગ ને પુણ્ય ને એના ફળ એ પરિગ્રહ છે નહિ. આહા..હા..! આવી વાતું. આ વીતરાગ માર્ગ આમ છે, ભાઈ! સમજાણું કાંઈ? બીજા ભાવોનો પરિગ્રહ નથી.

'એ રીતે જ્ઞાનીને અત્યંત...' નિરાલંબ શબ્દ છેને પાઠમાં? **'અત્યંત નિષ્પરિગ્રહપણું સિદ્ધ થયું.'** એમ. જેને નિજના આલંબન સિવાય પરનું આલંબન છે નહિ. આહા..હા..! બહુ વાતું ઝીણી ભાઈ! અરે..! અનાદિકાળથી દુઃખના દરિયે પડ્યો છે ઈ, એને ભાન નથી ભાન. સમજાણું કાંઈ? કોકની સેવા કરીએ અને એમાંથી મને ધર્મ થાય. એ સેવા કરીએ એ માન્યતા જ મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ એ અનંત સંસારની વૃદ્ધિનું કારણ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? અરે..! જેને જન્મ-મરણ મટવાની ખબર નથી.

**શ્રોતા :-** સેવા કરવી પણ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની? એ તો સેવા કરી શકું એ જ કર્તાબુદ્ધિ છે. આહા..હા..! કરી શકું છું એ જ કર્તાબુદ્ધિ છે, આહા..હા..! મિથ્યાત્વ છે. અહીં તો રાગની સેવા કરે અને રાગમાં એકત્વ થાય એ પણ મિથ્યાત્વ છે. આહા..હા..! આ કરવું છે, રાગથી ભિન્ન પડીને આત્માનો અનુભવ કરવો એ કરવાનું છે. રાગનો તો અનુભવ કર્યો અનંતવાર, એ તો કહે છે અહીંયાં. આહા..હા..! સમજાણું કાંઈ?

એક કોર ભગવાન આત્મા જિનવર સર્વજ્ઞ પરમેશ્વર, એણે જે આત્મા કહ્યો એ હોં, અજ્ઞાનીઓ કહે એ નહિ. પરમેશ્વર ત્રિલોકનાથ જિનવરદેવ તીર્થંકરદેવ એણે જે જ્ઞાનમાં આત્માને જોયો... આહા..હા..! એવો જે આત્મા જેની દૃષ્ટિના અનુભવમાં આવે... આહા..હા..! ત્યારે તે ધર્મીને રાગનો ભાવ આવે પણ એની પક્કડ નથી. એનાથી લાભ તો માનતો નથી, પણ એમાં એકત્વબુદ્ધિ નથી એમાં. આહા..હા..! ધર્મીને રાગ .. બુદ્ધિ હોય. આવો માર્ગ ભારે, ભાઈ! પાંચ-પાંચ હજારના પગારદાર ને મોટા શેઠિયા કરોડપતિ ને અબજોપતિ ભિખારા છે બધા. આત્માની લક્ષ્મીને જાણતો નથી અને રાગ અને પરવસ્તુ મારી (માને) એ તો ભિખારા છે. એય..!

તમારા રાજાને કહ્યું હતું નહિ? ભાવનગર દરબાર કૃષ્ણકુમાર આવ્યા હતાને અહીં. ૨૦૦૯ની સાલમાં આવ્યા હતા. આહા..હા..! મંદિરનું ઉદ્‌ઘાટન હતું ત્યારે આવ્યા હતા. આ માનસ્તંભનું ઉદ્‌ઘાટન બે વાર આવ્યા હતા. કરોડનો તાલુકો. કૃષ્ણકુમાર પોતે. કીધું, દરબાર! એક મહિને પાંચ હજાર માગે એ નાનો માગણ છે, મહિને લાખ માગે એ મોટો માગણ અને કરોડ માગે એ તો માગણનો માગણ છે મોટો. અમારે ક્યાં એની પાસેથી કાંઈ લેવું હતું કે ભાઈ રાજી થાય. બિચારા નરમ હતા. કૃષ્ણકુમાર બે વાર આવ્યા હતા. સાથે લઈને એકવાર તો ઓલા નિર્મળ છેને નાનો ભાઈ એ સાથે લઈને આવ્યા હતા આ દરબારને, આપણા મંદિર વખતે. હા મહારાજ. એ તો બિચારા શું કહે? અનંત આનંદની લક્ષ્મી પડી છે પ્રભુ તારામાં. આહા..હા..! અનંતુ કેવળજ્ઞાન, કેવળજ્ઞાન, એ પર્યાયનું કેવળજ્ઞાન એવી તો અનંતા કેવળજ્ઞાનની શક્તિ તારામાં પડી છે. આહા..હા..! એવી લક્ષ્મીની તને જરૂર નથી અને આ રાગ ને પુણ્ય અને પુણ્યના ફળની જરૂર, મૂઢ છો. નરક ને નિગોદમાં જવાના પંથે છો. સમજાય છે કાંઈ?

અહીં કહે છે ધર્મીને અત્યંત નિષ્પરિગ્રહપણું. ઓહો..હો..! આત્મા નિરાલંબન છેને. **'सर्वत्राप्यत्यन्तनिरालम्बो'** આહા..હા..! જેને વ્યવહારરત્નત્રયનો રાગ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એનું પણ જેને આલંબન નથી. આહા..હા..! પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતીન્દ્રિય વીતરાગસ્વરૂપે

બિરાજમાન આત્મા એ વીતરાગસ્વરૂપનો પક્કડ થયો એ એનો પરિગ્રહ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? ભરત ચક્રવર્તી છન્નું હજાર સ્ત્રી, છ ખંડનું રાજ. અંદરમાં ભરત ઘરમાં વૈરાગી. આહા..હા..! વૈરાગ્ય, ઉદાસ.. ઉદાસ. મારી ચીજમાં રાગાદિ પરવસ્તુ છે નહિ ત્રણકાળમાં. આહા..હા..! અને જ્યાં હું છું ત્યાં એ નથી અને એ છે ત્યાં હું નથી. આહા..હા..! ધર્મી જીવ એને કહીએ જેને સમ્યગ્દર્શન થયું છે અને જેને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ સ્વરૂપાચરણના સ્વાદ આવ્યા છે, આહા..હા..! એ જીવને અત્યંત નિરાલંબન. સમજાય છે? સર્વત્ર નિરાલંબ છેને પાઠમાં? અહીંયાં અત્યંત નિષ્પરિગ્રહ કહ્યું. આહા..હા..! કોઈ વિકલ્પની પક્કડ નથી કહે છે. આહા..હા..! સમજાણું?

**'હવે એ પ્રમાણે આ, સમસ્ત અન્યભાવોના પરિગ્રહથી શૂન્યપણાને લીધે...'** આહા..હા..! એ દયા, દાન, વ્રતનો વિકલ્પ ઊઠે એનાથી આત્મા શૂન્ય છે, આહા..હા..! આવી .. બિચારાને. મનુષ્યપણું મળ્યું અનંતવાર, ભગવાનની સભામાં અનંતવાર ગયો. આહા..હા..! પણ એ ભગવાને કહ્યું કે રાગથી તું ભિન્ન છો, તારુ સ્વરૂપ પરિપૂર્ણ તારામાં છે, એ રુચિ ન કરી. એ આપણે કહ્યું હતું, **'श्रुत परिचित अनुभूता'**માં. ચોથી ગાથા છેને. **'श्रुत परिचित अनुभूता'**. બાપુ! રાગ કરવો અને રાગને ભોગવવો એવો અર્થ કર્યો છે એટલે એમાં આ અર્થ આમ નથી એમ કહે છે. અરે..! સાંભળને. કામભોગ શબ્દ છેને એટલે. વિદ્યાનંદજીએ કહ્યું આમાં અર્થ એવો નથી. પણ કામમાં રાગની ઈચ્છા અને ભોગ-રાગનું ભોગવવું એ બેય વાત અનંતવાર તેં સાંભળી છે. આહા..હા..! દયા, દાન, વ્રતના ભાવ કરવા અને ભોગવવા એ તો અનંતવાર તેં સાંભળી છે, એ કાંઈ નવી ચીજ નથી. આહા..હા..! દાખલો આવી ગયો છેને તે દિ' એમ કે પુણ્યનો. વિષ્ટા તરીકે માને છે જ્ઞાની. એ ખટક્યું એને. એમ કે આમાં નથી. પણ એનો અર્થ થયોને. રાગની ઈચ્છા અને રાગનું ભોગવવું બેય અનંતવાર કર્યું ઝેરનું. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રતનો પણ રાગ છે એ ઝેર છે. એને ક્યાં કાંઈ ખબર છે, શું છે. આહા..હા..! સમજાણું કાંઈ? ઓહો..હો..! પાઠ તો સર્વત્ર નિરાલંબન. આહા..હા..! ધર્મી જીવ તો આત્માના શુદ્ધ ચૈતન્યના પવિત્રના અવલંબન સિવાય પરમાં સર્વત્ર આલંબનરહિત છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'જેણે સમસ્ત જ્ઞાન વમી નાખ્યું છે...'** આહા..હા..! રાગનો વિકલ્પ ઊઠે પુણ્યનો એ પણ મારું સ્વરૂપ નહિ, એને છોડી દીધું દૃષ્ટિમાં. આહા..હા..! એ તો મેલ છે, ગુંગાનો સ્વાદ છે. આહા..હા..! આ પુણ્યના ફળ જે કરોડો રૂપિયા અને અબજો મળે એ તો ધૂળ ક્યાંય રહી ગઈ. આહા..હા..! આ તો રાગ છે તે ઝેર છે, કહે છે. એનું પણ જેણે અજ્ઞાન વમી નાખ્યું છે. એ મારું છે એ અજ્ઞાન છોડી દીધું છે. આહા..હા..! મારો ભગવાન તો પૂર્ણ આનંદસ્વરૂપ છે. સમજાણું કાંઈ? અન્યમતિમાં આવે છે પૂર્ણમિદં. એ સમજતા નથી શું છે. આ આત્મા પૂર્ણમિદં—આ પૂર્ણ છે. વીતરાગ સ્વભાવથી ભરેલો ભગવાન અકષાયરસથી શોભતો પ્રભુ એ પૂર્ણ વસ્તુથી સ્વભાવ પૂર્ણ છે. એનું જેને અવલંબન અને દૃષ્ટિ થઈ એને સર્વત્ર બીજાથી એ નિરાલંબન થઈ ગયો. એથી એનું અજ્ઞાન ગયું. ગયુંની વ્યાખ્યા કરી પાછી. અજ્ઞાન વમી નાખ્યું છે. જેમ માણસ ખાઈને ઊલટી કરે એ ફરીને લે? આહા..હા..! એ કૂતરા ખાય. એમ અહીંયાં કહે છે.. આહા..હા..! જેણે અજ્ઞાન વમી નાખ્યું છે, છોડી દીધું છે. રાગ મારી ચીજ

છે એ દૃષ્ટિ છોડી દીધી છે. છોડી દીધી પણ વમી-ઊલટી કરી નાખી. આહા..હા..! ફરીને એ રાગ મારો છે એમ થશે નહિ. આહા..હા..! આચાર્યોની સ્થિતિ તો જુઓ! સમજાણું કાંઈ? માર્ગ એવો છે, ભાઈ! હવે લોકોમાં સાધારણ દયા પાળવી, વ્રત કરવા, અપવાસ કરવા એ ધર્મ માનીને બિચારા જિંદગી ગાળી નાખે છે. એ તો રાગની ક્રિયા છે. આહા..હા..! અરેરે..! આવા માણસપણે પણ જો આ તત્ત્વ સમજવામાં ન આવ્યું તો પરિભ્રમણના આરા કે દિ એના થાશે? આહા..હા..!

**'સમસ્ત અજ્ઞાન વમી નાખ્યું છે એવો, સર્વત્ર અત્યંત નિરાલંબન થઈને,...'** લ્યો, હવે ત્યાં આવ્યું જોયું! **'સર્વત્ર અત્યંત નિરાલંબન થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો,...'** થકો. આહા..હા..! દરેક પ્રસંગમાં તેને તો જ્ઞાયકભાવપણે રહેવું છે. આહા..હા..! એ પ્રસંગ ને સંગમાં તેને જોડાવું નથી. આહા..હા..! સમજાણું કાંઈ? આવી વાત છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર જિનવરદેવનો આ હુકમ છે. આહા..હા..! ભગવાન! તારું જેને ભાન થાય, ભગવાનનું જેને ભાન થાય... આહા..હા..! એને રાગાદિ પામરની ઈચ્છા કેમ રહે? સમજાણું કાંઈ? **'સર્વત્ર અત્યંત નિરાલંબન...'** પાઠ છેને ત્યાંથી લીધું. સર્વત્ર નિરાલંબન. આહા..હા..! **'નિયત ટંકોત્કીર્ણ...'** નિશ્ચયથી આત્મા અંદર જ્ઞાયકભાવથી ભરેલો પ્રભુ! આહા..હા..!

**'એક જ્ઞાયકભાવ રહેતો,...'** જોયું! ભેદ પણ નહિ. આહા..હા..! જાણક... જાણક... જાણક... જાણક... જાણક... જાણક... હું તો સ્વને જાણું, રાગને જાણું, પરને જાણું, જાણું એ મારા સ્વભાવથી જાણું છું. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. અત્યારે તો બિચારાને લાગે અજાણ્યો માર્ગ. નવા હોય એને એવું લાગે કે આ શું કહે છે પણ આ? આ બધું કરીએ છીએ એ બધું ખોટું? શું કરે છો તું સાંભળને. રાગ કરે. પરનું તો કરી શકતો નથી. રાગ કરે એ તો રાગ છે તે અધર્મ છે. આહા..હા..! એની સાથે જેને એકતાબુદ્ધિ છે એને અહીંયાં અજ્ઞાની કહેવામાં આવે છે. ધર્મીએ એ અજ્ઞાન વમી નાખ્યું છે. આહા..હા..! **'સર્વત્ર અત્યંત નિરાલંબન થઈને, નિયત ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવ રહેતો, સાક્ષાત્ વિજ્ઞાનઘન આત્માને અનુભવે છે.'** આહા..હા..! છે? સાક્ષાત્ પ્રત્યક્ષ વિજ્ઞાનઘન ભગવાન આત્મા. એ સમકિતી દશા છે. ... અરે..! મુનિ કોને કહેવા બાપુ એની ખબર નથી. આહા..હા..! અહીં તો સમ્યગ્દૃષ્ટિ આમ છે. પછી સ્વરૂપમાં રમણતા વધી ગઈ આનંદની, પ્રચુર આનંદનું વેદન વધી જવું એનું નામ મુનિપણું છે. મુનિપણું કોઈ નગ્ન થવું ને લૂગડા છોડવા, પંચમહાવ્રતના પરિણામ એ બધા મુનિપણું નથી, એ તો દોષ છે, રાગ છે, વિકાર છે. આહા..હા..! અરેરે..! એણે કોઈ દિ' શરણ ન લીધું. જે શરણ લેવાલાયક આત્મા અંદર છે એનું શરણ ન લીધું. આહા..હા..! આમાં એક લેખ બહુ સારો આવ્યો છે આમાં આત્મધર્મમાં. ઓલા રાજમલ થઈ ગયા છેને. ટોડરમલને વખતે ભાઈ! એનો લેખ નાખ્યો. બહુ સારો છે. વાંચન ઘણું છે. ભાઈ હુકમચંદજી. રાજમલને રાજમલ.

'એક આત્માકા હી ધ્યાન કર.' ઈ રાજમલનું છે, ભાઈ! એનો લેખ બહુ સારો આપ્યો છે. પ્રશ્ન છે ત્યાં. 'આત્માકે ધ્યાન સે મોક્ષ હોતા હૈ કહો તો કારણ કહા, મોક્ષ તો એક વીતરાગભાવ તેં હોય હૈ, તો વીતરાગભાવ તો કોઈ કારણકર હોના ચાહિયે. એક આત્માકો જાનને ક્યા પ્રયોજન હૈ? ઉસકા ઉત્તર

:- કિ તર્ક કહા સો સત્ય હૈ. વીતરાગભાવ સે મોક્ષ હોતા હૈ. ઉસમેં તો સંદેહ નહીં, પરંતુ વીતરાગભાવ કારણ હૈ, કારણ કે બિના ન હોના વહ નિયમ હૈ. વીતરાગભાવ કારણ બિના હોતા નહી, વીતરાગ આત્મા ઉસકા કારણ હૈ ઐસા કહતે હૈં.' આહા..હા..! સમજાણું કાંઈ? 'જૈસે કિ લોહેકા પિંડ અગ્નિ વિષે .. તબ લોહેકા પિંડ તપ્તાયમાન ઉષ્ણતા કો પ્રાપ્ત હોતા હૈ, ઔર અગ્નિમેં સે નિકાલકર ફિર અગ્નિમેં ડાલે તો ત્રિકાળ ઉષ્ણતા કો છાંડી શિતલતાકો પ્રાપ્ત હોતા નહીં. ઔર અગ્નિમેં સે નિકાલકર .. વિષે કરીએ તો સર્વ પ્રકાર સંપૂર્ણ શીતલ હો નહીં, કિંચિત્ ઉષ્ણતા રહી હૈ. યદિ .. તો તત્કાલ અંતર્મુહૂર્તમેં શિતલ હોવે.' આ દૃષ્ટાંત આપે છે. આહા..હા..!

'ઐસે હી આત્મા ચિદ્રૂપ પિંડ, કષાયોંકા કારણ પુત્ર, પુત્રી, સ્ત્રીધન, શરીર આદિ અશુભકે વિષય કો ઉપયોગ લગાવે તો તીવ્ર કષાય ઉત્પન્ન હોવે. ફિર વિષયભોગકી સામગ્રીમેં ભોગ લગાવે તો ત્રિકાલ વિષયકષાય શાંત હો નહીં. ઔર દેવ-ગુરુ, તપ, શીલ, સંયમ, ત્યાગ, પૂજા, સામગ્રી, પૂજા, દયા, દાન આદિ પરિણામ લગાવે તો મંદ કષાય હો.' એમાં વીતરાગતા છે નહિ, એમ કહે છે, લ્યો એ વખતે ચર્ચા થઈ હતી. ટોડરમલ વખતે. 'ઔર ષટ્દ્રવ્ય, નવ પદાર્થ, પંચાસ્તિકાય .. તત્ત્વ ગુણસ્થાન, માર્ગણા કર્મકાંડ કા ચિંતવન કરે તો વિશેષ .. મંદ કષાય હો ઔર આત્મા કે ગુણ-પર્યાય વિષે ઉપભોગ લગાવે તો પરમ શુક્લલેશ્યા હો.' હજી ભેદ છેને. આહા..હા..! 'બહુરી આત્માકા અભેદરૂપ અવલોકન કરે તો સર્વ પ્રકાર સે વીતરાગભાવ હોવે. વીતરાગભાવ સે મોક્ષ હોતા હૈ.' સમજાણું કાંઈ? વીતરાગભાવથી મોક્ષ થાય તો વીતરાગભાવ તો કારણ હોય કે નહિ? કારણ કહે છેને. તીવ્ર રાગ-દ્વેષ કષાય થાય તો સ્ત્રી-પુત્રનું આલંબન છે, એ તીવ્ર રાગ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિ છે તો મંદરાગ છે. વિશેષ અંદર ગુણગુણીના ભેદનો વિચાર હોય તો અત્યંત મંદ છે પણ છે કષાય. આહા..હા..! એક અભેદ ચિદાનંદ ભગવાનનો આશ્રય લે તો વીતરાગતા થાય છે. બહુ લાંબુ લખ્યું છે. બહુ સારો લેખ છે. વાંચ્યું છે પણ આપણે... સમજાય છે કાંઈ?

વીતરાગતા જ મોક્ષનું કારણ. પણ વીતરાગતા ઉત્પન્ન કેમ થાય છે? બાહ્યકા લક્ષ્ય કરો તો સ્ત્રી-પુત્ર તરફ તો તીવ્ર કષાય હોતા હૈ, અશુભ હોતા હૈ, દેવ-ગુરુ-શાસ્ત્ર કા લક્ષ્ય કરો તો મંદકષાય હોતા હૈ. વીતરાગતા કહાં આઈ વહાં?' આહા..હા..! ઔર ગુણગુણી ભેદ, દ્રવ્યગુણપર્યાયકા ભેદ વિચાર કરે તો ભી અત્યંત મંદ કષાય હૈ, ઉસમેં વીતરાગતા હૈ નહિ. આહા..હા..! વીતરાગતા તો અભેદ પરમાત્મસ્વરૂપ પોતાનું એનો આશ્રય કારણ બનાવે તો વીતરાગતા થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? આવો માર્ગ. આ ઝઘડા વાદવિવાદે (પાર) પડે નહિ કાંઈ. શરીરની ક્રિયાથી ધર્મ થાય. આહા..હા..! આ શરીરની ક્રિયા બધી આ થાય. અરે..! ભગવાન! શરીરની પર્યાયની ક્રિયા એ તો અજીવ છે. શરીર પોતે અજીવ છે તો એની ક્રિયા જે બધી થાય છે એ પણ અજીવ છે. આહા..હા..! શું કરે? આહા..હા..! બહુ પ્રશ્ન લાંબો છે. બીજો પ્રશ્ન છેને. પહેલો તો સોનગઢનો છે. કર્મથી વિકાર ને પરિભ્રમણ થાય કે નહિ? બીજો પ્રશ્ન આ. જીવીત શરીરથી ધર્મ-અધર્મ થાય કે નહિ? આહા..હા..! એને બેઠું હોય એ શું કરે? આહા..હા..!

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ જેને શરીરની ક્રિયા તો જડ છે, અજીવ છે. દયા, દાન, વ્રતના પરિણામ એ પણ અજીવ છે. આહા..હા..! સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા જિનેશ્વરનો માર્ગ દુનિયાથી અલગ છે. સંપ્રદાયમાં એ મુશ્કેલી પડે છે. આહા..હા..! કહે છે, '**સાક્ષાત્ વિજ્ઞાનઘન...**' વિજ્ઞાનઘન છે પ્રભુ આત્મા. એકલો જ્ઞાનનો ગાંગડો, જ્ઞાનનું .. છે. .. એને સાક્ષાત્ પ્રત્યક્ષ અનુભવે છે. સમજાય છે કાંઈ? .... એ ટીકા છે. એ ટીકા થઈ.

ધર્મી એને કહીએ કે આત્મા આનંદસ્વરૂપ ને જ્ઞાનસ્વરૂપને સાક્ષાત્ અનુભવે છે એને ધર્મી કહીએ. વ્રત પાળે ને અપવાસ કરે માટે ધર્મી છે એમ નથી. સમજાણું કાંઈ? એક જ્ઞાયકભાવ હું જાણકસ્વભાવ. ચૈતન્ય જ્ઞાતાદૃષ્ટાના સ્વભાવવાળો આત્મા ભગવાન છે. દયા, દાન, વ્રતના વિકલ્પવાળો આત્મા નથી. વિકલ્પ એ તો આસ્રવતત્ત્વ છે. આહા..હા..! ભગવાન આત્મા તો અણાસ્રવી તત્ત્વ છે. આહા..હા..! દયા, દાન, વ્રત, ભક્તિનો ભાવ એ તો આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વમાં તો આસ્રવતત્ત્વ છે. એનાથી જ્ઞાયકતત્ત્વ જીવતત્ત્વ ભિન્ન છે. આહા..હા..! નવ તત્ત્વમાં લે તોપણ ભિન્ન છે. આહા..હા..! આસ્રવ અને જ્ઞાયક એક થઈ જાય તો તો નવ તત્ત્વ રહેતા નથી. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- પુણ્ય,...**' પુણ્ય એટલે વર્તમાન શુભભાવ. દયાનો, દાનનો, વ્રતનો, ભક્તિનો, પૂજાનો એ પુણ્યભાવ. આહા..હા..! '**પાપ,...**' વર્તમાનમાં હિંસા, જૂઠું એ પાપભાવ. વિષયનો ભાવ, ક્રોધ, માન, માયાનો ભાવ એ પાપભાવ છે. '**અશન,...**' આહારનો ભાવ. '**પાન વગેરે સર્વ અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ નથી...**' આહા..હા..! એક ગાથાએ કેવું સ્વરૂપ કહ્યું છે! કેવી શૈલીથી. '**અન્યભાવોનો જ્ઞાનીને પરિગ્રહ...**' પક્કડ નથી એટલે કે મારા તરીકે પક્કડ નથી, પુણ્ય તરીકે જાણે છે. આહા..હા..! '**સર્વ પરભાવોને હેય જાણે...**' જોયું! એ દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ પણ હેય છે. આહા..હા..! એને સાધન કહો. હેય છે તેને સાધન કહેવું? .. ત્રણકાળમાં .. નથી. '**ત્યારે તેને પ્રાપ્તિની ઇચ્છા થતી નથી.**' જેને હેય જાણે, છોડવાયોગ્ય જાણે, પોતાના સ્વભાવથી વિરુદ્ધ જાણે ત્યારે એની પ્રાપ્તિની ઇચ્છા નથી. હું પ્રાપ્તિ મેળવું અને કરું એવી ઇચ્છા હોતી નથી. આવી કેવી વાતું! આહા..હા..!

'**હવે, આગળની ગાથાની સૂચનારૂપ કાવ્ય કહે છે :—** '

(સ્વાગતા)

पूर्वबद्धनिजकर्मविपाकात्
ज्ञानिनो यदि भवत्युपभोगः।
तद्भवत्वथ च रागवियोगात्
नूनमेति न परिग्रहभावम्।।१४६।।

'**શ્લોકાર્થ :- પૂર્વે બંધાયેલા પોતાના કર્મના વિપાકને લીધે...**' ભાષા દેખો! શું કહે છે? ધર્મી જીવને આત્મભાન હોવા છતાં પૂર્વે અજ્ઞાનભાવથી 'निज-कर्म-विपाकात्' ભાષા એમ છે? .. પોતામાં જે ભાવ અજ્ઞાનપણે થયો એ જ કર્મ કહેવામાં આવે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાનભાવે જે કાંઈ ભાવકર્મ બંધાયેલા એને નિજકર્મ કહેવામાં આવે છે. એના '**વિપાકને લીધે...**' આહા..હા..! '**ज्ञानिनः यदि उपभोगः भवति तत् भवतु**' '**જ્ઞાનીને જો ઉપભોગ હોય તો હો,...**' આહા..હા..! બે વાત કે આત્માનું ભાન થયું છે, અનુભવ થયો, સમ્યક્ થયું છે એને પૂર્વ કર્મને લઈને વસ્તુ હો તો હો સંયોગ અને સંયોગનો ઉપભોગ હો તોપણ હો. આહા..હા..! સમજાય છે કાંઈ? '**પરંતુ રાગના વિયોગને લીધે...**' આહા..હા..! એને રાગનો અભાવ છે. સંયોગી ચીજ મળી એને રાગ આવ્યો સંયોગીભાવ એમાં તેને ધર્મીને પ્રેમનો રાગનો અભાવ છે. સમજાય છે કાંઈ? અને જેને એ રાગનો પ્રેમ અને રુચિ છે એને ભગવાનસ્વરૂપી આનંદનો નાથ પરમાત્મા એનો એને અનાદર છે. આહા..હા..! એના પ્રત્યે તેને અરુચિ છે. જેને પુણ્ય દયા, દાન, વ્રતના ભાવનો પ્રેમ છે એને આત્મસ્વભાવ પ્રત્યે દ્વેષ છે. આહા..હા..! આવી વાતું હવે. અને જેને આત્મા આનંદસ્વરૂપનો પ્રેમ છે એને રાગ પ્રત્યેનો પ્રેમ હોતો નથી. એક મ્યાનમાં બે તલવાર રહી ન શકે. એમ જ્યાં પ્રેમ ભગવાન આત્મામાં થઈ ગયો જ્યાં રુચિ ને દૃષ્ટિ એને રાગની રુચિ ને દૃષ્ટિ ને પ્રેમ રહે એમ બને નહિ. આહા..હા..! આ તો જાણે એવી વાત કરે છે કે કોઈ વીતરાગી મુનિઓની.. પણ એની દૃષ્ટિમાં વીતરાગતા જ છે.

ભગવાન આત્માના અવલંબે વીતરાગતા પ્રગટી છે તો વીતરાગ જ સમકિતી છે. આહા..હા..! એને પરના દ્રવ્યની ઈચ્છા ને ભાવના હોતી નથી, ઉપભોગ હો તો હો. આહા..હા..! સ્વભાવનો અનુભવ થયો એને પૂર્વના અજ્ઞાનભાવે બંધાયેલા કર્મો એનાથી સંયોગ હો તો હો અને સંયોગમાં જરી લક્ષ જતાં જરી અસ્થિરતાનો અંશ આવે એ હો તો હો, પણ એનો પરિગ્રહ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'રાગના વિયોગને લીધે' રાગ છે તેનો રાગ નથી, માટે રાગનો વિયોગ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? સર્પને પકડે હાથમાં એ રાખવા માટે પકડ્યો નથી, છોડવા માટે પકડ્યો છે. આહા..હા..! એમ રાગમાં આવ્યો છે, પણ એ છોડવા માટે છે. આવી વાતું હવે બેસે નહિ સાધારણ માણસને બિચારા બાયુને શું કરે? સામાયિક કરીએ છીએ ને પોષા પડિક્કમણા કરીએ છીએ. ધૂળેય નથી ત્યાં સામાયિક પણ નથી. જેના આનંદનો નાથ વીતરાગસ્વભાવથી પરિપૂર્ણ પ્રભુ ભરેલો વસ્તુ, એનું જેને ભાન નથી, એની જેની શ્રદ્ધા નથી, એની જેને ભાવના નથી, એ બધાની ક્રિયાઓ અજ્ઞાનભાવમાં જાય છે. સમજાણું કાંઈ?

'**ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.**' આહા..હા..! રાગાદિ થયો ને સામગ્રી થઈ એ પોતાની છે એમ એને થતું નથી. આહા..હા..! આ લગનપ્રસંગ હોય છેને. પોતે સાધારણ માણસ હોય તો દાગીના જોતા હોય છોકરાને વરઘોડે ચડાવવા. શું કહેવાય એ? વરઘોડો, ફૂલેકું. એ તો આપણો શબ્દ છે. તમારામાં શું કહે છે? રાતે ચડેને. શું કહે? હવે એ ઓલા ગામમાં ફેરવે. તો દાગીના ઘરના હોય નહિ તો શેઠિયા ભગવાનદાસ જેવાની પાસેથી લઈ આવે બે-પાંચ હજારના. તો એ પોતાના ખર્ચમાં ખતવતા હશે? મૂડીમાં ખતવે? પારકા છે. ત્રણ દિ' રાખીને સોંપી દેવા પડશે. હોય છે. શેઠિયાને પ્રેમ હોય અને છોકરાના લગન હોય તો પાંચ-દસ હજારના દાગીના લઈ આવે, પહેરાવે. ત્રણ દિ'

સાચવવા પડે. પાછા સોંપવાના છે. આહા..હા..! એમ ધર્મીને રાગ આવે એ પાછો સોંપી દેવાનો છે પરને, મારો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? મારી પુંજી નથી એ. મારી પુંજી તો જ્ઞાનાનંદ સ્વભાવ જે પ્રગટ્યો એ મારી પુંજી છે. એમાં રાગાદિ આવ્યો એ મારી ચીજ નથી. આહા..હા..! આવી વાતું હવે એટલે લોકોને બિચારાને મળે નહિ પછી વિરોધ થાય. એને એ જાતની ઘડ બેઠી નથીને એટલે જે ઘડ બેઠી હોય એની વાત કરે. આહા..હા..!

એ '**ખરેખર તે ઉપભોગ પરિગ્રહભાવને પામતો નથી.**' આહા..હા..! રોગ આવે અને રોગની દવા કરે એને સારું માને? કે રોગ થાજો ને દવા આપણે કરવી પડે ને જોવાવાળા આવે. એમ ધર્મીને રાગ આવે એ રાખવા જેવો છે અને લાભ લેવા જેવો છે એમ છે નહિ. આહા..હા..! રોગ છે, છૂટી જાવ છૂટી જાવ. આહા..હા..!

'**ભાવાર્થ :- પૂર્વે બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય...** ' જોયું. પહેલાં ઉપભોગ સામગ્રી પ્રાપ્ત થાય એમ શબ્દ છે. એટલે સામગ્રી પૈસા આદિ થાય એ પુરુષાર્થથી નહિ એમ કહે છે. '**બંધાયેલા કર્મનો ઉદય આવતાં ઉપભોગસામગ્રી પ્રાપ્ત થાય...** ' આ પૈસા, બાયડી, છોકરા, કુટુંબ, મહેલ, મકાન મોટા હજીરા એ બધું પૂર્વના કર્મને લઈને થાય. '**તેને જો અજ્ઞાનમય રાગભાવે ભોગવવામાં આવે તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે.** ' આહા..હા..! એ ઉપભોગની સામગ્રીમાં મીઠાશ રાગની હોય તો તે ઉપભોગ પરિગ્રહપણાને પામે છે. આહા..હા..! '**પરંતુ જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી.**' આહા..હા..! એ રાગની મીઠાશ જ્ઞાનીને છે નહિ. આહા..હા..! '**તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું;...**' આહા..હા..! આ નિર્જરા અધિકાર છે. કર્મની નિર્જરા કોને થાય? કે જેને આનંદસ્વરૂપ ભગવાન આત્મા અનુભવમાં આવ્યો છે એને રાગ થોડો થાય કે કર્મની સામગ્રી મળે એ એને છૂટી જાય છે બધી, એ નિર્જરા જ થઈ જાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? જેમ ભગવાનને '**पुम्यफला अर्हंता**'. પુણ્યના ફળ તરીકે એને અતિશય આદિ મળ્યા, પણ એને એ ઉદયની ક્રિયા ક્ષણે-ક્ષણે ખરી જાય છે, માટે એ ઉદયની ક્રિયાને ક્ષાયિકી કીધા એને. આહા..હા..! જુઓ, આ અપેક્ષા છે ત્યાં. અહીં પણ સાધકપણામાં જે સ્વભાવસન્મુખ છે એને રાગાદિ હોય છે એ ક્રિયા ખરી જાય છે. તો કેવળીને તો એકલો ઉદય છે. આ તો રાગાદિ ખરી જાય, એને તો એકલી જડની ક્રિયાનો ઉદય છે બોલવું, ચાલવું વગેરે. સમજાય છે? આહા..હા..!

જેમ ભગવાનને ઉદય છે એ પુણ્યનું ફળ છે બધું. વાણી, સમવસરણ રચના, વિહાર કરવો એ બધી ઉદયિક પૂર્વના પુણ્યની ક્રિયા છે. એને આ લોકો એમ કહે છે કે પુણ્યના ફળમાં અરિહંત (પદ) પ્રાપ્ત થયું. પણ એમ છે ક્યાં એ પુણ્યફળા? પુણ્યનું ફળ તીર્થંકરને અકિંચિત્કર છે, એ તો એનું મથાળું છે. હવે એનો અર્થ આવો કરે. આહા..હા..! અહીં તો કહે છે કે એ તીર્થંકરને પૂર્વના પુણ્યને લઈને વાણી આદિ જે નીકળે છે એ ક્ષણે-ક્ષણે નાશ થતી જાય છે, એ ઉદયભાવ નાશ થતો જાય. માટે તે ઉદયભાવને ક્ષાયિકી કહેવામાં આવે છે. એમાં જ્ઞાનીને પૂર્વના ઉદયને લઈને જરી રાગાદિ ને સામગ્રી હોય, સમજાણું? એ

ખરી જાય છે માટે તેને નિર્જરા કહેવામાં આવે છે. આહા..હા..! ઓલાને ક્ષાયિકભાવ કહેવામાં આવે છે. આહા..હા..! એ શૈલી છે ઈ. સમજાણું કાંઈ? શું કહ્યું ઈ? ફરીને. કે તીર્થંકર ભગવાન થાય એ તો કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણાનંદની પ્રાપ્તિ. હવે એને પૂર્વના પુણ્યને લઈને વિહાર, ભાષા, આદિ હોય છે. તો એ બધી ક્રિયાઓ ઉદયની છે, પૂર્વના કર્મના ઉદયની, પણ એ ક્ષણે-ક્ષણે નાશ થાય છે, માટે એ ઉદયની ક્રિયાને ક્ષાયિકી કહે છે.

**શ્રોતા** :- અહીં ઉદયની કહે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એની સાથે મેળ છે એ. એ .. કહ્યું છે. પુણ્યફળા અરિહંતની સાથે મેળ છે. આહા..હા..! એમ ધર્મીને, એને ક્ષાયિક કીધી ઉદયને, અને ધર્મીને રાગ થયો એ થયું એને નિર્જરા કીધી. આહા..હા..! સમજાણું કાંઈ?

**'ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.' 'જ્ઞાનીને અજ્ઞાનમય રાગભાવ નથી. તે જાણે છે કે જે પૂર્વે બાંધ્યું હતું તે ઉદયમાં આવી ગયું અને છૂટી ગયું; હવે હું તેને ભવિષ્યમાં વાંછતો નથી.'** ભવિષ્યમાં ઈચ્છતો નથી. **'આ રીતે, જ્ઞાનીને રાગરૂપ ઈચ્છા નથી, તેથી તેનો ઉપભોગ પરિગ્રહપણાને પામતો નથી.**

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# પાઠકોની નોંધ માટે

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ


પ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન મોક્ષાર્થી પરિવાર**

**સોનગઢ**